જીવન, સાહિત્ય અને સંસ્કારનું અદ્યતન માસિક

સળંગ અંક ૪૦



[તસવીર : શ્રી. દીનબંધુ [illegible]]

ગ્રામ-જીવન

['બાલજીવન'ના સૌજન્યથી

તંત્રી : મોહનલાલ ધ. દવે

• હિંદમાં બાર આના • [illegible] એક રૂપિયો • વર્ષ ચોથું • અંક ચોથો • જુલાઈ [illegible]



આગ-ચોરી તથા લૂંટથી

બચવા માટે

• ઉત્તમ પ્રકારની કારીગરીવાળા •

"કિશોર"ના

લેટેસ્ટ ફેશનના સ્ટીલના

★ મોડર્ન 'જય હિન્દ' કબાટો ★

તિજોરીઓ તથા કેશબોક્સો વસાવો

સોનાના ચાંદો અને સર્ટીફીકેટો મળેલાં છે.

અમારા શો-રૂમની મુલાકાત લેવા ખાસ નિમંત્રણ છે.

કિશોર સ્ટીલ પ્રોડક્ટસ

૨૯, દાદીશેઠ અગિયારી લેન, જી. ટી. હાઈસ્કૂલ સામે, મુંબઈ ૨.

ભાવસારની ઉત્તમ બનાવટો

જખમે રૂઝ

રજીસ્ટર્ડ

બેસ્ટ પેન બામ

દરાજ લોશન

દદ્રુ ગજનાશ

• દરેક જગ્યાએ વેચાય છે •

કર્ણ તેલ

કાનમાંથી પરૂ નીકળવું, ચસકા અને બહેરાપણા માટે

નેત્ર બિંદુ [આઈડ્રોપ્સ]

ભાવસાર કેમીકલ વર્કસ, વ્યારા [ટી. વી. રેલવે]

જુલાઈ ૧૯૫૦ **જીવન પ્રકાશ** વર્ષ ચોથું અંક ચોથો

જીવન, સાહિત્ય અને સંસ્કારનું અદ્યતન માસિક

આ ધનવાનોના પાપનો પ્રથમ નિકાલ કરો

આ યા મહાયુદ્ધનો સૌથી મોટો ફટકો આપણે ત્યાં મધ્યમવર્ગને પડ્યો છે. શ્રીમંતો અને ગરીબોની સરખામણીએ આ મધ્યમવર્ગ વધારે શિક્ષિત અને સંસ્કારી હોવાથી સમાજની કેળવણી અને સંસ્કાર-પ્રવૃત્તિઓને સતેજ રાખનાર આ જ વર્ગ છે. ઘણાખરા બુદ્ધિમાનો આ વર્ગમાંથી જ મળી આવ્યા છે અને આઝાદીની હાકલને માન આપીને આ મધ્યમવર્ગનાં પુત્ર-પુત્રીઓએ જ મોટે ભાગે દેશભક્તિના જંગમાં ઝંપલાવેલું. પ્રખ્યાત સાહિત્યકારો, વૈજ્ઞાનિકો અને પત્રકારો પણ આ જ વર્ગમાંથી જ આવેલા છે. આજે આ મધ્યમવર્ગની કથળતી જતી આર્થિક સ્થિતિને કારણે શ્રીમંતો અને નિર્ધનો વચ્ચેનું અંતર વધતું જ જાય છે અને એ પરિસ્થિતિ જો ચાલુ રહેશે તો એક સમય એવો આવશે જ્યારે ભારતમાં માત્ર બે જ વર્ગો રહેશે : ગરીબ અને તવંગર. બંનેની રહેણીકરણી એકબીજાથી ભિન્ન બની જશે એટલું જ નહિ પણ બંને એકબીજાના દુશ્મનો બની જશે.

ઝારનું રશિયા અને રાષ્ટ્રવાદી ચીન સપાટાબંધ ખલાસ થઈ ગયાં એ વર્ગવિગ્રહનાં જ્વલંત ઉદાહરણો છે. અત્યારની વિશ્વરચના જ એવી છે કે લોકશાહી બંધારણ ઘડવાથી અથવા મૂળભૂત હક્કોનું જાહેરનામું બહાર પાડવાથી સાચી લોકશાહી સ્થાપિત કરી શકાય એમ જ નથી. પહેલાના જમાનાની વાત જુદી હતી. આજે તો આપણે સ્પષ્ટ જોઈ શકીએ છીએ કે આર્થિક ભૂમિકા પર જ લોકશાહીનું ચણતર થઈ શકે અને આર્થિક મોરચે લડીએ તો જ સામ્યવાદનો પરાજય કરી શકીએ. એટલે આપણા મધ્યમવર્ગની સ્થિતિ, એ વર્ગના પોતાના ખાતર જ નહિ પણ લોકશાહી અને આઝાદીના રક્ષણ ખાતર સુધારવાની જરૂર છે. સામ્યવાદ આવશે તો સૌથી મોટો ફટકો શ્રીમંતોને પડવાનો છે, કારણ કે એમણે જ મોટા બંગલા બંધાવ્યા છે, માલ-મિલકત એકત્ર કરેલ છે અને ગરીબ તેમજ મધ્યમવર્ગનાં લોહી ચૂસીને આ સ્થિતિ શ્રીમંતોએ જ ઊભી કરી છે. આ સ્થિતિમાંથી ઊગરવું હોય તો એક જ સાચો ઉપાય છે. સૌ કોઈને પૂરતી રોજી મળે એવી વ્યવસ્થા તત્કાળ થવી જોઈએ. જે લોકો બેકાર છે તેમને ધંધો મળે એટલાથી કામ ન પતે અત્યારે જેમને કામના પ્રમાણમાં ઓછું વેતન મળે છે તેમને માટે પણ યોગ્ય વેતનની વ્યવસ્થા થવી જોઈએ. એક બાજુ શ્રીમંતોના બંગલા વધુ ને વધુ વિશાળ થતા જાય છે, એમનો વૈભવ વધતો જાય છે ને દિવસ-રાત

જીવન પ્રકાશનું પહેલું પાનું

મશરૂની તળાઈઓમાં નવરા પડ્યા રહીને એ ધનવાનો એમના ઝેરી વૈભવ-વિલાસ અને અમાનુષી શોષણનીતિને કારણે ગરીબ અને મધ્યમ વર્ગને ભરખી લઈ રહેલ છે. ત્યારે બીજી બાજુ ગરીબો નાગાપૂગા વધુ ને વધુ કંગાલ થતા જાય છે, એમના જીવનની વિષમતા વધતી જાય છે. ધન-સંગ્રહ એ કાયદાની દૃષ્ટિએ ગુનો છે અને સમાજની દૃષ્ટિએ પાપ છે એમ નહિ મનાય અને નવરા પડ્યા રહીને સમાજને ભારરૂપ બનતા શ્રીમંતોને પસીનો વળે એવા કામમાં નહિ જોડવામાં આવે ત્યાં સુધી આ સ્થિતિ સુધરશે નહિ દેશને આગમાં હોમાતો બચાવવો હોય તો જનતાનું લોહી ચૂસી રહેલા આ ધનવાનોનો ભાર પ્રથમ હળવો કરવો ઘટે છે

—મૃત્યુંજય બેનરજી એમ. એ.



એટલું યાચું

દીન, વૈધવ્યભર્યા જગને
ના અમૃત પ્યાલો પા તું,
હિજરાતી પણ માનવતાને
માર કદી ના પાડુ—એટલું યાચું.

ઘોર અંધારે દીપ ન જગવે
જ્યોતિર્ધર ન થા તું,
કુળકલંકી ન થાજે કિંતુ
નેકને મારગ જાવું—એટલું યાચું.

ઝઝલું આગળ ભર ન તોયે
પાછળ પગ ભરીશ મા,
પગ ખોડીને ઊભો રે'જે
અભય થઈ અંતરમાં—એટલું યાચું.

ફોગટ બીજી કરવી વાતું
માણસ થાવું એજ છે સાચું,
માણુસ થા તું એટલું યાચું
બસ એટલું યાચું.

પુનિતમ્

કવિતાની વાણી

છો ના આજે ચમક કરતી હું બનું ચારુચંદ્રી !
કે ના મીઠી ફૂલ, સરિતની હું બનું દિલ-તંત્રી !
મારે તો છે વીજ બની જવું માત્ર ક્ષણુ એજ કાજે,
દર્શાવું હું "હૃદય-ઝરણું" વિશ્વને એ પ્રકારે.

રવિ ઉપાધ્યાય

અભિલાષા

ઊંડા ઊંડા હૃદયગૃહમાં વેદના સંઘરીને,
માગ્યું, ઇચ્છું અવનિ-પટમાં સ્નેહજ્યોતિ જગાવા;
દ્વેષાગ્નિના સદૈવ દમતા વિષને ઘૂંટી પીને,
ઝંખું, ચાહું, હૃદય-ઝરણે સ્નેહવારિ વહાવા—
ને વર્ષાવા જનસમૂહમાં સ્નેહનાં વર્ષણોને !

અનંત ન. ભટ્ટ

હે આકાશ !

આકાશ ! હે આકાશ !
તારી તતિ કરે નિરાશ.

ક્યાં હું ! ક્યાં તું ! ક્યાં તારા રવિમંડળના અજવાર
ક્યાં મારી આંખોના દીપક, પરને જળે પ્રકાશ

આકાશ ! હે આકાશ !
તારી તતિ કરે નિરાશ.

પળ પળ ચંચળ આયુષ મારું ઘટતું શ્વાસે શ્વાસ
અનંત તારા જીવન કેરા અકળિત વ્યાસ વિકાસ

આકાશ ! હે આકાશ !
તારી તતિ કરે નિરાશ.

અદીઠતા તારા અંતરની ઉગવે ઉરમાં પ્યાસ
મિત મતિ મારી રહે મહીંમાં, કરે ઉંડુ ઉપહાસ

આકાશ ! હે આકાશ !
તારી તતિ કરે નિરાશ.

સરોદ

પૂર

આવે વને ઝઝુમતું જલપૂર પીળું,
ડેલી બધાં જગતનાં મળ મોહઘેર્યાં;
લેતું કદી ચકરડી ગહને ધરામાં,
ને ગર્જતું ગહ્વરે ભવ આત્મમાનો.
લેઈ જતું અટવિનાં પ્રિય બાળ ફૂલાં,
દેઈ પછાટ બહુ ક્રૂર બની જઈને;
જે આવતું પથ પરે રૂક-વાટ થૈને,
તેને મહીં લઈ કાળ વિનાશ પંથે.
ઘુમાવતું મદભર્યું રસ-રાસ ખેલી,
કાળો તણા નિયમના ભવબંધ તોડી;
દોડ્યું પટે સિકર ક્રોળ ઉરાડતું તે,
ઊર્મિલ લોઢ ઉછળે રતિ કામ પ્રેર્યાં;
વર્ષા-ધનુ વિવિધ રંગ મહેલ સાથે;
આકાશની ધન છબી હૃદયે ધરીને.

મનજકિશોર બી. પવિત્રમૈત્રી



હે ભગવાન! આ રામરાજ્ય લાવવાનું તો મેં તને મશ્કરીમાં કહ્યું હતું!

એક કોંગ્રેસી મોવડીના દિલમાં થયું કે, આપણે પૂજ્ય ગાંધીજીના સિદ્ધાંતોને અનુસરવા તેમ જ તેમના રચનાત્મક કાર્યક્રમને અપનાવવા બોધ આપ્યે રાખીએ છીએ છતાં ચારે કોર અનાચાર અને લાંચ રૂશ્વતની બદી ફેલાતી જાય છે અને ભારતની આંતરિક સ્થિતિ કથળતી જાય છે, આ બધું તો ખોટું થાય છે, કોંગ્રેસે સત્તા ઉપર આવતાં રામરાજ લાવવાનાં વચનો આપેલાં છે તે પળાવાં જ જોઈએ; નહીં તો પૂ. ગાંધીજીના આત્માને દુઃખ થશે.

એ મોવડીએ પછી તો રામાયણનું અધ્યયન શરૂ કર્યું: જેમ જેમ વાંચતા ગયા તેમ તેમ તેમનાં દિલમાં પ્રાયશ્ચિતનાં ઝરણાં વહેવા લાગ્યાં અને અધ્યયન પૂરું થયું એટલે ભગવાનને કહેવા લાગ્યા કે, હે ભગવાન! ભારતમાં રામરાજ લાવી દે.

ભગવાન આ વિનતિ સાંભળીને સાક્ષાત ચતુર્ભુજ સ્વરૂપે પ્રગટ થયા અને હસીને કહે કે, 'તથાસ્તુ'

પછી તો એકદમ પલટો શરૂ થયો.

પટાવાળાઓ આવીને કહે કે, અમે પગાર સરકારનો ખાઈએ છીએ. તમારાં ખાનગી કામકાજ અમે નહીં કરીએ. કારકુનો આવીને કહે કે, અમે અગિયારથી પાંચ કામ કરશું. પરંતુ સવાર-સાંજ અગર રજાના દિવસોમાં તમારી અનુકૂળતા પ્રમાણે અમારી પાસેથી કામ લ્યો છો એ હવે અમે નહીં કરીએ. વધારાનો પગાર આપશો તો જ વધારાનું કામ કરશું.

વેપારીઓ આવીને કહેવા લાગ્યા કે. અમે હવે કાળાં બજાર નહીં કરીએ અને લાંચ-રૂશ્વત આપવાનું હવે અમારાથી બની શકે તેમ નથી. સમિતિઓ અને લાઇસેન્સ હોલ્ડરો આવીને કહેવા લાગ્યા કે, રેશનના માલમાંથી સારામાં સારું અનાજ અને કાપડ અમે તમને મોકલતા હતા પરન્તુ હવે પ્રજાને સડેલું અનાજ અપાય છે એવું જ અનાજ તમારે માટે મોકલશું. ચોર અને ડાકુઓ પોલીસ અમલદારો પાસે આવીને કહે કે, હવે અમે ચોરીચપાટીનો ધંધો બંધ કર્યો છે એટલે અત્યાર સુધી ચોરીનાં માલમાંથી અમે તમને ભાગ આપતા હતા એ નહીં આપી શકીએ.

આવી રીતે તો લગભગ બધા જ પ્રજાજનોનો વર્ગ-વાર અગર વ્યક્તિગત, લાગતા—વળગતાઓ સમક્ષ આવીને કહેવા લાગ્યા. કોંગ્રેસી મોવડીને થયું કે, રામરાજ હવે આવી ગયું.

પરંતુ તેમનાં પત્નીએ એક દિવસ ન ખાધું, ન પીધું અને રિસાઈને બેઠાં. મોવડીએ જ્યારે પૂછ્યું કે હવે રામરાજ થયું છતાં તને શું દુઃખ છે?

પત્ની કહે કે, શું દુઃખ છે એમ પૂછો છો? તમે પગાર લ્યો છો એમાં હવે પૂરું થતું નથી: છોકરાંઓ જે અત્યાર સુધી મોટરમાં અમનચમન કરતા તેમને ટાંટિયા ઠોકીને હરવું ફરવું પડે છે; અરે! બીજો તો ઠીક પણ આપણાં નોકરો પણ મને હવે કોઈ બા સાહેબ નથી કહેતાં. આવી રીતે જીવવું તેના કરતાં તો મરવું ભલું!

એ મોવડીનાં દિલમાં ફરી બીજો પલટો આવી ગયો અને તેમને થયું કે, રામરાજ હરખાને પણ કેકેયી હતી અને દશરથ જેવા તેનું માન રાખનાર પણ હતા. એટલે મારી પત્નીનું માન રાખું તો હરકત નહિ. આવા વિચારો ઉદ્ભવતાં તેમણે ફરીને ભગવાનને યાદ કર્યા અને કહે કે, હે ભગવાન! રામરાજ લાવવાનું મેં તો તને મશ્કરીમાં કહ્યું હતું. આ કલિયુગમાં વળી રામરાજ્ય કેવું?

ભગવાને દર્શન તો ન દીધાં પણ ચારે તરફ અટ્ટહાસ્યના પડઘા પડવા લાગ્યા. એ મોવડી ઝબકીને જાગી ઊઠ્યા: પણ આંખ ઉઘાડી જોયું તો એજ બંગલા, એ જ જાહોજલાલી: અને અરજદારો અને ગરજદારોને આંગણે ઊભેલાં જોઈને સંતોષ અનુભવ્યો કે, ભગવાન તો દયાળુ છે: મારું હતું તેવું બધું જાણત છે!

યોજનાઓ મહિંથી એકેય ક્યાં આવે છે ઊંચા ?
માલ ઉડાવે માવજી ને જનતાને કરમે કૂચા !

સ્વસ્તિશ્રી વૈકુંઠ મુકામે મંદિરની મોઝાર,
સારંગપાણિ સુખે બેઠા છોડી સૌ જંજાળ.
ઝાઝા દા'ડા જગમાં ઘૂમી, નારદ આવ્યા ઘેર,
પીતામ્બર પ્રીતેથી પૂછે, શી છે જગની પેર?

વીણાપાણિ એવે બોલ્યા સુણો વૈકુંઠરાય!
દુનિયાનો દા'ડો પરવારી ના થવાનું થાય!
પ્રચારથી જગમાં પૂજાયે આજે ડોબા સાવ,
શાણાઓનો કોઈએ ના લેશેય પૂછે ભાવ!

આજે જેની ડાકલી વાગે તેઓ દીસે તાજા,
બાકીના બિચારાઓના ગગડી જાયે હાંજા!
દુનિયાની ઉપર દામોદર ટકવું હોયે યાર,
આપણુને બી કરવો જોશે આજે ધુમ પ્રચાર!

નાટક ને સિનેમા સઘળે આજ પ્રચાર,
કચરા જેવો માલ ખપાવા વેપારી બી યાર!
પબ્લીસીટી કરતા પૂરી, દામ દઈ દે માર!
ચૂંટણીઓમાં મૂરતિયા બી કરતા ધૂમ પ્રચાર.

પ્રચારનું છે શાસ્તર મોટું, અકસીર એ જ ઉપાય,
કોઈ વરકન્યાનું એથી ચોગઠું બેસી જાય!
ડોબેશ્વર જ્ઞાની થઈ બેસે પાડામુંડ નિષ્ણાત!
પ્રચારથી પૂજાયે જે ના જાણે કરતાં વાત!

નેતાઓ નિવેદન ઠોકી કરતાં નિજ પ્રચાર;
પ્રચારનાં યુદ્ધો ચાલે છે શબ્દોની તકરાર;
સાચું ના કોઈ સુઝાડે, સૌ પોતાનું ગાય,
વ્યાકુળ હૈયે વચ્ચે બિચારી જનતા પીંખાય!

નેતાઓ નિવેદનમાંથી ઊંચા ના'વે આજ,
કાર્યકરો કહેવાતા કંઈ, ફાટ્યા છે મા'રાજ!
પ્રવાસ ફેરી-પરંપરાથી જાયે લોકો ત્રાસી,
આ જાયે ને પેલો આવે હાયો જવું ક્યાં નાસી ?

યોજનાઓ માંહેથી એકેય ક્યારે આવે ઊંચા ?
માલ ઉડાવે માવજી ને જનતાને કરમે કૂચા!
હાયે કળજુગ માંહિ કેશવ, કેવું સાચું ખોટું?
પ્રચારનું જીતવાને માટે માનો 'માતમ' મોટું!

આજ્ઞા આપો તો આગામી ચૂંટણી માંહે યાર!
આપે ય ચૂંટાઓ એવો હું આજથી કરું પ્રચાર;
બાવા-સાધુઓની સારી સાથે રાખી ફોજ,
જનતાને ધાર્મિક વૃત્તિના દીધે રાખું ડોઝ!

ભાંગ અને ગાંજો સુકાયો દેશથી દીનાનાથ,
તેથી બાવા-સાધુઓનો પૂરો મળશે સાથ!
મઝહબના નામે આંહીં તો મળશે ઝાઝા મૂર્ખા
જેણે દેશ તણી સેવાના પહેરી લીધા બુરખા!

ગામે ગામે ઘૂમી કેશવ, કરશું ધૂમ પ્રચાર,
'માધવને મત આપો' એવું કહેતા ફરશું યાર!
મહાદેવને નામે માધવ, પોઠિયા પામે જેમ,
આપ તણા નામે સેવકનું ટટ્ટુ નભગે તેમ!

ઘેર ખાવું ને ઝેર જ ખાવું સરખું મુજને લાગે,
રસ-પૂરીની મોસમ ચાલે, કોપો ત્યાગી ત્યાગે!
દ્વારે આવેલાને થોડા રોટલા કોઈ જમાડે!
એ તો માગી તાગીને યે મીઠાં ભોજન કાઢે!

બાસુદી કે શીખંડ-પૂરી કે કેસરિયાં દૂધ,
જેમની કાજી માની ખાવા હૈડું રાખી શુદ્ધ!
અતિથિ ધર્મથી વંચિત રાખી જનતાને મા-બાપ!
વિનાકારણ વહોરવું શાને આપણે એવું પાપ!

ઈલેક્શનમાં ઊભવા કેરો કરો હરિ વિચાર રે...
તો બાપજી મારોયે થઈ જાયે બેડો પાર રે...

—નારદ

રોજના સવાલો

વૈદ્યરાજ એમ. જે. અનડકટ

માથાના દુઃખાવાનો ઈલાજ ● વિસ્ફોટક કઈ રીતે મટે ● માથાની ગરમી અને ખરી જતા વાળનો ઉપાય ● એક બહેનની મૂંઝવણ : ગેસ માટે અકસીર ઉપચાર

શ્રી. હિંમતલાલ એચ. શાહ, બેંગલોર સીટી

આપનો તા. ૨૮–૩–૫૦નો પત્ર 'જીવન–પ્રકાશ'ના તંત્રીજી મારફત મળ્યો છે. આપને માથાના દુખાવાની લાંબા સમયની ફરિયાદ છે અને એથી આપ ત્રાસી ગયા છો. એ દર્દ મટાડવા માટે શા ઉપચાર કરવા એમ આપ પૂછો છો એ બાબતમાં જણાવવાનું કે, પ્રથમ તો મને લાગે છે કે આપને ચશ્મની જરૂરિયાત હોવી જોઈએ. આપને ઝામરનું દર્દ છે કે નહિ તેની તપાસ કોઈ આંખના તબીબ પાસે કરાવી લેજો. હાલ તરત આપને અહીં કેટલાક ઉપચારો સૂચવું છું. આપને ઝામર છે એવું ચોક્કસ થાય તો મને લખજો.

(૧) હરડેની છાલ તોલા ૨, આંબળાની છાલ તોલા ૨, લીંબડાની મજો તોલા ૨, ધાણા તોલા ૨, મોથ તોલા ૨, ગુલાબનાં ફૂલ તોલા ૨, વરિયાળી તોલા ૨, મજીઠ તોલા ૨—એ ચીજોને અધકચરી ખાંડીને એમાંથી ૨ તોલા દવા એક શેર પાણીમાં ઉકાળીને પાંચ તોલા પાણી બાકી રહે ત્યારે ગાળી લઈ હંમેશાં સવાર–સાંજ બે વખત આ દવા પીવી.

(૨) બદામના બીજ તોલા ૧૦, એલચી તોલા ૨॥, સાચું નાગકેસર તોલા ૨॥—આ ત્રણ ચીજોને ખાંડીને બે તોલા માખણ સાકર સાથે ચાટીને ઉપર કેસર નાંખેલું દૂધ મરજી મુજબ પીવું.

(૩) સવાર-સાંજ ત્રિફળાનું પાણી આંખોમાં છાંટજો. રાત્રે સૂતી વખતે પાંચ અંજીરના ટૂકડા કરી દૂધમાં બાફીને ચાવીને ખાવા અને તે દૂધ પછી સાકર નાખીને પીવું.

(૪) મીંઢીઆવળ તોલા ૫, એલચી તોલો ૧॥, સાકર તોલા ૨॥—આ ત્રણેય વસ્તુને ખૂબ બારીક ખાંડીને તેની ફાકી બેઆનાની ભારથી ૦। તોલા સુધી રાત્રે સૂતી વખતે ઠંડા પાણી સાથે લેવાનું રાખવું.

આ ઉપચારોમાંથી જે માફક આવે તેનું દીર્ઘકાળ પર્યંત સેવન કરવાનું રાખજો.

શ્રી. ગિજુભાઈ જટાશંકર, અમદાવાદ

આપનો તા. ૧૩–૫–૫૦નો પત્ર મળ્યો. આપને બંને પગના ઢીંચણથી નીચેના નળાના ભાગમાં ફોડકા થાય છે અને ફૂટે છે. કયારેક શરીરના બીજા ભાગ ઉપર પણ ફોડકીઓ થઈ આવીને ચાંદા પડી જાય છે એમ આપ જણાવો છો. આ રોગ માટે આપે

● 'જીવન–પ્રકાશ'ના વાચકોને ●

આ વિષયના ખાસ અભ્યાસી અને વૈદકનો સારો અનુભવ ધરાવનાર વૈદ્યરાજ શ્રી. એમ. જે. અનડકટ આ વિષયમાં નિયમિત રીતે લખે છે. શરીરના આરોગ્યને લગતા પ્રશ્નોના જવાબ પણ તેઓ આ કોલમમાં આપે છે. પ્રશ્ન પૂછનારને સીધો જવાબ જોઈતો હોય તો જવાબી ટિકિટ બીડવી. 'જીવન–પ્રકાશ'ના વાચકોને વૈદ્યરાજ સેવાભાવે જવાબ આપશે. સરનામું : શ્રી વૈદ્યરાજ એમ. જે. અનડકટ, શ્રી. શંકરાનંદ હિંદુ ઔષધાલય, ગોંડલ રોડ, રાજકોટ [સૌરાષ્ટ્ર]

ઘણા ઈલાજો કર્યાં પણ તે મટતો નથી ને છેવટે કંટાળીને આપે મારું માર્ગદર્શન માગ્યું છે. મિત્રુભાઈ, આપના દર્દની પરીક્ષા જેમણે કરી છે તે ચિકિત્સકો ભલે એને ખરજવાં કહે, પણ આપની હકીકત જોતાં મને લાગે છે કે એ ખરજવાં નહિ વિસ્ફોટક છે. આ રોગ થવાનાં ઘણાં કારણો છે. તેમાં ખાસ કરીને લોહીમાં પિત્ત મળવાથી અને વાયુના પ્રકોપથી આ રોગ થાય છે. જે માણસ ગોળ કેરીનું અથાણું અને દૂધ સાથે ખાય છે તેને આ રોગ વિશેષ કરીને થાય છે એવો અમારો અનુભવ છે. ચ.મડીનાં અનેક દરદોમાં આ દરદ સૌથી ચડિયાતું છે. હું બતાવું છું તે મુજબ બરાબર ઈલાજ કરશો તો મને ખાતરી છે કે આપ બે માસમાં જ રોગમુક્ત થશો.

(૧) હંમેશા લીમડાની મોરનો સ્વરસ તોલા ૨ સવાર અને સાંજે એક ઔંસ વિલાયતી એરંડિયા સાથે લેજો.

(૨) શુદ્ધ ગંધક (સલ્ફર પ્રેસીપીટેટ) દસ દસ ગ્રેઈનની માત્રાથી દિવસમાં ત્રણ વખત સાકર સાથે મેળવી તેની ફાકી મારી ઉપર દૂધ પીજો.

(૩) લીમડાની અંતરછાલ તોલા ૨ાા, મજીઠ તોલા ૨ાા, ઉસબો તોલા ૨ાા, ચોપચીની તોલા ૨ાા, ગરમાળાનો ગોળ તોલા ૨ાા, કરિયાતાની પાંદડી તોલા ૨ાા, ગુલાબનાં સુકાં ફૂલ તોલા ૨ાા, વરિયાળી તોલા ૨ાા, અને કાળી દ્રાક્ષ તોલા ૫—એ વસ્તુઓને અધકચરી ખાંડીને તેમાંથી બે તોલા દવાનો શેર પાણીમાં ઉકાળો કરી તેમાંથી પાંચ તોલા બાકી રહે ત્યારે ગાળીને સવાર-સાંજ પીવો. તેલ, મરચું, ખટાશ ન ખવાય એનું ધ્યાન રાખજો. ખોરાકમાં ઘઉં, ચોખા, ચણા, મગ, સાકર, દૂધ—એ સિવાય કાંઈ લેશો નહિ.

બાહ્ય ઉપચારોમાં—આંબાની છાલ, જાંબુની છાલ, બાવળનાં મૂળની છાલ, બોરડીનાં મૂળની છાલ, અને પીપળાની અંતરછાલ—એ પાંચેય છાલને લઈ અધકચરી ખાંડી તેના ઉકાળાથી હમેશાં દરદવાળો ભાગ ધોઈને નીચે બતાવેલ મલમ લગાડજો: કેવડીઓ કાથો તો. ૧, હીરાદખણ તો ૧, બોદાર તો. ૧, કપીલો તો. ૧, શુદ્ધ ટંકણખાર તો. ૧, ગંધક તોલા ૨, મોરથુથુ તો. ાા, ફુલાવેલ કપુર તો. ાા,— આ બધી દવાઓ ખાંડીને કપડછાણ કરી સો વખત ધોએલા માખણ સાથે મેળવી મલમ બનાવવો. ને આ મલમ લગાડવો. લીંબોળીનું ચોખ્ખું તેલ મળે તો ધોએલ માખણ કે ઘીની જરૂર નથી. લીંબોળીના તેલમાં મેળવીને મલમ બનાવવો. આ મલમ ચોપડી ઉપર પીપળાનાં કૂણાં પાન રાખી પાટો બાંધવો. જ્યારે પાટો બદલવો હોય ત્યારે કારબોલીક સાબુથી ધોઈને બદલવો અગર તો લીમડાના પાનનાં ઉકાળાથી ધોવો.

શ્રી. જયંતીલાલ કારીઆ, નકુરૂ (આફ્રિકા)

આપનો તા. ૧૧-૬-૫૦નો પત્ર મળ્યો છે. આપનાં ધર્મપત્નીને માથામાં સખત ગરમી રહે છે, વાળ ખરતા જાય છે, વખતે સબાકા પણ ઘણા જોરથી આવે છે. આ દુ:ખાવો ઘણીવાર અસહ્ય થઈ પડે છે. છેલ્લાં પાંચ—૭ વરસથી આ દર્દ વધુ ને વધુ જોર પકડતું જાય છે, હાથ-પગનાં તળિયાં બળે છે, માથે હાથ રાખવાથી હથેલી ગરમ થઈ જાય એટલી ગરમી છે. એમની ઉંમર ૨૫ વર્ષની છે. માસિક ઋતુદર્શન નિયમિત છે. સંતાનમાં એક બેબી બે વર્ષની છે-આ હકીકત જાણીને આપને ઉપાય સૂચવું છું.

(૧) જાસુંદીનાં ફૂલ નંગ ૫ હંમેશાં સવારે સાકર,

કાનનાં ભયંકર

દરદો' ગેરંટીથી મટાડવા

"તુલસી કર્ણામૃત" (રજીસ્ટર્ડ) વાપરો:

હરસ-સંધિવા, સાંધાનો દુ:ખાવો, પેશાબનાં તમામ દરદો, પરમો, ચાંદી, સીફીલીસ, ત્રણ દિવસમાં મટાડવા ઉપરાંત પેટનો ગેસ, છાતીની બળતરા ખાતરીથી મટાડવા તેમ જ આંખના તથા દાંતના તમામ રોગો ઉપરાંત બીજા કોઈ પણ અસાધ્ય રોગો માટે

મળો અથવા લખો:-

વૈદ્ય પી. એમ. કાપડીઆ

તુલસી મેડીકલ સ્ટોર્સ

મહારાજની હવેલી, ત્રીજે ભોઈવાડે,

ભૂલેશ્વર, મુંબઈ-૨

મુલાકાત ખાનગી.

તા. ક.: "પ્રખ્યાત તુલસી દૃથ પાવડર" કિંમત ૭ આના

સાથે વાટીને ખવરાવજો. કમલનાં ફૂલ બે બપોરના એવી જ રીતે આપજો અને ગુલાબનાં ફૂલ ત્રણથી ચાર સાંજે સાકર સાથે આપજો.

(૨) આંબળાનો મુરબ્બો, ગુલકંદ, અંગુર, કાળી દ્રાક્ષ, અંજીર, ઘી, માખણ, સાકર, દૂધ, બદામ, એલચી, સાચું નાગકેસર, રસાયન ચૂર્ણ—આ બધી ચીજો માથાની, શરીરની કે ગર્ભસ્થનની ગરમીને એટલે કે આખા શરીરમાં જે ગરમીનો દોષ હશે તેને દૂર કરશે. એનું સેવન કરાવજો. ત્રિફલા ઘૃત-પણ માથાની ગરમીમાં અદ્ભુત કામ આપે છે.

(૩) આંમળાની છાલ તોલા ૫, પ્રવાલ ચંદ્રપુટી તોલા ૨॥, એમોનિયા બ્રોમાઈડ તો. ૧॥, સોડિયમ બ્રોમાઈડ તો. ૧॥, ગળોનું સત્ત્વ તો. ૨॥, એલચીનાં બીજ તોલા ૨॥, લઘુ વસંતમાલતી તોલા-૨॥,-એટલી ચીજોને મેળવી તેમાંથી ૦-૦ તોલો દિવસમાં ત્રણ વખત માખણ-સાકર સાથે ચટાડજો.

(૪) હંમેશાં આમળાનો ભુકો પાણીમાં પલાળીને એ પાણીથી માથું ધોવાનું રાખજો. ખરી પડતા વાળને અટકાવનાર આંબળા જેવું એક પણ ઔષધ નથી. બની શકે તો નીચે મુજબની ચીજો નાખી તેલ બનાવજો અને તે તેલનો ઉપયોગ કરજો; આંબળાની છાલનો ભુકો તોલા ૨૦, સુખડનો ભુકો તોલા ૨૦, સુગંધી વાળો તોલા ૨૦, રતન જ્યોતનો ભુકો તોલા ૫. રતાંજલિ તોલા ૧૦, મોથ તોલા ૫, મજીઠ તોલા ૫—આટલાં ઔષધો ખાંડીને તલના ચોખ્ખા ૫ શેર તેલમાં નાખી જમીનમાં બે હાથ ખાડો ખોદાવી માટીના વાસણમાં અગર તો કલાઈવાળા વાસણમાં નાખી તે વાસણ ખાડામાં મૂકી ઉપર માટી નાખીને ખાડો પૂરી દેવો. એક મહિને તે કામ કાઢીને તેલ ગાળી લેવું આ તેલ ઘણું ફાયદાકારક બને છે. જો તલનું તેલ ન મળે તો ટોપરેલ વાપરવું અને જમીનમાં દાટવાનું ન બને તો ઉપરનાં દરેક ઔષધને ખોખરાં કરી, થોડા પાણીમાં મેળવી, બે કલાક રહેવા દઈને પછી તેલમાં નાખી, પાણીનો ભાગ બળી જાય ત્યાંસુધી ગરમ કરીને પછી તેલ ગાળી લેવું. મળી શકે તો આમળાંનો તાજો રસ તોલા ૧૦ આ તેલ ગરમ કરતી વખતે તેમાં નાખવો. આથી ખૂબ ગુણકારી થશે. ઉપરના પ્રકારોમાં જમીનની ગરમીથી પાકેલું તેલ ઉત્તમ છે ખરી પડતા વાળને અટકાવવામાં

આફ્રીકા જેવા ગરમ દેશ માટે—

હું હજારો માઈલ દૂર રહું છું. મેં [રામતીર્થ યોગાશ્રમ, દાદર (જી. આઈ. પી.) મુંબઈ-૧૪ નું] 'રામતીર્થ બ્રાહ્મી તેલ' (સ્પેશ્યલ નં. ૧) રજીસ્ટર્ડ, મેડીકેટેડની એક મોટી બાટલી વાપરી જોઈ. ફરીને બીજી બે બાટલી લેવાનું દિલ થયું છે.

હજારો માઈલ દૂરથી 'રામતીર્થ બ્રાહ્મી તેલ' (સ્પેશલ નં. ૧) મંગાવવાની જે પ્રેરણા થઈ એ જ એની પ્રશંસા કહી આપે છે.

વાળ કાળા અને મુલાયમ થયા છે. મગજને ઠંડક આપવા સાથે આંખોના તેજ માટે ઘણું જ ઉપયોગી લાગ્યું છે.

આફ્રીકા જેવા ગરમ દેશ માટે તો ખરેખર એ માફકસર છે.

એકવાર અનુભવ કર્યા બાદ ફરી લેવાનું મન થાય છે એ જ એના ગુણની પરીક્ષા છે.

(સહી) હંસરાજ કલ્યાણજી

બેરા. (પોર્ટુગીઝ ઈસ્ટ આફ્રીકા)

Coty : 17

આમળાં એ સર્વોત્તમ દવા છે. ખાવામાં અને બાહ્યોપચારમાં એમ બન્ને રીતે એ વાપરવાં જોઈએ આ તેલ બનાવતાં જે ઓસડિયાંના કોલસા નીકળે તે ફેંકી ન દેવા. એ કોલસા કોઈપણ જાતનાં ગુમડાં મટાડે છે, ચાંદામાં રૂઝ લાવે છે. વધુ કાંઈ પૂછવાનું હોય તો ખુશીથી લખશો.

શ્રી. બહેન શાન્તા વિભાકર મુંબઈ

આપનો તા. ૭—૬—૫૦નો કાગળ મળ્યો. આપને ઘડીમાં રડવાનું મન થાય છે તો વળી ઘડીકમાં હસવા માંડો છો. વળી ઘડીકમાં જીવ ઊંડો ઊંડો ઊતરતો જતો હોય એમ લાગે છે. સંસાર સારો નથી લાગતો, કોઈ બાબતમાં રસ નથી પડતો ને કોઇ કોઈ વાર તો આ જીવન-લીલા સંકેલી લેવાનું મન થાય છે. કોઈનું બોલ્યું ગમતું નથી. ખોટા વિચારો આવે છે ને ઊંઘમાં ભયંકર સ્વપ્નો આવે છે. માથાનો દુઃખાવો રહ્યા કરે છે. કયારેક વધુ ખાઈ શકો છો તો કયારેક અનાજ ઉપર સમૂળગો અભાવ થઇ જાય છે. છાતી ઉપર હાથ રાખવાથી હૃદયના ધબકારા વધુ લાગે છે. પેટમાં ગોળા ચડતા હોય એમ જણાય છે. દસ્ત સાફ નહિ આવતાં સુકાયેલ ઊતરે છે. કબજિયાત વિશેષ પ્રમાણમાં રહે છે—વગેરે આપના લાંબા પત્રમાંથી વિગતો વાંચીને હું એવા અનુમાન પર આવ્યો છું કે આપને ગેસનું દર્દ છે. એટલે ઉપરનાં લક્ષણો જણાય છે; પણ ધીરજ અને વિશ્વાસથી ઉપચાર કરશો તો આપની દરેક ફરિયાદો દૂર થશે. જરાય ગભરાશો નહિ.

(૧) જો માસિક રજોદર્શનમાં અનિયમિતતા હોય તો તે નિયમિત થાય એવા ઉપાયો કરજો. ઘણી વખત તમે જણાવી છે તેવી ફરિયાદો અનિયમિત ઋતુદર્શનને કારણે થાય છે.

(૨) હંમેશા દસ્ત સાફ આવે તેવી યોજના કરવી. રાતે ગરમ દૂધમાં બે તોલા ઘી નાખીને પીવું. અંજીર ચાર-પાંચ હંમેશા રાતે ચાવીને ખાવાં. અંગુર (લીલીદ્રાક્ષ) હંમેશાં દસ તોલા ખાવી. ઘણાં અણસમજુ દરદીઓ અને ચોક્કસ પરીક્ષા નહિ કરી શકનાર તબીબો વાયુને કબજે કરવા ગરમ દવાઓના પ્રયોગો કરે છે પણ વૈદકના નિયમ મુજબ વાયુ (ગેસ)ને દૂર કરવા માટે ત્રણ રસની મુખ્ય જરૂર છેઃ ખાટો, ખારો અને મધુર (મીઠો). વાયુનાં દરદો મટાડવામાં તે અજબ કામ કરે છે. પિત્તનાં દરદો મટાડવામાં ત્રણ રસ કામ કરે છેઃ કડવો મીઠો અને તીખો. એ જ રીતે કફમાં ખારો, તુરો અને તીખો એ રસો જોઈએ. આપને ખોરાકમાં દહીંનું ઘોળવું જીરૂં તથા સિંધવ નાખીને લેવું. આખા દિવસમાં દોઢ તોલો ધાણા-જીરૂં લેવું જોઈએ. છાશ, ટમેટાનું શાક, કાચા ટમેટા, મુસંબી, કાગદી લીંબુ, સંતરા વગેરે જેવા ખાટા રસવાળાં ફળો લઈ શકાય. મધુર રસમાં સાકર, ખાંડ, ઘઉં, મગ, તુવેર, માખણ, ઘી, મલાઈ જેવા પચે તે પ્રમાણમાં લેવાં. આંબળાની બનાવટો પણ વાયુમાં સારી અસર કરે છે. તીખો રસ વાયુના દરદમાં સાધારણ રીતે જોઇએ એટલે લસણ લેવાથી એ કામ સરશે. આ સિવાય ફુદીનો, કોથમીર વગેરે પણ રુચિ મુજબ લેવાય. ભૂખ્યા રહેવાથી વાયુ વધે છે એટલે વાયુના દર્દીએ ઉપવાસ બનતાં સુધી ન કરવા. તેમ જ ન પચે તેવો ને તેટલો ખોરાક પણ ન લેવો. આખા દિવસમાં ૭ લીંબુનો રસ સિંધવ નાખીને લઈ શકાય તો ઘણું સારું. વાયુના દરદીએ લરણુય, શકરિયાં, બટાટા, વાલ,-વટાણા, ચણા, ચીભડાં, તુરિયાં, ગલકાં વગેરે કદી ખોરાકમાં ન લેવાં. નીચે લખેલું ચાટણ વાયુના દરદીને માટે ખૂબ ફાયદાકારક હોવાનો અમને અનુભવ છેઃ કાળી દ્રાક્ષ તોલા ૧૦, દાડમના દાણા તોલા ૧૦, લસણની (કળીઓ) તોલા ૧૦, સિંધવ તોલા ૫, જીરૂં તોલા ૧૦, તજ તોલા ૨॥, બોરની છાલ તોલા ૫, સોડા બાય કાર્બ તોલા ૫, લીંબુનો ક્ષાર (સાઇટ્રીક એસિડ) તોલા ૨, મોટી હરડેની છાલ તોલા ૧૦ અને આદુ તોલા ૫—આટલી દવાઓ મેળવીને તે પલળે તેટલો લીંબુનો રસ એમાં નાખી કાચની બરણીમાં ભરી રાખવું. આ ચાટણ એક એક તોલો દિવસમાં ત્રણ વખત લઈ શકાય.

છાતી ઉપર વારંવાર હાથ રાખીને જોશો નહિ. નકામાં વહેમમાં પડશો. પછી વહેમનું ઓસડ મળતું નથી. નગોડ નાખીને અગર તો બ્રાહ્મી નાખીને બનાવેલું તેલ માથામાં નાખવું, આપની તકલીફો દૂર થઈ જશે. બાકીના કેટલાક સવાલો જે આપે પૂછયા છે તેના જવાબો આપને સીધા જ ટપાલમાં મોકલાશે કારણ કે એવા ઉત્તરો 'જીવન-પ્રકાશ' જેવા લોકપ્રિય માસિકના તંત્રીજી પોતાના માસિકમાં પ્રસિદ્ધ નહિ કરે કારણ કે શિષ્ટતાનો પ્રશ્ન કદાચ ઊભો થશે. પરમાત્મા આપને આરામ કરી દેશે ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખીને ઉપચારો કરજો.

સંસારનાં વહેણ

મૂંઝવતા પ્રશ્નો

એક સંસ્કારી અને વિચારશીલ બહેન પૂછે છે : પતિની અમે તેવી ઇચ્છાને વશ બનવામાં પતિવ્રતાપણું છે? ● અન્યાય ને અનિષ્ટો સામે મૂંગા ને નિષ્ક્રિય રહેવું એ યોગ્ય છે? ● આધ્યાત્મિક વિકાસ અને બાહ્ય પ્રવૃત્તિ : એક જિજ્ઞાસુની મૂંઝવણ ● ન્યાય, નીતિ અને ત્યાગનું આચરણ વ્યવહારમાં નથી થતું એનું શું કરવું? ● લુચ્ચા આગેવાનોને ઠેકાણે લાવવા ગામલોકોએ શું કરવું ઘટે?

શ્રી. સુરેશ મહેતા, અમદાવાદ

આપના લાંબા પત્રમાંથી આપનું જીવન-મંથન સ્પષ્ટ થાય છે. કયાં કાર્યો આપણા આધ્યાત્મિક વિકાસ માટે અનુકૂળ છે તેમ જ દેહ-દમનથી આત્માની ઉન્નતિ થાય છે કે કેમ એ બાબત આપે પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે.

સુરેશભાઈ, બાહ્ય સંયોગો ગમે તેવા હોય અને આપણા હાથમાં કાર્ય ગમે તે હોય પણ આપણું લક્ષ્ય આંતરિક વિકાસ તરફ અને જીવન-સંશોધન તરફ હોય છે, તો તે સંયોગો અને કાર્યો આપણને ઉપયોગી જ થાય છે. હળ હાંકતાં, રેંટિયો કાંતતાં, જોડા સિવતાં, પુસ્તક લખતાં, હાંડલાં ઘડતાં કે ઘંટીએ દળતાં પણ આપણું લક્ષ્ય આપણા અંતરને શોધવાનું હોય તો તે બધાં જ કર્મો આપણા માટે સત્કર્મો જ છે અને જો અંતર-સંશોધનનું લક્ષ્ય ન હોય તો ગમે તેવું દેહ-દમન પણ ફલશૂન્ય જ રહેવાનું. આપણું જ્ઞાન અને આપણું માનસિક વલણ આપણી પ્રકૃતિને દોરવી જાય છે. એમાં જો આપણું લક્ષ્ય અંતર-સંશોધન કે આંતરિક વિકાસનું હોય છે તો તે આપણને તેમ જ આપણા પરિચયમાં આવતા સર્વ માણસોને પરિણામે લાભદાયક જ થાય છે. આટલામાં સમગ્ર ભારતના તત્ત્વજ્ઞાનનો નીચોડ આવી છે. આપણે ત્યાં ભક્તિયુગના સમયમાં ગોરો કુંભાર, કબીર વણકર, ધનો જાટ, રૈદાસ ચમાર અને દળણાં દળનાર સતી સખુબાઇ જેવાં કર્મઠ (કર્મજીવી) ઉદાહરણો એની જીવંત સાખ પૂરે છે. બીજી બાજુએ એવા દાખલા પણ મળે છે. કે જીવતી ચામડી ઉતારવા કે પોતાનું માથું પોતાને હાથે કાપવા છતાં સરવાળે પોતાનું અને સમાજનું અકલ્યાણ જ થયું હોય. બાહ્ય પ્રવૃત્તિ કે બાહ્ય નિવૃત્તિ ઉપર કોઈ આધાર નથી. લાભાલાભનું મૂળ ભાવનામાં છે. આથી જ 'ભાવનાં ભવજલતારિણી' ને 'ભાવે કેવલજ્ઞાન' એવાં એવાં સૂત્રો આપણને સાંપડ્યાં છે. મુશ્કેલી માત્ર એ છે કે ભાવનાનો કૂવો કેટલો ઊંડો છે અને એનું પાણી કેવું છે તે જોવું શી રીતે? આ જોવાનું માપ આપણી પાસે તો મનુષ્યની બાહ્ય પ્રવૃત્તિઓ જ મોટે ભાગે હોવાની. આથી જ બાહ્ય પ્રવૃત્તિઓ એવી પસંદ કરવી જોઇએ કે જેમાં સમાજનું હિત પણ જોડાયેલું હોય અને કુદરતી નિષ્ઠા વધતી હોય તેમ જ આપણો આંતરિક વિકાસ પણ શક્ય બનતો હોય.

શ્રી. મંજુલાબહેન દેસાઈ, સુરત

આપના પત્ર પરથી આપના ઊંચા વિચારો અને સાત્ત્વિક જીવનની પ્રતીતિ થતાં ખૂબ આનંદ થયો. આપે લખ્યું છે કે, આપણી આજુબાજુ અન્યાય અને અનિષ્ટો ભર્યાં પડ્યાં હોય ત્યારે આપણે એના મૂંગા ને નિષ્ક્રિય પ્રેક્ષક બની રહેવું એ યોગ્ય છે? અને એની સામે ઝૂઝીએ તો પણ એકલો માણસ કેટલુંક કરી શકે? સામી બાજુએ હરામખોરી અને પાપના તો ઢગલા જામ્યા હોય છે. એ અંધારાં ઉલેચવાનું કામ એકાકી માનવીને થકવી દે એવું છે.

મંજુલાબહેન, સમાજમાં જ્યાંયે છડેચોક અનિષ્ટો ચાલતાં હોય, સરાસર અન્યાયો નભી રહ્યા હોય ત્યારે મૂંગા રહીએ કે સામનો કરતાં ડરીએ ત્યારે આપણે પોતે અનિષ્ટોને અને અન્યાયોને કરતા હોઈએ તે કરતાં પણ વધુ પાપી બનીએ છીએ. સમાજના

બોન ટી. બી..

[હાડકાંનો ક્ષય]

સારો થયો....

ધી નજર વેચ કંપની,

કાળુપુર, ટાવર પાસે,

અમદાવાદ

મારી દીકરીને હાથના કાંડા ઉપર હાડકાંનો સડો દોઢ વરસથી હતો. તેને માટે મેં અનેક ડૉકટરોની ટ્રીટમેન્ટ લીધી હતી છતાં તે સડો વધતો જ જતો હતો. અહીંના ડૉકટરની સલાહ લેતાં તેઓએ 'ઓપરેશન કરવું પડશે' એમ મને કહેલું; પણ મારો વિચાર ઓપરેશન કરાવવાનો નહોતો. એટલે મારી દીકરીને તા. ૨૨-૧૧-૪૯ થી વાકેરી પાવડર આપવાનું શરૂ કર્યું. અનેક દવાઓથી જે શક્તિ નહોતી આવી તેથી ઘણા જ સારા પ્રમાણમાં શક્તિ આવી અને કાંડા ઉપરનો સડો બંધ થઈ અંદરથી રૂઝ આવવા લાગી. અત્યારે તેનો હાથ તદ્દન સારો થઈ ગયો છે અને શરીરમાં શક્તિ પણ આવી છે. મને આ ઉપાય બતાવનાર મેસર્સ પટેલ એન્ડ કંપની, ૧૬૬, ભીંડી બજાર, મુંબઈ ૩-નો આ માટે આભાર માનું છું. એમને ત્યાંથી વાકેરી મળી શકે છે.

લી.

—નજરઅલી સમસુદીન

જાગૃત અંગ તરીકેની આપણી ફરજ ચૂકીએ છીએ. સમાજમાં અકર્મણ્ય દશા ઊભી કરીએ છીએ અને સમાજના પતનને મોકળાશ આપીને આપણે પણ પડીએ છીએ. આપણે સમજી લેવું જોઈએ કે આગના પ્રચાર કરતાં પણ આવો પ્રચાર ભયંકર વસ્તુ છે. એટલે આપણી પડોશના મકાનમાં લાગેલી આગને જે તત્પરતાથી ઠારવાનો પ્રયત્ન કરીએ છીએ તે જ તત્પરતાથી જ્યાં જ્યાં અન્યાય નજરે પડે ત્યાં ત્યાં આપણા જાનમાલના ભોગે પણ એને દૂર કરવા મથવું જોઈએ. ન્યાયને સમર્થન અને અન્યાયનો વિરોધ કરવામાં આખા જગત સામે તમારી જાત એકલી હોય, તોયે એકલપણાનો ખ્યાલ ન કરશો. ઘાસના મોટા ઢગલાને અગ્નિનો એક નાનો તણખો પણ રાખમાં પલટી શકે છે, તેમ અન્યાયના ઢગ સામે ન્યાયનો નાનો અંશ પણ સફળતાપુર્વક કામ કરી શકે છે.
શ્રી. દયમંતીબહેન શેઠ, મુંબઈ

આપનો મંથન ભરપૂર પત્ર વાંચી હૈયું રડે છે. આપના જેવી કેટલીયે વિચારશીલ અને સંસ્કારી બહેનોના દામ્પત્યજીવનમાં આવા નાજુક છતાં ગંભીર પ્રશ્નો ઉદ્ભવતા હશે. આપની અનિચ્છા છતાં આપને આપના પતિની ઉગ્ર વાસનાને વશ થવું પડે એ ખરે ખર દુઃખદ છે. આપના પતિ એવી વાસનાને પ્રેમનું રૂપાળું નામ આપતા હોય અને પતિવ્રતા સ્ત્રીએ પતિની ગમે તે ઇચ્છાને માન આપવું જોઈએ એમ માનતા હોય તો આવા સંયોગોમાં આપે કયો રસ્તો લેવો તે પ્રશ્ન આપને મૂંઝવે છે.

દમયંતીબહેન, આપની પરિસ્થિતિ જોતાં આપે બહુ વિચારપૂર્વક, શાંતિ અને સાવચેતીથી છતાં મક્કમ રીતે કામ લેવાની જરૂર છે. આપના પતિ કેળવાયેલા તો છે જ એટલે વાસના એમના પર હલ્લો કરે ત્યારે તેમજ રોજિંદા જીવનમાં જ્યારે જ્યારે અનુકૂળ સમય મળે ત્યારે આપ એમને નમ્રતાથી (એમનો 'અહમ્' ન ઘવાય અને આપના પ્રત્યે એમને લાગણી ને માન થાય એ રીતે) સમજાવી શકો કે ખરેખર તો પ્રેમની અપૂર્ણતામાંથી જ વિકાર જન્મે છે અને વિકાર એ વિકૃત થયેલો પ્રેમ છે. એટલે જીવનમાં સાચો પ્રેમ અનુભવવાને બ્રહ્મચર્ય સિવાય બીજું એકે સાધન નથી જ્યાં વિકાર હોય ત્યાં પ્રેમ હોઈ જ શી રીતે શકે

અને જ્યાં સાચો પ્રેમ હોય ત્યાં વિકારની કલ્પના સુદ્ધાં પણ ક્યાંથી આવી શકે ?

જો પુરુષ સ્ત્રી પાછળ અને સ્ત્રી પુરુષ પાછળ આસક્ત રહ્યા જ કરે તો એમનાં સમય, શક્તિ અને સંપત્તિ હણાઈ જાય અને એથી પોતાની જાતને તો નુકસાન થાય પણ દેશને ય નુકસાન થાય; કારણ કે તેમનાં સમય, શક્તિ ને સંપત્તિ ઉપર એમનો એકલાનો જ નહિ પણ આખા સમાજનો હક્ક છે. આજે આપણા દેશની હાલતનો તો વિચાર કરો. આપણી કાર્યશક્તિ કેટલી ઘટી ગઇ છે ? આપણી તેજસ્વિતા કેવી ઝાંખી પડી ગઈ છે ! આજે ઠેરઠેર ભૂખમરો ને કંગાલિયત વ્યાપેલાં દેખાય છે. આ બધાનું કારણ એ છે કે આપણો સમાજ દિવસે દિવસે હતવીર્ય થતો જાય છે. આજનો આપણો ગૃહસ્થાશ્રમ એ આશ્રમ નથી રહ્યો પણ ભોગ-વિલાસનું નિરંકુશ સ્થાન બની ગયો છે. બહેન, તમારા પતિ આમ તો વિચારશીલ છે. એ ન સમજે અને બળાત્કાર કરવા પ્રેરાય એ અમારી કલ્પનામાં ઊતરી શકતું નથી. છતાં તમારે 'ખૂબ મક્કમ રહેવું' જોઇએ; અને કદાચ એવો પ્રસંગ આવે તો પ્રથમ વિનતિ અને સમજાવટથી અને છેવટે શરીરબળથી પણ સામનો કરવો જોઇએ. આજે સ્ત્રીઓ આ શક્તિ ગુમાવી બેઠી છે તેથી જ સમાજમાં દિવસે દિવસે 'સ્વસ્ત્રી-વ્યભિચાર'નો ભયંકર રોગ ફૂદકે ને ભૂસકે આગળ વધતો જાય છે. મીરાંબાઈના જીવનનો પ્રસંગ તો આપને યાદ હશે. એમણે રાણાનો વિરોધ વહોરીને પણ પોતાના બ્રહ્મચર્યને દીપાવ્યું. પતિનું ગમે તેવું વર્તન ચલાવી લેવું અને તેની ગમે તેવી આજ્ઞાને વશ વર્તવું એ કાંઈ પતિવ્રતાપણું નથી, પણ દુષ્ટતાને માર્ગે વળેલા પતિને 'સુમાર્ગે' ચઢાવવો એ છે સાચું પતિવ્રતાપણું. પણ એ માટે સ્ત્રીએ સાચી તપસ્વિની બનવું પડે છે.

શ્રી. ઉમાકાન્ત વ્યાસ, રાજકોટ

આપના પત્રમાં આપે જણાવ્યું છે કે ન્યાય, નીતિ અને ત્યાગની વાતો સાંભળીએ છીએ ત્યારે આ જ સાચો માર્ગ છે એમ સમજાય છે, અંતરમાં પણ એ વાત ગોઠે છે, છતાં વ્યવહારમાં એનું આચરણ નથી થતું એનું કારણ અને ઉપાય ન બતાવો ?

ચાર રનનો ફટકો

બંધ માસિક માંદગી

સ્ટરિલાઇન

સ્ટરિલાઇન એ એક જ હોરમોનમાંથી બનાવેલી દવા છે, જે ગમે તે કારણે બંધ પડેલા માસિકને ૪૮થી ૭૨ કલાકમાં કુદરતી રીતે ચાલુ કરી શકે છે. બ્રિટિશ મેડીકલ જર્નલના જણાવ્યા પ્રમાણે સ્ટરિલાઇનમાં રહેલ હોરમોન ગર્ભપાતક હોવાથી ગર્ભ રહેવાની જરા પણ શંકા હોય તો સ્ટરિલાઇન ડૉકટરની સલાહ સિવાય વાપરવી નહિ.

સ્ટરિલાઇન નાની બોટલ	રૂા. ૮
સ્ટરિલાઈન મોટી બોટલ	રૂા. ૧૫
સ્ટરિલાઇન સુપર નાની બોટલ	રૂા. ૧૩
સ્ટરિલાઈન સુપર મોટી બોટલ	રૂા. ૨૫

ઘણા લાંબા કેઇસ માટે

સ્ટરિલાઈન સ્ટ્રોંગ	રૂા. ૪૫

સ્ટરિલાઈન તથા સંતતિ-નિયમનના સચિત્ર સાહિત્ય માટે ૬૦ પાનાંની બૂક ચિત્રો સાથે રૂા. ૦-૪-૦ મોકલી મંગાવો.

એલીસ એન્ડ માર્ટીન

જનરલ પોસ્ટ ઓફીસ સામે,

પોસ્ટ બોક્સ ૪૧૪ (જી. પી.) કોટ, મુંબઈ ૧

ઉમાકાન્તભાઈ, આપની મૂંઝવણ બરાબર છે. આજે મોટે ભાગે સૌને આમ લાગે છે. બહુ અનુભવને અંતે સમજાય છે કે મોટે ભાગે માણસ પણ સંયોગાધીન પ્રાણી જેવો છે. જ્યાં ન્યાય, નીતિ અને ત્યાગ તરફ વળેલો ચોક્કસ પ્રકારનો સમૂહ જુએ ત્યાં સામાન્ય માણસનેય આચરણ મુશ્કેલ નથી બનતું, તેવી જ રીતે જે સ્થળે અન્યાય, અનીતિ, ભોગ-વિલાસ અને ગંદવાડ ભરેલ હોય ત્યાં મજબૂત માણસ પણ શિથિલ થઈ જાય છે. આજે જ્યાં નજર નાખો ત્યાં લાંચ, અનીતિ, અશ્લીલપણું, દાદાગીરી વગેરે બહુ દેખાય છે. એ કારણે માણસની સામાન્ય ઇચ્છા આચરણમાં કારગત થતી નથી. આ ઉપરથી સમજાય છે કે જો આપણે ન્યાય, નીતિ અને ત્યાગનું વ્યવહારમાં આચરણ કરવું હોય તેવુ ભલે નાનું પણ તરત નજરે પડે તેવું વ્યવસ્થિત જૂથ ઊભું કરી શકીએ તો અંતરમાં જે વસ્તુ ગમે છે તેને આચારમાં મૂકવી સામાન્ય જનસમૂહને પણ સરળ થઈ જાય. બાકી અસામાન્ય માણસ તો પથ્થરને પણ પાણી કરી શકે છે અને હિમાલયનેય કંપાવી શકે છે. એવા માણસની તો વાત જ જુદી છે તે કે વાની જરૂર ન હોય.

શ્રી રામજીભાઇ પરેશ, જામનગર

આપનો પત્ર ચિંતા ઉપજાવે છે. આપે લખ્યું છે કે આપણા નેતાઓ ગામડાંના ઉદ્ધારની આશા સેવે છે, પણ ગામડામાં વસતા ભોળા ભલા લોકો ઉપર જેમનું વર્ચસ્વ છે એવા ગામડામાં જ વસતા આગેવાનો સરાસર ઊલટે રસ્તે જઈ રહ્યા હોય અને જનતાને દોરી રહ્યા હોય ત્યાં આવા આગેવાનો સુધરે નહિ ત્યાં લગી ગામડાંઓનો ઉદ્ધાર ક્યાંથી થઈ શકે? કોંગ્રેસના નામ પર, ગાંધીજીના નામ પર, ખાદીનો સ્વાંગ સજીને રળી ખાનારા અને ગામના આગેવાન થઈ બેસીને ભોળા લોકોને ચૂસનારા આગેવાનોને સુધારવા માટે આ ભોળા ભલા ગામડાંના લોકોએ શું કરવું જોઇએ?

રામજીભાઇ, આપ લખો છો તેવી સ્થિતિ આજે ઘણે સ્થળે જોવામાં આવે છે. આપણા દેશ માટે એ દુઃખદ બીના છે. ‘જેનો આગેવાન આંધળો તેનું કટક કૂવામાં’ એ આપણી જૂની કહેવત છે. પણ અત્યારના આગેવાનો આંધળા નથી, ભયંકર રીતે લુચ્ચા છે, જાણી જોઇને એ કટકને કૂવામાં નાખે છે અને ભોળી જનતાને લૂટે છે. પહેલાના કાળમાં આગેવાનો જે જવાબદારીથી વર્તતા તેવું હવે ભાગ્યે જ નજરે પડે છે. એટલે આવાં ગામડાંની જનતાએ એવા આગેવાનો સામે પડકાર કરવો જોઇએ. એને માટે પોતાના મનમાં જે ખોટું લાગતું હોય તે સ્પષ્ટ આવા આગેવાનો સામે કહેતાં લોકોએ ખચકાવું ન જોઇએ. મનમાં ભરી રાખવાથી વાતાવરણ નઘલિયાતું થઈ બગડે છે અને સાચું કાર્ય કાંઈ થતું નથી. એટલે આવા કહેવાતા આગેવાનોની આગવી આગેવાની હવે લાંબો સમય નહી ટકી શકે એવો કાળ તો આવી લાગ્યો છે પણ આવા પ્રયત્નની એમાં ખાસ જરૂર છે. ભલાભોળા આ ગામડાંના લોકો નૈતિક હિંમત ઊભી કરે અને એમને સાચા સેવકોની વધુ ને વધુ હૂંફ મળે તો કાં તો આગેવાનો સુધરી જાય અને જેઓ ન સુધરે તેમની આગેવાનીની પકડ સમાજ પરથી આપોઆપ છૂટી જાય. આવા આગેવાનોની લુચ્ચાઇ, હરામખોરી અને સ્વાર્થીનીતિનું સંગોપન નહિ કરતાં એને ઉઘાડી પાડવી જોઇએ અને એમની મેલી રમતનો પડદો ચીરી નાખવો જોઇએ.

તમારૂં ભવિષ્ય મફત

કોઇએક ફૂલનું નામ જણાવીને અગર પત્ર લખવાનો સમય દર્શાવીને બે આનાની ટપાલની ટિકીટો સાથે લખો. તમારૂં બાર માસનું ભવિષ્ય-કથન મોકલવામાં આવશે. કોઈ પણ બે પ્રશ્નના જવાબ મફત મળશે.

સૂચના: પત્રવ્યવહાર અંગ્રેજીમાં જ કરવો જરૂરી છે.

VICTORIA COMMERCIAL COMPANY
AMBALA (INDIA) [J. P.]

નવી ઉપયોગી લેખમાળા

અનેક વાચક ભાઇ-બહેનોની આગ્રહભરી માગણીને માન આપીને અમે ‘જીવન-પ્રકાશ’માં આવતા અંકથી ઈન્કમ ટેક્સ અને સેલટેક્સને લગતી ઉપયોગી લેખમાળા શરૂ કરવાનું નક્કી કર્યું છે. આ વિષયના ઊંડા અભ્યાસીઓની કલમે એ લખાશે. ઈન્કમટેક્સ અને સેલ ટેક્સને લગતા કોઈ પણ જાતના મૂંઝવતા પ્રશ્નોના જવાબ પણ એ લેખમાળાના લેખકો ‘જીવન-પ્રકાશ’ દ્વારા આપશે. એવા પ્રશ્નો વાચકોએ તંત્રી, ‘જીવન-પ્રકાશ’ રાણપુર (સૌરાષ્ટ્ર રેલ્વે)—એ સરનામે મોકલવા.

દીકરી મઝામાં છે!

શ્રી. અમૃતકુમાર મેર

આરપાડાથી ગોકુળપુર બે ગાઉ થાય. ઉનાળાની રજામાં મામાના આગ્રહને વશ થઈને બારપાડા જવાનો મેં નિશ્ચય કર્યો હતો. અને એ ઇચ્છાનુસાર બારપાડામાં સમય કાઢતો આનંદ કરતો હતો, પરંતુ મુસાફરી અને તે ય ચાલીને કરવાની–એ વૃત્તિ હું દૂર ન કરી શક્યો અને બારપાડાથી ગોકુળપુર ચાલીને જવાનો નિશ્ચય કર્યો. સવારે જઈને સાંજે પાછા આવવાનો વિચાર હતો. ગોકુળપુરમાં આખો દિવસ રહી ફરી ફરીને ગામ જોયું. ગામની આડી–અવળી શેરીઓ, ગણ્યા ગણાય નહિ એટલાં મંદિરો, અને કળા કરતા મોરલાઓ—ગામડામાં તમને નજરે પડે. સાંજના વખતે ચોરે બૈરાંઓની વાતો કરતા ચારપાંચ જુવાનડાઓ જોવા મળે–અને ખૂબ ખૂબ બજારમાં ફરો તો ગંધાતા ગાંઠિયા અને સુકાઈ ગયેલ પેંડાવાળાઓની દુકાન જોવા મળે.

આ છે આધુનિક ગામડાની વિશિષ્ટતાઓ!

દહાડો ઢળ્યો એટલે બંદાએ પાછી બારપાડા આવવાની તૈયારી કરવા માંડી...રસ્તામાં અંધારું ન થાય એ માટે પગ જરા ઝડપથી ઉપાડ્યા. પગને હાલવાનો તો કેટલોય મહાવરો એટલે વાંધો ન આવ્યો; પણ થોડું ચાલતાં અંગેઅંગમાં થાક પ્રબુત્વ જમાવવા લાગ્યો અને પરીક્ષાઓ પાસે આવતી હોય ત્યારે વિદ્યાર્થીને વખત ઓછો જ પડે એવી રીતે મને ય એટલો વખત ઓછો પડ્યો–કે મારા પગ મારા કાબૂની બહાર ગયા.–કે પછી મારા નસીબમાં જ રસ્તામાં અંધારૂં જોવાનું હશે—એ ત્રણ વસ્તુમાંથી ગમે તે સત્ય હોય, પણ બારાપાડાની સીમ દેખાય એ પહેલાં તો સૂરજદાદા ધીમેથી પેલી બાજુ ડૂબકી મારી ગયા!

જુવાન અંધારાથી બીતો નથી અને બીએ છે ત્યારે બીરુથી પણ વધારે!

મને બીક લાગતી હતી કે નહિ, એ તો ભગવાન જાણે પણ સામે મંદિર જોઈને ત્યાં થોડો વિસામો ખાવાનો નિશ્ચય કર્યો. પૂરો અંધકાર હજુ નહોતો જામ્યો. હાથમાંની થેલી નીચે મૂકી મંદિરમાં પેસવા જાઉં, ત્યાં સામે રહેલ કૂવા પરથી કોઈનો ખડખડાટ હસવાનો અવાજ આવ્યો. હાસ્ય...સ્ત્રીનું અને તે ય વગડામાં!

મારું મન સતેજ થયું. થેલી એમ ને એમ પડી રહેવા દઈ હું કૂવા બાજુ જવા લાગ્યો.

ફરી એ જ અવાજ!

નાનપણથી જ હું ભુત–પ્રેતમાં નથી માનતો. મેં ધાર્યું–મારા કાન કદાચ ભ્રમમાં હશે; મારી બુદ્ધિ મને દગો દેતી હશે; અથવા તો આ સઘળું એકાદ ભ્રમમાંથી જ પેદા થયું હશે! આમ વિચાર કરતો હું કૂવાની પાળ પાસે આવ્યો.

મેં કૂવામાં નજર કરી. અંધારામાં કાળું કાળું પાણી ઊંડે ઊંડે દેખાતું હતું; અને એનાથી ય ઊંડે એકાદ–બે તારા ચમકી રહ્યા હતા; પરંતુ આશ્ચર્ય, ભય અને સ્તબ્ધતાની મિશ્ર લાગણીઓ સહિત મેં કૂવાની ભેખડમાં એક સ્ત્રીને બેઠેલી જોઈ.

તેના વાળ છૂટા હતા. જાણે હમણાં જ નાહીને બહાર નીકળી ન હોય! એના ગાલ પર આંસુની ધાર હજુ તાજી જ હોય એમ લાગતું હતું, છતાં એના મુખ પર હાસ્ય રેલાઈ રહેલું હોય એમ લાગ્યું. એ હાસ્ય નહોતું ભૂતનું કે નહોતું માનવીનું! એમાં દિવ્યતાની ઝાંખી થતી હતી. એની આંખોનું તેજ માનવીનું નહોતું. એ તેજ પ્રેત, ભૂત કે ડાકણનું પણ નહોતું અને નિરાંતે બેઠી હોય તેમ બે પગ લાંબા કરીને એ બેઠી હતી. લાલ સાડીનો છેડો પણ હજુ ભીનો જ હોય એમ એના શરીરને ચોંટેલો હતો. કૂવાની બેંકાર ભેખડમાં આવી સ્ત્રી!

મારા મનમાં કંઈ કંઈ સવાલો ઊગ્યા અને આથમ્યા. મેં ત્યાંથી નાસી જવાનો વિચાર કર્યો, પણ ગમે તેમ હોય-કદાચ તે સ્ત્રીનું સ્વરૂપ જરા પણ બિહામણું નહોતું કે પછી મારા પગમાં ચાલવાની શક્તિ નહોતી-પણ ત્યાં જ હું બેઠો એ સ્ત્રીને કૌતુકથી નિહાળવા!

પેલી સ્ત્રીએ સ્વાભાવિકતાથી માથું ઊંચું કર્યું ને એની તેજદાર આંખો મારા તરફ મંડાઇ. હુ તે તેજ ન ઝીલી શક્યો ને કૂવાની સામેની કડ તરફ મેં નજર ફેરવી.

તેણે મ તાના જેવા કોમળ, શાંત અને દૃઢ સ્વરે મને પૂછ્યું 'કેમ આવ્યો છે જુવાન?'

શું જવાબ દેવો? શા માટે આવ્યો હતો એ તો હું પણ નહોતો જાણતો, તો પછી? હું મૂંગો જ રહ્યો.

'કેમ આવ્યો છે ભાઈ?' એના સ્વરમાં વધુ ને વધુ કોમળતા આવતી હતી. સંસારના વમળમાં ઝોકાં ખાતા ભાઈને બહેન જે મીઠડા સ્વરથી સંબોધે એનાથી પણ વધારે મીઠાશ ભરી હતી એ સ્વરમાં.

મારા અંતરની રહીસહી ભીતિ દૂર થઇ ગઇ.

'તમે કોણ છો?' માનવીનો સહજ પ્રશ્ન મારા હોઠે આવી ગયો.

'હું?' પેલી બાઈએ જરા આશ્ચર્યથી કહ્યું. 'હું માણસ પણ નથી અને ભૂત પણ નથી! હું છું એક દુઃખી આત્માનો પડછાયો!' અને વળી પાછી એ એવી જ મીઠાશથી મારા તરફ જોઇ રહી.

થોડીવાર કોઇ કંઈ ન બોલ્યું. બે પળ પછી તેણે જ વાત ઉપાડી.

'છે તારામાં હિંમત મારી વાત સાંભળવાની? કેટલાય અહીંથી નીકળે છે, રાત્રે મારું હાસ્ય સાંભળીને કેંક નાસી જાય છે. કેટલાયને હું ભૂત લાગું છું, કેટલાય મને ડાકણ માને છે ને કેટલાય મને કાળી માતાનો અવતાર માને છે. હજુ કોઈએ મારા તરફ જોવાની હિંમત નથી કરી. હિંમત નહિ-ઇચ્છા જ નથી કરી! તને ખાત્રી થાય છે કે એમાંની હું કાંઇ નથી?'

'હા' સુકાયેલ ગળું ખંખારતો હું મહામહેનતે બોલ્યો.

અનેક રોગોની એકજ દવા
જીવનધારા
રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક "જેનસ" નં.૩૦૨.૦

કોલેરા, સંગ્રહણી, શરદી, હાથ-પગ, માથું તથા બદનનો દુઃખાવો, પાણી-બિકાર, સંધિવા, અશક્તિ, સોજો, અજીર્ણ, અપચો, ખાંસી, શ્વાસ, દમ, દાંત-દાઢમાં કળતર, અમુંઝણ, ભ્રમરી ડંખ, પ્રદર, પ્રમેહ, મોઢાની દુર્ગંધ, પેટની ચૂંક, શૂળ, દરેક જાતના તાવ, ઘા પડવો, લોહી નીકળવું ઇત્યાદિ અનેક જાતનાં દરદોમાં તેમજ રેલ્વે, સ્ટીમર, યા મોટરની મુસાફરીમાં તાત્કાલિક ઉપયોગી થઇ પડનારી અમૂલ્ય ઔષધિ. કિંમત મોટી બાટલી રૂ. ૧॥॥, વચલી બાટલી રૂ. ૧। અને નાની બાટલી રૂ. ০॥ૅ. ટ. ખ. જુદું. દરેક શહેરમાં જાણીતા દવા વેચનારને ત્યાં મળશે.

જે. એન. શેઠના-જીવનધારા ઓફીસ, નડીયાદ. [ગુજરાત]

સ્ટોકીસ્ટ : કંચનલાલ વાડીલાલની કું. મંગળદાસ રોડ. પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨

એની આંખોનું તેજ માનવીનું નહોતું. એ તેજ ભૂત, પ્રેત કે ડાકણનું પણ નહોતું. નિરાંતે બેઠી હોય તેમ બે પગ લાંબા કરીને એ શાંતિથી બેઠી હતી. લાલ સાડીનો છેડો પણ હજી ભીનો જ હોય એમ એનાં શરીરને ચોંટેલો હતો. કૂવાની ભેંકાર ભેખડમાં આવી સ્ત્રી! મારા મનમાં કંઈ કંઈ સવાલો ઊઠ્યા અને આથમ્યા......

'તો સાંભળ. અહીંથી થોડે દૂર એક ગામમાં હું રહેતી હતી. મારું નામ તો હું ભૂલી ગઈ છું આ દુઃખમાં! પણ મને એટલી ખબર છે કે લોકો મને ખૂબ જ રૂપાળી કહેતા. હું ગામના લોકોની આંખમાં વસી હતી. મારા બે બોલ સાંભળવા ગામના જુવાનીઆ ખડે પગે તૈયાર રહેતા. મારી આંખનો એક જ મિલાપ—ને જુવાનો મારી પાછળ ગાંડા થતા. મારા પિતા પાસે કેટલાંય માગાં આવતાં પણ મને ગામમાં જ પરણાવવાની એમની ઈચ્છા નહોતી. ગામના માણસોની ઉપરવટ જઈને મારા બાપે મને પરગામમાં પૈસાના લોભે વરાવી. મારી માતા નાનપણથી જ ગુજરી ગઈ હતી. એટલે માતાના લાડ શું હોય એની મને ખબર જ નહોતી."

પેલી બાઈ જરા થાક ખાવા અટકી. મેં બહાર ચારે બાજુ નજર કરી. ચોપાસ અંધકાર છવાયો હતો. મારી થેલી ઓટા પર એમ ને એમ પડી હતી.

'એમણે પરગામમાં મારા માટે ઠેકાણું તો સારું ગોત્યું હતું. યુવાન ફૂટડો હતો. મારી આંખમાં વસે એવો હતો. એટલે મેં પણ હા જ કહી. અને મારાં લગ્ન પણ લેવાયાં.

લગ્નની ધામધૂમમાં મને ગલીપચી થતી હતી. મારી જોડેની સખીઓ મને ચીડવવા લાગી. પીઠી ચોળતાં મારી કૈંક મશ્કરીઓ થઈ અને એ આનંદ અને ઉર્મિ સહિત હું પરણી ઊતરી.

'હું કોઈની પત્ની થઈ—પરાઈ બની.'

મેં તો આ વાતને અત્યારના પ્રસંગ સાથે જોડવા પ્રયત્ન કર્યો. ક્યાંય મેળ મળ્યો નહિ. મારા વિચાર એ જાણી ગઈ હોય એમ મારા મોંના ભાવ જોઈને એ બોલી, 'હજુ તો વાર છે આ દુઃખી કહાનીને—પછી હું મારે સાસરે ગઈ. ત્યાં મારે સાસુ નહોતી. સસરા નહોતા. ફક્ત મારા પતિ જ હતા; પરંતુ સસરાથી પણ વધારે પ્રભાવ પાડે એવા ફુઆજી સસરા અને ફુઈજી સાસુ હતાં. પૈસાદાર ફુઈ-ફુઆ સાથે રહેવા મારા પતિ એ ગામમાં આવ્યા હતા. મને પણ આ ઓથ જોઈને ખૂબ આનંદ થતો. અને અમારી સુખી જિંદગીની શરૂઆત થઈ.'

અંધકાર વધુ ને વધુ ઘેરો બનતો હતો. તારાઓ પણ જાણે કે એ વાત કાન માંડી સાંભળવા આકાશમાં એકઠા થઈ ગયા હતા. મેં હાથ ઊંચો કરીને ઘડીઆળમાં સમય જોવા પ્રયત્ન કર્યો, પણ કાંટા જ દેખાયા નહિ. મારા કાનમાં આગળ ને આગળ શબ્દો પડતા હતા:

'મારા ફુઆજીને ઘરની મેડીઓ હતી. ને વેપાર પણ સારો ચાલતો, એટલે પૈસે ટકે વાંધો ન હતો. ઘરમાં કામ નોકરબાઈ કરતી, અને હું તો એકલી રસોઈજ કરતી. મેં વિચાર્યું કે આના કરતાં વધારે સુખ ક્યાં હોઈ શકે? ધીમે ધીમે હું મારા પતિના નિકટના પરિચયમાં આવતી ગઈ. અને મને માલુમ પડ્યું કે એ નમાલો હતો. એનામાં વાત કરવાની તો આવડત નહોતી પણ હસવાની, બેસવાની, ઊઠવાની યે શક્તિ નહોતી. એ બધું યંત્રવત્ કરતો. એનામાં જિંદગીનો ઉલ્લાસ નહોતો; છતાં પણ હજુ મને દુઃખ નહોતું. દુનિયાની નજરે હું ભાગ્યશાળી ગણાતી, મારા પિતા મને નસીબદાર માનતા. ગામના લોકો મારા નસીબને ધન્યવાદ આપતા હતા'

એ વિચાર કરવા થોભી. મેં ધાર્યું કે વાત હવે વળાંક લેશે.

અને એક દિવસ હું નહાવાની ઓરડીમાં નહાવા માટે ગઈ. મારો પતિ ઘેર નહોતો. મારી સાસુ દેવદર્શને ગયાં હતાં. હું ને મારા સસરા-બે જ-ઘેર હતાં. મારા ફુઆ હાથમાં માળા લઈને પાટ પર બેઠા હતા. એકાએક મેં નહાવાની ઓરડીનું બારણું ખોલાતું જોયું ને આંકડી ઢીલી પડી; સાથે મારી સામે મારા સસરાની મૂર્તિ ઊભી હતી, એના મુખપર પંપાળભર્યું હાસ્ય હતું: વિષયલોલુપતાનો હીન ચમકાર હતો; યુવાનીનો ગર્વ હતો. હું એકદમ બીજી બાજુ ફરી ગઈ. ઝપાટાબંધ મેં કપડાં પહેરી લીધાં. મનમાં કૈંક તર્ક-વિતર્ક

હું માણસ પણ નથી અને ભૂત પણ નથી! હું છું એક દુઃખી આત્માનો પડછાયો!

કરતાં હું પાછું વાળીને ઊભી રહી. ગમે તેમ હોય પણ મારા સસરા તે દિવસે તો પાછા ફરી ગયા.

ત્યારથી મારો જીવ ઊંચો થઈ ગયો. મારે મારા પતિને શી રીતે આ વાત કરવી? દુનિયાને શી રીતે કહેવું? એવા પ્રશ્નોથી મારું મન ભરાઈ આવ્યું.

હું છાની છાની તે દિવસને સંભારતી, હૈયાફાટ રુદન કરતી. હું કોઈને ન કહી શકતી ન સહી શકતી. મને પાછળથી ખબર પડી કે અમારે ઘેર એક રજપૂત કાયમ આવતો હતો, જરા સુધરેલો હતો. ખેતી નહોતો કરતો પણ ગામમાં મુખી કે પટેલ કાંઈક હતો. મારી સાસુ એની સાથે—મારા સસરાની ગેરહાજરીમાં—હસીને બોલતાં ને એમના પ્રૌઢ મુખ પર વિલાસી ને આછકલાં ગણાતાં વંઠેલા યુવાનોને પણ ન શોભે એવા દુષ્ટ ભાવો રમી રહેતા. હું અકળાઈ ઊઠી.

દુઃખમાં માણસ પ્રભુને સંભારે છે. મેં પ્રભુને સંભાર્યા પણ મારી સ્થિતિમાં એથી કાંઈ ફેરફાર થયો નહિ. ગાડું એમ ને એમ ચાલતું હતું...મારા સસરાની નજરથી જેમ બને તેમ દૂર રહેવાય એ માટે હું મારાથી બનતા પ્રયત્ન કરવા લાગી.

આ દરમ્યાન મારા પિતા ત્યાં આવ્યા. એમણે આ વૈભવ જોયો, આ સાહ્યબી જોઈ; એ મારું સુખ જોઈ રહ્યા. એમને હૈયે ટાઢક વળી 'દીકરી મઝામાં છે!'

મારી સ્થિતિ દિવસે દિવસે બગડતી જતી હતી. બીજો એક ભયંકર પ્રસંગ બન્યો ત્યારે મારો પતિ બહારગામ ગયો હતો. મારાં સાસુ પેલા રજપૂતના આગ્રહથી ભજન સાંભળવા ગયાં હતાં. હું અને મારા સસરા બે જ એકલાં ઘેર હતાં. હું રોટલી વણતી હતી. પાટલી અને વેલણના કચડ કચડ અવાજ સાથે મારા હૈયામાં પણ કચડાટી બોલતી હતી.

પરિસ્થિતિ કયારે વણસે એ કહી શકાય એમ નહોતું. હું રસોઈ કરીને મારા સસરાને પથારી કરી દેવા બીજા ઓરડામાં ગઈ.

સ્ત્રીઓના ગર્ભાશયનાં તમામ દર્દો મટાડનાર સર્વશ્રેષ્ઠ ગુણકારી ટોનીક

રેમા ટોનીક

જે લેવાથી પ્રદર, શરીરનું ધોવાણ, લોહીવા, અનિયમિત અટકાવ, સુવારોગ, વિગેરે દર્દો મટાડી શરીરને તંદુરસ્ત અને નવયુવાન બનાવે છે. જેનાથી ગર્ભમાં જ બચ્ચાનો બાંધો મજબુત થાય છે અને બાળક સારા બાંધાનું તેમજ તંદુરસ્ત જન્મે છે. આજેજ ખરીદો અને સુખી બનો. કિંમત:—નાની બાટલી રૂ. ૨-૪-૦ મોટી (રતલી) બાટલી રૂ. ૬-૮-૦ પોસ્ટેજ અલગ.

બનાવનાર:—**સી. સી. મહાજનની કું.** ૭૯, સુતારચાલ, મુંબઇ ૨.

માસિક ચાલુ કરવા

ગર્ભશુદ્ધિ

ટીકડી રૂ. ૧૦
સ્ટ્રોંગ રૂ. ૨૦
પોસ્ટ ખર્ચ જુદું.

સ્ત્રીઓના બંધ પડી ગયેલા માસિકને તુરત જ ચાલુ કરી ગર્ભ રહેતો અટકાવે છે. તેમજ ગર્ભાશય ચોકખું કરે છે. (સગર્ભાએ લેવી નહિ.)

ગર્ભ રહેતો અટકાવવા

ગર્ભસ્ટોપ (ગુટી)

માસિક નિયમિત ચાલુ રાખી કાયમ માટે ગર્ભ રહેતો અટકાવે છે. અને કોઈપણ જાતનું નુકશાન થતું નથી. કિ. રૂ. ૧૦ સ્ટ્રોંગ રૂ. ૨૫ પો. ખ. જુદું.

બનાવનાર:—**જોન્સ એન્ડ કંપની,** (ઈંડીઆ)

સોલ એજન્ટસ:— શ્રી સ્વામીનારાયણ આયુર્વેદિક ફાર્મસી, ગાંધી રોડ, ચંદ્રવિલાસ હોટેલ સામે, અમદાવાદ.

હવે હું જીવીને શું કરું ? મને મારી જાત પ્રત્યે તિરસ્કાર છૂટયો. હું વિચારતી હતી: કયાં જાઉં ? માતા-પિતા મારી વાત માનશે ? દુનિયા આને સત્ય માનશે ખરી ? આગળ ને આગળ હું ચાલી જતી હતી. છેવટે અહીં થોભી. મારો સદાનો સંગાથી હવે આ કૂવો જ હતો...એ સિવાય દુનિયામાં મારું કોઈ નહોતું...

પેલી સ્ત્રીના મુખ પર ક્રોધ આવતો જતો હોય એમ લાગ્યું. મેં ચારે બાજુ જોઈ લીધું. બહાર કોઈ નહોતું–રાત્રિનો અંધકાર વધુ ઘેરો બનીને ધરતી પર પથરાયો હતો.

'ત્યાં મારી પાછળ મારા સસરા આવ્યા. મારી ડીનો પાલવ પકડી નિર્દયતાભર્યું–હેવાનિયતભર્યું, ારા કાળજાને કંપાવે તેવું હસ્યા. એ બારણું બંધ ાવા લાગ્યા.

'હું આપની પુત્રી સમાન.......'

તેના હાસ્યમાં મારા શબ્દો ડૂબી જતા હતા. ને...... 'આહ......' એ સ્ત્રી ડૂસકાં ભરતી હતી: વે એ વધારે બોલી શકે એમ લાગ્યું નહિ. છતાં ર્ય થઈ તેણે આગળ ચલાવ્યું.

—'ભળકડે અંધારામાં હું ત્યાંથી ઊપડી ગઈ હતી. વે હું જીવીને શું કરું ? મને મારી જાત પ્રત્યે ક્રોધ ટયો અને તિરસ્કાર છૂટયો. હું વિચાર કરતી હતી : કયાં જાઉં ? પિતા મારી વાત માનશે ? દુનિયા માને સત્ય માનશે ખરી ? છતાં હું આગળ ને આગળ જવા લાગી. ત્યાંથી હું નીકળીને રસ્તામાં અહીં થોભી. મે વિચાર કર્યો. મારા પિતા પાસે જવું નકામું હતું. મારો સદાનો સંગાથી હવે આ કૂવો જ હતો...

કૂવાએ મને પોતાનામાં સમાવી લીધી. મારા સસરાના હાથ મજબૂત હતા. મારું મુડદું ક્યાંય મંડારી દેવામાં આવ્યું. પૈસા ત્યાં કામ કરતા હતા. તે દિવસથી હું અહીં બેઠી છું. એ વાતને એક વર્ષ થયું છે: પણ મારા સસરાએ મારા પતિને પરદેશ મોકલાવી દીધો છે, હું પણ એની સાથે ગઈ છું એમ મારા પિતાને ખ્યાલ છે. મારા પિતા માને છે કે, 'દીકરી મઝામાં છે.' અને જાણે હૃદય-ભાર હળવો કરતી હોય એમ એણે એક ઉષ્ણ દીર્ઘ નિઃશ્વાસ મૂકયો. મારા પિતા બારપાડામાં રહે છે. રણછોડ એનું નામ.

"તું મારા બાપને આ વાત જણાવશે જુવાન ?' ફરી પહેલાનો સ્વર તેના આર્દ્ર કંઠમાં આવીને ઊભો હતો.

હું એ વાત પર આશ્ચર્યમૂઢ બનીને વિચાર કરતો હતો. મેં સ્વાભાવિક જ હકારમાં ડોકું ધુણાવ્યું.

પેલી સ્ત્રી ધીમે ધીમે હવામાં વિલીન થતી જતી હતી. કોઈ આત્મા જાણે સંતોષાયો હોય તેમ પાણી, ભેખડ, તારા, આકાશ, પવન, બધાં સ્તબ્ધ બની ગયાં હતાં. સ્ત્રીનું ધીમું સંતોષપૂર્ણ હાસ્ય હું સાંભળી રહ્યો.

હું ધીમે પગલે ત્યાંથી ચાલ્યો.

રાત્રિના નવ વાગ્યે બારપાડા પહોંચ્યો. ત્યાં પૂછ-પરછ કરી. રણછોડભાઈનું ઘર પૂછી ત્યાં ગયો.

બે-ચાર વૃદ્ધો ત્યાં વાતો કરતા હતા.

'દીકરી તમારી ભાગ્યશાળી હો રણછોડભાઈ. પરદેશ અહિંથી કોઈ નો ગ્યું ને એણે પે'લ કરી.'

રણછોડભાઈની છાતી ફૂલતી હતી. ગમે તેમ હોય પણ મારી છાતી બેસી ગઈ.

'આ લોકો માનશે ખરા ?'

છતાં મારે મારી ફરજ બજાવવી રહી. મેં રણછોડભાઈને બધા ગયા પછી એકાન્તમાં સઘળી હકીકત કહી. પણ એ હસવા જ લાગ્યા.

એમણે ઘરમાં જઈને એમની પુત્રીનો લખેલ કાગળ બતાવ્યો. એમાં એમની પુત્રીનું નામ હતું. રણછોડભાઈ મારી સામે જોઈ હસતા હતા.

પત્રમાં લખ્યું હતું. મેં બારીકાઈથી વાંચ્યું.

'તમારી દીકરી મજામાં છે !'

મારા હૃદયના ધબકારમાંથી એક જ પ્રશ્ન ઊઠતો હતો.

'ખરેખર દીકરી મજામાં હતી ?'

અને હું ધીમે પગલે ઘરબહાર ચાલી નીકળ્યો. સમાજની કેટલીયે દીકરીઓ મારી આંખ સામે રમતી હતી.

★ આપનો કિંમતી સહકાર ★

'જીવન-પ્રકાશ' એ આપને ખરેખર ગમતું હોય તો એને વધુ સારું બનાવવા માટે આપ બે રીતે મદદ કરી શકો : આપ પોતે એના ગ્રાહક બનીને અને બીજાં ભાઈ-બહેનોને ગ્રાહક થવા પ્રેરીને. આપના આ માસિક માટે આપ આટલું કરશો ?

આગ ! ચોરી !! લૂંટ !!!



વગેરેમાં સહીસલામત પુરવાર થયેલ

—ઉત્તમ પ્રકારની કારીગરીવાળા—

"કિશોર"ના

લેટેસ્ટ ફેશનના, સ્ટીલના

★ મોડર્ન 'જય હિન્દ' કબાટો ★

તિજોરીઓ અને કેશબોક્સો વસાવો

સોનાના ચાંદો અને સર્ટીફીકેટો મળેલાં છે.

અમારા શોરૂમની મુલાકાત લેવા ખાસ નિમંત્રણ છે

કિશોર સ્ટીલ પ્રોડકટસ

૨૯, દાદીશેઠ અગીઆરી લેન, જી. ટી. હાઈસ્કૂલ સામે, મુંબઈ ૨

પોતાનો સંસાર સુખી બનાવવા ઇચ્છતાં દંપતી આટલું ધ્યાનમાં રાખે

સુખી દંપતી–જીવન

*** લોમા ગોળી ***

સ્ત્રી અને પુરુષની જાતીય નબળાઈઓ દૂર કરી શરીરમાં ખૂટતાં તત્ત્વો આ ગોળી પૂરે છે.

૧૦ ગોળીની બાટલીના રૂ. ૫-૧૨-૦

*** સફળા ગોળી ***

પ્રજનન અવયવોની ખામીઓ દૂર કરીને આ ગોળી કાયમનું વંધ્યત્વ–વાંઝીઆપણું મટાડે છે.

૧૦ ગોળીની કિંમત રૂ. ૧૫-૧૨-૦

સુખી પુરુષ–જીવન

*** શિવિલા મલમ ***

જનનેંદ્રિય સુદૃઢ અને સુયોગ્ય બનાવી તેની શિથિલતા આ મલમ નાબૂદ કરે છે.

બાટલીની કિંમત રૂ. ૧૦-૧૨-૦

*** સુકોલ ગોળી ***

સ્થંભનશક્તિમાં અજબ વધારો કરનાર આ ૨૦ ગોળીના રૂ. ૫-૧૨-૦

સુખી સ્ત્રી–જીવન

*** સતપાઃ મલમ ***

સ્ત્રીના જનન-અવયવને સંકોચ આપનાર આ મલમ બીજાં ગુપ્ત દર્દો પણ દૂર કરે છે.

બાટલીની કિંમત રૂ. ૫-૧૨-૦

*** શીવિલા મલમ ***

શિથિલ સ્તન-પ્રદેશને સુડોળ, મજબૂત ને ઘાટીલા બનાવનાર આ મલમની બાટલીના રૂ. ૧૦-૧૨-૦

*** વિરમ ટીકડી ***

હંમેશને માટે ગર્ભ રહેતો અટકાવનાર આ ૫૦ ટીકડીના રૂ. ૧૦-૧૨-૦

બંધ માસિક

*** સમડી ગોળી ***

કોઈ પણ જાતનું શરીરને નુકસાન કર્યા વિના ને સહેજ પણ તકલીફ વિના બંધ માસિક શરૂ કરે છે અને તેની અનિયમિતતા દૂર કરે છે. નાજુકમાં નાજુક સ્ત્રી પણ જરાય સંકોચ વિના લઈ શકે છે. સચોટ, ઝડપી અને દોષરહિત ઉપાય છે.

૫૦ ગોળીના રૂ. ૧૫-૧૨-૦

ગ્રામ દવા ઘર, પાલીતાણા [સૌરાષ્ટ્ર]

આટલું વિચારજો

શ્રી. 'અજ્ઞાત'

જીવનમાં ખરા ઉત્સાહ અને સાચા આનંદથી જીવનાર માણસો ઘણા ઓછા હોય છે. કાં તો તેઓ ગઈ કાલની ભૂલો ઉપર ખરખરો કરતા હોય છે, અથવા તો આવતી કાલે શું થશે તેની ચિંતામાં 'આજ'ને બગાડી રહ્યા હોય છે, અને એવા ઓશિયાળા અને ચીડિયા બની ગયા હોય છે કે જીવન વવાનો સાચો આનંદ માણી શકતા હોતા નથી. ારે ખરેખર તો આનંદભેર જીવવાની સાચી પળ જ ર્તમાનની છે. ભૂતકાળ કે ભવિષ્યકાળની નહિ.

આપણે દરેકને ભાગે કલાક તો આખા દિવસમાં ાવીસ જ હોય છે. ન વધુ કે ન ઓછા, પણ થોડી ાજના અને પૂર્વવિચારણાથી થોડા સમયમાં જ ઝાઝું રવાને પરિણામે જે ગોટાળો અને થાક લાગે તેમાંથી ચી શકીએ છીએ. સમયની ગોઠવણ બરાબર કરીએ ો બધા કામ માટે સમય મળી રહે છે.

દિવસમાંથી ખરો આનંદ માણવો હોય તો તમારી એલાર્મ ઘડિયાળને દસ મિનિટ વહેલી મૂકો. વધુ ઊંઘને બદલે આટલી મિનિટો તમને વધુ ફાયદો આપશે. આ સવારના સમયનો સદુપયોગ કરો અને પથારીમાં પડયા પડયા દીર્ઘશ્વાસ લ્યો, હાથ ઊંચા કરો અને હાથ નીચા કરતી વખતે પાછો શ્વાસ બહાર કાઢો.

આમ થોડા વખત કરીને જમણા પડખે ફરો. અને પગ ઊંચા કરો. વારાફરતી પડખાં ફેરવીને જમણો ડાબો પગ ઊંચા કરો અને દીર્ઘશ્વાસ લેવાનું ચાલુ રાખો.

ઊઠતાં વેંત પથારીમાંથી ઠેકડો મારીને કૂદો નહિ. આ તો ગાડીને શરૂમાં સૌથી ઊંચા ગેરમાં ચાલુ કરવા જેવું કામ છે. આથી હૃદયને પરિશ્રમ પડે છે. દોડા દોડ નહિ કરો, આજનો દિવસ ગમે તેમ પસાર કરવો એ તમારો હેતુ નથી. તમારો હેતુ આજનો દિવસ સારી રીતે ગાળવાનો છે.

નાસ્તો કે શિરામણ કરો ત્યારે પણ કટકબટક જે આવે તે લુચપુચ ખાઈને ભાગવાનું નહિ રાખો. શું ખાવ છો એ જેટલું અગત્યનું છે, તેટલું જ અગત્યનું કેમ ખાવ છો એ છે. થોડું ખાવ કે વધુ ખાવ પણ ઉતાવળ વગર ખાવ. શાંતિથી ખવાયેલ ખોરાક તમારી હોજરી અને શરીરયંત્રને વ્યવસ્થિત રાખશે.

નિયમિતપણું એ પણ મગજને અને શરીરને રાહત આપનારી વસ્તુ છે. તેમ જો રોજ કામને પહોંચી વળવા દોડાદોડ કરવી પડતી હોય તો એ મગજ ઉપર ભારે દબાણ લાવે છે. પણ તમે સમયસર છો એ વસ્તુનું ભાન તમારા મગજમાં સ્વસ્થતા આણશે. પણ અનિયમિત થવાથી મોડા થવાનું ભાન તમને અસ્વસ્થ બનાવી નાખશે અને સાથોસાથ તમારી જાત પ્રત્યે તમે અસંતુષ્ટ બનશો.

ટાઇમ ટેબલ

તમારા સમયનું તમે રીતસર ટાઈમ ટેબલ બનાવો તો તમને માલૂમ પડશે કે તમારી પાસે ઘણો સમય છે. તમે કહેશો કે મેં આ કર્યું, અને મેં તે કર્યું, અને હું કામને પહોંચી વળતો નથી. પણ જરા વિચાર કરો અને કલાકે કલાકનો હિસાબ લ્યો તો તમને માલુમ પડશે કે તમે ઘણો સમય તમારો નકામો જવા દીધો છે અને ઉતાવળથી કામ કરવા જતાં ઊલટું તમને વધુ સમય લાગ્યો છે.

તમારા રોજના કામ માટે તમારે કેટલો સમય જોઈએ તેનું માપ કાઢો. પ્રમાણિકપણે તમારા કામનો અને તે કામની ઉપયોગિતાનો વિચાર કરો. વિગતોથી તમારા જીવન-તખ્તાને ભરી નહિ નાખો. તમારા સમય બજેટમાં થોડી પળો બિલકુલ નવરાશની પણ રાખો. જે વખતે તમે આરામથી તમારા પ્રશ્નોનો શાંતિથી વિચાર કરી શકો.

વ્યવસ્થાની ખામી

બધું દોડાદોડમાં કરવું એ કાંઈ ગુણ નથી. તેમાં તો વ્યવસ્થાની ખામી છે. જીવનની કળા આખા દિવસને કામથી ભરી દેવામાં નથી. પણ એ દિવસ દરમ્યાન કંઈક સિદ્ધિ, કંઈક આનંદ મેળવવામાં છે.

તમારા સમયનું સુયોજન તમારો સમય બચાવશે, એટલું જ નહિ પણ તમારા મનને વ્યવસ્થિત બનાવશે, જેથી તમારી કાર્યશક્તિ વધશે અને ગોટાળામાંથી તમે બચી જશો.

(જુઓ પૃ. ૨૧૮)

ર ○ સ ○ ઘૂં ● ટ ● ડા —— શ્રી. અનવર આગેવાન

સોરઠી

ધ્રમ જાતાં, ધરા પલટતાં, ત્રિયા પડન્તે તાવ;
એ ત્રીનું દિન મરણરા, કોણ રંક કોણ રાવ.

ભાવાર્થ : પોતાનો ધર્મ જતો હોય, પોતાની જન્મભૂમિને કોઈ પલટાવતો હોય અને પોતાની સ્ત્રી સંકટમાં પડતી હોય એ ત્રણેય દિવસ માણસને માટે મરી ફીટવાના છે. પછી ભલે તે માણસ રંક હોય કે રાય હોય.

કાઠિયાવાડી

કામન કે' છે કંથડા, નવ લીધાં હરિનામ,
ટક પર કર ઊંધો નહિ, ઈ નર સરજ્યાં નકામ.

ભાવાર્થ : સ્ત્રી કહે છે કે હે સ્વામી! જેણે હરિ ભજન કોઈ દિ' કર્યું ન હોય ને ગરીબોને લાંબો હાથ કરીને દાન ન આપ્યું હોય તે મનુષ્યનો અવતાર વૃથા જ છે.

ચારણી

ભલે ઊગ્યા ભાણ, ભાણ તુંહારાં ભામણાં;
મરણ જીવણ લગ માણ, રાખો કશ્યપરાઉત !

ભાવાર્થ : હે ભાનુ ! તમે ભલે ઊગ્યા ! તમારા વારણા લઉં છું. હે કશ્યપના પુત્ર ! જીવનથી મૃત્યુ લગી મારાં માન-આબરૂ રાખજો. મારી લાજ જાળવજો (આ રીતે ચારણો સૂર્યોપાસના કરે છે.)

કચ્છી

આંઉ ભાઈઆં તડ હિકડો, પણ તડ લખ હજાર;
જુકો જિડાં વિંઞી વેઠો, ત્યાંનૂં લંઘે વેઓ પાર.

ભાવાર્થ : ભવસાગર તરવા માટે એક જ ઘાટ છે એવી મારી માન્યતા હતી, પણ ઘાટ તો હજારો છે. ગમે તે ઘાટ પર બેસે તો પણ બેસનાર પાર ઊતરી શકે છે.

હિંદી

રહિમન મોહિ ન સુહાય, અમી પિયાવત માન બિન,
જો વિષ દેય બુલાય, પ્રેમ સહિત મરીબો ભલો.

ભાવાર્થ : આદર વિહોણા કોઈ બોલાવીને અમીપાન કરાવે તે કરતાં તો પ્રેમ સહિત બોલાવીને વિષ પીવાને આપે તો એ પ્રેમ સહિત મરવું સારું છે; પણ આદર-માન વિનાનાં અમૃતપાન મને પસંદ નથી એમ કવિ રહીમ કહે છે.

ઉર્દૂ

મુસ્લિમ કહતે હૈ, હરમમેં કુછ હય;
(ઔર) હિન્દુ કહેતે હૈં, (કે) સનમ મેં કુછ હય.
હય દોનો ગલત, અપની ગલત ફેહેમી સે;
હમ તો અયે સમજતે હૈ, (કે) હમ મેં કુછ હય.

ભાવાર્થ : મુસ્લિમભાઈઓ કહે છે કે મસ્જિદમાં કાંઈક છે અને હિન્દુભાઈઓ કહે છે કે મૂર્તિમાં કાંઈક છે; પણ ખરી રીતે બંને ભાઈઓ મોટી ભૂલનાં ચક્કરમાં પડેલા દેખાય છે. હું તો એ જ સત્ય સમજું છું કે મારા પોતામાં કાંઈક છે.

(પૃ. ૨૩૭ થી ચાલુ)

અગાઉથી યોજના ઘડો

જો તમને ઉત્તમ વિચારો રાત્રે આવતા હોય તો બીજા દિવસની પ્રવૃત્તિઓનો અગાઉથી વિચાર કરો. સવારે સારી રીતે વિચાર કરી શકતા હો તો સવારે કરો. માત્ર મગજમાં બધી વસ્તુઓનો ખીચડો ભરી નહિ નાખો, પણ જરૂરી અને બીન જરૂરી એની ચાળણી કરો અને જરૂરી તરત કરવા લાગો. દિવસ દરમ્યાન કંઈક આનંદ પડે તેવું કાર્ય તો કરવું જ. પછી તે મિત્ર સાથેનું ભોજન હો, રેડિયોનો કોઈ સારો કાર્યક્રમ હો, અથવા તો આનંદ આવે તેવું કાંઈ વાચન હો, બહુ કામમાં છો એમ કહીને જીવનને નિરાશ નહિ બનાવી નાખો.

દિવસ દરમ્યાન પણ જરૂર જણાય ત્યારે શરીરના સ્નાયુઓને શિથિલ કરો. આથી તમને ઘણો આરામ મળશે. આ ઉપરાંત દિવસ દરમ્યાન તક મળે ત્યારે આંખ મીચીને મૌન સેવો. બોલવામાં કેટલી શક્તિઓનો વ્યય થાય છે તેની ઘણાને ખબર નથી.

ઘણા માણસોના જીવનમાં એટલો કંટાળો અને થાક હોય છે કે તેઓ તે વસ્તુને જ સ્વાભાવિક માને છે. પણ ખરી વસ્તુ જીવન એક મોજથી વિતાવવા જેવું સાહસ છે. તેમાંથી આનંદ અને ઉત્સાહ ભરપૂર છૂટવા જોઈએ. તમે તમારો દિવસ કેવી રીતે ગાળો છો તેના ઉપર એનો આધાર છે.



પોલીસ-કથાને વણી લેતું રસપ્રદ પ્રકાશન

'કાજળ કોટડી' જેવા પોલીસતંત્રનું આલેખન

'સોમનાથ' : અભ્યાસયુક્ત સંશોધનપૂર્ણ માહિતી

કિતાબ અને કસોટી

સોમનાથ : લેખક : શ્રી. રત્નમણિરાવ ભીમરાવ પ્રકાશક : ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ મુખ્ય વિક્રેતાઃ ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, ગાંધી રોડ, અમદાવાદ પૃષ્ઠઃ ૨૮૨ : કિંમત ૪-૮-૦

આજે જ્યારે સોમનાથના મંદિરના જીર્ણોદ્ધારની યોજના આપણી સરકાર દ્વારા હાથ ધરાઈ ચૂકી છે, ત્યારે 'સોમનાથ'નું વાચન ઉપયોગી બને છે.

આપણી ચોગમ આજે જેમ 'જયહિંદ'નો જયઘોષ પ્રચલિત છે તેમ એક વખત આપણે ત્યાં 'જય સોમનાથ'નો ઘોષ આટલો જ પ્રચલિત હતો. આ ઘોષણાથી ગુજરાતીઓને, સૈનિકોને, સર્વને પ્રેરણા અને શૌર્યનું આહ્વાહન મળતું.

સમયને આધીન એ જ 'જય સોમનાથ'ના ઘોષનું પ્રતીક સોમનાથનું મંદિર વેરવિખેર સ્થિતિમાં થઈ ગયું. આ માટે ઐતિહાસિક દંતકથાઓ આપણે ત્યાં ખૂબ પ્રચલિત છે. કોઈ કહે છે કે મહમૂદ ગઝનવીએ સોમનાથના મંદિર પર ચઢાઈ કરી તેનું ખંડન કર્યું હતું. તેના લિંગના ટુકડા પણ આ દાનવે જ કર્યા હતા. લેખક કહે છેઃ મહમૂદે લિંગના ટુકડા સાથે લઈ ગઝનીમાં રાખ્યા હતા એ વાત સાચી નથી; પણ સોમનાથના દરવાજા મહમૂદ ગઝની લઈ ગયો હતો અને એ દરવાજા ઇ. સ. ૧૮૪૨માં જનરલ નોટે અફઘાનીસ્તાનમાંથી વિજયના ચિહ્ન તરીકે લાવી હિંદના શહેરમાં ફેરવેલા અને આગ્રાના કિલ્લામાં રાખ્યા તે આજ સુધી ત્યાં જ પડ્યા છે, પરંતુ આ આખીય બિનામાં હિંદુઓની લાગણીઓને ખુશ કરવા માટે અંગ્રેજ ગવર્નર જનરલે બનાવટી નાટક કર્યું હતું એમ કઝીન્સે પોતાના ગ્રંથ 'Somnath and other Mediaeval temples' માં પુરવાર કરી બતાવ્યું છે. આ ઉપરાંત દલીલો સાથે આગળ જણાવે છે કે જે દરવાજા અંગ્રેજ જનરલ અફઘાનીસ્તાનથી લઈ આવ્યો હતો તે સોમનાથના મંદિરના નથી.

સોમનાથના મંદિર વિષે બીજી એક માન્યતા એવી છે કે મહમૂદ ગઝનીએ આ મંદિરનું ખંડન કર્યું જ નથી. ત્યારના સમકાલીન ઇતિહાસકારોએ આ વિષે જરાય ઉલ્લેખ કર્યો નથી પરંતુ ત્યાર પછીના બસો વર્ષે મુસ્લીમ ઈતિહાસકારોએ સોમનાથની ચઢાઈનો ઉલ્લેખ કર્યો છે. આ ઉલ્લેખને ઉકેલતા એક લેખકે લખ્યું છે કે : 'સોમનાથ ખંડનનાં વર્ણનોમાં મુસલમાન ઇતિહાસકારોએ અતિશયોક્તિઓ કરી છે. જાણે અજાણે કેટલીક ભૂલો પણ કરી છે. પરંતુ ખંડનની મૂળભૂત હકીકતો તેઓએ ઉપજાવી કાઢી નથી.'

પુસ્તકના પ્રારંભમાં લેખકે સોમનાથ પ્રભાસનો પ્રાચીન ઇતિહાસ પણ રજૂ કર્યો છે. 'પ્રભાસ ખંડમાં સરસ્વતી વડવાનલ લઈ પ્રભાસ આગળ સમુદ્ર પાસે આવી તેનું વિસ્તારથી વર્ણન કરે છે. આ ઉપરાંત 'સોલંકીઓના સમયના ગુજરાતના ધાર્મિક પાટનગર સોમનાથ,' વગેરે પ્રકરણોમાં લેખકે નાની—મોટી

★ પ્ર કા શ કો ને ★

'જીવન-પ્રકાશ'માં અવલોકન માટે મોકલવાનાં આપનાં પ્રકાશનો રાણપુર નહિ મોકલતાં નીચેના સરનામે સમીક્ષકને સીધાં જ મોકલવા વિનંતિ છે : શ્રી. રજનીકાન્ત દલાલ, કૈકે ફળિયા, ભરૂચ

ઉલ્લેખનીય હકીકતોને વિગતવાર રજૂ કરી છે. ઉપલબ્ધ એટલી સર્વ દંતકથાઓ, પ્રચલિત માન્યતાઓને લેખકે આ સંગ્રહમાં સમાવવા યત્ન કર્યો છે. અને સંશોધન દ્વારા પ્રાપ્ત થયેલ અભ્યાસયુક્ત માહિતીઓનો પણ તેમણે ગ્રંથમાં ઉપયોગ કર્યો છે.

❧

કાજળ કોટડી : લેખક શ્રી. ઈશ્વર પેટલીકર, પ્રકાશક ભારતી સાહિત્ય સંઘ લિ., ફરનાન્ડીઝ બ્રીજ નીચે, ગાંધીરોડ, અમદાવાદ [પૃષ્ઠ : ૨૪૪ :: કિંમત : ૩-૮-૦]

'કાજળ કોટડી' પ્રેમકથા નથી. ફરજ પરત્વે સુભગ દૃષ્ટિ રજૂ કરતું આ એક રસપ્રદ પુસ્તક છે. પોલીસકથાને વણી લેતી એક સુંદર નવલ છે. આમેય આપણે ત્યાં સ્વ. ઝવેરચંદ મેઘાણી તથા શ્રી. પ્રેમશંકર ભટ્ટ દ્વારા પોલીસકથાઓ લખાઈ છે. 'આદમી' નામક એક ચલચિત્ર પણ પોલીસ-જીવન પર વેધક દૃષ્ટિ ફેંકી ગયું છે, છતાં પેટલીકરની આ નવલ એક ડગ આગળ ધપે છે.

વાર્તાનો નાયક ફરજ અને વ્યવહાર વચ્ચે તુમુલ રમત રમતો ચીતરાયો છે. એનામાં કંઈક કરી જવાની શક્તિ છે, જોમ છે છતાં લેખકની નવલ એ પાત્રને એક શકરાતન અર્પણ પાત્ર બતાવી શકી નથી.. રણુજિતને ભાવનામાં, કર્તવ્યમાં જેટલો ઉચ્ચ બતાવવામાં આવ્યો છે એટલો જુસ્સામાં (અલબત્ત શૈલીની દૃષ્ટિએ) નબળો આલેખાયેલ છે.

હિંદ સ્વતંત્ર થયા પછી આપણી સમક્ષ અનેક એવા પ્રશ્નો આવીને ખડા થયા છે જેનું વિવરણ કરવું અત્રે ઉચિત નથી. આપણી જ સરકાર છતાં તંત્રમાં એટલી ગેરવ્યવસ્થા વ્યાપી ગઈ છે કે એનો ઉલ્લેખ ન કરીએ એ જ ઠીક. આ દૃષ્ટિને શ્રી. પેટલીકરે આ નવલમાં સ્પષ્ટ આકાર આપવા પ્રયત્ન કર્યો છે એમાં જે આપણે સરકારને વગોવીએ છીએ તેમ તેના બચાવપક્ષે રહી લેખકે સરકારી ખાતાંના અધિકારીઓ જે ઘાંચીના બળદની માફક એક જ ચીલે ચાલ્યા કરે છે એમના પર ઠીક પ્રહાર કર્યો છે. ઉપરી અમલદારોની જ આવી સ્થિતિ હોય ત્યાં બિચારી સરકાર કરે પણ શું ? આ પ્રશ્ન વ્યાજબી છે અને આ વ્યાજબી પ્રશ્નને લેખકે આ નવલમાં સુંદર ઉઠાવ આપ્યો છે. સડેલા તંત્ર સામે રણુજિત—એક પાત્રને રજૂ કરી આપણે આપણી ભૂં પેખવાને, આપણી નિર્બળતાઓ અવલોકવાને તા આપણી કાયરતાનાં દર્શન કરવાને સફળ નિવડ્યા છીએ; આમ છતાંય નવલનો અંત સંપૂર્ણ સંદિગ્ રહ્યો છે. રણુજિત કાજળ-કોટડી જેવા પોલીસતંત્રને સુધારવાના એક માત્ર ધ્યેયથી દાદાની સલાહ લા પાંચ વર્ષ માટે પોલીસ લાઈનમાં જોડાય છે. આ એ માત્ર ધ્યેયને અનુલક્ષીને લેખકે રણજીતને અંતમ સિદ્ધિને વરતો કેમ આલેખ્યો નથી ? લેખકે નિયોજેલ અંત પરથી આપણે કોઈ પરિણામ તારવી શકત નથી. રણુજિત કાજળ કોટડી જેવા પોલીસતંત્રને દીપક બની શકયો કે નહિ એ પ્રશ્ન છેવટે પણ અહીં પ્રશ્નના રૂપમાં જ રહે છે. ડી. એસ. પી. અને રણુજિત વચ્ચેની દલીલો Arguments ખૂબ બુદ્ધિમત્ત છે.

લેખકની શૈલી તો ખૂબ સામાન્ય છે. પ્રવર્તમાન સમયની વિચારસરણી મુજબ સામ્યવાદ એક અંગ રૂપે આ નવલમાં રજૂ થયો છે, પરંતુ એના 'પર લેખકના પ્રહારો પણ ઓછા થવા પામ્યા નથી. આમ સારીય નવલ વાચનપ્રદ બની છે છતાં અંતમાં કહેવું પડશે કે શ્રી. પેટલીકરે 'કળિયુગ-૧-૨'માં જે પ્રગતિ બતાવી છે તે ખાસ 'કાજળકોટડી'માં દેખાતી નથી.

—રજનીકાન્ત દલાલ



માધો પીપ

શ્રી. ચાંપશી ગોવિંદ ઝાલા

સાગર ગાતો હતો. ને ધરતી એક ધ્યાનથી સાંભળતી હતી, સવિતાનારાયણ કૂચકદમ કરતા હતા ને વાદળાં સંતાકૂકડી રમતાં હતાં. ઝરણાંઓ વહેતાં હતાં ને ઝાડવાં ડોલતાં હતાં; કચુંબો ઘૂંટાતો હતો ને ભઠ્ઠીમાં પીવાતો હતો; ખારવાઓ-જુવાનીઆ ને વૃદ્ધો પણ પીતા હતા.

હજી તો માણસો ડાયરામાં આવ્યે જતા હતા, ત્યાં જ સૌનું ધ્યાન એક અવાજ તરફ ખેંચાયું; રોષભર્યો એ અવાજ—

"વાણોત ! પેઢીઓની પેઢી ઘસાઇ ગઈ, પણ આવો દારૂબંધીનો હુકમ-ને તે પણ આપણી જમાતમાં તો કોઇએ કાઢયો નથી. અમે ખલાસી લોકો દારૂ ન પીએ, તો શું દરિયાનું પાણી પીએ ? કરસન પટેલ ! તમે તો હજી આજકાલના જવાનીઆ છો; તમારે આ હુકમ પાછો ખેંચવો જ પડશે.' એક સામટા શબ્દો બધાના કાનને સંભળાઈ ગયા.

ઠંડા વાયુનો એક સપાટો આવી ગયો, સૌએ કંપારી અનુભવી ને વધુ કંપારી તો સૌએ ત્યારે અનુભવી જ્યારે દશહજાર માણસોની પટેલાઈ કરતા મુખ્ય વાણોત (પટેલ) આગળ એક સાધારણ માણસને આવી આકરી વાણી બોલતાં સાંભળ્યો.

કાવાની પ્યાલીઓ હોઠ સુધી આવી ગઈ હતી પણ કોઇથી ઘૂંટડો પીવાયો નહિ. વાતો હોઠ સુધી આવી ગઇ હતી પણ હોઠથી શબ્દોચ્ચાર થઇ શકયો નહિ. સૌ એકધ્યાનથી આ આવેલા માણસને સાંભળી રહ્યા.

'એલા ! આ તો માધો પીપ !' કોઇક બોલ્યું.

'હેં ? માધો પીપ ? હોય નહિ !' કોઇકે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'હા, સાચેજ માધો પીપ.' એક સામટો અવાજ આવ્યો.

હવે એવું આવી બન્યું. 'કાં તો પાંચસો રૂપિયા દંડ ને કાં તો નાત બા'ર !' બધાય આવું વિચારતા હતા-બધાય આવું માનતા હતા.

નાની સરખી મઠી હતી ને ખારવાઓનો ડાયરો હતો. વહેલી સવાર હતી ને જનસમૂહ હતો; જુવાનીઆ હતા ને વૃદ્ધો પણ હતા. પટેલ થાંભલાને અઢેલીને ગાદી ઉપર બેઠા હતા. જુવાન પટેલ ને રૂષ્ટપુષ્ટ બાંધો, ખભે કેડિયું ને માથે સફાઇદાર સાફો : સાફા વગર પટેલ શોભે નહિ—પટેલાઈ થાય નહિ. પોરબંદર ખારવા સમાજનો આ ખરે જ નૂતન ઇતિહાસ હતો. જમાનો વહી ગયો—કાળચક્રનાં કોણ જાણે કેટલાય પાખિયાં ઘસાઈ ગયાં. પણ હજી સુધી કોઇ ત્રીસ વર્ષનો જુવાનીઓ પટેલ થયો ન હતો. "છોકરાંઓથી છાશ પીવાય નહિ, ને ગલઢાં વગર ગાડાં પાછાં વળે નહિ." એવી અહીંની માન્યતા હતી. કોઇ પણ જુવાનિયું માનસ વધુ પડતું બોલવા શીખે કે તરત જ વડીલશાહીનો કોરડો વીંઝાય; દમનના નાચ-તાલ શરૂ થાય. "અરે ! આજકાલનાં છોકરા નાતુંની વાતુંમાં સમજે શું ?" કહી તેને ડામી દે. કોઈ બટકબોલો નીકળે તો તેનો દંડ થાય, નાત બહારની ધમકી અપાય. આવા અનેરા રંગે રંગાયેલા વાતાવરણમાં કરસન પટેલ-ત્રીસ વરસનો જુવાનીઓ જ્યારે મુખ્ય પટેલ થયો, ત્યારે સૌ ગલઢાઓએ માની લીધું કે આપણા સમાજનું હવે આવી બન્યું. આપણી નાત પર હવે વજ્જર પનોતી બેસી ગઈ. ને બરાબર પાંચમે દિવસે જ્યારે કોટવાળને દારૂબંધીનો સાદ ફેરવતાં સર્વેએ સાંભળ્યો ત્યારે તો માળામાં બેઠેલાં પંખીઓ બાજને જોઇને જે રીતે કંપી ઊઠે, તેવી જ રીતે સૌ કોઈ આ દારૂબંધીનો હુકમ સાંભળી કંપી ઊઠયા—ત્રાસી ઊઠયા. પણ રે, ધન્ય છે માધા પીપની જનેતાને ! જેના સુપુત્રે ભર ડાયરે ખુદ પટેલને ચોખ્ખું ને ચટ્ટ સંભળાવી દીધું !

તણખા ઝરતા માધા પીપના શબ્દો ઉપર જાણે શીતળ જળનાં છાંટણાં છંટાયાં " માધા ! તારે દારૂ પીવો જ હોય, તો તને કોણ મના કરે છે ? રૂપિયા એકાવન દંડ ભરતો જાજે, ને દારૂ પીધે રાખજે !' માધાના શબ્દોથી જરા પણ અકળાયા વગર કરસને પટેલે જવાબ આપ્યો.

ખારવા-જીવનની વાસ્તવદર્શી ને રસપ્રદ કહાણી અહીં રજૂ થાય છે

ફરી ઠંડીનું એક મોજું ફરી વળ્યું. ધૂળની ડમરીએ થોડા રજકણો, કોઇકની આંખોમાં ગોઠવી દીધાં ને તેમને આંખો ચોળતા કરી દીધા. 'પટેલ ! એ દંડ દેવવાળા બીજા ને લેવાવાળા મરી ગયા ! શું મારા અદાનાં વહાણો ચાલે છે કે રોજ રોજ હું એકાવન રૂપિયા તમને ભરતો જાઉં ? કરસન પટેલ ! દુનિયાના જવાનોએ તો દુનિયાનું બધે નખ્ખોદ વાળ્યું, પણ તમે કાં આપણી જમાતનું સત્યાનાશ વાળો છો ? ' માધાપીએ બળાપો ઠાલવ્યો–જુવાનો પ્રત્યેની સૂગ એણે વ્યક્ત કરી.

બધાય સાંભળી રહ્યા. હકડેઠઠ ગિરદી જામી હતી. પટેલ સામે પણ આવું બોલાય એવી કોઈને કલ્પના સુદ્ધાં પણ ન હતી.

કરસન પટેલને લાગ્યું કે માધો બોલવામાં છૂટ પટે રમી ગયો, એટલે તેને દમ આપતા અવાજે–પટેલાઈના રૂવાબે કહ્યું, 'માધીયા ! તારે દારૂ પીવો હોય, ને દંડ ન ભરવો હોય તો પહેલા તારી જાતથી કમાઈને પીતાં શીખી લે ! તારી બૈરી રોજ દિ' ઊગે ને બંદર ઉપર મજૂરી કરવા જાય, આખો દિવસ ગદ્ધાવૈતરું કરીને માંડ ગણ્યાગાંઠ્યા પૈસા લાવે, તે તું દારૂમાં ખપાવી નાખે; શરમ નથી આવતી, આવો મરદ જેવો મરદ થઈને બૈરીની કમાણી ઉપર તાગડધીન્ના કરે છે ! ' કરસન પટેલે ચિનગારી ચાંપી.

ને ખરે જ ભડકો થયો. સૌના સાંભળતાં એક પટેલ–આજકાલનો છોકરો પોતાને આવા શબ્દો કહે ? માધાના મગજની કમાન છટકી ને બોલાય એટલા ઊંચા સાદથી તેણે બોલવા માંડ્યું, 'પટેલ ! હું મારી બૈરીની કમાણી ખાઉં છું, કંઈ તમારી ઓરતની તો નથી

કામીનીઆ ઑઇલ

(રજીસ્ટર્ડ)

વાપરીને તમારા વાળનું

છુપાએલું સૌંદર્ય જાગ્રત કરો

અને એ રીતે તમારી ખુબસુરતીની
સારી રીતે રક્ષા કરો

માથાના વાળને માટે કામીનીઆ ઑઇલ ઉમદા ડ્રેસીંગ છે. તે માથાના કુદરતી પૌષ્ટીક રસ વધારી, વાળને દેખાવમાં ભરાવદાર અને ચળકાટ મારતા બનાવે છે. તે વાળને નિરોગી બનાવે છે અને નિરોગી હાલતમાં રાખી વાળની વૃદ્ધિ કરે છે. કામીનીઆ ઑઇલ માથાનો ખોડો દૂર કરે છે અને વાળ ખરી પડતા અટકાવે છે.

પોસ્ટેજ તરીકે દોઢ આનાનો સ્ટેમ્પ બીડી નમુનો
મફત મંગાવો

: સોલ એજન્ટ :

એંગ્લો ઇન્ડિયન ડ્રગ એન્ડ કેમીકલ કુંo,
જુમ્મા મસ્જીદ, મુંબઈ ૨

ખાતો ને ?' સા.....હરામખોર ! હું માધો પીપ ! જે દિ' પણ તને મારા આ બાવડાનો સ્વાદ ન ચખાડું તે દિ' મને ફટ કહેજે !' કહી માધો પગ પછાડતો ચાલતો થયો.

સૌએ વધુ એકવાર ધ્રુજારી અનુભવી: ખુદ-બ-ખુદ વાણોતને પણ મારો ! ને આપણે બધા લીંબુ જેવડી આંખો કાઢીને જોયા કરીએ છીએ ? ઘણાયના મનમાં આવા વિચારો ઘૂંટાતા–ઘોળાતા હતા.

'સારું થયું તમે ખુદ જાઓ છો, નકર કોટવાળને કહીને મારે તમને ધક્કો આપવો પડતે.' ચાલ્યો જતો માધો સાંભળે તેમ પટેલે કહ્યું.

'હવે તમે ધક્કો આપ્યો ને હું નીકળી ગયો, એમ જાને ! જોયા ન હોય તો મોટા ધક્કા મારવાવાળા ! તમારા જેવા કંઈક પટેલોને તો હું ખિસ્સામાં રાખીને ફરું છું.' જતાં જતાં માધો સંભળાવતો ગયો.

હવે તો બધાય લાલપીળા થઈ ગયા. માધાના વિચારોને મળતા મૂછમાં આછું આછું હસતા હતા–મરકતા હતા; પરેશની તરફેણનાને લાગ્યું કે માધાને નાતબહાર મૂકવો જ જોઈએ. પણ જ્યાં કરસન પટેલે કોઈપણ સજા કરવાની સ્પષ્ટ ના પાડી, ત્યારે તો દરેકે દરેક નવાઈ પામ્યા, ને ડાયરો ગણગણતો બબડતો ઊઠ્યો–ત્યારે ભાસ્કર ભગવાને ખૂબાખૂબ અજવાળું ધરતીના પહોળા પટ પર પાથરી દીધું હતું.

ધરતીના એ પહોળા પટ પર સારોય દિ' માધો અહીંતહીં ભટક્યો. ચૌટે ને ચકલે, શેરીએ ને ગલીએ તેણે આ નવા જનમેલા વાણોતને સ્વસ્તિ સંભળાવ્યા જ કરી.

'આપણા સમાજમાં દારૂબંધી ? લાકડું કરી નાખે એવા શિયાળામાં દરિયામાં કામ કરતો હોય તેને જ દારૂની કિંમત સમજાય. માળા કરસનિયાને ક્યાં ખારા પાણીનું એક ટીપું ય ઉલેચવાનું છે ?' આવું આવું તો કંઈક તે બકતો હતો. ઘણાય માધાના પક્ષમાં પણ હતા.

ત્યારે સંધ્યા ઢળી હતી. આરામ માટે સવિતા નારાયણ ક્ષિતિજની પેલે પાર પોઢી ગયા. જેણે કદી થાક લીધો નથી એવો અનિલ અહીંતહીં ચોતરફ રમણભમણ કરતો હતો. વાતાવરણમાંથી ઠંડીના સૂસવતાં તીર છૂટતાં હતાં. તારલિયા ટમટમતા હતા ને પશ્ચિમનો ચંદ્ર પણ આછેરું તેજ પાથરતો હતો.

ગેસ

આયુર્વેદની અમૂલ્ય ઔષધિઓમાંથી શાસ્ત્રાનુસાર પદ્ધતિથી તૈયાર કરેલ

બી. કે. ગેસ પીલ્સ

ગમે તેવો ગેસ, અજીર્ણ, અમ્લપિત્ત, મંદાગ્નિ, અનિદ્રા વગેરે દર્દો માટે અચૂક ઉપાય છે. શારીરિક અને માનસિક દર્દો માટે બહુ ઉપયોગી પુરવાર થઇ છે.

કિંમત : ડબી એકના રૂા. ૨–૦–૦

પોસ્ટેજ જુદું.

બી. કે. ફાર્માસ્યુટીકલ ઍન્ડ કેમીકલ વર્કસ, ભાવનગર

SIMPLEX

સીમ્પલેક્સ ઑઈલ ઍન્ડ પેઈન્ટ કો.

૧૦મી ખેતવાડી, મુંબઈ ૪

ત્યારે માધિયાને તેનું આખું ય માળખું તૂટી પડતું લાગ્યું. કારણ કે આજે તેણે છાંટોપાણી લીધો નહોતો. પેટ ભરીને તેણે પટેલને ગાળો આપી. કંઈક શાપ આપ્યા. કંઈક ભૂતપ્રેતની બલા બળાવી.

સૂસવતાં તીર ચાલુ હતાં. જાણે હિમ વરસ્યો હોય એવી કાતીલ ઠંડી ચમચમતી હતી. ને માધો ઘર તરફ વળ્યો. આવી ઠંડીમાં તે દારૂ ન પીએ તો લાકડું જ થઈ જાયને! માધો ઘરમાં આવ્યો. બિચારી મેના! ખરે જ એ મેના હતી. માધાએ જરૂર પૂર્વજન્મમાં પાંચ આંગળીનું પુણ્ય કર્યું હોવું જોઈએ, નકર આવી ભલી બાઈને પામે જ ક્યાંથી? મેના માધાના ઘરમાં આવી ને માધાએ કમાવાની કડાકૂટ છોડી દીધી. કારણ કે મેના નાનપણથી જ બંદર ઉપર કામે જતી, સખત મજૂરી કરતી; મરદને થકવે તેવી. ને માધાએ જોયું કે આવી સોનાની મરઘી ઘરમાં હોય, ત્યાંસુધી પેટિયાંની પંચાત કરવી ઠીક નહિ. આમ માધો આળસુ બન્યો ને મેના વધુ સખત કામ કરતી થઈ. દારૂ પીવાના પૈસા પણ મેના પાસેથી જ કઢાવતો, ન આપે તો મારતો–ગાળો ભાંડતો... [ગ]મે તેટલો દારૂ પીવાય પણ માધો લથડે નહિ, તેથી [લો]કો બધા તેને પીપ કહેતા. માધાને દારૂ સદી ગયો હતો.

ને માધાએ જોઈ મેના–ટૂંટિયું વાળીને ભાંગેલા ખાટલા પર ફાટેલી ચાદર ઓઢીને સૂતેલી. નિરાંતે ઊંદરને ગળી જતા સાપને જોઇ નોળિયાને જે ખીજ ચડે તેવી જ ખીજ માધાને ચડી–આવું દૃશ્ય જોઈને.

'મેના!' માધાએ બૂમ પાડી–ચીસ પાડી.

'હાં.....' મેના સફાળી જાગી ઊઠી.

લાલઘૂમ આંખોના ડોળા મેનાના શરીર પર ફરવા લાગ્યા.

'કામે નથી ગઈ શું?' જહાંગીરી બોલ સંભળાયો.

'ગઈ'તી; પણ ઠેસ વાગવાથી પડી ગઈ. બહુ વાગ્યું એટલે આવતી રહી.' કહી પગનો અંગૂઠો બતાવતાં મેના કહેવા લાગી' 'ને તાવ પણ ઘણો રહ્યો છે.'

દિવાલ પર એક ઢેઢગરોળી સુષુપ્ત માખીને ગળી ગઈ. માધો ક્રોધ પી ગયો. મનમાં વિચારતો રહ્યો, 'આજે ખરે જ માધિયો મરી જવાનો.'

રોજ રાતે માધો થોડા ઘણા પૈસા મેના પાસેથી 'ટસ' કરવા લઈ જતો. મેના ઘણી કચવાતી, પણ થાય શું? નહિ મા કે નહિ બાપ. ભૂંડો ભૂખરો તોય માધો તેનો સાથી હતો. એ પણ તેને તરછોડે તો અફાટ દુનિયામાં તેનું કોણ? ગામમાં ઘર નહિ ને સીમમાં ખેતર નહિ એવી નધણિયાતી થાય ને! આમ પરાણે પ્રીત કરીને પણ મેના સઘળું સહે જતી હતી–નભાવ્યે જતી હતી.

માધો વિચારતો જ રહ્યો. અવાજ દબાવી તેણે ચણો ચાંપી જોયો, 'મેના! એકાદ રૂપિયો આપની! જોને કેવી ઠંડી પડે છે?'

'આજે પૈસા ક્યાંથી લાવું?' નરમ ઘેંસ જેવા અવાજે મેના બોલી.

અગ્નિમાં ઘી હોમાય ને જે ભડકો થાય, તેવો જ ભડકો આ જવાબ સાંભળી થયો.

'મરી જા, મરી જા તું! ત્યારે આજે પીવું શું? ઘાસલેટ?' માધો બરાડી ઊઠ્યો.

કાકલુદીભરી વાણી ફરી એકવાર સંભળાઈ, 'આજનો દિ' ન પીઓ તો?'



જ્યોતિષમાં આપને રસ છે?

'જીવન-પ્રકાશ'માં દર અંકે સચોટ ભવિષ્ય-દર્શન આપવામાં આવે છે. આજે જ આ લોકપ્રિય માસિકના ગ્રાહક થવા લખો:

જીવન-પ્રકાશ, રાણપુર
[કાઠિ. B. S. Ry]

આ પાંડિત્ય ભરેલા વાક્યથી માધાનું સાવ ખસી ગયું ને પાસે જ પડેલા લોખંડના તાળાને ફેરવી ફેરવી તેણે ઘા કર્યો.

'વોયં માડી !' એક કરુણ ચીસ સરી પડી. મેનાના કપાળમાંથી ધગધગતું લોહી વહેવા લાગ્યું.

ઓસરીમાં ઘંટી નીચે બિલાડીએ ઉંદરની ગરદન પકડી હતી ને ઊંદર મરણિયા અવાજે ચું...ચાં... ખોલ્યે જતો હતો. મેના સિસકારા પાડતી જ રહી.

ચાલ્યા જતા માધાને મેનાએ રડતા અવાજે કહ્યું, 'બાજુમાંથી લેપન (માલીશ) માટે જરા ટીપું દારૂનું હોય તો લાવી આપોને ! શરીર તો જુવો ! તાવથી ધગે છે...ને ઉપરથી આવો ઘા...! વો...ય...મા !' મેના ઢળી પડી.

માધાએ જરાય પરવા કર્યા વગર જવાબ આપી દીધો, 'આ ઠંડીમાં તારો બાપ દારૂ લેવા જવાનો હતો ? ન જોઈ હોય તો મોટી સાહ્યબજાદી !' ધુંવા-ફુંવાં થતો માધો ઘરની બહાર નીકળી ગયો. એ વખતે મામસરનું માવઠું વરસી રહ્યું હતું ને ગઝબનાક ઠંડી આળોટતી હતી. તારલા ટમટમતા હતા ને અંધારાના ઓઘ પૃથ્વી પર પછડાટી લેતા હતા.

તેવામાં માધાને કાંઈક યાદ આવ્યું; ને તેના શરીરમાં ચેતનનો સંચાર થયો. ઊંચે આકાશ સામે હાથ જોડી વીજળી વેગે તેણે ભીમા માલમના ઘર તરફ પગ ઉપાડયા...

અહીં એક રસમ હતી, જુગજૂનો રિવાજ હતો કે જ્યારે વહાણ હાંકવાનું હોય, ત્યારે બધા ખલાસીઓ ટંડેલના ઘરે ભેળા થાય, દારૂની પ્યાલીઓ પીવાય. ઢીંચાય એટલો પરાણે પણ ઢીંચવો પડે. નાસ્તામાં ભજીયાં ને ગાંઠીયા. બટક બટક નાસ્તો ખવાય ને ઘટક-ઘટક દારૂ પીવાય. ત્યારે પગાર થાય. સૌ ખલાસીને કાવડિયાં મળે ને મધરાતે લથડતા-લથડતા ઘેર પહોંચે. વહેલી સવારે વહાણે જવા માટે કોટવાળ પાંચમો ખૂમો પાડે ત્યારે બગડતા ફફડતા બધા ઊઠે, વહાણ પર પહોંચી જાય; સઢ છૂટે, હંજો હંકારાય ને પછી જો વહાણ ભાગે !...શું ચાલે !...

તેથી જ તો ભલેને દારુબંધીના વટહુકમો અધર ટીંગાતા હોય, પણ દારૂની મહેફિલ વગર થોડાં જ વહાણો ચાલવાનાં ?

ને માધો આ મહેફિલમાં આવી પહોંચ્યો. 'એ...રામ રામ છે ભાઈઓને !' તેણે પ્રવેશોદ્‌ગાર કાઢ્યો.

'એ રા...મ...સ...ત્ ! આવ માધા, આવ !' નાગડાની જમાતમાં બેઠેલા સર્વેએ પોતાના જેવા જ નાગડા બાવાનો સત્કાર કર્યો. પંગતમાં માધો ગોઠવાઈ ગયો. પછી જુવો રંગ જામ્યો છે ને ! 'મારા સમ, તને આઈ રૂઠે; તને મેલડી ભરખે; જો આટલો ન પી તો !' એમ અરસ-પરસ સર્વેએ પીધે-પીવડાવ્યે રાખ્યું. ભજિયાં ને ગાંઠિયાની જયાફત પણ ઊડવા લાગી. સર્વેએ પીવાય એટલો પીધો, ભાન ભુલાય ત્યાંસુધી પીધે જ રાખ્યો.

ને બાટલા ખાલી થયા. નાસ્તો થોડોઘણો પડી રહ્યો. બધાને લાગ્યું કે નાસ્તો પડી રહે એ ઠીક નહિ, જો જરાક વધુ દારૂ હોય, કોઈ લાવી આપે તો રંગ રહી જાય. પણ આવી મધરાતે કોણ લાવે ? ને કોણ આપે ?

શુદ્ધ, સ્વાદિષ્ટ અને શ્રેષ્ઠ
મીઠાઈઓ તેમજ હલવાઓ
માટે
મુંબઈનું માનીતું મીઠાઈઘર
મોહનલાલ એસ. મીઠાઈવાલા
હેડ ઑફીસ જવેરી બજાર મુંબઈ:૨. ટે. નં. ૨૧૦૭૮
શાખાઓ ભુલેશ્વર, મુંબઈ:૨. ટે. નં. ૨૧૯૫૫
ચર્ની રોડ, મુંબઈ:૭. ટે. નં. ૭૩૯૩૧

"જીવન-પ્રકાશ"
આપના બીઝનેસની સુંદર જાહેરાત માટે આ લોકપ્રિય માસિક એક અસરકારક સાધન છે. બધા સમજુ જાહેરાત આપનારાઓ આ માસિકને પ્રથમ પસંદગી આપે છે. આપની જાહેરાત માટે આજે જ લખો :
'જીવન-પ્રકાશ', રાણપુર, [કાઠિ.]

સૌની નજર માધાપીપ પર પડી. સૌએ એને 'હોળીનું નાળિયેર' બનાવવાનો વિચાર કર્યો.

'માધિયા!' ભીમો માલમ થોથરાતી જીભે બોલ્યો.' 'નાસ્તો પડી રહ્યો, થોડો ઘણો લાવ તો ટેસ પડે.'

'હે વલ્લા! નાખવા! એ કામ મારું.' માધો ખલાસીની ભાષા બોલી ગયો.

પોતાની માંદી સ્ત્રી માટે દવા લાવતાં માધાને મોત આવતું હતું. પણ આ રંગ અધૂરો રહે એ ઠીક નહિ, એવું સમજનાર માધો જ્યારે સર્વત્ર ભયંકર સ્મશાનવત્ શાંતિ પથરાઈ ગઇ હતી, સૌ કોઇ નિદ્રાદેવીની મીઠી સોડમાં લપાઈ ગયાં હતાં, ત્યારે પણ 'ક્યાંક' ગયો ને થોડી જ વારમાં ચાર બાટલા હાજર કર્યા. ત્યારે સર્વેએ માધાપીપની 'જય' બોલાવી. આવેલા શરાબને બાકીના નાસ્તા સાથે ઇન્સાફ આપી દીધો.

ટાવરે બેના ડંકા વગાડયા, ત્યારે સૌ કોઈ ઊઠયા. શરાબમાં ચકચુર બનેલા સૌ ઠોકરો ખાતા-ગબડતા-અફળાતા ઘેર પહોંચી ગયા. માધો પણ ઘેર ગયો.

તારલિયાને કાંઈક કહેવું હતું, પણ ચુપ હતા: ભસતાં શ્વાન કાંઇક કહેતાં હતાં, પણ તેનું કોઈ સાંભળતું નો'તું.

હળવેક રહીને માધાએ હડસેલો માર્યો ને ઘરનું બારણું ઉઘડી ગયું. 'અરે, દીવાબત્તીનું પણ કાંઇ ઠેકાણું નથી? આ તે ઘર કે મસાણ!' સ્વગત્ માધો બબડયો.

આગળ વધવા તેણે બહુ ફાંફાં માર્યાં. એક ડગલું ચાલ્યો ને માથું ટીચાયું. ભફાંગ કરતો તે નીચે પછડાઈ પડયો. શેરીનું એક કૂતરું લાંબે રાગે રડી ઊઠયું. તેમાં સુર પુરાવવા આજુબાજુનાં બધાં ય કૂતરાં એક બીજાને રડતા દેખી લાંબે રાગે રડવા લાગ્યા. શાંત વાતાવરણમાં શ્વાનારોળ મચી રહી.

'મેના, તારું નખ્ખોદ...' ગૃહલક્ષ્મીને ગાળો ભાંડતો તે ઊભો થયો. તેના કપાળમાંથી લોહી વહેતું હતું.

ટીચાતો-કુટાતો આખરે તે મેનાના ખાટલા પાસે પહોંચ્યો. મેનાને ફંફોળતા માધાના હાથ લોહીવાળા થયા.

'મેના!' માધાએ લોહી ખરડાયલા હાથથી મેનાનો હાથ પકડી તેને ઢંઢોળી.

—જવાબ ન મળ્યો.

'અરે! સાંભળે છે કે?' માધાના હાથે મેનાના સમસ્ત શરીરને ધ્રુજારો આપ્યો.

જાણે કોઇ છે નહિ. તેમ કોઇએ જવાબ આપ્યો જ નહિ.

ને માધો ચમકયો. "મેના! મેના!" તેણે એક સામટી ચીસો પાડવા માંડી. મેનાના શરીર પર માધાના હાથ ઝડપથી ફરી વળ્યા. માધિયાએ દીવાસળી સળગાવી.

ઓહ! લોહીનું ખાબોચિયું......ટાઢીબોળ મેના!

માધાના ડોળા ફાટી ગયા. તેનો નશો ઊતરી ગયો. ને એક ભયાનક ચીસ પાડી.

રાત ભાંગતી હતી. મેના ભાંગી પડી હતી ને માધાનું હૈયું પણ ભાંગી પડયું હતું: શેરીનાં શ્વાનો લાંબે રાગે રડી રહ્યાં હતાં ને માધો પણ રડી રહ્યો હતો; ત્યારે છાપરા પર ઘુવડ અઘોર વાણીમાં બોલતું હતું, મુ...ઓ......ઓ... મુ......ઓ......ઓ......

કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત તથા
હિંદના બીજા ભાગોમાં

પ્રખ્યાતી પામેલી

હરણ છાપ તથા નં. ૭૦૫
* દાર્જીલીંગ સ્પેશિયલ *
—: બીડી માટે :—
અને
ટીંબરૂનાં મુલાયમ પાન માટે
-: લખો :-
વ્રજલાલ મણીલાલ એન્ડ કું.
ગોંદીઆ [સી. પી.]

સાહિત્ય અને સંસ્કૃતિ

ન્હાનાલાલનાં કેટલાંક કાવ્યો

—શ્રી. રમણલાલ જે. જોષી
બી. એ. (ઓનર્સ)

પ્રિય ભાઇ,

તમારો પત્ર મળ્યો. કવિશ્રી ન્હાનાલાલ વિષે તમોએ ઘણા વિચારપ્રેરક પ્રશ્નો પૂછ્યા છે. એ બધાનો પ્રત્યુત્તર વાળવો હાલ તો મારા માટે મુશ્કેલ છે. અત્યારે તો એમના એક પુસ્તક–'કેટલાંક કાવ્યો' ભા. ૩'નો પરિચય કરાવીશ. એમાંથી તમારા પ્રશ્નોનો પ્રત્યુત્તર મળી જાય તો મને અચૂક આનંદ થાય, પણ હું તો એ વિષે સાશંક છું એટલું નિખાલસતાથી કબૂલ કરી લઉં.

સૌ પહેલાં એ હકીકત નોંધપાત્ર છે કે કોઇ પણ સર્જકના–પછી ભલેને તે મહાન સર્જક હોય–બધાં સર્જનો સરખી રીતે ઉત્કૃષ્ટ હોતાં નથી. એમાં કેટલાંક ઉત્તમ, કેટલાંક મધ્યમ કોટિનાં તો કેટલાંક સાવ સામાન્ય પણું હોય. આપણા ઘરની જ વાત કરીએ તો રમેશ, કિશોર ને વીણાને આપણે એક જ કોટિમાં મૂકીશું કે? માનસ-અપત્યોનું પણ એમજ સમજવાનું છે. આપણા આજના પુસ્તકની વાત કરીએ તો કેટલાંક કાવ્યો ભા. ૨ના જેવું મોહક સૌન્દર્ય કે ભાગ ૧ જેવું આંખે ઊડીને વળગે એવું તેજ આમાં નથી. અહીં તો અનુભવાય છે સુગંધાનિલની મંદ મંદ લહરી.

પ્રથમ 'સંસ્કૃતિનું પુષ્પ' જોઇએ. પોતાના લગ્નજીવનને લગતાં કેટલાંક મનોહર કાવ્યો કવિએ લખ્યાં છે. 'કુલયોગિની' 'આપણી લગ્નતિથિ' 'પ્રાણેશ્વરી' વગેરે અતીવ સુંદર છે. 'સંસ્કૃતિનું પુષ્પ' શ્રી. સુંદરમ્ કહે છે તેમ, એમાં પત્નીનું વ્યક્તિત્વ ગૌણ બની જાય છે અને વ્યક્તિ આર્યજીવનની એક મહાન ભાવનાનું પ્રતીક બને છે. એકતાલીસમી લગ્નતિથિનું આ કાવ્ય એકતાલીસ શ્લોકમાં લખાયું છે. કવિ પત્નીને અર્ધ્ય આપે છે, એના ઉદાત્ત ગુણોનું સ્મરણ કરે છે, પસાર થએલા લગ્નકાળ તરફ દૃષ્ટિ નાખે છે. ત્યાં બધું રૂપાળું રૂપાળું નથી. જનમાં કે વનમાં કંઈ બારે માસ વસંત નથી! કવિના જીવનમાં પણ એવી તડકી–છાંયડીની પળો આવી છે:

રાત્રિ વિનાના દિન કો ન દીઠા
વસન્ત કો યે નથી ગ્રીષ્મસૂની
પ્રકાશ સર્વે ય જ છાંયવાળો
શીળા–ઉન્હા ત્યમ દિન આપણા યે.

છતાં ય ધરિત્રી સમી બર્યાં બર્યાં હૃદયવાળી ગૃહિણી હૈયાનાં પીયૂષ પાય છે ને જીવનને રસબસ કરી દે છે. એવી સુપત્ની કે જેના 'રસના ઝરા આછકલા નથી' પણ 'પ્રસન્નચિત્ત પ્રૌઢાના ઉરનાં પૂર' છે એવી 'મીઠા જળની મ્હાલતી સરિતા'નાં પ્રસન્નપુણ્ય સલિલમાં અવગાહન કરી કવિએ સંતોષ જ નહિ પણ પ્રેરણાય મેળવી છે. કાવ્યમાં ને જાહેરમાં પણ કવિએ એનો એકરાર કર્યો છે. જુઓ કવિ ચિત્ર દોરી આપે છે:

મેઘલધારી, ઝીણું ઝીણું હસન્તી
લજ્જાવર્ણી, ચીર ઢોળે લસન્તી
મીઠા બોલી, ડોલતી અંગઅંગે
સુન્દરી જાણે સંચરે શું વસન્તે. વળી...
બરી બરી વાદળી કેરી છાંય કો
પૃથ્વી ભરીને પથરાય, એમ જો!
વાત્સલ્યશીળી તુજ ઉર–છાંયડી
સ્નેહી સગાં કુળ હૂં પરે સદા પડી.

કવિએ એમ પણ કહી દીધું છે કે 'પોતાના કાંટા કો'ને વાગ્યા હશે. પણ એની માલતીવેલ કોઇને ખૂંચી નથી'–કેવી નિખાલસતા!...પણ સ્વભાવની આવી ઉદાત્તતા કંઈ પુસ્તક કે કેળવણીને આભારી નથી. એ તો આજન્મ સંસ્કારપ્રાપ્ત છે–'સંસ્કૃતિના સુદામ' તો એણે ઝીલ્યા છે: આ રીતે કાવ્ય વ્યક્તિગત હોવા છતાં આર્યજીવનની ભાવનાનું પ્રતીક બને છે. આ જ

એની વિશિષ્ટતા છે. આ મહાન ભાવનાનો દ્યોતક એવો ચોવીસમો શ્લોક સુંદર છે:

મીઠાં મીઠાં મેઘ શાં છત્ર છાતી
ઘેરા ઘેરા સામનાં સૂકત ગાતી
ઈતિહાસોને અનુપ સુહવે જેની દામ્પત્યગાથ
આર્યોની એ સનાતન અમરવતી સંસ્કૃતિનું શું પુષ્પ.

આવા સુંદર કાવ્યમાં પણ કવિએ એમની પોતાની રીત પ્રમાણે કેટલીક છંદની છૂટ લીધી છે. ત્રીજા શ્લોક ને આઠમા શ્લોકની ભૂલ તો છંદનું અલ્પજ્ઞાન ધરાવતો વાચક પણ કળી જાય એવી છે !...પણ જવા દો એ વાત. પ્રાસાનુપ્રાસાદિ બાહ્ય અલંકારો, ઉપમાદિ આંતર અલંકારો, કલ્પના, પ્રકૃતિ ને માનવભાવનું સુભગ સામંજસ્ય ને સર્વોત્કૃષ્ટ તો કાવ્યની નાયિકા–પત્ની–ને વ્યક્તિતામાંથી આરોહિત કરીને આર્યજીવનની મંગલ ભાવનાના પ્રતીક સમી બનાવવામાં કવિએ સારી સિદ્ધિ દાખવી છે.

કવિશ્રીની પ્રિય ભાવનાઓમાં સુભગ દામ્પત્યભાવના અગ્રસ્થાને છે. એમના સમગ્ર સર્જનની આ કેન્દ્રવર્તી ભાવના–સ્નેહલગ્ન ને લગ્નસ્નેહનો આદર્શ–એમને પ્રિયતર છે. આ સંગ્રહનાં બે કાવ્યો–સંસ્કૃતિનું પુષ્પ અને પારેવડાં–માં આ ભાવનાનું આલેખન થએલું છે. પહેલું આપણે જોઈ ગયાં. 'પારેવડાં' જોઈએ. કાવ્યનું વસ્તુ એવું છે કે કબૂતર અને કબૂતરી એક મહાદેવના આરાની નાજુકડી છત્રીમાં રહેતાં હોય છે. બન્નેને પોતાનું જગત સાંકડું લાગે છે. એક દિવસ આકાશવાણી સાંભળે છે–દૂર દૂરના દેશમાં જાય છે. ત્યાં પોતાના ઉદાત્ત સ્વભાવથી એ આખા વાતાવરણને અજબ રંગે રંગે છે. વ્યક્તિ એ જ જાણે કે વાતાવરણ બની જાય છે. એમનાં સ્વભાવ વર્તણૂકથી આજુબાજુનાં સૌ પ્રાણીઓને તે પોતાનાં કરી દે છે. એમનાં મિત્ર પોપટ–મેના એકવાર એમનાં મહેમાન આવે છે. આતિથ્ય–અર્ધ્યથી એમને વધાવે છે. એમની વિદાયથી કબૂતર–કબૂતરી શોકાતુર થાય છે. ટૂંકમાં, આદર્શ દમ્પતીને ઉચિત એવું જ અભિજાત્ય આ 'પ્રભુનાં પારેવડાં'ની પ્રત્યેક ક્રિયામાં જાણે કે મૂર્તિમંત થયું દીસે છે ! કવિની પ્રિયતર દામ્પત્યભાવના માનવમર્યાદિત નથી. એ પ્રાણી જગતમાં પણ જોવામાં આવે છે. આ રીતે

૫૫ વર્ષો થયાં દુનિયાભરમાં મશહુર
જુવાનીનો સાચો આનંદ આપનાર
અનંગપ્રભા ચાકુતી
આ ચાકુતી સ્વપ્નદોષ, શીઘ્રપતન, તથા શિથિલતા દૂર કરી ધાતુ પુષ્ટ કરે છે તેમજ ગમે તે કારણથી આવેલી કમજોરી, નામર્દાઇ વિગેરે નાબુદ કરી, નસેનસમાં જુવાનીનું જોમ ઉત્પન્ન કરી સ્થંભનશક્તિ વધારી પરિણીત જીવનનો અનુપમ આનંદ આપે છે. કીં. શીશીના રૂ. ૧૦)
અનંગ પ્રભા તેલ
આ ચમત્કારિક તિલ્લો લગાડવાથી ઈંદ્રિયની નસો તથા સ્નાયુ મજબુત થઇ ખરી મર્દાઇ પ્રાપ્ત થઇ સ્થંભનશક્તિ વધે છે. કીં. શીશીના રૂ. ૧૫)
મુંબઈ બ્રાન્ચ:— કાલબાદેવી, રામવાડી } મદનમંજરી ફાર્મસી જામનગર (કાઠિયાવાડ)
રાજકોટ:– દિનેશ મેડીકલ સ્ટોર્સ, લાખાજીરાજ રોડ

હંમેશા વાપરવા લાયક
અરવિંદ બોકે પરફ્યુમ
● માગો ●
વધુ ને વધુ વપરાશ એ તેની લોકપ્રિયતાની સાબીતી આપે છે. માટે અરવિંદ અગરબત્તી વાપરવાનો આગ્રહ રાખો.
: બનાવનાર :
ગાંધી પ્રભુદાસ અમીચંદ
પોસ્ટ બોક્સ નં. ૩૦ ભાવનગર.

કાવ્ય અનોખું લાગે છે. કાવ્યના રસના આલંબન તરીકે પ્રાણી જગતમાંથી નાયક-નાયિકા લેવાથી એક જાતની મનોરમ પ્રાણી-સૃષ્ટિનું-પરિવારનું જે દર્શન આપણને થાય છે એ સાચે જ આહ્લાદક છે. કેટલાક સ્નેહ-બોલ હૈયે ને હોઠે વસાવવા જેવા છે ૧ સ્નેહીઓ મૃત્યુથી પર છે, અવનીમાંના અમરો છે. ૨ સ્નેહ એ સંસારરણની શીતળતા છે...વગેરે.

બાકીનાં બે કાવ્યોમાં તત્ત્વજ્ઞાન પ્રધાનસ્થાને છે. 'મ્હારો મોર'માં એમ છે કે એક સુંદરીનો પ્રિયતમ મોર મૃત્યુ પામે છે. સુંદરી વ્યથિત મને એક યોગી પાસે આવે છે અને મોરને સજીવન કરવાની પ્રાર્થના કરે છે. યોગી પોતાની અશક્તિ જાહેર કરે છે કે તે 'હોલાતાં ચેતન ચેતાવવામાં હંમેશા સફળ નથી.' સુંદરીને પોતે ઉપદેશ આપે છે. તે ઉપદેશની એના પર અસર થાય છે. સુંદરીને સ્વાસ્થ્ય-શાંતિ લાધે છે. એ શાંતિના સૂચક રૂપે કવિ એના મોઢામાં ગીત મૂકે છે કાવ્ય પુરું થાય છે. ગીતની દૃષ્ટિએ આ સંગ્રહ વાચકને ઘણે અંશે નિરાશ જ કરે છે. પ્રસ્તુત કાવ્યનું ગીત 'ઝોલે મ્હડયું મ્હારૂં હૈયાનું હોડલું' વાચકના હૃદયને ઝોલે મ્હડાવતું નથી! એવું જ 'પારેવડા'માં કબુતરી પોપટને વધામણાં પાઠવે છે ત્યારનું ગીત 'હેલે હેલે, વાદળનાં વિહંગ.' પણ એટલું બધું સારું નથી. ગીતો તો 'બીજા' ભાગનાં જ. 'કેટલાંક કાવ્યો'નો બીજો ભાગ ગીતની દૃષ્ટિએ માતબર છે ને ઉત્તમ પણ છે. હાં, થોડીક આડવાત થઈ. આ કાવ્ય, વસ્તુની દૃષ્ટિએ નરસિંહરાવના 'કિસાગોતમી'ને મળતું આવે છે. પણ નિરુપણ રીતિ બન્નેની વિશિષ્ટ છે. આ કાવ્યમાં અહિંસાનું મહિમાગાન થએલું છે. પણ, વિસ્તાર-ભયે અવતરણો નથી આપતો. કાવ્યની બે ઉપમાઓ તો સાચે જ મનોહર છે:

'સાગરતીર સાડીમાંથી
મોતીની છડિ સરિખો
ચાચનનો હાથ રમણીએ લંબાવ્યો.'

અને, યોગીની 'શામળી મુખમુદ્રાનો મહિમાયે
ભવ્ય વર્ચસ્વી વિરાટ વર્ણો વિરાજતો;
જાણે આકાશને વદને ઊઘડતું પ્રભાત.'

આપણી સંસ્કૃતિમાં અધ્યાત્મને ઉચ્ચસ્થાને સ્થાપેલું છે. માણસ જ્યારે જાગ્રત થાય, પોતાના જીવન-ધ્યેય પ્રતિ અભિમુખ થાય; સાંકડું, સ્વાર્થી જગત એને રુચે નહીં અને કો નવા પ્રદેશને ઝંખી રહે,—અજ્ઞાનમાંથી જ્ઞાનમાં આરોહિત થયા પછીની સંસ્થિતિ એ જાણે માણસનો બીજો જ જન્મ છે. એ દ્વિ-જ થાય છે. બ્રહ્મજન્મમાં આ ભાવનાનું આલેખન થયું છે. કાવ્યનું વસ્તુ સ્વલ્પ છે. કુમાર અને બ્રહ્મ-જન્મદાત્રી બ્રહ્મકુમારી એ બે જ પાત્રો તરીકે આવે છે. તમિસ્રામાંથી પ્રકાશના આરોહણની-પ્રગતિની આખી રેખા સારી રીતે આલેખાયેલી છે. બ્રહ્મકુમારીનું વર્ણન પણ સુંદર છે. ઠેર ઠેર અર્થાંતરન્યાસી General facts પણ સુયોગ્ય રીતે આવે છે.

આ કાવ્યસંગ્રહ કવિની શક્તિ કરતાં મર્યાદાઓનો સવિશેષ સૂચક છે. છતાં એકંદરે 'સંસ્કૃતિનું પુષ્પ' જેવું અતીવ સુંદર કાવ્ય અન્ય આકાંક્ષાઓનો ખંગ વાળી દે છે. એમાં તથા 'પારેવડાં'માં નિરૂપિત થયેલી સૌભાગ્યમંગલા દામ્પત્યભાવના આપણને પ્રહર્ષિત કરી મૂકે છે !......'જગતની જોગણોને' એ અર્પણ-કાવ્ય અને પ્રસ્તાવના વિષે હું મૌન સેવું છું. પત્ર ઠીક ઠીક લાંબો થઈ ગયો છે એટલે ફરી કોઈવાર લખીશ.

ડોલનશૈલી વિષે મેં જાણી જોઈને જ કશું લખ્યું નથી. આપણા સાહિત્ય જગતમાં એણે ઠીક ઠીક ઉહ ને અપોહ જગવ્યાં છે. એ બધા મતોની સમીક્ષા-વિચારણા બે ત્રણ જુદા પત્રો લેશે. અત્યારે એમ કહી શકાય કે ગઈ સાહિત્ય પરિષદ વખતે પ્રો. વિ. ર. ત્રિવેદીએ એને 'પદ્યકલ્પ' નામાભિધાન આપવું જોઈએ એવું પોતાના વ્યાખ્યાનમાં કહ્યું હતું એ ખરે જ વિચારણીય છે.

તમોએ એકવાર પૂછેલું કે આપણા સાહિત્યનો મોટામાં મોટો કવિ કોણ ? એ વેળા મેં એ વાત જ ઉડાવેલી. મહાકવિની વ્યાખ્યા ગમે તે હો, દલપત-નર્મદથી શરૂ થઈ અત્યાર સુધીના કવિઓમાં ન્હાનાલાલ મહાકવિ છે, એમ ન્હાનાલાલ-ભક્તિમાં તણાયા સિવાય નિખાલસ રીતે હકીકત લેખે પણ હરકોઈ સાહિત્યપ્રેમીને લાગ્યા સિવાય રહે એમ નથી. ફેર એટલો કે કોઈ નિરહંભાવે જાહેરમાં એનો સ્વીકાર કરે. કોઈ એનો જાહેરમાં સ્વીકાર કરતાં અચકાય. અને એવી ચેષ્ટાઓ આપણે ત્યાં થઈ પણ છે. પણ હવે બસ...કુશળ હશો.

એમ એમ. ખંભાતવાળા

આકાશેઠ કુવાની પોળ, અમદાવાદ

ચાહ બનાવો એટલી
સહેલાઇથી
પુરેપૂરી ખાત્રીવાળું
તદ્દન ચોખ્ખું, મધુર
ખુશબોવાળું અને સસ્તુ

★ હેર ઓઈલ ★

— બની શકે છે —
ફક્ત દસ મિનિટમાં
'ખંભાતવાળાની
પડી'થી

★ આંબળાં, બ્રાહ્મી કે મેંદીનું તેલ તૈયાર થાય છે ★

● જાણીતા ગાંધી અને સરૈયાને ત્યાં વેચાય છે ●

મુંબઇના સ્ટોકીસ્ટ : જૈન મોદીખાના સ્ટોર્સ, ભુલેશ્વર, શાક માર્કેટ સામે,

પરાછાપ બ્રાહ્મી

સો....એ....સો
ટકાની
ખાત્રીવાળું

● શાસ્ત્રોક્ત રીતે ખાસ ભઠ્ઠીથી બનાવ્યું છે ●

એટલે ખરી પડતા વાળને અટકાવી કાળા, સુંવાળા,

ભરાઉ અને ગુચ્છાદાર બનાવે છે

તેમ જ

મગજની નબળાઇ, માથાનો દુખાવો, વેગ વગેરે અનેક દર્દોમાં ફાયદો આપે છે

જાણીતા ગાંધી, સરૈયા અને દવાવાળાને ત્યાં વેચાય છે

મુંબઇના સ્ટોકીસ્ટ : જૈન મોદીખાના સ્ટોર્સ, ભુલેશ્વર, શાકમારકેટ સામે

—જથ્થાબંધ માટે લખો—

એમ. એમ. ખંભાતવાળા, આકા શેઠની પોળ, **અમદાવાદ**

સમાજની ભીતરમાં

શ્રી. વિષ્ણુકુમાર પંડ્યા

(ગતાંકથી ચાલુ)

: ૮ :

સુશીલાને સપડાવવા માટે બિછાવેલી જાળ અને તેમાંથી તેણે મેળવેલી મુક્તિની આખી વાત જ્યારે વિજયે અને તેના મિત્ર મિ. શર્માએ સુશીલાના સ્વમુખેથી સાંભળી ત્યારે તે બંનેએ તેની હિંમત અને બુદ્ધિની મુક્તકંઠે પ્રશંસા કરી. આ આખો કમનસીબ પ્રસંગ રૂપેરી પડદા પર રજૂ થતી કપોલ કલ્પિત ઘટનાની યાદ તાજી કરાવે તેવો હતો પરંતુ તે કંઇ કાલ્પનિક ન હતો. તે તો હતી એક નક્કર સાચી હકીકત. અને તેથી જ તેની બહુ સચોટ અસર થવા પામી હતી. વિજયે પહેલી જ વાર સુશીલાને નવા સ્વરૂપે ઓળખી. સામાન્ય રીતે નિર્બળ અને નિસહાય લેખાતી અબળા વિષે સમાજમાં જે માન્યતા પ્રવર્તે છે તેનાથી વિરૂદ્ધ જ વર્તન કરી બતાવનાર સુશીલાને વિજયે સૌંદર્યમૂર્તિ તરીકે પણ નિહાળી. આમે વીરત્વનું તો હંમેશા પૂજન થતું જ આવ્યું છે. માણસ જાણે અજાણે વીરપૂજા કરવાને પ્રેરાય જ છે. અત્યાર સુધી સુશીલાને જે દૃષ્ટિથી વિજય જોતો હતો તેમાં હવે ફરક પડી ગયો હતો. હવે તે માનતો થઇ ગયો હતો કે શાંત અને સૌમ્ય દેખાતી સુશીલા જરૂર પડયે કઠોર અને કડક બની શકે છે; હસાગરી અને કામણગારી એ સુશીલ મુર્તિ વખત આવ્યે કાળરૂપ ધારણ કરી શકે છે. પોચા હૈયાવાળી એ પ્રેમાળ પત્ની પ્રસંગ પડયે પાષાણ સમી પણ બની શકે છે. ટૂંકામાં પ્રેમરસથી તરબોળ કરી દેતી એ રમણી અણીની પળે જીવસટોસટનો જંગ પણ ખેલી શકે છે. સુશીલા સામાન્ય સ્ત્રી નથી એ સત્ય વિજયને હવે સમજાઇ ગયું હતું. તે પોતાના પડતા બોલ ઝીલી લેતી તેમાં પોતાના વ્યક્તિત્વના પ્રભાવ કરતાં તેના આદર્શ સ્ત્રી-ધર્મનું પાલન સમાએલું હતું તે હવે તેને સ્પષ્ટ સમજાઇ ગયું હતું.

સુશીલાના સાહસની વિજય પર જેટલી અસર થઇ હતી તેના કરતાં તો તેના મિત્ર મિ. શર્મા પર વધારે થવા પામી હતી. સુશીલાના સૌંદર્ય પાછળ તે પાગલ તો બન્યો હતો પરંતુ આ પ્રસંગ બની ગયા પછી તેને સાપે છછુંદર ગળ્યા જેવું થયું હતું. એક બાજુ સુશીલાના રંભાસમા સ્વરૂપે તેને લટ્ટુ બનાવી દીધો હતો અને બીજી બાજુ એ મેળવવામાં આગ સાથે ખેલવાનો ભય તેને ડરાવતો હતો. તે જાણતો હતો કે સુશીલા સોસાયટીની બીજી છોકરીઓ જેવી ન હતી. તેને મેળવવી આકાશ-કુસુમવત્ છે. છતાં માનવીનો ઈચ્છાદોર તેના માનસ પતંગને ઊંચે દૂર ને દૂર આકાશમાં લઇ જઇ તારા પકડી પાડવાનું બીડું ઝડપે તે રીતે મિ. શર્માએ પોતાની ઇચ્છાની લગામને છૂટી મૂકી હતી. આકાશમાંથી પટકાઇને નીચે પછડાવું પડે અને બેજાન બનાય તો ભલે પણ એ ચમકતા તારાને ચૂંટી લાવ્યા સિવાય તે પોતે જંપશે નહિ-જંપી શકશે નહિ-જીવી શકશે નહિ એમ તેને લાગતું હતું. તે જેમ જેમ સુશીલા વિષે વધારે વિચાર કરતો જતો હતો તેમ તેમ તેને મેળવવાની તેની ઇચ્છા વધારે પ્રબળ બનતી જતી હતી. કાદવમાં ખૂંચાએલો માનવી બહાર નીકળવા જેમ પ્રયાસ કરે તેમ અંદર વધારે ને વધારે ખૂંપતો જાય તેવી તેની સ્થિતિ થઈ પડી હતી. તે સુશીલાની લાવણ્યભરી અને લચકદાર નાજુક દેહલતામાં દરરોજ શુકલ પક્ષના ચંદ્રની વૃદ્ધિ જોયા કરતો હતો તેમ તેની તૃષા અને તલપ પણ વધતી જતી હતી. વિજયને ત્યાં તે લગભગ દરરોજ આવતો જતો હતો અને ત્યાં સુશીલાને હરતી ફરતી જોઈ, કામવાસનાના તીરથી વીંધાએલું તેનું દિલ વધારે વેદના અનુભવતું. નજીકનું નજીક છતાં દૂરનું દૂર......પાસે જ શીતળ જળ છતાં તૃષા છિપાવી ન શકાય! મિ. શર્માની સ્થિતિ હવામાં બાચકાં ભરતા માણસ જેવી થઇ પડી હતી.

સુશીલા દેવી છૂટકારો મેળવી સહીસલામત ઘેર પાછી ફરી શકી તે માટે આનંદ અને અભિનંદનની લાગણી વ્યક્ત કરતી વખતે મિ. શર્માના મનમાં કંઈ કંઈ વિચારો ઊઠયા હતા. તે વખતે વિજય પણ હાજર હતો. પરંતુ પાછળથી તેની ઓફિસમાંથી ટેલીફોનદ્વારા સંદેશો આવતાં. 'હું જરા ઓફિસમાં જઈ આવું. પણ શર્મા! આજે ખાણું અહીં લેવાનું છે. હો' એમ કહીને તે ઓફિસે જવા

પેશાબમાં તથા સ્વપ્નામાં જતી 'ધાતુ' અટકાવવા માટે અને પરિણીત જીવનનું સાચું રતિસુખ તથા યુવાવસ્થાનો આનંદ મેળવવા તેમજ અતિ વિષયવાસનાથી આવેલ નપુંસકપણું મટાડવા માટે શિયાળો, ઉનાળો અને ચોમાસું ત્રણે ઋતુમાં એક સરખો ફાયદો આપનાર યુનાની અને આયુર્વેદનાં પુસ્તકોનું સંશોધન કરી ઘણા મોટા ખર્ચે ને પ્રયાસે બનાવેલી ત્રણ અમૂલ્ય દવાઓનો ત્રિપુટી-સંગ્રહ:

અજમાવો **રતિ કામકિલ્લોલ** સીલ્વર

(૧) કામકિલ્લોલ ગુટીકા :-

પેશાબ તથા સ્વપ્નમાં જતી 'ધાતુ'ને અટકાવી 'ધાતુ'નું પાતળાપણું મટાડી ધાતુને ઘટ્ટ કરી 'વીર્ય'ને વધારી સંસાર-સુખનો અપૂર્વ આનંદ આપે છે તેમજ પગની કળતર, વાંસાની ફાટ, કમ્મરનો દુઃખાવો, આંખે અંધારાં આવવાં વિગેરે દરદોને મટાડી શરીરને પહેલવાન બનાવે છે. કિંમત ગોળી ૪૦) ચાલીસની બાટલીના રૂપીઆ અઢી વી. પી. પોસ્ટેજ જુદું.

(૨) કામકિલ્લોલ યાકુતિ નં. ૧ (યાને કામિની મદભંજન ગુટીકા)

વિવાહીત જીવનનું ખરું રતિસુખ માણવું હોય, **જોબનના** ખરા રંગ જોવા હોય અને **જુવાનીની** ખરી મોજ માણવી હોય તેમજ **સમાગમ** સમયે અત્યંત કામાવેશમાં આવેલ જોબનવંતી કામિનીના મદને હરાવવા અને **રતિક્રીડામાં વીર્યની** અપૂર્વ **ફુવારા** કરી તનમનાટભર્યું **રતિસુખ** ભોગવવા માટે કામકિલ્લોલ યાકુતી અદ્ભુત ઉપાય છે. કીં. ગોળી ૧૨)ની બાટલી ૧ ના રૂપીઆ ત્રણ. વી. પી. પોસ્ટેજ જુદું.

(૩) કામકિલ્લોલ તીલા :-

હસ્તદોષની ભયંકર કુટેવને લીધે ગુપ્તભાગ કમજોર પડી જવાને લીધે તેમજ જુવાનીમાં અતિ વિષય-વાસનાને લીધે આવેલ **નપુંસકપણું** મટાડવા માટે અકસીર છે. આ તેલનું માલીસ શરૂ કર્યું કે તુરત જ **ગુપ્તભાગની** નસોમાં વીજળીક પ્રવાહ ચાલુ થઈ **ગુપ્તભાગ મજબુત** બનાવે છે. કીં. બાટલી એકના રૂપીયા અઢી વી. પી. પોસ્ટેજ જુદું.

ત્રણે દવાઓનો **કામકિલ્લોલ સેટ** એક સાથે મંગાવનારને વી. પી. ખર્ચ માફ કરી રૂપીઆ આઠમાં મોકલવામાં આવશે. પરદેશ માટે ત્રણ દવાના સેટની કિંમત શીલીંગ ૧૫ અગાઉથી પોસ્ટલ ઓર્ડરથી મોકલવાથી ફ્રી ડીલીવરીથી મોકલવામાં આવશે.

વૈદ્ય નવનીધરાય હરજીવનદાસ મહેતા

કાઠિયાવાડી બાલામૃત સોગઠી ડીપો; આંબા ચોક—**ભાવનગર.**

ઉપડી ગયો હતો. આથી મિ. શર્માને એકાંત મળી ગયું હતું. પોતાની સામે બે હાથના અંતરે જ સોફા પર સુશીલા બેઠી હતી. પરંતુ તે વખતે પોતાનું મોં [illegible]વાઈ ગયું હતું. આ પહેલાં પોતાની ઇચ્છા વ્યક્ત [illegible]વા માટે તેણે અનેકવાર દૃઢ નિશ્ચય કર્યો તો પરંતુ સુશીલાની હાજરીમાં તે નિશ્ચયને [illegible]જી સુધી વાચા આપી શકયો ન હતો. મનમાં [illegible]મી રહેલા શબ્દો ઠેઠ હોઠ સુધી આવી ત્યાં જ [illegible]ટકી જતા હતા. સોસાયટીની બીજી સહે[illegible]ણી અને શોખીન યુવતીઓ સમક્ષ ગમે તેવી [illegible]ટથી વર્તવાને ટેવાએલું તેનું માનસ સુશીલાનાં [illegible]નિધ્યમાં આપોઆપ સંયમના બંધનથી બંધાઈ [illegible]યું હતું. આજે પણ તેની તેવી જ સ્થિતિ થઈ પડી હતી.

બગલાની પાંખ જેવી શ્વેત સાદી સાડીમાં સજ્જ ધએલી સુશીલાના ગૌરવર્ણા શરીરમાંથી પ્રકટી રહેલી પવિત્રતાના પ્રભાવ આગળ તેના ઊંચામાં ઊંચી જાતના અદ્યતન અને આકર્ષક પોશાક તથા બહુ જ કાળજીથી કરેલી ટાપટીપ જાણે ઝાંખાં પડી જતાં હોય એમ તેને જણાતું હતું. અને તેમાંએ સુશીલાનું પેલું તાજું જ સાહસ યાદ આવતું કે તરત જ તેની રહી સહી હિંમત પણ પડી ભાંગતી. તો પણ તેણે પોતાનો દાવ ખેલી જોવા પાસો ફેંક્યો.

'તમે કેટલાં સુંદર દેખાઓ છો ?'

જવાબમાં સુશીલાના સુંદર મુખ પર સહેજ સ્મિત પ્રકટયું. આંખો જમીન પર જ સ્થિર થઈ હતી. તેમાં લજ્જા ભરી હતી.

આથી મિ. શર્મા વધુ વીંધાયો. સુશીલાના એ આંખના પલકારા જેટલા અલ્પાયુષી સ્મિતે તેની વૃત્તિઓને વધારે ચંચળ બનાવી મૂકી.

'આમ ચૂપ કેમ છો ? શું વિચાર કરી રહ્યાં છો ?' સુશીલાના શબ્દો–પછી ભલે મીઠા કે કડવા પણ તે સાંભળવા તેનું દિલ તલસી રહ્યું હતું.

'કંઈ નહિ, પણ મને અહીંનું વાતાવરણ ભયંકર લાગે છે.' સુશિલાના આ શબ્દોમાં જેટલી વ્યગ્રતા હતી તેટલી જ વેધકતા પણ હતી.

'કેમ...શા માટે ? શું પેલો પ્રસંગ હજી યાદ આવે છે ?'

'ના,ના, એવા પ્રસંગોને તો હું પહોંચી વળી શકું તેમ છું. પણ......' સુશીલાએ હવે પોતાની આંખો ઊંચી કરી હતી. અને તે સીધી મિ. શર્મા પર જ મંડાઈ હતી. તેની વિશાળ સુંદર તેજસ્વી આંખોની સ્થિરતા અને શબ્દોની સચોટતા ઝીલી ન શકવાથી અત્યાર સુધી સુશીલા સામે માંડી રાખેલી પોતાની આંખોને મિ. શર્માએ એકદમ નીચે ઢાળી દીધી. અને સુશીલાના 'પણ.....'થી અટકી ગયેલા વાક્યને આગળ પૂરું સાંભળવા સહસા કાન ધર્યા.

'કેમ અચાનક અટકી ગયાં ?' સુશીલાને મૌન બેઠેલી જોઈ મિ. શર્માએ પૂછ્યું.

'તમે જાણો જ છો.' સુશીલાએ ફરીથી મિ. શર્મા ભણી એક વેધક દૃષ્ટિ ફેંકી. સામાના હૈયાની વાતને આબાદ રીતે પકડી પાડી હોય એવા વિજયના ગૌરવથી તેણે પોતાની ડોક ટટાર કરી અને પછી તે ઊભી થઈ ગઈ.

મિ. શર્મા મુંઝાઈ ગયો હતો. સુશીલા એને ચમત્કારી સ્ત્રી જણાઈ. તે કંઈ જવાબ આપે તે પહેલાં 'તમે અહીં બેસો. હું તમારા માટે ચ્હા બનાવી લાવું' એમ બોલી જ્યારે સુશીલા ત્યાંથી સરકી ગઈ ત્યારે મિ. શર્મા બાઘા જેવો બની ગયો હતો.

'એક આંખથી હસાવતી અને બીજી આંખથી ડારતી આ રમણીમાં શું જાદુ ભર્યું છે ! તેના વિચારો કળવા મુશ્કેલ છે' તેનાથી બોલાઈ જવાયું.

પોતાના અપહરણની બની ગએલી ઘટના પછી સુશીલા હવે વધારે શંકાશીલ બની ગઈ હતી. અને તેથી પણ વધારે તો તે સાવધ બની હતી. જો કે પોતાના અપહરણના પ્રસંગને તેણે એક વ્યવસ્થિત કાવતરા તરીકે જ લેખ્યો હતો અને વિજય તથા મિ. શર્મા બંને આ બનાવની તપાસ ચલાવી રહ્યા હતા પરંતુ હજી સુધી તેની પાછળ રહેલા ભેજા તથા ભેદને તેઓ પકડી શકયા ન હતા. પરંતુ આ પ્રસંગે સુશિલાની આંખોના પડળને દૂર કરી દીધાં હતાં, અને તેથી જ તે મિ. શર્માને શંકાની નજરથી નિહાળતી હતી. અને સાથે સાથે તે પૂરતી સાવધ પણ રહેતી હતી. મિ. શર્માની સોબત પોતાને માટે સ્ફોટક જેવી ઘાતક છે તે પોતે સારી પેઠે જાણતી હતી. પરંતુ તેની અમુક ઉપયોગિતા તેને બહિષ્કૃત કરતાં અટકાવતી હતી. અને તેથી જ તેની કાણીએ તે મધ ચોટાડી

આપતી હતી. તે જુએ ખરો પણ જીભ પર મૂકી ન શકે. આ બધી રમતથી તેનું મન ઘણીવાર ખોલી ઊઠતું: 'આ પણ એક સ્ત્રી ચરિત્ર જ કહેવાય ને!' પણ તે સિવાય તેને માટે બીજો માર્ગ ન હતો. પ્રતિકૂળ પરિસ્થિતિના પ્રવાહમાં પોતાની જાતને ખેંચાઈ જવા દેવામાં તો વિનાશ નિશ્ચિત હતો જ. પરંતુ તે તો એ પ્રવાહને ખાળવા માગતી હતી અને તેથી જ આવી પરિસ્થિતિમાં આવશ્યક ગણાતા ગુણો–ધૈર્ય, સહિષ્ણુતા, સાવધાની અને સમયસૂચકતા, તે પોતે આચરણમાં મૂકી રહી હતી.

તેને ઘણીવાર વિચાર આવતો કે પોતાના સ્થાને કોઈ બીજી સ્ત્રી હોય તો તે આ પ્રમાણે ન વર્તે. અત્યારે તે પોતે સગર્ભા હતી. આરામ અને આનંદની ખાસ જરૂર હતી. ઉચ્ચ વિચારો અને નિર્મળ વાતાવરણ પણ તેટલાં જ જરૂરી હતાં. અને તેથી કોઈક વાર મનમાં થઇ આવતું: 'આજે તો એમને કહી દઉં કે મને ઘેર મોકલી દો.' પણ છેવટે તે વિજયને છોડવા ખુશી ન હતી.

જો કે વિજયના વિલાસી અને વ્યસની જીવનને તે હજી નાથી શકી ન હતી છતાં પોતાની હાજરીથી તેનું જીવન કંઈક અંશે કાબૂમાં રહેતું હતું તે એક હકીકત હતી. પણ જો તે અહીંથી થોડા મહિના માટે પોતાના પિતૃગૃહે કે શ્વસુરગૃહે ચાલી જાય તો તો વિજયનું જીવન પ્રથમની પેઠે સ્વચ્છંદી અને નિરંકુશ બની જાય અને પરિણામે તેને સુધારણાના પંથે દોરી જવાના પોતાના અત્યાર સુધીના યત્કિંચિત્ પ્રયાસો પર પાણી જ ફરી વળે. અને તેથી તે વતન તરફ જવાના વિચારને દાબી દેતી હતી. પતિથી દૂર રહી પડે સુખ માણવા કરતાં તેના સાનિધ્યમાં રહી તેના સુખ માટે જાતે દુઃખ વેઠી લેવાનું તે વધારે પસંદ કરતી હતી.

વિજયે તો ઘણીવાર કહ્યું હતું: 'તો તું થોડો વખત ઘેર જઈ આવને. તને આવા શરીરે ત્યાં સારું ચેન પડશે.'

પણ સુશીલાનો તો એક જ જવાબ હતો: 'મારા શરીરને ચેન પાડીને શું કરવું છે? તમારું સુખ એ જ મારું સુખ. જ્યાં તમે ત્યાં હું.'

આ જવાબમાં સુશીલાનો આદર્શ પતિપ્રેમ રણકતો હતો. તે સાંભળી ન શકે તેવો વિજય બહેરો ન હતો. સામાના સુખ ખાતર ઝંખતા રહેવામાં પોતાનું સુખ આપોઆપ નિશ્ચિત થઈ જાય છે એટલું જ નહિ પરંતુ ઘણી વખત કદી ન કલ્પેલી સિદ્ધિ પણ અચાનક પ્રાપ્ત થઈ જાય છે. આ સત્યને સુશીલાએ પોતાના હૃદયમાં ઉતારી દીધું હતું અને તેથી જ સામાન્ય રીતે સ્ત્રીમાં દેખાતી અવળચંડાઇ કે અવળવાણીને બદલે તે તો ગમે તેવું પાષાણ હૈયું ધરાવતા પતિના હૃદયને પણ પીગળાવી દે તેવું આત્મસમર્પણભર્યું જીવન જીવી રહી હતી. અને તેને શ્રદ્ધા હતી કે વિજય જેવા પતિને સાચા પંથ પર પાછો વાળવા માટે આ જ ઉપાય સફળ નીવડી શકશે.

સુશીલાની અનિચ્છા છતાં વિજય અને મિ. શર્મા પેલા ષડયંત્રના યોજકનો પત્તો મેળવવા પ્રયાસો કરી રહ્યા હતા. ગમે તેવા ભૂગર્ભ અને ભયંકર કાવાદાવામાં પોતાના કરતાં મિ. શર્મા વધારે કુટિલ અને કુનેહબાજ છે તે વિજય જાણતો હતો. એક વખતની પોતાની પ્રેયસી ફ્રેનીની બીજા કોઈ યુવાન સાથેની છૂપી પ્રેમ ચાલને મિ. શર્માએ જ છતી કરી નાખી હતી. આ બનાવ હજી તેના મગજમાં તાજો જ રહ્યો હતો, તે જ પ્રમાણે સુશીલાના અપહરણના કાવતરાની સાંકળના બધા અંકોડા મિ. શર્મા જ મેળવી શકશે એવી વિજયને ખાતરી હતી. અને તેથી જ તેણે તેને કહ્યું હતું:

'જોજે દોસ્ત! તારું નામ જાય નહિ હોં'

ત્યારે પોતાની તલવારકટ મૂંછને વળ દેતાં મિ. શર્માએ જવાબ વાળ્યો હતો: 'અરે યાર! આકાશ પાતાળ એક કરીશ પણ એ કાવતરાખોરની ગરદન પકડી તારી સમક્ષ હાજર કરીશ, કરીશ ને કરીશ. ત્યારે જ જંપીશ.'

મિ. શર્મા આ તપાસકાર્યને અતિ ઉત્સાહથી હાથ ધરી રહ્યો હતો. તેમ કરીને તે વિજયના હૃદયમાં મિત્ર તરીકેના પોતાના સ્થાનને વજ્રલેપ સમું બનાવી રહ્યો હતો. અને તે દ્વારા સુશીલાને મેળવવાના હવાઈ કિલ્લા બાંધી રહ્યો હતો.

[અપૂર્ણ]

ચાલુ સીઝનમાં શક્તિનો સાચો સંગ્રહ કરવા માટે ● કાર્માફિલોલિસેટ ● અજમાવો
વૈદ્ય નવનીધરાય હરજીવનદાસ મહેતા, ભાવનગર

પ્રાથમિક કેળવણી એ ઉચ્ચ કેળવણીનો પાયો છે એ ન ભૂલશો. ડગમગતા પાયા પર ઊંચી અને મજબૂત ઇમારતો બાંધી શકાશે નહિ.

કેળવણી ખાતાનો અમલદાર હોય કે મુલકી ખાતાનો અમલદાર હોય! શિક્ષકો વહેલા આવ્યા કે મોડા આવ્યા, શિક્ષકો ટટાર બેઠા કે મેજ ઉપર હાથ ટેકવીને બેઠા, શિક્ષકો નકશાનો ઉપયોગ પૂરો કરે છે કે કેમ, કાળા પાટિયાને ધોળું બનાવી શકે છે કે નહિ, તેમણે પોતાની પાઠનોંધ કે પ્રયોગ-નોંધ રાખી છે કે કેમ વગેરે વગેરે અનેક ગૂંચવણ-ભરેલા એવા એવા પ્રશ્નો દ્વારા શિક્ષકની પરીક્ષા લેવામાં આવે છે કે જેવી પરીક્ષા કોલેજના પ્રોફેસરની લેવામાં આવે તો તે પણ જરૂર નાપાસ થાય. બહુ નવાઈ જેવું લાગશે છતાં એ સત્ય છે કે પ્રાથમિક કેળવણીના શિક્ષકોને શિક્ષણની લાયકાત આપવા માટે બબ્બે વર્ષ અને ત્રણ ત્રણ વર્ષના વિશિષ્ટ અભ્યાસો કરાવવામાં આવે છે. જ્યારે ઉચ્ચ કેળવણીની વિદ્યાપીઠોમાં શિક્ષણ આપનાર પ્રોફેસર સીધો જ યુનિવર્સિટીની પરીક્ષાઓ આપી શિક્ષકને સ્થાને બિરાજી જાય છે. પ્રોફેસરોની નિયમિતતા, તેમની શિક્ષણ શક્તિ, તેમનાં ચારિત્ર્ય અને તેમના સંસ્કાર સંબંધી વાત જેટલી ઓછી કરીએ એટલું વધારે સારું. વધારેમાં વધારે પગાર લઈ ઓછામાં ઓછું કામ આપતો અને ઓછામાં ઓછું પરિણામ-જવાબદારી માથે લેતો કોઈ પણ વર્ગ હોય તો તે કોલેજનો પ્રોફેસર વર્ગ છે. એ મેં આજ નહિ પણ ઘણીયે વાર કહ્યું છે, અને પ્રોફેસર તથા પ્રાથમિક શિક્ષકના પગારની સરખામણી કોઈએ કરી જોઇ છે ખરી?

શિક્ષકોનું જીવન-ધોરણ

દુનિયાના પ્રગતિશીલ દેશોની માફક હિંદુસ્તાનને પણ એક આર્થિક રોગ લાગુ પડયો છે; જીવન-ધોરણ ઉચ્ચ કરો અને એને માટે તમારાથી માગી શકાય એટલો વધારે તમારા કામનો બદલો માગો! સેવાભાવના વડે મેળવેલા સ્વરાજ્યમાં આ મન્ત્રનો જાપ ચાલ્યા જ કરે છે. ભારતની સામાન્યતા અને ભારતનાં ઉચ્ચ શિખરો વચ્ચે કેટલો આર્થિક ભેદ રહેલો છે એનો ભાગ્યે જ કોઈ વિચાર કરે છે. વ્યાપારીઓ અને ઉદ્યોગપતિઓને લાખો અને કરોડો મેળવવાનો હક્ક હોય જ. વિલાયત કે અમેરિકા જઈ કહેવાતી ઉચ્ચ કેળવણી લઈ આવનાર હિંદવાસી જીવન-ધોરણ ઉચ્ચ હોવાથી અને એની અલ[...] ડીગ્રીનો લાભ આપણા ગરીબ દેશવાસીને આપવા[...] હોવાથી એને તો ભરપટ્ટે પગાર આપવો જ જોઈએ[...] યાંત્રિક અને તાંત્રિક શિક્ષણ વગર દેશનું દારિ[...] ફીટવાનું નહીં; એટલે એવું શિક્ષણ પામે[...] સહુ કોઈ વધારે પગાર માગે જ. અમલદા[...] વગર એકેય વહીવટ-ચક્ર ચાલે જ નહીં એ[...] એમને સંતુષ્ટ રાખવા જ જોઈએ. ન્યાયાધીશ[...] ન્યાયને તોલનાર ન્યાયના અધિષ્ઠાતાઓને તો એટ[...] પગાર આપવો જોઈએ કે જે તેમને પ્રલોભનથી [...] રાખે! પ્રલોભનથી પર રાખે એટલું વેતન માગના[...] આપનાર અને તેની તરફેણ કરનારને એક જ સ[...] સંભળાવવાની મને ઈચ્છા થાય છે. ન્યાયાધીશ[...] અપાતો પગાર કોઈપણ ગુન્હેગારને આપવામાં આવ[...] તે દિવસે એ ગુન્હેગાર જરૂર મટી જશે!

પ્રાથમિક શિક્ષકને રખે વિસરતા

માગે એટલા ભારે પગારો આપવા છતાં દુનિયાનું ભારતનું કેટલું દાળદર ફીટયું એની તપાસ કર[...] પહેલા વર્ગમાં અને વિમાનોમાં ફરતા મહા બુ[...] શાળીઓ જે પોતાની બુદ્ધિને સોનાચાંદીના માપે તોલતા હોય છે, તેમનાં કમીશનો નીમવાની જરૂર ન[...] જગતની સામાન્યતાને પુછો કે મહા આર્થિક સ[...] પામતી બુદ્ધિએ સામાન્ય જીવનને કેટલું ઊંચે ચ[...]ડ્યું! જવાબ આપણી નજર સામે છે.

આમ દેશની સામાન્યતાને શોભે એમ સેવા કર[...] કોઈ તૈયાર નથી. ગાંધીદીધા સ્વરાજમાં સહુ બુ[...] શક્તિ અને કામનો બદલો માગે છે અને તે બદ[...] દેશના અર્ધ ફેફસાને બોજે એમ છે કે નહીં તે વિચાર કરવાની એ માગનારાઓને ગરજ પણ ન[...] માગનાર અને મેળવનાર સહુને હજાર, બે હજ[...] ત્રણ હજાર, ચાર હજાર અને પાંચ પાંચ હજા[...] માસિક દરમાયો પણ સોંઘો જ પ્રકાર લાગે છે. અ[...]

પરંતુ એ ખેંચ ખેંચીમાં પ્રાથમિક કેળવણી અ[...] એ કેળવણી આપનાર શિક્ષકને રખે કોઇ વિસરી જા[...] ન્યાયાધીશને પોતાની કિમ્મત મેળવવી છે, અમલદા[...] પોતાની કિમ્મત મેળવવી છે, વકીલ, ડોક્ટર અને [...]

તંત્રી અને પ્રકાશક : મોહનલાલ ધનેશ્વર દવે, પ્રકાશનસ્થાન : જીવન-પ્રકાશ કાર્યાલય, રાણપુર (કાઠિ.)
મુદ્રક : નાથાલાલ મ. શાહ. મુદ્રણસ્થાન : સ્વાધીન મુદ્રણાલય, રાણપુર (B. S. R.)

રામજી ને ભામજી, નાથો ને પેથો જે આવે તે શિક્ષકની પરીક્ષા લેવા મંડી જાય છે! કેળવણીનો કક્કોય જાણતા ન હોય એવાને હાથે શિક્ષકોનાં અપમાન બંધ કરો.

નીશિયન પોતાને સોનેરૂપે તોલવા માગે છે, અરે સ્વરાજ્યની લડતમાં અપાયલા સાચા ખોટા ભોગની કિમ્મત માગવામાં આવે છે અને આપવામાં આવે છે. એ દુનિયામાં પ્રાથમિક શિક્ષણ આપતા શિક્ષોને પણ પોતાનું જીવનધોરણ ઉચ્ચ કરવાની આકાંક્ષા રહે એમાં કોઈએ નવાઈ કેમ પામવી જોઈએ એ હું સમજી શકતો નથી. જીવનધોરણના ઉચ્ચીકરણમાં બે ટંકનો પૌષ્ટિક ખોરાક, ચોખ્ખાં કપડાં, એક નાનકડું ઘર, બાળકોની કેળવણી માટેની આર્થિક સગવડ અને આર્થિક ચિંતામુક્ત વાર્ધક્ય એટલું આવતું હોય તો પ્રાથમિક કેળવણીનું નિયમન કરનાર સત્તા કે સંસ્થાએ જોવું જોઈએ કે પ્રાથમિક શિક્ષકોને આટલી પણ આર્થિક સગવડ મળે છે કે કેમ? પ્રાથમિક કેળવણી આપનાર શિક્ષકને બેસવા માટે કાર જોઈતી નથી, એનાં સંતાનોને વિલાયત, અમેરીકા મોકલી તેમની મોટાઈનો વીમો ઉતરાવવો નથી. પહેલાં વર્ગમાં કે વિમાનમાં તેમને મુસાફરી કરવી નથી, મહાબળેશ્વર, મસુરી કે ઉટીસીમલાની હવા ખાવી નથી. બાગબગીચાવાળાં બંગલાઓમાં રહેવું નથી. રેડિયો–સીનેમાનો આનંદ મેળવવો નથી, માંદગી વખતે નર્સિંગ હોમમાં રહેવું નથી. એને એ બધાનું મન નહીં થતું હોય એમ કહેવું એ આજની દુનિયાને ન ઓળખવા સરખું છે. છતાં એ પોતાનું મન મારી શકે છે. પરંતુ એને માત્ર ગુજરાન ચલાવવા જેટલું પણ મળવું જોઈએ કે નહીં એ પ્રશ્ન પ્રાથમિક કેળવણીના હિતેચ્છુઓએ વિચારવા સરખો છે.

શિક્ષકનું સ્થાન અને પ્રતિષ્ઠા

પ્રાથમિક શિક્ષકને પટાવાળાનો પગાર આપીશું તો એની કેળવણી પણ પટાવાળાઓને જ ઉપજાવશે. શિક્ષકની પ્રતિષ્ઠા રસોઈયાની આંકીશું તો આપણાં બાળકો પણ રેઢિયાળ રસોઈયા જ બની રહેશે. શિક્ષકની જરૂરિયાત–અત્યંત પ્રાથમિક જરૂરિયાત–પોષાય એટલી આર્થિક સગવડ આપીશું તો આપણાં બાળકો સંતોષી નાગરિક બનશે. શિક્ષકની પ્રતિષ્ઠા સાચવીશું તો આપણાં બાલકો જાતની અને દેશની પ્રતિષ્ઠા સાચવે એવાં સ્વમાની દેશસેવક બની રહેશે. શિક્ષકને ગુરુસ્થાને સ્થાપીશું તો આપણાં બાળકો જગત–ગુરુત્વ પ્રાપ્ત કરશે. જેવો પ્રાથમિક શિક્ષક તેવી જ ભાવિ પ્રજા; એ સત્ય જેટલું વહેલું સમજાય એમ વધારે સારું. આજનાં કલંકિત કાળાં બજાર, આજના દંભ અને ધમંડ, સેવાને ઓઠે આજ ગોઠવાતી સ્વાર્થબાજી, અને ગાંધીજીના નામને નષ્ટ કરતો સત્તાશોખ ભાવિ ઈતિહાસને પાને ફરી ન લખાય એમ કરવું હોય તો પ્રાથમિક શિક્ષકની જરૂરત પહેલી સાચવો, એને સાચા ગુરુસ્થાને બેસાડો અને એની પ્રતિષ્ઠાને આખા સમાજની પ્રતિષ્ઠા તરીકે સ્વીકારો. નવી પ્રજા આપણા કરતાં વધારે સારી સર્જાય એમ આપણે સૌ કોઈ ઈચ્છીએ. પણ એ ત્યારે જ બનશે કે જ્યારે આપણે પણ શિક્ષકને ધક્કા ખાવા સર્જાયેલું પ્રાણી નહીં માનતાં એમને નમન યોગ્ય ગુરુનું પદ આપીશું ત્યારે.

આર્થિક અસમાનતાનો મહારોગ

સમાજ–વ્યવસ્થામાં આછી પાતળી આર્થિક ઊંચાઈ કે નીચાઈ ચલાવી લેવા જેટલી માનવજાત ઉદાર છે, પરંતુ જે વ્યવસ્થા એક માનવીને મહેલ બંધાવી આપે અને બીજાને ઝૂંપડી પણ બાંધવા ન દે એ વ્યવસ્થા અવ્યવસ્થા છે, ભયંકર આર્થિક અણઆવડત છે, અસંતોષના જ્વાળામુખીને જીવંત રાખતી જામગ્રી છે. ઊંચા ગર્વિષ્ઠ અર્થમિનારાઓએ કાં તો ઝૂંપડીની સપાટીએ આવવું પડશે અગર ઝૂંપડીઓને એક–બે માળ આપી ઊંચી લેવી પડશે. નહીં તો ઝૂંપડીમાં લાગેલો અગ્નિ–મિનારાઓને પણ ભસ્મ કરી નાખશે, આજની દુનિયાનો મહારોગ આર્થિક અસમાનતાને નામે

આજનાં કલંકિત કાળાં બજાર, આજના દંભ અને ધમંડ, સેવાને ઓથે ગોઠવાતી સ્વાર્થબાજી અને ગાંધીજીના નામને નષ્ટ કરતો સત્તાશોખ–ભાવિ ઇતિહાસને પાને આ બધું ફરી ન લખાય એમ કરવું હોય તો પ્રાથમિક શિક્ષકની જરૂરિયાત પહેલી સાચવો. એને સાચા ગુરુસ્થાને બેસાડો. એની પ્રતિષ્ઠાને આખા સમાજની પ્રતિષ્ઠા તરીકે સ્વીકારો...

પ્રાથમિક શિક્ષકને પટાવાળાનો પગાર આપશું તો એની કેળવણી પણ પટાવાળાઓને જ ઉપજાવશે. શિક્ષકોની પ્રતિષ્ઠા રસોઇઆની આંકીશું તો આપણાં બાળકો પણ રેઢિયાળ રસોઇઆ જ બની રહેશે.

આપણે ઓળખી શકીએ. પ્રાથમિક શિક્ષકોને પોતાના અર્થથી સંતોષ સેવવાનો, પોતાના કાર્યને સેવાભાવ તરીકે ગણવાનો, ગરીબીમાં રહેલી મહત્તાનો બોધ કરતી વખતે આપણે વિચારવું જોઇએ કે શિક્ષકો કરતાં બીજાં સામાજિક ઘટકો એ બોધની વધારે પાત્રતા ધરાવે છે.

શિક્ષકોને વિનાત

શિક્ષક સિવાયની દુનિયાને શિક્ષકની તરફેણમાં આટલું સંભળાવતી વખતે હું શિક્ષકોને પણ કેટલીક વાત સંભળાવી લઉં.

બાલક અને કિશોર અવસ્થા એ આખા યૌવનનો અને વાર્ધક્યનો પાયો છે. એ અવસ્થાને ઘડતી કેળવણી આપવાનું કાર્ય બીજા કોઈપણ રચનાત્મક કાર્ય જેટલું જ મહત્ત્વનું છે. બાલમાનસ ઘડવું એ અત્યંત ગંભીર, નાજુક, જીવનપર્યંત અને તેથી યે આગળ સુધીની અસરો ઉપજાવનારું, અત્યંત કૌશલ્ય માગતું કાર્ય છે. શિક્ષકો એની ગંભીરતા, એની પવિત્રતા અને એનાં જોખમ સમજી વિચારીને એ ધંધામાં પ્રવેશ કરે! બીજા કોઇપણ કાર્યમાં હળવા હૃદયનો પ્રવેશ ચાલી શકે. પ્રાથમિક શિક્ષણમાં હળવી વૃત્તિ રાખે જરા ય ચાલે એમ નથી. રાષ્ટ્રઘડતરનું આદ્ય રચનાત્મક કાર્ય તે બાલ કેળવણી-પ્રાથમિક કેળવણી. રાષ્ટ્ર ઘડતરનું એક પરમ મહત્ત્વનું કાર્ય પ્રાથમિક શિક્ષકોને સોંપાયું છે એ વાત તેઓ કદી ન ભૂલે.

ઈસવી સનની સાતમી આઠમી સદી સુધી પરદેશી મુસાફરોએ ભારતવાસીઓને પ્રમાણપત્રો આપ્યાં છે કે ભારતની પ્રજા એટલે સત્યવાદી પ્રજા, આતિથ્ય-સત્કારમાં પ્રવીણ પ્રજા, ધર્મનિષ્ઠ પ્રજા. જેમાં ચોરી, લૂંટ અને જૂઠ બિલકુલ નહીં. આજ પરદેશીઓ આપણને જૂઠા કહે તો આપણો પુણ્યપ્રકોપ સળગી ઊઠે એ સ્વાભાવિક છે. પરંતુ મને ભય છે કે બાર સદી પહેલાં પરદેશીઓએ આપણને આપેલાં પ્રમાણપત્ર આપણે ભાગ્યે જ આપણને પોતાને આપી શકીશું. ચોરી, લૂંટ અને જૂઠનાં પૂર મારી, તમારી અને સહુની આસપાસ ઉભરાતાં રહે છે. બાર સદીનાં આપણાં પાપ આપણા બે-ત્રણ વર્ષના સ્વરાજ્યમાં એકદમ ફૂટી નીકળ્યાં છે અને જે લક્ષણોએ આપણને સદીઓ-જૂની ગુલામગીરી બક્ષી એ જ લક્ષણોના પૂર્ણ સ્વાંગ આપણે સજી રહ્યા છીએ. આપણને અડકેલી કાળાશ આપણે દૂર કરીશું કે કેમ એ પ્રશ્નને બાજુએ મૂકી આપણે એટલા જાગૃત રહીશું કે જેથી આપણાં બાલકો, આપણી ઉછરતી પ્રજા, આપણા ભાવિ નાગરિકો વિધવિધ પ્રકારની કલામય ચોરી, લૂંટ અને જૂઠમાંથી ઉગરી જાય. આ મહા કાર્ય માતાપિતા ન કરે તોય પ્રાથમિક શિક્ષકોએ કરવાનું છે. પ્રાથમિક શિક્ષકો પોતાની લડત અને આર્થિક ઉન્નતિની ચર્ચાઓમાં આ મહત્ત્વની વાત ન ભૂલે.

આપણી લડત કેવી હોય?

ચર્ચાઓ અને લડતનો પ્રશ્ન આવે છે ત્યારે મારું એક સ્પષ્ટ મંતવ્ય આપ સર્વ ગુરુજનો સમક્ષ રજૂ કરવું જોઇએ. હું મુક્ત ચર્ચાનો હિમાયતી છું. વાણી સ્વાતંત્ર્ય મારું તમારું અને સહુનું હોવું જ જોઇએ એવી મારી દૃઢ માન્યતા છે. સિદ્ધાંતને માટે લડત પણ લડી લેવી જોઇએ એમાં જરાય શક નથી. ચર્ચાઓ ઉગ્ર પણ હોઈ શકે અને લડત સામા પક્ષને-જો પક્ષ હોય તો-મૂંઝવનારી પણ હોઇ શકે. પરંતુ સતત શસ્ત્ર યુદ્ધે ચઢવાની તૈયારીમાં પડેલી દુનિયાએ હવે એટલી તો અક્કલ વાપરી સમજવું જોઇએ કે વીસમી સદીનું એકે એક હિંસક યુદ્ધ નિષ્ફળ નીવડયું છે. એક પણ યુદ્ધે સામાન્ય જનતાની પરિસ્થિતિ સુધારી નથી. એક પણ યુદ્ધથી એકે પ્રશ્નનો સાચો નિકાલ આવ્યો હોય એમ સાબિત થઇ શકતું નથી. યુદ્ધ ત્યારે જ થાય કે જ્યારે માનવજાતે માણસાઈનું, અક્કલનું અને આવડતનું દેવાળું કાઢયું હોય.

આંતર રાષ્ટ્રિય લડતો માટેનું આ સત્ય આપણા પોતાના જ રાષ્ટ્રમાં તો સર્વોપરી સત્ય તરીકે લેખાવું જોઇએ. માનવજાતના ઇતિહાસમાં પહેલું જ પરમ સત્ય ભારતે સાબિત કરી બતાવ્યું છે કે અહિંસક લડત સ્વરાજ્ય અપાવી શકી છે. એ અહિંસક લડતનાં સાધનો કયાં એ ગાંધીજીએ પોતાના શબ્દથી, વર્તનથી, જીવનથી અને મૃત્યુથી સ્પષ્ટ કરી આપણી પાસે મૂકી દીધાં છે. પ્રાથમિક શિક્ષક સંઘને ચર્ચાઓ પણ કરવી

નવી પ્રજા આપણા કરતાં વધારે સારી સર્જાય એવું આપણે સૌ કોઇ ઇચ્છીએ છીએ, પણ એ ત્યારેજ બનશે કે જ્યારે આપણે પ્રાથમિક શિક્ષકને ધક્કા ખાવા સર્જાયેલું પ્રાણી નહિ માનતાં એને નમન કરવા યોગ્ય ગુરુપદ આપીશું

કરશે, વિનંતીઓ અને માગણીઓ પણ કરવી પડશે, કદાચ લડત પણ કરવાના પ્રસંગો આવે એ સંભવિત છે. તેવે પ્રત્યેક પ્રસંગે શિક્ષકો ત્રણ સત્ય કદી ન ભૂલે !

(૧) શિક્ષકોનો સંઘ અહિંસક રીતે પ્રાપ્ત થયેલા સ્વરાજ્યનું એક પરમ મહત્ત્વનું તત્ત્વ છે—એની મહત્તા ભલે બીજા ઘટકોને ન લાગે. એ સ્વરાજ્ય જેટલું પ્રધાનોનું છે એટલું જ આપણું–શિક્ષકોનું છે. એને આપણું મટાડી શકાય જ નહિ.

(૨) ચર્ચા, માગણી કે લડતના પ્રસંગો શિક્ષકો તો ભાગ્યે જ ઊભા કરે છતાં તેવા પ્રસંગો આવતાં એક સિદ્ધાંતને તો તેઓ જરૂર વળગીજ રહે કે માણસની લડત, માનવતાની લડત, માનવતાના ગુરુઓની લડત શુદ્ધ અહિંસક જ હોય. ગાળ, વ્યક્તિગત આક્ષેપ, ભાંગફોડ, વિનાશ કે સંહારને ચર્ચા, માગણી કે લડતમાં સ્થાન ન જ હોઈ શકે. માનવલડત અહિંસક જ હોય.

(૩) લડતમાં પણ શિક્ષકો પોતાનું ગુરુસ્થાન, ફરજનું મેદાન, ધર્મમોરચો કદી ન છોડે. પ્રાથમિક શિક્ષકનું સ્થાન શાળા. એના ફરજ મેદાનમાં એના સાથી શિષ્યો. એમનો મોરચો કેળવણીના રક્ષણ માટે, અજ્ઞાન અને નિરક્ષરતાના નિવારણ અર્થે રચાયલો. જે ક્ષણે એ પોતાનું સ્થાન છોડે, મેદાન મૂકે, મોરચે પીઠ બતાવે ત્યારે જાણવું કે શિક્ષક શિક્ષક મટી ગયો છે.

શિક્ષકો જ પ્રકાશ આપશે

આજે લગભગ ચારે પાસ નિરાશા છવાઇ રહી છે. તેમાં શિક્ષકો વગર કોણ પ્રકાશ આપશે ? અને શિક્ષકોમાં પણ પાયાની કેળવણીમાં જાત હોમનાર પ્રાથમિક શિક્ષક જ વધારે શ્રેષ્ઠ. ભાવિ ઇતિહાસમાં–નહીં, આજના જ ચાલુ ઇતિહાસમાં એવું લખવાની તક શિક્ષકો ન આપે કે જ્યારે નવા સ્વરાજ્યમાં વ્યાપારી અને ઉદ્યોગપતિ કાળાં બજાર કરતો હતો, નેતા ગાદીખુરશી ખોળતો હતો, અમલદાર પગાર વધારવાની તરકીબો શોધતો હતો, નિષ્ણાત સોનારૂપે તોલવાની માગણી ખુલ્લેખુલ્લી કરતો હતો ત્યારે એક નિર્માલ્ય મનાયલો પ્રાથમિક શિક્ષકોનો વર્ગ કોઇ ન ગણકારે છતાં, કોઈ ન બિરદાવે છતાં, કટિબદ્ધ બની એવી કેળવણી ભાવી પ્રજાને આપતો હતો કે જેના શિક્ષણને પ્રભાવે કાળાં બજાર બંધ પડી ગયાં, સત્તાલોભ ઘટી સાચો સેવાલોભ જાગૃત થયો, ધન ધનિકની નાગચૂડમાંથી ખસી પ્રજાકીય પરબ બની ગયું, અને ભારતનો નાગરિક બારસો વર્ષ પહેલાંની સત્ય માટેની પ્રતિષ્ઠા પાછી પ્રાપ્ત કરી શક્યો ?

માનવ જાતે માનવી બનવું હોય તો અહિંસા સાધ્ય કરવી પડશે. માનવી બનવા માટે સહુથી પ્રથમ ઘરમાંથી અને શાળામાંથી હિંસા દૂર થવી જ જોઈએ.

એ મંગલકાર્ય–પ્રજા ઘડતરનું સાચું કાર્ય પ્રાથમિક શિક્ષકો દ્વારા થાઓ અને એનાં પરિણામ આપણે સહુ જોઈએ એટલુંજ મંગલ પ્રવચન હોય.

—રમણલાલ વસંતલાલ દેસાઈ

(પૃ. ૭૦ થી ચાલુ)

(૪) જૂનાગઢ ટ્રે. કોલેજમાં પૂરું તાલીમ લઇ આવેલ શ્રી. બચુભાઈ ઠકુભાઇ પોતાની મૂળ જગ્યાએ પીઠડિયા શાળાના આસિ. તરીકે નીમાયા અને ત્યાં કામ કરતા શ્રી. દુર્લભજી જગજીવનને છૂટા કર્યા. (૫) વીંઝીવડ મહેતાજી શ્રી. વિઠ્ઠલદાસ પુરણદાસ અમાવત મળતા પગારે મસીતાળા મહેતાજી તરીકે અને (૬) મસીતાળા મહેતાજી શ્રી. પીતાંબર જીવરામ હવે વીંઝીવડ મહેતાજી તરીકે બદલાયા છે. રાજકોટ તાબાના તેમ જ જૂના એજન્સીના શિક્ષકોને સારો લાભ કેળવણી ખાતું આપે છે અને જૂના સ્ટેટોના શિક્ષકોને—ખાસ કરીને ગોંડળ રાજ્યમાં હતા તે શિક્ષકોને—અન્યાય થાય છે એવી ફરિયાદો આવ્યા કરે છે ને શિક્ષકોમાં કચવાટ છે. લાગવગ અને ખુશામત કામ કરી જાય છે એવી છાપ શિક્ષકો ઉપર પડતી દેખાય છે. આ સ્થિતિ દૂર થવી જોઇએ.

સોરઠ વિભાગ

(૧) વેરાવળ મહાલ કેળવણી નિરીક્ષક તરીકે લીંબડીથી શ્રી. નંદલાલ બાઈશંકર આવ્યા. તેઓ પહેલાં પણ લીંબડી રાજ્યમાં ડે. એજ્યુ. ઈન્સ્પેક્ટર હતા. જૂના ને અનુભવી સિનિયર છે. (૨) માધવપુર કન્યાશાળાનાં આસિ. શ્રી. સંતોકબાઈ કુરજી નિવૃત્ત થતાં તે જગ્યા પૂરવા માટે આ પ્રમાણે ફેરબદલી થઈ છે: શ્રી. વિજયાગૌરી નારણજી વાઘેલા માધવપુર કન્યાશાળામાં આસિ. તરીકે (૩) શ્રી. મધુકન્તા અમૃતલાલ ગરેજ કન્યાશાળામાં આસિ. તરીકે (૪) શ્રી. અર્જુન હરજી માવદીયા પાતા મહેતાજી તરીકે (૫) શ્રી. આરજણ હાજા પાતા શાળામાં આસિ. તરીકે આવેલ છે.

શિક્ષકોની બદલીઓના સમાચાર

ઝાલાવાડ વિભાગ

(૧) લીંબડી તાલુકા સ્કૂલ માસ્તર શ્રી. નંદલાલ બાધરશંકર (સિનિયર ટ્રેઈન્ડ) સોરઠ વિભાગમાં વેરાવળ મહાલ કેળવણી નિરીક્ષક તરીકે (૨) વઢવાણ વિભાગના ઇનચાર્જ કેળવણી નિરીક્ષક શ્રી. સ.મળજી ગો. ભટ્ટ વઢવાણ કેમ્પ તાલુકા સ્કૂલ માસ્તર તરીકે (૩) વઢવાણ કેળવણી નિરીક્ષકની જગ્યાએ વઢવાણ બાલમંદિરના શિક્ષક શ્રી. મોતીલાલ શાહ આવ્યા. (૪) ઝાલાવાડ વિભાગમાં ફીઝીકલ ઈન્સ્ટ્રક્ટર તરીકે શ્રી. રમણલાલ એસ. શાહની નવી નિમણૂક થઈ. તેમની ઓફિસ હાલ ઝાલાવાડ વિભાગ શાળાધિકારી સાથે જ રહેશે (૫) લીંબડી તાલુકા શાળાના શિક્ષક શ્રી દલપતરામ નાનાલાલ ત્રિવેદી આંબલા અભ્યાસ કરવા જતાં તેમની જગ્યાએ ધ્રદાલ મહેતાજી શ્રી. સોમનાથ નાનાલાલ આવ્યા. (૬) લીંબડી તા. શાળાના આસિ. શિક્ષક શ્રી. પુરુષોત્તમ ભીખાભાઈ માવાણી બીજા વર્ષનો અભ્યાસ કરવા મોરબી કોલેજમાં જતાં તેમની જગ્યાએ ગોઠ મહેતાજી શ્રી. હરખજી ભીખાભાઈ આવ્યા (૭) લીંબડી તાલુકા સ્કૂલ માસ્તર તરીકે મૂળી તા. સ્કૂ.-મા. શ્રી. માધવજી નથુભાઈ ચૌહાણ આવવાની વકી છે. (૮) લીંબડી શાળા નં. ૨ ના હેડ માસ્તર શ્રી. સવજીભાઈ ઉકાભાઈએ સિનિયોરીટી ગ્રેડ મળે કે ન મળે પણ લીંબડી છોડવાની નામરજી દર્શાવી છે અને લીંબડીમાં જ રહેવા કબૂલ છે. (૯) માધ્યમિક વિભાગમાં ફી-વધારો થવાથી શિક્ષકોને સમજણ આપવા માટે શ્રી. ધીરેન્દ્ર મહેતા અને શ્રી. વ્રજલાલભાઈ છ. મહેતા તા. ૨૦ મીએ લીંબડી આવેલા અને પરિસ્થિતિની સમજણ આપેલી. (૧૦) ઝોબાળા આસિ. શ્રી. નર્મદાશંકર આંબલા અધ્યાપન મંદિરમાં અભ્યાસ કરવા જતાં તે જગ્યાએ ઉમેદવાર શ્રી. પ્રતાપરાય પ્રેમશંકરની નિમણૂક થઈ (૧૧) પરનાળા મહેતાજી શ્રી. વિષ્ણુપ્રસાદ દેવશંકર આંબલા અભ્યાસ કરવા જતાં તે જગ્યાએ ઉમેદવાર લખમણ ઓઝીયાની નવી નિમણૂક થઈ (૧૨) ચોકડી મહેતાજી શ્રી. મેરૂ રામસંગ રાઠોડ આંબલા ભણવા ગયા. તે જગ્યા હજી ખાલી છે. (૧૩) પાટડી વિભાગ માલવણ મહેતાજી શ્રી. કસ્તુરચંદ રાયચંદ રૂપેરા ચાચકા મહેતાજી તરીકે ગયા અને ચાચકા મહેતાજી નિવૃત્ત થયા. (૧૪) વાવિયાદ મહેતાજી શ્રી. છગાઈ નાગેશ્વર દવે નિવૃત્ત થયા. જગ્યા ખાલી છે. (૧૫) ચાલુ માસમાં સોનકા, ઓઢીયા અને રોજસર ગામે નવી શાળાઓ ખૂલશે. (૧૬) વણા શાળાના પહેલા આસિ. શ્રી. પુરુષોત્તમ મણીલાલ મહેતા જુનાગઢ ટ્રે. કોલેજમાંથી બીજા વર્ષનો અભ્યાસ કરીને પાછા તેમની મૂળ જગ્યાએ આવી ગયેલ છે. (૧૭) મોરબી ટ્રે. કોલેજમાં પૂર્ણ તાલીમ લઈ પાછા આવેલા શ્રી. સોમનાથ ગિરજાશંકર દવે લીલાપુર મહેતાજી તરીકે (૧૮) લીલાપુર મહેતાજી શ્રી નારાયણ દામોદર જોશી તેમની મૂળ જગ્યાએ પીપળી (ભલણા) મહેતાજી તરીકે (૧૯) પીપળી મહેતાજી શ્રી. દયાશંકર ભાઈશંકર ત્રવાડી નિવૃત્ત થયા (૨૦) જસદણ તાલુકા શાળાના આસિ. શ્રી. પ્રાણજીવન પુરુષોત્તમ વનાળા મહેતાજી તરીકે (૨૧) વનાળા મહેતાજી જસદણ શાળાના આસિ. તરીકે અરસપરસ (૨૨) જસદણ તા. સ્કૂલના આસિ. શ્રી. જયંતકુમાર ગિરધરલાલ ભટ્ટ જે અવેજીમાં હતા તેમને છૂટા કર્યા. (૨૩) ત્રાપજ ટ્રે. કોલેજમાં પૂર્ણ તાલીમ લઈને શ્રી. ભગદાસ ભીમદાસ અને શ્રી. બાબા ના ખાચર જસદણ તા. શાળામાં પોતાની મૂળ જગ્યાએ આવી ગયેલ છે (૨૪) રાજકોટ ટ્રે. કોલેજમાંથી અભ્યાસ કરીને શ્રી પ્રેમકુંવર ત્રિભુવન પોતાની મૂળ જગ્યાએ જસદણ કન્યાશાળામાં આવી જતાં તે જગ્યાએ અવેજી હતા તે શ્રી. નર્મદા વશરામ છૂટાં કરેલ છે. (૨૫) મોરબી ટ્રે. કોલેજમાં અભ્યાસ કરીને ચતુરભાઈ વી. પટેલ પોતાની મૂળ જગ્યાએ ભડોળ પાછા આવતાં ત્યાં અવેજી હતા તે ગામના ઉમેદવાર શ્રી. દલપત નંદલાલને છૂટા કર્યા.

ગોહિલવાડ વિભાગ

(૧) ગોરડકા મહેતાજી શ્રી. વનમાળી દેવરાજ વાસિયા મહેતાજી તરીકે (૨) ભેરાઈ કેમ્પો. સ્કૂલના હેડ માસ્તર શ્રી ભગવાનજી હીરજી પંડ્યા રાજુલા ડે. એજ્યુ. ઇન્સ્પે. તરીકે (૩) ત્રાપજ ટ્રે. કોલેજમાંથી શ્રી. ત્રિભુવન વર્મા ભેર હેડમાસ્તર તરીકે ગયા. ગોહિલવાડ વિભાગમાંથી પ્રાથમિક શાળાંત પરીક્ષામાં કુલ ૪૫૩ ઉમેદવારો બેઠેલા તેમાંથી ૮ પાસ થયા છે. પરિણામ ૮૮ ટકા આવ્યું છે.

હાલાર વિભાગ

(૧) બેલા-આમરણ મહેતાજી શ્રી. મગનલાલ આણંદજી પોસ્ટના લાભ સાથે જામ દૂધઈ મહેતાજી તરીકે (૨) જામ દૂધઈ મહેતાજી શ્રી. અમીનમીયાં બડામીયાં બેલા (આમરણ) મહેતાજી તરીકે ગયા છે. ત્રણ ત્રણ વર્ષથી ખટપટ ચાલતી તેનું આ પરિણામ આવેલું કહેવાય છે. બેલાથી લોકપ્રિય મહેતાજી શ્રી. મગનલાલને નહિ ફેરવવા ગામલોકોએ કેળવણી પ્રધાનને, મુખ્ય કેળવણી અધિકારીને અને હાલાર વિભાગ શાળાધિકારીને ઘણી અરજીઓ કરેલી છતાં કંઈ પરિણામ આવ્યું નથી. એમને પ્રથમ ચામખર હેડમાસ્તર તરીકેનો હુકમ આપ્યો ને પછી વળી એ રદ કરી દૂધઈ જવાનું કહ્યું. શિક્ષકો અધિકારીઓને અમુક બાબતમાં ખુશ ન રાખી શકે તો પણ તેમને આમ બદલાવું પડતું હોવાનું કહેવાય છે.

મધ્ય સૌરાષ્ટ્ર વિભાગ

(૧) દેવધરી મહેતાજી શ્રી. રામભાઈ ઓધાભાઈ ગીડા વાવડા (જસદણ) મહેતાજી તરીકે અને (૨) દેવધરી મહેતાજી વાવડા મહેતાજી તરીકે અરસપરસ બદલાયા છે. (૩) વીરપુર કેમ્પો. સ્કૂલના આસિ. શ્રી. શાન્તિલાલ ઠાકરસી શાહ જેતપુર ઉમરીબાઈ હાઈસ્કૂલમાં જતાં તેમની જગ્યાએ જેતપુર તા. સ્કૂલમાંથી શ્રી. અમૃતલાલ ત્રિભુવન મહેતા આવેલ છે.

(જુઓ પૃ. ૧૯)

સૌરાષ્ટ્રના એક સાચા અને ધ્યેયનિષ્ઠ કેળવણીકારનો ક્ષેત્ર-સંન્યાસ

શ્રી. મગનભાઈ દેસાઈના શિક્ષણકાર્યનો આછો પરિચય

પરિચયકાર : શ્રી. કાન્તિલાલ એસ. ધોળકિયા
વાઇસ પ્રિન્સિપાલ, હંટર ટ્રે. કૉલેજ, મોરબી

મોરબીમાં તા. ૧૨મી જુન ૧૯૫૦ ને દિવસે હંટર ટ્રેઇનીંગ કાલેજનાં વિશાળ મકાનના ખંડમાં નાનો શો સમારંભ ગોઠવાયો હતો. ગરની અગ્રગણ્ય વ્યક્તિઓ કે ખાતાના અધિકારી હેઓ-કોઇને ત્યાં આમંત્ર્યા ન હતા. હાજર હતા ધ્યાપન મંદિરના અધ્યાપકો અને શિક્ષક-વિદ્યાર્થીઓ મને આ સમારંભની સાથે સીધો સંબંધ હતો. રણ કે આ સમારંભ કોઇ સાર્વજનિક ઘટનાને માટે હોતો. એ તો હતો એક કૌટુંબિક મેળાવડો. કુટુંબનો વડો ક્ષેત્ર-સંન્યાસ લે ત્યારે પોતાની લાગણીઓનું જાહેર પ્રદર્શન કોઇને ન ગમે. કારણ કે એ વખતે તો હોય શોકભારથી છલોછલ હૈયાં,-માત્ર કણ્ઠસ્તમ્ભિત બાષ્પવૃત્તિ કલુષઃ માત્ર વૈક્લવ્ય !

અને એ દિવસે કેળવણીના ક્ષેત્રમાંથી વિદાય લીધી એ તપસ્વીએ જેણે પોતાનાં જીવનનાં સુદીર્ઘ પાંત્રીસ વર્ષ સૌરાષ્ટ્રની કેળવણીની મીન અને છતાં દરેક દષ્ટિએ મહત્ત્વપૂર્ણ સેવામાં ગાળ્યાં. અકસ્માતે એમને સૌરાષ્ટ્રમાં આણ્યા. એમની નબળી તબિયતે એ વઢવાણ હવાફેર કરવા આવ્યા. એમને સારું થઈ ગયું અને એમણે પોતાનાં વિદાય-પ્રવચનમાં ગદ્‌ગદ કંઠે કહ્યું તેમ સૌરાષ્ટ્રે એમને જીવન આપ્યું. એ સ્વીકાર કરતાં એમની વાણીમાં જે કૃતજ્ઞતાનો ભાવ છલોછલ ભર્યો હતો એ એમનાં હૃદયની ઉદારતા દેખાડે છે. પણ એ 'જીવન'ના બદલામાં એમણે સ્થૂળ જીવનથીયે ઉચ્ચતર જે સાંસ્કારિક જીવન સૌરાષ્ટ્રને આપ્યું એનો ઋણસ્વીકાર તો સૌરાષ્ટ્ર કરે ત્યારે. પણ અત્યારે એક મહાન્ કેળવણીકારની વિદાયથી સૌરાષ્ટ્ર સંસ્કાર દૃષ્ટિએ રંક બન્યું છે એ તો નિર્વિવાદ છે.

કવિ સધીએ પોતાના જીવનની મહત્ત્વાકાંક્ષા તરીકે ઇચ્છા રાખી છે-Leaving here a name... that shall not perish in the dust. આમણે તો એવી કંઇ મહત્ત્વાકાંક્ષા રાખી પે નહિ હોય.. કારણ કે જેને શાંત ભાવે પોતાની સેવાઓ કેળવણીના યજ્ઞમાં આપ્યા કરવી છે, 'કર્મણ્યેવાધિકારસ્તે'એ સૂત્રથી જ જે જીવન જીવે છે, તેને કોઇ આકાંક્ષા, આવાં કીર્તિનાં ફળની પણ હોતી નથી. એનાં તો કાર્યો જ ધૂપસળીની પેઠે ફોરમ આપ્યે જાય છે. પેલા કવિએ કહ્યું છે તેમ actions of the just.. blossom in the dust.

શેખ સઆદીએ સાચું જ કહ્યું છે કે 'મુશ્કરત કે ખુદ બોયદ, ન કે અત્તાર બી ગોયદ.' એમ એમનાં કાર્યની સુવાસ જ એમણે જ્યાં જ્યાં જે પદવીએ કામ કર્યું છે-સાધારણ શિક્ષક કે વિદ્યાલયોના આચાર્ય તરીકે કે સંસ્થાનના વિદ્યાધિકારી તરીકે કે સૌથી અગત્યની પદવી-અધ્યાપન મંદિરના સંચાલક તરીકે-ત્યાં ત્યાં પથરાઈ છે એ જ એમની ઉચ્ચ પ્રકૃતિના મઘમઘાટનું પ્રતીક છે. એમને કે કોઇને એ વિષે બોલવાનું નથી રહેતું-અનુભવવાનું જ રહે છે.

અને એમને બોલવાનું હતું જ ક્યાં !

અને સાચા કાર્યકરને બોલવાનું હોય જ છે ક્યારે? એ તો ઉપર કહ્યું તેમ એનાં કાર્યોની કસ્તૂરી બોલે છે,—અત્તાર નહિ. એને અનુભવી ધન્ય થાય છે એ જ જેને એની નિકટ આવવાનું સૌભાગ્ય મળ્યું છે. ઊપરથી ગંભીર અને ઓછાબોલી એ વ્યક્તિનો નિકટ પરિચય જ દેખાડે કે એ કાર્યો જેનાં ફલ-સ્વરૂપ છે એ પ્રકૃતિ પણ એટલી જ સરળ છતાં સુવાસમયી જ છે.

પરિચયો હંમેશાં ક્ષણના જ હોય છે—પછી ભલે એ લંબાય યુગો સુધી. એટલે મારે પરિચય થોડો હોય તેથી ગુણવત્તામાં કાંઇ ફેર પડતો નથી. મારા અલ્પ પરિચયમાં પણ એમની જે અદ્ભુત કાર્યક્ષમતા, ચારિત્ર્યનું એક શાંત તેજ, ઉચ્ચ કર્તવ્યભાવના આદિ ગુણોને હું જોઈ શક્યો છું. તેથી મને તો ખરેખર ખેદ થાય છે કે એમના વિશાળ અનુભવ અને ઊંડા અભ્યાસ તથા સમ્યક્ માર્ગદર્શનનો વધારે લાભ હું મેળવી ન શક્યો. કદાચ એ ખેદ ઘણાને હશે પણ તેથી જે અખંડ સાધનાની પ્રવૃત્તિ પછી શાંતિભરી નિવૃત્તિને સંપૂર્ણ યોગ્ય હતા અને એ દૃષ્ટિએ જ આપણે સંન્યાસ ધર્મને જીવનમાં મહત્ત્વ આપ્યું છે—તેને આપણા સ્વાર્થની ખાતર કામ કરાવ્યે જ રાખીએ એ કેમ ચાલે?

અને છતાં યે આપણે ઈચ્છીએ કે આવા અનુભવી અને કાર્યદક્ષ કેળવણીકારનો લાભ સૌરાષ્ટ્ર તદ્દન ન ગુમાવી બેસે અને શ્રી. રાજગોપાલાચાર્યને ફરી ભારતની સેવામાં લીધા તેમ એમને પણ અનેક યોજનાઓમાં ક્યાંય ને ક્યાંય સમાવી લે.

અને છતાંયે એથી એમણે જે સુંદર વ્યવસ્થા-શક્તિ વડે પોતાની સંસ્થાઓની અને તે દ્વારા શિક્ષણ-ક્ષેત્રની સેવા કરી છે, પોતાના શિસ્તના આગ્રહથી જે એક સંયમની ઊંડી છાપ વિદ્યાર્થીઓના જીવન પર પાડી છે, પોતાની નૈતિક દૃઢતાથી કવિ ન્હાનાલાલથી લઈને આજ દિવસ સુધીના બધા અધિકારીઓને મુગ્ધ કર્યા છે, પોતાની સૌમ્ય સરળતાથી જે એમના પરિચયમાં આવ્યા તે બધાની પ્રશંસા મેળવી છે અને એમના ઊંડા વાચન અને વિષયોના તલસ્પર્શી અભ્યાસથી વિદ્યાવિલાસીઓને ચકિત કર્યા છે અને ઉપરાંત આત્માની કોઈ અદ્ભુત સુવાસ સર્વત્ર ફેલાવી છે તેનાં મૂલ્યાંકન કરવાનો પ્રયાસ આવા લેખમાં કરવાનું દુસ્સાહસ છોડી વિરમવું જ રહ્યું.

ચર્ચાપત્ર

ગેડ બગસરાના હેડ માસ્તરને અન્યાય ન થવો જોઈએ

શ્રી. તંત્રીશ્રી, 'સ્વતંત્ર શિક્ષક,' રાણપુર

ગેડ બગસરા (જૂનાગઢ)ના હેડ માસ્તર શ્રી. લાલજી ડાહ્યાલાલ પરમાર ઉપર અઢી વર્ષ પહેલાં પાકિસ્તાનના સમયમાં તેમની બિમારી દરમ્યાન કહેવાય છે તેમના તાબાના પોસ્ટમેન (રનર) હસ્તુ ગેરવલ્લે પડેલ રૂ. ૯૯-૬-૦ના મનીઓર્ડર અંગે જૂનાગઢ સબ ડીવીઝનના પોસ્ટ ઇન્સ્પેક્ટર શ્રી. પંડ્યાએ આરોપ મૂકી તેમના ઉપર ફોજદારી કેસ કરીને તેમને તા ૯-૬-૪૯થી નોકરીમાંથી ગેરધોરણે સસ્પેન્ડ કરાવેલ અને ત્યારથી એ શિક્ષક વિષમ સ્થિતિમાં છે. હકીકત એવી છે કે હેડમાસ્તર શ્રી. લાલજી પરમાર ઓક્ટોબર-નવેમ્બર ૧૯૪૭ દરમિયાન ગંભીર માંદગી બિછાને હતા ત્યારે એમના ચાર્જમાં રહેલ પોસ્ટનાં હિસાબી ડીલીવરી એમના તાબાના બે રનરો મારફત કરાવતા. એ અરસામાં રૂા ૯૯-૬-૦નું એક પારેથી મનીઓર્ડર ગેરવલ્લે પડ્યું કહેવાય છે. તે અંગે તા ૪-૬-૪૯ના રોજ જૂનાગઢના પોસ્ટ ઇન્સ્પેક્ટરે તપાસ કરેલ અને શિક્ષક શ્રી. પરમારને રૂબરૂમાં એવું કહેલ સંભળાય છે કે 'તમારી બિમારી સમયની આ ગફલત છે જેથી આ કેઇસ ડીપાર્ટમેન્ટમાં ચલાવી લઇ રૂા. ૯૯-૬-૦ તમારી પાસેથી વસૂલ લઈ આ પ્રકરણ બંધ કરીશું.' પણ કોણ જાણે કેમ પણ બીજે જ દિવસે એમણે શિક્ષક શ્રી. પરમારને પોલીસને હવાલે કરાવ્યા! (કેળવણી ખાતાની મંજૂરી કે કશી સાબિતી મેળવ્યા સિવાય) તા. ૧૦-૬-૪૯ રોજ તેઓ જામીન પર છૂટયા. પણ તા. ૯-૬-૪૯થી આ શિક્ષકને તેમની કેળવણી ખાતાની બાવીશ વર્ષની જૂની ને કાયમી સરવીસમાંથી સસ્પેન્ડ કરાવેલ છે ત્યારથી આજસુધીમાં આ કેઈસનો નિકાલ આવ્યો નથી અને પગાર બંધ હોવાથી ગરીબ શિક્ષકના કુટુંબની સ્થિતિ ભારે વિષમ બની છે. આવી અસહ્ય મોંઘવારીમાં એ હેરાન-પરેશાન થઈ ગયેલ છે. કેળવણી ખાતાનો કશો દોષ નહિ કરવા છતાં માત્ર આવી પોસ્ટની ગફલત થવાને કારણે આવા જૂના, અનુભવી અને સિનિયર શિક્ષકની આ વલે થઇ છે. સાંભળ્યું છે કે અદાલતે એમનો કેઇસ હજુ હાથમાં પણ લીધો નથી. પોસ્ટના કેસનું ગમે તે પરિણામ આવે પરંતુ શિક્ષક શ્રી. લાલજી પરમારને કેળવણી ખાતાની નોકરી પર તરત જ પાછા લઇ લેવા ઘટે.

લી. એક સમભાવી મિત્ર

પ્રધાનના સગા અને કરકસર!

પ્રધાનના નજીકના એક સગાને ઠેકાણે પાડવાના હતા પરન્તુ એ ભાઈ બહુ ઓછું ભણેલા એટલે તેની કયા ખાતામાં નિમણુંક કરવી એ વિચાર થઈ પડયો.

સેક્રેટરીએ રસ્તો કાઢયો. તેણે પ્રધાનને કહ્યું કે, "આપના સગા એટલે બહુ ઓછા પગારમાં રાખીએ એ તો ઠીક નહિ. વળી માસિક રૂપિયા બસો ઉપરાંત પગાર આપીએ તો તેમને પબ્લીક સર્વિસ કમીશન પાસે મોકલવા જોઈએ અને કદાચ કમીશન તેમને નાલાયક પણ ઠેરવે એટલે આપણે તેમને રૂપિયા એકસો ને નવ્વાણું પગાર કરી આપીએ તો કાંઇ વાંધો નહીં આવે."

"પણ એને જગ્યા કઇ આપવી ?"

"આપ જગ્યાનું પૂછો છો ? આપણા વહીવટી તંત્રનું ખર્ચ બહુ વધારે છે એમ છાપાંવાળા અને પ્રજા ટીકા કરે છે એટલે આપણે તેમને કરકસર અને કાપકૂપ ખાતાના અમલદાર તરીકે નીમી દઇએ. ટીકાખોરો પણ તેથી શાંત પડશે અને જો કે આ જગ્યાનું કામકાજ થોડો વખત જ રહે પરંતુ આપણે તેમની હંગામી નિમણુક કરીએ અને પછી કરકસર અને કાપકૂપના નામે તેમણે સરકારની ખૂબ જ સેવા બજાવી છે માટે તેમના કામની કદર કરી સરકાર તેમને પ્રધાનના સેક્રેટરી નીમે છે એવો હુકમ ઠોકી પાડશું."

પ્રધાનને આ યોજના ગમી ગઈ અને એ ભાઈની નિમણુંક પણ કરી દીધી. બન્યું એવું કે કાપકૂપ કેવી રીતે કરવી એ પ્રશ્નને અંગે ગામેગામ અને મહાલોમાં કેટલા નાના-મોટા અમલદારો અને પટાવાળા વગેરે છે એ જાણવા પાટનગરની એક ઓફિસમાંથી વિગત ન મળી એટલે એ ભાઈને આ કામે ગામેગામ ફરી આ હકીકત મેળવવી પડી.

મુસાફરીને લઇ એ ભાઇ બહુ માંદા પડયા. છેવટે માંદગી એટલી બધી ગંભીર થઈ કે મરણની છેલ્લી ઘડીઓ ગણતા હતા. તેમનાં પત્ની કહે, "કેમ. આ બધી દવા છે તે પી જાવ ને!"

એ ભાઈ કહે કે, "હું મરવા પડયો છું: હવે જીવીશ નહિ. તો આ બધી પીને મારે હવે શું કરવું છે?"

પત્ની કહે કે "તમે કરકસર ખાતાના અમલદાર છો એ ભૂલી જાવ છો અને કદાચ મારા નસીબમાં ખરાબ દિવસો લખ્યા હોય..."

"એટલે હું મરી જાઉં તો આ બધી કીમતી દવા ઢોળી નાખવી પડે અને ખર્ચ નકામું જાય એમજ ને ? તારી વાત ખરી છે. મરતાં મરતાં યે હું કરકસરનો દાખલો બેસાડતો જાઉં, લાવ જેટલી દવા હોય તે પી જાઉં."

દવાના તો ઘણા યે બાટલા હતા. એ બધી દવા એ ભાઈ તો ગટગટાવી ગયા. અને પછી સંતોષ અનુભવતા આ ફાની દુનિયાનો ત્યાગ કરી ચાલી નીકળ્યા. પત્નીને પણ સંતોષ થયો કે, હવે તેમનો આત્મા સદ્‌ગતિ પામશે.

પ્રધાનના સગા એટલે બીજા પ્રધાનો, મોટા અમલદારો વગેરે ડાઘુ તરીકે હાજર થઈ ગયા. સ્મશાન ભૂમિ ત્રણેક માઇલ દૂર એટલે મૃતદેહ ઉપાડનારને થાક ન લાગે એટલા માટે એક પછી એક ડાઘુઓ ખંભો દેવા લાગ્યા.

(જુઓ પૃ. ૭૭)

સુખ–દુ:ખમાં સહિયારું

મુનિશ્રી સંતબાલજી

રાત્રિના પોણા આઠનો શુમાર હશે, પ્રાર્થના ચાલુ હતી. 'જન્મ તેરો બાતોમેં બીત ગયો' એ ભજન શરૂ થયું, તેવામાં જ અચાનક બુમ આવી – 'દોડો, દોડો લાય લાગી છે.' અને જોતજોતામાં દોડાદોડ શરૂ થઈ ગઇ. કાર્યકરભાઇઓ પ્રાર્થના પૂરી થતાંવેંત આગવાળા સ્થળે દોડી ગયા અને ગામલોકોની મદદમાં લાગી ગયા. ગામલોકોના અવાજ ચાલુ હતાઃ— 'ક્યારો અલ્યા દાતિદો લાવો.' થોડી જ વારમાં દાંતિયો, ધારિયાં, કોદાળા, ટોપલા હાજર થયાં. સવાલ થશે કે કોદાળા ટોપલા તો માટી ભરવાના કામમાં લાગે, પણ અહીં દાંતિયાં અને ધારિયાંઓનું શું કામ? અગત્યનું કામ તો એ સાધનોએ જ કર્યું. ઝપાટાબંધ વધ્યે જતી અને બીજાં મકાનોને ભરખવા જતી આગને આ સાધનોએ જ છૂટી પાડી નાખી. કડડભૂસ કરતાં નેવાં વળી-વાંસડાઓ ધરણી પર ઢળી પડતાં હતાં.

એક બાજુથી વધતી આગ બંધ થઇ, તો બીજી બાજુ એ આગને શમાવવાનું કામ પણ સહેલું નહોતું. ધૂળના ટોપલેટોપલા અને પાણીના બેડેબેડાં ખાબકયે જતાં હતાં. પીવા–વાપરવા માટે ભરેલું આટલું પાણી આ તોતિંગ લાય આગળ શું પહોંચે?

આવી આગ શાથી લાગી! નહોતું બીડીનું સળગતું ઠૂંઠું પડયું કે નહોતી કોઇએ જાણીબુઝીને ચિનગારી ચાંપી! દેવીનાં વળતે દિવસે નૈવેદ્ય હતાં. આજે એ આ કોળિયાઘરમાં માતાના પ્રતીક આગળ દીવો પ્રગટાવ્યો હતો. જ્યાં દીવો ઝગતો હતો, ત્યાં પાસે જ ઘાસ પડયું હતું. જોઇએ તો દીવો ઊંધો પડી ગયો કે જોઇએ તો ઉંદરભાઈએ ઝગતી દિવેટને ખેંચી ઘાસ સાથે લગાડી દીધી. એમાંથી એક બન્યું હોવાનું અનુમાન છે. ઘાસ અને આગ બન્નેનો સંયોગ થાય પછી પૂછવું જ શું! જોતજોતામાં લાય ભડકી ઊઠી. અગ્નિ જ્યારે આ રીતે ભભૂકતો થાય છે, ત્યારે જોતાંવાર ભલભલા વીરનાં હૈયાં ધ્રુજી જાય છે.

કેવો એ ચિતાર! હાય હાય અમારું ઘર બળી ચાલ્યું એમ કહી કોઇ હૈયાફાટ રૂદન કરવા લાગે છે. કોઇ અરર કહેતાં કહેતાં ગભરાઇ જાય છે. આમથી તેમ દોડે છે. પણ શું કરવું, તે સૂઝતું નથી. તો વળી કોઇ દાંતિયાં, ધારિયાં લઇ ઉપર દોડી જાય છે. 'સાચવજો એ ભાઈ!' એમ કહીને નીચે ઊભાં ઊભાં કોઇ ચેતવણીનો સૂર કાઢે છે. કોઈ લાવો પાણી, લાવો પાણી કહી ઘાંટા પાડે છે. કેટલાક પાસે જઈ ટોળે વળે છે અને કામ કરનારમાં વિઘ્નરૂપ બની જાય છે. હવે કામનું વાતાવરણ કંઇક જામતું જાય છે. પાણી લાવનારાંઓની આછી પાતળી કતાર લાગી ગઈ છે. ઠેઠ હવાડામાંથી પાણી લાવવા માંડે છે. આમ પોણા કલાકે આગ ઉપર પૂરતો કાબૂ આવી ગયો.

આ ઘરવાળાં ડોશીમા આગળ એક બેન પહોંચી જાય છે. 'માજી! ચિંતા ન કરશો.' માજી આમ પણ હિમ્મતવાળાં તો હતાં જ. એ હિંમતમાં પાનો ચઢે છે. હવે ઘણાં માણસો કામમાંથી નિવૃત્ત થાય છે. એમાંના થોડા આગેવાનો માજીની પાસે આવે છે. એમાંના એક ખાદીધારી ખડતલ ખેડૂત આગેવાન માજીને પૂછે છેઃ 'માજી કોનું બળ્યું?' માજી કહે છેઃ 'મારું, પણ ચિંતા નહિ.' એ આગેવાન કહે છેઃ 'માજી તમારું નથી બળ્યું, ગામનું બળ્યું છે.' થોડી જ વારમાં સભામાં ગામ લોકો ગોઠવાઇ જાય છે, માજીને પણ બોલાવવામાં આવ્યાં છે. સાંતી દીઠ બળી ગયેલા ઘાસનો વરાડ નક્કી થઈ જાય છે, માજીનું એક મકાન આમાં બળ્યું હતું કે જે તાજેતરમાં માળેલું હતું, તે ફરીથી માળી આપવાની વાત થાય છે અને માજી હવે છોકરાંઓને જમાડવા માટે ઘેર જાય છે.

કેવો ચમત્કાર! ક્યાં સવા કલાક પહેલાં આખા ગામમાં ફેલાયેલો ગભરાટ! પછી પરિશ્રમ અને આગ સામે લડવામાં લાગી ગયેલાં બહાદુર નરનારીઓ તેમ જ ક્યાં આ સક્રિય સાંત્વનથી શાન્ત શીતળ થયેલું વાતાવરણ! સુખદુઃખમાં આવું સહિયારું ઠેર ઠેર થાય તો પછી રામરાજ્ય આવવામાં બાકી શું રહે?

પસંદગીનાં લગ્ન

શ્રી. ગટુભાઈ ગો. ધ્રુ

પસંદગીનાં લગ્નોનો પ્રશ્ન વિચારતાં પશ્ચિમમાં કે અમુક કોમોમાં કેવાં લગ્નો થાય છે એ બાબત મહત્વની નથી. મહત્ત્વની બાબત તો પસંદગીના સિદ્ધાન્તની યોગ્યાયોગ્યતાની છે. જીવનમાં સૌથી મહત્ત્વનો, ગંભીર, સૌથી વધારે જવાબદારીવાળો અને જેના ઉપર વ્યક્તિઓ, કુટુંબ અને સમાજની સ્થિરતા, સ્વાસ્થ્ય અને સુખ અવલંબે છે એવો સંબંધ તે લગ્નસંબંધ છે' એટલે એ બાબતમાં પોતાની જાતની, કુટુંબની અને સમાજની, બધાના હિત અને કલ્યાણની દષ્ટિથી વિચાર કરવો જોઈએ. કુટુંબમાં સલાહસંપ, શાન્તિ, ખાનદાની અને ઉચ્ચ સંસ્કાર ચાલુ રહે એ કૌટુમ્બિક દષ્ટિ. સમાજનું શારીરિક સ્વાસ્થ્ય જળવાય, રોગ કે નિર્બળ શરીરવાળી પ્રજા ન થાય, નીતિ અને સુસંસ્કારની પરંપરાના સ્થાપિત નિયમો સચવાય એ સામાજિક દષ્ટિ પ્રત્યેક લગ્નમાં રહેવી જોઈએ. પરંતુ સમસ્ત જીવનનો આનન્દ, સુખ, શાન્તિ અને તે સાથી પણ અમૂલ્ય એવો હૃદયનો ઊંડો સાચો પવિત્ર પ્રેમ, એનો વ્યક્તિ સાથે જ સંબંધ છે. એટલે જ કુટુંબની અને સમાજના હિતની દષ્ટિ ધ્યાનમાં રાખીને વ્યક્તિઓએ પોતે જાતે જ પોતાનો જીવનસાથી શોધવો જોઈએ. આપણા સમાજની અત્યારની પરિસ્થિતિ અને સમાજનાં અમુક પ્રકારનાં બંધારણને પરિણામે અથવા સમાજના મોટા ભાગની વૃત્તિ અને માનસ કલુષિત હોવાને કારણે આ જાતની પસંદગીનું કાર્ય મુશ્કેલ અથવા જોખમકારક હોય એ સંભવિત છે. છતાં પોતાની પસંદગીની આવશ્યકતા, એક સિદ્ધાંત તરીકે, આપણે સ્વીકારવી જ જોઈએ. બીજા દેશોમાં જ્યાં પસંદગી થાય છે ત્યાં અનેક દાખલામાં લગ્નો સુખી નીવડતાં નથી. તેના કારણમાં પસંદગી કરનારની દૃષ્ટિ અને વૃત્તિઓમાં દીર્ઘ દષ્ટિનો અભાવ, મોહને પ્રેમ સમજવાનો ભ્રમ, આર્થિક અને બીજી સ્વાર્થી મનોવૃત્તિ, નિરાધારપણું અને મનનું ભોળપણ વગેરે અનેક કારણોને લીધે એવાં પરિણામ આવે છે પરંતુ તેથી પસંદગીના સિદ્ધાંતમાં જરા પણ ફેર પડતો નથી.

લગ્નમાં વરકન્યાની અરસપરસ પસંદગી હોવી જોઈએ. લાંબા પરિચય પછી અને એકબીજાના વિચાર, આદર્શ અને જીવનદષ્ટિનો સુમેળ મળે તો જ હૃદયનો સાચો, ઊંડો પ્રેમ ઉત્પન્ન થઈ શકે. એવો ઊંડો પ્રેમ લગન અગાઉ ઉત્પન્ન થવો જોઈએ અને એવો સાચો ઊંડો પ્રેમ જેમને ઉદ્‌ભવ્યો હોય તે જ આદર્શ દંપતી ગણાય. આવા પરિચયનો અને પસંદગીનો અવકાશ અત્યારે આપણી સમાજરચનામાં ભાગ્યે જ સંભવી શકે છે, પરંતુ તેટલા માટે તે સિવાયનાં થયેલાં લગ્ન સુખી નથી નીવડતાં, અગર તો એવાં દંપતી વચ્ચે સાચા પ્રેમનો અભાવ છે એમ પણ કહી શકાય તેમ નથી. હિન્દુ સંસારમાં ઘણે ભાગે લગ્ન પછી દંપતી એકબીજાને અનુકૂળ થઈ જાય છે, એક બીજા માટે ત્યાગ અને ભોગ આપવા તૈયાર હોય છે, એકબીજાનાં સુખ માટે સખ્ત પ્રયત્ન કરે છે. દંપતી જીવન સુખમય અને આનંદી બનાવવા બને તેટલું કરે છે. પોતાના પ્રિયજન માટે ત્યાગ અને પોતાના સુખનો ભોગ આપવાની તૈયારી એ પ્રેમનું મુખ્ય લક્ષણ છે. એ દષ્ટિએ એ દંપતી વચ્ચે પ્રેમ પણ હોય છે એમ ગણવું જોઈએ. પરંતુ મારા નમ્ર મત મુજબ એ ત્યાગવૃત્તિ, જીવનને સુખી બનાવવાની ઇચ્છા, એકબીજાને અનુકૂળ થવાની વૃત્તિ વગેરે હૃદયના ઊંડા પ્રેમને પરિણામે ઉત્પન્ન થતાં નથી, પરન્તુ પરં-



પરાગત સંસ્કાર, આદર્શ આર્યપત્નીની ભાવનાનો સુદૃઢ થયેલો ખ્યાલ, સમાજના સ્થાપિત નિયમોના પાલનની સામાન્ય રીતે વ્યાપેલી વૃત્તિ, કુટુંબની પ્રતિષ્ઠા સાચવવાની ઈચ્છા, જે સ્થિતિમાં દૈવવશાત્ અગર કર્માનુસાર મુકાયાં હોઈએ તે વેઠી લેવાની, તેમાં સંતોષ અને સુખ માનવાની પરંપરાગત વૃત્તિ, ઘરબાર ઘરેણાં, લૂગડાં, કુટુંબ પરિવાર, સંતાન, ન્યાતજાતમાં પ્રતિષ્ઠા ને સ્થાન, વ્યાવહારિક સગવડો અને લગ્ન જીવનની નીતિ ધોરણના સમાજે બાંધેલા નિયમો, આ બધાં કારણોને લીધે એ જાતની અનુકૂળ થવાની અને ત્યાગની વૃત્તિ ઉત્પન્ન થયેલી હોય છે જે ખરેખરો સાચો હૃદયનો ઊંડો દંપતિપ્રેમ છે તે આથી જુદી જ, કોઈ અવર્ણનીય વસ્તુ છે. એ સ્વયંભૂ વૃત્તિ છે, માત્ર આકર્ષણ કે મોહ નથી.

આદર્શ પ્રેમ પરસ્પરના લાંબા પરિચય અને હૃદયની ઉન્નત ભાવનામાંથી ઉદ્ભવે છે. એ પ્રેમને પરિણામે બે આત્માનું અદ્વૈત સધાય છે. માતાપિતા, ભાઈભાંડુ, સગાંસંબંધી, મિત્રો, ધનદોલત, વૈભવ... નિર્ધનતા, ક્લેશ, સંતાપ, વિપત્તિ, એ બધાંથી ... પર હોય છે. આ બધાં એને સ્પર્શ કરી શકતાં નથી. એ પ્રેમ દિવ્ય પદાર્થ છે, પાર્થિવ વસ્તુઓથી પર છે. એવા ઊંડા પ્રેમથી સંધાએલાં દંપતી આપણા સમાજમાં અત્યંત દુર્લભ છે. બીજા સમાજમાં પણ જવલ્લે મળી આવે છે. પરંતુ આદર્શ દંપતી તો તે જ છે. આવા આદર્શ પ્રેમની અનુકૂળતા પ્રાપ્ત થાય એવી સમાજ રચના હોવી જોઇએ. પરંતુ એવી સમાજરચના રચવાનો સંભવ બહુ જ ઓછો છે, એટલે એ વિષે આ લેખમાં વધુ ચર્ચા નોંધ કરીએ.

એ વાત તો નક્કી છે કે, લગ્ન કરવા માટે ઈચ્છતાં પાત્રોએ પરસ્પર પોતે જાતે પસંદગી કરવી જોઇએ, કારણકે સમસ્ત જીવન તેમને સાથે ગુજારવાનું છે. એટલે સ્વભાવ અને વિચારોનો સુમેળ સધાય તો જીવન સુખમય જાય. એવી પસંદગી લાંબા પરિચય વિના થવી અશક્ય છે. એવા પરિચયના પ્રસંગ શી રીતે યોજાય તે વિષે અહીં થોડો વિચાર કરવાનો પ્રયત્ન કર્યો છે.

આપણા સમાજમાં નાનપણમાં વેવિશાળ કરી કન્યાને સસરાના ઘરનાં સાથે પરિચય પાડવાના પ્રસંગોની યોજના કરવામાં આવતી હતી. ટાણે અવસરે, કામ પ્રસંગે છેક નાની કન્યા પણ સાસરે જતી અને સાસરાનાં માણસોના નિકટ પરિચયમાં વખતો વખત આવતી. આ યોજનાનો એક લાભ એ હતો કે જે કુટુમ્બમાં કન્યાને ભવિષ્યમાં જીવન વ્યતીત કરવાનું છે તે કુટુમ્બનાં માણસોના સ્વભાવ અને વર્તનથી તે પરિચિત થતી. એટલે લગ્ન પછી કન્યા ત્યાં આવે ત્યારે તેને છેક અજાણ્યું કે પરાયું લાગતું નહિ. પરંતુ આ યોજનાનો મોટો દોષ એ હતો કે કન્યાની ઉમ્મર છેક નાની હોવાથી તેને માણસના સ્વભાવની પરીક્ષા કરવાની શક્તિ ન હતી. વળી સાસરાનાં માણસો સ્વભાવે અને વર્તને વાસ્તવિક રીતે ગમે તેવા હોય તો પણ કન્યાની સાથે લગ્ન અગાઉ સારો સ્વભાવ અને હેત તથા માયાનો દેખાવ કરતાં. આ બધા ઉપરાન્ત જે વ્યક્તિ સાથે તેને જીવન વ્યતીત કરવાનું, જે તેનો જીવનસાથી છે તેના પરિચયનો આ યોજનામાં અવકાશ જ હતો નહિ. એટલે આ યોજના મને તો કોઈ રીતે ઇષ્ટ લાગતી નથી. અત્યારે જમાનો ફરી ગયો છે. મોટી ઉંમરની કન્યા થાય ત્યાં સુધી તેનું વેવિશાળ ન થયેલું હોય એવાં હજારો કુટુંબો હોય છે એટલે એ જૂનાં રિવાજનો વિચાર કરવાનો રહેતો નથી. તે ઉપરાંત સંયુક્ત કુટુંબની પ્રથા તૂટતી જાય છે અત્યારના સંજોગોમાં પરિચય સાધવા માટે અત્યારના આપણા જીવન મુજબની વ્યવસ્થા થવી જોઇએ.

આ બાબતમાં આપણે સ્પષ્ટતાથી નિઃસંકોચ રીતે, નિખાલસતાથી વિચાર કરીએ. જે માતાપિતા લગ્ન અગાઉ ભાવિ દંપતી વચ્ચે પરિચય થવાની બાબતમાં સંમત હોય છે તે પણ આ બાબતમાં ભયભીત અને સંશયગ્રસ્ત રહેતાં જોવામાં આવે છે. એ પરિચય કેવળ શુદ્ધ પરિચય જ રહે તેની એમને સંપૂર્ણ ખાતરી નથી હોતી. ક્વચિત્ ક્વચિત્ પરિચયને પ્રસંગે બન્નેના અતિ નિકટ સહવાસને પરિણામે અનિચ્છનીય સંજોગો ઊભા થયાના દાખલા તેમની નજરે સમક્ષ બહુ મોટું સ્વરૂપ ધારણ કરે છે. પરંતુ આવો ભય રાખવો ઉચિત નથી. આવેશમય, ઊર્મિલ અને અવિચારી યુવક યુવતીઓ આગળ પાછળનો વિચાર કર્યા વિના ક્ષણિક મોહમાં પડી જાય અને કર્તવ્યભાન ભૂલે તેટલા ખાતર પરિચયનો પ્રતિબંધ કરવો એ યોગ્ય નથી. માતાપિતાએ—કન્યાને માતાએ અને પુત્રને

પિતાએ-બાપસ્થાનોની સ્પષ્ટ, સચોટ, નિઃસંકોચ રીતે અને જીવનની ગંભીરતાની સંપૂર્ણ સમજણ આપીને તેમ જ દંપતીના દેહસંબંધની પાછળ રહેલો અતિ ભવ્ય અને અદ્‌ભુત ચમત્કારી તથા ઉન્નત હેતુ તેમની સમક્ષ રજુ કરીને પોતાના સંતાનને મોહ તથા આવેશથી ન દોરાવાને માટે, તેમ જ સંયમની તાલીમ આપીને તૈયાર રાખવા એ માતપિતાની પવિત્ર ફરજ છે. એ બાબતમાં માતાપિતા જેટલો સંકોચ રાખે છે, કુદરત પર બધું છોડી દે છે, તેટલા તે અનિષ્ટ સ્થિતિને અવકાશ આપે છે. છલકપટ, મોહજાળ, દંભ અને આડંબરમાં ન લોભાવાની તેમ જ દેહસંબંધની પવિત્રતાની, ઉન્નત દૃષ્ટિની નિઃસંકોચ રીતે માતા-પિતાએ સંતાનોને સમજુતી આપવી જોઈએ. એ પ્રમાણે નિખાલસ રીતે સમજાવેલા યુવકયુવતીઓના પરિચયને પ્રસંગે, સ્ખલન નહિ થાય એવો મને વિશ્વાસ છે. તેમ છતાં એ પરિચયના પ્રસગોએ માત-પિતાએ અગર વડીલોએ સાવધ રહેવાની, પરોક્ષ રીતે તપાસ રાખવાની અને સતત જાગ્રત રહેવાની જરૂર તો રહે છે જ. મને લાગે છે કે—મારો એવો અનુ-ભવ છે—કે યુવાન છોકરા છોકરીઓના અવિચારી સ્ખ-લનોનું મૂળ તેમનાં માતપિતાનો તેમણે સંપૂર્ણ વિશ્વાસ પ્રાપ્ત નથી કરેલો હોતો તે જ છે. જે સંતાનોનાં માત-પિતા, તેમની અમુક ઉંમર પછી, તેમના ગાઢ મિત્રો બન્યાં હોય છે તે સંતાનો પોતાની બધી જ હૃદયની વાત નિખાલસપણે માતપિતા સમક્ષ રજૂ કરે છે. એવાં સંતાનો ભાગ્યે જ સ્ખલન કરે છે.

પરિચયના પ્રસંગની બાબતમાં પણ ઊંડા વિચાર અને વ્યવસ્થિત યોજનાની જરૂર છે. મુંબાઈની ક્રિકેટ કલબ ઓફ ઈન્ડીઆ કે એવી સંસ્થાઓ સ્વચ્છંદી વર્ત-નને અને કેવળ વિલાસવૃત્તિને ઉત્તેજન આપનારી છે. પરંતુ ઉજાણીઓ, નાના નાના મેળાવડા, નાની નાની ચ્હાપાનની મિજલસમાં, પર્યટનો વગેરે પ્રસંગો યોજીને પરસ્પર પરિચયનો અવકાશ આપી શકાય. એ પ્રસં-ગોએ લગ્નના હેતુથી પરિચય પાડવાની યોજના ન હોય! પરંતુ એવા અનેક પ્રસંગે થયેલા પરિચયોમાંથી પસં-દગી એની મેળે સ્વયંભૂ થાય એ ખાસ જરૂરનું છે. એ પસંદગી પછી વધારે લાંબા પરિચયથી એકબીજાના સ્વભાવ, વર્તણૂક, આદર્શો, વિચારો, માન્યતાઓ વગેરેની માહિતી મળતી જાય તેમ એકબીજાના હૃદ-યમાં પ્રવેશ કરવાની અનુકૂળતા મળતી જાય. ઉપર જણાવ્યું તેમ આ જાતનો પરિચય લાંબા સમય સુધી રહેવો જોઈએ. તો જ વાસ્તવિક જ્ઞાન થાય. એવા પરિચયને અંતે એકબીજાના લગ્ન સંબંધનો વિચાર થાય તો ઘણે મોટે ભાગે એ સંબંધ પ્રેમમય થાય.

આ જાતની યોજનાઓ વ્યવહારકુશળ અને બુદ્ધિ-શાળી માતપિતા પોતે જાતે વિચારી યોજી શકશે. અહીં તો એની સહેજ સૂચના જ કરવામાં આવી છે.

મને લાગે છે કે અત્યારનાં માતપિતા આ જાતની પરિચયની અનુકૂળતા ભાગ્યે જ કરી આપશે. તેમનાં માનસ હજી જૂના સંસ્કારોથી ઘડાયેલાં છે. પરંતુ અત્યારે નવી કેળવણી પામેલાં યુવક યુવતીઓ જ્યારે માતાપિતા થશે અને તેમનાં સંતાનોના લગ્ન-સંબં-ધનો સમય આવશે ત્યારે તેઓ પસંદગીની અનુકૂળતા જરૂર કરી આપશે. તેમને આ લેખથી કાંઈ વિચાર કરવામાં મદદ મળશે તો આ લેખનો હેતુ કાંઈક અંશે સાર્થક થયો હું ગણીશ.

(પૃ ૭૩ થી ચાલુ)

પણ થોડે દૂર ગયા હશે ત્યાં એ બાપુ ઠાઠડીમાંથી ઊભા થઈ ગયા: કદાચ છેવટની ઘડીએ પીધેલી દવાનું જોસ હશે! એ કહેવા લાગ્યા કે, "મૂર્ખાઓ! આ શું કરો છો? મારું કર્યું કરાવ્યું બધું ધૂળ મેળવવું છે?"

બધા ડઘાઈ તો ગયા પણ પછી એકાદે હિંમત કરી પૂછયું કે, "ત્યારે આપ શું સલાહ આપો છો? આપને શું કહેવાનું છે?'

"એ જ કે મારા શરીરનો ભાર જોતાં ચાર માણસો ઠાઠડી ઉપાડવા માટે બસ છે: પણ રસ્તો જરા લાંબો છે એટલે બહુ તો છ માણસો રાખો."

અને પછી ઊંચે અવાજે બોલી ઊઠયા કે, "આવા સંજોગોમાં હું સરકારને ભલામણ કરું છું કે ફક્ત મોટા પગારના છ જ માણસો આ કામ માટે રોકો અને બાકીના બધાને છૂટા કરો."

એટલું કહી તે પાછા અનંત નિદ્રામાં પોઢી ગયા. કહેવાય છે કે પછી તો સ્મશાન સુધી ઠાઠડી ફક્ત છ મોવડીઓ જ ઉપાડી ગયા હતા અને બાકીના બધા ડાઘુઓ અર્ધે રસ્તેથી ઘરભેગા થયા હતા.

રાષ્ટ્રભાષા

પ્રારંભિક, પ્રવેશ, પરિચય ઔર
કોવિદ કી
પાઠ્ય-પુસ્તકેં ઔર
સહાયક પુસ્તકેં
" " "
રાષ્ટ્રભાષારત્ન ઔર
વિશારદકી
• • •
પુસ્તકેં
પુસ્તકાલયકે લિયે ઉપયોગી પુસ્તકેં

સૌરાષ્ટ્ર સરકારે શાળોપયોગી પુસ્તક તરીકે મંજૂર કરેલ છે

ગુજરાતી ભાષાનો

લઘુ શબ્દકોષ

સંપાદક : અધ્યા. કે. કા. શાસ્ત્રી • કિંમત રૂ. ૩-૯-૦

શિક્ષકો તથા વિદ્યાર્થીઓને ખુબ ઉપયોગી

આ કોશમાં : ૧ : શુદ્ધ જોડણી : ૨ : બીજી ભાષાના શબ્દોની ઓળખ : ૩ : શબ્દોનું ટૂંકું વ્યાકરણ : ૪ : દરેક શબ્દના એકથી વધુ અર્થો : ૫ : જોડણીના નિયમોની ખૂબ સહેલી ચાવીઓ.

બાલગોવિંદ કુબેરદાસની કંપની

પુસ્તક-પ્રકાશક અને વિક્રેતા, કુરનાન્ડીઝ પુલ નીચે, ગાંધી માર્ગ, અમદાવાદ.

આપણી સંસ્થાઓ

ગૃહ-વિજ્ઞાન પાઠશાળા

વડોદરાની યુનિવર્સિટીને અંગે સ્ત્રીઓ માટે એક ગૃહવિજ્ઞાન પાઠશાળાની યોજના પ્રગટ કરવામાં આવી છે. કન્યાઓ અને કુમારો માટે એક જ ધોરણે અને એક સરખા વિષયો શીખવતી પાઠશાળાઓ વડોદરામાં તેમ જ ગુજરાતનાં કેટલાંક શહેરોમાં છે. છોકરા તથા છોકરીઓને એક સરખે જ ધોરણે અને સરખા જ વિષયોનું શિક્ષણ આપવું જોઈએ કે ભિન્ન સ્વરૂપનું એ વાદગ્રસ્ત વિષય બાજુ ઉપર રાખીએ, તો પણ કન્યાઓના જે મોટા સમૂહને અનુકૂળ આવે અને ભવિષ્યમાં ઉપયોગી થઈ પડે એવા વિષયોનું ઉચ્ચ શિક્ષણ, પદ્ધતિસર અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ આપનારી શિક્ષણ-સંસ્થાઓ હોવાની જરૂર તો સહુ કોઈ સ્વીકારે છે.

ઠાકરસી યુનિવર્સિટીમાં ગૃહવિજ્ઞાનનું શિક્ષણ આપવાની વ્યવસ્થા છે પરંતુ ઘણા વિશાળ પાયા ઉપર અને વૈવિધ્યથી એ શિક્ષણ અપાવું જોઈએ, તેમ જ વ્યાવહારિક અને રચનાત્મક દૃષ્ટિથી એની યોજના થવી જોઈએ તેવી એ યુનિવર્સિટીની કોલેજોમાં હજી સુધી થયેલી જોવામાં આવતી નથી.

દિલ્હીમાં લેડી અરવિન કોલેજમાં ગૃહવિજ્ઞાનની અનેક શાખાઓનું શિક્ષણ આપવાની સારી વ્યવસ્થા છે. પરંતુ તેમાં પણ ઘણા ઉપયોગી વિષયોનું શિક્ષણ અપાતું નથી. આ બધી ઊણપો દૂર કરવાના હેતુથી, અમેરિકામાં એ ઉપયોગી વિષયોનું શિક્ષણ આપનારી કોલેજોનો શિક્ષણક્રમ લક્ષમાં લઈને વડોદરા યુનિવર્સિટીને અંગે ગૃહવિજ્ઞાન પાઠશાળાની યોજના કરવામાં આવી છે.

વિજ્ઞાન, કલા, સમાજશાસ્ત્ર, શરીરવિજ્ઞાન, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, તત્વજ્ઞાન, રસાયણશાસ્ત્ર વગેરે વિવિધ ક્ષેત્રોમાં આ પાઠશાળાનો અભ્યાસક્રમ વહેંચાયેલો છે. એનું કેન્દ્ર હંમેશા વ્યક્તિગત અને કૌટુંબિક જીવન છે. "કળા અને વિજ્ઞાન જીવનલક્ષી ન હોય, જીવનસ્પર્શી ન હોય તો પરિણામ શૂન્યતામાં આવે છે" એમ આ પાઠશાળા અંગેના નિવેદનમાં યોગ્ય રીતે જણાવવામાં આવ્યું છે. અમેરિકાની પાઠશાળાઓનો અભ્યાસક્રમ લક્ષમાં રાખીને આ પાઠશાળાનો અભ્યાસક્રમ રચવામાં આવ્યો છે. પરંતુ આપણા દેશને અને આપણા જીવનને અનુકૂળ તે બનાવવાની દૃષ્ટિ રાખવામાં આવી છે એમ એનો અભ્યાસક્રમ જોતાં જણાય છે. અમેરિકામાં આ દિશામાં સને ૧૮૮૦માં એક નાનો પ્રયાસ શરૂ થયો. છેલ્લાં સિત્તેર વર્ષમાં ત્યાં ચારસો કોલેજોમાં એ અભ્યાસ શરૂ થઈ ગયો છે અને ૧૪૪ જેટલી સંસ્થાઓમાં ગૃહવિજ્ઞાન એક સ્વતંત્ર વિભાગ તરીકે કામ કરે છે. અમેરિકાની આઠ સંસ્થાઓમાં તો પુરુષ વિદ્યાર્થીઓ પણ આ વિષયો શીખે છે. એ પાઠશાળાઓના સંશોધન વિભાગમાંથી જીવન-તત્ત્વનિષ્ણાતો, ખાદ્યસંશોધન નિષ્ણાતો, પ્રયોગશાળામાં સંશોધન કરનારા, રેડીયો કાર્યક્રમના સંચાલકો, અધ્યાપકો, બાલવાડીના સંચાલકો અને શિક્ષકો તરીકે ઉપયોગી કાર્ય કરી રહ્યા છે. આ જાતની પાઠશાળાઓનો હેતુ સ્ત્રીઓને માત્ર ઉપયોગી ગૃહિણીઓ જ બનાવવાનો નહિ પણ આદર્શ નાગરિક બનાવવાનો છે.

આ પાઠશાળાને અંગે Extension service ને નામે ઓળખાતી એક વ્યવસ્થા કરવામાં આવી છે.

● શિક્ષકોને ●

ગુજરાત અને બૃહદ ગુજરાતમાં ખૂબ જ લોકપ્રિય બનેલ માસિક 'જીવન-પ્રકાશ'નું વાર્ષિક લવાજમ નવ રૂપિયા હોવા છતાં સૌરાષ્ટ્ર અને ગુજરાતના પ્રાથમિક શિક્ષકોને તે પડતર કિંમતથી પણ ઓછા લવાજમમાં એટલે વાર્ષિક માત્ર છ રૂપિયામાં આપવાનું નક્કી થયું છે. એમાં વિવિધ સામગ્રીથી ભરપૂર આશરે ૬૪ થી ૮૦ પાનાં દર મહિને અપાય છે. વર્ષમાં બે ખાસ અંકો ગ્રાહકોને મળે છે. આ લાભ મેળવવા આજે જ લવાજમ મોકલો:

જીવન-પ્રકાશ કાર્યાલય, રાજપુર [કડી.]

તે વિભાગમાં કામ કરતા કાર્યકરો શહેરનો એક વિભાગ, કે નજદીકનું એક ગામડું પસંદ કરે છે અને પોતાના કાર્યક્રમો સાથે ગૃહ વિજ્ઞાનનો સંદેશો ત્યાં પહોંચાડવા માટે પોતાની શકિત કામે લગાડે છે.

આ ગૃહવિજ્ઞાન—પાઠશાળાનો અભ્યાસક્રમ હિન્દનું સામાજિક જીવન, વ્યક્તિગત જીવન, ભૌગોલિક પરિસ્થિતિ અને હિંદની સંસ્કૃતિને લક્ષમાં લઈને યોજવામાં આવ્યો છે.

પાઠશાળાનો અભ્યાસક્રમ એવો રાખવામાં આવ્યો છે કે પ્રથમ બે વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓને દરેક વિષયનું પ્રાથમિક પણ જરૂરી એવું શિક્ષણ મળી શકે. આટલાં બે વર્ષ શીખીને કોઈ વિદ્યાર્થિની પાઠશાળા છોડી જાય તો પણ તેને ગૃહવિજ્ઞાનનું જરૂરી પ્રાથમિક જ્ઞાન મળી રહે. કુલ અભ્યાસક્રમ ચાર વર્ષનો રાખવામાં આવ્યો છે. પાછલાં બે વર્ષમાં અનેક ઐચ્છિક વિષયોના સમૂહમાંથી અમુક પસંદ કરવાના હોય છે. આ ચાર વર્ષના અભ્યાસક્રમને અંતે એવી ધારણા રાખવામાં આવી છે કે 'વિદ્યાર્થિનીને પોતાના ઐચ્છિક વિષયોનું જ્ઞાન મળી રહે અને બીજા જરૂરી વિષયોના જ્ઞાન મારફત પોતાનું વ્યક્તિત્વ તે વિકસાવી શકે. ટૂંકમાં કહીએ તો વિદ્યાર્થિનીમાં સામાજિક, રાજકીય અને આર્થિક પ્રશ્નો ઉકેલવાની શક્તિ આવે, કુટુંબની અને સમાજની માનસિક અને શારીરિક તંદુરસ્તી સુધારવામાં મદદરૂપ થઈ શકે તેમ જ કમાઉ વ્યકિત તરીકે તે આર્થિક સ્વતંત્રતા પણ મેળવી શકે."

આ પાઠશાળામાં પ્રાણીજશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્રનાં મૂળતત્વો, પ્રાથમિક ખોરાક અને પોષક તત્વો, સામાન્ય ભૌતિક અને પ્રાકૃતિક રસાયણશાસ્ત્ર, સામાન્ય માનસશાસ્ત્ર, સાહિત્ય, લલિત વાઙ્મય, આરોગ્ય વિજ્ઞાન, લયબદ્ધ વ્યાયામ અને રમતો, સમાચાર શિક્ષણ, (Current Topics), ગૃહ વ્યવસ્થા, બાલવિકાસ, લગ્નસંસ્થા અને કૌટુંબિક સંબંધો, હસ્તઉદ્યોગ, જંતુશાસ્ત્ર, કેળવણીનો ઇતિહાસ, ગૃહસજાવટ, ગૃહયોજના, બાળસંભાળ, સગર્ભા સ્ત્રીનો ખોરાક અને પોષણ વગેરે વિષયોની વ્યવસ્થા રાખવામાં આવી છે. આમાંના કેટલાક વિષયો ઐચ્છિક અને કેટલાક ફરજિયાત છે.

આ ઉપયોગી સંસ્થાની સફળતાનો આધાર જાહેર જનતા તરફથી તેને જે ઉત્તેજન મળે તે ઉપર તેમ જ વિધવિધ વિષયોના શિક્ષકો તેમ જ તેમની શિક્ષણ માટેની નિષ્ઠા તથા શિક્ષણ પધ્ધતિ ઉપર રહેલો છે. અમે આ નવીન સાહસને સર્વ રીતની સફળતા ઇચ્છીએ છીએ.

સૌરાષ્ટ્ર પ્રાંતની પ્રાથમિક શાળાંત પરીક્ષા

માટેના નવા અભ્યાસક્રમ અનુસાર લખાએલ સર્વોત્તમ પુસ્તકો

ટ્રેનિંગ કૉલેજોના અનુભવી વિદ્વાનોને હાથે લખાયેલાં અમારાં પ્રાથમિક શાળાંત પરીક્ષા માટેનાં પુસ્તકો ગુજરાત-સૌરાષ્ટ્રના શિક્ષકો તથા વિદ્યાર્થીઓમાં લોકપ્રિય નીવડ્યાં છે અને માત્ર એક જ વર્ષમાં એની પહેલી આવૃત્તિ ખપી ગઈ છે. દરેક પુસ્તક પરીક્ષાની દૃષ્ટિએ ઉપયોગી અને સંગીન પુરવાર થયેલું છે. એટલે અનુભવી શિક્ષકો હવે માત્ર અમારાં જ પુસ્તકોની માગણી કરે છે.

૧ **શાળાંત નિબંધ** [કિંમત રૂ. ૧–૮–૦] શ્રી. શંભુપ્રસાદ ભટ્ટ એમ. એ. બી. ટી. ડીપ. પી. ઇડી.
૨ **શાળાંત ભાષા** [કિંમત રૂ. ૧–૮–૦] શ્રી. શંભુપ્રસાદ ભટ્ટ એમ. એ. બી. ટી. ડીપ. પી. ઇડી.
૩ **શાળાંત ભૂગોળ** [કિંમત રૂ. ૧–૮–૦] શ્રી. ચન્દ્રકાન્ત મહેતા એમ. એ. બી. ટી.
૪ **શાળાંત ઇતિહાસ** [કિંમત રૂ. ૧–૮–૦] શ્રી. ચંદુલાલ ઠાકર, બી. એ; (ઑનર્સ) બેઝીક ટ્રેઇન્ડ
૫ **શાળાંત વિજ્ઞાન** [છોકરાઓ માટે] (કિં. રૂ. ૧) શ્રી. ચંદુલાલ સોની, બી. એસ સી. બી. ટી. „
૬ **શાળાંત વિજ્ઞાન** [છોકરીઓ માટે] (કિં. રૂ. ૧) શ્રી. ચંદુલાલ સોની, બી. એસ સી. બી ટી. „
૭ **શાળાંત ગણિત** [ભૂમિતિ ને નામા સાથે] (કિં. રૂ. ૨–૪–૦) શ્રી. ભાઈલાલભાઈ પટેલ બી. એસ સી. બી. ટી. બેઝીક ટ્રેઇન્ડ.

શિક્ષકોને યોગ્ય કમિશન આપવામાં આવશે. સૌરાષ્ટ્ર અમારાં જ પુસ્તકોને પસંદ કરે છે.

ચોકસી બ્રધર્સ બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ, બાલાહનુમાન સામે, ગાંધી રોડ, **અમદાવાદ**

માસિક ભવિષ્ય દર્શન

આપનો જુલાઈ માસ કેવો જશે ?–

'જીવન-પ્રકાશ' માટે જ ખાસ રજૂ કરનાર :
શ્રી. ચન્દ્રકાન્ત મ. શાસ્ત્રી [બામણગામવાળા]

મેષ: [અ.લ.ઈ.] શ્રીમાન્ ! તમે નસીબદાર માનવી છો. આ માસમાં તમારા કિસ્મતનો અદ્‌ભુત વિકાસ થશે. શરીર-સુખાકારી સારી રહેશે. ધનસ્થાનમાં બુધ-શુક્રદેવની જુગલ જોડી ભેગી થઈ છે ને પરાક્રમમાંથી સૂર્યદાદા પસાર થતા હોઈ લાભમાં ગુરુદેવની છાયામાં તમે મહાન સિદ્ધિ મેળવી શકશો. સામાજિક ક્ષેત્રમાં તમારી પ્રગતિ જોઈને દુશ્મનો ઝંખવાઈ જશે. સંતાનોને પીડા ઊભી થશે. ધંધામાં ગતિ સારી રહેશે. શત્રુભુવનનો મંગળ દુશ્મનોના દાવ નિષ્ફળ બનાવશે. નોકરીમાં કોઈ સારું માન મેળવશો. વેપારી હશો તો એકાદ રંગીલો ગ્રાહક મળી જતાં સારો નફો કરશો. શિક્ષકો, પ્લીડરો, કેમીસ્ટો, ડૉક્ટરો, સિનેમા, રંગભૂમિ, વેપાર, કલબો, મોટરવાળા કમાશે. તા. ૨, ૫, ૮, ૧૩, ૧૬, ૧૭, ૨૩, ૨૪, ૨૯, ૩૦ લાભદાયી છે.

આ રાશીની બહેનોનાં માન વધશે. પ્રજા અને પિયરના સારા સમાચાર મળશે.

વરખ: [બ. વ. ઉ.] શરીર-સુખાકારી સારી રહેશે પરંતુ વિચારોના બોજામાં માનસિક અશાન્તિ ઊભી થશે, શનિ તમને નડે છે. જે ધંધો કરો છો તેમાં નસીપાસ થાઓ છો. ધંધામાં કંઇ જ બરકત આવતી નથી. આ બધા સંજોગો આ માસથી બદલાશે. રાજદ્વારે ચાલતા કેસમાં તમારો જીત થશે. પ્રેમાળ પત્ની સંસારે સ્વર્ગનો લહાવો આપશે. એક મિત્રથી વિખવાદ થશે. પ્રવાસનો સંભવ છે. કોઈ નજીકના સગાનું અવસાન થતાં ચિંતાના સમાચાર સંભળાશે. પંચમ ભુવનનો મંગળ અને બીજા ગ્રહો જમીનદારો ને ખેડૂતોમાં અસંતોષ ઊભો કરતાં મામલો અદાલતે જશે. નોકરી કરનારા સારી ઉન્નતિ જોશે. શિક્ષણ, સાહિત્ય, સંગીત, નોકરી, વેપાર, રેલવે, રેશનિંગ, ખેતી, બાગાયત, કાયદાનું કામ કરનારા ફાવી જશે. તા. ૧, ૪, ૮, ૧૦, ૧૪, ૧૮, ૨૧, ૨૨, ૨૫, ૨૮ સારી ગણાય.

આ રાશીની બહેનોમાં આરોગ્ય જળવાશે. પિયરથી લાભ થશે. બહેનપણીઓથી મેળાપ થાય.

મિથુન : (ક. છ. ઘ.) બિરાદર ! તમારા જીવનની નૌકા આ માસમાં ખડકોમાં અથડાશે. નાણાંભીડમાં તમે કંટાળી જશો. આશા અને નિરાશામાં અટવાશો અને ન ધારેલી અનેક મૂંઝવણો રજૂ કરશે. કોઈ પવિત્ર માણસનો મેળાપ તમને માર્ગદર્શક બનશે. પરાક્રમમાં ભોગવાતો શનિ પરાક્રમનો ઉદય કરશે, પરંતુ ચોથો મંગળ કૌટુંબિક ને સાંસારિક ઝઘડાઓ કરાવશે. પ્રજા-પત્નીથી ખરીદીના ખર્ચા થાય. અણધાર્યા મહેમાનો આવી જશે. શ્રીમતીજીને ગરમીનું દર્દ થશે. પારકું જોઈને દિલ બાળશો નહિ. ભાગ્યમાં લખાયેલું છે તે તો અવશ્ય આવી જ મળશે. વેપાર કરનારા સાહસ કરશે તો પસ્તાશે. નોકરીઆતોમાં ઘણાની બદલીઓ થશે. ૨૫, ૨૮, ૩૬, અને ૪૧ વર્ષવાળાને ચાન્સ મળે. લેખકો, મુદ્રણાલયવાળા, રંગભૂમિ, દવાઓ, મશીનરીના ધંધાવાળા, ફીલ્મસ્ટારો, શિક્ષકો અને રાજદ્વારી નેતાઓના જીવન રંગભીનાં બની જશે. તા. ૬, ૧૩, ૨૫, ૨૮, લાભ આપશે.

આ રાશીની બહેનોએ આરોગ્ય જાળવવું. ગરમ પદાર્થો ન ખાવા. માસ મધ્યમ છે.

કર્ક : (ડ. હ.) જાગ્રત બનો શ્રીમાન ! આ માસમાં તમને અણધાર્યો લાભ થશે. ઋણાનુબંધ તમને

શ્રીમતી જરા હઠીલાં મળ્યાં છે. બહારથી આકળા થઇને ઘરમાં શાન્તિ શોધો પણ તે બનવું અશક્ય છે. હમણાં તો તમારો સિતારો ચમકતો છે. બે મહિનાથી જીવનમાં રંગભીના દિવસો ભોગવાય છે. નોકરીમાં બદલી થઈ સારી જગ્યા મળશે. ઈજ્જત–આબરૂ વધશે. ધંધામાં મચ્યા રહેશો તો અવશ્ય ફાવી જશો. લાભસ્થાનમાં શુક્ર–બુધદેવ તમને મદદરૂપ હોઈ, શુક્રની દશા સંસારે તમામ પ્રકારે સુખ આપશે. હવે કોઈ દરકત જેવું નથી. સોનું અને સુગંધ બન્ને મળી જશે. માન જશ વધશે. સ્ત્રી–સંતાનોથી સુખ રહેશે. ઘેર પારણું બંધાશે. અદાલતમાં દુશ્મનોને તમો હંફાવી દેશો. વેપારીઓ, શિક્ષકો, ડૉક્ટરો, ફીલ્મક્ષેત્રવાળા, પત્રકારો અને તમામ ધંધાવાળાઓ માટે આ માસ યાદગાર નીવડશે. તા. ૨, ૫, ૭, ૮, ૧૨, ૧૪, ૧૬, ૨૧, ૨૮ ભાગ્યશાળી બનાવશે.

આ રાશીની બહેનોનાં દુઃખ અને દારિદ્ર દૂર થશે. મહાદેવની સેવા કરવી.

સિંહ : [મ. ટ.] નિરાશામાં દબાઈ રહેલું તમારૂં જીવન આ માસથી ચેતનવંતું બની જશે. ભલેને હજારો અંતરાયો હશે તો પણ ટકી શકશે નહિ. કિસ્મતની કિતાબ બોલે છે કે સુભાગી સમય આવ્યો છે. આધિ-વ્યાધિ અને ઉપાધિઓનાં અંધારાં આથમી જશે અને સુખનો સૂરજ ઊગશે. લાભસ્થાનમાં સૂર્યદેવ ભોગવાતા હોઈ રાજદ્વારમાં રંગીલા ગ્રહોની જોડી તમારાં ધાર્યાં કાર્યો નિર્વિઘ્ને પાર પાડશે. ચારે બાજુથી વિજયની વધામણીઓ સાંભળશો. આરોગ્ય સુધરી જશે. ધર્મ દ્વારા તમારો ઉદય થશે. ધાર્મિક વિચારોથી આગળ વધશો. ઘેર પ્રજાના યોગો થશે. અદાલતમાં કેસ ચાલતો હોય તો જીતી જશો. શબ્દવ્યૂહ ભરનારાં લાભ જોશે. પત્રકારો, વેપારીઓ, લેખકો, મુદ્રણાલયવાળા, કલાકારો, નેતાઓ અને ધર્મ ધુરંધરોને માટે આ માસ ઉત્તમ છે. તા. ૪, ૬, ૧૧, ૧૨, ૧૮, ૧૯, ૨૪, ૨૯ રૂપિયાની રેલમછેલ કરશે.

આ રાશીની બહેનોને મહેમાનોનો આદર–સત્કાર કરવો પડશે. આરોગ્ય જળવાશે.

કન્યા : [પ. ઠ. ણ.] આવતી કસોટી સામે હવે તમારે જાગ્રત બનવું પડશે. ગયા માસમાં તમે ઘણા હેરાન થયા છો. આરામની દૃષ્ટિએ ગયો માસ સારો ગયો છે. બાકી બીજી બધી રીતે વ્યાવહારિક ઝઘડાઓમાં આખો મહિનો પસાર થયો છે. આ માસમાં દિનદશા શુક્રની થાય છે પરંતુ મંગળ હજી નબળો છે, તે શારીરિક સ્થિતિ બગાડશે. કાળજી નહિ રાખો તો ડૉકટરનાં ખિસ્સાં ભરવાં પડશે. પ્રવાસ થવાનો યોગ છે. જમીન બાબતમાં કોઈની સાથે તકરાર થશે, પનોતીમાં સાહસથી દૂર રહેવું જોઈએ. ચાલુ ધંધો શાન્તિથી સંભાળશો. ઘરમાં વડીલનો રોષ તમારા પર ઊતરશે. ભાઈ–ભગિનીઓ, માતા પિતા, ધન–કુટુંબથી તા. ૧૦ મી પછી સારૂં રહેશે. ચિંતા ન કરશો. આવતો માસ તમને સફળતા અપાવશે, ઈષ્ટની ઉપાસના કરો. તે સિવાય ધંધામાં ફાવટ નહિ આવે. શિક્ષકો, કાર્યકરો, જ્યોતિષીઓ, વીમાવાળા, પોસ્ટ, પોલીસ, રેલવે, વેપાર અને સાહિત્યની લાઈનવાળાના પાસા સવળા પડશે. તા. ૨, ૫, ૮, ૧૦, ૧૪, ૧૭, ૨૦, ૨૫, ૩૦ સારી ગણાય.

આ રાશીની બહેનોને માટે માસ મધ્યમ છે, શિક્ષિકાઓ અને નર્સો પ્રમોશન મેળવશે.

તુલા : (ર. ત.) તમારે તો શહેરની ચળકતી રોશનીમાં બંગલાના ઝરૂખામાં બેસવું છે પણ નસીબમાં એ વસ્તુ વિધાતાએ આલેખી નથી એનું શું થાય? તમે આપકર્મી બનીને આગળ વધશો. કંટાળશો નહિ. જીવનની ઘટમાળમાં કાલે સુખનો દિવસ આવશે. આ માસ તમારે માટે નબળો છે. સાત સાંધશો ત્યાં બીજાં તેર તૂટશે. વિચારોના બોજામાંથી ઊંચા આવી શકશો નહિ. અષ્ટમ ભુવને શુક્રબુધની યુતિ થઈ છે. ખર્ચસ્થાનમાં મંગળદાદા પડ્યા છે. એટલે જીવનમાં ક્ષણિક આવરણોના ઓળા પથરાઈ જતા જણાશે. આમ છતાં પાંચમો ગુરૂ તમને મદદરૂપ છે. આત્મબળ અને હિંમતથી માસ જાળવીને ગાળજો. વેપારી હો તે સાહસ જરાય ન કરશો. નોકરીઆત હો તો વખતસર ફરજ પર હાજર થજો. નોકરી કરનારાઓમાંથી ઘણાની બદલીઓ થશે. તા. ૧, ૬, ૧૦, ૧૧, ૧૬, ૨૨, ૨૪, ૨૭, ૨૮ લાભદાયી છે.

આ રાશીની બહેનોને શારીરિક ઉપાધિઓ નડશે. જાળવીને ચાલવા સલાહ છે.

વૃશ્ચિક : (ન. ય.) એક સરખા દિવસો કોઈના જતા નથી. 'સુખ પછી દુઃખ તો અવશ્ય આવે છે જ. મહાશય, તમારો ઉદય હમણાં થયો છે લાભમાં મંગળ ભોગવાય છે. સપ્તમમાં બે ગ્રહોનો યોગ અને ગુરૂની દિનદશા—આ બધા યોગો એવા ઉત્તમ છે કે ઘડીભર તમે મહાન વ્યક્તિ તરીકે ચમકી ઊઠશો. સ્ત્રી-સંતાન, માન-જશ, ભાગ્યોદય વગેરે બાબતમાં આ માસ ઉત્તમ છે. યશસ્વી પ્રગતિ અને તમામ આદર્શો આ માસમાં ફળીભૂત થશે. અત્યારે તો ગ્રહો તમને અનુકૂળ છે, એટલે ગમે તે ધંધો ભલે કરતા હો તો પણ લાભ સવાયો થશે. દુશ્મનોની મૂછનું પાણી ઉતારી શકશો. કોર્ટના કામમાં સફળતા મળશે. વેપારીઓને માટે માસ ઘણો સારો છે. નોકરી કરનારા ઉપરી અધિકારીથી ધન્યવાદ મેળવશે. નવીન મિત્રતા લાભદાયી ગણાશે. ઉચ્ચ અમલદારોમાં ઓળખાણો થશે. શિક્ષણ, સાહિત્ય, ફાર્મસીઓ, ડોક્ટરો, વકીલો, હોટલો, ભવિષ્ય જોનારા, ધાર્મિક પ્રવૃત્તિવાળા, રંગભૂમિ, સીનેમાવાળા અને વેપાર કરનારને ઘેર ધનના ઢગલા થશે. તા. ૭, ૯, ૧૦, ૧૫, ૧૭, ૨૦, ૨૫, ૨૬, ૨૮, ૩૦ ધાર્યો લાભ આપશે.

ધન : [ભ. ધ. ફ. ઢ.] રાજેશ્રી ! તમારા ભાગ્યમાં વૈભવ લખાયો છે. પણ દશા હમણાં નબળી છે. શનિ દેવે તમને હેરાન કરવામાં બાકી રાખી નથી. ધંધા પણ ઘણાય કરી ચૂકયા છો છતાં કિસ્મતે યારી આપી નથી. સગાં માટે તમે ઘસાઇ જાઓ છો પણ જશ નથી. નાણાંભીડ રહ્યા કરશે. શરીર ખાસ જાળવજો. વેપારી હો તો વાયદાનો વેપાર ન કરશો. અને શ્યામ રંગના માણસોથી સાવધ રહેજો. આ માસમાં એક જામીનગીરીનો પ્રસંગ થશે. તામસી પ્રકૃતિથી કોઈની સાથે લઢી પડશો. બને તેટલો વાણી પર કંટ્રોલ રાખજો. સગામાં ચાલતો કલેશ જરા મન મોટું રાખશો તો દૂર થશે. પત્ની તથા પ્રજાથી ખર્ચ વધ્યા કરશે. નાની નાની મુસાફરીઓ કરવી પડશે રોકાએલાં નાણાં આવતાં વાર થશે તા. ૧૧ પછીથી કંઈક રાહત મળશે. શ્રીમતીજીને પિયર જવું પડશે. એકંદરે માસ

આપત્તિ અને નિરાશા

ઈશ્વર તરફ પ્રેરે છે

પરંતુ તે આપત્તિ અને નિરાશામાંથી માર્ગ કાઢવા તમારા સમયની તાસીર જોવાની જરૂર રહે છે કેમકે જાણી ચૂક્યો સો. વરસ જીવે છે માટે સોનું ખોવાશે તો પાછું મળશે પરંતુ ગયો સમય પાછો નહિં મળે માટે તમારા સમયનું વહેણ કઈ, દિશામાં છે તે જાણવા તાકીદે

—: લખો યા મળો :—

હિન્દનું એક જ અને અજોડ પૂરવાર થઈ ચૂકેલ જ્યોતિષવિદ્યાનું પાયોનિયર મથક

નવચેતન જ્યોતિષ કાર્યાલય (રજીસ્ટર્ડ)

"જ્યોતિષરત્ન" "દૈવજ્ઞભૂષણ" } રાજજ્યોતિષી શીવલાલ વી. ખીરા
એસ્ટ્રોલોજર અને પામીસ્ટ

Tel. Add. 'Viso'
તારનું સરનામું 'વીસો'

ઠે. મણીઆર પ્લોટ, શેરી નં. ૩૧ : ખીરા નિવાસ : રાજકોટ (સૌરાષ્ટ્ર)
વધુ વિગત માટે દોઢ આનાની ટીકીટ બીડી અમારું સૂચિપત્ર મફત મંગાવો.

ઉપાધિવાળો ગણાય. તા. ૧,૬,૯,૧૦,૧૩,૧૫,૧૯,૨૨, ૨૬,૩૦ સારી છે. આ રાશીની બહેનોને ઘરમાં કડવા વેણ સહેવાં પડશે. જગદંબાની સેવા કરજો.

મકર : [ખ. જ.] આ માસમાં તમારા ભાગ્યનું પાસું સવળું થશે. ધનભુવનમાં ગુરૂદાદા અને પરાક્રમમાં રાહુદાદા પડયા છે તેમ જ શત્રુઓને દબાવી દેનારા સૂર્યદાદા પણ બળવાન થયા છે. આમ અત્યારના ગ્રહો તમારે માટે સારા કહી શકાય. આવો સોનેરી સમય ફરીથી આવવાનો નથી. તક ચૂકયા તો પસ્તાશો. આવકમાં સારો વધારો થશે. શરીર-સુખાકારી સારી રહેશે. ઘણી ન ધારેલી બાબતો અણધારી બની જશે. દેવની ગહન ગતિનો સારો અનુભવ થશે. પ્રેમાળ પત્ની અને નસીબદાર પ્રજા મહોબતના રંગમાં આનંદનો લહાવો આપશે. ઈજ્જત-આબરૂમાં વધારો થશે. શત્રુઓ નમતા આવે તેવા શુભ યોગ ભોગવાય છે. તા. ૫, ૯, ૧૦, ૧૨, ૧૪, ૧૮, ૨૦, ૨૬, ૨૭, યાદગાર નીવડશે.

કુંભ : [ગ. શ. સ.] લાખો નિરાશા છતાં એક આશાના સહચારે જ માનવી જીવી શકે છે. ગયા મહિનામાં ઉપરાઉપરી આફતોનાં વાદળો આવી ગયાં છતાં તમે હિંમતથી ટકી શકયા છો. હવે આ માસથી તમારા દિવસો પલટાય છે. ધનસ્થાનનો રાહુ અને અષ્ટમ ભુવનનો મંગળ આ બે પાપ ગ્રહોએ તમને પાયમાલ કરી દીધા છે. હઠીલાં પત્ની સાથે તમારા મનનો મેળ પણ ઓછો છે. ઘણું કમાઓ છો અને ઘસાઈ જતાં સુધી મહેનત કરો છો પણ પાછળ તો જશને બદલે અપજશ જ મળે છે. આ માસમાં તમારે માથે ઘણી જ મુશ્કેલીઓ હશે તો તે દૂર થઈ જશે. ગુરુની ઘેરી છાયા, અને બુધની દશા આ બંને તમારો માર્ગ નિષ્કંટક બનાવશે. પ્રજા-પત્ની ધન-કુટુંબના રંગમાં તમે બધુ દુઃખ-દર્દ વીસરી જશો. આમ છતાં ભાગીદારોમાં સામાન્ય વિખવાદ થશે. જો ધૈર્યથી કામ કરશો તો ચોક્કસ વિજયનો ડંકો વાગશે. ગાફેલ રહેશો તો દુશ્મનો રાજી થશે. હજી આટલો આ માસ જાળવી લો. તા. ૧, ૬, ૭, ૧૦, ૧૮, ૨૧, ૨૨, ૨૭, ૨૯, ૩૦ ચાન્સ આપશે.

મીન : [દ. ચ. ઝ. થ.] દશાના બળથી રાજા વિક્રમના હાથ-પગ કપાઈ ગયા હતા. દશાનાં બળથી ગાદીના માલિક પાંડવો વનવાસ ગયા હતા. તો આપણી જેવા સામાન્ય મનુષ્યને ગ્રહો દુઃખ દે તેમાં નવાઈ નથી. આ માસમાં તમારું શરીર બગડશે. બજારૂ ખોરાક લેશો તો માંદા થશો. શરદી-સળેખમ, માથાનો દુઃખાવો થશે. નાણાંની અણધારી ભીડ આવશે. પવિત્ર માણસોનો મેળાપ થતાં ભક્તિમાર્ગનો લહાવો લેવા દોડી જશો. મનની બળતરા ઘણી હશે છતાં લપાટા મારીને ગાલ રાતા રાખવા પડશે. રાત્રે ઊંઘ ઓછી આવે. મંગળની દશા, દેહસ્થાનમાં રાહુ અને સપ્તમમાં મંગળ છે તે ઘરમાં દવાઓના શીશા ખૂટવા દે નહિ. આવક હાથ પર ટકે નહીં. મિત્રો ખાઈને ખોદતા જશે. ઈષ્ટની ઉપાસના કરજો એથી આત્માની પ્રેરણા દ્વારા શાન્તિનો માર્ગ જડશે. વેપારીઓ અને નોકરીઆતોને સાવધાન રહેવાની સલાહ છે. તા. ૩, ૫, ૯, ૧૦, ૧૬, ૧૯, ૨૪, ૨૬, ૨૮, ૨૯ લાભદાયી છે. તા. ૨૦ મી પછીનો સમય સારો છે.

સર્વે જનાઃ સુખીનો ભવન્તુ ॥

પ્રાચીન જ્યોતિષ વિદ્યા હયાત છે તેની
ખાત્રી કરવી હોય તો

દશ પ્રશ્નો

રૂા. ૨-૮-૦ માં પૂછો

(પોસ્ટેજ અલગ)

સ્ત્રી, સંતાન, માન-જશ, ભાગ્યોદય, અકસ્માત લાભ, દેહપીડા, ગુપ્તધન, વારસો, ધંધામાં પ્રગતિ અને રૂપિયાની રેલમછેલથી સંપૂર્ણ સુખી ક્યારે થશો તે જાણવા તમારા મનને મુંઝવતા કોઈ પણ દશ પ્રશ્નો રૂા. ૨-૮-૦ માં પૂછો અને પ્રાચીન જ્યોતિષવિદ્યાનો અદ્ભુત ચમત્કાર જુઓ
પ્રશ્ન ટાઈમ, ઉમર અને ધંધા સાથે.
આજે જ લખો:-

ચંદ્રકાન્ત મ. શાસ્ત્રી (J. R.)
એસ્ટ્રોલોજર એન્ડ પામીસ્ટ
બામણગામ (વાયા : વાસદ) ગુજરાત

ગુજરાતનાં બજારોમાં

[વિજ્ઞાપન વિભાગ]

આજકાલ ચોરી, લૂંટફાટ અને અકસ્માતના કિસ્સા વધી રહ્યા છે. આગ અને અકસ્માત જેવી કુદરતી આફતોમાંથી પોતાની મહામૂલી વસ્તુઓને બચાવવા અને ફુલ્લડ, ચોરી, લૂંટફાટ જેવા કિસ્સામાં પોતાનાં મૂલ્યવાન ઘરેણાં, ઝવેરાત, કિંમતી દસ્તાવેજો વગેરેની સલામતી માટે 'કિશોર'ની લેટેસ્ટ ફેશનની સ્ટીલની મજબૂત તિજોરીઓ અને કબાટો પર સૌની પસંદગી ઊતરે છે. આપની જરૂરિયાત માટે આ સરનામે પત્રવ્યવહાર કરજો : **કિશોર સ્ટીલ પ્રોડક્ટસ, ૨૯, દાદીશેઠ અગિયારી લેન, જી. ટી. હાઈસ્કૂલ સામે, મુંબઈ ૨**

★

બાળકોના ટોનિક તરીકે જાણીતા થયેલ પેલા **'બાળુલીન'** માટે તમારે મુંબઈમાં પ્રિન્સેસ સ્ટ્રીટ પર પેલી બાજુ દેખાય તે બી. એ. એન્ડ બ્રધર્સની દુકાને જવું રહ્યું. છેલ્લાં અઢાર વર્ષથી એ હોસ્પિટલોમાં વપરાય છે અને ડાક્ટરો એની ભલામણ કરે છે. તમારાં બાળકોને તંદુરસ્ત, તેજસ્વી અને હૃષ્ટપુષ્ટ બનાવવા માટે એ અજમાવી જોજો. એના જાણીતા સોલ એજન્ટનું સરનામું નોંધી લ્યો : **બી. એ. એન્ડ બ્રધર્સ, ૯૮, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ-૨.**

અમૂલ્ય બનાવટો

સ્પેશિયલ ચહાનો મસાલો	સુરતી સંભાર યાને ગરમ મસાલો

ડી. ડી. ટી. યાને જુ-નાશ લોશન તથા પાવડર

મોહિની ચમેલી

: બનાવનાર :

શ્રી. અંબિકા મેન્યુફેક્ચરીંગ કું. કામરેજ ડી. સુરત

ભરપૂર કમિશનથી એજન્ટો નીમવાના છે

—આજે જ લખો—

મુસાફરીમાં પણ સાથે રાખવા જેવી અનેક રોગોની એક જ દવા 'જીવનધારા' અને શક્તિ માટે સર્વશ્રેષ્ઠ 'અમૃત-ગુટિકા' વાપરનારાઓ ખૂબ વખાણે છે. કોલેરા, સંગ્રહણી, શરદી, હાથ-પગ, માથું અને બદનનો દુઃખાવો, અજીર્ણ, પેટની ચૂંક, તાવ વગેરે અનેક દર્દોમાં 'જીવનધારા' સારું કામ આપે છે અને 'અમૃત ગુટિકા' દરેક ઋતુમાં સરખો ગુણ આપનાર શક્તિવર્ધક છે એટલે આ બન્ને દવાઓ પોતાના ઘરમાં ઘણાં સાચવી રાખે છે. તમારા ગામમાં દવાવાળાને ત્યાંથી મળશે. ન મળે તો-જે. એન. શેઠના, જીવનધારા ઓફિસ, નડિયાદ (ગુજરાત)-એ સરનામે લખી શકો.

એક પ્રખ્યાત, ડાકટરનો અભિપ્રાય

સ્વીટ્ઝરલેન્ડ ઝુરીચ યુરોપવાળા-મુંબઈ હોટલ મેજેસ્ટીકથી ડાક્ટર **સ્વામી બ્રહ્માનંદ એમ. એ. (ઑક્સફર્ડ) પી. એચ. ડી. (બરલીન) એમ. ડી., એલ. આર. સી. પી. (લંડન) એફ. આર. સી. એસ. (લંડન)** લખે છે કે—"ગરીબ દરદીઓના હિતને ખાતર જણાવતાં આનંદ થાય છે કે આપની **'બાદશાહી ચાકુતી'**નું મેં પોતે બારીકાઈથી તપાસ કરી તેનું પૃથક્કરણ કરેલ છે અને તે વિષે મારો અભિપ્રાય જાહેર કરું છું કે પોતાની મૂર્ખાઈથી કે અજ્ઞાનતાથી ગુમાવેલી શકિતને ફરીથી જાગ્રત કરવા સારૂ જે જે દવાઓની આવશ્યકતા છે તે દવાઓ આપની આ ગોળીમાં છે. જો કોઇ મારી સલાહ માગશે તેને હું તે દવાની ભલામણ કરીશ અને ભાર દઈને કહીશ કે તે મનુષ્યોને માટે આ દવા એક આશીર્વાદ-રૂપ જ છે. આ મારો અભિપ્રાય પ્રસિદ્ધ કરવાને આપને રજા આપું છું."

દવા મળવાનું ઠેકાણું :

ડૉ. કાલિદાસ મોતીરામ

આયુર્વેદીક ફાર્મસી (૭) રાજકોટ

: મુંબઇમાં દવા મળવાનું ઠેકાણું :

મેસર્સ કેમ્પ એન્ડ કું. એલફીન હાઉસ, કેડલ રોડ અને તેની શાખાઓ—

મંડળના સમાચાર

ઊગતા લેખકો અને કલાકારોને

હસ્તલિખિત અખબાર પરિષદના જનરલ સેક્રેટરી શ્રી. રજનીકાન્ત પી. મહેતા ધોરાજીથી જણાવે છે કે કુમારસાહિત્ય અને હસ્તલિખિત અખબારોની પ્રગતિને વેગ આપી સંસ્કાર, સાહિત્ય અને કલાના વિકાસ માટેની પ્રવૃત્તિઓ કરવાનું 'હસ્તલિખિત અખબાર પરિષદ'નું ધ્યેય છે, ધોરાજીના લોકપ્રિય અગ્રગણ્ય શહેરી સ્વ. શેઠ રેવાશંકરભાઈ વનેચંદભાઈ પારેખના સુપુત્ર શ્રી. સુરેન્દ્રકુમાર પારેખ આ સાહિત્યિક સંસ્થાના પ્રમુખ છે. સાહિત્યમાં રસ ધરાવનાર ૨૫ વર્ષની વય સુધીના સહુ કોઈને આ સંસ્થાના સભ્ય બનવા આમંત્રણ છે. વધુ વિગતો માટે શ્રી. સુરેન્દ્ર આર. પરીખ, લક્ષ્મી-નિવાસ, પ્લોટ, ધોરાજી (સૌરાષ્ટ્ર) એ સરનામે લખવું. પરિષદની વાર્ષિક સભ્ય—ફી માત્ર ચાર આના જ છે.

વાળંદ યુવક પ્રગતિ મંડળ

શ્રી લીંમ્બચિયા વાળંદ યુવક પ્રગતિ મંડળના સહમંત્રી શ્રી. હીરાલાલ નરોત્તમદાસ પાટણ (ઉ ગુજરાત) થી જણાવે છે કે આ મંડળ પાટણમાં લિમ્બચિયા વાળંદ જ્ઞાતિમાં આજે છેલ્લાં નવ વર્ષથી કેળવણીનો પ્રચાર કરી જ્ઞાતિ–પ્રગતિનાં કાર્યો હાથ ધરી રહેલ છે. એના આશ્રયે નીચેની પ્રવૃત્તિઓ ચાલે છે; (૧) બાલ મંદિર (૨) ફ્રી લાયબ્રેરી (૩) લોન લાયબ્રેરી (૪) ફરતું પુસ્તકાલય (૫) કલા પ્રદર્શન (૬) વાર્ષિક પારિતોષિક—સમારંભ (૭) માંદાની માવજત ખાતું (૮) યુવક કલબ (૯) પ્રાચીન વસ્તુ સંગ્રહસ્થાન. આ ઉપરાંત પ્રચારસભાઓ, વાર્ષિક સમ્મેલનો, ઉત્સવો વગેરે યોજાય છે. આ સંસ્થાની મુલાકાતે મુંબઈ ધારાસભાના સભ્ય શ્રી. વિજયકુમાર વકીલ, વડોદરા રાજ્ય પ્રજા મંડળના માજી પ્રમુખ શ્રી. ચુનીભાઈ શાહ, મુનિશ્રી સંતબાલજી, મહેસાણા જીલ્લા રાયકામંડળના મંત્રી શ્રી. કરશનભાઈ રાયકા, શ્રી. પુનમચંદ શાહ, 'મહાગુજરાત'ના તંત્રી શ્રી. પ્રહ્લાદ પરમાર વગેરે આવી ગયા છે. અને સૌએ મંડળના કાર્યથી સંતોષ વ્યક્ત કર્યો છે. નજીકના ભવિષ્યમાં 'સ્ત્રી—ગૃહઉદ્યોગ' ખાતું ખોલવા માટે મંડળ પ્રયત્ન કરી રહ્યું છે. આવી સુંદર પ્રવૃત્તિઓ કરનાર આ મંડળને દાનવીરો, સજ્જનો અને સન્નારીઓ યોગ્ય આર્થિક મદદ કરી એના કાર્યને જીવંત રાખે એવી વિનતિ મંત્રીએ કરી છે.

"ઝંડાછાપ" મલમ
દરાજ, ખસ, ખુજલીને જડમૂળથી નાબુદ કરે છે. કપડાંને ડાઘ પડતા નથી. સી. સી. મહાજનની કાં. મુંબઈ ૨.

બાળકને હસતું-રમતું અને કિલ્લોલ કરતું જોવા માટે
કાઠિયાવાડી બાલામૃત સોગઠી
(રજીસ્ટર્ડ) અજમાવો
વૈદ્ય નવનીધરાય હરજીવનદાસ મહેતા, ભાવનગર

કોમળ ચામડીના નકામા વાળ દૂર કરવા માટે
જગપ્રસિદ્ધ સુવાસિત
બાદશાહી
સાબુ ∘ પાવડર ∘ લોશન
નાજુક ચામડીને મુલાયમ રાખી ચમત્કારીક રીતે કામ આપે છે.
: બનાવનાર :
સી. સી. મહાજનની કાં. મુંબઈ ૨

રજીસ્ટર્ડ નં. ૫૨૯

પંદરમી આગસ્ટ

૧ · ૯ · ૪ · ૭

મહામૂલી સ્વાધીનતા પધારે છે

ખંજરો અને ખૂન : કોમવાદ અને ભાગલા : કાળાં બજાર અને ભૂખમરાની ગજબનાક સાંઘરાણીમાં મોંઘી સ્વાધીનતા પધારે છે

બધું નહિ તો પોણુ બસો વર્ષ પહેલાંની કલ્પના જ તરવર લાવતી હશે ને, આ અકાળે વૃદ્ધ શરીરને ?

તંત્રી ● ઈશ્વરલાલ ર. દવે એમ. એ. ● ● કલા-નિયોજક ● 'શનિ' ● ● સંપાદક ● મોહનલાલ ધ. દવે

જીવન પ્રકાશ

[મહાગુજરાતનું માનીતું માસિક]

આપ હજી એના ગ્રાહક નથી થયા ?

- ગુજરાતનાં સર્વ માસિકોથી એનો રાહ જુદો તરી આવે છે. પોતાના ગ્રાહકોમાંથી એ એક મંડળ ઊભું કરે છે અને એ મંડળના સભ્યોમાં બંધુભાવ અને સંગઠનની ભાવના પ્રેરે છે.
- એના ગ્રાહક-મંડળમાં જોડાયેલ વ્યક્તિ કે સંસ્થાનું હિત એ હંમેશા વિચારતું રહે છે એમની સાથે એ જીવંત સંપર્ક સાધે છે એમના જીવનની ઝંખનાઓને આકાર આપવાના પ્રયાસમાં આ માસિક તેમને સહાયભૂત અને સાધનરૂપ બને છે. એમની જીવન-સાધનાના માર્ગનું એક પગથિયું બનવા ઈચ્છે છે.
- લોકશાહીના ધોરણે એ પોતાની પ્રણાલિ રચવાના મનોરથ સેવે છે ગ્રાહક સભ્યોનો અવાજ એમાં ઝીલાય છે.
- અગત્યની વાત તો એ છે કે કોઇ પણ વ્યક્તિ કે સંસ્થાએ ભરેલ લવાજમનો બદલો એ બીજા સ્વરૂપમાં તરત વાળી આપે છે અને માસિક તો ફ્રી પડે છે. વાર્ષિક લવાજમ અને સભ્યફીના મળીને દસ રૂપિયા (પરદેશ માટે ૨૨॥ શિલીંગ) ભરનારને એટલીજ કિંમતની જગ્યા પોતાના અંગત ઉપયોગ માટે અગર જાહેરાત માટે માસિકમાં ફ્રી મળે છે અને એ રીતે લવાજમનો બદલો તો તરત વળી જાય છે. બાર માસ સુધી માસિક 'મળતું' રહે છે તે નફામાં.

ઝાઝા સામયિકો આપ મગાવી શકતા ન હો અગર વાંચવાનો સમય ન મેળવી શકતા હો તો આ એક જ માસિક આપને માટે બસ થઈ પડશે. દરરોજની પાંચ પાઈમાં આપને એ ઘણું આપશે.

- આકર્ષક જેટલા વિભાગોદ્વારા એ રોચક સામગ્રી પીરસે છે. વર્તમાન જીવન અને રાજકારણમાંથી ઉપસાવેલાં કટાક્ષ-ચિત્રો આપે છે.
- આપ એ નિયમિત વાંચો છો તો પછી વાર્ષિક ગ્રાહક-સભ્ય બનીને બીજા લાભ શા માટે નથી ઉઠાવતા?
- આ અંકમાં અન્યત્ર આપેલ કૂપન કાપીને લવાજમ સાથે આજે જ મોકલી આપો.

જાહેરાત આપનારાઓને—

આપની જાહેરાત માટે 'જીવન-પ્રકાશ' સરસ સાધન અને ઉત્તમ વાહન છે; કારણ કે....

- ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ, હિંદના બીજા પ્રાંતો અને દરિયાપારના પ્રદેશોમાં જ્યાં જ્યાં ગુજરાતી બોલનાર પ્રજા વસે છે ત્યાં ત્યાં આ માસિક જાય છે.
- કચ્છ-કાઠિયાવાડ-ગુજરાતના રાજા-મહારાજાઓ, તાલુકદારો, સરકારી-દરબારી અમલદારો, મીલ-માલિકો, ઉદ્યોગપતિઓ, વ્યાપારીઓ, જમીનદારો અને અન્ય ધનિકો તેમ જ સારી ખરીદશક્તિ ધરાવનારા વર્ગમાં એ રસપૂર્વક વંચાતું હોવાથી આપની જાહેરાતનું એ સુંદર પરિણામ લાવે છે.
- ગુજરાતી ભાષાનાં સામયિકોમાં એ નવો ચીલો પાડતું હોવાથી સમસ્ત ગુજરાતનું એણે ધ્યાન ખેંચ્યું છે. ઘર ઘરનું એ પ્રિય માસિક બની ગયું છે. એના એજન્ટો ને પ્રચારકો ગામેગામ ફરી વળે છે.
- હજારો વાચકોના હાથમાં એ એક માસ સુધી ફરતું રહે છે ને પછી ફાઇલમાં બંધાય છે એટલે જાહેરાતની અસર કાયમી બને છે.
- ખાસ જાહેરાતો માટે એણે નવી અને "આકર્ષક" પદ્ધતિ ઉપજાવી છે. આ માસિકમાં આવેલી જાહેરાતનો જવાબ તરત મળે છે.
- આપનો સંદેશો એ દૂર દૂરનાં ગામડાં સુધી ફરી જાય છે અને જનતામાં એ એકસરખું પ્રિય હોવાથી સર્વ કક્ષાના વાચકો સમક્ષ એ આપની જાહેરાત ધરે છે.

એની જાહેરાતની યોજના, ભાવ, અન્ય વિગતો વગેરે માટે આજે જ લખો:

જીવન-પ્રકાશ કાર્યાલય રાણપુર

[કાઠિ. B. S. Ry.]

ઑગસ્ટ ૧૯૪૭

જીવન-પ્રકાશ

વર્ષ ૧ અંક ૫

જીવન, સાહિત્ય અને સંસ્કારનું અદ્યતન માસિક

ભારતનો વારસો

ભારતવર્ષની પાસે તેનો ભવ્ય વારસો પડેલો છે; અને તેની રચના આખી માનવજાતિની સંસ્કૃતિનાં સારભૂત તત્ત્વો પર થયેલી હોઇ, એ પાયો ઘણો વિશાળ છે. આપણે મૂળિયાં વિનાની પ્રજા છીએ, ને નિરંતર બદલાતી ક્ષણજીવી ફૅશનોમાંથી ક્ષણિક પ્રેરણા મેળવીએ છીએ, એવું હરગીઝ નથી. આપણને તો એમ શીખવવામાં આવ્યું છે કે જગતની ભૌતિક સંપત્તિ ક્ષણભંગુર છે, અને શાશ્વત ને અવિનાશી તો એકલો આત્મા જ છે. સંજોગો ને પરિસ્થિતિના ભારે બોજા નીચે એ આત્માને દબાઇ જવા ન દેતાં આપણે તેની રક્ષા કરવી જોઇએ ને તેને જાગતો રાખવો જોઇએ.

ભારતીય સંસ્કૃતિએ વિચાર અને ઉપાસનાની સ્વતંત્રતાનો આદર્શ સેવ્યો છે. જો કે વચ્ચે વચ્ચે સમયના એવા ગાળા આવી ગયેલા ખરા, જ્યારે એ આદર્શ પ્રત્યેની નિષ્ઠા નબળી પડેલી, ને બીજા કેટલાક ગાળા આવેલા, જ્યારે એ નિષ્ઠાને ગ્રહણ થયેલું. ભારતવર્ષે યહૂદી, ખ્રિસ્તી, પારસી ને મુસલમાન એ સહુને આવકાર આપેલો. તેણે એ સહુને પોતપોતાના આચાર-વિચારનું પાલન કરવાની છૂટ આપેલી; એટલું જ નહીં પણ તેમ કરવાની સગવડો પૂરી પાડેલી. મનુષ્ય માત્રનું મૂલ્ય ને ગૌરવ ઓળખવું ને સ્વીકારવું, ભેદમાં અભેદનું દર્શન કરવું ને આચાર-વિચારના ભેદ હોવા છતાં પરસ્પર સહકાર સાધવો એ ભારતવર્ષનું મુખ્ય ધ્યેય રહ્યું છે....

કોઇ પણ રાષ્ટ્રની રચના માણસોના લોહીને આધારે અથવા ધર્મને આધારે થતી નથી, પણ તેના પોતાના અનોખા જીવનપથને આધારે થાય છે. ભારતવર્ષ એ એક ભૌગોલિક શબ્દ તેમ વ્યક્તિઓનો સમૂહ પણ નથી. તે તો એક પ્રણાલિકા છે. વિચાર અને આચારની વ્યવસ્થા છે, અમુક મૂલગત આદર્શો પ્રત્યેની નિષ્ઠા છે, અને જે જે જાતિઓ ને ધર્મો આ દેશમાં ઘર કરીને રહ્યાં છે તે સહુએ એને પોષણ આપી તેની વૃદ્ધિમાં મદદ કરી છે....ભારતવર્ષ એટલે એક પ્રકારનું માનસ છે. તે કહે છે કે જે અદૃષ્ટ તત્ત્વ છે તે ખરેખર હસ્તી ધરાવે છે; ને એ આત્મા અંતરમાં રહ્યો રહ્યો આપણને પોકાર કરે છે.

—રાધાકૃષ્ણન્

જીવન-પ્રકાશનું પહેલું પાનું

માપબંધી

[૧]

રેશનનું પ્રમાણ ઘટ્યા પછી આપણી ગુજરાતણોની આ કમબખ્તી દૂર થઇ ગઇ !

માપબંધી [૨]

"તમે તો જલદી સાજા થઇ ગયા ને શું ! ટૉનિક શરુ કરી દીધું' !"

"નહિ......રેશનનું અનાજ લઇએ છીએ ને ! જવ-બાજરીથી પીશાબ સાફ આવે છે ને મકાઇ જુવારથી ઝાડો સાફ આવે છે ! એટલે આપોઆપ તબિયત સુધરે છે !"

કટાક્ષ : શબ્દોમાં

જ્યોર્જ બર્નાર્ડ શૉ–જગતનો એક મહાન નાટકકાર, કટાક્ષકાર, અને ચિંતક–અંસો વર્ષ સુધી જીવવાની મનીષા રાખીને હજી તો પોતાને યુવાન ઉંમરે પહોંચેલ

શૉ સૂક્તિ–

ઇંગ્લેન્ડનું મોટામાં મોટું સામર્થ્ય એ છે કે મોટા ભાગના અંગ્રેજો ઢોંગી ને ધુતારા છે !

*

અમે ઈંગ્લાંડમાં વેશપરિધાન અને રીતભાત પર બહુ ધ્યાન નથી આપતા; કારણ કે એક નિયમ તરીકે અમે સારી રીતે વસ્ત્રો પહેરતાં નથી અને એક નિયમ તરીકે અમે કોઇ રીતભાત રાખતા નથી.

*

તું તારે એનને પરણવું હોય તો પરણ. પણ એક અઠવાડિયા પછી એક મકાઇની રોટલીમાં રસ આવે તેથી વધારે પ્રેરણા તને એનામાંથી નહીં મળે.

માપબંધી [૨]

આ ી

[૩]

દિશે દિશા
દિલ-દિ
ર્યાં છે.

રચ લાગે છે. એના
તો.

*

જિંદગીભરનું સુખ ! કોઈ પણ માણુસ એ ન સહન કરી શકે; એને માટે એ પૃથ્વી પરનું નરક જ બને.

*

ચાલીસ વર્ષ પરનો દરેક માણુસ ું રો છે.

કાળાબજારનું બેરામીટર

રેશનના કાપરૂપી હવાનું દબાણ વધતું જાય, તેમ ભાવરૂપી પારો ઉંચે ચઢતો જાય છે. એ રીતે પારો કેટલે ઉંચે ચઢી શકે તે આંકડા જોવાથી અગર તમારા મોદી-કાપડી-આને પૂછવાથી માલુમ પડશે !



નાનકડી થેલીઓ ને ખોબો અનાજ જોઇને મા'રાજથી હજ પૂછાઈ જવાયું :

“દેવ-દર્શને ચાલ્યાં કે બેનો ?”

બેનોએ આપેલો જવાબ મા'રાજને સાંભળવો ગમે રો હતો– દિનકરરાવભાઈને નહિ !

[માધવબાગ પાસે નજરે જોએલું]

માપબંધી [૪]

આખી દુનિયામાં જ્યાં જુઓ ત્યાં સ્ત્રીઓએ પુરુષોને પકડવા માટે જાળ બિછાવી દીધી છે, જ્યાં જુઓ ત્યાં એને ફસાવવા માટે કાવત્રાંઓ ઘડી રાખ્યાં છે અને ઠેકઠેકાણે એના પતન માટે માર્ગમાં ખાડાઓ ખોદી રાખ્યા છે.

*

સારું છે કે હું જે કહું છું તે બધું મશ્કરીમાં કહું છું એમ કહીને કહું છું. નહીં તો આ ગાંડા માણસો મને ફાંસીએ જ લટકાવે—જો ખબર પડે કે આ મશ્કરીમાં નથી કહેતો પણ સાચેસાચ કહે છે.

*

જ્યારે કોઈ મૂર્ખ માણસ પોતે જેનાથી શરમ ઉપજે તેવું કામ કરતો હોય છે ત્યારે મનમાં એમ ઠસાવે છે કે એ પોતાની ફરજ બજાવી રહ્યો છે.

*

શહીદી એ એક જ એવો માર્ગ છે કે જેમાં માણસ શક્તિ વિના પ્રસિદ્ધિ મેળવી શકે છે.

*

જેમાં અંગ્રેજ માનતો હોય તે ખોટું કેમ હોઈ શકે? એ તો વદતો વ્યાઘાત છે.

*

અંગ્રેજો કદી ગુલામ નહીં બને: સરકાર અને જાહેર મત જેટલી છૂટ આપે તેટલા પૂરતા ક્ષેત્રમાં ગમે તે કરવા તેઓ સ્વતંત્ર છે.

*

જૂની સ્ત્રી સાથે ભાગી જવું એ વધારે સારું છે, નહીં તો એ દરમિયાન વળી કોઈ નવી સ્ત્રી સાથે મેળ થઈ જશે.

*

યહુદીઓ બિચારા સારા કે તમારી પાસેથી પૈસા લે છે, પણ તમને માલ તો આપે છે. જ્યારે મારા અનુભવ મુજબ બદલામાં કાંઈ પણ આપ્યા વિના તમારી પાસેથી કાંઈક લઈ જવા માનતા હોય એવા માણસો હમેશાં ખ્રિસ્તીઓ જ નીકળે છે.

કાવ્યકુંજ

આગમન

(સ્રગ્ધરા)

હૈયા કેરા અનેરા પુનિત જળ થકી આંગણું શીઘ્ર સીંચી
શ્રદ્ધાના શ્વેતવર્ણા નયનસુભગ ત્યાં સ્વસ્તિકો સૌમ્ય પૂરી
હર્ષોલ્લાસે ધ્રૂજન્તા કરમહિં ધરીને ભક્તિપુષ્પોની માળા,
ઘેલૂડાં મત્ત મારાં અનિમિષ નયનો માર્ગે તારે પરોવી,
નર્તન્તું ઊર્મિતાને મિલન અધીર આ હૈયું [illegible] ઊભો હું :
વ્હાલેરું નામ તારું પ્રતિપળ રટતો દ્વાર આગારના અગ્રે

તારા સન્માન કાજે ત્વરિતરચિત એ સ્વલ્પ સામગ્રીમાંહી,
'છે ક્યાં યે દોષ?' એવું હૃદયશંકિ થતાં, નેત્ર જ્યાં ફેરવું હું,
ત્યાં તો, સાચ્ચે, તને મેં ધીમું સ્મિત કરતો મત્સમીપે
નિહાળ્યો !

ક્યાંથી, કેવી રીતે તું અણદીઠ પથથી ઊતર્યો, એ ન જાણું;
જાણું હું માત્ર: તું છો મુજ સમીપ: રહ્યું અન્ય શું
જાણવાનું?*

—જયાનંદ દવે

એક અંગ્રેજી મુક્તક ઉપરથી સૂચિત

*

ઉપરતાને

: પૃથ્વી :

ગઈ નયનતારિકા—હૃદયરંજના; આત્મની
મનોહર સુમુગ્ધ સૌમ્ય રસચંદ્રિકા આથમી:
પ્રભા ઉરસરોજની પમરતાં હણી: ચિત્તની
તૂટી દિલરુબા; સર્યું સમદલાસ્ય ઉલ્લાસનું !...૧
સદા સ્મિત સુહાગથી વદન સોહતું; અંગપે
અનોખું રમતું હતું વિમળ તેજ સૌન્દર્યનું
ગમ્યું ન વિધિને છતાં જીવન એહ લંબાવવું
હર્યું હિમ કઠોર રે ! કુસુમ એ અખીલ્યાં પરે...૨
અહો ! હૃદય શુષ્ક સાવ સહરાસમું એકલું
છૂપાવી મુખ તપ્ત રેન મહીં ઊંડું શોચ્યાં કરે;
અને કદિ પનાળથી પ્રકટ વહ્નિજ્વાળા સમાં
નિસાસ સરતાં મૂંજે મનકમાનના કાંગરાઃ.. ૩
ન જંપ, નહિ સ્થૈર્ય—ના સમજ એક જાતા જતાં
ભર્યું જીવન ખાલી ખાલી અવકાશ જેવું દિસે !

—ભારદ્વાજ

આવે આઝાદી

દિશે દિશા લલકાર કરે, આવે હો આવે આઝાદી;
દિલ દિલ બુલંદ રણકાર કરે, આવે હો આવે આઝાદી.

બહુ દિન ઉપાડયાં ગરદન પર ઝંઝીરો કેરા ભાર,
બહુ દિન વસ્યા કારાગારે થઇ દીન, હીન, લાચાર;
આજ ગગનમાં ઉષા ઝળકતી, દૂર સરે અંધાર,
ફરી અમારાં ઉન્નત મસ્તક ને છાતી ટટ્ટાર.
નંદનવન શા દેશ તણી જાલીમો કરતા બરબાદી,
એ જોઇ રહ્યાના દિવસ ગયા, આવે હો આવે આઝાદી. ૧

જાલીમ તણી સંગીન સામે નિર્ભય છાતી ધરનાર,
વતન તણા ગૌરવને કાજે જીવન પાથરનાર,
કુરબાન બની આઝાદીની મહેલાત તણા ચણનાર,
કેમ ભુલાયે અણનમ વીરો અમ કાજે લડનાર.
જેના ભીષણ ભોગ થકી માભોમ તણી થઇ આબાદી,
દિલ એને આજ સલામ ભરે, આવે હો આવે આઝાદી. ૨

મા ! હર્ષ ન માતો હૈયે, તુજ કોટિ કોટિ સંતાન
જુગજુગજૂની ઝંઝીર તોડી બને ખરા ઇન્સાન.
વિજયી આજ ત્રિરંગી તારું જો ! લહેરાય નિશાન
ઊર્ધ્વ ગગનમાં, અને હસે જો ! ખુશખુશાલ આસમાન.
નિર્બલ તારી કાય બની ગઈ પરાક્રમોથી પોલાદી.
રાષ્ટ્રપિતાનાં સ્વપ્ન ફળે, આવે હો આવે આઝાદી.* ૩

— નાથાલાલ દવે

શાંતિગીત

[ગુલબંકી]

(૧)

યુવાન ! એહવો ભભૂક જ્વાળ !
કે જલી અનંત થાય , ભસ્મ,
ને અનંતમાં સ્થપાય શાંતિકાળ;
એહવો ભભૂક ક્રાંતિજ્વાલ !

(૨)

વહાવી ઓ યુવાન ? એહવી અજીબ પ્રીત
અનંત કાળ માટ વિશ્વ જીત !
કે અજીબ એહ પ્રીત જાદુથી
અનંતમાં ગવાય શાંતિગીત.

—શેખઆદમ શુજાઉદ્દીન આબુવાલા

* પંદરમી ઑગસ્ટે પ્રકટ થનાર 'સ્વાતંત્ર્ય-પ્રભાત' (૧૫ મી ઑગસ્ટ અને બીજાં કાવ્યો) નામક કાવ્યપુસ્તિકામાંથી.

પંદરમી ઓગસ્ટ

● ખરેખર આ ખંડિત હિંદ માટે આપણાં હજારો ભાઈ-બહેનોએ પોતાના પ્રાણ ન્યોચ્છાવર કર્યા હતા? અનેક બલિદાનોનું આટલું જ ફળ? અને પાછા તેને માટે આપણે હરખપદુડા થઈને ઉત્સવ ઉજવી રહ્યા છીએ? ન ભૂલીએ કે પંદરમી ઓગસ્ટનો ઉત્સવ, દુઃખથી ભરેલા ભૂતકાળ ને કસોટીથી ભરેલા ભવિષ્યકાળ વચ્ચેની એક ક્ષણ માત્ર છે. ●

પંદરમી ઓગસ્ટ (૧૯૪૭) હિંદના ઇતિહાસમાં એક નવા યુગનો પ્રારંભ કરનાર દિવસ બનવાનું મહત્ત્વ ધરાવે છે. છેલ્લાં અનેક વર્ષોથી સ્વાતંત્ર્ય અને સ્વરાજ્યનાં દર્શન ગુલામ હિંદને થયાં નથી. જેના વિશે અનેક કલ્પનાઓ ઘડી રાખી હોય એવા ઉલ્લાસના વિરલ દિવસો વ્યક્તિઓ માટે તેમજ દેશ માટે નિર્માણ થયા હોય છે. કોઈ મુગ્ધા જેમ એની પ્રણયરાત્રિ માટે અનેક ઉલ્લાસથી ભરચક એવાં સ્વપ્ન સેવી રાખે છે તેવી જ રીતે સમસ્ત દેશે સ્વરાજ્યપ્રાપ્તિ થતાં આનંદ અને પ્રમોદની, વિકાસ અને સમૃદ્ધિની કેટલીયે યોજનાઓ ઘડી રાખી છે, તેને અમલમાં મૂકવાનો સમય હવે આવી પહોંચ્યો છે.

છેલ્લી બે સદીનો ગુલામીનો ઇતિહાસ અનેક શરમજનક બનાવો, વેદનાઓ અને વ્યથાઓથી ભરેલો છે. ગુલામ દેશનો આત્મા લગભગ મરી ગયો હતો તે હવે સજીવ થાય છે. ગુલામીનાં આ વર્ષોમાં હિંદે શું શું સહન નથી કર્યું! તુમાખીભર્યા વિદેશીઓનાં અનેક અપમાનો 'રતનબાઇ' થઇને આ ગુલામ દેશના કમનસીબ અને કમતાકાત માણસોએ વેઠ્યા છે. જીવનનાં દરેક ક્ષેત્રમાં ગુલામ દેશ પાછળ રહી ગયેલ છે; સર્વત્ર, સર્વ કોઇ જીવનક્ષેત્રમાં પ્રગતિ થંભી ગઇ છે. ધર્મનું ક્ષેત્ર જુઓ; છે કશીયે આશાજનક પ્રવૃત્તિ? છે ક્યાંય ધર્મમાં શ્રદ્ધા? છે ક્યાંય જીવનદૃષ્ટિનો પ્રાદુર્ભાવ? સમાજજીવનમાં, લગ્નમાં, ધંધા-ઉદ્યોગોમાં, વિજ્ઞાનમાં, કલાઓમાં અને સાહિત્યમાં એ સર્વમાં સાહિત્ય ને કલાને અમુક અંશે બાદ કરીએ તો ક્યાંય પ્રગતિ દેખાતી નથી, ઉલટું જીવનશક્તિ ને જીવનરસનો હ્રાસ થયો દેખાય છે.

*

હવે સ્વરાજ્યની સિદ્ધિ થતાં પૃથ્વી પર સ્વર્ગ ખડું કરવાની માનવજાતિની અદ્દિ આકાંક્ષાઓ બર લાવવા માટે સૌ સાથે હિંદ પણ પ્રયત્ન કરશે. યુરોપ અને અમેરિકાએ જગત પર વર્ચસ્વ મેળવ્યું છે તે ફગાવી દઈને એશિયાના સર્વ દેશો ગુલામીમાંથી મુક્ત બને એવો પ્રયત્ન હિંદ કરશે. પણ જરા થોભીએ, આપણે જે ઉલ્લાસમાં ગરકાવ થઇએ છીએ તેની ભૂમિકા સદ્ધર છે કે કેમ? ખરેખર, આપણને સ્વરાજ્ય મળ્યું છે? હિંદનું ગૌરવ, એશિયાનું ગૌરવ, જગતની નવી જ પ્રગતિ...એ બધું પછી, પહેલાં એ વિચારીએ કે ખરેખર આપણને સ્વરાજ્ય મળ્યું છે?

એક ઐતિહાસિક કરુણાંત નાટક

હિંદનું વિભાગીકરણ એ એક ઐતિહાસિક કરુણાંત નાટક છે. બ્રિટિશ સરકારે હિંદની જનતાનો દ્રોહ કર્યો છે; મુસ્લીમ લીગે અસહ્ય જંગલી વર્તાવ કર્યો છે; કોંગ્રેસે હિંસાથી ડરી શરણાગતિ સ્વીકારી છે; અને ત્રણેય પક્ષોએ એક એવી મહાન રાજકીય ભૂલ કરી છે કે જેને માટે સમય જતાં સૌ પસ્તાશે.

—પુરુષોત્તમદાસ ટંડન

સ્વરાજ્ય મળ્યું છે, ખરેખર મળ્યું છે; અંગ્રેજો એમના ગાંસડાપોટલાં લઈને ખરેખર વિદાય થાય છે. પણ હિંદુસ્તાન અને પાકિસ્તાન એવા જે બે ભાગ છે તે હિંદની પ્રગતિને મહાન ફટકારૂપ છે. પાકિસ્તાનને પરિણામે વળી બંગાળ અને પંજાબના ભાગલા પાડવા પડ્યા છે. આ વિભાગીકરણ સ્વરાજ્યપ્રાપ્તિનો ૯૯ ટકા ઉત્સાહ હરી લે છે. આપણે આ વિદેશીઓની રમતમાં ખરેખર ફસાઈ ગયા છીએ. એક બાજુ વિભાગીકરણ સાથે સ્વરાજ્ય હતું, અને બીજી બાજુ

બહેનોએ પોતાના પ્રાણ ન્યોચ્છાવર કર્યા હતા? અનેક બલિદાનો અને એનું ફક્ત આટલું જ પરિણામ? હજુ—આખી રાત દળ્યું અને ફક્ત એક કોડિયું જ ભરાયું? અહિંસાનો આટલો મહાન પ્રયોગ, હિંસાનો આટલો બધો તીવ્ર કટુ અનુભવ, ને તે છતાં ફક્ત આટલું જ ફળ? અને તેમ આપણે પાછું એ સ્વીકારી લીધું અને હરખપદુડા થઈને એને માટે પાછા ઉત્સવ ઉજવીએ છીએ?

પૂર્ણ સ્વરાજની પ્રતિજ્ઞા

[૨૬મી જાન્યુઆરી ૧૯૩૦]

અમે માનીએ છીએ કે જેમ બીજી કોઈ પણ પ્રજાનો તેમ હિંદુસ્તાનની પ્રજાનો, પોતાનું તંત્ર ચલાવવાનો, પોતાની મહેનતનાં ફળ ભોગવવાનો, અને સામાન્ય સુખશાંતિમાં રહેવાના સાધન પ્રાપ્ત કરવાનો અને તેમ કરીને પોતાનો સંપૂર્ણ વિકાસ કરવાનો જન્મસિદ્ધ હક્ક છે. અમે એમ પણ માનીએ છીએ કે, જો કોઈ પણ રાજ્ય કોઈ પણ પ્રજાના આ જન્મસિદ્ધ હક્કો છીનવી લઈને તેમના ઉપર જુલ્મ કરે તો તે પ્રજાને રાજ્ય બદલવાનો અથવા તેનો નાશ કરવાનો પણ જન્મસિદ્ધ હક્ક છે. હિંદુસ્તાનમાં બ્રિટિશ સરકારે હિંદી પ્રજાનું સ્વાતંત્ર્ય હરી લીધું છે એટલું જ નહિ પણ દેશના કરોડો ગરીબને ચૂસીને પોતાનું રાજ્ય ચલાવ્યું છે અને દેશનું આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સત્યાનાશ વાળ્યું છે. એટલે અમે માનીએ છીએ કે હવે હિંદી પ્રજાએ એ રાજ્યની સાથેનો સંબંધ તોડી પૂર્ણ સ્વરાજ અથવા સંપૂર્ણ સ્વાતંત્ર્ય લીધે જ છૂટકો છે......

આપણા દેશનું આવું સત્યાનાશ જે રાજ્યને હાથે થયું છે તે જાણ્યા પછી તે રાજ્યને વધારે વાર તાબે રહેવામાં મનુષ્ય અને ઈશ્વરનો આપણે ગુનો કરશું એમ અમારો સ્પષ્ટ અભિપ્રાય છે. પણ અમે એ પણ માનીએ છીએ કે, અમારો સ્વાતંત્ર્ય મેળવવાનો અતિશય કાર્યસાધક માર્ગ હિંસાનો નથી પણ અહિંસાનો છે. એટલે અમે અમારાથી બને તેટલી હદ સુધી બ્રિટિશ સરકારનો આપણી ઇચ્છાએ ચાલતો સહકાર છોડીને એ રાજ્યમાંથી છૂટવાની તૈયારી કરશું અને સવિનય કાનૂનભંગને માટે પણ તૈયારી કરીશું.

આંતરવિગ્રહ સાથેની ગુલામી હતી. અંતે આપણે પહેલું પસંદ કર્યું. એક પણ માણસનું બલિદાન આપ્યા વિના મુસ્લિમ લીગને કેવળ ભૂતકાલીન બ્રિટિશ કૃપાને પરિણામે પાકિસ્તાન મળી ગયું.

અને હિંદને? વર્ષોથી હજારો માણસો જેને ખાતર હસતે મુખે ફના થઈ ગયા, ફાંસીએ ચડી ગયા કે કારાવાસમાં જિંદગીઓ પૂરી કરી: તો પણ હિંદને એના બદલામાં શું મળ્યું? ખંડિત હિંદ. ખરેખર આ ખંડિત હિંદ માટે શું આપણા હજારો ભાઈ-

ન ભૂલો કે પંદરમી ઓગસ્ટનો જે ઉત્સવ આપણે ઊજવી રહ્યા છીએ તે દુઃખથી ભરેલા ભૂતકાળ ને કસોટીથી ભરેલા ભવિષ્યકાળ વચ્ચેની એક ક્ષણ માત્ર છે. એ એક ક્ષણને માટે આપણે ભલે થોડો આનંદ હળવે દિલે કરી લઈએ. જીવનનો વિગ્રહ ભૂલી જઈને ફક્ત એક દિવસ ભલે આપણે આનંદપ્રમોદમાં વિતાવીએ. લૂલું-પાંગળું પણ જે સ્વરાજ્ય હિંદને મળે છે તે કાંઈ ભીખ ધર્માદામાં મળતું નથી. હિંદનો એને માટેનો પૂરો અધિકાર છે.

આઝાદ રાષ્ટ્રના નાગરિકોને શોભે તેવી શિસ્તની ભાવના—સંપૂર્ણ રાષ્ટ્રીયતા આપણાં જીવનમાં પ્રકટો ને વ્યાપક બનો! નવું રાષ્ટ્ર મહાન ને ભવ્ય બનો!

આ ગુલામ દેશનું એક સદ્ભાગ્ય કે એને સેવાભાવના અને શૌર્યની વિવિધ સંપત્તિથી સમૃદ્ધ એવા અનેક નેતાઓ મળી ગયા. અલબત્ત, છાપાંઓ જેમને મોટાં મોટાં 'હેડિંગો' કરી વિવેકબુદ્ધિ વિના હરહંમેશ ચારણભાટની જેમ બિરદાવે છે તે બધા જ નેતાઓ કાંઈ શો કેસનું સેંતું નથી, પણ એ બધાની વાત જવા દઈએ તો ઓછામાં ઓછા ત્રણ—ગાંધીજી, પંડિત જવાહરલાલ અને સરદાર પટેલની ત્રિપુટિ તો જગતના કોઈ પણ દેશને માટે ઈર્ષ્યા ઉત્પન્ન કરે તેવી છે. ભલે એ ત્રણેયનાં ક્ષેત્ર નિરનિરાળાં છે તે છતાં જગત એમને ન ભૂલી શકે એવું કોઈ માનવકલ્યાણ કે દેશકલ્યાણ કરવાના એમના સામર્થ્ય વિશે શંકા રહે તેવું છે નહીં. જે સ્થાન પાકિસ્તાનમાં જનાબ ઝીણાનું હશે, તે સ્થાન હિંદમાં સરદારનું હશે, પણ પાકિસ્તાન પાસે જવાહરલાલ અને ગાંધીજી નથી; જવાહરલાલ એટલે આંતરરાષ્ટ્રીય સંબંધો અને જગત-દૃષ્ટિ; ગાંધીજી એટલે વિશ્વપ્રેમ અને માનવતા. ગાંધીજીનું સ્થાન વિશ્વના ઇતિહાસમાં છે, જવાહરલાલનું સ્થાન જગતના ઇતિહાસમાં છે, સરદારનું સ્થાન હિંદુસ્થાનના ઇતિહાસમાં છે. પણ એક વિના બીજા બંનેનું કાર્ય અધૂરું રહે છે; ત્રણેય એક-બીજાના પૂરક છે.

*

ગુલામ દેશ આઝાદ દેશથી ઓછામાં ઓછો એક સદી જેટલો પાછળ રહી જાય છે. આઝાદ જગત સુધીનું એ અંતર આપણે જલદી વટાવવાનું રહેશે. આપણે એને માટે અનેક તૈયારીઓ કરવી પડશે. પ્રાંતીયતાની સંકુચિત મનોદશા છોડીને આપણે સમસ્ત હિંદની દૃષ્ટિએ વિચારવાનું રહેશે. પણ એ ઉપરાંત બે મહાન પ્રશ્નો આપણી સામે ખડા છે. રાજકીય દૃષ્ટિએ પાકિસ્તાન અને રાજસ્થાનો; આર્થિક દૃષ્ટિએ મૂડીવાદ અને મૂડીવાદીઓ.

પાકિસ્તાન સાથે નિરંતર વિગ્રહમાં ગૂંથ્યા રહેવું પડે તો કોઈ પણ પ્રકારની પ્રગતિને અવકાશ રહે નહીં. તેવી જ રીતે રાજસ્થાનો સાથેના સંબંધોમાં અત્યારે તો આપણે રાજસ્થાનો સાથે હળવે હાથે કામ લેવા માગીએ છીએ, પણ ભવિષ્યમાં રાજ્યકર્તાઓ અને તેમની પ્રજા વચ્ચેનો વિગ્રહ અનિવાર્ય બનશે. ત્યારે હિંદ કોનો પક્ષ લેશે? અને તે વેળા એક પક્ષમાં ભળી જતાં શી સ્થિતિ ઊભી થશે? આમ આ બે કાયમી ભયસ્થાનો વચ્ચે હિંદે જીવવાનું રહેશે.

એવું જ બનશે આર્થિક ને સામાજિક ક્ષેત્રમાં. મૂડીવાદીઓનો આશ્રય કોંગ્રેસને અત્યાર સુધી મળતો આવ્યો છે; કોંગ્રેસ તેમને છોડી શકી નથી. અલબત્ત, કોંગ્રેસે ગાંધીજીની આગેવાની નીચે દરિદ્રનારાયણને,

FREEDOM

Where the mind is without fear
and the head is held high;
Where Knowledge is free;
Where the world has not been broken up
into fragments by narrow domestic walls;
Where words come out from the depth
of truth;
Where tireless stirring stretches its arms
towards perfection;
Where the clean stream of reason
has not lost its way
into the dreary desert sand of dead habit;
Where the mind is led forward by thee
Into everwidening thought and action;
Into that heaven of freedom, my Father,
Let my country awake

—*Rabindranath Tagore*

કિસાનને, મજૂરને, હરિજનને, પીડિતને અને દલિતને પોતાના જ માન્યા છે અને કોંગ્રેસ એ જનતાની સંસ્થા બની છે. પરંતુ જ્યારે વર્ગ વર્ગ વચ્ચે વિગ્રહ થવાની પરિસ્થિતિ ઊભી થાય ત્યારે કોંગ્રેસ કોનો પક્ષ લેશે? એ બંને વચ્ચે સમાધાન અશક્ય બને ત્યારે કોંગ્રેસ કોનું સાચવશે? કોંગ્રેસ બિરલા અને દાલમિયાને ધમકાવશે કે રામજીભાઈને? કોંગ્રેસ પાસે આને માટે કોઈ નિશ્ચિત દૃષ્ટિ નથી.

*

આઝાદ બનેલું હિન્દ ગાંધીજીની વિચારણાને અનુરૂપ બને તેવો કોઈ સંભવ દેખાતો નથી. જગતના એક મહાન ઋષિનું જીવનકાર્ય હિંદમાં સફળ થાય તેમ દેખાતું નથી. ગાંધીજીનો એક પણ સિદ્ધાંત એના સાચા સ્વરૂપમાં હિંદ સાચવી શકે તેમ દેખાતું નથી. નવા રાષ્ટ્રધ્વજમાંથી રેંટિયો બાતલ કરવામાં આવ્યો છે; તેનો અર્થ એ છે કે ગાંધીજીની સમસ્ત જીવન-વિચારણાને નવા રાષ્ટ્રનાં ઘડતરમાં સ્થાન રહેતું નથી. અહિંસા, ખાદી, ગૃહઉદ્યોગ, ગામડું, સંયમ, ઉપવાસ, શુદ્ધિ, સંન્યાસ, બ્રહ્મચર્ય–ગાંધીજીનો એકેએક સિદ્ધાંત એમને સબહુમાન પાછો સોંપી દેવામાં આવે છે. હિંદ યુરોપ-અમેરિકાને માર્ગે, યંત્રયુગ ને વિજ્ઞાનયુગને અનુરૂપ પંથે પ્રયાણ કરવા ઇચ્છે છે. ગાંધીજી પોતાને 'વ્યવહારુ આદર્શવાદી' કહેવરાવે છે તે એમના પોતાને માટે, એમના પોતાના પૂરતું સાચું છે; બીજાને માટે તો એ 'આદર્શવાદી' જ રહ્યા છે. હિંદ ખરેખર એમને દગો દઈ રહ્યું છે, એ વિશ્વ-ઇતિહાસની એક કરુણિકા છે.

*

આપણે જે સ્વતંત્રતા પ્રાપ્ત કરી છે તેને માટે આપણે પૂરેપૂરા હકદાર અને લાયક છીએ તે

હિંદ દીર્ઘાયુ હો!

હિંદનું અવસાન થયું છે; ઘણું જીવો હિંદ! હિંદનું અવસાન થયું છે! જે હિંદને બંકિમચંદ્રે 'વંદેમાતરમ્'થી સ્તવેલ; જે હિંદને ઇકબાલે જગતનો સુંદરમાં સુંદર દેશ કહી સંબોધેલ; જે હિંદને જીવનભાવનાના મૂર્ત પ્રતીક તરીકે ટાગોરે આરાધેલ; જે હિંદને ખાતર અનેકોએ કારાવાસ ભોગવેલ, જેને ખાતર અનેકને કાળાં પાણીમાં મરવાનું પણ મીઠું લાગેલ, જેને ખાતર અનેકોએ સદાયને માટે માતૃભૂમિ તજેલ, અને જેને ખાતર ભગતસિંહ જેવા કેંક શૂરવીર ક્રાન્તિકારીઓ હસતે મુખે ફાંસીએ ચડી ગયા–તે હિંદનું અવસાન થયું છે; હિંદ દીર્ઘાયુ હો!

—એન સી. બેગ

આપણે પુરવાર કરવું જોઈએ—કેવળ શબ્દોથી નહીં, પરંતુ આઝાદ હિંદી તરીકેના પ્રાણવંત જીવનમાંથી. આજે નિર્માલ્યતા જ્યાં ત્યાં ઘર કરી ગઈ છે; તેને ફગાવી દઈએ. આઝાદીની ખુમારી સર્વત્ર પ્રકટવી જોઈએ. જો અધિકાર ને યોગ્યતા વિના આઝાદી પ્રાપ્ત થઈ હશે તો ઘડીના છઠ્ઠા ભાગમાં એનો નાશ થશે. આપણે સત્યને કબૂલ કરવું પડે છે કે એક રાષ્ટ્રપ્રેમીને–આઝાદ રાષ્ટ્રના એક નાગરિકને શોભે તેવી શિસ્તની ભાવના–વ્યવહારનિયોજિત રાષ્ટ્રીયતા આપણામાં હજી વ્યાપક બની નથી, એ ભાવના આપણા જીવનમાં પ્રકટો અને નવું રાષ્ટ્ર મહાન અને ભવ્ય બનો! પંદરમી ઓગસ્ટે આપણી એ પ્રાર્થના હો! પંદરમી ઓગસ્ટે આપણી એ પુણ્ય-પ્રતિજ્ઞા હો!

સ્વાતંત્ર્યના સ્વર્ગમાં

જ્યાં મન ભયમુક્ત છે, અને ગૌરવવંત મસ્તક ઉન્નત છે; જ્યાં જ્ઞાન નિર્બંધ છે; જ્યાં સંકુચિત કૂપ-મંડૂક સનોહરશાની દીવાલોએ જગતને ભાગલા પાડીને શીર્ણવિશીર્ણ કર્યું નથી; જ્યાં વાણી ગહન સત્યોનો આવિષ્કાર કરે છે, જ્યાં પૂર્ણતા પ્રત્યેના અનવરત પ્રયાસો સતત ગતિમાન છે; જ્યાં બુદ્ધિના સ્વચ્છ ઝરણાનો માર્ગ જડતાના રણ વચ્ચે લુપ્ત થયો નથી; જ્યાં વિચાર અને કાર્યના વિશાળતર થતા જતા પંથ પર તું અમારા માનસને દોરી રહ્યો હોય; સ્વાતંત્ર્યના એ સ્વર્ગમાં, મારા પિતા, તું મારા દેશને જાગૃત કરજે.

—રવીન્દ્રનાથ ટાગોર

ચાહ બનાવો એટલી
સહેલાઇથી
પૂરેપૂરી ખાત્રીવાળું
તદ્દન ત્યાર, મધુર
ખુશબોવાળું અને સસ્તું
• હેર ઓઈલ •
બની શકે છે
ફક્ત દસ મિનિટમાં
'ખંભાતવાળાની પડી'
થી

• આંબળાં, બ્રાહ્મી કે મેંદીનું તેલ તૈયાર થાય છે •
જાણીતા ગાંધી અને સરૈયાને ત્યાં વેચાય છે

ઔદ્યોગિક મશીનરી

• લુબ્રિકેટીંગ ઓઇલ •
• ગનમેટલ, વ્હાઇટ મેટલ •
• હાઇસ્પીડ ટુલ સ્ટીલ •
• બેલ્ટીંગ, કોલટાર •
• ડીઝલ એન્જિનો •
• દરેક જાતના પટા •
• ઓસના એટમાઇઝર •
• ઓસના ફ્યુલ પંપ •

— મીલ-જીન, મોટર અને મશીનરીને લગતા તમામ સામાન માટે —

કોકિલા ટ્રેડીંગ કુાં. કોલેજ રોડ, **રાજકોટ** [કાઠિ]

[મેસર્સ બર્ટમાયર બ્રધર્સ લિ. અને બોશ કુાં.ના એજન્ટો તેમ જ
સ્ટાન્ડર્ડ વેક્યુમ ઓઇલ કંપનીના ઓથોરાઇઝડ ડીસ્ટ્રીબ્યુટર્સ]

— તમારી જરૂરિયાતો માટે લખો યા મળો —

ભારતનો મુક્તિ-સંગ્રામ

એક ઐતિહાસિક રેખાદર્શન

છેલ્લાં બસો વર્ષની ગુલામીનો અંત પંદરમી ઓગસ્ટથી આવે છે. એ દિવસે આપણે આઝાદી માટેના સંગ્રામોમાં ફના થઈ ગયેલા વીર દેશભક્તોનું પુણ્ય સ્મરણ કરીએ—અને દેશસેવાના દૃઢ સંકલ્પ કરીને એમને અર્પણ કરીએ. એ વીર પૂર્વજોના વારસાને દીપાવીએ. આજે જે આઝાદી મળી છે તે ફક્ત બે-ચાર વર્ષની જહેમતનું પરિણામ નથી. અનેક લડતોમાં અનેક વ્યક્તિઓનું બલિદાન દેવાઈ ચૂક્યું છે.

ઈ. સ. ૧૫૭૯માં ફાધર થોમસ સ્ટીવન્સ નામનો એક અંગ્રેજ પાદરી હિંદમાં આવ્યો ત્યારથી અંગ્રેજ આગમનની શરુઆત થઈ. એણે હિંદની સમૃદ્ધિનાં વખાણ કર્યાં, તેથી તેના પરિચિતો લંડનથી આકર્ષાયા ને ઈસ્ટ ઈંડીઆ કંપનીની ૧૫૯૯માં સ્થાપના થઈ. ૧૬૧૫ માં થોમસ રો જહાંગીર પાસે આવેલો. ઈસ્ટ ઈંડીઆ કંપની વેપારી પેઢીમાંથી રાજકર્તા બની ક્લાઈવ અને વૉરન હેસ્ટિંગ્સ જેવાના સારા-નરસા પ્રયાસોને લીધે ૧૭૫૭માં પ્લાસીના યુદ્ધમાં ક્લાઈવે ગમે તેમ કરીને, મીરજાફર જેવા દેશદ્રોહીનો સાથ મેળવીને, વિજય મેળવ્યો ત્યારથી હિંદમાં અંગ્રેજી સત્તાનાં ઊંડાં મૂળ નંખાયાં.

*

જ્યારથી અંગ્રેજી અમલ શરુ થયો ત્યારથી જ અસંતોષ તો વ્યાપક હતો જ. ઈ. સ. ૧૭૭૨માં બંગાળમાં ૫૦૦૦૦ લુંટારાઓએ બંડ કરેલું. ઠગ અને પિંઢારાઓની ચળવળ પણ અંગ્રેજોની સામેની હતી. ૧૭૮૦થી ૧૮૭૦ સુધી લંબાયેલી વહાબી ચળવળ મુસ્લિમ હોવા છતાં હિંદુ-વિરોધી નહોતી, પણ અંગ્રેજ વિરોધી હતી. ૧૮૭૯માં મહારાષ્ટ્રના વાસુદેવ બળવંત ફડકેએ બંડ કરેલું.

*

૧૮૫૭નો બળવો એ મુકમ્મિલ આઝાદી માટેની હિંદુ તેમ જ મુસ્લિમોની બંનેની સંયુક્ત

ગાંધીજીની જેલયાત્રા

નૂતન સ્વાતંત્ર્ય-સંગ્રામનાં ક્રમિક સોપાનો

સમય	સ્થળ
એપ્રિલ ૧૭,૧૯૧૭	મોતીહારી
એપ્રિલ ૧૦, ૧૯૧૯	કોસી
માર્ચ ૧૦,૧૯૨૨	સાબરમતી
માર્ચ ૧૮,૧૯૨૨	યરવડા
મે ૫,૧૯૩૦	યરવડા
જાન્યુઆરી ૪,૧૯૩૨	યરવડા
જુલાઈ ૩૧,૧૯૩૩	યરવડા
ઓગસ્ટ ૯,૧૯૩૩	પૂના
ઓગસ્ટ ૯,૧૯૪૨	આગાખાન મહેલ

ભાગલા કોણે પાડ્યા ?

હિંદના ભાગલા બ્રિટિશ સરકારે પાડ્યા છે? લોર્ડ માઉન્ટબેટને પાડ્યા છે? નહીં; બ્રિટિશે નહિ, હિંદીઓએ પોતે જ હિંદના ભાગલા પાડ્યા છે. એ ભાગલાની જાળમાં ફસાતા હિંદીઓને જોઈ બ્રિટિશે તો આનંદનું સ્મિત માત્ર ફરકાવ્યું છે અને હિંદના ભાગલા ૧૯૪૭માં પડ્યા છે એવું નથી. ભાગલાનાં બીજ ઘણાં વહેલાં વવાઈ ચૂક્યાં હતાં. છેક ૧૯૦૫ માં જ્યારે બંગાળના હિન્દુઓએ દુર્ગા કે કાલી જેવી ભારતમાતાની મૂર્તિ બનાવીને ધાર્મિક રૂપરંગમાં બ્રિટિશ-વિરોધી ચળવળ શરુ કરી ત્યારથી ભાગલાનાં પગરણ શરુ થઈ ચૂક્યાં હતાં. ભાગલાનું બીજું પગલું લેવાયું ઉત્તર હિંદના મુસ્લિમો તરફથી, જ્યારે એમણે બ્રિટિશને વફાદાર રહેવાના મુદ્દા પર, વિદેશી સત્તાધીશોની કૃપા યાચવા માંડી. શિક્ષણના ક્ષેત્રમાં હિંદુ અને મુસ્લિમ શાળાઓ અને કોલેજોના જુદા જુદા ચોકા બંધાયા અને બનારસમાં હિંદુ યુનિવર્સિટી અને અલીગઢમાં મુસ્લિમ યુનિવર્સિટી શરુ થઈ ત્યારથી ભાગલાની શરુઆત થઈ ચૂકી હતી.

—ખ્વાજા અહમદ અબ્બાસ

ક્રાન્તિકારી શહીદ ભગતસિંગનું નામ અમર રહેશે

લડત હતી. બહાદુરશાહને મોગલ સમ્રાટ તરીકે સ્વીકારી નાનાસાહેબ, તાત્યા ટોપી, રાણી લક્ષ્મીબાઇ, ઔંધની બેગમ, પ્રિન્સ ફિરોઝશાહ, અઝીમુલ્લાખાન મૌલવી, બિહારના કુંવરસિંગ વગેરે આઝાદીના અડગ ઉપાસકોએ એમાં ઝંપલાવ્યું. અસ્તવ્યસ્ત હોવાને અંગે બળવાખોરીના પ્રયાસ વ્યર્થ ગયા. કોઈ કેદ પકડાયા, કોઇ મરાયા, કોઈ નાસી ગયા. પણ અંગ્રેજ સત્તાને હિંદીઓના સંયુક્ત પ્રયાસનું શું પરિણામ આવે તેનો સજ્જડ ખ્યાલ આવી ગયો. ત્યારથી હિંદુ—મુસ્લિમને જુદા પાડવાનું એમને સૂઝી ગયું.

*

૧૮૫૭ જેવી સમૂહ-લડત પછીના યુગમાં શક્ય ન રહી. અંગ્રેજોએ રાજ્ય-અમલ વધુ સજ્જડ કરી દીધો. ૧૮૯૭થી છેક ૧૯૧૫ સુધી (ને ૧૯૪૨ સુધી પણ) ક્રાન્તિકારોએ શસ્ત્ર-સામગ્રી તૈયાર કરવાના, બોંબ બનાવવાના ને અંગ્રેજોનો જાન લેવાના ગુપ્ત પ્રયાસો કર્યા. આ ક્રાન્તિકારી લડતને સુરેન્દ્રનાથ બેનરજી, અરવિંદ ઘોષ, બિપિનચંદ્ર પાલ ને લાલા લજપતરાયની પ્રેરણા હતી ભગતસિંગનું નામ હિંદના ઇતિહાસમાં ક્રાન્તિકારી શહીદ લેખે ગૌરવંતું છે. ૧૮૯૭માં ચાફેકર ભાઇઓ, મહાન ક્રાન્તિકારીઓ લેખે પ્રસિદ્ધિ પામી ગયા. બેરિસ્ટર સાવરકર પણ એ વેળા જબરા ક્રાન્તિકારી હતા. ૧૯૦૯માં જેકસનનું ખૂન થયેલું. બંગાળમાં તો રીતસરની રાજદ્રોહની પાઠશાળા જ ચાલતી. ૧૯૦૮માં ખુદીરામ બોઝ ને ૧૯૩૨ માં વીણાદાસનાં ક્રાન્તિ-કાર્યો પણ પ્રસિદ્ધ છે.

*

કોંગ્રેસનો આરંભ થયો ૧૮૮૫માં શ્રી. હ્યુમ હતા કોંગ્રેસના જનક. શ્રી. વેડરબર્ન અને શ્રીમતી એની બિસંટની સેવા પણ કોંગ્રેસને મળેલી. પણ શરુઆતમાં કોંગ્રેસ લડાયક નહોતી. અંગ્રેજ સત્તા ને હિંદની આકાંક્ષાઓ વચ્ચેની કડી સમાન હતી. દાદાભાઇ નવરોજી, તિલક, ગોખલે, મોતીલાલ નહેરુ, માલવિયાજી, વિઠ્ઠલભાઈ પટેલ વગેરેના યુગમાં બે તડાં પડયાં: એક વિનીત ને બીજા ઉદ્દામ.

*

ગાંધીજી આવ્યા ને કોંગ્રેસમાં નવો પ્રાણ પૂરાયો. પંડિત જવાહરલાલ, સરદાર વલ્લભભાઈ, મૌલાના આઝાદ, રાજેન્દ્રબાબુ, કૃપલાની, સરોજિની નાયડુ, ખાન ભાઇઓ વગેરે અનેક કોંગ્રેસીઓને તેમના અહિંસક સત્યાગ્રહના પંથ પર તે આકર્ષી શકયા. એમનાથી નાના તેમજ મોટા સૌ નેતાઓ એમના માર્ગે વળ્યા. ૧૯૨૦, ૧૯૩૦, ૧૯૩૨, અને ૧૯૪૦: અહિંસક સત્યાગ્રહની એ ચારેય લડતોએ પ્રજાજીવનને જાગૃત કર્યું. સ્વરાજ્ય એ રાષ્ટ્રજીવનનું અચૂક ધ્યેય બન્યું. કેવળ ગણતર માનવીઓની મહત્ત્વાકાંક્ષા બનવાને બદલે સમસ્ત જનતાનું એ ધ્યેય બન્યું. ગાંધીજીની અહિંસાનો એ જાદુ. ગાંધીજીની જીવનદૃષ્ટિ પણ લોકકલ્યાણની અમુક ચોક્કસ પ્રકારની ભાવનાની હોઈ ગાંધીજી કેવળ લડવૈયા ન રહ્યા, પણ પયગંબર જેટલા ભવ્ય ને માનનીય બન્યા.

*

(અનુસંધાન પૃ. ૩૬૫ પર)

અહા! આઝાદી!

અહા! આઝાદી આવી છે! અને તે ય કેવી મહાન આઝાદી! અર્ધા ભૂખ્યે મરવાની ને અર્ધા નગ્ન રહેવાની આઝાદી; કાળાબજારિયાઓ અને નફાખોરો માટેની આઝાદી; પક્ષિલ નેતાઓ ને કોમીવાદીઓ માટેની આઝાદી; જાહેર સલામતીના કાયદાઓથી રૂંધાતી આઝાદી; હિંસાને શરણે જતી અહિંસા; ખેડૂતને અનાજ ખાવા માટે ભી મળે નહીં; કામદારોને પૂરતી રોજી મળે નહીં; મધ્યમવર્ગ પર તેના અસ્તિત્વની સદંતર નાબુદીનો ભય; આવી આઝાદી આપણને મળે છે પંદરમી ઓગસ્ટે!

—વેણીભાઈ પટેલ

દ્વિભાર્યા—યોગ

: અનુવાદક :
"વાર્તાવિહારી"

જ્યોતિષી પર પૂરી આસ્થા રાખી ચંદુભાઈએ વિધુર થયા પહેલાં બીજી પત્ની પરણવાના ઉધામા શરૂ કર્યા! —એ રસિક ગોટાળાની હાસ્યભરપૂર નવલિકા—

તે દિવસે ઘેર આવતાં મારે જરા મોડું થયું. વાળુ કરી પરવાર્યો, ત્યાં સાડાનવનો ટકોરો થયો. ગંજીફ્રાક પહેરી એકાદ ચોપડી વાંચનો વાંચતો હું પથારીમાં પડયો હતો; એટલામાં બહારથી 'કાકા, એ કાકા' એમ અવાજ સાથે બારણું ખખડયું.

અવાજ પરથી હું જાણી ગયો કે ચંદુભાઈનો ભત્રીજો લાભુ આવ્યો છે. અત્યારે તે શા માટે આવ્યો હશે તે વિષે મન વિચારે ચડયું. મન કેટલું ઉતાવળું છે! અર્ધી મિનિટ પછી લાભુ પાસેથી ખરી હકીકત જાણવા મળવાની છે એમ ખાત્રી હોવા છતાં, તેટલી વાર રાહ જોવા તે તૈયાર નહોતું. તેણે તર્ક શરૂ કર્યા! ચંદુભાઈ માંદા તો નહિ હોય ને! અથવા તો ભાભીને પિયરથી પુત્ર પ્રસવના ખબર આવ્યા હશે! કાં તો કોઈ મહેમાનની સાથે ચ્હાપાણી પીવા અથવા સીનેમા જોવા—

મેં બારણું ઉઘાડયું, અને લાભુને પૂછયું, 'કેમ? શું છે?'

'પહેલાં ચાલો.' અંદર પણ ન આવતાં લાભુએ કહ્યું. 'બાપુજીએ મને કહ્યું છે કે કાકાને તરત ને તરત બોલાવી લાવ. માટે ચાલો.'

'અરે પણ જરા શ્વાસ તો ખાઈશ કે નહિ? શું છે તે તો કહે? અંદર આવ—'

'ના કાકા. એક ઘડીની પણ ઢીલ કરવાની નથી. આપણે વેજાસર નહિ જઈએ તો બાપુજી હમણાં જ આપણને શોધતા પાછળ આવશે!'

લાભુની આ ઉતાવળ જોઈ હું પણ બને તેટલો જલદી તૈયાર થઈ તેની સાથે ચાલતો થયો. મનમાં જે જે તર્ક ઉદ્‌ભવ્યા હતા અને ઉદ્‌ભવતા હતા તેને શાંત કરવા હું લાભુને પ્રશ્નો પૂછયે જતો હતો, પણ તેની પાસેથી કંઈ પત્તો મળ્યો નહિ. ઉલટું 'એ મહારાજ આવ્યા હતા, અને ત્યારથી બાપુજી લમણે હાથ દઈ બેઠા છે' એ તેના વાકયથી હું વધુ વિમાસણમાં પડયો.

હું ઘેર ગયો ત્યાં ચંદુભાઈ ગાદી પર લમણે હાથ દઈ તકિયાને અઢેલીને પડયા હતા. હું દાખલ થયો ત્યારે 'આવો બેસો' કે તેવું કંઈ સત્કારાત્મક વાકય તેઓના મુખમાંથી બહાર આવ્યું નહિ. તેમણે ફક્ત મારી સામે જોયું, અને ઇશારતથી મને બેસવાનું કહ્યું. તે વખતની તેમની દૃષ્ટિમાં તીવ્ર ઉદાસીનતા હું જોઈ શકયો. મને જરા ખેદ થયો.

'આટલી ઉતાવળથી મને કેમ બોલાવવો પડયો?' મેં બીતાં બીતાં પૂછયું.

એક દીર્ઘ નિઃશ્વાસ નાખ્યા સિવાય ચંદુભાઈએ કંઈ જ જવાબ આપ્યો નહિ.

'એટલે! તમે કેમ ઉદાસ છો?'

'સત્યાનાશ વળી ગયું!' હાથ ઉપર કપાળ ટેકવી ચંદુભાઈ બોલ્યા.

મારી આતુરતા એટલી બધી વધી ગઈ હતી કે ચંદુભાઈના આ સંદિગ્ધ કથનથી મને ગુસ્સો ચડયો, અને હું જરા ઊંચે સ્વરે બોલ્યો. 'તારે મારી સાથે સીધી વાતચીત કરવી નથી તો પછી મને બોલાવ્યો છે શા માટે?'

છતાં પણ ચંદુભાઇ તો ચૂપ જ રહ્યા! હવે મને લાગ્યું કે બિચારા ઉપર કંઇક મહાભયંકર સંકટ આવી પડ્યું હશે, અને તેને, પરિણામે તેનું હૃદય ચિરાઇ જતું હશે. મારો ક્રોધ ધીમે ધીમે શમી ગયો, અને યુક્તિ-પ્રયુક્તિથી તેના દુઃખનું મૂળ શોધી કંઇક મદદરૂપ થવાનો વિચાર કરી મેં કહ્યું, 'ચંદુભાઇ, ભાભીના કંઇ સમાચાર?'

'તેણે જ ખરે વખતે દગો દીધો, ભાઈ!' વાક્ય પૂરૂં કરતાં કરતાં તો ચંદુભાઇનો કંઠ ભરાઇ આવ્યો.

'હેં! શું કહે છે? કોણે કહ્યું? તાર આવ્યો કે કાગળ?'

'પાપાણાચાર્યે કહ્યું.'

પાપાણાચાર્ય કોણ તે હું સમજી શકયો નહિ. એ નામ મેં કયાંક સાંભળ્યું હોય એમ લાગ્યું. ડોકું ખજવાળતાં ખજવાળતાં થોડીવારે મને સાંભર્યું કે ગોકોર તરફનો કોઈ જ્યોતિષી અહિં આવેલ છે તે જ પાપાણાચાર્ય હોવો જોઇએ.

મને સ્તબ્ધ બની ગએલો જોઈ, હું એ અશુભ સમાચારથી ઢગલો થઈ ગયો છું એમ ચંદુભાઇને લાગ્યું, અને તેણે જ મને પૂછ્યું, 'વારૂ, હવે શું કરીશું?'

'તેં શું કરવા ધાર્યું છે?'

'તું મનમાં મને દોષ દેશે. પણ ભાઈ, મારે મારી સગવડ તો જોવી ને? હું કંઈ શોખથી આ બાબતમાં તૈયારી કરતો નથી એ ખાત્રીથી માનજે. ભાઇ, મારી સ્ત્રી જેવી પત્ની તપ કર્યાં છતાં યે મળે નહિ! પણ હવે તો—હંઅં...! ગમે તેમ કરીને પગભર થવું પડશે.'

ચંદુભાઇની વિચિત્ર પ્રકૃતિથી હું પૂરેપૂરો વાકેફ હતો. પણ તેનામાં માણસાઇનો આટલો બધો અભાવ હશે એનો મને સ્વપ્ને ય ખ્યાલ નહોતો. હું કંઈ જ બોલ્યો નહિ. ફક્ત નાપસંદગીદર્શક નજરે તેના તરફ જોઈ રહ્યો.

ચંદુભાઈ પણ થોડીવાર શાંત બેસી રહ્યા.

'ભાભીની ઉત્તરક્રિયા પછી-' મેં શાંતિનો ભંગ કર્યો.

'તેની હાલ કંઈ ફિકર નથી.'

'અરે, પણ તે કરવું તો પડશે જ ને? લૌકિક દૃષ્ટિએ તો વિચાર કર!' મેં જરા ચીડાઈને કહ્યું.

'અરે, પણ એટલી બધી ઉતાવળ શા માટે? તે પ્રસંગ આવશે એટલે એ બધું હું સાંગોપાંગ કરીશ. તેના પર મારો પ્રેમ છે!'

ચંદુભાઇનું મગજ ફરી ગયું છે, તેણે ભાંગ પીધી છે, કે હું જ શુદ્ધિમાં નથી, એ હું જાણી શકયો નહિ. 'તે પ્રસંગ આવશે' એ શબ્દો ઉપરથી ભાભીના અસ્તિત્વ વિષે મને આશા આવી, અને મેં અધીરાઈથી પૂછ્યું, 'એટલે? ભાભી હજી જીવે છે?'

'હાઃ પણ તે એકાદ બે અઠવાડિયામાં જરૂર દગો દેશે!'

'શા ઉપરથી?'

'પાપાણાચાર્યના કહેવાથી.'

'કયા પાપાણાચાર્યે તને કહ્યું?'

'પાપાણાચાર્યને-હજી તું ઓળખતો નથી? જ્યોતિષશાસ્ત્રમાં તેની બરાબરી કરી શકે તેવો કોઈ સારા હિંદુસ્થાનમાં આજે બીજો નથી. તેણે જ આજે મારી કુંડળી જોઈને, બત્રીસમા વર્ષમાં મારે દ્વિભાર્યાયોગ છે એમ કહ્યું. બત્રીસમું વર્ષ બે માસ પછી પુરૂં થાય છે એટલે—'

તેનું વાહિયાતપણું હું સમજી ગયો. બિચારી ભાભી હજી હયાત છે તે જાણી જરા નિરાંત થઈ.

ફોટા છાપ મેડીકેટેડ સ્નફ જ અસલ છે. બીજી બધી નામધારી જ છે

વિવિધ રંગોની
પોપલીન
ખરીદો
ધી નવજીવન મીલ્સ લી. કલોલ

પણ ચંદુભાઇના વાહિયાતપણા પર થોડું વધુ કૌભાંડ રચવાનો વિચાર મને આવ્યો. કૃત્રિમ ગંભીરતા ધારણ કરી મેં કહ્યું, 'ચંદુભાઇ, પાષાણાચાર્યનું કહેવું તને ખરું લાગે છે ?'

'તારો સવાલ જ અસ્થાને છે. તેણે એક એક એવી વાતો કહી આપી, કે હું તો ચકિત જ બની ગયો. મારાં માબાપ નાની ઉમરમાં જ કૈલાસવાસી થયાં તેને લીધે મારો અભ્યાસ આગળ વધી શક્યો નહિ. વડિલોપાર્જિત એસ્ટેટ અને જમીનજુમલો મને મળેલ હોવો જોઇએ. ચોવીસમે વર્ષે મારું લગ્ન થવાનું તેણે બરાબર કહી આપ્યું. અને બાબુ, તને જાણીને આશ્ચર્ય થશે કે તારી ભાભીને પાષાણાચાર્યે જોઈ નથી, છતાં યે તેનું વર્ણન તેણે કરી બતાવ્યું ! તારી ભાભી સૈરાંના ટોળામાં તરી આવે એવી છે, જરા ઠીંગણી, ગોરી, કાળા ભમ્મર જેવા વાળ, જરાક પીળી આંખો, ઘરેણાં-ગાંઠાંનો શોખ નહિ; વધારે તો શું, બાબુ, પણ તે અહીં ઊભી હોય અને પાષાણાચાર્ય તેને જોઇને જ બધું કહેતા હોય એટલી બધી ચોકસાઇપૂર્વક તેમણે વર્ણન કર્યું !'

પાષાણચાર્યની પ્રશંસા કરવામાં ચંદુભાઇ એટલા બધા તલ્લીન થઇ ગયા હતા, કે બે ઘડી પહેલાં પોતે ઉદાસ હતા તેનું તેને જરા પણ ભાન રહ્યું નહિ. પણ મને તો પાષાણાચાર્યના સામુદ્રિક જ્ઞાનમાં તલ માત્ર પણ તથ્યાંશ લાગ્યો નહિ. ચંદુભાઇની પત્નીને મેં અગાઉ જોઇ ન હોત, તો પણ મારી જગ્યાએ જ બેઠાં બેઠાં મેં પણ તેનું શબ્દચિત્ર ઉઠાવદાર ઢંગે પૂરી આલેખ્યું હોત. કારણ કે ચંદુભાઇ અને તેમની પત્નીનો સંયુક્ત એન્લાર્જ કરેલો ફોટો સામે જ લટકતો હતો !

અરસિક પાસે કવિત્વનિવેદનની માફક, મારી પાસે પોતે ગાએલો પાષાણમહિમા નિષ્ફળ ગએલો જોઇ ચંદુભાઇ જરા નિરાશ થયા. છતાં પણ ધીરજથી તેઓ આગળ ધપ્યા. 'મારે બે ઘાત ગઈ છે એ પણ તેમણે કહ્યું. તેમના કથન પર મારો વિશ્વાસ બેસતો નથી એવો દેખાવ કરી એ ઘાતનું સ્વરૂપ કહેવા મેં આગ્રહ કર્યો. એટલે તેણે કહ્યું 'એક ઘાત ભૂચર હતી અને બીજી ખેચર !'

'અને તે તારે ગળે ઉતર્યું' ?

'એટલે ? તેનું કહેવું બરાબર હતું.'

'પણ ખેચર ઘાત વિષે મને કેમ ખબર નથી ?'

'અત્યારે મશ્કરી ન કર. ખેચર એટલે આકાશાન્તર્ગત. તે દિવસે આપણે ફરવા ગયા હતા, અને એકાએક વાદળ ઘેરાઇ જઈને ગડગડાટ શરૂ થયો, અને એક એવો કડાકો થયો કે મને ચક્કર આવ્યાં અને બેસી જવું પડ્યું. એ જ પેલી ખેચર ઘાત એ મને તરત યાદ આવ્યું.

'અને ભૂચર ?'

'એક વાર લુગડાંની વળગણી મારા પર નહોતી પડી ?'

ચંદુભાઈની ભોળી પણ ખંધાઈભરેલી વિચારસરણી સાંભળી હસવું કે દિલગીર થવું એ હું નક્કી કરી શક્યો નહિ. તેની સાથે ચર્ચા કરી તેને સમજાવવાનું કામ વ્યર્થ છે એ હું મારા અત્યાર સુધીના સહવાસથી સારી પેઠે જાણતો હતો, અને તેથી મૂર્ખ સાથે મૂર્ખ બનીને જ જો કંઈક કામ કરી શકાશે એમ મેં મન સાથે નક્કી કર્યું. તેના કહેવા પર મને પૂરતી શ્રદ્ધા બેઠી હોય એવો દેખાવ કરી મેં પૂછ્યું, 'તો પછી ચાલો, હવે કામે લાગીએ !'

'તું તારે જે કરવું હોય તે કર: હું તો બહુ જ મુંઝાઇ ગયો છું.'

'વારુ, પણ કન્યા કેવી જોઈશે ? કંઇ દેવા લેવાનું—'

'એ બધી બાબતમાં કંઇ લપ કરવાની જરૂર નથી. ઢીલ કરવામાં—'

'ઠીક છે, માગશર મહિનામાં ઉકેલી નાખવું જોઇએ ને ? નહિ તો તને તેત્રીસમું વર્ષ બેસી જશે !'

ચંદુભાઈ શરણાગતની દષ્ટિથી મારા તરફ જોઈ રહ્યા હતા. તેને એ જ સ્થિતિમાં મૂકી હું ઘેર જવા ઊઠ્યો. મારી આંખો હર્ષથી ઘેરાવા

લાગી હતી. મને ઊકતો જોઈ દયામણા અવાજે તેણે કહ્યું, 'ઠીક, ત્યારે કાલથી—'

'હં.' એકાક્ષરી જવાબ આપી મેં ચાલતી પકડી.

માણસ કોઈ પણ કામની પાછળ પડે છે ત્યારે ઘણીખરી બાબતોમાં તેને અનુકૂળતા મળે છે. મેં ધાર્યું હતું તેથી પણ વધારે સરળતા મને મળવા લાગી. બે ગાઉ દૂરનું ગામ જે અમારું વતન હતું ત્યાંથી એક અમારો ઓળખીતો બ્રાહ્મણ તેની જુવાન દીકરીને લઈ અમારે ત્યાં આવી ચડ્યો. મેં મારી પત્નીને તે છોકરીને નવી ફેશનનાં કપડાં પહેરાવવા કહ્યું, પણ મારી પત્નીએ મને ઘેલછા લાગી છે એમ કહી મારી મરજી પ્રમાણે વર્તવા ના પાડી. પણ મેં જ્યારે તેને બધી વાત સમજાવી ત્યારે તેણે એ અમંગળ કામમાં મદદગાર થવા કબૂલ્યું, અને મેં તે છોકરીનો ફોટો ખેંચી લીધો, અને બન્નેને રવાના કર્યાં. બહુ ગૌર વર્ણ ન હોય છતાં પણ ફોટોગ્રાફમાં તો લગભગ બધાં જ રૂપવાન લાગે છે!

ઠરાવ્યા પ્રમાણે પેલો બ્રાહ્મણ બીજે દિવસે મારી પાસે આવ્યો. મેં તેની સાથે થોડાં આડાંઅવળાં ગપ્પાં માર્યાં. તેને બહુ પિષ્ટપેષણ ગમતું નહોતું, તેથી તેણે મને કહી નાખ્યું, "બાપુજી, એમાં શી મોટી વાત છે? તમે અધરાતે બોલાવો તો યે તમારું કામ કરી આપવા હું ખડે પગે તૈયાર છું. મને બોલાવજો."

છીંકણીનો સડાકો મારીને તે બહાર નીકળતો હતો તેજ વખતે ચંદુભાઇ અંદર આવતા હતા. હવે તો તે મારો ઓટલો ઘસી જ નાખશે, એ મને ખબર હોવાથી મને કંઇ નવાઇ લાગી નહિ: 'પધાર્યા ને?' એ મારા શબ્દો તરફ અને મશ્કરીપૂર્ણ હાસ્ય તરફ તેનું ધ્યાન જ ક્યાં હતું?

'કેમ, શું ચાલે છે?' તેણે સહજ પ્રશ્ન પૂછ્યો, પણ તેનો ભાવાર્થ સમજતાં મને વાર લાગી નહિ. છતાં તેની ઉત્કંઠા વધારવાના હેતુથી મેં જવાબ ઉડાવી બીજી જ વાત કરી: 'પેલા મામલતદારની અહીંથી બદલી થઈ, કેમ?'

'જખ્મેરૂઝ'નો ચમત્કાર

પૂરતા પ્રમાણમાં ચોક્ખું ઘી-દૂધ નહિ મળવાથી તેમ જ ખરાબ અનાજ, બજારૂ બનાવટી દૂધની, ગોળની ચાહ, સહસપુરી તેલનાં ભજીયાં, ભુંસું, ભેળ વગેરે ખાવાથી લોહી બગડી આખા શરીરે ખસ, ખુજલી, ખાજ, ખરજ, ચાંદાં થાય છે અને ઘરમાં એકને થાય એટલે આખા ઘરમાં એનો ચેપ ઊડે છે.

— તેને તાકીદે દૂર કરવા —

● ભાવસારનો 'જખ્મેરૂઝ' ●

રજીસ્ટર્ડ ગુલાબી મલમ

— વાપરો —

કારણકે આ મલમ દાઝેલા પર ઉંચટનું કામ આપી મરણતોલ દાઝેલાની જિંદગી પણ બચાવી લે છે, તેમ જ ગડગુમડ, ઘવેડો, બાળકોના રતવા, ગરમીનાં ચેપી ચાંદાં, પીશાબની જગ્યાની ચાંદી, મોઢાના ખીલ, શીતળા કઢાવ્યા પછી રૂઝ લાવવા તથા તમામ ચામડીનાં દર્દોને ઠંડક આપી રૂઝ લાવે છે. દરેક દવાઓ વેચનાર પાસેથી મળશે. તમારા ગામના દવા વેચનાર પાસે આ મલમની જ માગણી કરો.

બાટલીની કિંમત	૦।। ઔંસ ૦-૮-૦	૧ ઔંસ ૦-૧૪-૦	૨ ઔંસ ૧-૮-૦	૪ ઔંસ ૨-૮-૦	૮ ઔંસ ૪-૮-૦	૧૬ ઔંસ ૮-૦-૦

બનાવનાર: ભાવસાર કેમીકલ વર્કસ, વ્યારા [ટી. વી. રેલ્વે] વાયા સુરત.

પત્નીના અવસાનના સમાચારની રાહ ચંદુભાઈ કાગને ડોળે જોતા હતા : સમાચાર તાબડતોબ મંગાવ્યા હતા : જમાઈનો પત્નીપ્રેમ જોઈ સસરા રાજી થયા !

'કોણ જાણે, પણ બાકી—'

'સારો માણસ હતો ખરું ને ? હવે તો તેની જગ્યાએ કોઈ ખ્રિસ્તી આવશે. ઘણા વખતની તેની બદલી થવાનું સંભળાતું હતું. બાકી તેની વિરુદ્ધ વર્તમાનપત્રમાં કોઈ દિવસ એક લીટી સરખીયે આવી જાણી નથી, નહિ તો એ છાપાવાળા જરા કંઈક અને કે ટાંપીને બેઠા જ હોય છે; અને અરધું સાચું અને અરધું ખોટું છાપી નાખે છે, અને હા,—'

ચંદુભાઈએ મને અટકાવ્યો ન હોત, તો મારું રામાયણ હું આગળ ધપાવ્યે જ રાખત. નાનાં બાળકને પજવવામાં જે મઝા પડે છે, તેવી જ મઝા ચંદુભાઈને ટગાવવામાં મને આવતી હતી. હું મૂળ વિષય ઊડાવ્યા કરતો હતો, અને ચંદુભાઈ મને મુખ્ય મુદ્દા તરફ ખેંચી જવાનો પ્રયાસ કરતા હતા, એ મારા ખ્યાલ બહાર નહોતું. પણ મૂળ વિષયની પ્રસ્તાવના તે કેવી રીતે કરે છે એ જ મારે જોવું હતું.

'હા, હું તને શું પૂછવાનો હતો ?' ચંદુભાઈએ ચલાવ્યું, 'હું આવ્યો ત્યારે બહાર ગયા, તે ગૃહસ્થ કોણ હતા ?'

'એ તો છે એક મારા ઓળખીતા. કામ કઢાવવું હોય ત્યારે ગમે તેવા માણસનાં મ્હોં બોલાવવાં પડે છે.' મેં દ્વિઅર્થી જવાબ આપ્યો.

'તારે વળી શું કામ કઢાવવાનું છે ?'

આ પ્રશ્નનો જવાબ 'તારૂં જ કામ' એમ હું આપવાનો હતો. પણ મારા જવાબની રાહ જોવા જેટલી ધીરજ ચંદુભાઈમાં ક્યાંથી હોય ? તેમણે તરત જ પૂછ્યું, 'મારું કામ તો યાદ છે ને? અત્યારે તો મારાં માબાપ સગાં વહાલાં બધું તું જ છે. તારી અનેકવિધ પ્રવૃત્તિઓ હું જાણું છું છતાં યે તને તસ્દી આપવી પડી છે, તે બદલ મને ઘણું જ લાગી આવે છે. હું સ્વતંત્ર છું એ વાત સાચી છે. પણ આ બાબત ઘણી જ નાજુક છે. હું પોતે જ ઊઠીને પ્રયાસ કરવા માંડું તો લોકો શું કહે ?'

લોકાપવાદથી બીવાની વૃત્તિ હજી ચંદુભાઈમાં છે એ જોઈ મને નવાઈ લાગી. હવે તેને વધારે ઊડાવવામાં લાભ નથી, એમ માની મેં કહ્યું 'તું મનમાં જરા પણ ગભરાતો નહિ. હું અને તું બન્ને જાણુ છીએ ને ? બધું યે સુખરૂપ પતી જશે. બધી વાત અત્યારથી તને કહી દેવાનો મારો વિચાર નહોતો, પણ હવે કહી દઉં છું. અત્યારે આવ્યા હતા તે ગૃહસ્થને મેં તારે માટે જ બોલાવ્યા હતા.'

'ખરેખર? તેને કન્યા છે?' ચંદુભાઈનો અધીરો પ્રશ્ન સાંભળી મેં હસવું માંડમાંડ દબાવ્યું.

'ના. તેમની મારફત છે.' મેં જવાબ આપ્યો. પછી મારી પત્નીને ઉદ્દેશીને કહ્યું, 'અરે એ, પેલો ફોટો લાવ જોઈએ.'

પાસેના ઓરડાના બારણા આગળથી જ ફોટો મારા તરફ ફેંકી તે અંદર દોડી ગઈ. કેટલીક વાર હસવું દબાવવું બહુ જ મુશ્કેલ થઈ પડે છે. તેમાં યે વળી બૈરાંનું તો પૂછવું જ શું ?

'જુઓ આ.' એમ કહી એ ફોટો મેં તેના હાથમાં મૂક્યો અને સૂચક નજરે તેના મોઢા પરના હાવભાવ અને હીલચાલ જોતો હું બેઠો.

ફોટો જોતાં જ ચંદુભાઈ જરા નિરાશ થયા હોય એમ લાગ્યું. તેમની ભમ્મર એક બે વખત ઊંચીનીચી થઈ, અને નાક પણ જરા મરડાયું લાગ્યું. તેણે કહ્યું, 'બાકી, આ...કન્યા જરા...'

તે વાક્ય પુરૂં કરે તે પહેલાં જ મેં કહ્યું: 'છે તો જરા સાધારણ, પણ જોને ચંદુભાઈ, આ વખતે આપણે ગરજ છે. પ્રથમ લગ્નની વાત જૂદી જ છે. તે વખતે આપણે શિરજોરી બધી રીતે કરી શકીએ, અને ચાલે પણ ખરી. તે વખતે કન્યાની પસંદગી જરા બારીકાઈથી કરીએ તો પણ ફિકર નહિ. પણ અત્યારે તો તારી ઉંમર પણ થઈ છે; વળી તું બીજવર છે. પરમેશ્વરની કૃપાથી મળે તે કન્યા સ્વીકારી લઈ જેમ તેમ ગાડું ચલાવવાનું છે.

અત્યારે તો આ છોકરી આવી લાગે છે, પણ તારા ભર્યા ઘરમાં પગ મૂકતાં વેંત તેનો દેખાવ ફરી જશે. ગરીબને પહેરવા પૂરાં કપડાં પણ ક્યાંથી હોય? દેખાવડી છોકરીઓ પણ દારિદ્રને લીધે કઢંગી દેખાય છે.'

મારી આ ચર્પટપંજરીની ધારી અસર થઇ. ચંદુભાઇ સહાનુભૂતિ બતાવતાં બોલ્યા, 'વારુ, લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મ્હોં ધોવા જવું નહિ, એ સાચું છે. પાપાણાચાર્ય સુદ્ધાં કહેતા હતા કે 'તમારી બીજી પત્ની પહેલી જેવી સૌન્દર્યવાન નહિ હોય.' ઠીક બાપુ, બીજી કંઇ વાતચીત થઈ?'

'થઇ છે થોડીક, પણ બીજી કંઈ મુશ્કેલી આવવા સંભવ નથી. તારે વાંધો ન હોય તો હવે હવે નક્કી કરી નાખું. માગશર વદ બારશ, કે નહિ તો પછી ચૌદશનું મુહૂર્ત રાખીશું એમ મેં ધાર્યું છે. દોઢ પોણાબે મહિનાનો સમય છે, તેટલામાં બધી તૈયારીઓ થઇ જશેઃ બાકી બીજું કંઇ ખાસ કરવાનું નથી. તેમને હું કહી દઈશ કે એક દિવસમાં બધું પતાવી દેવાનું છે. ખર્ચ બધો આપણે જ આપવાનો છે. તે બિચારો ગરીબ માણસ છે.'

'ઠીક ભાઇ, જેમ યોગ્ય લાગે તેમ કર.' એમ કહી ચંદુભાઇ જવાની તૈયારી કરતા હતા, તેટલામાં ચ્હાના પ્યાલા આવ્યા. મારી પત્નીએ કહ્યું, 'લગ્નની ખુશાલીમાં ચ્હા પીઓ. લગ્ન થયા પછી કંઈ ચ્હાથી ઓછું ચાલવાનું હતું?'

ચંદુભાઇ રોજ પાપાણાચાર્યને હાથ બતાવ્યા કરતા, અને પાપાણાચાર્ય પણ તેમને બત્રીસમા વર્ષમાં દ્વિભાર્યાયોગ હોવાનું ભારપૂર્વક ઠસાવ્યે જતા હતા. માગશર માસ ઉતરતાં પોતાને બત્રીસમું વર્ષ પૂરું થતું હતું, એટલે કાર્તિકી એકાદશીથી જ તેઓ પત્નીના અવસાનના સમાચારની રાહ કાગને ડોળે જોઇ રહ્યા હતા. તેમણે શ્વસુરપક્ષને લખી પણ નાખ્યું હતું કે તબિયત માટે પોતાને બહુ જ ચિંતા રહ્યા કરે છે, માટે તબિયતના સમાચાર તાબડતોબ લખી જણાવવા.

ચંદુભાઇનો લખવાનો હેતુ જૂદો જ હતો, પણ તેમના સસરાએ તેનો જૂદો જ અર્થ કર્યો. જમાઇનો પત્નીપ્રેમ જોઈ તેઓ ખૂબ રાજી થયા.

હું બબ્બે દિવસે તેમને મળી વિવાહસમારંભની વ્યવસ્થા કેવી રીતે કરવી તેની વાટાઘાટ કર્યા કરતો.

ચંદુભાઈ તો રોજ દિવસ ઊગતાં જ ટપાલ ઓફિસનાં પગથિયાં ચઢી જતા. પણ માર્ગશીર્ષ મહિનો આવી લાગ્યો છતાં યે તેઓ જે પત્રની રાહ જોતા હતા તે પત્રનો પત્તો નહોતો. એકાદ બે પત્રો તેમના શ્વસુરગૃહેથી આવ્યા, પણ તેમાં કુશળ સમાચાર સિવાય કંઈ જ નહોતું! ચંદુભાઇની અસ્વસ્થતા દિવસે દિવસે પ્રતિપદાના ચંદ્રની માફક વધ્યે જતી હતી. આ અસ્વસ્થતાને લીધે તેમના બે લેણાં બાબતના દસ્તાવેજની મુદત જતી રહી, ખેતરમાંથી આવેલ અનાજ પણ ઊંચામાં ઊંચા ભાવમાં વેચવાનું હતું તે રહી ગયું, અને બીજી ઝીણી ઝીણી બાબતોમાં પણ તેમને આર્થિક નુકસાન વેઠવું પડ્યું. હિસાબી દૃષ્ટિએ જોતાં તેમના નુકસાનનો આંકડો પાંચસો ઉપર ગયો હતો. વળી માથે લગ્નનું ખર્ચ તો ઊભું જ હતું.

છતાં પણ 'બધાં સારાં વાનાં થઈ રહેશે' એમ ધીરજ આપી પાપાણાચાર્ય દક્ષિણા કઢાવ્યે જતો હતો, અને હું પણ યથામતિ યથાશક્તિ ચંદુભાઈને દિલસોજી આપી તેમના ઉત્સાહને ટકાવી રાખતો હતો.

માગશર શુદ પૂનમ એ આખરી દિવસ હતો. આ દિવસે જો નવાજૂની થઇ જાય, તો જ ત્યાર પછીના તેર દિવસ ઉત્તરક્રિયાના પસાર કરીને ચતુર્દશીને દિવસે મુહૂર્ત સાચવી શકાય! પણ દુર્ભાગ્યે (!) તે જ દિવસે શ્વસુરગૃહેથી પત્ર આવ્યો તેમાં લખ્યું હતું: 'ચિ. સૌ. સુમતિ (ત્યાંનું નામ આ હતું) ને શુદ આઠમના રોજ પુત્રપ્રસવ થયો છે. માદીકરો બન્ને કુશળ છે. ફક્ત પ્રસુતિ વખતે અતિશય કષ્ટ પડ્યું હતું. એટલે સુધી કે તેનો પુનર્જન્મ થયો છે એમ પણ ગણી શકાય.' પત્રની નીચે તા. ક. કરીને તેમને બારમે દિવસે જરૂર આવવા લખેલ હતું. છતાં યે આવવાની ખાસ પ્રતિકૂળતા હોય તો પુત્રનું નામ શું રાખવું તે જણાવવા લખ્યું હતું!

પહેલી જ સુવાવડમાં પુત્રપ્રસવ થાય તે આનંદની વાત ગણાય; પણ કોને માટે ? જેણે પોતાની અક્કલ ને વિવેકબુદ્ધિ વેચી ન ખાંધી હોય તેને માટે !

આનંદ પામવો કે શોકમગ્ન થવું તે ચંદુભાઇને સૂઝયું નહિ ! પહેલી જ સુવાવડમાં પુત્રપ્રસવ થાય તે આનંદની વાત ગણાય; પણ કોને માટે ? જેણે પોતાની અક્કલ અને વિવેકબુદ્ધિ વેચી ખાધી ન હોય તેને માટે ! પણ ચંદુભાઇ તો, પાષાણાચાર્ય જેવા આકાશ જ્યોતિષીએ પોતાને માટે ભાખેલું ભવિષ્ય આમ ખોટું કેમ પડ્યું તેની ચિંતામાં પડ્યા. તેમની જન્મપત્રિકાનું પુનરાવર્તન કરતા પાષાણાચાર્ય તેમની સામે જ બેઠા હતા. તે જ વખતે હું ત્યાં જઇ પહોંચ્યો, અને મેં પૂછ્યું, 'કેમ ચંદુભાઇ ચતુર્દશી નક્કી ને ?'

ચંદુભાઇએ કંઇ જવાબ ન દેતાં શોકમગ્ન ચહેરે પેલો પત્ર મારા હાથમાં આપ્યો. તેમાંના ખુશખબર વાંચી મને તો અત્યાનંદ થયો. મેં જરા ઉત્તેજિત સ્વરે પાષાણાચાર્યને કહ્યું, 'આચાર્યજી, ચંદુભાઇને બત્રીસમા વર્ષમાં દ્વિભાર્યાયોગ હતો ને ? આ તો પુત્રયોગ થયો ? તમારું ભવિષ્યકથન ખોટું પડ્યું !'

ખડખડ હસીને પોતાના નિર્લજ્જપણાનું પ્રદર્શન કરતા પાષાણાચાર્ય ખુલાસો કરવા લાગ્યા, 'દ્વિભાર્યાયોગ હતો તે થયો જ. ચંદુભાઇની આ પત્ની પહેલી નથી; તેનો પુનર્જન્મ થયો છે એમ ખુદ તેમના સસરા જ લખે છે ને ? મારું કથન બિલકુલ ખોટું પડ્યું નથી. ચંદુભાઇને પુત્રયોગ નથી એમ મેં ક્યારે કહ્યું હતું ?'

પાષાણાચાર્યની આ લફંગાઇ અને ઇંદ્રજાળ જોઇ મને ઘણો જ ગુસ્સો આવ્યો, અને ચંદુભાઇ તો હજી યે તેના મોહપાશમાંથી છૂટ્યા નહોતા. છતાં પણ તેની દરકાર ન કરતાં મેં કહ્યું, 'આચાર્યજી, હવે તમારી ચાલાકી જવા દો. તમારા પંજામાં ફસાઇને ચંદુભાઇની ઘણી ખુવારી થઇ છે, અને નક્કી થયેલાં લગ્ન તોડવાનો વારો આવ્યો છે તેથી તેમની આબરૂને પણ ધક્કો લાગશે. બોલો, આ નુકસાન તમે કેવી રીતે ભરપાઇ કરશો ? નહિ તો તમારા પર વિશ્વાસઘાતનો કેસ કરીશ'

પાષાણાચાર્યે તો આવાં કેટલાં યે કાળાધોળાં કર્યાં હતાં, એટલે તે મારાથી ગાંજ્યો જાય એમ નહોતો. ઉલટું તેણે તો ખંધાઇપૂર્વક હસીને સંભાવિતપણાનો દેખાવ કરીને કહ્યું, :' અગાઉથી કહ્યું તે ઠીક કર્યું. હું તમને સલાહ આપું છું કે કેસ કરવાની ભાંજગડમાં પડશો નહિ. જબલપુરમાં આવી જ બાબતમાં એક જણે મારા પર કેસ કરેલો, પણ મારો વાળ પણ વાંકો થયો નહિ. ન્યાયાધીશે પોતાના ફેંસલામાં

સંખ્યું: 'શુકન જોઈ દેનારા, ભવિષ્યકથન કરનારા અથવા સામુદ્રિક જોનારા પોતાના અર્ધદગ્ધ જ્ઞાનને લીધે ગમે તેમ કહે. તે તેમનો ધંધો છે અને એ તેમણે ન કરવો એવો પ્રતિબંધ કાયદામાં ન હોવાથી તેમની વિરૂદ્ધ કંઈ પણ પગલાં લઈ શકાય નહિ. તેમની જાળમાં ફસાનારા પોતે જ જવાબદાર ગણાશે. આવી રીતે નુકસાન ખમનારા દયાને પાત્ર છે. પણ તેમના તરફ સહાનુભૂતિ દર્શાવવી એ યોગ્ય નથી. ઉલટું અંધશ્રદ્ધાના ગુન્હા બદલ તેમને જે બક્ષીસ મળે તેને તેઓ લાયક જ છે એમ કહેવું જોઇએ. વળી મારો કોર્ટખર્ચ પણ ફરિયાદી પાસેથી અપાવ્યો. માટે જ કહું છું કે કેસની ભાંજગડમાં ન પડવું.'

છેવટનું વાક્ય પૂરૂં કરતાં જ પાષાણાચાર્ય ઊઠ્યા, અને ખેસ સમારતા સમારતા બહાર નીકળી ગયા. ચંદુભાઈ તેને રોકવા માટે એક શબ્દ બોલી શક્યા નહિ. બીજે દિવસે તપાસ કરતાં માલમ પડ્યું કે તેમની સ્વારી અમારૂં ગામ છોડીને રવાના થઈ ગઈ છે. એ દિગ્વિજયી વીર બીજી કોઇ ભૂમિ સર કરવા ઉપડી ગયો હતો!

× × ×

ચાર મહિના વીતી ગયા. તે દરમિયાન ચંદુભાઈ મને ઘણી વાર અચાનક મળી જતા, પણ પેલી બાબત જરાયે ઉચ્ચારી જ નહિ. તે વાત ઉડાડવા માગતા હતા તે હું જાણતો હતો, છતાં હું યે ચૂપ રહ્યો. તેમની પત્ની સમક્ષ તેમની ફજેતી કરવાનો મારો વિચાર હતો, અને તેમાં મને સફળતા મળી.

તેમની પત્ની આવ્યાના ખબર મળતાં જ બીજે દિવસે બપોરે ચહા વખતે હું તેને ઘેર ગયો. પેલા બ્રાહ્મણને તથા તેની સૌંદર્યવાન (!) છોકરીને સાથે લેતો ગયો. 'કાં ચંદુભાઇ.' કહેતોકને હું તો ઘરમાં ઘૂસ્યો. ચંદુભાઇ મારી સાથેનો રસાલો જોઇ ઝંખવાણા પડી ગયા. 'આ આવ્યાં છે નક્કી કરવા' એમ મેં મંગળાચરણ કર્યું ત્યાં તો ભાભી પણ આવી પહોંચ્યાં. તે વખતના ચંદુભાઇના ચહેરા પરના ભાવ આલેખવાની શક્તિ મારી કલમમાં નથી. સિનેમાની ફિલ્મ જ લેવાની જરુર હતી.

'આ બધાં કોણ છે?' ભાભીએ ધીમેથી પ્રશ્ન કર્યો. હું હસ્યો. ચંદુભાઇ શો જવાબ આપે? *शिष्यस्तेऽहं शाधि मां त्वाम् प्रपन्नम्* એમ મનમાં બોલી, શરણાગત દૃષ્ટિથી તેમણે મારી સામે જોયું.

'કેમ હસો છો?' મારા તરફ ભાભીએ બીજો પ્રશ્ન પૂછ્યો.

'કેમ? આનંદ તો થાય જ ને? આ બધી પ્રથમ પુત્રની ખુશાલીના ઉત્સવની તૈયારી થાય છે. આ એક સારો રસોઇયો છે, અને સાથેની છોકરી પરચુરણ કામ કરશે.'

અને તે જ વાત સાચી હતી.*

---

* શ્રી. ના. ચિં. તામ્હનકરની એક મરાઠી નવલિકા ઉપરથી.



પારમાર્થિક સાહિત્યકૃતિ



કિતાબ અને કસોટી

સમીક્ષક :
શ્રી. હિંમતલાલ ગ. અંજારીઆ
એમ. એ; એલએલ. બી.

આળાં હૈયાં : લેખક : સ્વ. વ્રજલાલ ધરમચંદ મેઘાણી. પ્રકાશક : જૈન યુવકસંઘ, મુંબઈ નં. ૩

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ગઈ સાલની શરૂઆતમાં જ બહાર પડેલ 'આળાં હૈયાં' નામનો વાર્તાસંગ્રહ આટલા સમયમાં તો બહુ વંચાયો હોવો જોઈએ. સ્વ. ડૉક્ટર વ્રજલાલ મેઘાણીનું બહુ ખેદકારક સંજોગોમાં અવસાન થયું એટલે તેમની શક્તિનો લાભ લુપ્ત થઈ ગયો, એ ગુજરાતી વાચકવર્ગને મોટી હાનિ થઈ છે. 'દુઃખીની દુનિયામાં' અને 'આળાં હૈયાં' વાર્તાસંગ્રહ–સર્વપ્રિય અને સુવાચ્ય હોવા ઉપરાંત, સ્વાનુભવની વિરલ, હૃદયદ્રાવક, સત્યાન્વેષક, સરળ કથની છે, લેખકના ભાવભર્યા વિશ્વબંધુત્વના મધુસાગરના અનવરત અને અનંત ઘુઘવાટની ગંભીર ગર્જના છે–પ્રભુએ આપેલી વિવેકદૃષ્ટિ અને અંતઃપ્રવેશી સૂક્ષ્મ સૂઝના અજોડ ઉદ્‌ગારો છે. તેમાં સાહિત્યગૌરવ કેટલું છે એ પ્રશ્ન કર્યા પહેલાં તેમાં સનાતન સત્યના દર્શનનું ગૌરવ કેટલું છે એ જ વિચારાઈ જવાય છે. હાલ હાલ જે પ્રતિના લખાણને 'સાહિત્યકૃતિ' ગણવામાં આવે છે તેવી જાતનું લખાણ આ વાર્તાઓમાં માલમ નહિ પડે; પણ છતાં ગોવર્ધનરામ ત્રિપાઠી અને ન્હાનાલાલ કવિ, ધૂમકેતુ અને ઝવેરચંદ મેઘાણી જેવા લેખકોએ જે સાહિત્ય ઉત્પન્ન કર્યું છે તે સાહિત્યનાં ધ્યેય અને તે સાહિત્યનાં ફળ, વ્રજલાલ મેઘાણીની વાર્તાઓમાંથી પ્રાપ્ત થશે, પરિણમશે–પ્રાપ્ત તો થયાં છે જ–પરિણામ આવવાનો આધાર સાહિત્યપરીક્ષકો અને સમયપરીક્ષકોના ઉપર અવલંબન ધરાવે છે. ગુજરાતીના વાચકો સમાજની આ વિષમતા ભરેલી, અને તેથી કરુણતા ભરેલી જે દશા આ વાર્તાઓમાં પ્રત્યક્ષ કરવામાં આવી છે તેથી આર્દ્ર બની તેને સુધારવાને વાચકસમુદાય પ્રવૃત્તિમાન થાય, અને આવી વાર્તાઓથી મળતો અનુભવ અને જન્મતી પ્રેરણા સમાજમાં સર્વવ્યાપી બનાવવા પ્રયત્નો કરે તો જ લેખકનો શ્રમ સફળ બને. સાહિત્યના ઉંચા અખાડામાં પ્રવેશ મેળવી શકે તેવી આ વાર્તાઓ નથી. કારણ તેના લખનારમાં તે પ્રકારની પ્રભુદત્ત–શિક્ષણ પ્રાપ્ત–શકિત કે વૃત્તિ વિકાસ પામી શકી નથી. ક્યાંક ક્યાંક કલા, ક્યાંક ક્યાંક સાહિત્યગૌરવ, ક્યાંક ક્યાંક ઉચ્ચ લક્ષ્ય અને ઉંચી માનવતાની સુંદર છાપ મળી આવતી હોવા છતાં લેખકે સાહિત્ય કે કળા માટે જરા સરખી ખેવના કરી નથી–તે વાર્તાઓની ગણના સાહિત્યકૃતિઓમાં કદાચ ન થાય પણ તેથી તે વાર્તાઓની કિમ્મત ઓછી થતી નથી, કે તેની સેવામાં કશી ન્યૂનતા આવતી નથી. કાકા સાહેબે સૂક્ષ્મ સમાલોચકની દૃષ્ટિથી જોયું છે અને વાચકોને કહ્યું જ છે કે આ સંગ્રહ તરફ કેવળ સાહિત્યરસની દૃષ્ટિથી જોવું ન ઘટે. આ તો સેવાભાવી કારુણ્યવૃત્તિમાંથી ઉત્પન્ન થયેલું પારમાર્થિક સાહિત્ય છે. સાહિત્યની કસોટી પર આને કસવાને બદલે સમાજસેવાની અને અન્યાયનિવારણની લાગણીથી એનું સેવન કરવું ઘટે.

અને અવશ્ય, જે લખાણ ચિંતનક્ષમ છે, ચિંતન માગી લે છે, ચિંતન આવશ્યક લેખે છે, તે વાંચન શુભ ફળદાયી નીવડે છે જ. 'આળાં હૈયાં'

વિશ્વબંધુત્વનાં મધુસાગરનાં અનવરત અને અનંત ઘુઘવાટની ગંભીર ગર્જના

ચિંતન પ્રેરતો વાર્તાસંગ્રહ છે; સમાજમાં ક્યાં ક્યાં ખાડાટેકરા છે, ક્યાં ક્યાં અસામ્ય અને અનાચિત્ય છે, ક્યાં ક્યાં દુર્લક્ષનાં પાપો પરિપાક પામી રહ્યાં છે, ક્યાં ક્યાં શોધખોળની જરૂર છે અને ક્યાં ક્યાંથી કુદરતની રહસ્ય-રત્નકણિકાઓ હસ્તગત થઈ જાય છેઃ એવું ઘણું ઘણું સુઝાડે તેવો આ વાર્તાસંગ્રહ છે. તેની મોટામાં મોટી કિમ્મત એ છે કે તે વાચકને વર્તમાન વાસ્તવ દશાનું ભાન કરાવી, સમાજને સમજાવે છે, ચેતાવે છે, કે આત્મસંતોપમાં બૂડેલી, અંગત સ્વાર્થના ઘેરા રંગથી રંગાયેલી, અત્યંત ટૂંકી દૃષ્ટિથી અને વિપરીતન્યાયથી જીવ્યા કરતી વ્યક્તિઓ સમાજમાં વ્યાપી રહેલા અન્યાય તરફ દુર્લક્ષ કરી રહી છે, એ સ્થિતિ વ્યક્તિ માટે જ નહિ, પણ દેશ માટે, અને રાષ્ટ્ર માટે મહા અનર્થકારી છે. હાલની અધોગતિ તરફ ધસી જતી અવદશાને દરેકે દરેક વ્યક્તિએ રોકવી જોઇએ, એકે એક વ્યક્તિ દશાનું સાચું જ્ઞાન ન પામે, એકે એક વ્યકિત ચિંતન ન કરે, એકે એક વ્યક્તિ આચરણમાં સુધારો કરવા નિશ્ચય ન કરે, એકે એક વ્યક્તિ શુભપથગામી ન બને, ત્યાં સુધી રાષ્ટ્ર, દેશ કે સમાજ સુધરી શકે જ નહિ. 'આળાં હૈયાં' અને 'દુઃખીની દુનિયામાં'ના લેખકે દરેક વ્યક્તિ આગળ એવા અનુભવો અને એવી ઘટનાઓ રજુ કરી છે કે દરેકે દરેક વાર્તા કાંઇ ને કાંઈ નવી માહિતી આપે છે, વર્તમાન સમાજનાં ચિત્રો રજુ કરે છે અને વાચકને ચિંતન કરવા પ્રેરણા આપે છે. દરેકે દરેક વાર્તા હૈયાને આળું બનાવે છે, સમાજમાં વ્યાપી રહેલા અન્યાયોને અને સમાજને સેડવી રહેલી બદીઓને ઉઘાડાં પાડે છે; વાચકને જરા સરખી અક્કલ હોય તો તેને વિચાર ચકડોળે ચડાવે છે-ચિંતન કરવા પ્રેરે છે-આવા સમાજમાં દેશ કેમ શાંતિ-સંતોપથી જીવ્યા કરે છે એ સંબંધે વિસ્મિત બનાવે છે.

આ વાર્તાઓ કથારસના શોખથી જોઇ જવામાં આવે તો પણ હૃદયને હલાવી નાખે, ડોળી નાખે, અસ્વસ્થ બનાવી ચિંતન ચકરાવે ચડાવે તેવી છે, પણ જો જરા ઝીણવટથી અને લેખક સાથે એકરસ થઈ, લીટીએ લીટી ધ્યાનપૂર્વક વાંચવામાં આવે તો તો અંદર અંદર ચમકી રહેલી વિચાર-કણિકાઓ સત્ય અને સત્ત્વના પ્રકાશથી વાચકને વિસ્મય પમાડી દે છે. 'માતાની ઝંખના'માં અનિલ અને શ્યામાનો વાર્તાના અંતભાગમાં આવેલો સંવાદ જુઓ—

શ્યામા, પતિત કે પતિતાનાં દિલ ખોલીએ તો જાણી શકાય કે ત્યાં શું શું ભર્યું છે. તેને કોણે પતિતા કરી? શા માટે કરી? અને આપણે પણ એવાં ક્યારે થઈ જઈશું અને આપણા એવા સંજોગ ક્યારે આવશે એની કાંઈ થોડી ખબર છે? શ્યામા, પતન સુખથી કે આનંદથી નથી થતું. પણ છેલ્લામાં છેલ્લો ભોગ લઇને જ થાય છે. પતનનાં પૃથક્કરણ ન હોય, તેના તો પદચ્છેદ જ કરાય, અને જ્યાં પતન પોતે જ પતિતને પ્રજાળી રહ્યું હોય છે, ત્યાં માનવ દુનિયામાંથી દયાની અમી વર્ષા જ શોભે જો જગત મેલ ધોતું આવ્યું ન હોત તો તે નર્યું મેલમય જ બની જાત અને તેમાં જીવવું અકારૂં બનત. પાવનકારી ભાવના જ પતનની દુર્ગંધને દૂર કરે છે. બાકી તો માનવીના આજના સંજોગો ડગલે ને પગલે પતન-કારી જ છે. (પાનું ૨૦૩-૨૦૪)

કંઇક તેવો જ વિચારહિંદોલ ઉત્પન્ન કરે તેવું દાન વિષેનું લખાણ વાંચો—

દાનની પાછળ જે સુંદર ભાવના છે તેનો ખરો મર્મ સમજ્યા વગર આવતા ભવના કલ્યાણના નામે કે અમર નામનાના નામે થતાં રૂઢિગત દાનો કરતાં, વિચાર અને યોજના પૂર્વક આ જીવનમાં અન્યને ખરા ઉપયોગી બનવામાં જે આત્મસમાધાન અને શાંતિ રહેલાં છે તે જો ખરી રીતે સમજાય તો આવતા ભવનાં સુખ, શાંતિ કે કલ્યાણનો વાયદો કે વાંધો આ ભવમાં જ ફળે છે. પણ કલ્યાણની આ કામના

દરાજ, ખસ, ખુજલી માટે
"ઝંડા છાપ" સફેદ મલમ
વાપરવાથી કપડાંને ડાઘ પડતા નથી અને ચોવીસ કલાકમાં આરામ થાય છે.
સી. સી. મહાજનની કાં. મુંબઇ-૨

મુસાફરીના સાથી તરીકે એક શીશી
જીવનધારા
ની જરૂર સાથે રાખવાનું ભૂલતા નહિ
• દરેક શહેરમાં વેચાતી મળશે •

રોવનારની, અમુક પ્રકારનું સમાજમાં સ્થાન મેળવવાના લોભમાં, પ્રજાના ખરા ઉપયોગ કે જરૂરિયાતની તરફ નજર જતી નથી, તેથી ધાર્મિક કાર્યો, એટલે કે પ્રભુમંદિરો પાછળ ખરચાતું નાણું, ધાર્મિક ઉત્સવોની પાછળ વેરફાતું દ્રવ્ય કે નવા નવા પ્રભુઓ ઠેકાણે ઠેકાણે પધરાવવામાં ખર્ચાઈ જતું ધન જ માત્ર કલ્યાણ કરનારૂં છે અને આ સિવાયનો બીજો ઉપયોગ તો આ લોક પૂરતો જ, આવી માન્યતાને કારણે પ્રજાકીય જરૂરિયાતોની ભયંકર અવહેલના કે ઉપેક્ષા થઈ રહી છે. જ્યાં સુધી જ્ઞાનનો ઉપયોગ પ્રજા માટે થતો હતો ત્યાં સુધી મૂડીવાદ સામે પ્રજાની આંખમાં ઝેર આવ્યું નહોતું, ધર્મનું નિરર્થકપણું કે પોકળપણું હૈયામાં વસ્યું નહોતું. (પા ૬૫)

આવાં આવાં લખાણ, સુઘટિત સ્થાને અને સુઘટિત પ્રમાણમાં હોવાથી, કથારસની સાથે ભાવપ્રવાહ અને ચિંતનપ્રવાહને મેળવી ભેળવી, વાર્તાઓને મનોગમ, આહ્લાદજનક અને ચિંતનપ્રેરક બનાવી રહે છે.

વાર્તાઓના વિષયો પણ વિવિધ પ્રકારના છે. કોઈકમાં કટાક્ષ છે (ગૃહઉદ્યોગ, ગાંધીયુગ જન્મે છે.), કોઈકમાં સારા ગણાતા, વ્યવસ્થા માટે આવશ્યક ગણાતા, વ્યવહાર કેવા વિપરીતપરિણામી અને અનર્થકારી નીવડે છે એ બતાવી જીવનસમસ્યાના કોયડા બતાવવામાં આવ્યા છે (કાયદાનો કડક અમલ, જઈનાબીની બકરી), કોઈમાં અભણ કે નામનું ભણતર પામેલી વ્યક્તિઓ આચરણમાં કેવી ઉદારતા, સફળતા, સ્વાભાવિક ઉચ્ચતા બતાવી, આપણા કડવા લાગતા સંસારમાં પણ મીઠી વીરડી જેવી બની રહે છે, અને તેથી સમાજની અવદશામાં પણ તેવી વ્યક્તિઓ જ સમાજને ટકાવી રાખનારી બને છે એ બતાવ્યું છે (નારીહૃદયમાંની ફુલી, અસંસ્કારીની સંસ્કારભૂખમાંની લાખુ), કોઈમાં સંયમની હદ, તો કોઈમાં ત્યાગની પરાકાષ્ઠા: લોકકલ્યાણ અને સેવાભાવના આદર્શથી જન્મ પામેલી વાર્તાઓનો આ સંગ્રહ ખરેખર આપણા વિરલ સંગ્રહોમાં સ્થાન પામે છે. તેનો પ્રચાર જેમ વધારે થશે તેમ ગુજરાતીઓના માનસ પર સંસ્કાર અને શુદ્ધિની, ધર્મભાવના અને સેવાભાવનાની, લોકકલ્યાણ અને સુયોગ્ય આચરણની છાપ વધારે ને વધારે ઊંડી અને ટકાઉ થવા સંભવ છે. વિદ્યાપીઠોના ઊંચા વર્ગોમાં, આદર્શ અને ધ્યેયની સમીક્ષા માટે આ સંગ્રહ અવશ્ય માન્ય ગણાવો જોઈએ. હાઈસ્કૂલોનાં ઉપલાં ધોરણોમાં દરેક વિદ્યાર્થી માટે તે આવશ્યક ઠરાવવો જોઈએ. લાઈબ્રેરીઓ, અભ્યાસગૃહો અને સેવામંડળોમાં તેનું ખૂબ સેવન થવું જોઈએ.

રાષ્ટ્રભાષા વિભાગ

હિન્દમાંથી વિદેશી સરકાર વિદાય લે છે અને તેની સાથે અંગ્રેજી ભાષાની ગુલામીમાંથી પણ હિંદ છૂટે છે આપણી પોતાની જ હિંદી-હિન્દુસ્તાની રાષ્ટ્રભાષા અને રાજભાષા બને છે. 'જીવન-પ્રકાશ'ના વાચકો સરલતાથી હિંદી સાહિત્યનો રસાસ્વાદ લેતાં લેતાં, રાષ્ટ્રભાષા શીખી શકે એવા ઉદ્દેશથી 'જીવન-પ્રકાશ'માં આગામી અંકથી 'રાષ્ટ્રભાષા' વિભાગ શરૂ કરવામાં આવશે. રાષ્ટ્રભાષાના તેમ જ હિંદી સાહિત્યના એક વિદ્વાન આ વિભાગનું સંપાદન સંભાળશે.

આવા સંગ્રહને સુલભ કરવા માટે મુંબઈ જૈન યુવકસંઘને ધન્યવાદ ઘટે છે. 'પ્રબુદ્ધ જૈન' ખરેખર સમાજસેવા ઉપરાંત સારી રાષ્ટ્રસેવા બજાવી રહ્યું છે. તે પાક્ષિકમાં આ સંગ્રહમાંની કેટલીક વાર્તાઓ છપાઈ હતી. પરંતુ માસિક કે પાક્ષિકમાં આવતી વાર્તાઓ સમય જતાં વિસારે પડે છે; તેને ગ્રંથસ્થ કરવી એ તે વાર્તાઓને અમર બનાવવા જેવું છે. શ્રી મુંબઈ જૈન યુવકસંઘે ગુજરાતી વાર્તાસંગ્રહમાં, ગુજરાતી ચિંતનપ્રેરક સાહિત્યમાં, ગુજરાતી જનતાને પુરા આદર્શ અને શુદ્ધ વ્યવહાર બતાવનારાં પુસ્તકની વૃદ્ધિમાં જે પગલું ભર્યું છે તે ખૂબ શુભ ફળદાયી બનશે-બનવું જોઈએ અને બનશે જ.

• કમલ આઈડ્રોપ્સ •
આ દવા ચોંટી ગયેલી આંખ, શ્રમિત આંખ, લાલ, પાણી દદતી આંખને સારી કરે છે. આંખને ઠંડક આપી તેજ વધારે છે.

છટકેલા લમણાને કાબૂમાં રાખવા
હાથ છાપ મેડીકેટેડ સ્નફ વાપરો
મહાસુગંધી સ્નફ વર્કસ, સિહોર (કાઠિ.)

હિંસા અને અહિંસા

એક વાર અહિંસક પ્રતિકાર વડે રાષ્ટ્રનું સર્જન થયું કે પછી એ રાષ્ટ્રમાં હિંસાને કદી સ્થાન જ નહિ મળે એમ માની લેવું ભૂલભરેલું છે. હિંદુસ્તાન અહિંસક માર્ગે સ્વરાજ મેળવે, તો પણ દેશમાં ઘણા માણસો એવા રહેશે, જેમની હીન વાસનાઓને બળજબરીથી અંકુશમાં રાખવી પડશે. રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેના સંબંધનું નિયમન અહિંસાને ધોરણે થતું હશે, ત્યારે આંતરરાષ્ટ્રીય જીવનને વિષે એ જ સ્થિતિ હશે. આખી માનવજાતિને માટે એક રાજકીય તંત્ર ન સ્થપાય, ત્યાં સુધી રાજ્યો કે સરકારોના, બળજબરી પર રચાયેલાં કામકાજ બંધ ન રહી શકે.

મોટા ભાગના મનુષ્યો જ્યાં લગી સામાન્ય મનુષ્યની જેમ રાગદ્વેષાદિ વિચારોને વશ રહે ત્યાં સુધી સર્વ ઉપલબ્ધ સાધનો વડે આત્મરક્ષા કરવાનો ..પ જતો કરી શકાય એમ હું માનતો નથી...

મારી સમજ પ્રમાણે અહિંસા એટલે શરીર ..ના પ્રયોગનો સર્વથા ત્યાગ એવો અર્થ અભિપ્રેત ..એવા પ્રસંગો આવે છે, જ્યારે બળનો પ્રયોગ ક્ષમ્ય નહિ, પણ પરમ કર્તવ્યરૂપ થઈ પડે છે. અહિંસા એ માનસિક વસ્તુ છે. તેનું નૈતિક મૂલ્ય તેની પાછળ રહેલા હેતુ અને ભાવના પરથી નક્કી થાય છે. ભય, દ્વેષ કે ક્રોધ વિના સ્વીકારેલા કર્તવ્યમાં જો બળનો પ્રયોગ જરૂરનો થઈ પડે, તો તે હિંસા ન ગણાય.

સત્યાગ્રહ એ એક અત્યંત પ્રભાવશાળી શસ્ત્ર છે. એ શસ્ત્રની શોધ માટે માનવજાતિના ઇતિહાસમાં મહાત્મા ગાંધીની કીર્તિ અમર રહેશે. એની જે મર્યાદાઓ છે, તે એની તાત્ત્વિક અપૂર્ણતાને નહીં, પણ મનુષ્ય સ્વભાવની અપૂર્ણતાને આભારી છે. જે માણસ ઊંચી કર્તવ્ય-ભાવનાથી પ્રેરાઈને હિંસાની સામે પોતાના ઘરની, પોતાના દેવસ્થાનની કે સ્વદેશની રક્ષા કરે છે તે બીજા કોઈના જેટલો જ સત્યાગ્રહી છે.

–શ્રી. કનૈયાલાલ મુનશીકૃત 'ભારતીય સંસ્કૃતિ'માંથી

*

કલાકાર અને બ્રહ્મચર્ય

..બ્યંકટ આપ્પાએ રામાયણના પ્રસંગોનાં ભાવમય ચિત્રો ..ને બતાવ્યાં. એમાં રામનો પ્રતાપ, લક્ષ્મણની સેવા અને ..હનુમાનની ભક્તિના ભાવ સચોટ હતા. એક સીતા જરા ..તુરત અને ઊતરી ગયેલા યૌવનમાં હોય, એવાં લાગતાં .. મેં વ્યંકટ આપ્પાને એ વિષે પૂછ્યું તો એ કહે, ..બરાબર છે.' પણ એમના એક મિત્રે મને કાનમાં કહ્યું કે ..કટ આપ્પાએ કોઈ સ્ત્રી સામે કદી નજર ફેરવી નથી. ..ચર્યને એમણે મનસા, વાચા અને કર્મણા પાળેલું હોઈ, .. એક એની માશી સિવાય બીજી કોઈ સ્ત્રીને એમણે નિર..ને જોઈ નથી. અને આ સીતા એના માશીના જેવાં જ ચીતરી શક્યા છે. એની સ્ત્રીની કલ્પના, માશીથી પર ..શકે એમ છે નહીં.'

..હરિપ્રસાદ વ્રજરાય દેસાઈકૃત 'રસદર્શન'માંથી.

આપણે શું ગુમાવ્યું છે?

હિન્દુસ્તાનના માનવીઓને આગળે આગળે સર્જના હતી, કામ કરી બતાવવાની શક્તિ હતી. મુગલ સમયના અને રાજપુત-યુગનાં વસ્ત્રોની કળા, પાઘડીઓ, બેઠકો, જડતર કામો, લોટા, પ્યાલા તેમજ વિવિધ પાત્રોમાં દેખાતી લાવણ્યમયી રેખાઓ અને રંગાટની કવિતાભરી ચૂંદડીઓ તથા સાડીઓ, એ બધાં મ્યુઝિયમના નમૂના માત્ર બનાવવાનું પાપ કોને શિરે જાય છે?

પ્રાતઃકાળે ઇશસ્મરણનાં સ્તોત્ર કે ગાન-વૈતાલિકો ઘરઘરથી ગાજતાં અને માણસ મનને સ્વસ્થ કરી, તનની સ્વચ્છતા અને વસ્ત્રની સફાઈ કરવામાં પરિશ્રમને તંદુરસ્તીનું સાધન માનતો, તેને સ્થાને આજે તે કેમ સૂર્યોદય પછી ઊઠતાં જૂઠાં, સૂઝેલી આંખો અને ઘોઘરા સાદે જગતમાં વ્યાકુળતા અને વિરોધ જેટલો જ ઊભો છે? એના જીવનનો તાલ બેઠો નથી, એને મનની કે સ્વરની સુરાવટ મેળવતાં આવડી નથી, તે કુટુંબ કે સમાજમાં શી રીતે આદર અને આનંદનો અવતાર બની શકે?

એનું જીવન-શિક્ષણ જ એવું છે. સ્વરનાં આંદોલનો કે અનુકંપનો તેનાં પાઠ્યપુસ્તકો કે શાળામાં નથી. મનોરમ ચિત્રાવલિથી પ્રત્યક્ષ થતી માનવ-કથાઓ કે દશ્યો તેને જોવા મળ્યાં નથી. ઘર આગળ કે શાળાના આંગણે કે સુરચિત શોભાયમાન દ્વારદેશો કે શિલ્પસ્વરૂપોથી તેને વંચિત રાખ્યો છે. અક્ષરોનાં ચિરપરિચયથી તેણે દૂર નજર ફેંકવાની શક્તિ ગુમાવી છે, અને કુદરતની પળેપળ બદલાતી નવીનતાઓને અવલોકી શક્યો નથી. આજના માનવીનું જ્ઞાન તેના કબાટમાં ભરેલાં પુસ્તકોમાં છે. તેણે તો એને કૂંચી ગૂડો સાચવી, ખોરાક, કપડાં અને આરામ પૂરતું ભાડું લઈ સંતોષ માન્યો છે...આપણે દૃષ્ટિનો, શ્રુતિનો, અને વાણીનો સૌંદર્ય પ્રદેશ ગુમાવ્યો છે. રૂપસાગરની લીલાઓ, સ્વર જગતનાં ધ્વનિકંપનો અને અનેકવિધ કલાઓ વગર આપણી શિક્ષા જીવનને શું આપી શકશે? જીવનને અર્થ ક્યાંથી પ્રકટશે?

—શ્રી. રવિશંકર રાવળ કૃત 'કલાચિંતન'માંથી

*

સ્ત્રી : ધરતીનો અવતાર

અસ્ત્રી એય બીજું કોઈ નથી, પણ ધરતીનો જ અવતાર છે. જેમ કોઈ ધરતી ટેકરાવાળી હોય, કોઈ ઝાબવાળી હોય, કોઈ કાળી હોય, કોઈ ગોરાડુ હોય, કોઈ રેતાળ હોય કે કોઈ પડતર હોય. પણ એનું હૈયું બધી જગાએ એનું એ જ. ધણી જો એને હેત રાખી કેળવે તો એ કદી દગો ન દે. ઇચ્છા કરતાં કદી એ ઓછું ફળતી નથી. જેટલું ધણીને એના પ્રત્યે હેત હોય એટલો એને ઉમળકો આવે છે. અને એ ઉમળકો ફળ આપીને સામો એ દેખાડે છે એના કરતાં હજારગણો અંદર વહેતો હોય છે...માટીનાં ઢેફાં એ કંઈ ધરતી નથી, એના કાળા ગોરા ઉપર એનો કસ નથી, કસ છે એના પેટાળમાં વહેતી શક્તિનો અને એ કંઈ આંખે દેખાતી નથી. એનો સાચો ધણી તે એને પારખે છે, જગાડે છે અને વહાલ કરી જાણે છે. અસ્ત્રીનું પણ એવું જ. બહારથી દેખાય છે એ કંઈ અસ્ત્રી નથી. સાચી અસ્ત્રી તો અંદર એના હૈયામાં છે. એ હૈયું કંઈ એવું માટીનું, લાકડાનું કે લોઢાનું નથી કે એ આંખે જોઈ શકાય કે પારખી શકાય. એ તો એની મેળે એનો ધણી મળતાં વહેવા માંડે છે.

—શ્રી. ઈશ્વર પેટલીકર કૃત 'ધરતીનો અવતાર'માંથી

તમે ખાટી ગયા છો ને?

બર્નાર્ડ શૉ જેવા મહાન કટાક્ષકારને પણ એક વાર કટાક્ષકલામાં પરાજય સ્વીકારવો પડ્યો હતો, ને તે એની પોતાની પત્નીના હાથે જ. કટાક્ષ એ મૂળ તો સ્ત્રીની જિહ્વાલીલાનો જ પ્રદેશ ખરો ને?

શૉએ કહ્યું કે સ્ત્રી કરતાં પુરુષ વધારે મુત્સદ્દી, ગણત્રીબાજ અને વધારે અક્કલવાળો હોય છે. આ કથનને ટેકો આપવાનો શૉએ શ્રીમતી શૉને આગ્રહ કર્યો.

શ્રીમતી શૉએ કહ્યું: 'તમારી વાત સાચી છે. ખરેખર પુરુષો વધારે અક્કલવાળા હોય છે. જુઓને, તમે મને પરણ્યા અને હું તમને પરણી! તમે ખાટી જ ગયા છો ને?'

*

એ તો હું જ છું!

મુંબઈની તાજમહાલ હોટેલમાં એક સુવિખ્યાત નટી બેઠી હતી. એની સાથે એક ઘણી જ આકર્ષક યુવતી વાત કરી રહી હતી. એ જ હોટલમાં આ બંનેથી દૂર બેઠેલા એક કલાકારે પેલી યુવતીને જોઈ ને તેને થયું કે એને મોડેલ તરીકે રાખીને ચિત્ર દોર્યું હોય તો ઘણું સરસ ને કલા-પૂર્ણ એ ચિત્ર બને. પેલી યુવતી સહેજ દૂર ગઈ, એટલે કલાકારે એ સુવિખ્યાત નટી પર ચિઠ્ઠી લખીને હોટેલના વેઇટર સાથે મોકલાવી. ચિઠ્ઠીમાં લખ્યું હતું: 'એ અદ્ભુત સૌંદર્યસ્વામિની કોણ છે?' અને એનો જવાબ એ નટીએ આપ્યો: 'એ તો હું છું!'

બાપુ અને કામદાર

મેપો : (ખાટલા તરફ ફરી) બાપુ, હવે વિસામો લઈએ તો ઠીક. મારા પગ......

વખતાજી : ખવાસ ઈ ખવાસ! એલા એટલી વારમાં હાલતાં હાલતાં થાકી ગયો?

મેપો : હા, બાપુ!

વખતાજી : ઠીક, બેસ તંયે. (યાદ લાવી ઊંચું જોઈ) મેપા, જોતો ખરો, મારા પગમાં મોજડિયું છે કે નથી?

મેપો : (રોજની ટેવથી) મોજડિયું પહેરી છે, બાપુ!

વખતાજી : તો ઠીક. મેં કીધું કે ક્યાંક રાણીવાસમાં પડી રહી હોય.

મેપો : (આશ્ચર્યથી) રાણીવાસ, ક્યાં બાપુ?

(વખતાજીનાં ભવાં ભેગાં થાય છે)

વખતાજી : માળું ખવાસડું ઈ ખવાસડું! વાણિયા જેટલી અક્કલ ન મળે!

—શ્રી. ઇન્દુલાલ ગાંધી કૃત 'પથ્થરનાં પારેવાં'માંનું એક નાટક : 'પગરખાંનો પાળિયો'માંથી

પ્રાણીશાસ્ત્રમાં વણાએલું જાતીય વિજ્ઞાન

લેખક : વૈદ્યશાસ્ત્રી મણિશંકર કાલીદાસ યાજ્ઞિક

સંસ્કૃતિની દૃષ્ટિએ જોઇએ તો પ્રાણીશાસ્ત્ર એટલે સમગ્ર જીવનશાસ્ત્ર છે અને તે કારણે પ્રાણીશાસ્ત્રનું સ્થાન પણ ઉચ્ચ માનવામાં આવ્યું છે. પ્રાણીશાસ્ત્રનો આરંભ જીવવિદ્યાથી થાય છે. આ વિદ્યાની પ્રારંભિક શિક્ષા માટે પશ્ચિમમાં સ્વતંત્ર પાઠશાળાઓ ચાલે છે. એટલું જ નહીં પણ હાઇસ્કુલો તથા કોલેજોમાં ખાસ કરીને પ્રાણીશાસ્ત્રમાં વણાએલા જાતીય વિજ્ઞાનનું આગ્રહપૂર્વક શિક્ષણ આપવામાં આવે છે. ત્યારે આપણા દેશમાં આ વિષય સંબંધી વાસ્તવિક જ્ઞાન નથી એમ કહીએ તો હરકત નથી.

પ્રાણીશાસ્ત્રનો આરંભ જનનેંદ્રિય (લિંગ)નો ઉદ્ગમ, વૃદ્ધિ, અને વિકાસની વિચારણાથી થાય છે. આ જીવન-ઉપયોગી વિદ્યા પ્રાપ્ત કરવા અને તે વિદ્યાને સર્વતોમુખી બનાવવા પશ્ચિમનાં વિદ્વાનો આજે પુરુષાર્થ કરી રહ્યા છે.

હિંદમાં પૂર્વે વૈદિક સંસ્કારને માનવસમાજમાં જ્યાં સુધી આદર હતો ત્યાં સુધી ગર્ભાધાન સંસ્કાર રૂપે આ વિજ્ઞાન જીવતું રહ્યું છે. વૈદિક સંસ્કારની એવી ગૂંથણી છે કે જે સંસ્કારો દ્વારા વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રનું સર્વાંગીણ હિત સાધી શકાય. આજે તો માત્ર સંસ્કારમાં ફક્ત યજ્ઞોપવીત અને લગ્નસંસ્કારની ક્રિયા રહી છે, તે પણ વાસ્તવિક સંસ્કાર કહેવાય નહીં; માત્ર સંસ્કાર વિધિનાં ભગ્નાવશેષો કહી શકાય.

પ્રાણી-સંસારમાં લિંગ ભેદ સર્વવ્યાપક છે, જોકે આ માન્યતામાં આજે પરિવર્તન થયું છે. આજના શોધકો જણાવે છે કે ઉચ્ચ શ્રેણીનાં પ્રાણીઓમાં લિંગ ભેદ હોય છે. પરંતુ નિમ્નશ્રેણીનાં પ્રાણીઓના બન્ને લિંગોમાં ભેદ નથી.

માનવ જાતિનાં લિંગ વિષેનાં નિર્ણય માટે પ્રાચીન કાળથી વિચારણા ચાલી આવે છે. અને આ વિષયનાં સમાધાન માટે ઉત્પાદક તત્ત્વો Reproductive Elements અર્થાત્ ડિમ્બમાંથી અને શુક્રાણુના સંબંધમાં કાંઈક જાણવું આવશ્યક છે. કેમકે એક નવીન જીવની ઉત્પત્તિ માટે માતા-પિતા દ્વારા પ્રદત્ત આ વસ્તુ (લિંગ) છે. હવે પ્રાણીશાસ્ત્રનું કહેવું છે કે ડિમ્બ એ અપેક્ષાકૃત નિષ્ક્રિય મોટો કોષ છે, જેમાં સંગૃહિત પોષક સામગ્રી ભરેલી હોય છે. તેમાં એક કેન્દ્રક હોય છે. અને તે ગત્યાત્મક કેન્દ્ર મનાય છે. શુક્રાણુ એ તદ્દન નાનો કોષ છે. તેમાં કમ્પનયુક્ત કલા રહે છે. જેનાં દ્વારા એ વીર્યમાં સરલતાથી તરી શકે છે; મૈથુન બાદ રાસાયનિક આકર્ષણથી શુક્રાણુ ડિમ્બ તરફ ખેંચાય છે. પછી એકમેક થઈ તેમાં પ્રવેશ કરે છે. આ બન્ને કોષોના સંયોગથી નવીન જીવની ઉત્પત્તિ થાય છે; અહીં જાતીયશાસ્ત્ર પ્રશ્ન ઉઠાવે છે કે, તેમાં એવું શું કારણ છે કે જેનાથી એક ગર્ભિત ડિમ્બકોષ Fertilised Egg-Cell નર અથવા માદા રૂપે પરિણમે છે?

ઉપરના પ્રશ્નના નિર્ણય માટે અંકોનો સંગ્રહ કરી Statistically પ્રયોગ દ્વારા, કોષવિજ્ઞાન દ્વારા Gytologically, અને ઉત્પાદન દ્વારા Genetically અનેક અન્વેષણ થયાં છે. અને તેમાંથી એ ફલિત થયું છે કે આ પ્રશ્નના સંપૂર્ણ ઉકેલ માટે લિંગ નિર્ધારણ ક્રિયાનું જ્ઞાન આવશ્યક છે.

જાતીય વિજ્ઞાન વિષય પ્રવેશની શરૂઆતમાં પ્રાણીઓનાં લિંગ વિષેનું જ્ઞાન આવશ્યક મનાયું છે. છતાંયે આ વિષયની સંપૂર્ણ માહિતી માત્ર લિંગ નિર્ધારણનાં જ્ઞાનમાં સમાપ્ત થાય છે એમ પણ નથી.

પ્રાણી સંસારમાં નિમ્નતમ્ શ્રેણીનાં જીવો પ્રોટોઝોઆ Protozoaમાં નર અને માદા બન્ને એક જેવાં જ હોય છે, અને તેમાં શરીર વિભાજન Fission માંથી સ્ફુટન Budding અથવા બીજોત્પત્તિ Spore Formation દ્વારા ઉત્પન્ન થાય છે. શરીર વિભાજનમાં પ્રાણીનું શરીર બે ટુકડામાં વિભક્ત થઇ જાય છે, અને પ્રત્યેક ટુકડો એક સ્વતંત્ર

પ્રાણીનું રૂપ ધારણ કરે છે. અન્ય દશાઓમાં સંતતિ-કોપ Cellનું પિતૃકોષથી પૃથક્ થવું આવશ્યક નથી. આવી દશામાં ઉપનિવેશોમાં ઉત્પત્તિની સંભાવના રહે છે.

પ્રતિકૂલ પરિસ્થિતિઓનો સામનો કરવા માટે કોઇ કોઇ પ્રોટોઝોઆમાં શુંકોત્પત્તિ થાય છે. ઉત્પાદનની આ વિધિમાં પ્રોટોઝોઆ પોતાને એક તરલ પદાર્થથી ભરેલી થેલીમાં બંધ કરી લે છે, અને પછી કેન્દ્રક બીજ કેટલાક ટુકડા રૂપે વિભક્ત થઇ જાય છે. તેની સાથે સાથે પ્રોટોપ્લાઝમ Protoplasmનો થેલો પણ વિભક્ત થાય છે. છતાંયે એ ધ્યાનમાં રાખવું કે પુનરુત્પાદનની આ વિધિમાં પણ લિંગનું પ્રગટ લક્ષણ જોઇ શકાતું નથી; તેનું કારણ એ છે કે જે જીવોમાં આ વિધિઓથી સંતાનોત્પાદન થાય છે, તેની બનાવટ સાધારણ છે. પરંતુ પ્રોટોઝોઆમાં એવાં ઉદાહરણો મળી આવે છે જેમાં બે જીવોના સંગમથી એક નવીન જીવની ઉત્પત્તિ થાય છે. જે વિશેષ શક્તિપૂર્ણ હોય છે, સંતાનોત્પત્તિની આ વિધિને સમાગમ, સંયોગ, મૈથુન અથવા સહવાસ કહેવામાં આવે છે. પૂર્ણ સમાગમની દશામાં બે જીવ પરસ્પર મળીને એક થઇ જાય છે, પણ અસંપૂર્ણ સમાગમમાં તે થોડો સમય સંયુક્ત રહી કેન્દ્રબીજાત્મક તત્ત્વોનો પરસ્પર વિનિમય કરે છે, અને પછી તે પૃથક્ થઇ જાય છે. ઉદાહરણ માટે કોઇ કોઈ દશામાં સાધારણ શરીરમાં સંગમ માટે વિશેષ તત્ત્વ પારામિસિયમ Paramoecium ઉત્પન્ન થાય છે. આ તત્ત્વ ઘણું કરીને સમાન છે, અને તે સમાગમને સમસંયોગ Isogamy કહે છે. જ્યારે તે તત્ત્વો વિભિન્ન થાય છે ત્યારે તેના સંયોગને Heterogamy કહે છે. વિષમ સંયોગનાં તત્ત્વો ઉચ્ચ શ્રેણીના પ્રાણીઓનાં ડિમ્બાણુ અને શુક્રાણુ Eggs &. Spermsનાં સમાન હોય છે. અહીં આ વાતનું સ્મરણ રાખવું જોઇએ કે પ્રોટોઝોઆમાં ઉત્પત્તિની વિવિધ વિધિઓ અલગ અલગ નથી પણ વંશપરંપરાને સ્થિત કરવા માટે એકથી અધિક વિધિઓ સાથે સાથે પ્રયુક્ત થાય છે. જેઓ પારામીસિયમ આદિ જીવ થોડા સમય સુધી શરીર વિભાજન દ્વારા સંતાનોત્પત્તિ કર્યા પછી જો વંશની જીવનશક્તિ ન્યૂન થઇ જાય તો સમૈ સંયોગની વિધિને ગ્રહણ કરે છે. અહીં લિંગની દ્વિરૂપતાનું એક રૂચિપ્રદ ઉદાહરણ વૌલ--વૌક્ષ Volvoxમાં મળે છે જેમાં ઉદ્‌ભિજાત્મક જનનથી જૂદા એવાં પ્રાણી મળે છે કે જે નર અથવા માદાનાં રૂપમાં હોય છે. પરંતુ એ બન્ને પ્રકારનાં પ્રસંગમાં લિંગનું કોઈ આચરણ નથી. તેમાં સંતાનોત્પાદક તત્ત્વ પ્રાણીમાં સ્વતંત્રપણે છોડી દેવામાં આવે છે, અને તે રાસાયનિક આકર્ષણ દ્વારા (Chemotaxis) પરસ્પર આકર્ષિત થાય છે. વિશેષ પ્રકારનાં સન્તાનોત્પાદક કોષોનું શારીરિક રચનાના કોષોથી પૃથક્ થઇ જવું તે લિંગ વિકાસની.

—ચોમાસાનો વર્તારો—

★ એક જુનો દોહરો ★

ચોમાસાનું કરું અનુમાન
જરા આપજો મુજ પર ધ્યાન
સંવતના છેલ્લા બે લઇ
તેને ત્રણથી ગુણવા સહી
ગુણતાં જે કંઈ જણાય
તેમાં વીસ ઉમેરો થાય
વળતા સાતે ભાગો ભાઇ.

અનુમાન

શેષ રહે જો 'બે'નો આંક
સુકાલિયું તે વરસ નિઃશંક,
બહુ ઉત્તમ વરસે વરસાદ
જાય વરસ નક્કી આબાદ.
શેષ અંક જો 'ત્રણ'નો થાય
તો ચોમાસું મધ્યમ હોય
'પાંચ' વધે તો પડશે કાળ
ધોધમાર ને લીલો દુકાળ
'છ' વધતાં બસ રાખો યાદ
વરસે બહુ મોડો વરસાદ
'એક' વધે અથવા તો 'ચાર'
દુકાળ અરધો નક્કી ધાર
પછી 'મીંડા' પર બેઠો તાળ
તો તો ખરેખરો દુકાળ.

—મણિભાઈ દ્વિવેદી

આ હિસાબે ૨૦૦૩ના છેલ્લા બે આંકડા ૦૩×૩=૯ થાય તેમાં ૨૦ ઉમેરતાં ૨૯ ને તેને સાતે ભાગો એટલે એક રહે—તૈયાર થાઓ અડધા દુકાળ માટે. ['પ્રભાકર'માંથી]

ખીંચી લીધી છે. આ પૃથક્કરણનો આરંભ આપણે વૉલ્વૉક્સ volvoxમાં જોઈએ છીએ અને તે પૃથક્કરણ ઉચ્ચ શ્રેણીના જીવોમાં અધિક સ્પષ્ટ અને વિસ્તૃત થઈ જાય છે. ત્યાં એ પ્રશ્ન ઊઠે છે કેઃ લિંગાત્મક સંતાનોત્પાદનથી sexual reproduction થી શું શું લાભ છે? તેનો સ્પષ્ટ ઉત્તર જાતીય વિજ્ઞાનશાસ્ત્ર આપે છે કે લિંગાત્મક પ્રજનન sexual reproduction અલિંગાત્મક પ્રજનન asexual reproduction ની અપેક્ષાએ વધારે મિતવ્યયી હોય છે. લિંગાત્મક પ્રજનનમાં કેવલ બે સૂક્ષ્મકોષ જનનની વાસ્તવિક પ્રતિમૂર્તિ ઉત્પન્ન કરવામાં સમર્થ હોય છે, અને બીજો ઉત્તર એ છે કે,–અલિંગાત્મક પ્રજનન ઉચ્ચ શ્રેણીનાં પ્રાણીઓની જટિલ રચના સાથે મેળ ખાતું નથી.

વિજ્ઞાનજગત–પ્રસિદ્ધ ડાર્વિને મૈથુનિક ચુનાવ sexual selection ના સિદ્ધાંતનું, લિંગ સમ્બંધી જે ગૌણ લક્ષણ મયૂર આદિમાં દેખાય છે તેની વ્યાખ્યા કરવા માટે પ્રતિપાદન કર્યું હતું. તેનો સબલ વિરોધ વાલેસે (Wallace) કર્યો હતો, કનિંગહામ (Cunningham) નાં કથન અનુસાર એ દ્વિરૂપતા બોધક અવયવ કોઈ ઉત્તેજના વિશેષ special irritation નાં આનુવાંશિક ફળ સ્વરૂપ છે. આ સિદ્ધાંત પર લામાર્ક (Lamarck) નાં સ્વાભાવિક વિકાસની છાપ છે.

હેસે અને ડૌક્લાઇને લિંગ સંબંધીનાં દ્વિ–રૂપ ચિન્હોની વ્યાખ્યા કરવા માટે અતિશક્તિ વ્યવહારનાં સિદ્ધાંત surplus usage theory નું પ્રતિપાદન કર્યું છે. પણ તેનું ખંડન મી. કામેરેર કરે છે. મી. થોમસર અને મી. ગેડીજ આ ઘટનાને શરીરાન્તર્ગત થવા વાળી રાસાયણિક પ્રક્રિયાનું ફળ માને છે. આ રીતે લિંગ નિર્ધારણ વિષે ઘણા વિચારકોએ પ્રયત્ન કર્યો છે. છતાંય દ્વિલિંગાત્મકતા inter sexuality નાં વાસ્તવિક સ્વરૂપનું વિશ્લેષણ પ્રો. ગોલ્ડસ્મિથે કર્યું અને પોતાનો નિર્ણય બહાર પાડ્યો કે, કેટલાક પક્ષીઓ અને કીટકોમાં એવાં ઉદાહરણો મળે છે કે જેમાં એક જ જીવધારીમાં સ્ત્રી-પુરુષેન્દ્રિય સંયુક્ત રૂપે હોય છેઃ gynandromorphism. મનુષ્ય તથા અન્ય જીવોમાં હીજડાઓ જેમાં સ્ત્રી-પુરુષ બન્નેનાં લક્ષણો છે. પણ વિશેષ શોધનાં પરિણામે એવું પણ કહી શકાય છે કે, એવાં જીવ છે કે જેનાં અર્ધા ભાગમાં પુરુષ અને અર્ધા ભાગમાં સ્ત્રીનાં લક્ષણ હોય છે. આ લક્ષણો બહાર અને અંદર એમ બન્ને સ્થળે હોય છે. આ ઘટનાને જરા વિશેષ સ્પષ્ટતાથી સમજાવાય તો વધારે સરલતા થશે.

અહીં સારાએ લેખનું તાત્પર્ય એ છે કે જનનેંદ્રિયમાં દ્વિરૂપતા હોવાનો સંભવ છે. પુરૂષ અને સ્ત્રી બન્નેની જનનેંદ્રિયમાં એટલે કે પુરૂષ જનનેંદ્રિયમાં સ્ત્રી જનનેંદ્રિયત્વ છે અને સ્ત્રી જનનેંદ્રિયમાં પુરૂષ જનનેંદ્રિત્વ છે. આ કારણથી એક જ સાથે સ્ત્રી અને પુરૂષ એમ બે બાળકો એક સાથે જન્મે છે. અર્થાત્ શિશ્નમાં દ્વિલિંગાત્મક રચના છે.

ભારતનું પ્રજનનશાસ્ત્ર શિવલિંગી વનસ્પતિ બીજના સ્વરૂપથી દ્વિલિંગાત્મક વિજ્ઞાન પર પ્રકાશ પાડે છે. એક સાથે બન્ને લિંગો સ્પષ્ટપણે શિવલિંગમાં જોઈ શકાય છે. એટલું જ નહિ પણ અર્ધનારીશ્વરરૂપ એ પ્રાણીશાસ્ત્રનાં મૂળાક્ષરોનું વૈવિધ્ય સૂચન છે; શતરૂપા અને મનુ મહારાજનો ભાગવત પુરાણ પ્રસિદ્ધ જન્મ એ પ્રાણીશાસ્ત્રમાં વણાએલા જાતીય–વિજ્ઞાનનો અપૂર્વ સંકેત છે.

અહીં ભારતીય જાતીય વિજ્ઞાનનું સ્મરણ માત્ર કરાવ્યું છે. આજનું વિજ્ઞાન માને છે કે પુત્ર કે પુત્રી ઉત્પન્ન કરવાં તે માનવપ્રાણીની મરજી પ્રમાણે બની શકે છે. કારણ કે લિંગનિર્ધારણ એ જાતીય વિજ્ઞાનની દૃષ્ટિએ માનવ પ્રજાના હાથની વાત છે, એટલે પુત્રી ઉત્પન્ન થવામાં જે માતાનું ઉત્તરદાયિત્વ ગણાતું તે વાત જાતીય વિજ્ઞાન માન્ય કરતું નથી.

છઠ્ઠી આંતર રાષ્ટ્રીય જનન વિજ્ઞાન મહાપરિષદ સને ૧૯૩૨ ઓગસ્ટમાં ન્યૂયોર્ક ખાતે ભરવામાં આવી હતી, અને તેનાં પ્રકાશનોમાં જણાવ્યું છે કે જર્મન ડૉ. એર. ઉંટર બેર્મરે માનવજાતિનાં લિંગોને પોતાનાં અધિકારમાં લેવાનો ઉપાય શોધી કાઢ્યો છે.

સંસારનાં વહેણ

પ્રિયતમાને પરખી ? એ કોણ હતી ?

લેખક : શ્રી. કુસુમાકર

"ભણેલી છોકરીનાં ઘરમાં જે લોકને અક્ષર વસ્તુ પ્રાપ્ત થઈ લાગે છે, એ લોકનાં ક્ષરાક્ષરતા વિષે ધારવું શું? જો બૂતપરસ્તી એ પાપ હોય, તો આ તો બુતપરસ્તી, પ્રેતપરસ્તી છે. પ્રતિભાને નામે પ્રતિમાપૂજન! આ પડછાયા-પૂજનનો આટલો બધો મહિમા કાં? ત્યારે શું નર કે નારી પોતાનાં પ્રતિબિમ્બ ઉપર જ સહુ મોહી પડતાં હશે?

એ તો બધું ઠીક પણ આ પડછાયા-પૂજકોને પોતાની પ્રખર બુદ્ધિ માટે કેટલું ગુમાન હોય છે? પ્રકૃતિ માતા અહીં છૂટે હાથે સોનૈયા, રૂપૈયા, નીલમિયા, માણેકિયા વેરી રહી છે, એનો ગ્રાહક અહીં કોઈ ખરો? આ સૂર્યોદયનું અનુપમ સૌન્દર્ય! કોઈ અન્ય ફીફીએ આ અનુપમ સૌન્દર્યના કટોરા પીધા હશે? યૌવનમાં સૂર્યાસ્ત અને તોફાનનો ઝાંખો રસાસ્વાદ-પરિચય શીખવવામાં આવે છે; અને એ પરિચય રસિક નવલકથાનાં પારાયણથી અને સુંવાળી પ્રથમ પળોનાં રસાયણથી વૃદ્ધિંગત થાય છે, તે સિવાય સૌન્દર્યદર્શનને જીવનમાં અલાયદું સ્થાન છે ખરું? આ સૌન્દર્યની રંગભભક અહીં વેરાય છે, ને મ્હારે તે એકલાં એકલાં નિરખવાની? પ્રકૃતિલીલાની આ રંગમહેફિલ, લહેજતનાં આ લ્હેરિયાં અહીં બેઠાં બેઠાં નિરખવાં ને તે ય સાવ અટુલાં અટુલાં એકલવાયાં? કિસ્મતની કિન્નાખોરી તે આનું નામ?

સર્જનહારે મને બનાવી—અર્ધાંગના બનાવી—તો મ્હારું અડધિયું ક્યાંક હશે જ ને? નરને ખાતર નારી ને નારીને ખાતર નર! આ રહી હું નારી. હવે મ્હારે ભાગે એક નર તો ફાજલ ખરોના?

હં! એક જણ તો દીસે છે મ્હારે માટે જ; છતાં ય હું એની પાસે જવાં કરું છું, ત્યારે એ તો આઘે આઘે-લાજુ લાડીની માફક આઘે આઘે ઘણે દૂર નાસતો ફરે છે! રે રામ! પૂતળી પાસે આવે અને પૂતળો ભાગતો ફરે! સુન્દરી સમીપ ને સુન્દરો છિપ, છિપ છિપ, દડાની માફક છળે ને ઉછળે! છિપ છિપ હુરા! આનું નામ જ કિસ્મતની કિન્નાખોરીને!—"

* * *

આ કોની દૈનંદિનીનાં પાનાં! મ્હારા મહેરબાન! મ્હારી કલ્પનામાં મીઠી મીઠી સુંવાળી સુંવાળી ગલીપચી થાય છે એમ! ને આપ સાહેબને તો હું ગલીપચી નહીં ગદગદિયાં થતાં હશે!

બાપરે! આમાં તો ચોકખું આત્મનું આમંત્રણ ને નેહનું નિમંત્રણ! મ્હેં તો ઉત્તરે ટપકાવી કઢાવ્યો. મ્હને એ નફફટે લાજુલાડી કેમ કહ્યો! એનું તો હું વેર લઈશ. પહેલાં તો અનામિકા કહી સંબોધવાનું મન થયું પણ વિચાર આવ્યો. વાકું વચકે તો? ને અચકો મચકો કારે આલી—નો ઘાટ થાય તો! એટલે મ્હેં તો હૈયામાં હતો એ બોલ હોઠે ચડાવી દીધો, ને હોઠે હતો એ બોલ લેખિની પર ઊતરી પડ્યો. આ તે નેહનો નશો કે નશાનો નેહ! કોણ જાણે?

એની વાસરિકાનાં ફકરાનો આ રહ્યો મ્હારો ઉત્તર!

નરને ખાતર નારી ને નારીને ખાતર નર! આ રહી હું નારી. હવે મારે ભાગે એક નર તો ફાજલ ખરોના?

"પ્રિયતમા,

ઇચ્છા અનિચ્છાએ ત્હેમે હૃદયદાન દીધું છે, ને જાણ્યે અજાણ્યે મ્હેં એ હૃદયદાન લીધું છે. આ પ્રિયતમા સૌન્દર્યદૃષ્ટિ એટલે ત્હમારું હૃદય અને એ હૃદય ઉપરાંત કશું નિર્દિષ્ટ નથી. એ હૃદય એક જ સૌન્દર્ય-દર્શનથી ધડકે ધડકે, એટલે એક પ્રિયતમ અને બીજી પ્રિયતમા—આથી કંઇ એ વસ્તુસંદર્ભ નથી. મ્હારાં મનોરાજ્યનું તખ્ત ખાલીખમ હતું. એના ઉપર કોઇ ચડી બેસે તો એને રોકાય કેમ? આ નિરવધિ સૌન્દર્યનિધિમાં ન્હાઇ રહ્યો'તો, ત્યાં ભાગ્યવશાત્ સંજોગનાં મોજાં આપણને એકમેક ઓતપ્રોત કરી દે, ત્યાં કલ્યાણવિધાત્રીની કુમકુમાક્ષરી જ વાંચવી રહી. આ એકાન્ત સૌન્દર્યધામનો હું રાજવી છું—અથવા સાચું કહું તો હતો.

હું રાજા ને તમે રાણી; આ ઘટના મ્હને તો વિધિનિર્મિત લાગે છે. હં...ત્હમે વ્યક્તિત્વ વ્યક્તિત્વ ફુરો છો તો આ સૌન્દર્યધામમાં નિરાળું ત્રિયારાજ્ય સ્થાપવામાં પણ હરકત નથી; પરન્તુ તમે તો મનની મહેમાની તેય દાનીને દીવાની કરો છો; ત્યારે આપણાં હૃદયરાજ્યનો ગંગાયમુના-સંગમ થાય એ ઇષ્ટ છે ને?"

—પ્રિયતમ.

કમલ લોશન

આ દવા દરેક જાતની લાલ, કાળી દરાજ ચોવીશ કલાકમાં નાબૂદ કરે છે.

ખસ, લુખસ, ખરજવું અને અનેક તરેહનાં ચામડીનાં દર્દો મટાડે છે.

• ફાયદો ન થાય તો પૈસા પાછા •

પ્રિય સુહૃદ્! વાંચીને હૃદયની કહાણી?

હવે તો લાજુલાડી કહી મ્હારી ઘૃણા કરવનો એ નફ્ફટ નારીને અધિકાર નથી ને?

હં! આપણા મોઢામાં સાકર! હં...એટલી વાત તો ચોક્કસ કે એ બાઈસાહેબજી કાચાં કુંવારા જ છે. અપરિણીતા હં! પ્રણય ને પરિણય એવું એવું રતો! એ ઘટનામાં જ કંઈ કંઈ મનમોહન બલિહાર શક્યતા છુપાઈ છે. આમાંથી કંઈ મધુમંજરી ફુટવાની હોય, તો હવે પહેલ એણે જ કરવી રહી. વારુ કોઇને નફ્ફટ થઇને લાજુલાડી કહ્યા પછી એ પોતે જ લાજુલાડી થશે?—

એ ખડક પર મ્હેં તો એ વાસરિકાનું પુસ્તક મૂકી દીધું. કોઇની દૈનંદિનીમાં મ્હારો પત્ર ભેરવવાનો અધિકાર શો હતો?—પ્રિય સુહૃદ્! યૌવન તો એવો પ્રશ્ન ન જ કરે. ને જી જરા જરા આવશે ત્યારે જોઈ લેશું. હં! જેમ હતું તેમ-હૂબહૂ તેવી જ સ્થિતિમાં મ્હેં એ ડાયરી મૂકી દીધી. આમ તેમ દૃષ્ટિ કરી, ક્ષિતિજદર્શન વધાવી હું એ ખડક પરથી નીચે ઊતર્યો.

પ્રિય સુહૃદ્! તે દહાડે મ્હારામાં જરાક મિલનસારપણાંની ચમક આવી ગઈ. સહુ સાથે મ્હેં ખૂબ રસથી તડાધૂમ વાત કરી. જે લોકોની સાથે કદી પણ વાર્તાલાપ કરવા સંયોગ સાંપડ્યા ન હતા, તે લોકનાં મ્હોડાંમાં આંગળી નાંખીને મ્હેં તેમને પરાણે પરાણે બોલાવવા માંડ્યા. તેમાંય કલાપ્રિયતા, સાહિત્યપ્રિયતા, ચિન્તનપ્રિયતા, સૌન્દર્યમાધુર્ય, યૌવન-ચેતન જ્યાં જ્યાં જોયું ત્યાં ત્યાં ખૂબ વિનોદવૃત્તિથી ભમવા માંડ્યું. પેલી અજાણીની મનોરમ પ્રતિમા મ્હારાં નયનોમાં તરવરી રહી હતી. મ્હેં ધાર્યું કે પચીસેક વર્ષની, એ આનંદ પૂતળી હશે, કારણ કે તે

કોઇ પણ પ્રમદા જોઇ કે સૂચક દૃષ્ટિ–શરસંધાન ચાલ્યાં જ છે! જોઇએ છીએ એ વિદ્યુત્વાહિની દૃષ્ટિને ક્યાંય તારામૈત્રકના જોગ ખાય છે ખરા?

પહેલાં તો ચિન્તનપ્રિયના આવવી મુશ્કેલ. એ ઊંચી ને અલમેલડી જ હોય, ગૌરી જ હોય, મદભરી માનુની જ હોય; એ બધું ય ખરું પણ આળ એંધાડે છે એની એ લાજુલાડી જ હોય. આ કંઈ વિરોધ નહોતો–વિરોધાભાસ હોય એમાં ફિકર શી?

પ્રિયતમાનાં દીર્ઘ નેત્રોનાં પુનિત પક્ષ્મો સુરમ્ય અગમ્ય જ હોવાં જોઇએ જ, એની મ્હને આત્મ-પ્રતીતિ થઈ રહી હતી.

એક વાત કહી દઉં? એ પ્રિયતમા ને હું પ્રિયતમ–એ વાત સાવ ગુપ્ત-સુપ્ત જ રહેવી જોઇએ. એ હું ભૂલી ગયો ને જુઇ જેવી જુવતીઓમાં મ્હારી આંખો તેને ઢુંઢી રહી. કોઇ પણ પ્રમદા જોઇ કે સૂચક દૃષ્ટિ-શરસંધાન ચાલ્યાં જ છે. જોઇએ છીએ એ વિદ્યુત્વાહિની દૃષ્ટિને ક્યાંય તારામૈત્રકના જોગ ખાય છે ખરા? મ્હારી કલ્પના પણ કંઇ ફેરફુદડી ફરી રહી હતી? અત્યાર સુધી મ્હેં એને તંગ રાખેલી એટલે જરા પણ બે-લગામ થતાં એ વેર વાળ્યા વિના રહે ખરી? લાસ્ય રમવા દીધું ન હોય, એ કલ્પના એકાએક છુટી થાય, તો તાંડવ રમ્યા વિના રહે? તોબા, તોબા, આ દૃષ્ટિની ચકરડીની ફેરફેર ફુદરડી!

કોલમ્બસને અમેરિકા જડી ગયો; એમ આ દૃષ્ટિને તે યુવતી જડી જાય એમ નહોતી.

બીજે દિવસે હું પેલાં ગિરિશૃંગની એકાન્ત જગાએ મળસ્કામાં જ પહોંચી ગયો. પેલી વાસન્તિકા તો જતી રહી હતી ને એના ઉપર અર્ઘ્યનાં પુષ્પો પણ અદૃશ્ય થઇ ગયાં હતાં. આ થોડીક પાંખડીઓ પાંદડીઓ વેરણછેરણ થઇ ગઇ હતી; પણ એ દર્શને તો હૃદયની પાંખડીએ પાંખડી થનગન થનગન નાચે જ ને જોયું? આમાં ક્યાંય પણ નેહના નિષેધની ગંધ જ ન હતી. વારુ. પોતે બીજા ખડક પર બિરાજી મ્હારો માર્ગ મોકળો કરે છે.

મ્હારે એના પર એકાએક તરાપ શી રીતે મારવી? છાનાં છાનાં અનેક તર્કવિતર્ક મ્હારા મનમાં ગોરંભાઈ રહ્યા હતા. પ્રમદાને પકડવી એ તો નિશ્ચય, ચાળીસની ચતુરા નીકળે તો ય એની ઓળખાણની ચિત્તમાં ચટપટી થઈ રહી હતી. કદાચ એના માથા પર સફાચટ્ટ કલાઇ હોય તો પણ ભલે, મ્હારે તો એને મીઠી મલાઈ જ ગણવી છે.

પછી તો સવાર બપોર ને સાંજ એ એકાન્ત ભૂમિની મ્હેં મુલાકાત લેવા માંડી. એક વાર તો કોઇ રમણીય ભયંકર અકસ્માત પ્રિયતમ-પ્રિયતમાને સામસામાં અથડાવી દેતો નથી એવું અનુશોચન કરતી પત્રિકા લખી મારવાની પણ મ્હેં ધૃષ્ટતા કરી, મ્હારી મનોરાણીના ખડક પર મ્હેં મૂકી.

પત્રિકા અદૃશ્ય થઈ ગઇ; પરંતુ, પ્રત્યુત્તર મળ્યો નહીં.

પણ ના. એકવાર મનોરાણીના ખડક ઉપર ન્હાનીશી પત્રિકા પડી હતી.

"બળબળતાં કાળજાં તો બળબળતે બપોરે જ

• પુષ્પા કોર્ડીઅલ •

બહેનો! પ્રદર, લોહીવા, અનિયમિત અટકાવ, ગર્ભ ન રહેવો, ગર્ભ રહી સરી જવો, કસુવાવડ, હીસ્ટીરીઆ, કોઠે રતવા, પ્રસવ સમયે પીડાવું, ધાવણની અછત, ઊંઘ ન આવવી, ઉબકા, અમૂંઝણ વગેરે દર્દો મટાડી શક્તિ આપનાર **પુષ્પા કોર્ડીઅલ** જ વાપરો. ત્રણ બાટલી પીવાથી સંપૂર્ણ આરામ આપે છે.

—દરેક દવાવાળા તથા ગાંધીઓ—
● વેચે છે ●

ફેંકાં થાય તે ઠીક: હેઉ પ્હોરે તો કુળાં કુળાં ઘેવરિયાં કાળજાં ડુંગરાઇ ડૂંગાર થઇ જાય."

વાહ રે વાહ ! ઘેવરિયાં કળજાંનો ઘેવરિયો પત્ર !

આ તો જરૂર ઉરનાં આમંત્રણ !

બરાબર ધીમ ધખ્યો હશે ને હું ઊપડયો. પગ તો બળુંબળું થાય, પરસેવે રેબઝેબ ! પગમાં કાંટા ભચ્ચોભચ્ચ વાગે, પણ કંઇ ફિકર નહીં. ત્યાં સાડીનો સળસળાટ થયો ને એ...એ... પેલો પમરતો પલ્લવ ! ચાલ રામ—આજ નહીં તો કાલે.

બીજે દિવસેય મ્હારું નસીબ આગળ દોડી ગયું ને હું બે ડગલાં પાછળ ને પાછળ ! આજ તો પગે છોલાયા, ઉતાવળ કરતાં એક બે વાર તો મ્હેં પૃથ્વીને નમસ્કાર પણ કર્યા. તાપ કહે મ્હારું કામ, તૃષા કહે કે મ્હારું કામ, ને છોલાયેલ પગમાંથી રુધિર નીકળે ને ચમચમાટી થાય. એકવાર તો ગુલપરીને પકડવા જતાં હું ઘણે ઊંચેથી ત્રાટકી પડયો. કોણ જાણે કેમ કોઇક અદશ્ય સત્ત્વે મને ઝીલી લીધો, નહીંતર પાવળું પાણી માગવાય જીવ રહેત નહિ. મ્હને મૂર્છા આવી ગઇ હતી; તમ્મર વળતાં મ્હને ભાન આવ્યું કે હું ગિરિકરાડમાં પડી ગયો હતો.

હવે બેઠા થઇ મ્હેં સર્વ ઘટના પર ઠંડે કાળજે વિચાર કરવા માંડયો. સ્વાભાવિક રીતે મ્હારી લાગણીમાં પરિવર્તન થઇ ગયું હતું. હવે તે "અજાણી" નામ પર મ્હારી જિહ્વાથી સ્વસ્તિવાચન કરવા માંડયું. અરે જહન્નમમાં પડી એ અપ્સરા ?!—અપ્સરા શેની, ચુડેલ-વંતરી !

આખર એક વંત્રીથી હું આમ મન્ત્ર-મુગ્ધ થયો ? કુલટા ! ક્યાંય ઠેકાણું પડયું નહિ હોય, એટલે મ્હારા ઉપર આમ ઇન્દ્રજાળ પાથરવા બેઠી ?

ગમે તેટલા સ્વસ્તિવાચનનો મારો પણ આ નાજુક પરિસ્થિતિમાંથી મને શી રીતે ઉગારે ? અહીં ને અહીં આવરદા પૂરું થશે કે શું, એમ વિમાસતો હું બેઠો થયો. ઊઠીને ચાલવાની મ્હારામાં ભાગ્યે જ તાકાત હતી. જેમ તેમ કરી હું બેઠો તો થયો. ડાળાં-ડાંખળાંની મદદથી માંડ માંડ હું ઉપર ચડી રહ્યો હતો, ત્યાં ભારેખમ પગલાં સંભળાયાં.

પરાછાપ બ્રાહ્મી

સો...એ...સો ટકાની ખાત્રીવાળું

● શાસ્ત્રોક્ત રીતે ખાસ ભઠ્ઠીથી બનાવ્યું છે ●

એટલે ખરી પડતા વાળને અટકાવી કાળા, સુંવાળા, ભરાઉ અને ગુચ્છાદાર બનાવે છે

તેમ જ

મગજની નબળાઇ, માથાનો દુખાવો, વેગ વગેરે અનેક દર્દોમાં ફાયદો આપે છે

જાણીતા ગાંધી સરૈયા અને દવાવાળાને ત્યાં વેચાય છે

—જથ્થાબંધ માટે લખો—

એમ. એમ. ખંભાતવાળા, આકા શેઠની પોળ, અમદાવાદ

કયો પુરૂષ કોઇ પણ ઉમ્મરે ઊર્મિ-સ્પર્શાતીત રહી શકે છે? એનાં કાળજાંની પાંખડીને ગલગલિયાં કરે ને એ પાંખડી ગમે તે ઉમ્મરે પ્રકૃતિ-સ્પર્શથી થનગન થનગન નાચવાની જ.

'અરે એ જુવાન, પડી ગયા છો?'

મને અકળામણ છૂટી 'તું પડય, ત્હારો બાપ પડે, ત્હારી સાત પેઢી પડે. હું તે શા માટે ખાડામાં પડું? કંઈકને ખાડામાં ઉતારનાર હું'—મ્હારાં નાકનું ટેરવું ઊંચું રાખવા મ્હેં મિથ્યા પ્રયત્ન કર્યો. મારું સંભાષણ તો સ્વગત હતું, પછી મ્હેં આવનારને પૂછ્યું—'પડી ગયો છું તેની તમને ભાળ કોણે આપી?'

'મને લાગે છે કે ત્હમારા શહેરીઓમાંનું કોક બાઇ માણસ હતું. હું તો ભાઈ, ખેતરમાં કામ કરતો હતો. ત્યાં કોઇકે મ્હારા હાથમાં અરધો રૂપિયો મૂક્યો ને ખાડામાં પડેલ સદ્‌ગૃહસ્થને ઉગારવા મ્હને સૂચના આપી. અરે ભાઈ, હું તો એકશ્વાસે દોડતો દોડતો અહીં આવ્યો છું.' ખીસ્સામાંથી દાતરડું કાઢી એણે એક દંડિકા કાપી મ્હને આપ્યો. એ દંડિકાને ટેકે હું ઉપર ચડવા મથતો હતો. આવનારે મ્હને હાથ આપ્યો ને એની મદદથી હું સીધા રસ્તા પર આવી શક્યો.

એ બાઈ કોણ હતી એના જવાબમાં એણે કહ્યું—એ તો ત્હમે જાણો, બાપ જાવ નિયા! અમને શું ખબર પડે?

'પણ એ બાઈ કેવી હતી?' 'બાપ! માથે છતર ઓઢી'તી ને આપણને કાંઈ વ્હેમ ન રહ્યો. સેતેકને વહી ગઈ ખરર ખમ, ખરરખમ, ખરરખમ, મ્હારા પંડના સમ, ભારે ભાઈ તરવર તરવર એનાં પગલાં.' 'પણ એ ઊંચી હતી ને?'

'મારી જોડે વાત કરવા એને જરાક ઊંચા થવું પડયું એટલે બેક નીચી હશે.'

આ તો કલ્પનાનાં ગલગલિયાં ઉલટાં વધી પડ્યાં.

"નાજુક નમણી ગુલપરી—જરૂર નાજુક નમણી ગુલપરી."—

(૨)

હું મ્હારાં નિવાસસ્થાને પહોંચ્યો ત્યારે મ્હને તાવ ચડ્યો હતો. આખો દહાડો દવાદારૂમાં ગયો, સાદ ઘોઘરો થઈ ગયો હતો, બેસી ગયો હતો; એટલે કોઈને મ્હારી તબિયત ફબિયત વિષે જવાબ આપવાની દુગ્ધામાંથી હું ઉગરી ગયો.

બીજે દિવસે સવારમાં ઊઠું છું તો રામાએ મ્હારી આગળ ફૂલ-ગજરા ધર્યા. 'એ ફૂલ ગજરા કોણે મોકલાવ્યા છે?'

'એ તો ખબર નથી. આપના ઓરડાની બહાર પડ્યા હતા.'

'એની સાથે કંઇક ચિઠ્ઠી ચબરખી હશેના?'

પત્રિકા પર લખ્યું હતું:

'"ત્હમારાં સ્વરાજ્ય" ને "મ્હારાં સ્વરાજ્ય"નાં પુષ્પોના પુષ્પગુચ્છ.'

મ્હેં એ પુષ્પ-ગુચ્છોને સૂંઘવાને બદલે ચુમવા માંડ્યા. પછી મ્હારા પલંગ પાસે 'ટીપાય' ઉપર એને ગોઠવી હું સ્વપ્નસમાધિમાં પડી ગયો.

કમલ બીટર ખસ

[ગુલાબી મલમ]

ખસ, ખુજલી, ખરજવું, દરાજ, ગુમડાં, બાળકોનાં ચેપી અને રતવાનાં ચાંદાં, હરસમસા, મચ્છરના ડંખ, અરતરો ઊડવો, મોઢાના ખીલ, અને દાઝ્યા ઉપર સારી અસર કરે છે. ખરીદ કરતી વખતે 'કમલ બીટર ખસ' બરાબર વાંચી ખરીદ કરશો.

દરેક દવાવાળા અને ગાંધી પાસેથી મળશે.

એના ગોરા ગોરા ગુલાબી ગાલો શરમથી લાલ-લાલ થઇ ગયા અને કચકડાનો પંખો તેના હાથમાંથી સરી ગયો

કયો પુરુષ કોઇ પણ ઉમ્મરે ઊર્મિ-સ્પર્શાતીત રહી શકે છે? એના કાળજાંની પાંખડીને ગલગલિયાં કરે ને એ પાંખડી ગમે તે ઉમ્મરે પ્રકૃતિસ્પર્શથી થનગન થનગન નાચવાની જ. વારુ, પુષ્પગુચ્છ કંઇ મધુરી માગણીનાં ભાવપ્રતીક રૂપ હતા? ઓળખાણ —તેય અન્તરની; હમદર્દી તેય સાચી હાર્દિક અને ઉપરે ઉત્તેજના તેય નેહનો નશો—

મ્હને પડતાં એણે ઉપરથી જોયો હશે. એણે જ પેલા ખેડૂતને મદદ માટે મોકલેલ; ને બન્ને પ્રકૃતિ-ઘેલાં એટલે આમ સમભાવ પણ હોય જ હોય.

પછીનું સપ્તાહ તો કંઇ કંઇ અનુભવથી ભર-ચક ગયું. મ્હારે માટે સહુ લાગણી પ્રદર્શિત કરતાં હતાં. કાળાં ગોરાં, ઊંચા નીચા, ફુટડાં ઊંટડાં સહુ મ્હારા માટે ખૂબ ખૂબ સમભાવ દર્શાવતાં. પેલા ધીમન્ત ડોશી તો જાણે હું એમનો પહેલા ખોળાનો લાડકો હઉં એવી લાગણી મ્હારા ઉપર વરસતાં. પણ ઊભા રહો, પેલી ઊંચી ને અલબેલડી કલાવતીનું હૈયું મ્હારા ઉપર ઢોળાઇ જાય છે કે શું? અરેરે! અત્યાર સુધી મ્હારી આંખ ફુટી ગઇ હતી કે શું? એજ! એજ! ઊંચી ને અલબેલડી! જુઓ તો એની કાળી કીકી કેવી કાલી ને રસ-ઘેલડી છે? હં! હં! એ તો ઢળકતી ઢેલડી છે! મ્હારી આંખોમાં કંઇ કંઇ અર્થમીમાંસા ભરી મેં એ ચકચૂર નેનાં એના તરફ ફેરવવા માંડ્યાં. એ બાપડી ધડીક તો આભી બની ગઇ. તિરકસ પેલ ંદા-જી જી! દાઝી કે શું દઝાડનારી? એણે મારી દૃષ્ટિથી ચતરાવા માંડ્યું. કોઇક વાર એ વાળી વાળીને પાછું જોતી, ત્યારે એના ગાલે શરમના શેરડા પડવા માંડ્યા. આ તો ઉલટો ગૂંચવાડો વધવા માંડ્યો. અલુણા જીવનને સુન્દર સલુણાં કરે એવી એ સુન્દર તો હતી. પરન્તુ, એ મેધાવિની! એની મેધાની વિદ્યુત્-રેખા મ્હને ભયંકર-અતિ ભયંકર લાગતી. સો મણ તેલે ય મ્હારું તો સાવ અન્ધારામાં ગયું. આટલી બધી બુદ્ધિના ચમકારાને ય મ્હારો આત્મા ઓળખી શક્યો નહિ.

એક દિવસ ને ભાઇને કહું, ગરબા પાર્ટીમાંથી એ પાછી ફરતી હતી, ત્યાં અમે એકાએક એકાન્તમાં અથડાઇ પડ્યાં. ગરબે ઘેરી ઘૂમતાં હતાં ત્યારે આંખથી તો મેં એમને ઢીંચી લીધાં હતાં, છતાં બાકી રહ્યું હોય તેમ ઉલ્લી સુધાકટોરી હું કેમ ન ઝડપું? એ તો ચતરાયાં ને ચતરાયાં ચાલતાં હતાં. આખરે હું પુરુષ, એટલે મ્હારે પહેલ કરવી જોઇએ. મ્હેં એને પકડી પાડીને કહ્યું—"કલાવતી, કલા......"

"હં! અહં! શું કહો છો મહાશય!" એણે મ્હારા તરફથી દૃષ્ટિ ફેરવતાં કહ્યું.

મહાશય!, મહાશય! લુચ્ચી! મહાશય! હવે કંઈ જ સંશય રહ્યો નથી; પરન્તુ, મ્હારું મગજ ક્યાં ભમી રહ્યું છે?

કલાની આંખો તો આશ્ચર્યથી આવડી આવડી થઈ ગઈ. એનાં રૂંવે રૂંવે ફુવારી છૂટી રહી હતી.

મ્હારું હૃદય-હં...એટલે મ્હારાં હૃદયની પાંખડીઓ થનગન થનગન નાચવા લાગી.

મ્હારું મગજ?— ખુદ હું જ ન કહી શકું. તો તમે શી રીતે કહી શકશો?

અનુમાનેન ગચ્છન્તિ પાડા પકડેન પુછન્તિ— અનુમાનું, અટકળું?

હં! હં! કરતાં એણે તો સ્મિતનાં મુક્તાફળ વેરી દીધાં. હવે તો ચોક્કસ ચોક્કસ—આ વાત-માંથી રસનો કસ કઢાવ્યો જ.

"પેલા બીજા ખડક ઉપર ત્હમે ત્હમારું કાળજું ભૂલી આવ્યાં છો?"

કલાને કાંઈક આંચકો લાગ્યો; આંચકો! એના ગોરા ગોરા ગુલાબી ગાલો શરમથી લાલ-લાલ થઈ ગયા અને કચકડાનો પંખો તેના હાથમાંથી સરી ગયો.

(પાલુ)

આકર્ષક તેમ જ મનોહર
ડિઝાઇનોની
સાડીઓના
સ્પેશિયાલીસ્ટ—
ધી નવજીવન મીલ્સ લી. કલોલ

"પક્ષી વિજ્ઞાન"

* કુદરતની એ વિચિત્ર લીલા છે કે કુશળ કાગડો કોયલનાં બચ્ચાં સેવે છે અને એજ કોયલનાં બચ્ચાં કાગડાનાં બચ્ચાંનો નાશ કરે છે *

કોયલ

લેખક :
હરિભાઈ ઘાઘાજી
બી. એ.

[ગતાંકથી ચાલુ]

એ તો પક્ષીજીવનનું એક અગત્યનું લક્ષણ બની ગયું છે કે જ્યાં જ્યાં ઝાઝા કાગડા દેખાય ત્યાં ત્યાં અચૂક ઝાઝી કોયલો દેખાવાની અને કોયલનાં ઈંડાં કાગડાના માળામાં મૂકાતાં હોવાથી અને કાગડાકાગડી તે ઈંડાંમાંથી બહાર આવેલાં બચ્ચાં ઊછેરવાની અજાણ ઉપાધિ વ્હોરી લેતાં હોવાથી આ કાળ દરમ્યાન કોયલ અને કાગડાની સાઠમારી અને સતામણી જોવાની ખરેખર ખુબ જ મજા આવે છે. આ રીતનાં નિરીક્ષણના ત્રણથી ચાર પ્રસંગો મને પ્રાપ્ત થયેલા. આમાંથી નીચે આવો એક પ્રસંગ રજૂ કરું છું.

મને યાદ છે ત્યાંસુધી એ જુન માસ હતો. પંચવટીની અંદર આવેલી લાંબી છાપરી પાછળનાં વૃક્ષોમાં, અવાવરૂ પડેલા ખખેડાના—Treepic—માળામાં એક સાંજે લગભગ ૭ વાગ્યે માદા કોયલે ઈંડું મૂક્યું. માદાએ ઈંડું મૂક્યું એ દરમ્યાન નર કોયલે સામેના સો વાર દૂર આવેલા લીંમડા પરના કાગડાના માળાની નજીક ઘૂમી અને અવાજ કરી કાગડાકાગડીને ચીડવવાનું શરૂ કર્યું. માળાનું રક્ષણ કરતાં નરમાદા આ નર કોયલનાં આવાં અસાધારણ વર્તનથી છંછેડાયાં. બીજનો માર્યો પહેલો નર અને પછી માદા એમ બન્ને વારાફરતી નર કોયલ પાછળ પડ્યાં. નર કોયલે કુશળતા વાપરી જે બાજુ માદા કોયલ હતી તેની વિરુદ્ધની દિશામાં કાગડાકાગડીને ચક્કરો લેવરાવ્યાં. આ દરમ્યાન સમયસૂચકતા વાપરી પેલી માદા કોયલ ખખેડાના જુના માળામાં મૂકેલું પોતાનું ઈંડું ચાંચમાં લઈ લીંમડા પરના કાગડાના માળામાં પેઠી. સાવચેતીથી ઈંડું મૂકી તેણે અવાજ કરી નર કોયલને સંકેત કર્યો. પત્નીની વિજયઘોષણા સાંભળી નર પક્ષીએ યુદ્ધ સંકેલી લીધું, હતાશ થયેલાં કાગડાકાગડી પોતાને ઘેર પાછાં ફર્યાં અને પાછાં ઈંડાં સેવવામાં અને ઈંડાનાં રક્ષણ કાર્યમાં સંડોવાયાં.

આમ કોયલ કાગડાના માળામાં ઈંડાં મૂકી આવે છે તેના ઘણા પ્રસંગો નોંધાયા છે. જો કે મોટા ભાગના પ્રસંગોમાં થોડો ફેરફાર તો જરૂર જણાય છે. 'કારણકે કોઈવાર માદા કોયલ ચાંચમાં ઈંડું લઈને કાગડાના માળા તરફ જતી જણાયેલી છે ત્યારે કોઈ વાર આમ થતું નથી, છતાં પણ તેણે કાગડાના માળામાં ઈંડું (ઘણી વાર ઈંડાં) મૂકેલ હોય છે. એટલે માદા કોયલની ઈંડાં મૂકી આવવાની કુશળતા જ આમાં મુખ્ય ભાગ ભજવે છે પછી તે (૧) ચાંચમાં લઈ જઈને મૂક્યું હોય, (૨) સીધે સીધું માળા પર બેસીને મૂક્યું હોય કે (૩) બીજી કોઈ રીતે [પહેલાં જમીન પર મૂકી પછી ચાંચમાં લઈ] મૂક્યું હોય એ ચર્ચાનો અને નિરીક્ષણનો વિષય છે. વળી આ વિષયને લગતું તલસ્પર્શી નિરીક્ષણ કોઈ પણ એક નિરીક્ષક ન કરી શકતો હોવાથી આ 'માદા કોયલનાં ઈંડાં મૂકવાના' પ્રશ્ન પર હિંદ ભરના પક્ષી-નિરીક્ષકોને આ બાબત સંશોધન કરવા નોતરવા જોઈએ અને આ બધા મતો એકઠા કરી એક સત્તાવાર પુસ્તક બહાર પાડવું જોઈએ. આમ થાય તો જ આ પ્રશ્ન પરત્વેની ગૂંચ ઉકલી શકે તેમ છે.

માદા કોયલ કાગડાના માળામાં ઈંડાં મૂકે છે એ તો સર્વમાન્ય વાત છે. પરંતુ કુશળ લેખાતાં કાગડાકાગડીને ખબર નથી હોતી કે પોતે પોતાના ઈંડાં સાથે અન્ય પક્ષીનું ઈંડું સેવી રહ્યાં છે અને આ ખરેખર વિચારવા જેવો મુદ્દો છે. આમ તો કોયલનું ઈંડું કાગડાના ઈંડા કરતાં સ્હેજ નાનું [બીજી બધી રીતે દેખાવમાં સરખું] હોય છે. પંખી જગતમાં કાગડો ચપળ, કુશળ અને બુદ્ધિશાળી ગણાય છતાં પણ કાગડામાં ગણતરી કરવાની શક્તિ અને ઈંડાંનાં રંગ અને કદનાં ભેદ પારખવાની શક્તિ છે નહિ એમ જરૂર કહી શકાય.

આ ઉપરથી એમ ફલિત થાય છે કે કાગડા-કાગડી ઈંડાંનું સેવનકામ માત્ર પ્રેરણાથી અને કોઈ

પણ રીતની સ્પષ્ટ ઇચ્છાશક્તિ વિના કરે છે. આથી તો કોયલના તેમ જ કાગડાના ઇંડામાં બહુ જ ઓછો ફરક નથી હોતો. એટલે કાગડાને વ્હેમ પણ નથી પડતો કે પોતે પોતનાં ઇંડાં સેવે છે કે પારકાં. ઘણાં પ્રસંગોમાં એવું પણ જોવા મળેલ છે કે કાગડો પોતાનું એકાદ કે એકે નહિ અને બાકીનાં બધાં જ કોયલનાં ઇંડાં સેવતો હોય છે. કોયલની માદા જ્યારે એક કરતાં વધુ ઇંડાં કાગડાના માળામાં મૂકવાની હોય છે ત્યારે કોઈવાર એવું પણ બને છે કે કાગડાનાં મૂળ ઇંડાંને તે જમીન ઉપર ફગાવી દે (એક પ્રસંગે કાગડાનું એક ઇંડું કોયલે ફગાવેલું તે મેં જોયેલું) કે પછી ઉપાડી જઈ ખાઇ પણ જાય છે. આમ માદા કોયલ કરે છે તેનું કારણ પોતાનાં ઇંડાં માટે જગ્યા કરવાનો જ હેતુ હોય છે: અહીં આપણને એમ પણ પ્રશ્ન થાય કે આટલો બધો વખત માદા કોયલને મળતો હશે ક્યાંથી? આ બાબતમાં એમ બનવા સંભવ છે કે માદા કોયલ પોતાની બેત્રણ [કાગડાના માળા પરની] મુલાકાતો દરમ્યાન આ બધી ક્રિયા કરતી હશે. જો કે મારા અભ્યાસ દરમ્યાન આવું જોવામાં આવ્યું નથી; પરંતુ કોઈ કોઈ નિરીક્ષણમાં આમ બને ખરૂં. બીજી બાજુ એક એવી પણ માન્યતા છે કે માદા કોયલ કાગડાના માળામાં એક ઇંડું મૂકે તો તેની સામે કાગડાના માળામાંનું એક ઇંડું તે ખાઇ જાય છે. જો કે આ બાબતમાં એક પ્રસંગે કાગડાના ઇંડાને કોયલે જમીન પર ફગાવી દીધેલું તે મારા જોવામાં આવ્યું છે. પરંતુ કોઈ પણ વખતે કોયલને કાગડાનું ઇંડું લઈ જતાં કે તેને ખાઈ જતાં મેં જોઈ નથી.

કાગડા જેવા કુશળ અને બાહોશ પક્ષીની બીજી વિચિત્ર પરિસ્થિતિ તો એ હોય છે કે તે કોયલના ઇંડાંને સેવે છે (નરમાદા બન્ને) એટલું જ નહિ પણ તે ઇંડાંમાંથી બચ્ચાં બહાર આવે ત્યારે તેમને આહાર આપી ઊછેરે પણ છે. કાગડાકાગડીને એ વખતે ખબર પણ નથી હોતી કે આ તો 'દૂધ પાઈને સાપ ઉછેરવા જેવું' થાય છે. આવા કોયલનાં બચ્ચાં નાનાં હોય છે ત્યારે રંગે તો બધી રીતે કાગડાનાં બચ્ચાંને મળતાં હોય છે. આ બચ્ચાં મોટાં થતાં જાય છે અને કાગડો તેને બોલતા શીખવે છે એ કાળે આ બચ્ચાંઓની ઓળખ કાગડાને થઈ જાય છે; કારણકે કાગડાનાં બચ્ચાં 'કા...કા...કા' બોલે છે જ્યારે કોયલનાં બચ્ચા તો 'કૂ...કુ...કુ' એમ અવાજ કરે છે. વળી આ કોયલનાં બચ્ચાં મોટાં થતાં જાય છે તેમ કાગડાનાં બચ્ચાં કરતાં રંગમાં પણ જુદાં પડતાં જાય છે. આ બધી પરિસ્થિતિથી મુંઝાઈ જઈ કાગડાકાગડી કોયલનાં બચ્ચાંને અળગા રાખવાની તેમ જ વખત જતાં તેમને ચાંચોના પ્રહાર કરી દૂર નસાડી મૂકવાની રીતરસમો અખત્યાર કરે છે. આવો જ એક બનાવ મેં ભાવનગરમાં ઇનફ્ન્ટ્રી પ.સેના એક લીમડા નજીક જોયેલો. આ લીમડાનાં થડ પાસે મેં એક કાળું બચ્ચું જોયું. અને દૂરથી તો એમ લાગ્યું કે ઉપર કાગડાનો માળો છે એટલે ભૂલથી કે કોઈ કારણસર કાગડાનું બચ્ચું જમીન ઉપર પડી ગયું હશે. પરંતુ પરિસ્થિતિ જુદી હતી. આ બચ્ચું હતું તો કોયલનું અને કાગડાના માળામાં ઊછરેલું; પરંતુ કાગડાને જાણ થઇ કે તે પોતાનું બચ્ચું નથી એટલે તેને માળામાંથી નસાડી મૂકેલું. વળી જમીન ઉપર તે બેઠેલું ત્યારે કાગડાકાગડીને તેની ઉપર હુમલો કરતાં પણ મેં જોયાં હતાં અને આ હુમલા દરમ્યાન તેઓ બચ્ચાંને ચાંચ પણ મારતાં હતાં. આથી તો મેં તે નાના બચ્ચાંને ઉપાડીને પંચવટીની મેંદીની ઘટામાં મૂકી દીધું હતું.

કાગડાના માળામાં ઊછરતાં કોયલનાં બચ્ચાં પોતાના માતાપિતાની જેમ ખૂની સ્વભાવનાં પણ હોય છે. તેઓ કદ અને ક્રિયાની બાબતોમાં કાગડાનાં બચ્ચાં કરતાં વહેલી વૃદ્ધિ તેમજ શક્તિ પ્રાપ્ત કરતાં હોવાથી માળામાંનાં કાગડાનાં બચ્ચાંને સતાવી હડસેલા મારી ઉપરથી ફગાવી પણ દે છે. અને આથી તો કાગડાની માળા બાંધણીની અને બચ્ચાં-ઊછેરની મોસમ દરમ્યાન ઘણીયે હૃષ્ટપુષ્ટ કાગડાનાં બચ્ચાં કોયલનાં બચ્ચાંની આવી પ્રાણઘાતી પ્રવૃત્તિથી મરણને ભેટે છે. કેવી કુદરતની વિચિત્ર લીલા કે જે કાગડોકાગડી અસંખ્ય યાતનાઓ વેઠી આ કોયલનાં બચ્ચાંને પોતાનાં બચ્ચાંની સાથે પ્રેરણા દ્વારા હેતથી ઊછેરે છે અને લાડ લડાવે છે તે જ કોયલનાં બચ્ચાં કાગડાનાં બચ્ચાંઓનો નાશ કરે છે।

કલાપી, 'સુમન' અને મિત્રમંડળ

મણકો પહેલો
'સૈયારી નૌકા'

કલાપી અને મિત્રમંડળ વિશેનાં દરબારશ્રી વાજસુરવાળાનાં સંસ્મરણો

કથન :
દરબારશ્રી વાજસુરવાળા
આલેખન :
કપિલભાઈ ઠક્કર એમ. એ.

(ગતાંકથી ચાલુ)

કલકત્તા, જગન્નાથપુરી, અને એ પછી મદ્રાસ ઈલાકામાં જવાનો પ્રોગ્રામ હતો : એ મુસાફરી સાગર માર્ગે થવાની હતી. જગન્નાથપુરીમાં ઠાકોર સાહેબે 'પ્રિય માસ્તર સાહેબ જોશીજી' પર કાશ્મીરના પ્રવાસનું વર્ણન કરતો પત્ર લખવો શરૂ કર્યો: જે પછી પુસ્તક રૂપે છપાયેલો.

'કાશ્મીરનો પ્રવાસ યાને સ્વર્ગનું સ્વપ્નું' એ અઢાર વરસની ઉમ્મરે પહોંચેલા કુમાર સુરસિંહજીનો પ્રથમ મહત્વનો લેખ છે એની નોંધ કરવી યોગ્ય છે. કલાપીના સાક્ષરજીવન માટે, એમની લેખન પ્રવૃત્તિ માટે, કાવ્યો માટે આપણે હવે પછી ઘણી વાતો કરશું. અત્યાર સુધી ઠાકોર સાહેબે પત્રલેખન સિવાય કશું મહત્વનું લેખનકાર્ય કર્યું નહોતું.

મુસાફરી દરમ્યાન અત્યાર સુધીમાં અમે હિન્દુસ્થાનની ઘણી બાજુઓ ફરી વળ્યા હતા, અને અમારી ઉમ્મરના કુમારોને જે જોવા-જાણવા જેવું હોય એવું ઘણું જોયું હતું. કળાનાં ધામો, કારીગરીનાં કારખાનાંઓ, રાજ્યોની રિયાસતો, યાત્રાસ્થાનોનાં અવશેષો નિહાળ્યાં હતાં. ભવિષ્યના રાજ્યકર્તાઓ તરીકે અમારે વસ્તુઓનો અભ્યાસ કરવાનો હતો. એ બધાની ઠાકોર સાહેબે નોંધ લીધી હતી. પણ કોલેજના દિવસોના આખરી તબક્કામાં કાયદા અને અર્થશાસ્ત્રનો અભ્યાસ કરાવવા માટે શ્રી નરહર બાલકૃષ્ણ જોષી સાથે સંસ્કૃત કવિઓ ભવભૂતિ, માઘ અને કાલીદાસ, તેમ જ અન્ય કવિઓનાં કાવ્યો સાંભળવા, શિખવાના જે પ્રસંગો ઠાકોર સાહેબને મળ્યા હતા, એ એમના ભાવિ માર્ગ અને પ્રવૃત્તિને વધારે પોષક હતા. બાણભટ્ટની કાદંબરીનું સ્વ. છગનલાલ હરિલાલ પંડ્યાએ કરેલું ભાષાંતર મુસાફરીએ નીકળતાં પહેલાં એમના વાંચવામાં આવ્યું હતું અને એનાં પ્રકૃતિવર્ણનોએ એમના પર ઊંડી અસર કરેલી. અને કાશ્મીર 'ફિરદુસ્ત રૂમે ઝમીન' પૃથ્વી ઉપરનું સ્વર્ગ નિહાળવાનો મોકો જ્યારે એમને મળ્યો ત્યારે એ સંઘરેલા સંસ્કારો અને સ્મરણો જાગૃત થયાં અને મૂર્ત સ્વરૂપ પામ્યાં.

'કાશ્મીરનો પ્રવાસ' લખવાની શરૂઆત ખરી રીતે કલકત્તાથી કટક અમે સ્ટીમલોંચમાં મુસાફરી કરી એ લોંચમાં થયેલી. કટકથી જગન્નાથપુરી અમે ગાડા રસ્તે ગયેલા, અને પુરીથી 'ગોલપાડા' નામની સ્ટીમરમાં સાત દિવસે મદ્રાસ પહોંચેલા. મદ્રાસ પહોંચ્યા ત્યારે ઘર આગળથી અમારા ખુશ ખબર પૂછાવતા અને અમારે માટે ચિન્તા બતાવતા તારોનો ઢગલો અમારે માટે રાહ જોતો પડ્યો હતો. ચિન્તા થવાનું કારણ આટલું જ કે જગન્નાથપુરીથી નિકળતાં અમે ઘેર પત્ર લખેલો કે

"'જગન્નાથજી જીવના રાખશે જો,
હયાતી અમારી, તમારી હશે તો.
તો હવે મદ્રાસથી કાગળ લખશું.'"

આ પત્ર ત્રણ દિવસે ઘરે પહોંચ્યો અને આ લીટીઓ, જે દલપતરામની જાણીતી પંક્તિઓ છે, એને માટે અનેક તર્ક-વિતર્કો ઘર આગળ કરવામાં આવેલા !

મુસાફરીનું વધારે વિગતવાર વર્ણન કરવાની અહીં હું અગત્ય જોતો નથી. સાચેસાચ કહું તો મુસાફરીથી અમે બન્ને કંટાળ્યા પણ હતા. શરૂઆતમાં તો આ પ્રવાસ વધારે લાંબો બનાવી સિલોન પણ જઈ આવવાની ઈચ્છા રાખી હતી, પણ એ

લાંબો વખત ટકી નહિ. અમારે અમારા ભાવિ જીવનમાં ઉપયોગી અને માર્ગદર્શક થાય એવી વસ્તુઓ ઠેકઠેકાણે નિહાળી એનો અભ્યાસ કરવાનો હતો. રાવ બહાદુર પ્રાણજીવનભાઈ જેવા અનુભવી સાથી અમારી સાથે હતા. જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં રાજ્યોની મહેમાની અમને મળતી. સરકારી હદમાં કેળવણીની સંસ્થાઓ, ઐતિહાસિક સ્થળો, અમલદારોની સાથે મુલાકાતો અને અનેક જાતના સંસર્ગોથી અમને કેળવણીમાં પૂરક અને જીવનમાં ઉપયોગી થાય એવું ઘણું જોવા-જાણવાનું મળતું. વતનમાંથી પણ અમને હમ્મેશા સૂચનાઓ મળ્યા કરતી. બગસરાથી ગીરધરભાઈના પત્રો, આવી સલાહ શિખામણના, મને હમ્મેશા મળતા, અને મુસાફરીનો અહેવાલ હું પત્ર દ્વારા એમને અઠવાડિયામાં ચાર પાંચ વાર લખી જણાવતો. એ પત્રોમાંથી આખી મુસાફરીનો સળંગ અહેવાલ તૈયાર કરી શકાય પણ એનું ખાસ મહત્ત્વ હું જોતો નથી. એ દિવસોમાં આવું સાહિત્ય બહુ સામાન્ય નહોતું, પણ એ પછી તો ઐતિહાસિક અને પૌરાણિક સ્થળોના અહેવાલો અનેક કલમોથી લખાયા છે. યુરોપની મુસાફરી કરનારામાંથી ઘણાઓએ પોતાના અનુભવોનું વર્ણન પુસ્તકો રૂપે પ્રકટ કર્યું છે. અને હિન્દુસ્તાનનાં સ્થળો માટેના એવા સાહિત્યનો અભાવ જરાયે નથી. ફક્ત એવાં સ્થળો અમે, રાજકુમાર કોલેજમાંથી કેલવણી પૂરી કરીને અનુભવ મેળવવા માટે સર્વે સાધન-સામગ્રી અને સગવડો સાથે સફર ખેડનારા ૧૭-૧૮વરસની વયના રાજકુમારોએ, કઈ દૃષ્ટિએ જોયાં, અને અમારા પર એની શું છાપ પડી એ જ અમારે કહેવાનું રહે. પણ સફર લંબાવવાની વૃત્તિ અમારામાં ટકી નહિ. ગીરધરભાઇ પરના મારા એક પત્રમાંથી નીચેની થોડી લીટીઓ એ કહેશેઃ—

'આપ જે ભલામણ કરો છો તે બરાબર છે. કયો રાજા શું શું કામ કરે છે એ બધું જાણવું જરૂરનું છે. પ્રોગ્રામમાં ફેરફાર કરવા અમે હરરોજ જરા જરા ચર્ચા ચલાવીએ છીએ, અને એની અંદર આપના ધારવા કરતાં અમે વધારે કહીએ છીએ એમ કહેવું નકામું છે, કારણ કે આગળના કાગળમાં લખવા મુજબ 'અલ્લાને બનાઈ જોડી' એવું છે: બંને

અનેક રોગોની એકજ દવા

જીવનધારા

રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક "જેનસ" નં.૩૦૨.

કોલેરા, સંગ્રહણી, શરદી, હાથ-પગ, માથું તથા બદનનો દુઃખાવો, પાણી-વિકાર, સંધિવા, અશક્તિ, સોજો, અજીર્ણ, અપચો, ખાંસી, શ્વાસ, દમ, દાંત-દાઢમાં કળતર, અમુંઝણ, ઝેરી ડંખ, પ્રદર, પ્રમેહ, મોઢાની દુર્ગંધ, પેટની ચુંક, શુળ, દરેક જાતના તાવ, ઘા પડવો, લોહી નીકળવું ઈત્યાદી અનેક જાતનાં દરદોમાં તેમજ રેલ્વે, સ્ટીમર યા મોટરની મુસાફરીમાં તાત્કાલિક ઉપયોગી થઈ પડનારી અમૂલ્ય ઓષધિ. કિંમત મોટી બાટલી રૂા. ૧।।।, વચલી બાટલી રૂા. ૧। અને નાની બાટલી રૂા. ०।।=. ટ. ખ. જુદું. દરેક શહેરમાં જાણીતા દવા વેચનારને ત્યાં મળશે.

જે. એન. શેઠના—જીવનધારા વર્ક્સ, નડીયાદ. [ગુજરાત]

સ્ટોકીસ્ટ: કંચનલાલ વાડીલાલની કું. મંગળદાસ રોડ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.

કલાપી સાથે હિંદનો પ્રવાસ : 'ફિરદુસ્ત રૂએ ઝમીન' પૃથ્વી પરના સ્વર્ગ રૂપ કાશ્મીરનું પ્રવાસવર્ણન : 'અલ્લાઇને બનાઇ જોડી' ને પ્રવાસનો કંટાળો

મહેરબાનો આટલાથી જ મુસાફરીથી કંટાળ્યા છીએ એમ કહેવું જરૂરનું નથી, કેમકે તે તો તમે જાણો છો. અને મુસાફરી ટૂંકી કરવામાં ઠાકોર સાહેબને વધારે લાભ છે, કારણકે એમને મુસાફરી બાદ પાછું કચ્છ જવું છે, એટલે એટલા દિવસો વધે તે માટે જરા હોંશથી ભાગ લ્યે છે.' તા. ૪-૧૧-૯૧ ની તારીખના શ્રીનગરથી શ્રી. ગીરધરભાઇ પર મારા લખેલા પત્રમાંથી આ ઉતારો છે. એ પરથી તમને ખ્યાલ આવશે કે શ્રીનગરમાંથી જ અમને મુસાફરી ટૂંકાવવાની ઇચ્છા પ્રકટી હતી. શરૂઆતમાં તો સિલેતની મુલાકાતના મનસુબા સેવ્યા હતા. અને મદ્રાસ ઈલાકો પૂરો કર્યો. મૈસુર રાજ્ય ફરી શ્રીરંગપટ્ટમ અને બેંગલોર થઈ ધારવાડ પહોંચ્યા. ત્યાં ભાવનગરના મરહૂમ મહારાજા સાહેબ ભાવસિંહજીને મળવાનો પ્રસંગ મળ્યો. તેઓ અને કોલ્હાપૂરના મહારાજા ત્યાં અભ્યાસ કરવા માટે રહેતા હતા, અને અમને સ્ટેશને લેવા પધારેલા.

એમની, અને કોલ્હાપુર મહારાજાની સાથે અમે ત્યાં ભોજન લીધું. એક હકીકત આ પ્રસંગે કહું. પ્રાણજીવનભાઇ બહુ ભલા અને ધર્મચુસ્ત માનવી હતા. અમે એ વખતે માંસાહારી હતા. મેં માંસાહાર ક્યારે છોડ્યો અને ક્યા સંયોગોમાં, એ વાત આગળ ઉપર કહીશ. જ્યાં જ્યાં અમારા ઉતારા થાય ત્યાં પ્રાણજીવનભાઇનાં અને અમારાં રસોડાં અલગ અલગ થતાં અને બની શકે ત્યાં દૂર પણ રહેતાં, છતાં આ મુસાફરી એ એક યાત્રા છે, યાત્રાનાં સ્થળોમાં અમારે ફરવાનું છે, એક રસોડાની માખીઓ બીજામાં જાય આવે, એટલે મુસાફરી દરમ્યાન અમે નિરામિષ આહાર કરીએ એવી એમણે ઇચ્છા બતાવેલી અને એમની લાગણીને માન આપીને જયપુરથી અમે માંસાહાર બંધ કરેલો, એ નિયમ આ પ્રસંગે ધારવાડમાં તૂટ્યો.

ત્યાંથી પૂના થઈને તા. ૯મી માર્ચ ૧૮૯૨ને દિવસે મુંબઇ પહોંચ્યા. ૧૮૯૧ના ઓકટોબરની પહેલી તારીખે શરૂ કરેલો પ્રવાસ ૧૮૯૨ના માર્ચની ૯મી તારીખે પૂરો થયો-મુંબઈ સુધી. એ પછી મુસાફરીનો ક્રમ તો અધૂરો હતો.

પણ ઠાકોર સાહેબને કોઈ પણ હિસાબે મુસાફરી લંબાવવી નહોતી. નિયત કરેલા કાર્યક્રમ મુજબ અમારે હજી હૈદરાબાદ, ઉજ્જૈન વગેરે વર્તુળો ફરવાનાં હતાં. પણ પ્રાણજીવનદાસભાઈ પાસે એવી દરખાસ્ત મૂકી કે હમણાં મુંબઇ એક આંટો જઈ આવીએ અને ફરી ત્યાંથી નીકળી એ સ્થળો જોઈશું. મદ્રાસથી એમણે એક પત્ર કચ્છ રોહામાં રમાબા પર લખ્યો. એ પત્રમાં ચાર તારો લખીને બીડેલા હતા. એક તાર અમારા પર મુંબઈ મોકલવાનો હતો, બીજો પ્રાણજીવનભાઈ પર; ત્રીજો પ્રાન્ત સાહેબને અને ચોથો રાજકોટ મોટા સાહેબને. તારોની મતલબ એવી હતી કે કુંવરી લાલાબા બહુ માંદાં છે એટલે ઠાકોર સાહેબે મુંબઇથી સિધા કચ્છ આવવું. સાહેબો પરના તારમાં ઠાકોર સાહેબને આ પ્રકારની પરવાનગી આપવાની વિનતિ હતી. અમે મુંબઈ પહોંચ્યા એટલે અમારો તાર અમને મળ્યો. અને સાહેબોના તાર પ્રાણજીવનભાઈ પર એવી મતલબના આવ્યા કે મુસાફરીનો બાકીનો પ્રોગ્રામ જતો કરી ઠાકોર સાહેબને કચ્છ જવા માટે સગવડ આપવી, કારણ કે એમનાં પુત્રી માંદાં હતાં! પ્રાણજીવનભાઇએ એ મુજબના ખબર અમને આપ્યા ઠાકોર સાહેબ મુંબઇથી કચ્છ જવા વિદાય થયા.

અલબત્ત અમે તો આ બધી ઇન્દ્રજાળ સમજતા હતા. ગ્રાન્ટરોડ સ્ટેશને ઠાકોર સાહેબને વિદાય આપતી વખતે મેં એમને ધીમેથી કહ્યું 'આખરે છોકરે છાશ પીધી!' પ્રાણજીવનભાઈએ મને પૂછ્યું 'શું કહ્યું?' મેં જવાબ આપ્યો, 'એ તો અમારી મશ્કરીની વાતો.'

ઠાકોર સાહેબને અંતરથી ચિન્તાનું કારણ તો નહોતું. કારણકે તાર કેમ આવ્યો છે તેની એમને પૂરી માહિતી હતી. તા. ૧૧મીએ ઠાકોર સાહેબ કચ્છ જવા માટે વિદાય થયા અને પછી અમે સૌ કાઠિયાવાડમાં આવ્યા.

પણ હકીકત એવી બની કે ઠાકોર સાહેબ રોહા પહોંચ્યા ત્યારે લાલાબા ખરેખર બિમાર હતાં. એમને માતા નીકળ્યા હતા, અને ઠાકોર સાહેબ કચ્છ પહોંચ્યા એ પછી ત્રણ દિવસે તેઓ મૃત્યુ પામ્યાં!

કલકત્તાથી કટકની લાંબી મુસાફરી દરમ્યાન 'પ્રિય માસ્તર સાહેબ જોપીજી' પર લખવો શરૂ કરેલો પત્ર કાંજીવરમમાં પુરો થયો. 'કલાપી'નો એ પ્રથમ મહત્ત્વનો લેખ છે. અઢાર વરસની ઉમ્મરે એ લખાયેલો. એમાં કાશ્મીરના પ્રવાસનું દિવસે દિવસનું વિગતવાર વર્ણન છે. કુદરતની વિવિધ પ્રકારની લીલાનો ચિતાર છે.

અઢાર વરસની ઉમ્મરના, રાજકુમાર કોલેજના ઊંચા વર્ગ સુધીની કેળવણી પામેલા એક યુવાન રાજા માટે એ લેખ એક સિદ્ધિ ગણી શકાય. અત્યારના મેટ્રિક પાસ થઈને કોલેજને બારણે ઊભેલા એ ઉમ્મરના વિદ્યાર્થીઓ આવો એક લેખ લખી શકે કે નહિ એ ચર્ચા આપણે અહીં ન કરીએ. એ એક અંગત પત્ર હતો, અને એ દષ્ટિએ લખાયેલો હતો.

● મર્હુમ સર પ્રભાશંકર પટ્ટણી કૃત ●

(૧) એક વૃદ્ધની વિચારપોથીમાંથી

પૃષ્ઠ ૮૦૦ કિં. રૂા. ૫-૦-૦

(૨) વાતોમાં બોધ કિં. રૂા. ૧-૦-૦

ઇતિહાસની રૂપરેખા

[કર્તા : શ્રી. અનંતરાય પ્રભાશંકર પટ્ટણી]

'આઉટ લાઇન ઑફ હીસ્ટરી' નામના ગ્રંથનાં ૧ થી ૧૪ પ્રકરણો ઉપરથી-ચાર ત્રિરંગી ચિત્રો ઉપરાંત 'બીજાં' સો જેટલાં ચિત્રો છે. દરેક મા-બાપે આ પુસ્તક પોતાનાં બાળકોના હાથમાં આપવું જોઇએ. કિં. ૨-૦-૦.

સં. ભાવનગર હજુર કોર્ટના ફેંસલા

[સં. ૨૦૦૦, ૦૧ અને ૦૨] એ પુસ્તકો

દરેકના રૂા. ૫-૦-૦

ઉપરનાં બધાં પુસ્તકો માટે લખો :

તંત્રી, ભાવનગર સમાચાર, ભાવનગર

એ પુસ્તકાકારે પ્રસિદ્ધ થશે એવી કલ્પના ઠાકોર સાહેબે એ સમયે નહોતી કરી. પણ પછીનાં વરસોમાં એ લેખ તેઓ Re-cast કરવા માગતા હતા. એ બન્યું હોત તો ભાષા વધારે સરળ અને જોરદાર બનત. કોઈ સ્થળે એ લેખ ટૂંકો થયો હોત, અને કોઈ સ્થળે વધારે વિસ્તૃત બનત. પણ એ કામ એમનાથી બન્યું નહિ.

એ પુસ્તક અત્યારે મળી શકતું નથી. હું જ્યારે પોરબંદરમાં સિનિયર એડમિનિસ્ટ્રેટર હતો એ સમયમાં, લગભગ ૧૯૧૧ના અરસામાં, 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય' વાળા સ્વામીજી અખંડાનંદજીએ 'કલાપી'ના કેટલાક લેખો છપાવવાની ઇચ્છાથી મને એ માટેના કોપીરાઇટ સંબંધે પુછાવેલું. અને જવાબમાં મેં લખેલું કે 'કલાપી'ના લેખો એ જાહેર મિલ્કત છે એટલે એમાં કોઈના કોપીરાઈટ જેવું કશું નથી એમ હું માનું છું. એ પછી એમણે 'કાશ્મીરનો પ્રવાસ અથવા સ્વર્ગનું સ્વપ્ન', 'સ્વીડન, બોર્ગના ધર્મ વિચારો' અને કલાપીના ચાર સંવાદ 'જેસલ અને તોરલ', 'મેનાવતી અને ગોપીચંદ', 'જાલંધર અને ગોપીચંદ,' અને 'ભર્તૃહરિ અને વિક્રમ' એ બધાનો સંગ્રહ એક પુસ્તિકા રૂપે છપાવેલો. હવે એ પુસ્તિકા ત્યાંથી મળી શકતી નથી. સુભાગ્યે એ ચાર સંવાદો, જેને માટે આપણે બીજે પ્રસંગે વાતો કરશું, ત્રણેક વરસથી એ સંસ્થાએ ફરી પ્રકટ કર્યા છે, અને છૂટથી મળી શકે છે. બાકી તો હું માનું છું કે હરકોઈ એ 'પ્રવાસ' ફરી છપાવી શકે - તમે પણ છપાવી શકો. મને લાગે છે કે સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટે પ્રકટ કરેલો 'કેકારવ' પણ કોપીરાઈટના કાયદાનો ભંગ કર્યા સિવાય, હવે છપાવી શકાય.

(ક્રમશઃ)

*

સુનરી-સુક્તિ

રૂપાળાં મોઢાં ત્રણ ભુવનનું સત્યાનાશ વાળે.

■

कोई स्त्री क्या चाहती है वह बृहस्पति भी नहीं कह सकते है।

માનવ, જીવન અને જગતનાં રહસ્યો શોધવાના તલસાટમાંથી અનેક વિજ્ઞાનો ઉદ્‌ભવ્યાં અને તેમાંનું એક રસિક વિજ્ઞાન તે–

હસ્તરેખાશાસ્ત્ર

લેખક
વૃંદાવન શાહ

* પ્રકરણ બીજું : માનવજીવનમાં ઉપયોગિતા *

(ગતાંકથી ચાલુ)

'જોષી આવ્યા; જોષ જોવરાવો; ત્રણે કાળનું જાણે છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનની વાતો કહી શકે છે, કાશીના પંડિત છે.'

હજી યે આપણા ગામડાના કોઈ પણ ખૂણે, તેલથી તરબોળ થયેલ લાલ પંડિતશાહી પાઘડી, અમદાવાદના શેર બજારીઆના જેવો લાંબો કોટ, અને ઊંચી ધોતલી પહેરેલ, કપાળમાં ત્રિપુંડ તાણેલ, ગળામાં મોટા પારાની રુદ્રાક્ષની માળા લટકી રહેલ હોય, તેવા જોષી મહારાજ બગલમાં જૂની પોથીઓની પોટલી રાખીને પોતાની જાહેરાત કરતાં નજરે પડતા હોય છે.

થોડી વારમાં કામથી પરવારીને કોઈ એકાદ સ્ત્રી મહારાજ પાસે પતિનું સુખ કે સંતાનનું સુખ જોવરાવવા હાથ લાંબો કરતી હોય છે. આસપાસ ટોળે વળેલ સ્ત્રીઓ હસીમશ્કરી કરતી બેઠી હોય છે, અને મહારાજની પેલી પોથીનાં પાનાં ફરતાં થઈ જતાં હોય છે. આંગળીના વેઢા પર અંગુઠો ફરી વળે છે. કપાળ પર ઊંડા વિચારની રેખાઓ અંકાય છે, અને પછી મહારાજની જીભ ઉપડે છે.

'જુઓ બેન, તમારે પતિનું સુખ તો સારું છે. દીકરા–દીકરી તરફથી પણ સારું સે'ણું રે'શે, ભાગ્યરેખા બળવાન છે. ગુરુનું જોર સારું છે; પણ શનિ......'

અને માનવસ્વભાવના જાણભેદુ મહારાજ ત્યાં અટકી પડે છે. થોડીવારે પેન્સિલ કે પેનને કપાળ પાસે લઈ જઈને ટેકવે છે, પેલી બાઈની જિજ્ઞાસાવૃત્તિ પણ સતેજ થાય છે, અને માનવસ્વભાવસહજ તે પોતાનું 'પણ'ની સાથે સંકળાયેલ ભવિષ્ય જાણવાને ઇંતેજાર થાય છે.

'કેમ મા'રાજ અટકી ગયા? તમ તમારે જેવું હોય તેવું કો'ને.'

વળી પાછી મોઢાના સ્હેજ મલકાટ સાથે મહારાજની જીભ સળવળતી થાય છે.

'હં. ત્યારે સાંભળો બુન, તમારો ગુરુ તો બળવાન છે. પણ શનિ નવમો છે, એટલે ગુરુનું જોર એ ઓછું કરી નાખે છે.'

ગુરુ અને શનિના બળથી અજ્ઞાત એવી પેલી બાઈ અને જોષી મહારાજ બંને એકબીજાને વિશે પણ ઠીક અજ્ઞાન હોય છે. એટલે પેલી બાઈ વળી પાછી એ શનિને જોરાવર કરવાની તરકીબ મહારાજ પાસે જાણવા માગે છે.

'તમે માતાના એક હજાર જપ કરશો તો વાંધો નહીં આવે. તમારાથી ન થાય તો તમારે બદલે હું કરી નાખીશ. માત્ર ચાંદીનું દાન બામણના દીકરાને કરશો તો વાંધો નહીં આવે. એકાદ ટંક એને જમાડશો તો બધી રીતે સુખ મળશે.'

'બધી રીતે સુખ મેળવવાની આશામાં પેલી બાઈ તો બિચારી મહારાજ પાસે જપ કરાવવાને ચાર આનાનું ચાંદીનું દાન કરે છે અને ભાગ્યે જ પોતે મિષ્ટાન્ન જમતી, મા'રાજને આનંદપૂર્વક લાડવું સીધું બાંધી આપતી હોય છે.

આ છે આપણા ગામડામાં હસ્તરેખા વિજ્ઞાનની થયેલ અધમ દશાનું ચિત્ર.

પરંતુ શહેર પણ આથી ઉગરી શક્યું નથી. ત્યાંનો વર્ગ સહેજ જાગૃત છે. એ આવા ગામડિયા જોષી મહારાજને હસતો હોય છે. એને એ બધું ધતીંગ લાગે છે. પણ આજના જાહેર ખબર અને બાહ્ય ભભકના જમાનામાં આથી વધારે સુધરેલ રસ્તે એ ચાર આના આપવાને બદલે પાંચ રૂપિયાનો ચાંદલો કરીને ફુલાતો હોય છે.

આજના કોઈપણ વર્તમાનપત્રમાં 'વશીકરણ કવચ'થી માંડીને પૂછેલ પ્રશ્નોના જવાબ વી. પી. થી મોકલી આપવાની જાહેર ખબર રોજ નજરે પડતી હોય છે. એ ધંધાદારી જોષીઓ શહેરના લત્તામાં એકાદ મેડાનો ભાગ ભાડે રાખે છે, સરસ મઝાનું પાટિયું લટકાવે છે, પ્રભાવ પાડવાને કોઇ કોઈ તો લાંબા વાળ પણ રાખે છે, બંગાળી કફની પહેરે છે, ત્યાં આવનાર હોય બેકાર બનેલ, કે જીવનથી કંટાળી ગયેલ; ઘરના ઝગડાથી ત્રાસી ગયેલ કે નિરાશામાં ડુબેલ; એવા માનવીને તે હાળી દે છે.

આથી આવા ગપ્પીદાસ ધંધાદારીઓ કે જેમણે આ વિજ્ઞાનનો એકડો પણ ઘૂંટયો નથી હોતો તેમને લીધે જ આની કિંમત ઓછી અંકાય છે. અને લોકો તેને એક ધતીંગ માનતા થઇ ગયા છે. તેનું સાચું મૂલ્ય આ લોકોને લીધે જ અંકાઈ શકાયું નથી.

પણ ખરી રીતે હસ્તરેખાશાસ્ત્ર પણ એક જાતનું વિજ્ઞાન જ છે. એ કોઈ મગજમાંથી એમની એમ ઉદ્દભવેલ વસ્તુ નથી, કે નથી એ કોઈ જાતનો ભ્રમ. જો એમ હોય તો પછી અત્યાર સુધી તેની પાછળ ખર્ચેલ મહેનત નકામી ગઈ ગણાય. પરંતુ સત્યતઃ તેમ નથી. પ્રયોગો અને સંશોધનોને અંતે અમુક સામાન્ય નિયમો તારવી કાઢીને (Generalisations) સાદી ભાષામાં મૂકવા એ વિજ્ઞાનની જ પદ્ધતિ છે. હસ્તરેખાશાસ્ત્ર પણ આજ ચીલે ચાલીને પોતાની સચ્ચાઈ પૂરવાર કરી શકે તેમ છે.

પરંતુ કમનસીબની વાત તો એ છે કે તેની ઉપયોગિતાના પ્રમાણમાં અત્યાર સુધી લોકોએ તેના તરફ ધ્યાન જ નથી આપ્યું. અને જીવનને ખૂબ જ સ્પર્શતું એક પાસું લગભગ અણખેડાયેલું જ રહ્યું છે. આજનો યુવાન બીજા કોઈ પણ વિજ્ઞાનમાં રસ લઈ શકે છે; નોવેલ કે નવલિકા વાંચી કે લખી શકે છે. કવિતાઓ વાંચી કે રચી શકે છે. પણ જીવનનાં ગૂઢતમ તત્ત્વોને ઓછી મહેનતે પ્રકાશમાં લાવનાર આ વિજ્ઞાનમાં તેને રસ નથી પડતો. જો આનો અભ્યાસ બરાબર કરવામાં આવે તો તેની મદદથી માનવીનો સ્વભાવ, તેનું ચારિત્ર્ય, અને તેના ભવિષ્યને

લોખંડના મજબુત આલડ્રાપ અને તાડી

રૉ
રૉ મ કો
કો
નાં જ
વાપરો



રૉ
રૉ. મં કો
કો
નાં જ
વાપરો

• ગુજરાત અને કાઠિયાવાડના •
—સોલ એજન્ટ—
મેસર્સ મહેતા બ્રધર્સ
સાંકડી શેરી, લાલાવસા પોળ
— અમદાવાદ —

ROMCO

—: લખો :—

• સિંધના સોલ એજન્ટ •
મહેતા બ્રધર્સ
રણછોડ લાઇન
— કરાચી —

ધી રૉયલ મેન્યુફેક્ચરીંગ કું. ૮મી ખેતવાડી, મુંબઈ—૪.

ગુપ્ત મનાતી હસ્તરેખાની ભાષા જીવનસમર્પણ કરનાર વિદ્વાનોની રાહ જોઈ રહી છે.

લગતી ઘણી બાબતો સચોટ રીતે જાણી શકાય છે.

જુનની પાંચમી આવે છે, ને હજારો વિદ્યાર્થીઓ પોતાના ભવિષ્યને નક્કી કરવાને તલપાપડ થઇ જતા હોય છે. યુનિવર્સીટી દેવીની કૃપાની પ્રસાદી ચાખનાર વિદ્યાર્થી તે દિવસ પૂરતો તો હર્ષઘેલો બની જાય છે. પણ બીજે દિવસે તેને ખ્યાલ આવે છે કે હવે જ તેની જવાબદારી વધે છે. હવે શું કરવું? અભ્યાસ ચાલુ રાખવો? કઈ લાઇન લેવી? સાયન્સ કે કોમર્સ? ડૉકટર કે વકીલ? અને સફળતાને લીધે મેળવેલ આનંદ લુપ્ત થઇ જાય છે. તેને સાચો માર્ગ કોઈ બતાવી શકતું નથી હોતું. સાચા માર્ગદર્શનના અભાવે વિજ્ઞાનમાં ખૂબ જ આગળ વધી શકે તેવો વિદ્યાર્થી કોમર્સ જેવી લાઇન લઇને ઉલટે કંટાળાને અધવચ્ચે જ અભ્યાસ છોડી દેતો હોય છે. અને ખૂબ જ તેજસ્વી લાગતો વિદ્યાર્થી જીવનની ઘટમાળમાં અટવાઇ પડે છે. આવા અનેક યુવાનો આમ પોતાના આદર્શ અને ભાવનાને પોતાના સ્વભાવ અનુસાર કયો ધંધો અનુકૂળ આવશે તે ન જાણતા હોવાથી જીવનને સસ્તું બનાવી દેતા હોય છે.

ત્યારે હસ્તરેખા-શાસ્ત્રી આવા વખતે સારા પ્રમાણમાં મદદરૂપ થઇ પડે છે. તે ઘણે અંશે સચોટ રીતે ભવિષ્યનું માર્ગદર્શન કરી શકે છે. પણ એ આટલાથી જ અટકી નથી જતું. પણ માણસને તેની પ્રકૃતિ અનુસાર કયા રોગો કઇ ઉમરે થવાનો સંભવ છે તે પણ કહી શકે છે. અને એ રીતે તેને આપેલ પૂર્ણ ચેતવણીને ધ્યાનમાં રાખીને તે રોગ સામે પહેલેથી સાવચેતીના ઉપાયો લઇને રોગમાંથી બચી શકાય છે. મુસાફરી તથા તેમાં આવતા જોખમ, અકસ્માત વગેરેની પણ ચેતવણી મેળવી તેમાંથી બચી શકાય. વળી લગ્નજીવન, સંતાનસુખ, આર્થિક સ્થિતિ, મિત્રો તથા શત્રુ, વગેરે માનવજીવનને માટે ભારે અગત્યના મનાતા પ્રશ્નો અંગે પહેલેથી જાણી લઈ જીવનને સુખી બનાવવા માટેના ઉપાયો લઇ શકાય. એ આટલેથી પણ નથી અટકતું. એ તો હજીએ આગળ જાય છે. અને તે કાવ્યજગતમાં વિહરવા ઇચ્છતા યુવાનને, દેશસેવા કરવા ડૉકટર થવા ઇચ્છનારને, જીવન અને કુદરતને પીંછીથી આલેખીને તેને મૂર્તિમંત કરવા મથનારને, જીવનના અનેક પ્રશ્નોની છણાવટ કરવા ઇચ્છતા યુવાનને, નાની નાની નવલિકા કે નવલકથા લખવાની મહત્વાકાંક્ષા ધરાવનારને, દેશપરદેશના રોજબરોજના રાજકીય પ્રશ્નોમાં રસ લેનારને, જીવનના બધા પ્રશ્નોને તટસ્થ રીતે જોઇને તેને જીવનમાં ઉતારીને આધ્યાત્મિક ઉન્નતિ કરવા ઇચ્છતા યુવાનને-આ બધાને તે કવિ, ડૉકટર, કલાકાર, તત્વજ્ઞાની, લેખક, રાજકીય કાર્યકર, કે સ્થિતપ્રજ્ઞ થઈ શકશે કે કેમ તે, તેમના સ્વભાવાદિનું ચોક્કસ આકલન કરીને યોગ્ય દિશાસૂચન આપી શકે છે. આથી આપણે એટલું તો ચોક્કસ કહી શકીએ કે માણસને લાંબા કામના પ્રત્યક્ષ પરિચયથી જેટલો જાણી શકાતો નથી તેટલો થોડી મિનિટોના હાથના અવલોકન પરથી જાણી શકાય છે. માણસ પોતે પોતાના વિષે જેટલું ન જાણતો હોય તેટલું તેના હાથના સૂક્ષ્મ અવલોકન પરથી આ વિજ્ઞાનનો અભ્યાસી જાણી શકે છે.

આટલી બધી આની ઉપયોગિતા હોવા છતાં આપણી ભાષામાં તો આ વિજ્ઞાન વિષે જૂજ પુસ્તકો જ મળી આવે છે. અને હજી આગળ જણાવેલ કારણોને લીધે લોકો તેમાં અવિશ્વાસ ધરાવી રહ્યા છે અને અનેક શંકાઓ રાખી રહ્યા છે.

પરંતુ રેખા વગરનો તો એક પણ હાથ નથી હોતો તે તો દરેકના અનુભવની વાત છે. ત્યારે આ

• માથેરાનની મોજ •
હીરા છાપ મેડીકેટેડ સ્નફ સુંઘીન
— મેળવો —
મહાસુગંધી સ્નફ વર્કસ, સિહોર (કાઠિ)

ઝીણા સુતરની
'મલમલ' તથા પ્રીન્ટેડ વોયલ
વાપરો
ધી નવજીવન મીલ્સ લી. કલોલ

રેખાઓ હાથમાં પડી કેવી રીતે? કેટલાક માને છે કે હાથને વાળવાથી અને હાથ વડે કામ કરવાથી રેખાઓ પડતી હશે. પણ એ વાત સાચી નથી. કેમકે તુરતના જન્મેલા બાળકના હાથ પર પણ ઘણી સ્પષ્ટ રેખાઓ હોય છે. વળી લેખકો, વિચારકો, કવિઓ, કલાકારો, તત્ત્વજ્ઞાનીઓ કે એકાદુ જીવન જીવનારા લોકો કે જેમને હાથ વડે ઘણું ઓછું કામ કરવાનું હોય છે, તેમના હાથમાંની રેખાઓ મજુર, ખેડુત વગેરે કરતાં સામાન્ય રીતે ઘણી વધારે હોય છે.

આથી વિરૂદ્ધ આ વિજ્ઞાનને ટેકો આપે તેવી હકીકત એ છે કે એકબીજાને મળતા સ્વભાવવાળા માણસોના હાથના આકાર અને રેખાઓમાં ઘણું સામ્ય હોય છે. અને વિરૂદ્ધ સ્વભાવવાળા માણસોના હાથ અને રેખાઓ તદ્દન જુદી જાતના હોય છે. પરંતુ કોઇ પણ બે માણસના હાથ એકબીજાને બીલકુલ મળતા આવે તેવું કદી બનતું નથી. કેમકે કોઈ પણ બે માણસો એકબીજાને સંપૂર્ણપણે મળતા આવતા નથી. હાથને માણસના સ્વભાવ સાથે જો કશો જ સંબંધ ન હોય તો અકસ્માત પણ કોઈક બે માણસોના હાથ સરખા આવી જવાનો દાખલો જોવા મળત. પણ હજી સુધી તો એવું કંઈ બન્યું નથી.

ખરી વાત તો એ છે કે શરીરની અંદર કોઈ ભાગ નકામો નથી હોતો. શરીરના જે ભાગો પહેલાં નકામા મનાતા હતા તેમને પણ પોતપોતાના ઉપયોગ છે, એમ શરીરશાસ્ત્રના અભ્યાસીઓએ સ્વીકારેલું છે. રેખાઓનો ઉપયોગ માણસના ભવિષ્ય ઇત્યાદિ જાણવાની એક ભાષા તરીકે છે એ તો સ્પષ્ટ છે. ગુપ્ત મનાતી આ ભાષાનું રહસ્ય કેટલેક અંશે ઉકેલાયું છે પણ હજુ તો તેમાં ઘણા સંશોધનોને અવકાશ છે. એ ભાષાને બરાબર સમજવા માટે બીજા વિજ્ઞાનોના ક્ષેત્રમાં જેમ જીવનસમર્પણ કરનારાઓ મોટી સંખ્યામાં નીકળી પડે છે તેમ આ રસમય અને ઉપયોગી વિજ્ઞાનને બુદ્ધિશાળી સ્ત્રીપુરુષોએ ખંતપૂર્વક અભ્યાસ કરવા યોગ્ય વિષય ગણવો જોઈએ અને તો જ સમાજની સમક્ષ આ વિજ્ઞાનની સાચી ઉપયોગિતા રજુ થઈ શકશે.

(ક્રમશઃ)

ભારતનો મુક્તિસંગ્રામ

(પાના ૩૬૨ થી ચાલુ)

સત્યાગ્રહોની લડતોમાં પ્રજાએ ઘણું સહન કર્યું. જલિયાનવાલા બાગની હૃદય કંપાવનારી કહાણી હિંદના ઇતિહાસમાં એક લખી માત્ર નથી. ૧૯૪૨ની લડતમાં ઠેકઠેકાણે જલિયાનવાલા ભજવાયું. એમાંથી ક્રાંતિકાર ને તે પણ હિંસક પ્રતિકારની ભાવના જન્મી. દેશ-નેતાઓ બધા જેલમાં હતા ત્યારે લોકોએ પોતે જ પોતાની વિચારણા મુજબ લોકક્રાન્તિનો માર્ગ અપનાવ્યો. બાલીઆ જેવાં ગામડાંઓ પણ એક-બે દિવસ માટે આઝાદ થઈ ગયાં. એમાં પ્રેરણા દ્વિવિધ હતી. એક બાજુ હતું ગાંધીજીનું સૂત્ર-"Quit India" (હિંદમાંથી ટળો); ને બીજી તરફ સમાજવાદી ક્રાન્તિકારીઓની લોકોને દોરવણી હતી. જયપ્રકાશ નારાયણ, અરુણા અસફઅલી, અચ્યુત પટવર્ધન, લોહીયા, નાના પાટિલ વગેરે આધુનિક યુગના બહારવટિયા એમાં મોખરે હતા. ૧૯૪૬માં રોયલ ઈન્ડીઅન નેવીના નાવિક સૈનિકોએ બળવો કર્યો તે પણ આ જ ભાવનાને આભારી હતું.

સુભાષચંદ્ર બોઝ-નેતાજી-અને તેમની આઝાદ હિંદ ફોજનો ફાળો પણ મુક્તિસંગ્રામમાં ઓછો નથી. હિંદી સૈન્ય તેમ જ હિંદી જનતામાં નવું શૌર્ય રેડનાર નેતાજી અને આઝાદ ફોજ હતાં. કે. મોહનસિંગ અને રાસબિહારી બોઝની હિંદ-સેના નેતાજીના હાથમાં આવી કે તેમણે તેને ખરેખર એક મહાન સૈન્ય બનાવી દીધું, હિંદની આરઝી હકૂમતના મંડાણ થયાં; અનેક શૂરવીર સૈનિકોનો-કે. સેહગલ, શાહનવાઝ ને ધિલન જેવાનો-ભેદભાવ વિના એમને સહકાર પ્રાપ્ત થયો. કે. લક્ષ્મીએ સ્ત્રીઓની લશ્કરી ટુકડી-'ઝાંસી રાણી રેજિમેન્ટ' પણ ઊભી કરી. નેતાજીએ બૃહદ્ ભારતમાં કરેલું આ પરાક્રમ હિંદમાં ઘણું જ પ્રેરક નીવડ્યું અને લોકોમાં નવા શૌર્યનો સંચાર થયો.

*

હિંદને મળેલી આઝાદી એ આ બધા શૂરવીર શહીદો ને સૈનિકોની ફનાગીરીનું પરિણામ છે. સ્વતંત્ર્ય-પંથ પરના આ સર્વ પુણ્યસ્મરણીય માર્ગ-સ્થંભો છે. એમના ત્યાગ અને બલિદાનથી પ્રાપ્ત થયેલી આઝાદી ટકાવી રાખવાનું તેમ જ શોભાવવાનું બળ પ્રભુ આપણને આપો!

મૂડીના સાગર પર કુનેહનું જહાજ તરે છે:
પુરુષાર્થના શઢ ખોલી નાખ્યા છે;
લાંબી સફરે જવા,
અધીરો થઈને નાવિક, કોની પ્રતીક્ષા કરે છે?
ફૂંક મારે જહાજ ચાલશે કે?
જાહેરાતના પ્રચંડ પવનની જરૂર છે નાવિક!
આપના ધંધાને વિકસાવવા નવી નોખી ઢબની અસરકારક જાહેરાત કરવા લખો-
લીલી પબ્લીસીટી
પો. બો. નં. ૨૧૪૪, મુંબઈ ૨

મેંદીનો રંગ બાહ્યાંગે શોભે
મસાલાનો રંગ હૃદયને સોહામણું બનાવે
રસોઈ પર જીવન અવલંબે છે, પરંતુ મસાલા પર જ રસોઈનો બધો આધાર છે; માટે જ ગૃહિણીઓ અને સન્નારીઓ કેવળ
એસ. મોતીલાલના જ મસાલા વાપરે છે.
વાઘછાપ ચ્હાનો મસાલો
: બનાવનાર :
એસ. મોતીલાલ
મસાલાવાળા
ભુલેશ્વર, ગ્રાન્ટરોડ, તારદેવ, મુંબઈ
૨૧૯૯૬ ૪૨૯૪૪ ૪૦૪૯૦ ૭

અમારા નામની તથા કામની નકલ કરનારાઓથી સાવચેત રહો

અમારી ઓફીસ રાજકોટ સીવાય બીજે કયાંય નથી.

"જે પુજે વીસા ઉસ્કો કયા કરે જુગદીશા"

"સકલ પદારથ હૈ જગમાંહીં કર્મહીન નર પાવત નાહીં"

જ્યારે ગ્રહદશા નબળી હોય ત્યારે નિર્માલ્ય મનુષ્ય પણ તમારૂં અપમાન કરી શકશે અને કરેલા પુરૂષાર્થ નિષ્ફળ જશે. ચારે બાજુ અંધકાર દેખાશે, નાણાંની બરબાદી થશે. બહુ વિચારીને કરેલા કાર્યમાં પણ નિષ્ફળતા મળશે. સ્ત્રી અને સંતાન પણ તમારાં વિરોધી બનશે અને કુટુંબ અને સ્નેહી મિત્રો જ તમારી ઘોર ખોદશે. જે કામમાં હાથ નાખશો તેમાં પાછા પડશો. જ્યાં જાવ ત્યાં વિશ્વાસે ઠગાશો અને સમસ્ત દુનિયા તમારી વિરૂદ્ધ દેખાય ત્યારે સમજવું કે તમારૂં દિનમાન નબળું છે, અને એ દિનમાનને અનુકૂળ કરવા દૈવીશક્તિ સિવાય બીજી કોઈ તાકાત નથી. પુન્યે પાપ ઠેલાય એ હિસાબે મંત્રશાસ્ત્રની સહાયથી પ્રાર્થનાપૂર્વક જગતના તારણહાર પરમકૃપાળુ પરમાત્માની સહાય અને કૃપા મેળવી દુઃખરૂપી દરીયામાંથી બચવા પ્રયત્ન કરવો એજ એક ઉપાય ડુબતા મનુષ્યને તારનાર છે. કોઇ પણ અદૃશ્ય શક્તિ તમારી ઉન્નતિના માર્ગમાં અડચણકર્તા છે. અને તે તમારો પુરૂષાર્થ પાછો પાડે છે. અને જે કોઇ વસ્તુ ઇચ્છાપૂર્વક કરો તેમાં સહાયને બદલે વિઘ્નો ઉત્પન્ન કરે અને રોગ-નિવારણને માટે દવા લેતાં રોગ વધે અને તમારી દરેક આશા કે અભિલાષા પાર પાડવામાં વિઘ્નો થતાં હોય અને કોઈ ધાર્યું કામ થતું ન હોય ત્યારે તમારે સમજવું જોઇએ કે કુદરત તમારાથી વિરૂદ્ધ છે અને એ પ્રતિકૂળ કુદરતને સાનુકૂળ કરવા માટે અને સંસારનાં દુઃખ-દારીદ્રનો નાશ કરવા માટે અનંત શક્તિ ધરાવનાર અને સુખ અને સમૃદ્ધિની કામધેનુ રૂપ-

નવગ્રહશાંતિ વિસાયંત્રની સહાય લ્યો. તે તમારા નબળા ગ્રહોને શાંત કરી ભાગ્યનો ઉદય કરશે.

સ્ત્રી અને સંતાનના સુખમાં વૃદ્ધિ કરશે, તમારા કટ્ટર શત્રુઓને દૂર કરશે, વેપાર ધંધામાં બરકત આપી, કરજદારીમાંથી મુક્ત કરશે અને જાદુ, ટોણાં, ભૂત, પીશાચ કે મેલી વિદ્યાથી બચાવ કરશે. ઉપરાંત મનપસંદ લગ્ન કરી, સ્ત્રીપુરૂષમાં અજબ પ્રેમ ઉત્પન્ન કરે છે અને ગમે તેવી ભયંકર બીમારીમાંથી બચાવે છે અને કોર્ટના કેસોમાં ફતેહ અપાવે છે. ઉપરાંત કોઈપણ વ્યક્તિને તે યંત્રની સહાયથી વશ કરી શકાય છે. આવું અનંત શક્તિ

ધરાવનાર સિદ્ધિયંત્ર હોવા છતાં પણ તેની ફી માત્ર જાહેરાત ખર્ચ પૂરતી સવાસો રૂપિઆ (પરદેશ માટે દસ પાઉંડ) રાખેલ છે અને તાત્કાલીક વીજળી વેગે અસર કરે તેવું સ્પેશ્યલ યંત્ર બસો એકાવન રૂપિઆ (પરદેશ માટે એકવીસ પાઉન્ડ) માં એ બનાવી આપીએ છીએ. વી. પી. થી મોકલવામાં આવશે નહિ. પત્રવ્યવહાર તદન ખાનગી રહે છે. એટલું યાદ રાખો કે પૈસાના જોરે જ જો ભવિષ્ય બદલી શકાતું હોત તો શ્રીમંતો કોઇ દુઃખી ન હોત, પરંતુ તેમ નથી. હુન્નર કરો હજાર પણ ભાગ્ય વિના મળે નહિ કોડી. માટે તમારા ભાગ્યમાં શુભ પરિવર્તન લખેલ હોય ત્યારે જ તમોને ધર્મ અને દેવ પ્રત્યે શ્રદ્ધા બેસે અને તમારા હાથથી કોઇ શુભ કામ થાય, અન્યથા અનેક પ્રકારની શંકાઓ ઉત્પન્ન થાય અને શંકાશીલ મનુષ્ય કયારેક હીરાને પત્થર સમજી ગુમાવી બેસે છે. ગંગામાં કેટલુંએ નરક પડે છે તેથી ગંગાનું માહાત્મ્ય ઓછું થતું નથી તેમ હાલમાં જ્યાં ત્યાં ભાજી–મુળાની પેઠે થોકબંધ યંત્રો મામુલી કિંમતે વેચાય છે અને તેની નિષ્ફળ અસરને કારણે લોકોની શ્રદ્ધાનો નાશ થવા માંડયો છે, છતાં પણ સોનું કદી રૂપીએ શેર મળે જ નહિ, તેમ સાચી સચોટ અને અસરકારક વસ્તુ કદી ઓછે ખર્ચે થઇ શકે જ નહિ. સસ્તી વસ્તુ સરવાળે મોંઘી જ પડે છે. સૂર્યને હાથમાં દીવો લઈને જોવાની જરૂર પડે તો જ વિજ્ઞાયંત્રની શક્તિની કસોટી કરવાની જરૂર પડે. આપણી પ્રાચીન વિદ્યાઓનો પુનરૂદ્ધાર કરનાર હીન્દભરમાં આ પહેલી જ સંસ્થા છે. સિદ્ધ પુરૂષોની સિદ્ધિઓના શુભ અનુભવો લેવા હોય તો લખો નવચેતન જ્યોતિષ કાર્યાલયમાં કે જ્યાં જ્યોતિષના દરેક કામ ઉપરાંત મંત્રશક્તિથી ગમે તેવું કઠીન કાર્ય સરળ થઈ શકે છે, તાકીદે લખો:—

હિન્દનું એક જ અને અજોડ પુરવાર થઈ ચૂકેલ જ્યોતિષ વિદ્યાનું પાયોનીયર મથક

નવચેતન જ્યોતિષ કાર્યાલય (રજીસ્ટર્ડ)

'જ્યોતિષરત્ન' 'દૈવજ્ઞભુષણ' | **રાજજ્યોતિષી શીવલાલ વી. ખીરા**
એસ્ટ્રોલોજર અને પામીસ્ટ,

ઠે. પ્રહલાદ પ્લોટ, શેરી નં. ૩૧, ખીરા નિવાસ : રાજકોટ. (કાઠીયાવાડ).

નોટ : બહારગામના ગ્રાહકોએ પત્ર લખવાના ટાઈમ સાથે ચાલુ ઉમર જણાવી લખવું. સાથે જો બની શકે તો જમણા હાથના પંજાની છાપ પાડીને મોકલવી. જીંદગીનું સંપૂર્ણ બયાન લખી આપવાની ફી રૂ. ૧૧ અગ્યાર. પરદેશ માટે પાઉન્ડ એક. જીંદગીનો ખાસ હેવાલ (Special life reading) લખી આપવાની ફી રૂ. ૨૫ પચીસ, પરદેશ માટે બે પાઉન્ડ. ત્રણ પ્રશ્નોનો ચાર્જ ટપાલ ખર્ચ સાથે રૂ. સાડાપાંચ. પરદેશ માટે શીલીંગ અગ્યાર. ત્રણ સવાલથી ઓછા સવાલ સ્વીકારાશે નહિ. ફી મનીઓર્ડર અથવા પોસ્ટલ ઓર્ડરથી મોકલવી. વી. પી. થી કોઈ કામ મોકલતા નથી. પત્રવ્યવહાર તદ્દન ખાનગી રહે છે. વધુ વિગત માટે દોઢ આનાની ટીકીટ બીડી અમારું સૂચિપત્ર મફત મંગાવો.

માનવજાતિનો અંતરાત્મા

ગાંધીજીને અવ્યવહારુ કહી તેમની હાંસી આપણે ભલે કરીએ, પણ તેઓ ખરેખર એક એવા સર્જનશીલ આત્મા છે, જેવા જગતમાં સેંકડો વર્ષે એકાદ પ્રગટ થાય છે. આ એકાકી પુરુષ માનવજાતિના અન્તરાત્માના મૂર્તિમંત અવતાર છે. શસ્ત્રયુદ્ધોનાં આવેશો તે પશુતાઓ. જો આપણને કોઠે પડી જશે, તો આપણી પ્રજામાં માણસાઈ ઝાંઝવાર પણ રહેવાની નથી. આ આખી પેઢીમાં ગાંધીજીની આંખો સૌથી વધારે જાગરૂક છે.

—રાધાકૃષ્ણન્

રાષ્ટ્રપિતાને—

તમે તો એકલે હાથે મથ્યો આખો ય સાગર,
આપ્યું અમૃત સૃષ્ટિને જીરવ્યાં કૈં હલાહલ.
સત્ય ને ઋતના માર્ગે દોરતા દેશને સદા
ઝાઝેરું જીરજો. બાપુ! વંદુ હે રાષ્ટ્રના પિતા!
તમારે પગલે જાગી આવી સ્વાતંત્ર્યની ઉષા.

—નાથાલાલ દવે

ભારતનો પ્રાણ

સુકલકડી દેહના આ નાના શા માનવીમાં કશુંક એવું પોલાદી, કશુંક એવું અડીખમ રહેલું છે, જે ચાહે તેવા મહાન ભૌતિક સામર્થ્યને પણ વશ નથી થતું. અવી કશી છાપ ન પાડે એવો દેખાવ તથા ખુલ્લું શરીર અને લંગોટી છતાં એનામાં એવી ઉદાત્તતા તથા સર્વશાસકતા રહેલી છે, જે બીજાઓની આપોઆપ વંદના માગી લે છે. એની શાંત ઊંડી આંખો કોઈને પણ મંત્રમુગ્ધ બનાવી રાખી ધીમે રહીને તેનું અંતર ફંફોળી વળે. એનો સ્પષ્ટ અવાજ હૃદય પર્યંત પોતાનો માર્ગ આસાન બનાવીને લાગણીભર્યો પ્રત્યુત્તર જગાવે.

—પંડિત જવાહરલાલ

એક ખુલાસો

'કલાપી' સુમન અને મિત્રમંડળ'ની લેખમાળાના જુલાઈ માસના મણકામાં, ર૭૬મા પાનાની બીજી કોલમમાં આ પ્રમાણે છપાયું છેઃ—"'કલાપીનો સાહિત્ય દરબાર' એ ભાષણમાં સ્વ. કવિ ન્હાનાલાલે કલાપીના મિત્રોમાં જેમને ખાસ યાદ કર્યા છે એ રાણા સરદારસિંહજી—સદુભા—ના એ પિતા થાય. સરદારસિંહજી વરસો સુધી પારિસમાં વસેલા, બે-એક વરસ પહેલાં એમનો સ્વર્ગવાસ થયો."

આ વાંચી અંકેવાળીયાથી રાણાશ્રી અનિરુદ્ધસિંહજી સાહેબસિંહજી જણાવે છે કે "રાણા સરદારસિંહજી હાલમાં પારિસમાં હયાત છે......થોડા દિવસ પહેલાં જ રાણાશ્રી સરદારસિંહજીનો પત્ર એમના ચિ. ભાઈશ્રી નટવરસિંહજી ઉપર ખુશી ખબરનો પારિસથી હતો."

આ ભૂલ સુધારવા માટે અને આ હકીકત પૂરી પાડવા માટે રાણાશ્રી અનિરુદ્ધસિંહજીના અમે આભારી છીએ, અને રાણાશ્રી સરદારસિંહજીને લાંબી આવરદા ઇચ્છીએ છીએઃ —કપિલ ઠક્કર



જાણો છો?

'જીવન-પ્રકાશ બંધુ મંડળ'ના સભ્ય પોતે ભરેલ લવાજમ જેટલી જ કિંમતની જગ્યા પોતાની જાહેરાત માટે આ માસિકમાં વર્ષ દરમિયાન મફત રોકી શકે છે. આપ હજી એના ગ્રાહક નથી થયા?



જનાબ ઝીણાની છેલ્લી રમત

પંદરમી ઑગસ્ટે પરતંત્રતાની બેડીઓ તૂટતાંની સાથે હિંદુસ્તાન અને પાકિસ્તાન એવા બે સ્વતંત્ર રાજ્યોનું તંત્ર શરૂ થાય છે. હિન્દુસ્તાનના ગવર્નર-જનરલ લૉર્ડ માઉન્ટ બેટન રહેલા છે, જ્યારે પાકિસ્તાનના ગવર્નર-જનરલ થઈ બેઠા છે ઝીણા સાહેબ પોતે. કોંગ્રેસને એમની મેલી રાજરમતના દાવ દ્વારા આ બાબતમાં ઝીણા સાહેબે ધક્કો ખવડાવી દીધો. હિન્દુસ્તાન અને પાકિસ્તાન માટે એક સમાન ગવર્નર-જનરલ રાખવાનો મત મુસ્લિમ લીગ તેમ જ બ્રિટિશ સરકાર ધરાવે છે અને લૉર્ડ માઉન્ટબેટન સિવાય બીજા કોઈનું નામ મુસ્લિમ લીગ નહીં સ્વીકારે એમ માનીને કોંગ્રેસે લૉર્ડ માઉન્ટબેટનનું નામ સૂચવેલું, પરંતુ ઝીણા સાહેબે તો પાકિસ્તાન માટે પોતાનું જ નામ સૂચવેલું, ને બ્રિટિશ સરકારને તે મંજૂર રાખવું પડ્યું બીજી બાજુ કોંગ્રેસે આપેલું લૉર્ડ માઉન્ટબેટનનું નામ વચન ખાતર કોંગ્રેસે પાછું ન ખેંચ્યું, એટલે સ્વતંત્રતાની વિશેષ તમન્ના ધરાવનાર હિન્દુસ્તાનને માથે હજી એક વર્ષ સુધી અંગ્રેજ ગવર્નર-જનરલ રહ્યો. જો કે ગવર્નર-જનરલ હવે તો કેવળ શોભાના જ છે, અને ખરી સત્તા તો પ્રધાનમંડળ પાસે જ છે. વળી ગવર્નર-જનરલ અંતે તો શહેનશાહનો નોકર છે એ વાત પણ ઝીણા સાહેબના પગલાના લીગી તેમ જ બીનલીગી પ્રશંસકોએ ભૂલવા જેવી નથી.



પાકિસ્તાનના ગવર્નર જનરલ

સરહદ અને સિલહટનો લોકમત

સરહદ પ્રાંત, તેમ જ આસામના સિલહટ જિલ્લા માટે, પાકિસ્તાનમાં જોડાવું છે કે હિન્દુસ્તાનમાં એ મુદ્દા પર, લોકમત લેવાયો અને તેમાં બને ઠેકાણે લીગને વિજય મળ્યો. કારણ કે ગુંડાગીરી અને કોમવાદને હમેશાં વિજય મળતો આવ્યો છે આવા તોફાનગ્રસ્ત ને અશાંત વાતાવરણમાં, ખાસ કરીને લીગ એમાં એક પક્ષ હોય ત્યારે લોકમત તો એક ફારસ જ બની જાય એમાં નવાઈ નથી. વળી સરહદના પઠાણોને માટે લોકમતમાં પઠાણિસ્તાનનો કોઈ વિકલ્પ જ રાખવામાં આવ્યો નહોતો. જો એવો વિકલ્પ રાખવામાં આવ્યો હોત તો લીગને નિષ્ફળતા સાંપડત, પણ કોંગ્રેસના હાથ પહેલેથી બંધાઈ ગયા હતા. આમ છતાં સરહદમાં તો ૫૨ ટકા જેટલા મત જ લીગને મળ્યા છે એ જોતાં પઠાણો પર લીગના કોમવાદનો પ્રભાવ હજી બહુ પડ્યો દેખાતો નથી. પાકિસ્તાનના ગવર્નર-જનરલ કાયદે આઝમ ઝીણા સાહેબે સરહદ વિશે બે પ્રશ્નો વિચારવાના રહેશે—એક તો સરહદના કોંગ્રેસી પ્રધાનમંડળનું શું કરવું તે પ્રશ્ન અને બીજો સરહદ પ્રાંતની માગણી અફઘાનીસ્થાન કરી રહેલ છે તે પ્રશ્ન.

પાકિસ્તાનની લઘુમતિઓ

પંદરમી ઑગસ્ટ આવે છે, આઝાદ હિન્દુસ્તાન અને આઝાદ પાકિસ્તાન ઉત્સવો ઉજવવા થનગને છે, પણ પાકિસ્તાનની લઘુમતિઓના દિલમાં ફફડાટ

વધતો જાય છે. આ હડહડતી કોમવાદી લીગનું ગણતંત્ર પાકિસ્તાની લઘુમતીઓનાં ધર્મ, જાનમાલ અને સ્ત્રી-શિયળનું રક્ષણ કરી શકશે? ભૂતકાળ એવી આશા આપતો નથી, પણ સરકાર પર આવતાં કદાચ જવાબદારીનું ભાન સમજાય પણ ખરું. પાકિસ્તાનના ગવર્નર-જનરલ તેમજ પાકિસ્તાની પ્રાંતોની આગેવાન વ્યક્તિઓ તરફથી લઘુમતીઓને શાબ્દિક ખાત્રીઓ આપવામાં આવી છે; પણ તેનું પાલન થયે જ તેની કિંમત આંકવાની રહે છે. સામે પક્ષે હિંદુસ્તાનની મુસ્લિમ લઘુમતીઓને કોડે નિરાંત છે. એમને હિંદુસ્તાનની સરકારની કોઈ દહેશત નથી. જે મુસ્લિમો પાકિસ્તાનમાં જઈ રહ્યા છે તે તો પાકિસ્તાનમાં પોતાની જહેમતનો ફાળો આપી નવા રાષ્ટ્રનું ઘડતર કરવા જઈ રહ્યા છે. એટલે હિંદુસ્તાનની લઘુમતિઓ તો હિંદુસ્તાનમાં જ રહેશે; પણ લીગની હડહડતી કોમવાદી નીતિ ચાલુ રહે અથવા વિશેષ કળાએ ખીલે તો પાકિસ્તાનની લઘુમતિઓ લઈ શકાય તેટલા લબાચા લઇને હિંદુસ્તાનમાં આવશે અથવા તો પાકિસ્તાનમાં જે શરતોએ રહી શકાય તે શરતોએ ને તેવા સ્વરૂપમાં રહેશે, એટલે કે કોમી પ્રશ્ન તો ઊભો ને ઊભો રહેશે. ભાગલા પાડવાથી એનો ઉકેલ આવ્યો નથી, ઉલટો એ પ્રશ્ન વધુ જટિલ બન્યો છે.

રાજસ્થાની પ્રજાનું શું?

બ્રિટિશ હિંદ જેને કહેવામાં આવતો હતો તે પ્રદેશ સ્વતંત્ર થાય છે; પરંતુ રાજસ્થાની હિંદની પ્રજાની સ્થિતિ વધારે કફોડી બને છે. બધા જ રાજાઓ પંદરમી ઓગસ્ટથી સ્વતંત્ર બને છે. એ મદોન્મત્ત આખલાઓ પરથી બધા જ અંકુશો નાબુદ થાય છે. હિન્દુસ્તાનની મધ્યસ્થ સરકારને રાજસ્થાનોના આંતરિક મામલામાં દખલ કરવાની કશી પણ સત્તા મળતી નથી, રાજાઓ એમની પ્રજા પર ગમે તેટલા જુલમો ગુજારશે, તો પણ હિંદ સરકાર એ રાજાઓને-પછી તે હિંદના યુનિયનમાં જોડાયેલા હોય કે ન જોડાયેલા હોય-એક અક્ષર શિખામણનો સુદ્ધાં પણ કહેવાનો અધિકાર ધરાવતી નથી. પરદેશ ખાતું, સંરક્ષણ ખાતું અને વાહન-વ્યવહાર ખાતું જેવાં ત્રણ ખાતાં સોંપીને છેક હળવી શરતોએ રાજસ્થાનો હિંદી સંઘમાં દાખલ થઈ શકે છે તો પણ કેટલાક રાજવીઓ હજી તેમાં જોડાયા નથી ને કદાચ જોડાશે પણ નહિ. નિઝામની પાકિસ્તાની નીતિ તો જાણીતી જ છે, એટલે તેના ન જોડાવાથી તો આપણને આશ્ચર્ય ન થવું જોઇએ. રાજાઓને અત્યારે 'ભા બાપા' કરીને રીઝવી લઇએ, નહિ તો વળી આ અક્કલના દુશ્મન ને સ્વાર્થનાં પૂતળાંઓ પાકિસ્તાનમાં જોડાઈ જશે કે રખેને નવું પાકિસ્તાન ઊભું કરશે એવા કોઇ આશ-

એમેતિહાલ

દરેક જાતના તાવ, બરોળ, કમળો અને પેટનાં દર્દો માટે

બરોળ જેવાં ભયંકર દર્દોને અટકાવવા આ દવા સારામાં સારી અસર કરે છે. દરેક જાતના તાવ મટાડી આ દવા શક્તિ આપે છે. દરેક દવાવાળા અને ગાંધીઓ વેચે છે.

'એમેતિહાલ' બરાબર વાંચીને ખરીદશો.

ખસ, ખુજલી, દરાજ, ખરજવું, મોઢાના ખીલ, પગનાં આંટણ, ચરસમસા વગેરે ચામડીનાં દર્દો માટે

જર્મ્સ બીટર વાપરો

'ફોટા છાપ મેડીકેટેડ સ્નફ'
મહાસુગંધી સ્નફ વર્કસની બનાવટ છે
એ જ તેની ઉત્તમતાની ખાત્રી છે.

ચેથી રાજાઓનું સંવનન થઈ રહ્યું છે અને રાજ-સ્થાની પ્રજાને, વધારે ઉચ્ચ હેતુ ખાતર, સતી વેચવામાં આવી છે.

નવા ગવર્નરો

પાકિસ્તાનમાં જે પ્રાંતીય ગવર્નરો નિમવામાં આવ્યા છે તેમની પાસેથી બહુ સારા ભુતકાળની આશા આપણે ન રાખીએ, પરંતુ હિન્દુસ્તાનમાં કોંગ્રેસે જે ગવર્નરો નીમ્યા છે તેનાથી આપણને નિરાશા ઉપજ્યા વિના રહેતી નથી. મધ્યપ્રાંતમાં શ્રી. મંગળદાસ પકવાસા, પૂર્વ પંજાબમાં સર ચંદુલાલ ત્રિવેદી, બિહારમાં શ્રી. જયરામદાસ દોલતરામ, પશ્ચિમ બંગાળમાં રાજાજી,-વગેરે નામાવલિ સંતોષ ઉપજાવે તેવી નથી. એમાં રાજાજી સિવાય વહીવટી કુશળતા કોનામાં છે? વળી વહીવટી કુશળતા હોય તેનામાં કોંગ્રેસનું ધ્યેય કેટલે અંશે હૈયે વસેલું છે? આ નામાવલિ એટલું જ બતાવે છે કે કોંગ્રેસી રાજ્યમાં હોદ્દેદારો થવા માગનારાઓએ કાંતો સાચો-ખોટો પણ જેલ-નિવાસ ('એ' વર્ગનો હોય તો જ તેની કિંમત ગણાશે) ભોગવ્યો હોવો જોઈએ કાંતો એમણે કે એમના સગાંસંબંધીઓએ કાળાં બજારોથી દોલત સારી પેઠે જમા કરેલી હોવી જોઈએ કે મૂડીવાદીઓનો એને સારો ટેકો જોઈએ, અને નહીં તો છેવટે સરદાર સાહેબના 'વળ'ના માણસ થઈ જવું જોઈએ. કાલ સવારે અમદાવાદ-મુંબઈનો કોઈ શેઠિયો કે અલ્હાબાદની કોઈ શ્રીમંત-પુત્રી ગવર્નર થઈ જાય તો આશ્ચર્ય પામવાની જરૂર નથી. વળી ગવર્નરોની નિમણુકના ગુણદોષને એકબાજુ રાખીને કહીએ તો હિંદુસ્તાન જેવા ગરીબ દેશને એકેક ગવર્નરને માસિક રૂા. ૬૦૦૦ (અને તેય પાછા કર-મુક્ત) જેવી જંગી રકમ આપી દઈને પૈસા વેડફી દેવાનું કેમ પોસાય?

ગાંધીજી પાકિસ્તાનમાં રહેશે તો—

ગાંધીજીએ પાકિસ્તાનમાં રહેવાનો જે નિર્ણય કર્યો છે તે ઘણો જ મહાન અને ક્રાન્તિકારી નિર્ણય છે. મુઠ્ઠી હાડકાંના એ ઋષિના નિર્ણયમાં લીગ-કોંગ્રેસનું દિંદનું વિભાગીકરણ કર્યું-ન કર્યું કરી મૂકવાની શક્તિ રહેલી છે. એ તો હવે ખુલ્લી થયેલી હકીકત છે કે કોંગ્રેસે જે ભાગલા સ્વીકાર્યા તેમાં ગાંધીજીની

'જીવન-પ્રકાશ' બંધુમંડળના

● સભ્યોને ભેટ ●

'મુક્તિનો માર્ગ'

જીવનનો નવો રાહ બતાવતું આ પુસ્તક તમને વિચાર કરતા કરી મૂકશે-સુંદર કલાત્મક દ્વિરંગી જેકેટ-મજબૂત પૂંઠું-આકર્ષક રૂપરંગ-૧૭૦ પાનાં-સ્વચ્છ છપાઈ-કિંમત અઢી રૂપિયા-પોસ્ટેજ પાંચ આના.

'દિવ્ય વાણી'

જીવનના વિકટ પ્રશ્નોનો તોડ બતાવતું આ પુસ્તક કોઈ પણ વિચારશીલ ભાઈ-બહેને વાંચવું જ જોઈએ. સરસ દ્વિરંગી ટાઈટલ-બોર્ડનું મજબૂત પૂંઠું-ઊંચી જાતના કાગળ-સુઘડ મુદ્રણ-૧૭૫ ઉપરાંત પાનાં-કિં. બે રૂપિયા પોસ્ટેજ પાંચ આના.

'કલકત્તાથી કાબુલ'

નેતાજી સુભાષચંદ્ર બોઝના વતનત્યાગની સુંદર રોમાંચક ચિત્રકથા પ્રખ્યાત કલાકાર શ્રી 'શનિ'ની પીંછીએ તૈયાર થઈ છે. આખી પુસ્તિકા આર્ટપેપર પર છપાયેલ છે. પ્રત્યેક ચિત્રની સામે કડીબંધ વાર્તા ચાલી આવે છે. આકર્ષક ગેટ-અપ અને ત્રિરંગી કવર જેકેટ-કિંમત એક રૂપિયો-પોસ્ટેજ બે આના.

'જીવન-પ્રકાશ' બંધુ મંડળના સભ્ય હોય એવાં કોઈ પણ ભાઈ-બહેન, લાયબ્રેરી, શાળા કે અન્ય સંસ્થાને આ સાડા પાંચ રૂપિયાની કિંમતનાં પુસ્તકો માત્ર ત્રણ રૂપિયામાં મળશે. અઢી રૂપિયા આ રીતે એમને ભેટ મળે છે, પોસ્ટ ખર્ચ આઠ આના.

જીવન-પ્રકાશ કાર્યાલય • રાણપુર [B. S. Ry.]

'જીવન-પ્રકાશ બંધુ મંડળ'ના સભ્ય માટે

● ઇનામી કૂપન ●

— ચાર રૂપિયા —

આ કૂપન કાપીને મોકલનાર ગ્રાહક-સભ્ય પોતાના તરફથી વધુમાં વધુ બે સભ્યને વાર્ષિક રૂા. ૧૦)ને બદલે રૂા ૮)માં આ મંડળમાં દાખલ કરાવી શકશે. અને એ રીતે ચાર રૂપિયા મેળવશે અગર બચાવશે. મિત્રોને પોતાના તરફથી લાભ અપાવવા ઈચ્છનાર ઘણા સભ્યોના આગ્રહથી આ કૂપન આપેલ છે. ગ્રાહક-સભ્ય જ આનો ઉપયોગ કરી શકશે.

જીવન-પ્રકાશ કાર્યાલય, રાણપુર [B. S. Ry.]

સંમતિ મળી નથી; ફક્ત જવાહરલાલ અને સરદારની કાર્યપદ્ધતિ વિશેષ વ્યવહારુ છે તેમ જ આંતરિક શાંતિ માટે એ વિભાગીકરણ અનિવાર્ય છે એમ લોકોનું મંતવ્ય સમજીને ગાંધીજીએ તેમાં દખલગીરી કરી નથી; ઉલટું મહાસમિતિમાં જઈને એક વાર તો તેમણે જ આ નવો નિર્ણય સ્વીકારવા આગ્રહ કર્યો હતો. પણ એ નિર્ણય એમને પોતાને જ ગળે ઉતર્યો નથી.

એમનો પાકિસ્તાન–નિવાસ પાકિસ્તાનની ભયત્રસ્ત લઘુમતિઓને આશીર્વાદ રૂપ થઈ પડશે. પણ એ કરતાં યે વિશેષ ઉદાત્ત ઉદ્દેશ ગાંધીજી પાસે છે. એમને તો હિંદના ભાગલા જ મંજુર નથી. એ પોતે જ હિંદની અખંડિતતા પુરવાર કરવા માગે છે. વિભક્ત હિંદમાં ગાંધીજી જીવવા માગતા નથી.

ગાંધીજી પાકિસ્તાનમાં રહેશે, એટલે જનાબ ઝીણાની પાકિસ્તાની નીતિ પર જબરો અંકુશ આવશે. જેમણે બ્રિટિશ સરકારને મુંઝાવી તે જ માણસ હવે પાકિસ્તાનની સરકારને મુંઝાવશે, સંયોગો એવા આવી પડે તો. બીજી બાજુ, પાકિસ્તાનના આ મહાન નાગરિક પાસે હિંદની સરકાર છાશવારે સલાહ લેવા દોડી આવશે. એટલે કે હિન્દુસ્તાન અને પાકિસ્તાન વચ્ચેનું અંતર બે જુદાં રાજતંત્રો છતાં આથી ઓછું રહેશે.

બર્માનો કરુણ પ્રસંગ

બર્માના વડા પ્રધાન આંગ સાન આદિ સાત પ્રધાનો મંત્રણા કરતાં સરકારી ગૃહમાં બેઠા હતા ને ત્યાં આવીને એક વિરોધી ટોળકીએ તેમને ઓચિંતા ગોળીબારથી ઠાર કર્યા. એ પ્રસંગ બર્મા માટે તેમ જ એશિયા માટે એક કલંક રૂપ છે. આ ખૂન કરનારા કોણ હશે તે પ્રશ્ન છે; એને માટે યુ–સો, વા–મો વગેરે વિરોધી પક્ષોના આગેવાનોની ધરપકડ કરવામાં આવી છે. ખૂન કરનારા ગમે તે હોય, પરંતુ રાજકીય સત્તા–પ્રાપ્તિ માટે વિરોધીઓના આવાં હિચકારાં ખૂની કૃત્યો કરવાં તે ઘણું જ નીચા પ્રકારનું રાજકારણ છે. એનો અર્થ એમ પણ થાય કે બર્મા હજી લોકશાસન માટે તૈયાર નથી. અલબત્ત, આથી આપણે બર્માને ઉતારી પાડવા માગતા નથી, પરંતુ વિદેશમાં તો એમ જ કહેવાય કે એશિયાના દેશોમાં લોકો સત્તા–પ્રાપ્તિ માટે લોકપ્રચારનાં શિષ્ટ સાધનો છોડી દઈને એકબીજાનાં ગળાં કાપે છે. બર્મામાં દરેક પક્ષ પાસે પોતાનાં ખાનગી લશ્કરો છે તેમ જ યુદ્ધોત્તર આર્થિક ફટકામાંથી હજી બર્મા બેઠું થઈ શક્યું નથી તે વ્યાપક અશાંતિ પણ આ પરિણામમાં કારણભૂત છે. હાલ તો બર્મા સુકાનીઓ વિહોણું જહાજ થઈ બેઠું છે. એટલું સારું છે કે બ્રિટિશ સરકાર આ બનાવનો લાભ લઈ બર્માની આઝાદી ઘોંચાવવા માગતી નથી.

ઇન્ડોનેશિયાનું યુદ્ધ–પ્રકરણ

ડચ સરકારે મંત્રણાના સમયમાં સુસજ્જ થઈને છેવટે ઇન્ડોનેશિયન પ્રજાસત્તાક સામે યુદ્ધ શરુ કરી દીધું; થોડો પ્રદેશ પણ કબજે કર્યો. પરંતુ પંડિત જવાહરલાલે આ પ્રશ્નમાં ખાસ રસ લઈને હિન્દના પ્રતિનિધિ મારફત આ સવાલ 'યુનો'ની સલામતી સમિતિમાં તાત્કાલિક ઉપસ્થિત કર્યો. આ બાબતમાં ઓસ્ટ્રેલીઆ પણ હિંદનાં વલણનું હતું. એટલે બ્રિટન–અમેરિકાની 'ચસમપોશી' છતાં યુદ્ધ બંધ કરવાનો આદેશ સલામતી સમિતિએ ડચ સરકાર ને ઇન્ડોનેશિયાને આપી દીધો. આ પ્રકરણમાં આરંભે તો પંડિત જવાહરલાલે એક મહાન વિજય પ્રાપ્ત કર્યો ગણાય. એશિયાની નેતાગીરી માટે હિન્દ કેટલું યોગ્ય ને તૈયાર છે તે પણ આના પરથી સ્પષ્ટ થાય છે.

તાવ, બરોળ તેમ જ પેટનાં દર્દો માટે

ચેમ્પેતિહાલ

• વાપરો •

ગુમડાં, ખસ, ખુજલી, ખરજવું, દાદર વગેરે ચામડીનાં દર્દો માટે અકસીર મલમ

• રૂઝ–જા–ઓઈન્ટમેન્ટ •

કિંમત એક શીશીના આઠ આના. ડઝનના રૂા. પા

દુગ્ધાનુપાન ફાર્મસી, જામનગર

દુષ્કાળ આવે છે

આઝાદી તો આવે છે, પણ એની સાથે અનેક આફતો પણ આવી રહી છે. એમાંની મોટા ભાગની આફતો તો અંગ્રેજ સરકાર બહાદુરના વારસારૂપે છે. ખાસ કરીને હિંદમાં દુષ્કાળ પાક ઉછર્યા વર્ષોમાં થવા છતાં, બંગાળના દુષ્કાળ બાદ દુષ્કાળની પરિસ્થિતિ અંશતઃ સર્વત્ર વ્યાપી રહી છે એ પ્રતાપ સરકાર બહાદુરનો જ છે. એ કૃત્રિમ દુષ્કાળ તો ઊભો છે જ, ત્યાં વળી કુદરતી દુષ્કાળ એનું રાક્ષસી ડાચું ફાડીને હિંદની સામે જ ઊભો છે. આ ચોમાસું હિંદમાં–ખાસ કરીને ગુજરાત, કાઠિયાવાડ, પંજાબ, રજપુતાના ને દક્ષિણમાં નિષ્ફળ જશે એમ અત્યારના ચિહ્નો ઉપરથી લાગે છે. મેઘરાજાએ હિંદુસ્તાનમાં જવું કે પાકિસ્તાનમાં એનો નિર્ણય હજી કર્યો દેખાતો નથી; કદાચ પંદરમી ઓગસ્ટે એ નિર્ણય કદાચ મુલ્તવી થઈ પણ જાય. પણ જો દુષ્કાળ પડશે જ (અને હવે એમાં બહુ આશાવાદી થવા જેવું ઓછું છે). તો હિંદની નવી સરકાર માટે એક મહાન કઠણાઈ ઊભી થશે. અમેરિકાના ડોલર આપણા કાળ-મુખા વેપારીઓએ ફેશનની ચીજ–વસ્તુઓમાં પોતાની કમાણી ખાતર વેડફી નાખ્યા છે. એટલે કે હિંદ પાસે અમેરિકા પાસેથી અનાજ લાવવાના પૂરતા પૈસા નથી. આથી જ કદાચ અમેરિકાથી આપણા એલચી શ્રી. આસફઅલીને હિંદમાં બોલાવવામાં આવ્યા હોય, પણ એક હકીકત તો ચોક્કસ છે. કાળાબજારિયાઓને સરકાર ફાંસીએ નહીં ચડાવે ત્યાં સુધી અત્યારની આફતમાંથી ઉગરી શકાશે નહીં. જ્યાં સુધી એક પણ કાળાબજારિયો આ હિંદમાં જીવે છે ત્યાં સુધી હિંદનો ઉદ્ધાર થવાનો નથી.

ગોવધ પ્રતિબંધની ચળવળ

આપણા અખિલ હરજાનના લક્ષ્મીનંદન શ્રી. દાલમિયાં હવે ગોવધ પ્રતિબંધની ચળવળ ઉપાડી રહ્યા છે. જનાબ ઝીણાનું દિલ્હીનું મકાન ખરીદીને એમણે ત્યાંથી જ આ ચળવળના શ્રીગણેશ કર્યા છે. આ ચળવળને હિન્દુ મહાસભા તેમજ હિન્દુ જનતા ટેકો આપે તે સ્વાભાવિક છે, પણ આ પ્રશ્ન આપણે રાષ્ટ્રીય દૃષ્ટિએ વિચારવો જોઈએ. ધાર્મિક દૃષ્ટિએ આ પ્રશ્ન વિચારવામાં આવે તો સહેજ સંકુચિત દૃષ્ટિએ વિચારાઈ જવાય તેવો સંભવ છે. જો કે ધાર્મિક દૃષ્ટિમાં ઊંડી ઊંડી રાષ્ટ્રીયતા ને માનવતાની દૃષ્ટિ જ સમાયેલી હોય છે; પણ ધર્મગુરુઓ એ રીતે જોતા ટેવાયેલા નથી.

વસ્તુતઃ ગોવધથી દેશની ખેતી તેમજ અન્નસમૃદ્ધિને જ હાનિ છે. ગાયનું દૂધ અને બળદની ખેતી–એ બે જ વસ્તુઓ ટૂંકામાં લઈએ તોયે હિંદની એ જીવાદોરી છે. એટલે હિંદનું જીવન જો સમૃદ્ધ કરવું હોય તો ગોવધ પર પ્રતિબંધ હોય જ; એટલું જ નહિ પણ ગોપાલન પર પૂરતું ધ્યાન પણ આપવું જોઈએ. જે લોકો ગોવધ સામે પોકાર કરી રહ્યા છે તેમણે ગોપાલન માટે ખરેખર કાંઈ કરી બતાવ્યું હોત તો દેશની સમૃદ્ધિ ઘણી વધી ગઈ હોત. ગાયનું માંસ, માંસ ખાનારાઓને બહુ રુચતું નથી; એટલે એમને એ સસ્તું ન પડતું હોત તો ખાત પણ નહીં. પણ ગાયના પૂજારીઓ જ્યારે ગાયને પાંજરાપોળમાં મૂકી આવ્યા ત્યારે જ ગાય સસ્તી થઈ ગઈ એ આપણે ભૂલવું ન જોઈએ. જે લોકો ગોવધ સામે ધાપોકાર કરે છે તે બધા એકેક ગાય ઘેર રાખવાનું શરુ કરે તો કેવું સારું! આમ ન કરી શકે તેમની ધાર્મિક કે માનવતાની દૃષ્ટિ માટે બહુ માન ઉપજવા સંભવ નથી. વળી રાષ્ટ્ર પોતે જ રાષ્ટ્રનું પતન નહીં વેઠવા દે; પણ એમાં ધર્મઘેલા થઈને નકામાં ચીથરાં શું ફાડવાં!

પ્રસ્તાવના-લેખકોની ફરજ

'ગુજરાત સમાચાર'ના તા. ૩૧–૭–'૪૭ના અંકમાં 'સાહિત્ય-સંસ્કાર' કારે 'પ્રસ્તાવના-લેખકોની ફરજ'નો મુદ્દો ચર્ચ્યો છે. પ્રસ્તાવનાકારે પોતાની જવાબદારી સમજવી જોઈએ એ પ્રકારના એમના વિધાન સાથે અમે સંમત છીએ, પરંતુ જે પુસ્તકની પ્રસ્તાવના પરથી એમને આ મુદ્દો ઊઠાવવાનું સૂઝ્યું

'જીવન-પ્રકાશ' બંધુ મંડળના

સભ્ય બનીને

આજથી જ 'જીવન-પ્રકાશ'

● મફત મેળવો ●

છે તેમાં કશું દોષારોપણ કરવા જેવું અમને લાગતું નથી. શ્રી. અનામીના કાવ્યસંગ્રહ 'ચક્રવાક'ની પ્રસ્તાવના આ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ લખી છે; પરંતુ એમાં કવિની કે કાવ્યોની વધુ પડતી સ્તુતિ થઈ હોય તેવું જણાતું નથી. અલબત્ત કાવ્યસંગ્રહનું વિવેચન પૂરેપૂરું પ્રસ્તાવનામાં થયું નથી, પણ પ્રસ્તાવના એ વિવેચન કે વિવેચનનો એક પ્રકાર નથી તે આપણે ભૂલવું ન જોઈએ. કવિનો અંગત પરિચય પ્રસ્તાવના-કાર ધરાવતા નથી, એટલે આ બાબતમાં પક્ષપાતના તત્ત્વનો આરોપ મૂકવો તે વ્યાજબી નથી.

એટલે પ્રસ્તુત પુસ્તકની પ્રસ્તાવના એક બાજુએ મૂકીએ તો આપણા પ્રસ્તાવનાકારો વિશે ઘણું કહી શકાય તેમ છે અને 'સાહિત્ય-સંસ્કાર'કારે જે કહ્યું છે તે બધું એમને એટલે કે કાકા કાલેલકર રામ-નારાયણ પાઠક, રમણલાલ દેસાઈ જેવા પ્રસ્તાવના-વીરોને લાગુ પડે છે.

પરંતુ પ્રસ્તાવનાના સ્વરૂપ કે ઉદ્દેશ બાબતમાં અમે સહેજ જુદું મંતવ્ય ધરાવીએ છીએ. વિવે-ચન એ પ્રસ્તાવનાનો અનિવાર્ય અંશ નથી. સ્વ. નરસિંહરાવની પ્રસ્તાવનાઓ શુદ્ધ વિવેચનો છે, પ્રસ્તાવનાઓ નથી. (વળી નરસિંહરાવ સદાના તટસ્થ રહ્યા છે એવું નથી; એમની વત્સલતાનો લાભ સ્વ. સુમતિ બહેનનાં 'હૃદયઝરણાં'ને ક્યાં નથી મળ્યો ?) પ્રસ્તાવના એ લેખકના ગ્રંથને સાહિત્ય જગત સમક્ષ ખુલ્લો મૂકે છે; નવા સર્જનની 'વધા-મણી' આપે છે, લેખકને આશીર્વાદ આપે છે; ટૂંકામાં 'પ્રસ્તાવના-લેખક ગ્રંથનો પુરસ્કાર કરે છે.' અલબત્ત, આટલેથી જ પ્રસ્તાવનાનું કર્તવ્ય સમાપ્ત થઈ જતું નથી. પ્રસ્તાવના-લેખકે પ્રસ્તુત ગ્રંથનો રસાસ્વાદ લેવાની દૃષ્ટિ આપવી જોઈએ. એનો અર્થ એવો નથી કે લેખકનું ગુણદર્શન જ' થવું જોઈએ. પણ લેખકનો ને લેખકના સર્જનનો ઊંડો પરિચય આપીને કૃતિનું રસપાન કઈ દૃષ્ટિએ કરવું જોઈએ તેના પર જ પ્રસ્તાવનાકારે માર્ગદર્શન આપવું જોઈએ. આ રીતે 'સંવનન' શીખવ્યું-શીખવાતું નથી એમ કોઈ કહે. પરંતુ સૌંદર્યનું સંવનન સુરુચિ રીતે શીખવી શકાય ખરું. બાકીનું કામ તો વિવેચન કરી લેશે.

વિજય ફેબ્રીકસ

એટલે જ

'રેકર્ડ' ફેબ્રીકસ

અ મ દા વા દ

સરદાર સરમુખત્યાર બનશે ?

સરદાર વલ્લભભાઈ પટેલ–વીર વલ્લભભાઈ–બારડોલીના શૂરવીર સત્યાગ્રહ-નેતા, ગુજરાતના પ્રખર અગ્રણી અને હિંદની એક મહાન વિભૂતિ: એમના વિશે માનવશાસ્ત્ર અંગેના અભ્યાસના પ્રકાશમાં, શરીરનાં અવયવોનાં લક્ષણોના સૂક્ષ્મ નિરક્ષણ બાદ વિદ્દ્વર્ય પંડિતજી એમ. એસ. શર્માએ કેટલાંક મનનીય ભવિષ્ય-અનુમાનો આલેખ્યાં છે. એ અનુમાનોમાંથી કેટલાંક સારરૂપે અહીં નીચે આપીએ છીએ.

માનવશાસ્ત્ર કપાળના અવલોકન પર ઘણો ભાર મૂકે છે. સરદારશ્રીનું કપાળ ગોળ, ઉપસેલું–આગળ પડતું, અને લીસું છે. એમના કપાળ પર ત્રણ રેખાઓ સીધી લીટીમાં, એકબીજાને સમાંતર, ત્રિપુંડાકારે દેખાય છે તે ખાસ નોંધપાત્ર છે. એનો અર્થ એ કે એમની વિચારશક્તિ ગહન છે, એમની નિર્ણયશક્તિ ઘણી સમર્થ છે, અને એક સરમુખત્યારમાં હોય તેવી આગળ પડતી આ રેખાઓ છે. એમનાં બંને ભવાંની વચ્ચે બે સીધી રેખાઓ છે એ બંને રેખાઓ એમની નાસિકા પરથી નીકળે છે અને કપાળ પરની રેખાઓને મળે છે. આ રેખાઓ વ્યક્તિ પર સારી તેમ જ માઠી બંને પ્રકારની અસર કરે છે. સારી અસર એ છે કે એ વ્યક્તિ પોતાનું વ્યક્તિત્વ ઘણું પ્રભાવશાળી સર્જી શકે છે, એની ઇચ્છાશક્તિ લોખંડી હોય છે, એ પોતાનાં જ સામર્થ્ય અને શક્તિ વડે નેતા ને સરમુખત્યાર થઈ શકે છે. જીવન અને જગતને યથાર્થ રીતે સમજવાની આવી વ્યક્તિમાં અસાધારણ પ્રતિભા હોય છે. એની ખરાબ અસર એ પણ થાય છે કે એ પ્રકારની વ્યક્તિ સ્વાર્થ પ્રત્યે વધારે વધારે ખેંચાઈ જાય છે; એટલે કે પોતાની કીર્તિ અને સત્તાને જાળવવા માટે ખૂબ પ્રયાસ કરે છે; એનાથી દુશ્મનનું અસ્તિત્વ સહન થઈ શકતું નથી, અને કોઈ પણ પ્રકારે દુશ્મન પર વિજય મેળવવા માટે એનું મન તલસતું હોય છે. યુદ્ધ સમયમાં એવી વ્યક્તિ એક ક્રૂર સેનાપતિ બને છે.

સરદાર વલ્લભભાઈ પટેલ

સરદારશ્રીમાં આ ગુણો અને આ ચિહ્નો સ્પષ્ટ વર્તાય છે, તે છતાં એમનું કપાળ આગળ પડતું હોઈ એમ કહી શકાય કે પોતાની શક્તિનો ઉપયોગ તેઓ પોતાના અંગત સ્વાર્થ માટે નહીં કરે, પરંતુ પોતાની માતૃભૂમિના કલ્યાણ માટે કરશે. એટલે ઉપરિકથિત લક્ષણો છતાં પોતાના ધર્મ, નીત, પક્ષ અને દેશને ખાતર તેઓ પોતાની શક્તિઓનો ઉપયોગ કરશે. દુશ્મનોનું નામનિશાન ન રહેવા દેવામાં તેમની બે મહત્ત્વાકાંક્ષાઓ રહેશે: (૧) નેતા તરીકે પોતાના અધિકારો સ્થાપિત કરવાની મહત્ત્વાકાંક્ષા; (૨) દુશ્મનોના હાથમાં પોતાની માતૃભૂમિનું ભાવિ સલામત નથી એમ લાગતાં દેશકલ્યાણની મહત્ત્વાકાંક્ષા.

હવે કપાળ પરથી એમની આંખ પર આવો. એમનાં પોપચાં સહેજ જાડાં છે; ભવાં સહેજ વક્ર છે; અને દૃષ્ટિ ગજ જેવી છે. એનું રહસ્ય એ છે કે એ આદર્શસેવી ને ભાવનાશીલ છે; અનેક યોજનાઓ એમના મગજમાં ઘૂમે છે; એમનામાં દીર્ઘદૃષ્ટિ છે; અને વિચારણા ઘણી જ સ્પષ્ટ છે. આવા માણસો વાંકમાં આવનારને, ગુન્હેગારોને કે દુષ્ટોને કદી માફ કરવાનું શીખ્યા હોતા નથી. ઉલટું એમની વેરવૃત્તિ પણ સારા પ્રમાણમાં પ્રબળ હોય છે. 'શઠં પ્રતિ શાઠ્યમ્' એ એમનો જીવનસિદ્ધાંત હોય છે.

આંખો પરથી હવે એમના કાન પર આવો. એમના કાન બહારની બાજુએ વળેલા છે. માનવશાસ્ત્રમાં એને 'ક્રૂરકર્ણ' કહે છે. એટલે કે આવા માણસો વર્તનમાં ઘણા ક્રૂર હોવા છતાં એમનાં અંતરમાં દયા હોય છે. આત્મબલિદાન આપવાની એમની શક્તિ અદ્ભુત હોય છે.

એમનું નાક જુઓ. વિશાળ નસકોરાંથી એમની નાસિકા સહેજ જાડી છે. એમનું નાક બરાબર તપાસો તો મુસોલિની, ફ્રાંકો ને સ્ટેલિનને બરાબર મળતું આવે છે, તેમ દેખાશે. આ નાનકડું નાક તો એમનાં જીવનમાં જબરો ભાગ ભજવશે. હંમેશાં એક કે બીજા પ્રકારની સત્તા એમની પાસે રહેવાની જ. કોઈ પણ દુશ્મન કે હરીફ એમને હરાવી કે દબાવી નહીં શકે. આવા પ્રકારની નાસિકાવાળા માણસો, હંમેશાં એમની વિચારણામાં ક્રાન્તિકારી હોય છે, અને હિંસામાં માનતા હોય છે; જો કે સરદારશ્રીએ અહિંસાની નીતિ અપનાવેલી છે તે જોતાં વાચકોને આ અનુમાન ગળે ઉતારવું સહેજ મુશ્કેલ થઈ

ઓગસ્ટનું વેપારી ભવિષ્ય

બજારમાં મોટા ઉછાળા આવશે, વેપારીઓએ ખરીદવામાં તેમજ વેચવામાં મોટાં જોખમો ખેડતાં ખાસ સાવધ રહેવા જેવો સમય છે. ક્યાંક સખ્ત વરસાદને અંગે પાકને નુકશાન પહોંચશે, તો ક્યાંક દુષ્કાળના ઓછાયા ઉતરશે, ૧૫ મી પછી રૂ બજાર આગળ જશે. સિંહ રાશિવાળાઓએ આ મહિનામાં ખાસ જોખમ ખેડવાં નહીં. ૧૧મી પછી સોના રૂપાના ભાવોમાં મંદી આવશે. શેર બજારમાં મોટી તેજી ને મોટી મંદી આવ્યા કરશે. કોપરા, ઘી, સાબુ, શૃંગારસાધનો ફેન્સી માલ, મગફળી વગેરેનો બજાર આ મહિનામાં વધશે.

આર્યદર્શન

સૈકાઓ પહેલાં રચાયેલું ગાંધીજીનું જીવનચરિત્ર

સત્યસંહિતા વિષે વિશેષ તપાસ કરતાં જાણવા મળ્યું છે કે એ ગ્રંથ શ્રી. મુનશીના કેટલાક મિત્રે એ પણ પ્રત્યક્ષ જોયેલ. (એ પ્રકારની સંહિતાઓમાં એક નારદસંહિતા પણ છે.) સત્યસંહિતાની પ્રત મદ્રાસી પંડિત શ્રીનિવાસાચાર્ય આયંગર પાસે હતી. તેમની પાસેથી એ પ્રત શ્રી. બિરલાએ દસ હજાર રૂપિયા આપીને ખરીદી લીધી એમ અમદાવાદના એક સાક્ષરવર્ય પાસેથી સાંભળ્યું છે. વિશેષ તપાસ કરતાં માલુમ પડ્યું કે શ્રી. બિરલાએ આ ગ્રંથ ખેડી નાખેલ છે. સંભવ છે કે એ ગ્રંથમાં હજી એવા શ્લોકો પણ હોય કે જેને જાહેરમાં મૂકવાથી કદાચ કોઈને લાભ ન થતો હોય, બલ્કે ગેરલાભ થતો હોય. એટલે આ સંયોગોમાં એ મૂળ ગ્રંથ સાથે પાઠ મેળવીને પ્રસ્તુત જીવનચરિત્ર આપવું અશક્ય બને છે, પરંતુ જે શ્લોકો શ્રી. મુનશીના લેખમાંથી મળ્યા છે. તેમાંના કેટલાક ચર્ચાસ્પદ અર્થવાળા શ્લોકો વિશે તદ્દવિદોનાં મંતવ્યો આગામી અંકમાં રજૂ કરવામાં આવશે.

પડશે. પણ માનવશાસ્ત્ર કહે છે કે અહિંસા તો એમણે સંયોગબળે અપનાવેલી છે: સંભવ એવો છે કે અનિચ્છનીય વ્યક્તિઓ અને દુશ્મનોને દબાવવા માટે એમણે પણ હિંસા વાપરવી પડશે.

એમની મુખાકૃતિનો સમગ્રદેશી અભ્યાસ એમ કહે છે કે હજી છે તે કરતાં પણ એમના વ્યક્તિત્વનો વિકાસ થશે. ડાબા કરતાં જમણું કપાળ એમનામાં વધારે આગળ પડતું હોઈ કહી શકાય કે જીવનના ઉત્તરાર્ધમાં પૂર્વાર્ધ કરતાં વિશેષ સામર્થ્ય અને પ્રભાવ એ ધારણ કરશે. એમની જન્મતિથિ ૩૧ મી ઓક્ટોબર ૧૮૭૫ પરથી જોતાં એમ લાગે છે કે એમના વધુ સારા દિવસો હજી આગળ છે. કોંગ્રેસમાં એ પરિવર્તન લાવશે અને પોતે હિંદુ ધર્મ ને જાતિના સમર્થ સંરક્ષક બનશે. હિંદના યુનિયનને તેઓ લશ્કરી દૃષ્ટિએ શક્તિશાળી બનાવશે. રાજસ્થાનો અને હિંદ વચ્ચેનો સંબંધ એમને લીધે સુધરશે. એમનું આયુષ્ય ૮૦ વર્ષથી વધારે છે. ૧૯૪૮ના ફેબ્રુઆરીથી ૧૯૪૯ના જુલાઈ સુધીમાં એમના પર એક ઘાત (એક હુમલો કે એવું કંઈક) છે. ૧૯૫૪ પહેલાં એ કેટલાક સૈન્યોના સેનાપતિ થશે અને એમના દુશ્મનો માટે વધુમાં વધુ તિરસ્કારપાત્ર વ્યક્તિ બનશે

હિંદુસ્તાન અને પાકિસ્તાનનું ભવિષ્ય

પંદરમી ઓગસ્ટે હિંદ અને પાકિસ્તાનનો સ્વાતંત્ર્ય-દિન ઉત્સાહપૂર્વક ઉજવાશે. પરંતુ ગ્રહોએ કંઈક જુદું જ ધાર્યું જણાય છે. પંદરમીએ સૂર્ય, ચંદ્ર, બુધ, શુક્ર અને શનિનો કર્કમાં સંયોગ છે આ ઘણું જ અનિષ્ટસૂચક છે. શનિને અંગે મજૂરોની ચળવળ ઊભી થશે. સૂર્યને અંગે નેતાઓમાં સ્વાર્થબુદ્ધિ વધશે ને સેવાભાવ ભૂલાઈ જશે બુધને અંગે વેપારવિષયક ઝઘડાઓ ઊભા થશે. પંદરમીએ મંગળ મિથુનમાં હોવાથી અમેરિકા અને ઇંગ્લાંડ હિંદ ને પાકિસ્તાનને ચૂસવા પ્રયત્ન કરશે હિંદ અને પાકિસ્તાન પરસ્પર ઝઘડામાં મચ્યા રહેશે. વર્ગવિગ્રહ શરૂ થશે પાંચમે વર્ષે મજદૂરો બળવો કરશે, મજદૂરોનું રાજ્ય સ્થપાશે. બંને દેશો સંગઠિત થશે, ને સમાજવાદી થશે કોંગ્રેસના નેતાઓમાં ફાટફુટ પડશે. કોંગ્રેસ મુખ્યત્વે હિંદુઓની બનશે. પકિસ્તાનમાં ઝીણા સાહેબનું વર્ચસ્વ ચાલશે; પણ બળવો થશે. ઝીણા સાહેબ મૂડીવાદીઓ અને મજદૂરોના ઝઘડામાં મજદૂરોનો પક્ષ ખેંચતા થઈ જશે!

પંડિત જવાહરલાલ નહેરુના ગ્રહો સરદારશ્રીના ગ્રહો સાથે જરાયે સામ્ય ધરાવતા નથી. બાહ્ય રીતે તેઓ બંને એક સાથે કામ કરતા દેખાય છે, પરંતુ અંદરખાને તેઓ હૃદયથી કદી પરસ્પર મળતા આવે તેમ છે નહીં. ૧૯૪૮ ના જુલાઈ પછી બંને જુદા જુદા પક્ષમાં વહેંચાઈ જશે. સરદારશ્રીની દૃષ્ટિ વધારે વ્યાપારી થતી જશે. એમનું મુખ્ય કાર્ય હિંદુઓનું સંગઠન કરવાનું હશે. આગામી ત્રણ–ચાર વર્ષમાં એમની કીર્તિ ખૂબ વધશે. સરદારશ્રી હિંદુઓની એકતા સ્થાપિત કરશે અને જગતભરમાં એમનું–હિંદુઓનું સ્થાન ઉચ્ચ કક્ષામાં ગણાતું કરી મૂકશે.

*

જાણો છો ?
આપના બીઝનેસની વિશાળ જાહેરાત માટે 'જીવન-પ્રકાશ' સબળ સાધન છે. ઓછામાં ઓછા ખર્ચે વધુમાં વધુ જાહેરાત કરવા માટે આજે જ એની યોજના મગાવો.

જુનામાં જુના દમ, હાંફણ માટે
ગેસહર તથા દુગ્ધાનુપાન
ગોળીઓ બંને દવા સાથે વાપરો.
— ચોક્કસ દમ મટશે —
દુગ્ધાનુપાન ફાર્મસી, જામનગર

‘જીવન-પ્રકાશ’ના નવા ચીફ એજન્ટો

વડોદરા ડીસ્ટ્રીક્ટ

. પ્રવીણકાન્ત પી. શાહ,
શ્રીનાથજી કુંજ, ગેંડી ગેઈટ વડોદરા

ભરૂચ ડીસ્ટ્રીક્ટના માનદ પ્રચારકો

શ્રી. સૂર્યવદન પૂનાવાલા, : શ્રી. દાઉદભાઈ મુલતાની
ભ્રા સૂર્યસદન, સાંકડીશેરી, : સોનેરી મહેલ, મલેકવાડ,

— ભરૂચ —

શ્રી. અમૃત બી. ગાંધી, આઝાદ રોડ, બિલિમોરા

ઈસ્ટ આફ્રિકા ખાતે

. રમણિક અ. માણેક, પો. ઓ. બ્રુગાઝી (યુગાન્ડા)

બ્રિ-ઈસ્ટ આફ્રિકા

શ્રી. રમાકાન્ત કે. જોષી, ખેડબ્રહ્મા A. P. Ry.

પ્રવાસી પ્રતિનિધિ

Vishnoo Dave, C/o. K. M. S Jogta Colliery
P. O. SIJUA [Dist. Manbhum]

આઝાદી આવી છે ત્યારે

—ત્યારે એ આઝાદીને પચાવવા દેશનાં, વેપાર, ઉદ્યોગ અને ખેતીને ખીલવવા કમ્મર કસવી જ઼રી. એ દિશામાં માર્ગદર્શક થઈ પડે એવું એકનું એક ગુજરાતી માસિક

ઉદ્યોગ અને વેપાર

તંત્રી :

શિવલાલ જેસલપુરા — એમ એ
મણિપત પટેલ — સંપાદન કલાવિશારદ

: વાર્ષિક લવાજમ :

દેશમાં રૂ. ૬।। પરદેશ શિલિંગ ૧૧।।

છુટક નકલ ૧૦ આના

સાહસિકો, ઉદ્યોગપતિઓ અને વેપારીઓને જેને હાર્દિક આવકાર આપ્યો છે ઔદ્યોગિક લેખો, બજારભાવ, નવા ઉદ્યોગોની સ્થાપના, વેપાર વિષયક આંકડા, કન્ટ્રોલોની માહિતી, કંપનીઓના ડીવીડન્ડ અને ખેતીવિષયક લેખો તેમાં દર મહિને પ્રગટ થાય છે. ઉપરાંત તમામ વેપારધંધા માટે કોઈ પણ જાતની સલાહ મફત અપાય છે રૂ. ૬ના ગ્રાહક થઈ બાર મહિના આપના ધંધાની જાહેરખબર થઇ શકે છે.

લખો

ઉદ્યોગ કાર્યાલય : ૮૩૬/૧, માણેક ચોક, અમદાવાદ.

● મ ફ ત ●

CHARMEX— આજે સવારે મ્હોં ઉપર લગાડો, બીજી સવારે ચરમીથી કુદતાં ખીલ, ઝાળાઈ, ગુમડાં, ધાંઠાં અને કાળા ડાઘ અદ્દશ્ય થઈ જશે. ચામડી નરમ, સુંવાળી અને એટલી તો મુલાયમ જણાશે
રેશમ જેવા ગાલ ઉપરથી તમારા હાથ સરકી જશે.

કિંમત રૂ. ૫) પોસ્ટ ખર્ચ બાર આના

I LOVE HAIR CURLING CREAM-

તમારા વાળને જાદુની માફક વાંકડીયા જુલ્ફા અને સુંવાળા રેશમ જેવા મુલાયમ ગુંચળા બનાવી નાખશે. વાળની સુંદરતામાં વધારો કરી નવો ચળકાટ આપશે. અજમાયશ કરો.

કિંમત રૂ. ૫) પોસ્ટ ખર્ચ બાર આના.

●

ઉત્સાહી એજન્ટો જોઈએ છે.

— રંગીન મફત મંગાવો —

I LOVE INDUSTRIES,
POST BOX 3551
BOMBAY 4.

અજોડ સિદ્ધ તાવીજ

[આઝાદીની ખુશાલીમાં કાર્યાલયની અમૂલ્ય ભેટ]

દરેક રોગો, આફતો, મુંઝવણો, મગજની અસ્થિરતા મટાડે છે લક્ષ્મી, નોકરી, સંતાન પ્રાપ્તિ, કોર્ટ કેસ, પરીક્ષા, મનપસંદ લગ્ન વગેરે સઘળા મનોરથો ખત્રીબંધ પૂરા કરે છે. જરૂર ઉપરના તાવીજની ટ્રાયલ કરો. કિં. રૂ. ૫). પોસ્ટેજ ફ્રી. મ. ઓ. કરો :-

જોશી કાર્યાલય : જુના સાવર
[કાઠિયાવાડ B. S Ry.]

[ગુજરાતનાં પચરંગી બજારોનો વાચકોને ખ્યાલ આવે તેમજ 'જીવન-પ્રકાશ' વિજ્ઞાપક મંડળનું દષ્ટિબિંદુ સ્પષ્ટ થાય તે હેતુથી અમારા **વિજ્ઞાપન-વિભાગના** સંચાલક તરફથી અહીં જે વિગતો રજૂ થાય છે તે જુદીજુદી વસ્તુઓના ગ્રાહકો, એજન્ટો, કેન્વાસરો અને નાના-મોટા વેપારીઓને ઉપયોગી થશે.]

કરાચીનો આ લૉરેન્સ રોડ. સામે દેખાય તે નસરવાનજી મીલ. એની બાજુમાં પેલું જંગી કારખાનું જોયું? સૌની ભાઈઓમાં એનું નામ ખૂબ જાણીતું અને માનીતું છે. એ છે **ચવેલીઆ એન્જિનિયરીંગ વર્કસ** આ કારખાનામાં સોનાં-ચાંદીનાં પતરાં તેમ જ તાર કાઢવાનાં મશીનો, કટીંગ પ્રેસો તદ્દન ખાત્રીવાળાં અને સરસ બનાવટનાં હંમેશ તૈયાર મળે છે. આ બાબત તેમને—ચવેલીઆ એન્જિનિયરીંગ વર્કસ, નસરવાનજી મીલની બાજુમાં, લૉરેન્સ રોડ, કરાચી—એ સરનામે લખી શકો. એમના સોલ એજન્ટસ—માણેકલાલ એન્ડ સન્સ, ૧૧૫, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, મુંબઈ ૩—એમની સાથે પત્રવ્યવહાર કરવાથી વધુ વિગતો મળશે.

મુંબઈમાં ખેતવાડી પર આવતાં જ પેલો પ્રખ્યાત ૬૪૬ નંબરનો સફેદો યાદ આવે છે. પેઇન્ટ-વારનીશના વેપારીઓનો અનુભવ છે કે ગ્રાહકો હંમેશાં ૬૪૬ નંબરના સફેદાની પહેલી માગણી કરે છે અને તેને જ પ્રથમ પસંદગી આપે છે. આ વિખ્યાત સફેદા માટે તમારા શહેરના કોઈ પણ પેઇન્ટ વારનીશના વેપારીને પૂછી શકો. ન મળે તો આ સરનામું નોંધબુકમાં ટપકાવી લ્યો: **સિમ્પ્લેક્સ ઓઇલ એન્ડ પેઇન્ટ કું. ૧૦મી ખેતવાડી, મુંબઈ-૪.** તમને એ સમય પર ઘણું ઉપયોગી થશે.

આવતા અંકે

'આરોગ્ય: તનનું અને મનનું' એ વિભાગમાં આવતા અંકથી આયુર્વેદના ઊંડા અભ્યાસી રાજવૈદ્ય પ્રાણભાઇ મ. મહેતા ઉપયોગી લેખમાળા શરૂ કરશે. સ્ત્રીઓને પીડતા દર્દ પ્રદર વિષેનો લેખ સપ્ટેમ્બર અંકમાં આવશે. વાંચવાનું ચૂકતા નહિ.



પેશોતન એમ. દસ્તુરની કંપની

સ્થાપના ૧૯૧૬

ત્રણ દરવાજા, અમદાવાદ

અમારા સાઇટ ટેસ્ટીંગ એક્સપર્ટ

મી. જમાસ્પ પે. દસ્તુર એફ. એ. ક્યુ. એ. (કલકત્તા) આપની આંખો બારીકાઈથી તપાસી આપશે. આપને મનપસંદ ફ્રેમોમાં આપના ચશ્મા બનાવી આપવામાં આવશે. એકવાર મુલાકાત અવશ્ય લેશોજી.

મેલી નજર : એક જગતવ્યાપી વહેમ

જગતના દરેક દેશમાં સૈકાઓથી એક સર્વ-વ્યાપી વહેમ ચાલ્યો આવે છે કે કવચિત્ કવચિત્ કેટલાક માણસો મેલી નજરવાળા હોય છે. છેક પ્રાગૈતિહાસિક સમયથી માણસ જાતમાં આ માન્યતા ચાલી આવી છે. બાઇબલમાં તેમજ પ્રાચીન પુરાણકથાઓમાં એનો ઉલ્લેખ મળી આવે છે. ઇટાલીમાં આ વહેમ વધારેમાં વધારે પ્રચલિત છે. બાળકને એવી મેલી નજરમાંથી બચાવવા માટે ખાસ મંત્રેલું માદળિયું પહેરાવવામાં આવે છે. હિંદમાં પણ આવા પ્રકારનો વહેમ ને આવી પ્રથા છે.

યુરોપમાં નવમો પાયસ નામનો પોપ આવી મેલી નજર ધરાવતો હતો એમ કહેવાતું હતું. એ ધર્મગુરુ જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં એમનું અપશુકનિયાળ વ્યક્તિત્વ ઝળક્યા વગર રહેતું નહોતું. ઇટાલીએ જ્યારે આઝાદીનો સંગ્રામ ખેલવા માંડયો ત્યારે જ્યાં સુધી પોપ સાહેબે મેઝિની અને ગેરિબાલ્ડી પર આશીર્વાદ નહોતા વર્ષાવ્યા ત્યાં સુધી સફળતા મળી; પણ એ આશીર્વાદ ને સહાનુભૂતિ સાંપડતાં જ બાજી પલટાઈ ગઈ. પોપ સાહેબને પણ નાસી જવું પડ્યું. એક વાર પોપ સાહેબને કોઈએ મહેફિલ આપી અને ત્યારે જે મકાનમાં મિજલસ ચાલુ હતી તે મકાનનો એક માળ તૂટ્યો.

માણસની આંખમાં સારી–નરસી અખૂટ શક્તિ ભરેલી છે. મેલી નજરવાળાને બિચારાને કવચિત્ તો એમની આ દુષ્ટતાભરી શક્તિના દુર્દૈવની ખબર પણ નથી હોતી. જ્યારે ખબર હોય છે ત્યારે એને 'હિપ્નોટિઝમ' કહેવામાં આવે છે. અર્વાચીન યુગમાં હિપ્નોટિઝમનો પદ્ધતિસરનો પ્રારંભ મેસ્મરથી થાય છે.

મેલી નજરમાં માનવું–ન માનવું એ અલગ વાત છે. પરંતુ પોતાના કશાયે દોષ વિના પોતે જેની સાથે સંબંધમાં આવે તે બધા પર આફત આવે તેવા પ્રકારની અપશુકનિયાળ વ્યક્તિની દયા ખાવા જેવું છે. આવી એક વ્યક્તિ હતી મેડમ એન્સ્લાર. મહારાણી મેરીઆ–થીરેસાના શાહી દરબારમાં એનું સ્થાન હતું. માંદાઓની માવજત કરવાનું એને ખૂબ ગમતું. એની એક જૂની બહેનપણી બેરનેસ હાઉનબેગ સહેજ માંદી હતી તેની ખબર કાઢવા એ ગઈ કે દોઢ મહિનામાં જ એ બેરનેસ મૃત્યુ પામી. એવી જ રીતે એક યુવાન કાઉન્ટેસને સહેજ સળેખમ થયું ને મેડમ એન્સ્લારે દવા આપી કે તુરત જ એને ક્ષય લાગુ પડયો ને ત્રણ મહિનામાં એ મૃત્યુશરણ થઇ.

બિચારી મેડમ એન્સ્લારને માવજત કરવાનો ઘણો શોખ હતો. આ પરોપકારનું કાર્ય એને ખાસ ગમતું. પરંતુ જ્યાં જ્યાં એ જાય ત્યાં કદાપિ કોઈ પણ સાજું થતું નહીં બલ્કે અચૂક મૃત્યુ પામતું. એથી જ્યાં જ્યાં એ જતી ત્યાં ત્યાં દર્દીઓ બિચારા ભયથી ધ્રૂજવા માંડતા. એથી એના ઓળખીતાઓ ખાસ કાળજી રાખતા કે એ માંદા પડે તો પણ એ હકીકતની ખબર કોઈ રીતે મેડમ એન્સ્લારને ન પડે. જે વૃદ્ધ ને શ્રીમંત માંદા માણસનો તેમને સગાંને વારસો મળે તેમ હોય તેના બધા વારસદાર સગાંઓ એ વૃદ્ધનું મૃત્યુ ચોક્કસ થાય તેટલા માટે ખાસ મેડમ એન્સ્લારને તાકીદે આગ્રહપૂર્વક બોલાવતા.

પોતાના એક સંબંધી આર્ચબિશપને તેની જન્મગાંઠના ઉત્સવ પર એક કિંમતી પણ જૂનો રેશમી ઝભ્ભો તેણે મોકલાવેલો; તેથી તો બિચારા આર્ચબિશપના આખા કુટુંબનું નિકંદન નીકળી ગયું. ત્યારથી એને માટે ઘરમાંથી બહાર નીકળવાનું સરકાર તરફથી બંધ કરવામાં આવ્યું. ઘરમાં એકલી જ રહીને એ શાપિત સ્ત્રી બિચારી થોડા જ સમયમાં મૃત્યુ પામી.



જીવન, સાહિત્ય અને સંસ્કારનું અદ્યતન

તંત્રી ● હરિપ્રસાદ ર. દવે એમ. એ. ●● ચિત્ર-નિયોજક ● 'શનિ' ●● પ્રકાશક ●

જય સોમનાથ

સોરઠના ખોળામાંથી ગિરનાર અને ચોલારવી સૌંતા સોમનાથના દહેરાને કોઈ ઊઠાવી ગયા, એવી લોકવાયકા છે !

સોરઠ પાકિસ્તાનમાં રહેશે તો અમારી ભાવિ સાહિત્ય-કૃતિઓનું શું ? એવી જ ચિંતા થઈ પડી હશેને આ ઊઠાવગીરોને ?

વર્ષ પહેલું : અંક છઠ્ઠો : મૂલ્ય બાર આના



'આ સ્વતંત્રતા નવ દિવસની નવાઇ છે.'

—ગાંધીજી

અમારે મુંબઈ–અમદાવાદમાં તો ચાર જ દિવસની હતી, અને તેય રવિવાર અને ઈદ ભેગાં હતાં એટલે જ તો !

'કાશ્મીરના પંડિત કાક હિંદ છોડી જાય છે.

—એક સમાચાર.

—હવે હિંદમાં તો 'કાશ્મીર' નામે એવું કોઇ રહ્યું નહીં ને ! પરણ્યા છે ય પાછા બ્રિટિશ બૈરીને તો !



સહીઓ આપો,"
સહીઓ આપો,
સહીઓ આપો રે
રાજા સા'બ
સહીઓ આપો રે !

રાજાઓ હિંદી સંઘમાં જોડાય છે ને સહીઓ કરે છે—પણ પોતપોતાની રીતે ! બીજાને તો પણ પોતાના જાતભાઈઓને ય જાણ કરતા નથી કે અમે સહી કરી આવ્યા !

કેટલાક તો મોં પણ બતાવતા નથી અને સહી કરીને છૂ થઇ જાય છે !" પડરિયા પડદા, ત્યાં કોઈ બાપ ન પૂછે ને ઉપર ... આપી દેવા કરી છે ને પણ !



માછલીઓ ને મછીયાર

[વડલો કે'છે કે વનરાયું સળગી ને ઝડપી લેશે જ્વાળા...એ ભજનનો રાહ.]

માછલીઓ કે'છે સરવર સુકાણાં
આધા ગયા છે એના આરા
એ ભાઈ તમે માફ રાખોને મછીયારા. ૧
હેલરતાં વારિમાં લાખું લ્હેરાતી
(હવે) ઘેરા રહ્યા છે પારા પારા- ૨
પાણી સુકાયાં ને ડુક્યાં પાણીનાં છીચરાં
ગારાના કરીયેં છે ચારા. ૩
જીવવા ઘો અમને તો તમને જીવાડશું
વેગે ઈ થાશે વધારા. ૪
પાણી થોડાં ને વળી માછલીયું થોડી
વધી પડયા છે મછીયારા. ૫
અમારા દેશમાં પડયો દુકાળ છે
મીઠા મ્હેરામણ થયા ખારા. ૬
આંસુડા પાડે બોલી ઉંબરે ઉભી
અમે જોયેં વીયાને ઘર બારાં ૭
વાત તમારી અમે સાચી સમજીયેં
પણ પેટનાં ભરવાં તગારાં. ૮
માછલીઓ કે'છે કે માનશો કયારે કે
વાગશે કાળનાં નગારાં ૯
પાણી થોડાં ને એમાં માછલીઓ થોડી
ને વધી પડયા મછીયારા. ૧૦

—પ્રભાસ

આરામ

દિલને આજ હવે આરામ !
દિલને આજ હવે આરામ !
તારાં ઉર પથે પોઢેલું મન રાજે અભિરામ
દિલને આજ હવે આરામ.
ગેરંભ્યું નભ છલકે ઝડીઓ પ્રીતલડીની વરસે,
તડપંતી ધટનાં ભીંજે આજ સકલ ઉર-ધામ :
દિલને આજ હવે આરામ !
માનસનાં જલ લહેકે, મોરા દૂર નિકુંજે ગહેકે,
વર્ષા જલ પરિતૃપ્ત પપીહા રટે પિયુનાં નામ,
દિલને આજ હવે આરામ !
તવ સ્મરણે હું રાચ્યું, નિરખી અધરે સ્મિત હું નાચ્યું !
તારાં નયનની સુરખી પર જિંદગી કુરબાન,
દિલને આજ હવે આરામ !
પ્રાણ થકીયે પ્યારી મુજને એક સનમની યારી,
પ્રીત શરાબે ભર્યો છલોછલ જીવન કેરો જામ-!
દિલને આજ હવે આરામ !
તારાં ઉર પથે પોઢેલું મન રાજે અભિરામ,
દિલને આજ હવે આરામ ! -

—જરિસ

'છેલ્લાં એક હજાર વર્ષની ગુલામીનો અસ્ત થાય છે.'

—એક મોટા શહેરના મેયરના ભાષણમાંથી

આઝાદી-પ્રાપ્તિનો ઉત્સાહ કાંઈ જેવો તેવો છે ? માંડમાંડ ગોખેલો ઈતિહાસ આખો ભૂલાઈ જ જવાય ને ?

*

'પાકિસ્તાનના વડા પ્રધાન લિયાકતઅલીખાંને જાહેર કર્યું છે કે પાકિસ્તાનમાં ગરીબ માણસોનું હિત પહેલું જોવાશે.

જરૂર જોવશે, મારા સાહેબ, જરૂર જોવાશે; પણ ભાષણોમાં ને ? બોલવામાં પાછા પાડીએ તો ફદ કહેજો !

*

'અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ શ્રી. મણિભાઈ ચતુરભાઇને ઘેર તપાસ કરવા જનાર બંને રેશનિંગ ઇન્સ્પેક્ટરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.' —એક સમાચાર

એનું નામ કોંગ્રેસ સ્વરાજ્ય! મણિભાઈ ચતુરભાઇ ઝીંદાબાદ! કાળા બજારિયાઓ ઝીંદાબાદ! ગરીબોની મુર્દાબાદ! આ સ્વરાજ્યનો ટ્રેડમાર્ક શું છે? સરદાર–બ્રાન્ડ, બિરલા–બ્રાન્ડ કે મણિભાઇ બ્રાન્ડ?

*

જય પ્રકાશ નારાયણ કહે છે કે સમાજવાદીઓને કોંગ્રેસમાંથી નીકળી જવાની કાંઇ ઉતાવળ નથી......ઉતાવળ તમને શેની હોય? તમને કાઢવાની ઉતાવળ બીજાને હોય કે નહીં?

*

'પહેલાં આપણે સ્થિર થઇએ, બળવાન બનીએ. પછી બીજું બધું થઈ રહેશે.'—સરદાર પટેલ.

—પણ એનો જ બીજાને વાંધો હોય છે એનું શું?

*

'ઔંધના નવાબે પોતાની મેળે જ લખનૌમાં રાજ્યારોહણનો સમારંભ ઉજવી લીધો. એમનો મુકુટ લોખંડનો હતો.' —એક સમાચાર

રાજ્યારોહણનો સમારંભ ઉજવ્યો. તો વળી ગાદી જ્યારે આવે ત્યારે! મુકુટમાંના હીરા ને રત્નો તો મુંબઇની ત્રિક્રિકેટ ક્લબમાં રમતાં રમતાં ખોવાઇ ગયાં હોય તો યે કોને ખબર છે?

'હજી એ બે જણાને ઓળખાણ થયાને માંડ બે અઠવાડિયાં થયાં છે, ત્યાં તો આજે એમણે લગ્ન કરવા માંડ્યા છે."

'અરે ભાઇ! એ પણ ઓળખાણનો એક પ્રકાર જ છે તો!'

*

'બહારનું ખ.વ.નું બંધ કરો.'—ડો. હરિપ્રસાદની સલાહ.

અંદરનું ખાવાનું તો બધું કાળાંબજારિયા ખાઇ ગયા છે. હવે બહારનું યે બંધ કરો!

—જીવન-પ્રકાશ'ના નવા ચીફ એજન્ટો—

વડોદરા ડીસ્ટ્રીક્ટ

શ્રી. પ્રવીણકાન્ત પી. શાહ,
શ્રીનાથજી કુંજ, ગેંડી ગેઈટ વડોદરા

ભરૂચ ડીસ્ટ્રીક્ટના માનદ પ્રચારકો

શ્રી. સૂર્યવદન પૂનાવાલા, : શ્રી. દાઉદભાઈ મુલતાની
૭૪૪ સૂર્યસદન, સાંકડીશેરી, : સોનેરી મહેલ, મલેકવાડ,

— ભરૂચ —

શ્રી. અમૃત બી. ગાંધી, આઝાદ રોડ, બિલિમોરા

ઈસ્ટ આફ્રિકા ખાતે

શ્રી રમણિક અ. માણેક, પો. બો. ૭ લુગાઝી (યુગાન્ડા)

બ્રિ–ઈસ્ટ આફ્રિકા

શ્રી. રમાકાન્ત કે. જોષી, ખેડબ્રહ્મા A. P. Ry.

પ્રવાસી પ્રતિનિધિ

Vishnoo Dave, C/o. K. M. S Jogta Colliery
P. O. SIJUA [Dist. Manbhum]





પ્રિયતમાને પરખી? એ કોણ હતી?

લેખક : શ્રી. કુસુમાકર

(ગતાંકથી ચાલુ)

'કલા, કલા, જવા દે હવે આ કલા ને એ કલા ચાલ, ચાલ, એકલાં આપણે રસના કટોરા ચઢાવીએ. ત્હારા પુષ્પગુચ્છ મને મળ્યા છે. મા...ળી કેવી શરમાય છે? મા...ળી!'–

તદ્દન ચોક્કસ હોય એમ હું એના કાનમાં મધુમધુરું ગુંજી રહ્યો'તો. મ્હારા અવાજમાં ઊર્મિના આવેશનો ચોક્કસ રણકો હતો.

બાપ રે! ભવાં તો ચડ્યાં. જાણે કે કહી રહ્યાં હોય 'ખબરદાર'! જાણે કે વીંછી ડંખ્યો હોય, સર્પદંશ થયો હોય, એમ એ તો ધ્રૂજી રહી હતી, અંગઅંગમાં ધ્રૂજી રહી હતી. હાય! હાય! અજાણમાં મ્હારાથી એવું અપમાન થઈ ગયું. હવે એ અપમાનિતા–કોણ જાણે કેવી રીતે મ્હને શાપિત કરશે? એ વકરેલી વાઘણનો ભરોસો શું? પેલો જયંત ત્યાં તો ધુસતો ધુસતો આવ્યો. કલાએ જયન્તનો હાથ એવા પ્રેમથી ઝડપ્યો, અને એ સ્પર્શમાં એવો દ્રવતાં આર્દ્રહૃદયનો પ્રેમ મૂકયો કે એવી ભાવદર્શન લહરી જિન્દગીભરમાં મ્હેં જોઈ જ નહીં હોય, એમ મને થયું. પછી કલાએ એના કર્ણમાં કોણ જાણે શું યે જાદુ ફૂંક્યું!

પાંચેક મિનિટ પછી જયન્ત ધીરગંભીર ચ્હેરે મારી પાસે આવ્યો અને કર્કશ સાદે એણે મને કહ્યું.– 'જો તમને અમારી ખાનગી વાતની ખબર પડી ગઈ હોય, તો મહેરબાની કરી એ વિષે મૂંગા રહો. અમે આશા રાખીએ છીએ કે તમે સદ્‌ગૃહસ્થ છો.'

'ભાંગરો વાટયો. બાફ્યું–થયું–બાફ્યું'

મ્હેં જયંતને ઠંડી સલામ કરી; ઉઘાડી બારીમાંથી પવનના ઝપાટા આવતા હતા. મ્હારાં શરીરમાં કોણ જાણે કેમ શીત વ્યાપી ગયાં ને હું પથારીમાં પડ્યો. સૂતાં સૂતાં મ્હને શા વિચાર આવ્યા એ કહી દઉં? મ્હારી ગુપ્ત વાત ઉપરનો પડદો આટલી ત્વરાથી ખસેડવો જોઇતો ન હતો. કદાચ જયન્ત આ પ્રેમ–લીલામાં મ્હારો પ્રતિસ્પર્ધી એ હોય, ગમેતેમ–સાવધાનીપૂર્વક મ્હારે કામ લેવું જોઈતું હતું એ મ્હારાથી બન્યું નહીં. બીજે દિવસે પંજરામાંથી પંખેરુ ઊડી ગયું હતું. કલાનો પ્રેમ તો કલાત્મક રીતે જ મેળવાય, આમ અણઘડ રીતે નહીં જ.

બીજે દિવસે ટપાલ મારફત મ્હને કાગળ મળ્યો. હું તે એક વીર પુરુષની ભૂમિકા ભજવી રહ્યો હતો કે વિદૂષકની?

'પરિચિત અપરિચિત પ્રિયજન!

ઉતાવળે આંબા ન પાકે. ખામોશ–ખામોશ! ખોટી અધીરપથી સ્વપ્નવાટિકાને સહરાનાં રણમાં પલટાવી નાંખીશ નાહક. એક વાર તો બાફ્યું. 'પ્રિયતમા'ને ઓળખીયે ન શકે એને 'પ્રિયતમ' બિરુદ ધારણ કરવનો શો હક? મને પેમલા–પેમલીના પોપલાવેડા ગમતા નથી; એટલે મારા હાથના ઉમેદવારનું દિલ વજ્રકઠોર હોવું જોઇએ, અને વજ્રકઠોર દિલને વળી તરસ શી? તલબ શી? થાય છે. દેખ લેંગે. હું તને શોધી રહી છું. છતાં તું મ્હને શોધી કહાડે ત્યાંસુધી રસકુંજમાં વીંટવા–વીંટાવાનાં સ્વપ્નાં અભરાઇએ જ ચઢાવવાં પડે છે. મ્હારી નિત્ય નોંધપોથી ત્હેં વાંચી છે; એટલે મ્હારાથી મ્હારી પ્રકૃતિથી તું બિનવાકેફ નથી જ.' મ્હારા

એ ઇન્દ્રની અપ્સરા હો કે ન હો, એના વિના મારૂં જીવન શુષ્ક થઇ ગયું હતું !

પ્રણયમાં તો પ્રણયની પ્રકૃતિ ગાજે છે. અનુમાન –મિથ્યા અનુમાનનાં પાડાનાં પૂંછડાં પકડીશ નહિ; મને શોધવાનો એક જ માર્ગ છે, પણ—

હું તો અજ્ઞાત છું, એટલે સર્વરીતે સ્વતંત્ર છું. જો તું મ્હને ઓળખી કઢાડશે તો ઝડપી જનારથી ઝડપાયામાં શરમ શી ? ઝડપાવાનીમાં ક્યાં છે ? કોને ખબર છે કે શિકારીને વધારે ઉતાવળ છે કે શિકારને ?

ત્હારે માટે બધી હકીકત મને મળી રહે છે, મળી રહેશે; આ પત્ર પછી ત્હારું હૃદય ટાઢું તરબોળ બની જાય તો તું બુઠ્ઠો છે. મ્હારે માટે શું લખું ? જ્યાં મોક્ષબંધન છે, ત્યાં બન્ધન જ મોક્ષ નથી ? વારુ, પુરુષ પ્રકૃતિને શોધે છે, પ્રકૃતિ પુરુષને. એમાં ખોટું ય શું છે જે ?

વારુ, મ્હેં ભાગરો વાટયો તેનું તાત્કાલિક એક પરિણામ તો એ આવ્યું કે કલા ને જયન્તની સન્તાકુકડી પરિણયમાં પરિણમી.'

કમલ લોશન

આ દવા દરેક જાતની લાલ, કાળી દરાજ ચોવીશ કલાકમાં નાબૂદ કરે છે.

ખસ, લુખસ, ખરજવું અને અનેક તરેહનાં ચામડીનાં દર્દો મટાડે છે.

• ફાયદો ન થાય તો પૈસા પાછા •

જથ્થાબંધ માટે લખો:

કમલ પ્રોડકટસ, નડિયાદ

અનામિકાના પત્રદ્વારા જીવન ઉપર એક પ્રકારની અદ્‌ભુત અસર કરી અને શોધવાનો એક માર્ગ સાવ ખુલ્લો જ છે, એટલે અંગુલિ નિર્દેશ તો એણે કરેલો જ છે. મ્હારે જીવનને માર્ગે ધપવું—જીવનના નિરવધિ નિધિમાં ડૂબી જતાં એકાદ આકસ્મિક મોજું મને તેની ભેટ કરાવશે એ અર્થ નિર્દિષ્ટ હશે ? મ્હેં તેને ઘણી નીચી કક્ષાએ કલ્પી એ ભૂલ આ રમણી સામાન્ય ન હોય તે અસામાન્યને ઢુંઢવામાં સામાન્ય રીત કામ ન જ આવે. એ ઇન્દ્રની અપ્સરા હો કે ન હો, એના વિના મ્હારું જીવન શુષ્ક થઇ ગયું હતું. એ જીવ તો કોઈક ઉચ્ચ ભૂમિકાનો હતો. મ્હારે એને ઢુંઢવા મ્હારા જીવનમાં ખૂબ પરિવર્તન કરવું પડશે, એમ મ્હને થયા કરતું હતું કે પ્રવાહ પતિત થઇ જીવનની દિનચર્યામાં જ તેને ઢુંઢવી ! 'જીવનમાં જ્ઞાન અને જ્ઞાનમાં જીવન'–આમ કંઇક સ્ફુરણ થઇ, જીવતાં જીવતાં જ જીવનનાં જ્યોતિ જડશે એમ થઇ રહ્યું. ગિરિઝરણુ છોડી પાટનગરમાં હું આવ્યો. મ્હેં સમાજ સુધારામાં ભાગ લેવા માંડયો, મ્હારું લક્ષ સ્ત્રી–જીવન સુધારણા પર કેન્દ્રિત કર્યું. મ્હારી આ પ્રવૃત્તિ અંગે અનેક રમણીના પરિચયમાં હું આવ્યો પણ પેલી રમણી તો મ્હારાથી આઘે આઘે ઘણે દૂર જતી હતી. યુવતીઓના જીવનની જટિલ સમસ્યા ઉકેલવા જતાં મ્હારું જીવન એક જટિલ સમસ્યા રૂપ બની ગયું. મ્હેં "સમાજ–સુધારક" નામનું સાપ્તાહિક કાઢવા માંડયું. એક દિવસ તો અમારા પત્રની કચેરી ઉપર દરોડો પડયો. ઘાઘરાપલટનની મ્હોટી ફોજ મ્હને ઘેરી રહી. સ્ત્રી સૌન્દર્ય વિષે મ્હારા ખ્યાલ હતા એનું સ્પષ્ટ નિવેદન કરવા મ્હને ફરમાન થયું. સ્ત્રીઓના કર્ત્તવ્ય-પ્રદેશ વિષે મ્હારી સચેસાચી શી માન્યતા હતી, એનો ઘટસ્ફોટ કરી નાંખવાનો મ્હને આગ્રહ થયો. એ મંડળની અગ્રેસર સુરેખા હતી. સુરેખાને શું ગમશે ને શું નહીં ગમશે, એના વિચારમાં હું તો મગ્ન થઈ ગયો. સુરેખાની મ્હારા માનસ પર સુરેખા પડી જ રહી હતી, છતાં પણ અંકમાં મારી વિચારણા રજૂ કરીશ, એમ કહીને માંડ માંડ એ મંડળને વિદાય કર્યું.

વળી પેલો પરિચિત અક્ષરવાળો પત્ર પાછો આવ્યો.

એના અધરમાં અમૃત ખરાં, ને મુખડું યે મનોહર ખરું !

'કોઈ પણ વ્યક્તિને હું કશી એ દોરવણી આપી ન શકું. હું તો એટલું ઈચ્છું છું કે પોતાની સ્વશક્તિથી એ મહાસાગર ખેડે. મને ચાહનાર મને પોતાની કરવાની ઈચ્છા ધરનારના અભિપ્રાયો ભાગ્યે જ હોઇ શકે. એ અભિપ્રાયને રુચે એવા છે કે ન રુચે એવા એની મને ફિકર ન જ હોય. એ અભિપ્રાય સ્વનિર્ણીત હોય, સ્વતંત્ર હોય, એટલે એ કરતાં તો મને રુચતા જ. સ્વતંત્રતાને ચાહનારી હું અન્યની સ્વતંત્રતા ઉપર કેમ તરાપ મારી શકું ?

પારૂ, જે વિલચક્ષ વિષે તમને પૂછવામાં આવ્યું છે, તે વિલચાલ વિષે તમારો વ્યક્તિગત મત દર્શાવવામાં શી ફિકર છે ? જગત ગોળ છે; જગતનું ગાડું છો ને ગોળ ગોળ ગબડતું, એમાં મારે શી લેવા દેવા છે ? હું તો માત્ર દ્રષ્ટા જ છું. મારા અભિપ્રાયની તમારા જીવન પર સ્થૂળ કે સૂક્ષ્મ કોઈ પણ પ્રકારે અસર થાય છે, એ વિષમ વસ્તુસ્થિતિ મને ખૂંચે છે. હું મારા અભિપ્રાયને મારી પોતાની જ માલેકીના ગણી ઉલટાના તેથી તો વધુ વધુ સંતાડવા પ્રયત્ન કરીશ. પ્રિયતમનો પડછાયો પ્રિયતમ નહીં —આ વાત તમને જેમ વહેલી સમજાય તેમ આપણા બન્ના માટે વધુ હિતકર છે—આમાં તમને અનારીત્વ દેખાય તો એટલે અંશે મારામાં 'નરત્વ' છે, એટલું ગણી લેજો ને ! મારું અનારીત્વ મ્હારામાં રહેવા દેજો ને તમારાં નરત્વમાંએ આવું અનારીત્વભર્યું નારીત્વ ન આવે એ બાબત ચેતજો. હું સ્થપતિ નથી જ. તમારા જીવનનું સ્થાપત્ય તમે જ ઘો. હા ! હું શિલ્પી છું, પણ સ્વપ્ન-શિલ્પી. બિસ પ્રસૂનનાં કૂણાં તન્તુ જેવું એ શિલ્પ-તમે એનાથી જેમ આઘે ને આઘે રહેશો તેમ તમારું જ થશે. જેટલા તમે મ્હારાથી દૂર, એટલી હું ત્હમારી નિકટ. આ વાતનું રહસ્ય હું તમને શી રીતે સમજાવું ? હું તો આબેહયાતનાં જળ પીનારી. મારી આછેરી નકલને હું જોઉં—એ તે કેમ બને ? ત્હમે યે અસલ ને હું યે અસલ.'—

અજાણીના આ પત્રથી તો હું એના તરફ આકર્ષાયો. આ સમયથી મ્હારાં નેત્રો પાસે રમતી એ મનોમૂર્તિની રેખાઓ જરાક બદલાઈ. ત્રણેક વર્ષનાં વ્હાણાં આમ વાતોમાં વીતી ગયાં. હવે એની ઉમ્મર લગભગ અઠ્ઠાવીશેકની હશે. હવે ઊંચી ને અલબેલડી તરીકે એનો સાક્ષાત્કાર થતો નથી. મધ્યમ કદથી કંઇક ઊંચેરી, ધીરગંભીર, ભવ્યદિવ્ય કે એવું કંઈ જ નહિ; સસલાં જેવાં શરમાળ પગલાંય નહિ; હં ! એના અધરમાં અમૃત ખરાં, ને મુખડુંએ મનોહર ખરું. આંખોમાં કંઈક અનેરું જાદુ ને દૃષ્ટિમાં ગમે તેટલી કુમાશ છતાં સ્પષ્ટ વ્યક્તિત્વ; આ મુખમુદ્રા તો ઉલટી મને વધુ વધુ આકર્ષી રહી.

વર્ષ વીતી ગયું. હવે સમાજમાં ઊંચે ને ઊંચે દરજ્જે હું ચડતો જતો હતો મ્હારી કારકિર્દી સફળતા પામતી હતી. સમાજમાં જ્યાં જાઉં ત્યાં મ્હને સન્માન મળતું. મ્હારા કાર્યમાં હું તલ્લીન થઇ જતો,

સ્ત્રી સર્વ અંગોથી પૂજ્ય છે

મનુસ્મૃતિમાં આવે છે: બકરીનું મુખ પૂજ્ય છે, ગાયનું પૃષ્ઠ પૂજ્ય છે, બ્રાહ્મણના પગ પૂજ્ય છે, જ્યારે સ્ત્રીનું એકેએક અંગ પૂજ્ય છે. આને હું આ રીતે ઘટાવું છું: બકરી જગતની એકેએક વનસ્પતિ આરોગે છે તેથી મુખેથી પૂજ્ય છે. ગાય ઘાસ જેવી સામાન્ય ચીજ ખાઈને પણ સુંદર દૂધ અને પવિત્ર એવું મૂત્ર તથા છાણ આપે છે તેથી પૃષ્ઠથી પૂજ્ય છે. બ્રાહ્મણ જ્યાં જાય ત્યાં જ્ઞાન અને સંસ્કારિતા લઈ જાય છે તેથી તે પગથી પૂજ્ય છે. જ્યારે સ્ત્રી કે જેનાં અંગે અંગમાંથી વાત્સલ્ય ઝરે છે તે સર્વ અંગોથી પૂજ્ય છે.

— સંતબાલ

સ્ત્રીનું નૈસર્ગિક સર્જન

સ્ત્રીઓ મોટી વેપારી પેઢીઓનું સંચાલન કરી શકે છે; કયારેક તેઓ એમાં આશ્ચર્યચકિત કરે તેવી નિપુણતા બતાવે છે; પરંતુ એ પાક એમને અનુકૂળ આવતો નથી. એક ઘણા જ સફળ સ્ત્રી વેપારીએ કબૂલ કર્યું હતું: "તમને ખબર છે કે મારું કામ સંભાળી શકે તેવા પુરુષની હું હમેશાં તપાસ કરતી રહી છું ? એવો કોઈ પુરુષ મળે તો હું એની મદદનીશ થઈને રહું, અને જો હું એમ ચાહતી હોઉં તો કેવી અજબ મદદનીશ બનીને હું રહું !" એમ સ્વીકારવું જોઈએ કે સ્ત્રીઓ, સુંદર મદદનીશો બની શકે, મૌલિક સર્જકો નહીં. સ્ત્રીનું નૈસર્ગિક સર્જન તો બાળક જ છે.

—આન્દ્રે મોરવા

એટલે મ્હને વિજય વરી રહ્યો હતો. અજાણી મ્હારી સાથે ઉંદર-બિલાડીની રમત રમી રહી હતી. છતાં યે હું ખામોશ ધરી રહ્યો હતો. ખામોશ તે કાંઈ ખામોશ! આ ખામોશથી તો હું અજાયબ જ થઈ ગયો હતો. હવે જનસમાજમાં એક પ્રતિષ્ઠિત વ્યક્તિ ગણાતો હતો. લક્ષ્મી, સરસ્વતી, શક્તિઃસર્વની પ્રસાદી હું પામી ચૂક્યો હતો. મારી અવગણના, મ્હારી અવહેલના કરવી એ હવે ભયંકર સાહસ હતું. મ્હેં 'વર્તમાન'–'શુભેચ્છા'–'મેઘનાદ'–'કાલેપટ'–સર્વ પત્રોમાં ખાનગી જાહેરાત આપીઃ

'પ્રિયતમ'ને 'પ્રિયતમા'

'પ્રિયતમ' 'પ્રિયતમા' સાથે પત્રવ્યવહાર માટે તલસી રહ્યો છે. પ્રિયતમાએ જ પહેલ કરવી, એટલે પ્રિયતમ પ્રત્યુત્તર પાઠવી શકશે.'

ત્રણેક અઠવાડિયાં સુધી આ ખાનગી જાહેરખબર ચાલુ રહી.

ત્રીજે અઠવાડિયે ટપાલદ્વારા મને પત્ર મળ્યો.

' પ્રેમમુકુંદ! આ જાહેરખબરથી હવે તો હું લજવાઉં છું; પણ એ જાહેરખબરનો શું જવાબ આવ્યો તે જાણવા હું ઉત્સુક છઉં, એટલે મારી શરમ-ફરમની વાત હું એટલેથી જ સંકેલી લઉં.

આ રહ્યો તે જવાબઃ

• મર્હુમ સર પ્રભાશંકર પટ્ટણી કૃત •

(૧) એક વૃદ્ધની વિચારપોથીમાંથી

પૃષ્ઠ ૮૦૦ કિં. રૂા. ૫-૦-૦

(૨) વાતોમાં બોધ કિં. રૂા. ૧ ૦-૦

ઇતિહાસની રૂપરેખા

{લેઃ શ્રી. અનંતરાય પ્રભાશંકર પટ્ટણી}

'આઉટ લાઈન ઑફ હીસ્ટરી' નામના ગ્રંથનાં ૧ થી ૧૪ પ્રકરણો ઉપરથી–ચાર ત્રિરંગી ચિત્રો ઉપરાંત બીજાં સો જેટલાં ચિત્રો છે. દરેક મા-બાપે આ પુસ્તક પોતાનાં બાળકોના હાથમાં આપવું જોઈએ. કિં. ૨-૦-૦.

સં. ભાવનગર હજુર કોર્ટના ફેંસલા

[સં. ૨૦૦૦, ૦૧ અને ૦૨] બે પુસ્તકો

દરેકના રૂ. ૫-૦-૦

ઉપરનાં બધાં પુસ્તકો માટે લખો :

તંત્રી, ભાવનગર સમાચાર, ભાવનગર

'અનામિક,'

પહેલાનો તમારો પત્ર મને જ ઉદ્દેશીને લખાયેલો હશે એ બાબત મને જરાક સંદિગ્ધ લાગતી હતી. શા માટે તમારો વધુ સંસર્ગ સાધવા હું માગતી નથી એનો ઘટસ્ફોટ એ પત્રમાં ન જ કરવા મેં નિર્ધાર કર્યો છે. તમને હવે હું રગેરગ ઓળખતી થઈ ગઈ છું. એક જાહેર વ્યક્તિ તરીકે મેં તમારામાં સજ્જનનાં જ દર્શન કર્યાં છે. તમારાં સ્વતંત્ર વ્યક્તિત્વમાં મેં મર્દાનગી જોઈ છે. બીજા પુરુષો સાથેનો તમારો વ્યવહાર સ્નેહાર્દ્ર અને સૌજન્યભર્યો જ જોયો છે. સ્ત્રીઓ સાથેનો તમારો વ્યવહાર મને સ્ત્રીસન્માનભર્યો, સુરુચિભર્યો, નિખાલસ અને પુણ્ય પવિત્ર લાગ્યો છે. આ બધું ખરું પણ–મને પૂછશો માં. મારાં વક્તવ્યને હું અત્યારે તો મૌન મંતવ્ય જ વિચાર રૂપ રાખીશ. મારી અને તમારી વચ્ચે બીપણ મૌનની ખાઈ કંઇ નહિ તો છએક માસ રહેવી જોઇએ. હું જાણું છું કે આ મૌન તમને ભારે પડશે; પરન્તુ લાચાર, હું નિરુપાય છું. મને બીજો કોઈ માર્ગ સૂઝ્યો જ નથી. મારી નિકટ આવવા તમને સતત ઝંખના રહ્યા કરે છે. નિકટ આવી શકો છો, નિકટતરે આવી શકો છો, નિકટતમ દશ્યો તેમાંય આપણા શમની ક્યાં ના છે? મારી નિકટ આવવાનો માર્ગ ખુલ્લો છે. એ સાવ સાદા રસ્તાનીય તમને સમજ નહી હોય, એમ હું કેમ માનું? આત્મઘૃણા વિના તમારા માર્ગનું તમને દિશસૂચન થઈ શકે એમ નથી. મારે તમને કંઇ કહેવું હશે તે હું સ્પષ્ટ કહી નાંખીશ ને પછી આપણી વચ્ચે મંગળ અને બૃહસ્પતિ જેટલાં અંતર પડી જશે.

તમે મારી પાસે દિલ ઠલવવા માગો છો? ખુશીથી મેં ગોઠવણ કરી છે. મને ધૂની ગણશો નહીં. મારાં બધાં હોને એક એક પગલામાં અમુક ચોક્કસ ગણતરી છે જ.

આજથી ત્રીજે દિવસે સાંજરે મારું વિશ્વાસુ માણસ તમારો પત્ર લેવા આવશે. મારે વિષે પૂછવાની કંઈ પણ લપન છપન કરશો તો એ માણસ ઊભે રસ્તે નાસી જશે. તમારે એની મારફત જે કંઇ મોકલવું હોય તે મોકલી શકો છો. સાવચેત રહેશો. એક પણ ખોટું પગલું આપણી વચ્ચે આસમાન જમીનના અન્તરાય ખડા કરશે.'

—અનામિકા

(ચાલુ)

વરસાદના વર્તારાની જેમની સાખીઓ "ભડલી વાકય"ને નામે પ્રસિદ્ધ છે તે—

હુદડ (ઉદ્ધડ) જોષી

—લેખક : શ્રી નારણભાઈ જે વાઘેલા

પુરાપૂર્વથી ભારતવર્ષની પ્રજાએ અનેક પ્રકારની પ્રતિકૂલતા સહી અણુએ અણુ અને કણે કણનાં તલસ્પર્શી, અભ્યાસપૂર્ણ અને ઊંડા સંશોધન કરી અણુમોલ અને અનુનમ સંસિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. શાંત અને નિષ્પક્ષ ભાવે તપાસવામાં આવે, તો એ શક્તિ આશ્ચર્યમુગ્ધ કરે તેવી નજરે પડે છે. જગત પરની જુગજુની આ પ્રજાના શોધકોએ ખગોળ, ભૂગોળ અને ભૂસ્તરનાં પૃષ્ઠો ઉકેલ્યાં, જીવન અને જીવાત્માના સરલ માર્ગો દર્શાવ્યા–એ રીતે ખૂણે ખૂણા ને અંગે અંગો તપાસી–શોધીને સમગ્ર જગતમાં આર્યાવર્તને સુવર્ણભૂમિ બનાવી.

ભારતવર્ષના અનેક જ્યોતિર્ધરોનો જગત પર મહાન ઉપકાર છે. એવા એક મહાન જ્યોતિષીએ આકાશનું નિરીક્ષણ કરી ઋતુચર્યા અને દિનચર્યાના ફેરફારને અનુલક્ષી વૃષ્ટિના પ્રમાણભૂત આગમ ભાખ્યાં છે. એની વાક્ય–સાખી ભડલી વાક્ય નામે ગામડાના અભણ ખેડુતોએ કંઠે રાખ્યાં છે. એથી ઘણા ગામડાવાસીઓ, ખેડુતો, ભરવાડો પોતાના ધંધાની પ્રમાણો બાંધીને સમુદ્ર કિનારે વસનારા આવતા જુવાળો અને સ્થિતિગતિ પરથી વરસાદ આગમનનાં પૂર્વ ચિન્હ પ્રમાણી પ્રીછી શકે છે, એ આ ભવિષ્યવેત્તાનો પ્રતાપ છે.

આ સુપ્રસિદ્ધ ભવિષ્યવકતા હુદડ (ઉદ્ધડ) જોષી ગુજરાતના સુવિખ્યાત મહારાજા સિદ્ધરાજ જયસિંહના સમયમાં એટલે સંવત ૧૨૦૦માં હતા. તેઓ મારવાડ દેશમાં રહેતા હતા. બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મ્યા હતા. તે છતાં કંગાળ દશાને અંગે જંગલમાં પર્ણકુટી બાંધીને રહેતા અને ત્યાં બકરા ચરાવવાનો ધંધો કરતા, બહુ થોડું ભણેલા હતા, પરંતુ બુદ્ધિશાળી અને શોધક પુરુષ હતા. અરણ્ય જેવા નિર્જન સ્થાનના વસવાટથી તેમને કુદરતનું અવલોકન કરવાના પ્રસંગો ઘણા મળતા હતા. એમ ઘણા અભ્યાસને લીધે વાદળમાં થતા ફેરફાર, ગ્રહોની ગતિ, ઋતુઓનું બદલવું અને હવામાનના ફેરફાર વગેરે ઈત્યાદિ ઉપરથી વર્ષ કેવું નિવડશે તે શોધી કાઢતા અને સર્વને અગાઉથી જાહેર કરતા. અને તે પ્રમાણે બરોબર થતું.

જોષી ગરીબ હતા. તેની સાથે શરીરે કદરૂપા અને બેડોળ પણ હતા. અને જંગલમાં રહેવાથી તેઓ ખરેખર ગામડિયા ભોથડ જેવા લાગતા. તેથી જ લોકો તેમને 'હુદડ જોષી' કહીને બોલાવતા. તેમનો ધંધો ભરવાડના જેવો હતો અને બાહ્યસ્વરૂપે ગાંડા ઘેલા જેવા દેખાતા હતા. પરંતુ તેઓ કર્મભ્રષ્ટ નહોતા. સંધ્યાનો સમય જ્યાં થતો, ત્યાં જ તેઓ માનસિક અર્ઘ્ય આપતા તથા માનસિક ગાયત્રી કરતા.

એવું કહેવાય છે કે જોષી મારવાડમાં રહેતા હતા છતાં જ્યોતિષ વિદ્યા સંબંધે તેની પ્રખ્યાતિ ગુજરાતના ખુણેખુણામાં પહોંચી હતી. ગુજરાતના એ વખતના મહારાજા જયસિંહ સોલંકીને કાને તેમની જ્યોતિષ–નિષ્ણાતતાની કથા પહોંચી હતી. તેથી મહારાજાએ સિદ્ધપુરમાં રુદ્રમાળ બંધાવવાના શુકન મુહૂર્ત માટે આ જોષીરાજને માનપૂર્વક મારવાડથી બોલાવેલા. એવું કહેવાય છે કે હુદડ

આકર્ષક તેમ જ મનોહર
ડિઝાઈનોની
સાડીઓના
સ્પેશિયાલીસ્ટ—
ધી નવજીવન મીલ્સ લી. કલોલ

• માથેરાનની મોજ •
ફોટા છાપ મેડીકેટેડ સ્નફ સુંઘીને
—મેળવો—
મહાસુગંધી સ્નફ વર્કસ, સિહોર (કાઠિ)

જોષીએ સિદ્ધપુરમાં આવીને એ મહા દેવાલયના પાયાની જગ્યાએ મુહૂર્ત પ્રમાણે સુવર્ણની ખીલી ઠોકીને મહારાજાને કહ્યું કે આ ખીલી બરાબર શેષનાગની ફેણ-માથા પર આવી છે માટે આ રુદ્રમાળ અવિચળ રહેશે. પરંતુ બીજા ધંધાદ્વેષી જ્યોતિષિઓએ મતભેદ જન્માવ્યો. ખાત્રી માટે ખીલી કાઢી નાખી, તો તેની અણી-લોહીવાળી નીકળી. તે જોઈ સર્વ અફસોસ કરવા લાગ્યા અને અન્ય જોષીઓ ખસીયાણા પડી ગયા. રાજા-પ્રજા નિરાશ થયા; તેથી ફરીવાર મહારાજાએ બરાબર મુહૂર્ત પ્રમાણે શેષની ફેણ પર ખીલી મારવાને હુદડ જોષીને વિનતિ કરી. જોષીએ કહ્યું, 'હવે તેમ થઈ શકશે નહિ. પણ હવે જે ખીલી મારું છું તે શેષના પૂછડા પર આવશે. જેથી રૂદ્રમાળ અમુક વખતે નાશ પામશે.' એમ કહી ખીલી મારવામાં આવી. તે પછી રૂદ્રમાળનું જગત્ વિખ્યાત ભવ્ય દેવાલય પૂર્ણ કરવા આવ્યું. તે પ્રતિષ્ઠિત થયા પછીનાં થોડાં જ વર્ષોમાં ધર્માંધ અને ક્રૂર યવન પાદશાહ અલ્લાઉદ્દીન ખિલજીના કોપે એ અલૌકિક મંદિર નષ્ટ થયું. તેનાં સર્વ અવયવો માટીમાં મળી ગયાં. આજે એની અલ્પ એંધાણીઓ સિદ્ધપુરમાં અવશેષ રૂપે રહેવા પામી છે.

હુદડ જોષીને પુત્ર ન હતો. સંતાનમાં ફક્ત એક પુત્રી હતી. તેનું નામ ભડલી હતું. તેના ઉપર તેમની ઘણી જ પ્રીતિ હતી. તેથી જોષીએ પોતાની વિદ્યા તેને ભણાવી હતી. આ ભડલીએ જ્યોતિષ સંબંધી વર્ષના વર્તારાની સાખીઓ દેશી ભાષામાં રચેલી છે તે "ભડલી વાક્ય"ને નામે સુપ્રસિદ્ધ છે. કેટલાકનું માનવું છે કે જોષીએ પોતાની પુત્રીનું નામ અમર કરવા વરસાદના વર્તારાની સાખીઓ રચીને તેનું નામ 'ભડલી વાક્ય' એ પ્રમાણે આપ્યું છે. ગમે તેમ હો પરંતુ વરસાદના વરતારા સંબંધે અમૂલી ભેટ આપણને મળી છે. આ સાખીઓ સાંભળવા માટે લોકોનો પ્રેમ અનહદ છે. તેથી કેટલીક નમૂના તરીકે અહીં આપવામાં આવી છે:

(૧) રેવે પાણી ખળભળે મૃગશિરે વા વાય
જેટલું આવે પુનર્વસુ એટલું અન્ન વેંચાય.

અર્થ:-જે વર્ષમાં ચૈત્ર શુદ ૧ રેવતી નક્ષત્રે ચંદ્ર હોય, તે વર્ષમાં વરસાદ ઘણો વરસે. વૈશાખ શુદ ૧ ભરણી નક્ષત્રે ચંદ્ર હોય, તો ઘાસ પુષ્કળ થાય. જેઠ શુદ ૧ મૃગશિર નક્ષત્રે ચંદ્ર હોય તો સારો પવન વાય; અને અષાડ શુદી ૧ પુનર્વસુ નક્ષત્રે જેટલી ઘડી ચંદ્ર રહે તેટલા શેર અનાજ રૂપિયા એકનું વેચાય.

(૨) શનિ આદિતાં મંગળા જો પોઢે જદુરાય
ચાક ચડાવે મેદની પૃથ્વી પ્રલય થાય.

અષાડ શુદી ૧૧ ને દિવસે, શનિ, રવિ કે મંગળવાર હોય, તો તે વર્ષમાં આખી પૃથ્વીમાં ગભરાટ ઉપજે અથવા પૃથ્વી ઉપર પ્રલય થાય.

એમેતિહાલ

દરેક જાતના તાવ, બરોળ, કમળો અને પેટનાં દર્દો માટે

બરોળ જેવાં ભયંકર દર્દોને અટકાવવા આ દવા સારામાં સારી અસર કરે છે. દરેક જાતના તાવ મટાડી આ દવા શક્તિ આપે છે. દરેક દવાવાળા અને ગાંધીઓ વેચે છે.

'એમેતિહાલ' બરાબર વાંચીને ખરીદશો.
જથ્થાબંધ માટે લખો:
કમલ પ્રોડક્ટસ, નડિયાદ

તાવ, બરોળ તેમજ પેટનાં દર્દો માટે
એમેતિહાલ
વાપરો

(૩) આષાઢ ધ્રર બીજડી, નોમે નીરખી જોય,
રવિ તાનો બુધ શીતળો, મંગળ વૃષ્ટિ ન હોય.
સોમે શુક્ર સુર ગુરૂ, જળ અંબારણુ હોય;
કર્મ સંયોગે શનિ મળે, તો જીવે જ્વલ્લો કોય.

અષાડ શુ. ૨ કે ૯ મે રવિવાર હોય તો તાપ બહુ પડે, બુધવાર હોય તો ટાઢ બહુ પડે. અને મંગળવાર હોય, તો મુદ્દલ વરસાદ ન થાય પણ જો સોમ, શુક્ર કે ગુરુવાર હોય તો વરસાદ ઘણો થાય, અને શનિવાર હોય તો પૃથ્વી ઉપર કોઈ જ જીવતું રહે.

(૪) કૃતિકા કરશે કરવરૂં રોહિણી કરે સુકાળ,
કર્મ યોગે મૃગશર મળે નિશ્ચય પડે દુકાળ.

શ્રવણ વદની મધ્યમ રાત્રે કૃતિકા નક્ષત્ર હોય તો તે વર્ષમાં અનાજ વગેરેમાં મોંઘવારી થાય. અને રોહિણી હોય તો સુકાળ થાય, પણ જો મૃગશિર્ષ હોય તો નક્કી દુકાળ પડે.

(૫) શ્રાવણ શુકલા સપ્તમી, સ્વાતિ ઉગે સૂર,
પર્વત ડોરી ઘર કરો, પાદર વહેશે પૂર.

શ્રાવણ શુ. ૭ સૂર્ય ઉગતી વેળાએ સ્વાતિ નક્ષત્રે ચંદ્ર હોય, તો ભડલી કહે છે કે ડુંગરમાં જઈ વાસ કરો; કેમકે એટલો બધો વરસાદ વરસસે કે ગામના પાદરમાં પૂર આવશે.

(૬) શ્રાવણ પહેલાં પાંચ દિન, મેહ ન માંડે આળ,
પિયુ પધારો માળવે અમે જઈશું મોશાળ.

શ્રાવણ માસના પહેલા પાંચ દિવસમાં લગારે વરસાદ ન થાય તો પછી વરસાદની આશા રાખવી નહિ, માટે ભડલી પોતાના સ્વામીને કહે છે કે તમો માળવા જાઓ, (ત્યાં કદી દુકાળ પડતો નથી.) અમે પિયર જઈશું.

સપ્ટેંબરનું વેપારી ભવિષ્ય

•એક શાસ્ત્રીય સંભાવના•

સોના અને ચાંદીના ભાવોમાં જબરા ઉછાળા આવશે. નવમી તારીખ આસપાસ મંદીની સંભાવના છે, પણ પછી તરત જ બજાર વધશે, તે ઠેઠ ૧૯મી સુધી. પછી મંદી તરફ બજાર જશે. તેજીની ખાસ તારીખો : ૩, ૬, ૧૨, ૧૩, ૨૩, ૨૯., મંદીની ખાસ તારીખો : ૯, ૧૬, ૨૬; રૂ બજારમાં અગિયારમી પછી મંદી છે. પણ ૨૨મી પછી સહેજ તેજીનો સંભવ છે. આ મહિનામાં શેરના ભાવોમાં ઘણી વધઘટ થયા કરશે, માટે ખાસ તકેદારીની જરૂર છે. દસમી આસપાસ શેરમાં મંદી છે. જુદી જુદી રાશિઓ માટે નશીબવંતી તારીખો:- મેષ-૩ ને ૭; વૃષભ-૮ ને ૨૮; મિથુન-૧૦ ને ૧૬; કર્ક ૧૩ ને ૨૩; સિંહ-૧ ને ૨૦; કન્યા ૨૭; તુલા-૧૫; વૃશ્ચિક-૮ ને ૨૩, ધન-૧૦; મકર-૧૯; કુંભ-૧૫; મીન-૨૩.

(૭) પૂરવ તાણી કાચબી જો આથમતે સૂર,
ભડલી વાકય એમ ભણે, દૂધે જમાડું કૂર.

ચોમાસામાં કોઈ દિવસ સૂર્ય આથમતી વેળા પૂર્વ દિશામાં મેઘધનુષ્ય દેખાય તો તે વર્ષમાં ડાંગર પાકે એટલો વરસાદ થાય.

(૮) જેઠ ગયો અષાડ ગયો, શ્રાવણીયા તું જા,
ભાદરવો ભલ રેલશે જો હો અનુરાધા.

જેઠ અશાડ ને શ્રાવણમાં મુદ્દલ વરસાદ ન થયો હોય, પણ ભાદરવા શુ ૬ અનુરાધા નક્ષત્રે ચંદ્ર હોય તો ભાદરવામાં ઘણો વરસાદ થાય.

'ફોટા છાપ મેડીકેટેડ સ્નફ'
મહાસુગંધી સ્નફ વર્કસની બનાવટ છે
એ જ તેની ઉત્તમતાની ખાત્રી છે.

ખસ, ખુજલી, દરાજ, ખરજવું, મોઢાના ખીલ,
પગનાં આંટણ, હરસમસા વગેરે ચામડીનાં દર્દો માટે
જર્મ્સ બીટર વાપરો

શ્રીજી સુતરની
મલમલ તથા પ્રીન્ટેડ વોયલ
વાપરો
ધી નવજીવન મીલ્સ લી. કલોલ.

દરાજ, ખસ, ખુજલી માટે
"ઝંડા છાપ" સફેદ મલમ
વાપરવાથી કપડાંને ડાઘ પડતા નથી અને ચોવીશ કલાકમાં આરામ થાય છે.
સી. સી. મહાજનની કું. મુંબઈ-૨

(૯) દિવા વીતી પંચમી જો હોય વરવે વાર,
ધન કણુ રાખી સંઘરે। કહું છું સૌ નરનાર;
માળવડે મરકી થશે; દક્ષિણમાં ઉત્પાત,
પૂર્વે વિગ્રહ જાગશે; ખળભળશે ગુજરાત.

દિવાળી પછીની એટલે કાર્તિક શુદ પાંચમે રવિ, મંગળ કે શનિવાર હોય, તો ભડલી એમ કહે છે કે દ્રવ્ય અને દાણુનો સંગ્રહ કરી રાખો. કારણકે માળવામાં મરકી આવશે, દક્ષિણમાં ઉત્પાત્ થશે. પૂર્વ દેશમાં લડાઇ જાગશે. અને ગુજરાતમાં નાસભાગ થશે.

(૧૦) સ્વાતિ દીવા જો બળે, વિશાખા ખેલે ગાય,
રાણી જાયો રણ ચડે કે પૃથ્વી પ્રલય થાય.

દિવાળીને દિવસે સ્વાતિ નક્ષત્રે ચંદ્ર હોય, કે અન્નકુટના રોજ વિશાખા નક્ષત્રે ચંદ્ર હોય તો રાજાઓમાં લડાઇ થાય કે દુષ્કાળ અથવા મરકી આવવાથી ઘણા માણસો મરે.

(૧૧) કાર્તિક સુદી એકાદશી, વાદળી વિજય હોય,
અષાડે ભડલી કહે, વરખા સારો જોય.
કાર્તિક શુદી પૂર્ણિમા, જો કૃતિકા કહી હોય,
તેમાં વાદળ વિજથી; જોગ જોગ શું જોય?
કાર્તિક પુનેમ કૃતિકા; અદકી હોવે જેમ,
પળો વધે જે વર્ષમાં, ભારે વરખા તેમ,

એ પ્રમાણે ઘણી સાખીઓ વરસાદ-વરતારાની છે. બીજી શુકન અપશુકન પરત્વેની પણ લખેલી છે. એકાદ બે નમૂના તરીકે ટાંકું છું:

(વખત પ્રમાણ)

અઢાર તસુની નીચે સળી, છાયા પ્રમાણે બેવડ વળી
ઉઘાડ જોવિએ બાંધી ઘડી જેટલા આંગળ તેટલી ઘડી.
અશાડ માસમાં બે દિન સારા, આઠમ પુનમ ઘોર અંધારા,
ભડલી કહે મેં જાણ્યો ભેદ, જેટલું વાદળ એટલા મેઘ.

શુકન-પરત્વે

પુનેમનો પડવો[1] ને અમાસની બીજ[2]
વણપૂછ્યું મૂરત તેરસ[3] ને ત્રીજ[4]

તેમાં જણાવ્યા પ્રમાણે એ સમયમાં બરોબર થતું હશે ખરૂં, અને તેથી જ ભડલી વાક્ય ઉપર લોકો ઘણો ઇતબાર રાખે છે: પરંતુ કાળે કરીને પૃથ્વી ઉપર કે ગ્રહો ઉપર કોઈ કુદરતી ફેરફાર થવાથી અસલની કાળ-ગણત્રીમાં ફેર પડી ગયો છે. જેથી હાલ આવા વરતારા ... પ્રમ... ... નીવડે છે.

હુદડ (ઉદ્ધ) જોષી થઈ-ગયાને આજે લગભગ આઠસો વર્ષ થઈ ગયાં છે. તે છતાં એક નિષ્ણાત ભવિષ્યવેત્તા તરીકે તેમની કીર્તિ અદ્યાપિ જ્વલંતપણે ઝગહળી રહી છે

૧ હુતાસણીનો. ૨ ભાઇબીજ. ૩ ધનતેરસ. ૪ અખાત્રીજ.

કંઈ કહેવા જેવું નથી

આજે વહેલી સવારે, લગભગ ૫-૧૫ વાગે, રોન ફરતાં જમાદાર કેશવલાલે એક આસામીને ફૂટપાથ પર પડેલો જોયો હતો. મજકૂર આસામીને ઘણું વાગ્યું હતું. વાગવાનું કારણ પૂછતાં તે આસામીએ 'કંઈ કહેવા જેવું નથી,' એમ જણાવ્યું હતું અને છતાં પોલીસ જમાદારે તેને બધી બાતમી આપી દેવા સમજાવ્યો હતો, અને ખાતરી આપી હતી કે 'આમાં તને કાંઈ નહીં થાય'

મજકૂર શખસે કહેલી કેફિયત તેના જ શબ્દોમાં નીચે રજૂ કરીએ છીએ:

'હું મિલમાં રાતપાળીએ જાઉં છું. સાંજના ૫-૩૦થી સવારના ૩-૩૦ સુધી. આ મકાનના (તેણે જ્યાં પડયો હતો તે મકાન બતાવ્યું હતું.) ત્રીજા માળે હું અને મારી ઓરત રહીએ છીએ. ગઈકાલે મારે રજા હતી એટલે હું અને મારી સ્ત્રી બંને સૂતાં હતાં. અમારું ઘર બહુ જ નાનું છે અને તેમાં એક જ ખાટલો માઇ શકે છે. લગભગ રાતના ત્રણને સુમારે મારા ઘરના બારણાની સાંકળ કોઈકે ખખડાવી. મારી વહુ ઉંઘમાંથી ઝબકીને જાગી ગઈ ને તરત જ મને ઉઠાડતાં કહે, 'ભાગ, ભાગ, મારો ધણી આવ્યો લાગે છે.' અને જમાદાર સાહેબ હું પણ મૂરખની જેમ બારીમાંથી કૂદી પડયો.

જમાદારની નોંધ—આમાં કંઈ ગુન્હો બનતો નથી. મજકૂર આસામીનો ડાબા હાથનો અંગૂઠો ભાંગી જવાથી છાપ લઈ શકાઈ નથી   રીમાર્ક—દફતર દાખલ.

—'ક'

એક તમાસા

"શાહઆલમના વંશજોએ બધી જ પુરાણી ઈમારતના માલીકી હકનો દાવો કરીને નવી સરકાર પાસે એની માગણી કરી છે."

એક તમાસા એસા દેખા,
ગધ્ધા કવાલી ગાતાથા,
ફક્ની પહેનકે કુત્તા નાચા,
મેંઢક તાલ બજાતા થા,
હારમોનિયમ પર ઘોડા બેઠા,
ઝાગ રાગ મીલાતા થા,
ચકવા બેઠા ચંગ બજાવે,
ઉલ્લુ અદા દીખાતા થા!

—સોહવા

કાકી

લેખક : શ્રી. સિયારામશરણ ગુપ્ત
અનુવાદક : શ્રી. દીનાનાથ મહેતા

એ દિવસે વહેલી પરોઢમાં જ્યારે શ્યામૂ જાગ્યો ત્યારે તેણે જોયું તો ઘરમાં રડારોળ થઈ રહી હતી. તેની કાકી ઉમા એક લાંબી કામળ ઉપર પગથી તે માથા સુધી એક કપડું ઓઢી ભૂમિ-શયન કરી રહી હતી, અને ઘરનાં સર્વ કુટુંબીઓ એની આસપાસ ટોળે વળી કરુણ આક્રંદ કરી રહ્યાં હતાં.

જ્યારે બધાં લોકો ઉમાને સ્મશાને લઈ જવા માટે ઉઠાવવા લાગ્યાં, ત્યારે શ્યામૂએ સૌને ખૂબ હેરાન-પરેશાન કર્યાં. લોકોના હાથમાંથી બળજબરીથી છૂટી જઈને એણે ઉમા ઉપર પડતું મૂક્યું. અને કરુણ સ્વરે રડતાં રડતાં કહ્યું, 'કાકી તો સૂઈ ગઈ છે. એને આવી રીતે ઉઠાવીને તમે ક્યાં લઈ જાઓ છો? હું એને નહીં લઈ જવા દઉં. એને ન લઈ જાઓ...ન લઈ જશો...ન લઈ જશો.'

લોકોએ મહામુશ્કેલીએ એને દૂર કર્યો. કાકીના અગ્નિસંસ્કારમાં પણ તે ન જઈ શક્યો. એક દાસી 'રામરામ' કરતી એને સંભાળીને ઘેર બેસી રહી.

બુદ્ધિમાન વડીલોએ એને કહ્યું હતું કે એની કાકી એના મામાને ત્યાં ગઈ છે. છતાં પણ અસત્યના આવરણમાં સત્ય ઝાઝો સમય છુપાઈ શકતું નથી. આસપાસના અન્ય અબોધ બાળકોને મુખેથી જ એ વસ્તુ પ્રગટ થઈ ગઈ. એ વાત એનાથી છૂપી ન રહી શકી કે એની કાકી બીજે ક્યાંય નહીં, પણ ઉપર રામને ઘેર ગઈ છે.

કાકીને માટે અનિમેષ નયને રોતાં રોતાં એનું રુદન પણ ક્રમશઃ નષ્ટ થઈ ગયું, પરન્તુ શોક શાન્ત ન થઈ શક્યો-જેવી રીતે વર્ષા બાદ એક કે બે દિવસમાં પૃથ્વી ઉપરનું પાણી અદૃશ્ય થઈ જાય છે, પરંતુ અંતઃસ્થલ સુધી કંઈ દિવસો સુધી આર્દ્રતા છવાએલી રહે છે, તેવી રીતે એ શોક એના અંતઃસ્થલમાં ઘર કરી ગયો હતો. તે ઘણુંખરું એકલો બેઠો બેઠો શૂન્યમનસ્ક બનીને આકાશ ભણી તાકી રહેતો.

એક દિવસ તેણે આકાશમાં એક પતંગ ઊડતી જોઈ. કોણ જાણે શા વિચારથી એ એકદમ આનંદમાં આવી ગયો. તેણે દોડતાં દોડતાં વિશ્વેશ્વરની પાસે જઈને કહ્યું, 'કાકા, મને એક પતંગ અપાવોને-અપાવો. હમણાં જ લાવી દ્યો-લાવી દ્યો ને.'

પત્નીના મૃત્યુ બાદ વિશ્વેશ્વર હતોત્સાહિત, શૂન્યમનસ્ક જેવા રહેતા હતા. 'સારું, લાવી આપીશ બેટા' કહીને તે ખિન્ન વદને ત્યાંથી બહાર ચાલ્યા ગયા.

શ્યામૂ પતંગને માટે બહુ જ ઉત્સુક હતો. તે પોતાની જિજ્ઞાસાને કોઈ પણ પ્રકારે રોકી શકે તેમ નહોતું જ. એક જગાએ ખીંટી પર વિશ્વેશ્વરનો કોટ ભેરવેલો હતો. આમતેમ જોઈને અત્યંત સાવધાનીપૂર્વક એની પાસે એક સ્ટુલ સરકાવીને મૂક્યું અને ઉપર ચઢીને કોટનાં ખિસ્સાં જોયાં. એમાંથી માત્ર એક ચાર આની મળી. તે લઈને એ તરત જ ત્યાંથી પલાયન થઈ ગયો.

સુખીયા દાસીનો દીકરો ભોળો-શ્યામૂનો સમવયસ્ક મિત્ર હતો. શ્યામૂએ એને ચાર આની આપીને કહ્યું: 'તારી જીજીને કહીને છાનોમાનો એક પતંગ અને દોર ન મંગાવી આપે? જોજે કોઈ જાણી ન જાય.'

પતંગ આવી: એક અંધારીઘોર ઓરડીમાં એની સર્વ વિધિ થવા લાગી. શ્યામૂએ ધીરેથી કહ્યું: 'ભોલા, કોઈને કહે નહીં તો એક વાત કહું. બહુ જ ખાનગી છે હો. કોઈને ન કહે તો.'

ભોલાએ અત્યંત વફાદારી પ્રદર્શિત કરતાં એક જવાબદાર વ્યક્તિની માફક માથું હલાવીને કહ્યું: 'ના, રે, ના, હું તે કોઇને કહેતો હોઇશ વળી. કોઇને નહીં કહું...બસ, લે.'

'આ પતંગ, ઉપર રામને ત્યાં મોકલીશ. એને પકડીને કાકી નીચે આવશે. પણ મને લખતાં નથી આવડતું નહિંતર એના ઉપર નામ સુદ્ધાંયે લખત.'

ભોલો શ્યામૂ કરતાં અધિક સમજણો હતો. એણે કહ્યું: 'વાત તો ઘણી મજાની છે. વિચાર તો ઘણો જ સારો છે. પરંતુ દોસ્ત, મુશ્કેલી પડશે. આ દોર ઘણી પાતળી છે. આને પકડીને કાકી ઉતરી નહીં શકે. આ તૂટી જવાનો પૂરતો સંભવ રહે છે. જો પતંગને જાડો દોર બાંધવામાં આવે તો બધું બરાબર થઇ જાય.'

શ્યામૂ ગંભીર થઇ ગયો. કારણ કે જે વાત ભોલાએ કહી તે સલાહ લાખ રૂપિઆની હતી. તેણે બીલકુલ બુદ્ધિપૂર્વકની સુંદર સલાહ આપી હતી. પરંતુ મુશ્કેલી એ હતી કે જાડી દોર મંગાવવી ક્યાંથી ? અને શી રીતે ? પાસે પૈસા તો હતા નહીં.

કમલ બીટર ખસ

[ગુલાબી મલમ]

ખસ, ખુજલી, ખરજવું, દરાજ, ગુમડાં, બાળકોનાં ચેપી અને રતવનાં ચાંદાં, હરસમસા, મચ્છરના ડંખ, અરતરો ઊડવો, મોઢાના ખીલ, અને દાઝયા ઉપર સારી અસર કરે છે. ખરીદ કરતી વખતે 'કમલ બીટર ખસ' બરાબર વાંચી ખરીદ કરશો.

દરેક દવાવાળા અને ગાંધી પાસેથી મળશે.

જથ્થાબંધ માટે લખો :

કમલ પ્રોડકટસ, નડિયાદ

અને ઘરનાં જે માણસો એની કાકીને બીલકુલ દયા કે માયા વગર હૃદયહીન બનીને જલાવી આવ્યાં હતાં, એ એના કાર્યમાં કાંઈ પણ મદદકર્તા નિવડે તે તદ્દન અસંભવિત હતું. તે દિવસે ચિંતાના માર્યા શ્યામૂને રાત્રે ઉંઘ પણ ન આવી.

પહેલા દિવસની માફક જ બીજે દિવસે પણ એની એ જ તરકીબ તેણે અજમાવી. તેણે વિશ્વેશ્વરના કોટમાંથી એક રૂપીઓ કાઢ્યો. લઈ જઇને તે ભોલાને આપ્યો અને બોલ્યો: 'જોજે ભોલા, કોઇને ય ખબર ન પડે હો. સારામાં સારા બે દોરડાં મંગાવી દે, કારણ કે એક દોરડું કદાચ ઓછું પડે તો ? જવાહીર પાસે હું એક કાગળ પર 'કાકી' લખાવી રાખીશ. નામની ચિઠ્ઠી હશે એટલે પતંગ બારોબાર એની પાસે પહોંચી શકશે.'

બે કલાક બાદ શ્યામૂ અને ભોલો એક અંધારી ઓરડીમાં પૂર્ણ આનંદપૂર્વક બેઠા બેઠા પતંગને દોરડું બાંધી રહ્યા હતા.

એટલામાં અકસ્માત શુભ કાર્યમાં વિઘ્ન સમાન ઉગ્ર સ્વરૂપ ધારણ કરેલ વિશ્વેશ્વર ત્યાં આવી પહોંચ્યા, અને ભોલા અને શ્યામૂને જોરથી ક્રોધયુક્ત અવાજે ધમકાવીને પૂછ્યું: 'તમે જ મારા કોટના ખિસ્સામાંથી રૂપિઓ કાઢ્યો છે ને ?'

ભોલો બીચારો આ એક અવાજથી ડરી ગયો. તે ધ્રુજી ઊઠયો. તેણે સત્ય ઉઘાડું પાડી દેતાં કહ્યું: 'શ્યામૂભાઈએ દોરડું અને પતંગ મંગાવવા કાઢ્યો હતો.'

વિશ્વેશ્વરે શ્યામૂને જોરથી બે તમાચા ચોડી દેતાં કહ્યું: 'ચોરી શીખીને જેલ જવું છે ? વારુ, આજ તને સારી પેઠે સીધો કરૂં છું. ઉભો રહે.' કહીને વળી પાછી બે-ચાર લપડાક ચોડી કઢી, અને પતંગ ફાડી નાંખી પછી દોરડાની તરફ જોતાં તેમણે પૂછ્યું: 'આ કોણે મંગાવ્યાં છે ?'

ભોલાએ કહ્યું: 'શ્યામૂભાઈએ મંગાવ્યા હતા. એનાથી પતંગ ચડાવીને કાકીને-રામને ત્યાંથી નીચે ઉતારવી હતી.'

વિશ્વેશ્વર એક ક્ષણ માટે હતબુદ્ધ બની ઊભા રહ્યા-એમણે ફાટેલ પતંગ ઉપાડીને જોઈ. એના ઉપર એક કાગળ ચોંટાડેલો હતો-જેના ઉપર લખ્યું હતું 'કાકી.'

મિસરની શાહજાદી

પ્રયોજક :
શ્રી. રજનીકાન્ત ત્રિવેદી

અમે ચારેય જણા અનેક જાતની વાતો કરી કંટાળી ગયા હતા, અને જાણે એ લાંબા વાદવિવાદના પરિશિષ્ટ રૂપે જ હોય એમ, આખા ડબ્બામાં નિસ્તબ્ધતા છવાઈ ગઈ હતી.

નસીમ બારણા નજીક બેસી નખ સાફ કરી રહ્યો હતો. આ એની ખૂબ બૂરી આદત છે. અધુરામાં પૂરું એ કમભાગ્યે ડૉક્ટર છે. એ કારણથી અમને પણ વારંવાર એની સલાહનો (જો કે મફત જ) લાભ મળ્યા કરતો. કદાચ ભોગજોગે મારા જેવો એને પૂછે કે કબજિયાત શાથી થાય છે? તો તરત જ એ કહી દે કે નખ સાફ નહિ રાખવાથી; તાવ આવવાનું કારણ પૂછું તો પણ અચૂક આ જવાબ મળવાનો. અમે એના આ નખપુરાણથી એટલા બધા કંટાળી ગયા હતા કે ન પૂછો વાત! અને એ સમયે અમારામાંથી એક જણ તરત જ ઊભો થઈ જતો અને એના આ બકવાદ માટે જરા સ્વાદ ચખાડતો ત્યારે એનું નખપુરાણ થોડી વાર માટે અટકતું.

બાજુની સીટ ઉપર હાફિઝ સાહેબ બેઠા હતા. એમની આગળ એક-બે શેર હલવો અને થોકડાબંધ પુરીઓ પડી હતી. એ સાહેબ એના ઉપર વારંવાર હાથ અજમાવતા અને વાતોના તડાકા મારી રહ્યા હતા.

મારી સામેની સીટ ઉપર નઝીર સાહેબ બેઠા હતા. એ સ્થાનિક કૉલેજમાં બાયોલોજીના પ્રોફેસર છે. જ્યારે જ્યારે ચર્ચા ગરમાગરમ બની જતી ત્યારે એ કંઈ પેર એવો કટાક્ષ કરતા કે વાત એની મેળે જ મૂળ સ્થાન ઉપર આવી જતી.

આટલી ભૂમિકાનું તાત્પર્ય એટલું જ કે અમારામાંથી કોઈ સત્ત્વ બળુકશ ન હતો કે કોઈની વાત ઉપર તરત જ ઈતબાર મૂકી દે. ખૈર! આનો નિર્ણય કરવાનું આપની ઉપર જ છોડી દઉં છું.

* * *

ભોપાલ આગળના ત્રણચાર સ્ટેશન અગાઉ ગાડી અટકી, ત્યાંસુધી ડબ્બામાં અમે ચાર જણા જ હતા. એટલામાં નસીમે બારી બહાર ડોકું કાઢી અમને કહ્યું: 'જો તો ખરો-યાર! કેટલો ફાંકડો જુવાન છે! આ તરફ જ આવતો લાગે છે!'

મેં બારીમાંથી બહાર નજર કરી. ખરેખર એક સુંદર નવજુવાન કિંમતી વસ્ત્રોમાં સજ્જ થઈ અમારા ડબ્બા તરફ જ આવી રહ્યો હતો. એનો ગોરો રંગ, નાનકડું કદ, અને કપાળ ઉપરની વિના કારણ પડેલી કરચલીઓ એને ખૂબ હસમુખો બનાવી દેતી હતી–એની તીણી નાસિકા જાણે એ કોઈ પુરુષના કપડાં પહેરેલી સ્ત્રી જ હોય એમ જણાવતી હતી.

અમારા ડબ્બા નજીક આવી એ અટકી ગયો, અને અમારી ઉપર પ્રશ્નસૂચક નજર ફેરવી. મેં તરત જ કહી દીધું: 'પૂરતી જગ્યા છે, આવો ને!'

'ઉપકાર!' એટલું કહી એ ડબ્બામાં આવ્યો.

હાફિઝ સાહેબ એકદમ ઊભા થઈ ગયા, અને યુવક તરફ જોઈ, ઘૂરકીને બોલ્યા: 'ક્યાં જવું છે?'

'ભોપાલ!'

નઝીર સાહેબે પોતાની નજીક જગ્યા કરી કહ્યું: 'અહીં આવો.'

'ધન્યવાદ!'

આટલી વાતચીત પછી ફરી વાતાવરણમાં નીરવતા છવાઈ ગઈ. પાશ્ચાત્ય સભ્યતાને અપનાવવા સાથે એક વાત પણ આપણે સ્વીકારી લીધી છે, તે એ કે સેકન્ડ ક્લાસના ડબ્બામાં બેઠેલા મુસાફર જરા જેટલા પરિચય વગર બીજાની સાથે એકદમ વાત કરી શકતા નથી. ત્રીજા વર્ગમાં આવો કોઈ પ્રતિબંધ નથી. એ ખાનામાં બેઠેલા દરેક યાત્રીને બીજાની વાતચીતમાં ગમે ત્યારે અને ગમે તે સંજોગોમાં માથું મારવાનો હક છે. જ્યારે ઇચ્છા થાય ત્યારે વાતો કરે, ખાય પીએ, જ્યાં મરજીમાં આવે ત્યાં થુંકે, ગમે ત્યાં સીગારેટ પી ફેંકી શકે.

લગભગ અર્ધા કલાકના મૌન પછી મેં નસીમના કાનમાં ધીમેથી કહ્યું: 'યાર, માણસ તો ફક્કડ લાગે છે, કાંઈક વાત તો કરી જો.'

નસીમે ઇશારાથી જ ચુપ રહેવા કહ્યું અને થોડીવારે એણે શરૂ કર્યું: 'હાફિઝ સાહેબ, અખિર

લૈલાની એક નવી આવૃત્તિ પેરિસથી બહાર પડી છે. આપના કામની વસ્તુ છે, બજારની રદ્દી એડિશનો જેવી નથી. ખૂબ સુંદર છે.'

'લાહૌલ વિલા કુવ્વત!' હાફિઝ સાહેબ બોલ્યા.

નઝીર સાહેબે કહ્યું: 'શું હજી સુધી લોકો આવી નકામી વાતો વાંચે છે?'

મેં જરા સાહિત્યરસિક હોવાનો ઢોંગ કરી કહ્યું: 'વાહ નઝીર સાહેબ! આપ એ ભૂલી ગયા કે આરબો તો આવી કથાઓના જન્મદાતા......' "હા, હા...' વાત અધવચ્ચમાંથી જ અટકાવી નઝીર સાહેબે કહ્યું: "જવા દે આ લેક્ચરને, અત્યારે હું તારા સાહિત્ય અગર કથાવાર્તાના કોઈ ભાષણને સાંભળવા ઈચ્છતો નથી. મૂળ વાત એ હતી કે..."

આગન્તુક નવીન યુવકે મીઠા સ્વરથી વાત કાઢી કહ્યું: 'માફ કરજો, હું આપની વાત કાપી રહ્યો છું. પણ આપે એરેબિયન નાઈટ્સની વાર્તાઓને નિરર્થક કેવી રીતે કહી દીધી? કદાચ એનું કારણ એ હોય કે એ બધી વાસ્તવિક ન લાગે, પણ હું ધારું છું કે આ પ્રકારની વાર્તાઓથી એક પ્રકારનો રસ ઉત્પન્ન થાય છે, મનોરંજન પણ થાય છે અને કોઈ સૂચક કાર્યની એ દ્યોતક પણ બની રહે છે. એથી ઉલટું ભયાનક વાર્તાઓથી ન તો રસ આવે છે, મનોરંજન તો બાજુએ રહ્યું; પણ વાંચનાર કમકમી ઊઠે છે. જ્યારે આગળ જણાવેલી વાર્તાઓ લખવામાં પણ કળા જોઈએ."

ભૂમિકા ખૂબ સરસ હતી. મેં તથા નસીમે એકબીજા તરફ જોયું. મેં જણાવ્યું: "બિરાદર, આપની વાતમાં કોઈ અજ્ઞાત કહાનીની ગંધ આવે છે."

યુવકે જરા સ્મિત કરી કશો જવાબ ન આપ્યો.

નસીમે કહ્યું: 'આખ્યાયિકા સાહિત્ય સંબંધી આપ જે કહી રહ્યા છો, એ વિષે આપની પાસે કોઈ પ્રમાણ છે, ખરું?

'કેમ નહિ?' યુવકે વળતો જવાબ આપ્યો.



હાફિઝ સાહેબ સીટ ઉપરથી અડધા બેઠા થઈ ગયા. એમણે કહ્યું: 'બિરિગિશ્શાદ! ભોપાલ સુધી ગાડી પહોંચે એ દરમ્યાન એકાદ વાત કહી દો.'

યુવક જરા હસ્યો.

'જનાબ!—'એણે શરૂ કર્યું— 'મારી જન્મભૂમિ ભોપાલ જ છે. મારા પિતા પહેલેથી જ વ્યાપારમાં રુચિ રાખતા હતા. મને પણ એમણે વ્યાપારમાં પલોટવા માંડ્યો. હું ધીમે ધીમે લેણદેણ કરવામાં પાવરધો બની ગયો. મારા પિતા મિસર સાથે મોટો ધરખમ વેપાર ખેડતા હતા. વેપાર અર્થે એમણે મને મિસર મોકલાવી આપ્યો. ત્યાંના ચાર વર્ષના વસવાટ દરમ્યાન હું વ્યાપારની કુંચીઓથી ખૂબ જાણકાર બની ગયો.

'એ પછીની વાત છે. એ વખતે હું કાહેરમાં હતો. એક દિવસ જમી પરવારી હું ફરવા નીકળી પડ્યો. થોડે દૂર જતાં મારા કાન ઉપર એક દર્દભર્યો ચિત્કાર સંભળાયો.'

જરા ખોંખારો ખાઈ યુવકે ફરી શરૂ કર્યું, 'હું કુતૂહલથી રસ્તાની જે બાજુથી અવાજ આવ્યો હતો તે તરફ ગયો. એ જગ્યાએ એક ગંદા, ફાટ્યાં-તૂટ્યાં કપડાંમાં કોઈ પડ્યું હતું મારા કુતૂહલ ઉપર મને ખૂબ જ ક્રોધ ચડ્યો. કારણ કે મને પહેલેથી જ આવા લોકો તરફ તિરસ્કાર છે

'એણે ફરીથી એક વાર દર્દભર્યો અવાજ કર્યો. મેં જોયું તો એ વૃદ્ધ ભિખારણ-મુખ ઉપર શીતળાના ડાઘ, ઊંડી ઉતરી ગયેલી આંખો, ફિક્કી ચામડીમાં જાણે વીંટાઈને પડી હતી. એનાં જીર્ણ વસ્ત્રોમાંથી દેખાતાં અર્ધનગ્ન અંગો એટલાં તો જર્જરિત લાગતાં હતાં કે જાણે એના ઉપર આફતોની કંઈક તડકી-છાંયડી વીતી ગઈ હશે!

મેં એની તદ્દન નજદીક જઈ એના ઉપર નજર ફેરવી. એની આંખોમાં એવી તો યાચના ભરી હતી કે એવી ઘાયલ અને નિરાધાર પ્રાણીની આંખમાં જ હોય. મને થયું કે એ કયા દુઃખે પીડાઈ રહી હતી? કયા અપરાધનો દંડ એ ભોગવી રહી હતી?

'આપ યકીન રાખજો' યુવકે જરા મોટેથી જણાવ્યું. 'એની એ દૃષ્ટિથી મારું હૃદય દ્રવી ઊઠ્યું. હું જાણે સાવ બદલાઈ ગયો. એના કુરૂપ ચહેરા ઉપરની મારી સઘળી ઘૃણા કોણ જાણે ક્યાં જતી રહી. એક વૃદ્ધ ભિખારણને બદલે મને કેવળ એક વિવશ અને અસહાય નારી—માત્ર નારીનો જ ખ્યાલ આવ્યો.

'મારા હૃદયમાં અચાનક દયા અને હમદર્દીનો સાગર ઉમટી આવ્યો. હું ઘૂંટણ પર બેસી પડ્યો. એનું મસ્તક ગોદમાં લીધું અને મારા ડાબા હાથથી હું એના કપાળ પરનો પસીનો લૂછવા નીચે નમ્યો. એણે પોતાના દુર્બળ હાથથી મુખ ઉપર વિખરાયેલી શુષ્ક લટોને દૂર કરી કે હું ચમકી ગયો. એના હાથની એક આંગળી પર એક માણેક જડેલી વીંટી પહેરેલી હતી અને એનાં નંગ ઉપર 'અશિક' લખેલો હતો. એની તીવ્ર દૃષ્ટિથી, જેમાં ભારોભાર વ્યથા છલકાઈ રહી હતી, મારા હૃદયમાં સહાનુભૂતિનો જુવાળ ઉછળ્યો. મેં ક્ષણિક આવેશને વશ થઈ એ મેલી-ઘેલી, ધૂળોટ્યદ બુઢ્ઢી ભિખારણના મસ્તકને

શું.................શાનું ?

કંઠ	કાનનનો
આંખો	ચન્દ્રમોહનની
શાસ્ત્રીય નૃત્ય	ઉદયશંકરનું
ફિલ્મ નૃત્ય	સાધના બોઝનું
ઐતિહાસિકતા	સોહરાબ મોદીની
દિગ્દર્શન	શાંતારામનું
સૌન્દર્ય	નરગિસનું
સ્વચ્છ ફોટોગ્રાફી	વ્હી. અવધૂતની
વિચિત્રતા	બારૂઆની
રમતિયાળપણું	રમોલાનું
વિલન-અભિનય	યાકુબનો
સંગીત	રાયચંદ બોરાલનું
ગાંડાઈ	મોતીલાલની
ફાન્દ	દુર્ગા મોટાની
આંસુ	મહેતાબનાં
પ્લૅબૅક	અમીર કર્ણાટકીનું
વૃદ્ધાભિનય	મઝહરખાનનો
ગીતો	પ્રદીપનાં
ફિલોસોફી	દેવકી બોઝની
તમાચા	નઝીરના
પ્રેમ-અભિનય	અશોક કુમારનો

— કમલેશ ધોળકીઆ અને "પ્રશ્નાર્થી"

લેશાની એક નવી આવૃત્તિ પેરિસથી બહાર પડી છે. આપના કામની વસ્તુ છે, બજારની રદી એડિશનો જેવી નથી. ખૂબ સુંદર છે.'

'લાદૌલ વિલા કુવ્વત!' હાફિઝ સાહેબ બોલ્યા.

નઝીર સાહેબે કહ્યું: 'શું હજી સુધી લોકો આવી નકામી વાતો વાંચે છે?'

મેં જરા સાહિત્યરસિક હોવાનો ઢોંગ કરી કહ્યું: 'વાહ નઝીર સાહેબ! આપ એ ભૂલી ગયા કે આરબો તો આવી કથાઓના જન્મદાતા......' "હા, હા...", વાત અધવચ્ચમાંથી જ અટકાવી નઝીર સાહેબે કહ્યુ: "જવા દે આ લેક્ચરને, અત્યારે હું તારા સાહિત્ય અગર કથાવાર્તાના કોઈ ભાષણને સાંભળવા ઈચ્છતો નથી. મૂળ વાત એ હતી કે..."

આગન્તુક નવીન યુવકે મીઠા સ્વરથી વાત કાઢી કહ્યું: 'માફ કરજો, હું આપની વાત કાપી રહ્યો છું. પણ આપે એરેબિયન નાઇટ્સની વાર્તાઓને નિરર્થક કેવી રીતે કહી દીધી? કદાચ એનું કારણ એ હોય કે એ બધી વાસ્તવિક ન લાગે, પણ હું ધારું છું કે આ પ્રકારની વાર્તાઓથી એક પ્રકારનો રસ ઉત્પન્ન થાય છે, મનોરંજન પણ થાય છે અને કોઈ સૂચક કાર્યની એ દ્યોતક પણ બની રહે છે. એથી ઉલટું ભયાનક વાર્તાઓથી ન તો રસ આવે છે, મનોરંજન તો બાજુએ રહ્યું; પણ વાંચનાર કમકમી ઉઠે છે. જ્યારે આગળ જણાવેલી વાર્તાઓ લખવામાં પણ કળા જોઈએ."

ભૂમિકા ખૂબ સરસ હતી. મેં તથા નસીમે એકબીજા તરફ જોયું. મેં જણાવ્યું: "બિરાદર, આપની વાતમાં કોઈ અજ્ઞાત કહાનીની ગંધ આવે છે."

યુવકે જરા સ્મિત કરી કશો જવાબ ન આપ્યો.

નસીમે કહ્યું: 'આખ્યાયિકા સાહિત્ય સંબંધી આપ જે કહી રહ્યા છો, એ વિષે આપની પાસે કોઈ પ્રમાણ છે, ખરું?

'કેમ નહિ?' યુવકે વળતો જવાબ આપ્યો.

મિસરના એ જાદુગરે એક પ્યાલા તરફ ઇશારો કર્યો. પેલા યુવકે એમાં નજર કરી જોયું તો તેની પ્રેયસી એક બીજી વ્યક્તિનું આલિંગન સ્વીકારતી હતી. તે ક્રોધ અને ઇર્ષાથી પાગલ બની ગયો. તેણે જાદુગરના કા! પર માથું મૂકી પ્રાર્થના કરી કે એ પેતાના જાદુના બળે આ બેવફાઇનો બદલો લે. જાદુગરે ત્યાં જ ઊભા ઊભા કેટલાક મંત્રો ઉચ્ચારી કાચમાં પાંચ વાર પાણી ફેંક્યું. પછી ફરી તેને કાચના પ્યાલામાં જોવા કહ્યું. તેણે શાહજાદીની જગ્યાએ એક અત્યંત બુઢી સ્ત્રી અને અજાણ્યા ભયથી તેની સામે તાકી રહેલા એના નવા પ્રેમીને નિહાળ્યો.

જાદુગરે કહ્યું:' હવે એ આ હાલતમાં જ ભિક્ષા માગતી શેરીએ શેરીએ રખડશે. એનું આ રૂપ, કુરૂપતામાં જ પલટાયેલું રહેશે, અને સહુ એને જોતાં વેંત જ ઘૃણાથી મોં ફેરવી લેશે. આ હાલતમાં એ ત્યાં સુધી રહેશે, જ્યાં સુધી એક હજાર આદમીઓ માત્ર સહાનુભૂતિથી વિવશ બની એના મસ્તકને ચૂમી ન લ્યે ! મિસરવાસીઓ જાણે છે કે એ આઠ હજાર વર્ષથી મિસરના ખૂણેખૂણામાં ભટકી રહી છે. જ્યારે કોઈ વ્યક્તિ એના મસ્તકને ચુંબન લે છે ત્યારે તે એને આ જાતની વીંટી મોકલી આપે છે; જેના ઉપર ચુંબનોની સંખ્યા લખેલી હોય છે' આટલું કહી તેણે વીંટી તરફ નજર કરી અને ફરી કહ્યું: 'જો, આ વખતે 'અલિફ'નો અક્ષર છે. આ અંતિમ અર્થાત્ હજારમું ચુંબન હતું. હવે શાહજાદી પોતાના વાસ્તવિક રૂપમાં આવી ગઈ હશે.'

'સ્વાભાવિક રીતે જ...' યુવકે જણાવ્યું: 'મને આ વાત ઉપર વિશ્વાસ ન બેઠો. હું મનમાં ને મનમાં જ આ વાત ઉપર હસવા લાગ્યો કે આ મિસરના લોકો પણ કેટલા જુના વિચારના અને અંધ-શ્રદ્ધાળુ છે કે ગપેડાઓ ઉપર પણ ઇતબાર રાખે છે! પણ એ સાંજે મારા આશ્ચર્યની કોઈ સીમા ન રહી, જ્યારે હોટેલના ચપરાસીએ આવી મને એક પરબીડીયું આપ્યું. એની અંદર લખ્યું હતું:

'હુસેન મસ્જીદ પાસેના ડાબી બાજુના ત્રીજા મકાનમાં આજે સાંજે સાત વાગ્યે, અવશ્ય આવો.'

'જવાબ,' યુવકે કહ્યું, 'પત્રમાં અત્તર-કદાચ ઘણે ભાગે ઊંચી જાતના હીનાની જ-ખુશબો મહેંકી રહી હતી.. અક્ષરો જોતાં તે કોઈ સ્ત્રીએ લખેલા

અજબ ગણિતશાસ્ત્રી ૧૬ વર્ષની કુમારિકા!

શકુંતલા નામની એક સોળ વર્ષની છોકરી ગણિતમાં અજબ શક્તિ બતાવી રહી છે. દસ લાખની સંખ્યાના ગુણાકારો, ભાગાકારો, સરવાળાઓ, વર્ગમૂળો, ઘનમૂળો, લઘુતમ અને દૃઢભાજક માત્ર તેની સામે જ જોઈને પેન્સીલ કે કાગળ લીધા વિના શકુંતલા ગણી શકે છે!

દક્ષિણ હિંદથી શકુંતલા દિલ્હી આવી છે. ગણિતનું કામ તે કેવી રીતે આમ કરી શકે છે તે સમજાવી શકતી નથી. તે તો એમ જ કહે છે કે તે જવાબો જોઈ શકે છે! જ્યારે તે પાંચ વર્ષની હતી ત્યારે તેની આ અદ્‌ભુત શક્તિ માલમ પડી. તે વખતે તેના કાકાને ૯ સંખ્યાનો દાખલો મોંએ કરી આપી તેણે આશ્ચર્યમાં નાંખી દીધા હતા.

જાણો છો?

'જીવન-પ્રકાશ બંધુ મંડળ'ના સભ્ય પોતે ભરેલ લવાજમ જેટલી જ કિંમતની જગ્યા પોતાની જાહેરાત માટે આ માસિકમાં વર્ષ દરમિયાન મફત રોકી શકે છે. આપ હજી એના ગ્રાહક નથી થયા?

જાણાતાં હતાં. હું એ ઉંમરમાં હતો કે જે વયમાં યુવાન–દરેક નવજુવાન–આગળ પાછળનો વિચાર કર્યા વગર સાહસમાં ઝંપલાવે છે. કોઇ પણ જાતની શંકા વગર હું એ મકાનમાં જઇ પહોંચ્યો, અને જોયું તો એક અપૂર્વ સૌંદર્યવતી મિસરના સમસ્ત સૌંદર્યને હરાવે એવી, લાવણ્યના પમરાટથી મોહિત કરતી–એક લાવણ્યમય સુંદરી મારી તરફ આગળ વધી. એની નાજુક અંગુલિમાં પેલી રહસ્યપૂર્ણ વીંટી ચમકી રહી હતી. જે મને મળી—'

હાફિઝ સાહેબે કહ્યું: 'પછી ?'

'પછી ?...' નવયુવકે બેદરકારીથી જણાવ્યું: 'જે કાંઇ બન્યું એ જણાવવાની જરૂર નથી.'

મેં કહ્યું: 'પણ એ તો જણાવો...'

પણ હું જે કાંઇ કહેવા માગતો હતો, તે જબરા કોલાહલમાં ગૂમ થઈ ગયું. ગાડી ભોપાલના પ્લેટફોર્મ ઉપર આવી ગઈ હતી. સાંધાવાળા, કુલીઓ અને મુસાફરોનો અવાજ કાનમાં ઘૂસી જઇ જબરો કોલાહલ મચાવી દેતો હતો.

યુવકે પોતાની સુટકેસ સંભાળી. ગાડી અટકી, એક બુઝર્ગ આદમી ડબ્બામાં દાખલ થયો અને પેલા યુવકને જોઈ ખૂબ આનંદથી એનો હાથ મસળી નાખ્યો. નવયુવક અમારી તરફ જોઈ 'કદાચ ભોપાલ આવો તો...' કહી નીચે ઉતરી ગયો.

કેટલીયે વાર સુધી ડબ્બામાં ચુપકીદી પથરાઈ ગઇ. છેવટે મેં પેલા આધેડ આદમીને પૂછ્યું: 'કેમ, જે સદ્‌ગૃહસ્થ હમણાં ગયા એ ભોપાલના જ છે ને ?'

'હા.' એમણે સંક્ષિપ્તમાં જવાબ આપ્યો.

નઝીરે પૂછ્યું: 'એ મિસરમાં કેટલો વખત રહ્યા ?'

'મિસરમાં !' એમણે આશ્ચર્ય પામી નઝીર તરફ જોયું. 'મિસરમાં તો એ કદી ગયો પણ નથી. અહીં ભોપાલમાં સરકારી પુરાતત્ત્વ-વિભાગમાં હેડકલાર્ક છે.'

મેં જરા કડક સ્વરે પૂછ્યું: 'આપનું ચોક્કસ માનવું છે કે એ કદી મિસર ગયો જ નથી ?'

એમણે ભમ્મર ચડાવી કહ્યું: 'જી, હું એને સારી રીતે ઓળખું છું. એ મારી નજર સામે જ મોટો થયો છે. જ્યારથી જન્મ્યો ત્યારથી એ ભોપાલમાં જ છે.'

અચાનક એ અમારી, તરફ ફર્યા અને હસીને બોલ્યા: 'ઓહ ! એણે આપને કોઈ વાર્તા તો નથી સંભળાવીને ? ખૂબ વિચિત્ર છોકરો છે.'

અમે બધા ગંભીરતાથી બારણા બહાર જોઈ રહ્યા હતા, અને એ બુઝર્ગ આદમી ખડખડાટ હસી રહ્યા હતા.

[શ્રી. 'આબિદ'ની એક ઉર્દુ નવલિકા ઉપરથી]

મુસાફરીના સાથી તરીકે એક શીશી

● જીવનધારા ●

ની જરૂર સાથે રાખવાનું ભૂલતા નહિ

● દરેક શહેરમાં વેચાતી મળશે ●

"અર્વાચીન કવિતા" : કેટલાંક ચર્ચાસ્પદ મંતવ્યો

'અર્વાચીન કવિતા' વિશેનો શ્રી. સુંદરમનો તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ વિવેચન-ગ્રંથ અર્વાચીન કવિતાનું ઐતિહાસિક ક્રમે અવલોકન કરી, ઊંડા અભ્યાસને પરિણામે શક્ય છે તેવી નિર્ણયાત્મક ને સુસ્પષ્ટ વિવેચન-શૈલીથી, પ્રત્યેક નાના મોટા કવિની વ્યક્તિગત-સિદ્ધિ–અસિદ્ધિનું તેમ કવિતાના સમગ્ર પ્રવાહનું મર્મગામી દર્શન આપે છે. અર્વાચીન કવિતાના પ્રવાહમાં જેગની કવિતા વહે છે તે જ કવિ જ્યારે તટસ્થ બનીને એ પ્રવાહનું દર્શન કરાવવા બેસે છે ત્યારે એ તટસ્થતા કેટલે અંશે સાધિત બને તે પ્રશ્ન છે. પરંતુ શ્રી. સુંદરમે એ પ્રયાસમાં સફળતા મેળવી છે તેમ કહી શકાય. એ પૂર્વગ્રહ-મુક્ત દૃષ્ટિ અને પ્રસ્તુત વિષયનો કવિનો તલસ્પર્શી અભ્યાસ અભિનંદીને આપણે એ ગ્રંથમાંના કેટલાંક મહત્ત્વનાં મંતવ્યો વિશે જરા વિચાર કરીએ.

(૧)

શ્રી. સુંદરમે અર્વાચીન કવિતાના ત્રણ સ્તબક નોંધ્યા છે. જેને આપણે નર્મદ-દલપત યુગ કહીએ છીએ તે પહેલો સ્તબક (૧૮૪૫ થી ૧૮૮૪); બાલાશંકરથી માંડીને કુસુમાકર સુધીનો બીજો સ્તબક (૧૮૮૫ થી ૧૯૩૦); અને ઉમાશંકરથી માંડીને પ્રબોધ–પારાશર્ય સુધીનો ૧૯૩૧ થી આજ સુધીનો તે ત્રીજો સ્તબક. આ સ્તબક નિર્ણયમાં શ્રી. સુંદરમ્ બ. ક. ઠા.ની પદ્ધતિને કંઈક અંશે અનુસર્યા દેખાય છે. પરંતુ અર્વાચીન કવિતાના ક્રમિક વિકાસદર્શન માટે શ્રી. સુંદરમના સ્તબક–નિર્ણયથી આવશ્યક અપેક્ષા સંતોષાતી નથી. બ. ક. ઠા. તો માનતા આવ્યા છે કે ૧૮૪૫માં દલપતરામે 'બાપાની પીંપર' લખી ત્યારથી અત્યાર સુધી ગુજરાતી કવિતામાં એક જ યુગ ચાલતો આવ્યો છે. આથી તો બ. ક. ઠા.એ બધા કવિઓને એક જ યુગમાં સમાવી દઈ પેઢીઓ મુજબ ગોઠવી દીધા છે. શ્રી. સુંદરમ્‌ને પણ 'યુગ' એવું નામ આપવું વ્યાજબી નથી લાગ્યું એટલે એમણે 'સ્તબક' એવું નામ આપ્યું છે. એટલે આપણે એમ સમજવાનું રહ્યું કે આ ત્રણ સ્તબકોનો મળીને કવિ એક અર્વાચીન કવિતા–યુગ ગણે છે. તેમના સ્તબક–નિર્ણયમાં શ્રી. સુંદરમે નરસિંહરાવ અને ન્હાનાલાલને કંઈક અન્યાય કર્યો જણાય છે. એમણે જો સ્તબક પાડયા જ છે તો નરસિંહરાવ, કલાપી, કાન્ત, ન્હાનાલાલ અને બ. ક. ઠા.ના જુદા જ સ્તબકો પાડવાની જરૂર હતી. આમાં યે ખાસ કરીને નરસિંહરાવ, ન્હાનાલાલ અને બ. ક. ઠા.ની કવિતાની અસર એટલી બધી વ્યાપક હતી કે તેને એક નવા સ્તબક લેખેની મહત્તા મળવી ઘટે. એમાંથી એકેયની અસર દલપતરામથી ઓછી વ્યાપક નથી.

(૨)

પ્રથમ સ્તબકમાં સૌથી વિશેષ પ્રભાવક વ્યક્તિત્વ દલપતરામનું એમ કહીને તેમણે નર્મદની નવીન કવિતા–પ્રણાલીનું મૂલ્ય જોઈએ તેટલું આંક્યું નથી. નર્મદ પોતે દલપતરામ પછી જન્મેલ અને દલપતરામના અનુકરણમાં પ્રારંભે કવિતા રચવાનું તેણે શરુ કરેલ; પરંતુ તે દલપત–રીતિનો કાયમનો પુરસ્કારક રહ્યો નથી. એણે અંગ્રેજી કવિતાની નવી શૈલીએ ગુજરાતી કવિતાને ઘડવાનો પ્રયત્ન કર્યો છે તે આપણે ભૂલવું ન જોઈએ. નર્મદ અને દલપત એકબીજાની કાવ્યરીતિ પર અસર કરતા જ રહ્યા હતા. તેની નવીન કાવ્યપ્રણાલીમાં નર્મદ તેની મંદ પ્રતિભાને અંગે કે ગમે તે કારણે ભલે સફળ

ન થયો હોય, પરંતુ કવિતા રચનાર તેમ વાંચનાર વર્ગમાં નર્મદની કવિતાએ નવો જ પ્રભાવ પાડયો હતો. કદાચ રીતિની દૃષ્ટિએ દલપતરામનો પ્રભાવ વધારે પડયો હોય તો પણ કવિતામાં વ્યક્ત થયેલ ભાવોની દૃષ્ટિએ નર્મદની 'જુસ્સા'ભરી કવિતાની અસર વધારે થઇ છે.

(૩)

અર્વાચીન કવિતાનો બીજો તબક્કો આપણે સામાન્ય રીતે નરસિંહરાવની 'કુસુમમાળા'થી ગણતા આવ્યા છીએ. આ માન્યતા ઊભી કરવામાં વિવેચકવર્ય નરસિંહરાવનો તેમજ તેમના સગાંસંબંધીઓનો ફાળો ઓછો નથી. શ્રી. સુંદરમ્-એ માન્યતાનું નિરસન કરીને નરસિંહરાવનું સ્થાન બાલાશંકરને આપવા માગે છે. શ્રી. સુંદરમ્ એટલે સુધી કહે છેઃ "'કુસુમમાળા'ના સમકાલીન કે પૂર્વકાલીન બાલાશંકર, મણિભાઇ કે ભીમરાવનાં કાવ્યોની હરોળમાં 'કુસુમમાળા'નાં કાવ્યો બળાત્કારે માંડ બેસી શકે." એમણે નરસિંહરાવના કાવ્યસંગ્રહોમાં તેનાં અર્પણકાવ્યોને જ ઉત્તમ કૃતિઓ ઠરાવી છે! આમ શ્રી. સુંદરમ્ બાલાશંકરના 'ક્લાન્ત કવિ'ને અર્વાચીન કવિતાનું દ્વિતીય પ્રસ્થાન ગણાવે છે; અને અંગ્રેજીને બદલે સંસ્કૃત ને ફારસી કવિતાની અસરને નૂતન પ્રસ્થાનનું ચિહ્ન ગણે છે.

'ક્લાન્ત કવિ' એક સમર્થ કાવ્યકૃતિ છે, પરંતુ રસદૃષ્ટિએ એની મહત્તા સ્વીકાર્યા પછી પણ ઐતિહાસિક દૃષ્ટિએ જોઇએ તો 'ક્લાન્ત કવિ'ની અસર નરસિંહરાવનાં કાવ્યો જેટલી વ્યાપક થઈ નથી. બીજી રીતે જોઇએ તો 'ક્લાન્ત કવિ' અને બ. ક. ઠા.ના 'ભણકાર' વચ્ચેનું સામ્ય પણ ધ્યાન ખેંચે તેવું છે, તે છતાં 'ભણકાર' કરતાં 'ક્લાન્ત કવિ'નું ઐતિહાસિક મહત્ત્વ વધુ નથી; બલ્કે ઘણું ઓછું છે. તેવી જ રીતે 'ક્લાન્ત કવિ' રસદૃષ્ટિએ ભલે 'કુસુમમાળા'થી ઉચ્ચ કોટિનું સર્જન હોય, પરંતુ તેથી 'કુસુમમાળા'એ ગુજરાતની કવિતાના નવા ઘડતરમાં જેટલો ફાળો આપ્યો છે તેટલો ફાળો 'ક્લાન્ત કવિ'એ નથી આપ્યો તે આપણે સ્વીકારવું જોઇએ. નરસિંહ-

લોખંડના મજબુત આલડ્રાપ અને તાડી

રૉ મ કો

નાં જ વાપરો



• ગુજરાત અને કાઠિયાવાડના •
— સોલ એજન્ટ —
મેસર્સ મહેતા બ્રધર્સ
સાંકડી શેરી, શાલાવસા પોળ
— અમદાવાદ —

• સિંધના સોલ એજન્ટ •
મહેતા બ્રધર્સ
રણછોડ લાઇન
— કરાચી —

ROMCO

—: લખો :—

ધી રૉયલ મેન્યુફેક્ચરીંગ કાં. ૮મી ખેતવાડી, મુંબઈ-૪.

રાવની કવિતાના દોષો શ્રી. સુંદરમે વીણી વીણીને દર્શાવ્યા છે તે યથાર્થ છે; કદાચ એમાં આપણે વધારો પણ કરી શકીએ. તે છતાં અર્વાચીન કવિતાનું દ્વિતીય પ્રસ્થાન નરસિંહરાવથી થાય છે તે ઐતિહાસિક હકીકતનો આપણે સ્વીકાર કરવો પડશે.

અંગ્રેજી કવિતાની અસર ગુજરાતી કવિતા પર થઇ તે ઘણી મહત્ત્વની ઘટના છે. એ અસરની શરૂઆત નર્મદથી થઇ, પણ એની વ્યાપક ને ઊંડી અસર નરસિંહરાવથી થઇ. શ્રી. સુંદરમ્ એમ કહેવા માગે છે કે નરસિંહરાવ પહેલાં નર્મદ અને પારસી કવિ પીતીતનાં કાવ્યોમાં અંગ્રેજી અસર શરૂ થઇ ગઇ દેખાય છે, તો પછી નરસિંહરાવને એ નવપ્રસ્થાનનું માન શા માટે આપવું? પરંતુ એ નવી અસર કવિ-વર્ગમાં અનુકરણીય બની હોય, તો તે નરસિંહરાવને લીધે જ, અને નહીં કે પીતીતને લીધે, તે આપણે આ દલીલબાજીમાં ભૂલી ન જવું જોઇએ. મસ્તરંગના કવિઓમાં શ્રી. બાલાશંકરનું સ્થાન આદ્ય પ્રેરક તરીકેનું છે; 'મસ્ત' કવિતા-શાળાના તે પ્રારંભક છે, પરંતુ સમસ્ત કવિતા-પદ્ધતિને નવો રૂપરંગ આપવાનું ઐતિહાસિક કાર્ય એમની કવિતાએ કર્યું નથી. બાલાશંકરની બાબતમાં શ્રી. સુંદરમનો પક્ષપાત દેખાઇ આવે એવો સ્પષ્ટ છે. બાલાશંકરની કવિતાના ગુણદોષની ચર્ચા બાજુએ મૂકીએ તો પણ 'કલાન્ત કવિ'ના વધુ પડતા શૃંગારનો બચાવ કરતાં તેમણે કરેલું એક વિધાન નોંધપાત્ર છે; તેમણે કહ્યું છેઃ 'વળી એ પણ યાદ રાખવા જેવું છે કે સંસ્કૃત કવિતામાં શૃંગારના આલંબનમાં સ્થૂલ શરીરને મહત્ત્વનું સ્થાન છે. અને આજની કવિતા એમ નથી કરતી, એમાં તેને સ્થૂલતા કે ગ્રામ્યતા લાગે છે તેમાં રસવૃત્તિનો વિકાસ છે કે જીવનના ઉપભોગમાં સામર્થ્યની કોઇ ન્યૂનતા છે તે પણ વિચારવા જેવી વસ્તુ છે. પ્રાચીન જમાનામાં શરીર હૃદયના નિગૂઢ રસની અભિવ્યક્તિનું જે મૂર્ત આલંબન ગણાતું હતું તે દૃષ્ટિ પાછળનું સત્ય પણ સમજવાની જરૂર રહે છે. અને સંસ્કૃત કવિતા ઘણી સ્થૂલ ઔપચારિક વિગતોમાં અમુક કાળે સરી ગયેલી છે છતાં એમાં શરીરનું જે અપ્રતિમ કાવ્ય જોવા મળે છે તેવું ભાગ્યે જ જગતની બીજી કોઈ કવિતામાં મળે છે.' ('અર્વાચીન કવિતા'-પૃ. ૧૧૪).

(૪)

નરસિંહરાવને થયેલા અન્યાયનું, શ્રી. સુંદરમે નરસિંહરાવના મોટાભાઇ ભીમરાવની કવિતાની વધુ પડતી કદર કરીને, સાટું વાળી દેવાનો પ્રયત્ન કર્યો જણાય છે. ભીમરાવના 'પૃથુરાજરાસા'ને માટે એમણે કહ્યું છે : "ભીમરાવે આ કાવ્યમાં વ્યક્ત કરેલી પ્રતિભા અને ગુજરાતી ભાષામાં દાખવેલું પ્રૌઢ બળ તેને ગુજરાતી ભાષામાં 'સરસ્વતીચંદ્ર' જેટલી જ મોટી સિદ્ધિ ગણાવે તેમ છે." આમ 'સરસ્વતીચંદ્ર'ની જોડાજોડ એમણે 'પૃથુરાજરાસા'ને મૂકવાની હિંમત કરી છે. એ યુગમાં નરસિંહરાવ, રમણભાઇ વગેરેએ 'પૃથુરાજરાસા'ને અણધટતું મહત્ત્વ આપેલું; પરંતુ 'સરસ્વતીચંદ્ર'ની કક્ષામાં 'પૃથુરાજરાસા'ને મૂકવાનું સાહસ શ્રી. સુંદરમ્ આજે પણ કરી રહ્યા છે તે એક આશ્ચર્યકારક હકીકત છે. વસ્તુતઃ 'પૃથુરાજરાસા'નું એટલું બધું મહત્ત્વ છે જ નહીં. સંભવિત છે કે કદાચ શ્રી સુંદરમ્ 'સરસ્વતીચંદ્ર'ને સામાન્ય રીતે ગણવામાં આવે છે તેવો મહાન ગ્રંથ ન ગણતા હોય અને તેથી એમને માટે 'સરસ્વતીચંદ્ર' સાથે 'પૃથુરાજરાસા'ને મૂકવાનું સાહજિક બન્યું હોય. ભીમરાવના સમકાલીન પંડિત વિવેચકોએ પણ 'પૃથુરાજરાસા'ને 'સરસ્વતીચંદ્ર'ની કોટિનો ગ્રંથ ગણાવ્યો હોય તેવું યાદ નથી. આ રીતે શ્રી. સુંદરમ્ 'ज्यायान् भीमरावस्य' કહેતા નરસિંહરાવની બંધુ-પ્રશસ્તિ કરતાં પણ એક ડગલું આગળ જાય છે.

(૫)

નરસિંહરાવ કરતાંયે ન્હાનાલાલને વિશે તેમણે ક્વચિત્ ક્વચિત્ વિશેષ ચર્ચાસ્પદ મંતવ્યો રજૂ કર્યાં છે. કાન્તને માટે એમણે કહ્યું છેઃ 'કાન્તનું સર્જન મહાકાવ્યની વિપુલતાને પામ્યું નથી, પણ તેમાં મહાકાવ્યની અને મહાકવિની પ્રતિભા તો રહેલી છે જ.' જ્યારે ન્હાનાલાલની પ્રતિભા મહાકવિની નથી, પણ જયદેવ કે દયારામ જેવા ઊર્મિકવિની છે, એમ તેમણે કહ્યું છે, વસ્તુતઃ મહાકવિની વિશિષ્ટતા ગુજરાતમાં કોઈ કવિએ દર્શાવી નથી,

પરંતુ જો કોઇએ અલ્પાંશે પ તેવી પ્રતિભા ને વિરાટતા દર્શાવી હોય તો તે ન્હાનાલાલે, અને નહિ કે કાન્તે. કાન્તનું જીવનદર્શન ઘણું મર્યાદિત છે તે આપણે ભૂલવું ન જોઇએ. ન્હાનાલાલની કવિતાએ ગુજરાતની કવિતાનું નવું જ ઘડતર કર્યું છે તે હકીકતને જોઇએ તેટલું મહત્ત્વ સુંદરમે આપ્યું નથી. એમણે કહ્યું છે: 'તત્ત્વતઃ ન્હાનાલાલની કવિતા એ આજના અર્વાચીન યુગમાં પ્રાચીન મધ્યકાલીન યુગની કવિતાનો આવિર્ભાવ છે.' આ વિધાન અમુક અંશે શ્રી. મેઘાણીની કેટલીક સાહિત્યપ્રવૃત્તિને લાગુ પડી શકે, પણ ન્હાનાલાલની કવિતાને, સારા કે ખરાબ અર્થમાં, ન લાગુ પડી શકે. 'વિશ્વગીતા' માટે તેમણે નોંધ્યું છે: 'આ નાટકના વસ્તુને જગતનું કવિની દૃષ્ટિએ જોયેલું દર્શન માનીએ તો એ દર્શનનું તત્ત્વગાંભીર્ય કે સત્ત્વસમૃદ્ધિ બહુ અલ્પ કહેવાય' આ વિધાન પણ બરાબર નથી. ખબરદારની બાબતમાં પણ શ્રી. સુંદરમે 'દર્શનિકા'નું મહત્ત્વ વિસરી જઈ ખબરદારનાં પ્રતિકાવ્યોને ઉચ્ચ આસને બેસાડ્યાં છે; એ પણ એક પ્રકારની વ્યાજસ્તુતિ જ લેખાય!

(૬)

બીજા સ્તબકમાં કાન્ત અને ન્હાનાલાલ પછીના નવપ્રસ્થાનકાર તરીકે શ્રી. સુંદરમ્ બ. ક. ઠા. ને ગણાવે છે. પરંતુ અદ્યતન કવિતાના એટલે કે ત્રીજા સ્તબકની કવિતાના પિતા તરીકે એમનું સ્થાન ગણીએ તે વધારે ઔચિત્યભર્યું ને ન્યાયયુક્ત છે. બ. ક. ઠા. ની કવિતાના દોષો ઘણા છે; એમના કવિતા-સિદ્ધાંતો સાચા છે કે કેમ તે સવાલ છે; વળી એમની પોતાની કવિતા એમના પોતાના કવિતા–સિદ્ધાંતોના પ્રમાણમાં કેટલી સફળ છે તે પણ એક સવાલ છે. તે છતાં બ. ક. ઠા. ની કવિતાએ તેમ જ એમના કવિતા–સિદ્ધાંતોએ અદ્યતન કવિતાનું સ્વરૂપ ઘડવામાં જબરો ફાળો આપ્યો છે. એ ફાળાથી અદ્યતન કવિતાને શું લાભ-હાનિ થયાં છે તે એક અલગ પ્રશ્ન છે. પણ સારી એ અદ્યતન કવિતામાં સર્વત્ર બ. ક. ઠા.ત્વ નજરે પડે છે, એ એક ઐતિહાસિક હકીકત છે, અને તે દૃષ્ટિએ અદ્યતન કવિતાના પિતા લેખે બ. ક. ઠા.ને જ ગણવા જોઈએ. શ્રી. સુંદરમે 'વિશ્વશાંતિ'થી નવો સ્તબક શરૂ કર્યો છે તેને બદલે 'ભણકાર'થી ગણવો

અનેક રોગોની એકજ દવા

જીવન ધારા

રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક "જેનસ" નં.૩૦૨.

કોલેરા, સંગ્રહણી, શરદી, હાથ-પગ, માથું તથા બદનનો દુઃખાવો, પાણી-વિકાર, સંધિવા, અશક્તિ, સોજો, અજીર્ણ, અપચો, ખાંસી, શ્વાસ, દમ, દાંત-દાઢમાં કળતર, અમુંઝણ, ઝેરી ડંખ, પ્રદર, પ્રમેહ, મોઢાની દુર્ગંધ, પેટની ચુંક, શુળ, દરેક જાતના તાવ, ઘા પડવો, લોહી નીકળવું ઈત્યાદી અનેક જાતનાં દરદોમાં તેમજ રેલ્વે, સ્ટીમર યા મોટરની મુસાફરીમાં તાત્કાલિક ઉપયોગી થઈ પડનારી અમૂલ્ય ઔષધિ. કિંમત મોટી બાટલી રૂ. ૧ાા, વચલી બાટલી રૂ. ૧ અને નાની બાટલી રૂ. ૦ાા૦ ટ. ખ. જુદું. દરેક શહેરમાં જાણીતા દવા વેચનારને ત્યાં મળશે.

જે. એન. શેઠના—જીવનધારા ઓફીસ, નડીયાદ. [ગુજરાત]

સ્ટોકીસ્ટ: કંચનલાલ વાડીલાલની કું. મજગામ રોડ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.

જોઈએ; જો કે 'ક્ષણુકાર' પ્રકટ થતાં વેંત તેની શૈલીની અસર વ્યાપક ને જલદ બની નહોતી, પણ ધીમે ધીમે 'ભણકાર'ની કાવ્યરીતિ આપણે ત્યાં સુપ્રચલિત બની તે એક સર્વમાન્ય હકીકત છે. બ. ક. ઠા.ની કવિતાએ ગુજરાતી કવિતામાં ખૂટતાં તત્ત્વો પૂર્યાં; પછી ભલે ખૂટતાં તત્ત્વો જ પૂર્યાં હોય, અને ગુજરાતી કવિતામાં ન ખૂટતાં કાવ્યતત્ત્વો તેમની પોતાની જ કવિતામાં ખૂટતાં હોય, તે છતાં તેમનું સ્થાન ગુજરાતી કવિતાના ઇતિહાસમાં એક ક્રાંતવર્તી પરિવર્તનકાર તરીકેનું રહેશે જ—એમની કવિતાની મહાસિદ્ધિને કારણે કે એમની કાવ્યવિચારણાની મહાસિદ્ધિને કારણે કરતાં ગુજરાતી કવિતાને પ્રયોગશીલતાને નવે પંથે વાળી તે માટે તેમ જ કવિતાતત્ત્વ પર ખૂબ ખૂબ વિચાર કરીને તેમ જ એ વિચારણાનો સર્વત્ર ચેપ લગાડીને કાવ્યતત્ત્વની ખોજ પ્રત્યે કવિઓ ને વિવેચકોને વધુ ને વધુ પ્રેરીને. નવીન ને નવીનતર કવિતાએ કાવ્યનાં બાહ્યાંગો પરત્વે બ. ક. ઠા.ને માર્ગે પ્રયાણ કર્યું હોવા છતાં તેના પોતાના આગવા પ્રયોગો ઘણા છે અને કાવ્યના અંતરંગમાં નવીન ને નવીનતર કવિતા તદ્દન નવી જ દૃષ્ટિ અપનાવે છે. આ નવીન કવિતના આરંભકોમાં સુંદરમ્-ઉમાશંકરનું સ્થાન મોખરે છે. બ. ક. ઠા. આદિની જેમ નવીન કવિઓ કાવ્યનાં બાહ્યાંગો પર વિશેષ ને એકાન્તિક ધ્યાન આપતા થઈ જાય તે ઇષ્ટ નથી. સાચી સર્જકતાને છંદ આદિ આપોઆપ મળી આવશે. શ્રી સુંદરમે એક ઠેકાણે અવતરણ આપેલ કવિ સાગરની પંક્તિ, અતિશ્રના ક્ષમ્ય હોય તો, નવીન કવિતા માટે યાદ કરી શકીએ:

'દાયણ બિચારી શું કરે?
 ખુદે ઉમેલ દર્દા નથી!
જ્ઞાની ગુરુજી શું કરે?
 છાતીમાં ઝખ્મ લાગ્યા નથી!'

તાત્પર્ય કે કવિએ કાવ્યના બહિરંગની એકાન્તિક ઉપાસના ન કરવી જોઇએ. શ્રી. સુંદરમે આ બાબતમાં યોગ્ય ચેતવણી આપી છે.

અંતભાગમાં શ્રી. સુંદરમનાં બે વિધાનો ખાસ મહત્ત્વનાં હોઈ તે તરફ કવિઓનું ખાસ ધ્યાન દોરવાની જરૂર છે. એક વિધાન કાવ્યનિર્માણ વિશેનું છે: 'ઉપ્નતના કોઈક અધિક આલોકિત, અધિક સમૃદ્ધ પ્રદેશમાંથી કાવ્યનું સ્ફુરણ કવિમાં થાય છે, અને પ્રધાનતઃ તે કાવ્ય પોતાના આંતરિક બળ અને તેજમાંથી પોતાનો ઘાટ ઘડે છે. સર્જનની ઉત્તમ ક્ષણોમાં કવિ નિઃસ્પદ બનેલા કરણ જેવો હોય છે. તેનાં અર્ધ આલોકિત નિમ્ન કરણોની દખલ જેટલી ઓછી તેટલું પેલી સર્જનની ઉર્ધ્વ સરણીનું વહન વધારે નિર્બંધ અને સૌંદર્યસંપન્ન. કવિની જાગ્રત પર્યેષક બુદ્ધિ એ સૌંદર્યને સમજે અને એનામાં જે પ્રગટતું હોય તે જો સાચા અને વિશુદ્ધ મૂલમાંથી નહી પણ બીજા કોઈ સ્થળેથી અપરૂપ વિરૂપ કે કુરૂપ બનીને આવતું હોય તો તેવા સર્જનનો ઇનકાર કરે કે શક્ય હોય તેટલું તેનું સંસ્કરણ કરે.' અહીં શ્રી. સુંદરમ્ બ. ક. ઠા. કરતાં શ્રી અરવિંદની કાવ્યવિચારણાને વધારે અનુસરતા જણાય છે. શ્રી. અરવિંદની કાવ્યવિચારણાની અસરવાળું એક બીજું વિધાન ન્હાનાલાલની કવિતાના સંદર્ભમાં તેમણે કરેલું છે તે પણ વિચારપ્રેરક છે. "અર્વાચીન યુગની સાહિત્યપ્રવૃત્તિની પાછળ આ દ્વિવિધ દારિદ્ર, ગહન જીવનની અનુભૂતિની તથા પરામર્શક બુદ્ધિશક્તિની અલ્પતા, સર્વત્ર એકસરખી પશ્ચાદ્‌ભૂ તરીકે વ્યાપેલાં છે. એ સાહિત્યમાં જીવનસત્ત્વની જે મંદતા દેખાય છે તેનું કારણ પણ એ જ છે. અર્વાચીન સાહિત્ય જીવનની સપાટી ઉપરની મધુર અને કોમળ ઊર્મિઓ તથા વિચારો અને આદર્શોમાં ઘણું આહ્લાદક સર્જન કરી શક્યું છે, છતાં ઊર્મિની જે ગહનતાઓ, સમર્પણની પરાકાષ્ઠાઓ, તથા જીવનતત્ત્વની પકડ આપણા પ્રાચીન કવિઓમાં, નરસિંહમાં, અખામાં, પ્રેમાનંદમાં કે છેવટે દયારામમાં છે તે આજના કવિ કે સાહિત્યકારમાં નથી." શ્રી. સુંદરમનાં આ બંને વિધાનો સાથે સૌ કોઇ સંમત થશે. આશા રાખીએ કે આપણા કવિઓ આ બંને વિચારસૂત્રોને લક્ષમાં લઇને તેમની કવિતાસર્જનની પ્રવૃત્તિમાં આગળ ધપશે.

—ધ. ર. દ.

ધર્મ તત્ત્વજ્ઞાન

ઈશ્વરનું અસ્તિત્વ

લેખક :
શ્રી. વિનુ બ. દેસાઈ

જ્યારથી ડારવીનના સિદ્ધાંતોનું પરિશીલન થવા માંડ્યું, ત્યારથી ઇશ્વર પ્રત્યેની રહી સહી શ્રદ્ધા પણ નષ્ટ પામી મનુષ્ય માત્ર biological વિજ્ઞાનનું ફળ માત્ર છે, એમ મનાયું અને આત્મા, પરમાત્મા, તથા સારી-નરસી કરણીનો ભેદ ભુલાયો. જીવનનો મર્મ પણ સાથે સાથે ભુંસાવા માંડ્યો.

પરન્તુ હવે પાછો એક અવાજ સંભળાવા માંડ્યો છે—એ છે, એ જ વિજ્ઞાનના આધારે-Biologyના સબળ ટેકાથી, કહોને એની સાક્ષીથી ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર થવા માંડ્યો છે. ડૉ. લેકમ-દ-નુયએ (Dr. Lecmte-de-Nowy) હમણાં એક શકવર્તી ગ્રંથ-"Human Destiny" લખ્યો છે. દાક્તર પોતે પણ એક વૈજ્ઞાનિક છે, ને તેમાં તેમણે ઉત્ક્રાંતિ બાબતમાં નવા સિદ્ધાંતો પ્રસ્થાપિત કર્યા છે. ડૉ. નુયએ માનવીનાં ચર્ચાસ્પદ આશા, શ્રદ્ધા, સ્વતંત્ર ઇચ્છાશક્તિ, જીવનની સાર્થકતા, વ્યક્તિની અગત્ય, આત્માની અનંતતા, અને ઇશ્વર પ્રત્યે શ્રદ્ધા એ વિજ્ઞાનની Biology વડે, ખોજ કીધી. એ જણાવે છે કે આ વિશ્વમાં કશું જ પરિપૂર્ણતાથી અનુભવાતું નથી, તેમ સમજી શકાતું નથી. આપણી બધી ઇન્દ્રિયો અપૂર્ણ છે, અને યાંત્રિક સાધનો ચોક્કસ નથી.

ઉદાહરણાર્થે આટો અને મેશના સંમિશ્રણવાળો રંગ આપણને ભુરિયો જણાશે, જ્યારે એમાં ફરતી જીવાતને એ બે જુદા જુદા રંગના ખડકો દેખાશે. એ દૃષ્ટિભ્રમ શાને આભારી ? આપણા વિજ્ઞાનના સત્યના વિચારો આ વિશ્વમાં Relative-સાપેક્ષ છે, અને જેની ઝાંખી આપણી પકડ બહાર છે. કહેવાય છે કે આ વિશ્વમાં ઉત્ક્રાંતિનો નાટક ખૂબ અચ્છી ઢંગથી ભજવાઈ રહ્યો છે; પરંતુ પડદા પાછળ શું છે ? જીવનની ઉત્પત્તિ ક્યાંથી થઇ ? કેવી રીતે થઈ ? ઇત્યાદિ વિશે અંતિમ નિર્ણય રૂપે કશું કહી શકાતું નથી. તમારાં અને મ્હારાં જીવનનાં મૂળ ક્યાં છે, તે આભાસી સત્યથી પણ સમજાવી શકાતું નથી.

ઉત્ક્રાંતિના ઇતિહાસમાં સ્થળે સ્થળે જે અશક્ય ભેદો આવે છે, તે માપી શકાતા નથી. વિજ્ઞાનનાં સખ્ત કાયદા સમક્ષ પણ શક્ય અને અશક્ય વાતો ઠેસવી દેવી પડે છે. લાખો વર્ષો પૂર્વે જીવનની શરૂઆત Protoplasmic Cellથી થવા માંડી-તેમાં વિકાસ થતો, ફરીથી સર્જન થતું, ને જાણે દેહ અને જીવનની અનંતતા સ્થાપિત થઈ જતી ન હોય એમ જણાવા માંડ્યું ! દરમ્યાનમાં એકાએક વિજ્ઞાનથી પામી ન શકાતો, એવી રીતે નવો કાયદો જ અસ્તિત્વમાં આવી ગયો, અને જીવન-વિકાસમાં-Sex--જાતીયતા આવી પડી. જીવનમાં Sex-જાતીયતા આવતાં જોડાજોડ મૃત્યુ પણ આવી પડ્યું—અને વિકાસક્રમે નવો જ દોર લીધો.

ડૉ. નુયએ હિંમતથી ઉત્ક્રાંતિના સિદ્ધાંતની સાથોસાથ ઇશ્વરી કાયદાની તુલના કરી છે.

વર્ષોથી જડવાદી કહેતા આવ્યા છે કે બધાથી પર છે, તે તો સંજોગ (Chance). એ નીતિ-રીતિથી પણ ભોગવટો ભોગવે છે. પરન્તુ અહીં ડૉ. નુઈ ના પાડે છે. એમનું કહેવું છે કે માનવી-એ કાં તો પોતાનામાં રહેલી જંગાલિયતને તાબે થવું, અગર કોઈ આદર્શને બાઝી રહેવું ઘટે. એ આદર્શ સિદ્ધ કરતાં એણે એનામાં રહેલી પશુતા સામે વિષમ જુદ્ધ જમાવવું પડે છે, અને એમાં જ માનવીની માનવતા છે.

સર્જન-પ્રક્રિયાનું રહસ્ય

સઘળું સર્જન, તેની અંતરતમ પ્રક્રિયાના રહસ્યમાં જોવા જઈએ તો, એક જાતની અગમ્ય ઘટના છે. એ સર્જનના માત્ર અત્યંત સ્થૂલ અથવા તો યંત્રવત્ અંશનું જ બહુબહુ તો પૃથક્કરણ થઈ શકે. કવિતાની સર્જનાત્મક શક્તિ પણ આમાં અપવાદ નથી. કવિ એક એવો જાદુગર છે જે ભાગ્યે જ પોતાના જાદુનું રહસ્ય જાણતો હોય છે. સર્જનમાં તેનું મન આલોચનાત્મક કે રચનાત્મક રીતે જે ભાગ જ્ઞાનપૂર્વક ભજવે છે તે પણ બુદ્ધિ કરતાં સહજ પ્રજ્ઞાની વિશેષ ક્રિયા હોય છે. અધ્યાત્મશક્તિનો તેનામાં નિપાત થતાં કવિ સર્જન કરે છે. તેનું ચિત્ત એ અધ્યાત્મશક્તિની વાહિની અથવા તો કરણ બની રહે છે, અને એ સર્જનનો રસાસ્વાદ લેવાનું કાર્ય કવિ પોતે કે બીજાઓ બૌદ્ધિક વિવેક દ્વારા નહિ પણ આધ્યાત્મિક સંવેદન દ્વારા જ કરે છે.

—શ્રી અરવિંદ (Future of poetry)

માનવવાણી અને કવિતા

કવિતા માનવવ્યવહારની પ્રાકૃત વાણીનો આશ્રય લે છે, છતાં તેને એવી અપ્રાકૃત રીતે યોજે છે કે તેમાંથી એક અનન્ય અસાધારણ રસપ્રકર્ષ અનુભવાય છે. જમીનનો રસ શેરડીના મૂળમાં થઈને ઉપર ચડતો ચડતો જે રીતે એક આહ્લાદક આસ્વાદનીય મીઠાશ પામે છે, તેવી જ રીતે કવિતામાં પ્રાકૃત વાણીનું બને છે. કવિતા માનવ-વાણીમાં રહેલાં બીજ રૂપ તત્ત્વો—લય, છંદ, અર્થસંકેત આદિને ખૂબ વિકસાવે છે, અને તે એટલે સુધી કે વાણી એક નવો જન્મ પામે છે. એ નવીન અને અધિક સમૃદ્ધ ઉપાદાન દ્વારા દૃષ્ટઅદૃષ્ટ અને સ્પૃષ્ટઅસ્પૃષ્ટ જગતમાંથી કવિતા સૌંદર્ય અને આનંદને સાકાર કરે છે. કવિતામાં આ તત્ત્વ ઉત્તમ રૂપે સિદ્ધ થતાં તે તેની ત્રિવિધ સામગ્રી: છંદોલય, શબ્દ-વિચાર-શૈલી અને આંતરિક તત્ત્વદ્યુતિના એક સરખા ઉત્કટ રૂપના ત્રિવિધ પ્રકર્ષ રૂપે દૃષ્ટિગોચર થાય છે.

—શ્રી સુંદરમ કૃત 'અર્વાચીન કવિતા'

સાહિત્યકારની ખુમારી

પ્રત્યેક સાહિત્યકારના મોંમાં એક જ વાત શોભે! કે દુનિયાના કોઈ પણ ધંધાદારી કરતાં હું દરિદ્ર નથી, દયાપાત્ર પણ નથી. દુનિયાની સર્વ મૂંગી રચનાનો હું શબ્દ બન્યો છું. માનવીને એકબીજાને સમજતાં કરવા માટે હું જબાન બન્યો છું ને એ જબાન રૂપે મારું ઘડતર દિનરાતની અવિરત વેદનાના હથોડાને ઘાએ આત્માની એરણ પર થયું છે હું ચાંદનીમાં ને ફૂલોમાં, દરિયાની લહેરીઓ જોડે કે ઝરણાંની સાથે મહોબ્બત કરવા બેઠો છું, ત્યારે પણ મેં એ મહોબ્બત ઉપર મારી સુખસગવડોની દુનિયાઓ ફના કરી છે. હું જ્યાં જ્યાં ગયો છું ત્યાં ત્યાંથી મેં માનવીના આત્માને માટે વાચા મેળવી છે. ચાંદનીમાં પણ હું સળગતો રહ્યો છું, અને દુનિયાને- પ્રકમ્પોના આંચકા લેવરાવવા જેટલું કૌવત મારી કલમમાં કોઈ આકાશી ચંદ્રકિરણોએ નહિ, ઝરણાંઓએ નહિ, સ્વપ્નોએ નહિ, પણ મારી પોતાની સમવેદના અનુભવવાની ઊર્મિએ જ મને આપ્યું છે.

—સ્વ. ઝવેરચંદ મેઘાણી કૃત 'પરિભ્રમણ' (ભાગ બીજો)

યુદ્ધ સમયની એક પ્રાચીન સુક્તિ

અનેક પ્રકારનાં શસ્ત્રો અને બખ્તરોથી સંકુલ, હર્ષની ચીચીઆરી કરતું, અને વિવિધ પ્રકારનાં હથિયાર તેમજ બખ્તરો ધારણ કરેલું એક કટક આવી પહોંચ્યું. મેં વિચાર્યું કે 'અમને લૂંટવા માટે ચોરો અહીં આવતા લાગે છે.' અનેક પ્રકારનાં વેશ ધારણ કરેલા તે ચોરને જોઈને જેનું આખું શરીર કંપી ઊઠ્યું છે એવી શ્યામદત્તા મને બાઝી પડી. મેં કહ્યું: 'વિષાદ ન કર, જો; મુહૂર્ત માત્રમાં તો આ બધા જ ચોરોને યમગૃહમાં લઈ જાઉં છું.' સ્વભાવથી જ જે ભીરુ છે એવી તે શ્યામદત્તાને મારા વચનથી કંઈક ધીરજ આવી. મને ચોરો ચારે તરફથી ઘેરી વળ્યા. મેં પણ અસ્ત્ર અને શસ્ત્રની નિપુણતા અને ચાતુર્યથી અને બાણના પ્રહારથી તેમને

ઈશ્વરનું અસ્તિત્વ

લેખક :
—શ્રી. વિનુ બ. દેસાઈ

જ્યારથી ડારવીનના સિદ્ધાંતોનું પરિશીલન થવા માંડ્યું, ત્યારથી ઈશ્વર પ્રત્યેની રહી સહી શ્રદ્ધા પણ નષ્ટ પામી મનુષ્ય માત્ર biological વિજ્ઞાનનું ફળ માત્ર છે, એમ મનાયું અને આત્મા, પરમાત્મા, તથા સારી–નરસી કરણીનો ભેદ ભુલાયો. જીવનનો મર્મ પણ સાથે સાથે ભુંસાવા માંડ્યો.

પરન્તુ હવે પાછો એક અવાજ સંભળાવા માંડ્યો છે—એ છે, એ જ વિજ્ઞાનના આધારે–Biology ના સબળ ટેકાથી, કહોને એની સાક્ષીથી ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર થવા માંડ્યો છે. ડૉ. લેકમ–દ–નુઈએ (Dr. Lecmte-de–Nowy) હમણાં એક શકવર્તી ગ્રંથ-"Humau Destiny" લખ્યો છે. દાક્તર પોતે પણ એક વૈજ્ઞાનિક છે, ને તેમાં તેમણે ઉત્ક્રાંતિ બાબતમાં નવા સિદ્ધાંતો પ્રસ્થાપિત કર્યા છે. ડૉ. નુઈએ માનવીનાં ચર્ચાસ્પદ આશા, શ્રદ્ધા, સ્વતંત્ર ઈચ્છાશક્તિ, જીવનની સાર્થકતા, વ્યક્તિની અગત્ય, આત્માની અનંતતા, અને ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા એ વિજ્ઞાનની Biology વડે, ખોજ કીધી. એ જણાવે છે કે આ વિશ્વમાં કશું જ પરિપૂર્ણતાથી અનુભવાતું નથી, તેમ સમજી શકાતું નથી. આપણી બધી ઈન્દ્રિયો અપૂર્ણ છે, અને યાંત્રિક સાધનો ચોક્કસ નથી.

ઉદાહરણાર્થે આરો અને મેશના સંમિશ્રણવાળો રંગ આપણને ભુરિયો જણાશે, જ્યારે એમાં ફરતી જીવાતને એ બે જુદા જુદા રંગના ખડકો દેખાશે. એ દષ્ટિભ્રમ શાને આભારી? આપણા વિજ્ઞાનના સત્યના વિચારો આ વિશ્વમાં Relative–સાપેક્ષ છે, અને જેની ઝાંખી આપણી પકડ બહાર છે. કહેવાય છે કે આ વિશ્વમાં ઉત્ક્રાંતિનો નાટક ખૂબ અચ્છી ઢંગથી ભજવાઈ રહ્યો છે; પરંતુ પડદા પાછળ શું છે? જીવનની ઉત્પત્તિ ક્યાંથી થઈ? કેવી રીતે થઈ? ઈત્યાદિ વિશે અંતિમ નિર્ણય રૂપે કશું કહી શકાતું નથી. તમારાં અને મ્હારાં જીવનનાં મૂળ ક્યાં છે, તે આભાસી સત્યથી પણ સમજાવી શકાતું નથી.

ઉત્ક્રાંતિના ઈતિહાસમાં સ્થળે સ્થળે જે અશક્ય ભેદો આવે છે, તે માપી શકાતા નથી. વિજ્ઞાનના સખત કાયદા સમક્ષ પણ શક્ય અને અશક્ય વાતો ઠેસવી દેવી પડે છે. લાખો વર્ષો પૂર્વે જીવનની શરૂઆત Protoplasmic Cellથી થવા માંડી–તેમાં વિકાસ થતો, ફરીથી સર્જન થતું, ને જાણે દેહ અને જીવનની અનંતતા સ્થાપિત થતી જતી ન હોય એમ જણાવા માંડ્યું! દરમ્યાનમાં એકાએક વિજ્ઞાનથી પામી ન શકાતો, એવી રીતે નવો કાયદો જ અસ્તિત્વમાં આવી ગયો, અને જીવન–વિકાસમાં–Sex––જાતીયતા આવી પડી. જીવનમાં Sex–જાતીયતા આવતાં જોડાજોડ મૃત્યુ પણ આવી પડ્યું—અને વિકાસક્રમે નવો જ દોર લીધો.

ડૉ. નુઈએ હિંમતથી ઉત્ક્રાંતિના સિદ્ધાંતની સાથોસાથ ઈશ્વરી કાયદાની તુલના કરી છે.

વર્ષોથી જડવાદી કહેતા આવ્યા છે કે બધાથી પર છે, તે તો સંજોગ (Chance). એ નીતિરીતિથી પણ ભોગવટો ભોગવે છે. પરંતુ અહીં ડૉ. નુઈ ના પાડે છે. એમનું કહેવું છે કે માનવીએ કાં તો પોતાનામાં રહેલી જંગાલિયતને તાબે થવું, અગર કોઈ આદર્શને બાઝી રહેવું પડે. એ આદર્શ સિદ્ધ કરતાં એણે એનામાં રહેલી પશુતા સામે વિષમ જુદ્ધ ખેલવું પડે છે, અને એમાં જ માનવીની માનવતા છે.

સર્જન-પ્રક્રિયાનું રહસ્ય

સઘળું સર્જન, તેની અંતરતમ પ્રક્રિયાના રહસ્યમાં જોવા જઇએ તો, એક જાતની અગમ્ય ઘટના છે. એ સર્જનના માત્ર અત્યંત સ્થૂલ અથવા તો યંત્રવત્ અંશનું જ અહુગહુ તો પૃથક્કરણ થઈ શકે. કવિતાની સર્જનાત્મક શક્તિ પણ આમાં અપવાદ નથી. કવિ એક એવો જાદુગર છે જે ભાગ્યે જ પોતાના જાદુનું રહસ્ય જાણતો હોય છે. સર્જનમાં તેનું મન આલોચનાત્મક કે રચનાત્મક રીતે જે ભાગ જ્ઞાનપૂર્વક ભજવે છે તે પણ બુદ્ધિ કરતાં સહજ પ્રજ્ઞાની વિશેષ ક્રિયા હોય છે. અધ્યાત્મશક્તિનો તેનામાં નિપાત થતાં કવિ સર્જન કરે છે. તેનું ચિત્ત એ અધ્યાત્મશક્તિની વાહિની અથવા તો કરણ બની રહે છે, અને એ સર્જનનો રસાસ્વાદ લેવાનું કાર્ય કવિ પોતે કે બીજાઓ બૌદ્ધિક વિવેક દ્વારા નહિ પણ આધ્યાત્મિક સંવેદન દ્વારા જ કરે છે.

—શ્રી અરવિંદ (Future of poetry)

સાહિત્યકારની ખુમારી

પ્રત્યેક સાહિત્યકારના મોંમાં એક જ વાત શોભે! કે દુનિયાના કોઈ પણ ધંધાદારી કરતાં હું દરિદ્ર નથી; દયાપાત્ર પણ નથી. દુનિયાની સર્વ મૂંગી રચનાનો હું શબ્દ બન્યો છું. માનવીને એકબીજાને સમજતાં કરવા માટે હું જબાન બન્યો છું ને એ જબાન રૂપે મારું ઘડતર દિનરાતની અવિરત વેદનાના હથોડાને ઘાએ આત્માની એરણ પર થયું છે હું ચાંદનીમાં ને ફૂલોમાં, દરિયાની લહેરીઓ જોડે કે ઝરણાંની સાથે મહોબ્બત કરવા બેઠો છું, ત્યારે પણ મેં એ મહોબ્બત ઉપર મારી સુખસગવડોની દુનિયાઓ ફના કરી છે. હું જ્યાં જ્યાં ગયો છું ત્યાં ત્યાંથી મેં માનવીના આત્માને માટે વાચા મેળવી છે. ચાંદનીમાં પણ હું સળગતો રહ્યો છું, અને દુનિયાને-પ્રકમ્પોના આંચકા લેવરાવવા જેટલું કૌવત મારી કલમમાં કોઈ આકાશી ચંદ્રકિરણોએ નહિ, ઝરણાંઓએ નહિ, સ્વપ્નોએ નહિ, પણ મારી પોતાની સમવેદના અનુભવવાની ઊર્મિએ જ મને આપ્યું છે.

—સ્વ. ઝવેરચંદ મેઘાણી કૃત 'પરિભ્રમણ' (ભાગ બીજો)

માનવવાણી અને કવિતા

કવિતા માનવવ્યવહારની પ્રાકૃત વાણીનો આશ્રય લે છે, છતાં તેને એવી અપ્રાકૃત રીતે યોજે છે કે તેમાંથી એક અનન્ય અસાધારણ રસપ્રકર્ષ અનુભવાય છે. જમીનનો રસ શેરડીના મૂળમાં થઇને ઉપર ચડતો ચડતો જે રીતે એક આહ્લાદક આસ્વાદનીય મીઠાશ પામે છે, તેવી જ રીતે કવિતામાં પ્રાકૃત વાણીનું બને છે. કવિતા માનવ-વાણીમાં રહેલાં બીજ રૂપ તત્ત્વો—લય, છંદ, અર્થસંકેત આદિને ખૂબ વિકસાવે છે, અને તે એટલે સુધી કે વાણી એક નવો જન્મ પામે છે. એ નવીન અને અધિક સમૃદ્ધ ઉપાદાન દ્વારા દૃષ્ટઅદૃષ્ટ અને સ્પૃષ્ટઅસ્પૃષ્ટ જગતમાંથી કવિતા સૌંદર્ય અને આનંદને સાકાર કરે છે. કવિતામાં આ તત્ત્વ ઉત્તમ રૂપે સિદ્ધ થતાં તે તેની ત્રિવિધ સામગ્રી: છંદોલય, શબ્દ-વિચાર-શૈલી અને આંતરિક તત્ત્વયુતિના એક સરખા ઉત્કટ રૂપના ત્રિવિધ પ્રકર્ષ રૂપે દૃષ્ટિગોચર થાય છે.

—શ્રી સુંદરમ્ કૃત 'અર્વાચીન કવિતા'

યુદ્ધ સમયની એક પ્રાચીન યુક્તિ

અનેક પ્રકારનાં શસ્ત્રો અને બખ્તરોથી સંકુલ, હર્ષની ચીચીઆરી કરતું, અને વિવિધ પ્રકારનાં હથિયાર તેમજ બખ્તરો ધારણ કરેલું એક કટક આવી પહોંચ્યું. મેં વિચાર્યું કે 'અમને લૂંટવા માટે ચોરો અહીં આવતા લાગે છે.' અનેક પ્રકારનાં વેશ ધારણ કરેલા તે ચોરને જોઇને જેનું આખું શરીર કંપી ઊઠ્યું છે એવી શ્યામદત્તા મને બાઝી પડી. મેં કહ્યું: 'વિષાદ ન કર, જો; મુહૂર્ત માત્રમાં તો આ બધા જ ચોરોને યમગૃહમાં લઇ જાઉં છું.' સ્વભાવથી જ જે બીકુ છે એવી તે શ્યામદત્તાને મારા વચનથી કંઇક ધીરજ આવી. ગતે ચોરો ચારે તરફથી ઘેરી વળ્યા. મેં પણ અસ્ત્ર અને શસ્ત્રની નિપુણતા અને ચાતુર્યથી અને બાણના પ્રહારથી તેમને

ત્રાસ પમાડતાં તેઓ ચોમેર નાસવા લાગ્યા. પછી વ્યાયામથી કઠિન ગાત્રવાળો, ધનુષ્ય ખેંચવાથી દીર્ઘ બનેલા બાહુવાળો અર્જુન નામનો તેમનો સેનાપતિ એ નાસતા ચોરોને ધીરજ આપતો રથયુદ્ધ થઇ શકે એવી ભૂમિ ઉપર કવચ પહેરીને ઊભો રહ્યો. મેં પણ ઘોડાઓને થાબડીને તથા સર્વ આયુધોથી મારી જાતને સજ્જ કરીને તેની તરફ રથ ચલાવ્યો. તેણે પણ મારી તરફ રથ વાળ્યો. પછી બાણોના સમૂહની પરંપરાથી એકબીજાનું છિદ્ર શોધતા અમે યુદ્ધ કરવા લાગ્યા. કોઇ પ્રકારનો લાગ નહીં ફાવતાં મેં વિચાર્યું કે, 'આ ચોર સમર્થ છે; એનો પરાજય થઈ શકે એમ નથી. રથયુદ્ધમાં કુશળ એવા તેઓ બીજી કોઈ રીતે છેતરી શકાય એમ પણ નથી. અર્થશાસ્ત્રમાં કહ્યું છે કે–'પોતાના વધતા જતા શત્રુને માયાથી અને શસ્ત્રથી હણવો.' તો અહીં એ વસ્તુ યોગ્ય છે કે સર્વ અલંકારોથી વિભૂષિત આ શ્યામદત્તા પોતાનું અધોવસ્ત્ર શિથિલ રાખીને–અર્ધનગ્નાવસ્થામાં રથની આગળની બેઠક ઉપર બેસે, એવું રૂપ જોઇને આ ચોરની નજર આકર્ષાય એ વખતે ચોરને મારે મારવો.'

આમ નક્કી કરીને મેં શ્યામદત્તાને રથની આગળ બેઠક ઉપર બેસાડી. તેના રૂપ, યૌવન અને વિલાસથી વિસ્મિત હૃદયવાળા અર્જુનની દૃષ્ટિ ત્યાં ચોંટી. એ વખતે તેને બેધ્યાન નજરવાળો જાણીને નીલકમળ જેવા આશરામુખ બાણ વડે મેં તેની છાતીમાં પ્રહાર કર્યો. ત્યારે રથમાંથી ઊતરીને તે બોલ્યો—

'नाहं बाणेण हओ, हओ मि व'णेण मगरकेउस्स ।
जो भंडणे पयत्तो महिलाख मुहं पलोएमि ॥

અર્થાત, હું તારા બાણથી નહીં, પણ કામદેવના બાણથી મરણ પામું છું; કારણકે યુદ્ધ ચાલતું હતું ત્યારે હું સ્ત્રીનું મુખ જોતો રહ્યો' આ પ્રમાણે બોલીને તે મરણ પામ્યો. પછી પોતાના સેનાપતિને મરણ પામેલો જોઈને જેમનાં હથિયારો અને બખ્તરો અસ્તવ્યસ્ત થયાં છે એવા તેના સહાયક ચોરો પણ નાસી ગયા....

—સંઘદાસગણિવાચક વિરચિત 'વસુદેવ-હિંડી'ના પ્રો સાંડેસરા કૃત અનુવાદમાંથી

લગ્નમાં બ્રહ્મચર્ય

પતિને સંપૂર્ણ બ્રહ્મચર્યપાલન કરવાની ઇચ્છા હોય અને પત્નીને તેવી ઇચ્છા ન હોય, તો તેવે પ્રસંગે, પતિ જો પૂર્ણપણે નિર્વિકાર થયો હોય, એટલે કે, ગીતાના બીજા અધ્યાયના 'विषया विनिवर्तन्ते' એ શ્લોકમાં દર્શાવ્યા મુજબ તેને પરદર્શન થયું હોય,-તો તે સ્થિતિમાં સંભોગ અસંભાવ્ય છે. પતિની આ સ્થિતિ જોઇને પત્ની જ આપોઆપ સ્વેચ્છાએ શાંત થઈ જશે... લગ્ન સમયે જેની કલ્પના જ ન હતી એવો પ્રયત્ન તો બંનેની સંમતિથી જ થઈ શકે. એટલે કે પતિએ પત્નીની સંમતિ સિવાય બ્રહ્મચર્યવ્રત પાળવું જોઇએ નહીં. સામાન્ય સમયે કરવાનો પ્રયત્ન તો સર્વએ અવશ્ય જ કરવો. એક પક્ષની સમાગમ કરવાની ઇચ્છા થાય તો બીજા પક્ષની પણ બહુધા તેવી તૈયારી હોય છે, અથવા તો થોડી વિનવણી બાદ થાય છે. એમ થતું નથી, તો તે ઠેકાણે થોડીક કડવાશ જન્મે છે. એટલે જ બીજાઓનો પુષ્કળ અનુભવ જોઇને અને તેની ઉપર વિચાર ચલાવીને હું એવા નિર્ણય પર આવ્યો છું કે, સંયમનું પાલન એકબીજાને આધીન હોવું જોઇએ.

—મહાત્મા ગાંધીજી (પ્રેમા કંટક કૃત 'કામ અને કામિની'ની લેખન-પ્રેરણા બનેલ ગાંધીજીના એક સંવાદમાંથી)

*

બ્રિટિશ સામ્રાજ્યમાં કદી સૂર્ય આથમતો નથી.
—કારણકે ઇશ્વરને અંધારામાં અંગ્રેજોનો વિશ્વાસ નથી!
—પણ હવે વિશ્વાસ આવ્યો જણાય છે; કારણકે સૂર્ય આથમવા માંડ્યો છે!

વિવિધ રંગોની
પોપલીન
ખરીદો
ધી નવજીવન મીલ્સ લી. કલોલ

જુનામાં જુના દમ, હાંફણ માટે
ગેસહર તથા દુગ્ધાનુપાન
ગોળીઓ બંને દવા સાથે વાપરો.
— ચોક્કસ દમ મટશે —
દુગ્ધાનુપાન ફાર્મસી, જામનગર

માનવ, જીવન અને જગતનાં રહસ્યો શોધવાના તલસાટમાંથી
અનેક વિજ્ઞાનો ઉદ્‌ભવ્યાં અને તેમાંનું એક રસિક વિજ્ઞાન તે-

હસ્તરેખાશાસ્ત્ર

લેખક
વૃંદાવન શાહ

* પ્રકરણ ત્રીજું : સૈદ્ધાન્તિક શાસ્ત્ર-આધાર *

(ગતાંકથી ચાલુ)

નવ નવ માસ સુધી માતાના ઉદરમાં પોષણ મેળવતું બાળક પહેલી જ વાર દુનિયાની હવાનો શ્વાસ લે છે; અને નવા વાતાવરણમાં આવી પડતાં ચીસ નાખી ઊઠે છે. પણ તે પહેલાં તેના મુઠી વાળેલ નાનકડા રેતુમડા હાથની આંગળીઓ એક ક્ષણ માટે–બસ માત્ર એકાદ ક્ષણ માટે જ—સીધી અને સજ્જડ થઈ જાય છે. ચૈતન્યનો પ્રવાહ અંગૂઠા પાસેની આંગળીમાં દાખલ થઈ આખા હાથની રેખાઓ રૂપી નહેરોમાં પસાર થઈને ટચલી (છેલ્લી નાનકડી આંગળી) આંગળીમાંથી પસાર થઈ જાય છે. જીવન જાગે છે. બાળક રડે છે. અને એ ચૈતન્ય સુષુપ્ત મગજને જાગૃત કરે છે. જાગૃત થયેલું મગજ પોતાના સેવક હાથને હુકમ દે છે. હાથ મોઢા તરફ વળે છે અને છેવટે 'ખોળાનો ખૂંદનાર દો ને રન્નાદે' કહેનાર મા તેને પોતાના સ્તન સાથે લગાડી દે છે. બચ બચ કરતું એ નાનકડું જીવન ધાવવા લાગે છે.

એક ક્ષણમાં સજ્જડ થઈને સીધી થયેલી આંગળીઓમાં પસાર થયેલું ચૈતન્ય તેના સ્વભાવ અને ભવિષ્યને તે સમય પૂરતું તો નક્કી કરી નાખે છે. પણ એ ચૈતન્ય વિષે કેટલાય જુદા જુદા મતો છે. કોઈ એને ઈશ્વર કહે છે, કોઈ કુદરતના બળને નામે ઓળખે છે જ્યારે આજનું વિજ્ઞાન માને છે કે વિદ્યુત (Electricity) ને મળતું પણ તેથી એ સૂક્ષ્મ કોઈ ચૈતન્ય પ્રવાહી (Vital fluid) આખા વિશ્વમાં વ્યાપી રહ્યું છે. અને તે માણસના શરીરમાં તેના હાથની પહેલી આંગળી દ્વારા પ્રવેશ કરી ટચલી આંગળી દ્વારા બહાર નીકળી જાય છે. આ અતિ સૂક્ષ્મ ચૈતન્ય પ્રવાહી જ માનવજીવનનો આધાર છે. વિદ્યુતની જેમ તે વધારે અણીદાર બિંદુઓમાં સહેલાઇથી પસાર થઈ શકે છે અને તેથી જ સામાન્ય રીતે દરેક માણસની પહેલી આંગળી અને ટચલી આંગળી–કે જેમાંથી તે બહાર નીકળે છે–તે બંને આંગળીઓ, બીજી આંગળીઓ કરતાં વધારે અણીદાર હોય છે. તેમને વાતાવરણની અસર વધુ જલ્દી થાય છે.

નાનકડી એવી વાદળી, સવારની સૂર્યોદય વખતની ઉષાની લાલી, સાંજની સંધ્યા વખતનું અનેરું આકાશ, દૂર દૂર ઊભેલો અણનમ પર્વતરાજ, પક્ષીનું સંગીત, કે દુઃખીનું રુદન–આ બધું જોઈને કવિઓ કે કલાકારો એક જાતની લાગણી અનુભવે છે. તેમના હૃદયની તંત્રી ઝણઝણી ઊઠતી હોય છે. એક જાતની વિદ્યુત હૃદયમાંથી નીકળી જાણે કે આખા શરીરમાં પસાર થઈ જતી હોય તેમ લાગે છે. કોઇ વાર કંપારી પણ આવી જાય છે. તેમાં એક–કવિ તેને શબ્દમાં મૂર્તિમંત કરવા પ્રયત્ન કરે છે; જ્યારે બીજો કલાકાર પીંછી કે ટાંકણા વડે તેને આલેખવા પ્રયત્ન કરતો હોય છે. તે એવા દૃશ્યથી થયેલ લાગણીના બીજાને સહભાગી બનાવવા કાવ્ય કે ચિત્ર રચતા હોય છે. આથી ઉલટું સામાન્ય માનવી એવાં દૃશ્યો વારંવાર જોતાં હોય છે છતાં તેમાં તેમને નથી દેખાતું હોતું નાવીન્ય કે નથી દેખાતી હોતી કળા કે નથી અનુભવાતી હોતી શોકની ઘેરી છાયા. એવાં દૃશ્યો તેમને અસર કર્યા વગર પસાર થઈ જતાં હોય છે. આ વિરોધાભાસનું કારણ જો આપણે તપાસીએ તો આપણને માલૂમ પડશે કે કલાકાર કે કવિની આંગળીઓ અણીદાર અને સીધી –વચમાં ગઠ્ઠા વગરની હોય છે જ્યારે સામાન્ય માનવીની આંગળીઓ ચોરસ જેવા આકારની હોય છે. એટલે એકને વાતાવરણની ખૂબ જલ્દી અને વધારે અસર થતી હોય છે, જ્યારે બીજા પર તેની ધીમી અને ઓછી અસર થતી હોય છે. આથી કલાકાર કે કવિને દુનિયાના વ્યવહારુ માણસો

સ્વપ્નસેવી, આદર્શઘેલા, ઊર્મિશીલ, લાગણીપ્રધાન અને અવ્યવહારુ ગણાતા હોય છે, અને સાચે જ તે તેવા હોય પણ છે, જ્યારે ચોરસ આંગળીવાળા માણસો વ્યવહારૂ અને ઓછા લાગણીપ્રધાન હોય છે, એટલે કે બહારની પરિસ્થિતિની અસરમાં તેઓ એકદમ આવી જતા નથી.

આવી જ રીતે કોઇ પણ એકાદ વસ્તુ તત્ત્વજ્ઞાની કે વૈજ્ઞાનિક પાસે આવી પડતાં તે એકદમ તેનાથી અંજાઇ જતો નથી હોતો. એની ઝીણામાં ઝીણી બાબત વિષે વિચાર કરે છે અને પછી જ પોતાનો નિર્ણય એક તટસ્થ અગર સ્થિતપ્રજ્ઞની માફક જાહેર કરતો હોય છે. તત્ત્વજ્ઞાની સૂર્યોદય કે સૂર્યાસ્ત જોતાં કદાચ આનંદિત થાય એ સંભવી શકે છે પણ તેમાંથી એ તત્ત્વજ્ઞાનનાં ચૂંથણાં વધારે ચૂંથવાનો. એ એકદમ પુલકિત નહીં થઈ ઊઠે, જ્યારે વૈજ્ઞાનિક તેના સૌંદર્ય કરતાં તે વખતે દેખાતા રંગનું પૃથક્કરણ કરવામાં અને કિરણોની ગરમી કેટલી છે, કિરણો ત્રાંસાં છે કે સીધાં છે વગેરે જાણવામાં રોકાઇ જશે; આથી જ આ લોકોના આંગળા સીધા સોટા જેવા હોવાને બદલે વેઢા પાસે ગઠ્ઠાવાળા હોય છે. અને આ ગઠ્ઠાને લીધે પેલું પ્રવાહી એકદમ પસાર થઈ શકતું નથી. આથી તેઓ વધારે વિચારશીલ, ધીમા, પૃથક્કરણશીલ તથા ઝીણી ઝીણી બાબતોમાં પણ ઘણું ધ્યાન આપનાર હોય છે. આથી ઉલટું જેમની આંગળીઓના વેઢાની વચ્ચે ગઠ્ઠા નથી હોતા તેમનામાં પ્રવાહી જલ્દી ઊતરી જવાથી તેઓ આ લોકો કરતાં ઉલટા ગુણો ધરાવે છે એટલે કે તેઓ બહુ ઊંડા ઉતરવાની ટેવ વગરના, વિચારને બદલે અંતરપ્રેરણા (Intuition)થી નિર્ણય બાંધનારા અને ઝડપી હોય છે. કવિઓ અને કલાકારો મોટે ભાગે આ વર્ગમાંથી આવે છે અને તેથી જ તેમની આંગળીઓ સામાન્યપણે અણીદાર અને ગઠ્ઠા વગરની હોય છે.

આ રીતે હાથના આકાર, લંબાઈ, આંગળીઓની લંબાઈ, ટેરવાં, નખ ઈત્યાદિના અવલોકન પરથી માણસના સ્વભાવ અને ચારિત્ર્ય વિષે આપણે

ચાહુ બનાવો એટલી
સહેલાઇથી
પૂરેપૂરી ખાત્રીવાળું
તદ્દન પ્યોર, મધુર
ખુશબોવાળું અને સસ્તું
• હેર ઓઇલ •
બની શકે છે
ફેકત દસ મિનિટમાં
'ખંભાતવાળાની પડી'
થી
• આંબળાં, બ્રાહ્મી કે મેંદીનું તેલ તૈયાર થાય છે •
જાણીતા ગાંધી અને મૂંરૈયાને ત્યાં વેચાય છે

રેખાઓમાં પ્રતિબિંબિત થતી આંતર ચેતનાની શક્યતાઓ

જાણી શકીએ છીએ. એ વ્યવહાર થશે કે ગગનમાં વિહરનાર કવિ નીવડશે તે કહી શકીએ છીએ. પણ ભવિષ્યમાં બનનારા બનાવો કઈ રીતે કહી શકાય? આટલી ઉંમરે એ લગ્ન કરશે કે આટલા વર્ષે તે કમાશે અને કૌટુંબિક જીંદગી શરૂ કરશે, કે અમુક વર્ષની ઉંમરે અમુક અકસ્માત નડશે—એ બધું કઈ રીતે કહી શકાય?

અંગ્રેજીમાં 'પામીસ્ટ્રી' (Palmistry) તરીકે ઓળખાતા વિજ્ઞાન માટે ગુજરાતીમાં તો હસ્તરેખા વિજ્ઞાન શબ્દ જ વપરાય છે; એટલે એ હાથમાંની રેખાઓને લગતું વિજ્ઞાન છે એવો ભ્રામક ખ્યાલ પેદા થાય છે; પણ ખરી રીતે પામીસ્ટ્રીના બે વિભાગ છે: એક 'કીરોગ્નોમી' (Cheirognomy, Cheirhand) એટલે કે હાથના આકાર, આંગળીની જાડાઈ, પાતળાઈ, લંબાઈ, તેનાં ટેરવાં વગેરેના અવલોકન પર બંધાયેલું વિજ્ઞાન; બીજું 'કીરોમન્સી' (Cheiromancy) એટલે કે હાથમાંની નાની મોટી રેખાના અવલોકન પર બંધાયેલું વિજ્ઞાન. કીરોગ્નોમી તો માણસના સ્વભાવ, ગુણો, ચારિત્ર્ય આદિ કહી શકે છે પણ તેથી તેના ભવિષ્ય વિષે કંઈ કહી શકાતું નથી. તેને માટે તો 'કીરોમન્સી'નો જ આશરો લેવો જોઇએ. તે વડે સ્વભાવ વગેરે તો કહી જ શકાય છે પણ તે ઉપરાંત ભવિષ્ય વિષે-પણ આપણે કહી શકીએ છીએ.

એટલે આપણે આગળ જોઈ ગયા તે ચૈતન્ય પ્રવાહીનો સિદ્ધાંત આ શાસ્ત્રને સમજવામાં ઉપયોગી થઈ પડશે. કારણ પહેલી આંગળીમાં દાખલ થયેલું ચૈતન્ય પ્રવાહી બધી રેખાઓમાં ફરી વળે છે જે તેને માટે નાની મોટી નદીઓની ગરજ સારે છે. આ રેખાઓ જ્યારે તૂટે અથવા તેમની વચ્ચે ખરાબ ચિહ્નો આડાઅવળાં હોય ત્યારે એ રીતે પ્રવાહમાં અડચણ આવે છે. અને તેથી તે ભાગ પૂરતું કંઇક જોખમ હોવા માટેની ચેતવણી મળે છે. એથી ઉલટી રીતે કેટલાંક સારાં ચિહ્નો હોય છે. આ ચિહ્નોથી રેખા સંધાતી હોય છે અને તેથી પ્રવાહને વેગ મળતો હોય છે. આ રીતે રેખાઓ દ્વારા ભવિષ્યની સારી નરસી વાતો વિષે આપણે સહેલાઈથી અનુમાનો બાંધી શકીએ છીએ.

વળી આપણે એ જાણીએ છીએ કે મગજ માનવશરીરનો રાજા છે. અને તે પોતાના અધિકારીઓ-જ્ઞાનતંતુઓ-દ્વારા પોતાનો વહીવટ ચલાવે છે. આખા શરીરમાં હથેલીમાં તેના ક્ષેત્રફળના પ્રમાણમાં જ્ઞાનતંતુઓ વધારેમાં વધારે અને ખૂબ વિકસેલ હોય છે. આથી મગજમાં જે કંઈ બને છે તેની અસર હાથમાં પડ્યા વગર રહેતી નથી. આથી હાથમાંની રેખાઓ માણસના સ્વભાવને પ્રતિબિંબિત કરે છે એ સહેલાઈથી સમજી શકાય તેવું છે. માણસના સ્વભાવમાં જેમ ફેરફાર થાય છે તેમ તે અનુસાર રેખાઓમાં પણ ફેરફાર થાય છે એ તો એક સિદ્ધ થયેલી હકીકત છે. આમ હાથમાંની રેખાઓનું સંચાલક માણસનું મગજ છે એમ કહી શકાય.

એમ માનવામાં આવે છે કે માનવચેતનાના બે ભાગ છે. એક બાહ્ય ચેતના, જે માણસની સામાન્ય ભૌતિક પ્રવૃત્તિઓને દોરવાનું કાર્ય કરે છે પણ આ ઉપરાંત એક બીજી આંતરચેતના છે કે જે બાહ્ય ચેતના કરતાં વધારે સૂક્ષ્મ હોઈ બાહ્ય ચેતનાને અવરોધતી મર્યાદાથી મુક્ત છે. બીજમાં જેમ ઝાડ હોય છે તેમ ભવિષ્યમાં બનનારી ઘટનાઓ સૂક્ષ્મ રીતે માનવ ચેતનામાં રહેલી હોય છે. પણ આ બાહ્ય ચેતના તે ઘટનાઓ દેખી શકતી નથી જ્યારે આંતર ચેતના તેમને જોઈ શકે છે. હાથ અને મગજ વચ્ચેનાં વિલક્ષણ સંબંધને કારણે મગજ ભવિષ્યમાં બનનારી આ ઘટનાઓને હાથમાંની રેખાઓમાં પ્રકાશિત કરે છે. આમ ભવિષ્યમાં બનનારી ઘટનાઓ હાથમાંની રેખાઓ, ચિહ્નો, વિ. દ્વારા સૂચિત થઈ શકે છે..

ઈશ્વરના અસ્તિત્વમાં ન માનતો માનવી આ વિષે પણ શંકા લાવે તો નવાઇ નહીં. તેને કદાચ આ ગૂઢ અને

'જીવન-પ્રકાશ' બંધુ મંડળના
સભ્ય બનીને
આજથી જ 'જીવન-પ્રકાશ'
• મફત મેળવો •

વિચિત્ર પણ લાગે. પરંતુ બહારથી ગૂઢ, વિચિત્ર અને કદાચ હાસ્યાસ્પદ લાગે તેવા ઘણા સિદ્ધાંતો આજનું વિજ્ઞાન પણ ક્યાં રજુ નથી કરતું ? અર્વાચીન જગતમાં ક્રાંતિ આણનારા સિદ્ધાંતો—આઇન્સ્ટાઇનનો સાપેક્ષવાદ (Relativity) પ્લાન્કનો, ક્વૉન્ટમવાદ (Quantum theory) અને પરમાણું વિષેના જુદા જુદા સંખ્યાબંધ સિદ્ધાંતો (Theories of atoms) એ બધા શું ગૂઢ અને વિચિત્ર નથી ? સામાન્ય પરિભાષામાં તો એ બધા વાદોને સમજાવવા પણ લગભગ અશક્ય છે, એમ કહી શકાય. પણ તેથી તેમને ખોટા કેમ કહી શકાય ?

એ જ રીતે આ વિજ્ઞાન પણ જે સિદ્ધાંતો પર રચાયેલું છે તે ગૂઢ અને વિચિત્ર લાગવા છતાં સાચું હોઇ શકે છે.

આમ છતાં ય આપણે એટલું તો સ્વીકારવું જોઇએ કે એ સિદ્ધાંતો પૂરતા સ્પષ્ટ અને સંતોષકારક તો નથી જ. એ વિષે ખૂબ શોધખોળને સ્થાન છે. એમની જગ્યાએ બીજા વધારે સંતોષકારક સિદ્ધાંતો પણ શોધી શકાય. આ અંગે ખૂબ પ્રયોગ અને સંશોધનની જરૂર ઊભી જ છે.

ભૌતિક વિજ્ઞાન જેવા ખૂબ ખેડાયેલા વિજ્ઞાનમાં પણ કેટલીક વાર સાચા માનવામાં આવેલા સિદ્ધાંતો બીલકુલ ખોટા નીકળે છે, એ તો વિજ્ઞાનનો દરેક વિદ્યાર્થી જાણે છે. દા. ત. ઉષ્ણતા માટેનો કેલોરીક સિદ્ધાંત (Caloric theory). ઇથરનો સિદ્ધાંત (Ether theory). આમાં ઇથર વિષે તો કેટલાંયે વર્ષો સુધી તે સિદ્ધાંતનો સ્વીકાર કર્યા પછી પણ વૈજ્ઞાનિકો ઇથરના સ્વરૂપ વિષે પણ નિર્ણય પર આવી શક્યા ન હતા. તે ઘન છે, પ્રવાહી છે કે મુરબ્બા જેવું કંઇક છે એવી અનેક સૂચનાઓ થયા કરતી. અને કેટલાક તો તે વસ્તુ (*Matter*) છે, પણ વસ્તુના સર્વ ગુણોથી રહિત છે એમ પણ કહેતા. એ જ પ્રમાણે પ્રકાશનું પ્રસરણ મોજાંઓથી થાય છે કે કટકે કટકે (Quantum) એ વિષે હજુ પણ વૈજ્ઞાનિકો નિર્ણય નથી કરી શક્યા. અને સામાન્ય રીતે એ બન્ને મત એકબીજાથી વિરૂદ્ધ છે તેમ કહી શકાય. એવા સિદ્ધાંતોને સાચા માનવામાં આવે છે ! જીવનશાસ્ત્ર (Biology) જેવા ખૂબ ખેડાયેલા વિજ્ઞાનમાં પણ જીવન ક્યાંથી અને કેવી રીતે શરૂ થયું તે નક્કી નથી કરી શકાયું. ડાર્વિને ઉત્ક્રાંતિવાદ (Theory of evolution) શોધ્યો પણ જીવન (Protoplasm) ક્યાંથી શરૂ થયું એ શોધી શક્યો ન હતો અને ત્યાર પછીના વૈજ્ઞાનિકો પણ હજી એ વિષે કંઇ નક્કી કરી શક્યા નથી. આ દુનિયામાં કોઇ એક જગ્યાએ ખૂબ સૂક્ષ્મ એવું જીવન જાગ્યું હતું એમ માનીને જ આગળ ધપવું પડે છે. પણ આથી કોઇ એ વિજ્ઞાનને અવિશ્વાસને પાત્ર ઠરાવી શકીએ નહીં. સાચી વાત તો એ છે કે ઘણા પ્રશ્નોના જવાબ આપવા કઠિન છે. નિહારિકા ક્યાંથી પેદા થઇ? જે કાંઇ વસ્તુ છે તેનો સર્જનહાર તો હશે ને ? તો એ સર્જનહારનો સર્જનહાર કોણ ? આમ અવિરતપણે પ્રશ્ન પૂછ્યે જ જઇએ તો પણ કંઈ જવાબ મળે તેમ નથી. માનવીના મૃત્યુ વિષે પણ શું છે ? 'જન્મે તે મરે' તેમ આપણે કહીએ છીએ. એની ઉત્પત્તિ વિશે આપણને કંઈ જ ખ્યાલ નથી. બંનાને થયેલા અનુભવના નિચોડ પરથી આપણે એ સત્યને તારવી

પુષ્પા કોર્ડીઅલ

બહેનો ! પ્રદર, લોહીવા, અનિયમિત અટકાવ, ગર્ભ ન રહેવો, ગર્ભ રહી સવી જવો, કસુવાવડ, હીસ્ટીરીઆ, કોઠે રતવા, પ્રસવ સમયે પીડાવું, ધાવણની અછત, ઊંઘ ન આવવી, ઉણકા, અમૂંઝણ વગેરે દર્દો મટાડી શક્તિ આપનાર પુષ્પા કોર્ડીઅલ જ વાપરો. ત્રણ બાટલી પીવાથી સંપૂર્ણ આરામ આપે છે.

—દરેક દવાવાળા તથા ગાંધીઓ—

● વેચે છે ●

જથ્થાબંધ માટે લખો:

કમલ પ્રોડક્ટસ • નડિયાદ

ખૂબ ખૂબ ખેડાયેલું તબીબી વિજ્ઞાન પણ ક્યાં ભૂલો નથી કરતું ?

કાઢ્યું છે. વળી મૃત્યુ પામેલ માનવી જીવતો જ ન થઈ શકે તેમ આપણે માનીએ છીએ. જ્યારે રશિયામાં પ્રોફેસર વ્લેડીમીર એ. નગોવ્સ્કીએ દસ મૃત્યુ પામેલા માણસોને જીવતા કરેલાં તેમાંથી ચાર જીવતા થઈને મરી ગયેલાં, જ્યારે બાકીનાં ૭ જીવી શકેલાં અને ત્યારથી આશા બંધાઈ છે કે માણસના મૃત્યુ પછી ૭ મિનિટ પહેલાં તેના ઉપર શસ્ત્રક્રિયા કરવામાં આવે તો ફરીથી પાછો જીવતો થઈ શકશે. આમ વિજ્ઞાન આજે કૂદકે ને ભૂસકે આગળ ધપી રહ્યું છે.

જ્યારે હસ્તરેખા વિજ્ઞાન પર પૂરતું ધ્યાન અપાયું નથી. અને એ મૃત્યુની માફક દાખલાઓ જોઈને જ તેનાં સત્યો તારવી કાઢ્યાં છે. છતાં અનેકવાર શેરો તથા બીજા નિષ્ણાતોએ અકસ્માત, મૃત્યુ, લગ્નજીવન, આર્થિક સ્થિતિ વિ. બાબત પર ચોક્કસ અનુમાનો કરેલાં, જે બધાં સાચાં પડેલાં તે સુપ્રસિદ્ધ છે. આ વિજ્ઞાનનો જાણકાર પણ જીવનમાં ખૂબ જ ઊંડી અસર પાડનારા ભૂત અને ભવિષ્યના બનાવો વિષે ચોક્કસપણે કહી શકે છે. એટલે આ રીતે આ શાસ્ત્ર સાચું છે તેમ માનવું જોઈએ.

છતાં આ શાસ્ત્રને આધારે કહેવાયેલી હકીકતો ખોટી પણ પડે છે એમ કોઈ કહી શકે. આનું મુખ્ય કારણ તો આ શાસ્ત્રથી અજ્ઞાન પણ તેને નામે ચરી ખાનારા ધંધાદારી હાથ જોનારાઓ હોય છે તે આપણે બીજા પ્રકરણમાં જોઈ ગયા છીએ. વળી આ શાસ્ત્ર એટલું બધું કઠિન છે કે તેના જાણકાર પણ કેટલીક વાર જોવામાં પૂરતા સાવચેત ન રહે તો ખોટાં અનુમાનો બાંધી દે તેવો સંભવ છે.

આપણને બધાને ક્યાં અનુભવ નથી કે એક જ રોગ માટે જુદા જુદા ડૉક્ટરોનો અભિપ્રાય ભિન્ન આવે છે. અને ઘણીવાર તો આપણને હાસ્યજનક લાગે તેવાં અનુમાનો એ લોકો બાંધતાં હોય છે. તબીબી વિજ્ઞાન (Medical science) તો ખરી રીતે ખૂબ ખેડાયેલું વિજ્ઞાન છે. છતાંય તેના નિષ્ણાતો–ડૉક્ટરો–ઘણી વાર ગંભીર ભૂલો ક્યાં નથી કરતા? અને દરેક ડૉક્ટર એક જ રોગ માટે ઘણી વાર જુદી જુદી દવા પણ સૂચવતા હોય છે. શેરો એક દરદીનો દાખલો આપે છે, જેણે લંડન શહેરના સૌથી વધુ પ્રખ્યાત એવા નિષ્ણાત ડૉક્ટરોને હાથે પોતાની તપાસ કરાવી અને સાતે ડૉક્ટરોએ સાત જુદા જ રોગ હોવાનું કહ્યું અને દરેકે બિલકુલ જુદી જ દવા લેવા સૂચવ્યું. આ ડૉક્ટરો પાસે તો એક ખૂબ ખેડાયેલું અને આગળ વધેલું વિજ્ઞાન છે. તેમની પાસે અનેક સાધનો પણ હોય છે. અને પ્રશ્ન પૂછીને પણ અમુક ચોક્કસ નિર્ણય પર આવી શકે છે. જ્યારે હસ્તરેખા શાસ્ત્રના નિષ્ણાત પાસે આમાંનું કશું જ હોતું નથી. તે તો કંઈ જ પૂછ્યા વગર માત્ર હાથના અવલોકન ઉપરથી જ માણસના સ્વભાવ, ગુણદોષ, તેનો ભૂતકાળ, તેની શરીરસંપત્તિ, આર્થિક સ્થિતિ, લગ્ન, સંતાનો, અકસ્માત વિ. ઉપરાંત ભવિષ્યના બનાવો વિષે પણ અનુમાનો દોરે છે. આમાંથી કોઈક વાર ભૂલ થાય તો તેથી આ વિજ્ઞાનને ખોટું માની લેવું તે વધારે પડતું નથી?

ઘણા ડૉક્ટરો પોતાની ભૂલને લીધે દરદીના જાનને જોખમમાં પણ મૂકી દેતા હોય છે. આથી આપણે તબીબી વિજ્ઞાનને ખોટું નથી ગણતા, ગણી શકીએ પણ નહીં. તદુપરાંત લોકોની શ્રદ્ધા તો ઉલટાની દિનપ્રતિદિન તેના ઉપર વધતી જ જાય છે અને તેથી જ તેમાં સંશોધન થયે જ જાય છે અને છેલ્લે મરેલાં માનવીને પાછો સજીવન કરી શકાય ત્યાં સુધી એ આગળ વધી શક્યું છે. જ્યારે હસ્તરેખા વિજ્ઞાન પર હજી જનતાએ જોઈએ તેટલું ધ્યાન આપ્યું નથી; તેમ જ તેમાં રસ પણ બતાવ્યો નથી; એટલે તેમાંથી જે સુંદર પરિણામ આવવાનો સંભવ છે તે આવી શક્યું નથી. અત્યાર સુધી તો આપણા વડવાઓએ આ વિજ્ઞાન પર રચેલ ગ્રંથોનો આધાર લઈને જ આપણે આપણું ગાડું ગબડાવે રાખ્યું છે. પણ જો તેની પાછળ બુદ્ધિશાળી અને સંશોધનની વૃત્તિવાળા લોકો પોતાની શક્તિ ખર્ચે તો આ વિજ્ઞાન પણ ખૂબ વિકસી શકે તેમ છે અને તેમાંથી લોકોને ઉપયોગી થઈ શકે તેવા અણધાર્યાં પરિણામો નીપજી શકે તેમ છે; એટલે ખરી રીતે લોકોએ તેને એક ધતીંગ અગર તૂત માનવાને બદલે તેમાં ખૂબ રસ લઈને તેને આગળ ધપાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

[ક્રમશઃ]

અમારા નામની તથા કામની નકલ કરનારાઓથી સાવચેત રહો

અમારી ઓફીસ રાજકોટ સીવાય બીજે કયાંય નથી.

"જે પુજે વીસા ઉસ્કો કયા કરે જુગદીશા"

"સકલ પદારથ હૈ જગમાંહીં કર્મહીન નર પાવત નાહીં"

જ્યારે ગ્રહદશા નબળી હોય ત્યારે નિર્માલ્ય મનુષ્ય પણ તમારૂં અપમાન કરી શકશે અને કરેલા પુરૂષાર્થ નિષ્ફળ જશે. ચારે બાજુ અંધકાર દેખાશે, નાણાંની બરબાદી થશે. બહુ વિચારીને કરેલા કાર્યમાં પણ નિષ્ફળતા મળશે. સ્ત્રી અને સંતાન પણ તમારાં વિરોધી બનશે અને કુટુંબ અને સ્નેહી મિત્રો જ તમારી ઘોર ખોદશે. જે કામમાં હાથ નાખશો તેમાં પાછા પડશો. જ્યાં જાવ ત્યાં વિશ્વાસે ઠગાશો અને સમસ્ત દુનિયા તમારી વિરૂદ્ધ દેખાય ત્યારે સમજવું કે તમારૂં દિનમાન નબળું છે, અને એ દિનમાનને અનુકૂળ કરવા દૈવીશક્તિ સિવાય બીજી કોઈ તાકાત નથી. પુન્યે પાપ ઠેલાય એ હિસાબે મંત્રશાસ્ત્રની સહાયથી પ્રાર્થનાપૂર્વક જગતના તારણહાર પરમકૃપાળુ પરમાત્માની સહાય અને કૃપા મેળવી દુઃખરૂપી દરીયામાંથી બચવા પ્રયત્ન કરવો એજ એક ઉપાય ડુબતા મનુષ્યને તારનાર છે. કોઈ પણ અદશ્ય શક્તિ તમારી ઉન્નતિના માર્ગમાં અડચણકર્તા છે. અને તે તમારો પુરૂષાર્થ પાછો પાડે છે અને જે કોઇ વસ્તુ ઇચ્છાપૂર્વક કરો તેમાં સહાયને બદલે વિઘ્નો ઉત્પન્ન કરે અને રોગ-નિવારણને માટે દવા લેતાં રોગ વધે અને તમારી દરેક આશા કે અભિલાષા પાર પાડવામાં વિઘ્નો થતાં હોય અને કોઈ ધાર્યું કામ થતું ન હોય ત્યારે તમારે સમજવું જોઇએ કે કુદરત તમારાથી વિરૂદ્ધ છે અને એ પ્રતિકૂળ કુદરતને સાનુકૂળ કરવા માટે અને સંસારનાં દુઃખ-દારીદ્રનો નાશ કરવા માટે અનંત શક્તિ ધરાવનાર અને સુખ અને સમૃદ્ધિની કામધેનુ રૂપ-

નવગ્રહશાંતિ વિસાયંત્રની સહાય લ્યો. તે તમારા નબળા ગ્રહોને શાંત કરી ભાગ્યનો ઉદય કરશે.

સ્ત્રી અને સંતાનના સુખમાં વૃદ્ધિ કરશે, તમારા કટ્ટર શત્રુઓને દૂર કરશે, વેપાર ધંધામાં બરકત આપી, કરજદારીમાંથી મુક્ત કરશે અને જાદુ, ટોણાં, ભૂત, પીશાચ કે મેલી વિદ્યાથી બચાવ કરશે. ઉપરાંત મનપસંદ લગ્ન કરી, સ્ત્રીપુરૂષમાં અજબ પ્રેમ ઉત્પન્ન કરે છે અને ગમે તેવી ભયંકર બીમારીમાંથી બચાવે છે અને કોર્ટના કેસોમાં ફત્તેહ અપાવે છે. ઉપરાંત કોઈપણ વ્યક્તિને તે યંત્રની સહાયથી વશ કરી શકાય છે. આવું અનંત શક્તિ

ધરાવનાર સિદ્ધિયંત્ર હોવા છતાં પણ તેની ફી માત્ર જાહેરાત ખર્ચ પૂરતી સવાસો રૂપિઆ (પરદેશ માટે દસ પાઉંડ) રાખેલ છે અને તાત્કાલીક વીજળી વેગે અસર કરે તેવું સ્પેશ્યલ યંત્ર બસો એકાવન રૂપિઆ (પરદેશ માટે એકવીસ પાઉન્ડ) માં એ બનાવી આપીએ છીએ. વી પી. થી મોકલવામાં આવશે નહિ. પત્રવ્યવહાર તદ્દન ખાનગી રહે છે. એટલું યાદ રાખો કે પૈસાના જોરે જ જો ભવિષ્ય બદલી શકાતું હોત તો શ્રીમંતો કોઇ દુઃખી ન હોત, પરંતુ તેમ નથી. હુન્નર કરો હજાર પણ ભાગ્ય વિના મળે નહિ કોડી. માટે તમારા ભાગ્યમાં શુભ પરિવર્તન લખેલ હોય ત્યારે જ તમોને ધર્મ અને દેવ પ્રત્યે શ્રદ્ધા બેસે અને તમારા હાથથી કોઇ શુભ કામ થાય, અન્યથા અનેક પ્રકારની શંકાઓ ઉત્પન્ન થાય અને શંકાશીલ મનુષ્ય ક્યારેક હીરાને પત્થર સમજી ગુમાવી બેસે છે. ગંગામાં કેટલુંએ નરક પડે છે તેથી ગંગાનું માહાત્મ્ય ઓછું થતું નથી તેમ હાલમાં જ્યાં ત્યાં ભાજી–મુળાની પેઠે થોકબંધ યંત્રો મામુલી કિમતે વેચાય છે અને તેની નિષ્ફળ અસરને કારણે લોકોની શ્રદ્ધાનો નાશ થવા માંડયો છે, છતાં પણ સોનું કદી રૂપીએ શેર મળે જ નહિ. તેમ સાચી સચોટ અને અસરકારક વસ્તુ કદી ઓછે ખર્ચે થઇ શકે જ નહિ. સસ્તી વસ્તુ સરવાળે મોંઘી જ પડે છે. સૂર્યને હાથમાં દીવો લઈને જોવાની જરૂર પડે તો જ વિસાયંત્રની શક્તિની કસોટી કરવાની જરૂર પડે. આપણી પ્રાચીન વિદ્યાઓનો પુનરૂદ્ધાર કરનાર હીન્દભરમાં આ પહેલી જ સંસ્થા છે. સિદ્ધ પુરૂષોની સિદ્ધિઓના શુભ અનુભવો લેવા હોય તો લખો નવચેતન જ્યોતિષ કાર્યાલયમાં કે જ્યાં જ્યોતિષના દરેક કામ ઉપરાંત મંત્રશક્તિથી ગમે તેવું કઠીન કાર્ય સરળ થઈ શકે છે, તાકીદે લખોઃ—

હિન્દનું એક જ અને અજોડ પુરવાર થઇ ચૂકેલ
જ્યોતિષ વિદ્યાનું પાયોનીયર મથક

નવચેતન જ્યોતિષ કાર્યાલય (રજીસ્ટર્ડ)

'જ્યોતિષરત્નં' | 'દૈવજ્ઞભુષણ'

રાજજ્યોતિષી શીવલાલ વી. ખીરા

એસ્ટ્રોલોજર અને પામીસ્ટ,

ઠે. પ્રહલાદ પ્લોટ, શેરી નં. ૩૧, ખીરા નિવાસ : રાજકોટ, (કાઠીયાવાડ).

નોટ : બહારગામના ગ્રાહકોએ પત્ર લખવાના ટાઇમ સાથે ચાલુ ઉમર જણાવી લખવું, સાથે જો બની શકે તો જમણા હાથના પંજાની છાપ પાડીને મોકલવી. જીંદગીનું સંપૂર્ણ બયાન લખી આપવાની ફી રૂા. ૧૧ અગ્યાર. પરદેશ માટે પાઉન્ડ એક. જીંદગીનો ખાસ હેવાલ (Special life reading) લખી આપવાની ફી રૂા. ૨૫ પચીસ, પરદેશ માટે બે પાઉન્ડ. ત્રણ પ્રશ્નોનો ચાર્જ ટપાલ ખર્ચ સાથે રૂા. સાડાપાંચ. પરદેશ માટે શીલીંગ અગ્યાર. ત્રણ સવાલથી ઓછા સવાલ સ્વીકારાશે નહિ. ફી મનીઓર્ડર અથવા પોસ્ટલ ઓર્ડરથી મોકલવી. વી. પી. થી કોઈ કામ મોકલતા નથી. પત્રવ્યવહાર તદ્દન ખાનગી રહે છે. વધુ વિગત માટે દોઢ આનાની ટીકીટ બીડી અમારું સૂચિપત્ર મફત મંગાવો.

આપણું આદ્યસાધન શરીર

લેખક : શ્રી. સવાઈલાલ ઈ. પંડ્યા

આપણી કેળવણી તો પૂરી થઈ છે એમ આપણે માનીએ છીએ પણ આપણાં બાળકોની કેળવણી વિષે આપણે કંઈક અંશે સચિંત છીએ ખરા. તેથી કેળવણી વિષે થોડો વિચાર કરવો જરૂરી છે.

અન્યના સુખને બાધ કર્યા વગર જીવનમાંથી સુખ મેળવવાની માનવ વ્યવસ્થા એનું નામ ધર્મ. એ ધર્મને અનુકૂળ પોતાનો જીવનક્રમ ગોઠવવાની તાલીમ એનું નામ કેળવણી. એ કેળવણી શા માટે અને કોની? એ પ્રશ્નનો ઉત્તર આપ્યા પહેલાં જોઈએ કે જીવનની ગાડીમાં બેઠેલા દરેક મુસાફરનો કયે સ્ટેશને ઉતરવાનો વિચાર છે. એમાં કેટલાક પાન્થો તો ઘસઘસાટ ઉંઘે છે તે કોણ જાણે કયે સ્ટેશને ઉતરવાના હશે! પણ જાગ્રત પથિકોને પૂછતાં બધા એક જ સ્ટેશને ઉતરવા માગે છે. સૌને સુખને સ્ટેશને પહોંચવું છે. પણ જોજો બધાંએ સાચી ટિકીટ તો લીધી છે ને? નહિ તો ટિકિટ ચેકર આવીને અધવચ જ ઉતારી મૂકશે. કેસ કરીને ડબલ ચાર્જ ન કરે તો નસીબદાર! એ ટિકિટ લેવાની છે તપની. કોઈ પણ પ્રકારનું સુખ જુવો. એને માટે અમુક ક્લેશ વેઠ્યા વગર, અમુક આયાસ કર્યા વગર પ્રાપ્ત થવું દુર્લભ છે. એ અનિવાર્ય તપ માટે જાતને તૈયાર કરવા માટે કેળવણી છે. એ તપમાં પણ આનંદ જોઈ શકવા માટે કેળવણી છે.

પાર્વતીની પરીક્ષા કરવા આવેલા શંકરના મુખમાં કવિકુલગુરૂ કાલિદાસે આ ઉચિત શબ્દો મૂકયા છે કે "નિજની શક્તિ પ્રમાણે તપમાં પ્રવર્તો છો ને? પહેલું ખરૂં ધર્મ સાધન શરીર છે." ધ્યેયની સિદ્ધિ અર્થે તપ જરૂરી ખરૂં પણ એ પોતાની શક્તિ અનુસાર કરવું ઘટે. પોતાની શક્તિની મર્યાદા વટાવી જનારૂં હઠથી કરાતું તપ અનિષ્ટ છે. કોઈ ડાહ્યો કારીગર પોતાના સાધનનો નાશ નહિ કરે. શરીર આપણું પહેલું અને ઉત્તમ સાધન છે. એને હાનિ પહોંચે એ રીતનો ધ્યેયસિદ્ધિ માટેનો આયાસ ઇચ્છવા યોગ્ય નથી. પ્રથમ નજરે જોતાં જ માનવી માત્ર, પ્રાણી માત્ર શરીર છે. આપણે આપણા મિત્રોને-સ્વજનોને ઓળખીએ છીએ એમના શરીરોથી. એમના મન સાથેના સંપર્કથી ઊઠતી એમના સૂક્ષ્મ વ્યક્તિત્વની છાપ તો પાછળની નિપજ છે. શરીર એ જ વ્યક્તિ એ છાપ એવી દૃઢ રીતે પડેલી છે એટલેજ શરીરનો નાશ એટલે સર્વનાશ માનીએ છીએ.

શરીર એ ભલે આપણું સર્વસ્વ ન રહ્યું. કોઈક સંયોગોમાં તો એની ઉપેક્ષા કરીને પણ આપણે

ગુમડાં, ખસ, ખુજલી, ખરજવું, દાદર વગેરે ચામડીનાં દર્દો માટે અકસીર મલમ

• રૂઝ-જા-ઓઈન્ટમેન્ટ •

કિંમત એક શીશીના આઠ આના. ડઝનના રૂા. ૫

દુગ્ધાનુપાન ફાર્મસી, જામનગર

• કમલ આઈડ્રોપ્સ •

આ દવા ચોટી ગયેલી આંખ, ફુલિત આંખ, લાલ, પાણી દદડતી આંખને સારી કરે છે. આંખને ઠંડક આપી તેજ વધારે છે.

અર્થસિદ્ધિ માટે મથીએ છીએ. રણક્ષેત્રમાં યોદ્ધો શરીરના રક્ષણની અવગણના કરીને યશપ્રાપ્તિ માટે ઝૂઝે છે. જીવનનાં કેટલાંક ક્ષેત્રોમાં પોતે શરીરધારી છે એ વાત ભૂલીને મનુષ્ય પોતાના કાર્યમાં તન્મય થઈને સિદ્ધિ માટે અવિરત પ્રયત્ન કર્યે જાય છે. એટલે શરીરમાં જ મનુષ્ય પૂરો થઇ જતો નથી, છતાં શરીર એનું એક અતિ અગત્યનું સાધન છે. એને ધ્યેયે પહોંચાડનારું વાહન છે. તેથી જ પ્રાચીનોએ શરીરને રથનું રૂપક આપ્યું છે. રથ સુદૃઢ હોય તો લાંબો પંથ કાપીને ધારેલા પુરના મહાલય સુધી પહોંચાડે. માટે ડાહ્યા માલિકનો રથ ક્યારેય ઉપેક્ષિત ન હોય. એને હાંકનાર સારથિને એણે સંતુષ્ટ રાખ્યો હોય. રાજમાર્ગ ઉપર ચાલ્યા જતા રથથી જ સાધારણ જનો જાણે છે કે રાજાજી જાય છે. સ્પષ્ટ દેખાતાં રાજચિહ્નો વિનાનો રાજા ટોળામાં ચાલ્યો જતો હોય તો અણપિછાન્યો રહે, ઉચિત માન ન પણ પામે. શરીરની સુંદરતા અને કાર્યક્ષમતા વધારવી એ કેળવણીનું પહેલું કર્તવ્ય.

કેળવણીની પ્રક્રિયા તો મનુષ્ય ઉપર જીંદગીભર ચાલતી રહે છે અને એને ઘાટ આપ્યા કરે છે. પરંતુ એ ક્રિયા પૂરવેગમાં કામ તો પહેલી પચીશીમાં જ કરે છે. જેમ પ્રાણી વિકાસમાં ઉંચા દરજ્જાનું એમ એનો કેળવણી લેવાનો સમયનો ગાળો લાંબો. એક વાછરું જન્મે કે તુરત ઊભું થાય અને બે-ત્રણ અઠવાડિયામાં તો પગભર થઈ ગએલું યે લાગે. પોતાની ખપજોગી સંભાળ એ લઈ શકે. માનવબાળક લાંબો સમય સુધી અસહાય જેવું લાગે અને એને માટે કેળવણીનો મનુષ્યે ઠરાવેલો સમય પણ લાંબો. એ યોગ્ય જ છે કે એ કાર્ય કરવા પૂરતો સમર્થ થઈને જ જીવનક્ષેત્રમાં પ્રવેશે. અપક્વ તાલીમવાળા યોદ્ધાને રણભૂમિમાં ઉતાર્યો હોય તો કેવોક અર્થ સારે?

મનુષ્ય એની સિદ્ધિ તપથી જીતે. તપમાં પ્રવૃત્તિ પોતાની શક્તિ અનુસાર હોવી જોઈએ. સિદ્ધિ મેળવવાનાં મનુષ્યને મળેલાં સાધનોમાં શરીરનું સ્થાન પહેલું. એ આદ્ય સાધનની કાર્યકરતા વધારવી એ કેળવણીની ઈમારતોનો પહેલો મજલો.

યશછાપ બ્રાહ્મી

સો... એ... સો ટકાની ખાત્રીવાળું

● શાસ્ત્રોક્ત રીતે ખાસ ભઠ્ઠીથી બનાવ્યું છે ●

એટલે ખરી પડતા વાળને અટકાવી કાળા, સુંવાળા,

ભરાઉ અને ગુચ્છાદાર બનાવે છે

તેમ જ

મગજની નબળાઇ, માથાનો દુખાવો, વેગ વગેરે અનેક દર્દોમાં ફાયદો આપે છે

જાણીતા ગાંધી સરૈયા અને દવાવાળાને ત્યાં વેચાય છે

—જથ્થાબંધ માટે લખો—

એમ. એમ. ખંભાતવાળા, આકા શેઠની પોળ, અમદાવાદ

પેલ્યુડ્રિન

લેખક :
શ્રી. કાન્તિલાલ શાહ

લડાઇઓથી જગતને જે અપાર નુકસાન થાય છે તેની સામે મૂકી શકાય એવો કંઈ પણ ફાયદો હોય તો તે એ કે લડાઇ દરમિયાન વૈજ્ઞાનિક શોધખોળને પુષ્કળ વેગ મળે છે. ગઈ લડાઇમાં (૧૯૧૪–૧૮) અનેક સૈનિકો મેલેરિયાનો ભોગ બન્યા હતો. તે વખતે મેલેરિયાનો એક માત્ર ઉપાય ક્વીનીન હતું. ક્વીનીનનો જથ્થો તે વખતે મિત્રરાજ્યો પાસે હતો. પરિણામે જર્મનીને બહુ સોસવું પડ્યું હતું. પરંતુ જર્મન વૈજ્ઞાનિકો ત્યારથી ક્વીનીનની અવેજીમાં વાપરી શકાય એવું નવું ઔષધ શોધવા પાછળ પડ્યા હતા. પહેલાં એ લોકોએ પ્લાઝમોક્વીન શોધી કાઢ્યું, અને પાછળથી એટેબ્રિન.

આ લડાઈ દરમિયાન ક્વીનીનનો જથ્થો શત્રુઓના હાથમાં ગયો. એટેબ્રિનની બનાવટ જર્મનમાં જ થતી હતી. પરંતુ અમેરિકન અને અંગ્રેજ વિજ્ઞાનીઓ એના રહસ્ય પાછળ પડ્યા અને એ ઔષધ બનાવવામાં કૃત્તેહમંદ થયા. એમણે આ દવાનું નામ મેપેક્રીન પાડ્યું. કરોડો ટીકડીઓ બનાવી લશ્કરના ઉપયોગ માટે આ લોકો મોકલતા ગયા. પરિણામે લડાઈના મેદાન પર સૈનિકો મેલેરિયા સામે ટક્કર લઈ શક્યા અને લશ્કરનું સ્વાસ્થ્ય જળવાઈ રહ્યું. પાછળથી પ્રજાને પણ આ ટીકડીઓ મળવા લાગી અને હાલ તો જોઇએ એટલી મળી શકે છે. વળી એની કિંમતમાં પણ ઘણો ઘટાડો થઇ ગયો છે.

પરંતુ શોધકો તો પોતાનું કામ કર્યે જ જતા હતા. ઇમ્પીરિયલ કેમીકલ ઇન્ડસ્ટ્રીઝ (આઇ. સી. આઈ) ના વિજ્ઞાનીઓ છેક ૧૯૪૨થી નવા નવા અખતરા કરતા હતા અને નવાં નવાં મેલેરિયા-નિવારક ઔષધો બનાવતા હતા. આમાંની ઘણી બનાવટો પૂરતી અસરકારક ન હોવાથી પડતી મૂકવી પડી હતી. પરંતુ ૧૯૪૪માં રોઝ અને કર્ડ (Rose and Curd) નામના બે રસાયણશાસ્ત્રીઓએ બે નવાં દ્રવ્યો બનાવ્યાં, જે ઘણાં આશાસ્પદ માલુમ પડયાં. પહેલાં તો આ દ્રવ્યોને પક્ષીઓના મેલેરિયા ઉપર અજમાવવામાં આવ્યાં. આ પ્રયોગ ડૉ. ડેવી [Davey] એ હાથમાં લીધો હતો. પ્રયોગ સફળ થયો. વળી એમ પણ માલુમ પડ્યું કે આ બે દ્રવ્યો (જેનાં નામ M 4318 અને M 4888 હતાં) માંથી એક—M 4888–વધારે અસરકારક હતું, એટલે આ એકના ઉપર જ બધું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું.

પક્ષીઓમાં થતો મેલેરિયા કોઇ દવાથી મટે, તેથી એ દવા માણસોમાં પણ અસરકારક નીવડે જ એવો કોઈ નિયમ નથી. આથી ફરીને લિવરપુલની સ્કૂલ ઓવ્ ટ્રોપીકલ મેડિસિનમાં મનુષ્યો પર પ્રયોગ કરવાનું ઠર્યું; અને વધારામાં બ્રિગેડિયર હેમીલ્ટન ફેરલીની દેખરેખ નીચે ઑસ્ટ્રેલિયામાં પણ સેંકડો દરદીઓ પર આ દવા અજમાવવામાં આવી. પ્રયોગને અંતે માલુમ પડ્યું કે આ દવા અત્યાર સુધીમાં શોધાયલાં મેલેરિયા-નિવારક ઔષધોમાં સૌથી શ્રેષ્ઠ છે.

આ દવાનું નામ પેલ્યુડ્રિન પાડવામાં આવ્યું.

ક્વીનીન અને મેપેક્રીન કરતાં પેલ્યુડ્રિન કઇ રીતે શ્રેષ્ઠ છે?

જીવલેણ મેલેરીઆનું રામબાણ ઔષધ : યુદ્ધે જગતને આપેલી એક નવીન ને અમૂલ્ય ભેટ

મેલેરિયા ત્રણ જાતના છે : મેલીગનન્ટ ટર્શીઅન મેલેરિયા અગર ઝેરી અથવા જીવલેણ મેલેરિયા; બિનાઇન ટર્શીઅન અને ક્વેર્ટન (ચોથિયો તાવ). આમાં ઝેરી મેલેરિયા ઉપર પેલ્યુડ્રિન બહુ અસરકારક માલૂમ પડ્યું છે. ઘણા સૈનિકોને રોજ પેલ્યુડ્રિનની એકેક ટીકડી આપવામાં આવી અને સાથે સાથે મેલેરિયાવાળા. મચ્છરો પણ એમને કરડાવવામાં આવ્યા. બાસઠ દિવસ સુધી આ પ્રમાણે કર્યું. પરંતુ એક પણ સૈનિકને ન તો તાવ આવ્યો કે ન તો એના લોહીમાં મેલેરિયાનાં જંતુઓ માલુમ પડ્યાં. પેલ્યુડ્રિન આપવાનું બંધ કર્યા બાદ લગભગ મહિના પછી કેટલાક સૈનિકોને તાવ આવ્યો. આ તાવ બિનાઈન ટર્શીયન મેલેરિયા હતો. પરંતુ મેલીગનન્ટ ટર્શીયન તાવ કોઈને પણ ન આવ્યો. અર્થાત્ મેલિગ્નન્ટ ટર્શીયન મેલેરિયાની પેલ્યુડ્રિન એ રામબાણ દવા છે, એટલે જેને Causal prophylactic કહે છે તેવું ઔષધ છે. મચ્છર કરડવાથી લોહીમાં મેલેરિયાનાં જંતુ દાખલ થાય કે તરતજ પેલ્યુડ્રીન તેમનો નાશ કરે છે. આ ગુણ ક્વીનીન કે મેપેક્રીનમાં નથી. બિનાઈન ટર્શીયન જંતુઓ ઉપર તો પેલ્યુડ્રીનની પણ આવી અસર નથી. જ્યાં સુધી પેલ્યુડ્રીન લઈએ ત્યાં સુધી તાવ ન જણાય; પરંતુ બંધ કરીએ કે થોડા દિવસ બાદ ઊપડી આવે.

તાવ લાગુ પડ્યા પછી એને રોકવા માટે પેલ્યુડ્રીન વધારે ઉપયોગી હોય એમ જણાતું નથી. હેમીલ્ટન ફેરલી કહે છે કે પેલ્યુડ્રીનથી નીપજતાં પરિણામ મેપેક્રીન કે ક્વીનીન જેટલાં જ સારાં-ખાસ વિશેષ નહિ-હોય છે : 'Comparable to, but in no way superior to, those obtained with proper doses of quinine or mepacrine."

પેલ્યુડ્રિન લેવાની વિધિ તથા એનું પ્રમાણ શું? અત્યારે બજારમાં માત્ર આઈ. સી. આઈ.ની બનાવટની ગોળીઓ જ મળે છે. આ દરેક ગોળીમાં ૦. ૧ ગ્રામ અથવા દોઢ ગ્રેન પેલ્યુડ્રિન હોય છે. ઓસ્ટ્રેલિયામાં જે પ્રયોગ થયો તેમાં રોજની ત્રણ ગોળીઓ દસ દિવસ સુધી આપવામાં આવી હતી. આ રીતે આપવાથી ૧૦૫ દરદીમાંથી ૧૦૫ ને ઝેરી મેલેરિયા મટી ગયો હતો. બિનાઇન ટર્શીયન મેલેરિયામાં આટલું સારું પરિણામ નહોતું આવ્યું. એ જંતુઓ જણાય તો લગભગ ૨૧ દિવસ સુધી ગોળીઓ આપવાની ભલામણ કરવામાં આવે છે. પરંતુ આ તો રોગને મૂળમાંથી કાઢવાની દૃષ્ટિએ કહ્યું. મેલિગ્નન્ટ ટર્શિયન મેલેરિયા તો ઘણું કરીને ઊથલો ખાતો જ નથી, અને બિનાઇન ટર્શિયનના ઊથલા અટકાવવા માટે અઠવાડિએ એક કે બે ગોળી લેવાનું પૂરતું છે. આથી કરીને તાવ દરમિયાન ત્રણ કે ચાર દિવસ રોજની ત્રણ ગોળી લઈએ (છોકરાં માટે ઉંમર પ્રમાણે પ્રમાણ ઘટાડવું) તો બસ છે. મેલેરિયા ઈન્સ્ટીટ્યૂટના ડિરેક્ટર સર ગોર્ડન કોવેલ તો લખે છે કે એક જ વખત ગોળીઓ લેવાથી તાવ અટકી શકે છે. ડૉકટર ચોધરી (ઇન્ડિયન મેડિકલ ગેઝેટના તંત્રી) એ ૪૩ દરદીઓ ઉપર આ દવા અજમાવી હતી. કેટલાકને એક જ ગોળી આપી હતી, કેટલાકને ત્રણ સામટી અને કેટલાકને રોજની ત્રણ (સવાર, બપોર ને સાંજ) લેખે ચાર દિવસમાં બાર. તાવ અને જંતુઓ ઉપર લગભગ બધા દરદીઓ ઉપર સરખી અસર થઈ હતી. પરંતુ જેમને બાર ગોળીઓ આપવામાં આવી હતી તેમાંથી કોઈનાયે કેસમાં તાવે ઊથલો ખાધો નહોતો. આ ઉપરથી આપણે બાર ગોળીનું ધોરણ સ્વીકારીએ તો વાંધો નથી.

પેલ્યુડ્રિનનાં કાંઈ વિપરીત પરિણામ છે? ડૉ. ચોધરીના કેસમાં કોઈને પણ કશી ખરાબ અસર જણાઈ નહોતી. કોઈવાર ઊલટી કે પેટનો દુખાવો થઈ જવાનો સંભવ છે પરંતુ તે તો જેમને એક જ દિવસમાં રોજની દસ ગોળીઓ આપવામાં આવી હતી. એવા દરદીઓને જ જણાયાં હતાં. મુંબઈવાળા ડૉ. પારેખના ૪૮ દરદીઓમાંથી બેને ચામડી પર પેલ્યુડ્રિનની ખરાબ અસર (Dermatosis) જણાઇ હતી, પરંતુ એમણે કેટલી ગોળીઓ આપી હતી તે જણાયું નથી. સર ગોર્ડન કૉવેલ તો કહે છે કે બીજાં બધાં, મેલેરિયા-નિવારક ઔષધો કરતાં પેલ્યુડ્રિન વધારે નિર્દોષ છે. વળી આ ગોળીઓનો એક વિશેષ ગુણ એ છે કે મેપેક્રીનથી શરીર પીળું પડે છે તેમ આનાથી પડતું નથી.

આમ બધી દૃષ્ટિએ પેલ્યુડ્રિન એ યુદ્ધે જગતને આપેલી એક અમૂલ્ય ભેટ છે.

કલાપી, 'સુમન' અને મિત્રમંડળ

: મણકો બીજો :

કૉલેજ–જીવનનાં સ્મરણો

કલાપી અને મિત્રમંડળ વિશેનાં દરબારશ્રી વાજસુરવાળાનાં સંસ્મરણો

કથન :
દરબારશ્રી વાજસુરવાળા
આલેખન :
કપિલભાઈ ઠક્કર એમ. એ.

(ગતાંકથી ચાલુ)

હિન્દુસ્તાનના પ્રવાસની સાથે અમારા કૉલેજના અભ્યાસના દિવસો પૂરા થયા. રાજકુમાર કૉલેજમાં અમારા વખતમાં અપાતી કેળવણી માટે સુરસિંહજીએ ગોવર્ધનરામભાઈ પરના પત્રમાં અને બીજે સ્થળે, પ્રસંગોપાત, અસંતોષ બતાવ્યો છે. ગોવર્ધનરામભાઈ પરના એક પત્રમાં એમણે લખેલું છે કે, 'રાજકુમાર કૉલેજમાં મેં અભ્યાસ કર્યો છે તે માત્ર નામનો જ છે. રાજકુમાર કૉલેજમાં ભણાવે તેટલું જ ભણતર તો બહુ જ થોડું ભણે છે. આ કૉલેજમાં ભણનારને વિદ્યાથી ભાગ્યે જ પ્રીતિ હોય છે એ દેશના નસીબની વાત છે' (શ્રી. કલાપીની પત્રધારા–પાનું ૪૦૮).

અમને મળેલી કૉલેજ કેળવણી વિશે સુરસિંહજીના અને મ્હારા અનુભવો જુદા છે એમ પ્રથમ મ્હારે સ્પષ્ટ કહેવું જોઈએ. એમને આવો અભિપ્રાય શા માટે બાંધવો પડ્યો એનાં કારણો પ્રથમ સમજાવું.

સુરસિંહજી કૉલેજમાં નવ વરસ ભણ્યા. એમની આંખો પ્રથમથી જ નબળી, અને ઉપચાર માટે એમને બે–ત્રણ વખત મુંબઈ જવું પડેલું. અને ડૉક્ટરોએ સામાન્ય રીતે વાંચવાની મના કરેલી. એટલે અભ્યાસ માટેનો શોખ એમનામાં એ દિવસોમાં ખીલી શકેલો નહિ. પહેલા ફૉર્મ સુધી, એટલે મેટ્રિક ક્લાસ સુધી તેઓ નહોતા પહોંચ્યા. અમારા એ સમયના શિક્ષકોના અંગત સંસર્ગમાં આવવાનું પણ એમને ઓછું બનેલું. એમના લગ્ન પછી, નિયમ વિરુદ્ધ, એક અપવાદ રૂપે, અભ્યાસકાળ દરમ્યાન લીંબડીના ઉતારામાં કુટુંબ સાથે રહેવાની સગવડ એમને આપવામાં આવેલી એ વસ્તુ પ્રિન્સીપાલ મેકનોટનને પસંદ પડેલી નહિ, પણ નિભાવી લેવા જેવું એમને લાગેલું. આવાં ઘણાં કારણોથી કૉલેજમાં એ સમયે અપાતી તાલીમનો લાભ તેઓ પૂરેપૂરો ઊઠાવી નહિં શકેલા અને એટલે એમણે એ કેળવણીને ખામીવાળી અને દોષિત મનાવેલી.

મારો અભિપ્રાય એથી જુદો છે. સાત વરસની ઉમ્મરે હું કૉલેજમાં દાખલ થયો. અગિયાર વરસ હું વિદ્યાર્થી તરીકે રહ્યો અને મેટ્રિક ક્લાસ સુધી પહોંચ્યો. કૉલેજનો Head-Boy થયો. ત્યાં જે શિખી શકાય એ બધું શિખ્યો. મેટ્રિકની પરીક્ષા પસાર કરવા માટે એ દિવસોમાં જે તૈયારી વિદ્યાર્થીઓને કરવાની હતી એ ઉપરાંત ભવિષ્યના રાજકર્તાઓને માટે જરૂરી એવી તાલીમ માટે પણ ત્યાં પ્રબંધ હતો. કૉલેજ એક Residential School હતી અને અમારે સંપૂર્ણ દેખરેખ નીચે રહેવાનું હતું. પ્રાચીન હિન્દુસ્થાનમાં જે ચાર પ્રકારની કેળવણીની વ્યવસ્થા હતી એ બધા માટે અહીં ગોઠવણ હતી. મેદાની રમતો, ઘોડેસ્વારી, વરસ દરમ્યાન એક વખત Social Gathering અને તેના નાટ્યપ્રયોગો, સંસ્કારિતા પ્રેરક નૈતિક વ્યાખ્યાનોનો ક્રમ, આ અમારી ઇતર પ્રવૃત્તિઓ હતી, અને મને લાગે છે કે શિક્ષણ ગમે તે પ્રકારનું હોય, પણ શિક્ષકનું વ્યક્તિત્વ એ વિદ્યાર્થીઓના જીવન ઘડતરમાં એક મહત્ત્વની વસ્તુ છે. મારા શિક્ષકોમાંના કેટલાકોએ મારા જીવન પર ઊંડી છાપ પાડી છે અને એમનાં સ્મરણો મારી સ્મૃતિમાં ચિરાંકિત રહેલાં છે. એમાંના કેટલાકનાં સ્મૃતિચિત્રો અહીં ઉતારવાં અસ્થાને નહિ ગણાય.

અમારા પ્રિન્સિપાલ હતા મી. ચેસ્ટર મેકનોટન–Chester Macnaghten રાજકુમાર કૉલેજના એ પ્રથમ પ્રિન્સિપાલ. એમને માટે આ

વાર્તાલાપની શરૂઆતમાં મેં થોડો ઉલ્લેખ કરેલો છે. એમનો ફોટો મારા Drawing roomની દિવાલ પર લટકે છે. આજે એ ફોટામાં મારી ભાવનાના રંગો પૂરું.

મેકનોટન નામ સૂચવે છે એમ મુખ્ય તેઓના વડવાઓ મૂળ સ્કોટલેન્ડના, અને અમીરો હતા. એમના પિતામહ સર ફ્રાન્સિસ મેકનોટન પ્રથમ કલકત્તાના ન્યાય કોર્ટના અધિકારી તરીકે હિન્દમાં આવેલા અને એમના પિતા પણ એ ખાતામાં કામ-કરીને પછી ઈસ્ટ ઈન્ડીયા કંપનીના બોર્ડ પર ગયેલા, અને એ પછી હિન્દી વઝીરના સલાહકાર મંડળના એક સભ્ય હતા.

ચેસ્ટર મેકનોટન ૧૮૪૩ના મે માસની ૪થી તારીખે લંડનમાં જન્મેલા. કેમ્બ્રિજ યુનિવર્સિટીના M. A. થઈને ૧૮૬૬માં દરભંગાના મહારાજાના શિક્ષક અને સાથી તરીકે હિન્દમાં આવેલા. ચાર વરસ એમણે ત્યાં ગાળ્યાં.

સને ૧૮૭૦માં રાજકુમાર કોલેજની સ્થાપના થઈ એ વખતે એના પ્રથમ પ્રિન્સિપાલનું સ્થાન લેવા માટે એ સમયના મુંબઈ ઇલાકાના કેળવણી ખાતાના ઉપરી પીલ સાહેબે એમની પસંદગી કરી અને ૧૮૭૧ના ફેબ્રુઆરીની પહેલી તારીખે એમણે એ હોદ્દો રીતસર સંભાળ્યો. રાજકુમાર કોલેજનો ઇતિહાસ કહે છે કે કોલેજ ખુલ્લી મુકાઈ એ દિવસે ભાવનગરના તખ્તસિંહજી મહારાજા એના પ્રથમ વિદ્યાર્થી તરીકે કોલેજમાં જોડાયા હતા, એટલે મહારાજા તખ્તસિંહજી મેકનોટન સાહેબના પ્રથમ શિષ્ય.

ઈટન અને હેરો જેવી ઈગ્લાંડની નામાંકિત Public Schoolsનો આદર્શ નજર પાસે રાખીને, ગુજરાત કાઠિયાવાડના ભવિષ્યના રાજ્યકર્તાઓને એમની પુરાણી સંસ્કૃતિ અને ધર્મના ઉચ્ચ સંસ્કારોને અનુરૂપ કેળવણી આપી તૈયાર કરવા, એ જવાબદારીના પૂરા ખ્યાલ સાથે મેકનોટન સાહેબે કોલેજનું સુકાન સંભાળ્યું, અને પોતાના જીવનની આખર સુધી એમણે નક્કી કરેલી દિશામાં એ નાવને હંકાર્યું. આ વાતની ગવાહી એમના હાથે કેળવાયેલા રાજકુમારો આપી શકે, એમાં કશી શંકા નથી. એમની કારકિર્દીની પ્રેરક કથા કોલેજના ઇતિહાસનાં પાનાંઓ પર ચડી ચૂકી છે અને કોલેજના ટાવર પાસે ઊભેલી એમની આરસ-પ્રતિમા એ વાતની સ્મૃતિ હમેશાં તાજી રાખે છે. એટલે એની વિગતોમાં અહીં આપણે નહીં ઉતરીએ. પોતાના શિષ્યો ધાર્મિક, સંસ્કારી અને નીતિવાન બને, પ્રજાના સાચા રાહબર અને ઉદ્ધારક બને, પોતાની પુરાણી સંસ્કૃતિના રંગથી રંગાય અને બીજાઓના હિત માટે જીવન જીવી જાણે એવી કેળવણી એમને આપવાની મેકનોટન સાહેબને કાળજી હતી. અને એ સંસ્કારો જીવનભર ટકે એટલા ઊંડા હોય એ એમનો આદર્શ હતો. મ્હારા પરના એમના એક પત્રમાંથી નીચેનો થોડો એક ભાગ, પોતાના શિષ્યો ભવિષ્યમાં કેવા રાજ્યકર્તાઓ થાય એવી એમની જે ભાવના હતી એનો ખ્યાલ આપશે. તેઓ લખે છે, " × × × Hope that in future you would be an intelligent and honorable landlord. I trust my friend, that in future you will strive to live for others and not for yourself, and that you will steadily bear in mind those principles, difficult and stern though they be, which we have endeavoured to teach in the College, but which can not be taught in the class room. They belong to the inner life, which is, I beleive, the highest of all, which belong more to the heart than the head.

To do justice, to love mercy, to walk humbly before God, to honour and exalt our neighbours rather than ourselves–these are the duties,–the noblest and the best, we can not too resolutely keep before our eyes. May you ever observe them, my friend, and may you prosper in all things.''

આપ 'જીવન-પ્રકાશ'ના વાર્ષિક ગ્રાહક છો ?
ન હો તો આજે જ બનો. દરરોજની
પાંચ પાઈમાં એ આપને ઘણું આપશે.

રાજકુમાર કૉલેજના પ્રથમ ભાવનાશીલ પ્રિન્સિપાલ : શિક્ષણ અને સંસ્કારની ઉચ્ચ ભાવનાના પુરસ્કર્તા

એમના સંબંધે અહીંયા તો બે-ત્રણ પ્રસંગો ટાંકીને વાતો કરીશ. એ વાતો તો અનેક-માંહેથી થોડી એક છે, અને આ પ્રસંગે યાદ આવે છે એમ કહું છું. એમના જીવન વિષે વાતો કરવી હોય તો એવા ઘણા પ્રસંગો નોંધી શકાય.

અમારી ક્રિકેટ ટીમનો ગણવેશ (Uniform) એમણે તો રજપુતશાહી રખાવેલો. ફ્લેનલનું સુરવાલ, ગોઠ ફ્લેનલનું પહેરણ, એના પર પીળી અટલસનો કબજો અને પીળા રંગનો, એક વેંતના લાલ છેડા-વાળો સાફો એ અમારો ક્રિકેટ ગણવેશ. વઢવાણથી એક વખત અમારી સાથે રમવાને તાલુકદારી કૉલેજ આવેલી. એમનો પોશાક અંગ્રેજી હતો, એટલે પાટ-લુન, ખમીસ પર હાફકોટ અને માથા પર ફેલ્ટ કેપ. રમત ચાલતી હતી એ દરમ્યાન અમારા તંબુમાં બેઠેલા દરેક કુમાર પાસે આવી તેઓ કહી ગયેલા. જુઓ આ લોકોનો પોશાક ! બટલર જેવા નથી દેખાતા ? અને તમારા ખેલાડીઓનો સુંદર પોશાક જુઓ. આ અંગ્રેજી પોશાકની નકલ કદી ન કરશો હો.'

બીજો એક પ્રસંગ. મેં કૉલેજ છોડયા પછી કેટલેક સમયે બગસરાવાળા મ્હારા ભત્રીજા રામવાળા-દરબાર વિરાવાળાના મોટાભાઈ–ને કૉલેજમાં દાખલ કરાવવા માટે હું ગયેલો. રામભાઈ સાથે એમના મામા હતા. રામભાઈના બંગલાની ઓશરીમાં અમે પહેલે દિવસે ત્રણે ઊભા હતા એ જોઈ મેકનોટન સાહેબ દૂરથી અમારી પાસે આવ્યા. મેં અમારૂં આવ-વાનું કારણ સમજાવી રામભાઈને ઓળખાવ્યા. થોડી વાતો કરી જતાં જતાં રામભાઈના મામાના સર્વાંગ કાઠી પોશાક તરફ હાથ કરી કહ્યું: 'રામવાળાને કહેજો કે આવો પોશાક પહેરે.' અને પછી પોતાનો કોટ પકડીને બોલ્યા: 'અને આવો ન પહેરે'.

મેં તો હજી સુધી આ સિવાય બીજો પોશાક કદી નથી પહેર્યો, અને સ્વ. રામભાઈએ પણ જીવનભર અમારો કાઠી દરબારનો જ પોશાક ધારણ કરેલો.

બીજો એક અંગત પ્રસંગ કહું. મુન્દ્રીના શિવસિંહજી અને હું મેટ્રિક ક્લાસ સુધી પહોંચેલા અને વારાફરતી કૉલેજના Head-boy થયેલા. કૉલેજના વિદ્યાર્થીગૃહના ઉત્તર અને દક્ષિણ બે વિભાગો હતા–North Wing અને South Wing અમે બન્ને જણા Wing-monitors હતા. સાઉથના શિવસિંહજી અને નોર્થનો હું; અને એમના કે મારા ઓરડામાં અમે મેટ્રીકની પરીક્ષા માટે વાંચતા. એક વખત વાચન પૂરૂં થયા પછી અમે કૉલેજમાં પ્રવેશી ગયેલ લાગતી કેટલીક બદીઓ અને તેને દૂર કરવા માટે ગંભીરપણે ચર્ચા કરતા હતા, કારણ કે અમે જવાબદાર વિદ્યાર્થીઓ હતા. બહારથી એક કુંવરના ટયુટર એ વાત છુપાઈને સાંભળતા હતા, એમ અમે પાછળથી જાણ્યું. એણે મેકનોટન સાહેબ પાસે જઈને વાત પહોંચાડી કે અમે લોકો કૉલેજની નિન્દા કરતા હતા. સાહેબે વાત કહેનારની રીત પરથી ઘડીભર આ વાત માની લીધી અને એમને ઘણું દુઃખ થયું. અમને બન્નેને સાથે ન વાંચતા પોતપોતાના ઓરડામાં વાંચવાની સૂચના કરી. શિવસિંહજી તો ફિલસૂફ માનસના હતા, એટલે એમને આ સૂચનાથી કાંઈ ખાસ લાગ્યું નહિં, પણ મને તો ખરેખર દુઃખ થયું, અને આ સૂચનની પાછળ શું કારણ છે એ જાણવા એમની પાસે હું ગયો. એ કારણ કહેતાં એમનું હૈયું દુભાયેલું હતું એવું મને લાગ્યું. એમણે કહ્યું: 'My Friend ! Birds spoiling their own nests ! (પક્ષીઓ પોતાના જ માળા બગાડે !,) એવું કરો છો. Talking all of College ! એટલું કહેતાં એ ખિન્ન થઈ ગયા. મને વસ્તુસ્થિતિ

(જુઓ પૃષ્ઠ ૪૪૦)

ફોટા છાપ મેડીકેટેડ સ્નફ જ
અસલ છે. બીજી બધી નામધારી જ છે

પેટ ભરીને જમો !

ગેસહર (પીલ્સ) ગેસ અટકાવે—ચૂંક, અદી, વાયુ, શુળ, પેટમાં પવનનું ધુંધાવું. ખાટી ભુખ, મંદાગ્નિ, ખાધા પછી પેટનું ભારે થવું, મુંઝારો, મગજમાં અશાંતિ, ઉંઘ ન આવવી, ઝાડા, હરસની ગભરામણ હૃદયરોગ, પલ્પીટેશન, બ્લડપ્રેશર, દસ્તની કબજીયાત વીગેરે મટાડી દસ્ત હંમેશ નિયમીત સાફ લાવે છે. અન્ન પાચન કરી ભુખ કકડીને લગાડે છે. શરીરમાં લોહી વધારી શક્તિ આપે છે. લીવર, આંતરડાં, બરોળના તેમજ પેટનાં કોઈપણ રોગ માટે એક બીનહરીફ ઈલાજ છે. વાપરી અનુભવ કરો. કિંમત ૧ શીશીનો રૂ. ૧ા ત્રણના રૂ. ૩ાા વી. પી. જુદું.

તાકાત આપનારી દવા

દુગ્ધાનુપાન (ગોળીઓ) ધાતુક્ષીણતા, સ્વપ્નદોષ, શીઘ્રપાત, કમી પુરૂષત્વ, નસોની કમજોરી, પેશાબનાં દર્દો, મગજની નબળાઈ, માંદગી પછીની કમજોરી, લોહીનું કમીપણું, કળતર, સુસ્તી, થાક લાગવો, છાતીનો દુઃખાવો વીગેરે શારીરિક તથા માનસીક રોગો દુર કરી શક્તિ અને સ્ફુર્તિ લાવે છે, લોહી તથા વીર્યને સુધારી વીર્યશક્તિ વધારે છે. નવી જુવાનીનો અનુભવ કરાવે છે, વજન વધે છે, શરીર તંદુરસ્ત થાય છે. કિંમત ૧ શીશીનો રૂ. ૧ા ત્રણ શીશીના રૂ. ૩ાા ત્રણથી સંપુર્ણ આરામ. પારેલ થીસીસ રા અને ૭.

વીર્યસ્થંભન ટકાવ—રૂકાવટ માટે

કામ વિલાસ (ગોળીઓ) વીર્યને લાંબા વખત સુધી ટકાવી યુવાન વૃદ્ધને સંસારસુખમાં સાચો આનંદ આપે છે. કિં. ૧ શીશીનો રૂ. ૧ા. ત્રણના રૂ. ૩ાા

અનુભુત ઘૃત કુટેવ કે બીજી કોઈ કારણે પુરુષના ગુપ્ત અંગમાં આવેલ ખામી આ ઘૃત-લેપ લગાડવાથી દુર થઈ પુરૂષત્વ પ્રાપ્ત થાય છે. કિં. શીશીનો રૂ. ૧ાા.

દરેક દવાનું વી. પી. ખર્ચ અલગ છે.

૧ થી ૩ શીશી સુધી વી. પી. ખર્ચ ાાાા. ૪ થી ૬ શીશી ખર્ચ રૂ. ૦ાાા વી. પી. થી મંગાવનારે જામનગર લખવું.

લખો :— **દુગ્ધાનુપાન ફાર્મસી**
(સ્થાપના સને ૧૯૨૯)
બી ૧ જામનગર (કાઠીયાવાડ)

માસિક અટકાવ !

રજોલીના (પીલ્સ) કોઈપણ કારણથી બંધ પડેલ માસિક ધર્મ તકલીફ વગર ફરી ચાલુ કરી નિયમિત કરે છે ઋતુ દોષો દુર કરે છે, માસિક લાવનારી વસ્તુઓની બનાવટ છે. ગર્ભવાળી સ્ત્રીએ વાપરવી નહીં. કિં. ૧ શીશીના રૂ. ૪, લાંબા સમયના અથવા કેસો માટે તેજ બનાવટ રૂ. ૬ વી. પી. જુદું.

ગર્ભાંકુશ (પીલ્સ) દવા ખાવાથી જીંદગી સુધી ગર્ભ રહેતો અટકે છે. માસિક ધર્મ નિયમિત થાય. નુકશાનરહિત છે. સંતતિનિયમન માટે ઉત્તમ છે. ૧ શીશીના રૂ. ૪ વી. પી. જુદું.

બસ્ટોલીના ઢીલા અને બેડોળ સ્તનને આ તેલ મંલીસ કરવાથી કાઠીલા, અણીયાળાં અને નૈસર્ગીક સમાન સુંદર થાય છે, કિં. શીશી ૧ના રૂ. ૨ા વી. પી. જુદું.

આનંદ સ્ત્રીઓને સંકોચ યાને કુંવારાપણું બક્ષનાર મશહુર આ ટીકડી શ્વેતપ્રદર, રક્તપ્રદર તથા પ્રદર વગેરે મટાડે છે. કીં. રૂ. ૧ાા.

કાનની

દરેક દર્દો—કાનમાંથી પરુ—રસી જવી, શુળ, ચસકા, સોજો, ધું ધું અવાજ થવો. બહેરાપણું વીગેરે રોગોનો અકસીર ઇલાજ.

રસીક કર્ણબિંદુ ઇઅર ડ્રોપ્સ
કીં. શીશીનો રૂ. ૧ા ત્રણ શીશી રૂ. ૩ાા

—: એજન્ટો :—

મુંબઈ—વીજી બ્રધર્સ કું. ૭૯, પ્રીન્સેસ સ્ટ્રીટ
મુંબઈ – લાલબાગ ફાર્મસી, લાલબાગ જંક્શન
મુંબઈ - મોનજી વિશરામ, પ્રીન્સેસ સ્ટ્રીટ
વડોદરા—એ. રોયની કું. રાવપુરા.
ખંભાત—મફતલાલ વી શાહ, સોનીવાડા.
નડીઆદ—સી. સી. મહાજન એન્ડ કું.
ભાવનગર—શીવાજી મેડીકલ સ્ટોર્સ, ખારગેટ.
કલકત્તા—નરેચંદ માવજી, ૧૮ મલીક સ્ટ્રીટ.
મોમ્બાસા—મોમ્બાસા સ્ટોર્સ, પો. બો. ૨૬૨.
સુરત—સી. એન. બ્રધર્સ, કણપીઠ.
અમદાવાદ—પંડીત સાહની કું. ત્રણ દરવાજા,
બારડોલી—બીહારીલાલ સી. ગાગડીયા, કેમીસ્ટ.
નવસારી—ચીમનલાલ નેમચંદ તાપાવાલા.
દિલ્હી—જમનાદાસ એન્ડ કું. ચાંદની ચોક.
કરાંચી—કામદાર મેડીકલ સ્ટોર્સ, પ્રીન્સેસ સ્ટ્રીટ.
જુનાગઢ—જમનાદાસ દેવરાજ, માંડવીચોક.

(અનુસંધાન પૃષ્ઠ ૪૩૮ થી ચાલુ)

સમજાઈ ગઈ, અને બધું સ્પષ્ટ સમજાવ્યું કે મોનીટરો તરીકે જે ફરજ અમારે બજાવવાની હતી તેનો એ ચર્ચા એક ભાગ હતી. એ બરાબર સમજ્યા.

એમણે કહ્યું, ' My friend ! were you doing that ?' અને એમ કહેતાં એમની આંખમાં આંસુ જોયું. જુદા વાંચવાની સૂચના એમણે રદ કરી પણ અમે તો જુદા વાંચવાનો આગ્રહ ચાલુજ રાખ્યો. આખરે આંખમાં આંસુ સાથે એમણે અમને સાથે વાંચવાનું ચાલુ રાખવા વિનવ્યા અને અસલનો ક્રમ અમે ચાલુ કર્યો.

આમ પ્રસંગોપાત એમનું અંતર દ્રવી જાય એવું કોમળ હતું. એક રાજ્યના ગાદીવારસ ભણીને ઘેર ગયા અને ગાદીએ આવ્યા પછી દારૂની લતે ચડી ગયા છે એવી વાત એમને કાન આવતાં અમને ચાલતા વર્ગે આંખમાં આંસુ સાથે કહેલું, ' એમણે તો શરાબખોરી આદરી દીધી! કોલેજની કેળવણીના સંસ્કાર સાવ ભૂલી ગયા! આપણી કોલેજની આ કેવી બદનામી!'

તેઓ પોતે દમની વ્યાધિને કારણે અમુક જાતની બીડી પીતા ખરા, પણ કોઈ વિદ્યાર્થીએ એમને બીડી પીતા જોયા નહોતા. પોતાના બંગલાના માળ પર બેડરૂમની પાસે એક નાની ઓરડીમાં ભરાઈ બેસીને એકાદ બીડી તેઓ ખેંચી કાઢતા, અને પછી પાણીથી મોઢું સ્વચ્છ કરીને એ બહાર આવતા. બેન્કવેટોમાં શરાબ પીવો પડે એ સિવાય તેઓ કદી શરાબ ન પીતા, અને એવા પ્રસંગ પછી, વિદ્યાર્થીઓ સાથે વાતો કરતાં મોં આડો રૂમાલ રાખતા.

કોલેજમાં અંદર અંદર મેચો રમાતી, પણ હોસ્ટેલના ઉત્તર અને દક્ષિણ વિભાગ વચ્ચે મેચ રમવાની સૂચનાને તેઓ હમેશાં નામંજૂર રાખતા. કોમી ક્રિકેટમાંથી કોમીવાદ જન્મે છે એવી એક માન્યતા આપણા દેશમાં છે. એ મુજબ આવી મેચ ગોઠવાય તો આવા વિભાગો હમેશા માટે બે હરીફ પક્ષો બની જાય એવી સ્થિતિ ન આવે તે માટે આવો આગ્રહ તેઓ હમેશાં રાખતા.

અમે મુસાફરીમાંથી પાછા ફર્યા પછી થોડા માસ બાદ તેઓ લાંબી રજા પર વિલાયત જવાના હતા, એટલે હું એમને રાજકોટ મળવા ગયેલો અને એક સર્ટીફીકેટની માગણી કરેલી. દરેક ટર્મની આખરે અપાતા રિપોર્ટો એ સર્ટીફીકેટોજ છે એમ તેમણે કહ્યું. મ્હારું માગેલું સર્ટીફિકેટ તરતમાં તો તેઓ લખી શક્યા નહિ. પણ મુંબઈથી સ્ટીમરમાં બેઠા પછી એડનથી મને એક પત્ર એમણે લખ્યો. એ પત્રમાં મારે માટે એમનો અભિપ્રાય, મારા ભાવી માટે એમની શુભેચ્છાઓ, અને મારા જેવા એક નાના તાલુકદારની પ્રજા તરફની ફરજ, વગેરે વસ્તુઓનો સમાવેશ કર્યો. એમના હાથ નીચે કેળવાયેલ રાજકુમાર, ભવિષ્યમાં ચોક્કસ પ્રકારનો માનવી અને રાજા બને એવી એમની ભાવના એ પત્રમાં તરી આવે છે. Representative Men of the Bombay Presidency નામના ૫૦ વરસ પહેલાં પ્રકટ થયેલા એક આલબમમાં એ પત્ર આખો છપાયો છે. એ પત્ર અમારી પરસ્પરની નિકટતા અને પોતાના વિદ્યાર્થીઓ માટેની તેમની કાળજીનો પરિચય આપે છે.

સને ૧૮૯૬ના ફેબ્રુઆરીની ૨૦મી તારીખે, બાવન વરસની ઉંમરે, રાજકોટમાં જ એમનું અવસાન થયું. એમની કારકિર્દી દરમ્યાન તબિયતને કારણે તેઓને લાંબી-ટૂંકી રજાઓ લઈને વિલાયત જવાનું ત્રણ-ચાર વખત બનેલું. ૧૮૯૬ના જાન્યુઆરીની ૨૯મી તારીખે એમના પ્રથમ શિષ્ય અને મિત્ર, ભાવનગરના મહારાજા તખ્તસિંહજીનું અકાળ અવસાન થયું. પોતાની નબળી તબિયતમાં આ ઘા એમને ઊંડો લાગ્યો, અને એ પછી બાર દિવસે તેઓ પોતે સિધાવ્યા. મહારાજાના અવસાનની શોકસભામાં વાંચવા એમણે એક ભાષણ તૈયાર કરેલું, પણ એ વાંચવા તેઓ જીવ્યા નહિ.

(ક્રમશઃ)

છટકેલા લમણાને કાબૂમાં રાખવા
દેરા છાપ મેડીકેટેડ સ્નફ વાપરો
મહાસુગંધી સ્નફ વર્કસ, સિહોર [કાઠિ.]

હિંદ અને પાકિસ્તાનના સીમાડા

પાકિસ્તાન અને હિન્દુસ્તાનની સરહદો અત્યાર સુધી કામચલાઉ ધોરણે નક્કી થઇ હતી. પરંતુ હવે નિશ્ચિત સીમાઓ દોરવાનું કામ જેમને સોંપાયું હતું તેમણે તે કરી નાખ્યું છે અને એ કામ ઉકેલીને કરાંચી થઇને વિલાયતમાં પણ તેમની સવારી સહી-સલામત જઈ પહોંચી છે. બંગાળ અને પંજાબના બંને સીમા કમિશનોના પ્રમુખ સર સિરીલ રેડક્લીફ પર જ સીમાનો નિર્ણય કરવાનું કામ આવી પડ્યું. કારણ કે કમિશનોના સભ્યો વચ્ચેના મતભેદો એટલા બધા વિશાળ હતા કે આ ભવમાં તો તેઓ કોઈ સંયુક્ત નિર્ણય પર આવી શકે તેમ હતું નહીં.

સિલહટ જિલ્લાનો મોટો ભાગ પૂર્વ બંગાળમાં જોડાયો છે; સિલહટ શહેર આસામમાં રહે છે. હિન્દુ બહુમતિવાળો ખુલના જિલ્લો પાકિસ્તાનમાં છે અને મુસ્લિમ બહુમતિવાળો મુર્શિદાબાદ જિલ્લો હિન્દુસ્તાનમાં જાય છે. વળી હિન્દુ બહુમતિવાળો ચિત્તાંગોંગ પ્રદેશ પાકિસ્તાનમાં સમાવિષ્ટ થયો છે. સીમા કમિશનને ચિત્તાંગોંગની સીમા નક્કી કરવાની જરૂર હતી કે નહિ તે પણ એક ચર્ચાસ્પદ વિષય છે આવી આવી વિચિત્રતાઓ પ્રમુખ મહાશયના ચુકાદામાં છે. પંજાબની બાબતમાં શિખો અને હિંદુઓને વિશેષ અન્યાય થયો છે. લાહોર પાકિસ્તાનમાં મૂકાયું છે. શીખોની માગણીઓ પર જરાયે લક્ષ અપાયું નથી. આ ચુકાદો વધારેમાં વધારે વિરોધ પંજાબમાં જગાવે તેવો સંભવ છે. અને આમ છતાં પાકિસ્તાનના જવાબદાર પ્રધાનો કહે છે કે આ ચુકાદો એ પાકિસ્તાનને બ્રિટિશની વિદાય-લાત છે.

જે બ્રિટને પાકિસ્તાનને શક્ય બનાવ્યું તે જ બ્રિટને પાકિસ્તાનને આમાં કેટલે અંશે અન્યાય કર્યો છે તે પ્રશ્ન જવા દઇએ પણ પાકિસ્તાનની સરકારના સભ્યો યે જ્યારે બીનજવાબદાર મંતવ્યો ફેંકવા માંડે ત્યારે સહેજે એમનું ગૌરવ ઘટે. એમના ગૌરવ માટે તો કદાચ આપણે બહુ ચિંતાતુર થવાની જરૂર નથી; પરંતુ પહેલેથી જ હિંદુસ્તાન અને પાકિસ્તાનના નેતાઓએ સીમા કમિશનના ચુકાદાને અંતિમ ગણવાનું કબૂલ્યું છે તે આવા જવાબદાર માણસો કેમ ભૂલી જાય છે? સીમા કમિશનનો ચુકાદો જેવો હોય તેવો, પણ હિંદુઓ, શિખો તેમ જ મુસ્લિમોએ શાંતિને ખાતર કડવો ઘૂંટડો ગણીને સ્વીકારી લેવો જ રહ્યો.

પાકિસ્તાનનો પહેલો પરચો

પાકિસ્તાનનો પહેલો પરચો સરહદના કોંગ્રેસ પ્રધાનમંડળને મળ્યો છે. પાકિસ્તાનના સરહદ પ્રાંતના ગવર્નર કનિંગહામે ડૉ. ખાનસાહેબના પ્રધાન મંડળને રૂખસદ આપી છે અને વિરોધ પક્ષના લીગ નેતા શ્રી. અબ્દુલ કયુમખાનને નવું પ્રધાનમંડળ રચવાનું આમંત્રણ આપ્યું છે, જે સહર્ષ સ્વીકારી લેવામાં આવ્યું છે. ધારાસભામાં કોંગ્રેસ પક્ષની ચોકખી બહુમતિ છે. ધારાસભાની ૫૦ બેઠકોમાંથી ફક્ત બાર બેઠકો લીગની છે. એ છતાં આવો બીન-લોકશાહી નિર્ણય લેવામાં આવ્યો છે. નવા લીગી પ્રધાન મંડળમાં ધારાસભાની બહુમતિ અવિશ્વાસ જાહેર કરે તેવો પણ સંભવ છે. પાકિસ્તાન અને પઠાણિસ્તાનનો નવો પ્રશ્ન પણ આમાંથી ઊભો થશે. પઠાણિસ્તાન માટેની ઝુંબેશ કોઈ ને કોઇ સ્વરૂપે ખાન ભાઇઓએ ઉપાડવી પડશે. સરહદના મામલામાં ઝીણા સાહેબના પાકિસ્તાની લોકશાહીની તેમજ પઠાણોની તાકાતની કસોટી થશે.

ગુજરાતની ઉત્તર સરહદ ઉપેક્ષા પામી

બંગાળ અને પંજાબની પાકિસ્તાની અને હિંદુસ્તાની સીમાઓ માટે આપણે ભારે ચિંતાઓ સેવીએ છીએ, પણ આ ઘરઆંગણાની-ગુજરાતના સીમાઓ વિષે તો વાતીલામાં સબેલું ગયા જેવું જ થયું છે. ગુજરાતની ઉત્તરનો થરપારકરનો પ્રદેશ

આપણા નેતાઓની ઉપેક્ષા પામ્યો છે. એ પ્રદેશની વસ્તી હિંદુ અને મુસ્લિમ એ પ્રેરણે લગભગ ૫૦-૫૦ ટકા છે. ગુજરાતના સીમાડાને સ્પર્શતા કેટલાક દેશમાં તો હિન્દુ વસ્તીની બહુમતિ છે અને ત દેશના લોકો ગુજરાતી ભાષાની શાખા ગણાય ની જ બોલી બોલે છે, પણ આ પ્રદેશ સિંધ સાથે ોડાયેલો છે. સિંધ સાથે મૂળ તો બ્રિટિશ સરકારે ત્રેમ રીતે જોડી દીધેલ; કારણ કે બ્રિટિશ સરકાર ઇ સૈદ્ધાન્તિક દૃષ્ટિએ નહીં પણ પોતાની વહીવટી ાનુકૂળતા મુજબ આવાં મનસ્વી જોડાણ ને ભંગાણ ્તી હતી. એ વખતે સિંધ પોતે જ મુંબઇ સાથે ોડાયેલ હતું. પણ ૧૯૩૬ પછી સિંધ છૂટું પડ્યું વખતે ય આ પ્રશ્ન હાથ ધરવામાં ન આવ્યો તેમ ંધ પાકિસ્તાનમાં ગયું તો યે આ પ્રદેશની યાદ રખી કોઇને રહી નહી. હવે પાકિસ્તાની સરકાર પ્રદેશ પાકો સોંપે એમ માનવું તે નરી મૂર્ખાઇ છે.

ાકિસ્તાનમાં જોડાયેલું જૂનાગઢ

જૂનાગઢ રાજ્યે પાકિસ્તાનમાં જોડાવાની જાહેત કરી છે. એ જાહેરાત નીચે દીવાનની કે વાબની સહી નથી, એને અંગે બીનરનાં કારણો મે તે હોય; પરંતુ આ નિર્ણય જૂનાગઢ રાજ્યની સદ્દીગીરીનું ચોકખેચોકખું દેવાળું સૂચવે છે અને કિસ્તાની ને સિંધી વર્તુલોની ખટપટનો વિજય ચવે છે. એમાંથી એ પણ સ્પષ્ટ થાય છે કે રાજ્ય મ જ રાજ્યના પાકિસ્તાની અમલદારો હિંદુ સતીને છેક નિર્માલ્ય ગણે છે. નહી તો ૮૫ ટકા ટલી વસતી હિંદુ હોવા છતાં જૂનાગઢ રાજ્ય કિસ્તાનમાં જોડાવાનો નિર્ણય કઇ રીતે કરી શકે? શ્મીરમાં જ્યારે Quit Kashmir (કાશ્મીર ડો)નો લોકનાદ ગૂંજે છે ત્યારે જૂનાગઢ નવાબના રાજ્યમાં નિર્માલ્યતાને વરેલી હિંદુ વસતી મે તેરી ગૈઆ'ના ભાવે જીવી રહી છે. એ વસતી એના નવાબને એટલું યે નથી પૂછી શકતી કે તમે કયા સિદ્ધાંત ને મનસુબાથી પાકિસ્તાનમાં જોડાવ છો? હિંદી સંઘે રિયાસતોના જોડાણ માટે છેક હળવી શરતો મૂકી છે. રાજાઓનો ગાદી પરનો અધિકાર જરાયે શિથિલ થતો નથી. એ તો ઠીક, પણ જવાબદાર રાજતંત્ર આપવું જ એવો કોઇ આગ્રહ પણ હિંદી સંઘ રાખતું નથી. તે છતાં સિંધી સલાહકારોના દોરવ્યા જૂનાગઢ નવાબ પાકિસ્તાનમાં જોડાઇ રહ્યા છે. વસતી કાશ્મીર જેટલી તાકાતવંત હોત તો નવાબી સિંહાસન ડોલી ઊઠયાં હોત; તેને બદલે અહીં તો પ્રજાનાં દિલ રડી ઊઠયાં છે. આપખુદ અને કોમી તંત્રના લાંબા ભૂતકાળે જૂનાગઢની પ્રજામાંથી બધી તાકાત હરી લીધી છે કે શું? બીજી બાજુ આપણા કોંગ્રેસી આગેવાનો હિંદુત્વથી જાણે અભડાતા હોય, હિંદુઓનો એક માનવ કે હિંદી તરીકેનો પક્ષ લેવાથી પણ તેમના રાષ્ટ્રીયત્વને જફા પહોંચી જતી હોય, એવું વર્તન દાખવી રહેલા દેખાય છે. હજીયે નવાબને પરિસ્થિતિ સમજાવી દો અને આ નિર્ણયનું કેવું ખતરનાક પરિણામ આવશે તેનો ખ્યાલ આપી દો. કાઠિયાવાડની સમસ્ત પ્રજા જૂનાગઢના આ નિર્ણય સામે પડકાર કરે. કાઠિયાવાડનાં અન્ય રાજ્યો પણ સમજી લે કે કાઠિયાવાડમાંનું એ પાકિસ્તાની થાણું એમને માટે ભવિષ્યમાં ભયંકર નીવડશે. જ્યારે ભોપાળના નવાબ જેવા પાકિસ્તાની માનસ ધરાવતા રાજવી પણ હિંદી સંઘમાં મનેકમને જોડાય છે, ત્યારે જૂનાગઢે પાકિસ્તાનમાં જોડાવાની જે જાહેરાત કરી છે તે કેટલી હિનદશાના ભાન વિનાની છે તે સમજાઇ જશે. કારણકે જનાનખાના, કૂતરાખાના ને ગીડિયાખાના વચ્ચે ગોંધાઈ રહેલ નવાબશાહીને રાજકીય હવાનું ભાન નથી; સિંધી સલાહકારો એ ભાન રાખવા દે તેમ પણ નથી.

બ્રિટનની આર્થિક કટોકટી

જ્યાં કદી પણ સૂર્ય આથમતો નહોતો એ બ્રિટિશ સામ્રાજ્યમાં હવે સૂર્ય આથમવા માંડયો છે. બ્રિટનને લાગેલો આર્થિક દૃષ્ટિએ યુદ્ધનો ફટકો ઘણો મોટો છે. હવે બ્રિટન દેવાદાર રાજ્ય બની ગયું છે. મંત્રણાઓમાં એની ગણત્રી કેવળ વિધિપુરઃસરની થઈ જવા આવી છે; બાકી ખરું નિર્ણયાત્મક કાર્ય તો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે રશિયા અને અમેરિકા પર નિર્ભર છે. આર્થિક દૃષ્ટિએ નિર્બળ બનેલું બ્રિટન અમેરિકાથી છેક અલગ નિર્ણયો લેવા હવે શક્તિમાન રહ્યું નથી. અમેરિકાની જંગી લોન પણ હવે ખલાસ થવા આવી છે. દર વર્ષે આવક

કરતાં ૫૦ કરોડ પાઉન્ડનું થતું વધુ ખર્ચ ક્યાંથી કાઢવું તે પ્રશ્ન થઇ પડ્યો છે. આર્થિક કટોકટીના નિવારણ માટે બ્રિટિશ પ્રધાનમંડળને કેટલાક કડક ઉપાયો લેવા પડયા છે. સંભવ છે કે વડા પ્રધાન ી એટલીને રાજીનામું આપવું પડે ને તેમને સ્થાને વ્યક્તિત્વ વિનાના માણસની જગ્યાએ-એક વ્યક્તિનો પ્રભાવ ધારણ કરનારા વિદેશ પ્રધાન શ્રી વિન આવે.

ગુજરાતી લગ્ન-રસિકતાના ઉન્મેષો

હમણાં હમણાં શ્રીમંત કુટુંબોનાં યુવક-યુવતીઓ લગ્નપ્રથા પરત્વે ઠીક ઠીક અભિનવ પ્રયોગો કરી રહ્યા છે. અમસ્થાયે આપણે ગુજરાતીઓ લગ્ન-રસિક તો છીએ જ, અને તેમાં યે જ્યારે શ્રીનો સુમેળ એ લગ્ન-રસિકતા સાથે જોડાય ત્યારે આપણે જરા નવતર પ્રયોગો પણ કરીએ જ ને? અમદાવાદના એક ધનાઢ્ય શેઠીઆના પુત્રે ને મુંબઇના બીજા તેમનાથી જુદી ન્યાતના એટલા જ ધનાઢ્ય શેઠીઆની પુત્રીએ (બંને ઉચ્ચ કેળવણી પામેલાં) લગ્ન-વિધિ વિનાનાં લગ્ન કર્યાં છે. સુરતમાં એક ભણાયતા વણિક યુવકે, વડીલોની સંમતિથી, પોતાની વિધવા ભાભી સાથે લગ્ન કરી, 'આધુનિક દિયરવટાનું એક પ્રશસ્ય ઉદાહરણ' આપણા એક 'સંસારશાસ્ત્રી'ને પૂરું પાડ્યું છે એક વધુ લગ્નપ્રકાર નોંધીએ તો 'અમદાવાદના સાહિત્ય અને કલારસિક મંડળોમાં જાણીતાં' (અથવા વધારે સારો પરિચય આપવો હોય તો, મીલમાલિક અંબાલાલ સારાભાઈનાં પુત્રી) શ્રી ભારતી બહેન સારાભાઈ ઇંગ્લાન્ડના એક તરુણ લેખક ને કવિ શ્રી ડેનિસ સ્ટેટલ સાથે હિંદુ લગ્નવિધી મુજબ લગ્ન-ગ્રંથિથી જોડાવાનાં છે. આ બધાં લગ્નો-લગ્ન વિધિ વિનાનાં લગ્ન કે આંતરરાષ્ટ્રીય લગ્ન-એ આપણી લગ્ન-સંસ્થા માટે મહાન ક્રાન્તિકારી બનાવો છે એમ માનવાની જરૂર નથી. આ તો આપણી લગ્ન-રસિકતાના ઉન્મેષો છે એટલું જ. એમાથી ફલિત થતું હોય તો એટલું જ કે લગ્ન ફાવે તેની સાથે થઇ શકે-સિવાય કે સ્ત્રી સાથે લગ્ન કરનાર પુરુષ હોય ને પુરુષની સાથે લગ્ન કરનાર સ્ત્રી હોય. તેમ જ બંને લગ્નોત્સુકો વચ્ચે ઓછામાં ઓછું પ્રારંભે સહેજસાજે આકર્ષણ હોય.

આ સાદું સત્ય સમજવા માટે આપણે શ્રીમંતોના પુત્ર-પુત્રીઓના પ્રયોગો તરફ જોવાની જરૂર નથી, રોટીની રસિકતાએ લગ્ન-રસિકતા પર અંકુશ મૂક્યો જ છે તો !

સ્વાધીન ભારતમાં સાહિત્યકારોનું સ્થાન

ગુલામ હિંદમાં સાહિત્યકારોનું કર્તવ્ય થઇ પડયું હતું હિંદની ગુલામીનો વિનાશ કરે તેવું સાહિત્ય નિર્માણ કરવાનું. હવે આવેલું સ્વરાજ્ય સમૃદ્ધ થાય તેવા પ્રકારનું પ્રેરક સાહિત્ય રચવાની જરૂર ઊભી થઇ છે. દેશકાલ બદલાતાં સાહિત્યકારના હિદાર બદલાતા રહે એ પણ ઠીક છે પણ એને માટે "ધ્યેયલક્ષી, મિશનરી જેવી સાહિત્યપ્રવૃત્તિ" કરવી એ ઠીક છે? એ પ્રચાર-ધ્યેય શું સાહિત્યકારોએ અપનાવવા જેવું છે? માંડમાંડ એક બોજો ગયો છે ત્યાં વળી નવો રશિયા-ઢબનો બોજો સ્વીકારવો છે?

પ્રો. અનંતરાય રાવળે પ્રસ્તુત વિષયની એક અમદાવાદ-ચર્ચામાં સાહિત્યકારને મિશનરી જેવા ધ્યેયલક્ષી બનવાની સલાહ આપી છે. પણ મિશનરીની કલાદષ્ટિ નીચે ન ઉતર્યાના દાખલા કેટલા ઓછા બન્યા છે? સાહિત્યકાર જેવો સંવેદનશીલ જીવ પલટાતી હવાથી અસ્પૃશ્ય તો ન જ રહે, તો પછી એને "મિશનરી" બનાવવાની શી જરૂર છે? સાહિત્યકાર કોઇ પણ વિચારસરણીનો ગુલામ-બને એ હિતાવહ નથી. તો પછી સામાન્ય રાજવીઓના સ્તુતિગાનો કરતા ભાટ-ચારણે, ગાંધીજીને-સરદારને-જવાહરને અવારનવાર અંજલિ આપતા કવિઓ, લેનિન અને સ્ટેલિનને દેવ બનાવનાર રશિયન બિરાદરો,-એ બધા વચ્ચે કયો ભેદ રહે છે?

સાહિત્યકારે હવે નવાં બંધન સ્વીકારવાની જરૂર નથી હિંદ આઝાદ થતાં એનું એક પ્રાસંગિક કર્તવ્ય પૂરું થાય છે. હવે એણે એને પોતાને જ વફાદાર રહેવાની જરૂર છે; હવે એ પણ આઝાદ થયો છે. જો એની સાહિત્ય-ભાવના સાચી હશે, જો એનું સાહિત્ય સમૃદ્ધ હશે તો હિંદને, સમૃદ્ધ કરવામાં એનો ફાળો હશે જ; હિંદની માનવતા ને ભવ્યતા, સંસ્કારિતા અને શિષ્ટતા આપોઆપ વિકસશે, જો એનામાં કાંઈ દર્શન હશે, કલા હશે, પ્રેરણા હશે તો. સાહિત્યકાર એ ઋષિ છે, દષ્ટા છે; એને પ્રચારનાં પીંછાં ખોસવા હવે કોઈ ન બેસાડશો.



મુંબઈમાં ખેતવાડી પર આવનારા જ પેસો પ્રખ્યાત ૬૪૬ નંબરનો સફેદો યાદ આવે છે. પેઈન્ટ-વારનીશના વેપારીઓનો અનુભવ છે કે ગ્રાહકો હંમેશાં ૬૪૬ નંબરના સફેદાની પહેલી માગણી કરે છે અને તેને જ પ્રથમ પસંદગી આપે છે. આ વિખ્યાત સફેદા માટે તમારા શહેરના કોઈ પણ પેઈન્ટ વારનીશના વેપારીને પૂછી શકો. ન મળે તો આ સરનામું નોંધબૂકમાં ટપકાવી લ્યો: **સિમ્પ્લેક્સ ઓઈલ એન્ડ પેઈન્ટ કું. ૧૦મી ખેતવાડી, મુંબઈ-૪.** તમને એ સમય પર ઘણું ઉપયોગી થશી.

મહાન શોધ !

કોઈપણ જાતના શારીરિક નુકસાન ન કરતાં એક જ દિવસમાં-મેલેરિયા (ટાઢીયા) તાવને નાબૂદ કરનાર અદ્ભુત દવા

'મેલેરિયા એટમ' વાપરો

સેમ્પલ ડબી એકની કિં. રૂ. ૧) પોસ્ટેજ અલગ
ગામેગામ એજન્ટો જોઈએ છે. લખો:
ચિમનલાલ એમ. ગોરજી મહારાજ, જોરાવરનગર
(કાઠિયાવાડ–B. S. Ry.)

વપરાયેલી દેશ-પરદેશની ટપાલની ટિકીટો વેચવા, ખરીદવા અથવા અદલાબદલી કરવા લખો: બાબુ સ્વ. શાહ, ગઢ, (ઉ. ગુજરાત)

આઝાદી દિનની ઉજવણી

માતર તાલુકાના ખાંધલી ગામે આપણા મંડળના સભ્ય ભાઈશ્રી પુરુષોત્તમ ઈશ્વરભાઈની દોરવણીથી સુંદર રીતે આઝાદી દિન ઉજવાયો. વિવિધ કાર્યક્રમો ઉપરાંત રાત્રે ગાંધી ચોકમાં ડૉ. આપાભાઈના પ્રમુખપદે શાળાના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ સંવાદો ભજવ્યા. ભાઈશ્રી બાબુભાઈએ ભારે મહેનત લઈને ગાંધીકુટિર બનાવેલ ત્યાં દર્શનાર્થે લોકોનાં ટોળાં ઉમટેલાં. ગામનાં સર્વ જ્ઞાતિઓને ગામ તરફથી સમૂહભોજન અપાયું. ઉત્સવના ચાર દિવસોમાં સમસ્ત ગામ આનંદમાં ડૂબી ગયું હતું

દુષ્કાળમાં ટેકો
સંતતિ નિયમન માટે ખાવાની દેશી દવા તથા સાધન: કિંમત રૂ. બે
લખો: R. C. M. C/o 'જીવન પ્રકાશ.'

કોમળ ચામડીના વાળ કાઢવા માટે
બાદશાહી
સાબુ, પાવડર, લોશન
સર્વોત્તમ છે.

સ્ત્રીઓના ગર્ભાશયનાં ભયંકર દર્દો-પ્રદર, રક્તપ્રદર, લોહીવા, કમજોરી વગેરે માટે રામબાણ.

• સ્ત્રીસંજીવની •

વૈદ્ય રમાબહેન ત્રિવેદી, ભગિની ઔષધાલય,
દિવાનપરા રોડ, ભાવનગર

તમારી પેનની સલામતી માટે
ચેમ્પીયન શાહી
ચેમ્પીયન ઇન્ડસ્ટ્રીયલ વર્કસ, વીસનગર

શિક્ષણ-સમાચાર

ફારવર્ડ હાઈસ્કૂલ, અમરેલી

૧૯૩૮માં અંગ્રેજી પહેલા ધોરણનો એક વર્ગ ખોલ્યા પછી ઉત્તરોત્તર વૃદ્ધિ થતાં આજે દસમે વરસે આ શાળામાં અંગ્રેજી સાત ધોરણના ૨૦ વર્ગો ચાલે છે જેમાં ૯૦૦ વિદ્યાર્થીઓ ભણે છે. શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા એ જ તેની લોકપ્રિયતાની કસોટી છે. આ શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા અમરેલીની બીજી બે શાળાઓની સંયુક્ત સંખ્યા કરતાં પણ વધારે-લગભગ બમણી-છે. શાળાની પ્રતિષ્ઠા અને તેના શિક્ષણની ઉચ્ચ પ્રણાલિકા જાળવી રાખવામાં શિક્ષકોનો ખાસ હિસ્સો છે. ૧૯૪૫માં મેટ્રીકની પરીક્ષામાં આ શાળાએ પહેલી વાર વિદ્યાર્થીઓ મોકલ્યા તેમાં ૮૮ ટકા પરિણામ આવ્યું. ૧૯૪૬માં આ શાળાનું મેટ્રીકનું પરિણામ ૭૩ ટકા અને ચાલુ ૧૯૪૭ની સાલે ૭૭ ટકા આવેલ છે. વિદ્યાર્થીઓમાં 'મારી શાળા'ની ભાવના છે.



બને તો આપજો

એક ખાનગી રૂમમાં ચાલતા પુસ્તકાલયને વિકસાવવા માટે મુંબઈમાં કાલબાદેવી વિસ્તારમાં ઉદાર શરતે જગા જોઈએ છે. લખોઃ પ્રમુખ, ગુજરાતી સાહિત્ય પ્રચાર સંઘ, ૨૦૧, પ્રિન્સેસ સ્ટ્રીટ, કેશર બિલ્ડીંગ, રૂમ નં. ૧૩, મુંબઈ નં. ૨.

છે કોઈ સુંદર યોજના?

આપણા મંડળના ૨૦૫૦માંથી કોઈની પાસે નફાકારક ધંધાની કેઈ યોજના હોય તો પૂર્ણ વિગતો સાથે નીચેના સરનામે લખવું. એને માટે પોસ્ટેજ વગેરે પરચુરણ ખર્ચ અપાશે ને એમની યોજનાઓ અમલી બનાવી શકાશે તો વધુ લાભ થશે-પન્નાલાલ પરીખ, દેસાઈ શેરી, વડોદરા.

શિક્ષક શિક્ષિકા જોઈએ છે

વર્ધાથી ગાંધી-વિચારશ્રેણી મુજબ બાલશિક્ષણ, ખાદી ઉત્પાદન-વગેરે ક્ષેત્રે કામ કરતી સંસ્થાને શિક્ષક-શિક્ષિકાની જરૂર છે. સંસ્થા પાસે પોતાનાં મકાનો વગેરે છે, આજીવન જોડાવા ચાહનારાઓએ ખાસ લખવું

વ્યવસ્થાપક, બાલમંદિર, બગસરા (કાઠિ.)

જોઈએ છે જીવનસાથી

રજપુત જ્ઞાતિની ભણેલ, સંસ્કારી અને રાષ્ટ્રીય વિચારવાળી યુવાન કન્યા તેજ જ્ઞાતિના ૨૦ થી ૨૫ વર્ષની ઉમરના સંસ્કારી અને કમાતા યુવાન સાથે લગ્નથી જોડાવા ઇચ્છે છે. રાષ્ટ્રીય ભાવનાવાળા, રાષ્ટ્રીય કાર્યમાં પડેલા, કે ઉચ્ચ અભ્યાસ કરતા યુવાનને વધુ પસંદગી મળશે. તુરત જ લખો.

બોક્સ. ૫૮૬/B C/o. 'જીવન-પ્રકાશ' રાણપુર.

જોઈએ છે શિક્ષિકા

'શ્રી વડાલા ગ્રામ્ય મંડળ' તરફથી ચાલતી સાર્વજનિક કન્યાશાળા માટે ગુજરાતી સાત ધોરણ સુધી તથા સાધારણ અંગ્રેજી ભણાવી શકે તેમ જ સીવણ, ભરત ગુંથણ, વિ. ના જાણકાર એવાં એક અનુભવી, ખડતલ, ઉત્સાહી તથા સેવાભાવી શિક્ષિકા બ્હેન જોઈએ છે. અભ્યાસ, અનુભવ. તથા પ્રમાણપત્ર સહિત લખો અગર રૂબરૂ મળો: શ્રી. મંત્રી, શ્રી વડાલા ગ્રામ્ય મંડળ, વડાલા, વાયા-અંજાર (કચ્છ) અગર મંત્રી, શ્રી વડાલા ગ્રામ્ય મંડળ, C/o શા. ગાંગજી ઉમરશીની કું. ૨૨૨, ભાત બજાર, મુંબઈ.

એક દુ:ખદ અવસાન

જામનગર: આપણા બંધુમંડળના એક યુવાન સભ્ય અને કુમારમંડળના ઉત્સાહી કાર્યકર ભાઈ ભૂધરલાલ વોરાનાં માતુશ્રીનું તા. ૨૫-૭-'૪૭ના રોજ દુઃખદ અવસાન થયું. ત્રણ પુત્રો, બે પુત્રવધૂઓ અને પુત્રીઓનો બહોળો પરિવાર એમની પાછળ મૂકતાં ગયાં છે. પરમાત્મા સ્વર્ગસ્થના આત્માને શાંતિ આપે.

આ સ્થિતિમાં વધારે અનાજ ક્યાંથી પેદા થાય ?

અનાજ વધારે ઉગે એવું આપણે સૌ ઈચ્છીએ છીએ પણ એ માટે આજ સુધી ચાલતી આવેલી નીતિમાં જે ધરખમ ફેરફારો કરવા જોઈએ એ કરવાની આપણામાં હિંમત નથી. નહિ તો અનાજનું ઉત્પાદન ક્યારનુંય વધી ગયું હોત.

કોઈ પણ માલ બનાવનાર પેઢી કે કંપનીને પોતાના બનાવેલા માલના ભાવ નક્કી કરવાનો અધિકાર હોય છે. એક અનાજ ઉત્પન્ન કરનાર ખેડુતને જ એ હક્કમાંથી વંચિત રાખવામાં આવ્યો છે. સરકાર કાપડના ભાવ નક્કી કરે એમાં પણ મીલમાલિકોને પોષાય અને એમને અમુક ટકા નફો મળે એ રીતે ભાવો બંધાય; પણ ખેડૂતે પકવેલા અનાજના ભાવ બાંધવામાં ખેડૂતનો બિલકુલ અવાજ જ ન હોય એટલું જ નહિ પણ અનાજના ભાવ વધારવાથી દરેક ચીજ વસ્તુના, દરેક જાતની મજૂરીના ભાવો પણ ફરી વધારવા પડશે અને આ રીતે વિષચક્રની માફક ભાવો ઊંચે જ ચડાવ્યે જવું પડશે એવી દલીલ કરવામાં આવે છે. પણ અમારો સવાલ તો એ છે કે આને માટેનું સ્થાન બીજું કોઈ નહીં પણ એકલો ખેડુત જ કેમ પસંદ થઈ ગયો ? એ અભણ છે અને બહુ બોલી નથી શકતો એટલા માટે ?

અનાજ ઉગાડવાની જોરશોરથી બૂમો પાડવામાં આવે છે પણ અનાજ ઉગાડવું ખેડુતને પોષાય જ નહિ તો એ શી રીતે ઉગાડે ?

વળી અનાજ ઉગાડવા માટે ખોળ કે ખાતર જોઈએ, પંપ કે મશીન જોઈએ, પતરાં કે સીમેંટ જોઈએ, હળ માટે લાકડાં અને લોખંડ જોઈએ–એ મેળવી આપવાની તો કોઈ વ્યવસ્થા જ ન મળે. અને વ્યવસ્થા હોય તો એવી કે એનો લાભ ખેડુતને મળવો મુશ્કેલ બને.

ખેડુત આ વર્ષે અરજી કરે ત્યારે આવતે વર્ષે એનો નિકાલ થાય. એક સરકારી પડતર કૂવો વાપરવા માટે આઠ મહિનાથી અરજીઓ આવ્યા કરે છે પણ સરકાર એ કૂવો વાપરવાની હજુ પરવાનગી નથી આપી શકી ! આ રીતે વધારે અનાજ ઉગી શકે ?

એક ખેડુતે પંપ માટે મશીન મંગાવ્યું પણ એને પોતાને ગામ લઈ આવવા માટે રેલ્વેની સગવડ જ ન મળે. મીલના કોઈ પણ સાધનને લાવવા માટે રેલ્વે પહેલી પસંદગી આપે પણ ખેડુતના ખેતીના સાધન માટે નહિ. આ રીતે રખડતા પંપો પડેલા આજેય મોજુદ છે.

આ બધાં અનાજ વધારે ઉગાડવાનાં લક્ષણ છે ?

આજ-કાલ કાપડ ઉદ્યોગ તરફ જેટલું લક્ષ આપવામાં આવે છે, તેમજ કાપડ ઉદ્યોગને જેટલું રક્ષણ આપવામાં આવે છે એના દસમા ભાગનું લક્ષ કે રક્ષણ અનાજ ઉત્પાદનના ઉદ્યોગને નથી આપવામાં આવતું.

આ સ્થિતિમાં અનાજ ક્યાંથી વધારે પેદા થાય ?

અનાજ વધારે પેદા કરવું હોય તો અનાજ ઉત્પન્ન કરવું આર્થિક દૃષ્ટિએ પોષાય એવી રચના તથા ભાવો થવાં જોઈએ. અને વધારે અનાજ પેદા કરવા માટેની ખેડૂતોને બધી સગવડો પૂરી પાડવી જોઈએ.

આજે તો શહેરનાં કારખાનાંઓને વધારે ઉત્તેજન મળી રહ્યું છે નહિ કે ગામડાંની ખેતીને. જો કાંઈ નક્કી કરવાનું હોય તે એ છે કે અનાજ પહેલું કે કાપડ ? ગામડાં પહેલાં કે શહેરો ?

—રવિશંકર મહારાજ

જીવન પ્રકાશનું છેલ્લું પાનું

ઉજળા·પ્રકાશ ૭

તંત્રી : [illegible] ● [illegible] : 'શાંતિ' ●

પ્રધાનોનાં રોકાણ



" બાપુ, લાઇનમાં ઊભા રહો !"

" મારે ઘણી અગત્યની વાત કરવી છે : પ્રધાનોની મુખ્ય ફરજ લોકોને ગાંડપણને માર્ગે જતાં અટકાવવાની ને જરૂર પડયે મરી ફીટવાની......."

" પણ બાપુ, એટલું કહેવા માટેય લાઇનમાં ઊભું રહેવું પડશે !"

વર્ષ ૧ · અંક ૭ · ઑક્ટોબર ૧૯૪૭ · મૂલ્ય બાર આના

જીવન·પ્રકાશ

દીપોત્સવીનો રસ-થાળ તૈયાર થઈ રહ્યો છે

આઝાદ હિંદની પહેલી દીપોત્સવીને દિને 'જીવન-પ્રકાશ'નો દીપોત્સવી અંક પ્રકટ થશે. નવેમ્બરનો અંક દિવાળી અંક બનશે. રસિક, પ્રેરક, ઉપયોગી, અને વિવિધ આકર્ષક રસ-સામગ્રી એમાં આવશે. ગુજરાતના પ્રતિષ્ઠિત વિદ્વાનો ને સાહિત્યકારોનો સહકાર સાંપડ્યો છે.

લેખકોને

આપની સર્વોત્કૃષ્ટ સાહિત્યકૃતિઓ તા. ૭-૧૦-૪૭ સુધીમાં મોકલી આપવા અમારું ભાવભર્યું આમંત્રણ છે.

જાહેરાત આપનારાઓને

આપની જાહેરાત માટે ઉત્તમ અને મોખરાની જગ્યા રોકી લેવા માટે તરતજ લખો. અતિ લોકપ્રિય બનેલ માસિક 'જીવન-પ્રકાશ'નો દીપોત્સવી અંક આપની જાહેરાત માટે સબળ સાધન છે.

એજન્ટોને—આપને જોઈતી નકલો માટે વેળાસર ઓર્ડર નોંધાવી દેજો. પાછળથી નહિ મળે.

જીવન-પ્રકાશ કાર્યાલય રાણપુર [કાઠિયાવાડ.]

નિરાશ્રિતોની છાવણીઓમાં પ્રવર્તતી ગંદકી જોઈને ગાંધીજીએ કહ્યું : 'મારા હાથમાં પોલીસખાતું હોય, મારા કબજામાં લશ્કર હોય, તો પોલીસ, લશ્કર અને નિરાશ્રિતોને કોદાળી-પાવડા આપી ... ...ાવી દઉં.'

ઓક્ટોબર ૧૯૪૭

જીવન-પ્રકાશ

વર્ષ ૧ અંક ૭

જીવન, સાહિત્ય અને સંસ્કારનું અદ્યતન માસિક

આ વિચારવું જ પડશે

લોકોને મહેનત કરવી નથી અને ખાવું છે. સ્ત્રીઓને કામ કરવું નથી. તેમને આજે દળવા, ખાંડવા, પાણી ભરવા, સોત્રા-ઝાટકવા કે રસોઈ કરવાની પણ તસ્દી લેવી નથી. દરેક કામ નોકર અગર પૈસા વડે કરાવવું છે. પુરુષો બૈરાંના ગુલામ બની ગયા છે. આજે સ્ત્રીઓ પર તેમનું વર્ચસ્વ રહ્યું નથી. દવાના ડોઝ પીપીને સ્ત્રીઓ હળદરના ગાંઠિયા જેવી થઇ ગઇ છે. એથી પુરુષોની કમાણી ડોક્ટરોનાં બિલ ભરવામાં જાય છે. આના બબલા સાવજ-દીપડા ક્યાંથી પાકે? આજે પ્રજા-ખમીર ઉતરી જવાની જવાબદારી માતા પર છે. જેતપુરના રાજા એભલ વાળાએ પોતાને લઈ જનાર ચારણને ચાંપરાજવાળા જેવા દીકરા ઉત્પન્ન કરવા તેની માને યાદ કરી હતી.

જુનવાણી જમાનામાં રાજાની રાણીઓ હાથે રોટલા ઘડીને પોતાના ધણીને ખવરાવતી. આજે તો ભાઈ થોડું સ્કોલરશીપ વતી ભણી હોદ્દા પર આવતાં ભાઇસાહેબ અને બાઈસાહેબને અમીરાત આવી જતાં વાર લાગતી નથી. પાધરો જ રસોયો અને બાઈસાહેબ હિંડોળે. પટાવાળાના ભુંડા હાલ.

સોરઠ એટલે ગોરસની વ્હેતી ધીકતી નદીઓ. ત્યાં આજે છાશના પણ સાંસા પડ્યા છે. આજે શ્રીમંતોને ઘેર એક બાંડી બકરી પણ મળતી નથી. મોટી મોટી હવેલીઓમાં પત્થરા ખડક્યા છે. તેમાં મોટર ગેરેજો ને ભાડાં ખાવા માટે નર્કાગારરૂપ હવા-અજવાળાં વિનાની ઓરડીઓ ને દુકાનો ઉતારવી છે પણ એક ગાયને બાંધવાની સગવડ થતી નથી. બૈરાંને એમાં ગંદકી થઇ પડે છે, પણ અંદર જતાં જ વાસ મારતાં પાયખાનાં હોય છે તેમાં ગંદકી થતી નથી. આજનો શ્રીમંત એટલે જુનવાણી જમાનાનો ભિખારી. એ જમાનામાં શ્રીમંતાઇ નહોતી પૂછાતી, પણ દૂધ ને દીકરા પૂછાતા હતા.*

—શ્રી. જેઠમલજી સ્વામી

જીવન-પ્રકાશનું પહેલું પાનું

* અહીં મુનિશ્રીના વ્યાખ્યાનનો ખાસ મહત્ત્વનો ભાગ આપવામાં આવ્યો છે. જિજ્ઞાસુએ આખું એ વ્યાખ્યાન લેખરૂપે 'કાઠિયાવાડ ટાઇમ્સ'માં તા. ૧૪-૯-૪૭ના અંકમાં જોઇ લેવું.

કાળાબજારીઆને

કાળાં બજાર તણા પતિ ન્યારી મતિ છે આપની;
સરકારને પડકારતી ગેબી ગતિ છે આપની.
વરસે નિરંતર લાખ ઘ્યાનત એવી દાનત આપની;
કરતાં મરામત ના મટે એવી કરામત આપની.
માથે તમારે છત્રછાયા જ્યોર્જ છઠ્ઠા છાપની;
પગલાં પડે અણમોલ ત્યાં ત્યાં બોલબાલા આપની.
કરવા તમારી વાત છે તાકાત કોના બાપની?
કરતી સુનેરી ઢાલ જ્યાં ચિરકાલ રક્ષા આપની.
શયતાન ડગ દેતાં ડરે ત્યાં સહેલગાહો આપની;
અંધાર નરકાગારમાં આરામગાહો આપની.
નીતિરીતિની ના તમા, પરવા કશી ના પાપની;
ધોતી કલંકો દ્રવ્યની છોળો ઉછળતી આપની.
જાલીમ જબરદસ્તી, ઘરાખી ઘરતી જ્યાં સંતાપની;
જ્યાં જ્યાં પરેશાની પરમ ત્યાં ત્યાં નિશાની આપની.*

—ચતુરભાઈ શંકરભાઈ પટેલ

* તા. ૧૪-૧૧ ૧૯૪૫ના રોજ વડોદરામાં યોજાયેલા એક મુશાયરામાં "ત્યાં ત્યાં નિશાની આપની" પંક્તિની પ્રમુખપદેથી રજૂ થયેલી પાદપૂર્તિ.

સત્તાવિરોધી પ્રજાસંઘ માને છે કે, અમે કાળાબજારીઆને ઘેરી લીધા છે!
કાળાબજારીઆ માને છે કે, અમે બરાબર રક્ષાઇ ગયા છીએ; જનતા શું માને છે?

નવી ભૂમિતિ

આપણી ભૂમિતિ કેટલી શુષ્ક પદ્ધતિએ રચાઇ છે! વર્તમાનપત્રોના લેખનકાર્યના લાંબા અનુભવ બાદ એક પત્રકારે નવી જ ને રસમય શૈલીમાં ભૂમિતિ રજૂ કરવાનો ઇરાદો રાખ્યો છે. આ પત્રકારે મુંબઇ અને અમદાવાદનાં ગુજરાતી પત્રોમાં લાંબા સમય સુધી કામ કર્યું હોઈ એમની ભૂમિતિ એક શકવર્તી ગ્રંથ બનશે એમાં સંશય નથી. એમના એ અપ્રસિદ્ધ ગ્રંથમાંથી અહીં માત્ર એક જ દાખલો આપવામાં આવ્યો છે, જેના પરથી એમની પ્રતિભાનો ખ્યાલ વાચકોને આવશે. સામાન્ય રીતે સામાન્ય પ્રકારની ભૂમિતિમાં લખ્યું હોય છે: 'લાઇન બીસી પર એક પરપેન્ડીક્યુલર લાઇન એવી રીતે પડે છે કે જેથી તેને સી પોઇન્ટ પર તે વિભક્ત કરે વગેરે વગેરે...' આવી તદ્દન અરસિક શૈલીમાં સામાન્ય ભૂમિતિકાર લખે છે; જાણે કે આ તો જગતનો એક સાવ સામાન્ય બનાવ હોય. પત્રકાર–ભૂમિતિકારે એને માટે આ પ્રમાણે રચના કરી છે:–

ભયંકર હત્યાકાંડથી વ્યાપેલી સનસનાટી
સી પોઇન્ટ પર પર્પેન્ડિક્યુલરનું આકસ્મિક પતન
લાઇન સીના પડેલા ભાગલાથી થયેલો વિનાશ

લઘુમતિ બિંદુઓનો અસંતોષ:
ચોમેર ફાટેલાં રમખાણો

બંને રાજ્યોના પ્રમુખોનાં નિવેદનમાં સમાધાનનો સૂર વગેરે વગેરે

*

સફળ જીવન!

બાલવિધવા બનવા છતાં બેંતાળાં આવતાં સુધી પરણવાનું બંધ રાખવું અને પછી એકાએક ગમે તેની સાથે ચોરીમાં ફેરા ફરવા અથવા રજીસ્ટ્રારની ઓફીસમાં સિવિલ મેરેજ માટે હાજર થવું એ શું સફળ જીવનનો નમૂનો છે? પોતાથી નાની વયના યુવક સાથે લગ્નગ્રંથીથી જોડાયા પછી અતિપરિચયને લીધે અવજ્ઞા–કંટાળો ન ઊપજે તેથી પોતા પ્રત્યેનું આકર્ષણ ટકાવી રાખવા જુદા રહેવું ને બે ઘર ચલાવવા



ગાંધીજીની પ્રતિમાને ઊંડા પાણીમાં ઉતારવા કરતાં સાચી ને તાકીદની આવશ્યકતા આવી એક દીવાદાંડી બાંધવાની છે: જેથી ખરાબે ચઢતાં જહાજ બચે!

એને શું જીવનનું સુખસર્વસ્વ મેળવ્યું એમ માનવું? 'સારી ય પુરુષજાત નીમકહરામ છે' એવું બૂમરાણ મચાવી સમાજસેવામાં જ રંગાઈ જવાનું જાહેર કરવું ને પછી પહેલી પત્ની અને તેનાં બાળકો પણ હયાત હોય એવા કોઈ મહાપુરુષ (!) ની આદર્શ સહધર્મચારિણી બનવાની ઘોષણા કરાવવી એમાં સફળ જીવનનો પુરાવો કયાં રહ્યો?

—ખાંડેકર

*

સો ચૂહા મારકે—

કલકત્તામાં ગાંધીજીના સાન્નિધ્યમાં એક બિલાડું રહેતું. એ બિલાડું કાંતી ને લેંઘો પહેરતું. (પહેલાં અંગ્રેજી પોશાક પહેરતું.) રામધૂન બોલતું. વંદેમાતરમ્ ગાતું. પહેલાં ઘાંટા પાડતું પણ છેલ્લે છેલ્લે તો બહુ જ ધીમેથી બોલતું. રેંટીઓ કાંતતું અને નિયમિત રીતે પ્રાર્થનામાં બેસી જતું.

આ બિલાડાની બાજુમાં જનાબ સુહરાવર્દી બેસતા.

—શનિ

*

નવી કહેવતો

આજના નરસિંહ મહેતા: "મારી દોલતમાં ઝાંઝ ને પખાજ રે" ને બદલે કહેશે: "મારી દોલતમાં રેશનકાર્ડ રે."

—મૂળે તો હરિજન ને વળી આશ્રમમાં રહી આવ્યો.

—કોલેજીઅન: આપ સલામત તો કોલેજ બહોત.

—અકબર ઇલાહાબાદી

*

આજનો યુવાન!

'મારા જેવા પામરને રેંટિયો ફેરવવા કહેવું તે અંધેરાને વેદ ભણવા કહેવા જેટલું જ હાસ્યાસ્પદ છે. હું તો કબૂલ જ કરી દઉં છું કે દેશનો ધન ઉત્પાદનની દૃષ્ટિએ હું નકામો અને નાલાયક માણસ છું. ને મારા જેવા સેંકડો દરેક દેશમાં અને દરેક કાળમાં જન્મતા આવ્યા છે, અને જન્મશે જ. પુસ્તકો મોટે કરતાં, કે એ બધાનું તારતમ્ય સમજી વિચારો રજૂ કરતાં પણ કદાચ મને અને મારા જેવા નાલાયકોને આવડતું હશે; પણ મારું કાંતેલું સૂતર વણકરની શાળ ઉપર નહિ જ ચડે. મને સ્ટેશન પર જઈ મજૂરી કરવાનું ન કહેતા. શરીર સશક્ત છતાં, મારે માથે ચડેલા સામાનનો વિમો ઉતરાવ્યો હોય તો જ એ સામાન મને સોંપવાની હું સલાહ આપું. ખેતી કરવાનું કહેશો તો જમીનનો કસ બધો જમીનમાં જ રહેશે. ઊગતા છોડ કે પાકના દાણા સુધી નહિ પહોંચે. ટૂંકામાં પ્રભુએ મને હાથ-પગ આપ્યા છે તે દેખાવના જ છે. એનો ઉપયોગ કશા ઉત્પાદન માટે કરવા જાઉં તો એ બીન આવડત અને અપટુતાથી બગડશે જ. મારા જેવા માણસને ઈશ્વર જન્મ આપે છે, તમારા જેવી સ્ત્રીઓની માતૃત્વની સહજ વૃત્તિને પોષવા જ.'

—શ્રી. બચુભાઈ શુકલકૃત 'અધૂરું જીવન'ના વાર્તાનાયકનો એક સંવાદ

*

યુવતી: તને ખબર નહોતી કે હું પરણેલી છું?

યુવાન: ના, મને શી ખબર?

યુવતી: અને છતાંયે તું મને ચાહતો હતો?

યુવાન: હા; તે છતાં યે.

યુવતી: કેવી મજાની વાત!

*

કાળાબજારીઆની યુવાન સ્ત્રી એના પ્રેમીને કહે છે: હું તારી સાથે ચોક્કસ ભાગી આવું. બોલ, કયારે?

પ્રેમી: આજે રાતના આઠ વાગે.

પ્રેયસી: બરાબર. તું કહે ત્યાં આવવા હું તૈયાર છું. રાતના આઠે—

પ્રેમી: ચોક્કસ?

પ્રેયસી: ચોક્કસ. પણ એક વાત માનીશ?

પ્રેમી: શું?

પ્રેયસી: મારા પતિને સાથે લેતી આવું!

પ્રેમી: એની સાથે જરૂર પડશે?

પ્રેયસી: મને લાગે છે કે જરૂર પડશે. તને કદાચ ખબર નહીં હોય, પણ મને એના પર આધાર રાખવાની ટેવ છે. મારી આસપાસમાં હોય તો હું એને ગમે ત્યારે બોલાવી શકું. અલબત્ત, આ એક બાલિશ ઈચ્છા છે, અને બીજા તો એ સાંભળીને હસે જ કે પતિને સાથે શું કરવો છે? પણ તું તો સમજી શકીશ ને? એ ગમે ત્યાં હશે તો પણ, ધનના ઢગલા કરશે. કેવી ખૂબીથી એ ધન એકઠું કરે છે!

પ્રેમી: ભલે એ પણ સાથે આવતો.

ડોક્ટર એની બેસંટ

લેખક :
શ્રી કપિલભાઈ ઠક્કર
એમ. એ.

સને ૧૮૯૩ ના નવેમ્બરની ૧૬ મી તારીખે મદ્રાસ ઈલાકાના ટ્યુટિકોરીન બંદરે લંડનથી આવતી આગબોટમાં એક વ્યક્તિ હિન્દુસ્થાનને કિનારે ઉતરે છે. સ્થાનિક મહાજન એને એક માનપત્ર આપી સત્કારે છે. એના મહાન સ્વાર્થત્યાગની પ્રશંસા કરે છે. ઉત્તરમાં એ વ્યક્તિ કહે છે કે ‘છીપ અને શંખલાઓ ફેંકી દઈને હીરામોતી સ્વીકારનાર સ્વાર્થત્યાગી કહેવાય તો મેં સ્વાર્થ તજ્યો છે. જીવનમાં મને જે સત્ય શોધવાની તમન્ના હતી એ લાધ્યું છે. એની પાસે મેં જેનો ત્યાગ કર્યો છે એની કશી વિસાત નથી.’

એ એક સ્ત્રી હતી. છેતાળીશ વરસની એની ઉમ્મર હતી. યુરોપ અમેરિકામાં, એક પ્રખર વક્તા તરીકે, જુસ્સાદાર લેખિકા તરીકે, જાહેર કાર્યકર તરીકે, એક સમયે પ્રખર નાસ્તિકવાદની, પછી સમાજવાદની અને હવે થીઓસોફિની પ્રખર હિમાયતી અને પ્રચારક તરીકે, એણે નામના મેળવી હતી. એનું નામ શ્રીમતી એની બેસન્ટ.

શ્રીમતી એની બેસંટ

૧૮૪૭ ના ઓક્ટોબરની પહેલી તારીખે લંડન શહેરમાં એનો જન્મ થયો હતો. સ્નેહાળ માતાપિતાની ગોદમાં એણે બાલ્યાવસ્થા પસાર કરી. એની નસોમાં પોણો ભાગ આઇરિશ અને પા ભાગ અંગ્રેજી લોહી વહેતું હતું. એના પિતાનું વુડની અટકથી ઓળખાતું ખાનદાન કુટુંબ જુના કાળથી ઇતિહાસમાં ખ્યાતિ પામ્યું હતું.

ચાર વરસની ઉમ્મરે એનીએ પિતાનું સુખ ગુમાવ્યું. એની વિધવા બનેલી માતાનો પોતાના પતિ તરફનો પ્રેમ એટલો ગાઢ હતો કે સ્મશાનયાત્રા પહેલાં ઘરના જે ઓરડામાં પતિનું શબ પડેલું હતું ત્યાં એ બંધ બારણે આખી રાત રૂદન કરતી બેસી રહેલી. અને એના વદન પર સવારે નજર કરનારાઓએ જોયું કે ગઈ રાત્રે જે કેશ કાળા ભમ્મર જેવા હતા એ સવારે ઉન જેવા સફેદ બની ગયા હતા. સ્મશાન યાત્રા વખતે એ મૂર્છામાં પડી, અને સૂક્ષ્મ શરીરે પોતાના પતિની પાછળ એ કબરસ્થાન સુધી ગયેલી એ વાત, પછીથી સદેહે એ સ્થળે જઈને પતિની કબર ઓળખી બતાવીને સાબિત કરી આપી હતી.

વિધવા અને ગરીબ માતાની સાથે એનીએ ઓગણીશ વરસ સુધીનું જીવન ગાળ્યું, અને શાળાની કેળવણી લીધી. ભાવી જીવન માટે અનેક ગુલાબી સ્વપ્નાંઓ સેવ્યા. ઘરના ચોગાનમાં આવેલા બગીચામાં ઉભેલા એક ઝાડ પર ચડી કવિ મિલ્ટનના મહાકાવ્ય ‘પેરેડાઇસ લોસ્ટ’ માંથી એ ફકરાઓ લલકારતી ત્યારે શયતાનની માફક,

આખી દુનિયા સાથે એકલે હાથે યુદ્ધ કરવાના એને કોડ જગતા.

ઓગણીશ વરસની વયે રેવરંડ ફ્રાન્ક બેસન્ટ નામના યુવાન પાદરી સાથે એનો મેળાપ થયો. પ્રેમમાં પડવાનો અનુભવ તો એનીને નહોતો, પણ લગ્નની માગણી એ તરછોડી શકી નહિં, અને એકાદબે અઠવાડિયામાં, ૧૮૬૬ની સાલમાં, એ પાદરી સાથે એણે લગ્નની ગાંઠ બાંધી.

૭ વરસ એ લગ્નજીવન નભ્યું. એ ૭ વરસમાં એનીએ લંડનમાં વસતા કંગાલોનાં દુઃખી જીવન નિહાળ્યા. માંદાઓ અને ગરીબોની સેવા કરતાં, મજુર વર્ગના કંગાલ લત્તાઓ અને ઘરોમાં જીવાતું જીવન એણે જોયું. પત્ની તરીકે જીવનમાં એને શા શા અધિકારો હતા અને નહોતા એનો એને ખ્યાલ આવ્યો. ખ્રીસ્તી ધર્મના આચાર્યનું જીવન જેણે સ્વીકાર્યું હતું એવા પતિના પોતાના તરફના બેપરવા, કઠોર અને તોછડા વર્તનનો કપરો અનુભવ થયો. ગૃહતંત્ર, સમાજતંત્ર, અને સમગ્ર જગતના તંત્રમાં કંઈક ઉણપ છે એવું લાગવા માંડયું. લગ્નજીવને એને એક પુત્ર અને પુત્રી આપેલાં. ન્હાની નિર્દોષ પુત્રીની એક સમયની ભયંકર માંદગી દરમ્યાન ઇશ્વરની દયા, શક્તિ અને અસ્તિત્વ માટે એને શંકાઓ ઉત્પન્ન થઈ. જીવન ક્લેશમય, દુઃખી અને ન જીવવા જેવું લાગ્યું, એમાંથી છૂટવાને માટે એક દિવસ તો ક્લોરોફોર્મની શીશી લઈ જગત બહાર ગમે ત્યાં ચાલ્યા જવાનો નિશ્ચય કર્યો. એ ઘડીએ એક અવાજ સાંભળ્યો 'બીરૂ ! નામર્દ ! શહીદ થવાનાં સ્વપ્નાંઓ સેવ્યા અને થોડા સમયનું સંકટ સહી શકાતું નથી ?' શીશી હાથમાંથી ફેંકાઈ ગઈ.

એમેતિહાલ

દરેક જાતના તાવ, બરોળ, કમળો અને પેટનાં દર્દો

માટે

બરોળ જેવાં ભયંકર દર્દોને અટકાવવા આ દવા રાશમાં સારી અસર કરે છે. દરેક જાતના તાવ મટાડી આ દવા શક્તિ આપે છે. દરેક દવાવાળા અને ગાંધીઓ વેચે છે.

'એમેતિહાલ' બરાબર વાંચીને ખરીદશો.

જથ્થાબંધ માટે લખોઃ

કમલ ફાર્મસી, નડિયાદ

પણ એની શંકાઓનું સમાધાન કોઈ ધર્માચાર્યે કર્યું નહિ. પાદરી પત્નીને નાસ્તિક સ્ત્રી ન પરવડે. ૨૬માં વરસે લગ્નજીવન છુટાછેડામાં પરિણમ્યું. એ પછી માતાનું યે મૃત્યુ થયું અને સમગ્ર જગતમાં એની એકલી બની.

નાસ્તિકવાદનો પ્રખર પ્રચારક અને હિમાયતી, ગરીબોનો સદા જાગ્રત સેવક, સેંકડો માનવીઓના તિરસ્કાર અને હજારોના પૂજનને પાત્ર બનેલો ચાર્લ્સ બ્રાડલો એ કાળે ઇંગ્લાંડમાં એક મહાન લોકનેતા હતો. ઇશ્વર અથવા મૃત્યુ પછીના અસ્તિત્વમાં એને કશી શ્રદ્ધા નહોતી, પણ જેઓ પરમાત્મા અથવા પરલોકમાં માનતા હોય એમને માટે ત્યાં પહોંચવા સારૂ એક પુલ બનવા માટે એની કાયા હમેશા તૈયાર હતી. એ બ્રેડલોની એ સંગાથી, મિત્ર અને મદદગાર બની. બ્રેડલોના તંત્રીપણા નીચે પ્રકટ થતાં 'નેશનલ રિફોર્મર' નામના પત્રની એ સહતંત્રી બની. પુષ્કળ વાંચ્યું, સતત લખ્યું, ભવિષ્યના દિવસોમાં જ દુનિયા ભરના અજોડ વક્તા તરીકે પ્રાપ્ત થવાની કીર્તિની શરૂઆત કરી, અને વ્યાખ્યાનો આપવા માટે ઇંગ્લાંડના એકથી બીજા છેડા સુધી અનેક વાર ફરી વળી. સખ્ત અને સતત કાર્ય કરવાથી કોઈ મરી જતું નથી એ અનુભવ જીવનમાં સંઘર્યો, અને પૈસાને અભાવે બપોરનું ભોજન ન મળી શકે તો લેખન-વાચનમાં ભૂખને ભૂલી જવાની ટેવ કેળવી.

મોટી બહુમતિથી પાર્લામેન્ટમાં ચુંટાઇને આવવા છતાં, ઈશ્વરના નામથી સોગંદ લેવાની નામરજીને કારણે પાછો ધકેલનાર આ નાસ્તિક છેવટે સોગંદનામામાં કાયદેસર ફેરફાર કરાવીને આમસભામાં બેઠો. એ વરસોનો ઇતિહાસ ખૂબ રસિક છે. એના અનુયાયીઓ હજારોની સંખ્યામાં હતા. એ સૌ પર એનીનો કાબુ ચમત્કારિક હતો. આમ સભામાં બ્રાડલોની સામે તોફાન ચાલતું હતું. એને પોતાને ગિરફતાર કરવામાં આવ્યો હતો. પોતાના નેતાને છોડાવવા માટે ઈંગ્લાંડના બધા ભાગોમાં પચાસ હજાર માણસોનું ટોળું આમ સભાગૃહ તરફ ધસી આવતું હતું. મિસીસ બેસન્ટ એ મકાનના ઉપલા પગથિયે ઉભાં હતાં. પોલીસ એ ટોળાને વિખેરી નાખવા મહેનત કરતી હતી. 'તમારાથી એ લોકો નહિ વિખેરાય.' એણે પોલીસ ઈન્સ્પેક્ટરને કહ્યું 'આ મારા ઉંચા કરેલા હાથથી હું પાછા જવાની ઇશારત કરીશ તો એ માનવસાગર હટી જશે. આગળ આવવાની સંજ્ઞા કરીશ તો આ મકાનના બે પથરાઓ પણ સાથે ઉભા નહિં રહે. પણ નેતાની એવી ઇચ્છા નથી. એટલે આ સમૂહને હું પાછો મોકલું છું.' એની આંગળીને ઇશારે મેદની પીગળી ગઈ.

આ બધા ઝંઝાવાતો દરમ્યાન આત્મતત્ત્વની શોધ તો ચાલુ હતી. નાસ્તિકવાદમાં એને કંઇક ઉણપ લાગવા માંડી. "માનવીમાં કંઇક એવું તત્ત્વ રહેલું છે કે જેને નાસ્તિકવાદ નથી સમજાવી શકતો. હજી કંઇક શોધવું બાકી રહે છે." એવું એને અંતરથી લાગવા માંડયું.

૧૮૭૫માં થીયોસોફિકલ સોસાયટીની સ્થાપના ન્યુયોર્કમાં થઈ ગયેલી. એના એક સ્થાપક મેડમ બ્લેવટસ્કીના લખેલા 'સિક્રેટ ડોકટ્રીન' (Secret Doctrine)ના બે ભાગ 'રિવ્યુ ઓફ રિવ્યુઝ'ના મશહૂર અને વિદ્વાન તંત્રી શ્રી. સ્ટેડ પાસે અવલોકન માટે આવ્યા. એમણે મીસીસ બેસન્ટને કહ્યું 'મારા આ યુવાનો તો આ પુસ્તકથી ભડકે છે. તમે એનું અવલોકન લખી આપશો? તમે જે કંઇક શોધી રહ્યા છો એ આમાં હોવા સંભવ છે.' એ પુસ્તકો અવલોકન અર્થે વાંચ્યા. પાના પછી પાના સેંકડોની સંખ્યામાં પાના, ફરતા ગયા અને આત્મા પર પડેલી અંધકારની છાયાઓ, ઓસરવા માંડી. 'જેની શોધમાં હતી તે આ,' એવું સમજાઈ ગયું. અવલોકન લખાયું. મેડમ બ્લેવટસ્કી એ વખતે લંડનમાં હતા. એમનું નિવાસસ્થાન શોધી કાઢયું. ચરણોમાં પડી એમને વિનવ્યા, 'મેડમ બ્લેવટસ્કી! મને આપની શિષ્યા બનાવો.'

૧૮૮૯નો એ બનાવ. ૧૮૯૧માં મેડમ બ્લેવટસ્કી લંડનમાં વિદેહ થયા. એ બે વરસ દરમ્યાન એમની દોરવણી, એમના નિયમન અને શિસ્ત નીચે થીયોસોફિનું, એના સિદ્ધાંતનું, એના ભવિષ્યના કાર્યપ્રદેશનું મિસિસ બેસન્ટે ઘણું ઘણું શિક્ષણ લીધું. અને સમગ્ર જગતને આધ્યાત્મિક સંદેશ આપી, વિશ્વબંધુત્વને સત્ય અને વ્યવહારિક બનાવવાનું જે દેશ માટે ભાવિમાં નિર્માયેલું છે એવા હિન્દુસ્થાનને અને એ દ્વારા જગતને, પોતાનું બાકી જીવન અર્પણ કરવાની ભાવના સાથે હિન્દુસ્થાનને કિનારે એનીએ પગ મૂકયો.

હિન્દુસ્થાન એમને કોઈ પૂર્વ જન્મોના પરિચયવાળી ભૂમિ લાગી. હિન્દુ ધર્મ, ગીતા અને ઉપનિષદો, એનાં મહાકાવ્યો, એ સર્વે સાથે એને પુરાણી મહોબ્બત હોય એવું એમને સ્મરણ થયું. પણ પ્રાચીન ગૌરવ અને મહત્તા ટકી રહ્યા નહોતા, અને જડવાદ અને નાસ્તિકવાદનું જે મોજું યુરોપ અમેરિકા પર એ સમયે ફરી રહેલું હતું એની અસરથી એ ભૂમિ પણ મુક્ત નહોતી રહી એવો એમને ભય લાગ્યો. એમણે કહ્યું, 'હિન્દ મરી નથી ગયું. એ તો માત્ર સુતેલ છે. એના સંતાનો સિવાય અન્ય કોઈ એને નહિ મારી શકે.'

સુતેલ હિન્દને જાગ્રત કરવા માટે, એની પુરાણી સંસ્કૃતિ અનુસારની કેળવણી એનાં બાળકોને અપાય એ પ્રથમ જરૂરિયાત લાગી, પવિત્ર કાશી ક્ષેત્રમાં એમણે નિવાસ કર્યો, અને એ જ સ્થળે, પોતાની કલ્પના અનુસાર હિન્દુ બાળકોને કેળવણી આપી શકાય એ માટે એક હાઇસ્કુલ, એક કોલેજ, એક કન્યા વિદ્યાલય અને એને લગતાં વિદ્યાર્થીગૃહો ત્યાં સ્થાપવા માટે એક ભંડોળ એકઠું કરવા એમણે દેશના એક

ખુણાથી બીજા ખુણા સુધી સફરો આદરી. હિંદુસ્થાનની પ્રાચીન સંસ્કૃતિ પર વ્યાખ્યાનો આપ્યા, અને લાખો રૂપિયા એકઠા કરી બનારસને આગણે આ સંસ્થાઓ ઉભી કરી.

એ સંસ્થાઓનો ગૌરવન્તો ઇતિહાસ હિન્દની કેળવણીના ઇતિહાસમાં અનોખો આલેખાયેલો છે. એને પોતનું કેન્દ્ર બનાવી, એ પછીનાં વરસોમાં પ્રાતઃસ્મરણીય પંડીત મદનમોહન માલવીયાએ બનારસ હિન્દુ યુનિવર્સીટી ઉભી કરી. હિન્દુ યુનિવર્સીટીએ એમને ડી. એલ. ની પદવી આપી.

૧૯૦૭ માં થિયોસોફિકલ સોસાયટીના આદ્ય પ્રમુખ કર્નલ ઓલ્કોટ વિદેહ થયા. જગત ભરના પચાસ દેશમાં વિસ્તરાયેલા થીઓસોફિકલ સોસાયટીના સભાસદોએ એક મતે શ્રીમતી બેસન્ટને પ્રમુખ તરીકે ચુંટયા. સતત સાત વરસે એ ચુંટણી ફરી કરવાનો નિયમ છે. ૧૯૧૪, ૧૯૨૧, ૧૯૨૮ માં ફરી ફરી એમના પર એ પસંદગી ઉતરી.

સોસાયટીના પ્રમુખનું હિન્દમાં નિવાસસ્થાન મદ્રાસ પાસે આવેલા, સમગ્ર સોસાયટીના મુખ્ય મથક અદ્યારમાં રહે છે. એ વરસથી એમનો નિવાસ ત્યાં થયો. એ પ્રમુખપદની જવાબદારી અત્યંત ભારે હોય છે. ચારે ખંડમાં આવેલાં એના ઉપકેન્દ્રો એને સંભાળવાના રહે, પ્રચાર માટે લાંબી લાંબી મુસાફરીઓ યોજવી પડે. આ બધી ફરજો એમણે બાવીશ વરસ સુધી એકધારી અદા કરી.

૧૯૦૯ની સાલમાં લંડનના ક્વીન્સ હોલમાં એમણે 'બદલાતું જગત' (Changing world) એ વિષય પર ૭ વ્યાખ્યાનો આપ્યા. એમાંના છેલ્લા વ્યાખ્યાનમાં, બદલાતી દુનિયાને નવો જીવન-સંદેશ આપવા માટે, હમેશાં બનતું આવ્યું છે એમ જગત્ગુરૂ ફરી થોડા સમયમાં આપણી વચ્ચે પ્રકટ થશે, એવી આગાહી કરી આ ચોંકાવનારી આગાહીએ એમનાં મંડળોમાં અને જગત્‌ભરમાં કુતુહલ, વિરોધ અને અશ્રદ્ધાનાં આંદોલનો પેદા કર્યા. શ્રી કૃષ્ણમૂર્તિ નામના એક મદ્રાસી યુવાનના શરી

(પૃ. ૪૭૦ પર ચાલુ)

'જખ્મેરૂઝ'નો ચમત્કાર

પૂરતા પ્રમાણમાં ચોકખું ઘી-દૂધ નહિ મળવાથી તેમ જ ખરાબ અનાજ, બજારૂ બનાવટી દૂધની, ગોળની ચાહ, સહજપુટી તેલનાં ભજીયાં, ભુંસુ, ભેળ વગેરે ખાવાથી લોહી બગડી આખા શરીરે ખસ, ખુજલી, ખાજ, ખરૂજ, ચાંદાં થાય છે અને ઘરમાં એકને થાય એટલે આખા ઘરમાં એનો ચેપ ઊડે છે.

—— તેને તાકીદે દૂર કરવા ——

● ભાવસારનો 'જખ્મેરૂઝ' ●

રજીસ્ટર્ડ ગુલાબી મલમ

— વાપરો —

કારણકે આ મલમ દાઝેલા પર ઉંવટનું કામ આપી મરણતોલ દાઝેલાની જિંદગી પણ બચાવી લે છે, તેમ જ ગડગુમડ, ધવેડા, બાળકોના રતવા, ગરમીનાં ચેપી ચાંદાં, પીઠાબની જગ્યાની ચાંદી, મોઢાના ખીલ, શીતળા કઢાવ્યા પછી રૂઝ લાવવા તથા તમામ ચામડીનાં દર્દોને ઠંડક આપી રૂઝ લાવે છે. દરેક દવાઓ વેચનાર પાસેથી મળશે. તમારા ગામના દવા વેચનાર પાસે આ મલમની જ માગણી કરો.

બાટલીની કિંમત	ાા ઔંસ	૧ ઔંસ	૨ ઔંસ	૪ ઔંસ	૮ ઔંસ	૧૬ ઔંસ
	૦-૮-૦	૦-૧૪-૦	૧-૮-૦	૨-૮-૦	૪-૮-૦	૮-૦-૦

બનાવનાર: ભાવસાર કેમીકલ વર્કસ, વ્યારા [તા. વા. રેલ્વે] વાયા સુરત.

પેટ ભરીને જમો !

ગેસહર (પીળા) ગેસ રહેતો-પચો, કબજી, વાયુ શુળ, પેટમાં પવનનું ઘુંચાવું, ઓછી ભુખ, મંદાગ્નિ, ખાધા પછી પેટનું ભારે થવું, મુંઝારો, મગજમાં અશાંતિ, ઉંઘ ન આવવી, ચકાવા, હૃદયની ગભરામણ, હૃદયરોગ, પલપીટેશન, બ્લડપ્રેશર, દરતી રોગો વીગેરે મટાડી દસ્ત હમેશ નિયમીત સાફ લાવે છે. અન્ન પાચન કરી ભુખ કાઢીને લગાડે છે. શરીરમાં લોહી વધારી શક્તિ આપે છે. લીવર, આંતરડાં, બરોળના તેમજ પેટનાં કોઈપણ રોગ માટે આ બીનહરીફ ઈલાજ છે. વાપરી અનુભવ કરો. કિંમત ૧ શીશીનો રૂા. ૧। ત્રણના રૂા. ૩॥ વી. પી જુદું.

તાકાત આપનારી દવા

દુગ્ધાનુપાન (ગોળીઓ) ધાતુક્ષીણતા, સ્વપ્નદોષ, કબજીઆત, કાચી પુરૂષત્વ, નસોની કમજોરી, પેશાબનાં દર્દો, મગજની નબળાઈ, માંદગી પછીની કમજોરી, લોહીનું ઓછાપણું, કળતર, સુસ્તી, થાક લાગવો, છાતીનો દુઃખાવો વીગેરે શારીરિક તથા માનસીક રોગો દુર કરી શક્તિ અને સ્ફૂર્તિ લાવે છે, લોહી તથા વીર્યને સુધારી વીર્યશક્તિ વધારે છે. નવી જુવાનીનો અનુભવ કરાવે છે, વજન વધે છે, શરીર તંદુરસ્ત થાય છે. કિંમત ૧ શીશીનો રૂા. ૧। ત્રણ શીશીના રૂા ૩॥ ત્રણથી સંપુર્ણ આરામ. પારેખ શીશીના રૂા અને ૭.

વીર્યસ્થંભન ટકાવ–રૂકાવટ માટે

કામ વિલાસ (ગોળીઓ) વીર્યને લાંબો વખત સુધી ટકાવી જુવાન વૃદ્ધને સંસારસુખમાં સાચો આનંદ આપે છે. કિં. ૧ શીશીનો રૂા. ૧।. ત્રણના રૂા. ૩॥

અનુભુત ઘૃત કુદરતી કે ગમે તે કારણે પુરુષના ગુપ્ત ભાગમાં આવેલ ખામી આ ઘૃત–લેપ લગાડવાથી દુર થઈ પુરૂષત્વ પ્રાપ્ત થાય છે. કિં. શીશીનો રૂા. ૧॥.

દરેક દવાનું વી. પી. ખર્ચ અલગ છે.

૧ થી ૩ શીશી સુધી વી. પી. ખર્ચ ના॥. ૪ થી ૬ શીશી ખર્ચ રૂા. ૦॥। વી. પી થી મંગાવનારે જામનગર લખવું.

લખો :— **દુગ્ધાનુપાન ફાર્મસી**
(સ્થાપના સને ૧૯૨૯)
૭ ૧ જામનગર (કાઠીયાવાડ)

માસિક અટકાવ !

રજોલીના (પીળી) કોઈપણ કારણથી બંધ પડેલ માસિક ધર્મ તાત્કાલિક જરૂર ફરી ચાલુ કરી નિયમિત કરે છે રતુ દોષો દુર કરે છે, માસિક લાવનારી વસ્તુઓની બનાવટ છે. ગર્ભવાળી સ્ત્રીએ વાપરવી નહીં. કિં. ૧ શીશીના રૂા. ૪, લાંબા સમયના અઘરા કેસો માટે તેજ બનાવટ રૂા ૬ વી. પી. જુદું.

ગર્ભાંકુશ (પીળા) દવા ખાવાથી જીંદગી સુધી ગર્ભ રહેતો અટકે છે. માસિક ધર્મ નિયમિત ચાલુ, નુકશાનરહિત છે. સંતતિનિયમન માટે ઉત્તમ છે. ૧ શીશીના રૂા. ૪ વી. પી. જુદું.

બસ્ટોલીના ઢીલા અને બેડોળ સ્તનને આ તેલ માલીસ કરવાથી કઠણ, અણીયાળાં અને નવયુવતી સમાન સુન્દર થાય છે, કિં. શીશી ૧ના રૂા ૨ વી. પી. જુદું.

આનંદ સ્ત્રીઓને સંકોચ યાને કુંવારાપણું બક્ષનાર મશહુર આ ટીકડી રક્તસ્ત્રાવ, શ્વેતપ્રદર તથા પ્રદર વગેરે મટાડે છે. કીં. રૂા. ૧॥.

કાનના

દરેક દર્દો-કાનમાંથી પરૂ-રસી જવી, શુળ, બહેરા, સોજો, શું શું અવાજ થવો. બહેરાપણું વીગેરે રોગોનો આસીર ઈલાજ.

રસીક કર્ણબિંદુ ઇયર ડ્રોપ્સ
કી. શીશીનો રૂ. ૧। ત્રણ શીશી રૂ. ૩॥

—: એજન્ટો :—

મુંબઈ—વીઠી પ્રધર્ન કું ૭૯, પ્રીન્સેસ સ્ટ્રીટ
મુંબઈ - લાલબાગ ફાર્મસી લાલબાગ જંકશન
મુંબઈ - મોનજી વિશરામ, પ્રીન્સેસ સ્ટ્રીટ
વડોદરા—એ. રોયની કું. રાવપુરા.
ખંભાત—ભગવતીલાલ વી શાહ, સોનીવાડા.
નડીઆદ—સી. સી. મહાજન એન્ડ કું.
ભાવનગર—શીવાજી મેડીકલ સ્ટોર્સ, ખારગેટ.
કલકત્તા—ખેમચંદ માવજી, ૧૮ મલીક સ્ટ્રીટ.
મોમ્બાસા—મોમ્બાસા સ્ટોર્સ, પો. બો ૨૬૧.
સુરત—સી. એન. બ્રધર્સ, કણપીઠ.
અમદાવાદ—પંડીત શાહની કું. ત્રણ દરવાજા,
બારડોલી—બીહારીલાલ સી કાપડીયા, કેમીસ્ટ.
નવસારી—ચીમનલાલ રેમચંદ તપખીરવાલા.
દિલ્હી—જમનાદાસ એન્ડ કું. ચાંદની ચોક.
કરાંચી—કામદાર મેડીકલ સ્ટોર્સ, પ્રીન્સેસ સ્ટ્રીટ.
જુનાગઢ—જમનાદાસ દેવરાજ, માંડવીચોક.

(પૃ. ૪૬૮ થી ચાલુ)

રનો ઉપયોગ જગત્ગુરુ કરશે એવું હિમ્મતપૂર્વક જાહેર કરી એ યુવાનને પોતાની નજર પાસે કેળવણી આપવાનું શરૂ કર્યું. એ યુવાનનો કબજો પાછો મેળવવા માટે એના પિતા નારાયણીયાએ એમની સામે કાયદેસર કામ ચલાવ્યું અને એ લડત હેઠ પ્રિવિકાઉંસીલ સુધી લડીને શ્રીમતી એની બેસન્ટે પોતાનો અધિકાર સ્થાપિત કર્યો. પૂર્વના તારકનો સંઘ—Order of the Star in the East નામની સંસ્થા સ્થાપી જગત્ગુરુના આગમનમાં શ્રદ્ધા ધરાવનારા હજારો સ્ત્રીપુરુષોને એ મંડળમાં સંકલિત કર્યા. 'ક્રાઇસ્ટનું ફરી આગમન'નો સંદેશ દુનિયાના દેશે દેશમાં ઘૂમીને આપ્યો.

જગતને આધ્યાત્મિક સંદેશ આપવાનું કાર્ય હિન્દુસ્તાનને માથે છે, પણ એમ કરતાં પહેલાં હિન્દ આઝાદ બનવું જોઇએ. બ્રિટન અને હિન્દ સમોવડીયા ભાગીદાર તરીકે એક તંત્રમાં જોડાયેલા રહે એવી યોજના સાથે ૧૯૧૪ના વરસમાં હિન્દના રાજકારણમાં એમણે ઝંપલાવ્યું. 'કોમન વીલ' નામનું અઠવાડિક અને અને પછી 'ન્યુ ઈન્ડિયા' નામનું નામનું દૈનિક પોતાના તંત્રીપદે મદ્રાસમાં શરૂ કર્યાં. ૧૯૦૬માં સુરતની મહાસભામાં ઉદ્દામ અને વિનીત પક્ષો જુદા પડેલા એને ફરી એક કરવા માટે તનતોડ મહેનત ઉઠાવી. ૧૯૧૬માં લખનૌમાં મળેલી બેઠકમાં એ બધા પક્ષોને, દસ વરસે ફરી કોંગ્રેસના વાવટા નીચે એકત્ર કર્યા. હોમરૂલ લીગની સ્થાપના કરી દેશભરમાં સ્વરાજ્ય માટે પ્રબળ અને વેગવાન આંદોલનો ગતિમાન કર્યા.

પ્રથમ વિશ્વયુદ્ધ ૧૯૧૪ થી ૧૯૧૮ સુધી ચાલ્યું. યુદ્ધ ખતમ થાય કે તુરત હિન્દને યુદ્ધસેવાના બદલા તરીકે નહિ, પણ પોતાના અધિકાર અને આત્મનિર્ણયની રૂએ સાંસ્થાનિક સ્વરાજ્ય મળે એ માગણી માટે દેશભરમાં પ્રબળ આંદોલનો ઉત્પન્ન કર્યા, અને આગેવાન લોકનાયકોએ એમને તન-મન-ધનથી સાથ આપ્યો. ઇંગ્લાંડ આ તૈયારી·

કમલ લોશન

આ દવા દરેક જાતની લાલ, કાળી દરાજ ચોવીસ કલાકમાં નાબૂદ કરે છે.

ખસ, લુખસ, ખરજવું અને અનેક તરેહનાં ચામડીનાં દર્દો મટાડે છે.

• ફાયદો ન થાય તો પૈસા પાછા •

જથ્થાબંધ માટે લખો:
કમલ પ્રોડકટસ, નડિયાદ

• મર્હુમ સર પ્રભાશંકર પટ્ટણી કૃત •

(૧) એક વૃદ્ધની વિચારપોથીમાંથી

પૃષ્ઠ ૮૦૦ કિં. રૂા ૫-૦-૦

(૨) વાતોમાં બોધ કિં. રૂા. ૧-૦-૦

ઈતિહાસની રૂપરેખા

[કર્તા : શ્રી. અનંતરાય પ્રભાશંકર પટ્ટણી]

'આઉટ લાઈન ઑફ હીસ્ટરી' નામના ગ્રંથનાં ૧ થી ૧૪ પ્રકરણો ઉપરથી—ચાર ત્રિરંગી ચિત્રો ઉપરાંત બીજાં સો જેટલાં ચિત્રો છે. દરેક માં-બાપે આ પુસ્તક પોતાનાં બાળકોના હાથમાં આપવું જોઇએ. કિં. ૨-૦-૦.

ઉપરનાં પુસ્તકો માટે લખો :

તંત્રી, ભાવનગર સમાચાર, ભાવનગર

ઓથી ચોંકી ઊઠયું. મદ્રાસના ગવર્નર લૉર્ડ પેન્ટલેન્ડે ડૉ. બેસન્ટને રૂબરૂ બોલાવી ઇંગ્લાંડ ચાલી જવાની સૂચના કરી. એમણે એનો અસ્વીકાર કર્યો. એટલે મદ્રાસની સરકારે એમના બે સંગાથીઓ, ડૉ. એરંડેલ અને શ્રી. વાડીયા સાથે ઉટાકામંદમાં નજર કેદ રાખ્યા. એમની આ ગિરફ્તારી દરમ્યાન પોતાની જેલના ચોગાનમાં એમણે સ્વાધીન હિન્દનો પ્રથમ રાષ્ટ્ર ધ્વજ ફરકાવ્યો. સરકારના આ પગલા સામે એવો પ્રચંડ વિરોધ જાગ્યો કે ત્રણ માસમાં તેઓને મુક્ત કરવા પડયા.

'કોમન વેલ્થ ઑફ ઇન્ડીયા બીલ'ના નામવાળું, હિન્દ અને બ્રિટનની સમાનતા અને ભારતની આઝાદી માટેનું બીલ આમની સભામાં દાખલ કરાવ્યું. ૧૯૧૭માં કલકત્તામાં મળેલી કોંગ્રેસની બેઠકના પ્રમુખ ચુંટાયા, અને એ પહેલાના કોઇ પ્રમુખને નહિ મળેલું એવું માન પામી દેશભરમાં દેવી સ્વરૂપે પૂજાયા. એ પછીના વરસોમાં એ આંદોલનો પ્રબળ બનાવ્યા.

૧૯૨૦માં ગાંધીજીએ અસહકારની પ્રવૃત્તિ શરૂ કરી. એનો એમણે સખ્ત વિરોધ કર્યો. એમાં રહેલાં ભયસ્થાનો એમણે લોકોને વિગતથી બતાવ્યા અને અસહકાર, સત્યાગ્રહ અને કાયદાભંગની ચળવળો, અને લોકસમૂહને ઉશ્કેરવાની હિલચાલોનો, એ પછીના વરસોમાં, લોકપ્રિયતાના ભોગે, વિરોધના વંટોળનો સામનો કરીને, પોતાને જે સત્ય સમજાયું હતું એની ખાતર અને હિન્દુસ્થાનના ભાવી કલ્યાણ માટે, વિરોધ કર્યો.

છેલ્લા પચીસ વરસનો દેશનો ઇતિહાસ કહે છે કે ગાંધીજીની વિચારશૈલી અને કાર્યપદ્ધતિથી જુદા પડનારને જાહેર જીવનના કોઈ પણ ક્ષેત્રમાં, પોતાની રીતે કામ કરવાનું અશક્ય નહિ તો મુશ્કેલ તો બનેલું છે. શ્રીમતી એની બેસન્ટે સત્યને ખાતર, હિન્દ અને જગતના કલ્યાણને ખાતર, નીડરતાથી એ મુશ્કેલ કાર્ય ચાલુ રાખ્યું.

આજે હિન્દ આઝાદ થયું છે. પણ એ આઝાદી, સત્યાગ્રહ અને અસહકારના આંદોલનોના મુખ્ય પ્રણેતાને પણ હર્ષનો વિષય નથી. ડૉકટર એની બેસન્ટે સ્વરાજ્ય, જો એમની યોજનાને દેશ અનુસર્યો હોત, તો પંદર વરસ પહેલાં આવી ગયું હોત, અને એ સ્વરાજ્યમાં હિન્દુસ્થાન એક અને અખંડ હોત. ૧૯૩૩ના સપ્ટેમ્બરની ૨૦મી તારીખે એમણે અઘારમાં થોડા માસની માંદગી ભોગવીને ૮૬ વરસની વયે આ દેહ છોડયો. હોમ રૂલના દિવસોમાં "હું વૃદ્ધ છું, પણ હિન્દને સ્વરાજ્ય મળે એ જો જોઇને જવાની છું" એવું એમણે ઉચ્ચાર્યું હતું. અને એમની યોજના મુજબ સાથે સાથ આ આશા ફળીભૂત થઈ હોત.

હિન્દની આઝાદીમાં એમનો કેટલો અને શો હિસ્સો હતો એના સાચા સરવાળા બાદબાકી આજે નહિ મુકાય. એ કાર્ય તો ભવિષ્યના કોઇ તટસ્થ અભ્યાસી માટે રાખીએ. ખુબીની વાત તો એ છે કે આજે આ આઝાદીના અવસરે, એમની સેવાની યાદ પર પણ જાણે મનાઇ હુકમ ફરી વળ્યો હોય એમ અણછુટકે જ એમનું સ્હેજ નામ લેવાય છે.

એ વ્યક્તિની જીવનસિદ્ધિઓ શી હતી? કયો પ્રકાશ એનો માર્ગ સદા ઉજાળી રહ્યો હતો? એનું નિત્ય જીવન કેવું હતું? એનો વારસો શો છે? આવા આવા અનેક પ્રશ્નો એની જીવનકથાનું નિરીક્ષણ કરતાં ઉઠે છે. એનું પૃથક્કરણ કરવું એ સહેલું નથી.

માનવબંધુઓ માટે નિસ્વાર્થપણે જીવનસમર્પણ એમના જીવનની મહાન સિદ્ધિ હતી. પ્રભુએ માનવીને બક્ષેલી, પણ એ માનવીના અંતરમાં ગુપ્તપણે સુતેલી શક્તિઓને એણે જાગ્રત કરી સદા તેજોમય રાખી હતી એ એમની મહાન સિદ્ધિ હતી. 'મારી આરામગાહ પર ફક્ત એટલું જ લખજો. એણે સત્યને અનુસરવા પ્રયત્ન કર્યો.' (She tried to follow 'Truth) એ સત્યની નિર્ભય શોધ એના જીવનની મહાન સિદ્ધિ હતી. થિયોસોફિસ્ટો માને છે કે આ જગતનું તંત્ર જીવનમુક્ત મહાત્માઓના એક શ્વેત મંડળના હાથમાં છે. એમાંના બે મહાપુરૂષોની પ્રેરણાથી એ સોસાયટી સ્થપાઇ, અને એમની સતત દોરવણી એ સંઘની પાછળ છે. એ સમગ્ર શ્વેત મંડળ, અને એમાં, પોતાના ગુરૂ તરીકે જેને સ્વીકાર્યા હતા, એ સૌનો પ્રકાશ એમનો માર્ગ દરેક ઘડીએ ઉજાળી રહ્યો હતો.

પ્રભાતના ચાર વાગ્યાથી રાતના દસ વાગ્યા સુધીના કલાકોની દરેક મિનિટ પાસેથી વરસો સુધી આ બાઇએ એકધારૂં કામ લીધું છે. એમાંથી ફક્ત બે વખત સાદો ખોરાક લેવા માટેના અને બે વખત ચા-કોફી માટેની થોડી ઘડીઓ બાદ જતી. હોમરૂલ અને એ પછીના દિવસોમાં દૈનિક પ્રવૃતિ ૧૮-૨૦ કલાક લંબાતી. પણ એમણે કદી શ્રમ અનુભવ્યો નથી

માન્ચેસ્ટરના ગીરદી વાળા જાહેર રસ્તાઓ પર યુવાવસ્થામાં એ નિર્ભયપણે ગાડી હાંકી શકતા. સોસાયટીના પ્રમુખ થયા પછી અડ્યારના અઢીસો એકરના વિસ્તારમાં આવેલા બંગલાઓ, બગીચાઓ વગેરેની અંગત તપાસ માટે ઘોડા પર કે બાઇસિકલ પર ઘૂમી વળતા. ન્યુઇન્ડીયા પ્રેસમાં પહોંચવા અડ્યારથી મદ્રાસ હમેશાં જવું પડતું એ માટે સીત્તેર વરસની ઉમ્મરે એ મોટર હાંકતાં શીખ્યા હતા. એનાં લખેલાં ન્હાનાં મોટાં પુસ્તકોની સંખ્યા એકાદ હજારે પહોંચે. એમાં ગીતા, ઉપનિષદો, અવતારો, યોગ, એવા ગહન વિષયો પર પ્રકાશ નાખનારા પુસ્તકો છે; લાખો વરસો પહેલાં જીવી ગયેલા માનવીઓની આકાશી દફતરો વાંચી લખેલી જીવનકથાઓ છે; વિજ્ઞાનશાસ્ત્રીઓને નહિ સમજાએલ વિજ્ઞાનના કોયડા ઉકલનારા પુસ્તકો છે. ફ્રાન્સમાં થયેલ વિપ્લવની કથાનાં વૃત્તાંતો છે; કેળવણી, માનસશાસ્ત્ર અને યોગેસોફિના અનેકદેશીય વિષયો પર અનેક ગ્રંથો છે. માનવજાતિને હિતકર એવો કોઇ વિષય એમાંથી ન મળે એમ ન માની શકાય. છેલ્લાં સો વરસમાં કોઇ એક વ્યક્તિએ જગતની પુસ્તકો દ્વારા આવી સેવા કરી નોંધાઇ નથી.

એક વક્તા તરીકે એ જમાનામાં એમનો જોટો જગતભરમાંથી મળ્યો નથી. એમનું એક કલાકનું ભાષણ ઓગણસાઠ મીનીટ અને સાઠ સેકન્ડમાં પૂરું થાય. સેકન્ડનો સમય ફેર એમાં ન હોય. એક પછી એક વાક્યો જાણે એની નજર પાસે સૂક્ષ્મ રીતે લખાઇને આવતા હોય એવું ભાન એમને સાંભળતાં થાય. શ્રી. બિપીન ચંદ્રપાલ લખે છે કે 'અનેકવાર પ્રચંડ મેદનીને મંત્રવશ બનાવીને વાણીધારા રેલવતી આ રમણીના ચહેરા પર મેં એક અપૂર્વ પ્રભાયુક્ત જોયું છે શરીર અને આત્માની તદાત્મ દશા ચાલતી હોય એવું એ દૃશ્ય મને દેખાયું છે.'

એણે માટીમાંથી વીરપુરૂષો સરજ્યા. સંગેમરમરને ટોચીગોચીને જીવતી મૂર્તિઓ બનાવી. સૂતેલાઓ પર સંજીવની છાંટી જાગ્રત કર્યા. હજારોની જીવનનાવના સુકાની બન્યા. ખંડેખંડ પર ઘુમીને અનેકની આત્મજ્યોત પ્રકટાવી અને જીવન્ત રાખી. એ અસંખ્ય સ્ત્રીપુરૂષો, યુવાનો અને યુવતીઓના એ માતા હતા, નેતા હતા, વીરાંગના હતા, પયગંબર હતા.

૧૯૪૭ના ઓક્ટોમ્બરની પહેલી તારીખે એમના આ પૃથ્વી પર આવ્યાને સો વરસ પૂરાં થાય છે. ચારે ખંડમાં એમની શતાબ્દી ઉત્સવ નિમિત્તે મશાલો પ્રકટે છે.

ફરીથી શ્રી. બિપીનચંદ્ર પાલના શબ્દો ટાંકી એમને અંજલિ આપીએ. શ્રી. પાલ કહે છે: "Whether one agrees with Mrs. Besant or not, one can not reasonably deny that she is made of the stuff of which the world's Prophets are made. She has the same purity of flesh, the same psychic powers, the same magnetic presence, the same fervour of spirit, the same gift of the tongue, the same powerful imagination and the same self-confidence and self-consciousness, that are the characteristics of the prophets of the world. (Mrs. Annie Besant-a psychological study, by Bipin Chandra Pal-p. p. 47-48)

નવજીવન મીલનું
કાપડ ઊંચી જાતના રૂમાંથી બનતું હોવાથી
સુંદર અને ટકાઉ હોય છે

બુલબુલ

લેખક : સ્વ. જયશંકર પ્રસાદ
અનુવાદક : શ્રી. દીનાનાથ જે. મહેતા

ઉદ્યાનની શૈલમાલાની ગોદમાં એક નાનું શું ગામ છે. એને આલિંગન કરતો વસન્તનો સુંદર સમીર પુષ્પોની સૌરભથી એનાં ઝુંપડાઓને ભરી દે છે. તલહટીનાં હિમ-શીતળ ઝરણાંઓએ એને પોતાની શોળી-શી સોડમાં લપાવી દીધું છે. એ રમણીય પ્રદેશમાં એક સ્નિગ્ધ સંગીત અહર્નિશ વહેતું રહે છે; જેમાં બુલબુલોના કલરવ, કંપ અને લહેર ઉત્પન્ન કરવાની અગાધ શક્તિ છે.

દાડમનાં લાલ પુષ્પોની રંગીલી છાયા સંધ્યાનાં અરુણ કિરણોને લીધે ચમકી રહી છે. બસ, એની જ નીચે શિલા-ખંડ ઉપર બેઠી બેઠી શીરીં સામેના ગુલાબોની કુંજને નીરખી રહી છે; કે જેમાં અસંખ્ય બુલબુલો મધુર કલરવ કરતાં, સમીરની સાથે સંતાકુકડી રમતાં, આકાશને પોતાના કલરવથી ગુંજારિત કરી રહ્યાં છે.

શીરીંએ એકાએક પોતાનો ઘુંઘટ આઘો કર્યો. જાણે સાક્ષાત પ્રકૃતિદેવી પ્રસન્ન થઈને હસી ન પડી હોય! એવું ગુલાબોના સૈન્યના રાજા સમું શીરીંનું મુખ શોભી રહ્યું હતું. મકરન્દ મુખમાં ભરેલ બે નીલ-ભ્રમરો એ ગુલાબો પરથી ઊડવાને અસમર્થ બની ગયા હતા, ગતિહીન બની ગયા હતા. એટલા બધા તેઓ તેની ભ્રૂકુટિ પર મુગ્ધ હતા. કંટકમય ઝાડીઓની પરવાહ ન કરતાં બુલબુલોનું તેમાં ઘૂસવું અને વળી (બહાર આવી) ઊડવું, શીરીં તન્મય બનીને જોઈ રહી હતી.

એની સખી જલેખાના આગમનથી એની એકાગ્રતામાં ભંગ પડ્યો—પોતાનો ઘુંઘટ સરખો કરતાં જલેખાએ કહ્યું, 'શીરીં, પેલું તમારા હાથ પર બેસતું હતું તે બુલબુલ હમણાં ઘણા વખતથી કાંઈક દેખાતું બંધ થયું લાગે છે, નહીં વારુ?'

એક ઠંડા આહભર્યા સ્વરે દીર્ઘ નિઃશ્વાસ નાખતાં શીરીંએ કહ્યું, 'અસહ્ય ઠંડીને લીધે પોતાના ટોળાની સાથે મેદાન તરફ જતું રહ્યું હશે. વસન્ત તો આવીને વીતી પણ જવા લાગી, છતાંય હજી તે ન જ આવ્યું.'

'સાંભળ્યું છે કે તે બધા હિન્દુસ્થાનમાં દૂરદૂર સુધી ચાલ્યાં જાય છે. શું એ સત્ય હકીકત છે, બેન શીરીં?'

'હા, બેન, એમને સ્વતંત્ર રીતે વર્તવું જ અતિપ્રિય લાગે છે. એમની જાત જ અત્યંત સ્વતંત્રતાપ્રિય છે.'

'તેં તારા વાંકડીયા વાળની અલકોમાં બાંધી શા માટે ન લીધું?'

'મારા બંધ એ પક્ષીને માટે નાજુક બની જાય છે.'

'એ અવશ્ય આવશે જ એમ મને લાગે છે. જરાય ચિન્તા કે ખેદ ન કરીશ. વારુ, હવે હું ઘેર જાઉં છું.'

શીરીંએ માત્ર પોતાનું મસ્તક હલાવી અનુમતિ આપી. જલેખા ચાલી ગઈ.

* * *

જ્યારે પહાડી આકાશમાં સંધ્યા પોતાનો રંગીલો પટ બીછાવતી—જ્યારે પક્ષીઓ માત્ર કલરવ કરતાં પંક્તિઓ બાંધીને ઘટાટોપ ઝાડીઓની તરફ પાછાં ફરતાં અને એમના કોમળ પગોથી પવનની જ્યારે લહેરો ઊઠતી, જ્યારે સમીર પોતાની ઝીણી સ્ર તરંગોમાં વારંવાર અંધકાર ખેંચી લાવતો, જ્યારે ગુલાબ અધિકાધિક સૌરભ લુંટાવીને હરિયાળી ચાદરમાં પોતાનું મુખ છુપાવી લેવા તત્પર હતાં, ત્યારે શીરીંની આશાભરી દૃષ્ટિ કાલિમાથી પરાભવ

પામીને પલકોમાં છુપાવા લાગી. તે જાણતી હોવા છતાં પણ એક સ્વપ્નની કલ્પના કરવા લાગી.

હિંદુસ્તાનના એક સમૃદ્ધિશાળી નગરની ગલીમાં એક યુવક પીઠ પર ગાંસડી નાંખીને ઘૂમી રહ્યો છે. પરિશ્રમ અને ભૂખથી એનું મૂખ સવર્ણ છે. થાકીને એ કોઇના દ્વાર પાસે બેસી ગયો છે. કાંઇક વેચીને એ દિવસની જીવિકા પ્રાપ્ત કરવાની અભિલાષા એની દયાજનક વાતોમાંથી ટપકી રહી છે. પરંતુ સામા ગૃહસ્થ કહે છે, 'તમારે ઉધાર આપવું હોય તો આપો, નહીંતર ઉઠાવી લ્યો તમારાં ગાંસડા-પોટલાં. સમજ્યા ને?'

યુવક કહે છે, 'મારે ઉધાર આપવું નથી પોસાઇ શકે તેમ, શેઠ સાહેબ, તે મારામાં શક્તિ જ નથી.'

'તો પછી મારે કાંઇ પણ નથી જોઇતું.'

શીરીં પોતાની આ કલ્પનાથી ચોંકી ઉઠે છે. એનું હૃદય દ્રવે છે. એ દિગ્મૂઢ બની જાય છે. યાત્રીઓના કાફલાની સાથે પોતાની સંપત્તિ લાદીને ખૈબરનાં ગિરિ-કંદરોને તે પોતાની ભાવનાથી પદાક્રાન્ત કરવા લાગી. એને એટલી તીવ્ર ઉત્કંઠા થઇ આવી, કે હિંદુસ્તાનના પ્રત્યેક ગૃહસ્થને એ એટલું દ્રવ્ય અર્પણ કરે કે તે અનાવશ્યક હોવા છતાં પણ પેલા યુવકની સર્વ વસ્તુઓનું મૂલ્ય ચૂકવી આપી બોજ ઉતારી લે, પરંતુ સરળ શીરીં નિઃસહાય હતી. એનો પિતા એક ક્રૂર પહાડી સરદાર હતો. તેણે અત્યંત હતાશ થઇ ખેદથી પોતાનું મસ્તક ઝુકાવી દીધું; અને કાંઇક વિચારવા લાગી. સંધ્યાનો અંધકાર છવાઇ ગયો. કલરવ બંધ થયો. શીરીંના શ્વાસોની સમાન સમીરની ગતિ પણ અવરુદ્ધ થઇ ગઇ. પોતે શિલાને અઢેલીને બેસી રહી.

દાસીએ આવીને એને જાગૃત કરી. એણે કહ્યું, 'બેગમ બોલાવે છે. ચાલો, મેંદી પણ આવી ગઇ છે.'

* * *

મહિનાઓ વિત્યા બાદ શીરીંનો વિવાહ એક પૈસાદાર સરદારની સાથે થઇ ગયો. ઝરણાંને કિનારે શીરીંના બાગમાં નાનો શો લતામંડપ બનાવવામાં આવ્યો છે. વસન્તનો પવન પોતાની એક એક લપડાકથી સેંકડો પુષ્પોને રગડી દે છે; અને મધુ-ધારા વહેવા લાગે છે. બુલબુલ એની નિર્દયતા પર ક્રંદન કરવા લાગે છે શીરીં સર્વ કાંઇ સહન કરતી જ રહે છે. સરદારનું મુખ ઉત્સાહપૂર્ણ છે.

એક દુર્બળ અને લાંબો, પીઠ પર ગાંસડી લાદેલ યુવક સામે આવીને બેસી ગયો. શીરીંએ તેને નખ-શિખ નિરખી લીધો. પરંતુ તે કોઇની સામું નથી જોતો. પોતાનો અસબાબ ખોલી એ ઠીકઠાક કરવા લાગ્યો.

સરદાર પોતાની પ્રેયસીને ઉપહાર આપવા માટે કાચની પ્યાલી અને કાશ્મીરી ચીજો જોવા લાગ્યો.

શીરીં ચુપચાપ જ હતી. એના હૃદય-કાનનમાં કલરવોનું ક્રંદન થઇ રહ્યું હતું. સરદારે કિંમત પૂછી. યુવકે કહ્યું, 'હું ઉપહાર આપું છું-વેચતો નથી. આ વિલાયતી અને કાશ્મીરી અસબાબ મેં ખાસ પસંદ કરીને લીધેલ છે. એનું મૂલ્ય જ નથી, એમાં તો હૃદય જડાએલું છે. એ નાણાંથી નથી ખરીદી શકાય તેમ!'

સરદારે તીક્ષ્ણ ક્રોધિત સ્વરે કહ્યું: 'ત્યારે તો તે મારે ન જોઇએ. લઇ જાઓ. ઉઠાવી લ્યો.'

'સારૂં શેઠ સાહેબ, ઉઠાવી લઇશ હું થાકયો પાકયો આવું છું. થોડો વખત આપો તો હાથ-મોઢું ધોઇ આવું'—કહીને યુવક છલકાતી આંખોને છૂપાવતો ચાલ્યો ગયો.

સરદાર સમજ્યો કે તે ઝરણાંની તરફ ગયો હશે. વિલંબ થવા છતાંય ન આવ્યો. ગહરી ચોટ અને નિર્મમ વ્યથાઓને સહન કરતી હૃદયની વ્યથાઓને છૂપાવતી શીરીં ગુલાબની ઝડીઓ તરફ જોવા લાગી; પરંતુ તેની અશ્રુભરી આંખો એને કયાંય ન જોઇ શકી. સરદારે અત્યંત પ્રેમથી એની પીઠ પર હાથ રાખીને પૂછ્યું 'શું જોઇ રહી છું?'

'મારું એક પાળેલ બુલબુલ ઠંડીના દિવસોમાં હિંદુસ્તાન બાજુ જતું રહ્યું હતું. તે આજ સવારે પાછું આવેલું દેખાતું હતું! પણ...તે જ્યારે પાસે આવ્યું, અને જેવી મેં એને પકડવાની ઇચ્છા કરી કે તરત જ તે પેલી બાજુની સુવર્ણ ગિરિમાળાઓમાં ભાગી ગયું.' શીરીંના સ્વરમાં કંપ હતો, છતાં તે શબ્દો અત્યંત સંભાળપૂર્વક નીકળતા હતા.

સરદારે હસીને કહ્યું, 'પુષ્પોને તે વળી બુલબુલની શોધ કેવી! આશ્ચર્યની વાત છે.'

ભિખારી પોતાનો સામાન છોડીને ગયો તે ફરી પાછો ન જ ફર્યો. શીરીંએ બોજ તો ઉતારી લીધો, પણ એનું મૂલ્ય ન ચૂકવ્યું

પ્રિયતમાને પરખી? એ કોણ હતી?

લેખક : શ્રી. કુસુમાકર

[ગતાંકથી ચાલુ]

પ્રિય સુહૃદ,

આમની બાબત આમ વેતરાઈ હતી. આ પત્રનો ઝોક કઈ દિશામાં છે બાપુ? વારુ, ગમે તેમ પણ આખર તો એ ઉત્તેજના જ છે ને? આ પત્રનો અર્થ મને એ મળ્યો ત્યારે હું સમજ્યો ન હતો. જગત એટલે ગેરસમજુતી. આપણે એકમેકને સમજતાં હોઇએ તો આ દુન્યવી જીવન કેટલું હલકું ફુલ થઇ જાય! વ્હાલા મિત્ર! લોક કહે છે તેમ દાળમાં કંઈક કાળું છે. સ્ત્રીઓ સાથે નિખાલસ હૃદયથી હું ભળું છું તેથી એને કંઈક વહેમ આવ્યા હશે? છેલ્લા કેટલાક માસનાં મારા સામાજિક જીવનનાં મ્હેં પાનાં ઉથલાવવા માંડ્યાં. કોઈ ઉપર મેં વધુ પડતી મમતા બતાવી હોય એવું મને લાગતું નથી; વારુ, કોઇ પણ સ્થળે મારાથી કશુંએ અણછાજતું કાર્ય થયું હોય એવું મને લાગતું જ નથી. અરે! પરમાત્મા! ત્યારે કેમની બાબત કેમ વેતરાઈ રહી હતી! એની મને તે શી સમજણ પડે! મારે સ્પષ્ટીકરણ જોઇતું હતું. હું સ્પષ્ટીકરણ કરવા માગતો હતો; છતાં એ અજાણીને પત્ર લખવા માંડ્યો ત્યારે મારા મગજમાં એટલું બધું ગાઢ ધુમ્મસ પટ છવરાઈ રહ્યું હતું કે આ સ્પષ્ટતાથી હું પોતે જ મૂંઝાઇ રહ્યો. મારા મનમાં તો હતું કે ખાસો બેસ એક ફરમો ચિતરી દિલના ઉભરા ઠાલવીશ. પરંતુ, મેં ફાઉન્ટન પેન હાથમાં લીધી ત્યારે મારા મગજનાં કોડિયાં હોલવાઇ જતાં લાગ્યાં. અરધો એક કલાક બેસી રહ્યો પણ જાણે કે મારા તનમાંથી ચેતના જ હરાઈ ગઈ હોય, એમ મૂંગોમૂંગો હું બેસી રહ્યો.

એક સુખન તો કહો એક સુખન પણ ક્યાં ટપકે છે? તર્કની પરવા કર્યા વિના માંડમાંડ યદ્રા તદ્રા થોડુંક મેં ચિતરી કહાડ્યું. મારી મનોદશા જણાવવા મારા પત્રમાંથી માત્ર એક જ ફકરો બસ થશે.

'આપણે નિકટ તો માત્ર એક માર્ગે જ આવી શકીએ. એ સાદામાં સાદા માર્ગમાં સાદાઇને નામે જ વિઘ્ન કાં નાખો? તમારાં નામ અને સરનામાંથી તો મને તમારે બિનવાકેફ રાખવો ન જ જોઇએ. વારુ, તમારું નામ કમલ કે કુસુમ, બંસી કે વીણા, કોકિલા કે મેના છે, આટલી વાતની મને ચોક્કસ ખબર પડી જાય તો કઇ હોનારત થઇ જવાની છે ભલા?

'તમારી અનેકાનેક આકૃતિ મારા નયન સમીપ તરવરે છે; પરન્તુ, એ બધી હવાઈ રેખામાં કોઈ પણ સુન્દરી મૂર્તિમન્ત થઈ શકતી નથી. અહોનિશ તમારું ચિન્તવન ને લેશમાત્ર તમારું અભિજ્ઞાન નહીં? એકદમ ઓળખાઈ પડો એવાં તો તમે ક્યાં છો જે? કોઈ અદૃશ્ય શક્તિ, કોઈ અગમ્ય પુનિત પ્રેરણારૂપે તો તમે મારાં હૃદયનાં પડેપડને ઉથલાવી રહ્યાં છો. મારાં હૃદયમાં આટઆટલી લિપ્સા, આટઆટલી લાલસાઓ જન્માવી તમે આઘે આઘે ઘણે દૂર કેમ છટકતાં ફરો છો? અત્યારે તો તમને શું સમર્પી શકું? કહો કે સાચાં હૃદયની મૈત્રીઃ વિશેષ અર્પવાનો અધિકારી તમે મને ક્યારે ગણશો છો જે? આથી વધુ તો તમારાં અટ્ટહાસ્યને પાત્ર જ થાય, ખરું ને?'

પ્રિય સુહૃદ! એક બીજો ફકરો 'આ કંડિકાનો જરાક વધારે મર્મવેધક છે, ખરું ના? બીજી

ઈ વધુ સૂક્ષ્મ રીતે હું પ્રિયતમાની પાસે મારું હૈસ હલવી શકું ?

યુગયુગાન્તરથી મારા અંગનો અણુએઅણુ અર્ધાંગનાને શોધે છે. આ તરસ, આ તલપ, આજકાલની નથી.--આ તો ભવભવની તાલાવેલી. આ શરમનો બુરખો શા માટે—હવે ક્યાં સુધી ? અફસોસ ! ઘુંઘટ પટ ખોલ ! કહીકહીને જીભના કુચા વળી જશે ! તારું લસલું લાવણ્ય, તારા મધુરા સરોદ, આ બધાં સ્વપ્નભૂમિમાં જ માણવાં, સ્વપ્નભૂમિમાં જ જાણવાં ? હવે તો એક દૃઢાલિંગનનાં અમૃતવર્ષણથી યુગયુગની વિરહવહ્નિની જ્વાળા ઓલવીએ. ચાલ, ચાલ, અભેદાનંદનો અમૃત કટોરો પીચીએ. મારા હૃદયની ઊર્મિએ ઊર્મિ, લહરીએ લહરીની તું જ તું સાક્ષીભૂત થા ને મારી રસોર્મિના એકાન્ત ખંડમાં હવે મને પ્રવેશવા દે; ચાલ બીજી લપનછપન જવા દે. આપણે એકવાર—બસ એક જ વાર મળીએ, ધરાઇ ધરાઇને છતાં એક જ વાર આપણા ઉરઉરની રસગ્રંથિ ન બંધાય, તો તું તારે મુક્ત—સાવ છૂટી છૂટી—ચાલ આલિંગન ફાલિંગનનેય હમણાં અભરાઇ ઉપર મૂકી દઇએ; એક ઘડી, અરધી ઘડી તારી હસતી હથેલી સાથે રમત રમવા દઇશ ને ? એક વાર ઘડી ભર પંપાળવા એ હથેલી મળી પછી બ્રહ્માંડભરમાં કઇ વસ્તુ મળવાની બાકી રહી ? ! '

પ્રિય સુહૃદ ! આમ મારા હૃદયને નિખાલસ રીતે ઠલવવામાં હું સાહસ ખેડી રહ્યો હતો.

બરાબર નક્કી કરેલ સમયે એક ડાઘીમાએ ડોકિયું કર્યું.

'પત્ર કે સન્દેશ કે જે મોકલવાનું હોય તે—'

'પરન્તુ, ઊભાં તો રહો માજી —'

માજીએ તો કાનમાં આંગળાં ઘાલી દીધાં. એક સુખન પણ એ તો સાંભળવા માગતાં ન હતાં.

મેં કહ્યું: 'રહેવા દો બાપુ, રહેવા દો. લ્યો આ આટલો પત્ર પહોંચાડજો.' દિવસો વીતી ગયા, પરન્તુ, કોઈએ સન્દેશ મળ્યો નહિ. ઉત્તર મેળવવા હવે હું તો તત્પર થઈ રહ્યો હતો. પાર્શ્વ જાહેર પત્રોમાં ખાનગી જાહેરખબર આપવા વિચાર કરી રહ્યો હતો. પ્રિયતમાનો પત્ર ગેબી રહસ્યભર્યો હતો. સંક્ષિપ્ત, સંયમી, સૂત્રાત્મક શૈલીનો નમૂનો જાણે !

'—ઉપકાર. તમારાં હૃદયની વિશ્રમ્ભકથા વાંચી, વાગોળી, વિશેષ શું કહું ? તમારી હૃદયકથનીમાં સચ્ચાઇની સાદાઇ છે. સત્યનો એ રણકો મને ગમ્યો.

'આપણે એક વાર મળીએ, એમ તમારી ઇચ્છા છે એમાં મને તો કાંઇ ખોટું કે અજુગતું નથી લાગતું. એક વાત કહી દઉં ?—નિકટમાં નિકટ દીસતી કોઇ પણ બે વ્યક્તિ વચ્ચેય મંગલ અને બૃહસ્પતિનું અન્તર હોય છે, સિવાય કે સ્નેહની નૌકાથી એ અગાધ અન્તર ઓળંગાય. આપણી વચ્ચે આત્માનું રસ—સાયુજ્ય જામશે કે નહીં ? મને ફરી છ માસનું જ મહેતલ આપો. એ મુદત વીત્યે હું આખરી નિર્ણય પર આવી જ જઇશ. તમને હું કપરા કોયડા જેવી લાગીશ જ. પુરુષને મન પ્રકૃતિ કોયડા જેવી છે, તો પ્રકૃતિને મન પુરુષ કોયડા જેવો નથી શું ?'

—અનામિકા

તા. ક. તમને નથી લાગતું કે પ્રિયતમ ને પ્રિયતમા એવાં સુંવાળાં સંબોધન આ મોકે આપણી વચ્ચે સાવ અયોગ્ય છે ?

× × ×

પ્રિય સુહૃદ ! તેના ઉદ્‌ગારમાં કંઇક ‑ કુમાશ આવી છે, ખરું ? મારે માટે તેના હૃદયમાં ઉષ્મા છે. મને તો કંઈક કુંજો કુંજો ધડકાર પડકારે સંભળાય છે. ગિરિકંદરાએ મારી કલ્પના જે ધૂમ મસ્તીએ ચડતી, કંઇ કંઇ વિચિત્ર ચાળે ચડી જતી, એવે જ રવાડે એ અત્યારે એ ચડી ગઈ છે.

અહો ! પ્રિયતમા કદાચ રાજકુમારી હશે, શાહજાદી હશે, સાહિત્યકારની સાહેબજાદી હશે, અગર જાતે જ વિદુષી, કવયિત્રી, ચિત્રલેખા હશે, આ હશે તે હશે, ગરીબ હશે, સાવ સામાન્ય કુટુંબની હશે; પરન્તુ એનું મુખડું તો ધીર ગંભીર હશે, અને એની આંખોમાં સ્વપ્ન-

અપ્સરા કહે કે ઊંધે માથે ચાલો તો કહે જીલણ્ણે; ગીરો મૂક્યા ગુણ, ગીરો મૂક્યાં શ્રી ને સરસ્વતી; રસવતીની શી રસસમાધિ !

દૃષ્ટાની ઝલક હશે જ હશે. હવે ભદ્ર લોકનાં શિષ્ટ મંડળોમાં ભાગે જ તેની તપાસ કરતો. ચોંકાવનારી જગામાં, ચોંકાવનારા સંજોગોમાં એકાએક અનાયાસે તેનો ભેટો થઈ જશે, એવી મને આત્મ-પ્રતીતિ થઈ. છ માસની કપરી કસોટી પૂરી થઈ. સારાં બહાનાંની એ ઘટના છે ને કે આદિ હોય તેને અન્ત હોય ! જીવનનો જાણે અન્ત હોય એવો અન્ત દૂર ન્હોતો, એની કલ્પના મને ક્યાંથી હોય ?

કહેવાનું કહેવાઈ ગયું, એમ સહેવાનું સહેવાઈ નથી રહ્યું.

પ્રિય સુહૃદ્ ! આપણે કહીએ છીએ ને તેલ જુઓ, તેલની ધાર જુઓ, આ સ્નેહ-આ તેલની ધારનો સારાસાર આવી ગયો. અસાર સંસારમાં કારમા કારી ઘા પડ્યા જ કરે છે, તો પછી કરુણ પ્રભુએ કાળજાંને કુળાં કુળાં કાં કર્યાં હશે ?

'પ્રિયતમા'નો છેલ્લો પત્ર શી રીતે વાંચું-વંચાવું ? કાળજું વલોવાઈ જાય છે. ઘડિયાળને ટકોરે એ ટકોરાબંધ રણકતો કાગળ આવી પહોંચ્યો. ચોક્કસ મિતિ, ચોક્કસ વાર, ચોક્કસ સમયનો ટકોરો. બધું ચોક્કસ છે એવી દુનિયામાં કલા કાળ-વિધાત્રીના કુળાંકુળાં કાળજાં પરના ઘા તો ચોક્કસ જ છે. આશાની મીઠી મીઠી મંજરી હૃદયમાં મ્હોરતી હતી; ત્યારે પણ કાળની ખંજરી ઘેરતી નહોતી જ; ક્યાં મારું હલકું ફૂલ હૈડું ને ક્યાં આ દુનિયાનો હિમાલયગંજ ! આગામી બનાવે ના ઓળા કંઈ ઓછું ભડકાવે છે ? પત્રનું પરબિડિયું ફોડતાં જ મને મૂર્છાના તમ્મર આવી ગયાં. પત્રની વસ્તુઘન ઘટના મારી સામે શૂન્યમુખી દૃષ્ટિએ ઘુરકી રહી આંખ આડે ઝળઝળિયાંનું ધુમ્મસપટ છવાઈ રહ્યું. અશ્રુની જવનિકા ખેસવતાં ખેસવતાં માંડમાંડ એ પત્ર ઉકેલ્યો.

'નિર્ણયની ઘડી આવી પુગી છે. આ ગુપ્ત-સુગુપ્ત રોમાંચક ઘટનાના અંતની સાથે-પૂર્ણાહુતિ સાથે, આપણા સ્નેહસંબંધનો અંત અને એની પૂર્ણાહુતિ પણ આવી જ જાય છે. આ નિર્ણય એકાદ વર્ષ પહેલાં જ આવી ગયો હતે તો ઘણી મૃગતૃષ્ણિકા જેવી આશાથી હું ઉગરી જતે અને થોડાક સંશયમાંથી તમે પણ ઉગરી જતે. મને માફ કરશો; મારું સ્પષ્ટીકરણ કશુંયે અસ્પષ્ટ રાખતું જ નથી. આપણે એકાદ વાર મળીએ એવી તમે ઈચ્છા દર્શાવી:-એકવાર નહિ, અનેક વાર આપણે મળી ચૂક્યાં છીએ. ભદ્રસમાજમાં આપણે મળ્યાં છીએ, મોએ મોં આપણે વાતચીત કરી છે હવા, સિનેમા, નાટક, પોષાક, રજનીરમણ, ખમણ ઢોકળાં ને દહીં—વડાં આદિ જમણ, પ્રિય પુસ્તક, પ્રિય ફુલ, પ્રિય કવિ, કવયિત્રી, પ્રિય ચિત્ર, પ્રિય ચિત્રકાર, પ્રિય સંગીતની ચીજ,-અનેકાનેક વિષય ઉપર આપણે ખૂબ ચર્ચા કરી છે; છતાં આ વાર્તાપ્રવાહમાં મને કંઈક અંગત રસ છે, એવી ગંધે તમને નથી આવી ! ખાસ હેતુપૂર્વક હું વિચિત્ર અભિપ્રાયનો બંબગોળો ફેંકતી; કંઈ કેટલીએ વાર સ્વાર્થાન્ધ પોકળાષ્ટકો મેં ફેંક્યાં છે; છતાં એ બધાય ગપ્પાષ્ટકોના ગોળા તમારી પાસે ચાલ્યા બગ્ગેબગ્ગ. તમે તો મારાં નયન દરિયાવની રસલહરીએ તણાતા હો, ત્યાં સમ ખાવા પૂરતી દલીલ શેની કરો ? અપ્સરા કહે કે વાંકા વળો-દ્યો મારા બુટની દોરી છોડો તો જીલણ્ણે, અપ્સરા કહે કે ઊંધે માથે ચાલો, તો જીલણ્ણે; ગીરો મૂક્યાં ગુણ, ગીરો મૂક્યાં તનમન ધન; ગીરો મૂક્યાં શ્રી ને સરસ્વતી; રસવતીની શી રસસમાધિ ! ચાબુક જેવા ચમચમતા 'નકાર'ની આશા હું સેવતી જ રહી, પરન્તુ, વ્યર્થ. મારા તરફની તેમજ સર્વ અપ્સરાઓ તરફની અતિ સભ્યતાથી તમે પરવારો, ત્યારે જ મતસ્વાતંત્ર્ય તમે કેળવી શકો ના ? તમારી એ અતિ સભ્યતા, અતિભાવઋજુતા, અતિ મૃદુતા જ આપણી વચ્ચે અનન્ત ખાઈ ખોદી રહી છે; એ જ મારી નિરાશા, એ જ મારી નાડભેદી, એ જ મારો નિર્વેદ. સંસ્કારિતા, વિચાર સ્વાતંત્ર્ય, જીવનની ગંભીર જવાબદારી આ સકલગુણોની પુરુષ તરીકે બીજા પુરુષની અંદર તમે અવશ્ય આશા રાખશો; એક સ્ત્રીજન તરીકે એ ગુણની તમારામાં આશા રાખી

શકું કે નહીં? બીજામાં એ ગુણ હોય તો તેની કદર તમે કરો ખરા? સ્ત્રી પાસેથી મધુમધુરાં મર-કલડાં, કે સુંવાળા સહચાર સિવાય અન્ય કોઈ વસ્તુની તમને અપેક્ષા નહિ ને? અપેક્ષા નહિ, તેની ઉપેક્ષા જ હોય. જે વસ્તુ તમારી જાતમાં તમે ન કેળવો, એ વસ્તુ બીજામાં હોય તો તેની કદર પણ તમે શી રીતે કરી શકો?

'પુરુષજાત પોતાને પાલવડે જ ઝૂલે એ કાલી કિશોરીનેય ન ગમે, જુઇ શી જુવતીનેય ન ગમે, ને પ્રૌઢાની તો ન પૂછો વાત. હું પ્રગલ્ભા–પ્રમદા–મત્તમદની હું કદર કરી શકું; પરન્તુ, "ઢીલી રાબડી" મ.રે ગળે ઉતારવી શી રીતે? દલીલ સામે દલીલ, જીદ્દ સામે જીદ્દ ને ચીઢ સામે ચીઢ–અશ્રુ સામે સ્મિત ને સ્મિત સામે અશ્રુ, આટલું ધરે એનું નામ પુરુષ. લોચ-નિયાંના ભૂખ્યા ને તનમનિયાના તરસ્યા સામે માનુની યથા વિના પણ કોઇ પણ મીનાક્ષી "મ્યાઉ" કરે? તમે શું કહો છો–એ "મ્યાઉ"નો અર્થ શું? જે વાત સ્પષ્ટ કરવામાં માલ નથી એ સ્પષ્ટાસ્પષ્ટ રહે એમાં જ મજા છે. નટવર વસન્તે થેઇ થેઇ નાચી રહ્યો–એ "ટાઈપ"ના 'નર'—પુરાણયુગની પ્રમદાનેય ગમતા હશે કે કેમ એ તો ભગવાન જાણે; નવયુગની નારીને તો નથી ગમતો, નથી ગમતો, નથી જ ગમતો. જે લોક ઢળકતી ઢેલની માફક અમારે પાલવડે ઢળી પડે છે, સભ્યતામાં ને સભ્ય-તામાં અમને રૂપલાવણ્યના લોચા ગણી, અમારી સાથે જીભના મધુમધુરા લોચા વાળે છે, તે લોક પ્રમદાના પ્રાણને તો ક્યાંથી સ્પર્શી શકે? પ્રાણને



સ્પર્શી શકે નહિ એ જીવનના જ્યોતિ તો ક્યાંથી જગાડી શકે?

'આપણે મળતાં. ઘણી વાર મળ્યાં છીએ, હજી મળીએ પણ ખરાં; પરન્તુ તતઃકિમ્! ધારો કે તમે મને ઓળખી કાઢી. કદાચ, બહુ તો આપણે મિત્ર થને. સનાતન સ્વપ્ન સમાં કોઇ જાદુઈ આકર્ષણે તને મારા તરફ ખેંચ્યો નથી; યા ચંપાના ફૂલ સમાં કોઈ જાદુઇ સ્વપ્ને તને મારા ઉરમાં ચાંપ્યો નથી; એવી કોઇ તમન્ના, એવી કોઇ 'તાલાવેલીએ' આપણી વચ્ચે સ્નેહગ્રંથિ બાંધી નથી જે ત્રુટતાં જિગરના ટુકડા થઈ જાય; પુરુષ માત્ર માટે, પ્રકૃતિ શી નારી માત્ર માટે મારા હૃદયમાં મંદ આક્રન્દ છે હું ધારું છું કે તમે સાનમાં સમજી જશો. ઉપાલમ્ભને તો આ નિખાલસ ઉર ઓળખતું જ નથી. નરી સર-ળતાથી હૈયડાની વાત કરી છે. તારા તરફ મને આદરમાન છે છતાં—

'આખરે જુદાઇ'—

પ્રિયસુહૃદ્! પ્રમદા–પ્રમત્તાએ બરછી પીરસી છે કે બરફ? આથી ક્યાં વધારે મૃદુ માયાભર્યાં વચનો ઉચ્ચારી શકાય? સારામાં સારા શબ્દમાં આથી બીજું કયું ભયંકર અપમાન થઇ શકે? આ વિષમ સ્થિતિથી કેટલાંક દિવસ હૃદય ધુવાંફૂવાં કુપિત રહ્યા કર્યું; પરન્તુ પછી મને સમજાયું કે અપરિચિત પરિચિતા સાચી હતી. એની સાથે વધુ પત્રવ્યવહાર કરવો એ તો આકાશકુસુમની ખોજ જેવી જ આત્મ–વંચના. આવું દુષ્કર પરિણામ મારા પૂર્વ-ગ્રહે જ આવ્યું. સ્ત્રીપુરુષની સમાજમાં અતિ સુલા-યમતા, અતિભાવઋજુતા, સ્ત્રીસન્માનની અતિ કોમળ લાગણી આવી વિષમ સ્થિતિમાં પરિણમી.

વસ્તુસ્થિતિ ગમે તેટલી વિરૂપ હોય પણ આત્મવંચનાનું ઇન્દ્રજાળ ક્યાં સુધી વ્હાલું કરવું? મારા આ કપરા અનુભવથી તનેય દુઃખ તો થશે જ પરંતુ સત્ય ઘટના ઉપર ક્યાં સુધી આવાં કૃત્રિમ આવરણ નભશે? વ્હાલા ભાઈ! અપરિચિતા સ્વતંત્ર હિમ્મતવાન વ્યક્તિ છે અને મારામાં એના સર્વ-ગુણનો અભાવ છે, એ બાબતથી હવે હું અપરિચિત નથી—અતિપરિચિત છું.

પરન્તુ પ્રિયતમા કોણ હતી? એને પારખી?

(સંપૂર્ણ)

દિવ્ય માનવજાત

અમે યોગ દ્વારા મનુષ્યના વિકાસની પ્રક્રિયામાં એક ક્રાન્તિકારી પલટો લાવવા માગીએ છીએ. અત્યારે તો મનુષ્ય પોતાનો વિકાસ સંજોગોના દબાણને લીધે, કેળવણી દ્વારા અથવા તો અકસ્માતને પરિણામે, કે મળી આવતી તકોનો લગભગ યાંત્રિક રીતે સમજ–અણસમજપૂર્વક ઉપયોગ કરીને સાધી રહ્યો છે. આ વિકાસ ઘણો ધીમો છે, અસ્પષ્ટ રૂપનો છે. કુદરતને આધારે થતી આ વિકાસ ક્રિયા ઘણી મંદ છે. એને સ્થાને અમે એક ઝડપી, પૂરેપૂરી સજ્ઞાન અને વ્યક્તિના પોતાના દ્વારા જ નિયંત્રાતી, આપણા લક્ષ્ય પ્રત્યે આપણને સીધા લઈ જતી વિકાસક્રિયા સ્થાપવા માગીએ છીએ. માનવવિકાસની પ્રક્રિયા તો અનંતકાળ લગી ચાલ્યા જ કરવાની છે. તેમાં વળી કોઈ લક્ષ્યની વાત કરવી એમાં કદાચ ભૂલ પણ લાગે તો પણ અમે માનીએ છીએ કે માનવજાતિ પાસે એક નક્કર લક્ષ્ય પડેલું છે જેના પ્રત્યે તે ગતિ કરી શકે છે. એ લક્ષ્ય છે એક નવા જન્મની પ્રતીતિ. મનુષ્યે એક વિશાળ અને જ્ઞાનપૂર્ણ ચેતના મેળવવાની છે. અને એ ચેતનામાંથી એક દિવ્ય માનવજાતિ ઊભી થશે. અમે એક સર્વાંગીણ પલટો લાવવા માગીએ છીએ, અને તે કેવળ આત્માનો જ નહિ પરંતુ આપણી પ્રકૃતિના બધા ભાગોનો.

—શ્રી. અરવિંદ ('દક્ષિણા')

સરસ્વતીચંદ્રને

અમારા અત્યારના જમાનાને તું પૂરો સમજવાનો નહિ. શરદબાબુના દેવદાસની માફક તુંયે નિષ્ક્રિય લાગણીઓ જ લડાવ્યા કરે અને 'દીધાં છોડી પિતા–માતા' કે 'દુઃખી હું તેથી કોને શું' ઈ. ગાયાં કરી દિલનું દર્દ વ્યક્ત કર્યા કરે ને તેનો ઉકેલ ઝટપટ લાવવા પ્રયત્ન સુદ્ધાં ન કરી જીવન ઘસડયાં કરે એ તે કંઈ અત્યારના અધીરા જુવાનિયાઓને ઠીક લાગે ? તારે જ બદલે અમારો અત્યારનો વીસમી સદીનો કોઈ જુવાન હોય તો તેણે શું કર્યું હોય, ખબર છે ? એ તો તારી સ્થિતિમાં બાપને બે ચાર સંભળાવી, પોતાનો ભાગ હકથી માગી છૂટો થઈ નોખું ઘર રાખી કુમુદને પરણી એ...ને લહેર કરતો હોય ! એ કાંઈ ઉચાટ-ઉકાળો તારી માફક કરે નહિ અને પેલી બિચારી મુગ્ધાને આમ હાથે કરીને દુઃખચિતામાં હોમે નહિ. વળી જો એણે તારો જ માર્ગ લીધો હોય તો પણ સૌમનસ્ય ગુફામાંનાં એકાંતવાસ ને હૃદયગોષ્ઠિ પછી સૂક્ષ્મ પ્રીતિના અદ્વૈતની ભૂમિકાએ પહોંચ્યા તો તો કુમુદને તરત જ મુહૂર્ત જોયા વિના પરણી નાખે અને પછી પોતાને ફાવતે માર્ગે દેશસેવા કરવા મંડી જાય. બાકી તારી જેમ એ ધર્મ ને સમાજની બીકથી ડરી જાય નહિ અને બસ તારું એ એક જ પગલું ખૂબ ખીજવે છે. કુમુદનો પ્રથમ અવિચારી ત્યાગ કર્યો તેનાથી પણ આટલો રોષ મને નહોતો ચડયો. અરે ભૂંડા, કાંઠે આવીને વહાણ ડુબાવ્યું ? સમાજ, ધર્મ, પ્રતિષ્ઠા આદિના હાઉથી ડરતા વડીલો જેમ કહે તેમ કેટલાક જુવાન છોકરાઓને પરણવું પડે છે તેવી જ રીતે તારી પોતાની ઇચ્છાને વેગળી મૂકી તારા વડીલ ગોવર્ધનરામની ઇચ્છા મુજબ ચૂપચાપ તું કુમુદને નહિ પણ એની બહેન કુસુમને પરણી બેઠો ! નથી લાગતું કે આમ જ કરવું હતું તો પછી ચંદ્રાવતી મૈયા જોડે આટલી માથાઝીક તારે કરવાની ને કુમુદ સાથે સૂક્ષ્મપ્રીતિનું અદ્વૈત સાધવાની ને એનો સહચાર શોધવાની વાતોમાં નાહક વખત ગુમાવવાની શી જરૂર હતી ?

—પ્રો. અનંતરાય રાવળ કૃત 'સાહિત્યવિહાર'

લેખકો અને પ્રેમનું નિરૂપણ

લેખકો નવલકથાઓ લખે છે તેમાં એક સ્ત્રી અને એક પુરુષ પરસ્પર પ્રેમમાં પડે છે, ને દુનિયા

સામાન્ય માણસને માટે જે જોવું અશક્ય અથવા ભયજનક હોય છે એને એ અત્યંત સરળ રીતે જોવામાં મદદ કરે છે. નવી શોધખોળો અને જ્ઞાન-વિજ્ઞાન માટે એ નવી નવી દિશાઓ સૂચવે છે. દા. ત. સમુદ્રને તળિયે શોધખોળો ચલાવવામાં એ ખૂબ ઉપયોગી થઈ પડશે. ૨૦૦ ફૂટથી વધુ પાણીમાં જનાર તરવૈયાઓ ભાગ્યે જ મળે. ટેલિવિઝનની મદદથી આપણે આપણાં શરીરને જળસ્પર્શ કરાવ્યા વગર જ નરી આંખે જોતા હોઇએ એટલી ચોક્સાઇથી એટલે ઊંડે જોઇ શકીશું. એક ધાતુના બનાવેલ 'બેથાઈ સ્ફીઅર' સાથે ટેલિવિઝન કેમેરાને જોડીને કોઈ પણ સ્ટીમર પરના તૂતક પરથી સમુદ્રના છેક તળિયે કલાકો સુધી નિર્વિઘ્ને નિહાળી શકાય છે. અથવા એ કેમેરા પરનું પ્રતિબિંબ પ્રકાશની મદદથી છેક કિનારા સુધી લઈ જઈ શકાય છે—એટલે કિનારે આરામથી બેસીને વૈજ્ઞાનિક મધ્ય સમુદ્રને તળિયે સ્પષ્ટ રીતે બધું જોઇ શકે છે !'

અને ડૉ. વ્લાડીમીરના મત પ્રમાણે 'બેથાઈ સ્ફીઅર' અને ટેલિવિઝનનું આવું જોડાણ કરવું એ જરાયે મુશ્કેલ કામ નથી. દરિયાને તળિયે શોધખોળ ચલાવનાર ડૉ. વીલીયમ બીબેના 'ડુબકી મારતા દડા'ને મળતી જ એ રચના છે. ફક્ત 'બેથાઈ સ્ફીઅર'ની ધાતુની મજબુતાઇની ખાત્રી કરવી જોઇએ. આ રીતે આ કામ સાવ સરળ થઈ જશે; કારણ કે ટેલિવિઝન કેમેરાને પ્રાણવાયુની—ઓક્સીજનની—જરૂર પડતી નથી કે નથી એને એ સમુદ્ર-તળિયે શરદી થઈ જતી. વળી મીણબત્તીની સહાયથી પ્રકાશ તો પહોંચાડી શકાશે. ઝવેરિકિને એ માટે પણ એક સુંદર સગવડ કરી છે. તેણે એક 'ઓર્થીકોન પ્રતિબિંબ નળી' બનાવી છે. તેની મદદથી બહુ પ્રકાશની જરૂર નથી પડતી પરંતુ મનુષ્યની આંખ જેટલો પ્રકાશ ઝીલી શકે એટલા પ્રમાણમાં જ આ નળી પણ ઝીલી શકે છે; માટે સમુદ્ર તળિયે પ્રકાશના બહુ મોટા ધોધની જરૂર નહિ પડે.

એક નાજુક લંગરની સહાયથી 'બેથાઇ સ્ફીઅર'ને સમુદ્ર-તળિયે ઉતારી શકાશે અને તેની સાથે જે મોટરો જોડવામાં આવી હશે તેને સહેલાઇથી ફેરવી શકાશે અને આસપાસનાં દ્રશ્યો ઉપર સ્પષ્ટ રીતે જોઇ શકાય એ રીતે ગોઠવી શકાશે; આ ઉપરાંત સમુદ્ર-તળિયાનાં બીજાં કામોમાં, પણ 'બેથાઇ સ્ફીઅર' ઘણું ઉપયોગી થઈ પડશે. સમુદ્ર-તળિયે તેલના કૂવામાં તેનો સુંદર ઉપયોગ થશે. સબમરીનને પણ એ ઉપયોગી થશે. એની ધાતુની મજબૂતાઈ જેટલા પ્રમાણમાં વધુ હશે તેટલું વધુ તે ઊંડે જઇ શકશે.

વળી ડૉ. ઝવેરીકિન તો ટેલીવિઝનના બીજા મહત્ત્વના ઉપયોગો પણ વર્ણવે છે. રાસાયણિક દ્રવ્યો

કમલ બીટર ખસ

[ગુલાબી મલમ]

ખસ, ખુજલી, ખરજવું, દરાજ, ગુમડાં, બાળકોનાં ચેપી અને રતવાનાં ચાંદાં, હરસમસા, મચ્છરના ડંખ, અરતરો ઊકવો, મોઢાના ખીલ, અને દાઝયા ઉપર સારી અસર કરે છે. ખરીદ કરતી વખતે 'કમલ બીટર ખસ' બરાબર વાંચી ખરીદ કરશો.

દરેક દવાવાળા અને ગાંધી પાસેથી મળશે.

જથ્થાબંધ માટે લખો :

કમલ પ્રોડક્ટસ, નડિયાદ

• માથેરાનની મોજ •

ફોટા છાપ મેડીકેટેડ સ્નફ સૂંઘીને

—લેજો—

મહાસુગંધી સ્નફ વર્કસ, સિહોર [કાઠિ]

તમારી પેનની સલામતી માટે

ચેમ્પીયન શાહી

ચેમ્પીયન ઇન્ડસ્ટ્રીઅલ વર્કસ, વીસનગર

બને છે એ વાસણોમાં, બાંધવુ ભઠ્ઠીઓમાં અને સીસાની બનેલી મજબૂત દિવાલો પાછળ શું પ્રક્રિયાઓ થાય છે એ ટેલીવિઝનની સહાયથી હવે જોઇ શકાશે. એ રીતે ટેલીવિઝન આપણું નિરીક્ષક છે અને એ લોચનની વિશિષ્ટતા એ છે કે આંખને નુકસાન કરે એવી જ્વાળાઓ અને એવાં કિરણોની અસર એના પર થતી નથી.

ભઠ્ઠીઓમાં ખરેખર શી પ્રક્રિયાઓ ચાલે છે તેનું નિશ્ચિત સ્વરૂપ હજુ કોઇના જાણવામાં આવ્યું નથી. એટલી બધી ગરમી ત્યાં હોય છે કે એ ઉષ્ણતા માપવા 'ઓપ્ટીકલ પાયરોમીટર'જ વાપરવા પડે છે. અને ક્યારેક કાળા ગોગલ્સ પહેરીને થોડા થોડા સમયે ડોકિયું કરી લેવાની હિંમત કેળવવી પડે છે. કારણ જરા વધુ પાસે જઇએ તો જરૂર અંધ થઈ જઇએ. ટેલિવિઝન કેમેરાને ભઠ્ઠીમાં અમુક જગ્યાએ ગોઠવી શકાય છે અને અંદરની દરેક દરેક પ્રક્રિયાઓ પોતાની ઓફિસમાં બેસીને એન્જીનિયર સામે કાચની તખ્તી પર નિરાંતે અભ્યાસી દૃષ્ટિથી નિહાળી શકે છે. આખી ક્રિયા દરમિયાન એને તો બસ ચાંપ દબાવવાની જ મહેનત કરવી પડે છે. અને ભઠ્ઠીનો પ્રકાશ જ કેમેરા માટે પૂરતો હોય છે; આથી વધારે પ્રકાશની જરૂર નથી પડતી. જ્યારે ભઠ્ઠીમાં કેમેરાને ઠંડા પ્રવાહીમાં રાખી શકાય છે.

એક વધુ સુંદર ઉપયોગ તો એનો આ છે. ડૉ. વ્લાડીમીરના મત પ્રમાણે આવતી કાલના જગતની ફેક્ટરીઓમાં, આજે જે સુપરવાઇઝરોના કાફલા રાખવા પડે છે એ નહિં રાખવા પડે. ટેલિવીઝન સુપરવાઇઝરો કરતાં પણ સુંદર કામ આપશે. બસ દરેક વિભાગમાં એકેક ટેલિવીઝન કેમેરા ગોઠવી દેવાનો અને પછી એક કેન્દ્રસ્થાનેથી એક જ વ્યક્તિ આખી ફેક્ટરીનું બરાબર ધ્યાન રાખી શકશે! આ રીતે કારખાનાના ખુણેખુણામાં શું બને છે એ જાણી શકાશે. યુદ્ધમાં C. I. C. (Combat intelligence centre) એ જે સરસ ભાગ ભજવ્યો છે એને મળતી જ આ વાત છે. આથી ઉત્પાદન વધશે અને માલ અને જાનની સલામતી વધુ સરળ બનશે.

મોટરોનાં કારખાનામાં પણ આ ઉપયોગિતા વધુ આવકારદાયી બનશે. અત્યારે જે સેંકડો માણસો રોકવા પડે છે એને સ્થાને ટેલીવિઝન કેમેરા ગોઠવી દેવાશે.

ડૉ ઝ્વોરીકિન તો માને છે કે ટેલીવિઝન આપણો કેળવણી આપવાનો આદર્શ જ ફેરવી નાખશે. અને દાક્તરી વિદ્યામાં તો ટેલીવિઝન ખૂબ મહત્ત્વનું સાધન થઇ પડશે. દા. ત. એક ઓપરેશનને બહુ બહુ તો દસ-બાર વિદ્યાર્થીઓ બરાબર ઝીણવટથી જોઈ શકે. જ્યારે ટેલિવીઝનની મદદથી આખો વર્ગ દાક્તર જેટલે નજીકથી જ જોઇ શકશે. આ રીતે ટેલીવિઝન કેમેરાને ઓપરેશન ટેબલ પર ગોઠવવાથી અને પ્રતિબિંબોને જુદા જુદા વર્ગોમાં દેખાડવાથી હજારો વિદ્યાર્થીઓને ઓપરેશન નિહાળવાનો લાભ મળશે.

અને એમાં હવાની મદદ લેવામાં આવે તો આખા દેશમાં જ્યાં જ્યાં ટેલીવિઝન ઉપલબ્ધ હોય ત્યાં ત્યાં બધે આવા કિંમતી ઓપરેશનનો લાખો પ્રેક્ષકો નિહાળી શકશે.

અરે! દાક્તરો અને દર્દીઓ સેંકડો માઇલ દૂર હશે તો પણ દર્દ પકડી શકશે. તમે અહીં બેઠા લંડનના કોઈ સ્પેશીયાલીસ્ટ ડોકટરને તમારો રોગ બતાવી શકો અને તેના મત પ્રમાણેની દવા લઇ શકો!

મોટા મોટા ડોકટરો જીલ્લાઓમાં રૂબરૂ દર્દીઓને જોવા જવાને બદલે ટેલીવિઝનની મદદથી જુદા જુદા દવાખાનાનાં દર્દીઓને ઘરે બેઠાં તપાસી શકશે અને આવાં વૈદ્યકીય વ્યાખ્યાનો પણ જનતાની પાસે મૂકી શકાશે.

એક દિવસ એવો પણ આવશે કે જ્યારે વિદ્યાર્થીઓ ટેલીવિઝનની અને પેલા રાક્ષસી પેલેમર કેમેરાની મદદથી ચંદ્ર અને તારાઓ ઉપર દૃષ્ટિ દોડાવશે, દુનિયાની પ્રખ્યાત પ્રયોગશાળામાં થતી શોધખોળો પોતાના શહેરમાંથી જ નિહાળી શકશે. અને આંતરરાષ્ટ્રીય પરિષદોમાં પણ ઘેર બેઠાં હાજરી

'જીવન-પ્રકાશ' બંધુ મંડળના
સભ્ય બનીને
આજથી જ 'જીવન-પ્રકાશ'
• મફત મેળવો •

આપી શકશે અને આ રીતે જગતભરમાં કોઈ પણ સ્થળે મળતી વિજ્ઞાન કે કલાની પરિષદનો લાભ ઉઠાવી શકશે. પ્રખ્યાત વ્યાખ્યાતાઓ અને કેળવણીકારોનો લાભ દેશની દરેક શાળાઓને સહેલાઈથી મળી શકશે.

યુદ્ધ દરમિયાન ન્યુયોર્કમાં આ સુંદર અખતરો અજમાવાયો હતો. શહેરના દરેક સ્વયંસેવકને પ્રાથમિક ઉપચારો અને બોમ્બ પડે કે આગ લાગે તો શું કરવું એ સમજાવવાનું હતું. શહેરના કોઈ પણ થિયેટરમાં સમાય તેથી પણ વધારે સંખ્યા હતી, આથી ટેલીવિઝનની મદદ લેવાઈ. અને શહેરભરમાં જુદે જુદે સ્થળે થાણાં નાખવામાં આવ્યાં. આ થાણાઓમાં બેસીને દરેકે દરેક સ્વયંસેવકે ખૂબ ઝીણવટથી આ વ્યાખ્યાનો અને પ્રયોગોનો લાભ ઊઠાવેલો.

પરંતુ અકસ્માત સમયે, આગ લાગી હોય ત્યારે કે એવી તાત્કાલિક જરૂર સમયે આવા ભારે વજનદાર ટેલીવિઝન કેમેરાને કેમ લઈ જઈ શકાય? પણ ડૉ. ઝવેરીકિને એનો પણ ઉપાય કર્યો છે. એ રીતે ઓછાં વજનવાળા ટેલીવિઝન કેમેરા પણ બનાવી શકાયા છે. ઓછામાં ઓછા વજનવાળો આવો ટેલીવિઝન કેમેરા ૩૪ રતલનો છે. અને એક નાની સુટકેઈસમાં સમાઈ શકે છે. ખબરપત્રીઓ આનો લાભ ઊઠાવશે. પોતાની કારમાં ટ્રાન્સમીટર રાખીને આવાં દશ્યો બ્રોડકાસ્ટીંગ સ્ટેશનો પર મોકલી શકાશે. અને આવાં સ્ટેશનો પરથી આખા જગતને આવાં ભયંકર દશ્યો એ જ સમયે બતાવી શકાશે.

મોટા દુકાનદારોને પણ આ ટેલીવિઝન કેમેરા ઉપયોગી નીવડ્યો છે. અને પોતાની દુકાનમાંના માલની આ રીતે તેઓ સુંદર જાહેરાત કરી શકશે.

જાહેરખબરની દુનિયામાં તો ટેલીવિઝને અદ્ભુત અસર કરી છે. "ટેલીવિઝન બિલબોર્ડ" એ જાહેરાત કરવાની અદ્યતન સગવડ છે. ન્યૂયોર્કની એક બેન્ક પણ ટેલીવિઝનનો ઉપયોગ કરવાનું વિચારે છે. એથી ઘરાકોનો સમય અને નોકરોની મહેનત બચશે. આ રીતે ઘરાકને અથવા તેની સહીને ખુરશી પર બેઠાં બેઠાં જ બેન્કનો કારકુન ઓળખી શકશે. પોલીસ ખાતાને પણ આ ટેલીવિઝન બહુ ઉપયોગી નીવડવાનું છે. ગુન્હેગારોને છબીઓ પરથી અથવા આંગળાની છાપ પરથી તરત જ પકડી શકાશે.

ડૉ. ઝવેરિકીન તો માને છે કે હજુ તો બીજા અનેક ઉપયોગો માટે એને વાપરી શકાશે. તેવા અખતરાઓ એ રાત-દિવસ કરતા રહે છે. રંગીન ટેલીવિઝન તો ચિત્રકળા, રંગકળા અને એને મળતા ઉદ્યોગોમાં ધરમૂળથી ફેરફારો કરાવશે.

ટૂંકમાં, આ ટેલીવિઝન પોતાની શક્તિથી દુનિયાની સૂરત થોડા વર્ષોમાં બદલી નાખશે એ ચોક્કસ છે.

*

એક, બે અને ત્રણ

એક જર્મન : વૈજ્ઞાનિક
બે જર્મન : કાવત્રું
ત્રણ જર્મન : યુદ્ધ

•

એક અમેરિકન : ડોલર-દેવ
બે અમેરિકન : કોર્પોરેશન
ત્રણ અમેરિકન : પૃથ્વી પરનું સ્વર્ગ

•

એક અંગ્રેજ : મૂર્ખ
બે અંગ્રેજ : બે મૂર્ખ
ત્રણ અંગ્રેજ : એક મહાન સત્તા

•

એક હિંદી : ફિલસૂફ
બે હિંદી : ચર્ચા
ત્રણ હિંદી : ગોટાળો

•

એક ફ્રેન્ચ : યુગલ
બે ફ્રેન્ચ : રાજકીય પક્ષ
ત્રણ ફ્રેન્ચ : સરકારનો પલટો

—ડૉ. શ્રીધરાણી

'ફોટા છાપ મેડીકેટેડ સ્નફ'
મહાસુગંધી સ્નફ વર્કસની બનાવટ છે
એ જ તેની ઉત્તમતાની ખાત્રી છે.

જુનામાં જુના દમ, હાંફણ માટે
શેસહર તથા દુગ્ધાનુપાન
ગોળીઓ બને દવા સાથે વાપરો.
— ચોક્કસ દમ મટશે —
દુગ્ધાનુપાન ફાર્મસી, જામનગર

પ્રદર

લેખક :
રાજવૈદ્ય પ્રાણભાઈ મ. મહેતા

પ્રદર અને ધાતુક્ષય એ બન્ને અમુક બાબતમાં સરખાપણું દાખવતા હોઈ અત્રે એ બન્નેને સાથે રાખવામાં આવ્યા છે પ્રદર એ સ્ત્રીઓની નબળાઈનું કારણ અને ધાતુક્ષય એ પુરૂષની નબળાઈનું કારણ છે. એમાં પ્રથમ પ્રદરની વિચારણા કરવી આવશ્યક છે. કેમકે સ્ત્રીઓ પર ભાવિ પ્રજાનો આધાર છે એટલે સ્ત્રીજાતિનાં શરીર જેટલાં સુદૃઢ ને નિરોગી તેવી જ પ્રજા હંમેશાં જન્મે છે અને સારી આયુ અને તંદુરસ્તી ભોગવી શકે છે.

પ્રદર બે કારણોથી થાય છે: એક કુદરતી અવસ્થામાં પ્રમાદ અગર સ્વાભાવિક માંદગી વખતે સંયમ-નિયમ બરાબર ન પળાયાથી અને બીજી રીતે શરીરધર્મોનાં બંધનો અકાળે વણસવાથી, કાચી ઉંમરનો ઉશ્કેરાટ વધવાથી અને તનમન ઉપરનો કાબુ ખોઈ બેસવાથી. આ સિવાય પ્રદરનાં અનેક કારણો છે; પણ તેમાં ખાસ કરીને આહાર-અને વિહાર મુખ્ય છે.

પ્રદર રોગમાં ગુપ્ત અવયવમાંથી અને ગર્ભાશયના મુખમાંથી પાણીનો સ્રાવ આવ્યા કરે અથવા સફેદ, પીળા અગર મળગુળા ચીકણા અને કંઈક ગંધ મારતા પાણી વહ્યા કરે છે. આથી અશક્તિ, સર્વાંગ નબળાઈ, કેડમાં દુખાવો, હાથપગમાં કળતર, માથું દુખવું કે ભમવું, મંદાગ્નિ, અરુચિ, પેટમાં વાયુ, થાક, શ્વાસ, હિસ્ટીરીયા, ફેર, મૂર્છા અને છેવટે હીસ્ટીરીઆનો રોગ લાગુ પડે છે.

આવા ભયંકર રોગમાં જો પ્રથમથી સાવચેતી રાખવામાં ન આવે તો માસિક ધર્મ શરૂ થતાં જ અગર શરૂ હોય તો તેને ખુબ વેગ મળે છે. અને લોહીવાનો એટલે વાગ્રાનો (કાયમ લોહી પડવાનો) રોગ લાગુ થાય છે. અને થોડા દિવસમાં શરીર ઘસાઈ મૃત્યુ નીપજે છે.

લોહીવા અગર રક્ત પ્રદર એ ક્ષયના જ ભાઈબંધ રોગ છે. કેમકે તેથી શરીરમાં પ્રબળ ઘસારો થઈ શરીર ક્ષીણ થાય છે. ક્ષયની પેઠે આ રોગમાં તાવ પણ રહે છે અને પાચનશક્તિ જતાં નવું લોહી બનવા પામતું નથી અને સિલકમાં રહેલ લોહી નાશ થઈ ઘસારો વધી ખરાબ પરિણામ લાવે છે.

અમારા મત પ્રમાણે આ રોગમાં ખાવાની તેમજ પહેરવાની દરા ખાસ જરૂરની છે. આયુર્વેદના નિષ્ણાતોએ આ રોગને જલદી કાબુમાં લાવવા માટે જેમ બને તેમ પાચન તત્ત્વો વધારી શક્તિનો સંચાર કરી દવા વગેરેનું યોજન કરવું એ અતિશય જરૂરી છે. એટલે કે એવા દરદીઓને ખાસ કરીને દૂધ, ભાત, ભાખરી, શાકમાં દૂધી, તાંજળીયો, તુરીયાં, સરગવો, કારેલાં અને બીજાં ઠંડા શાકો આપવાં વળી મરચું, તેલ, ખટાશ અને તળેલા પદાર્થો જ્યાં સુધી શરીર સારૂં ન થાય ત્યાં સુધી લેવાં નહિ. વેમજ ખુલ્લી હવામાં ફરવું, ઉદ્વેગ ન કરવો, રસમય અને હલકું ન હોય તેવું શાંત વાચન કરવું, તન-મન સ્વચ્છ રાખવાં, બની શકે તેટલું કામકાજ કરવું, આળસુ થઈ પડયા ન રહેવું પણ જેમ બને તેમ સ્ફૂર્તિ રહે તેટલું તથા અતિશય થાક ન લાગે

તેવું કાર્ય કરવું ખાસ જરૂરી છે. દસ્ત સાફ રહે તે માટે બનતી કાળજી રાખવી અને મિષ્ટાન્નભોજન, મૈથુન, ક્રોધ, ઉજાગરો, વગેરેનો તરત જ ત્યાગ કરવો ઘટે.

હવે આ રોગને માટે શાસ્ત્રકારોએ અનેક ઔષધો બનાવ્યા છે. મહાત્મા શારંગધરે અને પ્રતાપસાગરના પ્રણેતા સવાઈ પ્રતાપરાવે અનેક વિદ્વાનોના મત એકઠા કરી અનેક મિશ્રણો આપ્યાં છે પરંતુ દેશ, કાળ, ખોરાક અને જગતના વાતાવરણ ઉપર ઔષધનો ખરો પ્રબંધ રહેલો છે, એમ તો તેઓશ્રીઓએ પણ કબૂલ રાખ્યું છે. ઔષધો અનેક નિર્માણ થયાં હોય પણ કુશળ તબીબે તેમાંથી જરૂર જોગાં તારવીને બરાબર અસર ઉપજાવવી જોઈએ. એમાં જ એની ખૂબી છે.

આપણામાં એવી માન્યતા છે કે હાલ રોગની જાતિઓ બહુ જ નવી ઉત્પન્ન થઈ છે, બિચારાં ઉગતાં બાળકોને પણ ક્ષય, સંગ્રહણી, અને પ્રદર જેવા વ્યાધિઓ લાગુ પડે છે. પણ એમાં નવાઈ શું? જ્યારે ઘી-દૂધનો ખોરાક હતો, નિર્વિકારી જીવન હતાં, સમાજમાં સ્વચ્છતા હતી, નાટક ચેટક અને સિનેમાનો યુગ ન હતો, સ્વરક્ષણ એ બહુમૂલો સવાલ હતો, મર્યાદા અને વિવેક ઉપર માનવની કિંમત હતી ત્યારે જીવન નિર્દોષ હતાં તે સમયે ખરાબ રોગો જવલ્લે જ દેખાતા. બાકી તો રોગ અને મનુષ્યનાં શરીરો એકજ સેકંડે જન્મેલ વસ્તુ છે. અત્યારે શ્રીમંત પિતાના રાજ્યમાં ઉછરી નટી બનવાના કાયમ કોડ સેવતી સુંદરીના જીવનને કેટલો માનસિક ધક્કો લાગે છે, અને તેના પરિભ્રમણથી કેટલીય કુમળી બાળાઓના મગજ ઉપર ખરાબ અસર થવા પામે છે એ માનસશાસ્ત્રનો અભ્યાસપૂર્ણ વિષય હોઈ અત્યારે અહીં ચર્ચવો અસ્થાને લાગે છે માટે તે વાત જતી કરીએ.

હવે આજના યુગમાં અનેક પેટંટ દવાઓ દેશપરદેશથી આવે છે. બે વર્ષ ન થવા પામે ત્યાં એ પેટંટ અદૃશ્ય બને છે ને તેને સ્થાને બીજી આવે છે. આમ બે વર્ષના જ ગાળામાં માણસના શરીરના

ચાહ બનાવો એટલી
સહેલાઈથી
પૂરેપૂરી ખાત્રીવાળું
લઇન પ્યોર, મધુર
ખુશબોવાળું અને સસ્તું
• હેર ઓઈલ •
બની શકે છે
ફક્ત દસ મિનિટમાં
'ખંભાતવાળાની પડી'
થી
• આંબળાં બ્રાહ્મી કે મેંદીનું તેલ તૈયાર થાય છે •
જાણીતા ગાંધી અને સરૈયાને ત્યાં વેચાય છે

સમાજસેવાના આદર્શની મર્યાદા

છેલ્લી સદીનું અવલોકન કહે છે કે સમાજસેવાને જ આપણે એક નીતિ બનાવી દઈએ છીએ, અને આપણી જાતને એક સંઘના કે છેવટે એક રાજ્યના હાથમાં સોંપી દઈએ છીએ. એનું શું પરિણામ આવ્યું છે ? આ પ્રકારના વ્યાપક વલણથી હું નથી માનતો કે છેલ્લાં વર્ષોમાં માનવજીવન જરાયે સારું થયું હોય. મનુષ્યો એથી સમૃદ્ધિવાન થયા હોય તો પણ માનવ-સ્વાતંત્ર્ય અને માનવ-ભદ્રતાને ભોગે મળેલી એ સમૃદ્ધિ શા કામની ? એને લીધે તો અનેક સામાજિક પ્રશ્નો [ને બેકારી પણ] ઊભાં થયાં. એક પ્રત્યાઘાતી તરીકે હું આમ કહેતો નથી. દરેક સંઘ કે રાજ્યનો હેતુ માનવજીવનને વધારે સ્વતંત્ર ને વધારે સમૃદ્ધ બનાવવાનો છે. જીવનમાં ગુલામી ને શૂન્ય ઊભાં કરે તે સંઘ કે રાજ્ય પોતાનો મૂળભૂત હેતુ જ ભૂલે છે. જો આપણી સમૃદ્ધિ ઘટવાથી આપણે સારા માનવીઓ થઈ શકીએ તેમ હોય તો ભલે આપણી સમૃદ્ધિ થોડી થોડી ઘટી જતી.

જ્યારે તમે, લોકો સમક્ષ સમાજસેવાનો આદર્શ ધરો છો ત્યારે તમે એમને સંઘ કે રાજ્યના વિકાસની આશા પર ટીંગાડી રાખો છો; એટલે કે લોકોને તમે રાજકારણમાં શ્રદ્ધા રાખવાનું કહો છો. અને રાજકારણમાંની શ્રદ્ધા એટલે બે જ વસ્તુ—એક બોલ્શેવિઝમ અને બીજું ફેસિઝમ. બંને માને છે કે સમાજસેવા, રાજ્યસેવા કે સંઘસેવાનો આદર્શ એ જ સારો નૈતિક આદર્શ છે અને માનવીની સકલ માનવતા કે ભદ્રતા એક સારા નાગરિક થવામાં જ સમાઈ જાય છે. સામાજિક નીતિને ખોટી નીતિ તરીકે તિરસ્કારતાં હું બોલ્શેવિઝમ અને ફેસિઝમને જ ખરેખર તો તિરસ્કારી રહ્યો છું. ને એ બંને વિકલ્પો વચ્ચે પસંદગી કરવાની હોય તો હું બોલ્શેવિઝમને જ પસંદ કરું, કારણ કે ઓછામાં ઓછું તે એટલું તો કહે છે કે ધનમાં, વૈભવમાં, સમૃદ્ધિમાં એની શ્રદ્ધા નથી. પણ એ બેમાંથી એકેયને હું ઇચ્છું તો નહીં જ.. માનવીની માનવતાનું સાચું રહસ્ય ને સાર્થક્ય એની નોકરીમાં, એની સમાજ, સંઘ કે રાજ્યની સેવામાં, એની નાગરિકતામાં નથી; એ તો છે એના માનવ હોવામાં, એની પોતાની આત્મજાગૃતિમાં.

—જોહાન મેકમુરે

તંતુઓ ઉપર એક દવા અસર ન ઉપજાવી શકે એવી વિકૃતિ અત્યારના—આહાર વિહારની હોઈ પેટંટ દવાઓ નિષ્ફળ જવા પામે છે. માટે આજના યુગની અને આજની વાતનો વિચાર કરવાની તક તો જે કાયમ અનુભવ મેળવતો હોય તે જ કરી શકે છે.

અમારા દવાખાનામાં અંદરનાં સેંકડો દરદીઓની સારવાર કરતાં અમારી ખાતરી થઈ ચૂકી છે કે દરેક દરદીને તેની પ્રકૃતિ પ્રમાણે એક જ વસ્તુએ કદીય ફાયદો આપેલ નથી. આથી તેના શરીરધર્મ પ્રમાણે મિશ્રણમાં અંતનના ફેરફારો કરી

આપવાં પડયા હતા. તોપણ અમારા અનુભવમાં આવેલ ઔષધેની નોંધ અમે આપીએ છીએ. નીચેનાં ઔષધોએ અમને વિજયવંત બનાવવામાં અદ્દભુત મદદ કરી છે, વનસ્પતિ ઉપરાંત ભસ્મે માત્રાએ વાપરવાની પણ જ્યાં જ્યાં જરૂરીઆત લાગી ત્યાં ત્યાં તેનો પણ ઉપયોગ કર્યો છે અને તે નીચે મુજબ—

વનસ્પતિમાં નાગકેસર, અરડૂશી, આકડો, આંબળાં, લીમડો, ખસખસ, જાયફળ, ગળો; મીઠો લીમડો, વિજયા, દર્ભ, મધુયષ્ઠિ—આ ઔષધનું ઓછું-વત્તું પ્રમાણ અમોને ઘણું જ ફાયદાકારક જણાયું છે. ઉપરાંત ધાતુમાં પ્રવાળ, માક્ષિક, લોહ-એમણે પણ સારો ભાગ ભજવી બતાવ્યો છે.

હવે ઉપરની વનસ્પતિઓમાં જે જે ગુણ છે તે બધા ગુણોનું વર્ણન બૃહદ નિઘંટુમાં આવી જાય છે, અને તેમાંય અત્યારે મગફળીનું તેલ, તળેલી વાનીઓ અને પ્રવાહી ખાનપાન વધારે પ્રમાણમાં ખવાતાં હોઈ મંદ જઠરાગ્નિને તેજ કરવા માટે અને શરીરને કંઈક ટટ્ટાર કરવા માટે ખસખસ અને વિજયા સારૂં કામ કરી દે છે. મીઠો લીમડો ઠંડો છે. પિત્તશામક છે, જાયફળ બંધક અને જઠરાગ્નિને તેજ કરનાર છે. લીમડો આકડો અને અરડુશી લોહી વધારનાર છે. નાગકેસર અને આંબળા પડતા લોહીને અટકાવનાર છે. દર્ભનું ખાસ કામ શુક્રને ઘટ્ટ કરી તેને વધારવાનું છે અને જેઠીમધનું કામ શીતવીર્ય સાથે દસ્ત સાફ લાવી આંતરડાને બચાવવાનું છે. ધાતુમાં પ્રવાળ માક્ષિક અને લોહ પણ ઉપરની વનસ્પતિના ગુણ સાથે ઘણું સામ્ય ધરાવનાર છે, એટલે સરવાળે બધા તે જ ગુણો આપનાર છે.

ઉપરની દવાઓના સેવનથી શરીર ધીમે ધીમે સ્વસ્થ થતું જાય છે અને પાચન વધતું ચાલી ખોરાક લેવાતો જાય છે, તેમ તેમ રોગ દબાઈને શરીરના ધર્મો નિયમિત થાય છે. આવ અટકે છે. માસિક ધર્મ બરાબર અને નિયમસર આવે છે તેમ જ ગર્ભાધાનના માર્ગમાં ભવિષ્યમાં મૂંઝવણ ઊભી થતી નથી. આથી ભાવિ બાળકોની શરીરસંપત્તિ પણ સરસ સચવાઈ રહે છે. અને બાળકો નિરોગી અને મજબૂત થાય છે.

જેમને પ્રદર કે લોહીવાનાં દરદો લાંબા સમય પર્યંત મટતાં નથી અને છેવટ કંઈક અકસ્માતથી, કંઈક શાસ્ત્રોક્ત ન હોય તેવી દવાઓનાં સેવનથી થોડો ઘણો આરામ દેખવામાં આવે છે તેમને માટે ભવિષ્યમાં તો દુઃખ જ સરજાય છે.

આવા રોગ લાંબો સમય રહેવાથી આંખની ઝાંખપ, અંધાપો, કાનનું બહેરાપણું, કેડમાંથી વાંકા વળી જવું, અંગનું ઝલાઈ જવું, લકવા, મુંઝારો અને બીજા અનેક રોગને ભોગ થઈ જવાનું આમ થાય છે.

અમારા ઘણાએક મિત્રોએ આવી દવાઓ જાહેરમાં મૂકવાનો આગ્રહ કરેલો પણ જે દવાઓ તાજી બનાવટની, ફેરફારવાળી અને પ્રકૃતિધર્મને જ વળગી રહેનારી હોય ત્યાં દરેકને ફાયદો કરનારી નીવડે નહિ. આથી આવા લેખ દ્વારા સમય અને કાળના વહેણમાંથી જે જે ફાયદો, અનુભવ અને વ્યાજબી વસ્તુ હાથ લાગે તે આપી શરીર નીરોગી કરવાનો હેતુ રાખ્યો છે.

વનસ્પતિની દવાઓનાં મિશ્રણ કરતી વખતે બહુ જ કાળજી રાખવી જરૂરી છે; કેમકે તેમાં ખાસ કરીને તાજાપણું, સુરક્ષિતપણું અને સાફસુફી ન સચવાય તો માત્ર નકામો ભૂકો જ બને છે અને વનસ્પતિ એ તો વસુંધરાની ચમત્કારિક પ્રસાદી છે. વનસ્પતિ ઉપર સૃષ્ટિનો બધો આધાર છે. જે રૂપ, રસ, ગંધ અને આરોગ્ય આપે છે તેને પેટમાં પધરાવતાં પહેલાં યોગ્ય વિધિપુર્વક તૈયાર કરવામાં ન આવે તો એનો કાંઈ અર્થ નથી.

ફોટા છાપ મેડીકેટેડ સ્નફ જ
અસલ છે. બીજી બધી નામધારી જ છે

ખસ, ખુજલી, દરાજ, ખરજવું, મોઢાના ખીલ,
પગનાં આંટણ, હરસમસા વગેરે ચામડીનાં દર્દો માટે
જર્મસ બીટર વાપરો.

કલાપી, 'સુમન' અને મિત્રમંડળ

: મણકો બીજો :
કોલેજ-જીવનનાં સ્મરણો

કલાપી અને મિત્રમંડળ વિશેનાં
દરબારશ્રી વાજસુરવાળાનાં સંસ્મરણો

કથન :
દરબારશ્રી વાજસુરવાળા
આલેખન :
કપિલભાઈ ઠક્કર એમ. એ.

(ગતાંકથી ચાલુ)

અમારા વાઈસ-પ્રિન્સિપાલ હતા એમ. એ. તરખડ-મોરેશ્વર આત્મારામ તરખડ. તેઓ મારા અનુભવ મુજબ એક નિષ્ણાત શિક્ષક હતા. ઘણાખરા વિષયો તેઓ બાહોશીથી શીખવી શકતા, અને વિદ્યાર્થીઓમાં એ વિષય માટે રસ ઉત્પન્ન કરાવી શકતા. આવી શક્તિ મેં બીજા થોડા શિક્ષકમાં જોઈ છે. અંગ્રેજી, ભૂગોળ, ગણિત, વિજ્ઞાન એ એમના ખાસ વિષયો હતા. લંડન યુનિવર્સિટીના મેટ્રિક હતા, અને અંગ્રેજ બાનુ સાથે લગ્ન કરેલા. પાછળથી કાઠિયાવાડના કેળવણી ખાતાના ઉપરી અધિકારી બનેલા.

તરખડ સાહેબને ગામડાઓની વહીવટ પદ્ધતિ અને હિસાબની રીત-Village accounts-નું સારું જ્ઞાન હતું. અને આ પણ અમારી કેળવણીનો એક ભાગ હતો. રોજમેળ, ખાતાવહી, ભાગબટાઈ, વિઘોટી, ખળાં ભરવાની અને રાજભાગની પદ્ધતિ, એ બધાનું વ્યાવહારિક શિક્ષણ અમને મળે એ માટે અમને વારંવાર ગામડાઓમાં લઈ જવામાં આવતા, અને અમારે હાથે, વહીવટદારની સમક્ષ, રાજકોટની પાસેનાં ગામડાઓમાં ખળાં ભરાવવાનું કામ કરાવવામાં આવતું.

ત્રીજા એક શિક્ષક, જેમનું સ્મરણ મને હમેશાં તાજું રહેલું છે, એ હતા માણેકલાલ માસ્તર,-ભાવનગરના માજી નાયબ દીવાનસાહેબ નટવરલાલ ભાઈના પિતા. ૧૮૭૪ થી ૯૪ સુધી એમણે કોલેજમાં પહેલા એસિસ્ટંટ તરીકે કામ કરેલું. સુધારક વિચારના હતા, અને પ્રખ્યાત હિન્દુ સુધારક કરસનદાસ મૂળજીની સાથે વિલાયત જઈ આવેલા. પરદેશગમન કરવા માટે એમની મોઢ વણિક જ્ઞાતિની પંચાયતે એમનો બહિષ્કાર કરેલો પણ આખો જ્ઞાતિ સમૂહ એમની તરફ હોવાથી આખરે તો એ બહિષ્કાર કરનારાઓનો જ બહિષ્કાર થયેલો એમ સાંભળ્યું છે. માણેકલાલ માસ્તર સાચા હૃદયના પ્રેમથી, અને વિદ્યાર્થીઓને લાગણીથી વશ કરીને ભણાવતા. કોઈ કુમાર લેસન તૈયાર કર્યા વગર આવે તો કહે, 'સાહેબ! અમને શા માટે નકામો પગાર ખવરાવો છો?' એમ બોલતાં ગદ્‌ગદિત થઈ જતા. આંખો નબળી હતી. ચશ્માનો ઉપયોગ ન કરતાં પુસ્તક આંખથી છેક પાંચ છ ઇંચ પાસે રાખીને વાંચતા. નોટબુક અને ડીક્શનેરી એમના હમેશના સાથી. કોઈ નવો શબ્દ કે પ્રયોગ આવે કે તુરત જ ડીક્શનેરીમાં જોઈને નોટમાં એની નોંધ કરે. એવા એ અભ્યાસી હતા.

પણ એમનું એક બીજું સંભારણું સ્ફુરે છે. 'થિયોસોફિસ્ટ' માસિક શરૂ થયું ત્યારથી તેઓ મંગાવતા, અને નિયમિત વાંચતા. 'થિયોસોફી' અને 'થિયોસોફિસ્ટ' માટે એ સમયે તો મને ખ્યાલ ક્યાંથી જ હોય? પણ એક દિવસ એ માસિક એમની પાસે જોયું અને નામથી આકર્ષાઈને મેં પુછ્યું: 'સાહેબ! સાહેબ! આ શું છે?' એમણે ઉત્તર દીધો: 'હમણાં આપને એ નહિ સમજાય. પણ આપ એ મગાવો, ભવિષ્યમાં આપને એ કામ લાગશે' ત્યારથી મેં એ મંગાવવું શરૂ કર્યું. આજે ૬૦-૬૨ વરસ થયા. એ પછી ઘેર જઈને એમણે મને થિયોસોફિકલ સાહિત્યની બે ન્હાની ચોપડીઓ ભેટ મોકલી-'Voice of the Silence' અને Doctrine of the Heart'. આની પાછળ પણ કંઈ દૈવી સંકેત હશે એમ મને લાગે છે. થિયોસોફી સાથે મને પ્રથમ પરિચય

કરાવનાર એ માણેકલાલભાઈ. એમને આ સ્મરણો દરમ્યાન એક વાર ફરી યાદ કરવાના રહેશે. નટવરલાલભાઈને મેં એક બાળક તરીકે તેડીને રમાડેલા એ વાત એમને મળું છું ત્યારે યાદ આવે છે.

પેસ્તનજી હોરમસજી ગીમી અને માધવરાય જેઠાભાઈ બધી કૉલેજમાં મારા ખાનગી ટ્યુટરો હતા. એ બન્નેના વ્યક્તિત્વે, મારા પર કાયમી છાપ પાડી છે. ગીમી માસ્તર સખ્ત Disciplinarian હતા, અને એનો ચુસ્ત અમલ કરી જાણતા. હમેશના જીવનમાં ઉપયોગી એવી ન્હાની ન્હાની બાબતો એમણે મને શીખવેલી, જે હું કદી ભૂલ્યો નથી. ઇંગ્લાંડના રાજા સાતમા એડવર્ડ અથવા ૬ ઠ્ઠા જ્યોર્જ માટે વાંચ્યું છે કે વિદ્યાર્થી અવસ્થામાં શાળાની કારકેસમાં એક દિવસે સુપ પીરસાયું, જે એમને ન ભાવ્યું, અને બીજી વસ્તુની માગણી કરી. એમના રક્ષકે 'આ સુપ સિવાય બીજું કંઈ મળશે નહિ' એમ કહી ન ભાવે તો ભૂખ્યા ઊઠી જવા ફરમાવ્યું. કુમાર ભૂખ્યા રહ્યાં. સાંજે ખૂબ ભૂખ લાગી ત્યારે ભોજનની માગણી કરી. એ વખતે સવારવાળું જ સુપ એમની પાસે ધરવામાં આવ્યું અને એમણે એ સ્વીકારી લીધું. પેસ્તનજી માસ્તરની શિસ્ત આવા પ્રકારની હતી.

એક વેકેશનમાં તેઓ મારી સાથે બગસરા હતા. મારા પિતાશ્રીના શ્રાદ્ધને દહાડે, બીજી વસ્તુઓની સાથે ખીર અને ભીંડાનું શાક પિરસાયાં. એ વસ્તુઓ મને ભાવતી નહોતી એમ મેં રસોયાને કહ્યું. એ એમણે સાંભળ્યું. પાછળથી રસોયાને એમણે સૂચના આપી દીધી કે મારે માટે હમેશાં ખીર અને ભીંડાનું શાક બનાવવાં. ચાર પાંચ દિવસ આ શિક્ષા ચાલી. આખરે એમના સાંભળતાં મેં, આ શિક્ષામાંથી બચવા માટે કહ્યું: 'હવે તો આ વસ્તુઓ બહુ ભાવી ગઈ છે.' વળતા દિવસથી ખીર અને ભીંડાનું શાક પિરસાવાં બંધ થયાં.

નાનામાં નાનો પત્ર, બે લીટીની ચિઠ્ઠી પણ

સો... એ... સો
ટકાની
ખાત્રીવાળું

● શાસ્ત્રોક્ત રીતે ખાસ ભઠ્ઠીથી બનાવ્યું છે ●

એટલે ખરી પડતા વાળને અટકાવી કાળા, સુંવાળા,
ભરાઉ અને ગુચ્છાદાર બનાવે છે
તેમ જ
મગજની નબળાઇ, માથાનો દુખાવો, વેગ વગેરે અનેક દર્દોમાં ફાયદો આપે છે
જાણીતા ગાંધી સરૈયા અને દવાવાળાને ત્યાં વેચાય છે
—જથ્થાબંધ માટે લખો—
એમ. એમ. ખંભાતવાળા, આકા શેઠની પોળ, અમદાવાદ

લખીને ફરી વાંચ્યા વગર રવાના ન કરવા, કાગળ પર ટિકિટ પણ અમુક સ્થળે જ ચોટાડવી, આવી આવી તાની બાબતોમાં પણ મને એમણે સારી તાલીમ આપેલી નિવૃત્તિનામાં અને સમય જાળવવાની બાબતમાં તેઓ બહુ ચોક્કસ હતા.

માધવરાવ બહુ પ્રથમ ધર્મથી–જેને આપણે Agnostic કહીએ એવા હતા. પણ, સત્ય અને પ્રામાણિકતાની ખાતર સત્યપ્રિય અને પ્રામાણિક એમના જેવા માનવીઓ મેં ભાગ્યે જ, જોયા છે. પાછળથી એમના વધારે નિકટના સંપર્કમાં હું આવેલો. એમને માટે મારે આગળ વધારે કહેવાનું રહેશે.

તરખડ સાહેબ અમને આમ્ય-વહીવટની વ્યાવહારિક તાલીમ આપતા એ મેં ઉપર જણાવ્યું. એ અમારી રેવન્યુ ખાતાની કેળવણી હતી. એ જ મુજબ અમને કોલેજમાં કાયદાનું શિક્ષણ અપાતું. એ વખતના રાજકોટના સેશન્સ જજ વિટવર્થ સાહેબને બંગલે અમે દર અઠવાડિયે કાયદા વિષેના ભાષણો સાંભળવા જતા. આ ભાષણો, પછીથી Rajkumar College Law Lectures તરીકે બહાર પડયાં છે. પણ એ ઉપરાંત, સેશન્સ કોર્ટમાં કોઇ મહત્ત્વનો મુકદ્દમો આવ્યો હોય તો અમને એ સાંભળવા માટે મોકલવામાં આવતા. કોર્ટનો સિરસ્તેદાર જે રીતે જુબાની લખે એ મુજબ અમારે દરેકને અક્ષરશઃ જુબાની લખવાની રહેતી. અંગ્રેજી ભાષાની Exercise તરીકે એનો અંગ્રેજીમાં તરજુમો કરી મેકનોટન સાહેબને બનાવવો પડતો. પછી કેસની બન્ને બાજુ તપાસીને તેની તુલના કરી અમારે અમારી ન્યાયબુદ્ધિ મુજબ ફેંસલો લખીને વિટવર્થ સાહેબને બતાવવાનો હતો. એ અમને અમારી ક્ષતિઓ બતાવતા. આ હતી અમારી legal education.

હું ચોક્કસ માનું છું કે રાજકુમાર કોલેજમાં શિખવવામાં આવતું એટલું શિખનાર વિદ્યાર્થીની કેળવણી, એક હાઇસ્કૂલના વિદ્યાર્થી માટે કોઇ રીતે ખામીવાળી ન કહી શકાય. મને સંતોષ છે કે મારી શક્તિ મુજબ મે તેનો લાભ ઊઠાવ્યો છે, અને એ કેળવણીએ મ્હારામાં જે બીજારોપણ કરેલું એની કેળવણી જીવનભર મેં કરેલી છે, અને એ માટેના મારાં સ્મરણો હંમેશા મીઠાં છે. Common thoughts on serious subjects જેવું મેકનોટન સાહેબનું પુસ્તક અત્યારે પણ વિદ્યાર્થીઓને લાભદાયી નિવડે.

આ છે મ્હારા કોલેજના દિવસોનાં, અને મ્હારા ગુરૂઓનાં સ્મૃતિચિત્રો. એ ચિત્રો મ્હારી દૃષ્ટિને હમેશ ઉજ્જવલ લાગ્યાં છે અને એ સ્મરણો હમેશાં તાજાં અને મધુર છે.

(ક્રમશઃ)

★

ઉપેક્ષિતાના મનોભાવ

હું ધારતી હતી કે તું મારા દીલના ઘા પર મલમપટ્ટી કરશે, પણ મને ખબર ન હતી કે તું આટલો બેદર્દી પુરવાર થશે

તું સ્વર્ગનું એક તાજું ફુલ છે. દરેક કાંટાથી આટલો પ્રેમ, દરેક કાંટાની અણીથી આટલો મેળાપ અને કમનસીબ બુલબુલના નસીબમાં આ રડવાનું જ, શું એને મુનાસિબ ધારે છે?

હું કશું કહેતી નથી, છતાં મારી દુવા છે કે તું કોઇ બેવફાના પ્રેમમાં પડે અને એ તારા માટે તારાથી પણ વધુ ક્રૂર અને ક્રૂર પુરવાર થાય. તારું ભાવિ અંધકારમય હો. અને તારા રાતદિન એટલા મનહુસ રહે, જેટલા 'મેહરી'ના છે.

—તુર્કી શાઇરા 'મેહરી' ('વેણી')

પુષ્પા કોર્ડીઅલ

બહેનો! પ્રદર, લોહીવા, અનિયમિત અટકાવ, ગર્ભ ન રહેવો, ગર્ભ રહી સરી જવો, કસુવાવડ, હીસ્ટીરીઆ, કેડે રતવા, પ્રસવ સમયે પીડાવું, ધાવણની અછત, ઊંઘ ન આવવી, ઉબકા, મૂંઝવણ વગેરે દર્દો મટાડી શક્તિ આપનાર પુષ્પા કોર્ડીઅલ જ વાપરો. ત્રણ બાટલી પીવાથી સંપૂર્ણ આરામ આપે છે.

—દરેક દવાવાળા તથા ગાંધીઓ—

● વેચે છે ●

જથ્થાબંધ માટે લખોઃ

કમલ પ્રોડક્ટસ • નડિયાદ

હસ્તરેખાશાસ્ત્ર

લેખક
શ્રી વૃંદાવન શાહ

* પ્રકરણ ચોથું : પ્રારંભિક સૂચનાઓ *

(ગતાંકથી ચાલુ)

પૃથ્વી પોતાની એકધારી ગતિએ અવિરતપણે સૂર્યની આસપાસ ફર્યે જાય છે અને એ રીતે અર્ધી દુનિયામાં એક વખતે અજવાળું લાવે છે તો બીજા વખતે અંધારૂં લાવે છે. છતાં એ ગતિને ન જાણી શકનાર માનવી સૂરજ આથમી ગયો તેમ માનતો હોય છે. અને પૃથ્વીને અંધકારના ઓછાયા હેઠળ મૂકતાં પહેલાં સંધ્યાની અનેરી સૃષ્ટિ રચતાં તેને માનરી જેવો માનીને, પોતાની પ્રિયતમાને મળવા ગયો છે તેમ માનવી માનતો હોય છે. પણ ખરી રીતે તો તે વખતે દરેક માનવી જ પ્રિયતમાની પાસે દોડે છે.

આવી જ રીતે એક વખતે સંધ્યાની લાલી પથરાઈ ગઈ હતી. પોતાનું પ્રકાશ આપવાનું કામ નાનકડા એ । કોડિયાને સોંપી સૂરજ દાદા આરામ લેવાને સંધ્યાના મહેલમાં પહોંચી ગયા હતા. એટલે ટપોટપ દીવા થયે જતા હતા. એક ઘરના ઓરડામાં એવે વખતે એક માનવી હસ્તરેખા શાસ્ત્ર વિશે વાંચ્યે જતો હતો. સેંકડો વર્ષોને અંતે અને કેટલાય માણસોની મહેનતને પરિણામે હાથ ક્યારે અને કેમ જોવો તે વિશેનાં સત્યો સમજતો જતો હતો.

કેટલા યે અનુભવને અંતે માનવીને સમજાયું હતું કે હાથ દિવસે સૂર્યના પ્રકાશમાં જોવો એ રાતના જોવા કરતાં વધારે ઉચિત છે. કારણ માત્ર મોટી મોટી રેખાઓ, કે જેના થી જ માનવી-જીવન વિશે નથી કહેવાતું પણ અનેક નાની નાની રેખાઓ, હથેળી તેમજ નખનો રંગ વગેરે પર માનવીના સ્વભાવ અને બનાવોનો આધાર રહેલો છે. ઘણી નાની રેખા તો નરી આંખે દેખાતી પણ નથી

નેતાજી જીવે છે ?

નેતાજી સુભાષચંદ્ર બોઝની હસ્તરેખાની છબી પરથી-એમની જીવનરેખા પરથી આ પ્રમાણે શાસ્ત્રીય પદ્ધતિએ સંભાવના અનુમાની શકાય છે. એમની હસ્તરેખામાં મંગલ અને બુધનું જોર હોવાથી પ્રવાસ-શોખ; ત્વરિત વિચારશક્તિ ને યુદ્ધ-રસિક સ્વભાવ આગળ તરી આવે છે; સત્તાશોખ પણ એના પરથી ફલિત થાય છે. એમની મસ્તક-રેખા જીવન-રેખાથી અલગ હોઇ, એમના વિચાર ને કાર્યની સ્વતંત્ર પદ્ધતિ દેખાય છે. એમની જીવન રેખામાં એક વિચ્છેદ અને દ્વીપ હતાં, જેને અંગે એમને ૩૦મા વર્ષ આસપાસ ફેફસાંને અસર કરતી ગંભીર માંદગી સહન કરવી પડેલી. જીવન-રેખામાંથી ચંદ્ર તરફ જતી એક રેખા ૪૪મે વર્ષે એમનો લાંબા પ્રવાસનો યોગ દર્શાવતી હતી, જે મુજબ એમણે પ્રવાસ કર્યો. એમની જીવન-રેખામાંના એક વિચ્છેદને કારણે ૫૦મે વર્ષે એમને ઘાત હતી, પરંતુ આગળ એ રેખા અન્ય સૂક્ષ્મ રેખાઓથી સંધાઇ જતી હોવાથી મૃત્યુનો સંભવ નથી. એમના મૃત્યુનો સંભવ અત્યારે નથી, પણ ૫૬મે વર્ષે છે. કારણ કે એમના ડાબા હાથમાં મંગળના પ્રદેશમાં તારક વચ્ચો વચ્ચ છે, તેમ જ હૃદય-રેખા નીચે ભાગ્ય-રેખા એકાએક અટકી જાય છે ને તે લગભગ ૫૬મે વર્ષે અને તેવો યોગ છે. વળી પરદેશમાં એમનું મૃત્યુ થાય તેવું હસ્તરેખા પરતી લાગતું નથી. એમની જીવન-રેખા ચંદ્ર-પ્રદેશ બાજુ વધે છે, એટલે એમને લાંબી મુસાફરીનો યોગ છે; એથી આપણે આશા રાખીએ કે નેતાજી જીવંત છે.

નેતાજી ઝીંદાબાદ! જય હિંદ!

હોતી એટલે સૂક્ષ્મદર્શક કાચ તેને માટે વધારે ઉપયોગી નીવડે છે.

કોઈ પણ વિજ્ઞાન એકદમ ચોપડીઓ વાંચી નાંખ્યે વગર અનુભવે નથી સમજાતું હોતું. એટલે હસ્તરેખાના અભ્યાસીએ પણ દરેકે દરેક પ્રકરણ પૂરતાં ધ્યાનથી અને ધીરજથી વાંચવું જોઇએ તેમ તેના અભ્યાસીએને લાગ્યું. અને અનુભવ વગરનું જ્ઞાન એ સાચું જ્ઞાન નથી એટલે વાંચવાની સાથે દરેકે પોતાના હાથ તેમજ મિત્રોના હાથ તપાસીને તેમાં આવેલ મુદ્દાને ચકાસવાની (Verify) જરૂર છે, તેમ તેને જણાયું સાથે સાથે તેણે પણ તે નક્કી કર્યું કે હાથમાંની એકેએક વસ્તુ પૂરેપૂરી ઝીણવટથી તપાસ્યા પછી પણ એકબીજાના અનુસંધાનથી જ ચોક્કસ અનુમાનો બાંધી શકાય છે. એકાદ બે ચિહ્નો તપાસીને ખાત્રીપૂર્વક કશું કહી શકાય નહીં બધું વંચાઈ ગયા પછી હાથ જોતી વખતે પણ પહેલાં થોડી મિનિટો હાથમાંની દરેકે દરેક વસ્તુ ઝીણવટથી તપાસી તેમની વચ્ચેનો મેળ બેસાડ્યા પછી જ કહેવાની શરૂઆત કરવી જોઇએ આમ નહીં કરવાથી નિષ્ફળતા સાંપડે છે.

વધારામાં તેણે એ નક્કી કર્યું કે ડાબો અને જમણો બન્ને હાથ બરાબર તપાસવા જોઈએ. કારણ કે ડાબો હાથ જન્મથી મળેલી અને પરંપરાગત વસ્તુઓ સૂચવે છે. જ્યારે જમણો હાથ વધુ કાર્યશીલ હોવાથી તે ઉપર વર્તમાનને લગતી બધી બાબતો તથા ભવિષ્યમાં બનનારી ઘટનાઓ પણ નોંધાયેલી હોય છે. સ્ત્રીઓમાં પણ એ જ પ્રમાણે હોય છે. પણ ડાબા હાથનો જેઓ વધારે ઉપયોગ કરતા હોય તેમને માટે આથી ઉલટું હોય છે. એટલે કે જમણા હાથમાં જન્મગત અને ડાબા હાથમાં વર્તમાન અને ભવિષ્ય નોંધાયેલા હોય છે. વળી સ્ત્રી-પુરુષ બંનેમાં વર્તમાન અને ભવિષ્યની ઘટનાઓ માટે જમણા હાથ ઉપરથી કોઇ ઘટનાઓ ચોક્કસ બનશે જ એમ ખાત્રીપૂર્વક કહેવું ન જોઇએ. કારણ માણસ મજબૂત મનોબળથી એ ઘટનામાંથી પોતાને બચાવી શકે એ તદ્દન સંભવિત છે વળી બનવાના અકસ્માતોની બાબતમાં પણ તે સમયે યોગ્ય સાવચેતી લેવામાં આવે તો એ અકસ્માતોમાંથી બચી જવાનો પૂરેપૂરો સંભવ છે. આવી દરેક ઘટનાઓની બાબતમાં હાથ જોનારે તો આ અંગે ખૂબ સાવચેત રહેવાની ચેતવણી આપવી એ જ યોગ્ય છે. એ ઘટનાઓ બનશે જ એમ કહી કોઇને ગભરાવી ન મૂકવાં જોઇએ. (ક્રમશઃ)

જિન્સી જીવનની સાચી મઝા માણવાનો માર્ગ પ્રબોધતી લેખમાળા

વિવાહિત આનંદ

લેખક :
શ્રી. કપિલ કોટડીઆ એમ. એ.

(જૂન અંકથી ચાલુ)

પતિ-પત્નીના સ્વરૂપનો સ્ત્રી-પુરુષનો સંબંધ સર્વ સાંસારિક સંબંધોમાં સૌથી વધુ સુકુમાર અને નાજુક છે. એને દૃઢ અને આનંદપૂર્ણ બનાવવાની રીતિઓથી અપરિચિત અને અજ્ઞાન રહેવું એના જેવું ઇતર દુર્ભાગ્ય શું હોઇ શકે? જે માણસો આ પ્રકારની વિદ્યાના પ્રચારમાં ડખલો નાખે છે તે સંસારમાં પ્રસન્નતા ને સ્વાસ્થ્યના પ્રસારને અટકાવનારા મહાપાપી છે. અવિદ્યા ને અજ્ઞાનના પ્રતાપે જ પતિ-પત્ની અરસપરસની ઇચ્છાઓ અને આવશ્યકતાઓને નથી સમજતાં અને તેને પૂરી નથી કરી શકતાં ને પરિણામે અનેક પ્રકારના અનુચિત વ્યવહારો થાય છે.

આવા સંજોગોમાં ઘણા દાખલાઓના પરિણામમાં પતિને પરસ્ત્રીનો ને પત્નીને પરપુરુષનો સંપર્ક સાધવાની મહેચ્છા જાગે છે. આ બદીનું નામ લેવું એ મહાપાપ છે તો જ્યાં આવું થતું હોય તેનું વર્ણન કરવું કેટલું શરમજનક છે! એની ખૂબ ખરાબ અસર તેમની સંતતિ પર પડે છે ને આમ એ બદી ફાલે ફૂલે છે.

આ જાતની ખરાબી ઇંગ્લાંડ, આફ્રિકા જેવા સુંદર દેશોમાં પણ મળી આવે છે. ફરક માત્ર એટલો છે કે તે દેશના લોકોને સાચી વસ્તુઓનું ભાન થયું છે ને ત્યાંના સ્ત્રી-પુરુષોની સુધારણા માટે What a husband ought to know, Sex in its mysteries, Happiness in marriage, Married love, Before I wed. જેવાં પુસ્તકો લખીને તેમના નવયુવકોને સાચો રસ્તો દેખાડવાનું શરૂ કર્યું છે પરંતુ આપણા હિંદમાં આજની સદાચારની વ્યાખ્યા ઘણી વિચિત્ર છે. ને તેથી સમાજ ને સરકારમાં પ્રભુત્વ બતાવતી વ્યક્તિઓ જ, જે આ જાતની વિદ્યાના અજ્ઞાનના કારણે અશાંત ને દુઃખપૂર્ણ જીવન વીતાવે છે, આવા અમૂલ્ય વિજ્ઞાનના પ્રચારનો વિરોધ કરે છે. આજે વિલાયતથી હજારો પુસ્તકો આવે છે પણ તે ત્યાંના જીવન ને રીતરીવાજોને અનુલક્ષીને લખાયેલ હોય છે. જેથી હિંદી આમજનતાને શું લાભ? ભારતવાસીઓને તેમના દેશાનુકૂળ કંઈક શિક્ષા મળે એવા પ્રબંધની આવશ્યકતા નથી?

કેટલાક તો વળી ડાહ્યાપણ વાપરીને કહે છે 'સાહેબ, અમે તો ઘરડા થઇ ગયા છીએ પણ આ નવજુવાનિયાઓ ઉપર ખરાબ અસરો ન પડી જાય એટલું સંભાળજો.' આ જ ચેતવણીને પ્રતાપે પતિ-પત્નીના દૈવી સંબંધની ઉપયોગી ચર્ચાનો એક શબ્દ પણ જીભ ઉપર નથી લાવી શકતો. કોઇને એની ખૂબ જરૂર ઊભી થઇ તો કાનમાં બે ચાર ન સમજાય તેવા બોલ કહી દીધા; બસ! અહીં એક પ્રશ્ન ઊભો થાય છે કે આવું નિષ્કારણ મૌન જરૂરી છે? શું આ વિદ્યાના અજ્ઞાનને કારણે હજારો કુટુંબો દુઃખ સહી સહી નાશને નથી પામ્યાં? ઉત્તરમાં એટલું તો

ન્હી શકીશું કે ચુપણીથી હાનિ વધારે નહિ તો વ્યભિચારથી થતી હાનિ જેટલી તો થઈ છે જ. ઘણા લોકો નવયુવકોને બદરસ્તે લઈ જવા ખૂબ પ્રયત્નપૂર્વક કામ કરે છે. વેશ્યાઓના અડ્ડા, શરાબી પીઠાં, સ્ત્રીઓની પાનની દુકાનો વગેરે તેમનાં સાધનો છે. અશ્લીલ નવલો, થિએટરો ને સિનેમાગૃહો દરેક શહેરોમાં ફેલાઈ ગયાં છે. આ ત્રણેય, સ્ત્રી–પુરુષના આચારો ખૂબ વિકૃત સ્વરૂપમાં દર્શાવે છે ને નિર્દંપતી પણ કામવાસનાને જાગૃત કરે છે-ઉદ્દીપ્ત કરે છે. એકાદ અપવાદ સિવાય સર્વે ધાર્મિક નવલો, ધાર્મિક નાટકો ને સિનેમાઓ અનુચિત પ્રેમ, કામ, મોહ અને વિષયોની તૃપ્તિનાં દૃશ્યોથી ભરચક હોય છે. પરસ્ત્રીઓ અને કુમારિકાઓ સાથેના અનુચિત પ્રેમાલાપ અને ગંદા હાવભાવ જ એમાં પ્રાયશઃ હોય છે. સિનેમામાંથી યુવક-યુવતીઓને મુખ્યતઃ દુરાચારની જ શિક્ષા મળે છે. શ્રી ગોપીચંદ નારંગે સીનેમાગૃહો ઉપર પીકેટીંગ કરી વિદ્યાર્થીઓને તેમાં જતા રોકવા જે હાકલ કરી હતી તે ખૂબ વ્યાજબી છે.

આ લેખમાળા દ્વારા પતિ પોતાની પ્રિયા-પત્ની સાથે આત્મિક, સાંસારિક અને સાંભોગિક વ્યવહાર કેવી રીતે કરે તે જેથી તે તેને હંમેશાં પ્રસન્ન ચિત્તવાળી રાખી શકે અને પોતે પણ ખુશદીલ રહે તે બતાવવામાં આવશે. ઘણી વખત એવું બને છે કે સ્ત્રી અને પુરુષ વચ્ચે પ્રેમ ને સહાનુભૂતિનો વ્યવહાર ખૂબ સરળતાથી ચાલતો હોવા છતાં અકસ્માતે આકસ્મિક કારણોથી એકબીજાથી જીવ ઉંચા થઈ જાય છે ને પોતે જ આશ્ચર્યચકિત બની જાય છે. આનાં કારણો શોધતાં એમ માલુમ પડ્યું છે કે ગૃહસ્થ જીવનના મામુલી ઝઘડાઓ ઉપરાંત એક ખાસ કારણ આમાં કાર્ય કરે છે: દરેક સ્ત્રીમાં અમુક સમય પછી મદનતરંગ યા કામવાસનાની લહેર ઉત્પન્ન થાય છે. તે પોતાના મૌન સંકેતો અને હાવભાવોથી તેને પ્રગટ પણ કરી દે છે. સમજદાર અને ચતુર પતિ તો સમયને ઓળખી લે છે જે તે સમયે યોગ્ય આચરણ કરે છે, પણ અણસમજુ, અજ્ઞાન ને મૂર્ખ પતિ આ સમયે સુષુપ્ત રહે છે ને કંઇ પણ કરતો નથી. પછી તેના મદનતરંગના શાંતન બાદ જ્યારે તે કામવાસનાના વિચાર માત્રથી રહિત બની બેઠી હોય છે ત્યારે તેને સંભોગ માટે સતાવે છે ને આગ્રહ કરે છે. આવા માણસો પોતાની મૂર્ખતાથી જ શીઘ્રપાતના રોગી બને છે, ગૃહક્લેશોના ઉત્પાદકો થાય છે ને પોતાની સ્ત્રીને બીમારીની ભઠ્ઠીમાં હોમે છે. ગર્ભાધાનના દિવસોમાં ને રજસ્વલા બન્યા પછીના દિવસોમાં પતિ-પત્ની ઘણી ભૂલો કરે છે. મનને કલ્પનાના સંભોગ માટે આ સમય દરમિયાન કંઈ કંઈ જાતના સીધાઉંધા આસનો કરી એકબીજાને ભયંકર હાનિ પહોંચાડે છે. ઉપરાંત ગૃહસંસારના નિત્યના વ્યવહારમાં, ગૃહની જરૂરિયાતો પૂરી પાડવામાં, સહાનુભૂતિ ને પ્રેમ દર્શાવવામાં, એકબીજાના સુખ કે દુઃખમાં ભાગ લેવામાં અને એવી ઘણી બાબતોમાં પતિ-પત્નીની ઘણી ભૂલો થાય છે જેથી બંને દુઃખી થાય છે. ઘણી વખત પતિની વધુ પડતી રોક-ટોક ને પત્નીની નિષ્કારણ દુરાગ્રહવાળી વૃત્તિ પણ એકબીજાનાં મન ઉંચાં કરવાનાં કારણો બને છે. પરિણામે ત્યાં પ્રેમને સ્થાને ઘૃણા આવી જાય છે ને બંને એકબીજાનો વિષયતૃપ્તિ માટેનો સંબંધ રાખે છે. કેટલી કરુણાજનક ઘટના !

જાણો છો ?

'જીવન-પ્રકાશ બંધુ મંડળ' ના સભ્ય પોતે ભરેલ લવાજમ જેટલી જ કિંમતની જગા પોતાની જાહેરાત માટે આ માસિકમાં વર્ષ દરમિયાન મફત રોકી શકે છે. આપ હજી એના ગ્રાહક નથી થયા ?

આજે આપણે ત્યાં એવી સ્થિતિ છે કે કોઈ નવયુવક પોતાના લગ્ન પહેલાં તેણે શું શું કરવું ઘટે, કેવા પ્રકારના જ્ઞાનથી તે પરિચિત બનેલો હોવો જોઈએ, વર તરીકે તેની શું ફરજો છે, વહુની ફરજોમાં તે શું કહેશે, આદર્શ યુગલ બનવા તેણે પોતા ઉપર ને પોતાની નવપરિણીત મુગ્ધા ઉપર શું શું જાતના અખતરા કરવા જોઈએ વગેરેનું જ્ઞાન આપે એવું એકે પુસ્તક નથી. થોડાંક વર્ષોમાં અવારનવાર પ્રયત્નો થયા છે તે આવકાર્ય છે પણ એ પ્રયત્નોની ઊણપોને દૂર કરી તે વિદ્યાનો સંપૂર્ણ ખ્યાલ આવી જાય તેવું ટૂંકું બ્યાન આપવાનો આ લેખમાળા દ્વારા પ્રયત્ન થશે.

આજે સામયિકોમાં જાહેરખબર પામતાં કોકશાસ્ત્રો ને કામશાસ્ત્રોને જો તમે જોશો તો ઉટાંગ ઔષધિઓની જાહેરખબરોથી તે ભરચક હશે. એમાંના વિષયો વાચકગણની કામવાસનાઓને પ્રદીપ્ત કરવા સિવાયનો બીજો કોઈ શુભ ઉદ્દેશ ધારતા નથી. કયા પ્રકારે કામવાસનાનું બળ અધિકમાં અધિક વધે, તે હોય છે તેમાંની શિક્ષા. સ્ત્રીપુરુષોના ચાર પ્રકાર, કામવાસનાને ઉદ્દીપ્ત કરનારાં કાલ્પનિક ચિત્રો, સ્ત્રીઓને વશ કરવાની રીતો, અનુચિત અને પ્રતિકૂળ અવસ્થાવાળાં ૮૪ આસનોનાં ભદ્દાં વર્ણનો, ઈશ્વરી નિયમથી વિરૂદ્ધ અધિકતમ સમય લગી સંભોગ સમય લંબાવવા માટેની સ્થંભક ગોળિયોની જાહેર ખબર ને બનાવટોનું વર્ણન વગેરે, જેમાં ૯૫ ટકા તો હડહડતું જુઠાણું જ છે અને સાચા રસ્તાથી દૂર લઈ જનાર ને કામવાસનાને ઉદ્દીપ્ત કરનાર વાતો ભરી હોય છે તેવાં પુસ્તકો કોનું કલ્યાણ કરવાનાં હતાં? કોઈ પણ રીતે એના વાચનના પ્રતાપે નવયુવકો કામ ત્યજી કામને ભજે ને કમજોર બની તેમની દૈવી દવાઓ વાપરી વધુ ને વધુ કમજોર બની તેમને ખટાવતા રહે એ આ પુસ્તકોનાં લખાણ પાછળની મેલી મુરાદ છે.

આવી મેલી મુરાદનો અંશ પણ ન આવે ને આ લેખમાળાનું લખાણ સર્વ સ્ત્રીપુરુષને, નવવિવાહિત દંપતી-યુગલોને ને પ્રભુતામાં પગલાં માંડવાની ઈચ્છા રાખતાં ભાઈબહેનોને જીવનનો ને જીન્સીજીવનનો સારો માર્ગ બતાવે ને તે પ્રમાણે હંમેશ વર્તવાની ને બીજાઓને તેમ કરવાની સર્વદા પ્રેરણા આપ્યા કરે એવું બનાવવા સર્વ પ્રકારના પ્રયત્નો થશે.

(ક્રમશઃ)

અનેક રોગોની એકજ દવા

જીવનધારા

રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક "જેનસ" નં.૩૦૨.

કોલેરા, સંગ્રહણી, શરદી, હાથ-પગ, માથું તથા બદનનો દુઃખાવો, પાણી-વિકાર, સંધિવા, અશક્તિ, સોજો, અજીર્ણ, અપચો, ખાંસી, શ્વાસ, દમ, દાંત-દાઢમાં કળતર, અમુંઝણ, ઝેરી ડંખ, પ્રદર, પ્રમેહ, મોઢાની દુર્ગંધ, પેટની ચુંક, શુળ, દરેક જાતના તાવ, ઘા પડવો, લોહી નીકળવું ઈત્યાદી અનેક જાતનાં દરદોમાં તેમજ રેલ્વે, સ્ટીમર યા મોટરની મુસાફરીમાં તાત્કાલિક ઉપયોગી થઈ પડનારી અમૂલ્ય ઔષધિ. કિંમત મોટી બાટલી રૂા. ૧।।।, વચલી બાટલી રૂા. ૧। અને નાની બાટલી રૂા. ૦।।=. ટ. ખ. જુદું. દરેક ગહેરમાં જાણીતા દવા વેચનારને ત્યાં મળશે

જે. એન. શેઠના—જીવનધારા ઓફીસ, નડીયાદ. [ગુજરાત]

સ્ટોકીસ્ટ: કંચનલાલ વાડીલાલની કું. મંગળદાસ રોડ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.

ચૌલા : મુનશીની અને ધૂમકેતુની

સરખામણી અળખામણી હોવા છતાં બે ઉચ્ચ કોટિના સર્જકો વચ્ચે સરખામણી કરવાનું ઘણું સાહજિક છે. તેમાં યે બંનેનાં સર્જનનો વિષય સમાન હોય ત્યારે બેમાંથી એકને કે બંનેને સરખામણી અન્યાયકર્તા થઈ પડે તો પણ વાચકો અને વિવેચકો સરખામણી કર્યા વિના જંપતા નથી. મુનશી અને રમણલાલની નવલકથાઓ વચ્ચે વિષયનું સામ્ય ભાગ્યે જ, એટલે સરખામણીનું ક્ષેત્ર મર્યાદિત રહ્યું. પરંતુ હવે શ્રી. ધૂમકેતુએ કટિબદ્ધ થઈને ચૌલુક્ય ગ્રંથાવલિની નવલ-પરંપરા પ્રસિદ્ધ કરવા માંડી છે, અને એમના પુરોગામી શ્રી. મુનશીએ પણ એ જ ચૌલુક્યોના ગૌરવ લેવા જેવા ગણાતા ગુર્જર-ઇતિહાસ વિશે અગાઉ નવલ-પરંપરા પ્રસિદ્ધ કરેલી છે; એટલે સરખામણી માટે બંને સર્જકોની ઐતિહાસિક નવલકથાઓ ઠીક ઠીક અવકાશ આપે છે.

મુનશી અને ધૂમકેતુની ઐતિહાસિક નવલકથાકાર તરીકેની સરખામણી મુંબઈ રેડિયો સ્ટેશનના એક વાર્તાલાપમાં શ્રી. ભ. ઠી. ભૂખણવાળાએ જૂન મહિનામાં કરેલી; એ વાર્તાલાપ લેખ રૂપે 'રેખા'ના સપ્ટેંબર અંકમાં પ્રસિદ્ધ થયો છે. શ્રી. ભૂખણવાળાએ બંને સર્જકોની નિરૂપણ પદ્ધતિનો તફાવત યોગ્ય રીતે દર્શાવી આપ્યો છે. તેમણે મુનશીને રંગપ્રધાન (Romantic) અને ધૂમકેતુને ભાવનાપ્રધાન (Idealist) કહ્યા છે તે કથન સાથે સંમત થઈ શકાય તેમ છે. આમ છતાં મુનશીની ચૌલા અને ધૂમકેતુની ચૌલા એ બંનેની સરખામણીમાં તેમની સાથે સંમત થઈ શકાય તેમ નથી. સામાન્ય કથન તરીકે કહી શકાય કે મુનશીમાં વાસ્તવિકતા, રંગપ્રાધાન્ય ઇ. મુખ્ય છે, જ્યારે ધૂમકેતુમાં ભાવનાશીલતા મુખ્ય છે. પરંતુ એ સામાન્ય કથનમાં બંનેની ચૌલાઓ અપવાદ રૂપ છે એમ સહેજ વિચાર કરતાં જણાશે. શ્રી. ભૂખણવાળાએ આ સામાન્ય કથનના સમર્થન રૂપે બંનેની ચૌલાઓની સરખામણી કરી બતાવી છે તે યથાર્થ જણાતી નથી. વસ્તુતઃ ચૌલાની બાબતમાં વિપરીત જ થયું છે. મુનશીની ચૌલા જાણે ધૂમકેતુ પાસેથી મુનશી ચોરી આવ્યા હોય તેમ લાગે છે અને ધૂમકેતુની ચૌલા ધૂમકેતુ મુનશી પાસેથી ચોરી આવ્યા હોય તેમ લાગે છે અને તેમાં મુનશીની ચોરી વધારે સફળ થઈ હોય તેમ લાગે છે; કારણકે અમસ્થાયે મુનશી ઉસ્તાદ ચોર તરીકે તો નામોક્તિ છે જ ને!

બંને ચૌલાઓની સરખામણી કરતાં શ્રી. ભૂખણવાળાએ કહ્યું છે: "ધૂમકેતુની ચૌલા અસ્પર્શ્ય, અપાર્થિવ, [illegible]સભર, સાત્ત્વિક; મુનશીની ચૌલા પાર્થિવ, પરંતુ વધુ જીવંત, રાજસી." આ વિશેષણો મોટે ભાગે વિપરીત આરોપણું પામ્યાં છે. યોગ્ય કથન તો આ પ્રમાણે જણાય છે: "ધૂમકેતુની ચૌલા પાર્થિવ, ભાવનાસભર છતાં રાજસી; મુનશીની ચૌલા ભાવનાસભર, અસ્પર્શ્ય, અપાર્થિવ, સાત્ત્વિક છતાં જીવંત જણાય તેવી." ધૂમકેતુની ચૌલામાં એક રાજકીય ભાવના ને જીવનની રાજસી મહત્ત્વાકાંક્ષા છે; જ્યારે મુનશીની ચૌલા ભાવના ને કલ્પનાનું અદ્ભુત સર્જન છે. ધૂમકેતુની ચૌલા પ્રણય ખાતર પ્રણયનો ભોગ આપી રાજકારણના પ્રપંચોમાં રચી પચી રહે છે; જ્યારે મુનશીની ચૌલામાં શિવભક્તિ

ને ઈશ્વરપ્રણયમાં ભીમદેવ સાથેનું પ્રકરણ તો ભાવનાશીલ મુગ્ધાનો ભ્રમ માત્ર છે, જેને માટે એને, ભાવનાચ્યુતને પશ્ચાત્તાપ અંતર કોરી ખાય છે.

શ્રી. ભૂખણવાળા કહે છેઃ 'દેહની ગંધ આવતાં ધૂમકેતુની ચૌલા ભાવનાના આકાશમાં વિલીન થઈ જાય છે, તો 'જય સોમનાથ'માં ભીમદેવ બારણાં બંધ કરી શકે છે.' આપણે ત્યાં એક વિચિત્ર ખ્યાલ બંધાતો જાય છે કે જેમાં દેહની ગંધ હોય તે વાસ્તવિક ને જેમાં દેહની ગંધ ન હોય તે ભાવનાશીલ. પરંતુ અહીં જે જુદી જ પરિસ્થિતિ છે તેના સંદર્ભમાં વિચાર કરવો જોઈએ, ને તે વિના વાસ્તવિક ને ભાવનાશીલ એવો નિર્ણય ન આપવો જોઈએ. ધૂમકેતુની ચૌલા દેહની ગંધ આવતાં નાસે છે તેનું કારણ શું છે? ન્હાનાલાલના જયા-જયંતની જેમ તે શરીર-સંપર્કને વર્જ્ય ગણે છે એવું તો નથી જ. પરંતુ જ્યાં સુધી તેનો પ્રણયી અમુક જીવનસિદ્ધિ ન પ્રાપ્ત કરે ત્યાં સુધી તે વ્યક્તિગત સુખોપભોગને દરમિયાનગીરી કરવા દેવા માગતી નથી. જ્યારે મુનશીની ચૌલાનો પ્રસંગ જ જુદો છે. ચૌલા પોતે ભીમદેવને શિવના સ્વરૂપમાં જ જુએ છે અને તેથી જ તેને દેહ અર્પતાં અચકાતી નથી. એમાં ભાવનાશીલતા નથી એમ નથી, બલ્કે ભાવનાશીલતાનો અતિરેક છે.' વ્યવહાર અને જગતના અનુભવ વિનાની એ મુગ્ધા ભક્તિ ને પ્રણયની મસ્તીમાં ભીમદેવના મૂલ્યાંકનમાં ભૂલ ખાઈ બેસે છે. એ જ ચૌલાને જ્યારે ભાન થાય છે કે ભીમદેવ એક સામાન્ય માનવપ્રાણી જ છે, અને પોતે શિવભક્તિમાંથી સ્ખલિત થઈ છે ત્યારે ભીમદેવનો સ્પર્શ સુદ્ધાં વર્જ્ય ગણે છે અને સોમનાથના મંદિરમાં અંતિમ નૃત્ય કરી મૃત્યુ પામે છે. આમાં કેવળ ભાવનાશીલતા લઈએ તો મુનશીની ચૌલા ધૂમકેતુની ચૌલા કરતાં વધુ ભાવનાશીલ છે એમ કહેવું જોઈએ. ધૂમકેતુની ચૌલા મીનળ જેવા મુનશી-પાત્રોની હરોળમાં બેસી શકે તેવી છે. જ્યારે મુનશીની ચૌલાને ધૂમકેતુના ભાવનાભક્તોમાં સ્થાન મળે ખરું.

મુનશીની ચૌલાનું પાત્રાલેખન શ્રી. મેઘાણી

લોખંડના મજબુત આલકૂાપ અને તાડી

રૉ રૉ મ કો કો નાં જ વાપરો



રૉ રૉ મ કો કો નાં જ વાપરો

• ગુજરાત અને કાઠિયાવાડના •
—સોલ એજન્ટ—
મેસર્સ મહેતા બ્રધર્સ
સાંકડી શેરી, ભાભાવસા પોળ
— અમદાવાદ —

ROMCO

—: લખો :—

• સિંધના સોલ એજન્ટ •
મહેતા બ્રધર્સ
રુગ્ણોડ લાઈન
— કરાચી —

ધી રૉયલ મેન્યુફેક્ચરીંગ કું. ૮ મી ખેતવાડી, મુંબઈ-૪.

જેવા સમર્થ સાહિત્યકારને હાથે ટીકાપાત્ર બન્યું છે, તે છતાં મુનશીની ચૌલાનું આકર્ષણ સાહિત્યરસિક માટે વિશેષ છે, એમ કહેવું જોઈએ. ત્રિપુરારિનો પ્રણય એ પાર્વતીભાવે ઝંખે છે. પ્રણયભાવના, ભક્તિ અને સૌંદર્યનું એક ભાવનાપ્રતીક ચૌલા બની રહે છે. કેટલાકને ચૌલા અવાસ્તવિક લાગે છે. ભીમદેવ સાથે એને ત્રિપુરારિ માનીને પ્રેમ કરતી ચૌલાને શું એટલી ખબર નથી કે શરીરસંપર્કને પરિણામે સંતાનની ઉત્પત્તિ થશે?–એવી દલીલ પણ કરવામાં આવે છે. પરંતુ ભક્તિ ને પ્રણયી બાલાનું મુગ્ધ હૃદય આવી વ્યવહાર–વાર્તાથી માહિતગાર હોય તો પણ એને પોતાને એ નિયમ આવી રીતે લાગુ પડશે એનો ખ્યાલ એને શી રીતે હોઈ શકે? એ પોતે ત્રિપુરારિની પ્રિયતમા પાર્વતી છે એવો ભ્રમ જ્યાં સુધી ચાલુ રહે છે ત્યાં સુધી એને બીજી પરવા પણ શું હોય?

મુનશીએ ચૌલા જેવાં પુષ્પમૃદુલ પાત્રો તેમની અન્ય નવલકથાઓમાં આપ્યાં છે. એ બધાંનું સૌંદર્ય અનુપમ છે; એમનું જગત પ્રણયમાં ને ભાવનમાં સમાપ્ત થાય છે; આ નિષ્ઠુર જગતમાં આવાં પુષ્પમૃદુલ પાત્રો લાંબો સમય ન જીવી શકે એવી કોઈ સમજથી કે ગમે તેમ, મુનશીએ તે બધાંના જીવનનો કરુણ અંત અલ્પ સમયમાં લાવી દીધો છે. ખેંગારની સાથે પ્રેમ કરતી સોમ; રસનિધિ સાથે પ્રેમ કરતી ભિલ્લમકુમારી; 'તર્પણ'ની નાયિકા; મુંજાલની બહેન; 'ભગવાન કૌટિલ્ય'માંની ગૌરી;–વગેરે સ્ત્રીપાત્રો મુનશીનાં મુખ્ય સ્ત્રી–પાત્રો (મંજરી, મીનલ, મૃણાલ, રાણક વગેરે) થી જુદી જ કોટિનાં છે. સૌંદર્ય, સુકુમારતા, સંસ્કાર અને પ્રણયઃ એ ચતુર્વિધ જીવનતત્ત્વમાંથી મુનશીએ તેમનું સર્જન કર્યું છે. એ બધામાં ચૌલા અગ્રસ્થાને છે. મુનશીનાં આ પ્રકારનાં પાત્રાલેખનમાં ધીમે ધીમે વિકાસ થતો રહ્યો છે. સોમથી જે મૃદુલ ભાવના–રસિકતાનું આલેખન શરુ થયું હતું તેની પરાકાષ્ઠા આમ ચૌલામાં આવે છે. આવા પાત્રને 'રાજસી' કેમ કહી શકાય?

બન્નેમાંથી કઈ ચૌલા ઇતિહાસની ચૌલાથી વધારે નજદીક છે એ પ્રશ્ન જવા દઈએ, કારણકે બંનેનું પાત્રાલેખન ઇતિહાસ કરતાં કલ્પનાનું સર્જન વિશેષ છે ને ઇતિહાસની ભૂમિકા અત્યલ્પ છે; એટલે આપણે ફક્ત રસદૃષ્ટિએ જ સરખામણી કરવી રહે છે. એ દૃષ્ટિએ ચૌલાના પાત્રમાં ધૂમકેતુની ભાવનારસિકતાને મુનશીએ નવો સુંદર સ્વાંગ સજાવ્યો છે, જ્યારે ધૂમકેતુ મુનશીની રાજસી સ્ત્રી-કલ્પનાને મૂર્ત કરી શક્યા છે. એમાં મૌલિકતા તેમજ જીવંત તત્ત્વની દૃષ્ટિએ મુનશીની સિદ્ધિ વિશેષ છે.

—ઈ.

★

સાભાર સ્વીકાર

દક્ષિણા: વર્ષ ૧ અંક ૧ તંત્રી: શ્રી. સુંદરમ્. પ્રકાશક: 'દક્ષિણા' કાર્યાલય, શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરી. વાર્ષિક લવાજમ: રૂપિયા પાંચ; છૂટક નકલ: ૧.૮ રૂપિયા.

'શ્રી. અરવિંદના જીવનદર્શનનું અનુશીલન' કરવાનું ધ્યેય નિશ્ચિત કરીને પ્રકટ થતું આ નવું ત્રૈમાસિક તત્ત્વજિજ્ઞાસુ વર્ગ માટે ઉપયોગી ને પ્રેરક થઈ પડશે તેમ પ્રથમ અંકની સામગ્રી પરથી સહેજે આશા બંધાય છે.

ભગિની: વર્ષ ૧ અંક ૧ તંત્રી: શ્રીમતી પુષ્પાબેન મહેતા. પ્રકાશક: ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ, ફર્નાન્ડિઝ પુલ નજીક; ગાંધી રોડ અમદાવાદ. વાર્ષિક લવાજમ: રૂપિયા છ. છૂટક નકલ: દસ આના.

સ્ત્રી જીવનના પ્રશ્નોને નિરૂપવાના ધ્યેયથી પ્રસિદ્ધ થયેલું આ નવું માસિક, સુપ્રસિદ્ધ સ્ત્રી-કાર્યકર્તા એવા તેના તંત્રી હોવાથી, કંઈક વિશિષ્ટ પ્રકારનું બને એવી અપેક્ષા સહેજે બંધાય છે.

છટકેલા લમણાને કાબૂમાં રાખવા
કેટ છાપ મેડીકેટેડ સ્નફ વાપરો
મહાસુગંધી સ્નફ વર્કસ, સિહોર [કાઠિ.]

આપ 'જીવન-પ્રકાશ'ના વાર્ષિક ગ્રાહક છો?
ન હો તો આજે જ બનો. દરરોજની
પાંચ પાઈમાં એ આપને ઘણું આપશે

ઉર્દૂ રાષ્ટ્રભાષા થઈ શકે?

લેખક :
શ્રી. કપિલ કોટડીઆ
એમ. એ.

સને ૧૯૩૮ ના છેલ્લા અઠવાડિયામાં 'પીરપુર રિપોર્ટ' નામની એક નાની પુસ્તિકા અખિલ હિંદ મુસ્લિમ લીગની દિલ્હીની ઓફીસથી બહાર પાડી હતી. આ રિપોર્ટ મુસ્લિમ લીગ નિયુક્ત 'તપાસ કમિટિ'એ તૈયાર કર્યો હતો. 'કોંગ્રેસ પ્રાંત.માં મુસલમાનોની ફરિયાદો' આ તપાસનો મુદ્દો હતો. રિપોર્ટ સો પાનામાં લખાયેલો હતો. આ રિપોર્ટ બહાર પડતાં જ તે તે પ્રાંતોની કોંગ્રેસી સરકારોએ એ રિપોર્ટ-સૂચિત ફરિયાદોના સમૂલખંડનાત્મક જવાબો આપ્યા હતા. એટલે હીં તે રિપોર્ટના સર્વ કપોલ-કલ્પિત મુદ્દાઓનો દો આપવો એ લેખનો હેતુ નથી. અહીં તો માના અગિયારમા અધ્યાયમાં ચર્ચાયેલ 'ભાષા અને સ્કૃતિ'ના પ્રશ્નને થોડો વિચારવો એવો નિર્ધાર ર્યો છે.

પીરપુરકમિટિ ભાષા બાબતે કહે છે કે આ દીના આરંભથી જ કોમી વિદ્વેષ ફેલાવા લાગ્યો. રિણામે જે ઉર્દૂ ભાષા આજ સુધી રાષ્ટ્રભાષા ગણાતી હતી તે માત્ર મુસલમાનોની જ ભાષા ગણાવા લાગી. વધુમાં રિપોર્ટ કહે છે કે મુસલમાનોએ તેને માતૃભાષા બનાવવાનો નિશ્ચય કરી તેને ખુશીની સાથે અપનાવી છે. તેનો દાવો છે કે એમનો સમસ્ત જ્ઞાનભંડાર-જ્ઞાન-વિજ્ઞાન ને સાહિત્યનાં પુસ્તકો-આજ ભાષામાં લખાયેલાં છે, તેથી જ મુસલમાનો અરબી-લિપિમાં લખાયેલી ઉર્દૂના સંરક્ષણ માટે આટલું બધું કરે છે. તે ભાષાના સાહિત્યમાં જ મુસલમાની સંસ્કૃતિ જડી આવે છે અને મુસલમાની સંસ્કૃતિ જેવી એક નોખી સંસ્કૃતિ હિંદમાં અસ્તિત્વ ધરાવે છે એમ પણ તે રિપોર્ટ છાતી ઠોકીને જાહેર કરે છે.

આ લેખમાં એ રિપોર્ટમાં કહેલાં બે સત્યો: (૧) શું ઉર્દૂ હિંદની રાષ્ટ્રભાષા હતી યા છે યા થઈ શકે? (૨) હિંદમાં મુસલમાની સંસ્કૃતિ જેવી કોઈ સંસ્કૃતિ છે તો તેનું કેવું સ્વરૂપ છે?-માંથી અહીં એકની ચર્ચા આગળ કરીશું. ચર્ચાના અંતે સમજદાર વાચકવર્ગ તો જરૂર કહેશે કે ઉર્દૂ સાહિત્ય ઇસ્લામવિરોધી અને અરાષ્ટ્રીય છે. તેથી ઉર્દૂ-સાહિત્યને મુસલમાનોની સંસ્કૃતિનું સ્વરૂપ માનવું એ જેટલું જુઠાણું છે તેટલું જ ઇસ્લામ ને હિંદના દ્રોહ કરવા જેવું છે.

હવે મુદ્દાને સવિસ્તર ચર્ચીએ. રાષ્ટ્રભાષાનું પ્રધાન લક્ષણ શું? જે ભાષામાં સ્વદેશી શબ્દો અસ્પૃશ્ય મનાય ને પરદેશી શબ્દોનો ખૂબ આદર કરવાના સારા એવા પ્રયત્નો થાય તે ભાષા હિંદની રાષ્ટ્રભાષા થઈ શકે? હિંદી ભાષાના જાણકારોને-પાઠકોને ખબર નથી કે શરૂથી જ ઉર્દૂ ભાષાના ભક્તો-નવજુવાન અને આચાર્યોએ ઉર્દૂના જન્મદિવસથી જ સ્પૃશ્યાસ્પૃશ્યનો સિદ્ધાંત વહેતો મૂક્યો છે, તેથી તેમને મન હિન્દી અને સંસ્કૃત શબ્દો તે ભાષા માટે ત્યાજ્ય છે તેથી તેમનો પ્રયોગ નિષિદ્ધ છે. તેથી જ ઉર્દૂ ભાષામાં અવ્યયો, સર્વનામો અને ક્રિયાપદો સિવાયનો સર્વ શબ્દસમૂહ પરદેશી મળે છે. તો પછી ઉર્દૂને રાષ્ટ્રભાષા કહેનારા રાષ્ટ્ર-વિરોધી મનોવૃત્તિ નથી જાહેર કરતા? વસ્તુ આશ્ચર્યકારક છે પણ વસ્તુતઃ સત્ય છે કે ઉર્દૂ ભાષાના મૌલવી મહાશયોએ નિષેધનીતિનું અવલંબન શરૂથી જ કર્યું છે. ઉર્દૂ ભાષાના આદિ કવિ વલી છે. તેમની શરૂની કવિતામાં હિંદી શબ્દો મળે છે પણ શાહસાહબની શુભ પ્રેરણાથી તેમની કવિતાની કાયાપલટ જ થઈ ગઈ હોય એમ માલુમ પડે છે. શાહસાહેબે ફરમાવ્યું કે 'આ ફારસી શબ્દોનો ઢેર પડ્યો છે તેનો ઉપયોગ કર. કોણ હિસાબ લેવાનું છે?' અને ખરી વાત છે કે આ 'ગુલામ' દેશમાં દેશીને લાતો મારનાર ને પરદેશીને પુજનારાઓનો કોણ હિસાબ લે છે? આમ વલીના સમયથી જ ઉર્દૂ ભાષામાં પરદેશીપણું ઘુસવા માંડ્યું છે. શાહહાતિમ, ઇન્સા અને નાસિખ વગેરે દરેકે દેશી શબ્દોને તિરસ્કારવા માટે ખૂબ પ્રયત્ન કર્યો છે. ને સમયવહન સાથે તે ક્રિયા જોર પકડતી

ગઈ. નાસિખનું લખાણ ('કૃતવા') સાહિત્યિક અને રાષ્ટ્રીય દૃષ્ટિથી ખૂબ મહત્ત્વનું છે. હું ઇચ્છું છું કે એને છપાવીને પ્રત્યેક હિંદીના ઘરમાં ભીંતો પર ટાંગવામાં આવે. તેથી લોકોને જ્ઞાન થશે કે પતનશીલ જ્ઞાતિ કેવી રીતે પોતાને જ ધિક્કારે છે અને પરદેશીને સત્કારે છે ને તેમાં પોતાની ખૂબ મોટાઈ સમજે છે. પતિત જાતિનું સંપૂર્ણ પતન આમ જ થાય છે કે જ્યારે તે પોતાના તરફ ઘૃણા કરે છે ને તે ક્રિયા એટલી હદ સુધી લઈ જાય છે કે પોતાની પડતીની અસહ્ય શરમ ઢાંકવા પરદેશી નકલી ડગલા પહેરે છે.

નાસિખ કહે છે કે 'જે હિંદી શબ્દો ઉર્દુની સહાય વગર ઉત્પન્ન થયા છે તેમને છોડી દો. તે તે જગ્યાએ અરબી–ફારસી શબ્દોને જ અપનાવો.' આ કથનથી લખનૌ વગેરે પ્રદેશોની ભાષામાં ખૂબ પલટો આવેલ. અને આ બળજબરીથી બનાવેલી ભાષાને હિંદની રાષ્ટ્રભાષા કહેવી ને કહેવરાવવી એ કેટલું બદતર છે! આંખને 'ચશ્મ' ને કાનને 'ગોશ' કહીને એ બિરાદરો શું લાભ મેળવવા ચાહતા હશે?

શ્રી. મૌલાના આઝાદે પોતાના પુસ્તક 'આબે હયાત'માં કહ્યું છે કે 'નાસિખની ભાષા તો દવાની શીશી છે; જેની ઇચ્છા હોય તે પીધા કરે.' એમાની સાદાઈ તો સાવ નષ્ટપ્રાયઃ થઈ ગઈ છે. એમાં હિન્દીત્વનું નામ નિશાન નહિ મળે. ડો. મૌલાના અબ્દુલ હક્કે પણ આને અપનાવવા એક વખત કહ્યું હતું.

આવી ખીચડીયા ભાષાને આપણા મુસ્લિમ બિરાદરો રાષ્ટ્રભાષા કહે છે! તેઓ લખનઉમાં જે આ નકલી ભાષા બોલાય છે તેને બંગાળા, મહારાષ્ટ્ર, ગુજરાત ને રાજસ્થાન અને મદ્રાસની રાષ્ટ્રભાષા તરીકે ચલાવવાનો વ્યર્થ પ્રયત્ન કરે છે સંસ્કૃત શબ્દોદ્‌ભવ તદ્‌ભવ અને તત્સમ શબ્દો જે સૈકાઓથી આપણી માતૃભાષામાં ચાલે છે તેની જગ્યાએ અરબી–ફારસી શબ્દ ઠોકી બેસાડવામાં તે આનંદ લે છે! આમ કેમ? માત્ર એટલા માટે જ કે મુસ્લિમ લીગના કેટલાક બેરખાંઓ ઇચ્છે છે કે નાસિખની બનાવેલી ચાર ભીંતોની બહાર કદાચ રાષ્ટ્રભાષા નીકળી જાય તો તે ફિરકાવાળાઓના દીલમાં ભયંકર આઘાત થાય!

કરવાવાળા કે હિંદુસ્તાનીના પક્ષપાતી સજ્જનો નથી પણ તેને પરદેશી બનાવવાની ધુનનું ગાંડપણ વહોરી ફરનારા જ છે. ઉર્દુ ભાષાને નષ્ટપ્રાય બનાવનારા, તેનું ગળું દબાવનારાઓ વલીથી માંડીને નાસિખ સુધીના ઉર્દુ કવિઓએ નિષેધવાદના કઠોર દોરડામાં ઉર્દુ ભાષાને બાંધી રાખી તેની કુદરતી વૃદ્ધિ ને શક્ય વિકાસ રોક્યો છે. એમણે પોતાનો જ દ્રોહ કર્યો છે. આત્મદ્રોહ ને આત્મહત્યા કરવાનો તેમને સંપૂર્ણ અધિકાર છે. પોતાની પ્રતિભા સાથે વિશ્વાસઘાત કરવો કે ન કરવો તે તેમની મુનસફીની વાત છે. આપણને તેમાં નાવાનીચોવવાનું કંઈ નથી પણ એક પ્રાંતિક ભાષાના નૈસર્ગિક વિકાસને આમ સંપૂર્ણ રૂંધી નાખ્યો તે જોઈ–જાણી કયા સહૃદયી સાહિત્ય–સેવકનું હૃદય દુઃખ નહિ અનુભવે?

આજ કમિટિ વધુમાં પ્રતિપાદન કરવા ચાહે છે કે ઉર્દુ પહેલેથી જ હિંદુસ્તાનની રાષ્ટ્રભાષા હતી, પણ વીસમી સદીની શરૂઆતથી જ લોકોએ તેને મુસલમાની ભાષાના નામે ઓળખવા માંડી! પણ સર સૈયદ અહમદખાં જેવા અનેક મૌલવીઓ અને કવિઓએ ઉર્દુને મુસલમાનોની માદરી 'જબાન' તરીકે સ્વીકારી છે એ વસ્તુ તેઓ કેમ ભૂલી જતા હશે? એમનું કહેવું એમ છે કે આ ભાષા ખાસ કરીને બાદશાહી બોલી હતી. બાદશાહ, અમીર અને ઉમરાવો તેને વાપરતા અને આખા હિન્દુસ્તાનના મુસલમાનોની પણ આ જ ભાષા હતી. ઉર્દુનો કવિ લખનાર મુસલમાન બની શકે છે કારણ કે ખાસ દિલ્હીમાં પણ તેને મુસલમાનોની જ ભાષા ગણાવાય છે એવું ફૂંપદવાળું કથન શ્રી. મૌલાના હાલી પણ બોલેલા તે યાદ કરવા જેવું નથી? તેથી શ્રી. ચંદ્રવલી પાંડેએ 'ઉર્દુભાષાને આપણે કેવી રીતે ને શું ન્યાયદંડથી સારા હિંદની રાષ્ટ્રભાષા ગણાવીએ?

(પૃ. ૫૦૪ પર ચાલુ)

નવજીવન મીલની
પોપલીન
ઘેર ઘેર વપરાય છે

અમારા નામની તથા કામની નકલ કરનારાઓથી સાવચેત રહો.

અમારી ઓફીસ રાજકોટ સીવાય બીજે કયાંય નથી.

"જે પુજે વીસા ઉસ્કો કયા કરે જુગદીશા"

"સકલ પદારથ હે જગમાંહીં કર્મહીન નર પાવત નાહીં"

જ્યારે ગ્રહદશા નબળી હોય ત્યારે નિર્માલ્ય મનુષ્ય પણ તમારૂં અપમાન કરી શકશે અને કરેલા પુરૂષાર્થ નિષ્ફળ જશે. ચારે બાજુ અંધકાર દેખાશે, નાણાંની બરબાદી થશે. બહુ વિચારીને કરેલા કાર્યમાં પણ નિષ્ફળતા મળશે. સ્ત્રી અને સંતાન પણ તમારાં વિરોધી બનશે અને કુટુંબ અને સ્નેહી મિત્રો જ તમારી ઘોર ખોદશે. જે કામમાં હાથ નાખશો તેમાં પાછા પડશો. ત્યાં જાવ ત્યાં વિશ્વાસે ઠગાશો અને સમસ્ત દુનિયા તમારી વિરૂદ્ધ દેખાય ત્યારે સમજવું કે તમારૂં દિનમાન નબળું છે, અને એ દિનમાનને અનુકૂળ કરવા દેવીશક્તિ સિવાય બીજી કોઈ તાકાત નથી. પુન્યે પાપ ઠેલાય એ હિસાબે મંત્રશાસ્ત્રની સહાયથી પ્રાર્થનાપૂર્વક જગતના તારણહાર પરમકૃપાળુ પરમાત્માની સહાય અને કૃપા મેળવી દુઃખરૂપી દરીયામાંથી બચવા પ્રયત્ન કરવો એજ એક ઉપાય ડુબતા મનુષ્યને તારનાર છે. કોઇ પણ અદ્રશ્ય શક્તિ તમારી ઉન્નતિના માર્ગમાં અડચણકર્તા છે. અને તે તમારો પુરૂષાર્થ પાછો પાડે છે અને જે કોઇ વસ્તુ ઇચ્છાપૂર્વક કરો તેમાં સહાયને બદલે વિઘ્નો ઉત્પન્ન કરે અને રોગ-નિવારણને માટે દવા લેતાં રોગ વધે અને તમારી દરેક આશા કે અભિલાષા પાર પાડવામાં વિઘ્નો થતાં હોય અને કોઈ ધાર્યું કામ થતું ન હોય ત્યારે તમારે સમજવું જોઇએ કે કુદરત તમારાથી વિરૂદ્ધ છે અને એ પ્રતિકૂળ કુદરતને સાનુકૂળ કરવા માટે અને સંસારનાં દુઃખ-દારીદ્રનો નાશ કરવા માટે અનંત શક્તિ ધરાવનાર અને સુખ અને સમૃદ્ધિની કામધેનુ રૂપ-

નવગ્રહશાંતિ વિસાયંત્રની સહાય લ્યો. તે તમારા નબળા ગ્રહોને શાંત કરી ભાગ્યનો ઉદય કરશે.

સ્ત્રી અને સંતાનના સુખમાં વૃદ્ધિ કરશે, તમારા કટ્ટર શત્રુઓને દૂર કરશે, વેપાર ધંધામાં બરકત આપી, કરજદારીમાંથી મુક્ત કરશે અને જાદુ, ટોણાં, ભૂત, પીશાચ કે મેલી વિદ્યાથી બચાવ કરશે. ઉપરાંત મનપસંદ લગ્ન કરી, સ્ત્રીપુરૂષમાં અજબ પ્રેમ ઉત્પન્ન કરે છે અને ગમે તેવી ભયંકર બીમારીમાંથી બચાવે છે અને કોર્ટના કેસોમાં ફત્તેહ અપાવે છે. ઉપરાંત કોઈપણ વ્યક્તિને તે યંત્રની સહાયથી વશ કરી શકાય છે. આવું અનંત શક્તિ

ધરાવનાર સિદ્ધિયંત્ર હોવા છતાં પણ તેની ફી માત્ર જાહેરાત ખર્ચ પૂરતી સવાસો રૂપિઆ (પરદેશ માટે દસ પાઉંડ) રાખેલ છે અને તાત્કાલીક વીજળી વેગે અસર કરે તેવું સ્પેશ્યલ યંત્ર બસો એકાવન રૂપિઆ (પરદેશ માટે એકવીસ પાઉન્ડ) માં એ બનાવી આપીએ છીએ. વી. પી. થી મોકલવામાં આવશે નહિ. પત્રવ્યવહાર તદ્દન ખાનગી રહે છે. એટલું યાદ રાખો કે પૈસાના જોરે જ જો ભવિષ્ય બદલી શકાતું હોત તો શ્રીમંતો કોઇ દુઃખી ન હોત, પરંતુ તેમ નથી. હુન્નર કરો હજાર પણ ભાગ્ય વિના મળે નહિ કોડી. માટે તમારા ભાગ્યમાં શુભ પરિવર્તન લખેલ હોય ત્યારે જ તમોને ધર્મ અને દેવ પ્રત્યે શ્રદ્ધા બેસે અને તમારા હાથથી કોઇ શુભ કામ થાય, અન્યથા અનેક પ્રકારની શંકાઓ ઉત્પન્ન થાય અને શંકાશીલ મનુષ્ય ક્યારેક હીરાને પત્થર સમજી ગુમાવી બેસે છે. ગંગામાં કેટલુંએ નરક પડે છે તેથી ગંગાનું માહાત્મ્ય ઓછું થતું નથી તેમ હાલમાં જ્યાં ત્યાં ભાજી–મુળાની પેઠે થોકબંધ યંત્રો મામુલી કિંમતે વેચાય છે અને તેની નિષ્ફળ અસરને કારણે લોકોની શ્રદ્ધાનો નાશ થવા માંડયો છે, છતાં પણ સોનું કદી રૂપીએ શેર મળે જ નહિ તેમ સાચી સચોટ અને અસરકારક વસ્તુ કદી ઓછે ખર્ચે થઇ શકે જ નહિ. સસ્તી વસ્તુ સરવાળે મોંઘી જ પડે છે. સૂર્યને હાથમાં દીવો લઈને જોવાની જરૂર પડે તો જ વિસાયંત્રની શક્તિની કસોટી કરવાની જરૂર પડે. આપણી પ્રાચીન વિદ્યાઓનો પુનરૂદ્ધાર કરનાર હીન્દભરમાં આ પહેલી જ સંસ્થા છે. સિદ્ધ પુરૂષોની સિદ્ધિઓના શુભ અનુભવો લેવા હોય તો લખો નવચેતન જ્યોતિષ કાર્યાલયમાં કે જ્યાં જ્યોતિષના દરેક કામ ઉપરાંત મંત્રશક્તિથી ગમે તેવું કઠીન કાર્ય સરળ થઈ શકે છે, તાકીદે લખોઃ—

હિન્દનું એક જ અને અજોડ પુરવાર થઇ ચૂકેલ જ્યોતિષ વિદ્યાનું પાયોનીયર મથક

નવચેતન જ્યોતિષ કાર્યાલય (રજીસ્ટર્ડ)

'જ્યોતિષરત્ન' 'દેવજ્ઞભુષણ' | **રાજજ્યોતિષી શીવલાલ વી. ખીરા**
એસ્ટ્રોલાજર અને પામીસ્ટ,

ઠે. પ્રહલાદ પ્લોટ, શેરી નં. ૩૧, ખીરા નિવાસ : રાજકોટ, (કાઠીયાવાડ).

નોટ : બહારગામના ગ્રાહકોએ પત્ર લખવાના ટાઈમ સાથે ચાલુ ઉમર જણાવી લખવું, સાથે જો બની શકે તો જમણા હાથના પંજાની છાપ પાડીને મોકલવી. જીંદગીનું સંપૂર્ણ ધ્યાન લખી આપવાની ફી રૂ. ૧૧- અગ્યાર. પરદેશ માટે પાઉન્ડ એક. જીંદગીનો ખાસ હેવાલ (Special life reading) લખી આપવાની ફી રૂ. ૨૫ પચીસ, પરદેશ માટે બે પાઉન્ડ. ત્રણ પ્રશ્નોનો ચાર્જ ટપાલ ખર્ચ સાથે રૂ. સાડાપાંચ. પરદેશ માટે શીલીંગ અગ્યાર. ત્રણ સવાલથી ઓછા સવાલ સ્વીકારાશે નહિ. ફી મનીઓર્ડર અથવા પોસ્ટલ ઓર્ડરથી મોકલવી. વી. પી. થી કોઈ કામ મોકલતા નથી પત્રવ્યવહાર તદ્દન ખાનગી રહે છે. વધુ વિગત માટે દોઢ આનાની ટીકીટ બીડી અમારું સૂચિપત્ર મફત મંગાવો.

(પૃ. ૫૦૧ થી ચાલુ)

તે તો મુસલમાનોની પણ નથી પણ તે તો એક જુથ દ્વારા બનાવેલી નકલી–બનાવટી ભાષા છે ને બહુ યત્નોથી જરાક ફાલી–ફુલી છે. એમાં હિન્દુ–મુસ્લિમના ઐક્યનું એકે ચિહ્ન નથી પણ તે તો માત્ર અરબી–ફારસીનું વિચિત્ર સંમિશ્રણ છે, ઉર્દુ ભાષા મુસલમાનોના પતન અને હિંદી ભાષાના બહિષ્કારનો ઇતિહાસ જ છે; કહી એક નગ્ન સત્ય પ્રગટ કર્યું છે.

અહીં એક પ્રશ્ન ઉભો થાય છે કે આ લોકો અરબી અને ફારસી શબ્દોના વપરાશ પર આટલું બધું કેમ જોર દે છે? આ પ્રકારની માનસિક દુર્બળતા અને સાહિત્યિક કમજોરીમાં શું રહસ્ય છુપાયું હશે? શું તેમને બીજાનું એઠું ખાવામાં મહાપ્રસાદનો સ્વાદ મળતો હશે? આ જ વસ્તુ મૌલાના અબ્દુલ હકે સ્વીકાર કરી છેઃ 'તુર્કી અને ઇરાનીઓએ પોતાની માતૃભાષામાંથી પરદેશી શબ્દોને દૂર કરવાના પ્રયત્નો કર્યા છે.' બંને કોમો મુસલમાન છે. આ લોકો પરદેશી શબ્દોના બહિષ્કારમાં પાપ કરતા હોય એમ જો સાચું હોય તો હિન્દુસ્તાનના દરેક મુસ્લિમની દૃષ્ટિમાં તેઓ ઇસ્લામદ્રોહી અને મુસ્લિમ સંસ્કૃતિના સંહારકો ગણાવા જોઇએ. પણ તુર્કી અને ઇરાનીઓ આઝાદ છે ને તેથી જ બંને પોતાની આઝાદ ભાષામાંથી પરદેશી શબ્દોને કાઢી નાખવા ઇચ્છે છે પરંતુ 'ગુલામ' હિંદના મુસલમાનો સ્વતંત્રતાનો તાજ શિર પરથી ઉતારી નાખી ગુલામીની મેલી ટોપી પહેરવી પસંદ કરે છે! એટલે જ તેમને સ્વતંત્ર અને પોતાની વસ્તુઓ નકામી લાગે છે! એટલે જ તેમની દૃષ્ટિમાં પરદેશી શબ્દસમૂહ સંપૂર્ણ તથા શાનદાર અને મનોરમ છે અને પોતાની માતૃભાષાના શબ્દો નકામા અને બેડોળ લાગે છે.

તેથી આશ્ચર્ય સાથે એ પ્રશ્ન કરવો પડે છે કે શું ઉર્દુ ભાષા અવનત કોમનું ચિહ્ન છે કે અવનતિ અને નિરાશાનો પોકાર છે? તે હિંદની રાષ્ટ્રભાષા કોઇ દિવસ ન હતી. એ અમીર બાદશાહોની માનીતી હશે પણ જનતાને અને એને કંઈ સંબંધ હતો નહિ. મુસલમાની દરબારોની આ કૃત્રિમ ભાષાને રાષ્ટ્રભાષાના પદે સ્થાપી દેવી એ સાંપ્રદાયિક સંકીર્ણતાને ભવ્ય રાષ્ટ્રીયતા કહેવી બરાબર છે. જેની શબ્દપરંપરા અને અર્થ-સાતત્ય શુદ્ધ હિંદી–ભારતીય હોય, જેની પ્રેરણા-શક્તિનો સ્રોત ભારતીય આત્મામાંથી જ જન્મ પામ્યો હોય, અને જે પોતાના ઉત્થાન, વિકાસ અને વૃદ્ધિ માટે પરદેશી ભાષા અને સાહિત્ય સામે ભીખ ન માગે તેજ આઝાદ હિંદની રાષ્ટ્રભાષા બનવાને લાયક છે. એનો બોલ પ્રજાનો બોલ હોવો જોઇએ. એનું તેજ, એનું બળ તે ઐશ્વરી ભેટ શું હોવું ઘટે. એનો ચમત્કાર નૈસર્ગિક હોવો જોઇએ. પોતાની પ્રતિભાના પ્રતાપે અને જાદુથી એના વાપરનારાઓમાં સક્રિયતા અને સજીવતા લાવવાનું સામર્થ્ય તેનામાં હોવું જોઇએ જ. શાહશાહ ઉલ્લાહના ઇશારાથી વલીએ અરબી–ફારસી શબ્દોને અપનાવ્યા તે જ દિવસથી ઉર્દુનું તેજ લુપ્ત થયું છે, તેજ દિવસથી તેનું બળ નષ્ટપ્રાય બન્યું છે, ઉત્કર્ષ શૂન્યવત્ બની ગયો છે, તે જ દિવસથી તે હિંદની રાષ્ટ્રભાષા થવાની લાયકાત ગુમાવી બેઠી છે.*

*પંડિત વેંકટેશ નારાયણ તિવારીના એક લેખના આધારે.

કોમી વિષચક્રમાં સપડાયેલાં હિંદુસ્તાન-પાકિસ્તાન

"મારે બે પત્નીઓ છે. એક માનીતી ને બીજી અણમાનીતી. માનીતી તે મુસ્લિમો ને અણમાનીતી તે હિન્દુઓ."

—હિંદના એક વાઈસરોય.

•

મદુરામાં પંદરમી ઓગસ્ટે એક ચમત્કાર થયો. પંદર વર્ષની ઉમરનો એક મૂગો કિશોર એકાએક તે જ દિવસે બોલતો થઈ ગયો. એ કિશોર કહે છે: "મહાત્મા ગાંધીજીએ મને વાચા આપી છે. મારું નામ ભારત-પુત્ર છે."

•

સીમા-કમિશનનો ચુકાદો પંજાબ માટે ખતરનાક નીવડયો. કોઈએ નહોતું કલ્પ્યું એવા જંગી પ્રમાણમાં કોમી દાવાનળ ભભૂકી ઊઠયો. ગામોનાં ગામો તારાજ થયાં. આગ, ખૂન, લૂંટફાટ, અત્યાચારો હજારો ને લાખોની સંખ્યામાં બની ગયાં. પશ્ચિમ ને પૂર્વ પંજાબમાં એકબીજી કોમે એ પરસ્પરની કતલ ચલાવી. મોટા પાયા પર હજારો ને લાખોની સામુદાયિક હિજરતો થઈ. હજારો ને લાખો નિરાશ્રિતો પોતાનાં સ્વજન ને મિલ્કત ગુમાવીને એકબીજાના બહુમતિના પ્રદેશમાં ચાલ્યાં-ગયાં. અત્યાચારોની આ કલંકિત કથા એટલી બધી ઉશ્કેરાટ ફેલાવનારી છે કે સરકારે એનાં વર્ણનો આપવા પર પણ અંકુશ મૂક્યો છે. છતાં યે પંજાબના પડઘા કુદરતી રીતે બીજે પડયા વિના રહ્યા નથી. કલકત્તામાં તો ગાંધીજીને પણ ઉપવાસ કરવા પડયા ત્યારે શાંતિ થઈ. એક બીજી કોમો પર વેર લેવાનું ને એનું પ્રતિવેર લેવાનું આ વિષચક્ર હજી પણ ચાલ્યા જ કરે છે.

એક વાત તો સ્પષ્ટ છે કે હિંદીઓને હવે પાકિસ્તાનની સરકારમાં વિશ્વાસ રહ્યો નથી. જનતા હવે સ્પષ્ટપણે એમ માને છે કે પાકિસ્તાનનું રાજ્ય કોમી દ્વેષથી ભરેલું હોઈ ત્યાં હિંદીઓથી રહી શકાશે નહીં. પાકિસ્તાન સરકારે હજી સુધી પોતાના પ્રદેશમાં રમખાણોને દબાવી દેવા માટે અસરકારક પગલાં લીધાં નથી, ઉલટું ચોર કોટવાળને દંડે તેમ હિંદી સરકાર પર આક્ષેપો કર્યા છે. મુસ્લિમોએ કરેલી કતલને આકરા શબ્દોમાં એમણે વખોડી નથી. એક પણ પાકિસ્તાની નેતાએ પંડિત જવાહરલાલની જેમ રમખાણો વચ્ચે ઘૂમીને પોતાના જાનના જોખમે કતલ અટકાવી નથી. જે પાકિસ્તાન હુલ્લડો ને અત્યાચારોમાંથી સર્જાયું છે તે જ પાકિસ્તાની નેતાઓ પાસેથી આપણે આથી સારાં વર્તનની આશા રાખીએ તે જ માનવસ્વભાવને ન પિછાણનારી બેવકૂફીનું અને મૂર્ખાઈનું સૂચક છે.

હિંદી સરકારમાં રહેલા કોંગ્રેસી નેતાઓએ આ પ્રથમ પ્રસંગમાં જ એમની રાજકીય દુરદેશીનો અભાવ દર્શાવી દીધો છે. લઘુમતિઓને જ. ઝીણાએ આપેલી ખાત્રી સાચી માનવાનું શું કારણ હતું ભલા? એક નિરાશ્રિત ભાઈએ પંડિત જવાહરને પૂછ્યું હતું: "આવું બધું થનાર હતું તો અમને પહેલેથી કહેવું હતું ને?" આનો જવાબ પંડિત જવાહર પાસે કે સરકાર પાસે કશો નથી. ગાંધીજીએ અને કોંગ્રેસ નેતાઓએ શું જોઈને પાકિસ્તાનમાંની હિંદુ-શીખ લઘુમતિઓને પાકિસ્તાનમાં રહેવાની શિખામણ આપી હશે તે સમજાતું નથી. પાકિસ્તાન એની લઘુમતિઓ સાથે કેવું વર્તન રાખે તે એની મુનસફીની વાત છે, એવા પરરાજ્યની બાબતમાં હિંદી નેતાઓએ કઈ રીતે છાતી ઠોકીને લઘુમતિઓને ત્યાં રહેવાની સલાહ આપી હશે?

નવજીવન મીલ

આશરે દશ લાખ માણસની કાપડની જરૂરિયાત પુરી પાડે છે.

અફસોસ તો એ છે કે ગાંધીજી જેવા સંત છેતરાઈ જાય, પંડિત જવાહર જેવા ઉદાર રાજનીતિજ્ઞ છેતરાય, પણ સરદાર જેવા માનવપારખુ વ્યવહારદક્ષ પણ છેતરાઈ ગયા. એક વધુ વાર જ. ઝીણાની છેતરપીંડી સફળ થઈ. એમણે લઘુમતિઓને રહેવાની સલાહ આપી. પણ એની કિંમત શી? શા માટે એમણે વસ્તીની ફેરબદલીની વાત નથી ઉખેળી? કારણકે નવી યોજના મુજબ મળેલા પાકિસ્તાનમાં હિંદભરના મુસ્લિમોનો સમાવેશ થઈ શકે તેમ નથી. એટલા માટે હિન્દુઓને પાકિસ્તાનમાંથી કાઢવાની નીતિ જાહેર રીતે પાકિસ્તાની સરકાર અપનાવી શકે તેમ નથી. જો એમ થાય તો હિંદભરમાંથી મુસ્લિમોને પાકિસ્તાનમાં આવી વસવું પડે. જ. ઝીણા આ વસ્તુ સમજે છે. એટલા માટે એમણે જાહેર રીતે કંઈક કહ્યું છે ને જનતાને કંઈક બીજું જ કરવા દીધું છે. આમ કરવાથી એમને ફાયદો એ છે કે પાકિસ્તાનમાંથી હિંદુઓ જાય છે, માલ-મિલ્કત મૂકતા જાય છે અને મુસ્લિમો તો હિન્દમાં ગાંધીજીને પ્રતાપે સલામત જ છે! જ. ઝીણા હવે શાંતિ સર્જાવશે. કારણ કે હજી યુદ્ધ કરવાનો વખત આવ્યો નથી, હજી હિંદમાં મુસ્લિમોને પાંચમી કતાર તરીકે રાખવા છે અને હિંદીઓ તો હવે પાકિસ્તાનમાં ફરકવાના નથી!

એટલું સારું છે કે હવે સરદાર બધી રમત પારખી ગયા દેખાય છે. એમણે હિંદમાં રહેલા મુસ્લિમો પ્રત્યે પોતાનો વહેમ દર્શાવી દીધો છે. હિંદમાં રહેનારા મુસ્લિમો હિંદને વફાદાર ન હોય તે ન જ ચલાવી લેવાય. પાકિસ્તાન સામે જ્યારે યુદ્ધ કરવાનો પ્રસંગ આવે ત્યારે હિંદની સાથે રહી યુદ્ધ કરવાની તૈયારી હિંદના મુસ્લિમોની છે? એમનાં આજસુધીનાં વાત ને વર્તન પરથી તેમ નથી દેખાતું. જો એટલી તૈયારી હોય તો જ હિંદના નાગરિક તરીકે તેમને સ્વીકારી શકાય. બાકી જુઠાં વચનોથી કોઈ છેતરાશે નહિ.

આ રમખાણો એક મહાન સવાલ ઊભો કરે છે. માત્ર પંજાબમાં જ નહિ, પરંતુ દેશભરમાં હિન્દુ-મુસ્લિમોની વસ્તીની ફેરબદલી કરવી પડે તેવો સંભવ આકરો, બેવકૂફીભર્યો હોવા છતાં વિસરી શકાય તેવો નથી. પાકિસ્તાન જો એની નીતિ ચાલુ રાખે તો બીજું શું પરિણામ આવે તેમ છે? એક જ કે હિન્દમાં મુસ્લિમો ન રહી શકે, પાકિસ્તાનમાં હિંદુઓ ન રહી શકે. કોંગ્રેસ કે હિંદી સરકાર રાષ્ટ્રીય સ્વરૂપની હોઈ મુસ્લિમોને જાકારો દેવા તૈયાર નથી. હિંદનાં ગામડાંઓમાં મુસ્લિમો હિંદુઓ સાથે એટલા ઓતપ્રોત થઈ ગયા છે કે તેઓ બધા હિંદ છોડી જાય એમ ગામડાંમાં જે રહ્યાં છે તેનાં હૃદય કબૂલતાં નથી. પણ કોમી વિદ્વેષથી ભરેલાં શહેરોનું શું? વળી થોડા સારા મુસ્લિમોને ખાતર અનેક ગુંડાઓ ને પાંચમી કતારિયાઓનાં નિત્યદર્શનને જનતા સહન કરી લેશે?

ફક્ત નવલિકાઓનું મરાઠી માસિક
"વિસાવા"

શ્રી મહારાષ્ટ્ર ગ્રંથ ભંડાર લિ. તરફથી શ્રી. બા. દ. સાતોસકર બી. એ. ના સંપાદન નીચે પ્રકટ થતા મરાઠી માસિક "**विसावा**"નો પ્રથમ અંક બહાર પડ્યો છે. સંપાદક કહે છે તેમ 'વિસાવા'ને કોઈ પણ કથા પ્રકાર વર્જ્ય નથી. પછી તે સત્યકથા, ભૂતકથા, પૂનકથા કે ભાવકથા હોય, બીજી વિશિષ્ટતા એ છે કે પરદેશી તેમજ પરપ્રાંતીય ભાષાઓના કથા વાઙ્મયના ઉત્તમ નમૂના "વિસાવા"માં આપવામાં આવનાર છે. પ્રથમ અંકમાં જ સૌ. લીલાવતી મુનશીની એક કૃતિને સ્થાન મળ્યું છે તે આપણે ગૌરવ લેવા જેવું છે.

શ્રી. સાતોસકર "સાગર સાહિત્ય પ્રકાશન"ના સંચાલક છે અને પોતે એક ઉચ્ચ કોટિના લેખક, વિચારક અને સમાજસેવક છે. તેમના સંપાદન નીચે પ્રકટ થતા 'વિસાવા'ને અમે સંપૂર્ણ સફળતા ઇચ્છીએ છીએ.

કે. શા.

નવજીવન મીલની
સાડીઓ સુંદર અને ટકાઉ હોવાથી
ખૂબ વપરાય છે

રાષ્ટ્રીયતા ને એકતાનાં ગાણાં ગાવાથી આ સવાલનો ઉકેલ આવવાનો નથી હિંદી સરકારે આ પ્રશ્નનો ઉકેલ વ્યવહારુ ને વાસ્તવિક પદ્ધતિએ લાવવાની જરૂર છે. એમાં ભાવના ને આદર્શનાં શીંગાં ખાંડવાથી કાંઇ વળવાનું નથી. ગાંધીજી જેવા સંત હિંદ અને પાકિસ્તાનની ભાવિ એકતા વિશે ભલે ઉપદેશ આપ્યા કરે; પણ રાજકારણમાં પડેલા કોંગ્રેસીઓએ એટલું યાદ રાખવાની જરૂર છે કે પાકિસ્તાનનો સ્વીકાર કર્યા પછી વ્યવહારમાં એકતાના ધોરણે નીતિ ઘડવાનું મૂર્ખાઇભર્યું છે. હવે એકતા રહી ક્યાં? એકતા માટે લડવાના દિવસો ચાલ્યા ગયા. હવે જે પ્રશ્ન રહે છે તે તો જેટલું છે તેટલાની સાચવણ ને આબાદીનો—યોગક્ષેમનો છે. હિંદની જનતાને આ બાબતમાં ગાંધીજી કે જવાહર પર જેટલી શ્રદ્ધા નથી તેટલી સરદાર પર છે. આપણે ઇચ્છીએ કે એ શ્રદ્ધા ચરિતાર્થ થાય!

સ્વતંત્રતા—ભૂખે મરવાની?

"જ્યારે આપણું કાર્ય પૂરું થશે ત્યારે પ્રજા જોઈ શકશે કે કાળાં બજારો નાબૂદ થયાં જ હશે." —શ્રી. મોરારજી દેસાઈ.—પ્રજાને પણ એ જ કહેવાનું છે ને? આપનું કાર્ય ચાલુ રહેશે ત્યાંસુધી કાળાંબજાર ચાલુ રહેશે એ જ તો બધાને ચિંતાનો વિષય છે ને!

*

તે જ દિવસના છાપામાં પડખે જ છપાયેલા સમાચાર: "પૂના મ્યુનિસિપાલિટીના પ્રમુખ ને તેમના ભાઇનો આજે મુંબઇ સરકારના હુકમનો ભંગ કરીને ૨૪થી વધુ માણસો જમાડવાના આરોપમાંથી છુટકારો થયો હતો."

પંદરમી ઓગસ્ટે સ્વતંત્રતાનો ઉત્સવ સૌએ ઉજવ્યો: કાળાબજારિયાઓએ પ્રધાનો સાથે હાથ મિલાવીને અને કાળાબજારિયાઓના શિકારોએ રાષ્ટ્રધ્વજને વંદીને. પરંતુ જે આવી છે તે સ્વતંત્રતા ભૂખે મરવાની સ્વતંત્રતા તો નહીં રહે ને? અનાજ, કાપડ, અને ઘર જેવી મહત્ત્વની બાબતો પરત્વે સરકાર પ્રજાને ક્યારે નચિંત બનાવશે? આ બાબતોમાં સરકાર નિષ્ફળ જશે તો પ્રજાનો વિશ્વાસ એનામાંથી ઊઠી જશે. કાળાબજારિયાઓની મોટી મોટી ફાંદોમાં પૂરવા અનાજ ગમે ત્યાંથી આવે છે, પણ ગરીબ પ્રજાજનને હાડચામ ભેગાં રાખવા પૂરતાયે અન્નના સાંસા છે. પ્રજાની વહુ-દીકરીઓ ચાર-પાંચ વર્ષની છોકરીઓ નથી રહી કે વસ્ત્ર વિના હરીફરી શકે. સરકાર માબાપની દૃષ્ટિએ કદાચ એમની ઉમર ન દેખાય, પણ ખરેખર એ નિર્વસ્ત્ર ફરી શકે તેમ નથી, એમને આબરૂ ઢાંકે એટલું ઓઢણું જોઇએ છે. સરકાર પોતે સમાજવાદીઓની હિંસક ક્રાન્તિને એની પોતાની અનાવડત ને ઉપેક્ષાથી ઉત્તેજવા તો માગતી નથી ને?

કાળાબજારની 'સંભવિતતાવાળા ઉદ્યોગોને (દા.ત. કાપડ ઉદ્યોગને) સરકારે જેટલું રક્ષણ આપ્યું છે તેટલું અનાજને આપ્યું નથી. કાપડ ઉદ્યોગને આટલું રક્ષણ અપાયા છતાં પ્રજાજનોની સ્થિતિમાં તો કશો ફરક પડ્યો નથી ખેડૂત વધું અનાજ ઉત્પન્ન કરવા પ્રેરાય, એને પરવડે તેટલા ભાવ અનાજના મળે, એટલું સરકારના ધ્યાનમાં રહ્યું નહીં ને અનાજ બધું કાળાબજારમાં ચાલ્યું ગયું કે નષ્ટ થયું. વારંવાર તાજમાં ખાણાં લેનારાઓ, પોતાનાં સગાંસંબંધીને ઠેકાણે પાડનારાઓ, નવી નવી મોટરોમાં ફરનારાઓ એવા આપણા બહાદુર કોંગ્રેસીઓને એટલું ધ્યાન ન રહ્યું કે ખેડૂતને પરવડે તેથી ઓછા ભાવે અનાજ આપવું પાલવે કઇ રીતે? એટલી પ્રભુની કૃપા છે કે આ વર્ષે દુષ્કાળના સંભવ બાદ માગ્યો મેહ વરસ્યો છે. નહીં તો કોણ જાણે આવતે વર્ષે કેટલી ભયંકર સ્થિતિ આવીને ઊભી રહેત?

મુંબઇ સરકારે કાળાબજારની સામે કડક પગલાં લેવાની છૂટ આપનો એક વટહુકમ સૌથી પહેલાં બહાર પાડી દીધો છે. આ વટહુકમથી કાળાબજારિયાને દંડ અને કેદની સખ્ત સજાઓ થઇ શકશે. પરંતુ માત્ર વટહુકમથી શું વળ્યું? એ પ્રમાણે એક ઝપાટે બધા યે કાળાબજારિયાઓને ઝડપી લેવામાં આવે તો રંગ રાખ્યો કહેવાય. પણ એવું કોઇને

નવજીવન મીલ

પોપલીન અને સાડીઓ ઉપરાંત મલમલ, વૉયલ, ધોતિયાં વગેરે બનાવે છે

• કમલ આઇડ્રૉપ્સ •

આ દવા ચોંટી ગયેલી આંખ, શ્રમિત આંખ, લાલ, પાણી દદડતી આંખને સારી કરે છે. આંખને ઠંડક આપી તેજ વધારે છે.

કરતું નથી. આઠ આનાની વસ્તુનો રૂપિયો ઉપજાવતા શેરીમાં રખડતા ફેરિયાને પકડવામાં શી ધાડ મારી? લાખો-કરોડોના ગેરકાનૂની નફો કરનારનો કોઈ કાન ઝાલતું નથી, અરે, ઉલટું એમને તો કોંગ્રેસમાં ખુરસીઓ મળે છે. પછી આવા હુકમની સાર્થકતા ક્યાં રહી?

★

જુનાગઢ જોડાઇ ગયું

'જુનાગઢના નવાબને પાકિસ્તાન સરકારના અધિકારીઓએ ચાર કુતરા ભેટ આપ્યા છે.' —એક સમાચાર. 'વિશેષ તપાસ કરતાં જાણવા મળે છે કે એ કુતરાઓ કુંવારા છે, એટલે સારી કુતરીઓ શોધીને એને પરણાવવાનો લ્હાવો લેવાની હજી નવાબ સાહેબને તક છે.'

નવાબને કેદી જેવી હાલતમાં રાખીને સિંધી મુસ્લિમ અધિકારીઓએ જૂનાગઢને પાકિસ્તાન સાથે જોડી દીધું છે. અત્યાર સુધી જૂનાગઢ નીચે હતાં તે બાબરિયાવાડ અને માંગરોળ હિંદી યુનિયન સાથે જોડાતાં એક રાજદ્વારી સમસ્યા ઊભી થઈ છે. હિંદ સરકારે બાબરિયાવાડ ને માંગરોળનું જોડાણ સ્વીકારી તેમને લશ્કરી મદદ આપી છે. આમ બંનેનાં લશ્કરો વચ્ચે અથડામણ થવાનો સંભવ ઉપસ્થિત થયો છે. પાકિસ્તાન કે હિંદ જૂનાગઢના આ પ્રશ્ન પરત્વે લડી લે તેવો સંભવ નથી. કોઈ પણ રાજ્ય હિંદ કે પાકિસ્તાનમાં જોડાઈ શકે તેવો સિદ્ધાંત સ્વીકાર્યા પછી જૂનાગઢ પાકિસ્તાનમાં જોડાય તેને કારણે હિંદી સરકાર બંધારણીય દૃષ્ટિએ કશું કરી શકે તેમ નથી. બાબરિયાવાડ ને માંગરોળ માટે જૂનાગઢ-પાકિસ્તાન સાથે હિંદી સરકારના લશ્કરે અથડામણમાં આવવું પડે તેમ લાગે છે, પણ એને માટે હાલ તુરત લડાઈ જાહેર કરવાની બેમાંથી એકેયની સ્થિતિ નથી.

જૂનાગઢને પાકિસ્તાનમાંથી પાછું લઈ શકાય એવો કોઈ સરળ માર્ગ હવે રહ્યો નથી. હિંદી સરકાર એને માટે અત્યારે શું કરી શકે તેમ છે? પંદરમી ઓગસ્ટ પહેલાં જૂનાગઢ અને કાઠિયાવાડની પ્રજાએ બળવો જગાડીને પાકિસ્તાન સાથેનું જોડાણ અટકયું હોત. હજી પણ બળવો કરવામાં આવે તો જૂનાગઢની સાન ઠેકાણે આવે. પણ એને માટે પ્રજાની ગુંજાશ કેટલી છે તે વિચારવું રહ્યું. આર્થિક બહિષ્કાર જેવાં પગલાં ઠીક છે, પણ એથી જૂનાગઢ રાજ્ય કરતાં પ્રજાને વધારે ગેરલાભ થાય તેમ છે. જે વસ્તી અત્યારે હિજરત કરવા મંડી છે તે બળવો કરવા શી રીતે સમર્થ હોય? હિંદુ વસ્તી હિજરત કરશે અને મુસ્લિમોનો પ્રવાહ જૂનાગઢ તરફ વળશે, એટલે થોડા સમયમાં જૂનાગઢમાં વસ્તી પણ મુસ્લિમ બની જશે. એટલે કે જૂનાગઢ કાયમ ખાતે પાકિસ્તાનમાં જોડાયેલું રહેશે, અને હિંદ સામે પાકિસ્તાન યુદ્ધ જાહેર કરે ત્યારે કાઠિયાવાડને કબજે કરવા જૂનાગઢ ખપ લાગશે. હજી પણ નિર્બળતા ખંખેરીને જૂનાગઢ અને કાઠિયાવાડની પ્રજાએ જૂનાગઢ સામે બળવો પોકારવો રહે છે.

★

આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ

જગતમાં ઓછામાં ઓછી જાણીતી કોઈ મહાપુરુષની પત્ની હોય તો તે શ્રીમતી સ્ટેલિન. એમનો એક પણ ફોટોગ્રાફ મળતો નથી.

•

હિંદની સાડી વિલાયતની ફેશનપ્રિય સ્ત્રીઓના આકર્ષણનો વિષય થઇ પડી છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘ-'યુનો'ની બીજી બેઠક અમેરિકામાં અત્યારે ચાલુ છે. પરંતુ અમેરિકા અને રશિયા વચ્ચેના સંબંધો વધારે તંગ થતા જાય છે. 'યુનો'માંથી રશિયા છૂટું થશે એવી દહેશત પણ સેવાઇ રહી છે. લગભગ દરેક વિષય પર એ બંનેનું દૃષ્ટિબિંદુ સામસામા છેડા પર હોય છે. પછી અણુબોમ્બનો પ્રશ્ન હોય કે ગ્રીસ સત્તાનો સવાલ હોય, પણ બંનેની વિચારણા વચ્ચે મેળ ખાતો નથી.

(અનુસંધાન પૃષ્ઠ ૫૧૧ પર)

તાવ, ખરોળ તેમજ પેટનાં દર્દો માટે
એસ્પેટિહાલ
• વાપરો •

નવજીવન મીલ
દર વર્ષે આશરે એક કરોડ અને
છત્રીશ લાખ વાર કાપડ બનાવે છે.

આપણાં મંડળના સમાચાર

ભૂખ્યાંને ન ભૂલશો

આજની અસહ્ય મોંઘવારીમાં અમારા ગામ સુદામડામાં ગરીબોને પૂરું ખાવા અન્ન તથા પહેરવા વસ્ત્ર મળતાં નથી. લોકો એક ટંક ખાઈ પીવાનો ગુજારો કરે છે જ્યારે કેટલાક ખોળ કે શીંગ ખાઈ દિવસો વિતાવે છે. આ સ્થિતિમાં સૌ ભાઈઓને વિનંતિ છે કે પોતાથી બનતી યોગ્ય સહાય નીચેના સરનામે મોકલશો તો ગરીબોને ઘટતી રાહત આપી શકાશે. સહાય મોકલનાર ભાઈઓને પહોંચ તથા હિસાબ મોકલવામાં આવશે. આશા છે કે આ નમ્ર વિનતિના જવાબમાં સુંદર સહકાર અને મદદ મળશે. રકમ મોકલવાનું ઠેકાણું– શ્રી. રસિકલાલ રૂખલાલ ગુરખીયા, મોતીશા જૈન પાર્ક, રૂમ નં ૫૦, બીજે માળે, લવલેન, ભાયખલા, મુંબઈ ૨૭.

બને તો આપજો

પૂ. દરબાર સાહેબના ઢસા ગામમાં એક આદર્શ વાંચનાલય ચાલુ કરવામાં આવેલ છે. આ વાંચનાલયને દૈનિક, અઠવાડિક, માસિકો વિ. ની જરૂર છે, માટે કોઇ સાહિત્યપ્રેમી ગૃહસ્થ આ ગ્રામ-સંસ્થાને વિકસાવવા પોતાનો હસ્ત લંબાવી સામયિકો પુરાં પાડશે તો સત્કાર્ય થશે. લખો: **હિંમતલાલ ત્રિવેદી** મંત્રી, શ્રી. ભક્તિબા વાચનાલય, ઢસા (દરબાર સાહેબના) વાયા ચલાલા, કાઠિયાવાડ.

—આપના દાનની રાહ જુએ છે—

મહિલા પુસ્તકાલય—સાવલી

સાવલી કસ્બા અને તાલુકાના સજ્જનો આ પુસ્તકાલયને ટકાવી રાખવા માં બનતી સહાય જરૂર આપે—

ઠાકોરલાલ વકીલ, માનદ મંત્રી

—લેખકો અને ઊગતા કલાકારોને—

• આમંત્રણ •

"બિન્દુ" હસ્તલિખિત માસિકના દીપોત્સવી અંક માટે લેખકોને વાર્તા, કાવ્યો, લેખો વગેરે મોકલવા અમારું ભાવભર્યું આમંત્રણ છે ઊગતા કલાકારોને પોતાની પીંછીથી દોરાયેલાં ચિત્રો નીચેના સરનામે મોકલવા હાર્દિક આમંત્રણ છે:

સુરેન્દ્ર આર. પરીખ, લક્ષ્મીનિવાસ, પ્લોટ

—ધોરાજી [કાઠિ.]—

લીલાપોરમાં હરિજનોનો મંદિર-પ્રવેશ

વલસાડ તાલુકાના લીલાપોર ગામે કોંગ્રેસ સેવા-દળની સ્થાપના થઇ છે, તેના આશ્રય હેઠળ 'સ્વાતંત્ર્યદિન'ની ઉજવણી ભવ્ય રીતે થઇ હતી. હરિજનોને મંદિર પ્રવેશ કરાવ્યો હતો. ગુજરાત હરિજન સેવક સંઘના મંત્રી શ્રી. પરીક્ષિતલાલ મજમુદાર આ ગામે પધાર્યા હતા. તેમણે ગ્રામજનોને અભિનંદન આપ્યાં હતાં.

અભિનંદન

શ્રી. અમૃતલાલ ઇશ્વરલાલ મહેતા (લલ્લુભાઇની પોળ, શાહપુર, અમદાવાદ) છેલ્લાં ઘણાં વર્ષથી અમદાવાદમાં ઇન્કમટેક્ષ એક્સપર્ટ તરીકે કામ કરી રહ્યા છે. તેઓ ૧૯૩૮ પહેલાંના પ્રેક્ટીશનર હોઇ ઇન્કમટેક્ષ ખાતાએ તેમનો ઇન્કમટેક્ષ પ્રેક્ટીશનર તરીકે કાયદેસરનો સ્વીકાર કર્યો છે.

જોઇએ છે—ચપળ, બુદ્ધિમાન, સમાજ-સેવાભાવી, સુંદર, ખાનદાન, તંદુરસ્ત, શાકાહારી **ગુજરાતી નવજવાન**, એક એકાકી સમાજ સેવિકાને, જીવનભરના સંગાથી તરીકે (વારસા હક મળશે). ન્યાતજાત, ઉંમર, ભ.ગ., આવડત, લાયકાત, ધંધો, કળા, વગેરે સંપૂર્ણ વિગત સહિત અત્યાર સુધીનો જીવન પરિચય તથા **છેલ્લા ફોટાની નકલ** સાથે તરત લખો : "સેવક" બોક્સ નં. ૬૪૮ C/o 'જીવન-પ્રકાશ' રાણપુર (કાઠિ.)

—જોઇએ છે જીવનસાથી—

રજપુત જ્ઞાતિની ભણેલ, સંસ્કારી અને રાષ્ટ્રીય વિચારવાળી યુવાન કન્યા તે જ જ્ઞાતિના ૨૦ થી ૨૫ વર્ષની ઉંમરના સંસ્કારી અને કમાતા યુવાન સાથે લગ્નથી જોડાવા ઇચ્છે છે. રાષ્ટ્રીય ભાવનાવાળા, રાષ્ટ્રીય કાર્યમાં પડેલા કે ઉચ્ચ અભ્યાસ કરતા યુવાનને વધુ પસંદગી મળશે. તરત જ લખો : બોક્સ નં. ૫૮૬/B C/o 'જીવન-પ્રકાશ' રાણપુર

મુંબઇમાં ખેતવાડી પર આવતાં જ પેલો પ્રખ્યાત ૧૪૬ નંબરનો સફેદો યાદ આવે છે. પેઇન્ટ–વારનીશના વેપારીઓનો અનુભવ છે કે ગ્રાહકો હમેશા ૧૪૬ નંબરના સફેદાની પહેલી માગણી કરે છે અને તેને જ પ્રથમ પસંદગી આપે છે. આ વિખ્યાત સફેદા માટે તમારા શહેરના કોઇ પણ પેઇન્ટ વારનીશના વેપારીને પૂછી શકો. ન મળે તો આ સરનામું નોંધબૂકમાં ટપકાવી લો: **સિરપેકર્સ ઓઇલ એન્ડ પેઇન્ટ કાં. ૧૦મી ખેતવાડી**, મુંબઇ–૪. તમને એ સમય પર ઘણું ઉપયોગી થશે.

—ખુશ ખબર—

દરેક જાતનું વ્યાપરી કામકાજ કમિશનથી ઉત્તમ રીતે કરવામાં આવે છે. આપણા મંડળના કોઈ સભ્યને સહકારી બાબતમાં કાંઈ ખુલાસો જોઇતો હશે તો મળશે.

હરસુખરાય ચુનીલાલ દોશી,
લક્ષ્મીભુવન, ૪૧/૧ કોચરબ, એલિસબ્રીજ, અમદાવાદ

—ટિકીટ-સંગ્રહના શોખીનોને—

વપરાયેલી અને નહિ વપરાયેલી પરદેશી ટિકીટોનો સુંદર સંગ્રહ છે. વિનિમય માટે લખો: શ્રી. એલ. એમ. જોશી, મધુસૂદન એન્ડ બ્રધર્સ, ઉપલેટા (કાઠિ.)

રસદાર પાન ખાવા માટે

● કૃષ્ણછાપ કાથો ●

માથાના દુઃખાવા માટે અકસીર

બજરંગ બામ

—પાનની ઘરાકી વધારવા—

દીલખુશ મસાલો ● કૃષ્ણવિલાસ મસાલો
પાનની ખરી મઝા ● ટીપટોપ સોપારી

—શંકરછાપ કાથો—

: બનાવનાર :

એચ. વી. જોશી

કૃષ્ણછાપ કાથાવાળા
રીચી રોડ,
અ મ દા વા દ.

(પૃ. ૫૦૮ થી ચાલુ)

બાલ્કન દેશોની પરિસ્થિતિ અશાંત છે ગ્રીસની સરહદ પરની અશાંતિ ચાલુ છે. યુરોપનાં રાજ્યો રશિયા અને અમેરિકાની લાગવગ વચ્ચે વહેંચાઈ ગયાં છે. અમેરિકાનો માર્શલ પ્લાન યુરોપને મદદ કરવાને બહાને કબજે કરવાની એક બાજી જ છે.

ઈરાનને સહાય આપવા અમેરિકા તૈયાર થયું હોવાથી ઈરાનની સરહદો પર રશિયા ને ઈરાનનાં લશ્કરો સુસજ્જ થયાં છે. પેલેસ્ટાઈનના ભાગલા પાડવાની યોજનાની ભલામણ 'યુનો'ની એક સમિતિએ કરી છે. પેલેસ્ટાઈનને સાચવવાની બ્રિટનને હવે વૃત્તિ રહી નથી. એટલે ભાગલા પાડીને કે ભાગલા પાડ્યા વિના પોતાની જવાબદારીમાંથી એ છટકવા કૈંક કરશે. ગમે તે થાય, પરંતુ આરબ અને યહુદીઓ વચ્ચે વિગ્રહ થવાનો; જેમ હિંદમાં થયું તેમ જ. બ્રિટને હવે હિંદ અને ઈજિપ્ત છોડીને આફ્રિકામાં-પૂર્વ આફ્રિકામાં અડ્ડા જમાવવા માંડ્યા છે. દક્ષિણ આફ્રિકા અને હિંદ વચ્ચેનો સંબંધ સુધરે તેમ દેખાતું નથી.

હિંદી ચીનને ફ્રાન્સની સરકાર સ્વતંત્રતા આપવા માગતી નથી. બંને વચ્ચેનું સંઘર્ષણ ચાલુ છે. ઇન્ડોનેશિયા અંગે 'યુનો'એ શસ્ત્રો મ્યાન કરવાનો આદેશ આપ્યો છે. એટલે રીતસરનું યુદ્ધ અટક્યું છે, પરંતુ પ્રશ્નનો ઉકેલ તો હજી ઊભો જ છે.

★

શ્રી. ચુ. વ. શાહની ષષ્ઠીપૂર્તિ

"ગુજરાતની રાજલક્ષ્મી! તને વરનારની સમીપે કંટકમય પથ પથરાયેલો છે, એમાં હવે મને શંકા રહી નથી. જ્યારે તારો ઉદ્ધાર થવાનો હશે ત્યારે મારા જેવો કોઇ ગાંડો મનાતો કે વરણી માનવી જ તારો ઉદ્ધાર કરી શકશે! સ્વલ્પ પણ કલ્પનાશક્તિનું અવલંબન કર્યા વિના જેઓ પરંપરાના ચીલે ચાલીને તારો ઉદ્ધાર કરવા મથશે તેઓ કદાપિ સફળ થવાના નથી...એવાનો વધ કરીને રાજ્યલક્ષ્મીને વરનારાઓ રણધ્વજ રોપ્યા છતાં કુકુટધ્વજનો સાચો વિજય ગળવી શકવાના નથી."—શ્રી. ચુ. વ. શાહની છેલ્લી નવલ 'એકલવીર'નું કેન્દ્રવર્તી સૂત્રવાક્ય.

આપણા સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી. ચુનીલાલ વર્ધમાન શાહની ષષ્ઠીપૂર્તિ ઉજવવાનું આંદોલન શરુ થયું છે તે આવકારદાયી છે. પડછાયાઓની પૂજાના આ જમાનામાં સત્ત્વશીલતાનું સન્માન થાય એ આનંદની ખીના છે. શ્રી. ચુ. વ. શાહે ગુજરાતી સાહિત્યમાં કોઇ યુગ પ્રવર્તાવ્યો નથી તેમજ એમનાં સર્જનો અમર છે એવું પણ અત્યારે કહી શકાય તેમ નથી. પરંતુ એવું તો ગુજરાતના કેટલા એક સાહિત્યકાર માટે કહી શકાય તેમ છે? શ્રી. ચુ. વ. શાહની સાહિત્ય-પ્રવૃત્તિ એક સતત, અથાગ અને જાગરૂક પ્રવૃત્તિ છે. ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં એક ઉચ્ચ કોટિના નવલકથાકાર, તટસ્થ અને અભ્યાસી વિવેચક, સ્વસ્થ વિચારક અને વિવેકશીલ પત્રકાર તરીકે એમનું માનભર્યું સ્થાન નિયત થઈ ચૂક્યું છે.

એમની ઐતિહાસિક નવલકથાઓમાં ઇતિહાસને વફાદાર રહેવાની ચીવટ અને વાર્તાનું સ્વસ્થ નિરૂપણ ખાસ ધ્યાન ખેંચે તેવાં તત્ત્વો છે. એમની સામાજિક નવલકથાઓ એમાંના પ્રશ્નનિરૂપણ ને પૃથક્કરણથી જુદી તરી આવે છે. અલબત્ત, 'પ્રેરણા' (Inspiration) સાથે તેથીયે વિશેષ પ્રમાણમાં શ્રમ (Perspiration) લેવાનું એમને સૂઝ્યું છે અને એ વિના સર્જનસાતત્યનો પ્રવાહ આટલી પ્રગતિશીલતાથી ન જાળવી શકાયો હોત.

વિવેચક ને વિચારક તરીકેની એમની ગૌરવશીલ મીમાંસા, સમ્યક્ દૃષ્ટિ, સ્વસ્થતા ને ગંભીરતા એમની વિવેચના ને વિચારણાને માનની અધિકારી બનાવે છે. ગુજરાતી પત્રકારિત્વમાં એમના જેટલા દૃષ્ટિસંપન્ન, સંયમી ને વિવેકશીલ પત્રકારો કેટલા ઓછા છે! 'પ્રજાબંધુ'ને એમણે કદીયે આત્મપ્રશંસાનું વાહન બનવા દીધું નથી એ દર અંકે 'શારદા'માં પોતાનાં ગુણ અને પરાક્રમોના ઢોલ પીટતા રાયસુરાઓના યુગમાં એક માનાર્હ આલિનત્વ લેખાય. સાહિત્યકાર કે પત્રકાર એ ભાટ-ચારણ નથી, પણ ઋષિ છે એ વિધાન સ્વ. મેઘાણીની જેમ શ્રી. ચુ. વ. શાહમાં ચરિતાર્થ થતું દેખાય છે.

'જીવન–પ્રકાશ'ના

દીપોત્સવી અંકમાં

આપની જાહેરાત આપવા

: આજે જ લખો :

જીવન-પ્રકાશ કાર્યાલય, રાણપુર

[કાઠિયાવાડ]

જમ્યા પછીની બીજી પળે

● સ્વાદિષ્ટ મુખવાસો ●

— અને —

શુદ્ધ બોરલી સોપારી

— તથા —

ધાણા દાળ

મેળવવાનું મુંબઈમાં મશહુર મથક

એમ. નાનાલાલ સોપારીવાળા

ભુલેશ્વર, કબુતરખાના, દાઉદજીની ગલી સામે,

મુંબઈ-૨ .... ટે. નં. ૨૦૭૨૪

મહેલ, મંદિર, દુકાન, પેઢીને મીઠી સુગંધથી

મ્હેકાવનાર અરૂણા છાપની પૂનાની અગરબત્તી

એક વાર જરૂર વાપરી ખાતરી કરો

દરાજ, ખસ, ખુજલી માટે

"ઝંડા છાપ" સફેદ મલમ

વાપરવાથી કપડાંને ડાઘ પડતા નથી અને ચોવીશ કલાકમાં આરામ થાય છે.

સી. સી. મહાજનની કું. મુંબઈ-૨

—ગીરની જડીબુટી—

ગીરનું સ્વચ્છ મધ–તરીયા તાવની દવા, મનની મુંઝવણ......વીગેરે માટે જવાબી ટીકીટ સાથે પૂછાવો. C. K. M. C/o

આર. સી. માંકડ તાલાળા (ગીર)

મહાવીર—ચાકુતી

આયુર્વેદની વનસ્પતિની મહાન છેલ્લી શોધ યુવાનો અને વૃદ્ધોની નામર્દી દૂર કરનાર, સ્ત્રીઓનાં તમામ ગુપ્ત દર્દો અને વંધ્યત્વ મટાડી સંતાન બક્ષનાર ખરૂં સુખ, નવયુવાની પાછી મેળવવા છેલ્લી ટ્રાય કરો. બા. ૧ કિં. રૂ. ૧૦–૦–૦ સ્પેશીયલ બા. ૧ કિં. રૂ. ૨૫–૦–૦.

જોશી ઔષધાલય, જુનાસાવર (કાઠિ.) B. S. Ry.

—વૈદ્ય અને ડોકટર-પ્રમાણિત—

મહાબળેશ્વરનું ચોખ્ખું મધ

૧૦૦ ટકા ખાત્રીવાળું.

ગોવિંદાશ્રમ મીઠાઈવાલા,

જુમ્મા મસ્જીદ પાસે, મુંબઈ ૨.

આપની ગૃહદેવીને શણગારવાં સોના-ચાંદીના

દાગીના માટે મળો અગર લખો :

ચોકસી વિનોદચંદ્ર ચોથાલાલ, સોના-ચાંદીના

વેપારી, બજાર, થરા. વાયા પાટણ (ઉ. ગુ.)

—વ્યાજબી ભાવે દાગીના મોકલી આપીશું—

મસાલાથી ભરપુર ગાંઠીઆ, ફાફડા, ભમણુ, પાતરા વિગેરે સ્વાદમાં સર્વશ્રેષ્ઠ અને તંદુરસ્તીને માટે ગુણકારી છે

અમારા સ્પેશીયલ બટાકા વડા

તથા ચવાણું

કચોરી તથા રેસ્ટફુલ **ભજીયા**

ક ધી કૃષ્ણ ભજીયા હાઉસ ક

ઠે. ઠાકુરદ્વાર ચકલા, પીડગીયા પીતને નાકે

પધારવા વિનંતી છે

તા. ક. ઓર્ડર ઉપર પૂરતુ ધ્યાન આપવામાં આવે છે.

રાજકીય ગુલામીમાંથી મુક્ત થયેલું હિંદ
આર્થિક પરાધીનતામાં હજી પણ જકડાયેલું છે

—તે વાત આપણે ભૂલવી ન જોઇએ—

સ્વતંત્ર હિંદને કાપડ જેવી જરૂરિયાતની વસ્તુ માટે પરદેશ ઉપર આધાર રાખવો પડે તે અસહ્ય ગણાય—હિંદની ૪૨૧ કાપડની મીલોનું ધ્યેય દેશને જોઇતું બધું કાપડ પૂરૂં પાડવાનું હોવું જોઈએ.

આ ધ્યેયને પહોંચી વળવા માટે

નવજીવન મીલ

[કલોલ–ઉત્તર ગુજરાત]

શકય તેટલો ફાળો આપશે

નવજીવન મીલ

[૧] બધું કાપડ ઊંચી જાતના રૂમાંથી બનાવે છે એટલે તેનું કાપડ સુંદર અને ટકાઉ હોય છે.

[૨] **સાડીઓ** અને પોપલીન માટે વખણાય છે.

[૩] **સાડીઓ** અને પોપલીન ઉપરાંત ધોતિયાં, મલમલ, વૉયલ વગેરે બનાવે છે.

આ માસિક સ્વાશ્રય મુદ્રણાલય, રાણપુરમાં શ્રી લક્ષ્મીદાસ પુરુષોત્તમ ગાંધીએ છાપ્યું અને જીવન-પ્રકાશ કાર્યાલય માટે શ્રી મોહનલાલ ધનેશ્વર દવેએ ત્યાંથી પ્રગટ કર્યું

* દીપોત્સવી અંક : છુટકે મૂલ્ય દોઢ રૂપિયો *

જીવન-પ્રકાશ

for E… …Exchange

[મહાગુજરાતનું માનીતું માસિક]

આપ હજી એના ગ્રાહક નથી થયા ?

- ગુજરાતનાં સર્વ માસિકોથી એનો રાહ જુદો ફંટાય છે. પોતાના ગ્રાહકોમાંથી એ એક મંડળ ઊભું કરે છે અને એ મંડળના સભ્યોમાં બંધુભાવ અને સંગઠનની ભાવના પ્રેરે છે.
- એના ગ્રાહક-મંડળમાં જોડાયેલ વ્યક્તિ કે સંસ્થાનું હિત એ હંમેશા વિચારતું રહે છે. એમની સાથે એ જીવંત સંપર્ક સાધે છે. એમના જીવનની ઝંખનાઓને આકાર આપવાના પ્રયાસમાં આ માસિક તેમને સહાયભૂત અને સાધનરૂપ બને છે. એમની જીવન-સાધનાના માર્ગનું એક પંથિયું બનવા ઈચ્છે છે.
- લોકશાહીના ધોરણે એ પોતાની પ્રણાલિ રચવાના મનોરથ સેવે છે ગ્રાહક સભ્યોનો અવાજ એમાં ઝીલાય છે.
- અગત્યની વાત તો એ છે કે કોઈ પણ વ્યક્તિ કે સંસ્થાએ ભરેલ લવાજમનો બદલો એ બીજા સ્વરૂપમાં તરત વાળી આપે છે અને માસિક તો ફ્રી પડે છે. વાર્ષિક લવાજમ અને સભ્યફીના મળીને દસ રૂપિયા (પરદેશ માટે ૨૨॥ શિલીંગ) ભરનારને એટલીજ કિંમતની જગ્યા પોતાના અંગત ઉપયોગ માટે અગર જાહેરાત માટે માસિકમાં ફ્રી મળે છે અને એ રીતે લવાજમનો બદલો તો તરત વળી જાય છે. બાર માસ સુધી માસિક મળતું રહે છે તે નફામાં.
- જાઝાં સામયિકો આપ મગાવી શકતા ન હો અગર વાંચવાનો સમય ન મેળવી શકતા હો તો આ એક જ માસિક આપને માટે બસ થઈ પડશે. દરરોજની પાંચ પાઈમાં આપને એ ઘણું આપશે.
- ચાલીસ જેટલા વિભાગોદ્વારા એ રોચક સામગ્રી પીરસે છે. વર્તમાન જીવન અને રાજકારણમાંથી ઉપસાવેલાં કટાક્ષ ચિત્રો આપે છે.
- આપ એ નિયમિત વાંચો છો તો પછી વાર્ષિક ગ્રાહક-સભ્ય બનીને બીજા લાભ શા માટે નથી ઉઠાવતા?
- આ અંકમાં અન્યત્ર આપેલ કૂપન કાપીને લવાજમ સાથે આજે જ મોકલી આપો.

જાહેરાત આપનારાઓને—

આપની જાહેરાત માટે 'જીવન-પ્રકાશ' સરસ સાધન અને ઉત્તમ વાહન છે; કારણ કે...

- ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ, હિંદના બીજા પ્રાંતો અને દરિયાપારના પ્રદેશોમાં જ્યાં જ્યાં ગુજરાતી બોલનાર પ્રજા વસે છે ત્યાં ત્યાં આ માસિક જાય છે.
- કચ્છ-કાઠિયાવાડ-ગુજરાતના રાજા-મહારાજાઓ, તાલુકદારો, સરકારી-દરબારી અમલદારો, મીલમાલિકો, ઉદ્યોગપતિઓ, વ્યાપારીઓ, જમીનદારો અને અન્ય ધનિકો તેમ જ સારી ખરીદશક્તિ ધરાવનારા વર્ગમાં એ રસપૂર્વક વંચાતું હોવાથી આપની જાહેરાતનું એ સુંદર પરિણામ લાવે છે.
- ગુજરાતી ભાષાનાં સામયિકોમાં એ નવો ચીલો પાડતું હોવાથી સમસ્ત ગુજરાતનું એણે ધ્યાન ખેંચ્યું છે. ઘર ઘરનું એ પ્રિય માસિક બની ગયું છે. એના એજન્ટો ને પ્રચારકો ગામેગામ ફરી વળે છે.
- હજારો વાચકોના હાથમાં એ એક માસ સુધી ફરતું રહે છે ને પછી ફાઈલમાં બંધાય છે એટલે જાહેરાતની અસર કાયમી બને છે.
- ખાસ જાહેરાતો માટે એણે નવી અને આકર્ષક પદ્ધતિ ઉપજાવી છે. આ માસિકમાં આવેલી જાહેરાતનો જવાબ તરત મળે છે.
- આપનો સંદેશો એ દૂર દૂરનાં ગામડાં સુધી લઈ જાય છે અને જનતામાં એ એકસરખું પ્રિય હોવાથી સર્વ કક્ષાના વાચકો સમક્ષ એ આપની જાહેરાત ધરે છે.

એની જાહેરાતની યોજના, ભાવ, અન્ય વિગતો વગેરે માટે આજે જ લખો :

જીવન-પ્રકાશ કાર્યાલય રાણપુર (કાઠિ. B. S. Ry.)

ડૉ. કાનાણી બટર ખસ

પોપટ છાપ ગુલાબી મલમ

ખસ, ખુજલી, ગુમડાં, જુઠનાં ડંખ તેમ જ ચામડીનાં દરેક દર્દો ઉપર અકસીર

જાહેર ચેતવણી

છેલ્લાં પચીસ વર્ષથી અમારો પોપટ છાપ બટર ખસ ગુલાબી મલમ જાહેર જનતા તેમ જ વેપારી આલમમાં બીનહરીફ સ્થાન પ્રાપ્ત કરેલ છે. હમણાં આજકાલના લેભાગુઓ અમારા મલમના જેવાં જ મળતાં નામ રાખી પ્રજાને છેતરી રહ્યા છે, તો ખરીદનારે "ડૉ. કાનાણી બટર ખસ ગુલાબી મલમ, પોપટ છાપ" વાંચી મહોર જોઇને ખરીદવું.

એજન્ટો : સુરેશ બ્રધર્સ, અમદાવાદ; રાઘવજી ડી. દોશી, વઢવાણ કેમ્પ; પી. એમ ઠક્કર, સાવર કુંડલા; ગુજરાત જનરલ સ્ટોર્સ, પાટણ, અરવિંદકુમાર પી. ગાંધી, વડોદરા

— સોલ એજન્ટ —

મણીલાલ મોતીચંદ કાનાણી કું.

પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨

With the Advent of

NATIONAL GOVERNMENT

INSIST ON

NATIONAL FABRICS

FROM INDIAN COTTON ● BY INDIAN LABOUR ● UNDER INDIAN MANAGEMENT

100 o/o Swadeshi

FABRICS OF REPUTE

MAKERS OF ORIENTAL SPLENDOUR

DHOTI ✥ SAREE ✥ LONG CLOTH ✥ MULLS ✥ POPLIN ✥ CHADDAR ✥ BED SHEETS ✥ COLOUR FABRICS ✥

MANAGING AGENTS:

SHETH POPATLAL HARILAL NAGRI

SHETH BANSIDHAR POPATLAL NAGRI

Telephone Nos:	Tele. Address:	Address:
OFFICE : 5131	"NATIONAL"	GOMTIPUR
RESIDENCE : 7025	AHMEDABAD	AHMEDABAD

For Favour / Review / Exchange

જીવન-પ્રકાશ

વર્ષ પહેલું • અંક આઠમો • નવેમ્બર ૧૯૪૧

તંત્રીનું સરનામું

લેખો, અવલોકનો માટેનાં પુસ્તકો, બદલામાંનાં પત્રો, સંપાદકીય સૂચનાઓ ઈત્યાદિ મોકલવા માટે તંત્રીનું નવું સરનામું નોંધી લેવા કૃપા કરવી:

તંત્રી : 'જીવન-પ્રકાશ',
કાપડિયા મેન્શન, રામનગર,
સાબરમતી (અમદાવાદ)

દીપોત્સવી અંક : સામગ્રી

ક્રમાંક વિભાગ	લેખ	લેખક	પૃષ્ઠ
૧. 'જીવન-પ્રકાશ'નું પહેલું પાનું	...જગતની પહેલી ક્રાન્તિ	...શ્રી ચંદુભાઈ ભટ્ટ	...૫૨૯
	...દીપોત્સવીને	...તંત્રી	...૫૩૦
૨. કટાક્ષ: શબ્દોમાં અને રેખામાં	...નવી જાહેરખબરો	...'શનિ'	..૫૩૨
	.. કાર્ટૂન ; જનાબ ઝીણાની ધા : 'અમને મદદ કરો'	...'શનિ'	...૫૩૩
૩ સૂર્યવિજ્ઞાન	...શ્રી ગપીબાબાના ચમત્કાર	.. શ્રી દાદાલાલ હ. જાની	...૫૩૪
૪ સાહિત્ય અને સંસ્કૃતિ	...કાર્ટૂન : કેટલાક સાહિત્યકારો	...'શનિ'	...૫૩૭
	...લેખકો માટે એકાન્ત	...શ્રી કૃષ્ણલાલ મો. ઝવેરી	...૫૩૮
૫ આ માસની નાટિકા	...ફુલવાનું છોરું	...શ્રી પુષ્કર ચંદરવાકર	.. ૫૩૯
	...આંખો કા આકાશ	...'નિષાદચંદ્ર'	...૫૪૫
૬ હાસ્યની લહર	...મહાદેવી માયમયી	...'નારદ'	...૫૫૫
૭ બંગાળી વિભાગ	...એકશમે વર્ષે	...શ્રી. 'શશિન્' ઓઝા	...૫૬૦
૮ કાવ્યકુંજ	...તારે છત્ર	...શ્રી સુંદરમ્	...૫૬૧
	...કયાંક વિશ્વ	...શ્રી. પતીલ	...૫૬૩
	...સ્વર્ગનિર્વિષણા	...શ્રી. ઉછરંગરાય ઓઝા	...૫૬૪
	...એક પ્રભાતે	...શ્રી લેલક	...૫૬૬
	...પંદરમી ઓગસ્ટે	...શ્રી જટિલ	...૫૬૬
	...ધરતીનું રુદન	...શ્રી. ઇન્દુલાલ ગાંધી	...૫૬૭
	...કાર્ટૂન 'હું મોડો કેમ જાગ્યો?'	...'શનિ'	...૫૬૮
૯ સમયના પ્રવાહમાં	...ગત વર્ષની મુખ્ય રાજકીય સમસ્યા	...તંત્રી	...૫૬૯
૧૦ ચિંતન	...મુંબઈમાં પહેલી રાત	...શ્રી અંબાલાલ પુરાણી	.. ૫૭૧
	...કાર્ટૂન 'ખેલો રે ખેલે ને તાણું...'	...'શનિ'	.. ૫૭૩
૧૧ રજતપટ અને રંગભૂમિ	...ગત વર્ષના તખ્તાના ચોપડે	...શ્રી 'સુધીર ઘોષ'	...૫૭૫
	...કાર્ટૂન 'અમારે પેપર શરુ કરવું'તું!'	... શનિ'	...૫૭૭
૧૨ લોકસાહિત્ય	... આઠ પ્રહર: લોકસાહિત્યનો શૃંગારરસ	...શ્રી. પ્રાણભાઇ મ. મહેતા	.. ૫૭૯

તંત્ર – વાહકો

: તંત્રી :	: કલા-નિયોજક :	: સંચાલક :
ઇશ્વરલાલ ર. દવે એમ. એ.	'શનિ'	મોહનલાલ ધં. દવે

ક્રમાંક	વિભાગ	લેખ	લેખક	પૃષ્ઠ
૧૩	મરાઠી વિભાગ	...પ્રતિમા	...શ્રી. કેશવલાલ કા. જાની	...૫૮૧
૧૪	ધર્મ અને તત્ત્વજ્ઞાન	...ઉપનિષદ	...શ્રી. ચંદુલાલ ભ. પરેખ	...૫૯૧
		...જીવન-સાધના	...શ્રી. રતિલાલ ભાવસાર	...૫૯૧
૧૫	આરોગ્ય: તનનું અને મનનું	...આયુર્વેદના વાજીકરણ પ્રયોગો	...શ્રી. જદુભાઇ વૈદ્ય	...૬૦૦
૧૬	વિજ્ઞાન અને શોધખોળ	...જંતુયુદ્ધ	...શ્રી. જયેન્દ્ર ત્રિવેદી	...૬૦૩
		...સિનેમા જોવાથી પણ આંખ સુધરે	...ડૉ. અગ્રવાલ	...૬૦૫
૧૭	આ માસની ચિત્રવલિકા	...પાણી અને પુરાતત્ત્વ	...શ્રી. પ્રશાંત	...૬૦૭
		...કાર્ટૂન 'અબ હમારે પાકિસ્તાનમેં...'	...'શનિ'	...૬૦૯
૧૮	કેળવણી અને બાળઉછેર	...શિક્ષણ વિરુદ્ધ અભ્યાસ	...શ્રી. હરભાઇ ત્રિવેદી	...૬૧૧
		...કાર્ટૂન 'આપખુદી ખીલે બંધાઈ'	...'શનિ'	...૬૧૩
		...હિંદી સંઘ અને પાકિસ્તાન	...જ.	...૬૧૩
૧૯	જય સોમનાથ	...જૂનાગઢ-ઉદ્ધાર-યોજના	...શ્રી. લીલાધર ભટ્ટ	...૬૧૪
૨૦	મધુસંચય	...ખોવાયેલા સંસ્કારો	...શ્રી ઝવેરચંદ મેઘાણી	...૬૧૭
		...આ તે ધર્મ?	...શ્રી. ચંદ્રશંકર શુક્લ	...૬૧૭
		...બાળાવાક્યમ્	...શ્રી. મધુકર રાંદેરિયા	...૬૧૭
		...શિવાજીના વંશનો દુઃખદ શોખ	...શ્રી. ગુણવંતરાય આચાર્ય	...૬૧૮
		...પક્ષીતીર્થમ્	...શ્રી. શાંતિલાલ ગાંધી	...૬૧૮
૨૧	સાહિત્ય અને સંસ્કૃતિ	...સંવત ૨૦૦૩નું સાહિત્ય-સરવૈયું	...ઉ. ર. દ.	...૬૧૯
		...સં. ૨૦૦૩ના શ્રેષ્ઠ ગ્રંથો	... ...	...૬૧૯
૨૨	હિન્દી વિભાગ	...પ્રોફેસર ભીમસંટારાવ	...શ્રી. દીનાનાથ મહેતા	...૬૨૭
૨૩	ગુજરાતનાં ખજાનાઓમાં	... ...	...વિજ્ઞાપન વિભાગ	...૬૩૪
૨૪	આપણા મંડળના સમાચાર	... ...	... ...	...૬૩૭
૨૫	ઉઘડું પાનું	...હાસ્યતરંગ	... ...	...૬૪૦

... એ ઉપરાંત અત્રતત્ર વેરાયેલ પ્રકીર્ણ ચિંતનકણિકાઓ, દૃષ્ટાંતો, રસિક અને ઉપયોગી હકીકતો. ...

'જીવન-પ્રકાશ' બંધુમંડળના સભ્યોને ભેટ

'મુક્તિનો માર્ગ'

જીવનનો નવો રાહ બતાવતું આ પુસ્તક તમને વિચાર કરતા કરી મૂકશે-સુંદર કલામય ફિરંગી જેકેટ-મજબૂત પૂંઠું-આકર્ષક રૂપરંગ-૧૭૦ પાનાં-સ્વચ્છ છપાઈ-કિંમત અઢી રૂપિયા-પોસ્ટેજ પાંચ આના

'દિવ્ય વાણી'

જીવનના વિકટ પ્રશ્નોનો તોડ બતાવતું આ પુસ્તક કોઈ પણ 'વિચારશીલ ભાઈ-બહેને વાંચવું જ જોઈએ' સરસ ફિરંગી ટાઇટલ બોર્ડનું મજબૂત પૂંઠું-ઊંચી જાતના કાગળ-સુઘડ મુદ્રણ-૧૭૫ ઉપરાંત પાનાં-કિં બે રૂપિયા પોસ્ટેજ પાંચ આના.

'કલકત્તાથી કાબુલ'

નેતાજી સુભાષચંદ્ર બોઝના વતનત્યાગની સુંદર રોમાંચક ચિત્રકથા પ્રખ્યાત કલાકાર શ્રી 'શનિ'ની પીંછીએ તૈયાર થઈ છે. આખી પુસ્તિકા આર્ટપેપર પર છપાયેલ છે પ્રત્યેક ચિત્રની સામે કડીબંધ વાર્તા ચાલી આવે છે આકર્ષક ગેટ-અપ અને ત્રિરંગી કવર જેકેટ-કિંમત એક રૂપિયો-પોસ્ટેજ બે આના.

'જીવન-પ્રકાશ' બંધુ મંડળના સભ્ય હોય એવાં કોઈ પણ ભાઈ-બહેન, લાયબ્રેરી, શાળા કે અન્ય સંસ્થાને આ સાડા પાંચ રૂપિયાની કિંમતનાં પુસ્તકો માત્ર ત્રણ રૂપિયામાં મળશે. અઢી રૂપિયા આ રીતે એમને ભેટ મળે છે. પોસ્ટ ખર્ચ આઠ આના મળી કુલ રૂા. સાડાત્રણ મોકલવા.

જીવન-પ્રકાશ કાર્યાલય • રાણપુર [B. S Ry.]

લેખકોને

* 'જીવન-પ્રકાશ'ના પરિચય-સાહિત્યમાં દર્શાવેલા વિભાગોમાંથી કોઈ પણ વિભાગ માટે કૃતિઓ મોકલવી.

* આગામી અંક માટેનું લખાણ **દર મહીનાની ૭ મી તારીખ** પહેલાં મોકલવું; જો કે લેખ કયા અંકમાં છપાશે તેનો આધાર પ્રત્યેક અંકમાં કેટલા ને કયા વિભાગો આપવાના છે તેમ જ એ વિભાગોમાં કેટલા ને કયા લેખો આપવાના છે તેની વિચારણા પર પણ રહે છે.

* 'જીવન-પ્રકાશ'નાં 'લેખક-મંડળ'ના સભ્યોને નિયમ મુજબ યોગ્ય સમયે અંક સાથે લેખની ઑફ-પ્રિન્ટ્સ મોકલી આપવામાં આવશે.

* મૌલિક કે અનુવાદિત લેખોની સર્વ પ્રકારની જવાબદારી લેખકની પોતાની રહેશે; લેખને અંશતઃ કરવાના હક્ક લેખકના પોતાના રહેશે.

* લેખનો સ્વીકાર-અસ્વીકાર જાણવા તેમ જ લેખ પરત કરવા માટે આવશ્યક ટપાલ-ટિકિટો બીડવી.

* પત્રવ્યવહારમાં ક્વચિત્ વિલંબ થાય તો તે ક્ષમ્ય લેખવો.

—તંત્રી : 'જીવનપ્રકાશ'

'જીવન-પ્રકાશ'

નું

સંપાદકીય સલાહકારમંડળ

દી. બ. કૃષ્ણલાલ મો. ઝવેરી
એમ. એ; એલ એલ. બી.

*

પ્રિન્સિપાલ અ. ક. ત્રિવેદી
એમ. એ; એલ એલ. બી.

*

શ્રી. ચંદુલાલ બ. પટેલ
બી એ.

*

ડૉ. રમણલાલ ક. યાજ્ઞિક
એમ. એ; પી એચ ડી

*

પ્રો. રવિશંકર મ. જોષી
એમ. એ.

*

પ્રો. વિજયરાય ક. વૈદ્ય
બી એ.

*

પ્રો. ચતુરભાઇ શં. પટેલ
એમ એ; એલ એલ. બી.

*

પ્રો. મનસુખલાલ મ. ઝવેરી
એમ એ.

*

પ્રો. અનંતરાય મ. રાવળ
એમ. એ

ગ્રાહકોને

'જીવન-પ્રકાશ'નું લવાજમ

	દેશમાં	પરદેશમાં
સામાન્ય ગ્રાહક માટે વાર્ષિક	રૂ. ૯	રૂ. ૧૪
'જીવન-પ્રકાશ બંધુ મંડળ'ના સભ્ય માટે વાર્ષિક લ	રૂ. ૭	રૂ. ૧૨.

લવાજમ ઉપરાંત 'જીવન-પ્રકાશ બંધુ મંડળ'ના સભ્યે [તે દેશમાં હોય કે પરદેશમાં] વાર્ષિક રૂ. ૩ સભ્ય-ફી ના આપવાના રહે છે. આ રીતે કુલ રૂ. ૧૦ [પરદેશ માટે રૂ. ૧૫] ભરવાથી એમને રૂ. ૧૦ાા ના ફ્રી પાસ અપાય છે જેનો ઉપયોગ કરીને તેઓ માસિકમાં જગ્યા રોકી શકે છે. આ ઉપરાંત આ માસિકના ઘડતર, વિકાસ અને પુનર્વિધાન માટે મત આપવાનો તેમને અધિકાર મળે છે અને બીજી પણ અનેકવિધ સગવડો પ્રાપ્ત થાય છે. પ્રકાશનઃ દર મહિનાની પહેલી તારીખે.

- આ નવી ઢબના માસિકમાં સહકારી ધોરણે ઓછા ખર્ચે જાહેર-ખબર કરવા માટે યોજના મંગાવો:

જીવન-પ્રકાશ કાર્યાલય, રાણપુર
(કાઠિ. B. S. Ry.)

: મુંબઈ શાખા :
છગ્ગા દેવશી બિલ્ડીંગ નં. ૩,
ત્રીજે માળે, રાનડે રોડ
દાદર (બી. બી.)

તમારા માલની આયાત તથા નિકાસ

નવલખી બંદર

(મોરબી રાજ્ય)

મારફત જ કરો.

કચ્છના અખાતમાં અંદરના ભાગમાં કાઠિયાવાડના પશ્ચિમ કિનારા પરનું સૌથી સારૂં બંદર, આખા વર્ષ દરમ્યાન દરિયાઈ સ્ટીમરો મારફત સલામત રીતે અને સુગમતાથી પહોંચી શકાય તેવું છે

ગુજરાત, રજપુતાના, ઉત્તર અને મધ્ય હિંદ માટે સૌથી ટુંકો અને સસ્તો માર્ગ. મોટા પાયા ઉપરની વખારની વ્યવસ્થા અદ્યતન યંત્રોથી સુસજ્જ. વધારે વિગત માટે લખો :—

કે. વી. દવે

ડીરેક્ટર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ,

મોરબી સ્ટેટ

'જીવન-પ્રકાશ બંધુ મંડળ'ના સભ્ય માટે

● ઇનામી કૂપન ●

— ચાર રૂપિયા —

આ કૂપન કાપીને મોકલનાર ગ્રાહક-સભ્ય પોતાના તરફથી વધુમાં વધુ બે સભ્યને વાર્ષિક રૂા ૧૦)ને બદલે રૂા ૮)માં આ મંડળમાં દાખલ કરાવી શકશે. અને એ રીતે ચાર રૂપિયા મેળવશે અગર બચાવશે. મિત્રોને પોતાના તરફથી લાભ અપાવવા ઈચ્છનાર ઘણા સભ્યોના આગ્રહથી આ કૂપન આપેલ છે. ગ્રાહક-સભ્ય જ આનો ઉપયોગ કરી શકશે.

જીવન-પ્રકાશ કાર્યાલય. શાણપુર [B. S. Ry]

આનંદ અને જ્ઞાન આપનારૂં બાલ-માસિક

" અમર બાલ-પ્રકાશ "

પ્રગટ થશે તા. ૧-૧-૪૮] —સંપાદક— હર્ષદ પટેલ [વાર્ષિક લવાજમ દેશમાં-પરદેશમાં રૂા. ૩-શિ. ૧૦

: લખો :

'અમર બાલ-પ્રકાશ' મંદિર, ચિંગસપુરા, ભરૂચ

'જીવન-પ્રકાશ'ના ચીફ એજન્ટ્સ

●

કોલ્હાપુર—વાનલેસવાડી—મીરજ ડીસ્ટ્રીક્ટ

શ્રી. વ્રજલાલ ઓઝા

ગુજરાતી સ્કૂલ, સાંગલી [M. S. M. R.]

●

દિલ્હી ખાતેના માનદ પ્રચારક

શ્રી વસુ પી. આચાર્ય

ગુજરાતી યુવક મંડળ, એમ્પાયર રેડીઓ ડીસ્ટ્રીબ્યુટર્સ

ચાંદની ચોક, દિલ્હી

●

કરાચી ખાતેના માનદ પ્રચારક

શ્રી. જયંત સચદે

જગદીશ ભુવન, જેમ્સ રેઇસ રોડ, નાનકવાડા, કરાચી

●

શ્રી. છગનભાઈ ગઢવી અને શ્રી. ત્રિપુરાશંકર ઠાકર

મેસર્સ અમૃતલાલ ઠાકર એન્ડ કંપની

ઝરીઆ

●

અમદાવાદના માનદ પ્રચારકો

શ્રી. નવનીતલાલ મોહનલાલ પંડ્યા

ઓનેસ્ટ કેમીકલ વર્ક્સ, રામનગર, સાબરમતી

શ્રી. અંબાલાલ અમૃતલાલ મહેતા

૨૧, કુસુમ બિલ્ડીંગ, કાંકરીયા રોડ, અમદાવાદ

●

શ્રી. અમૃતલાલ ડી. રાવળ

૭, એઝ્રેમી રોડ, પો. એલ્ગીન રોડ, કલકત્તા

છૂટક કિંમત દોઢ રૂપિયો

નવેમ્બર ૧૯૪૭ દીપોત્સવી અંક

જીવન-પ્રકાશ

વર્ષ ૧ અંક ૮ સંવત ૨૦૦૩

જીવન, સાહિત્ય અને સંસ્કારનું અદ્યતન માસિક

જગતની પહેલી ક્રાન્તિ

[જગત-ક્રાન્તિની પહેલી વિજયાદશમી અને એ વિજયોત્સવની પ્રથમ ક્રાન્તિ-દીપોત્સવી]

જે આલીશાન ખંડમાંની સેજ પર, જેને એણે રોજ પંપાળીને સુવાડ્યો હતો અને સૂતેલાને ચૂમી ચૂમીને સાચવ્યો હતો, તે માલિકના ગોરા દેહ પર તે નીચી નમી. એને યાદ આવ્યું: "એથેન્સમાં એક બાપને ઘેર એક માતાને સાંપડી હતી, પછી પકડાઈ હતી; સોળ વરસનું જોબન દેખાડતી માલિકોની સામે લગભગ નગ્ન બનીને વેચાવા ઊભી હતી. ત્યારે...ત્યારે !" એના કપાળ પરની નસોમાં ધસી આવેલું લોહી માયું નહિ. ત્યારે કેપુઆમાં એની હરરાજી બોલાઇ હતી. ત્યારે પૅટ્રોનિયસે એના અણીદાર સ્તન દબાવી જોયા હતા, ત્યારે મેનિકસે એની ગરદન પર હાથ ફેરવી જોયો હતો. અને ત્યારે એનું સોળ વરસનું જોબન કુમારિકા છે કે નહિ, તેની તપાસ કરીને પોતાની નિશા પરિચારિકા તરીકે લુકસે તેને ખરીદી હતી.

એની આંખ સામે અંગારા ફરતા દેખાયા. એને આખો ખંડ રસાતાળે જતો હોય તેવું ભાન થયું. એને સૂતેલા માલિકનું પ્રચંડ શરીર કોઈ દાનવનું હોય તેવું દેખાયું. એણે પડખામાં સંતાડેલું કંઈક કાઢ્યું. એ નીચી વળી. પોતે પોતાના પ્રચંડ આવેશને દેખતી હોય, તેમ આંખો મીંચીને માલિકના પેટ પર ઉતરતા પોતાના હાથને દેખી રહી. એણે પેટ ઉપર ઓઢાડેલું આવરણ ચિરાતું સાંભળ્યું. એક દબાયેલી ચીસ પડી અને શમી ગઈ.

એલપિનિસે આપેલી ચાવીઓથી કોઠમાં પુરાયેલા ગુલામોને સ્પાર્ટેકસે છુટા કર્યા હતા. ગુલામોએ હતાં એટલાં હથિયાર સજ્યાં હતાં અને હવે સૌ માલિકના રસોડમાં યથેચ્છ વિહાર કરતાં હતાં. પછી અંધારામાં નગર આખામાં ભયંકર કોલાહલ મચી રહ્યો. ઘણાં ગુલામો ઘર છોડીને બહાર આવ્યાં. રસ્તા લોહીથી છંટાયા. શેરીઓ પર મડદાં મલકાતાં પડ્યાં.

પછી સુરજ ઊગે તે પહેલાં સ્પાર્ટેકસ ગુલામોને મોખરે હતો અને સૌને એક હરોળમાં ઊભા રહેતાં શીખવતો હતો. એના એક હાથમાં લોહી નીંગળતી તલવાર હતી. એના ડાબા ખભા પરના ઘામાંથી લોહી ઝરતું હતું. એણે એના ગજવામાંથી પુસ્તક સમાલ્યું અને પછી એ બોલ્યો, "હવે આપણે એક થયાં છીએ. હવે આપણી પાસે માલિકોનાં જ હથિયાર આવ્યાં છે. હવે આપણે લશ્કર બનીને રોમન લશ્કરો સામે લડીશું ત્યારે દુનિયાને જીતનારી રોમન ટુકડીઓ, આપણી સામે ટકી શકશે નહિ; કારણ કે, આપણે વિજય કરવાનો છે અને આપણી વિજય સેનાએ જ્યાં માલિક ન હોય, પણ સૌ સરખાં હોય, તેવી દુનિયા રચવાની છે."

"હા!" તમામ ગુલામોની આંખમાં નવી રોશની ઝળકી ઊઠી. સ્પાર્ટેકસના સાથમાં સૌની માનવતા જીવતી થઈ ગઈ. સૌનો જાગી ઊઠેલો પ્રાણ જોરથી ફુંકાઈ રહ્યો.

—શ્રી. ચંદુભાઈ ભટ્ટ

જગતક્રાન્તિનો આ પહેલો પ્રસંગ શ્રી. ચંદુભાઈ ભટ્ટના નવા ગ્રંથ 'ક્રાન્તિનાં પરિબળો' માંથી ઉદ્ધૃત કર્યો છે. શ્રી. ચંદુભાઈ ભટ્ટે પ્રસ્તુત ગ્રંથમાં એક ક્રાન્તિકારી દૃષ્ટિએ જગત-ઈતિહાસનું સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કર્યું છે. અલબત્ત, એમની દૃષ્ટિ પક્ષિલ-સામ્યવાદરંગી છે, તે છતાં એની વિચારપ્રેરકતા ઓછી થતી નથી. —સંપાદક

જીવન-પ્રકાશનું પહેલું પાનું

દીપોત્સવીને

આઝાદ હિન્દની પ્રથમ દીપોત્સવી ! તું પણ આવ. અમારી નવોઢા આઝાદી સાથેની રસગોષ્ઠીઓ જ ઊડી ગઈ છે, એમાં તને સત્કારવાના સમારંભો માટેનો ઉલ્લાસ તો ક્યાંથી છુપીનેય લઈએ ? અમારી આઝાદી ખરડાઈ છે હિજરતીઓનાં અશ્રુઓથી, નિર્દોષોનાં રક્તથી, અસુરોના અત્યાચારોથી ને નિર્માલ્યોની કાયરતાથી. એમાં તને ક્યા ઉમળકાથી વધાવીએ ? છતાંયે, આ કાયરતા અને અજ્ઞાન, અંધકાર અને જડતામાં તારી જ્યોત આશાનું એક કિરણ પણ, ઉત્સાહનો એક ચમકાર પણ, ફેંકી શકે તેમ હોય તો આવ, જરૂર આવ, અમારું તને એ શરતી સ્વાગત છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ: એ ચાર પુરુષાર્થો પ્રાપ્ત કરવાનો નિર્ણય તારા ઉત્સવનું એક પ્રગતિશીલ અંગ. લક્ષ્મી–પૂજન (ધનતેરશ), ગુપ્ત જીવન–રહસ્યોની સાધના (કાળી–ચૌદશ), શારદાપૂજન (દીપોત્સવી) અને ઈશ્વર–પ્રાપ્તિ (બેસતું વર્ષ) જીવન–વિકાસનાં કેવાં ક્રમિક સોપાનો તારાં આ ઉત્સવ–દિનો પાછળ ધ્વનિત થાય છે ! પણ સિદ્ધ તો સાધકને જ છે.

સંવત ૨૦૦૩ ની દીપોત્સવી ! દીપોત્સવીઓ અનેક આવી અને ગઈ; હજીયે અનેક આવશે અને જશે. જગત પર માનવીઓ જન્મશે અને મરશે, પણ દીવાળીઓ તો અનેક આવ્યા કરશે. સંવત ૨૦૦૩ ખતમ થયું. પણ એવા તો અનેક સંવત કાળના ગર્ભમાં છૂપાયાં છે. સંવત અને સંખ્યાથી એ સમયની કલ્પના પર છે. સંવત, વર્ષ, દિવસ અને કલાકની ગણત્રીઓએ આપણને સમયના સાચા ખ્યાલથી વંચિત રાખ્યા છે. સમયનો જાણનાર, કાળનો જ્ઞાતા વિશ્વનો સાચો પરખંદો છે. સમયના કોઈ વિભાગો થઈ શકતા નથી, સમયનો પ્રવાહ અવિચ્છિન્ન છે, અનંત છે; સમુદ્રના પ્રવાહને, સમુદ્ર જળનાં બિન્દુઓને માપવાની ને ગણવાની મૂર્ખાઈ તો આપણે માનવીઓ જ કરીએ ! આપણને જ એ શોભે ! સમુદ્રજળના એ બુદબુદો અને બિન્દુઓ આપણને માનવીઓને જ 'દીપોત્સવીઓ' રૂપે દેખાય છે ને !

નવી જાહેરખબરો

•••• રતિ

સાહિત્યકારો જાહેરખબર લખવા બેસી જાય ત્યારે, માનસિક પ્રગતિમાં સાહિત્યકારો કરતાં આપણે પછાત છીએ એમ માનવાને કોઈ કારણ નથી. પણ જાહેરખબરો લખનાર, સાહિત્યકારમાં ખપી કે ખપાવે ત્યારે હું ઘણો પાછળ કે અંધારામાં રહી જતો લાગું છું. શા માટે હું પણ સાહિત્યકાર તરીકે બહાર ન આવું? મારે માત્ર એટલું જ પુરવાર કરવાનું રહે—જાહેરખબરો લખવા જેટલી તો મારામાં શક્તિ છે! એટલે તો કેટલાક (ખરેખર આથી વધુ છે જ નહિ!) નમુના રજૂ કરું છું. પોતાના ધંધાની જાહેરખબરો લખવાની તક આપનાર આ રીતે બીજી વ્યક્તિઓ અને સંસ્થાઓ મને અવશ્ય મદદ કરે એવી હું વિનતિ કરું છું. —લેખક

વેચવાની છે

૧. માપબંધીનો ઉઘાડે છોગે ભંગ કરવાની હિંમત:
૨. પોલિસ-અમલદારોની આંખમાં ધૂળ નાખવાની કરામત:
૩. મેજીસ્ટ્રેટ સાથે અંગત સંબંધ કેળવવાની યોજના:
૪. રાષ્ટ્રિય અખબારોનાં મ્હો બંધ કરવાની તરકીબ:

વડગાંવ મુકામે કરેલી યોગસાધનાના ફળરૂપે મળી આવેલી આ અમૂલ્ય જડીબુટીઓનો લાભ લેવા જનતાને ભલામણ કરીએ છીએ.

બી. એન. આનાસ
મ્યુનિસિપાલિટિના પ્રમુખ, પુના

તા. ક. આ સિવાય કોઇ પણ જગ્યાએ અમારી બ્રાન્ચ નથી. ભોળી જનતા ધુતારાઓથી ચેતજો.

ફળઝાડ-કલમો

અમારા ખાસ બગીચાઓમાં તૈયાર થતાં ફળઝાડોની કલમો અજોડ પુરવાર થઇ છે, એમ જાહેર કરતાં અમે ગર્વ લઈએ છીએ.

અમારા ધ્યાનમાં આવ્યું છે કે, ચોક્કસ ઇસમો તરફથી અમારી કલમોનું અનુકરણ કરવામાં આવ્યું છે; આથી જાહેર પ્રજાના હિત ખાતર અમે અમારી કલમો રજીસ્ટર કરાવી લીધી છે.

સરકારના અસાધારણ ઓર્ડરોને કારણે, હાલમાં પાકિસ્તાન બહારની માગણી સંતોષી શકીએ તેમ નથી. લડાઈ અંત થવાની વાર એ કલમો આપની સેવામાં હાજર થશે.

લીયાકતઅલી અને ગઝનફરઅલીખાનની કંપની
કરાંચી • લાહોર • ઢાકા • પેશાવર

સ્વદેશી ઉદ્યોગને ઉત્તેજન આપો : રાષ્ટ્રનું ધન રાષ્ટ્રમાં રાખો

બંગલો-ફ્લેટ-બ્લૉક-રૂમ

માંડવી, નળબજાર અને હનુમાનગલી વિસ્તારોમાં ઓફીસ ખોલી જોઇએ છે. બદલામાં મલબાર હીલ, નેપીયનસી રોડ, મરીન ડ્રાઈવ અને તાજ વિસ્તારોમાં બંગલો, ફ્લેટ, અથવા બ્લૉક મળી શકશે. તાકીદે લખો અથવા મળો:—

એન્ટી કરપ્શન લીગ,
મુંબઇ

મૃત્યુનોંધ

કુંવરી સાહેબા 'જામ જૂથ યોજના' તે નવાનગરના ના. જામસાહેબનાં કુંવરી, જુનાગઢનાં ભાણેજ અને પોરબંદરનાં પીતરાઇ તા. ૨૫-૮-૪૭ના રોજ વૈકુંઠવાસી થયાં છે. તેમનો સાહડો કુમારશ્રી ફતેહસિંહજીને ત્યાં લીંબડી મુકામે નાખેલ છે.

જોઇએ છે—લેખકો

માલિકની ઝીણવટભરી જાતસંભાળ નીચે તૈયાર થએલી પ્રસ્તાવનાઓનો ગંજાવર જથ્થો તૈયાર છે. કોઈ પણ વિષય પર, કોઈ પણ કક્ષાનું કંઈ પણ લખી શકે તેવા માણસોએ રૂબરૂમાં મળી જવું. બદલા તરીકે સદ્ભાવ સિવાય કશાની અપેક્ષા નથી.

ઉમાશંકર જોષી
એલીસબ્રીજ, અમદાવાદ

નોટીસ

આથી લાગતાવળગતાને જાણ કરવામાં આવે છે કે મારાં ધણીયાણી શ્રીમતી 'અખંડ હિન્દુસ્તાન' તે બૅરીસ્ટર વિનાયક દામોદર સાવરકરનાં પુત્રી અને શ્રીમાન ચદ્રેનાં બહેન, તારીખ ત્રીજી જુન ઓગણીશસો સુડતાલીશના રાત્રિના બાર વાગ્યા પછી મારાથી જુદાં થયાં છે, અને હવે તેમની સાથે મારે શારીરિક, માનસિક કે આર્થિક (સ્થાવર તેમ જ જંગમ મિલ્કત સમેત) લેવડ દેવડ નથી.

આ રીતે મજકુર ઓરત સાથેનું મારું લગ્ન ફોક ગયું હોવાથી, તેમની સાથે કોઈપણ શખ્સ કોઈપણ જાતનો વહેવાર રાખશે તો તેનો જવાબદાર હું ગણાઈશ નહીં.

કનૈયાલાલ માણેકલાલ મુનશી

ટ્યુશન—કેળવણી

માપબંધી અને પુરવઠા વિશે ઊંડું જ્ઞાન ધરાવનાર સેવાભાવી શિક્ષકો જોઈએ છે. પુરસ્કાર તરીકે, શિક્ષકનું પોતાનું કે તેના અંગત સગાંનું બીઝનેસ હશે તો જરુરી 'કવોટા'ની વ્યવસ્થા કરાવી આપશું. અગાઉના અનુભવો અને સર્ટિફીકેટો સાથે અરજી કરો.

સેક્રેટરીએટ
મુંબઇ

લગ્ન-વેવિશાળ

સરકારી ઉચ્ચ હોદ્દા પર બિરાજતા અને માસિક પાંચ હજારથી વધુ આવક ધરાવનાર આધેડ વયના ગૃહસ્થને ભણેલી, સંસ્કારી, રૂપાળી, વાન અને ખાનદાન કુટુંબની, 'આવડત' જોઇએ છે. વિધવાને પ્રથમ પસંદગી. ફોટા સાથે વિગતવાર લખો પત્રવહેવાર ખાનગી રહેશે.

બાક્સ નં. ૪૬૦
C/o. 'જીવન-પ્રકાશ' (૧૨)

R

જોઇએ છે

નીચે જણાવેલી લાયકાતો ધરાવનાર છોકરા—છોકરીઓની માપબંધી ખાતામાં તાકીદે ભરતી કરવાની હોઇ, અરજીઓ માગવામાં આવે છે:

માપબંધી કચેરીઓમાં દરરોજ લાગતી પાંચસો કે તેથી વધુ માણસોની હાર કે જેમને બિલકુલ કામધંધા નથી, વરસાદ અને તડકા સહી શકે તેવી જડ તબીયત છે, ચારથી પાંચ કલાક ખડે પગે ઉભા રહી શકે તેવા મજબૂત બાંધા છે, એટલા કલાક ઉભા રહ્યા પછી પણ વારો ન આવે ત્યારે મન અને જીભ પર કાબૂ છે એવા માણસોની જરુરીયાતોની સંપૂર્ણાંશે, અર્ધાંશે કે અલ્પાંશે અવગણના કરીને—

જેઓ અંદરો અંદર રસની વાતો રેલાવી શકે, ચહેરાનો મેઇક અપ જાળવવા વારેઘડીએ અરિસો શોધ્યા કરે, નટ-નટીઓને પણ દુર્લભ એવા અંગમરોડ અને નખરા કરીને શારીરિક તેમજ માનસિક શ્રમ ન અનુભવે, અવ્યવસ્થિત વાળની લટને ચીંપીને પાછો ચોટલો લઈ શકે, ચોટલામાં વેણી બાંધવા માટે સુશોભનકારક વિનાસંકોચે સાથ લઇ શકે, પેણોસોથી સવાસો બગાસા ખઈ ખવરાવી શકે, નવાં રેશનકાર્ડો કઢાવવા આવનારનો દિવસ બગાડી શકે અને જૂના કાર્ડના અક્ષરો ન ઉકેલી શકવાને બહાને ઇન્સ્પેક્ટરો પાસે અવારનવાર જઈને આખરે રાત બગાડી શકે એવા ઉમેદવારોની જ જરૂર છે.

માપબંધી ખાતાની વડી કચેરી
મુંબઈ

—કાપો અને સાચવી રાખો—

?

શું? ક્યારે?
ક્યાં?

મહોબ્બતખાન
સોરઠ-સરકાર

બ્રિટિશ સામ્રાજ્યે પાસે જ, ઝીણાએ ધા નાખી છે કે—"વર્તમાન કોયડો ઉકેલવામાં અમને મદદ કરો !"

અમારા માનવંતા ગ્રાહકોને નૂતન વર્ષાભિનંદન

ઔદ્યોગિક મશીનરી

• લુબ્રિકેટીંગ ઓઇલ • • ડીઝલ એન્જિનો •
• ગનમેટલ, વ્હાઇટ મેટલ • • દરેક જાતના પટા •
• હાઇસ્પીડ ટુલ સ્ટીલ • • બોસના એટમાઇઝર •
• બેરીંગ, કોલટાર • • બોસના ફ્યુલ પંપ •

— મીલ-જીન, મોટર અને મશીનરીને લગતા તમામ સામાન માટે —

કોકિલા ટ્રેડીંગ કું. કૉલેજ રોડ, **રાજકોટ** [કાઠિ.]

[મેસર્સ બર્ઝમાયર બ્રધર્સ લિ૦ અને બોશ કું.ના એજન્ટો તેમ જ
સ્ટેન્ડર્ડ વેક્યુમ ઓઇલ કંપનીના ઓથોરાઇઝ્ડ ડીસ્ટ્રીબ્યુટર્સ]

— તમારી જરૂરિયાતો માટે લખો યા મળો —

શ્રી ગંધીબાબાના ચમત્કાર

[સંપાદક : શ્રીયુત ડાહ્યાલાલ હ. જાની]

સ્વ. મહામહોપાધ્યાય પં.શ્રી ગોપીનાથજી કવિરાજે, (એમ. એ., પ્રિન્સિપલ ગવર્નમેન્ટ સંસ્કૃત કોલેજ, કાશી,) બંગાળીમાં 'શ્રી શ્રીવિશુદ્ધાનંદ પ્રસંગ' નામે પાંચ ભાગમાં એક મહાગ્રંથ રચ્યો છે; તેમાં તેમણે સૂર્યવિજ્ઞાની શ્રી ગંધી બાબાજીની ચરિત કથા, તત્ત્વકથા અને લીલા કથામાં સ્વામીજી સંબંધી ઘણી વાતો વર્ણવી છે. તેમાંથી શ્રી ગંધી બાબાના વૈજ્ઞાનિક ચમત્કારો અત્રે આપવામાં આવે છે.

ઘણા દિવસ પહેલાની વાત છે કે જ્યારે મહાપુરુષ પરમહંસ શ્રી. વિશુદ્ધાનંદજી મહારાજનો મને પત્તો મળ્યો હતો અને ત્યારે મેં એમના સંબંધમાં ઘણી અલૌકિક શક્તિની વાતો સાંભળી હતી. એ વાતો એટલી બધી અસામાન્ય હતી કે એના ઉપર કોઈ એકાએક વિશ્વાસ ન કરી શકે. તો પણ

'અચિંત્ય મહિમા ખરે યોગીઓનો.'

અચિંત્ય મહિમાન : ખલુ યોગિનઃ

એ શાસ્ત્રવાક્ય ઉપર હું વિશ્વાસ કરતો હતો. દેશવિદેશના પ્રાચીન અને નવીન યુગના વિવિધ સંપ્રદાયોના વિભૂતિવાન યોગીઓ અને સિદ્ધમહાત્માઓની કથાઓ વાંચતો તેમાં બનેલા ચમત્કારોમાં મને વિશ્વાસ હતો તો પણ આજે ય આપણી વચ્ચે આવા યોગી મહાત્મા વસે છે એ વાત નજરે જોનારાઓના મ્હોંથી સાંભળવા છતાં બરાબર ગળે ઉતરતી નથી. એથી મારો સંદેહ ટાળવા અને ઉત્સુકતા પૂરી કરવા સારુ હું એક દિન મહાપુરુષના દર્શને ગયો.

હું સ્વામી વિશુદ્ધાનંદજીના દર્શને ગયો ત્યારે સાંજનો સમય હતો. સૂર્યાસ્તને થોડી જ વાર હતી. મેં જઈને જોયું તો ઘણા ભક્તો અને દર્શનાર્થીઓની વચ્ચે એક જુદા આસન ઉપર એક સૌમ્ય મૂર્તિ મહાપુરુષ વ્યાઘ્રચર્મ ઉપર વિરાજમાન થયા હતા. એમને સુંદર લાંબી દાઢી હતી. તેજસ્વી વિશાળ આંખો હતી. પાકટ ઉમ્મર હતી. ગળામાં સફેદ જનોઈ હતી. શરીર ઉપર કાષાય વસ્ત્રો હતાં. અને પગ પાસે ભક્તોએ ચઢાવેલાં પુષ્પ અને પુષ્પમાળાઓનો ઢગલો હતો. બાજુમાં એક સ્વચ્છ કાશ્મીરી રેશમના ટૂકડાથી બાંધેલું કોઈ ખાસ ગોળ યંત્ર હતું.

મહાત્માજી એ સમયે યોગવિદ્યા અને પ્રાચીન ઋષિવિજ્ઞાનનાં ગૂઢતમ રહસ્યો ઉપદેશના રૂપમાં બતાવી રહ્યા હતા. થોડોક સમય એમનો ઉપદેશ સાંભળતાં જણાયું કે એમનામાં અનન્ય-અસાધારણ વિશેષતા છે. કેમકે એમની દરેક વાત પર એટલું જોર હતું કે જાણે તેઓ પોતાની અનુભવસિદ્ધ વાત કરી રહ્યા છે. માત્ર શાસ્ત્રોનાં વચનો જ ગખડાવતા નથી એમ જણાતું હતું. તેઓ પ્રસંગ પર એમ કહેતા રહેતા કે શાસ્ત્રની બધી વાતો સત્ય છે. જરુર પડ્યે કોઈ પણ વખતે યોગ્ય અધિકારીને હું બતાવી પણ શકું છું. એ સમય 'જાત્યન્તર પરિણામ'—એક વસ્તુને બીજી વસ્તુમાં ફેરવી નાખવાની વાત ચાલતી હતી. તેઓ સમજાવતા હતા કે જગતમાં સઘળે જ સ્થળે સત્તા માત્ર રૂપમાં સૂક્ષ્મભાવથી સઘળા પદાર્થ હોય જ છે. પરન્તુ જેની માત્રા (પ્રમાણ) વધુ સ્પષ્ટ થયું હોય છે તે તે રૂપે જણાય છે. જેનું એનું રૂપ સ્પષ્ટ થયું નથી હોતું તે જણાતું-જણાઈ શકતું નથી. એથી એની વ્યંજનાની ખૂબી જાણી લેવાથી હરકોઈ જગ્યાએ હરકોઈ વસ્તુ પ્રગટી શકે છે. અભ્યાસયોગ અને સાધનાનું આ મૂળ રહસ્ય છે.

આપણે વ્યવહાર જગતમાં જે પદાર્થને જે રૂપમાં ઓળખીએ છીએ તે તેની સાપેક્ષિક સત્તા છે. તે કેવળ આપણે જે રૂપમાં તેને જોઈએ છીએ તે જ તે છે એવું કોઈએ સમજવું જોઈએ નહિ. લોઢાનો ટૂકડો કેવળ લોઢું જ છે એવું કાંઈ નથી. એમાં સમસ્ત પ્રકૃતિના પદાર્થો અપ્રકટ રૂપમાં ભરેલા પડ્યા જ છે, પરંતુ તેમાં લોઢાપણું વિશેષ હોવાથી બીજા બધા જુદા જુદા તમામ ભાવ એમાં વિલીન થઈને—

સુપ્તાવસ્થામાં રહેલા જ છે.' તેમાંના કોઈ પણ વિલીન–સુપ્તભાવને (જેમ કે સોનું- રૂપું) જગાડવામાં આવે અને એની માત્રા (પ્રમાણ) વધારી દેવામાં આવે તો તેનું લોઢાપણાનું આટલું રૂપ પ્રસુપ્ત બની જશે. અને સોનાનો ભાવ જાગ્રત થઈ પ્રબળ બનવાથી વસ્તુ પાછી સોનાનાં નામ અને રૂપથી ઓળખાશે અને વપરાશે.

બધે ય આ પ્રમાણે સમજવું જોઈએ. ખરી રીતે લોઢાનું સોનું નથી થયું, લોઢું તો છૂપાઈ ગયું તેમાં લપાઈને સૂઈ ગયું અને તેમાંનો સોનાનો ભાવ અવ્યક્તતા–ગુપ્તતા હઠવી પ્રકાશિત બન્યો. જો કે સામાન્ય નજરથી લોઢાનું સોનું થયું એમ જણાશે પણ ખરી રીતે એમ બન્યું જ નથી. યોગશાસ્ત્ર આને 'જાત્યન્તર પરિણામ'—પદાર્થ વિનિમય કે પદાર્થ પરિવર્તન કહે છે. પતંજલિ કહે છે કે પ્રકૃતિના 'આપૂરણ'થી પરિવર્તન બને છે. એક વસ્તુ બીજી વસ્તુ આ રીતે બની રહે છે. એ કેમ બને છે, તે પણ યોગશાસ્ત્રમાં બતાવ્યું છે. (આનું ઊંડું રહસ્ય જેને સમજવું હોય તેણે કલ્યાણના યોગાંકમાં શ્રી. વ્યાસ ભગવાન અને પતંજલિના સિદ્ધાન્ત પાનું ૭૪૭–૪૮ ઉપર જોવા જોઈએ.)

થોડીક વાર જિજ્ઞાસુ રૂપે મે પૃચ્છપરચ્છ કર્યા પછી એમણે મને કહ્યું: 'તમને એ હું કરી બતાવું છું.' એટલું કહીને એમણે આસન ઉપરથી એક ગુલાબનું ફૂલ હાથમાં લઈને મને પૂછ્યું; 'બોલો, આને કયા રૂપમાં બદલવું છે?' ત્યાં જૂઈનું ફૂલ ન હતું. એથી મેં એમને જૂઈનું ફુલ બનાવી દેવાનું કહ્યું. એટલે એમણે મારી માગણી માન્ય રાખીને ડાબા હાથમાં ગુલાબનું ફૂલ રાખી તેના ઉપર જમણા હાથથી પેલા સ્ફટિકયંત્રથી વિખૂટાં સૂર્યકિરણોને એના ઉપર કેન્દ્રિત કર્યાં, એટલે એમાં ક્રમે ક્રમે ફેરફાર થતો મેં જોયો. પહેલાં એક લાલ આભા–પ્રકાશ દેખાયો! ધીરે ધીરે તમામ ગુલાબનું ફુલ વિલીન થઈ અવ્યક્ત બની ગયું! અને એની જગ્યાએ એક તાજું નાનું ખીલેલું ફુલનું ઝુમખું જણાયું. કૌતુકવશ બની એ જુઈના ફૂલને હું મારે ઘેર લાવ્યો હતો.

એ ફૂલ ઘરે લાવવાનું કારણ એ હતું કે આંખથી જોવા છતાંય એ વખતે ગુલાબમાંથી જૂઈ કેમ બની ગઈ એ મને સમજાતું ન હતું. મને થતું એમાં મારો દૃષ્ટિભ્રમ તો નથી ને? અગર નઝરબંધી–મેસ્મેરિઝમને (સંમોહની વિદ્યાને) તાબે થઈને જૂઈ–ફૂલ ન હોવા છતાં હું એને જૂઈફૂલ રુપે તો દેખતો નથી ને? લોકો દૃષ્ટિભ્રમ, ભ્રમણા અને નજરબંધી (ઓપ્ટિકલ ઇલ્યુઝન, હેલ્યુસિનેશન, હિપ્નોટિઝમ) જેવા શબ્દોથી આવા મર્મો સમજાવવા મથે છે. તેઓ અજ્ઞાની છે. કારણ કે મેસ્મેરિઝમ, નજરબંધી, તીલસ્માતી જેવા પ્રયોગોથી જે દેખાય છે તે માત્ર ભાસરુપ (પ્રાતિભાસ) હોય છે. સ્થાયી નહિ. તે લૌકિક વ્યવહારમાં ટકી શકતી નથી.

વ્યવહારની સૃષ્ટિ તો જાદુઇ સૃષ્ટિથી જુદી જ છે, સ્વપ્ન અને જાગૃત અવસ્થામાં જેવા ભેદ છે તેવા ભેદ ભાસની (પ્રાતિભાસિક) અને વાસ્તવિક (વ્યવહાર) સૃષ્ટિમાં ભેદ છે. એ જપાપુષ્પ જાગૃત–વ્યવહાર સૃષ્ટિના જપાપુષ્પના જેવું જ હતું! જોનારના દૃષ્ટિભ્રમથી આભાસ માત્ર ન હતું! એ ફૂલને મેં ઘણા દિવસ સુધી મારી પાસે પેટીમાં ઘણા ભાવ અને કાળજીથી–સાચવ્યું હતું અને લોકોને બતાવ્યા કરતો. ઘણા દિવસો વીત્યા પછી એ ફૂલ સુકાઇ ગયું.

સ્વામીજીએ કહ્યું: જેમ ગુલાબનું ફૂલ પલટાઈ તેમાંથી તમો સઘળાની નજર સામે જપા પુષ્પ બની ગયું તેમ સમસ્ત જગતમાં પ્રકૃતિનો ખેલ બની રહ્યો છે. જે આ ખેલના તત્ત્વને કોઇકે ય સમજે છે તે જ જ્ઞાની છે. અજ્ઞાની આ કુદરતનો આ ખેલ–માયા–લીલાથી મોહિત બની આત્મવિસ્મૃત બની જાય છે. આત્માને–અંતરમાં બેઠેલા મહાતત્ત્વને વિસરી જાય છે. આ રીતે વિજ્ઞાન વિના વાસ્તવિક યોગપદ પર પહોંચી શકાતું નથી.

મેં (પં. ગોપીનાથજી) પૂછ્યું: 'ત્યારે તો યોગીને માટે શું સહુ કાંઈ સંભવિત છે?' એમણે જવાબ આપ્યો: 'ચોક્કસ, જે યથાર્થ યોગી છે તેના સામર્થ્યની કાંઇ હદ નથી. શું થઇ શકે અને શું નહિ એની કાંઈ સીમા જ નથી. પરમેશ્વર તો આદર્શ યોગી જ છે ને? એમના સિવાય મહાશક્તિની પૂરી ભાળ કોઇને નથી, કે નથી થઇ શકતી. જે નિર્મળ બનીને પરમેશ્વરની શક્તિ સાથે જેટલો જોડાય છે એનામાં એટલી એ શક્તિ સ્ફૂરે

છે. ઇશશક્તિ સાથેનું જોડાણ–યોગ કાંઈ એક દિવસમાં નથી થઈ જતો–એ તો ક્રમે ક્રમે થાય છે. એથી શુદ્ધિના તારતમ્ય અનુસાર શક્તિનું સ્ફુરણ પણ વધુ–ઓછું થાય છે. શુદ્ધિ કે પવિત્રતા જ્યારે સારી રીતે સિદ્ધ થાય છે ત્યારે ઇશ્વરના સાંનિધ્યની પ્રાપ્તિ થાય છે. ત્યારે યોગીની શક્તિની કોઇ સીમા રહેતી નથી. એને માટે અસંભવ પણ સંભવ બની જાય છે. 'અઘટિત ઘટના પટીયસી' ન બન્યું બનાવી દે તેવી કુશળ માયા એની ઇચ્છા ઉત્પન્ન થતાં જ એને પૂરી કરી દે છે.

મેં ગંધીબાબાને પૂછ્યું: 'આપે આ ફૂલનો ફેરફાર આપના યોગબળથી કર્યો કે કોઇ બીજા ઉપાયથી?' સ્વામીજીએ કહ્યું, 'ઉપાય માત્ર યોગ છે: બે વસ્તુઓને એકઠી કરવી તેનું નામ યોગ છે. અલબત્ત યથાર્થ યોગ તો આથી જુદો જ છે. હમણાં મેં આ ફૂલ સૂર્યવિજ્ઞાનથી બનવ્યું છે. યોગબળ કે શુદ્ધ ઇચ્છાશક્તિથી પણ સૃષ્ટિ આદિ સહુ–કાર્ય થઇ શકે છે. પરન્તુ ઇચ્છાશક્તિનો પ્રયોગ ન કરતાં, વિજ્ઞાનની કુશળતાથી પણ સૃષ્ટિ આદિ કાર્ય થઇ શકે છે.'

મેં પૂછ્યું 'સૂર્ય વિજ્ઞાન શું છે?' એમણે કહ્યું, 'સૂર્ય જ જગતનો ઉત્પન્નકર્તા છે. જે માણસ સૂર્યનાં કિરણ અથવા રંગમાળાને સારી રીતે પીછાને છે, એને રંગોને (વર્ણો) શોધિત કરી, પરસ્પર મિશ્ર કરવાનું શીખી ગયો છે, તે સહજમાં બધા પદાર્થોનું સંઘટન કરી શકે છે. એ જુએ છે કે સહુ પદાર્થોનું મૂળ બીજ આ રશ્મિમાળા–કિરણમાળાના વિવિધ પ્રકારના સંયોગથી ઉત્પન્ન થાય છે, વર્ણભેદ–રંગભેદ કે વિવિધ વર્ણોના સંયોગભેદથી વિવિધ સ્થિતિ ઉપજે છે. એવી જ રીતે રશ્મિભેદ–જૂજવાં કિરણ–કિરણ અને જૂજવાં કિરણનાં મિશ્રણોથી જગતના જુદા જુદા પદાર્થો નીપજે છે ચોક્કસ આ સ્થૂળ દૃષ્ટિએ બીજ સૃષ્ટિનું એક રહસ્ય છે. સૂક્ષ્મ દૃષ્ટિએ અવ્યક્ત–અપ્રકટ ગર્ભમાં બીજ રહે જ છે. બીજ ન હોય તો આ રીતે સ્થિતિભેદ નીપજાવનાર ખાસ કિરણના સંયોગ-વિયોગને સાધે અને ઇચ્છાશક્તિ કે સત્ય સંકલ્પના પ્રભાવથી પણ સૃષ્ટિ સર્જન થવાનો સંભવ રહેતો જ નથી. આથી યોગ અને વિજ્ઞાન એક હોવા છતાંય એક રીતે બંન્નેનો જુદો જુદો ઉપયોગ થાય છે.

કિરણોને શુદ્ધરૂપે પીછાનીને એનો ઉપયોગ કરવો એ જ સૂર્યવિજ્ઞાનનો મુખ્ય ને મૂળ વિષય છે. જે એવું કરી શકે છે તે બધાં સ્થૂળ અને સૂક્ષ્મ કાર્ય કરવામાં સમર્થ હોય છે. સુખ, દુઃખ, પાપ, કામ, ક્રોધ, લોભ, પ્રેમ, ભક્તિ વગેરે બધી હૃદયની વૃત્તિઓ અને સંસાર પણ કિરણોના સંયોગથી જ પેદા થાય છે. એથી જ જે આ સંયોજન 'અને વિયોજનની રીત જાણે છે તે સહુ કાંઈ કરી શકે છે—તે નિર્માણ પણ કરી શકે છે અને નાશ (સંહાર) પણ કરી શકે છે. પરિવર્તનનો તો સવાલ જ નથી! આ સૂર્ય વિજ્ઞાન છે.

મેં પૂછ્યું, 'આપને આ સૂર્યવિજ્ઞાન ક્યાંથી મળ્યું? મેં તો ક્યાંય આ વિજ્ઞાનનું નામ સુદ્ધાં નથી સાંભળ્યું!' એમણે હસીને કહ્યું, 'તમે લોકો હજુ બાળક છો, તમો લોકોનું જ્ઞાન પણ શું છે? આ વિજ્ઞાન ભારતની જ વસ્તુ છે. ઉચ્ચ કોટિના ઋષિઓ આ જાણતા હતા. અને યોગ્ય ક્ષેત્રમાં એનો પ્રયોગ પણ કર્યા કરતા. અત્યારે પણ આ વિજ્ઞાનના પારદર્શી આચાર્ય ચોક્કસ હયાત છે. તેઓ હિમાલય અને તીબેટમાં ગુપ્તરૂપમાં રહે છે. મેં પોતે તીબેટના સીમાડે જ્ઞાનગંજ નામના ઘણા મોટા યોગાશ્રમમાં રહીને એક યોગી અને વિજ્ઞાનવેત્તા મહાપુરુષ પાસેથી દીર્ઘકાળ પર્યંત કઠેર સાધના કરીને આ વિદ્યા અને એવી જ બીજી પણ અનેક ગુપ્ત વિદ્યાઓ મેળવી છે. આ ઘણો જ જટિલ (ગુંચવણવાળો) અને કપરો વિષય છે. એની જવાબદારી પણ ઘણી ભારે છે. એથી આચાર્યગણ આ વિષય કોઇને એકાએક શીખવતા નથી.'

મેં પૂછ્યું, 'શું આ જાતની બીજી વિદ્યાઓ પણ છે?' એમણે કહ્યું 'છે નહિ તો શું? ચંદ્રવિજ્ઞાન, નક્ષત્રવિજ્ઞાન, વાયુવિજ્ઞાન, ક્ષણવિજ્ઞાન, શબ્દવિજ્ઞાન, મનોવિજ્ઞાન એવી ઘણી બધી વિદ્યાઓ છે. કેવળ નામ સાંભળીને તમે શું સમજશો? તમે લોકોએ શાસ્ત્રોમાં જે વિદ્યાઓનાં નામ જ સાંભળ્યાં છે તે અને તે ઉપરાંત પણ ન જાણે શું કેટલું બધું પડ્યું છે!'

[વધુ રસિક ભાગ આવતા અંકે]

કેટલાક સાહિત્યકારો


બ. ક. ઠા.
મુનશી
રામનારાયણ પાઠક
કરસનદાસ માણેક
શયદા
ગુણવંતરાય આચાર્ય
ધૂમકેતુ
જ્યોતીન્દ્ર દવે
સુંદરમ્

સાહિત્ય અને સંસ્કૃતિ

લેખકો માટે એકાન્ત

લેખક :
દી. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી
એમ. એ; એલએલ. બી.

થોડા દિવસ પર હું તા. ૧૬ મી ઓગસ્ટ સને ૧૯૪૭નું The New Statesman and Nation વાંચતો હતો. તેમાં A London Diary નામનો લેખ દરેક અંકમાં Critic નામના લેખકની સહીથી છપાય છે. એ લેખોમાંથી ઘણું જાણવાનું મળે છે. આ અમુક અંકમાં એ લેખકના એક મિત્ર જેઓ નવલકથા લખનાર છે. તેઓ પોતાના અનુભવનો લન્ડનનાં એક ધાંધલીઆ દિવસના ઘોંઘાટ ને કોલાહલનો–પરિચય આપે છે. ઓગસ્ટ માસમાં ત્યાં બેંકો તથા ઓફીસો વગેરે કેટલાએક દિવસ તહેવાર તરીકે પાળતી હોવાથી આખા શહેરની વસતી બહાર–દરીઆ કાંઠે–એકાન્તમાં સામટી નીકળી જાય છે. પગે, સાયકલ પર, મોટર સાઇકલ પર, લારીઓમાં અને મોટર કારમાં. જે ઘરમાં એ Critic રહેતો હતો તે ઘરની પાડોશમાં બહાર નીકળી જતી એ વસતીનો ઘોંઘાટ અસહ્ય હતો. એની લખવાની કલમ એના હાથમાં જ રહી ગઈ: કારણ, મગજ વ્યગ્ર હતું. કામ કરી શકતું ન હતું. પોતાની એ દશાનું વર્ણન કરતાં યૂરોપના ઝેકોસ્લોવેકીઆના પ્રદેશમાં લેખકોને કેવી રીતની રાહત આપવામાં આવે છે, તેનો પોતે ઉલ્લેખ કરે છે. ઝેકોસ્લોવેકીઆ (રાજધાની પ્રાગ) યૂરોપનો એક સુંદર અને બહુ આગળ વધી ગએલો દેશ છે. ત્યાં એક લેખકોનું (Association of writers) એ નામે એક મંડળ છે. તે મંડળના સભ્યોને શહેરોના કોલાહલને લીધે અભ્યાસ કરવાનું યા લખવાનું ફાવતું નથી. જર્મનીના પંજામાંથી છૂટયા બાદ ત્યાંની હકૂમતને એ મંડળે અરજ કરી, એટલે અધિકારીઓએ એક મ્હોટો કિલ્લા જેવો બંગલો જેના મૂળ માલિક જર્મની જોડે સહકાર સાધનારા હતા તેમની પાસેથી લઇ લઈ, તેને Writers' Castle–એવું નામ આપી મંડળને સ્વાધીન કરી દીધો. અને તેમાં રહેવાની, જમવાની સૂવાની, લખવાની દરેક સગવડ કરી આપી. પોતે એકલો યા પોતાના કુટુંબ સાથે કોઇપણ લેખક તેમાં આરામ લેવા માટે યા લેખ યા પુસ્તક લખવા માટે જઇ શકે છે. રોજનો ખરચ, જમવા સાથે ૧૦ શીલીંગ. આવી જ રીતે ત્યાંના પત્રકારો પણ પોતાને માટે એક આખું વસતી વગરનું પડેલું ગામડું મેળવી શકયા છે આપણા લેખકો યા નવા પત્રકારો હજુ એવું કમાતા નથી કે જેથી એકાન્ત માટે પોતાની ખાનગી યા અંગત સગવડ કરી શકે. લેખ યા પુસ્તક લખવા માટે એકાન્તની ઘણી જ આવશ્યકતા છે, એ નિઃસંદેહ છે. જૂના ઋષિ–મુનિઓ ને લેખકોએ ભારતમાં એકાન્તમાં જ પોતાનું કામ કર્યું છે. નદી–કિનારો, પર્ણકૂટી, જંગલ, વન, અને પર્વત પર તેમનો નિવાસ હતો. વ્યાસ અને વાલ્મીકિએ એકાન્તમાં જ પુસ્તકો રચ્યાં. હાલના આપણા લેખકોને પણ એવા જ એકાન્તવાસની જરૂર છે. પરદેશી અમલ આપણે ત્યાંથી ઉતર્યો છે. સ્વરાજ મળ્યું છે. આપણા પ્રધાનોમાંથી કેટલાએ, પોતે લેખકો છે, તો તેમની પાસે આવી જાતની સગવડ લેખકો, પત્રકારો અને એ દિશામાં કાર્ય કરનારા માટે માગીએ, અને તે માગણીનો સમભાવથી સ્વીકાર કરવા અરજ કરીએ તો તે અયોગ્ય નહિ ગણાય. આવી સગવડની ઘણી જરૂર છે; એનાથી દેશને, દેશના સાહિત્યને અને સાહિત્ય મારફતે દેશની ઉન્નતિને અને તેના ઉદ્ધારને ઘણું પ્રેરકબળ મળી રહેશે, એ નિર્વિવાદ છે.

મુંબઇ · તા. ૨૬–૯–૪૭



કુળવાનનું છોરું

લેખક : શ્રી. પુષ્કર ચંદરવાકર

* છેલ્લાં બે-ચાર વર્ષમાં લોકજીવનનું હાર્દ પકડી લોકબોલીમાં જ એને વ્યક્ત કરવાના કેટલાક પ્રયત્નો આપણે ત્યાં થયા છે. એકાંકી નાટકના સ્વરૂપમાં તે પ્રયાસોને વધુમાં વધુ સફળતા સાંપડી હોય તો તે શ્રી. પુષ્કર ચંદરવાકરની કૃતિઓમાં.—સંપાદક *

[ધર્મશાળાનો આગલો ઉઘાડો ભાગ. આગલા ભાગમાં ધર્મશાળાનો બુઢ્ઢો ચોકિયાત થાંભલીએ દેહ ટેકવી બેઠો બેઠો ચલમ ફૂંકી રહ્યો છે. એનાથી થોડો દૂર એક ખાટલો પડયો છે. ખાટલા ઉપર લૂગડે ઢાંકેલ એક શબ છે.

કૂતરાના ડાઉંકારા સંભળાય છે. ચોકીદાર જરા વધુ સ્વસ્થ અને ટટ્ટાર બને છે. મોંમાંની ચલમના ધૂમાડા કાઢીને ચલમને થાંભલી આગળ ટેકવી એની પડખે પડેલ લાકડી પર હાથ મૂકે છે, અને ચારે તરફ નજર અને ડોક બન્ને ફેરવે છે. ડાઉંકારા સતત સંભળાય છે.]

ચોકિયાત : મારો બેટ્ટો...ઓ દીપડા! ગામ પે'લાં તને વાતની ગંધ આવવાની. ડાઉં. .ડાઉં...ડા. .ઉં... મંડયો જ છે. છાનો મર...તારા મોં સુધી આવે એવું આ માનવી નથ, ઈ તો કૂવે કીમ પડી ઈ ઉપરવાળો જ જાણે, બાકી ઈને શું દઃખના નીંભાડે ભારી'તી તે કૂવો—અવાડો કરે? (પગી આવે છે.)

પગી : કાં, (ચમકીને) આ શું? ખાટલો ચૂવે છે? માથે માનવી સૂતો હોય એવી માથાથી પગ સુધીની કોણે સોડય તાંસી છે?

ચોકિયાત : ચલમ તો લ્યો. રાત્ય ભાંગ્યા કેડે ભાલા જેમ આંયાં જ ખોડાયો છું. શું આજનો વાયરો, જાણે ઘોયરો* ઘોરતો હોય. ને ઈમાં આ તડકો ચડયો તોય આટલો ઠાર, તારે ભાંગી રાતે તો...ગોળાના પાણી ઠરી હિમ...ઈ ટાંકણાનો ગુંડલું વળી, મટકું માર્યા વગર, ખડગ શાનો આ માનવી સાચવી બેઠો છું.

પગી : (ચલમની સટ લેતાં.) ઓલ્યા ભવનું લેણું હશે.

ચોકિયાત : પગી, નેમાશેઠે ધરમશાળા અને આ વાવ બંધાવ્યાં પૂન્ય માટે જ તો! પણ ગામથી તરછેટે રાખ્યા 'તાં આવા દુઃખિયા માણસ ઈને ભૂરવા બેઠા, વાવમાં એ પડનારી ભાગ્યશાળીના ઘરની વહુ. રૂખીબા મે'તીની વહુ. ઈમના રમણની વહુ. ઓલ્યો રમણ. ઈમાં આંખ્યું તાણી રમણને સંભારવાની શી...વકીલ બાલીસ્ટરનું ભણવા અમદાવાદ...હજુ બેચાર દિ' મોર્ય રજા પૂરી થાતાં ગિયો ઈ. ધરમશાળાને ધસઈને ટેશનનો એકામારગ...ને મેં આ સગી આંખે જોયો'તો.

પગી : તે રૂખીબેન મે'તીને વાવડ કે'વરાવ્યા?

ચોકિયાત : દાનો ભગત ઈના ખાંડાને એ એવી નીસહાના કાંઠે રેઢું મેલી પોડતો ગામમાં ગિયાને ય એનં[1] વાર થઈ, ઈ કૂવામાં ખાબકી ને દાના ભગતે ભફકારો સાંભળ્યો. વાંહોવાંસ વાવમાં ઈ ખાબક્યો, પણ ખોળામાં પાણકા ભરીને પડી, તે ફરીવાર ઉપર નો આવી, તે નો જ આવી. રામ જાણે, શાં દઃખ હશે, નઈ તો કંઈ જીવ જેવા જીવને ઈમ ચપટીમાં ચોળી

* એક પખી

1 ઘણી.

નાખે? નઈ જીવતું હોય તારે જ બોબો માણુંકે ભર્યો હશે ને!

પગી: ઇ તો ઉપલ્યો જાણે.

ચોકિયાતઃ મારી આંખ્ય આગળથી ખસતી જ નથી. આહદરા દિ' મોર્ય રમણુ ને ઇ ટેશનના કેડેથી આવતાં 'તાં, રૂપાળા સવારના પો'રમાં, કલ્લોલતાં. બાહ્ય માથે તડકો શું રૂપાળો લાગતો, જાણે કાંસાની તાંહળીનાં તેજ વછૂટ્યાં. ધીમી ધીમી ચાલ્યે મલપતી આવતી'તી, કાંખમાં ચાર-પાંચ વરહનું કુકડીના ઈંડા જેવું છોકરું... મેં તે દિ' નીરખી નીરખીને ઈનું મોં જોયું. તારે જ વહુવારુ માણહને મેં ઓળખી. નઈ તો આપણુ કયાં ઓળખી. ઇ તો લાજનો ઘૂમટો કાઢે. આ નિશાળ તો તમારા પા'માં ને! સાસુવઉને કંઈ બોલચાલ...તમારા જ મેતિયે નિશાળનું મોતિયું. રૂખીબોન મે'તી નિશાળમાં જ રે' છે, કાં?

૧ ઘેરી.

કમલ બીટર ખસ

[ગુલાબી મલમ]

ખસ, ખુજલી, ખરજવું, દરાજ, ગુમડાં, બાળકોનાં ચેપી અને રતવાનાં ચાંદાં, હરસમસા, મચ્છરના ડંખ, અસ્તરો ઊડવો, મોંહાના ખીલ, અને દાઝ્યા ઉપર સારી અસર કરે છે. ખરીદ કરતી વખતે 'કમલ બીટર ખસ' બરાબર વાંચી ખરીદ કરશો.

દરેક દવાવાળા અને ગાંધી પાસેથી મળશે.

જથ્થાબંધ માટે લખો:

કમલ પ્રોડક્ટસ, નડિયાદ

પગીઃ હં. પણુ હોઠ ફફડ્યો ય સાંભળ્યો નથી. ઉલટી વઉ તો ડયાગરી કે'વાતી'તી.

ચોકિયાત: (વિમાસણુમાં પડીને) તારે તો રામ જાણે! નેમા શેઠે વાવ પૂરાવી જોશે, ભોગ જ લે છે, ઇમ જ કે!

પગી: પણ ગામમાંથી તારે હજી કોઇ કળાયું કીમ નઈ? પંચ કરવું જોશે, તારે તારી જુબાની લખાવવી....

ચોકિયાતઃ ઇ સંધી ય મરેલ માનવીનાં મડદાં ચૂંથવાની વાતું છે, કાગળિયાં કર્યે ઇ કંઇ પાછું નથી આવવાનું. શું કામ મફતનાં તમે ય...પગી! તને થાશે કે આ એકને એક વાત વળીવળી[1] કયાં માંડતો હશે? પણુ મારી નજરમાંથી ઇ મોં ખસતું નથી. તેં તો મોં નઈ જોયું હોય. મોં માથેથી ગા'ની જણી લાગે. એક કોર રૂપ, બીજી કોરથી ગુણ.

(પવનનો વાયરો આવીને ફટ દઇને ચમના મોં પરથી લૂગડું ઉડાડી જાય છે. ચોકિયાત ઊભો થઈ જાય છે. અને સ્તબ્ધ બની વારે નજર નાખતો સીમ તરફ જોઇ રહે છે.)

પગી: કાં કોઇ આવતું કળાય છે? પંચનું રાવણું[2] હશે. મુખી, પંચના બેત્રણ માણહ...હારે ગામના ડા'પણુદાર આદમી...દવાખાનાનો ડાક્ટર...

ચોકિયાત: ડાક્ટર આવી હવે આને ઇ શું જીવાડતો'તો? ઇ જીવતાને જીવાડે તો ય બસ છે.

પગી: બડખું[3] કાં બોલ?

ચોકિયાત: બડખું નો બોલે, તારે શું? આવળનાં ફૂલ જેવું માનવી આમ જોતજોતામાં જાય પ્રમાં પછે જીવ ડાક્ટર તો શું, પણ સાત ડાક્ટરે ય લાવે, ઇમ તું માન છ? ભણેલગણેલ વન્યા ભગવાને ય રોડવી[4] લેતો નથી. ભગવાને જીવતી રાખવા ઇને લીધી હશે, તું ય સાવ નાંખી દેવા જેવી વાત કરછ! આવી ડાક્ટર માણસ પંડગે લાખ રૂપિયાનો. ઈની હું કંઇ ના પાડું છું? પણુ આ બઇ જીવતી નો ય! મોં સામે તો.

૧ ફરી ફરી ૨ મંડળી. ૩ આડું. ૪ રહાવી.

જો, ઇ જીવતી'તી તોરેય રૂપ જોયું'તું, અત્યારેય જોઉં છું, ઘણાં માણસ મર્યાં કેડે રૂપ કાઢે છે. હવે ઝાઝી વાત નઇ. રૂખીમા મા નાખતી આ આવી. અધગડે ધરતી. કાપી ઊભાગણું* લોઇ નાખતી.

પગી : રાખી છે પેટની જણી જેમ.

ચોકીયાત : (ખિન્ન મોંએ) કરમની શી ખબર પડે ? કરમે ફૂંડાળે નાખી હશે.

(રૂખીબેન પ્રવેશે છે. વિધવાને અનુરૂપ-તેમનો પહેરવેશ છે. સાથે શાળાના શિક્ષક છે. બંનેના મોં પર ખિન્નતા છે. પગી અને ચોકિયાત તેમની સામે નજર નાખી નજરને ઢાળી દે છે.)

રૂખીબેન : (સાથેના માસ્તરને સંબોધીને) ઘર બહાર ક્યારે નીકળી ગઇ એનું મને ભાનેય ન રહ્યું. રાતના સાડા અગીઆર સુધી તો બેઉ વાતો કરતા'તા. એનો છોકરોય ડાહ્યો થઈ સવાર સુધી સૂઈ......

માસ્તર : બે દિવસ પહેલાં સાંજે મેં દવાખાને જતાં ભાઈના વહુને......

રૂખીબેન : સાચી વાત. ભાઇના છોકરાની આંખો આવી છે. મોસાળેથી જ આંખો લઈને...આ શિયાળાની ટાઢ તો શું કરાય. ભરણુ તો ભરાય નહીં...આંખેં એખરો મૂક્યો, જાતે ટાઢો ને ! તોય આંખો ન મટી. આંખ્ય ઉઘડે નહીં, મને બીક લાગી, આંખ બંધ રહે છે, ને નથી ને કંઇ આંખના રતન રંધાઇ જાય તો ! ત્યારે નેમા શેઠના દવાખાને...આપણે ત્યાં દવાખાનું બીજું છે ક્યાં ? આ એ ડાક્ટર પાસે તમે કહો છો તે દિવસ સાંજે ગઇ.

માસ્તર : મેં જતા જોયા'તા (ચોકિયાત આ બંને ઊભાં છે ત્યાં ઓશરીના પડથાર પાસે આવી ઊભો રહે છે, પગી એની પાછળ પાછળ આવે છે.) લાજ કાઢી'તી તે આપણે તો શું...પણ બેન ! મરજાદવાળાં માવતરનું છોરું હોય એમ મને તો તે દિવસે લાગ્યું. ગામ ભલે દોઢ હજારની વસ્તીનું, તોય સામેથી નેમાશેઠના બાપ લાલાશેઠ આવ્યા, ત્યારે લાજ કાઢી પૂંઠ ફેરી વહુ ઊભાં.

ચોકિયાત : મરવું હોય એનામાં જ ડાંપણ હોય, મારા ભાઈ !

પગી : રૂખીમા ! તમે ને હું; થડોથડ રહીં, આપણાં વાસ વચ્ચે આડી એક ભીંત, પણ મેં કામડાં આથડતાં સાંભળ્યાં નથી, પણ આ......

ચોકિયાત : કરમે ભૂલાવી. બાકી કાલ સવારે ભાઈ વકીલ થઈ આવ્યો હોત, પછી ઇ મોટરની માણનારી......ઇને આગળનું નો સૂઝ્યું. આ તો દુઃખ રૂખીબેનને ન્યાં નથી, પણ હોય તોય કંઈ રૂખીબેન ભવોભવ તો માથે નથી ભાંગ્યા ને ! ઇના નશીબમાં ભાઇના સુખનો ભાગ નઈ માંડ્યો હોય. (ચોકિયાત માસ્તર તરફ ફરીને કહે છે) માસ્તરસા'બ ! કોક જીવ સમનેય પામી નથી શકતા, એવો આ જીવ હશે. બાકી રૂખીબેનના ઘરે ક્યાં છાણવાસીદું, ખેતરીમ, કે દૂઝણાંવાઝણાં કરવાના'તા ? ટાઢા છાંયાનું કામ, ને ઘઉં–ચોખાનાં રાંધણાં, દૂધે રાંધે, ને ઘીએ જ જમવાનું છે કે કંઇ બીજું ? બાકી તમારી તો......

(રૂખીબેન વાક્ય પૂરું થાય તે પહેલાં જ વચ્ચે જ બોલે છે)

રૂખીબેન : મારે મન તો મારા ઘરની લક્ષ્મી હતી. એનાથી હું ઉજળી, માસ્તર ! એ હતી, ત્યારે મારી પાછળ વાસ નાખનાર આવ્યો. મારે મન મારી દીકરી જેવી...મારે ક્યાં ઝાઝાં દીકરાદીકરી છે તે હું એના પર સાસુપણું કરું ? દીકરી વગરની માને દીકરીનીય ખોટ લાગે છે, એને જોઈ મને માને દીકરી પર આવે છે એવું હેત...

(આંખમાંથી ડળક ડળક આંસુ પડે છે)

માસ્તર: એ તો એમ જ છે ને ! રૂખીબા ! ભાઇના બાબાની તબીયતે કંઈ ચિંતા જેવું...

રૂખીબેન: ના. તમે એ સવાલ કેમ કર્યો ?

માસ્તર: તો તો કંઇ નહીં, પરમ દિવસની ટપાલમાં ભાઈનો કાગળ ટપાલે થયો.

* આડાઅવળા માર્ગે

ખીબેનઃ (વિચારમાં પડીને) ભઇનો કાગળ? ભલા એના ભાઇબંધ દોસ્તદારે...ભઇને ગયા હજુ ચાર દિવસ થયા, ને વહુ તો કાગળ ન લખે. એ ભણી'તી, પણ આજ સુધી કાગળ લખ્યો નથી, લખતી ય ન હતી, મેં આડરીને એને કાગળ લખવા કહ્યું હશે, બેચાર વાર. ત્યારે એ શરમાઇ જતી, આડું જોઇને ઊભી થઇ જતી. પછી એનો ય હોય. માનવીના પેટને કેમ કળી શકાય? પગી! મુખીને કહેવડાવ્યું તો છે, પણ... તમે ઉતાવળે જઇ...આમ વગડે, સીમાડે ક્યાં સુધી એને રાખી મૂકવું?

પગીઃ સામે કાંઠે ડાક્ટર આવતા કળાય છે. તારે હું જાઉં છું.

રૂખીબેન: એ ય એનાથી કરાય એટલા ઉપચાર કરી જુએ. બાકી ત્રણ ત્રણ કલાકથી ગયેલ જીવ પાછો તો ન જ આવે ને!

માસ્તરઃ પારકી છઠ્ઠીનો જાગનાર છે રાત હોય, મેઘલી મળી હોય, માથે મેઘ મંડ્યો હોય, પણ માંદાની વગર બોલાવ્યો ચાકરી કરવા, દવા કરવા, નાડય જોવા આ ડાક્ટર...

પગી: (જતાં જતાં) મારો જોગો, ઇ નો હોત તો નો બચત. (પગી જાય છે.)

રૂખીબેન: ઘરના બે પૈસે પોતે ઘસાય પણ ખરા! ડાક્ટર જેવો ડાક્ટર ગામને મળ્યો છે.

માસ્તર: એમ તો નેમાશેઠે માણસ જેવો માણસ ગોતી અહીં ગોઠવ્યો છે. (ડાક્ટર આવે છે. એના મોં પર ગંભીરતા, અને ખિન્નતા છે. આવીને તે આ લોકો વચ્ચે ઊભા રહે છે.)

ડાક્ટર: (ગંભીર મોંએ) મને દવાખાને ખબર પડી, કૂવામાંથી...

રૂખીબેન: (વચ્ચે જ) બે અઢી ત્રણ કલાક થયા.

ડાક્ટર: વહેલું કહેવડાવ્યું હોત તો......

રૂખીબેન: મરતા સુખદુઃખમાં ભાગ નહીં મંડાવ્યો હોય.

ડાક્ટર: એ તો જુદી વાત છે. પણ મૃત્યામણ.... પ્રશ્નો.....રૂખીબેન, મારા અને તમારા જીવ

ચાહ બનાવો એટલી સહેલાઇથી

પૂરેપૂરી ખાત્રીવાળું તદ્દન પ્યોર, મધુર ખુશબોવાળું અને સસ્તું

• હેર ઓઇલ •

બની શકે છે

ફક્ત દસ મિનિટમાં 'ખંભાતવાળાની પડી' થી

• આંબળાં બ્રાહ્મી કે મેંદીનું તેલ તૈયાર થાય છે •

જાણીતા ગાંધી અને સરૈયાને ત્યાં વેચાય છે

ખૂબ મળી ગયા છે ત્યારે એક વાત પૂછું ? તમને એનો સ્વભાવ કેવો લાગ્યો ?

રૂખીબેન : એમ કેમ ? એક સ્ત્રીના જેવો જ.

ડૉક્ટર : (ન સમજ્યો હોય એવા ભાવ મોં પર લાવીને) એ તો ખરું જ. પણ અતિશય લાગણીવાળું......

રૂખીબેન : જુવાન ખરી ને ! બાકી એના સ્વભાવમાં એની ત્રણ પેઢીનો જ સ્વભાવ હતો અને છે. એના દાદાને, એના બાપને અને એને; એ ત્રણ માટે હું એક જ શબ્દ વાપરીશ. સચ્ચાઇ અને શીલ એમના જ કુટુંબના. એવી સચ્ચાઈ બહુ ઓછી સ્ત્રીઓમાં હોય છે. તમારે ત્યાં એ પરમ દિવસે સાંજે...

ડૉક્ટર : (વચ્ચે જ) બાબાને લઈને, આંખો બતાવવા. બાબાની આંખો તો સારી થઈ જ જશે. એમાં જરાય ફીકર કરવા જેવું છે જ નહીં, મેં તો ત્યારે જ એને કહ્યું હતું. બાકી એ બહુ લાજમર્યાદ......બાબાને કયાં દુઃખ હતી, તે એનું દરદ એ મને કહે ? મેં બાબા માટે પૂછવા માંડયું ત્યારે એક શબ્દ પણ ન બોલે. આવું કેટલીક વાર......

રૂખીબેન : હં. આપણા સંબંધો બહુ નિકટના છે ને ! માટે લાજમર્યાદા, શરમ, અદબ, બધું જાળવવું તો જોઈએ જ.

ડૉક્ટર : આટલી બધી હદ સુધી ? ને હું કહું છું કે આપણે એવી લાજ શરમ, વર્તન..... શી જરૂર છે ?

રૂખીબેન : તે દિવસ રાતે તેને ખૂબ મોડું...થયેલું, ખરું ને ?

ડૉક્ટર : તમે જુઓ છો ને ! બહુ આબરૂ કાઢવામાં ય દુઃખ છે. ગાડાની હારની હાર દવાખાનાના દરવાજે થાય. એમનું પતાવીને મેં બાબાને... એમાં એની આંખે ચીવટથી જોવાની જરૂર લાગી. રાતના આશરે નવેક.....

રૂખીબેન : તમે વહુનું પંડયનું શરીર તપાસ્યું..... કર્યું 'તું ડાકટરસાહેબ ? દુનિયા ગમે તેમ માને, પણ હું તો દીકરી ગુમાવી બેઠી છું, એટલી બધી જાતવંત, કે તે દિવસે રાતે એના મોં પર દુઃખ હતું. આંખો રાતી હતી. માથા પર હાથ પડયો, ત્યારે એ ધગધગતું હતું. અને તો ય ગઇ કાલે મરે એટલું કામ કર્યું. પરમ દિવસ રાતથી એનું મોં કરમાઇ ગયું હતું. તમારા દવાખાનેથી આવ્યા પછી...મોં સામે જોયું ય ન જોવાય...હવે કલાક બે કલાક પછી તો એ જોવા ય કયાં સાત ભવેય મળવાનું હતું ?

ડૉક્ટર : બાબાની આંખે...? ગઇ કાલે તમે કે એ; બેમાંથી કોઇ ન આવ્યું.

રૂખીબેન : ગઇ કાલ આખો દિવસ એણે કામ...... કામ...ને કામ...એમાં વળી જયાં ગઇ કાલ તમારા દવાખાનાનું મેં નામ દીધું ત્યાં તો મોં ફેરવી એકવાર આડા કામે વળગી, ને બીજીવાર આડી વાતે. બીજું તો શું, પણ એનાં મનમાં બીક કે હું ગઇ તો ડાકટર મને ય દવા વળગાડશે, કલાક દોઢ કલાક ખોટી કરશે. એમાં વળી આ માસ્તર કહે છે કે ભાઇના નામનો કાગળ ટપાલમાં હતો. મેં નથી લખ્યો, એને લખવાની આમાં નવરાશ કયાંથી સાંપડી હોય ! માસ્તર ? એ તો ભાઇના કોઈક ભાઇબંધે લખ્યો હશે.

ડાક્ટર : (જરા વિચારીને) એણે પણ લખ્યો હોય.

રૂખીબેન : શા કાજે ? એનાં દુઃખસુખની વાત ?

ડાક્ટર : એમ પણ હોય, અથવા એના બાળકની ભલામણ. એની ય ના કહેવાય ?

માસ્તર : હું ય એ જ કહું છું. મને તો સ્ત્રીના અક્ષરો લાગ્યા. બાળકની ભલામણ હોય આમન્યા તોડીને...... .

ડાક્ટર : એમ પણ કેમ મનાય ? તમારા તરફથી એને સુખ હતું, એમ હું નીકળ્યો ત્યારે દવાખાને સૌ લોક બોલતું'તું. મેં પણ રૂખીબેન ! નજરે જોયું છે કે એ તમારામાં સુખી હતી. પણ તો પછી એને આયુષ્ય તોડવું...અમદાવાદ પતિને કાગળ લખવો...તે ય આમન્યા તોડીને...એને આ સિવાય બીજું કંઈ દુઃખ હોય, એના પતિ સિવાય અન્ય આગળ ન

કહી શકાય તેવું...મારું ચિત્ત બીજો યે તર્ક ઉઠાવે છે, ભાઇનું પોતાનું...શહેરમાં રહેતા છોકરાને ગામડાની કન્યા...(રૂખીબેન ડાક્ટર સામે જોઈ રહે છે) રૂખીબેન! એ ન પણ હોય. એ સિવાય અન્ય પણ હોય.

રૂખીબેન: ડાક્ટરસાહેબ! મારા છોકરાના સંસ્કાર તો મેં...એ માનવા હું તૈયાર કેમ થાઉં?

[માસ્]તર: ગમે તે હોય, પણ એ વાત સાચી. આપણે ગૃહલક્ષ્મી ખોઇ...(ચોકીદારને સંબોધીને) ભાઇ! તું જરા મુખીને...(રૂખીબેન તરફ ફરીને) બેન! મોડું થશે તો આ શબ ફૂલી જશે. આપણે ઉતાવળ...પંચ...શબનો કબજો લેવો પડશે. (પગી આવે છે.)

[પ]ગી: બેન! મુખી અમદાવાદ ગીયા છે, તે આ ગાડીએ ઉતર્યા હોય તો જોગે, આવતા જ... આવતા જ શું આ આવ્યા.

(કેડા પર જતા મુખીને પગી સાદ દે છે.)

રૂખીબેન: ત્યારે તો ભાઇના સમાચાર.... (મુખી આવે છે. તે આ બધાને જોઇને સ્તબ્ધ થઇ જાય છે. રૂખીબેનને જોઇ તેમની પાસે જાય છે.)

મુખી: રૂખીબેન! ભાઈએ આ કવર....(રૂખીબેનના હાથમાં કવર મૂકે છે.)

રૂખીબેન: મુખી, પંચ કરવાનું છે.

મુખી: પંચ?

રૂખીબેન: (મુખીની ખાટલા તરફ આંગળીથી નજર ખેંચીને) ભાઇના વહુનું.

મુખી: હેં? વાત માન્યમાં ન આવે.. તમારા ઘરે આ શું?.

રૂખીબેન: પરમેશ્વર જાણે. હું તો મૂઝાઇ ગઈ છું. પણ તોય કાયદેસર થવું હોય તે... પંચ.

(રૂખીબેન કાગળ ઉઘાડે છે)

મુખી: પંચમાં આ ડાક્ટર સાહેબ.

રૂખીબેન: (કાગળ વાંચતા વાંચતા, મોં પર પરિવર્તન પામતા ભાવો, આશ્ચર્ય, ક્રોધ, કઠોરતા, અને અનુકંપા. કાગળ હાથમાંથી સરી પડે છે.)

હેં! હેં! હેં! સાચે જ! ખરેખર એમ! માન્યું મનાય એવું જરા યે ખરૂં? (બધા રૂખીબેનના સામે જોઇ રહે છે. એ લોકોને પરિસ્થિતિની નાજુકાઈ સમજાય છે. સર્વેનું ક્ષણ માટે મૌન. રૂખીબેન સ્તબ્ધ બની ઊભા છે.)

માસ્તર: રૂખીબેન! શી હકીકત....ભાઇના કાગળમાં.

રૂખીબેન: (કંપિત સ્વરે.) ભાઇ! કાગળ વાંચો. વહુના મોતનો ફોડ એમાં લખ્યો છે.

(માસ્તર નીચા વળી લે છે.)

માસ્તર: (કાગળ ખોલીને) આ તો ભાઇનો છે.

રૂખીબેન: ભાઇનો નહિ, એની સાથેનો બીજો વહુનો પોતાનો. એનો જ કાગળ.

મુખી: રૂખીબેન! ભાઇ મને મળ્યો ત્યારે એના ય મોં પર શાહી ઢળી ગઇ'તી.

(માસ્તર બીજો કાગળ ઉઘાડે છે, ને વાંચવું શરૂ કરે છે)

માસ્તર: સાધુપુરૂષનાં જીવનમાં ય એવી પળો આવે છે, જ્યારે સાધુ પુરૂષ પામર મનુષ્યથી ય બેદ બને છે, ત્યારે બિચારા આ ડાક્ટરનું તો શું ગજું? એવી પળે, ગઇ કાલ સાંજે બાબાની આંખો બતાવવા ગઇ ત્યારે, એકાંત જોઇને તે ભાન ભૂલ્યા, મારી છાતી પર હાથ...હું એમને મારો પરચો જરૂર બતાવી શકી હોત, શાંતિથી હું ચાલી નીકળી. હું તેમને હોહો કરી શકી હોત, પણ હું આબરૂવાનની કુળલક્ષ્મી અને દીકરી. હું ડાક્ટરને ખુલ્લા પાડવા જઉં તો મારું ય તેની સાથે કંઇક ખરાબ બોલાય. અને તોય મારે મારી નિષ્ઠા કુટુમ્બ પ્રત્યે, પતિ પ્રત્યે, માટે જ મેં આ માર્ગ લીધો છે. એમાં કોઇ દોષપાત્ર નથી. કાળ જ દોષપાત્ર. ડાક્ટર...ડાક્ટર...નથી જ.

ડાક્ટર: (અચકિયું ખાતાં) દોષપાત્ર નથી?

(સૌ સ્તબ્ધ બની ડાક્ટરની સામે જોઈ રહે છે)

પડદો*

---

* લેખકની અનુમતિ સિવાય કોઇ પણ પ્રકારનો ઉપયોગ કોઈએ ન કરવો.

"આંખો કા આકાશ"

મૂળ લેખક :
ડૉક્ટર રામકુમાર વર્મા
અનુવાદક :
"નિશાકચંદ્ર"

આ નાટિકામાં એક આધુનિક નવદંપતીના પાત્રાલેખન દ્વારા લેખકે મજેદાર માનસશાસ્ત્રીય છટાથી પ્રણય અને દાંપત્યના ભાવોનું વાસ્તવદર્શી નિરૂપણ કર્યું છે—સંપાદક

પાત્ર અને પરિસ્થિતિ :–

અવિનાશ : એક સુંદર નવયુવક, જેનાં લગ્ન ત્રણ માસ અગાઉ સુલેખા સાથે થયાં છે.

સુલેખા : એક સુંદર નવયુવતી, જેનાં લગ્ન ત્રણ માસ અગાઉ અવિનાશ સાથે થયાં છે.

સ્થાન : અલાહાબાદમાં ટાગોર–ટાઉન.

કાળ : યુનિવર્સિટિ–કૉન્વોકેશન દિવસની આગલી સાંજ.

(જગતનાં અનંત પ્રેમ અને આત્મીયતાની ઉષ્ણતા ભરેલો એક ઓરડો. રૂમની સજાવટમાં દાંપત્ય સુખના કિરણો અવ્યક્ત હોવા છતાં બધી વસ્તુઓને ચમકાવે છે. રેશમી પરદા. દીવાલ પર રાધા–કૃષ્ણ અને રોમિયો–જુલિયટના મિલન ચિત્રો અને પ્રકૃતિના કેટલાક સુંદર દશ્યો છે. ફર્શ પર ગાલીચો બિછાવ્યો છે. એક નવી ડીઝાઇનનો ડ્રોઈંગ–રૂમ–સુટ રેશમી કાપડથી આચ્છાદિત કરીને રૂમની વચ્ચે જ રાખેલ છે. વચમાં એક પોલિશ કરેલ અર્ધી–ડીઝાઈનની ટીપાય છે, જેના પર ગુલાબ અને ચમેલીના ફૂલો સહિતની ફૂલદાની છે. એક મોટી ઘડિયાળ દિવાલ પર છે. જેમાં સાત વાગ્યા છે. એની નીચે કેલેન્ડર છે, જેમાં સપ્ટેંબર માસ દેખાય છે.

રૂમમાં અવિનાશ અને સુલેખા છે. અવિનાશે રેશમી કફની અને ધોતી ધારણ કર્યાં છે. વિદ્યુત–પ્રકાશમાં અવિનાશની કફની ઉદય પામતા સૂર્યનાં કિરણોની જેમ ચમકે છે. મિલ્કક્રિનથી વાળ સમાર્યાં છે અને વસ્ત્રોમાં અત્તરનો છંટકાવ કરેલ છે. સુલેખાએ મલમલની બારીક સાડી અને લીલા રંગનું બ્લાઉઝ પહેરેલ છે. વાળમાંથી બનવાસુધી જેસ્મીનની સુગંધ આવે છે. અચ્છા અને નવી ડીઝાઇનના આભૂષણો, જેમાં મૂલ્ય કરતાં શોભાનો ખ્યાલ વધુ રખાયો છે, પહેર્યાં છે. આંખોમાં આછું અંજન અને કપાળ પર નાની કુંકુમ–ટીલડી. મુખ પર સંતોષભર્યું સ્મિત છે. હાથમાં એક સુવર્ણ–કંકણ છે જેમાંથી અનેક કિરણો નીકળે છે.

લગ્ન થયાં ત્રણ જ માસ થયા છે અને બન્ને નિર્બંધ સુખની નિદ્રાને અંગે સુસ્તી ભર્યાં જાગરણની અવસ્થામાં છે. બન્નેનાં સ્વપ્ન અને સત્ય ફૂલ અને કાંટા પર ઝુલતાં પસાર થાય છે.

સુલેખા સોફા પર બેસીને મોજા ગુંથે છે. એની દૃષ્ટિ સ્થિર અને નીચી છે. અને અવિનાશ કંઈક ગણગણતો રૂમમાં આંટા મારે છે.)

અવિનાશ : (ફરતાં ફરતાં ગાય છે)

તુમ્હારી આંખો કા આકાશ
સરલ આંખો કા નીલાકાશ
ખો ગયા મેરા ખગ અનજાન...

સુલેખા : (મોજાં ગૂંથતાં) શું ખોવાઈ ગયું?

અવિનાશ : (જરા જોરથી) ખો...ગયા...મેરા...ખગ... અનજાન.

(સુલેખા મૌન રહે છે અને ગૂંથવામાં તલ્લીન છે)

અવિનાશ : (અભિનય સાથે) કવિ કહે છે કે મારું મનરૂપી પંખી ખોવાઈ ગયું છે.

સુલેખા : એમ? પક્ષી ખોવાઈ ગયું? ક્યાં?

અવિનાશ : આંખોના નીલા આકાશમાં.

સુલેખા : આંખોમાં યે નીલું આકાશ છે?

અવિનાશ : આંખોમાં શ્યામ પુતળી છે ને? એ એટલી સુંદર અને વ્યાપક છે કે એમાં મનરૂપી પંખી ખોવાઈ ગયું!

સુલેખા : ઓહ! એ આંખોની પુતળી પણ બહુ મોટી ખરીને! આ કવિઓની લાંબી–ચોડી વાતોને તો શું કહેવું! પણ આંખોની પુતળી કાળી હોય છે, નીલી નહિં!

અવિનાશ: નીલી પણ હોઈ શકે છે.

સુલેખા : અંગ્રેજ કન્યાઓની હોય છે, કવિના લક્ષમાં એ વખતે કોઈ અંગ્રેજ કન્યા જ હશે.

અવિનાશ : સંભવ છે.

સુલેખા : સંભવ શું, ચોક્કસ જ. એ કવિ મહોદય કોણ છે?

અવિનાશ : કવિ? કવિ પંડિત સુમિત્રાનન્દન પંત છે.

સુલેખા : પંડિત સુમિત્રાનંદન પંત! વાહ, ઠીક એ તો બતાવો કે એ પેલા, અમારી જેમ લાંબા લાંબા વાળ રાખનાર કવિ તો નહિં?

અવિનાશ : હા, એ જ. તેં તેને જોયા છે કે શું?

સુલેખા : જોયા તો નથી. પરંતુ કોઇક પુસ્તકમાં એમની છબી જોઇ છે. મોટી આંખો, લાંબું નાક અને પાતળા હોઠ છે!

અવિનાશ : તેં તો ખુબ ધ્યાનથી એની છબી જોઈ લાગે છે.

સુલેખા : સાંભળ્યું છે કે તેઓ મોટા કવિ છે. જુઓને, તમને પણ એની કવિતાઓ યાદ છે!

અવિનાશ : હા, એ એક વખત અમારી હોસ્ટેલમાં આવ્યા હતા. મારે એમની સાથે ઓળખાણ થઇ ગઈ છે. એમણે આજે કવિતા મોટા અવા ગાઇ બતાવી હતી.

સુલેખા : ઠીક, પણ એ તો બતાવો કે એના લગ્ન થયા છે કે નહિ?

અવિનાશ : પોતાના લગ્ન થઇ ગયા એટલે તને બધાના લગ્નની ચિન્તા રહે છે.

સુલેખા : (લજ્જિત થઇને) ના, એટલે નહિં. હું તો અમસ્તી જ પૂછું છું કે એના લગ્ન થયા છે કે નહિં!

અવિનાશ : સાંભળ્યું છે કે નથી થયા!

સુલેખા : કેમ?

અવિનાશ : એ તો મને શી ખબર! જેવી જેની ઈચ્છા. મન નહિ થયું હોય.

સુલેખા : આમ તો ખુબસુરત છે!

અવિનાશ : હા, કોઇ પણ યુવતી એમની સાથે લગ્ન કરી શકે છે.

સુલેખા : યુવતી કે યુવક?

અવિનાશ : (કુતૂહલથી) યુવક?

સુલેખા : હા, જ્યારે પહેલ વહેલા મેં એમની છબી જોઇ ત્યારે થયું કે કોઈ આજકાલની ફેશનની કન્યા છે. પરંતુ નીચે 'નામ વાંચ્યું' ત્યારે જ ખબર પડી કે કવિ મહોદય છે!

અવિનાશ : (થોડું હસીને) ઊભી રહે, હું પંડિત સુમિત્રાનંદનને આ લખીશ.

સુલેખા : મારે તો એની સાથે પરિચય જ નથી. મને એ શું કહી શકશે?

અવિનાશ : કેમ? તું એના એક પરિચિત વાચકની પત્ની છે, એમ હું લખીશ.

સુલેખા : લખોને! એમ તો એ મારા પર નારાજ નહિં થાય. આ તો એક સરળ વિનોદ છે. અને કદાચ નારાજ થઈને અહીં આવશે તો ચાનો પ્યાલો પાઈ દઇશ, પ્રસન્ન થઈ જશે.

અવિનાશ : (પ્રેમથી) તું બહુ સારી છો, સુલેખા. તારી સાથે કોઈ નારાજ જ ન થઇ શકે!

સુલેખા : (મોં મચકોડીને), લ્યો પ્રશંસા શરૂ થઈ ગઈ.

અવિનાશ : ના, સુલેખા, ખરેખર હૃદયપૂર્વક કહું છું. મને જ જોને, જ્યારથી આપણાં લગ્ન થયા છે ત્યારથી એક વાર પણ આપણામાં અણબનાવ થયો છે?

સુલેખા : હું અહીં એટલા દિવસો રહી પણ ક્યાં છું?

અવિનાશ : એ વાત જુદી છે. તબિયત બગડવાની હોય તો પહેલે દિ'થી જ ખબર પડી જાય.

સુલેખા : એ વાત બરાબર છે.

અવિનાશ : પછી શા માટે ન કહું કે તું બહુ સારી છો! અને વળી હું તને ઓળખું છું, તું મને ઓળખે છે. (ખુરસી પર બેસીને, એ જ સ્વરે) જે લોકો પોતાના ગૃહસ્થાશ્રમની ફરિયાદો કરે છે તેઓ બેવકૂફ છે. હળી મળીને રહેતાં જ તેમને આવડતું નથી. આપણી જેમ

• માથેરાનની મોજ •
ફોટા છાપ મેડીકેટેડ સ્નફ સુંઘીને
—મેળવો—
મહાસુગંધી સ્નફ વર્કસ, સિહોર [કાઠિ]

દરાજ, ખસ, ખુજલી માટે
"ઝંડા છાપ" સફેદ મલમ
વાપરવાથી કપડાંને ડાઘ પડતા નથી અને થોડાક કલાકમાં આરામ થાય છે.
સી. સી. મહાજનની કું. મુંબઇ-૨

"જ્યારથી જગતમાં લગ્ન સંબંધ શરૂ થયો હશે ત્યારથી અત્યાર સુધીમાં આપણા જેવું સુખી બીજું કોઇ નહીં થયું હોય !"

રહે તો જીવનની ફૂલવાડીમાં ફૂલ ને ફૂલ જ રહે, એક પણ કાંટો ન જડે.

સુલેખા : સાચું છે.

અવિનાશ : ખરું છે કે નહિ ?

સુલેખા : પણ એ તો તમારા જ સ્વભાવનું કારણ છે કે મારું મન આટલું પ્રેમમય થઈ ગયું છે અને તે કાંટામાં પણ ફૂલની કલ્પના કરે છે.

અવિનાશ : નહિ, એ તો તારા હૃદયની ઉદારતા છે કે તું આમ કહે છે. પરંતુ ખરેખર આપણું જીવન આ ફૂલદાનમાં ગોઠવેલ અમેલી અને ગુલાબનાં ફૂલ જેવું જ છે, જેમાંથી એકેએક કાંટા ચૂંટી કાઢવામાં આવ્યા છે.

સુલેખા : એ આપણું સદ્ભાગ્ય છે.

અવિનાશ : ના સુલેખા, ખરી રીતે તો તું જ એવી સુલેખા છો કે જેણે મારા જીવનનું ચિત્ર આવું સુખમય દોર્યું છે.

સુલેખા : એહ ! (ગૂંથવું છોડીને) તમારા મોઢે આ વાત સાંભળતાં મને કેટલો આનંદ થાય છે !

અવિનાશ : હું તો એમ કહું છું, સુલેખા, કે જ્યારથી જગતમાં લગ્ન-સંબંધ શરૂ થયો હશે ત્યારથી અત્યાર સુધીમાં આપણી જેવું સુખી બીજું કોઈ નહિં થયું હોય !

સુલેખા : તમે કેવા સુન્દર છો અવિનાશ ! જાણે સુખની મારી કલ્પના જ સાકાર થઈ છે, અને હું એની આંખો સાથે આંખ મેળવીને કહું છું કે તમે મારા છો, હું તમારી છું.

અવિનાશ : અને સુલેખા, સાચું કહું તો વિદ્યાર્થી-જીવનનાં મારાં તમામ સ્વપ્ન તારા મધુર રૂપમાં પ્રતિબિંબિત થયાં છે અને સંસારમાં કોઈનાં સ્વપ્ન ખરાં નથી પડ્યાં, ફક્ત મારાં સ્વપ્ન જ સત્યમાં પલટાયાં છે. અથવા એમ કહું કે સત્ય જ સ્વપ્ન બનીને મારી વિદ્યાર્થી અવસ્થામાં આવ્યું હતું અને આજ તું મળતાં એ પોતાનું મૂળ સ્વરૂપ પામ્યું.

સુલેખા : અવિનાશ, સમુદ્રની લહરને કોઈ પૂછે કે તટને સ્પર્શતાં તને કેટલું સુખ થાય છે તો તે મારી તરફ આંગળી ચીંધશે.

અવિનાશ : વાહ ! તું કેટલી સરસ કલ્પના કરી શકે છે ! સુલેખા, તું ધારે તો કવિ થઈ શકે !

સુલેખા : જેવી રીતે ભાષા ભાવ સાથે ભળતાં કવિતા બને છે, એ જ રીતે તમને મેળવીને હું ધન્ય બની ગઈ !

અવિનાશ : ફરી કહું છું સુલેખા, તું કવિતા બહુ સારી લખી શકીશ. પ્રયત્ન તો કરી જો. પછી દરેક કવિ-સમ્મેલનમાં તારી સાથે જઈને હું કેવો ગૌરવાન્વિત બનીશ ! લોકો મારા તરફ સંકેત કરીને કહેશે કે આ કવયિત્રી સુલેખાનો પતિ છે. સુલેખા, તને મારા સદ્ભાગ્યનો ખ્યાલ નહિં આવે. તારી કવિતાની નોટ-બુક હું મારી પાસે જ રાખીશ અને જ્યારે કવિતા વાંચવા માટે તું મારી પાસે એ માગીશ ત્યારે હું ચારે બાજુ જોઈને, લોકોની આંખો સાથે આંખ મેળવીને કહીશ—મૌન રહીને કે તમે મારી પત્નીની કવિતા સાંભળવા કેટલા ઉત્સુક છો ! અને પછી તને નોટબુક અંબાવી દઈશ—એ વખતે તું અનુમાન કરી શકીશ કે તારી કવિતા સાંભળીને હું સુખી થઈશ એટલું સુખ તો વસંત પણ કોયલના સ્વરને સાંભળીને નહિં પામી શકે.

સુલેખા : (સ્મિત કરીને) તમે મને વધુ માન આપો છો, અવિનાશ ! નહિં તો હું જે કંઈ થઈશ તે તમારા ગુણોની શક્તિને અંગે થઈશ. મને હવે ન શરમાવો અવિનાશ !

અવિનાશ : ના સુલેખા, તું ખરેખર દેવી છે. તને મેળવીને હું ધન્ય થયો છું તારા જ ગુણોથી હું સુખી થઈશ. આપણાં લગ્નને ત્રણ માસ થયા. આ સપ્ટેમ્બર છે, (કેલેન્ડર તરફ દૃષ્ટિ છે) આપણાં લગ્ન જુલાઈમાં થયાં હતાં. (સુલેખા માથું હલાવે છે) ત્યારથી આપણી વચ્ચે એક

મન બગાડનાર ચર્ચા નથી થઇ. એટલે ઝઘડો નથી થયો. નહિં તો ચર્ચા અને ઝઘડા આ ત્રણ માસમાં જ થઇ જાય છે. આપણો એ સમય તો પસાર થઈ ગયો. આપણે લગ્નને બીજે દિવસે જેટલાં નજીક હતાં, તેટલાં જ આજે પણ છીએ.

સુ: એનાથી પણ અધિક, અવિનાશ!

અ: હા, એનાથી પણ વધુ નજીક!

સુ: ઓહ........!

અ: (ચોંકીને) કેમ? આવો ઠંડો નિશ્વાસ કેમ? શું થયું છે?

સુ: કાંઈ નહિ!

અ: (ઉદાસીનતાથી) ના, જલ્દી કહે, જલ્દી કહે.

સુ: (ઠંડો શ્વાસ લઈ ને સ્મિત કરતાં) તમે બહુ બાધા બેઠા છો!

અ: (હસતાં હસતાં) ઓહ, તું ભારે લુચ્ચી છો, હું તો ગભરાઈ ગયો. (પાસે જઈને બેસે છે) હવે તો ઠીક ને?

સુ: હા, હવે ઠીક છે.

અ: સુલેખા, આપણી વચ્ચે કયારે ય સંઘર્ષ નહિ થાય.

સુ: કયારેય નહિ. સંઘર્ષ તો ત્યારે થાય કે જ્યારે તમારી કોઈ વાત મને સારી ન લાગે અને હું પથ્થરની જેમ ઉછાળીને તમારી તરફ પાછી ફેંકી દઉં અથવા તમને મારી કોઈ વાત ન ગમે અને મારો તિરસ્કાર કરો પરંતુ જ્યાંસુધી તમારી વાત કાંટા જેમ વાગવા છતાં હૃદયમાં ફૂલની જેમ સમાઈ જાય ત્યાં સુધી વિવાદનો પ્રસંગ પણ આવે તેમ નથી.

અ: તું કેટલી સારી રીતે પરિસ્થિતિને સમજે છે, સુલેખા! આપણાં લગ્નજીવનનું સત્ર કેવું દઢ છે! રાધાકૃષ્ણની પેઠે અથવા રોમીયો–જૂલિયટની જેમ. (ચિત્રો તરફ સંકેત કરે છે.)

સુ: અનેક વિપત્તિઓથી જર્જરિત થયા છતાં પ્રેમ તો એવો જ અતુલ્ય છે, અરે, વધારે તાજગીભર્યો છે. એ પ્રેમ તો જીવનની સૌથી મોટી સમૃદ્ધિ છે.

અ: સુલેખા, તારા પ્રત્યેક શબ્દમાં જાણે અનેક તારા ઝગમગે છે. અને જ્યારે તું મારી સાથે લાંબી વાતો કરે છે ત્યારે જાણે મારી ચારે બાજુ આકાશ–ગંગા વહેવા માંડે છે.

સુ: અને વચ્ચે તમે કોણ છો? ચંદ્રમા?

અ: અને તું, ચાંદની!

સુ: તમે બહુ સુંદર છો, અવિનાશ!

અ: તું બહુ કોમળ સ્વાભાવની છે સુલેખા, આપણે જુદાં થઇને પણ ભેગાં જ રહીશું. લહેરોની જેમ-જુદા –જુદા થવા છતાં ને સાથે જ વહેશું. હું અને તું, તું અને હું! કેમ સુલેખા? શું હું અને તું કયારેય એક બીજા પ્રત્યે રુષ્ટ થઇ શકીએ છીએ?

સુ: કયારેય નહિ.

અ: પછી ભલે મારી કોઈ વાત ન પસંદ ન પડે તોય?

સુ: હા, તોય. અત્યારનો જ દાખલો લ્યો.ને! મોજાં ગુંથતી હતી અને તમે કવિતા વાંચતા હતા. બીજી કોઈ સ્ત્રી હોય તો કહે કે, કવિતા ન વાંચો, હું કામ કરૂં છું. કોઈ છટકેલ મિજાજની હોય તો કહે કે, અવાજ ન કરો, કામમાં ગરબડ થાય છે. પરંતુ મેં તો તમને એક શબ્દ પણ નથી કહ્યો.

અ: તો શું તને મારૂં કવિતા વાંચવાનું ન ગમ્યું?

સુ: ના, એ વાત નથી, પરંતુ...વાત એ છે કે... જયારે કોઈ કામ કરતું હોય ને ત્યારે, ત્યારે કામ...કામ જ ગમે છે. કામ વખતે કવિતા કંઇ સૂઝે? કવિતા તો લોકો ફુરસદના સમયે વાંચે...એટલે કે કવિતા નવરાશે વંચાય. (ખંચકાઇને) એટલે મારી વાત સમજ્યાને તમે?

અ: તો કવિતા વાંચવાનો સમય કયારે?'

સુ: કવિતા વાંચવા માટે? કવિતા વાંચવા માટે સમય...ધારો કે હું ઘાસની લોન પર બેઠી છું, પાન ખાઉં છું, મોજાં ગુંથું...ના, ના, મારા વાળ ઓળું છું. એ વખતે કવિતા વાંચવી જોઈએ. એટલે કવિતા વાંચવા માટે એવો સમય જોઇએ. અત્યારે તો હું અહીં કામ કરૂં છું...પરંતુ કંઈ વાંધો નહિ, મેં કંઈ આપત્તિ તો નથી કરી ને?

અ: આપત્તિની કંઈ વાત જ નથી. વાત છે કવિતા સાંભળવાની. એ પણ સમજવું જોઇએ કે

"નહિ તો જાણે આપે મારી પ્રશંસા કરી બધી સાચી હશે! હિન્દુ ધર્મ! એ એક એવો અધમ ધર્મ છે કે જેમાં છુટાછેડાનું સ્થાન જ નથી!"

જ્યારે હું કવિતા વાંચું ત્યારે હાથમાં કંઈ કામ જ ન લેવું જોઈએ. અહીં હું જ્યાં કવિતા વાંચતો હતો ત્યાં તું મોજાં ગુંથવા લાગી....

સુ : તો હું બેઠી હતી તો તમારી જ સામે ને! ઉઠીને ચાલી તો નહોતી ગઈ! તમે કવિતા વાંચતા રહ્યા, હું સાંભળતી રહી. મેં તમને ના નહોતી પાડી. અને કામે ય બીજું શું હતું? તમારે માટે તો મોજાં ગુંથી રહી હતી.

અ: એ માટે ધન્યવાદ!

સુ : શું હું પારકી છું કે તમે મને ધન્યવાદ આપો છો?

અ : એમાં કંઈ ખરાબ તો નથી કહ્યું. હું તો વિવેક ખાતર કહું છું.

સુ : એનો અર્થ તો એવો થાય કે જો હું તમને કોઈ કામ માટે ધન્યવાદ ન આપું તો હું વિવેકહીન છું!

અ : સમાજનો નિયમ તો એવો જ છે.

સુ : તો આપની એવી ઈચ્છા છે કે જ્યારે જ્યારે આપ મને કવિતા સંભળાવો ત્યારે ત્યારે હું આપને ધન્યવાદ આપું?

અ : મને ધન્યવાદની કંઈ જરૂર નથી.

સુ : આપને જરૂર નથી, પરંતુ જો હું ધન્યવાદ આપું તો આપને કંઈ વાંધો નથી ને?

અ : એમાં વાંધો શો હોય?

સુ : તે આખા દિવસમાં તમે મારે માટે જે કંઈ કરો તે બધા માટે ધન્યવાદ કહું?

અ : તું ન કહે તો કંઈ વાંધો નહિ, પરંતુ એવી ટેવ હોય તો સારું.

સુ : તો દિવસ આખો હું ધન્યવાદ આપતી રહું. સારી વાત છે, મારી ઈચ્છા વિરૂદ્ધ કવિતા સંભળાવવા માટે આભાર!

(હાથ જોડે છે)

અ : સુલેખા, આ તો તેં મશ્કરી કરી!

સુ : એમાં મશ્કરી શી વળી? તમારી જેવી ઈચ્છા હતી એ પ્રમાણે મેં કર્યું.

અ : તો એ હૃદયપૂર્વકનો ધન્યવાદ ન હતો?

સુ : એ હૃદયપૂર્વકનો હોય કે ગમે તેમ, પણ ધન્યવાદ તો છે જ ને!

અ ; સુલેખા! લગ્નને ત્રણ માસ પણ નથી થયા ત્યાં હું તને રાગ સહિત કવિતા સંભળાવું અને તું મને હૃદયપૂર્વક ધન્યવાદ પણ ન કહે?

સુ : અને લગ્નને હજી ત્રણ માસ જ થયા છે, ને હું મોજાં ગુંથવા બેસું ત્યારે આપ મને કામ ન કરવા દો અને જે તે કવિતા સંભળાવો!

અ : આપને શું ખબર પડે કે પં. સુમિત્રાનન્દનની કવિતા કેવી ઉચ્ચ હોય છે!

સુ ; આપ જ કવિતા સમજી શકો છો, અને હું તો નરી મૂર્ખ જ છું!

અ : (ઉઠતાં ઉઠતાં) કવિતા ન સમજનારા ખરી રીતે મૂર્ખ જ હોય છે!

સુ : (દ્દઢતાથી) તો આપે મને મૂર્ખ પણ કહી?

અ : હું તો એને મૂર્ખ કહું છું જે કવિતા નથી સમજતું!

સુ : કહી દ્યો ને કે હું જ મૂર્ખ છું!

અ : તું તો બહુ વિચિત્ર છે, સુલેખા! જરાક વાતમાં તો–

સુ : ઠીક! હું વિચિત્ર પણ છું! મૂર્ખ છું અને વિચિત્ર છું! બીજું શું શું છું?

અ : એક સાધારણ વાતમાં તો–

સુ : આ સાધારણ વાત નથી, સમજવા જેવી વાત છે.

અ : તો તું પણ મને બેસમજ કહે છે?

સુ : આપની સમજ આપને જેમ કહે તેમ સમજો. હું શું કહું?

અ : તો તમારૂં કહેવાનું એવું છે કે જ્યારે જ્યારે તમે મોજાં ગુંથવા બેસો ત્યારે ત્યારે મારે ધ્યાન રાખવાનું કે તમારી સમક્ષ મારે કવિતા વાંચવાની નથી!

સુ : તો શું આપની એવી ઈચ્છા છે કે જ્યારે જ્યારે આપ કવિતા વાંચો ત્યારે મારે મોજાં ગુંથવાનું નામ પણ ન લેવું?

અ : એમ તો મેં ક્યારેય કહ્યું નથી.

સુ : અને જ્યારે જ્યારે આપ કવિતા વાંચો ત્યારે ત્યારે મારે તમને હૃદયપૂર્વકના ધન્યવાદ દેવા. અને હંમેશાં ધન્યવાદ દેવા !

અ : મેં એવું પણ ક્યારેય નથી કહ્યું.

સુ : આપે એવું નથી કહ્યું તો શું જૂઠું બોલું છું ? ઠીક છે, હું મૂર્ખ છું, વિચિત્ર છું અને હવે તો જુઠાબોલી પણ છું !

અ : પાછી આપે એ વાત ઉપાડી ? ફરીવાર એ કહેવાથી શો ફાયદો ?

સુ : એટલે તમે બધા એમ માનો છો કે હું મૂર્ખ છું, વિચિત્ર છું અને ખોટાબોલી છું. આજ આનો પ્રેમ કે ? આ પણ ઠીક વ્યવહાર !

અ : મેં ક્યાં ખરાબ વ્યવહાર કર્યો છે ?

સુ : જે પત્નીને આવ્યા હજી તો ત્રણ માસ નથી થયા ત્યાં તો પતિદેવ એને મૂર્ખ, વિચિત્ર અને જુઠાબોલી કહે, એ વ્યવહાર ખરાબ નહિં તો સારો કહેવાતો હશે !

અ : આપ તો નકામાં વાત વધારી રહ્યાં છો.

સુ : ઠીક, નકામી વાત વધારનારી પણ કહી દીધી. બાકી કહેવા, તમારા સાહિત્યમાં જેટલી ગાળો હોય તે બધી આજે જ દઇ દેજો.

(એક ધીમું ડૂસકું ભરે છે)

અ : આ બધું મને ગમતું નથી, સુલેખા !

સુ : આપને શેનું ગમે ? આપની ફૂલવાડીમાં તો ફૂલ જ છે, કાંટા નથી ! આમ જ કહ્યું હતું ને આપે ? અરે, અહીં તો એટલા કાંટા છે કે ફક્ત ત્રણ માસમાં જ બધા જ ખુંચવા લાગ્યા !

અ : નથી કહી શકતો કે જીવનમાં ક્યારેય તમને સમજી શકીશ !

સુ : અને હમણાં જ કહેતા હતા કે હું તને બહુ સારી રીતે સમજુ છું ! 'આ ફૂલદાનીમાં ગોઠવેલા ગુલાબ અને ચમેલી જેવું તો આપણું જીવન છે !' એવું જીવન ? (ફૂલદાનીમાંથી ફૂલો નીચે ફેંકી દે છે) 'લગ્નજીવનમાં તો આપણા જેવું સુખી અન્ય કોઇ નહિ હોય !' કોણ જુઠાબોલું છે ? હું કે તમે ?

અ : અને આપે બે મિનિટ પહેલાં જ નહોતું કહ્યું કે 'મારૂં સુખ સાકાર થઇને મારી સમક્ષ આવ્યું છે ! અને હું એનાં નયનમાં નયન પરોવીને કહી રહી છું કે તમે મારા છો હું તમારી છું !'

સુ : આપે કહેવડાવ્યું તેમ મેં કહ્યું !

અ : તો શું આપે મને, વગર કહેવડાવ્યે નહોતું કહ્યું કે 'જો કોઇ સમુદ્ર-લહરને પૂછે કે કિનારાને અડકીને તેં શું મેળવ્યું તો એ મારી તરફ આંગળી ચીંધશે ?' કોણ અસત્ય ઉચ્ચર્યું છે, હું કે તમે ?

સુ : તમે જ, તમે જ.....દગાનો ભોગ તો હું જ બની છું. મને ખબર નહોતી આપ આટલા કઠોર છો, આટલા જુઠા છો ! હું સાવ ઠગાઇ ગઇ !

અ : તો હમણાં આપે મારી પ્રશંસા કરેલી તે બધું ખોટું હતું કે ?

સુ : નહિ તો જાણે આપે મારી પ્રશંસા કરી તે સાચી હશે ! જો પતિ-પત્ની એકબીજાને ન સમજી શકે તો જુદા થઇ જવું જોઇએ. હિન્દુ-ધર્મ ! હાય હિન્દુ ધર્મ ! લોકો એનાં વખાણ કરે છે પરંતુ એ એવો અધમ ધર્મ છે કે જેમાં છુટાછેડાનું સ્થાન જ નથી !

અ : બહુ આગળ વધવામાં માલ નથી, સુલેખા ! હું તો સમજતો હતો કે આપણે સુખી છીએ !

સુ : આપના સંબંધમાં એ ખરૂં હશે, મારા સંબંધમાં નહિ ! હું તો એક એવી ઇન્દ્રજાળમાં સપડાઇ છું, જેમાંથી મોત સિવાય કોઇ ઉગારે એમ નથી !

અ : તો શું આપને એમ લાગે છે કે ફક્ત આપને જ નુકસાન થયું છે ? વધારે હાનિ તો મને થઇ છે. મારૂં ગૃહસ્થ-જીવન જ છિન્નભિન્ન થઇ ગયું.

○ કમલ આઇડ્રોપ્સ ●

આ દવા ચોંટી ગયેલી આંખ, શ્રમિત આંખ, લાલ, પાણી દદતી આંખને સારી કરે છે આંખને ઠંડક આપી તેજ વધારે છે.

ગુમડાં, ખસ, ખુજલી, ખરજવું દાદર વગેરે ચામડીનાં દર્દો માટે અકસીર મલમ

○ રૂઝ-જા-ઓઇન્ટમેન્ટ ●

કિંમત એક શીશીના આઠ આના. ડઝનના રૂ. પા.

દુર્ગાનુપાન ફાર્મસી; જામનગર

"પતિ શું ભુત છે કે જે હંમેશાં માથે ચડીને બોલ્યા જ કરે? પતિ!...!!! પતિ!...!!! સાંભળીને થાકી ગઇ."

જ્યારે મારા કલેજા પર, રોજ રોજ વધતું જતું વજન જ મારે સહન કરવાનું છે ત્યારે જગતમાં મારી ઉન્નતિ શી રીતે થશે? જેના ઘરમાં જ આગ લાગી હોય તેના વિશ્રામનું સ્થાન કયું?

સુ : (વ્યંગમાં) અને હું તો ફૂલ-શય્યામાં સુતી હઇશ!

અ : આપે જે આ આગ લગાડી છે. જીવનની સુખ શાંતિ માટે પુરુષ લગ્ન કરે છે. અહીં જે થોડીઘણી સુખશાંતિ રહી છે તેનો નાશ કરવા લગ્ન થયાં છે! (દ્દતાથી) નાની નાની વાતો પર ખીજાવું એ લગ્ન-સુખ કહેવાતું હશે!

સુ : (તીવ્ર સ્વરે) તમે મને શું સમજો છો! અને તમને પોતાને શું સમજો છો? શું આપ ઈશ્વરના અવતાર છો? દોષ બધા મારા અને તમે બિલકુલ નિર્દોષ છો?

અ : હા, હા, બધા દોષ આપના જ છે. હું તો સીધો કવિતા સંભળાવી રહ્યો હતો ત્યાં વચમાં આપે આ તોફાન કરી દીધું. તમે જ મને દગો દીધો છે. આપે જ મને અપમાનિત કર્યો છે! આપ...આપ...

સુ : (ઊભી થઈ જાય છે) આપ મારી સાથે આ કેવી રીતે વાત કરો છો? આવી રીતે કહેવાનો તમને શો અધિકાર છે?

અ : (આગળ વધીને) અને આપ મને કઈ રીતે આ બધું સંભળાવી રહ્યા છો?

સુ : શું આપ મારી સાથે લડવા જ માગો છો? તમે તે કઈ જાતના આદમી છો? મને આવો તો ખ્યાલ જ નહિ કે જેની સાથે મારાં લગ્ન થયાં છે તે આવા...આવા...

અ : આવા...આવા...ખરેખર, કેવો છું હું?

સુ : ઝઘડો કરનાર, દગાબાજ, નિર્દય અને...અને...

અ : સુલેખા, જીભ કાબુમાં રાખો, મને આવી વાતો સાંભળવાની ટેવ નથી.

સુ : મને પણ એવી ટેવ નથી. એ લગ્નને ધિક્કાર છે જેમાં પુરુષ પોતાની સ્ત્રીને ઠીક પડે તે કહી શકે છે. શું હું તે તમારી દાસી છું કે ઠીક પડે ત્યારે તમારી કવિતાઓ સાંભળી રહું અને તમે હસો ત્યારે તમારી સાથે હસ્યા કરું?

અ : મને પણ એવી સ્ત્રીની કિંમત નથી જે પોતાના કામમાં જ રચીપચી રહે અને દિન-દુનિયાનું જેને ભાન પણ ન રહે! જ્યારે કોઈ પ્રેમથી એને કવિતા સંભળાવે ત્યારે મોજાં ગુંથવા આડે ઊંચી નજર પણ ન કરે! જે પોતાની જાતને એટલું મહત્ત્વ આપે છે કે જાણે સામે પતિ છે જ નહિ!

સુ : (ઉગ્રતાથી) પતિ...પતિ...પતિ...! પતિ શું ભૂત છે કે જે હંમેશા માથે ચડીને બોલ્યા જ કરે? પતિ...! પતિ...! સાંભળીને થાકી ગઈ.

અ : મને આટલે સુધી અપમાનિત કરવાની તમારી હિંમત છે?

સુ : નહિ તો તમે શું કરી લેવાના છો? મારી જ ભૂલ થઈ કે મારાં લગ્ન તમારી સાથે થવા દીધાં! તમારી...તમારી...

અ : તો હવે એ ભૂલનું પ્રાયશ્ચિત કરી નાખો.

સુ : હા, પ્રાયશ્ચિત કરીશ. હવે આ રીતે જીવી નહિ શકાય! આત્મહત્યા કરીશ, મરી જઈશ. આવી વ્યક્તિ સાથે રહેવામાં ઘોર પાપ છે જે...

(કહેતાં કહેતાં બહાર ચાલી જાય છે)

અ : (માથું હલાવીને) આત્મહત્યા કરીશ! આત્મહત્યા કરવી એ શું સહેલું કામ છે? એવી આત્મહત્યા કરવાવાળા તો બહુ જોઈ નાખ્યા! મારું ગૃહસ્થ-જીવન બેહાલ થઇ ગયું! (ટહેલવા માંડે છે)...વાત વાતમાં ઝઘડો! વાત વાતમાં વિવાદ! ...આમ હું એવા લાડ કયાં સુધી નિભાવું?...જોઈ લીધું!...બહુ થઇ ગયું!...એને તો મારી કિંમત જ નથી!...કહે કે શું કરી લેવાના છો?...હું તો એવું કરી શકું જે જીન્દગીભર યાદ રહે? સુલેખા...તું તે મારું જીવન-ચિત્ર ખેંચીશ કે એની પર સહી રેડીશ...!

(સુલેખા ઝડપટ આવે છે)

અ : કેમ? કેમ પાછી આવી? આત્મહત્યા ન કરી?

સુ : હું શું આત્મહત્યાથી ડરું છું? જરૂર કરીશ, જે વારે ઘડીએ અપમાન કરે એવી વ્યક્તિની સાથે તો ન જ રહી શકાય. હું તો હમણાં જ આત્મહત્યા કરું પરંતુ મારું માથું એવું જોરથી દુઃખે છે કે આત્મહત્યા કરવા વિષે વિચારી પણ શકતી નથી. માથું ઉતરી જવા દો પછી જુઓ કે આત્મહત્યા કરું છું કે નહિ?

અ : કરી રહી તું આત્મહત્યા! આવી રીતે જીવું છું, એ મારી જ મુસીબત છે. જીવતો છું છતાં મરેલા જેવો છું! ઘરમાં જ મારું માન નથી તો બહાર તો શું થાય, રાખ? પત્નીનો સ્વભાવ સમજીને વર્તો તો હસીને રહી શકો છો, નહિં તો ઝઘડો કરનાર, દગાબાજ નિર્દય....

સુ : હા, હા, ઝઘડો કરનાર, દગાબાજ, નિર્દય અને......અને કાયર!

અ : કાયર? કઈ વાતમાં કાયર?

સુ : કાયર એ રીતે કે હું આત્મહત્યા કરવા તૈયાર થઈ છતાં તમે એક કદમ આગળ વધીને મને રોકી પણ શકતા નથી કે, ના ના, આત્મહત્યા ન કર. પત્થરની જેમ ઊભા રહ્યા! એના કરતાં તો પૂંછડી દબાવીને ભાગી ગયા હોત તો સારું હતું.

અ : હું કોઈ દિવસ એમ ભાગ્યો છું? ભાગ્યા હશે આપના ભાઈબંધ!

સુ : જુઓ અવિનાશ, તમે મને ઠીક પડે તેમ કહી શકો છો, પરંતુ મારા ભાઈબંધોનું નામ પણ ન લેવું હા!

અ : કેમ? શું કામ ન લઉં? કોઈનો શું હું દેવાદાર છું?

સુ : તમને કોઈ કંઈ આપે એને લાયક જ નથી તમે.

અ : જો સુલેખા, તેં મારું ખૂબ અપમાન કર્યું છે, હવે હદ આવી ગઈ છે.

સુ : (ગુસ્સે થઈને) હદ! બહુ ધમકી દેવા માંડી! એવી ધમકી તો ઘણી સાંભળી છે.

અ : એવી ધમકી? શું તું મને એટલો કમજોર માને છે કે કંઈ નહિં કરી શકું? હું તો એવું કરીશને કે......

સુ : શું કરશો? તો તો આજ સુધીમાં કરી ન દેખાડયું હોત!

અ : શું તારે જોવું છે? મારું મોત?

સુ : એ જોઈને મને શું મળવાનું છે?

અ : મળે કે ન મળે. હું મરીશ તો તું સુખી તો થઈશ!

સુ : થઈ રહી સુખી. મારાં એવાં ભાગ્ય ક્યાંથી?

અ : તો હું મરી જાઉં એમાં તું રાજી છે ને? ઠીક છે, એમ જ થશે. ગંગા શું કામ વહે છે? યમુના આટલી ઊંડી શા માટે છે? એમાં કૂદીને મારા જીવનનો અંત હું લાવી શકું છું. પછી સુખથી રહેજે. હું જાઉં છું.

(જલદી જલદી ચાલ્યો જાય છે)

સુ : (ચાળા પાડતાં) ગંગા શું કામ વહે છે, યમુના આટલી ઊંડી શાને છે, જાણે તેને ડુબાડવા માટે જ! સેંકડો વર્ષથી એ વહે છે કારણ અવિનાશજી એમાં કૂદીને આત્મહત્યા કરવાના છે! આ મારું ગૃહસ્થ-જીવનનું સુખ! પિતાજી પ્રશંસા કરતા હતા-બહુ સારો જુવાન છે! છોકરો, જોવામાં, ભણવામાં, વાતો કરવામાં, શીલમાં-બહુ સારો છે! આ શીલ છે! અને આ છે એની વાતો! મને સળગતી આગમાં જ ફેંકી દીધી!......આવી આવી વાતો સાંભળવા અને સહેવા મેં જન્મ લીધો હતો?......આવી છે પિતાજીની બુદ્ધિ અને આ છે પિતાજીએ પસંદ કરેલ જુવાન....જે વાત વાતમાં આત્મહત્યા કરે છે—

(અવિનાશ પાછો આવે છે)

તાવ, બરોળ તેમજ પેટનાં દર્દો માટે

ચેમ્પેતિહાલ

• વાપરો •

ખસ, ખુજલી, દરાજ, ખરજવું, મોઢાના ખીલ, પગનાં આંટણ, હરસમસા વગેરે ચામડીનાં દર્દો માટે

જમ્સ્ર્ બીટર વાપરો

'તમે છો ત્યાં સુધી આત્મહત્યા શું કામ કરવી પડે ?' 'એટલે કે હું તને એટલી તકલીફ આપું છું જે આત્મહત્યા બરાબર છે !'

સુ : કેમ ? પાછા કેમ આવ્યા ? આત્મહત્યા ન કરી ? ગંગા તો હજી વહે છે, યમુના હજી એટલી ઊંડી છે !

અ : (અભિમાનથી) શું તું એમ સમજે છે કે હું આત્મહત્યા નથી કરી શકતો ? હું હમણાં જ ગંગામાં ડૂબીને પ્રાણત્યાગ કરત, પરંતુ બહાર કાળાં ભમ્મર વાદળ ઘેરાયાં છે, વરસાદ પડવાની તયારી છે, અંધારૂં ઘોર છે, રસ્તો યે નથી દેખાતો. સવાર પડવા દે અને જો કે હું આત્મહત્યા કરૂં છું કે નહિ ?

સુ : બહુ સારૂં. સવારે જરૂર આત્મહત્યા કરજો. પછી મારે જે કરવું ઘટશે તે હું પણ કરીશ.

અ : કરી લેજે. (હૃદય પર હાથ મૂકીને) ઉફ્ !

સુ : કેમ ? શું થયું ?

અ : પરમ દિવસે મારી છાતીમાં દર્દ હતું. હમણાં બહાર ગયો એટલે ઠંડી હવા લાગવાથી એ દર્દ વધી ગયું. (હૃદય દબાવીને) ઉફ્ !

સુ : છાતીમાં દર્દ થાય, કોઈને ખબર પણ ન પડે, પછી દવા કેવી રીતે કરે ?

અ : નહિં તો તને ખબર પડી હોત તો તું જાણે દવા કરત !

સુ : કેમ ? દવા કરવામાં શો વાંધો ? પરમ દિવસે મને ખબર પડી હોત તો હું જરૂર દવા કરત.

અ : તારી પાસે કંઈ દવા છે કે દવા કરત ?

સુ : જાણે અમારી પાસે કંઈ દવા જ નહિ હોય ! લગ્ન સમયે પ્રોફેસર પ્રસાદે દવાનો સેટ ભેટ આપ્યો છે તે નહિં તો ક્યારે ઉપયોગમાં આવત ?

અ : જાણે આજે એ કામમાં આવત અને એથી ફાયદો થાત !

સુ : ફાયદો કેમ ન થાય ? મારા માથાનો દુઃખાવો તો ડઝનવાર એણે મટાડયો છે.

અ : પરંતુ આ તો છાતીનું દર્દ છે, માથાનું નહિ.

સુ : એ દવા છાતીના દર્દમાં પણ વપરાય છે. આપનું છેલ્લું કામ આ કરી લઉં.

(સુલેખા આગળ જવા જાય છે ત્યાં નીચે પડેલી ફૂલદાની ઠોકરે આવે છે અને આહ ભરીને તે નીચે બેસી જાય છે.)

અ : (આગળ વધીને) શું થયું ? ઠોકર વાગી શું ? ક્યાં વાગ્યું ?

સુ : (વેદનાભર્યા સ્વરે) ઓહ !

અ : (પાસે આવી, સુલેખા પર ઝૂકીને) ક્યાં વાગ્યું, કેટલુંક વાગ્યું ? (પાસે જાય છે)

સુ : (ધ્રુજતા અવાજે) ખાસ નથી વાગ્યું. (ડૂસકાં ભરે છે)

અ : (દવા લાવીને) સુલેખા, સુલેખા, મારે લીધે જ તને ઠોકર લાગી ! ખરેખર હું નિષ્ઠુર છું ! મારી સુલેખાને આટલું કષ્ટ...! (ઝૂકીને) જોઈએ, ક્યાં વાગ્યું છે ?

સુ : (પગ લઈ લઈને) ક્યાંઈ નથી વાગ્યું...! ઓહ, તમે મારા પર બહુ નારાજ થઈ ગયા !

અ : ના, ના સુલેખા, હું તારા પર જરાયે નારાજ નથી થયો. એ તો વાતવાતમાં કેટલીક વાતો મારા મુખમાંથી નીકળી ગઈ. નહિ તો હું મારી સુલેખાને એક અર્ધી વાતે ય કહું છું ?

સુ : ના, ના, ભૂલ તો મારી જ છે. મેં જ તમને કડવી વાતો કરી છે. મેં જ તમારૂં અપમાન કર્યું છે.

અ : ના, સુલેખા, આ બધો મારો જ વાંક છે. ઉઠ, સોફા પર બેસી જા. (ટેકો દઈને અવિનાશ સુલેખાને સોફા પર બેસાડે છે. થોડી વાર બન્ને મૌન રહે છે.)

સુ : (અસ્પષ્ટ શબ્દોમાં) તમે મારા પર નારાજ છો ?

અ : અને તું મારા પર નારાજ છે ?

સુ : ના, જરાયે નહિં. અને તમે મને ક્ષમા કરી દીધી ?

અ : તારો વાંક જ ક્યાં છે, અપરાધ જ મારો છે.

સુ : ના, અપરાધ મારો છે. બધો વાંક મારો જ છે.

અ : હું એ નથી માનતો. વાત મેં જ વધારી હતી.

સુ : વાત વધારી ભલે તમે હોય, પરંતુ વાતો મેં જ તમને કહી હતી !

અ : ખેર, મને એનું માઠું નથી લાગ્યું.

સુ : અને મને ય ક્યાં માઠું લાગ્યું છે ?

અ : તો હવે તો આપણામાં વિરોધ નહિ થાય ને ?

સુ : ક્યારેય નહિ: આપણે એક બીજાના હૃદયને સારી રીતે સમજીએ છીએ. ત્રણ માસમાં પણ આપણે એકબીજાને નથી સમજી શકયાં?

અ : આપણે એકબીજાને સારી રીતે સમજીએ છીએ, વિરોધ તો ત્યારે થાય જ્યારે તારી વાત મને ન ગમે અને મારી વાત તને.

સુ : ના, આપણામાંથી કોઈને કોઈની વાતથી ખોટું નથી લાગતું.

અ : તારો માથાનો દુ:ખાવો કેમ છે?

સુ : હવે ઠીક છે. તમારી છાતીનું દર્દ કેવુંક છે?

અ : એ પણ હવે ઓછું છે.

સુ : બસ, મટી ગયું.

અ : હવે માથાનો દુઃખાવો મટી ગયો એટલે આત્મહત્યા નહિ કરને?

સુ : (હસીને) આત્મહત્યા શું કામ કરૂં? તમે છો ત્યાં સુધી આત્મહત્યા શું કામ કરવી પડે?

અ : (હસીને) એટલે કે, હું તને એટલી તકલીફ આપું છું જે આત્મહત્યા બરાબર છે!

સુ : (હસીને) ના, મારા કહેવાનો અર્થ એવો નથી. આ ઘર એવું સરસ છે કે એ છોડીને આત્મહત્યા કરવાનું મન કોનું થાય! અને તમે... તમે છાતીનું દર્દ મટે એટલે ગંગામાં ડૂબવા નહિ જાઓને!

અ : તારા પ્રેમ-સાગરમાં ડૂબ્યા પછી ગંગામાં ડૂબવાની ઇચ્છા, ભલા કોને થાય?

સુ : તમે બહુ સારા છો, અવિનાશ!

અ : અને સુલેખા, તારા જેવી સારી પત્ની મને સો જન્મમાં પણ ન મળત.

સુ : મને શરમાવો મા, અવિનાશ! ઓહ! આપણે એકબીજાને કેટલા સારી રીતે સમજીએ છીએ!

અ : આપણે કેવાં સુખી છીએ, સુલેખા!

સુ : આપણું લગ્નજીવન ખરી રીતે કેટલું સુખી છે!

'ફોટા છાપ મેડીકેટેડ સ્નફ'
મહાસુગંધી સ્નફ વર્કસની બનાવટ છે
એ જ તેની ઉત્તમતાની ખાત્રી છે.

અ : (નીચે પડેલ ફૂલદાની અને ફૂલ જોઈને) આ ચમેલી અને ગુલાબ જેવું!

સુ : હા, બરાબર એ ફૂલ જેવું. (મેજ પર ફૂલદાની ગોઠવે છે) એક વિનંતિ કરૂં?

અ : હા, હા, કહે શી ઇચ્છા છે?

સુ : મારી પ્રાર્થના માનશો ખરા?

અ : જરૂર માનીશ. આજ્ઞા કર.

સુ : પં. સુમિત્રાનંદન પંતની પેલી કવિતા સંભળાવશો? 'તુમ્હારી આંખોકા આકાશ.....'

અ : જરૂર સંભળાવીશ. અને તું પણ મારી એક વિનંતી માનીશને?

સુ : એમાં વળી કંઈ શક છે?

અ : ના, વચન દે કે માનીશ.

સુ : વચન દઉં છું.

અ : જ્યારે હું કવિતા વાંચું ત્યારે તું મારા માટે મોજાં ગુંથીશ ને?

સુ : અવશ્ય. (અવિનાશ મોજાં ગુંથવાનો સામાન સુલેખાને આપે છે.)

સુ : હા, તો તમે કવિતા વાંચો અને હું મોજાં ગુંથતી જઈશ.

અ : પેલી જ કવિતા?

સુ : હા, પેલી આંખોના આકાશની કવિતા.

અ : ઠીક તો સાંભળ.

સુ : જરા સારા રાગે સંભળાવજો.

અ : (રાગથી) તુમ્હારી આંખોકા આકાશ,

સરલ આંખોકા નીલાકાશ
ખો ગયા મેરા ખગ અનજાન,
મૃગેક્ષિણિ! ઇનમેં ખગ અનજાન!

(અવિનાશ આ કવિતા હાવભાવ સહિત ગાય છે અને સુલેખા મોજાં ગુંથે છે.)
(ધીરે ધીરે પડદો પડે છે)

જુનામાં જુના દમ, હાંફણ માટે
ગેસહર તથા દુગ્ધાનુપાન
ગોળીઓ બંને દવા સાથે વાપરો.
— ચોક્કસ દમ મટશે —
દુગ્ધાનુપાન ફાર્મસી, જામનગર

મહાદેવી માપબંધી

લેખક :
શ્રી. નારદ

મહાભારતના જમાનામાં યે માપબંધી હતી અને શ્રી. કૃષ્ણ હતા તેના માનનીય પુરવઠા-પ્રધાન! શ્રી નારદની એ મૌલિક શોધ છે!

ઠેકડીને સળેખમ થતું હશે કે નહિ અગર લંબકર્ણને આધાશીશી ચઢતી હશે કે કેમ તે તો કોઈ પ્રાણીશાસ્ત્રનો નિષ્ણાત કે ઢોરનો ડોક્ટર જાણે! પણ કોઈ માણસ નાના મ્હોંએ કાંઈક મોટી વાત કરતો હોય ત્યારે આપણે ઘણા માણસોને ઘણીવાર એવું બોલતા સાંભળીએ છીએ કે 'તારી વાત તો ગધેડાને આધાશીશી ચઢે તેવી છે', યા તો 'ઠેકડીને સળેખમ થયા જેવી વિચિત્ર વાત તું કરે છે!' તમે મારી વાત સાંભળીને પણ એમ જ કહેવાના છો તેની મને ખાત્રી છે. છતાં યે માથામાં ખીલો ઠોકીને હું એમ ઠસાવવા માગું છું કે, મારું કથન સાવ સાચું જ છે એમ તમારે માન્યે જ છૂટકો, કારણ કે તે હું કહું છું.

આ મારી મૌલિક શોધ છે. હિંદુસ્થાનના ચક્રવર્તિ રાજા દુર્યોધન સામે તેના કાકાના દીકરા પાંડવોએ વૉર ડીક્લેર કરી ત્યારે કુરુક્ષેત્ર નામના રણમોરચા પર દ્વારકાના મહારાજા ભગવાન કૃષ્ણચંદ્રજીએ લખેલી તેમની ડાયરી (ગીતાજી) માંના એક જ વાક્ય પરથી મને આ મહાન શોધ પ્રાપ્ત થઈ છે. ભગવાનના એ એક જ વાક્ય ઉપરથી ઘણી ઘણી બાબતો સાબીત કરી શકાય તેમ છે. તેમણે લખ્યું છે 'ત્રિલોકાન્ પાલ્યામ્યહમ્' એટલે કે હું જ ત્રણે લોકનું પાલન કરું છું. આ ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે, જેમ હમણાં જ વીતી ગયું તે મહાન વિશ્વયુદ્ધના પ્રતાપે આપણે હજી માપબંધીમાં ગોથાં ખાઈએ છીએ તેમ, મહાભારતની વર્ડવૉર વખતે પણ માપબંધી અવશ્યમેવ હોવી જ જોઈએ. વીસમીસદીના વિશ્વયુદ્ધમાં તો તે માત્ર હિંદુસ્થાન, ઇંગ્લાંડ વગેરે અમુક દેશો પૂરતી જ મર્યાદિત હતી પણ ભગવાન કૃષ્ણની નોંધ ઉપરથી તો સ્પષ્ટ પણે જણાઈ આવે છે કે મહાભારતની વર્ડવૉર વખતે તો ત્રણે લોકમાં માપબંધી પ્રવર્તતી હોવી જોઈએ, અને તેનું સંચાલન સૂત્ર ભગવાન કૃષ્ણના હાથમાં જ સોંપાયેલું હોવું જોઈએ. મતલબ કે તેઓ નામદાર પુરવઠા પ્રધાનનો માનવંતો હોદ્દો ધરાવતા હોવા જોઈએ જો એમ ન હોત તો તેમને 'ત્રિલોકાન્પાલ્યામ્યહમ્' એવી ખોટી ડાંસ મારીને અર્જુન જેવા મહાન ફીલ્ડ-માર્શલને છેતરવાની કોઈ જ જરૂર નહોતી.

આ વર્ષે સમકાલીન બનાવોને હાસ્યકટાક્ષની સાહિત્યકલામાં પ્રતિબિંબિત કરવામાં સૌથી વિશેષ ફાળો, કયા ગુજરાતી કટાક્ષકવિનો? 'નારદવાણી'ના લેખક શ્રી. 'નારદ'નો. એક અચ્છા કટાક્ષકાર તરીકે 'નારદવાણી'માં જીવનનાં વહેતાં પાણીનું દર્શન તેમણે આપ્યું છે. આ લેખમાં શ્રી. નારદ એમની વીણામાં પદ્યને બદલે ગદ્યના સૂર વગાડે છે. એમના માટે પદ્ય પર માપબંધી હશે, ગદ્ય પર નહીં હોય એટલે જ તો!

એક જ વિચક્ષણ માણસ એકી સાથે અનેક ખાતાં સંભાળી શકે એમાં કાંઈ જ શક નથી. એ મુજબ ભગવાન કૃષ્ણ મહાભારતની લડાઇ વખતે પુરવઠા પ્રધાનના હોદ્દા ઉપરાંત અર્જુનના રથનું ડ્રાઇવિંગ પણ કરતા હતા. અર્જુનના પ્રાયવેટ સેક્રેટરી (રહસ્યમંત્રી) ની જગ્યા પણ સંભાળતા હતા. અને આ વોર પહેલાં તેઓ દુર્યોધનના દરબારમાં સુલેહની શરતો લઇને ગયેલા તે ઉપરથી તેઓ સાંધિવિગ્રહકનું કાર્ય પણ કરતા હશે તેમ માનવાને કારણ મળે છે. આમ પ્રીન્સ અર્જુનના ડ્રાઇવર, રહસ્યમંત્રી અને સાંધિવિગ્રહક જેવા જવાદાર હોદ્દાઓ ધરાવનાર ભગવાન જેવા જવાબદાર માણસના શબ્દો પર અવિશ્વાસ કરવાનું આપણી પાસે કોઈ જ સાધન નથી. એથી તેઓ નામદાર પુરવઠા પ્રધાનનો માનવંત એહ્દો પણ ધરાવતા જ હશે એમ પણ સ્વીકાર્યે જ છૂટકો. અને એટલું જો સ્વીકારી લઈએ તો મહાભારતના યુગમાં માપબંધી હતી તે પણ આપોઆપ જ સિદ્ધ થઈ જાય છે.

તાત્પર્ય એ છે કે માપબંધી એ આજકાલનું સર્જન નથી. પાંડવ-કૌરવના કાળમાં યે તેની હસ્તિ હોવાના પુરાવા સાંપડે છે. પણ તે કાળના લોકોએ માપબંધી સામે આજે છે તેટલી રોકકળ કરી હોય તેવું એકે પ્રમાણ જડતું નથી. રેશનીંગ તંત્ર સામે લોકો આટલી બુમરાણ મચાવે છે તેનું સચ્ચું કારણ મારી માન્યતા મુજબ લોકોનું અજ્ઞાન જ છે. દુઃખની વાત છે કે 'રેશનીંગ એટલે રામરાજ્ય'ના પ્રચાર સત્રનું સાચું મહત્ત્વ હજી લોકો પૂરેપૂરું સમજ્યા જ નથી. માપબંધીએ માનવ જાત ઉપર જે ઉપકારો કર્યા છે તેટલા ઉપકારો તો ઈશ્વરને ખાતે પણ જમા હશે કે કેમ તે શંકા છે! માપબંધીથી પ્રજાના દરેક વર્ગને, રાજકારી પક્ષને અને દેશને પણ સરવાળે તો મોટો ફાયદો જ થયો છે. આટલી ગુણકારી હોવા છતાંયે આજે માપબંધી વગોવાઇ રહી છે એ માનવજાતના નગુણાપણાની નિશાની છે. 'ઘઉં નથી,' 'ચોખા નથી'-' ખાંડ નથી-' 'લોટ સડેલો મળે છે' આ અને આવી અનેક વિના કારણની બુમરાણ મચાવવાની લોકોને ટેવ પડી ગઈ છે. પણ હવે માનવીએ આવી પામર મનોદશા છોડીને ઉદધિ સમું વિશાળ ઉદર રાખીને જે આવ્યું તે પેટમાં પધરાવતાં શીખવું જોઈએ. સારૂં-નરસું એ તો માત્ર મનનું જ કારણ છેને!

નવજીવન મીલનું
કાપડ ઊંચી જાતના રૂમાંથી બનતું હોવાથી
સુંદર અને ટકાઉ હોય છે

હું તો ત્યાં સુધી માનું છું કે હિંદમાં જો કશાથી પણ સમાજવાદ આવવાનો હશે તો તે જયપ્રકાશ નારાયણનાં ભાષણોથી નહિ, પણ માપબંધીથી જ. મારી નજરે તો માપબંધી એ સમાજવાદની સગી માસી સમી છે. મથુરભાઈ મીલમાલીક જે જાર મકાઈ આરોગતા હોય તેજ ધાન્ય તેમની મીલમાં મજુરી કરતા માનીયા મહેતરને પણ મળે તે શું સમાજવાદના આગમનનું શુભ ચિન્હ નથી? ઉંચ-નીચના ભેદ ત્યજીને, સર્વને સમાન ભાવે ઓસ્ટ્રેલિયન ઘઉં, ટર્કીનો આટો કે પંચમહાલની મકાઈ મળે અને સમાજના બધા જ વર્ગો તેને પ્રેમથી આસ્વાદે એથી વધુ કયી સમાનતા હોઈ શકે? વળી ઓસ્ટ્રેલિયા, ટર્કી, અમેરિકા વગેરે દૂર દૂરના દેશોમાં પાકેલું અન્ન આપણા ઉદરમાં જાય તો તેથી 'वसुधैव कुटुम्बकम्'ની આપણી આર્યભાવનાને પણ કેટલો પ્રબળ વેગ મળે તે કલ્પનામાં આવે છે?

હું તો માનું છું કે હજી પૂરાં પચીસ વર્ષ સુધી માપબંધી જારી રાખવામાં આવે તો રશિયાથી સીધી હિંદની જ ટીકીટ કપાવીને સમાજવાદ એની મેળે જ આપણી સામે આવીને ઊભો રહેશે એમાં લેશ માત્ર શંકા નથી.

હા, એ સાચી વાત છે કે દિલ્હીના ચોખા અને દાઉદખાની ઘઉં ખાઇખાઇને તગડા બનેલાઓને આજે ટર્કીનો લોટ કે જાર-મકાઇ ખાતાં ટાઢીઓ તાવ ચઢે છે. પણ એવાં હલકાં અનાજ જોઇને નાકનું ટીચકું ચઢાવનારાઓ પણ આજે મુંબાઇ-ને મધુ ધાન ખાતાં થયાં છે. એવા ખુમારીખાઉ ખાનારાઓનાં મગજ વર્તમાન માપબંધીએ આજે ઠેકાણે લાવી મૂક્યાં છે. માપબંધીએ લાખે લેખાં ગણનારાને પણ આજે શેર ઘઉં કે બશેર બાજરીનો

મહોતાજ બનાવ્યો છે; સાંજે શહેરની શેરીઓમાંથી રતની વાઘરણ જે સાડલામાં એઠું જુઠું ઉઘરાવી જાય એ જ સાડલામાં ચોરી-છૂપીથી બાંધી આણેલા પાંચ શેર ઘઉંની પોટલીને અમૃતથીયે અદકી ગણીને, અઢગણાં નાણાં આપીને પણ ખરીદી લેવા માટે આજે પોતાને સુધરેલા લેખાવનારાઓ ઉત્સુક રહે છે! મેલાં-ઘેલાં માનવીઓ પ્રત્યેની એ ગંધ માપબંધીએ ભૂંસી નાખી છે તેનું શું આ પ્રમાણ નથી!

માપબંધીએ માનવીનું મદમર્દન કર્યું છે. વીજળી, ટેલીપ્રીન્ટર, વિમાનો, રેડીઓ, રેલ્વે અને વિજ્ઞાનની અન્ય શોધખોળો કરીને માનવીનો ગર્વ સાતમે આસમાન ચઢી બેઠો હતો, જગતમાં માનવી જ સર્વશ્રેષ્ઠ છે એવું ભૂત તેના મગજમાં ભરાઈ ગયું હતું. માપબંધીએ માનવીની આ ભ્રમણા ભાંગી નાખી છે, માપબંધીને મન માનવી અને ઢોર વચ્ચે જરાયે ફરક નથી એ એણે સાફ સાફ બતાવી દીધું છે. અને એ ભૂલ સમજાયા પછી માનવી પ્રાણીથીયે ઉતરતી કક્ષાનો પોતે હોય તેવું આચરણ કરતાં શીખી ગયો છે. આડકતરી રીતે કહીએ તો પ્રાણીસમાજ પ્રત્યેનો માનવપ્રેમ વધી રહ્યો છે! એની કોણ ના પાડી શકશે? અનેક સ્થળોએ ઢોરને પણ ખાવા માટે અયોગ્ય ઠરી ચૂકેલું ધાન માનવીને આપવામાં આવે છે. ઢોરને ખાવા યોગ્ય રાડીની ભાજી, ઝાડનાં પાંદડાં, ખોળના રોટલા, ઘાસ અને એવી વિધવિધ પ્રકારની વાનીઓ માનવી આજે મિષ્ટાન્નથીયે અધિક ગણીને આરોગે છે! સાચે જ માનવીને એવું ભાન જાગ્રત થતું જાય છે કે તેના અને ઢોર વચ્ચે હવે ઝાઝું અંતર રહ્યું નથી! ઇશ્વરે અક્કલની વહેંચણી કરી ત્યારે ગેરહાજર રહેલા કોઇ શખ્સને આપણે મશ્કરીમાં 'ઢોર જેવો છે' એમ કહીએ છીએ પણ હવે બધા જ ધીરેધીરે એ પદવીને પ્રાપ્ત કરવાને યોગ્ય બની રહ્યા છીએ એમ માની લેવામાં કોને વાંધો છે?

માપબંધી આવવાથી જો કોઈને પણ સૌથી વધુ લાભ થયો હોય તો તે આજના જાપાનીસ યુગની તકલાદી ગુજરાતણોને થયો છે. કોઠીઓમાં દાણા ભરી રાખવા, સડી ન જાય તે માટે બેચાર મહિને જોવા, વીણવા, ઝાટકવા, રખેળવા કે મોઢવા! ગૃહિણીઓને માથે પડેલી આ બધી ખટપટ આજે મટી ગઈ છે. તાજું લાવીને તાજું જ ખાવાનું હોવાથી અને કોઠીઓમાં હડતાળ હોવાથી હવે તો મૂષકદેવો પણ મોટી સંખ્યામાં ઘરોમાંથી સામુદાયિક હિજરત કરી ગયા છે. તૈયાર દળેલો સુંદર સફેદ ફેઇસ પાવડર જેવો લોટ મળે છે, સ્ત્રીસમાજ ઉપર માપબંધીનો આ ઓછો ઉપકાર છે? આ મહદ્ ઉપકાર બદલ આર્ય સન્નારીઓએ માપબંધીખાતાનાં ઓવારણાં લેવા ઘટે છે, મહિલા પરિષદ જેવી કોઇક અગ્રગણ્ય સ્ત્રી-સંસ્થાએ ખાસ અધિવેશનમાં ખાસ ઠરાવ પસાર કરીને, ગૃહરાણીઓને સુપડું-સાંબેલું છોડાવવા બદલ માપબંધીખાતાનો જાહેર આભાર માનવો ઘટે છે. સાથોસાથ બીજો એક ખાસ ઠરાવ પસાર કરીને એક સૂચન એ પણ કરવા જેવું છે કે, ગામે ગામ-એક એક ગામ-રસોડું જ ખોલાવું જોઇએ, જેમાં સવાર સાંજ દરેક માનવીને તૈયાર બબ્બે રોટલા અને દાળ કે શાક વ્યવસ્થિત રીતે વહેંચાય. જેથી ગૃહિણીઓને રાંધવાની રામાયણ ટળી જાય, ચુલો ફૂંકવાની ચિંતા ટળી જાય તો કોલસા કે લાકડાની તંગીનો પ્રશ્ન આપોઆપ ઉકલી જાય, વાસણ માંજવાની કે એઠું કરવાની ઉપાધિ ન રહે. પૈસાપાત્ર ઘરોમાંથી મા'રાજ અને રામાઓને રૂખસદ મળી જાય, સરકારી સદાવ્રત ખાતામાંથી ભોજન મળવાથી અને એ વડે શરીર ટકી રહેવાથી માણસમાં દેશપ્રેમની જ્યોત સદૈવ જલતી રહે. અને 'મહારાણીઓને' આઠે પહોરનો આરામ મળી જાય!

કેટલાક લોકો 'ઘંટી તેનાં ગીત'નું સૂત્ર વીસારી દઈને 'ખાય તેનું જ ખોદવાનો' ધંધો લઈ બેઠા છે. કેટલાક કહે છે કે માપબંધીમાં મળતા ધાનમાં જીવનપોષક તત્ત્વો નથી. કેઈક કહે છે કે ઢોર પણ ન ખાય તેવું ધાન માનવીઓને અપાય છે. કેઈક છાપનીયાના દુકાળમાંથી આવ્યો હોય તેમ 'રેશનનું પ્રમાણ અલ્પ' હોવાની ફરિયાદ કરે છે તો કોઇક વળી સરકાર-માપબંધી-ભગવાન અને રેશનીંગના સંચાલકો બધાને ગાલિપ્રદાન કરવાનો ધંધો જ લઈ બેઠા છે. પણ એમને ભલા આદમીઓને ખબર નથી કે માપબંધીમાં મળતું અનાજ ખૂબ જ વિચારપૂર્વકની વહેંચણીનું પરિણામ છે. દરિયાપારથી આવેલા લોટને વગોવાય છે-પેટમાં ચૂંકાય છે એની બૂમો

પડાય છે, પણ એ બૂમો પાડનારાઓને ક્યાં ખબર છે કે તમારા માટે ખાસ કાળજી કરીને હજારો ગાઉ પરની દરિયાપારની ગોરી ગૃહિણીઓએ કેટલી હોંશથી એને વીણી, ઝાટકી, દળીને તૈયાર મોકલી આપ્યો છે? વળી જો એ લોટ પેટમાં ચુંકાય તો તો તેને લાક્ષનીજ વાત લેખવી જોઈએ, પેટમાં ચુંક આવવાથી રાતના નિદ્રા ન આવે તો તસ્કરોને ચૌર્ય-કલા અજમાવવાનો ચાન્સ જતો કરવો પડશે. કદાચ આ ધાનથી પેટનાં દર્દો થશે તો પણ તેથી આપણા દેશ બાંધવો વૈદ્ય-હકીમ ડોક્ટરનાં ખીસ્સાં તર થશે અને એ રીતે પણ દેશી વૈદું તેમજ વિદેશી પદ્ધતિથી દવાઓ કરતા આપણા દેશી ડોક્ટરોના ધંધા ધમધોકાર ખીલી ઊઠશે. વળી માંદા રહેવું એ તો આજના યુગની એક એટીકેટ છે. જે ઘરમાંથી દરરોજ સવારે દવાની શીશી હાથમાં પકડીને મંદમંદ ચાલે ગૃહિણી દવાખાને ન જતાં હોય એ ઘર તે ઘર જ નથી, ધંધોલીયું સમજવું!

કદાચ એ ધાનમાં જીવનપોષક તત્ત્વનો અભાવ હોય તો તેથી ઉલટાનો હર્ષ થવો જોઈએ ભલા 'દમી! હિંદુધર્મની માન્યતા પ્રમાણે જીવને ૮૪ લાખ યોનિમાં અવતરવું પડે છે. અને જો એક અવતારમાં ૬૦—૭૦ જેટલાં વર્ષો જીવીને નકામો સમય પસાર કરીએ તો એવી ગોકળગાયની ગતિની મુસાફરી કોણ જાણે ક્યારેય પૂરી થાય? એનાં કરતાં આ તો સીનેમાનાં દશ્યો જેમ ઝડપભેર અવતારો બદલાતા જાય તો શું ખોટું? આ આધ્યાત્મિક દષ્ટિને લક્ષમાં રાખીને જ મા૫બંધી ખાતા તરફથી અનાજ અપાય છે એવું ઘણા બુદ્ધિશાળી માણસોને બોલતાં મેં સાંભળ્યા છે.

વગોવનારા ભલે વગોવે, મને તો લાગે છે કે, માપબંધીએ અનેક મુશ્કેલીઓ ને સરળ બનાવી આપી છે, અનેક મૂંઝવણભરી બાબતોનો સ્હેજમાં સરળ રીતે ઉકેલ કરી બતાવ્યો છે દરરોજ ઓફિસમાં નિયમિત રીતે અનિયમિત આવનાર કોઈક કારકુનને ઉપરી અધિકારી પૂછે કે 'કેમ મોડા આવ્યા?' તો તરતજ, 'સાહેબ, આજે રેશન લેવા, કાલે ગોળ લેવા પરમ દિવસે દીવાસળી લેવા, ચોથે દિવસે કેરોસીન લેવા,' એમ દરેક દિવસે દરેક ચીજ લેવા ગયાનું બતાવીને સાહેબના ખોફમાંથી છટકી શકે છે; અને સાહેબ પણ માપબંધીની ગાયકવાડીથી સારી રીતે માહિતગાર હોઈને વધુ પૂછપા કરવાનું માંડી વાળે છે!

અગાઉ ઇશ્વરપ્રાપ્તિ કે કોઈક ઇચ્છિત કાર્યની સિદ્ધિ માટે કઠિન તપશ્ચર્યા કરવી પડતી. અપવાસ, અલ્પાહાર ઇત્યાદિ પ્રયોગો દ્વારા માનવીઓ શરીરને વધુમાં વધુ સહનશીલ બનતાં શીખવતાં, શિર્ષાસન ઉરાંગઉટાંગાસન કે મયુરાસન! જેવાં આસનોથી લોકો દેહ દમન કરતા, ધ્રુવ જેવા નાનકડા બાળકે પણ કઠિન તપશ્ચર્યા કર્યાની વાત આપણે પુરાણ-ઇતિહાસમાં ક્યાં નથી ભણ્યા? આજે માપબંધીએ પણ એ તપનો પ્રચાર ફરીથી કરવા માંડ્યો છે. આજે ધ્રુવ અને પ્રહ્‌લાદ જેવાં સુકોમળ બાળકો, કાળા ઉન્હાળે, ખરે બપોરે, ડામ્મરની ધખધખતી સડક ઉપર શેર-બશેર ગોળ માટે બેચાર કલાક ઉભાં રહે એ શું ઓછી તપશ્ચર્યા છે? જેને વાત કરતાં યે મ્હોં પર શરમના શેરડા પડતા હોય એવી કોમલાંગીઓ પહેલો નંબર આવે તે માટે પરોઢની રેશનીંગની દુકાને જઈને અડ્ડા જમાવે એ શું ઓછી સાધના છે? બે ચાર દીવાસળીની પેટીઓને ખાતર ત્રણ ચાર કલાક સુધી કતારમાં પગે રસ ઉતારવો પડે તે શું ઓછું આત્મદમન છે? દિવસભર સખત ગદ્ધાવૈતરું કરવા છતાં યે, મહિને દિવસે મળતા પાંચ-છ શેર દાણા ખાઈને જ દિ' કાઢવા, અને 'ફરજીયાત ફાસ્ટ' કરીને કાયા ઘસવી તેમાં શું ઓછું તપ છે? ટાઢમાં-તાપમાં-વરસાદમાં, સવારે, બપોરે, સાંજે, વખતે કે કવખતે પણ એક માત્ર અનાજ મેળવવાની તાલાવેલીમાં બીજું બધું યે વીસારી દેવું એ શું માપબંધી પ્રત્યેની અનન્ય શ્રદ્ધાભક્તિ નથી? અને આટલું સહેવા છતાં યે કદાચ ખાલી ઝોળી લઈને પીછેહઠ કરવી પડી તો યે બીજે દિવસે એજ ઝોળી અને રેશનકાર્ડ સાથે પાછા મોચીની દીવી પેઠે તૈયાર ને તૈયાર!

જીવન-પ્રકાશ

ફોટા છાપ મેડીકેટેડ સ્નફ જ
અસલ છે. બીજી બધી નામધારી જ છે

માપબંધી આવવાથી સૌથી વધુ સગવડ સાંપડી ગઈ હોય તો તે પ્રેમીઓને સાંપડી ગઇ છે. પ્રેયસીની પોળમાં ચક્કર લગાવવા જતાં ટીંચર–આયોડીન ચોપડવું પડે એવી પૂરેપૂરી શકયતા હોય, અગર અન્ય અંતરાયો નડતાં હોય તો તેવાં વિરહી લયલા–મજનુઓ હાથમાં થેલીઓ અને રેશનકાર્ડ રાખીને, એક જ પંથના પ્રવાસી બનીને કલાકોભર પેટ ભરીને વાતો કરી શકે છે. તક મળે તો પરસ્પર પત્રોનો વિનિમય પણ કરી શકે છે.

આમ તો આ રીતે લાઈનમાં ઉભા રહેવાના લાભો પણ ઓછા તો નથી જ. કોઈક વધારે લાભે છે તો કોઈક થોડા! જેવું જેનું ભાગ્ય! માપબંધી આવવાથી સૌથી વધુ સગવડ સાંપડી ગઈ હોય તો તે પ્રેમીઓને સાંપડી ગઈ છે. પ્રેયસીની પોળમાં ચક્કર લગાવવા જતાં ટીંચર આયોડીન ચોપડવું પડે એવી પૂરેપૂરી શકયતા હોય, અગર અન્ય અંતરાયો નડતા હોય તો તેવાં વિરહી લયલા–મજનુઓ હાથમાં થેલીઓ અને રેશનકાર્ડ રાખીને, એક જ પંથના પ્રવાસી બનીને કલાકોભર પેટભરીને વાતો કરી શકે છે. તક મળે તો પરસ્પર પત્રોનો વિનિમય પણ કરી શકે છે.

માપબંધી આવ્યા પછી જો કોઈને કાંઈ પણ નુકસાન થયું હોય તો તે માત્ર 'મફતનું ચંદન ઘસનારા લાલીઆઓને' અને યજમાન રાજાના મોદક મારીને તાગડધીન્ના કરનારા વિપ્રવર્યોને! છાશવારે મહેમાન થઈને ટપકી પડતા અતિથિદેવોને જ યજમાન મ્હોં મરડતો હોવાથી હવે આ ગુંદરીયા મહેમાનો યજમાનને દ્વારે ચઢતાં વિચાર કરે છે. સારા દિવસોમાં અવારનવાર દૂધપાક–પૂરી કે આસુદીપૂરીથી આગતા સ્વાગતા થઈ હોય એટલે સહજ આવા પેધેલા મહેમાનોને યજમાનોનાં ઘર પર આક્રમણ લઈ જવાનું મન થઈ આવે છે પણ હવે મિષ્ટાન્નને બદલે જાર અને ટર્કીના લોટ મિશ્રિત રોટલા અને તાંદળજાની ભાજી ભાણામાં રોકાતાં જ યજમાન॥ અતિથ્યસત્કાર માટેનો બાંધેલો ઉચ્ચ અભિપ્રાય ફેરવાઈ જાય છે અને એમ એ ખસને કાઢવા માટે હવે તો ઠંડા પાણીની ઝાઝી આવશ્યકતા રહેતી નથી.

બારમાં, તરપંડીઓ, અને ચોર્યાશીઓ ખાઈ-ખાઈને યજમાનોના અનેક પિતૃઓને સ્વર્ગમાં પહોંચાડી આપનાર બ્રાહ્મણોને પણ હવે બ્રહ્મભોજનના વખા પડવા માંડ્યા છે. મોદકનાં તો કવચિત જ દર્શન થાય છે. યજમાનો પણ આવા વિપરીત સમયમાં કાયદાના ડરથી પ્રેતભોજન કરાવવાનું બંધ રાખીને પિતૃઓને ત્રિશંકુ હાલતમાં જ રહેવા દેવાનું વધુ પસંદ કરે છે. અલબત્ત, બ્રહ્મભોજન ઉપર મૂકાયેલો આ અવરોધ વિપ્રવર્ગોને કિંચિત માત્ર પણ આનંદપ્રદ તો નથી જ, પણ રાજ્યાજ્ઞાનો ભંગ કરવાથી તુરંગવાસી બનવાની સંપૂર્ણ શકયતા હોઈને, યજમાનોને આ કાનુનનો પ્રતિકાર કરવા માટે ઉપદેશ આપતાં તેઓ ડરે છે અને મનમાં સમસમીને બેસી રહે છે.

જીંદગીના વીમાની પોલીસી કરતાં યે વધુ મહત્ત્વ આજે રેશન કાર્ડનું છે. ઘર નહિ હોય તો ચાલશે પણ રેશનકાર્ડ વિહોણા માનવી સમો આ જગતને વિષે અન્ય કોઈ જ દુઃખી નથી! દેવી માપબંધીની કૃપાદષ્ટિ વિહોણો માનવી આ ઘોર કલીકાળને વિષે નાનાવિધ પ્રકારની યાતનાઓ ભોગવે છે. માપબંધી એ તો આ ઘોર કલીકાળને વિષે દેવી અન્નપૂર્ણાનું અર્વાચીન સ્વરૂપ છે. આથી માનવીએ તેને પ્રસન્ન રાખવાના પ્રત્યેક પ્રયાસો કરવા જોઈએ. દરરોજ બ્રાહ્મમુહૂર્તમાં શૈયાનો ત્યાગ કરીને રેશનીંગ ઓફીસરના નામની પાંચ-માળાઓ ફેરવવી જોઈએ. માપબંધીની દુકાનને દેવીમંદિર સમાન લેખીને પરોઢથી તેના દ્વારે જઈને બેસવું જોઈએ.

આટલા નીતિનિયમો પાળીને, દેવી માપબંધી પ્રત્યે અનન્ય શ્રદ્ધા રાખીને, વર્તનારને, હે વાંચક! મારૂં વરદાન છે કે કદીપે દુઃખ નહિ આવે અને તે આ લોકને વિષે નાના પ્રકારનાં સુખો ભોગવીને અંતે સત્યપુર એવું જે વૈકુંઠ તેને વિષે જશે. ઇતિશ્રી માપબંધી પુરાણે, પાખંડ પ્રથમો અધ્યાય સંપૂર્ણઃ ઓમ્ શ્રી માપબંધી માતકી જે!

એકસઠમે વર્ષે

લેખક : શ્રી. વિભૂતિભૂષણ બંદોપાધ્યાય

અનુવાદક : શ્રી. 'શશિન્' ઓઝા એમ. એ.

ઓફિસ કે ઘર કોઇને હવે પોતાની જરૂર નથી. હા, એક માત્ર એની સ્ત્રીને–જ્યારે કંઈક સરસ્વતી વર્ષા કરવી હોય ત્યારે–પોતાની જરૂર કોઈ વાર પડે છે ખરી! બાકી તો વૃદ્ધ યુગલની કોઈને પરવા નથી.

આજનું પ્રભાત કંઈક અનોખું જ હતું.

પોતાનાથી શક્ય એટલું બધું જ રાયબહાદુરે કર્યું હતું. જુવાન વયમાં જ્યારે પોતે ત્રીસ રૂપિયાના પગારે ગામડી નિશાળના હેડમાસ્તર હતા ત્યારની જ વાત હશે. એ એક ભાંગલી ખુરશી ઉપર બેસતા. બારીમાંથી સામેના વાંસના તરુવૃન્દો તરફ અનિમિષ દૃષ્ટિથી જોઈ રહેતા. અને જાણે કોઈ ચિત્રપટ જોતા હોય એમ અનેક દૃશ્યો જોતા. વર્તમાનની પાર ભાવિના બનાવો પણ એક સ્વપ્નની જેમ એ જોતા—આ તો ક્યાંય ચાલ્યું જશે. પોતાનો બેલીગંજનો ફર્સ્ટક્લાસ બંગલો બનશે. બંગલામાં મોટર, અને કોલ–બેલના અવાજે પટાવાળાઓ હાજર થશે. આ તેનું બહુરંગી સ્વપ્ન !

અત્યારે તેની ઉંમર એકસઠ વર્ષની હતી. હમણાં જ તેને સાઠ પૂરાં થયાં. તેની ખબર પણ તે આજ સવારે જાગ્યા ને દિવાલ ઉપરના કેલેન્ડરમાં 27, Ashar, 1352 B. S. વાંચ્યું ત્યારે જ પડી કે આજ તેને એકસઠમું વર્ષ બેઠું.

આકાશ મેઘાચ્છાદિત ન હતું. પ્રભાતનાં મંદ કિરણો મકાનોનાં છાપરાં ને તરુવૃન્દો પર પડતાં હતાં. રાયબહાદુર ચાપાણી પતાવી બહાર આવ્યા. ત્યાં તેની મોટી પુત્રી સુમિત્રાએ કહ્યું, 'ભાઈ, હું ટોસ્ટ જલદી બનાવીને લાવું છું. છેવટ બે જ લેજો.'

'નહિ. મારી તબિયત બગડે. તમે તમારે ખાવ.' આટલું કહી એ ચાલ્યા ગયા.

એ થોડો વખત આમતેમ ફર્યા ને પછી તળાવની પાસેના બાંકડા ઉપર બેઠા. ત્યાં પણ એક 'મીલીટરી બોટ' ઉપડવાની તૈયારી કરતી હતી ને તેનો કર્કશ નાદ અશાંતિ ઉત્પન્ન કરતો હતો. કોઈ સ્થળે શાંતિ ન હતી.

આટલા વહેલા એ એકસઠમા વર્ષમાં પ્રવેશ્યા !

જ્યારે તેને સોળ જ વર્ષ હતાં ત્યારે તે બત્રીશ વરસનાની પણ પ્રૌઢમાં ગણતરી કરતા. ચાળીસે બીજા તેને મન વૃદ્ધ સમાન હતા. પણ એ આટલી બધી ત્વરાથી એકસઠમાં વર્ષ સુધી પહોંચી ગયા! રાયબહાદુર પોતાને એટલા બધા વૃદ્ધ માની શક્યા નહિ. 'હજી તો કાલ જ હજામત કરાવવા ગયો હતો...' મનમાં બબડી એણે દિવસ ગણવા માંડયા. 'હજી તો હમણાં જ બનારસમાંથી આવ્યો....હું... બરોબર યાદ છે.' તેનો ભાઈબંધ ગણેશ તેને યાદ આવ્યો. '૬૦–૬૧ તો તેને પણ થયાં. એક બે વરસનો ફેર એ કંઈ ફેર કહેવાય...'

૧૯૨૦ ની સાલ. પચીસ વરસ વહ્યાં ગયાં. ના, એ બહુ ટૂંકો ગાળો ન કહેવાય! પણ મુખ્ય પ્રશ્ન એ છે કે એકસઠમે વર્ષે બીજા જેટલો વૃદ્ધ એ નહોતો.

આ સરોવર તટે આવીને બેસવું તેને બહુ ગમતું. ઘણીવાર અહીં બેસીને મંથનમાં ડૂબી જતો. ઘરમાં પુષ્કળ ઘોંઘાટ થતો. એટલે શાંત વિચારણા માટે ત્યાં અવકાશ ન હતો. અલબત્ત ડ્રોઈંગરૂમ હતો, પણ એ તો ભણાવવા આવતા માસ્તરોએ રોકી લીધો હતો. સુમિત્રાના ઓરડામાં તો એની બહેનપણીઓ હાજર જ હોય. કેવો છૂપો ગણગણાટ કરે છે. ખરેખર એ અલકા [બહેનપણી] સુમિત્રાને બગાડશે. અલકા–કમ્યુનીસ્ટ ! સુમિત્રાના ઓરડામાં કમ્યુનીસ્ટ લીટરેચરનો ઢગલો પણ કાલે જોયો. ખરેખર યુગ બદલાયો છે. છોકરીઓ પણ આમાં

ભળી !—ને ગેલેરીમાં-બારીમાં બેસે તો જૂના પરોણી મિત્રો એને હેરાન જ કર્યા કરે !

'એ કરતાં આ હજાર દરજ્જે સારું.' તેણે પોતાના વિચારતંતુને સાંધવા પ્રયત્ન કર્યો. હા, વૃદ્ધ, માસ્તરો કહેશે, 'રાવબાબુ, આ તમને અનુકૂળ નહિ આવે. આ શાળાજીવન તો અમારે લાયક છે.'

મોટો છોકરો ઑફિસની સંભાળ રાખે છે. ને પોતાનું કામ સારી રીતે જાણે છે. ઑફિસ કે ઘર કોઇને હવે પોતાની જરૂર નથી. હા, એક માત્ર એની સ્ત્રીને—જ્યારે કંઇક સરસ્વતી ચર્ચા કરવી હોય ત્યારે—પોતાની જરૂર કોઇ વાર પડે છે ખરી ! બાકી તો વૃદ્ધ યુગલની કોઇને પરવા નથી.

આમ પોતે ખલાસ થઇ ગયો છે. ખલાસ એકસઠમે વર્ષે ! રથના પાંચમા પૈડાની જેમ કોઇને એની પડી નથી—રતલપર—હા—ત્યાં જ તેના પ્રથમ પ્રણયનો ઉદય થયો. વિશ્વેશ્વર ચક્રવર્તી ગામગુરુ હતા. તેની દીકરી નિરુપમા એટલી બધી આંજી દે એવી નહિ પણ સુંદર તો ખરી જ. ઘણી વાર બપોરે તરુઘટાની શીતળ છાયા નીચે તેનો મેળાપ થઈ જતો. નિરુપમા સોળ વરસની હતી. સુંદર હતી.

એક વાર નિરુપમા બે કેરી લાવી ને સ્મિત-ઝરતા મુખે કહ્યું: 'તમને ભાવે છે ?'

—કેમ નહિ ?

—લ્યો. આ તો અમારા આંબાની કેરી છે.

—આટલાથી ન થાય.

નેત્રો વિશાળ કરી નિરુપમાએ પૂછ્યું : 'ત્યારે ?'

—તેની સાથે બીજું પણ કંઇક તમારે આપવું જોઈશે.

—હા. અહીં આવો હું બતાવું. પાસે આવો વધુ પાસે—

—અરે—તમે તો બહુ...

નિરુપમા છટકી નાસી ગઇ.

બીજે દિવસ.

વિશ્વેશ્વર ચક્રવર્તીએ શાળાશિક્ષકને પણ ફીસ્ટમાં નિમંત્રણ આપેલ. નિરુપમા બધી વસ્તુ લેવા-આપવામાં હતી. ને નેત્રે નેત્ર મળ્યાં. નિરુપમા અનિમિષ નયને તેના તરફ જોતી હતી. પોતે સ્મિત કર્યું. નિરુપમા સામું હસી. ને ચાલી ગઇ. અરે ! એ હજી ગઇ કાલની : બીના. પણ એ તો ઘણું થયું—૪૦ વર્ષ પહેલાં

અત્યારે પણ આંખ બંધ કરી એ નિરુપમાના લજ્જાભીનાં મંદ પોપચાં જોઇ શકતો હતો ને આ એક જ બનાવ ન હતો. આવું તો વર્ષભર બન્યું. આનંદની પ્રણયમુગ્ધ ક્ષણો—જીવનનો આનંદ—

લગ્નની માગણી મૂકાણી અને બધું પતી ગયું હોત. પણ હિંદુ મજમુદારે પોતે 'કુલિન નથી' એ પ્રશ્ન ઉપસ્થિત કર્યો. ને વાત ત્યાં જ અટકી. પોતાની જ હાજરીમાં નિરુપમા બીજે પરણી ગઇ.

રાયબહાદુર કાંઈ આ ગામના ન્હોતા. લગ્નદિવસે નિરુપમા રોઇ હતી કે નહિ ? એ ખબર કોણ તેને આપે ? આ માટે તેણે પ્રયત્નો પણ ઘણા કર્યા. પણ વ્યર્થ. નિરુપમા પણ એને એ પછીથી ગણી ન હતી.

આ પ્રસંગ પછી એણે ગામ છોડ્યું. ને ફરી ત્યાં ગયો જ નહિ. આ તેનો પ્રથમ પ્રણય.

તે પછી તો એ ધનિક કુટુંબની સુંદર કન્યાને પરણ્યા. પણ નિરુને ન ભૂલ્યા નિરુનું શું થયું હશે ? પોતાને યાદ કરતી હશે ? વગેરે પ્રશ્નો મનમાં થતા.

રાયબહાદુરને રતલપર જવાની તીવ્ર ઉત્કંઠા થતી. નિરુને જોઇને પાછા ચાલ્યા આવવાની વૃત્તિ પ્રબળ બનતી. એ વાતને ચાળીસ વરસ થયાં જ નથી. પોતે હજી એવા એ જ યુવાન જ છે. બ્લડપ્રેશર, ગાઉટ કાંઇ દર્દ નથી. તેને લાગતું કે હજી સોળ વર્ષની નિરુ તરુઘટાની છાયામાં પોતાની પ્રતીક્ષા કરે છે.

તે રાત્રે તેણે મન સાથે નક્કી કર્યું. રતલપુર જવું જ. સવારે જઉં. સુમિત્રાએ આવીને કહ્યું. 'ભાઇ, આજે સાંજે શું લેશો ?'

'ખોટી હેરાન કર મા.' રાયબહાદુરે કંટાળાનો અભિનય કર્યો. મારા ખોરાકની તેને ખબર નથી ?

પડદો પડ્યો !

સુમિત્રા જુદા જ ભાવ સાથે પાછી વળી.

રાયબહાદુરે બંગાળી માસિકનાં પાનાં ફેરવવા માંડ્યાં—છતાં વાંચતા તો નથી જ.

ત્યાં પ્રતિમા સૌન્દર્યની મૂર્તિ સમી દાખલ થઇ ને પૂછ્યું:

—બાપા, તમે મને બોલાવી !

—હા, મારે શું ખાવું છે એ પૂછવા સુમિત્રાને કેમ મોકલી ? હું રાત્રે શું જમું છું ?

—ના, એટલા માટે નહિ આ ત્રણ દિવસથી તમે કાંઈ જમતા જ નથી.

ના. કુટુંબમાં શાંતિ જ નથી. કોઈ પોતાની સંભાળ નથી લેતું. પોતાની પત્ની શું બહુ કામમાં છે ?–જો આજે નિરુ....

રેડિયો માથું દુઃખાવે છે. કોણે શરુ કર્યો. બંધ કરો એને.

હા. મારે રતલપર જવું જ જોઈએ. કદાચ નિરુ ત્યાં મળી જાય. છેવટ કંઈ નહિ તો આ નીરસ જીંદગીમાંથી તો બે ઘડી શાંતિ મળશે. અરે ! બહુ માથું દુઃખે છે. રેડિયોને લીધે જ—

પ્રતિમા રાત્રે એકાએક બાળકની ચીસના અવાજથી જાગી ગઈ. રાયબહાદુરના કમરામાંથી અવાજ આવતો હતો.

રાયબહાદુર અસ્વાભાવિક હાલતમાં પડ્યા હતા. અસ્પષ્ટ અવાજો એના મુખમાંથી નીકળ્યે જતા હતા. ડોક્ટરને બોલાવવામાં આવ્યા. બધાં રાયબહાદુરના બિછાના પાસે ટોળે વળ્યાં. અસ્પષ્ટ ત્રુટક શબ્દોમાંથી પ્રતિમાએ બે શબ્દો પકડી લીધાઃ 'નિરુ.'

નિરુ કોણ ?

દાક્તર સાહેબે કહ્યું: આઘાત લાગ્યો છે. અને થોડાક કાળ પછી રાયબહાદુર મૃત્યુ પામ્યા.

છટકેલા લમણાને કાબૂમાં રાખવા
ફોગ છાપ મેડીકેટેડ સ્નફ વાપરો
મહાસુગંધી સ્નફ વર્ક્સ, સિહોર [કાઠિ.]

મુસાફરીના સાથી તરીકે એક શીશી
જીવનધારા
ની જરૂર સાથે રાખવાનું ભૂલતા નહિ
• દરેક શહેરમાં વેચાતી મળશે •

પરા છાપ બ્રાહ્મી
સો...એ...સો ટકાની ખાત્રીવાળું
શાસ્ત્રોક્ત રીતે ખાસ ભઠ્ઠીથી બનાવ્યું છે
એટલે ખરી પડતા વાળને અટકાવી કાળા, સુંવાળા,
ભરાઉ અને ગુચ્છાદાર બનાવે છે
તેમ જ
મગજની નબળાઈ, માથાનો દુખાવો, વેગ વગેરે અનેક દર્દોમાં ફાયદો આપે છે
જાણીતા ગાંધી સરૈયા અને દવાવાળાને ત્યાં વેચાય છે
—જથ્થાબંધ માટે લખો—
એમ. એસ. ખંભાતવાળા, આકા શેઠની પોળ, અમદાવાદ

તારે છત્ર

તું રક્ષ કે સંહર તું યથેચ્છ:
મને થશે છે ડર તાહરો એ
રક્ષા મહા એ મુજની ગણું સદા
ન છત્ર તારે ક્યહીં કોઈ આપદા.

— સુન્દરમ્

ઠગારું વિશ્વ

[રુબાઇયાત]

પતીલ

શી આંખમાં મસ્તી શરાબની છે,
કહેવાય ના એવી ખીના બની છે:
જેને કહો મ્હેરબાની; માશૂક,
એ પ્રેમ છે કે હાય ! રહેમની છે !

આપી દીધું હતું તે બધું ઉતારી
ને જિંદગી:ય છે નહીં અમારી
જીત્યા તમે અમારી લાજ લૈને—
જોજો કે જાય લાજ ના તમારી.

સમસ્ત વિશ્વ ચુસ્ત ખુતગરી છે,
સ્મિત છે અહીં નેવત તહીં છુરી છે,
સહુને તલબ છે માત્ર ઝરકશીની,
મુખમાં પ્રભુ, બગલ મહીં છુરી છે.

ખપી ગઇ ખુશ્બુ ખાનદાની,
ના ખુરંમી તારી રહી, જુવાની.
જ્યાં ત્યાં મળે મઝદૂર પેટેરાં,
મુહરિમ તણી મળતી નહીં નિશાની.

છે બાગબાગ કંગાલિયત, ગરીબી,
શોધી જડે સાચી ન ખુશનસીબી:
ક્યાં છે અમાંકના અપૂર્વ મુજરો
ક્યાં છે વળી મહમૂદની હબીબી ?

દાતાર કમસ તણા છે મુંગાયા
હમદીનના દિરસા બુરી જરાયા;
સેવું ન કોં તકલીફ બ્યાજ્વાને
ખાલિક તણા દર્દ શું કમાયા ?

વિદ્યુતગતિ હૃદય મૃદંગ પેર બાજે
રાત્રિ મહીં પાયલ તણા અવાજે;
રહ્યા હસી મુજ હાલ ઉપર તારા
અનંત ગેબ માંહી જે બિરાજે.

સ્વર્ગ નિાવ ણુ — શ્રી. ઉછરંગરાય કે. ઓઝા બી એ.

[એક અપ્રસિદ્ધ કાવ્યસંપ્રી]

ગીત

અહો થાકી હું સ્વર્ગના વિલાસથી
અહો હારી હું જીવન સત્ત્વ હ્રાસથી—

કાયા ને માયાની નિશદિન ઉપાસના;
ઇન્દ્રિયોને અર્થ તણી આયુભર વાસના,
નવરા આ દેવોની અવનવલી કામના,
—પળપળ પલટંત ચિત્તરંગની આરાધના

વારી જા જિંદગીના ખોટા ઉલ્લાસથી
આવી હું વાજ દેવલોક સતત વાસથી
ઓ...હો...થાકી હું સ્વર્ગના વિલાસથી.

જેને સ્વર્ગ કહે છે
તેની રત્નપ્રભ ભાગોળ ઉઘડી.
ઝબસળકંતી કો' વિજળી સગી શી
અપ્સરા તેમાંથી બહાર નિસરી પડી.

વિશાળ નીલકમળ ઉઘડે,
તેમ ઉપડયા ગેભંગભ લોચને
એણે સ્હામે, ઉપર ને નીચે
આત્મ મનોહર, શાંત, તેજસ્વિ
નિહાળ્યું સર્વાંગ સરસું
પથરાઈ પડેલું ગહન આ વિશ્વ.

નીતરે છે ચેતન ગાત્રેગાત્રે;
ફુવાર ફૂટે છે મટકે મટકે કુતૂહલના.
મરક મલકતે સ્મિતરે સ્મિતડે
સૂસવે છે, સણો, તરંગ પર તરંગ,
નિર્વેદ સાગરના.

અપ્સરા એ ઇંદ્રસભાની હતી એક કોકિલી;
રોજરોજના ઇંદ્રારાધનથી વાહેલી.
તેત્રીસ કરોડની ઇંદ્ર સભા મળે
તેમાં એ જન્મથી નાચે ને ગાય.
તેનું રૂપ ને કંઠ,
તેનાં નેણુ ને મરક,
તેનાં લટકા ને ઠમક,
તેના શ્વાસ ને કટાક્ષ,
તેના બોલ ને બાલ:
—તેત્રીસે કરોડના ચિત્તઉલ્લાદક જાણે
અમીના કટોરા.

અમીના જામે જામ પીતા
એ લોક અને દેવ!
કોઈ વાર વિચાર્યું છે કે પૂછ્યું છે
પીવાતાં અમીને કે ઘુંટઘુંટ ગળાયાની સુર
'તમને પીવાવું, ગળાવાનું કેવુંક ગમે છે!
કંઠરણુકંતી સંગીત ગાયિકાને,
અંગ નર્તવંતી રંગમંડન નર્તિકાને
પૂછ્યું છે તાલીનાદંતા શ્રોતા પ્રેક્ષકોએ કદિ
'નાચતાં દેખાવાતું રુચે છે ને
બહુ બહુ તમારા સૌના આત્માને?'
ભોગ, કામ, વિલાસ વિહવલ દેવતાઓ,
ચિત્રપટના આળપંપાળથી નયનોને
અંગનીતાર નહવડાવના એ દ્રશ્યવ્યસનીઓ.
સતત પ્રકાશ, સતત પ્રદર્શન,
નટીઓની આંતરવ્યથા,
સતત ભોગવતાની આંતર વાતના
જાણવા યત્ને ય કર્યો છે કદિ?

ગીત

કોઈ આપો એકાંત,
કોઈ આપો એકાંત,
મારે રોવું છે મનને મોકળું મૂકી.
ધોને સનકાર શાંત,
ધોને સનકાર શાંત,
મારે વિધસવું દિલને મોકળું મૂકી.

સારી સભા કલ્લોલતી
રસછોળે છલકાય

ત્યારે હું તો એકલી,
સૂકી, મન બળી જાય.

કોઈ આપોને મૌન,
કોઈ આપોને મૌન,
મારે ગળવું છે મૌનમાં આત્મને ભૂલી.

ઘો અપાર અંધકાર,
ઘો અપાર અંધકાર,
મારે સંતાવું અંધારે આત્મને ભૂલી.

અંગણુ, ચમકચમકાર, તેજકેશ
બ્રહ્માંડગોલ-જડયા નક્ષત્ર ચાંદલા
અવગણ્યા. તેણે આંખો મીંચી.

શરસમાન શરીર સોંસરાં શલ્ય સાલતાં
જાણે પ્રકાશનાં કિરણે કિરણ હોય
તેમ શ્યામાંબરમાં કાયા આવરી
–તેજની છોળો આડી પાળ બાંધી–
તેની વાછંટ કલેવર પરથી લૂછી નાખી.

ત્યજેલા દેવલોક પર, નજર પણ નહિ નાખતાં,
તેજ પુંજ તારકોમાં અટવાતાં અથડાતાં–
માર્ગ મળ્યો. ત્યાં રસ્તો કરતાં,
દેવજગતને દૂર દૂર, દૂર મૂકવા
એ દિવ્યાંગનાએ દોટ દીધી.

આકાશભેદી તેજ રેખા આલેખતો
પડતો તારો તો નિરખ્યો છે ને?
ઉઘડે પગે એવી તેજ રેખા લંપતી
અને અંધારે અંચળા આવરી કાયાએ
તેને સર્વથા ભૂંસતી,
આવી પડી એ અપ્સરા અમરલોકની
કચ્છની ઉષ્મા ધીખતી ધરા પર.
જાગી, સ્વાત્મ પામી એ સ્વર્ગ સુંદરી
પછડાતી સ્થૂળ એ કચ્છની રેતી પર.

ઈન્દ્રલોકનાં તેજ નીરખ્યાં'તાં
તેને પૃથ્વી તો અંધારપટ–પ્રચ્છન્ન લાગે ને?
સૂરજ તપતો હતો–
પણ તે તો નરદેહ નેત્રોને.
સ્વર્ગ સુનયનાને મરીચિ માળી

અંધકારમાં સુસવતી અગ્નિજ્વાળાની
ફૂંક શો જણાયો.
કલ્પવૃક્ષનાં નન્દનવનની
સ્વૈર–વિહારિણીને
કચ્છ ધણી કાળાગ્નિ ભરખી મૂકી સદ
ધીખતી ધરા શી ભાસી.
પ્રભાપુંજના પર્વતો પેખેલા
તેને કાળમીંઢા પ્હાણાના પહાડ
કેવા લાગતા હશે?
દેવલોકના દ્યુતિમદ ગિરવરોની
ઘેરી ગહ્વર કંદરા ય
મૃત્યુલોકનાં તેજ ધામથી
તેજસ્વંતી હોય!
તેની નિવાસિની આ નયનંગમાનાં
નયણાંને ઘોર ગિરિગુહા કચ્છ ધરતીની
કયી અંધકાર લેખનીથી
આલેખાયેલી લાગતી હશે?

મંદાકિનીનાં કલકલ વહેતાં
સ્વર્ગભૂમિને રસાળ કરતાં
કણેકણે અમી નિર્ઝરતાં
અમૃતઝરણાંને તીર સંચરેલી
સ્વૈર આ નિત્યઅભિસારિકાને
કચ્છી વોકળાની ઝીણી ઝરણે
માનવ-નારીનાં યાતનામય
નયનની આંસુધારા જેવા જ
લાગતી હશે ને?

અને તોય
અમર લોકનાં અતૂટ આસંજનને
તોડી સ્વૈરવિહારપામી
આ અપ્સરા આનંદથી ઉછળી.
હાશ! એકાંત લાધ્યું!
સૂનકાર સાંપડ્યો!
મૌનની તો મહામર્યાદા!
અંધારાનાં તો પ્રિયતમ આવરણ!
શીતળતાનાં સંપરિચિત શરીર-ગાત્રોએ
ઝીણમઝીખતી કચ્છધરાનાં
ધખધખતા શ્વાસ

આશ્વાસન-આકાંક્ષિ
સ્નેહે. સત્કાર્યા.

અને એ સત્કારતાં સાથે જ
બુદ્ધિ અને આત્મા પર
અંધકારના ઓઘ
સત્વર સળગતી દોંકાળોતરી જાળ
માફક ફરી વળ્યા.
વિસ્મૃતિનાં વાદળનો
મેઘાડંબર છાયો
જેમ આષાઢ વદનાં વાદળદળ
સૂર્યમંડળ આડાં છવાય.
છતાં જ નહિ જાણે
આકાશયાન અભિસરણે
ઉજમાળી અપ્સરાનાં જીવનરશ્મિ
જેવાં કશાંય તત્ત્વો—
—કાય.ની સૂક્ષ્મતા ગઈ.
—કલેવરનું પોત સ્થૂલતા પામ્યું.
કાળા માથાની માનવ મહિલાની
ધીર મંતા ગર્ભશય્યા પર
પદ્મિની રે ધરાકુમારીનો
સ્ફુલિંગ દેહ
અપ્સરા-આત્માને આવરતો
એકાંતે, સુનકારે, શાંત મૌને
આભ્યંતર બીડાયો,
અને પરિશ્રાંત, પરમ શાંત
એ આત્મા ગુંજ્યો:.....

. . . .

અને પછી તો ગુંજને ફેલાયું
સ્વર્ગ સંન્યાસિની શકુંતલાનનિંની
ધરાસુંદરી પદ્મિની થઈ—
નરનારી આશાપની નવલનોતમ
દુહિતા જન્મી.

એક પ્રભાતે

એક પ્રભાતે મેં ઊઠીને જોયું—
સપનું મીઠું ખોયું,
રામ, સપનું મીઠું ખોયું;—એક...

એક ઘડીમાં મેં દુનિયા દીઠી
પૂરી પાયામાં પ્રીત:
ગામ પંખેરુના આળા મેં કીધા,
મૂક્યાં રે કાંઠે ગીત.—એક...

પ્રેમની કૂંકે જીવતાં જોયાં,
વનપંખી મુજ સાથ,
ગીત અનંતનાં ગાતાં રે સુખી
આવી વસ્યો જગનાથ.—એક...

ભોળાં પંખી, મુજ દુનિયા ભોળી—
મીઠું રે જીવન ગાન,
નહોતી જરી એમાં શોકની છાયા—
એક જ સુખનું તાન!—એક...

कोलक

પંદરમી ઓગસ્ટે!

હિન્દ સ્વતંત્ર થયું જે દહાડે,
તજી નિઃશ્વાસ સહુ આનંદે,—
હું આવ્યો તવ અંતર દ્વારે,
પંદરમી ઓગસ્ટે!

બે-દર્દ થઈ જન સર્વે ફરતા,
'દુઃખ ગયું' સહુ એમ ઉચ્ચરતા,
તીરછાં તુજ નયનો મેં નીરખ્યાં—
પંદરમી ઓગસ્ટે!

મન બંધાયું તુજ ઉર દ્વારે,
હૃદય ઘવાયું નેનન ધારે—
બંધન, દર્દ, નિસાસા મ્હારે,
—પંદરમી ઓગસ્ટે!

—જદિસ

ગત વર્ષની ભારતીય શોકાન્તિકા [Tragedy] આ કાવ્યનો વિષય બની છે. કોમી વેરઝેરનો ભોગ બનતા અનેક નિર્દોષોના શોણિતથી કલંકિત થયેલી ધરતીનું રુદન અહીં કરુણાર્દ્રતાથી સભર બાનીમાં અવતરણ પામ્યું છે. હજારો નિર્વાસિતોને આ હત્યાકાંડોમાં માતૃભૂમિ બનેલી વસુંધરાને છોડવી પડી છે અને સર્વસ્વ ગુમાવવું પડ્યું છે, જેમાંના એક કવિ પોતે પણ છે.

શ્રી. ઇન્દુલાલ ગાંધી

ધરતીનું રુદન

આજે વસુન્ધરા સાંભળી રોતી.
નેવાં ચૂવે એમ નેણુ ચૂતાં હતાં રોતી કાળી અધરાત,
છીપી રહ્યા હતા એક દૂજતે ડાબો ને જમણો હાથ:
દિલના ડાઘ શોણિતથી ધોતી
આજે વસુન્ધરા સાંભળી રોતી.

બીજ જોતું ત્યારે બીજ અમ્યાં આપી, નીર જોતું ત્યારે નીર,
છલકાઈ કૂખે મીઠપણું અહીં આપતા આપણું આર:
રોતાં હૈ દિનરાત જે રૂદેતી,
એ જ વસુન્ધરા સાંભળી રોતી.

બાંધી બથમાં કોઈનો બાપ નહોતો,
સાથે લાંબી કતારનો સાથ હતો:
અધૂરા આવ્યું મારો દિનોનાથ હતો
બીમાં હસતાં સાંભળીને તારાં, અંતર પાછળ જમતાં ભરતું'તું,
પણ ખંડિત તારી કલેવર ખીણને દેખીને ડગતું ડરતું'તું:
દિલ આંખને કેતું 'કાં પાછળ જોતી?
છાને વસુન્ધરા એટલી રોતી.'

કે એ વનિતાને ટેકવી હાથે
વૃદ્ધ જનેતાને ઊચકી માથે
નાનાં નાનાં છૈયાં-છોકરાં માથે

આજે ચડી હતી સુધ્ધે અપબતા દુખના શસ્ત્રસરંજામ સોતી
આવું નિહાળીને માવડી રોતી ?

ધાવણાં છોરુને ધાવતાં ધારતાં થાનલેથી કર્યાં કેમ વછૂટાં ?
આ તો 'પરાયું' ને 'પોતાનું' કે'નારા માડી, મળ્યાં તને માનવી હૂતાં,

સાચું-ખોટું શકી તુ નવ ગોતી,
હે, મહાકાળી ! હવે શીદ રોતી ?
ચીંથરું યે ન્હોતું કેંકને ડીલે
દોટ દીધી હતી સુખડે બ્હીલે
વીંધાણાં કેંક જુદાઇને ખીલે

ઘાવની ઔષધિ કાજ કાં તો અમે માવડી, હોત શક્યા કામ આવી,
ધૂર્જટિ જેવું કાં રૂપ ધરી ઉરે બેઉને જો દીધા હોત સમાવી !
રહેત અખંડિત પ્રીત પનોતી,
ને વસુમતી, તું હવે રોતી !'

—ઇન્દુલાલ ગાંધી

હું કેમ મોડો જન્મ્યો ?

બા-બાપા ક્લબમાં ગયાં, બહેન શૂટીંગ જોવા ગઈ, ભાઈ નૃત્ય કરવા ગયો અને [એટલે] ભાભીનો પત્તો નથી ! મારે જ ઘરમાં ગોંધાઈ રહેવાનું ! અરેરે, હું કેમ મોડો જન્મ્યો !



ગત વર્ષની મુખ્ય રાજકીય સમસ્યા:

કોમવાદ, રાષ્ટ્રવાદ અને હિન્દુત્વનું સંઘર્ષણ

"હિન્દ કોમવાદી રાજ્ય કોઈ હિસાબે નહીં બને. હિન્દુ ફેસિઝમને અમે મચક નહીં આપીએ. —પંડિત જવાહરલાલ

ગત વર્ષમાં હિંદની આઝાદી-પ્રાપ્તિનો અભૂતપૂર્વ બનાવ બન્યો છે. પણ એથી કોમી પ્રશ્ન ઉકેલાઈ ચૂક્યો નથી. જે પ્રશ્ને ગત વર્ષમાં હિંદના હૃદયને વ્યથિત કર્યું તેમ જ આગામી વર્ષોમાં જે પ્રશ્ન અનેક આપત્તિઓનો જનક બનનાર છે તે કયો પ્રશ્ન છે? એ પ્રશ્ન છે કોમવાદ, હિન્દુત્વ અને રાષ્ટ્રવાદના સંઘર્ષણનો. ગત વર્ષે આપણને આ પ્રશ્નના જ્વાળામુખી પર લાવી મૂક્યા છે. આ પ્રશ્નના ઉકેલ પર હિંદનું ભાવિ અવલંબે છે.

"પાકિસ્તાન હડહડતા કોમવાદ પર સ્થપાયેલું રાજ્ય છે. હિંદુઓને, શિખોને, સર્વ બિનમુસ્લિમોને પાકિસ્તાન જેવું કોમવાદી, પરસ્ત રાજ્ય હડધૂત કરે તો તેથી આશ્ચર્ય પામવાનું કારણ નથી. પ્રશ્ન એ છે કે પાકિસ્તાન હિંદુઓને અને શિખોને અન્યાય કરે તો તેના માટે હિંદે, હિંદની પ્રજાએ અને સરકારે શું કરવું? એના આટલા ઉપાયો સૂચવાયા છે: ગાંધીજી કહે છે કે હિંદે શાંતિ અને અહિંસા અપનાવવાં; પાકિસ્તાનનું વેર ન લેવું. પંડિત જવાહરલાલ કહે છે: હિંદી સરકાર એનો ઉકેલ રાજ્ય તરીકે લાવશે, પણ એમાં કોમી દૃષ્ટિ નહીં હોય; હિંદુઓ પ્રત્યે મુસ્લિમોએ પાકિસ્તાનમાં જેવો વ્યવહાર કર્યો છે તેવો હિંદમાં મુસ્લિમો પ્રત્યે હિંદુઓએ ન કરવો. જનતામાંથી એક વર્ગ એમ કહે છે: હિંદી સંઘની સરકાર નિર્બળ છે, એ રાષ્ટ્રવાદને નામે ભીરુતાને પોષે છે, હિંદુઓનાં ખૂનનો બદલો મુસ્લિમોનાં ખૂનથી લેવો. આ ત્રણ ઉપાયોમાંથી—અહિંસા, રાષ્ટ્રવાદ ને વેરભાવનામાંથી કયો ઉપાય વધુ કારગત નીવડે તેવો છે એ વિચારવાનું છે.

ગાંધીજીએ સૂચવેલો ઉપાય માનવતાની દૃષ્ટિએ ઉત્તમ છે. પરંતુ વ્યવહારમાં પાકિસ્તાન જેવી કોમી ને બીનજવાબદાર સરકાર સામે તેની કશી અસર થાય તેમ નથી. ગાંધીજીએ સૂચવેલા હૃદય-પરિવર્તનનું પરિણામ એ આવે કે પાકિસ્તાનમાં હિન્દુ બચ્યો જીવતો ન રહે અને હિંદમાંયે વળી બીજું પાકિસ્તાન ઊભું થાય. ગાંધીજીનો આ ઉપાય ઉચ્ચ કોટિના જીવો માટે છે, અને પાકિસ્તાન એ દશાને પામનારાં માનવીઓનું નિવાસસ્થાન નથી.

બીજો જે વૈરભાવનાનો ઉપાય તે Tooth for a tooth અને eye for an eye ના સિદ્ધાંત પર રચાયો છે. માનવપશુઓ સામે આ ઉપાય કારગત નીવડ્યાના દાખલા ઇતિહાસમાં નોંધાયા છે: પરંતુ સંસ્કૃતિ આટલી ઉચ્ચ કક્ષાએ પહોંચ્યા પછી તે ઉપાય માનવતાવિહીન ગણાય. બીજું, પાકિસ્તાનના મુસ્લિમોનાં કૃત્યો માટે હિન્દના મુસ્લિમોને સજા કરવી તે ન્યાયયુક્ત નથી. એટલે વૈરભાવનાનો જે ઉપાય છે તે સાચો હોય તો પણ તેનો પ્રયોગ ખોટે ઠેકાણે ન થવો જોઈએ. છતાંયે પાકિસ્તાન તેની કોમી નીતિ ચાલુ રાખશે તો હિંદની જનતામાં આ ઉપાય પ્રત્યેનું વલણ વધતું જાય તે સ્વાભાવિક છે. જેમનાં કુટુંબો નાશ પામ્યાં છે તે હિજરતીઓ ખુલ્લે ખુલ્લાં આ ઉપાયની હિમાયત કરે તે પણ સ્વાભાવિક છે. સંભવિત છે કે આ ઉપાયથી કદાચ પાકિસ્તાનના કેટલાક હડહડતા કોમીવાદીઓની સાન ઠેકાણે આવે. પરંતુ વૈરભાવના અંતે તો બંને પક્ષનો વિનાશ સર્જે છે અને એ દૃષ્ટિએ રાજનીતિજ્ઞો આ ઉપાયને વર્જ્ય ગણે તે હિતાવહ છે.

ત્રીજો ઉપાય રાષ્ટ્રવાદી દૃષ્ટિકોણ ધરાવે છે. પંડિત જવાહરલાલ એના પ્રખર હિમાયતી છે. હિંદ એક રાષ્ટ્ર તરીકે પોતાના હરકોઈ રાષ્ટ્રવાસી–હિન્દુ તેમ જ મુસ્લિમ–ને એક સરખું રક્ષણ આપવા બંધાયેલ છે. ટૂંકામાં એને મન કોઈ હિન્દુ નથી, કોઈ મુસલમાન નથી, સહુ હિન્દી છે. આ ભાવના સુંદર છે. પણ પાકિસ્તાનમાં જ્યારે હિન્દુઓ અને શિખોની કતલ થતી હોય ત્યારે એનાત પ્રત્યાઘાત રૂપ આ ભાવનાના હિમાયતીઓની સંખ્યા ઘટવાની. કારણ કે આ ભાવના રાખવાથી પાકિસ્તાનમાંના હિંદુઓ અને શિખોની કતલ અટકાવી શકાશે નહીં, હિંદમાંના મુસ્લિમો સલામત રહેવાથી હિંદુઓ અને શિખો પર અત્યાચાર કરવા માટે પાકિસ્તાનના મુસ્લિમોને કોઈ પ્રકારનું ભયસ્થાન રહે નહીં.

આમ આ ત્રણેય ઉપાયમાંથી એક પણ કારગત નીવડે તેવો નથી. કોમવાદ, હિન્દુત્વ, રાષ્ટ્રવાદ અને અહિંસા એ ચારેય વચ્ચેનું સંઘર્ષણ ચાલુ રહેશે તેમ દેખાય છે. આ સમસ્યા એવી જટિલ બનતી જાય છે કે એનો કોઈ ઉપાય દેખાતો નથી. રાષ્ટ્રવાદનું એ કથન સત્ય છે કે હિંદની લઘુમતિઓને રક્ષણ મળે પરંતુ પાકિસ્તાનની લઘુમતિઓ સલામત ના હોય તો શું? બંનેનું સ્થળાંતર કરવું એ શક્ય છે? આગામી વર્ષમાં આ પ્રશ્ન હેઠો પડે તેમ માનવાની જરૂર નથી. પંજાબમાં જે સ્થળાંતર થયું તેવું દેશવ્યાપી થાય તેવો સંભવ અનિચ્છનીય છતાંયે સ્વાભાવિક બને. આ બધી પરિસ્થિતિથી સચિંત બનેલી જનતા પંડિત જવાહરલાલ કરતાં સરદાર વલ્લભભાઈમાં વધુ શ્રદ્ધા રાખતી થઈ છે. પંડિત જવાહરલાલનો રાષ્ટ્રવાદ ઉગ્ર હોઈ જનતાને એવો ભય લાગે છે કે એમની રાજનીતિ પાકિસ્તાન સામે ફાવી નહીં શકે. જ્યારે સરદારમાં જે કુનેહ છે, વ્યવહારની ઊંડી સમજ છે, જનતાનું માનસ સમજવાની જે શક્તિ છે તેથી જનતા એમને પોતાના સાચા પ્રતિનિધિ ગણતી થઈ છે. જ્યારે ગાંધીજી અને જવાહરલાલ પ્રત્યે બધાંયનું માન વ્યક્તિગત રીતે એટલું જ હોવા છતાં એમની રાજનીતિને વધારે ઉમળકાભર્યો આવકાર હિંદુઓ–શિખો કરતાં મુસ્લિમો તરફથી મળી રહે છે.

પંડિત જવાહરલાલ કે સરદાર વલ્લભભાઈ એ બેમાંથી કોણ અત્યારે રાજ્યનું સુકાન સંભાળવા વધારે યોગ્ય તેની ચર્ચા ચાલી રહી છે. કેટલાક તો અંતરથી એમ પણ ઇચ્છે છે કે પંડિત જવાહરલાલ પરદેશના સંબંધો વિકસાવવામાં રસ લે અને સરદાર જ વડા પ્રધાન બની જાય તો વાંધો ન આવે. સરદાર અને જવાહરલાલ એ બંને વચ્ચેની સરખામણી કરતાં એક બીજો પ્રશ્ન પણ યાદ કરવા જેવો છે. સરદારની વ્યવહારદક્ષતા માટે જનતા એમને પસંદ કરે, પણ એમની સત્તા વધતાં મુડીવાદનું જોર વધે; જ્યારે જવાહરલાલની સત્તા વધતાં સમાજવાદનું જોર વધે તેનું શું? આ પ્રશ્ન હજુ વિચારાયો નથી. પણ કદાચ આવતા વર્ષમાં એ પ્રશ્ન તીવ્ર બનશે. સરદાર પાકિસ્તાનથી બચાવી શકશે; મુડીવાદથી નહીં બચાવી શકે. જવાહરલાલ મુડીવાદથી બચાવી શકશે; પાકિસ્તાનથી નહીં બચાવી શકે. હિંદને એવા નેતાની જરૂર છે કે જે બંનેમાંથી તેને બચાવી શકે. એવો નેતા હિંદને આગામી વર્ષમાં મળશે?

કોમી રમખાણો વચ્ચે પસાર થયેલું ગત વર્ષ હજી નવાં પરિણામો ઉપજાવી રહ્યું છે. નવું વર્ષ પાકિસ્તાન અને હિન્દનો સંઘર્ષ એક સ્વરૂપે કાશ્મીરમાં જુએ છે. કાશ્મીર જેવું સૌંદર્યધામ વિનાશ પામી રહ્યું છે. એમ માનવાની ભાગ્યે જ જરૂર છે કે કાશ્મીરથી જ આ સંઘર્ષની પતાવટ થઈ જશે. આ વિષચક્રનો કોઈ અંત નથી; એનો અંત લાવનાર કોઈ સમર્થ નેતા હજી હિન્દને મળ્યો નથી. કોંગ્રેસ એની ભૂતકાલીન ભાવનાઓમાં–ideologyમાં છોડી શકે તેમ નથી, તેમ કોંગ્રેસ જેટલી સમર્થ સંસ્થા બીજી કોઈ છે નહીં! આ પરિસ્થિતિમાં સુધારો થવાનાં કોઈ ચિહ્નો દેખાતાં નથી.

● ●

ઇરાનના અમરકવિ કવિ ફિરદૌસીએ કાશ્મીરના કુદરતી સૌંદર્યથી મુગ્ધ થઈ ગાયેલું કે—

અગર ફિરદૌસ બરરૂએ જમીંઅસ્ત
હમિંઅસ્તો હમિંઅસ્તો હમિંઅસ્ત.

અર્થાત્ પૃથ્વી ઉપર ક્યાંય સ્વર્ગ હોય તો તે અહીં છે, અહીં છે, બસ અહીં જ છે.

● ●

હર શોખ્ત જાને કી બા કાશ્મીર દર આયદ
અર મુર્ગ કબાબ અસ્ત, બાબાલ–ઓ પર આયદ:

આહ તેવું સળગેલું પ્રાણી, અરે, રંધાયેલું પક્ષી કાશ્મીરમાં આવે તો એને પાંખો આવશે.

—ફારસી કવિની કાશ્મીરને અંજલિ

મુંબાઈમાં પહેલી રાત

લેખક:
શ્રી. અંબાલાલ પુરાણી

આ ચિંતન-રસિક લેખમાં શ્રી. અંબાલાલ પુરાણીએ આપણી જીવન-સંસ્કૃતિ કઈ દિશામાં ઢળી રહી છે તે સૂચક રીતે પ્રકટ થાય તેવો પ્રસંગ લઈને એનું રસિક પૃથક્કરણ કર્યું છે. વર્ષો પછી પોંડીચેરીના શ્રી અરવિંદ આશ્રમમાંથી પાછા ફરતાં વિમાનમાંથી ઉતર્યા પછી પહેલી રાતે મુંબઈએ અને તે દ્વારા અર્વાચીન હિંદી જીવને એમના માનસ પર કેવી છાપ પાડી તેનું આ મનનીય બયાન છે.

વિમાનમાંથી ઉતર્યા પછી પહેલી રાતે જ્યારે ઘરમાં બધાં ઊંઘી ગયાં ત્યારે નિદ્રાએ મને રાહત આપી હોવાથી હું જાગતો બેઠો હતો તથા વચમાં કાંઈક લેખનપ્રવૃત્તિ પણ કરતો હતો. સમય દોઢથી પોણાબે વચ્ચેનો હશે. તે વખતે રસ્તાની સામી બાજુએથી કોઈ અજ્ઞાત મકાનની મેડીએથી જાણે મુંબઈના વાતાવરણનો પરિચય મને કરાવવાને ઉત્સુક હોય નહિ એમ કોઈ વ્યક્તિ એક પછી એક એકશ્વાસે ગ્રામોફોનની પ્લેટ પર પ્લેટ ધર્યે જ ગઈ. એ અજ્ઞાત વ્યક્તિ પોતે ક્યારે સૂતી હશે એ પ્રશ્ન મને મૂંઝવી રહ્યો. જે માણસ રાત્રે પોણા બે વાગે આમ રેકોર્ડ પરિવર્તનની પ્રવૃત્તિ કરે ને કદાચ દિવસે સુતો હશે એમ થયું, કે પછી या निशा सर्व भूतानाम् એના જેવું કાંઈક સમજતું. આ રેકોર્ડો સાંભળવામાં અને જો એ ન સાંભળતો હોય તો તેમને ગોળ ગોળ ફેરવ્યા કરવામાં એને શો રસ આવતો હશે વારુ, વારે વારે સાંભળીને કદાચ એની સંવેદનશક્તિ બહેર નહિ મારી ગઈ હોય ? છતાં શા માટે એ રાત્રે જાગીને પ્લેટો મૂક્યે જતો હતો ? મેં મારી જાતને કહ્યું, "એ તો મુંબાઈ તને પોતાનો પરિચય આપે છે." ગાયનની કેટલીક લિટિઓ યાદ રહી ગઈ તે આ પ્રમાણે જ—

"ચલે, તુમ છોડ ચલે,
અબ દુનિયામેં કૌન હમારા ?"

લાગણીશૂન્ય રાગે નિરાશાને પણ કોઈ સ્થિતપ્રજ્ઞ યોગીની પેઠે ધારણ કરનાર કોઈ વ્યક્તિનો એ શુષ્ક અવાજ હતો એમ મને લાગ્યું. એના હૃદયનું પ્રેમનું દર્દ પણ જાણે સુકાઈ ગયું હોય અને એના હૃદયમાં લાગણીની તીવ્રતાને બદલે ઉદાસીન નિરાશા જ ત્યાં સ્થિર થઈ ગઈ હોય, લગભગ વ્યવહારુતાની ભૂમિકાએ પહોંચી ગઈ હોય એવી ગ્રામોફોનમાં ગવાતી એ ગાનની લાગણી દેખાઈ. આખા ગીતની પાછળ જાણે "જગત તો એવું જ હોય" એવો અપ્રગટ સ્વીકાર પણ દેખાતો હતો. એ પ્રેમની ઉદાસીન નિરાશાની લિટિઓનો ભાવ લગભગ માયાવાદ લગી વહી જતો અને જગતને જાણે મિથ્યા બનાવતો હતો.

વચમાં વચમાં સમાજવાદી અને સામ્યવાદી યુવાનોએ ગામડાની અજ્ઞાન મધુરતામાંથી શહેરની કૃત્રિમતા વચ્ચે ખેંચી આણેલા રાગો, ભાવો અને ભાવનાઓ પણ હતાં, અને શહેરને શું ? એને તો શનિવારે કે રવિવારે વખત ગાળવાનું અને પોતે આનંદ લે છે એમ માનવાનું અને અનુભવવાનું કોઈ પણ સાધન ચાલે. એટલે આજે જ્યારે ગામડાના એ રાગો, તથા ધારાળાનાં ગીતોનાં લક્ષણો અને ભાવો, ભરવાડોની દર્પણની ટપકીવાળી સાડીઓની પેઠે શહેરોમાં ફેશનેબલ થયા છે તે કારણે ગામડાઓ પ્રત્યે આવી સહાનુભૂતિ ભરી છે એમ માનવું મને તો મુશ્કેલ લાગે છે, છતાં પરદેશી ફેશનો જ્યારે આવે છે અને જાય છે ત્યારે આપણા દેશની અને તે પણ ગામડાની ફેશનો ભલે ને આવે અને જાય. આ વિચારે મને આ ગીતો એક રીતે ગમ્યાં એમ કહું તો પણ ચાલે.

એમાં બંગાળી બાઉલ ગીતના ઢાળો અને બંગાળનાં લોકગીતોના અન્ય પ્રકારો પણ લીધેલા જણાયા. એવી પ્રાંતીય તફડંચીથી કોઈને નુકસાન નથી એમ હું માનું છું. અને જ્યારે લોકગીતોનો પ્રચાર કરવાને જ આપણા લોકો બેઠા છે ત્યારે મુંબાઈમાં જેમ બંગાળનો પડઘો પડે છે તેમ બંગાળના સામ્યવાદીઓ પણ આપણા ઢાળો ધીમે ધીમે શીખશે અને ગુજરાતના ગરબાઓ બંગાળમાં પ્રવેશ પામશે એવી આશા હું રાખું છું.

પણ આ ગીતોના ઢાળોનો જે તાલ હતો તે મને

લગભગ એક જ પ્રકારનો લાંબે ગાળે કંટાળો આપે એવો પણ લાગ્યો. ૧, ૨, ૩, ; ૧, ૨, ૩; ૧, ૨, ૩; એમ ત્રણ તાલની ગતો જ મોટે ભાગે ગવાતી. વચમાં વચમાં આ, આ, આ, ના લાંબા-ટૂંકા લહેકાઓ પાછા યા, યા, યા, એવી લઢણો પૂરતા પ્રમાણમાં વેરાયલી જણાતી.

"મારા તે વતનીએ એકવાર આવજો'– એક વાર આવવાનું આમંત્રણ કરતાં એ ગીતમાં "મારે તે ગામડે રે એક વાર આવજો" એવો ફેરફાર પણ થતો. "આવો ત્યારે મને સંદેશો કહાવજો" એવી સૂચના કરીને પછી ગામડામાં પણ હાલમાં એ વસ્તુઓ કદાચ દુર્લભ છે તે આપવાનું વચન પણ એ ગીતમાં હતું. "મીઠાં માખણ ખાવા કાજ" એવું પણ કાંઇ સંભળાયું. એ આખું ગીત

ખોલી રે બોલે ને તાળું સાંભળે હો જી;
બેની રે બોલે ને બાંધવ સાંભળે હો જી.

ભરચક ભરી રે ગુણ્યું,
ભરીયું તાકા - ગાંસડીયું,

મારી રે કાયા, બાંધવ, ફાટતી હો જી!
તાળું રે બોલે ને ખોલી સાંભળે હો જી;
બાંધવ રે બોલે ને બેની સાંભળે હો જી.

(શું બોલે? તમે જ કહોને!)

પેટ ભરીને જમો !

ગેસહર (પીલ્સ) ગેસ ફરકો-ચઢો, આફરો, વાયુ, શુળ, પેટમાં પવનનું ઘુંચાવું, ખાટા ઓડકાર, મંદાગ્નિ, ખાધા પછી પેટનું ભારે પડવું, મુંઝારો, મગજમાં અશાંતિ, ઉંઘ ન આવવી, ચક્કર, હૃદયની અસ્વસ્થતા, હૃદયરોગ, પલપીટેશન, બ્લડપ્રેશર, દસ્તની રૂકાવટ વીગેરે મટાડી દસ્ત હંમેશ નિયમીત સાફ લાવે છે. અન્ન પાચન કરી ભુખ ઉઘાડીને લગાડે છે. શરીરમાં લોહી વધારી શક્તિ આપે છે. લીવર, આંતરડાં, બરોળના તેમજ પેટના કોઈપણ રોગ માટે એક ખાત્રીલાયક ઇલાજ છે. વાપરી અનુભવ કરો. કિંમત ૧ શીશીનો રૂા. ૧। ત્રણના રૂા. ૩।। વી. પી જુદું.

તાકાત આપનારી દવા

દુગ્ધાનુપાન (ગોળીઓ) ધાતુક્ષીણતા, સ્વપ્નદોષ, હસ્તદોષ, કમી પુરૂષત્વ, નસોની કમજોરી, પેશાબનાં દર્દો, મગજની નબળાઈ, માંદગી પછીની કમજોરી, લોહીનું ઓછાપણું, કમર, સુસ્તી, થાક લાગવો, છાતીનો દુઃખાવો વીગેરે શારીરિક તથા માનસીક રોગો દૂર કરી શક્તિ અને સ્ફૂર્તિ લાવે છે, લોહી તથા વીર્યને સુધારી વીર્યશક્તિ વધારે છે નવી જુવાનીનો અનુભવ કરાવે છે, વજન વધે છે, શરીર તંદુરસ્ત થાય છે. કિંમત ૧ શીશીનો રૂા. ૧। ત્રણ શીશીના રૂા ૩।। ત્રણથી સંપુર્ણ આરામ. બારેય શીશીના રૂા અને ૭.

વીર્યસ્થંભન ટકાવ–રૂકાવટ માટે

કામ વિલાસ (ગોળીઓ) વીર્યને લાંબો વખત સુધી ટકાવી જુવાન વૃદ્ધને સંસારસુખમાં સાચો આનંદ આપે છે. કિં. ૧ શીશીનો રૂા. ૧।. ત્રણના રૂા. ૩।।

અનુભુત ઘૃત કુટેવ કે ગમે તે કારણે પુરૂષના ગુપ્ત ભાગમાં આવેલ ખામી આ ઘૃત–લેપ લગાડવાથી દુર થઈ પુરૂષત્વ પ્રાપ્ત થાય છે. કિ. શીશીનો રૂા. ૨।।.

દરેક દવાનું વી. પી. ખર્ચ અલગ છે.

૧ થી ૩ શીશી સુધી વી. પી. ખર્ચ ૦।।। ૪ થી ૬ શીશી ખર્ચ રૂા. ૦।।। વી. પી. થી મંગાવનારે જામનગર લખવું.

લખો :— **દુગ્ધાનુપાન ફાર્મસી**

(સ્થાપના સને ૧૯૨૯)

જી ૧ જામનગર (કાઠીઆવાડ)

માસિક અટકાવ !

રજોલીના (પીલ્સ) કેટલીક મુદત સુધી બંધ પડેલ માસિક ધર્મ તાકીદ વગર ફરી ચાલુ કરી નિયમિત કરે છે રજ દોષો દુર કરે છે, માસિક લાવનારી વસ્તુઓની બનાવટ છે. ગર્ભવાળી સ્ત્રીએ વાપરવી નહીં. કિં. ૧ શીશીના રૂા. ૪, લાંબા સમયના અઘરા કેસો માટે તેજ બનાવટ રૂા ૬ વી પી. જુદું.

ગર્ભાંકુશ (પીલ્સ) દવા ખાવાથી જીંદગી સુધી ગર્ભ રહેતો અટકે છે. માસિક ધર્મ નિયમિત થાય. નુકશાનરહિત છે. સંતતિનિયમન માટે ઉત્તમ છે. ૧ શીશીના રૂા. ૪ વી પી જુદું.

બસ્ટોલીના ઢીલા અને બેડોળ સ્તનને આ તેલ માલીશ કરવાથી ધાટીલા, અણીવાળાં અને નવયુવતી સમાન સુંદર થાય છે, કિં. શીશી ૧ના રૂા. ૨ વી. પી. જુદું.

આનંદ સ્ત્રીઓને સંકોચ યાને કુંવારાપણું બક્ષનાર મલમ. દુર આ ટીકડી રક્તસ્રાવ, શ્વેતપ્રદર તથા પ્રદર વીગેરે મટાડે છે. કીં. રૂા. ૧।।

કાનની

દરેક દર્દો–કાનમાંથી પરૂ–રસી જવી, શુળ, ચસકા, સોજો, ઘું ઘું અવાજ થવો. બહેરાપણું વીગેરે રોગોનો ખાત્રીલાયક ઇલાજ.

રસીક કર્ણબિંદુ ઇયર ડ્રોપ્સ

કી. શીશીનો રૂ. ૧। ત્રણ શીશી રૂ. ૩।।

—: એજન્ટો :—

મુંબઈ—વીજી અમરશી કું. ૭૯, પ્રીન્સેસ સ્ટ્રીટ
મુંબઈ—લાલબાગ ફાર્મસી, લાલબાગ જંકશન
મુંબઈ—મીનજી વિશરામ, પ્રીન્સેસ સ્ટ્રીટ.
વડોદરા—એ. રોયની કું. રાવપુરા.
ખંભાત—ભગવતીલાલ વી. શાહ, સોનીવાડા.
નડીઆદ—સી. સી. મહાજન એન્ડ કું.
ભાવનગર—શીવજી મેડીકલ સ્ટોર્સ, ખારગેટ.
કલકત્તા—નેમચંદ માવજી, ૧૮ રેડી સ્ટ્રીટ.
મોમ્બાસા—મોમ્બાસા સ્ટોર્સ, પો. બો. ૨૬૨.
સુરત—સી. એન. અમરશી, કણપીઠ.
અમદાવાદ—પંડીત શાહની કું. ત્રણ દરવાજા,
બારડોલી—બીહારીલાલ સી કાપડીયા, કેમીસ્ટ.
નવસારી—ચીમનલાલ રેમચંદ તપખીરવાળા.
દિલ્હી—જમનાદાસ એન્ડ કું. ચાંદની ચોક.
કરાંચી—ચાંદર મેડીકલ સ્ટોર્સ, પ્રીન્સેસ સ્ટ્રીટ.
જુનાગઢ—જમનાદાસ દેવરાજ, માંડવી ચોક.

શું કહેવા માગે છે તે, નક્કી કરવાનો પ્રયત્ન કરતાં મને એમ લાગ્યું કે આ મુંબઈના શહેરીઓને કદાચ કલ્પનાનો વિલાસ પીરસાતો હશે. કારણ કે આજકાલ ટોળાં ગામડાનાં લોકો ગુજરાત, મહારાષ્ટ્ર, મારવાડ, અરે કયાં અને છેક સરહદથી ખેંચાઈને શહેરમાં આવે છે. તેમાંના કોઈને-અને તેની ગેરહાજરીમાં મુંબઈના શહેરીને ગામડાની કોઈ સ્ત્રી કે કોઈ Pastoral પ્રિયા—ગોપ સ્ત્રી—આમંત્રણ આપે અને એ આમંત્રણ સ્વીકારવાને પરિણામે જે જે અનુભૂતિઓ કલ્પના વડે માગી શકાય તે બધી એ ગીત રજૂ કરતું હતું. પરંતુ કલ્પનાને એકવાર બાજુ પર મૂકીને ખરેખર એ પ્રમાણે કોઈને ગામડે જવાનું થય અને ત્યાં ગીતમાં સૂચવાતી પ્રિયાનું મિલન પણ વાસ્તવિક જગતમાં બની આવે અરે, તે ગોપપ્રિયા માખણ વગેરે હાજર કરે, તો પણ મને શંકા છે કે આ મુંબાઈ શહેરથી ટેવાયલા આ મુંબાઈગરાઓ એથી સુખી થાય કે કેમ?

વળી, એક બીજા ગીતનો આરંભ થયો, "લાખ, લાખ." વચમાં કાંઈ સંભળાયું નહિ, પણ "આંગણીએ અવસર આનંદનો" હતો. રાગનો ઢાળ સારો હતો. સુગેય ગણાય એવો પણ હતો એમ કહું તો ચાલે. "લાખ લાખ ફૂલડાંની માળા ગૂંથાવજો" એમ ગીત આગળ ચાલ્યું. શા માટે તે તો મને બરાબર સમજાયું નહિ, પરંતુ આગળ જણાવ્યા પ્રમાણે આંગણીએ અવસર આનંદનો તો હતો જ. શું કોઈ રાષ્ટ્ર નેતાનું અભિનંદન હતું? કોણ જાણે? સામ્યવાદી કોઈ ભાવના સફળ થવાની આગાહી હતી? કોણ જાણે? એ અસ્પષ્ટ રહેલાં ગીતમાં જે જાતની વ્યંજના ભરવી હોય તેને માટે સ્થાન હતું. તેથી એ ગીત એક રીતે મને ગમી ગયું. લગ્નનો પ્રસંગ હોય તો પણ બંધબેસતું થઈ જાય તેવું છે. છેવટે "લાડીલા તાજ કે લાડીલા ?૧૪" એવું પણ હતું.

વળી, એક રેકોર્ડમાંથી સ્ફૂર્યું. "અયે જાન છૂપ ન જાના." જાન હતું કે ચાંદ તે બરાબર સંભળાયું નહિ. ક્યાં છૂપાવાનો હતો એ જાનું કે એ ચાંદ? આ જગતના કોઈ સ્થૂલ પ્રદેશમાં કે અન્તરની કોઈ ગહન ગલીકૂંચીમાં? કોણ જાણે? 'પિયા સદનકો જાના' એમ ગાઈને પછી ખાલી મૌનનાં અંતરાળમાં ૧, ૨, ૩; ૧, ૨, ૩; ૧, ૨, ૩: એમ અશ્રુત પરંતુ અપેક્ષિત તાલની દ્રુત ગતિ આપણને સંભળાતી અને વળી પાછું, 'પિયા સદનકો જાના' ગવાતું. ખાલી પડેલ તાલના અંતરાળમાં જે મૌન દબાયેલું હતું તેની સરખામણીમાં એ લિપિ જાણે વધારે દ્રુતતાની કે ઉતાવળની લાગણી વ્યક્ત કરતી હોય એમ આપણને લાગતું. આ, આ, આ; એમ એક ગતનો અંતર ભરીને પાછો 'પિયા સદન કો જાના.' એમ જાણે ગાનો ગતો જ પિયા સદનમાં જવાનો હોય એવી રીતે તે જુદા જુદા લહેકા લીધા કરતો હતો. વળી, પિયા એટલે પિયુ કે પ્રિયા એ પણ અસ્પષ્ટ જેવું હતું. કોઈકવાર આવી અભિસારિકાની માફક કોઈ સ્ત્રી પોતાના પિયુને મળવા જવાની હોય તેમ લાગતું કે ઘડીમાં પેલા કાળિદાસના યક્ષ જેવો કોઈ ઉત્સુક પિયુ આ શુષ્ક દેખાતા જમાનામાં પણ પિયા સદન જવાને અસ્થિર થઈ રહ્યો છે એવો ભાસ થતો.

જીવન પ્રકાશ

ડોકઝરમા (રજીસ્ટર્ડ આધુનિક મલમ)



અમેરિકન બાજુની બનાવટનો આ ખીતકરીક મલમ સર્વત્ર પ્રશંસા પામ્યો છે. ખસ, ઉખસ, ખુજલી, ચાંદાં, ખીલ, મચ્છરની કરડ, શીળશ, પીળા દાણા જેવા ગુમડાં અસ્તરથી કપાઈ જવું, ઘા, જખમ તેમ જ ચામડીનાં ચેપી દરદો વગેરે માટે આસીરથી દાગ્રય ઉપર લગાડવાથી ઠંડક આપી પાકયા વગર ઝેરીથી મટાડે છે.

કિંમત ૦ાા ઔંસ ૦-૮-૦ ૧ ઔંસ ૦-૧૪-૦

બનાવનાર ડોક્સ લેબોરેટરીઝ (ઇન્ડિયા)

સોલ એજન્ટ-તાહેરઅલી હૈદરઅલી, ધોળકા

સ્ટોકીસ્ટ એમ. એન. નાતાલવાળા, દવા બજાર, અમદાવાદ

શેખ અકબરઅલી ખાનજીભાઈ, જુમા મસ્જીદ સામે અમદાવાદ

ઈસુફભાઈ એન્ડ કાં., જુમ્મા મસ્જીદ, મુંબઈ

— દરેક સ્થળે વેચાય છે —

કાઠિયાવાડમાં દરેક સ્થળે એજન્સી આપવની છે.

દરેક દવાવાળા, સ્ટોર્સ, ફેરીઆવાળા તથા ગાંધીની દુકાને મળશે

રજતપટ અને રંગભૂમિ

ગત વર્ષના તખ્તાના ચોપડે

લેખક : શ્રી. " સુધીર ઘોષ "

અમદાવાદ
તા. ૧૯–૧૦–૪૭

પ્રિય ભાઇ,

તારા અનેક પત્રો મળ્યા, પણ હમણાં મેં સાહિત્યની આલમને કામચલાઉ રામરામ કર્યા છે. છેલ્લા એકાદ વર્ષથી હું ગુજરાતી નાટકો વાંચવામાં અને શિષ્ટ કૃતિઓને રંગમંચ પર રજૂ થતી નિહાળવામાં રચ્યોપચ્યો છું. તું રખે માનતો કે હું નાટ્યશાસ્ત્રનો પણ-વિશારદ થઈ બેઠો છું. પણ આ પત્રમાં હું તને આ એકાદ વર્ષમાં અહીં અવેતનીય amateurs કલાકારોએ રજૂ કરેલાં નાટકોનો પરિચય આપીશ.

અમદાવાદ! કુબેરપતિઓનું શહેર! પાંચ કોડી મીલનાં ભૂંગળાં. પૈસા માટે જાન કાઢતો અમદાવાદી. એની વચ્ચે ય આજે રંગભૂમિ, તખ્તો અને નટ જરાંતરા જાગ્યા છે. એનાં કારણો છે. એક તો અત્યારે જે ચલચિત્રો રજૂ થાય છે, તેનાથી, શિષ્ટવર્ગને ઘણો અસંતોષ છે. આથી મનોરંજનના સાધન તરીકે તેઓ નાટકગૃહમાં આવી બેસે છે. જે ધંધાદારી નટો અને કંપનીઓ છે, તે તો દોરત! આપણે ત્યાં બે દાયકા પહેલાં ન'તી ગતિ, એવી ગતિએ આજે ચાલ્યે જાય છે. એનાથી પણ આ શિષ્ટ પ્રેક્ષકવર્ગ અસંતોષ અનુભવે છે, ત્યાંનાં નાટકોમાં નહીં કથા વસ્તુ; વન્સમોરનો જમાનો ત્યાં આજે તો વધુ ફાલ્યોફૂલ્યો છે. કાળા બજારના પૈસાનો સદુપયોગ નટોના કૃત્રિમ અવાજો, બૂમબરાડા, ધમપછાડા, આંખને આંજી નાખે તેવા 'સીનસીનેરીઓ' અને કાન દાબતાં રચાની નવી સૃષ્ટિ; આ બધી ય કૃત્રિમ સજાવટથી ગુજરાતનો શિષ્ટ પ્રેક્ષક વર્ગ કંટાળી ગયો છે. આજે ગુજરાતના શિષ્ટ પ્રેક્ષક વર્ગમાં અભિનયની ભૂખ જાગી છે, તેમને બંદૂકના ધડાકા નથી સાંભળવા. તેમને વાક્યેવાક્યનો અર્થ અભિનયદ્વારા સ્પષ્ટ કરી શકે અને સૂચવી શકે તેવા નટની જરૂર છે. સીનસીનેરી, ચિતરેલ પડદા તેમ જ પ્રત્યેક રાત્રે નવાં વસ્ત્રમાં તખ્તા પર હાજર થતા અભિનયકારો સામે ઉપેક્ષાવૃત્તિ જન્મી છે. તેના બદલે સાદાઈ, કલા અને કાંઈક ગંભીર તત્ત્વવાળી કૃતિઓને જોવા તેઓ ઇચ્છે છે. આ કામ અમદાવાદમાં અવેતનીય કલાકારોએ ઉપાડી લીધું છે.

અમદાવાદમાં અવેતનીય કલાકારોની સંસ્થાઓ સંખ્યામાં ઠીક ઠીક ગણી શકાય. તેમાં રંગમંડળ, પીપલ્સ થીએટર, રાષ્ટ્રિય નાટ્યસંઘ, રૂપકસંઘ અને કલ્પનાસંઘને મુખ્ય લેખી શકાય. આ સંસ્થાઓએ આ દિશામાં વેગભરી ગતિ કરી છે. રંગમંડળ પાસે શક્તિશાળી કલાકારો, ચિત્રકારો, અભિનયકારો અને નાટ્યલેખકોનું જૂથ છે, તેમાં શ્રી ભીખુ આચાર્ય શ્રી બંસી વર્મા અને શ્રી લક્ષ્મણ વર્માને ચિત્રકારોમાં, શ્રી એન. પી. શ્રી જયંતિ પટેલ, શ્રી રવીન્દ્ર ઠાકોર, શ્રી કતુ રાવળ, શ્રી ભાનુ ત્રિવેદી, પ્રો. ઇન્દ્રવદન દવે, શ્રીમતી સુવર્ણબેન ગાંધી, શ્રીમતી અનસુયાબેન ચોકસી ઈ.ને અભિનયકારોમાં, શ્રી અરુણ ઠાકોર, શ્રી પિનાકીન ઠાકોર, શ્રી સંજય ભટ્ટ ઇત્યાદિને નૃત્યકારોમાં, શ્રી અનિલ મહેતા, શ્રી ક્ષેમુ દીવેટીઆ, શ્રીમતી ભાર્ગવી દીવેટીઆ, શ્રીમતી સુધા લાખિયા ઈ. ને સંગીતકારોમાં, શ્રી પન્નાલાલ પટેલ, શ્રી ચૂનીલાલ મડિયા, શ્રી જયંતિ દલાલ, શ્રી

નિરૂ દેસાઇ, શ્રી પુષ્કર ચંદરવાકર પ્ર. ને નાટ્યલેખ કોમાં જરૂર ગણી શકાય વળી આ ઉપરાંત તેમની પ્રાસે અમુક પૂર્વનિશ્ચિત કાર્યક્રમ હોય છે. તેમની પાસે નક્કી કરેલ કાર્યદિશા છે. અને આથી તેઓ તે દિશામાં ઉત્તરોત્તર પ્રગતિશીલ રહી શકયા છે. તેમણે જ ગુજરાતમાં એકાંકી નાટકોને વધુ લોકભોગ્ય અને લોકપ્રિય બનાવ્યાં છે. આ નાટ્યપ્રકાર પશ્ચિમમાં ગમે તેટલો લોકપ્રિય હોય, પણ અહીં ગુજરાતમાં રડયાખડયા મહાવિદ્યાલયો સિવાય કોણ આજ દિવસ સુધી હાથ ઝાલતું હતું? જ્યારે રંગમંડળે તે સાહિત્યપ્રકારને હાથ ઝાલીને તેમાં પણ પ્રયોગો કરી બતાવ્યા છે ગાલ્સવર્થીનાં 'હાતાલ'ની રજૂઆત નવીન રીતે આ મંડળે ગુજરાતમાં મૂકી. તેમજ શ્રી પન્નાલાલ પટેલનું 'એળે નહીં તો બેળે' તેમજ 'હુલ્લડ'ને મજૂર વિસ્તારમાં પાંચેક હજાર મજૂરો વચ્ચે આ સંસ્થાએ ભજવી બતાવ્યાં, પણ માત્ર આવાં એકાંકી નાટકો જ ભજવીને આ સંસ્થા સંતોષ નથી માનતી. હમણાં તેમણે ગુરુદેવ ટાગોરનું 'અચલાયતન' લગભગ સાત રાત્રિ સુધી અમદાવાદમાં રજૂ કર્યું. આમ તેઓ પૂરતું વૈવિધ્ય લાવવા મથે છે. આ સંસ્થાના કાર્યકરો પાસે શક્તિ છે, સુષુપ્ત શક્તિ અખૂટ છે, પણ વાત એક જ કરવાની રહે છે, તેઓએ ગંભીર રીતે નાટકને હાથ ધરવું જોઇએ. અભિનય માટે સાધના કરે અને શિસ્ત રાખે, તો જરૂર ગુજરાતની Little Theatre movement સર્જવાનો જશ આ સંસ્થા પામી જાય.

જ્યારે બીજા પક્ષોમાં પ્રથમ પીપલ્સ થીએટરને યાદ કરવું જ જોઇએ. તે લોકોને પરદેશી નાટકોને ગુજરાતી સ્વાંગમાં રજૂ કરવાનો ભારે મોહ છે. આમાં મને તો એમ લાગે છે કે ગુજરાતના લેખકોને તેઓ લાલબત્તી તો નહિ બતાવવા ઇચ્છતા હોય કે આ તમારૂં નાટકવિહોણું ગુજરાત! આ રહ્યો જશવંત ઠાકર. લાવો ગમે તેવું કસોટી કરી નાખે એવું એક નાટક. તે ભજવી બતાવે છે કે નહીં? તેમણે આ આખા વર્ષમાં 'હ ' 'ઢીંગલી ઘર' 'શાહજહાં' અને 'અલ્લાબેલી' નાટકો ભજવ્યાં. આમાં પણ ભાષાંતરો. અને હમણાં તેઓએ નાટકો રજૂ

'જખ્મેરૂઝ'નો ચમત્કાર

પૂરતા પ્રમાણમાં ચોકખું ઘી-દૂધ નહિ મળવાથી તેમ જ ખરાબ અનાજ, બજાર બનાવટી દૂધની, ગોળની ચાહ, સહસ્રપુટી તેલનાં ભજીયાં, ભુંસું, ભેળ વગેરે ખાવાથી લોહી બગડી આખા શરીરે ખસ, ખુંજલી, ખાજ, ખરજ, ચાંદાં થાય છે અને ઘરમાં એકને થાય એટલે આખા ઘરમાં એનો ચેપ ઊડે છે.

— તેને તાકીદે દૂર કરવા —

● ભાવસારનો 'જખ્મેરૂઝ' ●

રજીસ્ટર્ડ ગુલાબી મલમ

— વાપરો —

કારણકે આ મલમ દાઝેલા પર છેવટનું કામ આપી મરણતોલ દાઝેલાની જિંદગી પણ બચાવી લે છે, તેમ જ ગડગુમડ, ઘવેડો, બાળકોના રતવા, ગરમીનાં ચેપી ચાંદાં, પીશાબની જગ્યાની ચાંદી, મોઢાના ખીલ, શીતળા ઉઠાવ્યા પછી રૂઝ લાવવા તથા તમામ ચામડીનાં દર્દોને ઠંડક આપી રૂઝ લાવે છે. દરેક દવાઓ વેચનાર પાસેથી મળશે. તમારા ગામના દવા વેચનાર પાસે આ મલમની જ માગણી કરો.

બાટલીની કિંમત	૦॥ ઔંસ	૧ ઔંસ	૨ ઔંસ	૪ ઔંસ	૮ ઔંસ	૧૬ ઔંસ
	૦-૮-૦	૦-૧૪-૦	૧-૮-૦	૨-૮-૦	૪-૮-૦	૮-૦-૦

બનાવનાર: ભાવસાર કેમીકલ વર્કસ, વ્યારા [ટી. વી. રેલ્વે] વાયા સુરત.

કરવાનો કાર્યક્રમ બહાર પાડયો છે તેમાં પણ બધાંય ભાષાંતરો. પીપલ્સ થીએટરને નવી આયોજનાવાળા નાટકો જોઈએ. પ્રશ્નને અવલંબીને વસ્તુ રચાયું હોય એવાં નાટકો જોઇએ. આવાં નાટકોની ગુજરાતમાં ખોટ છે એ તો હું જ્યારે ગુજરાતી નાટકો વાંચતો હતો ત્યારે મને પણ લાગેલું. હા, પ્રશ્નચર્ચા કરતાં નાટકો Problematic plays જૂના જમાનામાં લખાયાં છે ગુજરાતમાં, પણ આજે એ પ્રશ્ન પ્રશ્ન નથી રહ્યો, તો એના સામે જોવાની આ લોકોને ફુરસદ ક્યાંથી હોય? આજે તો સ્વતંત્ર હિંદના અવનવા પ્રશ્નો જન્મ્યા છે. તે પ્રશ્નો રાજકીય છે, સામાજિક છે, ધાર્મિક છે, ઐતિહાસિક છે. એવા પ્રશ્નોને મંત્રદષ્ટાની નજરે જોઈ શકે એવા નાટકકારની ગુજરાતને જરૂર છે. એના નાટકો આ લોકોને ગમશે. એમણે 'ઢીંગલી ઘર' ભજવ્યું જે નાટકમાં સ્ત્રીસ્વાતંત્ર્ય અને સ્ત્રીમુક્તિ Emancipation of the woman નો પ્રશ્ન લીધો છે. જો કે આજે યુરોપમાં આ નાટકની કિંમત ઘટી છે. પ્રશ્નની દષ્ટિએ, કલાની દષ્ટિએ. આપણે ત્યાં પણ આ પ્રશ્ન કેટલી માત્રાએ ઉકેલાવો જોઇએ એ એક કોયડો છે. થોડાજ દિવસ પહેલાં શ્રીમતી લીલાવતી મુનશીના ધારાસભામાં રજૂ થયેલાં બીલના જવાબમાં મુંબઈ પ્રાંતના પંત પ્રધાને પણ આ પ્રશ્નનો વિરોધ કર્યો હતો. જવા દે. એ આડી વાત છે. પણ 'ઢીંગલી ઘર'ની રજૂઆત અત્યંત કલાપૂર્ણ હતી. સાવ સાદો 'સેટ', રોજીંદા પાત્રો, લોહીમાંસથી અને જીવનને ધબકથી જીવતાં પાત્રોની હૃદય-નબળાઇઓ અને એમાં નોરાનો ગતિફાયેલ પ્રશ્ન; આ બધું જ ખૂબ યોગ્ય રીતે રજૂ થયું હતું. તેમાં શ્રીમતી દીનાબેન સંઘવીનો અભિનય મુક્ત પ્રશંસા માગે છે. પણ 'અલ્લાબેલી' નાટક બહુ જ કઢંગી રીતે રજૂ થયું હતું. તેમજ નાટક પોતે પણ ખૂબ નબળું હોવાથી આમાં તેનો પોતાનો પણ નિષ્ફળતામાં હાથ ખરો જ. 'શાહજહાં' નાટક one man's show બનવા પામ્યું હતું. એમની તૈયારી, નાટક માટેની તેમની ગંભીરતા અને શિસ્ત પ્રત્યેક સાધક પુરો જરૂર પ્રશંસે.



"પાંચ કે પાંચથી વધારે માણસોએ એકઠા થવા સામેના પ્રતિબંધનો ભંગ કર્યાનો તથા જાહેર રસ્તા પર ધાંધલ મચાવ્યાનો તમારી સામે આરોપ છે: એ વિશે તમારે કાંઇ કહેવું છે?"

"અમે તો સાહેબ, અરસપરસ ખાસ કોઇને પીછાનતાં નથી; એટલે જાણીજોઇને ટોળે વળ્યા નથી. માત્ર સ્વાભાવિકતાથી સામયિક પત્ર શરૂ કરવાની વાત કરતા હતા!"

પછી તો રૂપકસંઘને સેવાવું જોઈએ. એ સંસ્થાએ આજ સુધીમાં રજૂ કરેલ નાટકો પરથી એક ક્યાસ કાઢી શકાય કે તેઓ ગંભીર અને પ્રશ્ન ચર્ચતા નાટકો કરતાં રમુજી નાટકો વધુ સરી રીતે રજૂ કરી શકે છે. શ્રી ધનંજય ઠાકરને તેવાં નાટકોની વધુ ફાવટ છે, પણ છતાં ય તે સંસ્થાએ 'જયા જયંત' અને 'શાહજહાં' નાટકો અમદાવાદ સમક્ષ મૂક્યાં છે. તેમાં વધુ નિષ્ફળતા સાંપડી છે. તેમની પાસે 'નીવડેલા' કલાકારોનું સારું અને મોટું જૂથ છે, તેઓ પોતાની શક્તિની સીમા જાણીને પછી તેટલા જ ક્ષેત્રમાં તેમનું કાર્ય ચાલુ રાખે તો જરૂર તેઓ પણ તેમની સંસ્થાને આગળ લાવી શકે.

છેલ્લે 'રાષ્ટ્રીય નાટ્યસંઘ' પર દૃષ્ટિ કર્યા વગર છૂટકો નથી. એમ કહી શકાય કે ખૂબ ઉત્સાહી જુવાન કાર્યકરોની આ સંસ્થા છે. તેમણે આજ સુધીમાં અનેક કાર્યક્રમો રજૂ કર્યા, પણ તેમાં એક યા અન્યનું અનુકરણ હોવાથી તેમનું આગવું વ્યક્તિત્વ હજુ જોઈએ તેટલું નિખર્યું નથી. 'નવા ચીલા' બાળનાટક સુંદર રીતે રજૂ થયું હતું. પણ છતાં ય કચાશ તો હતી જ. વચ્ચે તે સંસ્થાએ ત્રણ એકાંકી નાટકો રજૂ કરેલાં, જેમાં ત્રુટિઓ અનેક હતી. અને છેલ્લે છેલ્લે તેઓએ 'આણુકદે' નાટક રજૂ કર્યું, જેમાં તેઓએ જાણે Costume Play બનાવવાનો નિર્ણય કરીને નાટક રજૂ કર્યું હોય એવો ખ્યાલ આવે છે. 'કલ્પનાસંઘ'ની બડી બડી બાતો કાન સુધી પહોંચી છે. તેઓએ કાંઈ નક્કર કાર્યક્રમ હજુ સુધી આપ્યો નથી. 'અર્વાચીના' રજૂ કરવાની વાતો બહાર આવી છે. આ સંસ્થાઓ સિવાય અન્ય સંસ્થાઓ અમદાવાદમાં છે. તેઓના કાર્યક્રમોનાં નામો કોઈવાર કાન પર પડે છે. તેમજ શૈક્ષણિક સંસ્થાઓ, મહાવિદ્યાલયોના કાર્યક્રમો પણ જોવા મળે છે. પણ આમાં ગંભીરતા નથી હોતી, માત્ર ઉત્સાહ.

પણ આ બધા કાર્યક્રમો જોયા પછી મને હવે એમ લાગે છે કે ગુજરાતના આ રડ્યાખડ્યા નાટ્યશોખીન જુવાનોને તૈયાર કરે એવી એક સંસ્થા Academy ગુજરાત પાસે હોય તો ગુજરાતની આવતી કાલની રંગભૂમિ સર્જાય તો જ ગુજરાતને એનો આગવો તખ્તો બાંધ્યાની સાર્થકતા થાય.

હું તો બીજુંય સૂચવું. મેં નામ સાંભળ્યું છે શ્રી ગણપતરાવ બોડસનું. તે છે મહારાષ્ટ્રીય સજ્જન. મરાઠી રંગભૂમિના અચ્છા નટ આજે નિવૃત્ત જીવન ગાળતા હોવા છતાં ય અભિનયનું અધ્યાપન લઈ તેઓ પ્રવૃત્તિશીલ છે. ત્યાં ગુજરાતના આ જુવાન અભિનયકારોમાંથી કોઈ જઈ આ કલાની ઉપાસના કરે તો ! તો એકાદ શિશિર ભાદુરી કે એકાદ પૃથ્વીરાજ કપુર જરૂર ગુજરાતને મળે.

ત્યાંની કલકત્તાની રંગભૂમિના તાજા સમાચાર જરૂર લખજે.

લી. સુધીર ચોખાના જયજય.

૫૦ વર્ષો થયા દુનિયાભરમાં મશહુર
બળ, બુદ્ધિ, આરોગ્ય વધારનારઃ-
મદનમંજરી
ગોળીઓ
નસોની કમજોરી, હાથપગના કળતર, આળસ, સુસ્તી, બેચેની વિગેરે દૂર કરી શક્તિ, સ્ફુર્તિ તથા ઉત્સાહ વધારે છે તેમજ પેસાબ કે સ્વપ્નમાં જતી ધાતુને બંધ કરી ઘટ્ટ બનાવે છે. પરહેજ ખાસ કંઈ નથી. ડીં. ડબીનો રૂા. ૧
પાગલવટી
ચિત્તભ્રમ, અનિદ્રા, વિચારવાયુ, ઉન્માદ વિગેરે દર્દો માટે સચોટ ગુણકારી અને નિષ્ફળ ન જાય તેવો અકસીર ઈલાજ. ડબીના રૂ. ૩ ત્રણ
મફત જાતીય જીવનના પ્રશ્નો સમજાવનાર "દંપતિ વિકાસ" પુસ્તક મફત મંગાવો
મુંબઈ બ્રાન્ચઃ— કાલબાદેવી, રામવાડી | મદન મંજરી ફાર્મસી જામનગર (કાઠીયાવાડ)

જીવન-શક્તિ પીલ્સ
વિદ્યાર્થી કે ધંધાર્થીને મગજની શાન્તિ આપી સરસ ઊંઘ લાવી શક્તિ આપે છે. ૪૦ ચાલીસ ગોળીની કિંમત રૂા. પાંચ રાજવૈદ્ય પ્રાણભાઈ મહેતા
માધવ ઔષધાલય, અમરેલી (કાઠિ.)

આઠ પ્રહર : લોકસાહિત્યનો શૃંગારરસ

લેખક : શ્રી. પ્રાણભાઈ મ. મહેતા

જગતનું એક પણ માનવી ઓળખતું ન હોય, ઘરને ચારે ખૂણે ફરી વળતાં એક પણ વસ્તુ ઠેએ ચઢે તેમ ન હોય, ગોકુળ અષ્ટમી રાસ લેતી હોય, શીતળા માતાએ અમીનો છાંટો નાખી બાળબચ્ચાંને અનામત રાખ્યાં હોય; પગાર ટૂંકા હોય અને તેમાં ય માસ્તરની નોકરી હોય, ઉપરી અમલદાર હોદ્દાના અભિમાનથી રોફ છાંટી કાળજાં કકળાવી નાખતા હોય, અને વારંવાર ઠપકાના, કામ નહિ કરવાના, આવડત વિનાના છો, દૂર બદલવા પડશે, એવા એવા હુકમો લખી કાળે આંસુડે રડાવતા હોય, બાપદાદાની મોટી આબરૂ વારે ઘડીએ ગળે નખ દેતી હોય, અને

ઘર મોટાં તોટા ઘણો પિયુ જો મોટા નામ;
તેને દુઃખે હું તો દુબળી મારે કેડાને કાડે ગામઃ

એ કથન બરાબર બંધ બેસતું હોય, એમાં વળી અસાધારણ રોગ હોય, છોકરાનો સાસરો વિવાહની ઉતાવળ કરતો હોય, દીકરીને આણું આવવાનું હોય, થોડા પગાર ને મોંઘવારીનું પૂર જોરમાં હોય, બાપ દાદાનું દેવું ગડગડતું હોય, વાવાઝોડાથી અર્ધાં મકાન સાફ થઈ ગયાં હોય, આવી રીતે અનેક પાપો ભેગાં થયાં હોય ત્યારે રાત કે દિવસનો એક પ્રહર બ્રહ્માજીના એક જુગ જેવડો થઈ પડે, પણ એના કરતાં બધું ઊલટું હોય તો રાત્રિ કે દિવસ એક પાંપણના પલકારા જેટલા વખતમાં ક્યારે પસાર થઈ ગયાં તેનો જરા પણ ખ્યાલ રહે નહિ. જેને દુનિયા સ્વર્ગ કહે છે એ સદેહે માણવાનો અવસર તો ઈશ્વરની પરમ કૃપા હોય ત્યારે જ પ્રાપ્ત થાય છે, એવું એક રસનીતરતું બયાન લોકકવિએ પોતાની મીઠી જબાનમાં વર્ણવ્યું છે.

લોકકવિ સ્વર્ગની ઝાંખી અનુભવતો હોય તેમ કાવ્યની શરૂઆત કરતાં પહેલાં દિવસ પહેલો કે રાત ! બીજ પહેલું કે વૃક્ષ, સ્ત્રી પ્રથમ કે પુરુષ ! એવા ગૂઢ પ્રશ્નો તેને પ્રથમ નિકાલ માગવાની પૃચ્છા કરતા હોય તેમ તેનો નિકાલ પણ ન્યાયની દૃષ્ટિએ આપી કવિ પ્રથમ નારીજાતિ કલ્પે છે, કેમકે ધરતી વિનાનો મેહ વરસી શકે જ નહિ. અને તેથી રાત્રિને પ્રથમ ગણી અંધકાર વિના અજવાળાને માન ન મળે એ હેતુ બરાબર સ્પષ્ટ કરી વર્ણન શરૂ કરે છેઃ

પહેલો પો'રો રેનરો દીવડા ઝાકમઝોળ,
પીયુ કંટાળો કેવડો ધણ કંકુની લોળ.''

પ્રેમ જ્યોતના અનેક દીવડાઓ પ્રગટાવી, અજવાળાના ભંડાર સજવા એ એક જીવનને આપવા જેવું મનાય, વળી આ તગ્જેતર પ્રેમ ગાંઠથી જોડાયલું જોડું હંમેશાં દિવાળી કેમ ન ઊજવે ? લોક કવિ કુટુંબ કબિલાથી વારીને નાઠો હોય તેમ જોતાં એમ જણાય છે કે એમના અંગત કુટુંબમાં માત્ર એ એક જ પુરુષ છે. અને તેથી તેને બીજાં કોઇ હરકત કે અંતરાય કરનાર ન હોય તેમ જણાય છે. માતાપિતા સન્યસ્ત લઈ દિવ્ય જીવન ભોગવતાં હોય, ભાઈ-બેન બીજાં ન હોય, અને ઘણા યુગની સંગાથી પદ્મિનીની સાથે પ્રેમ જોડાયો હોય પછી સુખની શું બાકી ?

આપણા અત્યારના જીવનમાં આ અંતરાયો ખૂબ વિઘ્નો નાખી ઘણાંય પ્રેમી જોડાંના શાપ લઇ રહ્યા છે, પ્રેમસંબંધમાં આશંકાઓ ઊભી કરી એક બીજાને સળગાવી મૂકવાનું નિર્માલ્ય કૃત્ય અત્યારે થઈ રહ્યું છે. એ બધું જુદા નિબંધ ઉપર મૂકી આપણે બધું સવળું થયે જરૂર પ્રભુકૃપા વરસશે એ અવલંબન લઇ આપણા કવિની પુરુષને કેવડાની અને સ્ત્રીને કંકુની મૂર્તિની ઉપમા આપવાની ચાતુરી તરફ વળીએ. અનેક બાબતોનો એકમાં સમાવેશ કરવો એ તો અલંકારચંદ્રિકાનો સંપૂર્ણ અભ્યાસી જ વર્ણવી શકે. કેવડાની ઉપમામાં રૂપ, ગુણ, સુગંધ અને લાવણ્યની બાબત સમાઈ જાય છે.

કંકુની મૂર્તિનાં ઓસહજ સૌંદર્યના બધા ભાવ આવી જાય છે. એવું બરાબર છે. યુવાન અને આશાભર્યું છે. હજુ એના જીવનની રાતનો આ પ્રથમ પ્રસંગ છે. જગતને સુસંતતિ આપવાને એની પૂર્ણ તમન્ના છે. હજુ એનો આશાસૂર્ય ઉપામાં પરિણમ્યો છે.

સુંદર ને નિરોગી, સમાન વયનાં, કામશાસ્ત્રનાં દરેક અપવાદથી દૂર એવાં શરીરો, જર જમીન અને વૈભવથી આનંદ, આરોગ્ય અને આનંદની બધી વાત સમજનાર, કામકળામાં કુશળ એવા સ્વર્ગીય જોડાની રાત્રિના બીજા પ્રહરની કવિતા આલેખતા કવિ શબ્દો ખોઇ બેસે છે. માત્ર એને

બીજે પહોરો રેન રો વધીયા નેહ સનેહ;
ધણય ત્યાં ધરતી હો રહી પીવુ આષાઢો મેહ;

કેટલું ગંભીર ચિત્ર! પહેલા પહોરનાં બની ઠની ફરતાં પાત્રોને શૃંગારના તખ્તા ઉપર મૂકતાં કવિ કેટલો જબ્બર બની જાય છે! સંસ્કૃત સાહિત્યકારોએ આષાઢ માસમાં પૃથ્વીને મેહની સમાગમ આશામાં ઉન્નરતની વર્ણવી છે. નાનાં છોકરાંઓને જ્યારે પોતાની વાતમાં અંક કે ઉપમા ગોત્યાં જડતાં નથી ત્યારે છેવટે કહી નાખે છે કેઃ—

વાદળનો વેઢો ને ધરતીનો છેડો.

પ્રથમ પહોરમાં આનંદની મીઠી વાતો કરવા, સૂતેલાં કામભાવને જાગૃત બનાવવા, સરખા ભેરુબંધો પ્રથમ પ્રહરની વિદાય થતાં જુદાંજુદાં સંબોધનો કરતા ઊભા થઈ વિદાય લે છે. પતિના જવાબની કુશળતા ઉપર વારી જતી રમણી દ્વારના પાછલા ભાગમાં ઊભી રહી ઉમળકા સેવતી હોય, લજ્જાનું બંધન જો તેને છુટી મેલે તો સમાજની વચમાં પણ પતિના ગાલને ચૂમી લેવા જરાય ન ચૂકે તેવા ઉમળકા સેવનારી પતિદેવ સૌને વળાવી પાછા ફરતા હોય ત્યારે તેના કેવા હેતથી વધાવી લેતી હશે! તે તો પ્રણયરત સ્ત્રી જાણે.

બીજા પ્રહરમાં પ્રેમના હિલોળાનાં પૂર ઉછળે છે. જેમ સમુદ્રનાં મોજાં એક પછી એક વિશાળતા દાખવતાં જાય છે તેમ આ નેહનાં મોજાં આજ સુધી અડે તેટલી વિશેષતા બતાવે એમાં જરાય અતિશયોક્તિ છે નહિ. બન્નેના પ્રેમપ્રવાહોમાં જીવનની ઓણવટો બદલાઇ ગઇ, ધણ ધરતી બની

પુષ્પા કોર્ડીઅલ

બહેનો! પ્રદર, લોહીવા, અનિયમિત અટકાવ, ગર્ભ ન રહેવો, ગર્ભ રહી સવી જવો, કસુવાવડ, હીસ્ટીરીઆ, કોઠે રતવા, પ્રસવ સમયે પીડાવું, ધાવણની અછત, ઊંઘ ન આવવી, ઉબકા, અમૂંઝણ વગેરે દર્દો મટાડી શકિત આપનાર પુષ્પા કોર્ડીઅલ જ વાપરો. ત્રણ બાટલી પીવાથી સંપૂર્ણ આરામ આપે છે.

—દરેક દવાવાળા તથા ગાંધીઓ—
વેચે છે
જથ્થાબંધ માટે લખોઃ
કમલ પ્રોડક્ટસ • નડિયાદ

ટેસ્ટદાર પાન ખાવા માટે
કૃષ્ણછાપ કાથો
માથાના દુઃખાવા માટે અકસીર
બજરંગ બામ
પાનની લહેજત વધારવા
દીલખુશ મસાલો • કૃષ્ણવિલાસ મસાલો
પાનની ખરી મઝા • ટીમટામ સોપારી
શંકરછાપ કાથો
: બનાવનાર :
એચ. વી. જોશી
કૃષ્ણછાપ કાથાવાળા
રીચી રોડ,
અમદાવાદ

(પિયુ આષાઢી મેઘ-ચોવડ વાદળોથી ઝઝુમતો, મેહુલીયો બન્યો-મેહની ઉપમા લોકકવિએ બીજે એક સ્થળે ગાઇ છે કેઃ-

ગરવાને ગાળે રે રૂખડીયો ઝળુંબીયો,
જેમ ઝળુંબે ધરતી માથે. મેહ જો:

વાતાવરણ ઘેરું અને શાંત બન્યું. બંને પ્રેમી પાત્રો એકબીજાના ઉરરસ ઝીલવાને

મોરકો ધ્યાન લગો ઘનઘોરરસે,
ઢોર કો ધ્યાન લગો નટકી.

તૈયાર થયાં, બન્નેના મનોવ્યાપારો એક માત્ર પ્રેમની પારખ કરવામાં જ પરોવાઇ ગયાં, અને પછી તો કવિ પ્રેમની અગોપ ગોષ્ઠીને એ બન્ને પાસે મૂકી કલ્પનાના સાગરના કિનારા ઉપર દૂર બેસી કવિતા ગાઇ બતાવે છે કે—

ત્રીજે પહોરે રેનરો દીવડા સાખ ભરે;
ધણ્ય જીતી પિયુ હારિયો, રાખ્યો હાર કરે:

સ્નેહનાં ફળ રૂપ, જગતની ઉત્પત્તિના કારણરૂપ પછી કામદેવનાં રાજ્ય સ્થપાયાં. પણ પ્રેમની લડાઇમાં હાર્યું કોણ ? અને જીત્યું કોણ ? એ પરિણામ નક્કી કરવાને પ્રેક્ષક કોણ ? મહાન મુક્કાબાજીગરો ડેમ્પસી-ટનીની મુક્કાબાજીની હાર-જીત નક્કી કરવાને લાખો પ્રેક્ષકો હાજર હતા, અને તેની લાખો નજરોએ હારજીતની હા પાડી હતી, પણ આ પ્રેમી યુગલની હાર-જીત નક્કી કરવા કોઇ ખરું ? હા ! કોણ ? દીવડો. સંસારના મનોભાવો સુઝાડનારો એ નાનકડો સૂર્ય, મર્યાદાના પટમાં વીંટાળી જેણે બે જીવની રમતનો હારજીતનો સંદેશો કવિને પહોંચાડી દીધે, અને પછી કવિએ કાવ્યના અશ્વ ઉપર બેસાડી એ સંદેશો લાખો પ્રેમી પાત્રોને પહોંચાડ્યો, જણાવ્યો, અને ન્યાયની પોથીમાં નોંધાવ્યો. તે ક્યાં સુધી કે હારજીત નક્કી થઈ, હારેલો કેદ પણ પડ્યો, અને સખ્ત શિક્ષા જાહેર થઇ. કઇ શિક્ષા ? કયું કેદખાનું ?

ધણ્ય જીતી પિયુ હારીયો રાખ્યો હાર કરે.

પોતાના હૃદયમાં પૂરી દીધો, અને અપીલની આજીજી કરતો તેને પોતાની કુંજડી શી ગ્રીવામાં હાર કરી બાંધી દીધો. છતાં એ ન્યાય માગનાર તો પોતે હારેલ છે એમ કહેવામાં આનંદ માણે છે: પિયુને તો હારવાનું જ હતું, પણ જીતનારી ધણ્ય પણ પોતે હારી છે હારી છે એમ વિનવતી શાંત થઈ, જગતમાં બન્ને જો હાર્યાં હોય તો આજ.

બસ ! કવિ આટલેથી એ વાતને સંકેલી તરત જ એક વધુ વાતને અગોપ મૂકી રાત્રિને પૂર્ણ કરે છે.

ચોથો પહોરો રેનરો બોલ્યા કુકડ રાગ-
ધણ સંભાળે કંચવો પિયુ સંભાળે પાગ:

એ આયુર્વેદના પૂર્ણ અભ્યાસી સૂર્યોદય થયાં પહેલાં નિત્યકર્મથી પરવારવા અને શરીરના સ્વાસ્થ્યને સાદી અને સારી રીતે સાચવતાં રાત્રિના છેલ્લા પ્રહરને વધાવી લે છે. અને પોતપોતાનું માનીતું વસ્ત્ર સંભાળી સ્વસ્થતાની વાત ઉપર અવલંબે છે.

રાતના જવા પછી કવિ દિવસના વર્ણનને પણ વર્ણવવામાં જરાય ઉણપ રાખતો નથી:

પાંચમો પહોરો દિવસરો ધણ્ય ઉભી ઘરબાર
રૂમઝુમ રૂમઝુમ હો રહી ચુડી કંકણહાર

દિવસના રાજ્ય થતાં વહેવારીઓ પિયુ ઘેરથી જતો રહ્યો છે, એને વાડીવજીફા છે, વેપાર વણજ છે, આવકનાં સુંદર સાધનો છે. પોતે ખૂબ આનંદથી રહી શકે તેવી ફુરસદ છે. એ સુસ્ત નથી, સંસારને સુખમય કરવાનાં સર્વ સાધનો તેની તહેનાતમાં છે, પિયુનો ઘડીકનો વિરહ સહન નહિ કરી શકનારી પ્રિયતમા પિયુના ઘડીકના અમિલને અગાસાં ખાતી દ્વારશાખને અઢેલી વેલડી શી ઉભી રહે છે, ગોષ્ઠીના સુખ નયનમાં સરતાં છે, તેની ઝાંખી કરતી આનંદના અનેરા કંપ અનુભવતી તે જ્યારે ચપળતાભરી પાસે આવતા ભમરાને ઉડાડે છે ત્યારે તેના હાથનાં કંકણ ચુડીઓ વગેરે આનંદના અવાજો કરી રહે છે, અને જન્મનો કેદી વગર રજાએ નાસી ગયેલો હોય પ્રીતના પીંજરમાં અબઘડીએ આવી પુરાઇ જશે એ રાહમાં કુંજડીની પેઠે લાંબી ઊંચી ડોક કરતી અધીરી આંખડીએ પગના નખથી ઉંબરને સુખ આપી ઊભી રહી છે. પછી તો—

છઠ્ઠો પહોરો દિવસરો કહીયા જમણવાર
મન ચોખા તન લાપશી નેણાં ધારી ધાર.

અરે દુષ્ટ ક્ષુધા ! તું ભલેને તારી મહત્તા સુખાળવા જીવને બતાવતી ! પણ પ્રેમી જોડું તારી દરકાર કરે તેમ નથી. એને તો જમણવારમાં તારું એક પણ અન્ન સ્વાદિષ્ટ લાગવાનું નથી. એને તો તનમનના ખોરાક અને અમી વરસાવતાં નયનો એ જ ઘીની ધારો, બસ પત્યું !

સ્વર્ગમાં નથી ખાવાનું કે સ્વર્ગમાં નથી પીવાનું
અણમીંચી આંખે જીવતર જખનું જોગવવાનું;

એમ સ્વર્ગની બાબતમાં મહાકવિઓએ લખ્યું છે, તો પછી લોકકવિ કહે છે કે અહીં તો ખાવા-પીવાનું ભરપૂર છે, છતાં આ પ્રેમી યુગલને અરસ-પરસ પ્રેમગોષ્ઠી કરતાં જ ઓડકાર આવી જાય છે. ખાવું પીવું બીજાને! આ પ્રેમી પંખી પ્યારનાં પુતળાં અલૌકિક પ્રેમની પાંખો બીડી બેઠાં એટલે પત્યું!

અહીં લોકકવિ વધારે સ્પષ્ટતા કરે છે કેઃ— આ બન્ને એકલદોકલ હોવાથી તેને ઘરનાં બીજાં કોઇ અંતરાય રૂપ નથી નહિ તો વળી વહુવારૂ બારશાખને અઢેલી ઊભી રહેવા પામે જ શાની? એને તો ભલો ચુલો ને નહિ તો ભલો પાણીશેરડો. પણ આ લક્ષ્મીની કૃપાવાળું જોડું સુખી છે. અહીં ધણ્યને કશાં કામકાજ કરવાનાં નથી. જાણે કેમ બધું નોકરચાકરથી થતું હોય એમ સ્પષ્ટ છે. હવે કવિ આગળ વધે છે કેઃ—

સાતમો પહોરો દિવસરો પીયુ વાડીયે જાય;
પિયુજી લાવે આમ્રફળ ધણ્ય ઘોળે પિયુ ખાય;

લોકકવિ જ્યારે કવિતા લખવા બેઠા હશે ત્યારે જાણે પુરબહાર વસંત ખીલી રહી હશે, ગ્રીષ્મનું રાજ્ય હશે, અને આંબામાં શાખો પડતી હશે તેથી જ આમ કવિતામાં 'આંબાના ફળનો' ઉલ્લેખ આવી ગયો હશે અને સુકેસરી રસની અમૃતના સ્વાદને ભૂલાવે તેવી કેરીઓ પિયુ લાવીને પ્રિયતમાને આપે અને કોમળ અંગુલીઓના સ્પર્શથી ઘોળીને પિયુને રસ ચૂસવા આપે એ તો મહાભાગ્યની જ વાત સમજવીને? અને તેથી રસ તરસ્યો લાખો કહી ગયો છે કેઃ—

લાખો કે'વાં બારીઓ, લીસી છીપરીઆં;
હાથ દીલોળે પગ ઘસે ગળકે ગોરલીઆં;

મરતાં મરતાં પણ લાખો લખાવી જાય છે કે જ્યાં રમણીઓએ લીસી છીપર ઉપર બેસી હાથપગ ઘસ્યા હોય ત્યાં આ દેહને દહન કરજો.

આઠમો પહોરો દિવસરો ચડી હીંચકલે ખાટ;
ધણ્ય મરકે ને પિયુ હસે (તમે) ફરી બિછાવો ખાટ

દિવસને જતાં વાર શી? એનો એ જ દિવસ વિયોગીને ખુટતો નથી, અને સંયોગીને એક પલકારા જેટલોય પહોંચતો નથી. મહાકવિ કલાપી કહે છે કેઃ—

'બિચારાની સુલભ ઘડીયો લેશ ના દીર્ઘ થાતી'

અને લોક સાહિત્ય તો કહે છે કેઃ—

રાતે ન આવે નિંદરા અમને દીયે ન ભાવે અન્ન!

એમ સુખદુઃખનાં સોણાંની કથનીઓ જરૂર જુદી જ હોય છે. આઠમો પ્રહર ખતમ થતાં રજનીનાં રાજ્ય સ્થપાયાં, દીવડાઓ પ્રગટવા લાગ્યા. અને છુપાં છવાયાં રહેલાં સંગસુખડાંઓ અંધારાનો લાભ લઈ છોડી આવવા લાગ્યાં ત્યારે માનુનીનું મન હર્ષવંત થતાં મુખડું મરક! મરક! એવા મંદહાસ્યથી પ્રફુલ્લ બને છે, પિયુ એ હાસ્યનો જવાબ પણ એવા જ હળવા હાસ્યથી આપે છે. અને

'તમે ફરી બિછાવો ખાટ:'

એ શબ્દમાં જ તમામ પુનાણુ પિષ્ટપેષણની પુર્ણાહુતિ કરી દે છે, અને ટુંકમાં અનેક બાબતો સમાવી દે છે.

બધી સરખાઇ વિના સુખનાં બણગાં ફૂંકવા એટલે કંઇ જ નથી. ઇશ્વિર જો માનવીને સરખું સુખ આપતો હોય તો ઉપર પ્રમાણે વ્યવસ્થા કરી દે તો જ. તેમાં ય અકાળ મૃત્યુ, મંદવાડ, લક્ષ્મીની ઉણપ વગેરેને જરાય સ્થાન નથી. ભલે આયુષ્ય ગમે તેટલું આપે પણ કુંજડાના જીવન પેઠે એક આજ ને બીજું કાલે એમ જ સ્વર્ગે પળે તો જ રસ છે. માટે પરમાત્મા પાસે સુખની માગણી કરનારાએ તો માગવાનાં મસ્ત યૌવન, સુદૃઢ શરીર, પતિભક્ત પ્રમદા અને ખાવા તથા ખવરાવવાને સુસંપત્તિ, શક્તિ પ્રમાણે બંધ બેસતો વૈભવ અને માન-આબરૂ.

તમારી પેનની સલામતી માટે
ચેમ્પીયન શાહી
ચેમ્પીયન ઇન્ડસ્ટ્રીયલ વર્કસ, વીસનગર

નવજીવન મીલની
પોપલીન
ઘેર ઘેર વપરાય છે

પ્ર · તિ · મા

[એક ઐતિહાસિક નવલિકા]

'સેનાપતિ, સવારે આપણે આ શહેરમાં પડાવ નાખ્યો ત્યારે મેં ઠેકઠેકાણે ખંડિયેર થઇ ગએલ મંદિરો અને તોડી નાખેલી મૂર્તિઓ જોઇ. પણ કેટલેક ઠેકાણે કફરોના દેવ હજુ સાબૂત રહેલા છે. તો આપણા પહેલાં કોઇ તુર્ક, અફઘાન કે તાર્તાર સરદાર અહિં આવી ગયો હશે ?'

'નહિ, સરકાર. સોળ વર્ષ પહેલાં આપણે જ આ શહેરમાં આવ્યા હતા. આ તો આપણી બીજી સ્વારી છે. પહેલી સ્વારીમાં અનંગપાળ અને તેના સાથી હિંદુ રાજાઓનો પરાભવ કર્યા પછી આપણને એટલી બધી લૂંટ મળી, કે આ શહેરનો અર્ધ-નાશ કરીને જ આપણે ઉતાવળે ગિઝની તરફ રવાના થવું પડયું ! આ શહેરની ઇમારતો અને મંદિરોનો આપણે નાશ કર્યો, પરંતુ મૂર્તિઓનો નાશ કરવાનો આપણને અવકાશ રહ્યો નહિ '

'આ ખંડિયેર જેવા શહેરનું નામ શું ?'

'કમલમીર.'

'કમલમીર ? આપણે કમલમીર કયારે આવેલા ? મને તો કંઈ યાદ નથી.'

'સરકાર, પહેલાં આ શહેરનું નામ અનુરાધાપૂર હતું. હવે આને કમલમીર કહે છે.'

'કારણ ?'

'કારણ કે આ શહેરના સીમાડા ઉપર એક હિંદુ કારીગરે દેવીની એક સુંદર મૂર્તિ બનાવીને તેની સ્થાપના કરી છે. કમલ એટલે પાણીમાં થનારૂં હિંદુ લોકોનું એક પવિત્ર ફૂલ; અને મીર એટલે રણમાં જોવામાં આવતું મૃગજળ. રેતીના મહાસાગર સમા દેખાતા રણમાં એ મૂર્તિ મૃગજળમાંના કમલ જેવી દેખાય છે. માટે જ મુસાફરો આ જીર્ણ નગરીને કમલમીર કહેવા લાગ્યા છે.'

'ત્યારે તો કાફરોની એ મૂર્તિ તમે તોડી જ હશે ?'

'અમે બધી મૂર્તિઓ તોડી છે, પણ ફકત એ મૂર્તિ જ બાકી રહી ગઇ છે.'

'શું ? કુરાનનું અપમાન ! મહંમદ પેગમ્બરની આજ્ઞાનું અપમાન ! મારી આજ્ઞાનું અપમાન ! મારા લશ્કરમાં એ મૂર્તિ તોડનારો એક પણ મુસ્લિમ તમને ન મળ્યો ? સોરઠી સોમનાથની મૂર્તિ ન તોડવા માટે ત્યાંના પૂજારીએ મને અપરંપાર દ્રવ્ય આપવાનું કબૂલ કર્યું હતું ત્યારે મેં શો જવાબ આપ્યો હતો, ખબર છે ? યાદ છે તમને, સેનાપતિ ? 'હું મૂર્તિ વેચનારો મહંમુદ નથી, પણ મૂર્તિ તોડનારો મહંમુદ છું.' તો પછી તમે હિંદુના દેવથી શા માટે ડરો છો ?'

ધર્મઘેલા મહંમદનો ચહેરો ક્રોધથી લાલચોળ થઇ ગયો એ વિકરાળ ચહેરા પર મધ્યાહ્નના તાપની અસર થવાથી મહંમદ યમરાજ જેવો દેખાતો હતો. તે જ વખતે રેતાળ પ્રદેશમાંથી ઉનો પવન મહંમદના તંબુમાં ઘૂસ્યો,' અને તેથી તંબુ ફૂલ્યો. કેમ જાણે મહંમદના ક્રોધનો ઉભરો હોય ! સેનાપતિ નીચું જોઇ રહ્યો.

'સરકાર, બપોરથી ઇસ્લામના હથોડા કામે લાગી ગયા છે. હિંદુનાં મંદિરો એટલાં બધાં છે, અને તેની ઉપર વેલપટ્ટી અને મૂર્તિઓનું નકશીકામ એટલું બધું છે કે તે તોડતાં આપણા સૈનિકો થાકી જાય છે, અને પછી......' સેનાપતિ બોલતા બોલતા અટકયો.

સેનાપતિ મહંમદનો સ્વભાવ જાણતો હતો. કુરાનને નામે મહંમદે ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા જડમૂળથી ઉખેડી નાખવાનું બીડું ઝડપ્યું હતું. હજારો બલકે લાખો કારીગરોએ વર્ષોનાં વર્ષો પરિશ્રમ કરીને જે કલાવૈભવ નિર્માણ કર્યો હતો

તે જોઈને શની અફઘાનોના અચંબાનો પાર રહેતો નહિ, અને હિંદુઓની સરખામણીમાં પોતે કેવા તુચ્છ છે તેનું તેમને ભાન થતું. હિંદુઓ માટે તેમનાં અંતઃકરણમાં માનવૃત્તિ જાગ્રત થતી. પણ તે વખતે મહંમદ કુરાન આગળ ધરીને એ સૌન્દર્ય-સંપન્ન કલાવૈભવનો નાશ કરાવતો. તે કહેતો કે કુરાનમાં મૂર્તિકલા અને ચિત્રકલાનો નિષેધ છે. તેથી કાફરોની આ કલાનો નાશ જ કરવો જોઈએ. મહંમદ પછી પણ જે જે મુસલમાનો હિંદુસ્તાન પર ચડી આવ્યા તેમણે મહંમદને જ ચીલે ચાલીને ભરતખંડના ગત વૈભવની આદર્શ સ્મૃતિ ક્યાંય ન રહેવા દેવાનો અને હિંદુઓનો કદી પણ પુનરુદ્ધાર ન થવા દેવાનો જબ્બર પ્રયાસ કર્યો.

સેનાપતિએ વર્ણવેલા 'મૃગજલના-કમલ' તરફ જ્યારે યવનોનું સૈન્ય આવ્યું, ત્યારે તે મૂર્તિનું પાષાણનિર્મિત સૌન્દર્ય જોઈને અફઘાનો ચકિત થઈ ગયા ! તેમના હથોડા તેમના હાથમાં જ થંભી ગયા ! તેમનાં પાષાણવત હૃદયમાં સૌન્દર્ય પ્રત્યેનો આદરભાવ ઉત્પન્ન થયો. કલાનો જન્મ આવી રીતે જ થાય છે.

'પછી શું થયું ?' મહંમદ પાસે કંઈ ગપ મારવી તેના વિચારમાં પડેલા સેનાપતિના શરીર પર ધસી જઈ મહંમદ બરાડ્યો.

'પછી એમ થયું ખુદાવંદ—' એટી હકીકતની ગૂંથણી કરવા માટે સમય મેળવવા સેનાપતિ બોલ્યો, 'સિંહનો શિકાર સિંહ જ કરે ને !'

'એટલે ?' ગોટાળામાં પડેલા મહંમદે પૂછ્યું.

'ગિઝનીના સુલતાન, એ મૂર્તિ હિંદુઓના કલાકૌશલ્યનો નિચોડ છે. તેને ખાવિંદ વગર બીજો કોણ હાથ લગાડે ? અમારાં નામ કંઈ શાહનામામાં નોંધાવા યોગ્ય ગણાય ?'

મહંમદના ચહેરા પર સર્વભક્ષી હાસ્યનો વિલાસ દીપી ઉઠ્યો. 'શાબાશ સેનાપતિ ! તમારી અક્કલની મારે તારીફ કરવી જોઈશે. કાલે સવારના પોરમાં બધા સૈનિકો અને રસાલાને એ પુતળી પાસે હાજર રહેવાની સૂચના કરજો. સૂર્યોદય સમયે હું પોતે તે મૂર્તિનો નાશ કરીશ.'

મહાન આફતમાંથી બચી જવા બદલ દાઢી પર જોરજોરથી હાથ ફેરવતો સેનાપતિ પોતાના તંબૂ તરફ ચાલતો થયો.

સોળ વર્ષ પૂર્વે એ રણમાં અનુરાધાપુર નામની સુંદર નગરી હતી. અનંગપાળના પરાજય પછી મહંમદે તેનો સર્વનાશ કર્યો. કાલચક્ર ફરી ગયાથી તેનો વૈભવ નષ્ટ થયો, એટલું જ નહિ પણ પિતૃતુલ્ય સિંધુનદ પણ તેનાથી ત્રીસ માઈલ દૂર જતો રહ્યો. જ્યાં સિંધુનાં મીઠાં પાણી ફરી વળીને નંદનવન જેવી ભૂમિ બની રહેતી, અને માઈલોના વિસ્તારમાં અનહદ અનાજ નીપજતું ત્યાં રેતીનું રણ બન્યું. પછીથી મહંમદે તારાજ કરેલી એ નગરી ધીમે ધીમે નષ્ટ થવા લાગી. નગરજનોમાંના કેટલાક રોગથી મરી ગયા, કેટલાક હિજરત કરી ગયા જ્યાં ત્યાં જુની ઈમારતોના અવશેષ, પડી ગએલી દિવાલો, તૂટેલા સ્થંભો અને નિર્જન મંદિરો ! મોટો અજગર સૂતો હોય તેવી રીતે સુરત વેરાન રસ્તા ઉપર વર્ષો થયાં કોઈ માનવીનું પગલું યે પડ્યું નહોતું !

એ નગરીના પશ્ચિમ તરફના મેદાનમાં સ્ફટિકની તે મૂર્તિ એક પુરાતન મંદિરના પથ્થરના ચબૂતરા પર પૂર્વાભિમુખ ઉભી હતી. ચબૂતરા ઉપરનો ઘુમલો પડી ગયો હતો. જૂના બાંધકામમાંથી પથ્થરનો એક ભાંગેલો થાંભલો જાણે મહામુશીબતે ઉભો હોય તેમ તે મૂર્તિને સાથ આપવા ઉભો હતો. એ સ્તંભ ઉપર ખીલેલાં પુષ્પો, ઝૂલતાં પાંદડાં, લપટાએલા ફણિધર વગેરેનું નકશીકામ હતું. ચબૂતરાની ચાર બાજુઓ પર ચક્રો, પદ્મ, વિજય-ચિહ્નો, દેવસેનાના રથ અને મસ્ત ઐરાવતો દાનવ-સૈન્યનો સામનો કરીને તેનો પરાજય કરે છે એવાં ચિત્રો, દૃષ્ટિગોચર થતાં હતાં.

શિલ્પકારે એ મૂર્તિના પાષાણ ઉપર એવી કોઈ જાદુઈ રચના કરી હતી કે મૂર્તિને પહેરાવેલાં વસ્ત્રો અને દરેકે દરેક અવયવ દૂરથી જોનારને જાણે કોઈ ચેતનવાન માનવીનો ભાસ કરાવતાં હતાં. મૂર્તિની

નવજીવન મીલ
આશરે દશ લાખ માણસની
કાપડની જરૂરિયાત પૂરી પાડે છે.

અષ્ટભુજામાં શંખ, ચક્ર, ગદા, કૃપાણ વગેરે આકર્ષક રીતે ગોઠવેલાં હતાં. એક હાથમાં જીવનચિહ્ન તરીકે ખીલેલું પદ્મ હતું, ને બીજા હાથમાં મૃત્યુની નિશાનીરૂપ તરતનું જ કાપેલું મસ્તક હતું. ગળામાં નરકપાલની રૂંડમાલા ધારણ કરેલી હતી. તેના અંગેઅંગમાં કોઇ અવર્ણ્ય કાંતિ શિલ્પકારે મૂકી હતી. વિશ્વસૌંદર્યના નિચોડરૂપ મૂર્તિ જાણે સાક્ષાત્ દુર્ગાદેવી સમાન દેખાતી હતી. એ રણપ્રદેશની સ્મશાનવત્ શાંતિમાં અપાર આકાશની નીચે તે મૂર્તિ, જાણે કોઇ યોગીની નિર્વિકલ્પ સમાધિમાંથી નિર્વાણ સિદ્ધ થયું હોય, અથવા તો શરદ્‌ઋતુનાં પાણી ઓસરી ગયા પછી જળાશયમાંથી કમળ બહાર આવેલું હોય, એવી દેખાતી હતી એ પાષાણ મૂર્તિ સંહારનૃત્યમાં મગ્ન હતી. જાણે હમણાં ખડખડ હસી પડશે એવું આછું સ્મિત એ મૂર્તિના હોઠ ઉપર ફરકી રહ્યું હતું. સંહારના આવેશની રેખાઓ પણ એ પ્રસન્નવદન ઉપર સ્પષ્ટ દેખાતી હતી. આવી પ્રલયકારિણી સર્વવિનાશની દેવી એ ચબૂતરા ઉપર ઉભી ઉભી એ નગરીનો નાશ પાષાણની નજરથી નિહાળતી હતી અને જાણે અટ્ટહાસ્ય કરવાની તૈયારીમાં હોય એવી લાગતી હતી. આ સંહારની તેના પર શી અસર થાય? તેનું હૃદય પણ પાષાણી જ હોય ને?

નક્કી કર્યા પ્રમાણે બીજે દિવસે રણશિંગાં અને નગારાં વાગવા લાગ્યાં. સૂર્યોદય પહેલાં જ યવનસેના મૂર્તિની આજુબાજુ મહાસાગરના જલપ્રવાહની માફક ખડી થઇ ગઇ. પરોઢિયાના આછા અંધારામાં એ મૂર્તિની અપારદર્શક છાયા ઘેરી કાળી દેખાતી હતી. મૂર્તિભંજક મહંમદે આવવાનો લલકાર ર્યો. તે મૂર્તિના પગ પાસે બેઠી બેઠી એક વ્યક્તિ કાદવ મસળી રહી હતી. એ મૂર્તિ જેવી જ પરંતુ નાના આકારની માટીની ઘણી મૂર્તિઓ આજુબાજુ પડી હતી. રેતીના તાપથી, જાણે ભઠ્ઠીમાં પકવી હોય તેમ તે કઠણ બની ગઇ હતી. શિલ્પકારનો હથોડો અને છિણી પાસે જ પડ્યાં હતાં.

'આ કોણ અહીં બેઠું છે?' મહંમદે ગર્જના કરી.

'કલાનો ઉપાસક,' જવાબ મળ્યો. મહંમદને જોઈ પહેલાં તો કલાનો ઉપાસક ચમક્યો, પણ પછી આદર્શ કલાકારની નિર્ભય દૃષ્ટિથી મહંમદ તરફ તે નિહાળી રહ્યો.

'મૂર્તિ બનાવવી એ કલા છે?'

'હા, સર્વશ્રેષ્ઠ કલા.'

'કારણ?'

'કારણ સર્વ કલા પૈકી શિલ્પકલા ઘણી મુશ્કેલીથી સાધી શકાય છે. એકાદ રેખા પણ ખોટી પડે તો આખી મૂર્તિ નકામી જાય છે. આ કલા નિશ્ચેતનને સચેતન કરે છે, અમૂર્તને મૂર્ત સ્વરૂપ અર્પે છે, સ્થિરતામાં ગતિ બતાવે છે, નિષ્ક્રિયતામાં કૃતિ લાવે છે, પાષાણને હસાવે છે, પાષાણને રડાવે છે.'

થોડીવાર મહંમદ મૂર્તિ તરફ જોઈ રહ્યો અને પછી મૂર્તિને નિહાળતો બોલવા માંડ્યો.

'નહિ, નહિ. આ પથ્થર નથી. આ સ્ત્રી છે. જુઓ, જુઓ. તે માણસની માફક હસે છે! હા, એ જ, એ જ છે તે. આ શહેર પર હલ્લો કરતી વખતે આ છોકરીને આવી રીતે જ હસતાં મેં જોઈ હતી. એક હાથમાં ઢાલ અને બીજા હાથમાં તરવાર લઈને આવી રીતે જ હસતાં હસતાં તે મારા સૈનિકોની કતલ કરતી હતી. તે વખતે જાણે સાક્ષાત્ નગરદેવતા તેમની મદદે આવ્યા હોય એમ હિંદુઓને લાગ્યું અને તેઓ અત્યંત આવેશથી લડવા લાગ્યા. વાતાવરણ મારી વિરૂદ્ધ થઈ જાય એવો મને ભય લાગ્યો. મેં મહાપ્રયાસ કરીને તે છોકરીનો વધ કર્યો. મારતી વખતે પણ તે આવી રીતે જ હસતી હતી. તે જ આ. નહિ....આ કોઇ ભૂતપ્રેત છે.'

ઘેલછામાં સપડાયેલા કોઈ બેફામ માણસની માફક મહંમદ બોલ્યે જતો હતો. તે વખતે કલાકારની આંખોમાંથી જાણે અગ્નિ ઝરી રહ્યો હતો. મહંમદની આ ઘેલછા જોઈને સેનાપતિ આગળ આવ્યો. તેણે મૂર્તિ પર હાથ ફેરવીને કહ્યું, "ખુદાવંદ, આ તો પથ્થર છે."

'શું પથ્થર છે? પથ્થર માણસની માફક હસે?' ઘડીભર એ મૂર્તિના કલાસૌંદર્યથી મુગ્ધ બનેલા મહંમદના મોઢાંમાંથી ઉદ્‌ગાર સરી પડ્યા.

કલાના ઉપાસકની આશા જાગ્રત થઈ, અને તેણે કહ્યું, 'કલા પાષાણને હસાવી શકે છે; તો પછી માણસના મન ઉપર તે જાદુઈ અસર કેમ ન કરે?'

'મૂર્ખ કાફર ! તું જાણતો નથી કે તાર્તાર હૃદય પોલાદ જેવું હોય છે. તારી કલા મને હસાવી શકશે નહિ, કે રડાવી પણ શકશે નહિ. સૂર્યોદય થતાં વાર જ આ મૂર્તિનું ખંડન થવાનું છે.'

'સુલતાન, તારી પાસે શસ્ત્રસજ્જ પ્રબળ સૈન્ય છે. હું એકલો, અનાથ, નિઃશસ્ત્ર તારી સામે આ રણમાં ઉભેલો છું. હું શસ્ત્રથી તારો પ્રતિકાર કરી શકું તેમ નથી. કારણ મારી પાસે કલા સિવાય બીજું શસ્ત્ર નથી. હિંદુઓની અસંખ્ય મૂર્તિઓનું ખંડન કરીને તેં કીર્તિ સંપાદન કરી છે. માટે આ મૂર્તિનું ખંડન કરવું તું રહેવા દે. મારી સોળ વર્ષની તપશ્ચર્યા તું ક્ષણમાત્રમાં ધૂળ મેળવીશ. જગતમાં 'મારું' કંઈ પણ હોય તો તે આ મૂર્તિ ! શોક, દારિદ્ર, દુઃખ, અપમાન, પરાજય વગેરેથી કલ્પના જ્યારે ચુરેચુરા થયા, દુનિયા જ્યારે નિઃસીમ રણપ્રદેશ જેવી શુષ્ક દેખાવા લાગી, ત્યારે એ સર્વભક્ષી શૂન્ય માનસમાંથી આ મૂર્તિ બહાર પડી. મેં એની રચના કરી. એ મારી માનસ કન્યા, હું એનો સર્જક પિતા. પણ હવે એ મારી દેવી બનીને માતા સમાન બની ગઈ છે. તેનું બાહ્ય સ્વરૂપ જો કે રૌદ્ર છે, પણ તેનું અંતઃકરણ દયાથી ભરપૂર છે. એ વિશ્વસંહારિણી હોવા છતાં અમારી માતા, વિશ્વજનની છે. પોતાનાં ત્રાસી ગયેલાં બાલકોને મૃત્યુની બાળાગોળી આપીને એ શાશ્વત શાંતિ અર્પે છે. માટે સુલતાન, તું તેની છેડતી કરતો નહિ.'

'હ: હ: હ: ! પાપી મૂર્તિપૂજક ! જગતમાં એક ઇશ્વર સિવાય બીજો ઇશ્વર નથી, અને તે જ પરમેશ્વર છે. કાફર, તું તેનું અંધ અનુકરણ કરે છે.'

'મહારાજ, આ દુનિયા એક માટીનો ખેલ છે. તમારા અલ્લા અને અમારા પરબ્રહ્મ એ બન્ને કલાકાર છે. આ માટીમાંથી તે મૂર્તિઓ ઘડે છે અને આપણી સમક્ષ નમૂના તરીકે મૂકે છે. આપણે તેનું અનુકરણ કરીને આનંદ શા માટે ન માણવો ?'

એક યવનસેવક ચાંદીની રકાબીમાં રેશમી રૂમાલથી ઢાંકેલો ચાંદીની મૂઠવાળો હથોડો અને ચાંદીની મૂઠવાળી છીણી લઈને બાજુ પર ઉભો હતો. તેને પાસે બોલાવી મહંમદે તે હથિયાર લીધાં અને મૂર્તિનો ધ્વંસ કરવાનું શરૂ કર્યું. થોડી વારમાં ત્યાં મૂર્તિના નાના ટુકડા સિવાય કંઇ રહ્યું નહિ.

ઉકળતા હૈયા પર હાથ મૂકીને શિલ્પકાર શૂન્ય નજરે એ સંહાર નિહાળી રહ્યો હતો. દુઃખ અને ક્રોધનાં અશ્રુ તેની આંખમાંથી સરતાં હતાં. હથોડાનો દરેક ઘા જાણે તેના મર્મસ્થાનના ટુકડા કરી રહ્યો હતો.

'મૂર્તિપૂજક, ગઈ ને તારી કલા ?' વિજયના ઉલ્લાસમાં આવી જઈ રૌદ્ર હાસ્ય કરીને મહંમદે પૂછ્યું.

'રાજા, તું પણ આ પ્રલયકારિણીનો સેવક છે. તેનું સંહારકાર્ય તું કરે છે. તેની જ આજ્ઞાથી તેના એક રૂપનો તેં નાશ કર્યો છે. પરંતુ તેના હાસ્યનો તું નાશ કરી શક્યો નથી. તું તેનો સંહાર કરતો હતો ત્યારે તે હસતી હતી. હજી પણ તેના ભગ્ન સૌંદર્યમાંથી તેનું મધુર હાસ્ય બહાર આવે છે ! તેનો નાશ તું કરી શકતો નથી. ઊલટું એક દિવસ તે જ તારો સંહાર કરશે. વિશ્વના પ્રારંભકાળથી તેનું સંહારકાર્ય ચાલુ છે. રાજા, ધ્યાન રાખજે. આ સંહારપ્રલયમાંથી–સર્વવિનાશમાંથી ત્રૈલોક્યસૌંદર્યનું સર્જન થાય છે. દેવદાનવ, સુર-અસુર, મિસર, યવન, રોમ વગેરે રાષ્ટ્રોનો તેણે સંહાર કર્યો. પરંતુ તેમની સંસ્કૃતિ તેણે કલામાં રહેવા દીધી. માટે જ રાજા, મારી કલા શ્રેષ્ઠ છે. મારી કલા અમર છે.'

'તારી કલા શ્રેષ્ઠ છે એમ ! તારી કલા અમર રહેવાની છે ! સેનાપતિ, આ કાફરનો જમણો હાથ કલમ કરી નાખો.'

તે જ વખતે સૂર્યનાં કિરણો પૂર્વક્ષિતિજ પર દૃષ્ટિગોચર થયાં. ક્ષણમાત્રમાં કલાના ઉપાસકનો જમણો હાથ ખંડિત થયો. લોહીથી રંગાયેલું તેનું હસ્તકમલ દેવીનાં ચરણકમલ પર પડ્યું. ઉપાસકના રક્તનાં છાંટણાંથી દેવી ઉપર સિંચન થયું. સૂર્યનાં

નવજીવન મીલની
સાડીઓ સુંદર અને ટકાઉ હોવાથી
ખૂબ વપરાય છે

આંખોં કિરણોના પ્રકાશમાં ઉપાસકનું લોહી લાલચૂમ દેખાતું હતું. પોતાના કપાએલા હાથની વેદના કોઈ અલૌકિક ધૈર્યથી સહન કરતો ભગ્નહૃદય ઉપાસક પોતાની સરજેલી મૂર્તિના ભગ્ન સ્વરૂપ તરફ દીન વદને જોતો ઊભો હતો. તેનું ધૈર્ય અને સહનશક્તિ જોઈ આક્રમકનું નિષ્ઠુર હૃદય પણ હરી ઊઠ્યું.

'આ કાફરનો ફેંસલો ગિઝનીમાં કરીશું. હજામ પાસે તેનો હાથ સંધાવી દ્યો, અને તેને સાથે લઇ લો.' એમ હુકમ કરીને મહંમદે તે ભગ્ન મૂર્તિ તરફ પીઠ ફેરવી, અને ધીમે પગલે ચાલતો થયો.

મહંમદની આજ્ઞા પ્રમાણે સેનાપતિએ ઉપાસકના જખમની સારવાર કરાવી, અને તેને ઊંટના કાફલા પર નાખીને પહેરા નીચે ગિઝની તરફ લઈ ચાલ્યા. મહંમદ ગિઝનીની એ છેલ્લી સ્વારી હતી. હિંદુસ્થાનની લૂંટમાંથી મળેલાં રત્નો અને જરઝવાહિરથી ભરેલા ઊંટનો કાફલો ગિઝની શહેરમાં ઝૂકયો. કલાના ઉપાસકને ગિઝનીના કિલ્લામાં એક કોટડીમાં રાખવામાં આવ્યો.

કિલ્લામાં જ મહંમદનો રાજમહેલ હતો. રાજમહેલ અને કિલ્લામાંના જેલખાના વચ્ચે એક ચોગાન હતું. ચોગાનમાં હંમેશાં લીલુંછમ ઘાસ ઉગેલું રહેતું. ચોગાનના એક ખૂણામાં જનાનખાનાની અડોઅડ એક સુંદર ફુલબાગ હતો ચોગાનની વચ્ચોવચ ચિનારનું એક વૃક્ષ હતું. એ વૃક્ષ કેદી કલાકારની કોટડીથી બહુ દૂર નહોતું. વૃક્ષની બાજુ કોટડીની એક સળીયાવાળી બારી હતી તેમાથી કોટડીમાં મંદ પ્રકાશ પડતો હતો. કલાકાર આ બારીમાં મહામુશ્કેલીથી ચડતો અને ગિઝની શહેરની શોભા, મસીદોનાં મિનારા ને બાહર દેશનું સૃષ્ટિસૌંદર્ય નિહાળીને મનને આનંદમાં રાખતો. મેદાનમાંનું ચિનાર વૃક્ષ તેનું સાથી હતું.

એ ચિનાર વૃક્ષ નીચે એક સુંદર અફઘાન કન્યા હંમેશાં સવાર સાંજ આવીને બેસતી. બાગમાંનાં ફૂલ-વીણીને ભેગાં કરતી. સખીઓ સાથે હસતી રમતી. તીરકામઠાંથી તીરંદાજી શીખતી અને કોઈ કોઈ વાર એકાદ ચોપડી વાંચવા બેસી જતી. જનાનખાનાની સ્ત્રીઓ અને દાસીઓ તેને માન આપતી. કોઈ કોઈ વાર ખુદ મહંમદ તેની પાસે ચિનારવૃક્ષ નીચે આવીને બેસતો, અને તેને 'અમીના, અમીના' કહીને તેની સાથે લાડ કરતો. તે પણ મહંમદને 'બાબા' કહીને બોલાવતી. આ ઉપરથી કલાકારે અનુમાન કર્યું કે તે કન્યા મહંમદની લાડકી પુત્રી હોવી જોઇએ. કલાકાર તેની બાલિશ ક્રીડા તરફ વાત્સલ્યથી જોયા કરતો, અને કલાની દૃષ્ટિથી તેના સૌંદર્યની રેખાઓનો અભ્યાસ કરતો. તેની તરફ જોતાં કોઇ કોઈ વાર તેની આંખો અશ્રુભીની થતી. મૃગજળમાંનું કમલ જાણે એ બાગમાં આવી લાગ્યું હોય એવો તેને દૃષ્ટિભ્રમ થતો.

એક દિવસ રાજમહેલમાં એક મોટા જલસાની તૈયારીઓ થઈ રહી હતી. તે માટે રસોડાંનો એક સેવક એક હરણની કતલ કરતો હતો. પણ અચાનક તે હરણ સેવકના હાથમાંથી છટકી ગયું. સેવક તેની પાછળ દોડયો. હરણ જનાનખાનાના બાગમાં થઈને, ચિનાર વૃક્ષ નીચે અમીના બેઠી હતી તે તરફ દોડ્યું, અને આશ્રિતની માફક ફલાંગ ભરતું અમીના પાસે આવીને ઊભું રહ્યું. તે ખૂબ થાકી ગયું હતું અને હાંફતું હતું, ગરદન પર છરીનો એક નાનો જખમ થયો હતો, અને તેમાથી ધીમે ધીમે લોહી ટપકતું હતું. અમીનાએ તે હરણને પાસે લીધું અને પ્રેમથી તેને પંપાળવા માંડ્યું.

હરણ જનાનખાનાના બાગમાં થઈને જતું રહ્યું તે જોઇને પેલો સેવક બાગના દરવાજા પાસે ઊભો, અને તેણે એક દાસીને હરણ શોધી લાવવા વિનંતી કરી. દાસીએ આવી અમીના પાસે હરણની માગણી કરી, પણ અમીનાએ તેને ધમકાવીને કાઢી મૂકી. છેવટે થોડી વાર પછી મહંમદ પોતે ત્યાં આવ્યો, અને અમીના પાસે હરણ માગ્યું.

'અમીના, આજે હું મારા અમીર ઉમરાવોને મિજબાની આપવાનો છું. મારે તેમને ખુશ કરવા છે. બીજું એકે હરણ શિલિકમાં નથી. માટે આ હરણ તું મને આપી દે. તેના બદલામાં હું તને બે સુંદર તુર્કી બોકડા આપીશ.'

એમ કહી મહંમદે શીંગડાં પકડ્યાં. પણ તે જ ક્ષણે અમીનાએ તેને પોતાની પાસે ખેંચી લીધું,

અને તેને પોતાના ખોળામાં લઈ તેની ગરદને પોતાની છાતી સરસી કરી. દયાર્દ્ર ચક્ષુએ મહંમદ તરફ જોઇને તે બોલી, 'બાબા, તમે સ્વર્ગનું રાજ્ય આપો તો પણ હું આ હરણને સોંપવાની નથી. હું તેનો વિશ્વાસઘાત કરવાની નથી. હું આને જીવતદાન ન આપી શકું, તો તમારી લાડકી કુંવરી શાની ? શું તમારા અમીર ઉમરાવ તમને મારા કરતાં વધારે વહાલા છે ?'

પુત્રીના શબ્દો સાંભળી મહંમદની આંખોમાં પણ આંસુ આવી ગયાં, અને તે ત્યાંથી જતો રહ્યો. આ જોઈ કલાકાર આશ્ચર્યચકિત થઈ ગયો. તેના મનમાં વિચાર આવ્યો, 'જગતમાં નિષ્ઠુરમાં નિષ્ઠુર માનવીના હૃદયમાં પણ પરમેશ્વર દયાનું એક ઝરણું રાખતો હશે ? અથવા તો પોતાના વિતંડાવાદી મનને છેતરીને જગતનાં માનવીઓ ઉપર પોતાનો પ્રભાવ પાડવા માટે માણસ ક્રૂરતનું નાટક કરતો હશે !'

ઘણો વખત પસાર થઈ ગયો છતાં કલાકારનો ઈન્સાફ થયો નહિ. કોઇ કહેતું કે મહંમદ કલાકારને ઊંટ ઉપર આખા ગામમાં ફેરવશે અને પછી ગામ બહાર લઇ જઇને તેને ફાંસીએ લટકાવશે. કોઇ કહેતાં કે મહંમદ તેનો બીજો હાથ કાપી નાખશે. તો વળી કોઇક કહેતાં કે તેને મુસલમાન બનાવી દે એટલે બસ. પરંતુ તેવું કંઈ જ થયું નહિ. કારણ મહંમદના રાજ્યમાં બેદિલી ફેલાઇ હતી. હિંદુસ્થાનમાંથી આવેલી લૂંટ બાબતમાં સેના સરદારોમાં અંદર અંદર તકરારો શરૂ થઇ હતી. મંગલ અને ઘોર એ બે પંથો વચ્ચે વૈમનસ્ય ઉત્પન્ન થયું હતું. અફઘાનીસ્થાનમાં બળવો થવાનાં ચિહ્નો દેખાતાં હતાં. એક ભિખારી કરતાં પણ મહંમદ વધારે કંજૂસ છે એવી લોકવાયકા ઇસ્લામી જગતમાં પ્રસરી હતી. એક હજાર સોનાની દિનાર આપવાનું કબૂલ કરીને મહંમદે ફિરદોસી કવિને પોતાનાં ગુણગાનનો એક સર્ગ દાખલ કરીને એક રાજકાવ્ય રચવાની સૂચના કરી. તે ઉપરથી ફિરદોસીએ કાવ્ય તૈયાર કર્યું. પણ પછીથી મહંમદ સોનાને બદલે ચાંદીની એક હજાર દિનાર ફિરદોસીને આપવા લાગ્યો. આથી કવિ નારાજ થયો, અને ચાંદીની દિનાર ફેંકી દઇને પોતાના વતન તરફ રવાના થઈ ગયો. પાછળથી જ્યારે મહંમદને પ્રજા તરફથી ફિટકાર મળ્યો, ત્યારે તેણે ફિરદોસીને સોનાની એક હજાર દિનાર તેને ગામ મોકલાવી આપી. પણ તે લેવા માટે ફિરદોસી જીવતો નહોતો !

ક્રૂરતાના પાયા પર રચાયલું મહંમદનું રાજ્યસિંહાસન ડગમગવા લાગ્યું. લવલેશ પણ દયા ન દેખાડનાં હિંદુસ્તાનમાં વિધ્વંસ કરીને આણેલું પ્રાણથી પ્યારું જરઝવાહીર મૃત્યુ બાદ અહિં જ મૂકતા જવું પડશે એ વિચારથી મહંમદ ચિંતાગ્રસ્ત રહેવા લાગ્યો. પોતાનું મોત નજીક આવ્યું હોય એમ તેને લાગ્યા કરતું. પોતાનો રત્નભંડાર તે મેજ પર ગોઠવતો અને તેને જોઈને ધ્રુસકે ધ્રુસકે રડતો !

ગિઝનીની રાજકીય ઉથલપાથલમાં કલાકાર તરફ કોઈનું ધ્યાન ગયું નહિ. તે ગિઝની આવ્યો ત્યારે વસંત ઋતુ હતી, બદામ અખરોડનાં ઝાડને લાલ કોંટાઓ ફૂટ્યા હતા. જર્દાલુ પણ લચી રહી હતી. પછી ઠંડો પવન શરુ થયો. હવે અમીના કોઇક જ વાર ચિનાર નીચે આવતી. ચિનારનાં પાંદડાં ખરવા લાગ્યાં એટલે ચિનાર જેવી સુંદર અમીના પણ નિસ્તેજ દેખાવા લાગી. શિરાઝની મદિરાની માફક ચમકનારી તેની આંખો તેજહીન થઈ ગઈ. ગાલ પરનાં કાશ્મિરી ગુલાબ ફિક્કાં દેખાવા લાગ્યાં. છેવટે જ્યારે બરફ પડવા લાગ્યો, ત્યારે તે બરફના કણ જેવી સફેદ દેખાવા લાગી અને ચિનાર નીચે આવતી બંધ થઇ !

એક દિવસ પરોઢિયે બંદીવાનની કોટડી ઉઘડી અને મશાલના પ્રકાશમાં મહંમદે કોટડીમાં પ્રવેશ કર્યો. કલાકાર સફાળો જાગી ગયો, અને બિછાનામાં અર્ધો ઉઠીને બેઠો.

'કાફર, રણુમાંની તારી પેલી મૂર્તિ કોણ હતી ! ખરેખર તેનામાં સંહારની શક્તિ હતી કે શું ?'

નવજીવન મીલ

પોપલીન અને સાડીઓ ઉપરાત મલમલ, ઘોયલ, ધોતિયાં વગેરે બનાવે છે.

'રાજા, એ મૂર્તિને જોઈને તેં જેને દેવીનું રૂપ આપ્યું હતું, પણ તે મારી પુત્રી હતી.'

'એટલે ?' મદનમદે આશ્ચર્ય પામીને પૂછ્યું.

'રાજા, હવે સાંભળી લે. તું જેમ ગિઝનીનો રાજા છે તેમ હું અનુરાધાપુરનો રાજા હતો. તેં જેને મારી નાખી તે મારી પુત્રી હતી. તે વખતે હું અનંગપાળના લશ્કર સાથે હતો. અનંગપાળનો પરાજય કોઈએ સ્વપ્નેયે કલ્પ્યો નહોતો. તેથી મારી રાજધાનીના રક્ષણ માટે ગોઠવેલું લશ્કર અને લોકો બેફિકર હતાં. પણ તું એકદમ અનુરાધાપુર પર લૂંટારાની માફક ધસી આવ્યો. અમારો પરાજય સ્પષ્ટ દેખાવા લાગ્યો. તેથી ક્ષત્રિય ધર્મ અનુસાર રાણીવાસે જોહાર કર્યો. પરંતુ મારી લાડકી પુત્રી પ્રતિમાએ અંગ પર બખ્તર સજ્યું, ઢાલ તરવાર હાથમાં લીધાં-અને અસુરમર્દિની પ્રમાણે લડવા લાગી. પછીની હકીકત તો તું જાણે છે. મેં જ્યારે મારી નગરીમાં પ્રવેશ કર્યો ત્યારે તારી તરવારનો ભોગ થઈ પડેલી મારી પ્રતિમાનું શબ મારા હાથમાં આવ્યું. મારી નગરી આગ, લૂંટફાટ વગેરેથી તારાજ થઈ ગઈ હતી. મારાં સગાં-વહાલાંને મારી નાખવામાં આવ્યાં હતાં, ને મારી પ્રાણથી પ્યારી પુત્રી પ્રતિમા પણ મને છોડી ગઈ હતી. તારા ઉપર વેર શી રીતે લેવું તેના વિચારથી મન ભ્રમિત થઈ ગયું હતું. પણ તેથી પણ વધારે શોક મને મારી પ્રતિમાના વિયોગથી થતો હતો. મેં પ્રતિમાના છેવટનાં દર્શન કરી લીધાં, અને તેના દેહને અગ્નિસંસ્કાર કર્યો. હવે પ્રતિમા ફક્ત મારા હૃદયમાં જ રહી. પોતાનું પ્રિય માણસ કદી મરવાનું જ નથી એમ માણસ માને છે. તેથી મેં પ્રતિમાની તસવીર પણ નહોતી કાઢી, કે તેની પ્રતિમા પણ નહોતી બનાવી.

'તું ગીધની માફક હિંદુસ્થાન ઉપર તરાપ મારીને જતો રહે, પછી મારા હાથમાં શી રીતે આવે ? સૈન્ય એકઠું કરીને તારા પર હલ્લો કરવાનું બની શકે તેમ નહોતું. હિંદુઓનું સંગઠન કરીને ગિઝની ઉપર સ્વારી લઈ જવાનું પણ અશક્ય હતું. મારી રાજધાની વેરાન થઈ ગઈ સિંધુ નદી પાછળ હટી ગયો. હું કોઈને મોઢું પણ ન બતાવતાં મારી નગરીમાં રહેવા લાગ્યો. છેવટે મારી નગરી એટલી બધી નિર્જન બની ગઈ કે કોઈ મારું મોં જોઈ જશે એની મને બીક જ ન રહી. છતાં પણ પ્રતિમાનું દુઃખ અને વેરના વિચારને હું ભૂલી શક્યો નહિ. અતિશય આપત્તિઓથી મારું હૃદય શૂન્યવત્ બની ગયું હતું. પણ મારી પ્રતિમા—જાગ્રત અવસ્થામાં પ્રતિમા, સ્વપ્નામાં યે પ્રતિમા, ઊંઘતાં પ્રતિમા, જાગતી વખતે પ્રતિમા, નાનપણમાં તે કેમ બોલતી, કેમ રમતી, કેમ બેસતી, કેમ હસતી, તેનાં કપડાં કેવાં હતાં, હું તેને કેવાં લાડ લડાવતો, વગેરે બાબતોની સ્મૃતિઓથી હૃદય ભરાઈ આવતું. અને સ્મૃતિઓનું પુનરાવર્તન કરીને હું દિવસ નિર્ગમન કરતો. જન્મી તે દિવસે મેં તેને હીરામાણેકના પારણામાં ઝુલાવી હતી. મૃત્યુ વખતે મેં તેને મારા હૃદયમાં સ્થાપી.

'મારી પ્રતિમાનું ચિત્ર બ્રહ્મમાં વિસર્જન પામ્યું. તે હું ફરીથી જોઈ શકું તેમ નહોતો. હવે તો મારા હૃદયમાં જે પ્રતિમા હતી તે જ તેનો અવશેષ હતો. એ પ્રતિમાને ફરી-ફરીને હું જોયા કરતો અને મારા આત્માને આનંદ આપતો. પણ મને વિચાર આવ્યા કરતો કે મારા મૃત્યુ પછી મારા હૃદયમાંની પ્રતિમાનું શું થશે ? જગતમાં તેનું અંતિમ અસ્તિત્વ નષ્ટ થશે. પછી લોકો કહેશે, 'કઈ પ્રતિમા ? કોણ કહે છે કે તે સુંદર હતી ? તેનો આધાર શો ?' ત્રણે લોકમાં મારી પ્રતિમાને મૂકવા માટે ક્યાંય સ્થાન નથી ? આ વિચારોએ અને વેરના વિચારોએ મારા મનને ઘેરી લીધું. આ દુઃખમાંથી છૂટવા માટે એક દિવસે પરોઢિયે હું એક તળાવને કાંઠે ગયો અને ગળે એક મોટી શિલા બાંધી. 'પ્રતિમા, મારી સાથે આ તારું અંતિમ વિસર્જન ! તું અને હું બ્રહ્મને અર્પણ થઈએ છીએ' એમ કહી જેવો હું તળાવમાં ભૂસકો મારવા જાઉં છું તેવો જ કોઈ જટાધારી વ્યક્તિએ પાછળથી મારો હાથ પકડ્યો અને કહ્યું, 'કોણ તારી પ્રતિમા ? અને તું તેને માટે જીવ કેમ આપે છે ? આત્મહત્યા એ અધર્મ છે.'

'મેં તેને મારી બધી હકીકત કહી સંભળાવી. પછી તેણે કહ્યું, 'બેટા, તારી પ્રતિમા હજી મૃત્યુ પામી નથી. તે તારા હૃદયમાં જીવે છે. તું તેને

ચિરંજીવ કર. તું તેની બીજી એવી પ્રતિમા નિર્માણ કર કે તે જોઈને માણસની આંખો ઠરે. વેરના વિચાર તું છોડી દે. કલા સિવાય દુઃખી આત્માને બીજો એકે વિસામો નથી. તું કલા શીખ. કલાના ધ્યાનમાંથી તને મુક્તિનો માર્ગ મળી આવશે. એ ધ્યાનમાંથી જે પ્રતિમા બહાર આવશે તે તને પરમેશ્વરનું દર્શન કરાવશે. હું તને મૂર્તિકલા શીખવીશ.'

'મહારાજ, હું મૂર્તિકલા તો શીખું; પણ પ્રતિમાનો નમૂનો કોઈ પણ ઠેકાણે નથી. પછી પ્રતિમા હું કેવી રીતે કરું?'

'પ્રતિમા તારા હૃદયમાં છે. તેનો તું અભ્યાસ કર, અને સ્મરણ શક્તિથી તેનું પૂતળું બનાવ.' યોગીએ મને મૂર્તિકલા શીખવી. યાદ કરી કરીને હું પ્રતિમાની મૂર્તિ તૈયાર કરવા લાગ્યો. છેવટે તેં ખંડન કર્યું તે તેનું રૂપ મેં ધ્યાનમાં સ્થિર કર્યું. સંહારમાંથી મારી કલા બહાર પડી તેથી મેં તેને સંહારકારિણીનું રૂપ આપ્યું. સંહારના હર્ષથી મારી પ્રતિમા હસી. મને કલ્પના સૂઝી કે ઉત્પત્તિના શોકથી તે શા માટે રડે નહિ? પ્રતિમાની એવી મૂર્તિ બનાવવા માટે હું માટીનો કાદવ મસળતો બેઠો હતો. કારણ માટીની પ્રતિમા ઉપરથી જ સ્ફટિકની મૂર્તિ બનાવવામાં આવે છે.'

'પદભ્રષ્ટ હિંદુ રાજા! વેરનો બદલો વળી ગયો. મેં તારી પ્રતિમાને મારી તેમ અલ્લાહે મારી અમીનાને મારી!'

'શું? અમીના મરી ગઈ?'

'હું હમણાં જ તેને દફનાવીને ચાલ્યો આવું છું. હવે તો તારા વેરનો બદલો મળ્યો ને?'

'હિંદુધર્મ વેરને માનતો જ નથી. માટે જ મારો ધર્મ શ્રેષ્ઠ છે. તેના આધાર પર સરજેલી મારી કલા શ્રેષ્ઠ છે રાજા જ્યાં સુધી કલા અમર છે ત્યાં સુધી પ્રતિમા મરણ પામે એ શક્ય નથી. અમીના મરણ પામે એ પણ શક્ય નથી. સુલતાન, જરા આગળ આવ અને જો.'

મહંમદ આગળ આવ્યો અને તે અંધારી કોટડીમાં આંખો ફેરવીને જોવા લાગ્યો. ઉગતા સૂર્યનો ઝાંખો પ્રકાશ દિવાલ પર પડતો હતો. મહંમદ ચમકીને બોલી ઉઠ્યો, 'અમીના, મેં તારું દફન બરાબર નથી કર્યું?'

'રાજા, આ તો ચિત્ર છે. હવે અહીં જો.'

'પ્રતિમા! રાજા, તારી પ્રતિમામાં અને અમીનામાં સામ્ય નથી દેખાતું? પ્રતિમાને મરી ગયાં સોળ વર્ષ થયાં. અમીનાને પણ સોળમું વર્ષ હતું. રાજા, તમારા હિંદુ લોકો...' મહંમદ બોલતાં બોલતાં અટક્યો.

'હા. અમારો હિંદુ ધર્મ પુનર્જન્મમાં માને છે. અને તું કહે છે તે પણ ખરું છે. રાજા, મારી પાસે થોડું જવાહિર હતું તે પહેરેગીરને આપીને મેં રંગ મેળવ્યા. અને મારા ડાબા હાથથી પ્રતિમાનું ચિત્ર શરૂ કર્યું. એટલામાં ચિનાર વૃક્ષ નીચે દયામય દૃષ્ટિથી હરણ તરફ જોતી અશ્રુભીની આંખોવાળી અમીના મેં જોઈ. મને મારું ધ્યાન સાંપડ્યું. જે ધ્યાન હું પ્રતિમાને આપવાનો હતો તે મારા શત્રુની પુત્રીને આપ્યું. કલાને કોઈ પારકા પોતાના કે શત્રુમિત્ર નથી. તે તો વિશ્વવ્યાપી છે. સુલતાન, તારી પથ્થરની દિવાલો પર મેં આ કાવ્ય તૈયાર કર્યું છે. ચાહે તો તેને ભૂંસી નાખ. ચાહે તો તું મારો બીજો હાથ કલમ કર. આજે મારી કલા સાર્થ બની છે. હવે કલાના ઝણકાર કરતી મારી ભગ્ન હૃદયવીણા હું પ્રભુના ચરણમાં મૂકવા તૈયાર છું.'

'યા અલ્લા પરવરદિગાર!' મહંમદ ઘુંટણીએ પડીને પરમેશ્વરની પ્રાર્થના કરવા લાગ્યો. તેની આંખમાંથી આંસુની ધારા વહી રહી હતી.*

નવજીવન મીલ

દર વર્ષે આશરે એક કરોડ અને છત્રીસ લાખ વાર કાપડ બનાવે છે.

* કાશ્મીર સંસ્થાનના ગેઝેટિયરના આધારે લખાએલી શ્રી. ર. વા. દેસાઈની એક નવલિકા ઉપરથી.

જીવનસાફલ્યનું ઐકાન્તિક સાધન :

ઉ ૦ પ ૦ નિ ૦ ષ ૦ દ

લેખક :
શ્રી. ચંદુલાલ બહેચરલાલ પટેલ
બી. એ.

ઉપનિષત્નું જ્ઞાન જીવાત્માને પરમાત્મ સ્વરૂપ થવામાં સાધનભૂત છે. આ રીતે સાધનમાત્ર ઉપનિષદનો મહિમા મહાન છે. જીવનવિકાસનું આ એકાંતિક સાધન ઉપનિષદ વેદાંત પણ કહેવાય છે. વેદાંત શબ્દનો અર્થ વેદનો અંત અર્થાત્ વેદનું રહસ્ય, વેદનો નીચોડ, વેદનો શિરો-ભાગ. જગતના જ્ઞાનના ભંડારરૂપી વેદમાંથી જ ક્રમશઃ આ ઉપનિષદો, બ્રહ્મસૂત્રો અને ગીતા ઉદ્‌ભવ્યાં છે. આ જીવનરહસ્ય અનુભવવા માટે કેનોપનિષદમાં કહ્યું છે તેમ તપ, દમ અને કર્મ એ પ્રતિષ્ઠા છે; વેદો સર્વ અંગ છે અને સત્ય તેનું કેન્દ્રસ્થાન છે. તાત્પર્ય કે આ જીવનરહસ્ય અથવા જીવનપ્રકાશ પ્રાપ્ત કરવો હોય તેણે તપસ્વી, સંયમ, કર્મણ્ય, અભ્યાસી અને સત્યમૂર્તિ થવું રહ્યું. આવા એક અનુભવી મહર્ષિ સમા મહાત્મા ગાંધીજી સર્વ ઉપનિષદોના દોહનરૂપ ગીતાઉપનિષદ માટે એટલે સુધી લખે છે કેઃ ગીતા એ મારે માટે એક શાશ્વત માર્ગદર્શિકા છે, મારા દરેક કૃત્યને માટે ગીતામાંથી હું આધાર શોધું, અને ન મળે તો તે કાર્ય કરતો અટકું અથવા અનિશ્ચિત રહું. તેઓથી બીજી ઉપનિષદો માટે પણ કહે છે કેઃ ઈશોપનિષદના પહેલા શ્લોકમાં હિંદુ આધ્યાત્મિક અનુભવનો નિચોડ ભરેલો છે. રવીન્દ્રનાથ ટાગોર જેવા દ્રષ્ટા પણ લખે છે કે : ઉપનિષદે આ વિચિત્ર જગતને બ્રહ્મના અનંત સત્યમાં, બ્રહ્મના અનંત જ્ઞાનમાં નિહાળ્યું છે. ઉપનિષદનું આ બ્રહ્મ આપણે માટે અગમ્ય છે એમ નિર્વિચારે બોલીને ઋષિઓની અમર વાણીને, આપણા આચારવિચારની બહાર દેશવટો ન દઈએ તો સારું ! કવિવર નાનાલાલ કહે છે કે : ઉપનિષદો શાસ્ત્રીય શૈલીએ રચાયેલાં શાસ્ત્રદર્શન માત્રનાં અવલંબન છે. શ્રુતિસંગ્રહના અધ્યાયો હોવાને કારણે ઉપનિષદો શ્રુતિભાગ છે. એ મહાગ્રંથો ન્યાયકોટીના કે બુદ્ધિવાદના કે પ્રમાણપરંપરાના ગ્રંથો નથી; પણ દર્શનગ્રંથો—મંત્રદ્રષ્ટાઓની આર્ષ દૃષ્ટિએ દીઠેલા દર્શન-ગ્રંથો છે. આર્ષદૃષ્ટિનાં દર્શનો હોઈ ને ઉપનિષદો આર્ષશાસ્ત્રો પણ કહેવાય છે. ઉપનિષદોની બ્રહ્મવિદ્યાની ચર્ચાને કારણે ઉપનિષદો જ્ઞાનકાંડ કહેવાય છે. વેદોમાંની આત્મવિદ્યાનો સારસમુચ્ચય ઉપનિષદો છે, અને તેથી ઉપનિષદોને વેદાંત, વેદોનું શિરસ, 'વેદોનો નિચોડ' પણ કહે છે. પછી રહસ્યબોધના અર્થમાં ઉપનિષદ શબ્દ રૂઢ થયો. આ ઉપનિષદોના મંતવ્યો માત્ર ભારતવર્ષમાં જ નહિ પણ વિશ્વભરમાં પ્રમાણભૂત મનાય છે. શોપનહોર લખે છે કેઃ આખા વિશ્વમાં ઉપનિષદોના અભ્યાસ જેવો શ્રેય સાધનાર અન્ય કોઈ પણ અભ્યાસ નથી જ. ફ્રેડરિક શ્લેગલ કહે છે કેઃ યુરોપનું ઉત્તમોત્તમ તત્વજ્ઞાન, ગ્રીક તત્વજ્ઞોનો ચૈતન્યવાદ પણ આર્યાવર્તના બ્રહ્મવાદ સાથે સરખાવતાં મધ્યાહ્નના પૂર્ણપ્રકાશવાળા સૂર્યની આગળ એક તણખલાના ઝબૂકિયા જેવો જણાય છે. આમ છતાં યે મુંડકોપનિષદમાં કહ્યું છે કેઃ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ એ તો અપરા અર્થાત્ કનિષ્ઠ વિદ્યા છે—એ તો સાધનમાત્ર છે; પરા અર્થાત્ શ્રેષ્ઠ વિદ્યા તો એ છે કે જેનાથી પરબ્રહ્મ પરમાત્મારૂપી સચ્ચિદાનંદ પ્રાપ્ત થઈ શકે છે અને તે જ સાધ્ય છે.

(અનુસંધાન પૃ. ૫૯૪ પર)

અમારા નામની તથા કામની નકલ કરનારાઓથી સાવચેત રહો

અમારી ઓફીસ રાજકોટ સીવાય બીજે કયાંય નથી.

"જે પુજે વીસા ઉસકો કયા કરે જુગદીશા"

"સકલ પદારથ હૈ જગમાંહીં કર્મહીન નર પાવત નાહીં"



જયારે ગ્રહદશા નબળી હોય ત્યારે નિર્માલ્ય મનુષ્ય પણ તમારૂં અપમાન કરી શકશે અને કરેલા પુરૂષાર્થ નિષ્ફળ જશે. ચારે બાજુ અંધકાર દેખાશે, નાણાંની બરબાદી થશે. બહુ વિચારીને કરેલા કાર્યમાં પણ નિષ્ફળતા મળશે. સ્ત્રી અને સંતાન પણ તમારાં વિરોધી બનશે અને કુટુંબ અને સ્નેહી મિત્રો જ તમારી ઘોર ખોદશે. જે કામમાં હાથ નાખશો તેમાં પાછા પડશો. જયાં જાવ ત્યાં વિશ્વાસે ઠગાશો અને સમસ્ત દુનિયા તમારી વિરૂદ્ધ દેખાય ત્યારે સમજવું કે તમારૂં દિનમાન નબળું છે, અને એ દિનમાનને અનુકૂળ કરવા દૈવીશક્તિ સિવાય બીજી કોઈ તાકાત નથી. પુન્યે પાપ ઠેલાય એ હિસાબે મંત્રશાસ્ત્રની સહાયથી પ્રાર્થનાપૂર્વક જગતના તારણહાર પરમકૃપાળુ પરમાત્માની સહાય અને કૃપા મેળવી દુઃખરૂપી દરીયામાંથી બચવા પ્રયત્ન કરવો એજ એક ઉપાય ડુબતા મનુષ્યને તારનાર છે. કોઇ પણ અદૃશ્ય શક્તિ તમારી ઉન્નતિના માર્ગમાં અડચણકર્ત્તા છે. અને તે તમારો પુરૂષાર્થ પાછો પાડે છે અને જે કોઇ વસ્તુ ઇચ્છાપૂર્વક કરો તેમાં સહાયને બદલે વિઘ્નો ઉત્પન્ન કરે અને રોગ-નિવારણને માટે દવા લેતાં રોગ વધે અને તમારી દરેક આશા કે અભિલાષા પર પાડવામાં વિઘ્નો થતાં હોય અને કોઈ ધાર્યું કામ થતું ન હોય ત્યારે તમારે સમજવું જોઇએ કે કુદરત તમારાથી વિરૂદ્ધ છે અને એ પ્રતિકૂળ કુદરતને સાનુકૂળ કરવા માટે અને સંસારનાં દુઃખ-દારીદ્રનો નાશ કરવા માટે અનંત શક્તિ ધરાવનાર અને સુખ અને સમૃદ્ધિની કામધેનુ રૂપ-

નવગ્રહશાંતિ વિસાયંત્રની સહાય લ્યો. તે તમારા નબળા ગ્રહોને શાંત કરી ભાગ્યનો ઉદય કરશે.

સ્ત્રી અને સંતાનના સુખમાં વૃદ્ધિ કરશે, તમારા કટ્ટર શત્રુઓને દૂર કરશે, વેપાર ધંધામાં બરકત આપી, કરજદારીમાંથી મુક્ત કરશે અને જાદુ, ટોણાં, ભૂત, પીશાચ કે મેલી વિદ્યાથી બચાવ કરશે. ઉપરાંત મનપસંદ લગ્ન કરી, સ્ત્રીપુરૂષમાં અજબ પ્રેમ ઉત્પન્ન કરે છે અને ગમે તેવી ભયંકર બીમારીમાંથી બચાવે છે અને કોર્ટના કેસોમાં ફત્તેહ અપાવે છે. ઉપરાંત કોઈપણ વ્યક્તિને તે યંત્રની સહાયથી વશ કરી શકાય છે. આવું અનંત શક્તિ

ધરાવનાર સિદ્ધિયંત્ર હોવા છતાં પણ તેની ફી માત્ર જાહેરાત ખર્ચ પૂરતી સવાસો રૂપિયા (પરદેશ માટે દસ પાઉંડ) રાખેલ છે અને તાત્કાલીક વીજળી વેગે અસર કરે તેવું સ્પેશ્યલ યંત્ર બસો એકાવન રૂપિયા (પરદેશ માટે એકવીસ પાઉન્ડ)માં એ બનાવી આપીએ છીએ. વી. પી. થી મોકલવામાં આવશે નહિ. પત્રવ્યવહાર તદ્દન ખાનગી રહે છે. એટલું યાદ રાખો કે પૈસાના જોરે જ જો ભવિષ્ય બદલી શકાતું હોત તો શ્રીમંતો કોઇ દુઃખી ન હોત, પરંતુ તેમ નથી. હુન્નર કરો હજાર પણ ભાગ્ય વિના મળે નહિ કોડી. માટે તમારા ભાગ્યમાં શુભ પરિવર્તન લખેલ હોય ત્યારે જ તમોને ધર્મ અને દેવ પ્રત્યે શ્રદ્ધા બેસે અને તમારા હાથથી કોઇ શુભ કામ થાય, અન્યથા અનેક પ્રકારની શંકાઓ ઉત્પન્ન થાય અને શંકાશીલ મનુષ્ય ક્યારેક હીરાને પત્થર સમજી ગુમાવી બેસે છે. ગંગામાં કેટલુંએ નરક પડે છે તેથી ગંગાનું માહાત્મ્ય ઓછું થતું નથી તેમ હાલમાં જ્યાં ત્યાં ભાજી–મુળાની પેઠે થોકબંધ યંત્રો મામુલી કિમતે વેચાય છે અને તેની નિષ્ફળ અસરને કારણે લોકોની શ્રદ્ધાનો નાશ થવા માંડ્યો છે, છતાં પણ સોનું કદી રૂપીએ શેર મળે જ નહિ તેમ સાચી સચોટ અને અસરકારક વસ્તુ કદી ઓછે ખર્ચે થઇ શકે જ નહિ. સસ્તી વસ્તુ સરવાળે મોંઘી જ પડે છે. સૂર્યને હાથમાં દીવો લઈને જોવાની જરૂર પડે તો જ વિસાયંત્રની શક્તિની કસોટી કરવાની જરૂર પડે. આપણી પ્રાચીન વિદ્યાઓનો પુનરૂદ્ધાર કરનાર હીન્દભરમાં આ પહેલી જ સંસ્થા છે. સિદ્ધ પુરૂષોની સિદ્ધિઓના શુભ અનુભવો લેવા હોય તો લખો નવચેતન જ્યોતિષ કાર્યાલયમાં કે જ્યાં જ્યોતિષના દરેક કામ ઉપરાંત મંત્રશક્તિથી ગમે તેવું કઠીન કાર્ય સરળ થઈ શકે છે, તાકીદે લખોઃ—

હિન્દનું એક જ અને અજોડ પુરવાર થઇ ચૂકેલ
જ્યોતિષ વિદ્યાનું પાયોનીયર મથક

નવચેતન જ્યોતિષ કાર્યાલય (રજીસ્ટર્ડ)

'જ્યોતિષરત્ન'
'દૈવજ્ઞભુષણ'

રાજજ્યોતિષી શીવલાલ વી. ખીરા

એસ્ટ્રોલોજર અને પામીસ્ટ,

ઠે. પ્રહલાદ પ્લોટ, શેરી નં. ૩૧, ખીરા નિવાસ : રાજકોટ, (કાઠીયાવાડ).

નોટ : બહારગામના ગ્રાહકોએ પત્ર લખવાના ટાઇમ સાથે ચાલુ ઉમર જણાવી લખવું, સાથે જો બની શકે તો જમણા હાથના પંજાની છાપ પાડીને મોકલવી. જીંદગીનું સંપૂર્ણ બયાન લખી આપવાની ફી રૂ. ૧૧ અગ્યાર. પરદેશ માટે પાઉન્ડ એક. જીંદગીનો ખાસ હેવાલ (Special life reading) લખી આપવાની ફી રૂ. ૨૫ પચીસ, પરદેશ માટે બે પાઉન્ડ. ત્રણ પ્રશ્નોનો ચાર્જ ટપાલ ખર્ચ સાથે રૂ. સાડાપાંચ. પરદેશ માટે શીલીંગ અગ્યાર. ત્રણ સવાલથી ઓછા સવાલ સ્વીકારાશે નહિ. ફી મનીઓર્ડર અથવા પોસ્ટલ ઓર્ડરથી મોકલવી. વી. પી. થી કોઈ કામ મોકલતા નથી. પત્રવ્યવહાર તદ્દન ખાનગી રહે છે. વધુ વિગત માટે દોઢ આનાની ટીકીટ બીડી અમારૂં સુચિપત્ર મફત મંગાવો.

(અનુસંધાન પૃ. ૫૯૧ પરથી)

પરમાત્મા

સચ્ચિદાનંદ સત્, ચિત્ અને આનંદ શબ્દોથી બનેલો સામાસિક શબ્દ છે અને તેનો અર્થ પરમાત્મા થાય છે. સત્ એટલે હોવું. વિશ્વભરમાં જે જે પદાર્થ અસ્તિત્વ ધરાવે છે તે તે અપવાદ વિના પરમાત્માની જ આસ્ત છે; અર્થાત્ પરમાત્મા જ તે તે નામરૂપે વર્તી રહ્યા છે. ચિત્ એટલે જ્ઞાન. પરમાત્માનો આ ચિદંશ ચૈતન્યમાં જીવસ્વરૂપે તો છે જ; પણ જડમાં પણ પરમાત્મા અણુઅણુએ વ્યાપી રહ્યા છે એનું નામ ચિદંશ છે; અર્થાત્ પરમાત્માનો ચિદંશ જડ-ચેતન ઉભયમાં સર્વત્ર વ્યાપક અને, પરિપૂર્ણ છે. વળી પરમાત્મા પરિપૂર્ણ હોઇને આનંદસ્વરૂપ છે. ૐ, ૐ તત્સત્, પરમ આદિ તેના પર્યાયો છે. એ પદ અનુભવગમ્ય છે. સચ્ચિદાનંદનું ઇશોપનિષદમાં એમ ભાષ્ય છે કે:

આવાસ્ય છે વિશ્વ બધું પ્રભુથી,
અણુઅણુએ પ્રભુ વ્યાપ્ત છે આ;
વિશ્વે નથી કોઈ પ્રભુ વિહોણુ,
જગે પ્રભુ છે જડ ચેતનોમાં.
વિશ્વે વસે જે કંઇ સત્સ્વરૂપે,
અને વળી ચિત્સ્વરૂપે જ ભાસે;
રૂપે કંઈ આનંદ જે પ્રકાશે,
બધું જ તે સૌ પરમાત્મરૂપે.

પ્રકૃતિ

આ પરબ્રહ્મ પરમાત્માને આશ્રયે તેની કોઈ અનિર્વચનીય મહાશક્તિ રહેલી છે જેને પ્રકૃતિ કહે છે. આ પ્રકૃતિ જ પરમાત્માના પ્રભાવથી જીવોના કર્મસંસ્કારોનાં ફલ દેવા તત્પર થાય ત્યારે પૃથ્વી, અપ, તેજ, વાયુ અને આકાશરૂપે પરિણમી જડચેતનરૂપે પ્રતીત થાય છે. વિરાટ્ પુરુષના પરસ્વરૂપને પરા પ્રકૃતિ કહે છે. એ પદ તત્ત્વાર્થદર્શક છે. તત્, સત્, આત્મા, બ્રહ્મ, ચૈતન્ય તેના પર્યાય છે. વિરાટ પુરુષના અપરસ્વરૂપને અપરા પ્રકૃતિ કહે છે માયા, પ્રકૃતિ, અવિદ્યા ઇત્યાદિ વિવિધ ભૂમિકા છે અને એ પદ વાચ્યાર્થદર્શક છે. પરા અને અપરા

લોખંડના મજબુત આલડ્રાપ અને તાડી



રૉ
રૉ મ કો
કો
નાં જ
વાપરો

• અમદાવાદના •
—એજન્ટ—
મેસર્સ મહેતા બ્રધર્સ
સાંકડી શેરી, કાકાવસાની પોળ
— અમદાવાદ —

• યુ.પી., બીહાર, ઓરિસ્સા •
અને દિલ્હીના
—સોલ એજન્ટ—
મેસર્સ બાબુલાલ કેલા એન્ડ કાં.
૨, ડાંડીપુર રોડ
—દેહરાદુન—

—: લખો :—
ધી રૉયલ મેન્યુફેક્ચરીંગ કાું. ૮મી ખેતવાડી, મુંબઈ–૪.

પ્રકૃતિ વચ્ચે પ્રકૃતિની એક ભૂમિકા છે અને તે શુદ્ધ હું, સાક્ષી, ઈશ્વર, પુરુષ ઈત્યાદિ શબ્દથી ઓળખાય છે. એ પદ લક્ષ્યાર્થદર્શક છે. આ રીતે પ્રકૃતિનું પ્રાબલ્ય ઊર્ધ્વમૂલ અધઃશાખાવાળું અશ્વત્થ વૃક્ષ સંસારરૂપે સ્વતઃ ઉદ્‌ભવે છે। તે વૃક્ષ અસંગના દૃઢ શસ્ત્ર વડે છેદવા પાત્ર છે એમ ગીતાકાર કહે છે.

ઈશ્વર ને જીવ

પ્રકૃતિના શુદ્ધ ભાગને માયા કહે છે અને મલિન ભાગને અવિદ્યા કહે છે. માયા સાથે સંક્રમિત ચેતન એ ઈશ્વર અને અવિદ્યા સાથે સંક્રમિત ચેતન એ જીવ કહેવાય છે. મુંડકોપનિષદમાં આ જીવશિવનું રૂપક એમ છે કે જીવ, ઈશ્વરરૂપ બે પક્ષીઓ, સાથે રહેનારા પરસ્પર સખા છે. તેઓ બંને એક શરીર રૂપી વૃક્ષમાં સાથે મળીને રહે છે. જીવ કર્મજન્ય સુખદુઃખવાળાં ફળો ખાય છે જ્યારે ઈશ્વર તો દ્રષ્ટા તરીકે જ એ બધું જોયા કરે છે, એ તો માત્ર સાક્ષી જ છે. સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આદિ યમનિયમ દ્વારા મનુષ્ય ઈચ્છે તો પોતાનું મૂળ સ્વરૂપ અવશ્ય પામી શકે છે; અને નહિ તો મલ, વિક્ષેપ અને આવરણ નામના મહાભયંકર ત્રણ દોષોથી પોતાની પૂરેપૂરી અધોગતિ થાય છે. કુકર્મ અને કુવિચારથી ચિત્તમાં મલ ઉત્પન્ન થાય છે જે નિષ્કામભાવે શુભકર્મો કરવાથી આપોઆપ દૂર થઇ શકે છે. વિષયસ્મરણથી અંતઃકરણમાં વિક્ષેપ થાય છે જે ચિત્તને સદ્‌પ્રવૃત્તિમાં નિરંતર પ્રવૃત્ત કરવાથી દૂર થાય છે. પોતાના મૂળ સ્વરૂપને ભૂલી જવાથી આવરણ નામનો મહાદોષ થાય છે જે સત્શાસ્ત્રના સતત અભ્યાસ અને બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુના નિરંતર ઉપદેશથી દૂર થઈ શકે છે. જે પુરુષ પાપથી નિવૃત્ત થયો છે, ઇંદ્રિયોના વિકારોથી પર છે, ચિત્તની એકાગ્રતાવાળો છે, અને જેનું મન સ્વર્ગાદિથી યે ઉપરામ પામ્યું છે તે પુરુષ સદ્‌ગુરુના સતત ઉપદેશથી જીવશિવની એકતા સાધી શકે છે. આવી અભેદવૃત્તિ શાસ્ત્રોના વિવિધ પ્રકારનાં પ્રવચનોથી સાધ્ય નથી; પણ બ્રહ્મનિષ્ઠ શ્રોત્રિય ગુરુના ઉપદેશથી તો જરૂર સધાશે જ. આવી એકતા મેધયા એટલે બુદ્ધિવાદથી નહિ સધાય; પણ તપ, દમ, કર્મથી ચિત્ત શુદ્ધ થતાં ઉપર્યુક્ત દૈવી સંપત્તિ, સ્વતઃ સાંપડતાં અંતે સધાશે; તે અનુમાન તર્કાદિથી નહિ પણ અમાનિત્વ, અદંભ, અક્રોધ, આદિથી સધાશે.

પ્રાર્થના

જ્ઞાન અને કર્મ કરતાં યે ભક્તિનો મહિમા મહાન છે. હૃદય એ ભક્તિનું સ્થાન હોઈને મનુષ્ય રચનામાં ઉંચું સ્થાન ભોગવી રહેલ છે. આ ભક્તિ એટલે ઈશ્વરની આગળ પરમપ્રેમથી પ્રાર્થના કરવી તે. આથી ઉપનિષદકાર દ્રષ્ટા ઋષિવર જીવનદર્શનાર્થે જ્ઞાનમૂલક કર્મજન્ય ભક્તિ વડે જીવશિવ વચ્ચે રહેલું આવરણ તોડવા પરમકૃપાળુ પરમાત્માને અતિ નમ્રતાપૂર્વક પ્રાર્થે છે કે :—

હિરણ્યમયી પાત્રેથી આવર્યું બ્રહ્મનું મુખ,
તે પરમાત્મ! ઉઘાડ દર્શને બ્રહ્મનિષ્ઠના.

હે વિશ્વના પોષક! પાલક તું,
તું એક છો અદ્વિતીયે અનેરો!

નિયામક તું વળી સૂર્ય રૂપે,
પ્રજાપતિનો પણ તું જ પિતા.

કેન્દ્રિત તારાં કર કિર્ણ સર્વે,
પ્રસાર તેને મુજની પરે છો;

કે જેથી હું જોઈ શકું જ રૂપ,
કલ્યાણકારી તુજનું અનુપ.

જે તે હતો મૂળ રૂપે જ તે હું,
પૂર્વે જ હુંથી વિખૂટો પડેલો;

કૃપાથી તારી મુજ દૃષ્ટિ ખુલ્લી,
થયો જ પાછો મૂળ તે રૂપે હું!

'જીવન-પ્રકાશ' બંધુ મંડળના
સભ્ય બનીને
આજથી જ 'જીવન-પ્રકાશ'
● મફત મેળવો ●

આપ 'જીવન-પ્રકાશ'ના વાર્ષિક ગ્રાહક છો?
ન હો તો આજે જ બનો. દરરોજની
પાંચ પાઈમાં એ આપને ઘણું આપશે

જીવનસાધના

લેખક : શ્રી. રતિલાલ ભાવસાર "ગુલશને બહાર"

ભગવાનની પરમ કૃપાથી અને જન્મજન્માન્તરના ઉદયમાન પુણ્યસંસ્કારથી જીવાત્માને માનવદેહ પ્રાપ્ત થાય છે. કહેવાય છે કે પશુ-પક્ષી કીટાદિ ચોરાસી લાખ યોનિઓમાં પૂરાયા પછી મનુષ્યયોનિ મળે છે.

માનવદેહની મહત્તા એ છે કે એ દ્વારા જીવાત્મા, પરમાત્મા અથવા પરમપદની પ્રાપ્તિ સાધી શકે છે. એટલા માટે ધર્મશાસ્ત્રો માનવદેહને "સાધના મંદિર" કે 'મોક્ષદ્વાર" માને છે. તદુપરાંત કર્મ કરવાને અધિકાર તો કેવળ મનુષ્યયોનિમાં જ મળી રહે છે. તેથી એને કર્મયોનિ કહે છે. અન્ય સર્વ યોનિઓ માત્ર "ભોગાયતન" છે.

આ સર્વશ્રેષ્ઠતાથી દેવતાલોક પણ માનવદેહ ધારણ કરવા કાજે તલસે છે. તેથી તો માનવદેહ ક્ષણભંગુર હોવા છતાં દેવદુર્લભ મનાય છે. આ છે માનવજીવનની મહત્તા, શ્રેષ્ઠતા અને દુર્લભતા.

હવે એનો હેતુ વિચારીએ :

ભગવાને મન-બુદ્ધિ અને ઇન્દ્રિયસમૂહ સહિતનો આ માનવદેહ આપી એ દ્વારા જીવને જન્મ મરણરૂપ સંસારબંધનથી મુક્ત થવા માટે તેમ જ પરોપકાર માટે નવીન કર્મ કરવાનો સંપૂર્ણ અધિકાર આપ્યો છે. અને એ આધારનો સર્વથા સદુપયોગ કરવાનો આદેશ કર્યો છે.

આ ઈશ્વરદત્ત અધિકારનો સદુપયોગ કરનાર મનુષ્યના જીવનમાં ઈશ્વરના આશીર્વાદ ઊતરે છે. સંસારમાં તે સુખી થાય છે. અને પ્રબળ કર્મયોગે પરમપદ પણ પામે છે. એનો દુરુપયોગ કરનાર મનુષ્ય ગુન્હેગાર ઠરે છે અને ઈશ્વરની અદાલતમાં પૂરતી સજા પામે છે. એ અધિકારનો દારુણ દુરુપયોગ કરનાર પાસેથી તો અધિકારની સર્વ સત્તા છીનવી લેવામાં આવે છે, અને ગુના બદલ કઠોર સજા થાય છે. અર્થાત્ માનવયોનિથી નીચી કક્ષાની યોનિઓમાં ધકેલી દેવામાં આવે છે. કર્માધિકારના આ કાનૂન સમજતાં વેંત લાગે છે કે જીવન એક કર્તવ્યક્ષેત્ર છે.

શ્રી. રતિલાલ ભાવસાર
"ગુલશને બહાર"

'I slept and dreamt
that life was beauty
I woke and found
that life was duty'

'ઊંઘ્યો અને મેં સ્વપ્ન દીઠું:
આ જિંદગી સૌન્દર્ય છે!
જાગ્યો અને મેં જાણ્યું કે:
આ જિંદગી કર્તવ્ય છે!'

કર્માધિકારી માનવમાત્રનું કર્તવ્ય છે કે પોતાના અધિકારને શોભાવે અને સાર્થક કરે એવાં ઉત્તમ આચરણ દ્વારા જીવનયાત્રા સિદ્ધ કરવી જોઈએ.

'Highest art is the
art of good living'

સદાચાર સૌથી અધિક ઉન્નત કલા છે. સદાચારમાં જ કલાયુક્ત જીવન છે. ખૂબી તો એ છે કે સદાચારી માનવજીવન બિંબ છે, અન્ય એકેએક કલા પ્રતિબિંબ છે. એ સર્વ માનવજીવનની પ્રતિકૃતિ છે, છાયા છે. એમાં માનવજીવનની ગતિ, વિધિ, વિકાસ, પ્રકાશ અને પૂર્ણતાની પ્રતીતિ થાય છે. ઉભયમાં અંતર એટલું છે કે કલાઓની પરિણતિ મહદાનંદમાં છે તો માનવજીવનની પરિણતિ પૂર્ણ બ્રહ્માનંદમાં છે. અસ્તુ!

ઋષિ-મુનિઓએ સદાચાર અને સદ્‌ગુણના નામથી ધર્મની વ્યાખ્યા બાંધી છે. ભગવદ્‌ગીતામાં કહેલી દૈવીસંપત્તિ અને ત્રિવિધ તપ, પતંજલિ યોગદર્શનમાં સૂત્રરૂપે કહેલા યમ-નિયમ, મનુસ્મૃતિમાં કહેલાં ધર્મનાં ત્રીસ લક્ષણ ઈત્યાદિની સમીક્ષા કરતાં સમર્થન મળે છે કે સદ્‌ગુણયુક્ત સદાચાર એજ ખરો માનવધર્મ છે અને એ જ ખરી જીવનકલા છે.

એની વ્યાખ્યા જોઈએ તો આ પ્રમાણે :

મન, વાણી અને શરીર દ્વારા કરવામાં આવતાં શાસ્ત્રવિહિત ઉત્તમ કર્મ એનું નામ સદાચાર. અને અંતઃકરણમાં જે પવિત્ર ભાવ છે એનું નામ સદ્‌ગુણ. હવે એની વ્યાપક ભાવના પરત્વે ઊંડો વિચાર કરીએ.

યુગે યુગે મોક્ષમાર્ગે લઈ જનારી પ્રવૃત્તિઓ બદલાય છે. જેમકે શ્રીમદ્‌ભાગવતના કથન અનુસાર સત્યયુગમાં ભગવાન વિષ્ણુનું ધ્યાન, ત્રેતામાં યજ્ઞયાગ, દ્વાપરમાં ભગવાનની સેવા-પૂજા અને કળિયુગમાં કેવળ શ્રીહરિનામજપ ધર્મનાં પરમ સાધન મનાયાં છે.

આ પ્રમાણે દેશ, કાળ, અને પાત્રતાને અનુસરીને ધર્મની પ્રવૃત્તિઓ બદલાતી રહે છે. અને તેથી ધર્મનો અર્થ પણ બદલાતો રહે છે.

પ્રાચીનકાળથી ચાલ્યો આવતો માનવધર્મ દેશકાળની વર્તમાન પરિસ્થિતિને સંપૂર્ણ અનુરૂપ બની વધારે કલ્યાણકારી અને વિકાસપોષક નીવડે એટલા માટે એમાં આજના રાષ્ટ્રધર્મની પ્રવૃત્તિઓનાં મુખ્ય તત્ત્વોને સમાવી દેવાં જોઈએ. જેથી તે સર્વાંગે રાષ્ટ્રપોષક અને જીવનવ્યાપક ધર્મ બની રહે.

આમ ધર્મમાં રાષ્ટ્રીય પ્રવૃત્તિને મેળવી દેવી જોઈએ અથવા તો રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં ધર્મને મેળવી દેવો જોઈએ યુગાવતાર ગાંધીજી એક સ્થળે લખે છે કે :

"ધર્મથી છૂટી પડેલી રાજકીય પ્રવૃત્તિને શબની પેઠે અગ્નિસંસ્કાર કરવો જોઈએ. ધર્મને રાજકીય પ્રવૃત્તિથી છૂટો પાડવામાં આવ્યો ન હોત, તો બંનેની ઘણી વાર થતી જણાય છે એવી અધોગતિ થઈ ન હોત."

આ પ્રકારના મહત્ત્વપૂર્ણ સમીક્ષણ પછી ધર્મભાવનાનાં લક્ષણો જોઈએ :–(૧) ઈશ્વરભક્તિ (૨) સત્ય (૩) શૌચ (૪) ધૈર્ય (૫) અભય (૬) અહિંસા (૭) ઇન્દ્રિયનિગ્રહ (૮) બ્રહ્મચર્ય (૯) અસ્વાદ (૧૦) અસ્તેય (૧૧) અપરિગ્રહ (૧૨) પ્રસન્નતા (૧૩) સેવા (૧૪) સત્સંગ (૧૫) વિદ્યાભ્યાસ (૧૬) સ્વાવલંબન (૧૭) સ્વાધીનતા (૧૮) સર્વધર્મસમભાવ (૧૯) (૨૦) સ્વદેશીવ્રત (૨૧) ગૌરક્ષા (૨૨) અસ્પૃશ્યતાનિવારણ.

ધર્મની આવી सत्यं शिवं सुन्दरम् ભાવનામાં પરમ પવિત્ર હિન્દુ ધર્મનો આત્મા ઝળહળી રહ્યો છે. વેદ પ્રાચીન આર્ય સંસ્કૃતિનો રણકાર ગાજી રહ્યો છે, દેશોદ્ધારનો મહામંત્ર વ્યાપી રહ્યો છે.

આવા ઉન્નતિ પોષક ધર્મસંસ્કારો પ્રતિ ગમે તેટલું આદરમાન હોય, પણ જ્યાં સુધી તે આચરણમાં ન ઊતરે ત્યાં સુધી એવા મૌખિક આદરમાનની કશી કિમ્મત નથી. જાણવું અને તે પ્રમાણે આચરવું એ બંને એક વસ્તુ નથી. જાણવું એ બુદ્ધિનો પ્રદેશ છે અને જાણ્યા પ્રમાણે આચરવું એ મનોબળ કે કર્મશક્તિનો પ્રદેશ છે. એટલા માટે જ કહ્યું છે કે: 'One ounce of action is worth more than twenty pounds of speeches.' મતલબ કે હજાર મણ તર્ક કરતાં અધોળ પણ આચરણ ચડી જાય. મનુસ્મૃતિનો પણ આદેશ છે કે: 'आचारः प्रथमो धर्मः' આચાર એ પ્રથમ ધર્મ છે.

તો સુંદર સંસ્કારી જીવન ઝંખનાર વ્યક્તિએ પૂરેપૂરા આચારધર્મી કે આચરણવાદી બનવું જોઈએ. જીવનના આચારવિચારમાં આ ધર્મસંસ્કારો ઊતારવાથી અને એને સારી પેઠે પચાવીને સ્વાભાવિક બનાવી દેવાથી ઉત્તમ ચારિત્ર્ય ઘડાય છે. અને એવા ચારિત્ર્યમાંથી પ્રભાવશાળી વ્યક્તિત્વ (personality) પ્રકટે છે.

સર્વ રીતે જોતાં ઉજ્જવળ ચારિત્ર્યશીલતા એ જીવનની ખરી કમાણી છે. જીવનનો શણગાર છે. જીવનનું માધુર્ય છે. જીવન એના વડે સમૃદ્ધ, સુવાસિત, રમ્ય અને રસાળ બની રહે છે. ચારિત્ર્ય સારું હોય તો જીવન લાખનું છે નહિ તો રાખનું.

'If wealth is lost
nothing is lost
If health is lost
something is lost
If character is lost
everything is lost'

પૈસો જાય તેથી કશું જતું નથી. આરોગ્ય જાય તેથી કંઈક જાય છે. પણ ચારિત્ર્ય ગયું તો સર્વસ્વ ગયું.

જે વ્યક્તિનું ચારિત્ર્ય બહુ ઉચ્ચ હોય છે એના શરીરમાંથી એક વિશેષ પ્રકારનું તેજ ચમકે છે. જેને 'પ્રાણતેજસ્' કહેવામાં આવે છે. સાધારણ રીતે આ તેજની ચમક શરીરની ચારે તરફ લગભગ દોઢેક ફૂટના અંતર સુધી સમાન્તરે વ્યાપી રહે છે. અને તે કેટલાક ફૂટ દૂરથી સામા માણસને પોતાની તરફ આકર્ષે છે. સંતમહાત્માઓમાં, રાષ્ટ્રનેતાઓમાં અને ભાવનાશાળી વ્યક્તિઓમાં આવું ઝળહળદાર વ્યક્તિત્વ જોઈ શકાય છે અને એનો પ્રભાવ પણ અનુભવી શકાય છે.

આ ચુંબક શક્તિને દરેક જાતિના લોક અમુક અમુક રૂપમાં માને છે, સંસ્કૃતમાં એને 'तेजस्' કહે છે. મુસલમાનો એને 'નૂર' કહે છે. પશ્ચિમવાસી લોક એને 'હ્યુમન મેગ્નેટિઝમ–Human magnetism' કે 'ઓરા–Aura' કહે છે.

આ છે ચારિત્ર્યની ઓળખ અને વ્યક્તિત્વનો પ્રભાવ. આવા વ્યક્તિત્વ-વિકાસની જે કલા અથવા કૌશલ્ય છે એ જ ઉપયોગી અને ઉત્કૃષ્ટ યોગ છે. 'योगः कर्मसु कौशलम्.'

મનુષ્ય જેવા અને જેટલા વિચાર સેવે છે એ પ્રમાણમાં એના વ્યક્તિત્વનું તેજ વધુઓછું થયા કરે છે. આ તેજને વિશુદ્ધ અને સમર્થ બનાવવા માટે ઉન્નત અને પવિત્ર આચારવિચારની ખાસ જરૂર છે. પ્રાણાયામની જરૂર પણ ખરી.

ચારિત્ર્યવત્સલ જીવનવીર જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં તેને આનંદ અને સફળતા પ્રાપ્ત થાય છે. પ્રત્યેક વસ્તુ તેને મધુર અને સુંદર જણાય છે. પ્રત્યેક મનુષ્ય તેને પ્રેમાળ અને અનુકૂળ જણાય છે. સૌ કોઈ તેને સત્કારવાની, તેને સહાય કરવાની, તેની સેવા કરવાની હોંશ રાખે છે. આવા ભાવભીના સન્માનનો આધાર નથી ધનદોલત પર, નથી આલીશાન હોદ્દા પર કે નથી શાહી ઠાઠમાઠ પર. એનો આધાર છે કેવળ સદ્‌ગુણ અને સદાચાર પર, ખૂશબોદાર ચારિત્ર્ય પર, જ્વલંત કારકિર્દી પર. ખરેખર…

● મર્હુમ સર પ્રભાશંકર પટ્ટણી કૃત ●

(૧) એક વૃદ્ધની વિચારપોથીમાંથી

પૃષ્ઠ ૮૦૦ કિં. રૂા ૫-૦-૦

(૨) વાતોમાં બોધ કિં. રૂા. ૧-૦-૦

ઈતિહાસની રૂપરેખા

[કર્તા : શ્રી. અનંતરાય પ્રભાશંકર પટ્ટણી]

'આઉટ લાઈન ઑફ હીસ્ટરી' નામના ગ્રંથનાં ૧ થી ૧૪ પ્રકરણો ઉપરથી–ચાર ત્રિરંગી ચિત્રો ઉપરાંત બીજાં સો જેટલાં ચિત્રો છે. દરેક મા-બાપે આ પુસ્તક પોતાનાં બાળકોના હાથમાં આપવું જોઈએ. કિં. ૨-૦-૦.

ઉપરનાં પુસ્તકો માટે લખો :

તંત્રી, ભાવનગર સમાચાર, ભાવનગર

કોમળ ચામડીના વાળ કાઢવા માટે
બાદશાહી
સાબુ, પાવડર, લોશન
સર્વોત્તમ છે.

'તહી દસ્તોકા રૂખા અઢલે દોલત સે ભી જ્યાદા હૈ
સુરાહી સર ઝુકાતી હૈ જબ પૈમાના આતા હૈ"

અર્થાત્ ખાલી (નિર્ધન) ચરિત્ર્યશીલ હાથનો દરજ્જો શ્રીમંત કરતાં વધારે ઉચ્ચ અને આદરણીય છે. જ્યારે ખાલી પ્યાલો, ભરેલી સુરાહી પાસે આવે છે, ત્યારે તેને સત્કારવા (ભરી દેવા) કાજે સુરાહી પોતાનું શિર નમાવે છે!

આ પ્રકારે જીવનની સુંદરતા માટે ઉત્તમ ઉત્તમ સંસ્કારો વડે ચારિત્ર્યની ખીલવણી કરવી જોઇએ અને પછી જીવન જીવવા માટે ગમે તે કોઇ કાર્યક્ષેત્ર પસંદ કરવું જોઇએ. આ કાર્યક્ષેત્ર પોતાની બુદ્ધિ, શક્તિ, સ્વભાવ, રસ, રૂચિ અને અભિલાષા અનુસારનું તેમજ વિકાસપોષક અને પ્રગતિસાધક હેવું જોઈએ. જેથી એ ખાતે જીવન ગાળતાં કદી થાક, બોજો કે નીરસતા ન લાગે—બલ્કે જીવનસાફલ્યનો આનંદ અનુભવાય.

આવા નિર્ધારિત કાર્યક્ષેત્રના પ્રાંતવ્ય-સ્થાન (Goal Destination)ના પ્રબળ સંકલ્પને ધ્યેય અથવા આદર્શ કહેવામાં આવે છે.

"પૃથ્વીમાં પાય છો ધૂળ રગડાય, પણ
ઊંચકવું શીશ આકાશ અડવા !"

એ પ્રમાણે ઉજ્જવળ અને મહત્ત્વપૂર્ણ લક્ષ્ય સ્થાન-સાધ્ય-નો આદર્શ રચવામાં જીવનની ખરી વીરતા અને શોભા છે. લક્ષ્યસ્થાનનું આદર્શરૂપે ચિંતન કરવાથી લક્ષિત માર્ગે ક્રમશઃ આગળ વધવામાં અઢળક સામર્થ્ય અને પ્રોત્સાહન મળે છે. કેમકે આદર્શ એ શ્રદ્ધા, નિષ્ઠા, ધૈર્ય, ઉમંગ, પ્રસન્નતા, એકાગ્રતા, દ્રઢતા ઇત્યાદિ અનેક કાર્યસાધક શક્તિઓનું ઉદ્દ્ગમસ્થાન છે.

આદર્શવિહીન જીવન "સ્હામા નિશાન વગરનું સહુ તાંકવાનું" એ પ્રકારે નિરુદ્દેશ્ય અને નિરર્થક બની જાય છે. તનમનની સર્વ શક્તિઓ વેરવિખેર થઇ જાય છે. પરિણામે જીવનમાં જરા ય સ્થિરતા કે શાંતિ નથી જળવતી.

ઇશ્વર અને આદર્શની શ્રદ્ધાથી જનિત વિવેક જે માર્ગદર્શન કરાવે એ પ્રમાણે અડગતા અને એકાગ્રતથી ચાલ્યા કરવું. "चराति चरतो भगः" ચાલે ભાગ્ય ચલન્તનું.

"મહાયાત્રા માંડી નજર વળી પાછી ન કરવી."

પછી તો છેવટે સાધ્ય વસ્તુ-સ્થિતિની પ્રાપ્તિ અવશ્યમેવ થશે અને રંગેચંગે સંસાર યાત્રા સાર્થક થશે કર્મવીરનાં જીવનરથનો સારથી સ્વયં કર્મયોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણ છે. "योगक्षेमं वहाम्यहम्" એ એનું મહામંગલ વરદાન છે.

આ સંસાર એક વિરાટ કર્મભૂમિ છે. અને જીવન અદ્ભુત કર્મસાધન છે. માનવજાતનાં સુંદર સુંદર કર્મસુશોભનોથી આ સંસાર ભવ્ય અને આનંદકારી બની રહ્યો છે. મનુષ્યનો ધર્મ છે કે પોતાનાં સૌમ્ય-સુંદર આચરણો દ્વારા, મનોહર સર્જનો દ્વારા એની સુંદરતાને જાળવી રાખી-એની મધુરતાને મ્હોરાવે અને પોતાના જીવનને શોભાવે.

'જીતે હો તો કુછ કીજિયે જિન્દાદિલી તરહ
મુર્દાદિલી તરહ જિયે તો ક્યા ખાક જિયે."

જન્મ મળ્યો છે તો જીવનવીરોની માફક જીવી જાણો. મુડદાલની માફક જીવ્યા તો એ જીવતર ધૂળ છે.

જિન્દાદિલી અને જિગરદારીનું નામ જિંદગી છે. એક ફારસી શાયર ફરમાવે છે કે:

'અગર તન રા નબાશદ દિલે મુનવ્વર ઝેર ખાકશ કુન
નબાશદ દર શબિસ્તાં ઇજ્જતે ફાનૂસે ખાલી રા'

જો શરીરમાં હૃદય-દીપક પ્રકાશમાન ન હોય તો એને જમીનમાં દાટી દે! કેમકે રાત્રિના અંધકારમાં પ્રકાશ વગરના દીવાની કશી જ ઉપયોગિતા નથી!

અંતિમ એ જ કે જીવનની સાધના, સફળતા અને સાર્થકતા કાજે પોતાના આદર્શની પાછળ મીણબત્તીની માફક પ્રકાશીને ઓગળી જનાર જીવનવીરોને સંસાર વંદે છે. ઇશ્વર એને આશીર્વાદ આપે છે. મૃત્યુ એને મહાન બનાવે છે. મહાકાલ એને અમર બનાવે છે.

વાસ્તવિક રીતે જોનાં માનવી અમર થવા સરજાયો છે. અમરતા અને સ્વતંત્રતા એનો જન્મસિદ્ધ અધિકાર છે. માનવી અમૃતનું સંતાન છે. આ મૃત્યુમય જગતમાંથી મૃત્યુંજય થવા માટે જ માનવીના હાથમાં કર્મસ્વાતંત્ર્ય સોંપાયું છે. ઇત્યેમ્!

આયુર્વેદના વાજીકરણ પ્રયોગો

લેખક :
શ્રી. જદુભાઈ વૈદ્ય

'જેનાથી સ્ત્રી સમાગમનો હર્ષ-ઉત્સાહ પ્રગટે-મૈથુનશક્તિ વધે એ વાજીકર કહેવાય છે.'

यस्माद् द्रव्याद् भवेत् स्त्रीषु हर्षो वाजीकरं च तत् ।

* * * *

येन नारीषु सामर्थ्यं वाजीवल्लभते नरः ।
व्रजेच्चाभ्यधिकं येन वाजीकरणमेव तत् ॥

* * * *

वाजीवातिबलो येन यात्यप्रतिहतः स्त्रियः ।
भवत्यतिप्रियः स्त्रीणां येन येनोपचीयते ॥

* * * *

तद्वाजीकरणं तद्धि देहस्योर्जस्करं परम् ।

'ગુણવાળું' વાજીકર ઔષધ તો એ જ છે કે જે દેહને ઓજસ્વી બનાવી મુ' પ્રાણબળ પૂરે છે.'

* * * *

આપણા ભારતવર્ષમાં પ્રાચીન કાળથી ઘોડો અને બળદ એ બે બળવાન પ્રાણીઓ કહેવાય છે. બળદ તો મહાદેવનું વાહન છે. આપણે દર્દીઓને વૈદ્યો ડાક્તરો પાસે આજીજી કરતાં સાંભળીએ છીએ કે "મને સાજો કરી ઘોડા જેવો બનાવી દ્યો."

ઘોડાનું સંસ્કૃત નામ વાજી છે; એનો અર્થ એવો છે કે વેગપૂર્વક વારંવાર ગમન કરે એ વાજી, અને એના જેવી સ્ત્રી-ગમનમાં તાકાત આપે એ વાજીકરણ અર્થાત્ એ જ રીતે વિષયસેવનમાં ઉત્સાહથી-હર્ષપૂર્વક અપ્રતિહતપણે સ્ત્રીપુરુષ બંનેને સાચો અને સરખો આનંદ મળે એટલું જ નહીં પરંતુ પુરુષ વારંવાર સ્ત્રીગમન કરતાં છતાં ક્ષીણ ન થાય અને ઓજસ્વી રહી શકે એવા પ્રયોગો એ વાજીકરણ પ્રયોગો છે. વાજીકરણનું બીજું નામ વૃષ્ય છે. વૃષ એટલે બળદ અને એના જેવી શક્તિ આપનાર તે વૃષ્ય. ઉપર કહ્યું એમ વાજીકરણ કે વૃષ્યનો ટૂંકો અર્થ તો એટલો જ કે વિષયસેવનમાં વેગપૂર્વક વારંવાર સ્ત્રીગમન કરી શકાય. પણ એનો વિશાળ અર્થ એ છે કે સ્ત્રીઓને પ્રિય બનીને હર્ષપૂર્વક સ્ત્રીગમન કરવું અને વિષય-સેવનમાં મેળવેલી ખોટ

પાછી સત્વર પૂરી દેવાના પ્રયોગોનું સેવન કરવું; તો એનાથી સ્ત્રીપુરુષો ક્ષીણ થતાં નથી. આ પ્રયોગોનું સેવન કેવળ પુરુષો જ કરી શકે એવું પણ નથી. સ્ત્રીએ અને પુરુષો બેઉને માટે આ પ્રયોગો ઉપયોગી છે, જરૂરી છે અને હિતાવહ છે. આવા પ્રયોગોનું સેવન ગયેલી ખોટ મેળવી લેવા માટે છે, અધિકાધિક વિષયસેવન કરવા માટે નથી. એમ કરવું એ ગાંડપણ છે અથવા આ પ્રયોગોનો દુરુપયોગ છે. એમ કરવાથી તો અવશ્ય નબળાઈ આવ્યા વગર રહેતી નથી.

અથવા જેઓ પ્રકૃતિથી જ વિષયસેવનમાં નબળા છે, ધાતુક્ષીણતાવાળા છે, અને જેઓએ વીર્યના દુરુપયોગથી પોતાનું પુરુષાતન ગુમાવી દીધું છે એવા માણસોએ આ પ્રયોગો કરીને લાભ ઉઠાવવો જોઈએ અને એનાથી પુનર્યૌવન મળે છે અને સ્ત્રીસંભોગમાં ઉત્સાહ પ્રગટે છે, વીર્યવૃદ્ધિ તથા ધાતુપુષ્ટિ થાય છે.

વાજીકરણ અથવા વૃષ્ય પ્રયોગોના ત્રણ પ્રકાર છે. ૧લો શુક્રલ એટલે વીર્યજનક અર્થાત્ વીર્યને વધારનાર. ૨જો શુક્ર પ્રવર્તક એટલે વીર્યને સ્વસ્થાનેથી ચલાયમાન કરી ઉત્તેજના આપી પ્રવૃત્ત કરે છે અને ૩જો શુક્રલ અને પ્રવર્તક અર્થાત્ વીર્યની વૃદ્ધિ પણ કરે અને ઉત્તેજના કરી પ્રવૃત્ત પણ કરે.

જે પદાર્થ રસરક્ત આદિ ધાતુઓને ક્રમશઃ પુષ્ટ બનાવી વીર્યની વૃદ્ધિ કરે, જેવાકે અડદ, બદામ, કેળાં, કોપરું, તાલમખાના, ગોખરુ, જેઠીમધ, શતાવળ, બલદાણા, કૌચાનાં બીજ, સુવર્ણભસ્મ, બંગભસ્મ, સાચાં મોતી, પ્રવાલ, અભ્રક, આંબળાં, ગળો-ઈત્યાદિને શુક્રજનક કહી શકાય.

જેનાથી શુક્રવૃદ્ધિ અને પ્રવૃત્તિ સ્ફુતિ થાય જેવા કે માંસરસ, દૂધ, પૌષ્ટિક ભોજન, માખણ, ગતાંકમાં વર્ણવેલા રસાયન પ્રયોગો, ઘી, ઇંડાં, ધોળી ચણોઠી, ઇત્યાદિ કે જેનાથી રતિક્રિયાની પ્રેરણા-ઉત્તેજના પણ થાય છે અને વીર્ય પણ વધે છે આવા પદાર્થોમાં વીર્યવર્ધક અને ઉત્તેજક એવા બેઉ ગુણો એક સાથે રહ્યા છે.

હવે કેવળ પ્રવર્તક એટલે કામોત્તેજનાકાર્યમાં મુખ્ય વિષયવાસનાનો સંકલ્પ, સ્મરણ, સ્ત્રીનો સ્પર્શ એ સિવાય શરાબ, અફીણ, લીલાગર, ગાંજો, કપુર, ધંતુરો ઈત્યાદિ ગણી શકાય. એનામાં ધાતુપોષક કે વીર્યજનક ગુણ બીલકુલ નથી પરંતુ કેવળ કામોત્તેજક છે અને જેનાથી હાનિ થયા સિવાય રહેતી નથી.

કેવળ શુક્રલ પદાર્થોના સેવનથી થયેલી અતિવીર્ય વૃદ્ધિને લીધે રતિશક્તિ અવશ્ય વધે છે. પણ ખોટી ઉત્તેજના થતી નથી એ અહીં યાદ રાખવાનું છે. અને શુક્રલ તથા પ્રવર્તક બેઉ ગુણવાળા પદાર્થો લેવાથી કામોદ્દીપન પણ થાય છે એ ભૂલવાનું નથી પરંતુ ઉત્તેજનાને પરિણામે કરેલ વિષયસેવનની સાથેસાથ વીર્યવૃદ્ધિ પણ થયેલી હોવાથી ઝાઝું નુકશાન થવાનો સંભવ નથી.

ત્યારે કેવળ ઉત્તેજક પદાર્થો લઈને પરાણે જગાડેલી વિષયવાસના તો શરીરને હાનિકારક છે. ધાતુપુષ્ટિ અને સ્તંભનની દવાઓની જાહેરાતો વાંચીને આકર્ષાનારા વાચકો ચેતે કે બહુધા એમાં કેવી વસ્તુઓ હોય છે.

હવે આટલું સમજી લીધા પછી આપણે થોડાક નિર્દોષ વાજીકર પ્રયોગનો ઉલ્લેખ આ સ્થળે કરીશું.

આયુર્વેદમાં ચરકસંહિતા એ અતિ પ્રાચીન અને પ્રમાણભૂત ગ્રંથ છે. એમાં જીવનીય દ્રવ્યોમાં અને સંભોગશ્રમહર પદાર્થોમાં દૂધની મુખ્ય ગણના છે. માટે સંભોગસેવી સ્ત્રીપુરુષોએ દૂધનો પ્રચુર પ્રમાણમાં ઉપયોગ કરવાથી ક્ષીણ થવાનો કે શરીર ઘસાવાનો સંભવ રહેતો નથી. દૂધમાં શુક્રજનક અને પ્રવર્તક બેઉ ગુણો રહેલા છે.

સાચી કાકડાસીંગી-લાંબી આવે છે—એનું ચૂર્ણ બે વાલથી ચાર વાલ સુધી ગરમ કરેલ દૂધમાં મેળવી તેમાં ખાંડ ઘી નાંખીને પીવાથી રતિશક્તિ વધે છે.

ગાય તથા બકરીના દૂધમાં લીલા ગોખરુના પંચાંગનો રસ ૧ તોલાને આશરે નાખવો. ત્યારબાદ થોડું ગાયનું ઘી નાંખી ગરમ કરી દૂધ ચોથા ભાગનું કે અરધું બાકી રહે ત્યારે ઉતારી-ઠંડુ થઈ ગયા પછી તેમાં થોડું મધ નાખીને પીવું. એનાથી પણ રતિશક્તિ ખૂબ વધે છે.

ક્ષીરકાકોલીનું ચૂર્ણ ૨ વાલથી ૪ વાલને આશરે દૂધમાં ઉકાળી એમાં ઘી ખાંડ મેળવી પીવાથી વાજીકરણ ગુણ થાય છે.

ગોખરુનાં બી સુકાં, તાલમખાના, અડદની છડીદાળ, છાલ વગરનાં કૌચાનાં બીજ અને શતાવળ

દરેક સમાન ભાગે લઈ ખાંડી એનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. એમાંથી ૨ વાલથી ૪ વાલને આશરે દૂધમાં પીવાથી વૃદ્ધ પુરુષ પણ ગત યૌવન મેળવી શકે છે. આ પ્રયોગમાં પણ રૂચિ અનુસાર ખાંડ નાખી શકાય.

જેઠીમધનું વસ્ત્રગાળ ચૂર્ણ પણ ૨થી ૪ વાલને આશરે મધ-ઘીમાં ચાટી ઉપર ગરમ કરેલું સાકર મિશ્રિત દૂધ પીવાથી ધાતુપુષ્ટિ થાય છે.

વિદારીકંદ (ભોંકોળું), છાલરહિત કૌચાનાં મીંજ, આંબળા, ચારોળી, અને તાલમખાના, એ સઘળાનું સમભાગે કરેલ વસ્ત્રગાળ ચૂર્ણ આઠ ગણા દૂધમાં ઉકાળી માવો કરવો. ત્યારપછી એમાં માવા બરાબર ઘી નાખી કીટી કાઢવી. પછી એમાં તદ્દન ઠર્યા બાદ મધુર સ્વાદ આપે એ પૂરતું મધ નાંખી એકત્ર કરી ચાટણ જેવું બનાવી કાચની બરણીમાં ભરી લેવું. એમાંથી નિત્ય ૦ાાથી ૧ તોલો ખાઈ ઉપર દૂધ પીવાથી ક્ષીણ પુરૂષ પણ સુરતશક્તિ સંપન્ન થાય છે.

કમલ લોશન

આ દવા દરેક જાતની લાલ, કાળી દરાજ ચોવીશ કલાકમાં નાબૂદ કરે છે.

ખસ, લુખસ, ખરજવું અને અનેક તરેહનાં ચામડીનાં દર્દો મટાડે છે.

• ફાયદો ન થાય તો પૈસા પાછા •

જથ્થાબંધ માટે લખો:
કમલ પ્રોડક્ટસ, નડિયાદ

ઘઉંનો લોટ ૦। તોલો તથા છાલરહિત કૌચા મીંજનું ચૂર્ણ ૦। તોલો એ બેઉને ઘીનું મોણ દીધા પછી દૂધમાં ઉકાળી રાંધવું. ત્યાર પછી એ દૂધ ખૂબ ઠરી ગયા પછી એમાં ઘી-મધ નાંખીને પીવું અને એની ઉપર પણ બીજું ગરમ દૂધ પીવું. એનાથી પંદર દિવસમાં ગયેલ પુરુષાતન પાછું આવે છે. અને નિત્ય સંભોગ કરનાર દંપતીઓએ તો આનું સેવન હમેશાં કરવા જેવું છે.

ગોખરનો ઉકાળો અને દૂધ સમભાગે લઈ એમાં થોડો અડદનો લોટ ઘીના મોણવાળો નાંખી રાંધવો. માવા જેવું થાય ત્યારે ઉતારી સંપૂર્ણ ઠરી ગયા પછી એમાં ઘી મધ મેળવીને ખાવું અને ઉપર અનુપાન તરીકે દૂધ પીવું. એનાથી ખૂબ પુરૂષાતન વધે છે.

વિદારીકંદ-ભોંકોળાનું ચૂર્ણ બેથી ચાર વાલ દૂધમાં ઉકાળી ઠર્યા પછી એમાં ઘી અને મધ નાંખી પીવાથી વાજીકર ગુણ થાય છે.

સૂકા વિદારીકંદ (ભોંકોળાના) ચૂર્ણને લીલા વિદારીકંદ-ભોંકોળાના રસની સાત કે એકવીશ ભાવના આપી બે વાલથી ચાર વાલ મધ-ઘીમાં ચાટી ઉપર દૂધ પીવાથી ધાતુપુષ્ટિ થાય છે.

એ જ પ્રમાણે સુકાં આંબળાંના ચૂર્ણને લીલાં આંબળાંના રસની સાત કે એકવીશ ભાવના આપી બેથી ચાર વાલ એ ચૂર્ણ મધ ઘીમાં ચાટી દૂધનું અનુપાન લેવાથી શુક્રવૃદ્ધિ થાય છે, તારૂણ્ય કાયમ રહે છે.

ઓસંધનાં મૂળીઆં, કુંપળ અને એનાં ફળોનું ચૂર્ણ બેથી ચાર વાલ દૂધમાં ઉકાળીને પીવાથી સંભોગેચ્છા નષ્ટ થયેલી હોય એ પ્રદીપ્ત થાય છે.

(અપૂર્ણ)

*

પતિને 'પેડુમાં પાટું' મારતાં પહેલાં

બ્રિટનનાં ખોરાક ખાતાનાં પ્રધાનના એ. સી. સેક્રેટરી એડીથ સમરસ્કીયે કુટુંબમાં ઝઘડતાં પત્નીઓને એક ડી. સલાહ આપી છે:—

"જો મને લાગે કે તમારે તમારા પતિને 'પેડુમાં પાટું' માર્યા સિવાય છૂટકો નથી, તો બાળકો સૂઈ જાય ત્યાં સુધી ધીરજ ખમી જજો. કેમકે જેને બાળકો હૃદયપૂર્વક ચાહે છે ને સન્માને છે તેવી બે વ્યક્તિઓને પરસ્પર ઝઘડતી જોઈને બાળકનો પોતાની સહીસલામતીનો ખ્યાલ શીર્ણવિશીર્ણ થઈ જાય છે"

—સી.

જંતુયુદ્ધ

ગત વર્ષની સર્વોપરિ વૈજ્ઞાનિક શોધ

લેખક : શ્રી. જયેન્દ્ર ગિ. ત્રિવેદી

પૌરાણિક જંતુ–યુદ્ધોની કલ્પના : આજનું એક ભીષણ સત્ય

અણુબોંબે ત્રીજું યુદ્ધ પૂરું કર્યું ત્યારે પ્રયોગશાળામાં ચોકી પહેરા નીચે એક નવું અણ-વપરાયેલ ભયંકર શસ્ત્ર લગભગ શોધાઇ રહેવા આવ્યું હતું. એ છે જંતુશસ્ત્ર. અણુબોંબ કરતાં અનેક ગણો સામુદાયિક પ્રલય એ વરસાવી શકે. એચ. જી. વેલ્સની આ કલ્પિત નવલકથા નથી, જંતુયુધ્ધ એ એક નિર્ભેળ હકીકત છે.

અત્યારે કોઈ પણ હુમલાખોર દેશ આડી રાતમાં જંતુયુધ્ધ શરૂ કરી શકે અને એ માટે પૃથ્વીના ગોળા પર સહુથી વધુ ડરવાનું કોઇને હોય તો તે અમેરિકાને છે. એના જેવું સરસ નિશાન જંતુયુધ્ધ માટે બીજું નહિ મળે.

અને તેથી જ અમેરિકનોને એને વિષે વધુ માહિતી મળી શકે અને તેઓ બચાવ વિચારી શકે એ હેતુથી ત્યાંના લશ્કરવાદી સત્તાધારીઓએ, કોઇ પણ દેશ ભાગ્યે જ અનુમતિ આપે એવી પુસ્તિકા પ્રકટ કરવાની હા પાડી છે.

મૂળ તો એ અમેરિકાની "નેશનલ રીસર્ચ કાઉન્સિલ" માટે તૈયાર થયેલ પણ પાંચ વર્ષ સુધી ગુપ્ત રખાયેલ ૮૯ પાનાંનો રીપોર્ટ છે. અને એ રીપોર્ટના લેખકો છે, કોલમ્બીઆ વિશ્વવિદ્યાલયના ફીઝીશ્યન અને સર્જન્સ માટેના મહાવિદ્યાલયના બે ડાક્ટરો, થીઓડોર રોઝબરી અને એલ્વીન એ. કેબટ.

એ રીપોર્ટમાં જંતુયુદ્ધ કઈ રીતે થઈ શકે એ ટેકનીક દર્શાવવામાં આવી છે એટલું જ નહિ પણ કયા જંતુઓને કામે લગાડાય અને બચાવ પક્ષે કયા ઉપાયોની મદદ લેવાય એનો પણ વિચાર એમાં કરવામાં આવ્યો છે.

જંતુયુદ્ધમાં ફક્ત દુશ્મનોની ટુકડીઓનો જ નાશ થાય એવું નથી પરંતુ દેશની અંદરના ભાગમાં વધારાનું રોજી દળ પડ્યું હોય તેનો પણ વિનાશ કરી શકાય. દારૂગોળાનાં કારખાનાંઓ, ગૃહ ઉદ્યોગો, વાહન-વ્યવહારનાં સાધનો અને બીજાં યંત્ર કારખાનાંઓનો સંપૂર્ણ નાશ જ થાય. આવી રીતે દેશની જનતામાં ભયની લાગણી ફેલાય અને કોઇ પણ દેશને તરત જ તાબે થવાની ફરજ પાડી શકાય.

એ રિપોર્ટ આગળ ચાલતાં કહે છે કે હુમલો એ સાવ આસાન કાર્ય છે. હવાઇ જહાજો—એ પણ ખાસ લશ્કરી જ ન જોઇએ, મુસાફરીના કે ટપાલ માટેના પણ ચાલે—માં જંતુ મિશ્રિત માટી જ લઇ જવાની રહેશે.

જમીન પર ન સંભળાય એટલો અવાજ રાખીને અને જમીન પરથી ન જોઇ શકાય એટલી ઉંચાઇએ રહીને નક્કી કરેલી ભૂમિ પર એ માટીની રજકણો વેરી દેવાની. વિમાન વિનાશક તોપનું પણ અહીં કંઇ ન ચાલે. ધીરી મંદ ગતિએ એ લગભગ અદૃશ્ય સમાન રજકણો ગીચ શહેર પર કે લશ્કરી કેમ્પ પર ઉતરે અને શ્વાસમાં એ જતાં જ વિનાશનું

નૃત્ય શરૂ થઈ જાય. વળી હુમલામાં વિવિધતા આણવાનો શોખ હોય તો ટીટેનિયમ ક્લોરાઈડના નિર્દોષ દેખાતા ધુમ્મસદ્વારા પણ આ રંજકણોને નીચે ઉતારી શકાય.

આ હવાઈ જહાજો શહેરની હવાને શ્વાસ ન લેવાય એવી ઝેરી જંતુઓથી ખદબદતી કરી મૂકે એ દરમિયાન બીજાં હવાઈ જહાજો પાણીના ભંડાર સમાં નદી–તળાવને નિશાન બનાવે. અને ત્યાં પેલા જંતુઓને કેપસ્યુલોમાં (ડબ્બી ગોળી) ભરીને ફેંકે જેથી પાણીને તળિયે જતાં જ એ પાણીના દબાણથી ફાટે અને બધું પાણી વિષમય થઈ જાય.

અથવા તો પ્રથમ વિચારે મૂર્ખાઈ ભરેલો લાગે એવો એક અખતરો યોજી શકાય અને લશ્કરી મિજાજને તો એ પણ અનુકૂળ બને. એક ઝીણી જાળીવાળા પાંજરામાં પ્લેગનાં જંતુઓનું વહન કરનારી મધમાખોને પૂરીને એ પાંજરું જમીન સાથે અથડાતાં જ ઉઘડી જાય એવી રચના કરીને, એવાં પાંજરાંઓ ઉપરથી ફેંકાય આમ મધમાખોના ડંખ દ્વારા પ્લેગ ફેલાવી શકાય. બોંબના ધડાકાથી જેનો નાશ ન થતો હોય એવાં જંતુઓ મેળવી શકાય તો એને બોંબની સાથે જ નીચે ફેંકાય જેથી ઘાની અંદર જ એ જંતુઓ પેસી જાય અને બચવાની આશા જ ન રહેવા પામે.

આ યુદ્ધ ફક્ત મનુષ્યો પૂરતું જ મર્યાદિત રહે એમ નથી. સંપૂર્ણ જંતુયુદ્ધમાં તો પશુપક્ષીનો પણ ભોગ લેવાય. અનાજના ભંડારો અને ઉગેલા માલનો પણ વિનાશ કરી શકાય.

એ વિજ્ઞાન લેખકોએ માનવી–સમાજોમાં વિવિધ રોગચાળા ફેલાવવા માટે કયા પ્રકારના જંતુઓનો ઉપયોગ થઈ શકે એ પણ કાળજીપૂર્વક ઠંડા ચિત્તે વિચાર્યું છે.

કોલેરા, ટીટેનસ, ટાઈફોઈડ અને શીતળા જેવા માનવજાતના મહાન શત્રુઓ જંતુ–યુદ્ધ માટે નકામા પુરવાર થયા છે. કારણ કે એમાંથી રસી મૂકાવીને કે બીજી કોઈ રીતે તરત જ સાજા થઈ જવાય છે. બીજા ઘણા જંતુઓ કૃત્રિમ રીતે ફેલાતા નથી, બહુ ચેપી નથી એટલે નકામા છે. ત્યારે માનવજાતને રોગસમુદ્રમાં મૃત્યુ સુધી ડૂબકીઓ ખવરાવે એવા તો ફક્ત ૨૧ જંતુઓ જ છે!

ભૂતકાળમાં જંતુયુદ્ધ વિષે વિચારતાં આપણે હંમેશાં બોચ્યુલિઝમના જંતુને સંભારેલ છે બાટલી-ઓમાં કે ડબાઓમાં અનાજ પેક કરીને લાંબો સમય રાખતાં જે જંતુઓ પેદા થાય છે એ માણસના પેટમાં જતાં વેંત યમરાજનું સ્વરૂપ ધારણ કરે છે.

૧૦,૦૦૦,૦૦૦ ગેલનનાં જળાગારમાં ફક્ત ૩૫૦ રતલ જ એ નાખો અને એ પાણીનો એક ઘૂંટડો પણ તમને વૈતરણીને પેલે પારની મુસાફરી કરાવી શકે. અને વિજ્ઞાન ડોક્ટરો માને છે કે યુદ્ધ સમયમાં આવું બને એ સાવ સ્વાભાવિક છે. સફેદ ઉંદરો પર એના અખતરા થયા છે. મનુષ્યના ઘૂંટડા કરતાં સોમા ભાગનું પાણી એમનું મૃત્યુ નીપજાવે છે. પરંતુ પ્રથમથી જ ચેતવણી આપી હોય તો આ પાણી ઉકાળીને વાપરી શકાય છે.. ઉકાળવાથી એ શુદ્ધ બને છે.

એમેતિહાલ

દરેક જાતના તાવ, મરોડ, કમળો અને પેટનાં દર્દો માટે

મરડા જેવાં ભયંકર દર્દોને અટકાવવા આ દવા સારામાં સારી અસર કરે છે. દરેક જાતના તાવ મટાડી આ દવા શક્તિ આપે છે. દરેક દવાવાળા અને ગાંધીઓ વેચે છે.

'એમેતિહાલ' ખુલાસો વાંચીને ખરીદશો.
જથ્થાબંધ માટે લખો:
કમલ પ્રોડક્ટસ, નડિયાદ

જંતુયુદ્ધમાં ઓરી અને ગાલપચોળાના જંતુઓનો પણ ઉપયોગ કરી શકાય! આ રોગ બચપણમાં જ થાય એવી માન્યતા ધરાવતા દુશ્મનો પર આ જંતુઓ છોડાય જેથી દુશ્મનોમાં એ રોગ ખૂબ ફેલાઈને ત્રાસરૂપ બને જ્યારે હુમલો કરનારને કંઈ જ થાય નહિ! અને શત્રુને મારી નાખવો કે યુદ્ધ માટે નાલાયક કરી મૂકવો એ યુદ્ધ જીતવાની દૃષ્ટિએ તો સરખું જ છે!

અજાણ્યા અને બહુ નહિં ફેલાયેલ રોગના જંતુઓ તો બહુ જ મદદમાં આવશે. 'સોરિકીસીસ અથવા પેરટ તાવ' કે ૧૯૩૦ માં આફ્રિકામાં બહુ ત્રાસ વર્તાવનાર 'રીફ્ટખીણનો તાવ' કે એને મળતા દૂર પૂર્વના દેશોમાં ઉદ્ભવતા ભયંકર વિચિત્ર રોગોનો સુંદર ઉપયોગ થઈ શકે. ૧૯૩૩ સુધીમાં તો આવા વિચિત્ર રોગોમાંથી ૯૫ વિષે જ દાક્તરી વિજ્ઞાન જાણી શક્યું હતું. આવાં ઝેરી જંતુઓ બાયોલોજીની પ્રયોગશાળાઓમાંથી મળી શકે અને લશ્કરને તો દુશ્મન પર આવા જંતુઓ ફેંકવા વધુ પસંદ પડે; કારણ રોગનું જ જો નિદાન ન થઈ શકે તો એના ઉપાયો તો ક્યાંથી જ થઈ શકે?

જાણીતા જંતુઓમાંથી ક્યા ફેંકી શકાય એ જાણવું છે? ગીચ વસ્તી પર એન્થ્રાક્સ, ઇન્ફ્લુએન્ઝા, મેનેનજાઈટીસ અને ન્યુમોનિક પ્લેગનાં જંતુઓ ફેંકી શકાય. એમાં યે ન્યુમોનિક પ્લેગના જંતુ તો અદ્ભુત કામ આપશે. એનું એક જ જંતુ આફ્રિકન કુક્કરને પણ જો રામશરણ કરી દે તો માનવીનું તો શું ગજું? આ જંતુઓને એવા ભારે ધુમાડા દ્વારા મોકલવામાં આવશે કે બંધ બારીઓની અંદર પણ એ ઘૂસી જશે અને એ હવા પણ ઝેરી બનશે.

૧૯૩૩માં જ્યારે અમેરિકાના લશ્કરી ડૉક્ટર એમ. એ. ફોકસે આવા જંતુયુદ્ધની શક્યતા વિષે શંકા ઉઠાવી ત્યારે દાક્તરી વિજ્ઞાને પણ એને ટેકો આપ્યો હતો એમ પણ આ રીપોર્ટના લેખકો રોઝબરી અને કેબટ કહે છે. પરંતુ છેલ્લાં વર્ષોમાં બધું પલટાઈ ગયું છે. દા. ત. Aedes Aegypti નામના મચ્છર કરડે તો જ પીળો તાવ લાગુ પડે એમ મનાતું. પરંતુ પીળા તાવના એ ઝેરને પાઉડર તરીકે લેબોરેટરીમાં તપાસતાં માલુમ પડે છે કે એના શ્વાસમાં જવાથી પણ પીળો તાવ લાગુ પડે છે અને એવા દાખલાઓ પણ બન્યા છે. આમ

તમારી પેનની સલામતી માટે
સાયન્ટીફીક પદ્ધતિથી બનેલી
ચેમ્પીયન
શાહી હંમેશાં વાપરો
જુદા જુદા રંગોમાં નાની-મોટી દરેક સાઈઝમાં
—બધે જ વેચાય છે—
: વેપારી ભાવના લીસ્ટ માટે લખો :
ધી ચેમ્પીયન ઈન્ડસ્ટ્રીયલ વર્કસ
દરેક જાતની શાહી તેમજ દવાઓ બનાવનાર
વીસનગર (ઉ. ગુજરાત)

વીમાની એજન્સી તેમ જ વીમાની
લાભદાયક યોજનાઓ સમજવા
—મળો યા લખો—
ડી. જી. ભટ્ટ
શ્રી સોમેશ્વર ભુવન
નિલેશ્વર રોડ,
ભાવનગર
ઑફિસ : પોપટ બિલ્ડીંગ, ખારગેટ

પહેલાં તો આવા રોગો બનતાં સુધી ઉષ્ણવૃત્તીય પ્રદેશોમાં જ થતા પણ હવે તો એને આખા જગતમાં ફેલાવી શકાય.

વળી ભૂતકાળમાં એવી પણ દલીલ કરવામાં આવી છે કે આ જાતના હુમલાઓની શક્યતા એ માટે ઓછી છે કે જ્યારે મુલક જીતી લેવાય ત્યારે વિજયી લશ્કરના આગમન સાથે તેમને પણ આ રોગ લાગુ પડે. પરંતુ જ્યારે મુલક જીતવાનો પ્રશ્ન જ ન હોય અને શત્રુને હરાવવો કે નાશ કરવો એ જ ધ્યેય હોય ત્યાં આ દલીલ નકામી નીવડે છે. હુમલાનો ભોગ બનનાર દેશ બેટ હોય કે બીજા દેશોથી ભૌગોલિક રીતે જુદો પડી ગયો હોય તો તેને તુરત હરાવી શકાય. દા. ત. હવાઈ બેટ પર મેલેરિયાના મચ્છરો વડે હુમલો કરવામાં આવે તો ત્યાં પણ પર્લ હાર્બર જેવી સ્થિતિ થઈ જાય.

આ દૃષ્ટિએ વિચારતાં અમેરિકાના મિત્રો જેવા બન્ને સમુદ્રો શત્રુની ગરજ સારે. બીજા સહીસલામત ખંડ પરથી કોઈ પણ ઘડીએ જંતુ-હુમલો અમેરિકા પર થઈ શકે. એના વિશાળ કદને અંગે એનો બચાવ સહેલો છે એમ માનવું ભૂલભરેલું છે. એની કુલ વસ્તીનો ત્રીજો ભાગ અને અર્ધ જેટલા ઉદ્યોગો તો કુલ જમીનના બે ટકા જેટલા વિભાગમાં જ ૩૩ જગ્યાઓમાં સમાઈ ગયેલ છે.

અમેરિકાનું જ વ્યાપાર ખાતું દુશ્મનને યુદ્ધ નકશા કરવાની જરૂરીઆતમાંથી મુક્ત કરશે, કેમકે પ્રથમ ન્યૂયોર્ક ને પછી શિકાગો ને એમ કરતાં છેલ્લે ટોલેડોને તેઓ જંતુયુદ્ધનો લાભ આપશે. આથી વધારે સારી સગવડ હુમલાખોરોને બીજી કઈ જોઈએ ?

ડૉ. રોઝબરી અને ડૉ. કેબટ કહે છે કે જગતમાંથી યુદ્ધ સાવ નાબુદ ન થાય ત્યાં સુધી જંતુ યુદ્ધમાંથી અમેરિકાને બચાવવાનો એક જ રસ્તો છે અને તે જંતુયુદ્ધ માટે દુશ્મન કરતાં બમણી તૈયારી રાખવી અને એમના એક હુમલાના જવાબમાં અહીંથી બે હુમલા થશે એવી જાહેરાત કરવી. આ માટે એવી સજ્જડ અને ભરપૂર તૈયારી રાખવી કે શત્રુ હુમલો કરવાનું સાહસ જ કરી શકે નહિ. આ જ રીતે રૂઝવેલ્ટે અને ચર્ચિલે શત્રુઓને ઝેરી ગેસનો ઉપયોગ ગઈ લડાઈમાં કરવા નહોતો દીધો.

એ લેખકો કહે છે, 'સદ્ભાગ્યે કેલીફોર્નીયા વિશ્વવિદ્યાલયમાં નૌકાદળે અને કેમ્પ ડીટ્રીકમાં ખુશ્કી દળે આવું સંશોધન કર્યું છે એટલે જંતુયુદ્ધ થાય તો આપણે પણ હુમલો કરી શકીએ તેમ છીએ. આપણી સલામતી માટે પણ આપણે આવી સંશોધન કળામાં પ્રથમ જ રહેવું જોઈએ.'

*

સિનેમા જોવાથી પણ આંખ સુધરે !

સિનેમાનાં ચિત્ર જોવામાં કેટલીક વાર બહુ શ્રમ લાગે છે ને આંખ બગડે છે એ વાત ખરી છે. આનું કારણ સિનેમા નથી. પણ આંખ પર શ્રમ લઈ ચિત્ર જોવાથી આંખ બગડે છે. આ શ્રમ લઈ જોવાની ટેવ દૂર કરવામાં આવે તો દૃષ્ટિ સુધરે. ખરી રીતે ચિત્ર જોવાની ટેવ ચાલુ રખાય તો કેટલીક જાતની આંખની મુશ્કેલીઓ દૂર કરી શકાય. સિનેમા જોવા જનારે આરામથી સીધા બેસવું, જોતી વખતે ઉપરનાં પોપચાં ઊંચાં ન કરતાં આખુંયે માથું ઊંચું કરવું અને વારંવાર પલકારા મારવા. આમ થવાથી શ્રમ નહિ લાગે.

—ડૉ. આર. એસ. અગ્રવાલ

તાત્કાલિક અસર કરનાર

હેડગોસા બામ

બામનો રાજા

વરસોથી પ્રખ્યાત અને દરેક કુટુંબમાં વપરાતો આ બામ ઉત્તમ છે. માથાનો દુઃખાવો, શરદી, સંધિવા, છાતી-કમરનો દુખાવો, શરીરનું જકડાઈ જવું વીગેરે પર તાત્કાલિક અસર કરી સંપૂર્ણ આરામ આપે છે

—*—

કોલેરા ? કોલેરા ? કોલેરા ?

કોલેરાથી બચવા માટે આજે જ 'રાજબિંદુ'ની બાટલી ખરીદી ઘરમાં રાખી મૂકો જે તમોને અવશ્ય ઉપયોગી થશે.

'રાજબિંદુ'

કોલેરા, ઉલટી; ઝાડા, શરદી, વાયુ, કબજીયાત, દહીં-દૂધનાં વિકાર તેમજ પેટનાં દુખાવા પર અકસીર. દરેક દવાવાળા પાસેથી મળશે.



પાણી અને પુરાતત્ત્વ

લેખક :
શ્રી. પ્રશાંત

એક દિવસે હું મારા ગામ ગયો. મૂળ વતનમાં કોઈ ખાસ સગું હતું નહિ અને કંઈ જમીન-જાગીર પણ વડીલો મૂકી ગયા ન હતા એટલે વતનમાં જવાનો કોઈ ખાસ પ્રસંગ ઊભો થતો ન હતો, છતાં યે કેટલાક બાળગોઠીયાઓના આગ્રહને માન આપીને વરસમાં એકાદ વખત ત્યાં આંટો મારી આવતો.

'આ વખતે તમારે કંઈ કરવું પડશે!'

'પણ શું કરું?' હું વર્તમાનપત્રમાં નોકરી કરતો હતો. એટલે ગામ લોકોને મન બહુ મોટી અગત્યની વ્યક્તિ લાગતો.

'તમે પેપરવાળા તો ધારો તે કરી શકો! કાગનો વાંધ અને વાંધનો કાગ કરતાં તમને વાર ન લાગે' એક જણે ટાપસી પૂરી.

'આ ગામનું દુઃખ તમે નહિ જાણો તો કોણ જાણશે?' બીજા એક વૃદ્ધ મુરબ્બી બોલી ઊઠયા.

'પણ હું તો પેપરમાં લખું; બીજું શું થાય? પણ તેથી મારી વાત સરકાર માને જ એવું થોડું છે!'

'કેમ ન માને? મોટી અંગ્રેજ સરકારેય પેપરવાળાથી ટાઢીટશ થઈ જાય છે તો આ તો દેશી રાજ કહેવાય.'

'જુઓને જયંતભાઇ, તમારે તો ગમે તેમ કરીને જેહાદ જગાવવી જોઈએ. બીજાં છાપાંઓમાં પણ છપાવવું જોઈએ અને લખવું જોઈએ કે સરકારના રણમાં પાણી મળી શકે પણ આ ગામ અને તેની આજુબાજુના વિસ્તારમાં પાણીનો કોઈ બંદોબસ્ત નથી' ગામના માસ્તરે ટાપસી પૂરીને મારે શું કરવું તેની સમજ પાડી અને કહ્યું: 'મારા જેવા માણસનેય સાહેબ તમારે લાઈટમાં લાવવો જોઈએ.'

'તમારી વાત સાચી છે પણ...' મને વચ્ચેથી અટકાવીને જ માસ્તરે ગુડવા માંડયું.

'પણ ને બણ. અહિં તો બોલે તેનાં બોર

શ્રી. પ્રશાંત અમદાવાદના સ્થાનિક પત્ર 'લોકનાદ'ના તંત્રી વિભાગમાં કામ કરતા એક યુવાન ઉત્સાહી પત્રકાર છે. કવિતા ને નવલિકાથી માંડીને વિજ્ઞાન સુધીના વિવિધ વિષયો તેઓ આસાનીથી હાથ ધરી શકે છે. આ નવલિકાનો અંતર્ગત કટાક્ષ એમની શૈલીનું એક મનોહર તત્ત્વ છે.

વેચાય. આપણા ગામના પાદરમાં મોટી અડીખમ વાવ છે પણ એના સામેય કોઈએ જોયું નથી અને એય વખત જતાં પુરાઈ ગઈ. આજે જો એને કોઈ ખોદાવે અને સાફસુફ કરે તો અનાવૃષ્ટિના વખતમાં ઢોર ઢાંખરને તો પીવા પાણી મળે.'

'પણ એ તો તમારું કામ છે બેચાર પાંચ ગામવાળા ભેગા થઈને ખોદાવો તો શું વાંધો છે?'

'ભાઇ, આપણામાં એક રાગ હોય તો તો જોઇતું'તું શું? ત્રણ ત્રણ વરસથી કશું પાક્યું નથી એટલે લોકોને પૈસાની વાત કરીએ છીએ ને કરડવા દોડે છે. મેં લોકોની ઓછી સેવા કરી છે? પણ કશીય કદર નથી.'

'ત્યારે સરકારને અરજી કરો?'

'અરજી કરી કરીને થાકયા બાપ. પેલા આપણે શું...? પુરાતત્ત્વવાળાઓનો. સરકારે નવું ખાતું ખોલ્યું છે તેનો અહિં આવ્યા'તા. બધાએ વાવ જોઈ, છબીઓ પાડી અને બહુ જ જુના વખતની બાંધણી

છે એવાં ભાપણુ પણુ કર્યાં. ગામવાળાને થયું કે પાંચ પચાસ ખગાડો અને અમે તેમને ફૂલદાર કર્યાં કે કંઈ કરતાં વાવ ગળાવે છે...પણુ બેકાર. વાવ હજીએ એમની એમ છે.' માસ્તરે એકી શ્વાસે બધી હકીકત કહી દીધી.

'પુરાતત્ત્વખાતું કોના હાથમાં છે?'

'કોઈ ગોરા સાહેબ છે. ડમડમ સાહેબ. આપણા મહારાજાને કોકે કહ્યું કે તમારા રાજ્યમાં ઐતિહાસિક શોધખોળ કરાવશો તો બહુ જ ઉપયોગી થઈ પડે એવું છે, એટલે આ તો રાજા, વાજાં ને વાંદરા. ડમડમ સાહેબને પકડી લાવ્યા અને ગામેગામે જઈને તે ટેકરા ને વાવો ને લેખોની છબીઓ લેતા ફરે છે.

'હું જોઈશ' કહીને મેં તેમને કામચલાઉ સાંત્વન આપ્યું.

આ જનતાને પાણીનો ખૂબ જ ત્રાસ છે. કેટલીક જગાએ તો ઢોર ઢાંખર પાણી વિના મરી જાય છે. કુવાઓ છે પણુ તેગે છીછરા અને પાણી પણ પીવાય તેવું નીકળતું નથી, એટલે જ કોઈ સખી દાતાએ અસલ વાવ બંધાવી હશે પણુ હવે તો સાપ ગયા અને લીસોટા રહ્યા તેવું થયું છે.

હું ગામના લોકોને મન એક મહાન વિભુતિ હતો, પરંતુ મને મારી મર્યાદાનો ખ્યાલ હતો સો રૂપીઆનો પગારદાર એક માણસ સીધાં કે આડકતરાં કયાં પગલાં લઈ શકે? છતાંયે આત્મસંતોષ લેવા મેં વાવની ઉપર પુરાતત્ત્વની દૃષ્ટિએ એક લેખ ધસડી દીધો.

થોડા દિવસ પછી પાછું મારે મારા ગામ જવાનું થયું. મેં કાનજી માસ્તરને પૂછ્યું 'કેમ માસ્તર, શું ચાલે છે?'

'બીજું શું ચાલવાનું હતું? તમે તો લેખ લખીને ઉલટા અમને વધારે હેરાન કરી મૂક્યા. નાયબ સુબા, સુબા ને સરસુબા જે કોઈ અમલદાર આ ગામમાં પચ્ચીસ માઈલના વિસ્તારથી પસાર થાય તે બધા જ અહિં વાવ જોવા આવવા લગ્યા. આ તો ગામને માથે તમે એક નવો કર નાંખી

અનેક રોગોની એકજ દવા
જીવનધારા
રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક "જેનસ" નં. ૬૦૨.
કોલેરા, સંગ્રહણી, શરદી, હાથ-પગ, માથું તથા બદનનો દુખાવો, પાણી-વિકાર, સંધિવા, અશક્તિ, સોજો, અજીર્ણ, અપચો, ખાંસી, શ્વાસ, દમ, દાંત-દાઢમાં કળતર, અમુંઝણ, ઝેરી ડંખ, પ્રદર, પ્રમેહ, મોઢાની દુર્ગંધ, પેટની ચુંક, શુળ, દરેક જાતના તાવ, ઘા પડવો, લોહી નીકળવું ઈત્યાદી અનેક જાતનાં દરદોમાં તેમજ રેલ્વે, સ્ટીમર યા મોટરની મુસાફરીમાં તાત્કાલિક ઉપયોગી થઈ પડનારી અમૂલ્ય ઓષધ. કિંમત મોટી બાટલી રૂા. ૧ાા, વચલી બાટલી રૂા. ૧ાં અને નાની બાટલી રૂા. ૦ાા. ટ. ખ. જુદું. દરેક શહેરમાં જાણીતા દવા વેચનારને ત્યાં મળશે.
જે. એન. શેઠના—જીવનધારા ઓફીસ, નડીયાદ. [ગુજરાત]
સ્ટોકીસ્ટ: કંચનલાલ વાડીલાલની કું. મંગળદાસ રોડ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.

દીધો બધાની આગતા સ્વાગતા કરવામાં ગામના પાંચસો રૂપીઆ વપરાઈ ગયા.'

આ વખતે તો હું કેમેરા લઈ ગયો હતો. વાવના ફોટા વગેરે લઈને તેને વિષે પ્રચાર કરવા પણ માસ્તરની આ વાત સાંભળીને હું તો ટાઢો થઈ ગયો. આખી રાત વિચાર કર્યો અને સવારે હું કાનજી માસ્તરને લઈને વાવ પાસે ગયો. નાનપણમાં તો આ વાવ આગળ ખૂબ રમ્યો હતો. ત્યાં જઈને મેં ફરીથી નિરીક્ષણ કર્યું. થોડા ફોટા વગેરે લીધા અને હું અને કાનજી માસ્તર પાછા ફર્યા.

રસ્તામાં ગામના મુખી છગન પટેલ મળ્યા. 'ભાઈ, હવે ફોટા ફોટા છાપવાનું માંડી વાળજો, નહિ તો વળી પાછું બકરું કાઢતા ઊંટ પેસી જશે.'

હું અને કાનજી માસ્તર બંને હસતાં હસતાં ઘેર આવ્યા.

મુંબઈ આવીને મેં એ વાવ ઉપર એક સરસ લેખ લખી નાખ્યો અને વાવના જુદા જુદા દૃષ્ટિકોણથી લીધેલા ફોટોગ્રાફ્સ અને એક પથ્થર ઉપરના શિલાલેખનો બ્લૉક પણ છાપી દીધો.

વાવ પુરાણી હતી. પુરાતત્ત્વની દૃષ્ટિએ ઉપયોગી હતી. પરંતુ આ શિલાલેખના ફોટાએ તો બહુ જ ઊહાપોહ મચાવી દીધો. શિલાલેખની લિપિ, કાળ, સમય વગેરે માટે ચર્ચાઓ ચાલવા લાગી. કાનજી માસ્તરનો કાગળ આવ્યો કે અહિં તો હવે લોકોની ખૂબ ઠઠ જામવા માંડી છે. ડમડમ સાહેબ પણ તેમના રસાલા સાથે અહિં આવી ગયા છે અને વાવના તે પથ્થરને ઊંચકાવી ગયા છે.

પછી તો પુરાતત્ત્વ વિશારદોએ એ લેખ ઉપર સંશોધન કરવા માંડ્યું. બહુ જ પ્રાચીન લિપિ છે એટલે એને ઉકેલતાં મુશ્કેલી પડે છે. જો થોડું ખોદકામ થાય તો બીજા લેખો અને સાધનો એ વાવમાંથી મળી આવવા સંભવ છે.

પછી તો એ વાવની અગત્યતા વધવા માંડી. આજુબાજુના ગામલોકોની પાસેથી પણ ભાતભાતની દંતકથાઓ ભેગી થવા માંડી અને વાવને ખોદાવવાનું કામકાજ શરૂ પણ થઈ ગયું. એમાંથી નીકળતી દરેક દરેક વસ્તુની પુરાતત્ત્વના દૃષ્ટિકોણથી ચકાસણી થવા માંડી. વાવમાંથી નીકળતી જતી વસ્તુઓના ફોટાઓ અને તે વિશેના મનનીય લેખો આવવા માંડ્યા. એક બે છરા અને બે-ત્રણ ફૂટા-

'ખુબ હમારે પાકિસ્તાનમેં કિસી ઓર મુસલમાનોં કે લિયે જરા ભી જગહ નહિ હૈ!'

—જનાબ લીઆકતઅલીખાન

એથી તરવારો નીકળતો. ખોદકામમાં વધારે ઉત્સાહ દેખાયો બસોએક વર્ષ પહેલાંના થોડાક સિક્કા પણ નીકળ્યા. વાવનો દેખાવ પણ આખો ફરી ગયો હતો. વર્ષોની માંદગી ભોગવ્યા પછી તેણે પુનઃ આરોગ્ય પ્રાપ્ત કરવા માંડ્યું હતું.

પરંતુ હજીયે પેલા શિલાલેખનો ભેદ ઉકેલાતો ન હતો. કોઈ એ છુપાવેલા ખજાનાનો ભેદ એમાં છુપાયો છે અને તેથી એ કોઈ પ્રચલિત લિપિમાં લખ્યો નથી, પરંતુ કોઈ છૂપી ભાષામાં એ લખાએલો હોવો જોઈએ એવો કેટલાકનો અભિપ્રાય હતો.

પુરાતત્ત્વ વિશારદો વળી મગજ ચકાસવા માંડ્યા અને છૂપી સંજ્ઞાનો ઉકેલ શોધવા માંડ્યા. રાજ્ય તરફથી એ લેખ ઉકેલી આપનારને ઇનામ આપવાનું પણ ઠરાવ્યું.

એક દિવસ એક પત્રમાં લેખ આવ્યો કે એ શિલાલેખ જ પ્રાચીન નથી. વાવના પત્થર ઉપર કોઈએ અર્થહીન સારાએટા અક્ષરો કોતરી નાંખ્યા છે. એ કોઈ લિપિ નથી કે કોઈ છૂપી ભાષા નથી. પત્થર ઉપર અક્ષરો કોતરીને કોઈએ તેને જાણી માટીની લીંપી દઈને તેને મેલો બનાવી દીધો છે. પુરાતત્ત્વખાતું કદાચ પત્થર ઉપરના અક્ષરો નહિ ઉકેલી શકે તો ચાલશે પણ માનવ હૈયા ઉપર લખેલાં દર્દ ઉકેલી શકે તો તે પૂરતું છે. પ્રજાને પુરાતત્ત્વ કરતાં આજે પાણીની વધારે જરૂર છે.

આ વાતનો દેખીતી રીતે ઇન્કાર થયો, પરંતુ પુરાતત્ત્વવાળાએ એની તપાસ કરાવવા માંડી અને એક દિવસે મને ઓચિંતાના ખબર મળ્યા કે વાવના એક પત્થર ઉપર અક્ષરો કોતરાવી આપવા બદલ સલાટની ધરપકડ કરી છે. અને તેને કાનજી માસ્તરે તે બદલ પંદર રૂપીઆ પણ આપ્યા છે, એવી કબુલાત પણ આપી.

કાનજી માસ્તર ઉપર કેસ ચાલ્યો. પુરાતત્ત્વખાતાને ઉંધે રસ્તે દોરવવા અને ખરચના ખાડામાં ઉતારવાનો તેમના ઉપર આરોપ મૂકવામાં આવ્યો.

કાનજી માસ્તરે તો સો વાતની એક જ વાત પકડી રાખી. 'પુરાતત્ત્વ કરતાં પ્રજાને પાણીની વધારે જરૂર છે. રાજ્ય પાસે પ્રજાને પાણી માગવાનો પૂર્ણ અધિકાર છે અને એને માટે મેં આ કોશિષ કરી. જો એ ગુન્હો હોય તો પુરાતત્ત્વખાતાને શું કહેવું ? પુરાતત્ત્વખાતું પત્થર ઉપરની લિપિ વાંચી ન શકે તેમાં મારો શું વાંક ?'

છેવટે રાજ્યના ધ્યાનમાં આ વાત આવી. અને સાહેબ, તમે નહિ માનો પણ પેલો કાનજી માસ્તર તો આજે એક મોટો દેશસેવક થઈ પડ્યો છે.

*

ચીનમાં એક વસ્તુ હિંદ કરતાં ખાસ જુદી લાગી—પ્રશસ્ય જણાઇ. દિલ્હીમાં જુઓ તો બજારમાં નીકળતાં, ચીજો ખરીદતાં, મંદિર-મસ્જિદે જતાં ભિખારીઓનો ત્રાસ ભારે છે; જ્યારે ચુંગકીંગમાં મેં એક પણ ભિખારી જોયો નહિ. હિંદમાં ભિખારીનો ત્રાસ ક્યાંય પણ ન હોય તે તો ફક્ત એક જગ્યાએ અને તે ત્રાવણકોરના કુટ્યામમાં.

—કે. પી. એસ. મેનન ('દિલ્હીથી ચુંગકીંગ')

શિક્ષણ વિરુદ્ધ અભ્યાસ

લેખક :
શ્રી. હરભાઈ ત્રિવેદી

આપણા પ્રાન્તમાં અને સારાયે દેશમાં શિક્ષણનું કાર્ય જોરશોરથી ચાલવા લાગ્યું છે, એ હકીકત આનંદ ઉપજાવનારી છે. આજદિન સુધી આપણો દેશ અજ્ઞાનના અંધકારમાં સબડતો રહ્યો, તેનું નિવારણ કરવા માટે નિરક્ષરતાનિવારણની મોટી હિલચાલ આપણે ઉપાડી છે. આજદિન સુધી જનતાના જે થોડા ટકાને શિક્ષણ મળતું હતું, તે શિક્ષણ પણ કેવળ બુદ્ધિની આસપાસ ગૂંથાયેલું હતું. તે ખામી સમજી જઈને આપણે હવે સર્વાંગી કેળવણીનાં પ્રયાસો કરવા લાગ્યા છીએ, એ પણ આનંદની વાત છે. હિન્દુસ્તાનનો માનવી હાથ ગયો પાંગળો હતો, એને જીવતો કરવા માટે આપણે હવે પાયાની કેળવણીની હિલચાલ ઉપાડી છે. આ અને આવા બીજા ઉપાયો આપણો દેશ અજમાવતો થઇ ગયો છે. સાર્વત્રિક શિક્ષણના આ પ્રયત્નો ચાલી રહ્યા છે, ત્યારે કેળવણીના વિજ્ઞાનની દૃષ્ટિએ થોડીએક આવશ્યક બાબતો સૌ કોઇએ સમજી લેવી, તે અત્યંત જરૂરનું છે.

> ગુજરાતના પ્રખર કેળવણીકાર શ્રી. હરભાઈ ત્રિવેદી આ લેખમાં કેળવણી ક્ષેત્રનો એક અગત્યનો મુદ્દો રજૂ કરે છે. આજે સારા યે દેશમાં પ્રત્યેક ક્ષેત્રમાં નવરચના થઇ રહી છે ત્યારે સૌથી પહેલાં તો કેળવણીના ક્ષેત્રમાં જ કેટલાક આમૂલ ફેરફારો કરવાની આવશ્યકતા છે. એવા એક મહત્ત્વનો ફેરફાર આ લેખમાં સમુચિત રીતે સૂચવાયો છે–તંત્રી

સ્વાશ્રય અને સ્વાનુભવ માણસના સર્વશ્રેષ્ઠ શિક્ષકો બની શકે છે તે કોઈ મતભેદની વાત છે નહિ. જે માણસ પારકાના આશરે જીવે છે, તે મૂવા સમાન છે; જે માણસ પારકાના અનુભવો ઉપર પોતાના જીવનનું નાવ ચલાવે છે, તે નાવ કોઈ વખત અણધારી રીતે ડુબાડતું છે. જીવનનાં સર્વ ક્ષેત્રોમાં આ સત્યોને લક્ષમાં રાખીને માણસ પોતાનું કાર્ય કરે; તેમાં એનું શ્રેય રહેલું છે. અને આપણે જોઇ પણ શકીએ છીએ કે આઝાદ બનેલા રાષ્ટ્રમાં સ્વાશ્રય અને સ્વાનુભવની સાચી કિંમત સમજાવા લાગી છે. માણસ પરાશ્રયને દૂર કરવા લાગ્યો છે, અને પોતાના જ અનુભવોના જોર ઉપર પોતાનો વ્યવહાર રચવા માંડ્યો છે.

પરંતુ આ સ્થિતિ શિક્ષણના ક્ષેત્રમાં આપણે હજી સુધી લાવી શક્યા નથી, એ એક દુઃખદ બીના છે. નાનામાં નાની પ્રાથમિક શાળાથી માંડીને મોટાં મહાવિદ્યાલયોના દર્શને જઇએ, તો ત્યાં આપણને સ્વાશ્રય અને સ્વાનુભવ, વાતાવરણમાં અને કાર્યપદ્ધતિમાં ખૂટતાં હોય એવું જોવા મળે છે. ભણતો વિદ્યાર્થી શિક્ષકને આશરે પોતાનું ભણતર ચલાવે છે. જ્ઞાનવિજ્ઞાનની શોધો માટે સ્વાનુભવ કરવાની તેને કોઇ તક મળતી નથી. શિક્ષણના

મોટા મોટા પ્રયોગો પણ શિક્ષકને અને શિક્ષકના વ્યક્તિત્વને કેન્દ્રમાં રાખીને ચાલતા હોય છે. કોઇ ઠેકાણે બાળકના વ્યક્તિત્વને સન્માનાતું હોય, એને શિક્ષણના કેન્દ્રમાં એને રાખવામાં આવતું હોય, એવું તો ભાગ્યે જ જોવા મળે છે. સ્વાશ્રય અને સ્વાનુભવમાંથી જીવનના જે અમૂલ્ય બોધપાઠ મળી રહે છે, એનાથી બાળક વંચિત રહી જાય છે, અને પછી મોટી ઉમરે સ્વાશ્રયી બનવાના કે સ્વાનુભવો મેળવવાના એના ધમપછાડા ફળદાયી નીવડતા નથી. સાચી રીતે વિચારીએ તો માનવીને સ્વાશ્રયી અને સ્વાનુભવી બનાવવા માટેના પ્રયોગો શિક્ષણક્ષેત્રમાં થવા જોઇએ. શાળાને એક નાનકડો સમાજ કહેવામાં આવે છે, એની પાછળ આ અર્થ રહેલો છે. ભાવિ સમાજને જે સિદ્ધાંતો ઉપર પોતાનો વ્યવહાર કરતો જોવા આપણે ઇચ્છતા હોઇએ, તે સિદ્ધાંતો નાના છતાં, વૈજ્ઞાનિક સ્વરૂપમાં શાળા–મહાશાળામાં અમલી બનાવવા જોઇએ. સાચું સામાજિક જીવન વિદ્યાર્થી શાળા–મહાશાળામાં જીવતો થઇ જાય, તો જ એનો ભાવિ સમાજ વધારે અને સાચા અર્થમાં શાસ્ત્રીય બને.

આપણી શિક્ષણ–સંસ્થાઓ તરફ નજર કરતાં ત્યાં સાચા સામાજિક જીવનની તાલીમનો અભાવ દેખાય છે. એ અભાવ મિટાવવો એટલે જ બાળકને સ્વાશ્રયી અને સ્વાનુભવ લેતું બનાવવું. આજનાં શિક્ષણનાં તત્ત્વો આ પ્રકારનાં નથી. આજનો શિક્ષક તો પોતાનો જ્ઞાનભંડાર વાણીદ્વારા પોતાના વિદ્યાર્થીઓ પાસે ઠાલવી દેવા ઉત્સુક બન્યો હોય છે. એ જ્ઞાનને અનુભવની કસોટીએ ચડાવવા માટે ભણનાર વિદ્યાર્થીને કશો અવકાશ આપવામાં આવતો નથી. ઉપરથી લદાયેલું જ્ઞાન વિદ્યાર્થી માટે ભારરૂપ બની રહે છે, અને ભવિષ્યમાં અનુભવની કસોટીમાં નિષ્ફળ નિવડે છે. આવું જ શાળાસંચાલનના નાનામોટા વ્યવહારોમાં ચાલ્યા કરતું હોય છે. શાળાસંચાલનમાં વિદ્યાર્થીનો કશો જ હિસ્સો હોતો નથી. સામાજિક જીવનની તાલીમને નામે મીંડું હોય છે. પરિણામ એ આવે છે કે સમાજજીવનમાં વિદ્યાર્થી પરાશ્રયી બનતો ચાલે છે, અને એનો પડઘો ઘર સુધી પણ પહોંચે છે. આ પરિસ્થિતિને બદલી નાખશું નહિ, ત્યાં સુધી શિક્ષણદ્વારા નવો સમાજ ઊભો કરવાના આપણા પ્રયત્નો વાંઝિયા રહેવાના છે.

સ્વાશ્રય અને સ્વાનુભવના શિક્ષણ માટે એક જબ્બર પરિવર્તન કરી નાખવું જરૂરી છે. આજની શાળા–મહાશાળાઓમાં શિક્ષણનું કાર્ય ચાલે છે, અને શિક્ષક તેના મધ્યબિંદુમાં છે, તેને બદલે અભ્યાસનું વાતાવરણ ઊભું કરી દેવું જોઈએ. શાળામાં આવતો વિદ્યાર્થી શિક્ષણઘેલો બને તેને બદલે, અભ્યાસપ્રિય બને તે અત્યંત મહત્ત્વનું છે. શાળાના સમગ્ર સંચાલનમાં એનો પણ હિસ્સો હોય, અને વિદ્યા પ્રાપ્ત કરવાનું કામ તો એનું પોતાનું જ હોય. શાળાના શિક્ષકો અને સંચાલકો માત્ર એના માર્ગદર્શકો બની રહે. શિક્ષણનું વાતાવરણ ટળીને અભ્યાસનું વાતાવરણ બંધાઇ જાય, તો સ્વાશ્રય અને સ્વાનુભવ માટેનાં બારણાં વિદ્યાર્થી માટે તુરત જ ખુલ્લાં થઇ જાય. શિક્ષકને પણ તેમાં તો લાભ થવાનો છે. વિદ્યાર્થીની પરાશ્રયી અને પરાવલંબી વૃત્તિએ શિક્ષકનાં કામનો બોજો અતિઘણો વધારી

જાણો છો ?

'જીવન-પ્રકાશ બંધુ મંડળ'ના સભ્ય પોતે ભરેલ લવાજમ જેટલી જ કિંમતની જગ્યા પોતાની જાહેરાત માટે આ માસિકમાં વર્ષ દરમિયાન મફત રોકી શકે છે. આપ હજી એના મેંબર નથી થયા ?

મૂકયો છે. એ બોજા નીચે દબાઇ પડેલો શિક્ષક નથી વિદ્યાર્થીનું ભલું કરી શકતો, કે નથી પોતાનું કલ્યાણ સાધી શકતો. જ્ઞાન આપવાના પ્રયત્નોમાં એને નિષ્ફળતા મળતી દેખાય છે, ત્યારે જીવનમાં નિરાશા પેદા થવા લાગે છે. આજના શિક્ષકમાં દેખાતા નિરાશા અને નિરુત્સાહનાં કારણો શોધવા જઇએ, તો આપણને દેખાશે કે એના મૂળમાં પોતાના શિક્ષણકાર્યની નિષ્ફળતા રહેલી છે. શાળાઓ શિક્ષણનાં સ્થળો મટી જઇ, અભ્યાસનાં ધામ બની રહે, તો શિક્ષક વિદ્યાર્થી બન્નેના જીવન સાચી પ્રગતિ સાધી શકે.

*

હિંદી સંઘ — પાકિસ્તાન

ખેતી અને ખોરાક

૧ શણ	૯૮૩,૫૧૯ એકરમાં	૧,૪૦૩,૭૦૦ એકરમાં
૨ રૂ	૧૩,૭૭૦,૦૧૦ ,,	૧,૬૩૦,૦૦૦ ,,
ચોખા	૧૭,૨૨૯,૦૦૦ ટન	૫,૩૦૬,૦૦૦ ટન
૪ ઘઉં	૪,૧૯૯,૭૪૦ ટન	૩,૭૮૫,૨૬૦ ટન
૫ શીંગ	૨,૨૭૪,૦૦૦ ટન	થતી જ નથી.

કોલસો અને બળતણ

૧ કોલસો	૨૫૦,૭૯,૮૦૨ ટન	૧,૯૮,૪૦૬ ટન
૨ પેટ્રોલિયમ	૬૫૫૯,૬૮,૯૫૧ ટન	૨,૧૧,૧૩,૪૨૦ ટન
૩ ત્રાંબુ	૧,૯૮,૦૭૬ ટન	નથી
૪ લોઢું	૧૪,૨૧,૦૧૧ ટન	નથી
૫ મેગેનિઝ	૭,૬૬,૭૪૧ ટન	નથી
૬ અબરખ	૧,૦૮,૬૩૪ હન્ડ્રેટ	નથી

ઉદ્યોગો (૧૯૪૦ ની ગણત્રી પ્રમાણે)

૧ કાપડની મીલો	૩૮૦	૯
૨ શણની ,,	૧૦૮	×
૩ મોરસની ,,	૧૫૬	૧૦
૪ લોઢાના ને પોલાદના કારખાના	૧૮	×
૫ સીમેન્ટ	૧૬	૩
૬ કાગળ	૧૬	×
૭ કાચ	૭૭	૨

વાહન-વ્યવહાર

રેલ્વે	૨૫,૯૨૯ માઇલ	૧૪,૫૪૨ માઇલ
રસ્તા	૨૪૬,૬૦૫ માઇલ	૪૯,૮૬૩ માઇલ

આવક

૧ ખાણ	૯,૪૧,૪૭,૬૨૪ રૂ.	૨,૩૫,૪૦,૯૮૭ રૂ.
૨ ટેકસટાઇલ	૪૪,૮૬,૮૧,૯૬૦ રૂ.	૨,૭૨,૧૮,૨૧૦ રૂ.
૩ ધાતુ અને ધાતુમાંથી બનાવેલ ચીજો	૬,૫૨,૪૪,૮૩૫ રૂ.	૧,૮૬,૩૩,૯૭૪ રૂ.
૪ મકાનો વિગેરે	૭,૩૬,૬૭,૭૬૨ રૂ.	૧,૯૧,૭૩,૨૭૩ રૂ.
૫ વાહન વ્યવહાર	૧૦૪,૬૩,૫૪,૪૭૨ રૂ.	૧૮,૪૭,૪૬,૭૩૧ રૂ.

આર્થિક સ્થિતિ

૧ પ્રાંતિય વસુલાત-આવક	૧૪૩ ૩૮ લાખ	૪૪,૭૯ લાખ
પ્રાંતિય ખર્ચ	૧૪૧,૨૭ લાખ	૪૯,૪૭ લાખ
બચત	૧૧૧ લાખ	...
ખોટ	...	૪૬૮ લાખ

—જ.



આપખુદી આટલી જ ખીલે બંધાઇ !

જગત-ક્રાન્તિના ઇતિહાસના પ્રકાશમાં

જૂનાગઢ યુદ્ધ-યોજના

લેખક : શ્રી. લીલાધર ભટ્ટ

"આ જૂનાગઢના સવાલનું શું નિરાકરણ આવશે ?"

"કેમ, પ્રજાના સાર્વભૌમત્વમાં તમને વિશ્વાસ નથી ?"

"હું તો તાજેતરમાં સ્થપાએલી જૂનાગઢની આરઝી હકૂમતની વાત કરું છું."

"એમાં તમને નવાઈ શી લાગે છે ? નેતાજીએ આરઝી હકૂમત નહોતી સ્થાપી ?"

"પણ નેતાજીની આરઝી હકૂમત તો એક અનોખો બનાવ હતો. પણ આ જુનાગઢ માટે સ્થપાએલી આરઝી હકૂમતનો વિચાર કરતાં તો સંજોગો અને પરિસ્થિતિમાં નેતાજીની આરઝી હકૂમત કરતાં ઘણો ફરક છે."

"તમારી વાત સાચી છે. પણ આરઝી હકૂમત જો જુનાગઢની આમજનતાની આશા અને અરમાનોનું પ્રતિબિંબ હશે તો એનો આખરે વિજય થશે જ. હા, જુનાગઢની આ લડત આજકાલમાં પતી જશે એમ માનનારા સાચા નથી. મને તો લાગે છે કે એને માટે ઓછામાં ઓછાં બે વર્ષ રાહ જોવાની તૈયારી રાખવી જોઇએ.'

'પણ એટલા લાંબા ગાળા દરમિયાન હકૂમતનું કામકાજ શી રીતે આગળ ધપશે ?'

"એ તો હકૂમતના સંચાલકો જાણે. પણ એક વાત છે. જુનાગઢની પ્રજાનાં સંગઠન અને તાકાત ઉપર જ હકૂમતના જય-પરાજયનો આધાર છે.'

'તો તો રાજ્ય કબજે કરવાની વાત તો ખરી જ ને ? હકૂમતનો અર્થ જ એ કે કોઇ પ્રદેશ ઉપર એમની સત્તા ચાલતી હોય.'

'હા, પણ કામ ઘણું કઠણ છે.'

"અને તમને એમ નથી લાગતું કે આવાં કોઈ પગલાંની પાછળ સિદ્ધાન્તનું પણ જોર જોઇએ ?"

"રાજ્ય કબજે કરવા માટે ફક્ત બે જ રાજકીય ફીલસૂફીઓએ એ વિષેના વિજ્ઞાનને વ્યવસ્થિત કરવાનો પ્રયાસ કર્યો છે. એક તો ગાંધીવાદે અને બીજા સામ્યવાદે !'

'તમે થોડેક અંશે સાચા છો. આ બંને ફીલસૂફીઓએ જે સિદ્ધાંતો તારવ્યા છે એ તારવણી ઉપર આવવાનો એમણે અલગ અલગ માર્ગ અપનાવ્યો છે. સામ્યવાદે રાજ્ય કબજે કર્યા પછી એ અનુભવોને આધારે વિજ્ઞાન બનાવ્યું, જ્યારે ગાંધીજીની આર્ષ દૃષ્ટિએ એ માર્ગ પહેલેથી જ જોયો અને એમણે એ રજૂ કર્યો.'

'તો શું આ સિવાય બીજા કોઈ ફીલસૂફોએ આ અંગે કંઈ વિચાર્યું જ નથી ?'

'એવું તો કેમ કહેવાય ? સત્તાને કબજે કરવાનું રીતસરનું વિજ્ઞાન તો આ વાદોએ જ બનાવ્યું પણ એ દિશામાં બીજા કેટલાક ફીલસૂફોએ વિચાર્યું તો છે જ. બાકુનીન, ક્રોપટકીન જેવા અરાજ્યવાદીઓએ રાજ્યની લગામ એક નાનકડી લઘુમતીના હાથમાં હોઈ એ લઘુમતી વિશાળ સમુદાયને કચડી રહેલ હોવાથી એવી જ એક નાનકડી અને મજબૂત લઘુમતી જનતામાંથી ઉભી કરીને એની મારફત રાજ્યના વિનાશની વાત કરી છે. જ્યારે હીટલર, મુસોલીની જેવા ફાસીસ્ટોએ લશ્કરી ઢબે રાજ્યને કબજે કરવાની અને ટ્રોટ્સ્કી અને લેનીન જેવા સામ્યવાદી વિચારકોએ કિસાનકામદારનાં સંગઠન દ્વારા ક્રાંતિ કરાવી અને એ ક્રાંતિમાં લશ્કરને ભેળવી રાજ્યને ઉથલાવી પાડી, મજૂરોની સરમુખત્યારશાહી સ્થાપવાની વાત કરી છે.'

'આ તો બધી સિદ્ધાંતની વાતો થઈ. કોઈ પણ પગલાં પાછળ બહુજન સમાજના સુખને સ્થાપિત કરવાના પાયા ઉપર રચાએલ સિદ્ધાંતનું

જોર નહિ હોય તો એમાંથી ફાયદાને બદલે ગેરફાયદો થશે એ હું સમજું છું છતાંય તમે એવી કોઈ પદ્ધતિ વિષે જણાવી શકો એમ છો કે જેને સામાન્ય જનતા પણ અમલમાં મૂકી શકે ?'

'તમારી વાત મુદ્દાની છે. સામ્યવાદ અને ગાંધીવાદે જનતાના પીઠબળ ઉપર મદાર બાંધ્યો. સામ્યવાદે સત્તાના કબ્જાની (Capture) વાત કરી છે જ્યારે ગાંધીવાદે સત્તાના ઉદ્ભવની (Evolution) વાત મૂકી છે. પણ આ બધી વિગતની ચર્ચામાં આપણે નહીં ઊતરીએ. ૧૯૩૯–૪૫ની લડાઈ દરમિયાન યુરોપના દેશોમાં જર્મન ફાસીવાદ સામે જે ગેરીલાયુદ્ધ નાઝીવાદની એડી નીચે ચગદાએલા રાજ્યોના નાગરિકો લડ્યા તેમાંથી આપણને ઘણું જાણવાનું મળી શકે એમ છે. નાઝી લશ્કરની અદ્યતન સજાવટ સામે એક નાનકડું રાષ્ટ્ર બિચારું કેટલું ટકી શકે ? પરંતુ એક સ્વમાની રાષ્ટ્ર ગુલામીને તો શી રીતે બરદાસ્ત કરી શકે ? અને એથી પરદેશી સત્તાને ઉખેડી નાખવાની પ્રજાની પ્રબળ મનોવૃત્તિની બુનિયાદ ઉપર મંડાએલા ગેરીલા યુદ્ધનાં મંડાણ આ રાજ્યોમાં થયાં હતાં.'

'પણ ગેરીલા યુદ્ધની શરૂઆત તો બીજા વિશ્વ યુદ્ધમાં જ થઈ હતી ? એ શોધ તો જુની છે.'

'સાચી વાત ! બીજા વિશ્વયુદ્ધ પહેલાં યે પણ એ તો વર્ષોજુની છે. 'ગેરીલા યુદ્ધ' એ નામાભિધાન સ્પેનમાં પડ્યું છે. સ્પેનીશ ભાષામાં Guerra નો અર્થ લડાઈ થાય છે. Guerrilla એટલે નાની લડાઈ ! આવા ગેરીલા યુદ્ધનો મુખ્ય આશય દુશ્મન લશ્કરને હેરાન પરેશાન કરી લશ્કરની માનસિક તાકાતને તોડી પાડવાનો હોય છે.'

'આપણા દેશમાંય આ પ્રવૃત્તિનો પ્રયોગ તો થયો જ હશે ને !'

'હા. અહીં પણ તે વર્ષોજૂનો છે. ઔરંગઝેબના વખતમાં મેવાડના રાણાએ આ પદ્ધતિએ લડીને ઔરંગઝેબને હેરાનપરેશાન કર્યો હતો. અને આને પરિણામે ઔરંગઝેબ જીવ્યો ત્યાં સુધી મેવાડનું નામ લેવાનું ભૂલી ગયો હતો. દક્ષિણમાં શિવાજીએ અને ઉત્તરમાં ગુરૂ ગોવિંદસિંહ અને વીર બંદાએ પણ ગેરીલા પદ્ધતિ જ અખત્યાર કરી હતી. એમણે તૈયાર કરેલ 'અકાલી' લડવૈયાની તાલીમ અને પદ્ધતિ એક ગેરીલા સૈનિક જેવી જ હતી. ૧૮૫૭ના બળવા વખતે અને છેલ્લે ૧૯૪૨ની લોકક્રાંતિ વખતે આ પદ્ધતિનો શક્તિ મુજબ ઠીકઠીક પ્રયોગ થયો હતો.'

'અને પરદેશમાં ?'

'નોર્મન્ડીના વિલિયમે ઇંગ્લેંડ પર ચઢાઈ કરી ત્યારે ઇંગ્લેંડના બહાદુર લોકોએ હિઅરવાર્ડ ધી વેકની સરદારી હેઠળ ગેરીલા પદ્ધતિથી જ લડાઈ આપી હતી. ૧૮૦૫થી ૧૮૧૫ દરમિયાન યુરોપની ધરતી ઉપર નેપોલીઅન સામે ખેલાએલાં જંગમાં ગેરીલાઓએ જ મુખ્ય ભાગ ભજવ્યો હતો. બ્રિટનનું લશ્કર હારીને એના સેનાપતિ વેલીંગ્ટનની સરદારી હેઠળ પોર્ટુગલમાં ભરાઈ બેઠું હતું અને આખાયે સ્પેન ઉપર ફ્રેંચ સૈનિકો પથરાઈ પડેલા હતા. ત્યારે સ્પેનના લોકોએ ગેરીલા પદ્ધતિએ ફ્રેંચ લશ્કરને હેરાન પરેશાન કરી મૂકીને અધમૂવું બનાવી મૂક્યું હતું આ હેરાનપરેશાન ફ્રેંચ લશ્કર ઉપર પાછળથી વેલીંગ્ટને હુમલો કરીને ફ્રેંચ લશ્કરને સ્પેનમાંથી મારી ભગાડ્યું હતું. અમેરિકાના સ્વાતંત્ર્ય જંગ દરમિયાન જ્યોર્જ વોશીંગ્ટને એક બાજુ મજબુત લશ્કર જમાવવાનું ચાલુ રાખીને અંગ્રેજો સામે બીજી બાજુ ગેરીલા યુદ્ધથી લડાઈ ચાલુ રાખી હતી. સ્પેનમાં ફ્રાંકો સામે, ચીનમાં જાપાન સામે અને રશિયામાં જર્મનો સામે લડવામાં ગેરીલાઓએ અગત્યનો ભાગ ભજવ્યો છે.'

'પણ સ્પેન, ચીન રશિયા કે બીજા દેશના ગેરીલાઓએ આટલી બધી બહાદુરીપૂર્વક લડાઈ આપી છતાં તેઓ કેમ વિજયી ન બન્યા ?'

'ગેરીલા યુદ્ધની કેટલીક મર્યાદાનો આપણે સ્વીકાર કરી લેવો જોઈએ. ગેરીલા યુદ્ધનો અંતિમ લશ્કરનાં બહારનાં થાણાં ઉપર પ્રહાર કરીને એમને અંદરના અને વધુ સુરક્ષિત મોરચા ઉપર ખસેડવાનો, એમના આ મોરચાને વધુ સુરક્ષિત બનાવવાની ફરજ પાડવાનો અને એ રીતે લશ્કરી તાકાત ઘટાડવાનો અને લશ્કરની માનસિક તાકાતને તોડી હેરાન પરેશાન કરવાનો હોય છે. પરંતુ જો ગેરીલા-

એએ પદ્ધતિસર તાલીમ પામેલા અને યુદ્ધના અદ્યતન સાધનોવાળા હાલના લશ્કર ઉપર વિજય મેળવીને દુશ્મનના પ્રદેશ ઉપર કબજો મેળવવો હોય તો ગેરીલાને એવા જ તાલીમ પામેલા, પદ્ધતિસરના લશ્કરનું પીઠબળ હોવું જ જોઈએ.

'સ્પેનમાં ગેરીલાઓ ૧૯૩૫-૩૭ની સાલ દરમિયાન ફ્રાંકોની ફાસીસ્ટ સરકાર સામે વીરતાપૂર્વક લડ્યા પરંતુ એમને લશ્કરનું પીઠબળ ન હતું એથી ફ્રાંકોની સત્તાને સ્પેનની ધરતી ઉપરથી ઉખેડી ન શક્યા. અને તમે પેલા નામચીન લોરેન્સનું નામ તો સાંભળ્યું જ હશે ?'

'હા, ટર્કીના સામ્રાજ્યની એકતા તોડવા માટે આ અંગ્રેજ બચ્ચો પેલેસ્ટાઇનમાં જઈ ત્યાંના આરબ લોકો સાથે હળીમળી ગયો હતો. એણે અરબી ભાષા, રહેણીકરણી અને પહેરવેશ અપનાવ્યાં હતાં. એનો આશય આરબોને ઉશ્કેરી પેલેસ્ટાઈનને ટર્કીથી છૂટા પડાવવાનો હતો. પણ એનાં આ કૃત્યોની પાછળ તો બ્રિટિશ સામ્રાજ્યશાહીની રાજરમત હતી.'

'તમારી વાત સાચી છે. પરંતુ લોરેન્સના રાજકીય હેતુઓની ચર્ચા આપણે પછી કરીશું: હું તો લોરેન્સ પણ તુર્કીની સામે આરબોનો સાથ મેળવી ગેરીલા યુદ્ધ જ લડ્યો હતો એ કહેવા માંગતો હતો. લોરેન્સે ગેરીલા યુદ્ધની પદ્ધતિને વધુ વ્યવસ્થિત બનાવવાનો પ્રયાસ કર્યો છે. 'ધી સેવન પીલર્સ ઓફ વીઝડમ'માં એણે ગેરીલા યુદ્ધના મુખ્ય સિદ્ધાંતોની તલસ્પર્શી મીમાંસા કરી છે.

'ગેરીલા યુદ્ધમાં પ્રચારને એણે મોખરાનું સ્થાન આપ્યું છે. એ માનતો કે સૈનિકોની સામે તો લશ્કર લડી શકે પરંતુ વિચારનો સામનો લશ્કરથી કોઈ દિવસ થઈ નહિ શકે. વળી તેણે કહ્યું છે કે દુશ્મનને જે વસ્તુની સૌથી વધુ જરૂર હોય પરંતુ એ જરૂરી વસ્તુ માટે એને બીજા ઉપર આધાર રાખવો પડતો હોય કે એને તુરતમાં જ લાવી શકે એમ ન હોય એવી વસ્તુઓ ગેરીલાના છાપાઓ માટેનું લક્ષ્યસ્થાન બનવું જોઈએ: એના કહેવા મુજબ ગેરીલાઓને આક્રમણકારી થવું એ જ ફાયદાકારક છે કારણ કે દુશ્મનને વધુમાં વધુ અને પોતાને ઓછામાં ઓછું નુકશાન પહોંચે એ દૃષ્ટિ ગેરીલાએ લક્ષ્યમાં રાખવાની છે. આની સાથોસાથ લોરેન્સે છૂપાઇને કામ કરવાની આવશ્યકતા અંગે પણ પૂરતો ભાર મૂક્યો છે.

'આ આખીએ વાતને સમેટતાં ગેરીલા પ્રવૃત્તિને આગળ વધારવી હોય તો ચાર મુખ્ય બાબતો ઉપર ધ્યાન આપવું જોઈએ:

(૧) દુશ્મનો ઉપરના આશ્ચર્યકારક હલ્લા: એને માટે ગેરીલા પાસે દુશ્મનની શક્તિ અને સજાવટની સંપૂર્ણ અને ચોક્કસ માહિતી હોવી જોઇએ; હુમલાની વિગતો દુશ્મનો જાણી ન જાય એમ ખાનગી રાખવી જોઇએ.. જે સ્થળે હુમલો કરવાનો હોય તે સ્થળની આજુબાજુની ભૌગોલિક સ્થિતિની સંપૂર્ણ માહિતી અને દુશ્મનને ગેરરસ્તે દોરવાની કાબેલિયત હોવી જોઈએ.

(૨) દુશ્મનથી અદશ્ય રહેવાની શક્તિ.

(૩) સાવચેતી અને સંભાળપૂર્વકની યોજના અને છેલ્લી પણ સૌથી અગત્યની

(૪) શિસ્તની મજબૂત ભાવના.

આના ઉપર જો ગેરીલા પ્રવૃત્તિનાં મંડાણ થાય તો ગમે તેવા દુશ્મનને હંફાવી શકાય. બાકી તો આપણી આગળ દેશવિદેશના ગેરીલાનો ઇતિહાસ પડેલો છે. એમાંથી આપણે કેટલુંએ શીખી શકીએ એમ છીએ.'

*

એક વાર રાજકોટથી યાજ્ઞિક સાહેબ એમની અવેતન નટ ચમૂ સાથે સીતાનું નાટક ભજવવા જૂનાગઢ ગયા. નવાબ સાહેબ જોવા પધારેલા. નવાબ સાહેબે સીતાને વલ્કલ પહેરેલી જોઈ. એમનું હૃદય દ્રવી ઊઠયું. એમનાં રાજ્યમાં આવો જુલમ? એમનાં રાજ્યમાં નાટકમાં સીતા આવાં કપડાં પહેરે તેમાં એમનું કેવું બુરૂં દેખાય? એમણે હુકમ છોડયો કે જલદી ને જલદી જનાનખાનામાંથી સારામાં સારાં કપડાં લઇ આવો ને સીતાને પહેરાવો! યાજ્ઞિક સાહેબ કૈંક ખબડતા-સમજાવતા રહ્યા. પણ છેવટે એમને ય હસીને સ્વીકારવું પડયું! નવાબના રાજ્યમાં સીતા વલ્કલ પહેરે તો થઈ રહ્યું ને?

જાણો છો ?

આપના બીઝનેસની વિશાળ જાહેરાત માટે 'જીવન-પ્રકાશ' સબળ સાધન છે. ઓછામાં ઓછા ખર્ચે વધુમાં વધુ જાહેરાત કરવા માટે આજે જ એની યોજના મગાવો.

ખોવાએલા સંસ્કારો

સ્વાધીનતા ન મળે ત્યાં સુધી, અથવા તમામ ક્ષુધાર્તોને રોટી ન મળે ત્યાં સુધી, કોયલોને વીણી વીણી આપણે મારી નથી નાખતા. પુષ્પોને ખીલવાનો ને પતંગિયાને નૃત્ય કરવાનો મનાઈ હુકમ કોઈ નથી કાઢતું. પહાડોના શિખરો સુંદર હરિયાળાં બનતાં અટકતાં નથી. સંધ્યા-ઉષાનાં ચિત્રણકામ નિષેધ પામતાં નથી. ચંદ્ર-તારાઓને બુઝાવી નાખી આકાશ શોક પાળવા બેસતું નથી.

કલા એ જો સહજ અને સ્વયંસ્ફુરિત માનવવૃત્તિ હોય, તો તેને પણ પેટની ક્ષુધાવૃત્તિની સાથોસાથ ધ્યાનમાં લેવી જ રહેશે. બેશક ખેતરોનાં લીલામ કરાવીને ચિત્રશાળાઓ વસાવવાનું આપણે નથી કહેતા. નાચ કરવા મંડો! એટલે ભૂખ ભુલાઈ જશે એમ પણ નથી કહેતા. પરંતુ તેની જ સામે, મુંબઈમાં એક નટીએ નૃત્ય કર્યું તેના પરિણામે પ્રજાની મનોદશા ક્રાન્તિવિરોધી બની ગઈ, રાષ્ટ્રબળને આઘાત થયો, યુદ્ધોન્મુખ મનોદશા ઓસરી ગઈ, સરકારનાં જુલમચક્રોને જોર મળ્યું, ને ગામડાંમાં હાહાકાર વર્તી ગયો, એવું ચિત્ર દોરવાની મનોદશા પણ ખરાબ છે, વિપથગામી છે, ને કાં ઢોંગી છે.

માનસશાસ્ત્રનો ઊંડો તલસ્પર્શ કરશું તો આપણી પોતાની જ નજરમાં કેટલીક વાતોનાં મૂલ્યપરિવર્તન થઈ જવાનાં. કહેવાતા ઉદ્દીપક નાટારંભોએ જાતીય વિકૃતિ કરી મૂકી, કે કહેવાતી સંયમી સાદાઈના કરંડિયામાંથી એ સાપ ફૂંફાડી ઊઠ્યો? પૂછજો જઈ અનુભવીઓને.

સ્વ. ઝવેરચંદ મેઘાણી ('પરિભ્રમણ' ભાગ ૩)

*



આ તે ધર્મ ?

રજસ્વલા સ્ત્રી માટેના નિયમો જુઓ. તેણે ત્રણ દિવસ દાતણ ન કરવું. ખાખરાના પડિયામાં કે માટીના પાકા વાસણમાં પાણી ન પીવું. વાળ ઓળવા નહીં. નખ કાપવા નહીં. કાંતવું નહીં. દહાડે સૂવું નહીં. આકાશમાં તારા જોવા નહીં. હસવું નહીં. એને માટેની રસોઈ કે એની માલિકીનું અનાજ બીજાંએ ખાવાં નહીં. થાળીની જગાએ હથેળીનો ઉપયોગ કરવો. તે જો વિધવા હોય તો ત્રણ દિવસ તેણે લાંઘણ કરવી; સધવા હોય તો એકટાણું કરવું. રજસ્વલાઓએ એક જ વર્ણની હોય તો યે એકબીજાને અડવું નહીં. અડે તો એક રાતની લાંઘણ. તે જો નીચલા ગણાતા વર્ણની રજસ્વલાને અડે તો તેણે ચોથા દિવસના સ્નાન સુધી જમવું નહીં. રજસ્વલાને ચાંડાળ કે અંત્યજ કે કૂતરું કે કાગડો અડે, તો તેણે ચોથા દિવસના સ્નાન સુધી ભૂખ્યા રહેવું. ઊંટ, શિયાળ કે શંબર અડે તો પાંચ દિવસની લાંઘણ કરવી. રજસ્વલા ચોથે દિવસે માંદી હોય, તો તેને નવડાવવી નહીં; પણ બીજી સ્ત્રી ન્હાઈ તેને સ્પર્શ કરે ને તે પોતે સવસ્ત્ર ન હોય. આવું સ્નાન દસવાર કરે, ને દરવેળા આચમન કરે. પણ કર્ણાટકમાં જે લિંગાયત-સંપ્રદાય છે તેમાં રજસ્વલાની અસ્પૃશ્યતા કદલ પળાતી જ નથી, તેનું શું!

શ્રી. ચંદ્રશંકર માણશંકર શુક્લ 'મંદિરપ્રવેશ અને શાસ્ત્રો'

*

'બાબાવાક્યમ્'

મેઘાણીની પ્રતિભા બીજા વર્ગની. મેઘાણીનું 'જિનિયસ' 'એસિમિલેટિવ' ખરું. પારકું પકડી, પોતાનું કરી દેખાડે ખરા. એટલા પૂરતી મૌલિકતા ખરી. મેઘાણીનો કંઠ મેઘાણીનો મોટો ટેકો. આણી

માત્ર વહુ પર જ નહીં, વહુના નામ પર પણ માછલાં ધોવાયાં છે! આ રહ્યા ઉચ્ચારના પ્રકારો:
વહુ — વઉ — વાઉ — વો — વવ
કોણ વધુ સમૃદ્ધ? ગુજરાતી ભાષા કે વહુનાં મુરબ્બીઓની જીભો? —શનિ

એક વાત કહું. એમનું પેલું બહુ ચવાયેલું–ગવાયેલું 'કોઇનો લાડકવાયો' લો. એમાં લોકો રાષ્ટ્રીય ભાવના જુએ છે એનું મને આશ્ચર્ય થાય છે! મને પોતાને તો એમાં પતિપત્ની, માતાપુત્ર, ભાઇબહેન વગેરેમાં જે ધરગથ્થુ સ્નેહસંબંધો છે, તેનું જ ઊર્મિભર્યું ગાન લાગે છે, બોટાદકર પણ એવું કરે છે, પણ બોટાદકર કરતાં વધારે કલામયતાથી, ને શબ્દોના ચાર છ લસરકાથી એ વધારે અસરકારકતા સાધી શકે છે, જેમનાથી એમને રાષ્ટ્રીય શાયરનું બિરુદ મળ્યું છે, એ બધાં પ્રસંગકાવ્યો છે; ને પ્રસંગકાવ્યોમાં એ ચિરંજીવિતા લાવી શકે એવા કવિઓ આપણે ત્યાં છે. મેઘાણીનાં કાવ્યોની ચિરંજીવિતા હોય તો તે એનાં કાવ્યતત્ત્વને લીધે નહીં, પણ એથી જુદાં જ લક્ષણોને લીધે. હું માનું છું કે મારો ભાવાર્થ તમને સમજાય છે.

રમણલાલની લોકપ્રિયતા ઘટતી જાય છે; રમણલાલને આગળ આણ્યા ગુજરાતના સ્ત્રી વર્ગે. ને પછી એમણે અખતરા કર્યા લોકજીવનના ફેંટા પાડવાના, એટલે કાળબળની પરિસીમામાં સપડાયા. એમનાં પાત્રો 'ઇન્ડીવિડ્યુઅલ્સ' નથી, 'ટાઇપ્સ' છે.

—મધુકર રાંદેરિયા ('રશ્મિ')

*

શિવાજીના વંશજનો કૂતરા-શોખ

(અર્પણ: જૂનાગઢ નવાબ અને અન્ય સમાનધર્મી રાજામહારાજાઓને)

થોડી વાર થઇ. દરબાર ભરાઇ ગયો. અત્તરની ખુશ્બુ મહેકી રહી. ફુલોના જાણે બાગ રચાયા. હુક્કાના ગડગડાટ સંભળાયા. શાહુ મહારાજના પાસવાનો આવી ગયા...રામુ તાઈ, મોરપંત મીંતલે, નાગોજી માને...ચંદસેન જાદવ...

મહારાજની મુલાયમ ગાદીની પાછળનો ચક સળવળ્યો. નારી સમુદાય આવવા માંડતો લાગ્યો.

શાહુ મહારાજ પધાર્યા. એમની પાછળ એમનાં માનીતાં કૂતરાંઓની મોટી ફોજ આવી.

તમામ કૂતરાઓ શણગારેલાં હતાં.

ખાસ કરીને એક કૂતરો–નિઝામનો બક્ષેલો નખશીખ કિનખાબના વેશમાં હતો, એના માથા ઉપર ઝીકસતારા ભરેલી ટોપી મુગટના આકારની પહેરાવી હતી. એના ગળામાં મોતીના કંઠા હતાં.

આ કૂતરાને રાજનો પહેલા વર્ગના સરદાર તરીકેનો ખિતાબ મળ્યો હતો. એના આગલા બેય પગમાં સોનાના પાતળા તોડા પણ હતા. શાહુ મહારાજની જમણી બાજુએ એ કૂતરો બેઠો.

શ્રી. ગુણવંતરાય આચાર્ય કૃત 'સેનાપતિ'.

+

પક્ષીતીર્થમ્

તમને થશે કે આ પક્ષીતીર્થ એ વળી શું? અહીં બે પક્ષીના દર્શન કરવાનો મહિમા છે. અને એ દર્શન કરીએ એટલે અહીંની યાત્રા કરી ગણાય.

...આ પક્ષીઓ વિષે એક દંતકથા એમ જણાવે છે કે બે ભાઇઓ હતા, તેમાં એક શિવમાર્ગી હતો અને બીજો વિષ્ણુમાર્ગી હતો. કોના ઇષ્ટદેવ મોટા એ બાબતમાં બંનેને તકરાર થઇ. લડતા લડતા તેઓ શિવ પાસે પહોંચ્યા. બંને ઇષ્ટદેવો એકજ છે, એમ શિવે તોડ કાઢ્યો; છતાં આ બેની તકરાર શમી નહિ, એટલે શિવે ગીધસ્વરૂપે અવતરવા બંનેને આજ્ઞા કરી. બંને ગીધ રુપે પૃથ્વી પર આવ્યા. બંને જણે પોતાના ઉદ્ધાર માટે શિવને પ્રસન્ન કર્યા. શિવે તથાસ્તુ કહી, તેમની ઇચ્છા પૂરી કરવા જણાવ્યું; પણ આ ઉતાવળીઆઓએ તત્કાળ ઉદ્ધારની માગણી કરી. શિવ ચીડાયા. કળિયુગના અંત સુધી તમો પૃથ્વી ઉપર ગીધ રૂપે જ રહો, એવી એ ત્રિલોચને તરત આજ્ઞા છોડી. આજે એ બે ભાઇઓ પૃથ્વી ઉપર પોતાના ઉદ્ધાર માટે કળિયુગના અંતની રાહ જોઈ રહ્યા છે.

–શ્રી. શાન્તિલાલ જીવણલાલ ગાંધી ('દક્ષિણ ભારતનાં તીર્થધામો')

• • •

"પોતાના ૨૧ વર્ષની વયના દીકરા કે દીકરીને રહેવાં સારુ મકાનમાલિક, ભાડુત પાસેથી જગ્યા મેળવી શકે...એ કલમનો શો અર્થ?"

"એનો અર્થ સરકારની નજરે એ કે, મકાનમાલિકના એટલી ઉંમરના છોકરા-છોકરી ઘરમાં રાખવા જેવાં હોતાં નથી,

ત્યારે ભાડુતની નજરે–એમના જન્મઘરમાં રાખવા જેવા હોય છે!" —શનિ

• • •

સમીક્ષક :
શ્રી. ઇશ્વરલાલ ર. દવે
એમ. એ.

સંવત ૨૦૦૩નું સાહિત્ય-સરવૈયું

સિદ્ધિ અને અસિદ્ધિ

સંવત ૨૦૦૩નો સાહિત્ય-ફાલ જોતાં ઠીક ઠીક સમૃદ્ધિ નજરે ચડે છે. કવિતા, નવલકથા, ટૂંકી વાર્તાઓ, વિવેચન ઈત્યાદિ સાહિત્ય-પ્રકારોમાં સારી ને સંખ્યાબંધ કૃતિઓ પ્રસિદ્ધ થઈ છે. આપણું સાહિત્ય પ્રગતિને પંથે છે એમાં પ્રશ્ન નથી. આપણા સાહિત્યકારનું દૃષ્ટિફલક વિશાળ થતું જાય છે, એની નિરૂપણશૈલીમાં કલાત્મકતાના ઓપ ચઢતા જાય છે; જો કે હજી એનામાં દ્રષ્ટાની કે રસકવિની ઉચ્ચ કોટિની પ્રતિભા નજરે ચડતી નથી. છતાંયે ભાવિ વિશેષ ઉજ્જવળ જણાય છે. સાવધાનીપૂર્વક નવા પ્રયોગો કરવાની વૃત્તિ વધતી જાય છે એ શુભ ચિહ્ન છે.

આપણી કાવ્યભાવના બ. ક. ઠા. ના પિંજરમાંથી હવે છૂટવા માંડી છે. નવલકથાઓમાં સ્થાનિક રંગો પૂરનારા હવે માનવજીવનના અપેક્ષિત આલેખન તેમજ રસદૃષ્ટિને ભોગે વધુ પડતી સ્થળપ્રિયતા દર્શાવી રહ્યા છે. કેટલાક પ્રયોગકારો રસનિષ્પત્તિનો ખ્યાલ રાખ્યા વિના પ્રયોગશોખમાં ચકચૂર રહે છે. પણ સૌથી મોટો દોષ તો આપણા સાહિત્યકારની ચિંતન-દરિદ્રતાનો છે. આપણા સાહિત્યકારમાં જોઈએ તેટલી મૂલ્યાંકન-શક્તિ પણ દેખાતી નથી. એટલે જ તો પ્રાસંગિક કૃતિઓ રચ્યા વિના એનાથી રહેવાતું નથી. સરદાર અને રવિશંકર મહારાજ, નેતાજી અને આઝાદ ફોજ : એ સિવાય એમની દૃષ્ટિ દૂર દોડી શકતી નથી. નેતાજીની સાચી-ખોટી 'રટ્ટ'-કથાઓએ પ્રકાશકોને કે ક્વચિત લેખકોને રળાવ્યા હશે, પણ એમાંથી જનતામાં પ્રેરક નીવડે તેવી એકેય કૃતિ મળી નથી; બધી છાપાળવી, ભાટાઈથી ભરેલી છે, અને અમુક તો જનતાની છેતરપીંડી કરનારી પણ છે.

વર્ષભરની શ્રેષ્ઠ કૃતિઓ

સાહિત્ય-પ્રકાર	કૃતિ	લેખક
કવિતા	'આતિથ્ય'	શ્રી. ઉમાશંકર જોશી
નાટક	'છીએ તે જ ઠીક'	શ્રી. કનૈયાલાલ મુનશી
નવલકથા	'ભગવાન પરશુરામ'	" " "
નવલિકા	'વિલોપન'	સ્વ. ઝવેરચંદ મેઘાણી
વિવેચન	'અર્વાચીન કવિતા'	શ્રી. સુંદરમ્
ચિંતન	'વાતાયન'	શ્રી ધૂમકેતુ
શાસ્ત્રીય કૃતિ	'મંદિરપ્રવેશ અને શાસ્ત્રો'	શ્રી. ચંદ્રશંકર શુક્લ
જીવનચરિત્ર	'શુક્રતારક'	શ્રી. વિજયરાય વૈદ્ય
સંશોધન	'સોરઠી સંતવાણી'	સ્વ. મેઘાણી
સંપાદન	'મુંડકોપનિષદ'	શ્રી. મગનભાઈ દેસાઈ
રાજકારણ	'બ્રિટિશ શાહીવાદની જંજિરો'	શ્રી. પ્રાણશંકર જોશી
ઇતિહાસ	'રોમ'	શ્રી. દર્શક
પ્રવાસ	'હિમાલયનું પર્યટન'	શ્રી. હિંમતલાલ દુનારા
વિજ્ઞાન	'ખગોળ-પ્રવેશ'	શ્રી. છોટુભાઈ સુથાર
માહિતી-ગ્રંથ	'અપ્સરા' (ખં.-૨)	શ્રી. રમણલાલ દેસાઈ

ગત વર્ષનું શ્રેષ્ઠ સર્જન "ભગવાન પરશુરામ"

કવિતા

આ વર્ષના કાવ્યસંગ્રહોમાં શ્રેષ્ઠ સ્થાન શ્રી ઉમાશંકર જોષીના કાવ્યસંગ્રહ 'આતિથ્ય'ને મળે છે. અદ્યતન કવિતાના સર્જકોમાં અગ્રણી લેખેનું સ્થાન સાર્થક કરતો આ સંગ્રહ નવીન કવિતાના પ્રયોગોનું રમણક્ષેત્ર બન્યો છે. બાહ્ય પરિસ્થિતિ

ક્ષોભિકર હતી તે સમયનું-૧૯૪૨ નું પ્રતિબિંબ આ કાવ્યોમાં અમુક અંશે મળે છે; પણ એ વેળા એ બધું વિસ્મરીને કવિને કેમ પ્રિયાને લઈને ઉલ્લાસવું ગમે છે તેનો વિરોધ એક "સામ્યવાદી" વિવેચકે પ્રકટ કર્યો છે, પરંતુ કાવ્યરસની દૃષ્ટિએ એ વિરોધ અપ્રસ્તુત છે. કવિનું સંવેદન અમુક જ ક્ષેત્રે વર્ત્યું જોઈએ એવો આગ્રહ આપણે રાખી શકીએ નહીં. આ સંગ્રહની ખાસ સમૃદ્ધિ ગણાય તેવાં તેનાં મનોહર ગીતો છે. એમનાં સોનેટોમાં ઊંડા જીવનમર્મો પકડવાનો કવિ-પ્રયત્ન છે.

શ્રી. અનામીનો કાવ્યસંગ્રહ 'ચક્રવાક' આ વર્ષે વિના કારણે અપ્રસ્તુત ચર્ચા જગાવી ગયો. એની પ્રસ્તાવના પ્રો. વિ. ર. ત્રિવેદીએ કેમ લખી આપી? એ પ્રસ્તાવનામાં વિવેચન કેમ નથી? એ પહેલો પ્રશ્ન. બીજો પ્રશ્ન: કવિએ પોતે જ પ્રસ્તાવનામાં કહ્યું છે કે હું કવિ નથી, 'કવિ' શબ્દના સાચા અર્થમાં કવિ નથી; બસ, પછી વધારે કહેવાનું શું રહે છે! કવિ પોતે જ એકરાર કરે છે, પછી વિશેષ શું? અલબત્ત, શ્રી અનામીનાં કાવ્યોમાં અર્થલક્ષી શૈલી છે; ચારુતા ને આકર્ષણનાં તત્ત્વો ઓછાં છે, નવીન કવિતામાં સુલભ એવી દૂરાકૃષ્ટતા ને શબ્દાળુતા છે, છંદદોષો છે, તે છતાં એમના એકરાર મુજબ એ કવિ જ નથી, એમ કહેવું એ અન્યાય રૂપ જ છે. શ્રી. અનામીનું સ્થાન નવીન કવિઓમાં અલબત્ત સરું છે. કેટલાંક અર્થઘન કાવ્યો, અને કેટલાંક પ્રણયકાવ્યોની પ્રાસાદિકતા ને મનોહારિતા એમને કાવ્યશક્તિ મળેલી છે તેની સાક્ષી પૂરે છે.

શ્રી. પૂજાલાલે આ વર્ષે ત્રણ સંગ્રહો આપ્યા છે. એમાંનો પહેલો સંગ્રહ 'ગીતિકા' ગીતસંગ્રહ છે; બીજો 'કાવ્યકિશોરી' બાળકાવ્યોનો છે; અને ત્રીજો 'પ્રશાંતગીત' એ નવા પ્રભાતિયાંનો છે. આમાંનો ત્રીજો સંગ્રહ ખાસ નોંધપાત્ર છે નરસિંહ મહેતા પછી આધ્યાત્મિક ભૂમિકાની તન્મયતા સાથે કાવ્યશક્તિનો સુમેળ દાખવતાં પ્રભાત ગીતો આ પહેલાં જ છે.

શ્રી. મનસુખલાલ ઝવેરીનો કાવ્યસંગ્રહ 'અભિસાર' આ વર્ષે પ્રકટ થયો છે. 'ફૂલદોલ' કે 'આરાધના'ની મનોહરતા-ગંભીરતાની ચારુતા આ સંગ્રહમાં ઓછી છે. શ્રી. પ્રશાંતનાં ગેય ગીતોનો સંગ્રહ 'પથિક' સ્વ. મેઘાણીની શૈલીએ કરુણ અને વીરના ભાવો વ્યક્ત કરતાં કેટલાંક ગીતોથી વિશિષ્ટ બન્યો છે. શ્રી. નાથાલાલ દવેનું 'સ્વાતંત્ર્ય-પ્રભાત' પંદરમી ઑગસ્ટને અન્વયે લખાયેલાં-સંગ્રહાયેલા પ્રાસંગિક કાવ્યોની પુસ્તિકા છે, જો કે સદ્‌ભાગ્યે એની રસિકતા સર્વત્ર પ્રસંગ પૂરતી મર્યાદિત નથી. શ્રી નાથાલાલ દવેએ સંપાદિત કરેલાં શ્રી હરગોવિંદ પ્રેમશંકર ત્રિવેદીનાં કાવ્યો 'રૂબાઈયાત અને બીજાં કાવ્યો' પણ આ વર્ષે પ્રકટ થયાં છે. શ્રી. નારદ કૃત 'નારદવાણી' તત્કાલીન પ્રશ્નો ને પ્રસંગોને અનુલક્ષીને રચાયેલાં કટાક્ષકાવ્યોનો સંગ્રહ છે; પ્રાચીન આખ્યાન શૈલીને શ્રી. વૈશંપાયનની જેમ તેમણે સફળતાથી કટાક્ષનિષ્પત્તિમાં પ્રયોજી છે. શ્રી. જેઠાલાલ નાથાલાલ દવે કૃત 'માયાનાં મંથન'માં પ્રાચીન શૈલીનાં કાવ્યો વિશેષ છે અને તેની વિશિષ્ટતા એ છે કે તેમણે બેધડક નિષ્પક્ષ વિવેચનાની માગણી કરી છે-જે ૨૬૨૫ વર્ષભરમાં એમની એકલાની જ વિશિષ્ટતા ગણાવી ઘટે.

નાટક

નાટકનો ફાલ આપણે ત્યાં સાધારણ રીતે આ ઓછો જ ઉતરે છે. જો કે છેલ્લાં કેટલાંક વર્ષથી અવેતન રંગભૂમિ વિકાસમાન થતાં નાટકો વધારે લખાવા માંડયાં છે. પરંતુ બધાં ભજવાતાં નાટકો છપાય જ છે એવું નથી બનતું. ધંધાદારી રંગભૂમિ પર રજૂ થતાં નાટકો સામાન્ય રીતે છપાતાં નથી.

આ વર્ષનાં છ નાટકો (જેમાં એક નાટકસંગ્રહ છે)માં શ્રી મુનશીનું 'છીએ તે જ ઠીક' આ વર્ષનું શ્રેષ્ઠ નાટક હોવાનો યશ ખાટી જાય છે. 'છીએ તે જ ઠીક' આત્માની અદલબદલના ગોટાળાનું એક આકર્ષક પ્રહસન છે. વસ્તુવિધાન સહેજ અસંગત છતાંયે પ્રહસનને શોભે તેવું છે; સંવાદોમાં ચમક અને નૂતનતા છે. રંગભૂમિ-ઔચિત્ય સારું છે. જોકે પ્રહસનના પાયા રૂપ મૂળ વિચારમાં સહેજ ગોટાળો અને અસ્પષ્ટતા છે; તે સિવાયનું ચણતર તો એક કલાસ્વામીનું છે. જીતેન્દ્રનો પુરુષ-આત્મા તેની પ્રિયતમા ઉર્વશીના ખોળિયામાં અને ઉર્વશીનો સ્ત્રી આત્મા તેના પ્રેમી જીતેન્દ્રના ખોળિયામાં પોત-

પોતાના જાતીય સંસ્કારો સાથે પેસવાથી જે ગોટાળો થાય છે તેનું આ પ્રહસન હસાવે તેવું તો છે જ.

શ્રી. ઇન્દુલાલ ગાંધીનાં એકાંકી નાટકોનો નવો સંગ્રહ 'પથ્થરનાં પારેવાં' આ વર્ષનાં નાટ્યસાહિત્યમાં નવી જ ભાત પાડે છે. એમનાં નાટકોની તખ્તાલાયકીની ખામી એમનું મનોહર કવિત્વ ઢાંકી દે છે. એ કવિત્વ સમગ્ર કૃતિનાં અંગેઅંગમાં ઝળકી ઊઠે છે. 'પથ્થરનાં પારેવાં' 'રાણી અને કઠિયારો' અને 'સંધ્યાની આરતી' એ નાટકોનો, કરુણસભર કાવ્યરસ નાટકની મુખ્ય સિદ્ધિ છે. કવિ કેવળ કરુણ રસ જ આલેખી શકતા નથી, પરંતુ હસાવીયે શકે છે તેનું સુંદર ઉદાહરણ આ સંગ્રહમાંનું 'પગરખાંનો પાળિયો' છે.

શ્રી. ચંદ્રવદન મહેતાનું 'શિખરિણી' રંગભૂમિ-ઔચિત્યને અનુરૂપ એવી નાટ્યલેખનની પદ્ધતિનો લાભ પામ્યું છે, પણ એક કલાકૃતિને શોભે તેવું વિચાર ને ભાવનાનું સામર્થ્ય તેમાં ખૂટે છે. વસ્તુવિધાન ને ભાવના અસ્પષ્ટ ને અસ્ફુટ છે. સંવાદકલામાં ચોટ કે ચમત્કૃતિ નથી; નિર્દોષ ભાવે મિત્રની જાણમાં જ મિત્ર-પત્ની દ્વારા બાળક ઉત્પન્ન કરવાના ને મેળવવાના climax પર લેખકે બધું વસ્તુ-ચણતર કર્યું છે. પણ લેખકનું વક્તવ્ય સ્ફુટ થતું નથી, જે થાય છે તેમાં કશી મહત્તા નથી; વળી જે ભાવના છે તેનું પણ નિરૂપણ ચોટદાર નથી. લેખકને પોતાને જે કહેવાનું છે તે વિષે તેમણે પોતે જ કોઈ નિર્ણયાત્મક વિચાર કર્યો નથી–બધું અસ્પષ્ટ, સંભ્રાત ને ધૂંધવાતું હોય તેમ લાગે છે. જોકે કંઈક નવીન ચમક લાવવાનો પ્રયત્ન થયો છે–જે નીતિની વાત બાજુએ મૂકતાં યે કલાદૃષ્ટિએ નિષ્ફળ ગયો છે.

શ્રી. મનુભાઈ શુક્લ કૃત 'રૂપાં'ના વસ્તુનું મંડાણ વલ્લભીપુરના રાજદ્રોહી કાકુની ઐતિહાસિક કથા પર થયું છે: લેખક નાટકને 'ઐતિહાસિક' ગણાવવા માગતા જ નથી, એટલે એમને ઇતિહાસની ભૂલો બતાવવી મિથ્યા છે. બાકી કાકુની પુત્રી રૂપાંને વલ્લભી રાજકુમારી સાથે સખીનો સંબંધ હતો, પણ રાજકુમારીનો ભાવિ પતિ રૂપાંને ચાહતો હતો કે રૂપાં ભિક્ષુરૂપે રહેતા ગુપ્તવંશી રાજકુમારને ચાહતી હતી તે વિશે ઐતિહાસિક આધાર નથી. કાકુને વલ્લભીરાજનાં પાત્રો સારું આલેખન પામ્યાં છે. નાટકમાં રંગભૂમિ-ઔચિત્ય છે ખરું, સંવાદ નાટ્યોચિત છે, પણ સંવાદમાં જરૂરી વેધકતા ને જોમ કાંઈક ખૂટે છે.

શ્રી. ગોવિંદભાઈ અમીન કૃત 'હૃદયપલટો' ૧૯૩૦—૩૨ સત્યાગ્રહની લડતની ઘટનાઓ રાષ્ટ્રત્વને ઉત્તેજે તેવા સદુદ્દેશથી લખાયું છે. પરંતુ કલાકૃતિ તરીકે તે ઘણું જ અપરિપક્વ છે. શ્રી રમણલાલ જોષીકૃત 'આધુનિક સાવિત્રી'નું વસ્તુ વેધક છે, પરંતુ એના નિરૂપણ માટે જેના પર એમનો સારો કાબૂ નથી તે નાટકનું સ્વરૂપ તેમણે નિયોજ્યું છે. પરિણામે નાટક કેવું હોય તેના કરતાં નાટક કેવું ન હોય એનાં ઉદાહરણો તેમાંથી વિશેષ મળી શકે.

નવલકથા

આ વર્ષે શ્રી. કનૈયાલાલ મુનશી, શ્રી. મેઘાણી, શ્રી. ધૂમકેતુ, શ્રી. ગુણવંતરાય આચાર્ય, શ્રી. ચુનીલાલ શાહ અને શ્રી. પન્નાલાલ પટેલ જેવા ખ્યાતનામા નવલકથાકારોની કૃતિઓ આપણને મળી છે

શ્રી. મુનશીની 'ભગવાન પરશુરામ' નાટક-નવલરૂપે એમણે આલેખેલી આર્યાવર્તની મહાકથાનો હપ્તો મણકો છે તેમજ આ વર્ષની શ્રેષ્ઠ નવલકથા છે. એમની અગાઉની કૃતિઓને મુકાબલે એમની પ્રતિભાનો ચમકાર સહેજ ઝાંખો થયો છે. છતાંયે એમણે અહીં પણ પૌરાણિક વાતાવરણને જીવંત બનાવ્યું છે. યાદવો, અથર્વણો, અને ભૃગુઓ વગેરેનાં જીવનને આટલું તાદૃશ મુનશીએ જ બનાવ્યું છે. પ્રતાપી પરશુરામ, પ્રણયમનોહર લોમહર્ષિણી, પ્રજ્ઞાવશીલ વસિષ્ઠ અને વિશ્વામિત્ર, સહસ્રાર્જુન, મૃગા રાણી, કડુનાથ અઘોરી વગેરે નાનાં-મોટાં સર્વે પાત્રોને તેમણે જીવંત તત્ત્વ અને વ્યક્તિત્વ અર્પ્યાં છે. રેણુકાના સ્ખલનનો તેમણે કરેલો બચાવ આધાર વિનાનો છે. પરશુરામને મુનશીએ કેવળ ભયંકરતાની મૂર્તિ બનાવ્યા નથી. એમનું સૌમ્ય વ્યક્તિત્વ એમણે વિશેષ ખીલવ્યું છે. પુરાણોમાં એવા વર્તન માટે સમર્થન નહિ મળે. પણ આપણા ભાર્ગવે એ ભૃગુશ્રેષ્ઠને છાજે

રૂદ્ર રવરૂપ આલેખ્યા નથી. કેવળ ભયંકરતાની મૂર્તિને નવલકથાના નાયક તરીકે પ્રાધાન્ય ન આપી શકાય એમ માનીને આ પરિવર્તન કલાકારને માટે અમુક અંશે જરૂરી ગણાય. એથી પરશુરામનું રામત્વ રહે છે, પરશુરત્વામિત્વ સહેજ મંદ થાય છે. મુનશીએ પરશુરામના શિષ્ય ઔર્વની જેટલી ભયંકરતા 'તર્પણ'માં આલેખી છે તેટલી મૂળ પરશુરામમાં અહીં દેખાતી નથી, તે છતાં ઔર્વ જોઈએ તેટલો સમભાવ નથી ઉત્પન્ન કરી શકયા એ યાદ રાખવું ઘટે. વળી અહીં તો ત્રીસ વર્ષની અંદરનું પરશુરામનું જીવન પ્રસ્તુત છે.

સ્વ. ઝવેરચંદ મેઘાણીની નવલકથા કમભાગ્યે અધૂરી રહી છે. જે પંદર પ્રકરણો લખાયાં છે તેમાં લેખકની પ્રતિભા ઉચ્ચ કોટિએ વિહાર કરે છે. હજી તો માત્ર ભૂમિકા એમણે સજી અને અત્યારનું સમાજજીવન, કાળાંબજાર, મોંઘવારી, બર્મા અને મલાયામાં વસતા ગુજરાતીઓનું જીવન, આઝાદ હિંદ ફોજ, ૧૯૪૨ની ક્રાન્તિ વગેરે વિષયો તેઓ આલેખવાના હતા. પરંતુ આદર્યાં અધૂરાં રહી ગયાં.

શ્રી. ધૂમકેતુ સોલંકી યુગની સાત નવલકથાઓની પરંપરા આપવા સુધી પહોંચ્યા છે. કહેવાની ભાગ્યે જ જરૂર છે કે 'ચૌલાદેવી' પછી એમને વધારે ઉચ્ચ કોટિના નવલકથાકાર તરીકેનો યશ અપાવે તેવી કૃતિ એમને હાથે રચાઇ નથી. અત્રતત્ર રસસિદ્ધિ છે અને કવચિત્ મનોહર છે. પરંતુ સમગ્ર રીતે એમને મુનશી જેટલી સિદ્ધિ મળી નથી.

શ્રી. ગુણવંતરાય આચાર્યે 'ગિરનારને ખોળે' અને 'વતનનો સાદ' એ બે કૃતિઓ આપી છે. બંને એમની વિશિષ્ટ ઢબની ઐતિહાસિક નવલકથાઓ છે. બંનેમાં સૌરાષ્ટ્રનો ભૂતકાળ એમણે જીવંત અને વેગપૂર્ણ શૈલીમાં આલેખ્યો છે. પણ નવલકથાના ક્ષેત્રે એમનું પરાક્રમ તો આપણે આવતે વર્ષે જોવાનું રહેશે. અઢારમી સદીના કાઠિયાવાડ-ગુજરાતની ૭ નવલકથાઓ તેમણે આરંભી છે. એ નવલશ્રેણીમાંની પહેલી 'સેનાપતિ' પ્રસિદ્ધ થઇ ચૂકી છે. હિન્દુત્વ કે હિન્દુરાજ્ય અને મુગલ પાદશાહી વચ્ચેનો સંગ્રામ એમાં કથાવસ્તુ બને છે. નર્તકી મસ્તાનીનું સુંદર પાત્ર એમાં મધ્યસ્થાને છે. લેખકે આ નર્તકીને હિન્દુ સંસ્કૃતિની સંદેશવાહક બનાવી છે. મરાઠા રાજવંશનું પતન અને તેનો અહીંતહીં રહીસહી પ્રભાવ લેખકે સામર્થ્યપૂર્વક આલેખ્યા છે.

શ્રી. ચુનીલાલ વ. શાહે 'વિષચક્ર' અને 'એકલવીર' એ બે નવલકથાઓ આપી છે. એમાંની પહેલી સમકાલીન સામાજિક જીવનનો તાદૃશ ચિતાર આપીને શ્રી. રમણલાલની આ વર્ષની તદ્વિષયક અપેક્ષિત કૃતિની ખોટ પૂરી પાડે તેમ છે, અને 'એકલવીર' પ્રોફેસર બેઇનની શૈલીનો ઐતિહાસિક નવલકથાનો આપણે ત્યાંનો પહેલો પ્રયોગ છે.

શ્રી. પન્નાલાલ પટેલે 'પાછલે બારણે' અને 'માનવીની ભવાઇ' એ બે ગ્રામજીવનની નવલકથાઓ આપી છે. 'પાછલે બારણે' એક લઘુ નવલ છે. અને તેનું એક આકર્ષણ તેમાં આલેખેલું વાત્સલ્ય અને હૃદયમંથન છે. 'માનવીની ભવાઇ'માં વાર્તારસ સહેજ મંદ બને છે, પરંતુ પાત્રાલેખન સારું છે અને વાતાવરણ આલેખવાની સિદ્ધિ સારી છે.

શ્રી. ઈશ્વર પેટલીકરની 'ધરતીનો અવતાર' અને 'પંખીનો મેળો' એ બંનેમાં લેખકની વાર્તાકલા પ્રગતિ સાધે છે. ગ્રામજીવન અને ખેડૂજીવનના વાસ્તવિક ચિતાર સાથે વાર્તાકારે 'ધરતીનો અવતાર'માં ગુજરાતની તળપદી કુટુંબભાવનાની મધુરતા આલેખી છે. શ્રી. પુષ્કર ચંદરવાકરની 'રાંકનાં રતન' અને શ્રી. ચુનીલાલ મડિયાની 'વ્યાજનો વારસ' એ બંને નવલકથાઓ આપણા યુવાન લેખકોની આશાસ્પદ કૃતિઓ છે. એમાંની પહેલી તો એક વાઘરી યુગલને ગુજરાતમાં પહેલી જ વાર નાયક-નાયિકા પદે આરૂઢ કરે છે.

શ્રી. મધુભાઇ શુકલ તરફથી ગુજરાતને બે વધુ અધૂરી નવલકથાઓ મળી છે. એક છે 'અધૂરું જીવન' ને બીજી જે 'અધૂરી વાત.' 'અધૂરું જીવન'માં આધુનિક યુવક-યુવતીઓના મનોરથોનું ચિત્ર છે, જ્યારે 'અધૂરી વાત' પહેલી જ વાર ગુજરાતના નવલકથા-સાહિત્યમાં એક રાજકુમારીનો પ્રવેશ કરાવે છે.

શ્રી. રામનારાયણ નાગરદાસ પાઠકે 'સોદાગ' અને 'સાથી' એ બે નવલકથાઓ આપી છે.

'સોહાગ'માં હરિજન યુવક સાથે પ્રેમ કરતી સવર્ણ હિંદુ યુવતીનો સામાજિક પ્રશ્ન નિર્દિષ્ટ છે, જ્યારે ગ્રામજીવન, હિંસા–અહિંસા, ક્રાન્તિ ઇત્યાદિ સંકલિત કરેલાં છે. બંનેમાં વાર્તારસ ઠીક છે, પરંતુ એથી વિશેષ બહુ ઓછું છે.

'કદલીવન' એ શ્રી. વિનોદિની નીલકંઠની પ્રથમ નવલ તરીકે ગણનાપાત્ર સિદ્ધિ છે, પરંતુ પાત્રાલેખન અને વસ્તુવિધાન પરત્વે તેમણે હજી વિશેષ સિદ્ધિ દાખવવાની રહે છે અને ભાવના–સૃષ્ટિ યે હજી ઘડાતી આવે છે. કદલીવનની આખી સૃષ્ટિ માટે તેઓ વાચક–દિલમાં લાગણી ઉત્પન્ન કરી શક્યા છે અને તે પણ ઘણું છે.

શ્રી. જયંતી દલાલની 'પાદરનાં તીરથ'માં ૧૯૪૨ના કેટલાક પ્રસંગોને નવલકથા–સ્વરૂપ આપવા પ્રયાસ થયો છે. 'અધૂરા ફેરા'માં આઝાદ હિંદ ફોજની કથાને સમાવવાનો પ્રયત્ન શ્રી. પ્રહ્લાદ બ્રહ્મભટ્ટે કર્યો છે. શ્રી. નિરંજન વર્મા અને શ્રી. જયમલ્લ પરમારની સંયુક્ત નવલ 'કદમ કદમ બઢાયે જા'માં પણ એ જ પ્રકારનો પ્રયાસ થયો છે.

શ્રી. સોપાનની સામાજિક નવલ 'વનવાસ', શ્રી. જયભિખ્ખુ કૃત 'જવાંમર્દ' (સામાજિક નવલ), શ્રી જેઠાલાલ નારાયણ ત્રિવેદી કૃત 'રાજરોષ' (ઐતિહાસિક નવલ), અને શ્રી કેશવલાલ ચતુરભાઈ પટેલ કૃત 'વીરનાં તેજ' (ઐતિહાસિક નવલ) આ વર્ષે પ્રકટ થયેલ છે. શ્રી. જયભિખ્ખુની 'ભગવાન ઋષભદેવ' અને શ્રી. મૂળજીભાઈ પી. શાહની 'બુદ્ધિધન અભયકુમાર' લગભગ પ્રાગૈતિહાસિક કહી શકાય તેવા સમયને જૈન કથા સાહિત્યને આધારે આલેખે છે. શ્રી. રાજહંસ કૃત 'રાજવાસંતી'માં અપભ્રંશમાં નવલકથા રચવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. 'યોગેશ્વર કૃષ્ણ'ના ૭ કાંડો પણ શ્રી. રાજહંસે ડોલનશૈલીમાં રચ્યા છે.

અનુવાદિત નવલકથાઓ

મરાઠી નવલકથાઓના પાંચ અનુવાદો થયા છે. શ્રી. ખાંડેકર કૃત 'ઉલ્કા'નું શ્રી. વિદ્યાસે, શ્રી. પ્રેમા કંટક કૃત 'કામ અને કામિની'નું શ્રી. શકુન્ત રાવળે, શ્રી ખાંડેકર કૃત 'દાઝેલાં હૈયાં'નું શ્રી. વિદ્યાસે, સાને ગુરુજી કૃત 'ક્રાંતિ'નું ગોપિદાસ ભગતે અને પ્રો. ફડકે કૃત 'કાશ્મીરી ગુલાબ'નું શ્રી. તારાચંદ અડાલજાએ ભાષાંતર કર્યું છે. બંગાળી નવલકથાઓના પાંચ અનુવાદ થયા છે. શ્રી. તારાશંકર બંદોપાધ્યાય કૃત 'મન્વંતર'નું શ્રી. રમણીક મેઘાણીએ, શ્રી. વિદ્યાસાગર કૃત 'સીતાવનવાસ'નું શ્રી. રમણલાલ સોનીએ, શ્રી. ટાગોરની 'ચિરકુમાર સભા' (હાસ્યરસિક નવલ)નું શ્રી. રમણલાલ સોનીએ, શ્રી. શશધર દત્ત કૃત 'શ્રીકાન્ત-શેષ પર્વ'નું શ્રી. બચુભાઈ શુક્લે અને શ્રી. સૌરેન્દ્ર કૃત 'સાહસિક'નું ભાષાંતર શ્રી. રજનીકાન્ત ત્રિવેદીએ કર્યું છે. હિંદીમાંથી સ્વ. પ્રેમચંદજી કૃત 'કાયાકલ્પ'નું શ્રી. રામનારાયણ ના. પાઠકે ભાષાંતર કર્યું છે. અંગ્રેજી પરથી તેમજ અંગ્રેજીમાં અનુવાદિત થયેલ અન્ય ભાષાઓની કૃતિઓ પરથી નવ અનુવાદો થયા છે. શ્રી. રમણલાલ સોનીએ 'વિજ્ઞાન-બંધુ' (મૂળ લે. એચ. જી. વેલ્સ), શ્રી. ઐયુબખાન ખલીલે 'માનવી' (મૂળ પ્રેવોસ્ટની ફ્રેન્ચ કૃતિનું રૂપાંતર), શ્રી. રમણલાલ સોનીએ 'મીનાક્ષી' (મૂળ લે. ગોશિયાઃ The Beautiful vamiire) શ્રી. કાન્તિલાલ શાહે 'પ્રથમ પત્ની' (મૂળ લે. શ્રીમતી પર્લ બક) શ્રી. કાલેલકર અને શ્રી. કિ. ઘ. મશરૂવાળાએ 'માનવી ખંડિયેરો' (મૂળ લે. પેરી બરજેસ who walk alone), શ્રી. નિરૂ દેસાઈએ 'હિરોશિમા' (મૂળ લે. જોન હર્સી), શ્રી. ચંદ્રશંકર શુક્લે 'પ્રભુનું ધન' (મૂળ લે. મેરી કોરેલી), શ્રી. મકરન્દ દવેએ 'ઘરને મારગે' (મૂળ લે. રેમાર્ક) અને શ્રી. પુષ્પે 'પ્રેયસી' (મૂળ લે. ટોલ્સ્ટોય) વગેરે અનુવાદો રૂપાંતરો આપ્યાં છે. આંતરપ્રાંતીય ભાષાઓમાં હવે આપણે મરાઠીનો સંપર્ક સાધ્યો છે અને આંતરરાષ્ટ્રીય સાહિત્યની રસદૃષ્ટિ ખીલતી જાય છે તેટલું નોંધપાત્ર છે. આ અનુવાદોમાં જેને ખાસ સત્કારવા જોઈએ તે આટલા છેઃ 'ઉલ્કા', 'દાઝેલાં હૈયાં', 'કાશ્મીરી ગુલાબ', 'ચિરકુમાર સભા', 'કાયા કલ્પ', 'માનવી' 'માનવી ખંડિયેરો અને 'પ્રભુનું ધન.'

ટૂંકી વાર્તાઓ

સંવત ૨૦૦૩માં પ્રસિદ્ધ થયેલ વાર્તાસંગ્રહોમાં સ્વ. ઝવેરચંદ મેઘાણી કૃત 'વિલોપન અને બીજી વાતો'ને શ્રેષ્ઠ કૃતિ લેખેનું યોગ્ય સ્થાન ઘટે

છે. સ્વ. મેઘાણીની આ પહેલાંની–લગભગ દસકા પહેલાંની નવલિકાઓમાં સમાજનાં દર્દોથી અનુભવાતી અંગારાના દાહની વેદના હતી; આ સંગ્રહમાં એ આગ સાથે એમની કલમ જાણે રમત કરી રહી છે. જીવનની કરુણા ને કડવાશ પીને કટાક્ષ ને રમતનું સ્વરૂપ ધારણ કરતી નવલિકા આગળ વધે છે; છતાંયે એની સંવેદના જરાયે ઓછી થતી નથી. હાસ્ય–કરુણાની રસસંક્રાન્તિ ઉપરાંત વિશેષ કલાત્મક તો હાસ્યની પાછળ કરુણા ને કરુણાની પાછળ હાસ્ય ધ્વનિત કરવાની એમની નૂતન નિરૂપણપદ્ધતિ છે. એ દૃષ્ટિએ આ સંગ્રહમાંની 'મારો બાપુભાઈ' અને 'અલ્લામિયાંની ટાંક' એ બંને વાર્તાઓ નોંધપાત્ર છે. લેખકની પરલક્ષી જીવન–દૃષ્ટિ આ નવલિકા સંગ્રહમાં ખીલી જણાય છે. 'મારો વાંક નથી,' 'ભલે ગાડી મોડી થઈ', 'વિલોપન', 'સદુભા' વગેરે વાર્તાઓ, ગ્રામજીવન, આગગાડીના અનુભવ કે ઇતિહાસકથાને રસિકતાથી આલેખે છે. પણ આ કૃતિઓનું મુખ્ય આકર્ષણ તો એમની નવીન નિરૂપણ-પદ્ધતિ ને જીવનદર્શનની તટસ્થ આલોચનાના પ્રયાસમાં છે. સ્વ. મેઘાણીની 'માણસાઈના દીવા'ને ગત વર્ષના શ્રેષ્ઠ પુસ્તક (કે નવલિકાસંગ્રહ) બન્નેનું માન એક સાહિત્યસંસ્થાએ આપ્યું છે. પ્રસ્તુત ગ્રંથમાં શ્રી રવિશંકર મહારાજના અનુભવના શ્રવણ પરથી સ્વ. મેઘાણીએ સુંદર કથાઓ સર્જી છે-જોકે એમની સર્જનકલા મુખ્યત્વે તો યથાતથ રજૂઆતમાં જ રહી છે. કલાની દૃષ્ટિએ, સર્જકતાની દૃષ્ટિએ 'માણસાઈના દીવા'નો રસ fact is stranger than fiction એ તત્ત્વ પર પણ અમુક અંશે અવલંબે છે.

શ્રી. પન્નાલાલ પટેલ કૃત 'પાનેતરના રંગ' લેખકના પ્રથમ સુંદર વાર્તાસંગ્રહ 'સુખદુઃખનાં સાથી'ની કોટિની વાર્તાઓ ફરી એક વાર રજૂ કરે છે વાર્તાને અંતે કોઈ ચિત્તવેધક ધ્વનિ વાચકના માનસમાં ઝબકી ઊઠે છે, એ નવલિકા–કલાનું રહસ્ય યથાર્થ રીતે લેખક સમજી શક્યા છે. શ્રી. નાથાલાલ દવેની 'ભદ્રા'માં હાસ્ય અને કરુણા જમાવતી કેટલીક વાર્તાઓ ('ભદ્રા' 'વૃંદા') તેમજ કેટલીક ચિંતનગંભીર વાર્તાઓ ('સિસૃક્ષા' 'મિથ્યા' અને 'સત્ય') ને કાવ્યત્વરસિક કથાઓ ('શારદત') સુંદર વાર્તાઓ છે, પરંતુ એકંદરે આ સૌમ્ય વાર્તાકારને ધ્વનિ અને વેધકતાનાં તત્ત્વો સિદ્ધ કરવાં રહે છે. શ્રી અશોક હર્ષની 'સુષમા'માં નવલિકાના પ્રચલિત ખ્યાલને એક બાજુએ મૂકી નવલિકાના કલાવિધાન પરત્વે વિવિધ પ્રયોગો સફળતાથી કરવામાં આવ્યા છે, પરંતુ એમાં રસાનુભવ કરતાં ચમત્કૃતિનું તત્ત્વ વિશેષ આવી જાય છે. ધૂમકેતુની શૈલી સામેનો એમનો બળાપો વ્યવહારમાં વિજયવંત નિવડ્યો ન ગણાય.

શ્રી. ઇશ્વર પેટલીકરના વાર્તાસંગ્રહો–'માનતા', 'તાણાવાણા' અને 'પટલાઇના પેચ'–માં બધી વાર્તાઓ એકસરખી રસિક નથી, પરંતુ તેમાંની 'વટ' અને 'મોરનાં ઈંડાં' વર્ષની ઉત્તમ કક્ષાની નવલિકાઓમાં સ્થાન પામે તેવી છે. શ્રી સ્વપ્નસ્થ કૃત 'દિનરાત'માં સામ્યવાદી વિચારણા અને પ્રગતિશીલ સાહિત્યનાં તત્ત્વો આગળ તરી આવે છે; લેખક પાસે કલા છે, પણ ચોક્કસ પ્રકારની વિચારસરણી એમની કલાને રૂંધે છે. પરંતુ એટલું સારું છે કે એ વિચારસરણી પ્રત્યેની ગુલામી કલાકાર લેખે તેમણે સર્વત્ર સભાનપૂર્વક દાખવી નથી. શ્રી. ગુણવંતરાય આચાર્યની 'તરંગ'માંની વાર્તાઓ સામાન્ય છે. શ્રી. ચિનુભાઈ પટવાની 'નવોઢા'ની પ્રસ્તાવના શ્રી ઉમાશંકર જોષીએ લખી આપી છે; તેમાં એમણે 'નવોઢા'નો આછો ઉલ્લેખ કરીને હાસ્યનિષ્પત્તિની ચર્ચા કરી છે અને એ રીતે પ્રસ્તાવનાકાર પર આવી પડતી મુશ્કેલીનો તોડ કાઢ્યો છે. 'નવોઢા'ની વાર્તાઓમાં સર્વત્ર ઓછેવત્તે અંશે હાસ્ય–કટાક્ષનું તત્ત્વ એ મુખ્ય આકર્ષણ છે. પણ બધી વાર્તાઓને કલાસંસ્પર્શનો લાભ મળ્યો નથી. એમનું દૃષ્ટિફલક હજી વિશાળ થયું નથી તેમ જ નવલિકા–કલાની ખૂબીઓ પહેલે ધડાકે હસ્તગત થઈ નથી.

શ્રી. બાપુભાઈ વૈદ્ય કૃત 'મા વિનાનાં'માં મોટા ભાગની વાર્તાઓમાં શોષિતો અને પીડિતોની હૃદય કંપાવનારી કહાણીઓ સાથે માનવતાનું દર્શન છે. લેખકે 'મેં જીવન નથી જોયું' એમ કહેતા તેમના એક વાર્તાનાયકની જેમ ના કહેતાં કહેતાંયે ઘણું જીવન જોઈ નાખ્યું છે,- પણ નિરૂપણ શૈલી હજી વિકાસ માગે છે. શ્રી. ગોવિંદભાઇ અમીનની 'ત્રિપુટી'માંની વાર્તાઓ સામાન્ય કક્ષાની છે. શ્રી.

દેવશંકર મહેતાની 'ગામને ઝાંપે'માં ગ્રામજીવન ને ગ્રામશૈલીની નવીનતા છે. શ્રી. કાન્તિલાલ પરીખ કૃત 'માટીના ચૂલા'માં એકેય કલાકૃતિ નથી, પરંતુ સમાજજીવનની વિષમતાનાં એ કરુણ ચિત્રોને તેનું મૂલ્ય છે ખરું. શ્રી. જયભિખ્ખુ કૃત 'પારકા ઘરની લક્ષ્મી', શ્રી. 'પ્રશાંત' (મુંબઈવાસી) કૃત 'ગળનાં પાણી', શ્રી. બાલકૃષ્ણ જોષી કૃત 'કોકિલા અને બીજી વાતો', શ્રી. પૂર્ણાનંદ ભટ્ટ કૃત 'પિતાજીનો વન પ્રવેશ અને બીજી વાતો,' શ્રી. રમણિક મહેતા કૃત 'અખંડ જોડી' વગેરે વાર્તાસંગ્રહો ઠીક ઠીક વાર્તારસ પીરસે છે. તે ઉપરાંત સ્વ. ડૉ. નજલાલ મેઘાણીની વાર્તાઓ–'આળાં હૈયાં'– સમાજજીવનનું વાસ્ય નિહાળી કારુણ્યવૃત્તિ પ્રકટતાં લખાયેલી કરુણાર્દ્ર નવલિકાઓ છે. શ્રી. હિમતલાલ અંજારીઆએ નોંધ્યું છે તેમ એક પારમાર્થિક સાહિત્યકૃતિ લેખે તેનું સારું મૂલ્ય છે અને ચિંતનક્ષમ લખાણ લેખે તેનું વાંચન શુભ ને ફળદાયી નીવડવાનું.

શ્રી. મયૂરની 'ભૂતાવળ'માં ભૂતકથાઓ અને 'કહાની કહું કૈયા'માં પરીકથાઓ છે. શ્રી. નાનાભાઈ ભટ્ટની 'દૃષ્ટાંતકથાઓ' એ વિષયના સાહિત્યમાં એક નોંધપાત્ર ઉમેરો છે. શ્રી. ગજાનન જોષીની 'અખંડ જોડી'ની દરિયતાલ-કથાઓ પણ એક નોંધપાત્ર પ્રયોગ છે.

ટૂંકી વાર્તાના અનુવાદમાં 'ખેલાડી' (અનુ. રમણલાલ સોની)માં મેટાભાગની પરદેશી વાર્તાઓ છે. 'પરમાળા' [અનુ રમણલાલ સોની]માં ટાગોરની નવલિકાઓ છે. શ્રી. વિપિન ઝવેરીએ 'ફડકેની વાતો' આપી છે, શ્રી મોહનલાલ ધામીએ શ્રી. સૌરીન્દ્ર-મોહનની વાર્તાઓ ['પાષાણ અને બીજી વાતો'] આપી છે અને પંડિત સુદર્શન કૃત 'પત્થરોનો સોદાગર અને બીજી વાતો'નું ભાષાંતર શ્રી. 'મિસ્કીન' અને શ્રી. ધીરુભાઈ ચાનપુરાએ કર્યું છે.

વિવેચન

વિવેચનના ગ્રંથો આ વર્ષમાં ઠીક પ્રસિદ્ધ થયા છે. તેમાંથી કોને આ વર્ષનો શ્રેષ્ઠ વિવેચન ગ્રંથ ગણવો એ પણ ઠીક ઠીક વિવાદ જગાવે તેવો પ્રશ્ન બની જાય છે. શ્રી. સુંદરમ્ કૃત 'અર્વાચીન કવિતા' એક સુંદર અભ્યાસ ગ્રંથ છે; પ્રસ્તુત વિષય પરત્વે એક પ્રમાણભૂત પુસ્તક તે સહેજે બની જાય છે; કેટલાંક ચર્ચાસ્પદ વિધાનો તેમાં દેખાય છે તેનું એક કારણ આ વિષયની પોતાની જ ખૂબી કે ખામી છે. આ વર્ષના શ્રેષ્ઠ વિવેચનગ્રંથ લેખે તેની પર પસંદગી ઉતારવાની સહેજે વૃત્તિ થઈ જશે. પ્રો. અનંતરાય રાવળ કૃત 'સાહિત્ય વિહાર' એક સારા વિવેચકને શોભે તેવી ગુણવત્તાભરી વિવેચનાનો ગ્રંથ છે; તટસ્થતા, સમ્યગ્ દૃષ્ટિ, રસપરીક્ષા આદિ તત્ત્વો ઉચ્ચ કોટિના વિવેચકની સાક્ષી પૂરે છે. એમનામાં જેટલો અભ્યાસ છે તેટલી નિરૂપણની રસિકતા હોતી નથી; મતલબકે અભ્યાસનું ગૌરવ છે તેટલી પ્રતિપાદનની છટા નથી; જો કે જ્યાં થોડી ઘણી એ ચમક છે ત્યાં નિરૂપણ રસિક બને જ છે.

સ્વ. મેઘાણી કૃત 'લોકસાહિત્યનું સમાલોચન'માં વિષય સાથેનું રસપૂર્ણ તાદાત્મ્ય એક પ્રકારની ઉલ્લાસમય મુગ્ધતા દાખવે છે. કલાનું પૃથક્કરણ શ્રી. મેઘાણીને રુચતું નથી; રસની આરાધનામાં જ મુખ્યત્વે એ મગ્ન રહે છે. તેથી સર્જનાત્મક વિવેચનની કક્ષાએ પહોંચી જતું વિવેચન તેમણે કવચિત્ આપ્યું છે, પરંતુ લોકસાહિત્યનું અશેષ ગણાય તેવું અપેક્ષિત વિવેચન હજી અધૂરું જ રહે છે. સ્વ. મેઘાણીના 'પરિભ્રમણ'માં (ભાગ બીજો અને ત્રીજો) એમનાં 'કલમ-કિતાબી' વિવેચન–અવલોકનાદિ સંગ્રહાયાં છે; જે પરથી એટલું સ્પષ્ટ થાય છે કે આપણાં સામયિકોની સાહિત્ય-કટારો એમણે સિદ્ધ કરેલી કક્ષાને ભાગ્યે જ પહોંચી શકે છે.

શ્રી. રમણલાલ દેસાઈનાં યુનિ. વ્યાખ્યાનો–'ગુજરાતનું ઘડતર'માં ગુણસૌરભ શોધતી મધુકરદૃષ્ટિ છે, રસનિરૂપણની સરળતા સાથે છટા છે, સૌમ્ય અને સરલ વિદ્વત્તાનો પ્રકાશ છે પણ વિદ્વત્તાનાં ઉત્તુંગ શિખરોનાં દર્શન થતાં નથી.

શ્રી. બ. ક. ઠાકોરનાં 'વિવિધ વ્યાખ્યાનો'ના પ્રથમ ગુચ્છની વિશેષતા એ છે કે તેમાં મુખ્યત્વે ગોવર્ધનરામ વિશેનાં વ્યાખ્યાનો ગ્રંથસ્થ થયાં છે. ગોવર્ધનરામ વિશે એક પ્રમાણભૂત ગ્રંથ (તેમાંનાં ચિંત્ય વિધાનો

છતાં) લેખાય તેવો આ ગ્રંથ છે. સ્વ. નવલરામ ત્રિવેદીના 'શેષ વિવેચનો' એ સંગ્રહમાં લેખકના અત્રતત્ર પ્રસિદ્ધ થયેલા લેખો ગ્રંથસ્થ થયા છે; આ વિવેચન-લેખો સરળતા ને પ્રસાદ ધરાવતા હોઈ, સહેજ હાસ્યકટાક્ષ કે નૂતન દૃષ્ટિનો ચમકાર પામ્યા હોઇ લોકગમ્ય બને તેવી વિશિષ્ટતા ધરાવે છે; જો કે એમનામાં ઊંડાણ નથી, સપાટી પરની ગોષ્ઠી છે, જેને અમુક સ્થાન ને ગૌરવ ઘટે છે જ. શ્રી. પ્રેમશંકર ભટ્ટ કૃત 'મધુપર્ક'માં અભ્યાસ છે, પણ એનું ઊંડાણ શાલેય ઢબનું છે, ખરેખર કૃતિનું હાર્દ પકડવાની ખૂબી ઓછી નજરે ચડે છે. 'ગુજરાત સાહિત્ય-સભાની '૪૪-૪૫'ની કાર્યવાહી'માંની વાર્ષિક સમીક્ષા અધૂરી છે; લલિત વાઙ્મયના વિવેચક પ્રા. ઝાલા ફરજમાંથી છટકી ગયા છે, જ્યારે લલિતેતરના સમીક્ષક શ્રી. મુનિકુમાર ભટ્ટ ઘણું અપ્રસ્તુત ને ચર્ચાસ્પદ ફેંકી ગયા છે, જો કે એમની તરંગલીલા ક્વચિત મુગ્ધ કરે તેવી છે. શ્રી. ફિરોજશાહ મહેતાનું 'નવલિકા-સંયોજન' સામાન્ય છે. અનુવાદમાં ટોલ્સ્ટોયની એક કૃતિ 'કળા એટલે શું?' નો અનુવાદ શ્રી. મગનભાઇ દેસાઇએ કલાવિવેચનમાં આપ્યો છે

ચિંતન તેમજ ધર્મ-તત્ત્વજ્ઞાનના ગ્રંથોમાં અગ્રસ્થાન છે શ્રી. ધૂમકેતુના 'વાતાયન'નું. અલબત્ત, 'વાતાયન' પોતે આછુંપાતળું ચિંતન ધરાવે છે. તેમજ એની રસિકતા ને ભભક અગાઉ ધૂમકેતુની કૃતિઓમાં હતી તે મહદંશે ઘટી ગઈ છે. આ વસ્તુ બતાવે છે કે આપણું ચિંતન-સાહિત્ય કેટલું દરિદ્ર છે કે આવા સામાન્ય ગ્રંથને આપણે વર્ષનો શ્રેષ્ઠ ચિંતન ગ્રંથ ગણવો પડે છે. શ્રી. ક્ષિતિમોહન સેન કૃત 'તંત્રની સાધના' ને 'શિક્ષણની સાધના' (સંપાદક: જયંતીલાલ આચાર્ય) એક ગુજરાતી લેખકે ગુજરાતીમાં જ લખ્યા હોત તો ગૌરવપ્રદ ગણાત. શ્રી. જુગતરામ દવે કૃત 'આત્મરચના અથવા આશ્રમી કેળવણી' ગાંધી ઋષિના સંપ્રદાયનું રીતસરનું કર્મકાંડ જ છે એમ કહીએ તો ચાલે. શ્રી. કાલેલકર કૃત 'ગીતાસાર' ને શ્રી. મશરૂવાળા કૃત 'ગીતાધ્વનિ' એમનો ગીતા-પ્રેમ દર્શાવે છે. ચિંતન કરતાં વધુ અંશે તર્ક અને સંકલનનું સૌષ્ઠવ દાખવતો ગ્રંથ 'મંદિરપ્રવેશ અને શાસ્ત્રો' (લે. ચંદ્રશંકર શુક્લ) વર્ષનો સૌથી શાસ્ત્રીય ગણાય તેવો એક અભ્યાસગ્રંથ છે. જોકે આવો કામચલાઉ વિષય કરતાં બીજો વિશેષ મહત્ત્વનો સનાતન પ્રશ્ન મળી શક્યો હોત આ વિભાગમાં શ્રી. ચંદ્રશંકર શુક્લે ત્રણ સુંદર અનુવાદો 'ભારતનો વારસો' 'ગીતાદર્શન' અને 'ગૌતમ બુદ્ધ' [મૂળ લે. શ્રી. રાધાકૃષ્ણન્] પણ આપ્યા છે.

જીવનચરિત્રોમાં શાસ્ત્રીય ચીવટથી લખાયેલું શ્રી. વિજયરાય વૈદ્ય કૃત 'શુક્રતારક' મુખ્ય છે; જો કે એના શૈલી-પ્રયોગો છતાં તેની રસિકતા ખાસ વધી જતી નથી. શ્રી. પુરાતન બુચે એક સાથે ચાર જીવનચરિત વિષયક પુસ્તકો આપ્યા છે: 'રવિશંકર મહારાજની સાથે', ગાંધીજીની છાયામાં' 'બાપુજીની છાયામાં' 'આપણા સરદાર.' શ્રી. બબલભાઈ મહેતાએ પણ 'મહારાજ થયાં પહેલાં' લખ્યું છે, જ્યારે શ્રી. ચંદ્રકાન્ત શાહે 'ગુજરાતના સેવકો' લખ્યું છે. સ્વ. મહાદેવ દેસાઈ કૃત 'મૌલાના આઝાદ'નું ભાષાંતર શ્રી. ચંદ્રશંકર શુક્લે કર્યું છે; શ્રી. 'સત્યમ્' આપ્યું છે 'આચાર્ય કૃપલાણી,' અને શ્રી. મધુકર રાંદેરિયાએ 'મહાસભાના મહારથીઓ'. નેતાઓનાં જીવનચરિતમાં ભાટાઈ અને કેવળ ભાટાઇ, છાપાળવી ભાટાઈ, લેખકો પણ કરવા માંડયા છે તે સાહિત્યકારની અવનતિ જ દેખડે છે શ્રી. પ્રફુલ્લ ઠાકોર કૃત 'સ્વામી રામતીર્થ' શ્રી. રમણલાલ સોની કૃત 'શ્રી. સમર્થ રામદાસ, અને શ્રી. સુશીલ કૃત 'ભગવાન મહાવીરના યુગની મહાદેવીઓ' ધર્મનાયકોનાં જીવનચરિત્ર છે, જેમાં સુશીલની કૃતિ વિશેષ કલાત્મક છે.

શ્રી ડુંગરશી સંપટ કૃત 'સાહસિક સોદાગરો શ્રી. નાગરદાસ પાઠક કૃત 'ભારતની વીરાંગનાઓ અને શ્રી. નિરંજન વર્મા-જયમલ્લ પરમાર સંપાદિત 'ઝવેરચંદ મેઘાણી' પણ નોંધપાત્ર છે.

આ વર્ષનો શ્રેષ્ઠ **સંશોધન** ગ્રંથ છે 'સોરઠી સંતવાણી' (ભાગ ૧ લેખક: સ્વ. ઝવેરચંદ મેઘાણી. આપણાં ભજનસાહિત્યનો એ પહેલો જ શાસ્ત્રીય સંપાદન પામેલો ગ્રંથ છે. શ્રી. સંઘદાસગણિવાચક વિરચિત 'વસુદેવ હિંડી' (પ્રથમ ખંડ)નું મૂળ પ્રાકૃત

[અ... ન માટે જુઓ પાનું ૬૩૩]

પ્રોફેસર ભીમભંટારાવ

મૂળ લે. શ્રી. રાધાકૃષ્ણ

અનુ. શ્રી. દીનાનાથ મહેતા

શ્રીયુત ગોલમિર્ચ ફેરનદાસ ભટ્ટાચાર્ય આજ-કાલ એક મહાન જાણીતી વ્યક્તિ છે. પહેલાં જ્યારે અમે કૉલેજમાં ભણતા હતા ત્યારે અમે દરરોજ એનો નવો નામકરણ વિધિ કરતા. હવે તેમના નામ-કરણ વિધિનું કાર્ય પડતું મૂક્યું છે, પરંતુ એ વ્યક્તિ છે મહાન. એમનો પરિચય હોવો તે એક ગર્વરૂપ બીના છે, માટે આપને હું હવે એ ભીમભંટારાવસિંહ કુલકર્ણીનો પરિચય કરાવું. આપણે તેમને તે જ નામથી ઓળખવાના રહેશે, કારણ કે બાકીનાં અન્ય નામોને મગજના કોઈ અંદામાન ટાપુમાં દેશનિકાલ કરવામાં આવ્યા છે અથવા તો બંગાળની ખાડીમાં આપઘાત કરવામાં આવ્યો છે. આથી એમનાથી માની લેવાનું કે એમના માતાપિતા એમને જન્મ આપ્યા બાદ તેમનું નામ પાડવું જ ભૂલી ગયા હતાં. એમણે ઘણા ઘણા પ્રયત્નો અને તર્કવિતર્કો કર્યા પછી એમનું નામ રાખ્યું હતું—ભામિની.ભૂષણ ભટ્ટાચાર્ય—તેઓ મારા જ લત્તામાં રહેતા હતા—અને મારા સહાધ્યાયી હતા. અભ્યાસમાં તેઓ ઘણા જ હોશિયાર હતા. તેલંગી ભાષ. ઉપર તેમનું અજબ પ્રભુત્વ હતું—એક વાત ચોક્કસ હતી કે તેઓનું મન અભ્યાસમાં જ કેન્દ્રિત થયું હોવાથી મિત્રો તરફથી નામ અંગે થતા ઉપહાસ તરફ તેમનું લક્ષ્ય ઘણું થોડું જતું. પરિણામે મિડલસ્કૂલમાં તેમનું નામ શુદ્ધ ભટ્ટાચાર્ય રાખવામાં આવ્યું, અને મેટ્રિક પહોંચતાં સુધીમાં તો તેમને કેટલાયે નામોની નવાજેશ થઈ ચૂકી, જેમાનું ચાપડચન્દ્રમ્ એક મુખ્ય અને પ્રસિદ્ધ નામ હતું. મેટ્રિક પાસ કરીને અમે કલકત્તા ગયા. પ્રેસીડેન્સી કૉલેજમાં એડમીશન ન મળતાં અમે વિદ્યાસાગર કૉલેજમાં દાખલ થયા. ત્યાં હોસ્ટેલમાં બંગાળીઓની વિશાળ બહુમતિ હતી. તે બધા નિત્ય આને શુભનામાભિધાન કરતા, અને આનંદ મેળવતા. પછી તો એ પણ આ બધાં નામોથી ટેવાઈ ગયા. અને એકાન્તના સમયે પોતાનાં નામોની નામાવલિને યાદ કરીને તે પોતાના મિત્રમંડળ અને સહાધ્યાયીઓ કરતાં પણ વધુ હસતા, ખૂબ હસતા.

અમે બન્ને સાથે હતા. અભ્યાસની નૌકા જેમ તેમ કરતાં માંડ માંડ બી. એ.ના ઘાટ સુધી આવી પહોંચી અને સાઈકોલોજી અને સંસ્કૃતનાં મહાન થોથારીયાને પ્રણામ કરીને પર તરફ પ્રયાણ કર્યું—અને પછી શિરસ્તા મુજબ ડેપ્યુટી મેજીસ્ટ્રેટ, આઈ. પી. રજીસ્ટ્રાર ઇત્યાદિની ઉમેદવારી કરતાં કરતાં છેવટે રૂા. ૩૫ના પગારથી કારકુનીની ખુર-સીમાં વિશ્રામ લીધો. ભટ્ટાચાર્ય ડેપ્યુટી-મેજીસ્ટ્રેટથી તે સબરજીસ્ટ્રાર અને બી. ઈ. ડી.ની. ઉમેદવારી સુધી તો સાથે હતા, પરંતુ પછી ક્યાં ગુલાંટ ખાઈ ગયા તેની ખબર ન પડી. એક દિવસ અનાયાસે ઉનાળાની પ્રખર ગરમીમાં તેઓશ્રીનાં અકસ્માત દર્શન થયાં.

તેમનામાં ઠીકઠીક પરિવર્તન થઈ ગયું હતું સાવ હાડપિંજર જેવું શરીર. આંખો પર ચશ્મા અને એની વચ્ચેથી બંદુકની નળીની જેમ નાક બહાર આવી ગયું હતું. મેં પૂછ્યું. "કઈ બાજુ?" ભટ્ટાચાર્યે કહ્યું, "હવે તો ભાઈ મેં 'Law Join' કરી છે. વકીલ બનીને આવીશ. કોઈ કેસ બેસ આવે તો આપજે. એમાંથી શીઘ્ર અડધો ભાગ રિવાજ મુજબ તને મળશે." મેં આશ્વાસન આપતાં કહ્યું કે 'પહેલાં વકીલ તો બનો. પછી કેસ બેસનું જોયું જશે ગોળની પાસે તો વિના આમંત્રણે માખી-મંકોડા ઉભરાવા માંડે છે ને બણબણાટ કરી મૂકે છે.'

ભટ્ટાચાર્યે ચશ્મા લૂછતાં કહ્યું 'વાહ, એ ખોટી માન્યતા છે. તમારી એ માન્યતાથી હું તદ્દન Differ પડું છું. ચોક્ખો Difference of opinion છે.

હવે વકીલોને માટે આ સતયુગનો દિવસો નથી. દિવસ આખો સમણાકુટ કરીને પણ સાંજ પડે ચાર આના જાણે દયાદાન તરીકે મળે છે અને એ પણ ઉધાર રહી ગયા તો ઓર આફત."

'ઠીક છે' મેં કહ્યું, 'તમે નાનપણથી જ એક પછી એક અનુભવયુક્ત વાતો જ કહો જાઓ છો કે જેને માણસ તો શું કરવત પણ કાપવાને અસમર્થ નીવડે બીચારું: તો પછી શું તમારું કહેવું એમ છે કે હું આજથી જ તમારે માટે 'કેસ'ની તલાસમાં રહું?'

ભટ્ટાચાર્ય એકાએક સતેજ થઇ ગયા. તેઓ ખુરસી પર વ્યવસ્થિત થતાં બોલ્યા, 'આપણે તો બાળપણથી જ સાથે રહ્યા, સાથે ભણ્યા, અને સર્વ કાંઇ સાથે જ કર્યું–અરે આપણાં ઘર પણ પાસે જ છે. આ તમારું ઘર છે. સામે દેખાય તે મારૂં. વિચાર કરો કે હું અહીંથી બેઠાં બેઠાં મારૂં ઘર જોઈ શકું છું. આપણે એક બીજા એક બીજાના કામમાં અરસપરસ આવી શકીએ તેમ છીએ. હા, તો તમે એમ કરજો, તમારે ત્યાં ગામડાના કે શહેરના જેટલા દાવાદારો આવે તે બધાને એ હકીકત કહેજો કે જુઓ મારો મિત્ર ભટ્ટાચાર્ય વકીલાતનો અભ્યાસ કરે છે. એક વર્ષ પછી જ્યારે તે પાસ થઇને અહીં આવશે ત્યારે જમીનદારો, પૈસાદારો અને લાંચીયા દગાબાજ અમલદારોને તે ખબર પાડી દેશે. અરે છક્કા છોડાવી દેશે. ગમે તેવો સાવ સડેલો કેસ ભલેને હોય! શ્રીમાન એ અવશ્ય જીતશે. અવશ્ય જીતશે જ! 'તમે ધ્યાન રાખજો હું કદાપિ જીત્યા વિના નહીં છોડું' જ કદાપિ નહીં છોડું.'

આ કહેતાં કહેતાં ભટ્ટાચાર્યની બત્રીશી કડાકા લેવા માંડી. આંખો ચઢી ગઈ. કપાળ અને ભમ્મરો એકદમ સંકોચાઇ ગયાં. અને પોતાની વાતની સમાપ્તિના વિરામચિન્હ તરીકે એમણે ટેબલ ઉપર જે ગડદો માર્યો તેને લીધે પેપરવેઇટ ઉછળીને મારા માથાને ચુંબન કરી લીધું.

મેં માથું પંપાળતાં કહ્યું 'જરૂર, જરૂર તમે મુકદ્દમો જીતશો જ.'

ભટ્ટાચાર્યે એકાએક આ સાંભળીને ઉલ્લાસ આવી જતાં કહ્યું 'એથી મને...નહીં...નહીં, ત પણ શું લાભ થશે તે સાંભળી લ્યો! વારંવાર એ એક વાતનું પિષ્ટપેષણ કરવાથી માણસના ... જમાં વતનો ગોટાળો થઈ જાય છે. માણસ હં એક ખ્યાલ કરે છે કે જે માણસની આટઆટ પ્રશંસા થાય છે તેમાં તે અંગેની કાંઈ વાસ્તવિ છે ખરી કે નહીં? એટલે તે પોતાનો મુકદ્દમો લ ખાત્રી કરવા મારી પાસે આવશે. અને પછી દીકરો! આ કરોળીયાની જાળમાં ફસાયો ફસાયો જ.'

આ કહેતાં કહેતાં તેમણે પોતાના કથ ભાવ પ્રદર્શિત કરવા માટે એક કરોળીયાના જાળ માનસિક ચિત્ર અંકિત કરીને બતાવ્યું, અને ફરી શરૂ કર્યું 'એમાં જે ઘૂસ્યો–તે ઘૂસ્યો. પછી તમે કહો ને કે તે ક્યાંથી નીકળવાનો?' મેં તેના ... વિચિત્ર ભાવ–પ્રદર્શનને લક્ષ્યમાં લેતાં કહ્યું '... દોસ્ત–તું સીનેમા કંપનીમાં જોડાઇ જો, તો સાય જેમ નામ અમર કરી દે.'

ભટ્ટાચાર્યે નાક અને મોં સંકોચતાં ક 'સાયગલ તો કાંઇ તેવો પ્રખ્યાત નથી. હા, જ કાનનબાળા અને પહાડી સન્યાલનું નામ સી જગતમાં ઘણું જ ખ્યાતિ પામ્યું છે. પરંતુ હું ... છેલ્લી ભલામણ કરું છું. મારે માટે કેસ બેસ અવશ્ય તજવીજ કરજો.'

મેં તેમને 'યથાશક્તિ તથા ભક્તિ'નું આશ્વાસ દઇને વિદાય કર્યા. જતાંજતાં ય તેઓ કહેતા ગ 'અરે એમાં અડધો તારો...અને અડધો મારો..

બસ, આ છે અમારા ભટ્ટાચાર્યનો અતિ સંક્ષિપ્ત પરિચય! બાકી તો તેમાં કાંઇ ખાસ વિશિષ્ટતા હોય તો તે એ હતી કે તેઓ છીંકણી ખૂબ સુંઘતા! અરે, ભયંકર મોટા ચિમાયપટો ભરતા, ને સડાક દઇને સુંઘતા, છતાંય જરા પણ છીંકતા નહીં.

(૨)

આ પછી બે–ત્રણ માસ બાદ મેં ભટ્ટાચાર્યને તેમના ઘરમાં દાખલ થતા જોયા–મનને થયું કે

સાવને બોલવું, વળી પાછું એમ થયું કે સાવને જરા જઈને મળી આવું જ. વળી પાછું એમ થયું કે ચા-પાણી-નાસ્તો-વિ. કરીને જાઉં થોડીવાર પછી નાસ્તો કરીને ભટ્ટાચાર્યના ઘર પાસે પહોંચ્યો તો ભટ્ટાચાર્યનો ચહેરો થોડી વાર ખડકીમાંથી દેખાય, વળી પાછો અદૃશ્ય થઈ જાય, ક્ષણભર ખડકીમાં દેખાઈને વળી પાછો અંતર્ધાન થઈ જાય. વળી પાછો દેખાય, વળી પાછો વિલિન થઈ જાય! વળી દેખાયો-વળી બંધ! આ તે છે શું? જોયું તો ચહેરો લાલચોળ-આંખો પણ ભયંકર લાલ! અને થોડીવાર તે દેખાય છે ને વળી પાછો અદૃશ્ય થઈ જાય છે આ તે જાદુ છે? મેં ગભરાઈને બારણું ખખડાવ્યું-અંદરથી એણે પૂછ્યું 'કોણ? શું—જોઈએ છે?'

મેં જરા ધ્યાનપૂર્વક સાંભળ્યું તો અવાજ ભારે હતો. તેમાં કંપ હતો. કાંઈક ગભરાટ સહ આશ્ચર્ય યુક્ત રીતે મેં ખુરસી પાસે ખેંચી અને બહાર જ બેઠો. પરંતુ વળી પાછી થોડીક ક્ષણો બાદ રૂમમાંથી ધમાધમ, ધમાધમના અવાજો સંભળાવા માંડ્યા. એવું લાગતું હતું કે જાણે કોઈકની સાથે ઓરડામાં તેમને કુસ્તી જામી છે. મેં ગભરાઈ જઈને કેટલીયે વાર જોર જોરથી બૂમો પાડી. મારો અવાજ પણ ફાટી ગયો-પરંતુ ઓરડામાંથી 'હું અૂ અૂ હું અૂં અૂ' ના સિવાય કોઈ પ્રકારનો પ્રત્યુત્તર જ નહોતો મળતો ને થોડીક ક્ષણો બાદ ઓરડામાંની ખેંચતાણ અને ધમાધમી બંધ પડ્યા હોય તેમ લાગ્યું. મેં વિચાર્યું કે હવે નક્કી દરવાજો ખૂલશે પરંતુ તત્કાળ જ બીજી ક્ષણે માલુમ પડ્યું કે ઓરડામાં કોઈક કૂદે છે. કોઈ કોઈ વખત આ ખૂણામાં તો કોઈ વખત પેલા ખૂણામાં, ક્યારેક ક્યારેક અરરૂં ધમ્મ, અરરંધમ્મ અને કોઈના પડવાના અવાજો સાંભળતા હતા.

આ તે શું? ભટ્ટાચાર્યને શું થઈ ગયું છે? એ તે અંદર નાચે છે? કે પછી પાંચ દશ આદમી સાથે કુસ્તી લડે છે? કાંઈ ખબર પડતી નથી આમ વિચાર કરું છું તેવામાં દ્વાર ખૂલ્યાં-અને દુબળા પાતળા શરીર પર એક લંગોટ પરિધાન કરેલ ભટ્ટાચાર્ય ભગવાનનાં દિવ્ય-દર્શન થયાં, નમસ્કાર કરતાં મેં કહ્યું કે 'મેં તો એમ જ માન્યું કે તમને કોઈ ઉંચકી ઉંચકીને પટકી રહ્યું છે.'

ભટ્ટાચાર્યે કહ્યું, 'અરે હટ, હવે મને પટકનાર દુનિયા પર જન્મ લેશે-ખરો. અત્યારે તો હું પચ્ચાસ-પચ્ચાસ કાલ્પનિક પહેલવાનોને પટકીને આવ્યો છું. આવો, આવો અંદર બેસીએ.'

અંદર જઈને મેં જોયું તો ઓરડાના રૂપરંગ સાવ ચિત્રવિચિત્ર થતી ગએલા. જ્યાં એક મોટું ગોળ ટેબલ હતું ત્યાં માત્ર હવે તેના બે પાયા જ અને તે પણ જુદા જુદા સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતા પડ્યા હતા-કે જેનો ઉપયોગ મગદળને બદલે થતો હતો. ચેસ્ટ એક્સપાન્ડર, ડમ્બેલ, ઇત્યાદિ કેટલીયે ચીજો ઓરડામાં જોઈ! મને સ્વપ્નેય ખ્યાલ નહોતો કે ભટ્ટાચાર્યને વ્યાયામ પ્રત્યે આટલી બધી અભિરૂચિ હશે! મેં કહ્યું 'મને લાગે છે કે તમે હમણાં વ્યાયામ કરી રહ્યા હશો.'

ભટ્ટાચાર્યે ખુરસી પર બેસતાં કહ્યું 'હા, બસ, વ્યાયામ જ એકમાત્ર આ દિવસોમાં મારૂં સર્વસ્વ છે. તરણોપાય છે. મારી સ્પષ્ટ ધારણા છે કે વ્યાયામથી જ ભારતવર્ષનો ઉદ્ધાર શક્ય છે' હું બીજું કાંઈ બોલવાની હીંમત શી રીતે કરી શકું? એની હા એ હા જ કરવાની, રહી મેં કહ્યું, 'ખરેખર! વિચાર તો ઘણો જ સુંદર છે.'

તેમણે ધોતિયું પહેરતાં પહેરતાં પાટલીની ઘડ સરખી કરતાં કહ્યું 'અરે, આજે જ હું મહાત્મા ગાંધી, આચાર્ય કૃપલાની અને રાજેન્દ્ર બાબુને એક પત્ર લખી મોકલવાનો છું. મારૂં માનવું છે કે સત્યાગ્રહના સંગ્રામમાંય વ્યાયામ તો અવશ્ય જરૂરી છે જ. વસ્તુતઃ સત્યાગ્રહ સંગ્રામ, સત્યાગ્રહની ચળવળ એ છે શું? કે તમે મને મારો-પણ અમે તેના બદલા રૂપે તમને નહિ મારીએ અને આને માટે શરીરમાં તાકાત જોઈએ. સ્વભાવમાં ધૈર્ય જોઈએ, સહનશીલતા જોઈએ. આને માટે વ્યાયામની કેટલી જરૂર છે? એ તમે સમજી શકશો.' મેં કહ્યું 'એ તો બરોબર છે-પરંતુ મારૂં માનવું તો એવું છે કે આજ કાલ તમે આ કાયદાના અભ્યાસને નાહકનો જતો કરો છો. શા માટે વકીલાતના અભ્યાસને તિલાંજલિ આપો છો?"

એમણે કહ્યું 'અરે ! વકીલાત ? તેના અભ્યાસને તો મેં ક્યારની ય તિલાંજલિ આપી. હવે તો વ્યાયામ જ મારું ધ્યેય બની રહ્યું છે. તમે જુઓ તો ખરા, આજકાલ હું બમણો બની ગયો છું. અને ચોક્કસપણે કહું છું કે બે-ચાર દિવસમાં તો મોટર પણ થોભાવી શકીશ. તને ચોક્કસ ખ્યાલ થઈ ગયો હશે કે વકીલાતના અભ્યાસ કરતાં વ્યાયામ વધારે હિતકર છે. એથી અવશ્ય લાભ થવાનો છે. વકીલાતનો ધંધો-એ તો ઝખ મારવા બરોબર છે. મહિનાની ત્રીસ રૂપરડી મળી તો અહોભાગ્ય સમજો. બાકી તો ટાઈ ધોવાના પૈસાય ઉધાર લ્યો ત્યારે. આજ હું બેવડો દેખાઉં છું. કાલ ત્રણ ઘણો પરમ દિવસે ચાર ઘણો થઈ જઈશ.'

મેં ખૂબ ધ્યાનપૂર્વક ધારી ધારીને તેની સામે જોયું, પરંતુ કાંઈ નવીનતા ન જણાઈ. જેમ હતું તેમનું તેમજ શરીર હતું. મેં અશ્રદ્ધા પ્રગટ કરતાં કહ્યું: 'ભાઈ, તમે ગમે તે કહો-પણ મને તો ક્યાંઈ બેવડું થયેલું નથી લાગતું.'

ભટ્ટાચાર્ય એકદમ ચમકી જઈને બોલ્યા 'નથી કેમ જણાતું ? ચોક્કસ જણાય છે. અરે મારા 'મસલ્સ' તો જુઓ, જુઓ-જુઓ' આમ કહીને તે વિચિત્ર રીતે એકદમ ટટ્ટાર થઈ ગયા. શ્વાસ રૂંધ્યો-અને હાથને જોરથી ઘૂમાવીને ધડીમ થઈને પીઠ પર માર્યો-અને પીઠના મસલ્સ દેખાડવા માંડ્યા, પરંતુ શરીરમાં ક્યાંઈ માંસ-બાંસ હોય તો મસલ્સ દેખાય ને ? પરંતુ હાડકાના મસલ્સ ન આજ સુધી કોઈએ જોયા છે, ન હું જોઈ શક્યો. મનોમન જ ખ્યાલ આવ્યો કે ભાઈશ્રી, કદાચ માઈક્રોસ્કોપ દ્વારા મસલ્સ જોતા હશે. પીઠ-પેટ-છાતી-ભૂજા આદિ દરેક પ્રકારના મસલ્સો બતાવ્યા બાદ ભટ્ટાચાર્યે રૂઆબભેર પૂછ્યું 'કેમ જોયા ને ?' મેં ધીમેથી કહ્યું, 'ખૂબ જોયા, શું ભવ્ય શરીર છે ને ! ગામાથી પણ આગળ નીકળી જશો.'

ભટ્ટાચાર્ય ફરીથી ખુરસી પર બેસી ગયા, અને નિશ્ચિંત થતા બોલ્યા: 'અરે ગામા ? એ તે વળી કોણ બેતકી મૂલી ? જો જો તો ખરા, કે હું બંગાળના સુપ્રસિદ્ધ પહેલવાન 'ગોબર'ના કરતાં પણ દેહમાં આગળ વધી જાઉં છું કે નહીં !'

અજબ વિશ્વાસ હતો ! મને ડર હતો કે રખેને કાંઈ વિરુદ્ધનું બોલાઈ જાય અને પહેલવાન મહાશય રૌદ્રસ્વરૂપ ધારણ કરી લે તો ?. તો મારો ઉદ્ધારક ત્યાં કોઈ નહોતો પણ બાળપણની મૈત્રી વારંવાર કાંઈક કહેવાને ઉશ્કેરતી હતી. મેં ધીરેથી પૂછ્યું-' ભાઈ, તમને તમારું કાંઈક ચસકી ગએલું નથી લાગતું ?'

ભટ્ટાચાર્ય એકદમ ઉગ્ર થઈ ગયા, તેમણે જોરથી કહ્યું 'તમે એમ માની બેઠા છો કે હું ખોટે રસ્તે ચઢી ગયો છું ? પરંતુ હું તદ્દન સાચા રાહ પર છું. હું તમારી જેમ કારકુની કરી ઝખ મારવા નથી માગતો. મેં તમને પહેલેથી જ કહી દીધું છે કે જે દિવસે હું આ દુનિયામાં નિષ્ક્રિય હોઈશ તે દિવસે હું મારી જાતને મરી ગએલી માનીશ. તમે સમજી શકો તેમ છો કે માત્ર ત્રીસ-પંત્રીસ રૂપરડીની વકીલાતમાં મારું પેટ ભરાય તેમ નથી. મારે હંમેશા સો રૂપીઆ કરતાં પણ વધારે જોઈએ છે. જો તે નહીં મળે તો મરી જઈશ.'

આ વિચિત્ર વાતો હું સાંભળ્યે જતો હતો. પરંતુ કાંઈ ન સમજી શક્યો. મતિ જ કુંઠિત થઈ ગઈ હતી. તેમણે જોરથી કહ્યું, 'સાંભળી લે, મેં સીગારેટ, ચ્હા, અને કાયદો આ ત્રણે ચીજોનો બાયકોટ કર્યો છે. એ જ મારી મહાન અક્કલમંદીની નિશાની છે. હું મહાન વિભૂતિ બનવા માગું છું. કારકુન થયે મારું ગુજરાન નથી ચાલી શકે તેમ. આજથી મારું નામ છે: ભીમભંટારાવ કુંભકર્ણ-વ્યાયામ વિશારદ, મગદળાભિભૂષિત-ડમ્બેલ્સદ્વયી-વિહંડકારક." મને હવે સંપૂર્ણ ખાત્રી થઈ ગઈ કે ભાઈશ્રીનું અક્કલ ફટકી ગયું છે. જો હજી સંપૂર્ણ પાગલપણાની કક્ષાએ નહીં પહોંચ્યા હોય તો બે-ચાર દિવસ પછી, પણ અવશ્ય પાગલખાનામાં લઈ જવાને લાયક બની જશે.

એમણે ફરી પાછું બુલંદસ્વરે મને સંબોધતાં કહ્યું, 'મેં મારું નામ બદલી નાખ્યું છે. હેલ્થ-તબીયત એકદમ સુધારી દીધી છે. મને ચોક્કસ ખાત્રી છે કે આ દુનિયામાં હવે હું કાંઈક અવશ્ય કરી શકીશ.'

પરંતુ તેની હેલ્થ કરતાં તો મારી હેલ્થ કયાંઈ સારી હતી. એની ઉજ્જવળ ભવિષ્યની કલ્પનાનો

આનંદ લૂંટતો હું ઘર તરફ ફર્યો. એ જ રાત્રે મેં ભીમભંટારાવની હકીકત ક્લબના સભ્યોને કહી—અને તેઓ પેટ પકડીને ખૂબ હસ્યા.

(૩)

કારકુની કરવામાં પેટ તો અવશ્ય ભરાઇ જાય છે. પણ ચીજોથી પેટ ભરવાની ઇચ્છા રહે છે. તે ચીજોને બદલે કોઈ બીજા પ્રકારની ચીજો પેટમાં ઠાંસવી પડે છે. પત્નીનું કહેવું એમ છે કે 'મેં તમારી સાથે લગ્ન કરીને મારું ફ્યુચર-પ્રોસ્પેક્ટ તદ્દન બરબાદ કરી નાખ્યું. ન તો એરીંગ છે કે ન તો નેકલેસ, તેમ ન તો ઉંચીયો ટ્રેપની સાડી છે.' બરાબર છે. અલંકાર વિનાની કવિતા પણ સારી નથી લાગતી, તો પછી અલંકારવિહીન નારી ક્યાંથી સારી લાગે? કારણ કે તેમાં સૌન્દર્ય કે આકર્ષણ તત્વનો તદ્દન અભાવ આવી જાય છે. વળી શ્રીમતીજીએ વૉરંટ પણ બહાર પાડી દીધું કે "એય જુઓ પંચ-છ માસ પછી આપણે ઘેર નિર્ધોપત્રમાં નામક કોઈ પ્રીન્સ ઓફ વેલ્સ અથવા ખદ્યોતકુમારી નામક કોઈ પ્રીન્સેસ ઓફ વેલ્સ જન્મ લેનાર છે. જો ક્યાંકથી બન્નેનું જોડકું અવતર્યું તો તો ગજબ થઇ જાય!' પરિણામે કારકુનીથી મને જરા પણ સંતોષ નથી. દૂર દૂર દિગંતમાં આલોચના કરું છું—પરંતુ ડરબીના રેસના ઘોડાના સિવાય અન્ય કંઇ દૃષ્ટિપથે પડતું નથી. કેટલીયે વાર લોટરીની ટિકિટ પણ લીધી—પરંતુ મારી ટિકિટ એવી તો કુંદીપાળ નીકળી કે તે દોડીદોડીને દોડતા ઘોડાઓ સુધી પણ ન પહોંચી શકી ને રસ્તામાં જ તેનું અસ્તિત્વ વિલુપ્ત થઈ ગયું. એ દિવસોમાં સાંભળ્યું કે મારી ઓફીસના નન્દબાબુને ઇલસ્ટ્રેટેડ વીકલીનો શબ્દવ્યૂહ ભરતાં ત્રણસો રૂપીઆનું ઇનામ લાગ્યું છે. અજાયબી તો એ વાતની હતી કે તેમણે જે શબ્દવ્યુહ ભરી મોકલેલો તેમાં તેમની ત્રણ ભૂલો હતી. મને ખાત્રી હતી કે હું અવશ્ય ભૂલ તો નહીં કરું, અને ત્રણ ભૂલો તો કદાપી નહીં કરું. મેં જીવનભરમાં માત્ર એક જ ભૂલ કરી છે, અને તે ભૂલ એ છે કે, મેં આ મૃત્યુલોકમાં જન્મ લીધો. ખૂબ વિચાર કર્યા બાદ મેં નક્કી કર્યું કે મારાથી ત્રણ ભૂલો થવાનો સંભવ ઘણો જ ઓછો છે. કદાચ બહુ બહુ તો એકાદ ભૂલ થશે કે જે સદાય થતી આવી છે. અને એને માટે ઓછામાં ઓછા રૂા. એક હજાર પુરસ્કાર; બાકી તો આ 'ઇલસ્ટ્રેટેડ વીકલી' જ એક એવું છે કે જે ભૂલોને માટે પણ પુરસ્કાર આપે છે અને નહીંતર તો અમે પરાપૂર્વથી સાંભળતા આવ્યા છીએ કે ભૂલને માટે હંમેશાં દંડ જ મળે છે. મેં ચોક્કસપણે પ્રતિજ્ઞા કરી છે કે હવેથી અહર્નિશ નિયમિતપણે વ્યૂહમાં ભાગ લઈને મારા ભાગ્યને જાગ્રત કરીશ. અને આ ભાગ્યને જાગ્રત કરવા માટે ઓછામાં ઓછા અઠવાડીયાના ૭ આનાની જરૂરત છે. અને ત્યારપછી વ્યૂહ પ્રવેશની ફીના અઢાર આનાની. બધું જ મળીને મહીનાના સાડા સાત રૂપીઆ ખર્ચવાનું હતું. મારૂં માસિક બજેટ હતું રૂપીઆ પાંત્રીશનું. મેં બજેટ ઘટાડવા ને તેને સુધારવામાં જેટલી મગજની કસરત કરી તેટલી જો જગદીશચંદ્ર બોઝ કે એડીસન સાહેબે કરી હોત તો દુનિયામાં કોઇક નવીન પ્રકારની ઘટના આવિષ્કાર પામી ચૂકી હોત. પરંતુ મારૂં બજેટ તો ભૂખી ડાકણની માફક મોઢું ફાડીને 'ખાઉં' 'ખાઉં' કરતું મને પણ સ્વાહા કરવા તત્પર બની બેઠું હતું. છેવટે મેં મરી વીંટી અને ઇન્ડીપેન વેચીને ગમે તે પ્રકારે બે-માસનું ખર્ચ તો કાઢ્યું. અને શબ્દ વ્યૂહ મોકલવો શરૂ કર્યો. મારા પ્રત્યેક વ્યૂહનું પરિણામ એવું આવતું હતું કે જેવું આવવું જોઈતું હતું—તસ્વીરોથી વિભૂષિત સાપ્તાહિક સિવાય મને ખાસ કાંઈ આર્થિક લાભ ન થયો. એક દિવસ પત્રમાં ભીમભંટારાવની તસ્વીર અને નામ વાંચીને હું ચમક્યો. તસ્વીર તો અવશ્ય ભટ્ટાચાર્યની હતી, બાકી નાક અને મોં સિવાય બાકીનું સર્વ કાંઇ કોઇ અન્ય પહેલવાનનું હતું. અરે, ભગવાન! ફોટોગ્રાફીમાં પણ દગાબાજી! એ તસ્વીરમાં ભીમભંટાજીની એક એક બાજુ ભટ્ટાચાર્યની બન્ને જાંઘના સમાન હતી. 'મસલ્સ' એ પ્રકારે નીકળેલી હતી કે ખબર નહોતી પડતી કે તે ઘેટાનાં શીંગડા છે કે શું? આ બધું જોઇને હું ખૂબ ચમક્યો—ભયંકર ચમક્યો—અરે ગજબ ચમક્યો. આજે સવારે જ ભટ્ટાચાર્યને જોયા હતા. એ જ શીખંડી સુરત અને એ જ બદનસીબ ચહેરો અને હજી......અડધા પૃષ્ઠમાં છપાયેલું તેનું નિવેદન ઘણું જ રસદાયી હતું—'કદાચ આપ અથવા આપનાં પત્ની અથવા આપના કોઇ

એમણે કહ્યું 'અરે ! વકીલાત ! તેના અભ્યાસને તો મેં ક્યારની ય તિલાંજલિ આપી. હવે તો વ્યાયામ જ મારું ધ્યેય બની રહ્યું છે. તમે જુઓ તો ખરા, આજકાલ હું બમણો બની ગયો છું. અને ચોક્કસપણે કહું છું કે બે–ચાર દિવસમાં તો મોટર પણ થોભાવી શકીશ. તને ચોક્કસ ખ્યાલ થઈ ગયો હશે કે વકીલાતના અભ્યાસ કરતાં વ્યાયામ વધારે હિતકર છે. એથી અવશ્ય લાભ થવાનો છે. વકીલાતનો ધંધો–એ તો ઝખ મારવા બરોબર છે. મહિનાની ત્રીસ રૂપરડી મળી તો અહોભાગ્ય સમજો. બાકી તો ટાઈ ધોવાના પૈસાય ઉધાર લ્યો ત્યારે. આજ હું બેવડો દેખાઉં છું. કાલ ત્રણ ઘણો પરમ દિવસે ચાર ઘણો થઇ જઇશ.'

મેં ખૂબ ધ્યાનપૂર્વક ધારી ધારીને તેની સામે જોયું, પરંતુ કાંઈ નવીનતા ન જણાઈ. જેમ હતું તેમનું તેમજ શરીર હતું. મેં અશ્રદ્ધા પ્રગટ કરતાં કહ્યું: 'ભાઇ, તમે ગમે તે કહો:–પણ મને તો ક્યાંઇ બેવડું થયેલું નથી લાગતું.'

ભટ્ટાચાર્ય એકદમ ચમકી જઇને બોલ્યા 'નથી કેમ જણાતું ! ચોક્કસ જણાય છે. અરે મારા 'મસલ્સ' તો જુઓ, લ્યો–જુઓ' આમ કહીને તે વિચિત્ર રીતે એકદમ ટટ્ટાર થઈ ગયા. શ્વાસ રૂંધ્યો–અને હાથને જોરથી ઘૂમાવીને ધડીમ થઇને પીઠ પર માર્યો–અને પીઠના મસલ્સ દેખાડવા માંડયા, પરંતુ શરીરમાં ક્યાંઇ માંસ–બાંસ હોય તો મસલ્સ દેખાય ને ! પરંતુ હાડકાના મસલ્સ ન આજ સુધી કોઇએ જોયા છે, ન હું જોઈ શક્યો. મનોમન જ ખ્યાલ આવ્યો કે ભાઈશ્રી, કદાચ માઈક્રોસ્કોપ દ્વારા મસલ્સ જોતા હશે. પીઠ-પેટ–છાતી–ભૂજા આદિ દરેક પ્રકારના મસ્લ્સો બતાવ્યા બાદ ભટ્ટાચાર્યે રૂઆબભેર પૂછ્યું 'કેમ જોયા ને ?' મેં ધીમેથી કહ્યું, 'ખૂબ જોયા, શું ભવ્ય શરીર છે ને ! ગામાથી પણ આગળ નીકળી જશો.'

ભટ્ટાચાર્ય ફરીથી ખુરસી પર બેસી ગયા, અને નિશ્ચિંત થતા બોલ્યા: 'અરે ગામા ? એ તે વળી કોસ ખેતરી મૂળી ? જો જો તો ખરા, કે હું બંગાળના સુપ્રસિદ્ધ પહેલવાન 'ગોબર'ના કરતાં પણ દેહયમાં આગળ વધી જાઉં છું કે નહીં !'

અજબ વિશ્વાસ હતો ! મને ડર હતો કે રખેને કાંઈ વિરુદ્ધનું બોલાઈ જાય અને પહેલવાન મહાશય રૌદ્રસ્વરૂપ ધારણ કરી લે તો ? તો મારો ઉદ્ધારક ત્યાં કોઈ નહોતો. પણ બાળપણની મૈત્રી વારંવાર કાંઈક કહેવાને ઉશ્કેરતી હતી. મેં ધીરેથી પૂછ્યું–'ભાઈ, તમને તમારું કાંઈક ચસકી ગએલું નથી લાગતું ?'

ભટ્ટાચાર્ય એકદમ ઉગ્ર થઈ ગયા, તેમણે જોરથી કહ્યું 'તમે એમ માની બેઠા છો કે હું ખોટે રસ્તે ચઢી ગયો છું ? પરંતુ હું તદ્દન સાચા રાહ પર છું. હું તમારી જેમ કારકુની કરી ઝખ મારવા નથી માગતો. મેં તમને પહેલેથી જ કહી દીધું છે કે જે દિવસે હું આ દુનિયામાં નિષ્ક્રિય હોઇશ તે દિવસે હું મારી જાતને મરી ગએલી માનીશ. તમે સમજી શકો તેમ છો કે માત્ર ત્રીસ–પંત્રીસ રૂપરડીની વકીલાતમાં મારું પેટ ભરાય તેમ નથી. મારે હંમેશા સો રૂપીઆ કરતાં પણ વધારે જોઈએ છે. જો તે નહીં મળે તો મરી ફીટીશ.'

આ વિચિત્ર વાતો હું સાંભળ્યે જતો હતો. પરંતુ કાંઇ ન સમજી શક્યો. મતિ જ કુંઠિત થઇ ગઈ હતી. તેમણે જોરથી કહ્યું, 'સાંભળી લે, મેં સીગારેટ, ચ્હા, અને કાયદો આ ત્રણે ચીજોનો બાયકોટ કર્યો છે. એ જ મારી મહાન અક્કલમંદીની નિશાની છે. હું મહાન વિભૂતિ બનવા માંગું છું. કારકુન થયે મારું ગુજરાન નથી ચાલી શકે તેમ. આજથી મારું નામ છેઃ ભીમબંટારાવ કુલકર્ણી–વ્યાયામ વિશારદ, મગદળાભિભૂષિત–ડમ્બેલદંડ–ત્રિદંડકારક." મને હવે સંપૂર્ણ ખાત્રી થઇ ગઇ કે ભાઇશ્રીનું અવશ્ય ફટકી ગયું છે. જો હજી સંપૂર્ણ પાગલપણાની કક્ષાએ નહીં પહોંચ્યા હોય તો બે–ચાર દિવસ પછી, પણ અવશ્ય પાગલખાનામાં લઇ જવાને લાયક બની જશે.

એમણે ફરી પાછું બુલંદ સ્વરે મને સંબોધતાં કહ્યું, 'મેં મારું નામ બદલી નાખ્યું છે. હેલ્થ–તબીયત એકદમ સુધારી દીધી છે. મને ચોક્કસ ખાત્રી છે કે આ દુનિયામાં હવે હું કાંઈક અવશ્ય કરી શકીશ.'

પરંતુ તેની હેલ્થ કરતાં તો મારી હેલ્થ ક્યાંઇ સારી હતી. એની ઉજ્જવળ ભવિષ્યની કલ્પનાનો

સંવત ૨૦૦૩નું સાહિત્ય-સરવૈયું

[પૃ. ૬૨૬ થી ચાલુ]

પરથી શ્રી. ભોગીલાલ સાંડેસરાએ ભાષાંતર કરીને સુંદર સાહિત્ય-સેવા બજાવી છે. આ વર્ષનું શ્રેષ્ઠ સંપાદન કરે છે શ્રી. મગનભાઈ દેસાઈનું 'મુંડકોપનિષદ'. ભાષાવિષયક ગ્રંથોમાં આ વર્ષે બે ખાસ ગ્રંથો પ્રસિદ્ધ થયા છે: શ્રી. મનસુખલાલ ઝવેરી કૃત 'ગુજરાતી ભાષા, વ્યાકરણ અને લેખન' અને શ્રી. કે. કા. શાસ્ત્રી કૃત 'ગુજરાતી ભાષા-લેખન.' પત્રોમાં શ્રી. કાલેલકરનું 'નિત્રમણિભાઈને' અને વ્યાખ્યાનોમાં શ્રી બ. ક. ઠા. નું 'પંચોતેરમે' નોંધપાત્ર છે. હાસ્યરસનું પુસ્તક 'પરપોટા' (લે. ચન્દ્રકાન્ત સુતરિયા) ઠીક હસાવશે. રસદર્શનોમાં ડૉ. હરિપ્રસાદ દેસાઈ કૃત 'નાના હતા ત્યારે' અને 'રસદર્શન' સુંદર કૃતિઓ છે, જીવનમાં કળા ને રસ માણવાની દિશા દર્શાવે છે, પરંતુ તેમાં સંકલનનો કોઈ ધડો નથી. શ્રીમતી મનુમતી ને દેવશંકર મહેતા કૃત 'મૂંઝવતા પ્રશ્નો' સામાન્ય છે.

રાજકારણનો સુંદર અભ્યાસ દાખવતો ગ્રંથ છે 'બ્રિટિશ શાહીવાદની જંજીરો' (લે: પ્રાણશંકર સોમેશ્વર જોષી). એવો જ અભ્યાસમંડિત ગ્રંથ છે 'હિંદનો કોમી નિકાલ' (અનુવાદિત કૃતિ). ઈતિહાસના ગ્રંથોમાં શ્રી દર્શક કૃત 'રોમ' અગ્રસ્થાને છે. એ વિષયના બે અનુવાદો 'આધુનિક ભારત' (મૂળ લે. આચાર્ય જાવડેકર. અનુ. પાંડુરંગ ગણેશ દેશપાંડે) અને 'સત્તાવનની કત્લેઆમ' (મૂળ લે. ચિંતામણી વૈદ્ય. અનુ. વિજયશંકર ભટ્ટ) પ્રમાણભૂત ગ્રંથો છે. પ્રવાસ-સાહિત્યમાં શ્રી. હિમતલાલ દુનાશા કૃત 'હિમાલયનું પર્યટન' અને શ્રી. શાન્તિલાલ ગાંધી કૃત 'દક્ષિણ ભારતનાં તીર્થધામો' એ બે ગ્રંથો પ્રસિદ્ધ થયા છે, એટલે વર્ષભરના શ્રેષ્ઠ પ્રવાસ-ગ્રંથ લેખેનું સ્થાન અનાયાસે પહેલાને મળી જાય છે.

વિજ્ઞાનમાં મુખ્ય સ્થાન છે શ્રી. છોટુભાઈ સુથારના 'ખગોળ-પ્રવેશ'નું. એ ઉપરાંત શ્રી મથુરદાસ ત્રિકમદાસ કૃત 'મધુકુંજ', શ્રી. પદ્મકાન્ત શાહ કૃત 'વિજ્ઞાનનાં વ્યાપક સ્વરૂપો', શ્રી. મધુકર રાંદેરિયા અને એક અનુભવી ડોક્ટર કૃત 'પહેલું પારણું' અને શ્રી. રમણલાલ એંજીનીઅર અનુવાદિત 'હું નિસર્ગોપચાર તરફ કેમ વળ્યો?' (મૂળ લે. હેન્રી લીન્ડલહાર) એ અન્ય વિજ્ઞાન-ગ્રંથો પ્રસિદ્ધ થયા છે.

માહિતી ગ્રંથોમાં શ્રેષ્ઠ લેખી શકાય તેવો ગ્રંથ છે શ્રી. રમણલાલ દેસાઈ કૃત 'અપ્સરા' (ખંડ બીજો) એ ઉપરાંત શ્રી. મહેન્દ્ર મેઘાણી કૃત 'આપણો સાગર સૈનિક', અમદાવાદ રાયફલ એસોસિએશન સંપાદિત 'બંદૂક અને તેનું શાસ્ત્ર,' શ્રી. જુગતરામ દવે કૃત 'હળપતિ મુક્તિ' શ્રી. કાન્તિલાલ ગાંધી કૃત 'કાપડની કહાણી,' શ્રી. રોશન મહેતા કૃત 'એક દિવસમાં દરજન' શ્રી. સતીશચંદ્ર દેસાઈ કૃત 'વક્તા કેમ થવાય?' અને શ્રી. રમણલાલ પાઠક અનુવાદિત 'ટોકિયોથી ઇમ્ફાલ' (મૂળ લે. રામસિંહ રાવળ) આ પ્રકારના અન્ય ગ્રંથો છે.



નટખટ છોકરી...

યુવતી : "બા, મેં જુદા નામે એક જાહેર-ખબર છાપામાં આપી કે રોમાન્સની દૃષ્ટિવાળા સંસ્કારી ગૃહસ્થ સાથે પરિચય સાધવો મને ગમશે—"

બા : "છોકરી, તું હવે નટખટ થતી જાય છે, હં...પછી કોઈનો જવાબ આવ્યો ?"

યુવતી : "જવાબ એક જ આવ્યો—ને તે પપ્પાનો."

સરકારી નોકરી !

કુંવારી છોકરીનો બાપ : તમે કહેતા હતા કે તમારો છોકરો સરકારી નોકરીમાં છે. મને ગઈકાલે ખબર મળી કે એ તો જેલમાં પૂરાયો છે.

કુંવારા છોકરાનો બાપ : તે ભાઈ, સરકાર એને ગમે તે નોકરીમાં રાખી શકે છે. એમાં મારે-તમારે સરકારી વાત પર મત આપવાનો હક્ક નથી.

ટાઇમ ટેબલની જરૂર

"આ તમે રેલ્વેવાળા નકામા ટાઇમટેબલ છાપીને ન ચોડતા હોય તો શું વાંધો છે ?" —એક પેસેન્જરે કંટાળીને કટાક્ષમય ફરીયાદ કરી.

સ્ટેશન-માસ્તરે ઠંડે પેટે જવાબ વાળ્યો : "ટાઇમ-ટેબલ ન હોય તો ગાડી કેટલી મોડી છે એમ અમે તમને શા આધારે કહી શકીએ ?"

વધુ આવતી કાલે...

એક શેઠ સાહેબને ત્યાં બે બાળકોનો એક સાથે જન્મ થયો. આ સાંભળતાં વેંત એને ખુશાલી થઈ આવી અને એણે એની બહેનને તાર કર્યો : "આજે જોડકાંનો જન્મ : વધુ આવતી કાલે."

છોકરી તો નહોતી જ !

બિરાદર સેમ્યુઅલ વિવિધ અનુભવોના શોખીન એટલે એક વાર નગ્નવાદીઓની ક્લબમાં જઈ આવ્યા. એનું વર્ણન કરતાં મિત્રમંડળમાં તેમણે કહ્યું : 'માળા પણ જે કાંઇ કરે છે તે બધું પૂરું જ કરે છે, કાંઇ અધૂરું રાખતા નથી. બટલરે બારણું ઉઘાડ્યું ત્યારે તે પણ પૂરેપૂરો નગ્ન હતો—જરાયે અધૂરો નહીં."

એક મિત્ર : "કેમ ભાઇ, જો તેણે કપડાં નહોતાં પહેર્યાં, તો પછી તમે કેવી રીતે જાણ્યું કે એ બટલર હશે !"

સેમ્યુઅલ : "કેમ વળી એ છોકરી તો નહોતી જ ને !"

કોર્ટ અને સાક્ષી...

'મારી પાસે એ વસ્તુ પુરવાર કરવા માટે સાક્ષીઓ છે.'

'મારી પાસે તે વેળા કોઈ સાક્ષીઓ હાજર નહોતા એમ પૂરવાર કરવા માટે સાક્ષીઓ છે.'

મારો શું વાંક ?

ન્યાયાધીશ : છેલ્લાં પચીસ વર્ષથી તું જ્યારે ને ત્યારે ગુન્હાઓ કરીને મારી સામો આવીને ઉભો રહે છે.

આરોપી : શું કરું સાહેબ ? આપને પ્રમોશન ન મળે તેમાં મારો કાંઈ વાંક છે ?

...સિવાય બીજું બધું !

ખૂબ વાતોડિયણ પત્નીનો લાઇટ-સ્વીચ પર હાથ રાખીને થયેલો પ્રશ્નઃ 'બધું એ બરાબર બંધ થઈ ગયેલું છે ને ડીઅર ?'

પતિનો ઉત્તરઃ 'બીજું બધું યે—'

પાણીની સગવડ !

'આ તે ઘર છે કે જંગલ ? દરેક ઓરડામાં પાણી પાણી થઇ રહ્યું છે.'—ભાડુતની ફરિયાદ.

મકાન માલિકનો ઠંડો જવાબઃ 'અમે પહેલેથી નહોતું કહ્યું કે દરેક ઓરડામાં પાણીની સગવડ રાખવામાં આવી છે ?'

બધું બમણા પ્રમાણમાં !

'હું કેટલું બધું કામ એંચું છું ? બે માણસનું કામ કરું છું તોયે તમે મને બે અઠવાડિયાને બદલે એક અઠવાડિયાની રજા આપી ?'

'હું ક્યાં નથી જાણતો ભાઈ ? તમે બધું બમણા પ્રમાણમાં કરી શકો છો એ મારા ખ્યાલમાં છે. એટલે જ તો બે અઠવાડિયાનો આરામ તમે એક અઠવાડિયામાં લઈ શકશો.'



'વાળ તથા મગજને ફાયદો કરે તેવા ૩૭ અમૂલ્ય વનસ્પતિજન્ય તત્વોમાંથી બનાવેલું'

કા મી ની આ ઓ ઈ લ (રજીસ્ટર્ડ)

વાપરી તમારા વાળનું રક્ષણ કરો.

સેંકડે નવાણું લોકો એવો ખ્યાલ ધરાવતા હોય છે કે વાળ માટે ગમે તે પ્રકારનું તેલ વાપરવાથી કામ સરી શકે છે. પણ એ માનવું ભૂલ ભરેલું છે જે તેલ વાપરવામાં આવે તે તેલમાં જો વાળને ઉગવાને મદદ કરે તેવાં તત્વો હોય નહી. તો તે બીલકુલ ફાયદાકારક હોતાં નથી પરંતુ એવાં અજાણ્યા તેલો વાપરવાથી વાળને પોષણ નહી મળવાને કારણે વાળ ખરી જવા લાગે છે. આ ભેદ થોડા થોડાઓ સમજે છે પણ હજી મોડું થયું નથી તમારા વાળના મૂળ સાબુત હશે તો કામીનીઆ ઓઈલ વાપરવાથી વાળને નવું જીવન પ્રાપ્ત થશે. કામીનીઆ ઓઈલમાં રહેલાં અમુલ્ય વનસ્પતીજન્ય તત્વો વાળના મૂળને પહોંચતાં જેમ ભુખ્યા માણસને હોશીઆરી આવે છે તેમ નીર્બળ થયેલા વાળના મૂળ સજીવ બની પોતાની ક્રીયા શરૂ કરે છે. વાળ ખરી પડતા બંધ થાય છે અને નિયમિત ઉપયોગથી સુંદર વાળથી ભરેલું માથું જે સ્ત્રી જાતીની કીર્તી છે તે જોઈ તમોને ખુશાલી ઉપજશે.

તમો પોતે જ એક બાટલી ખરીદો અને તેના અલૌકિક ગુણોનો અનુભવ મેળવો.

હજારો ફુલોનો સુગંધી ખજાનો

ઓટો દીલબહાર (રજીસ્ટર્ડ)



ફક્ત બે ત્રણ ટીપાં લગાડતાંની સાથે સેંકડો ફુલોના બગીચાની ખુશબો મહેક મહેક થઈ રહે છે એક જ વખત વાપરવાથી તમો તેની મનમોહક ખુશબોનો ખ્યાલ કરી શકશો. ઓટો દીલબહાર આલકોહોલ અગર સ્પીરીટની મેળવણી નથી. એથી ખુશબો દીવસો સુધી ટકી રહે છે.

આવી માટે ચાર આનાના પોસ્ટ સ્ટાંપ મોકલી નમુનાની શીશી આજે જ મંગાવો.

ચહેરાની કોમળતા તથા સુંદરતા જાળવી રાખવા માટે

કામીનીઆ

સ્નો

(રજીસ્ટર્ડ)

યાદ રાખો ચહેરા ઉપરથી શ્યામતા દૂર કરી ચહેરાની સુંદરતા અને કોમળતા જાળવી રાખી વધારે ઓજસ્વાન બનાવે છે.

કોમળ તાકને મનપસંદ પડે તેવી મધુર સુગંધીથી ભરપુર.

દીલબહાર ઓઈલ (રજીસ્ટર્ડ)

હજી સુધી વાપર્યું ન હોય તો આજે જ એક આનાની ટીકીટ મોકલી નમુનો મફત મંગાવો.

કામીનીઆ વ્હાઈટ રોઝ સોપ (રજીસ્ટર્ડ) તેમાંથી નીકળતા ગુલાબના ફુલની દીલરંજન સુવાસ મનને આનંદ આપે છે.

ન્હાવાના સાબુઓ માટે લખવાની જરૂર નથી પણ દીલબહાર સોપ (રજીસ્ટર્ડ) વાપરવાથી તમને તેની બનાવટની ખાત્રી થઈ આવશે. તેમાં રહેલી મખમલ જેવી મુલાયમતા દીલને તાજગી આપે છે. વળી તેની સુગંધી ફુલની માફક મધુર અને આનંદદાયક છે

કામીનીઆ સેન્ડલ સોપ (રજીસ્ટર્ડ)

સુખડની મીઠી ખુશબો નો સાબુ કે જેમાં મલયગીરી ચંદનના તેલની સાથે ચામડીની સૌંદર્યતા વધારનારાં ઔષધ મેળવવામાં આવે છે જેથી તે શરીરની ચામડીને પણ ફાયદો માફક આવે છે અને ગરમીના દિવસોમાં અળાઈ વગેરે થવા પામતી નથી. એક જ વખત ઉપરના સાબુ તમારા દુકાનદાર પાસેથી મંગાવી વાપરી જોવાને ભલામણ કરવામાં આવે છે, અથવા નીચેના સરનામે લખી મંગાવો

ઉપરની દરેક ચીજો દરેક ગામમાં જાણીતા દુકાનદારો પાસેથી મળશે.

સોલ એજન્ટસ: **એંગ્લો ઈન્ડીઅન ડ્રગ એન્ડ કેમીકલ કું.** ૨૮૫ જુમા મસીદ મુંબઈ નં ૨,

'રેકર્ડ ફેક્ટ્રીકસ' ની

માગ ઘેર ઘેર અને આંગણે આંગણે
વધી રહી છે

કારણ કે તે

આજે

આવતીકાલની કળાનાં દર્શન કરાવે છે

શુભેચ્છકોને નૂતનવર્ષાભિનંદન



અ મ દા વા દ

કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત તથા
હિંદના બીજા ભાગોમાં

પ્રખ્યાતી પામેલી

હરણ છાપ તથા નં. ૭૦૫

❀ દાર્જીલીંગ સ્પેશિયલ ❀

—બીડી માટે—

અને

ટીંબરૂના સુલાયમ પાન માટે

: લખો :

વૃજલાલ માણીલાલ એન્ડ કું.

ગોંદીઆ [સી. પી.]

જગ-મશહુર

કેશવ નારણના બીનહરીફ કાંટા બનાવનાર

પ્રખ્યાતિ પામેલા સો વર્ષના જૂના અને જાણીતા



લુહાર જીવન નાગજીના ચાવી છાપ કાંટા વાપરો

અમારા કાંટા ઘણા જ મજબૂત, ટકાઉ અને તોળવામાં તસભાર ફરક ન પડે તેવા છે, લાંબો વખત ચાલે છે. એક વખત મગાવી ખાતરી કરો.

લુહાર જીવન નાગજી કાંટાવાળા, સાવરકુંડલા (B. S. Ry.)

ર ૧૯૪૭ : વર્ષ પહેલું : અંક નવમો

નવી જાહેરખબરો

....શનિ

ગૂમાયું છે—મળ્યું છે

આરઝી હકૂમતના સૈનિકો કુંડલા મહાલમાંથી પસાર થતા હતા તે સમયે કોઈનું ભેજું અકફેટે ચડતું જડી આવ્યું છે. જેમનું હોય તેમણે ખાત્રી કરાવીને 'જીવન-પ્રકાશ'ના કેશિયર પાસેથી લઇ જવું.

ચિત્રકારો જોઇએ છે

ચિત્ર કરતાં પોતાનું નામ મોટા, ઘૂંટેલા, જાડા ને સ્પષ્ટ અક્ષરે લખી શકે, પોતાનું નામ લખવાની જગ્યા ચિત્ર દોરતાં પહેલાં નક્કી કરી શકે, ઊડીને આંખે વળગે એવી જગ્યાએ નામ લખી શકે, મતલબ કે પોતાનું નામ લખવા ખાતર જ ચિત્ર દોરી શકે એવા ચિત્રકારોએ અરજી કરવી.

ઇનામમાં—કેટલીક વાર તો ચિત્ર દોરવાની જગ્યા કોરી રાખીને માત્ર પોતાનું નામ જ લખવાનું રહેશે.

લખો : બોક્સ નં. ૧૧
C/c. 'જીવન-પ્રકાશ

કાયકરો જોઇએ છે

હવે કાઠિયાવાડ જાગી ગયું હોવાથી અને અવારનવાર સંમારંભો યોજાતા હોવાથી નીચે જણાવેલ પ્રકારના કાર્યકરોની મુંબઈમાં તાકીદે જરૂર છે:

[જુઓ સામેનું પાનું]

"આથી તો ઘણાયના પેટ પર પાટુ પડશે, બાપુ !"

નાટકની ઉત્પત્તિ અને ત્રણ મહાન નાટકકારો

લેખક : શ્રી. ઇશ્વરપ્રસાદ જોષીપુરા એમ. એ.

નાટકની ઉત્પત્તિ

એમ કહેવાય છે કે જગત સમસ્તના વાઙ્મયમાં એક માત્ર 'તત્વજ્ઞાન' પછી બીજે નંબરે, વધારેમાં વધારે સમૃદ્ધ, વધારેમાં વધારે પુરાણો અને ખૂબ જ લોક પ્રચલિત સાહિત્ય-પ્રકાર નાટક છે. નાટક ખરેખર ખૂબ જ જૂનું છે. એની પુરાણી ઉત્પત્તિ વિષે જગતના સહુ સાહિત્યાચાર્યો એકમત નથી. કોઇ કળા માત્રને અનુકરણ ગણી, નાટક પણ કલાનો પ્રકાર હોઇ, અનુકરણ પ્રધાન છે એમ કલ્પી, જ્યારથી મણસ જાતમાં અનુકરણ કરવાની સમજ આવી ત્યારથી નાટક ઉત્પન્ન થયું એમ માને છે. કોઈ કળા માત્રને રંજનપ્રધાન ગણી, જ્યારથી માનવ જાત શોખીન અને રંગીલી બની ત્યારથી નાટક રંજનાર્થે ઉત્પન્ન થયું એમ માને છે. કેટલાક વળી નવલ, નવલિકા, વગેરે પાઠ્ય સાહિત્ય-પ્રકારો અભિનય પ્રધાન દૃશ્ય નાટક જેટલી ઉત્કટ કક્ષાએ અર્થાભિવ્યક્તિ કરી શકતા નથી માટે નાટક સર્જાયું એમ પણ માને છે. આપણા હિન્દુ શાસ્ત્રકારો ઇન્દ્રાદિ દેવોને રંજન પમાડવા ભરત મુનિ દિગ્દર્શક રૂપે અવતર્યા અને એણે નાટ્યશાસ્ત્ર રચી નાટકને બહાલી આપી એમ અભિપ્રાય આપે છે. આમ નાટકની ઉત્પત્તિ વિષે ભિન્ન ભિન્ન મતો પ્રવર્તે છે. પરંતુ એટલું તો ખરું જ કે નાટક એ સૃષ્ટિના અને સંસ્કૃતિના ઉદયકાળે જ

૧ બાંધણી છાપનારાઓ
૨ કાઠિયાવાડી ભરત ભરનારાઓ
૩ ઉરેબ સુરવાલ સીવનારાઓ
લોકગીતો અને દુહા ગાઇ શકનારને પ્રથમ પસંદગી

લખો—
કોઇપણ પ્રગતિવાદી સ્ત્રીમંડળ અને પુરૂષમંડળ, મુંબઇ

ધંધાદારી

વાંચો ! તક ! ફક્ત ૧૫ દિવસમાં પરફેક્ટ નેતા બનાવી દેશું અને લાયસન્સ આપીશું.

ભાષણો કેમ કરવાં, મંડળો કેમ સ્થાપવાં, મંત્રી અને પ્રમુખ કઇ રીતે થઈ જવું નિવેદનો કેમ બહાર પાડવાં, અખબારોમાં ફોટા કઇ રીતે છપાવવા, પ્રમુખનો ખાંધીઓ મંત્રી કઇ રીતે થઇ શકે અને મંત્રીનો ખાંધીઓ સભાસદ કઈ રીતે થઈ શકે અને એ રીતે ખાંધે ચડીને ડીમડીમ કઈ રીતે બજાવવી, ફંડફાળા કઈ રીતે શરૂ કરવા, એનો હિસાબ કઈ રીતે રાખવો અને એ રીતે દુનિયાની આંખમાં ધૂળ નાખવા લાઇટમાં આવવાની સોનેરી તક અમારી યોજનાદ્વારા મેળવો. કિંમત રૂા. ૫૦૦-૦-૦

તન (કોનાં ? સમજી લ્યોને !), મન (કોળીનાં નાગીએરનાં) અને ધન (મૂર્ખાઓનાં) થી સંપૂર્ણ નેતા બનવાની યોજના મેળવીને જીંદગી પર્યંતનો ધંધે. જમાવો એવી અમારી ભલામણ છે. કિંમત રૂા. ૧૦૦૦-૦-૦

લખો : લીડર પ્રોડક્શન લીમીટેડ
બોક્સ નં. ૪૨૫ C/o 'જીવન-પ્રકાશ' (૩૪૦)

માનવજાત સાથે અવિનાભાવે સંકળાયેલ આદિ સાહિત્ય-પ્રકાર છે. કવિતા, નવલ, નવલિકા, નિબંધ, વિવેચન વગેરે સાહિત્ય સ્વરૂપો અન્તે તો 'વાઙ્મય'-ના જ પ્રકારો છે અને એમાં જ આક્રાન્ત થાય છે. માત્ર નાટક જ એક એવો પ્રકાર છે કે જે લાક્ષણિક અર્થમાં કહીએ તો વાઙ્મયથી પણ પર છે! માણસને વાચા તો પછી મળી પણ તે પહેલાં તેણે નાટક તો કરેલ જ છે. વસ્તુતઃ મનુષ્ય જન્મથી 'નાટકીયો' હોય છે. કોઈ તરતનું જન્મેલું બાળક જોઈશું તો એ હાથપગ આમતેમ ઉછાળતું, પછાડતું, કિલકિલાટ કરતું, ધુધવાટ કરતું, રુદન કરતું જણાશે. નાટકનું પ્રાથમિક લક્ષણ જે અભિનય, તે બાળકના જન્મ સાથેની આ પહેલી જ ચેષ્ટામાં વ્યક્ત થતું જણાશે. એટલે નાટકનું બીજ કંઈક અંશે માનવના જન્મ સાથે જ છે એમ કહીએ તો પણ ખોટું નથી.

અને માનવજાતના પ્રાચીન ઇતિહાસ તરફ નજર નાખશું તો પણ નાટકનું આ અભિનયમૂલક તત્ત્વ માનવજીવનના હરરોજના વ્યવહારમાં પ્રાધાન્ય ભોગવતું જણાશે. પ્રાચીન માનવને જે કંઈ જોઈતું એ શરીરના હાવભાવ દ્વારા, અંગોનાં વિચિત્ર હલનચલન દ્વારા, મૂક સૂચનો અને ચહેરાના માર્મિક ઇશારો દ્વારા જ એ વ્યક્ત કરતો. આ પ્રકારની અભિવ્યક્તિમાં આપણા નાટકના શિષ્ટ અભિનયનાં મૂળતત્ત્વો રહેલાં છે. નાટકની ઉત્પત્તિના ક્રમમાં આ અભિનય જ સૌથી પહેલાં આવે છે. વસ્તુ અને સંઘર્ષ તો પછી.

આ તો માત્ર નાટકના એક લક્ષણની વાત થઈ. વ્યવસ્થિત કલાના એક અંગ તરીકે નાટક સામાજિક ભૂમિકા ઉપર નિર્ભર છે. જ હૃદયના સૂક્ષ્મ ભાવો અને માનવમાનસમાં ઉદ્દીપિત થતી આશા-ઊર્મિઓ નાટક તખ્તા ઉપર અનુકરણ દ્વારા આલેખે છે. આવું Broad human content વાળું નાટક જગત-સાહિત્યને સૌથી પહેલું આપવાનું માન ગ્રીસની રંગભૂમિને છે.

ગ્રીસની રંગભૂમિ

જગતના મહાન નાટકોના મહાન સર્જકો જે દેશમાં સૌથી પહેલાં નીપજ્યા એ દેશ-ગ્રીસની પ્રજામાં રંગભૂમિનું સ્થાન અત્યન્ત આદરણીય હતું. પ્રાચીન ગ્રીક નાટકો બહુધા ઉત્સવને પ્રસંગે ભજવાતાં. તે વખતે નાટ્યકારોની જાહેર હરિફાઈ રચાતી. ગ્રીક રંગભૂમિનું નેપથ્ય અતિશય શણગારોથી અને રંગદર્શી પટપટાન્તરોથી આચ્છાદિત રાખવામાં આવતું અભિનેતાઓ પણ જેમ બને તેમ વિશેષ સુશોભિત અને આકર્ષક પોષાકમાં સજ્જ થતા. વર્ણન કરતાં અભિનયને પ્રાધાન્ય આપવામાં આવતું. રંગભૂમિ ઉપર મૃત્યુ કે એવી ગંભીર હોનારત વ્યક્ત કરતાં દૃશ્યો બતાવવામાં આવતાં નહિ. નાટકના વસ્તુમાં એવો કોઈ પ્રસંગ આવે તો સંસ્કૃત નાટકમાં જેમ **नेपथ्ये कलकलः** થાય છે, તેમ પડદા પાછળ જ એ વસ્તુ પતી જતી અને એની પ્રેક્ષકોને ખબર આપવા Messenger નામે એક ખાસ નટ રાખવામાં આવતો. નાટ્ય વસ્તુ ઉપર પ્રસંગોપાત ઉચિત ટીકા કરવા માટે Chorus નામે એક જુદો જ પાત્ર સમુદાય રાખવામાં આવતો. Chorusનું કાર્ય એ પ્રવેશો વચ્ચેના સમય દરમિયાન નૃત્ય, ગીત અને વાદ્યથી પ્રેક્ષકોને રંજન પમાડવાનું, પ્રવર્તમાન વસ્તુ ઉપર ટીકા કરવાનું અને ધ્વનિપ્રધાન અભિનય દ્વારા આવનાર પ્રવેશનું સૂચન કરવાનું રહેતું. જ્યારે આવું કોઈ કાર્ય કરવાનું પર્યાપ્ત ન હોય ત્યારે માત્ર ચહેરા ઉપરના પલટાતા વિકારોથી ચિન્તા, શોક, ગ્લાનિ, ભય, કરુણા, વિષાદ, ઉદ્વેગ વગેરે ભાવો બતાવવામાં પણ Chorus પ્રેક્ષકોને માર્ગદર્શક અને રસપ્રદ બનતું.

આવી રંગભૂમિ ઉપર સ્મરણીય ગણી શકાય એવા ત્રણ ચાર નાટકકારોમાં સૌથી આગળ પડતો અને 'મહાન' એ, સોફોક્લિસ (Sophocles) છે. માટે એની કળા અને કૃતિઓનો આછો પરિચય કરીએ.

મહાન ટ્રેજેડિયન-સોફોક્લિસ

સોફોક્લિસ કે જેને માટે મેથ્યુ આર્નોલ્ડે પેલી વિખ્યાત પંક્તિ કહી છે-Who saw life steadily and saw it as a whole'-એ નાટકને પૂર્ણ કલાત્મક સ્વરૂપ આપનાર પહેલો જ સર્જક છે. નાટકમાં સંરક્ષતી સચોટતા, કાર્યનો

પેમ અને dramatic suspense એ બધુ એસ્કી- લિસે સૌથી પહેલાં બનાવ્યાં ગ્રીક નાટકમાં કલા દૃષ્ટિએ એણે મેળવેલી સિદ્ધિ જેમ વિરલ અને ચિરંજીવી છે તેમ વસ્તુ પરત્વે પણ એનું દર્શન આગવું રહ્યું છે એનો મેથ્યુ આર્નોલ્ડ કહે છે તેમ–'Even balanced soul' જગતનાં સુખ અને દુઃખ પ્રત્યે, સૌજન્ય અને દૌર્જન્ય પ્રત્યે સૌન્દર્ય અને કુરૂપતા પ્રત્યે, સમતોલ હતો અને એટલે જ એ Antigone કે Oedipus the King જેવાં મહાન નાટકો સર્જી શક્યો. સોફોક્લિસ એના સમયમાં કીર્તિ અને પ્રતિષ્ઠાને ઉન્નત શિખરે વિરાજતો. ગ્રીસની સંસ્કારી જનતા, આપણા ન્હાનાલાલનાં કેટલાંક 'અમરકુળો' પેઠે, એનાં નાટકોનાં અવતરણો પણ રોજના વ્યવહારમાં વાપરતી. સોફોક્લિસ જેવો સુન્દર નાટકકાર હતો તેવો કુશળ અભિનેતા પણ હતો. જો કે ગ્રીસની તત્કાલીન રંગભૂમિની કેટલીક મર્યાદાઓ તે ઓળંગી શક્યો નહોતો છતાં તખ્તા ઉપર માતાનું ખુન કરવા તૈયાર થતી Electra જેવી રૌદ્રમૂર્તિ, કે I am made for love, not hate–કહેતી એન્ટીગોન સમી સ્વતંત્ર્યમૂર્તિ લાવી, પ્રેક્ષકોને નાટક દ્વારા સમાજમાં પોતાનાં ધર્મકર્મ તરફ અભિમુખ બનાવનાર પ્રાચીન નાટકકારોમાં સોફોક્લિસ એક અને અનન્ય હતો.

<u>વિલિયમ શેક્સપીયર</u>

પ્રાચીન ગ્રીક સાહિત્યમાં જેમ સોફોક્લિસ પ્રથમ પંક્તિનો નાટકકાર હતો તેમ સોળમી સદીમાં થઈ ગયેલો આંગ્લ સાહિત્યનો નાટ્યકાર વિલિયમ શેક્સપીયર પણ દુનિયાનો એક પહેલા વર્ગનો કલાકાર અને સાહિત્યદ્રષ્ટા ગણાય. જગતના કોઈપણ સાહિત્યનું નાટ્યવિવેચન થંભી જાય એટલો શેક્સપીયર મહાન અને લોકોત્તર કલાકાર છે. મેથ્યુ આર્નોલ્ડે એને માટે સાચું જ કહેલ છે કે 'Others abide by our reason, thou art free." એ કલાસ્વામીના દૃષ્ટિફલકની વિશાળતા જીવન અને જગત વિશેનું એનું ઊંડું અને તાત્ત્વિક ચિન્તન, માનવ માનસના સંકુલ વ્યાપારોનું એનું વિશદ નિરૂપણ, શાહથી રંક સુધીનાં પાત્રોનું એનું સ્પષ્ટરેખ અને તદ્રૂપ આલેખન, નાટકે નાટકે પ્રદિગંત થતું એનું કલ્પના અને કળાનું ઐશ્વર્ય, ગહન સંવેદનોની અને પ્રફુલ્લ ઉલ્લાસની પળોમાં પણ યોગી સમું એનું નિરામય તાટસ્થ્ય, ભવિષ્યનેયે પાદાક્રાન્ત કરતી એની આર્ષદૃષ્ટિ, હેમ્લેટ અને પ્રોસ્પેરો, રોઝેલીન્ડ અને મીરાન્ડા જેવાં અમર પાત્રોનું એનું સર્જન–એ સઘળું એટલું અનુપમ છે કે કયા કલાતત્ત્વને વખાણવું, કઈ પદોક્તિની પ્રશંસા કરવી, કયા નાટકના અમર સન્દેશનો અનુવાદ કરવો–એ સઘળાનો વિવેક ગમે તેવા કડક વિવેચકને પણ દુષ્કર થઈ પડે છે. શેક્સપીયર સમો જગત પ્રત્યે સર્વથા તટસ્થ સર્જક દુનિયામાં બીજો કોઈ થયો નથી. द्विषन्ति मन्दा चरितम् महात्मनाम्–પેઠે ભલે બર્નાર્ડ શૉ જેવા કેટલાક એને 'up start crow beautifying his own body with others' feathers' કહી વગોવે; પરંતુ એથી શેક્સપીયરની પ્રતિભાને આજ ચારસો વરસ થયાં છતાં પણ ક્યાંયે ઝાંખપ લાગી નથી અને લાગશે પણ નહિ.

<u>નોર્વેજીયન નાટકકાર–ઇબ્સન</u>

શેક્સપીયર પછી જગતના નાટક સાહિત્યમાં એકનો એક મહાન અને અમર સર્જક નોર્વેજીયન નાટકકાર ઇબ્સન છે. એના સિવાય બીજા કોઈએ નાટક સાહિત્યમાં શેક્સપીયર સમું વિશાળ અને સમૃદ્ધ માનવતાભર્યું સર્જન આપેલ નથી. ઇબ્સન અર્વાચીન ગદ્યપ્રધાન નાટ્યશૈલીનો આદ્ય પ્રણેતા છે પ્રો. બળવન્તરાય ઠાકોરે જેને 'કવિતામાધુર્ય' કહ્યું છે એવું કવિતામાધુર્ય ઇબ્સનનાં નાટકોના ગદ્યમાંથી નિર્ઝરતું માલમ પડે છે. એ ગદ્યમાં શબ્દેશબ્દ ઊંડીને તાળવે ચોંટી જાય તેવો, અને પાછળ રહેતી વ્યંજના હૃદય સોંસરી ઉતરે તેવી હોય છે. એમાં કલાને રૂંધતો વક્તવ્યભાર કે વક્તવ્યને અસ્પષ્ટ રાખતો અતિકલાનો ઓપ નથી. એમાં વિચાર–પ્રાધાન્ય અને ભાવપ્રાધાન્યનું સુસંવાદિત્વ જળવાયું જણાય છે.

ઇબ્સનનાં નાટકો જૂજવાં છે; પ્રત્યેક નાટક સામાજિક જીવનનો કોઈ ગહન કોયડો છણે છે. 'Brand' નાટક સમાજમાં મનુષ્યના વ્યક્તિસ્વાતંત્ર્ય-

નો પ્રશ્ન ઉપાડે છે. 'If you cannot be what you ought, then be thoroughly what you can.' સમાજનો જે મધ્યમ વર્ગ માણસના જે વ્યક્તિગત વિકાસને રૂંધે છે તેની સામે Brandમાં ઈબ્સનનો પુકાર છે. 'Doll's House'માં, ઘરની પૂતળી પેઠે શણગારી સુન્દર બનતી અને હરતી ફરતી 'ન જુઈ' સ્ત્રીનો પણ સમાજના સાંસારિક વિકાસમાં કંઈક ફાળો હોવો જોઈએ એવું ઈબ્સનનું વક્તવ્ય છે. 'The Pillars of society'માં સમાજ બધો અંધેર અને અવ્યવસ્થાથી જ ચાલતો રહે છે. અને એની બાહ્ય સંસ્કૃતિના પાયામાં તો કેવળ જુઠાણું અને પોકળ છે એમ ઈબ્સન પ્રતિપાદિત કરે છે. આમ નાટકે નાટકે ઈબ્સનનું જીવન અને જગત વિષેનું ચિન્તન વ્યાપક અને પ્રફુલ્લ બને છે. એનું એક એક નાટક એકેક અવ્યક્ત રહેલા 'સનાતન' સત્યને બહાર લાવે છે. આ ઉપરાંત પ્રત્યેક નવીન નાટકે નાટ્યકળાનો વિકાસ પણ આપણે ઈબ્સનમાં જોઈએ છીએ. ઈબ્સનની નાટ્યકળા કદીએ એકધારી નથી. પ્રત્યેક નાટકે સંવિધાનનું કૌશલ વૃદ્ધિંગત થતું જણાય છે.

ઈબ્સનની નાટ્યકળાની અસર જગતના જુદા જુદા દેશોના અનેક અર્વાચીન નાટકકારો ઉપર પડી છે. આખા જગતનું અર્વાચીન નાટક સાહિત્ય ઈબ્સનની કલાની સંતતિ રૂપે જ વિકસ્યું છે એમ કહીએ તો પણ ચાલે. કહેવાય છે કે Ibsen's spirit brooded upon the theatre and brought forth a progeny that multiplied itself prodigiously.

આવી અનન્ય સાધારણ, ઈબ્સની અસર, અર્વાચીન નાટક ઉપર રહી છે.

નવજીવન મીલની

પોપલીન

ઘેર ઘેર વપરાય છે

સાભાર સ્વીકાર

નવાં પુસ્તકો

મંદિર પ્રવેશ અને શાસ્ત્રો : લે. શ્રી. ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ, પ્ર. નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ કિં. રૂા. ૩.

કલ્પાને પત્રો : લે. શ્રી. નરહરિ દ્વારકાદાસ પરીખ, પ્ર. ઉપર મુજબ, કિં. રૂા. ૧.

અપંગ માનવતા : લે. પ્ર. શ્રી, મનુભાઈ ગાંધી. નેશનલ મેડીકલ સ્ટોર્સ, મોરબી. કિં. રૂા. ૩.

પ્રભાત ગીત : લે. શ્રી. પૂજાલાલ, પ્ર. શ્રી. અરવિન્દ કુંજ, મુંબઈ, કિં. રૂા. ૨.

લોકમાતા : લે. કાકા કાલેલકર, પ્ર. નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, કિં. રૂા. ૧। આવૃત્તિ ત્રીજી.

નારદવાણી : લે. શ્રી. નારદ, પ્ર. ભારતી સાહિત્ય સંઘ લી. ફરનાન્ડીઝ પૂલ નીચે, ગાંધીમાર્ગ, અમદાવાદ કિં. રૂા. ૨॥.

યોગેશ્વર કૃષ્ણ : લે. શ્રી. રાજહંસ પ્ર. સુરસાગર સાહિત્યાલય, કલાપીનગર, લાઠી (કાઠિયાવાડ) ૭ ખંડોમાં ગીતાના દૃષ્ટિએ રચાયેલી કાવ્યકથા: પ્રથમ ખંડ ગોકુલેશ કિં. રૂા. ૩॥; દ્વિતીય ખંડ રાસેશ કિં. રૂા. ૩॥, તૃતીય ખંડ, મથુરેશ કિં. રૂા. ૩॥, ચતુર્થ ખંડ, દ્વારકેશ કિં. રૂા. ૪॥ પંચમ ખંડ ગીતેશ કિં. રૂા. ૪॥, ષષ્ઠ ખંડ યોગેશ કિં. રૂા ૩॥.

હિમાલયનું પર્યટન : લે. હિંમતલાલ દુબાણી, પ્ર. ભારતી સાહિત્ય સંઘ લી. અમદાવાદ.

સાહસિકા : લે. શ્રી વિન્દ્રમોહન મુખોપાધ્યાય, અનુવાદક–રજનીકાન્ત ત્રિવેદી, પ્ર. નવયુગ પુસ્તક ભંડાર, રાજકોટ, કિં. રૂા. ૩॥.

હિંદ–બ્રિટનનો નાણાંનો વ્યવહાર : લે. જે. સી કુમારપ્પા, અનુવાદક; મણિભાઈ ભ. દેસાઈ પ્ર. નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ કિં. રૂા. ०–૧૦–०.

મેઘદૂત : સમશ્લોકી ભાવાનુવાદ લે. નાનાલાલ ભાઈશંકર ભટ્ટ, પ્ર. મોહનલાલ એ. મોદી, બાર રસ્તા, ખાડીઆ, ૧૫, અમદાવાદ કિં. રૂા. ०–૫–०.

બ્રિટિશ શાહીવાદની જંજીરો : લે. પ્રાણશંકર સોમેશ્વર જોશી, ૪૦ બ્રી. સ્ટ્રીટ, જોહાનિસબર્ગ, (દક્ષિણ આફ્રિકા) કિં. રૂા. ૩.

રેમફોકા : મૂળ લે. મિસિસ હેરિયેટ બીચર સ્ટો. અનુ. શ્રી. મોંઘીબહેન બધેકા પ્ર. શિશુ વિહાર, કૃષ્ણનગર, ભાવનગર. કિં. રૂા. ૧–૫–०.

મુક્તિ ગાન : લે. પ્ર. સૌ. હર્ષમતિ પીનલાલ દેસાઈ, શારદામંદિરનો આશ્રમ; સંપાદયાવાડ, ગોપીપુરા, સુરત કિં. રૂા. ०–४–०.

અખંડ જ્યોતિ : લે શ્રી. મગનન વિ. જોષી પ્ર. શ્રી. મનુભાઇ મેઘાણી, ઝવેરીવાડ, અમદાવાદ, કિં. રૂા. ૧-૯-૦

ચિત્ર-સંપુટો

સ્વાતંત્ર્ય યજ્ઞ : ચિત્રકાર શ્રી. ચંદ્ર ત્રિવેદી, પ્ર: ભારતી સાહિત્ય સંઘ લી. અમદાવાદ કિં. રૂા. ૨ ૪-૦.

રાષ્ટ્રપિતા ગાંધીજી : તસ્વીરકાર શ્રી. જગન મહેતા, પ્ર. રમણલાલ પી સોની, મોડાસા (જી. અમદાવાદ) કિં. રૂા. ૩.

દીપોત્સવી અંકો

ભારતી : સંપાદક શ્રી અશોક હર્ષ, પ્ર. ભારતી કાર્યાલય, રાયપુર દરવાજા બહાર ન્યૂ કોટન મીલના કમ્પાઉન્ડમાં પો. બો. નં. ૧૭૩, અમદાવાદ કિં. રૂા. ૩ાા.

સંદેશ : સંપાદક: શ્રી. પ્રહલાદ બ્રહ્મભટ, પ્ર. સંદેશ કાર્યાલય, સારંગપુર, અમદાવાદ કિં. રૂા. ૩ાા.

બેધડી મોજ : સંપાદક: શ્રી. ઉત્તમચંદ વ્યાસ. પ્ર. બેધડી મોજ કાર્યાલય, ૧૨-૧૪, શેક હાઉસ લેન, કોટ, મુંબઇ કિં રૂા ૨-૮-૦

ચેતન : સંપાદક: શ્રી. પ્રાણલાલ પ્ર. વ્યાસ, પ્ર. ચેતન સાહિત્ય કાર્યાલય, ૨૧, નોબલ ચેમ્બર્સ : પો. બો. ૧૩૮૨ કોટ, મુંબઇ કિં. રૂા. ૨ાા.

ગુજરાતમિત્ર તથા ગુજરાત દર્પણ : તંત્રી, શ્રી. પ્રવીણકાન્ત હ. રેશમવાળા, પ્ર ગુજરાત મિત્ર કાર્યાલય, હરીશ મઝીલ, સુરત કિં. રૂા ૧ાા

નવચેતન : તંત્રી, શ્રી. ચાંપશી ઉદેશી, પ્ર. નવચેતન કાર્યાલય, ૧૨ એ, આશુતોષ મુખરજી રોડ, કલકત્તા. કિં. રૂા. ૧.

પ્રભાકર : તંત્રી; નટવરલાલ મૂ બીમાવાળા, પ્ર. પ્રભાકર કાર્યાલય, હવાડીયો ચકલો, સુરત કિં. રૂા ૧ા

તસ્વીર : સંપાદક: શ્રી. રવિશંકર પ્ર. વ્યાસ પ્ર. તસ્વીર કાર્યાલય, ૧૮, સરસ્વતી સોસાયટી, અમદાવાદ.

તણખા : સંપાદકે: શ્રી અંબાલાલ નૃ શાહ અને શ્રી મુકુન્દ પી. શાહ, પ્ર તણખા કાર્યાલય, હરિનિવાસ રાયપુર, અમદાવાદ. કિ રૂ: ૧-૮-૦.

નવસર્જન : સંપાદક : શ્રી રતિલાલ માખણી, પ્ર. નવસર્જન કાર્યાલય, ખરલાપપુરા સ્ટ્રીટ, ખેતવાડી મેઈન રોડ, મુંબઇ કિ: રૂ: ૧।

કાઠિયાવાડ ટાઇમ્સ : તંત્રી. શ્રી. એ ટી. વઝીરાણી, પ્ર કાઠિયાવાડ ટાઈમ્સ કાર્યાલય, રાજકોટ.

બહુરૂપી : તંત્રી શ્રી. ચંદુલાલ વ્યાસ સંપાદક શ્રી. મનહરલાલ વ્યાસ, બહુરૂપી કાર્યાલય, રાણપુર, કિ. રૂા. સવા

હિન્દોસ્તાન : સંપાદક શ્રી નેહાલચંદ સોમૈયા. કાર્યાલય—બીજી ફણસવાડી મુંબઈ. ૨ કિં બે રૂપિયા.

પ્રગતિ : તંત્રી શ્રી. ગોરધનદાસ રા. સોની, પ્રહલાદ રોડ રાજકોટ. કિં: સવા રૂપિયો.

મશીનરી સમાચાર : તંત્રી શ્રી. અમૃતલાલ નાગજી વખારીઆ; સર લાખાજીરાજ રોડ, રાજકોટ, કિં એક રૂપિયો.

ખાસ અંકો

રશ્મિ : તંત્રીઓ, પ્રા. ગૌરીપ્રસાદ ચુ. ઝાલા અને પ્રા. મનસુખલાલ મ. ઝવેરી; પ્ર ગુજરાત સાહિત્ય મંડળ, સેન્ટ ઝેવિયર્સ કોલેજ, મુંબઈ ૧ કિં. રૂા. ૨-૮-૦.

આ મુક્તિની અભિનંદના : સંપાદક: સુરત વિદ્યાર્થી સંઘ, પ્ર. એન. કે. ગાંધી, પોપ્યુલર બુક સ્ટોર, ટાવર રોડ, સુરત કિં. રૂા. ૧ાા

કેળવણી પત્રિકા : સં. ભાવનગરના દરબારી કેળવણી ખાતા તરફથી પ્રગટ થતા આ દ્વૈમાસિકના પ્રારંભથી શરૂ કરીને *ઓક્ટો-ઓક્ટોબર '૪૭ સુધીના બધા અંકો મળ્યા છે.* વાર્ષિક લવાજમ રૂા. ૧ (શાળાઓએ ખાસ વસાવવા જેવું)

નવાં સામયિકો

પ્રેમ ધર્મ : (માસિક) વર્ષ ૧ અંક ૧ તંત્રી, શ્રી. શાન્તિલાલ દીનાનાથ મહેતા, પ્ર પ્રેમ ધર્મ કાર્યાલય, સારંગપુર, ખડાયતાની વાડી, અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂા. ૬-૪-૦ છૂટક નકલ કિં. ૧૦ આના.

પગદંડી : (માસિક) પુસ્તક ૧ લું અંક ૧ લો. સંપાદકો: ચકદલાલ પટેલ અને આનંદમિત સાંગાણી, પ્ર. પગદંડી કાર્યાલય; હરિનિવાસ, રાયપુર ચકલા, અમદાવાદ વાર્ષિક લવાજમ રૂા. ૭-૦-૦ છૂટક નકલ રૂા. ૦-૧૦-૦.

સરિતા : (સાપ્તાહિક) વર્ષ ૧ અંક ૧ તંત્રીઓ: શ્રી. મણિપતરામ મહેતા અને ડૉ. મહાસુખલાલ ખાંડેરી, પ્ર. સરિતા કાર્યાલય, રાણપુર. વાર્ષિક-લવાજમ રૂા. ૮-૦-૦ છૂટક નકલ ચાર આના. (દીપોત્સવી અંક પણ મળ્યો છે)

કુન્દન : (માસિક) વર્ષ ૧ અંક ૧ સંપાદક: કાંતિલાલ ગ્રુ. ત્રિવેદી અને પુનમચંદ ના. દેસાઈ, પ્ર કુન્દન કાર્યાલય, કૃષ્ણ સીનેમા સામે અરવિંદ ભુવન, અમદાવાદ. વાર્ષિક લવાજમ, ૪-૦-૦ છૂટક ૦-૬-૦.

અખંડ આનંદ : (માસિક) વર્ષ ૧, અંક ૧, તંત્રી શ્રી. મોહનલાલ મહેતા, 'સોપાન' પ્ર. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર પાસે. અમદાવાદ .વાર્ષિક લવાજમ રૂા. ૬-૪-૦ છૂટક રૂા. ૧-૪-૦.

આ ઉપરાંત સિહોર (કાઠી.)ના જાણીતા મહાસુખભાઈ રનછોડજી વંશ તરફથી એમના કારખાનાનો તેમ જ એમની બનાવટો વગેરેનો સચિત્ર પરિચય આપતું સુંદર આકર્ષક પુસ્તક મળ્યું છે; અને સન ડ્રૂપીલ્સ એન્ડ પારફ્યુમરી વર્ક્સ, (૫૦-૫૨, હંસાજી સ્ટ્રીટ, ખટાઉવાડી, મુંબઈ ૩) તરફથી જવાહર અને સુભાષનાં ત્રિરંગી ચિત્રોવાળાં મોટાં આકર્ષક નવા વર્ષનાં બે સુંદર કેલેન્ડરો મળ્યાં છે, જેનો આભાર સહિત સ્વીકાર કરીએ છીએ.

'જીવન-પ્રકાશ'ના વાંચકો સમક્ષ જાહેરાત કરતાં અમને હર્ષ થાય છે કે, સુપ્રસિદ્ધ કવિ લેખક અને પત્રકાર, અને 'વૈશંપાયન'ના તખલ્લુસથી ગુજરાતની કટાક્ષ રસિક આમ જનતાના લાડીલા બનેલા શ્રી કરસનદાસ માણેકની કલમની પ્રસાદી આ માસથી આ કોલમો દ્વારા નિયમિત મળતી રહે એવી વ્યવસ્થા કરવા અમે ભાગ્યશાળી થયા છીએ.

શ્રી. માણેક પોતાની લાક્ષણિક દૃષ્ટિએ આપણા ગૃહાંગણની તેમજ બહારની દુનિયાની ઘટનાઓને આ કોલમોમાં અવલોકશે. વળી સમકાલીન ઇતિહાસના આ અવલોકનની સાથે શ્રી. 'શનિ'નાં પ્રસંગોચિત કાર્ટૂનો પણ આ વિભાગમાં એના એક અંગ તરીકે પ્રસિદ્ધ થશે.

ઓગસ્ટની પંદરમીએ અવતરેલ આપણી સ્વાધીનતા રૂપી બાળકના માથા ઉપરથી આ મહિનામાં બે ઘાત ગઈ. એમાંથી એક તો એટલી બધી તુચ્છ નીવડી કે એને 'ઘાત'નું નામ ન આપવું જોઈએ. જુનાગઢના નવાબે અને દીવાને કોણ જાણે કેવાંય મીઠાં સ્વપ્નાં સેવતાં સેવતાં પાકિસ્તાનનો પંથ લીધો હતો! સોરઠની પ્રજાને એમણે કોણ જાણે કેવીયે નમાલી કલ્પી લીધી હશે! તલવારનો જવાબ તલવારથી આપવામાં આવશે એવી ચેતવણી સરદાર શ્રી વલ્લભભાઈએ તો ઓગસ્ટની પંદરમી પછી પણ અનેક વેળાએ આપેલી—જેમને આપવી જોઈતી હતી તેમને; પણ એ તલવાર સાવ લાકડાની નહિ તો પણ પતરાંની તો જરૂર નીકળવાની છે એવી આશા ભુટ્ટોના ભરમાવેલા નવાબે અને એ બંનેની દોરી જેમના હાથમાં હતી એ જનાબ ઝીણાએ જરૂર રાખી હશે.

પણ એમની બધીયે ગણતરીઓ ખોટી નીકળી અને એમની આશાઓ ઠગારી નીવડી! હિંદી સંઘની તો વાત જ જવા દો, પણ આરઝી હકુમતની તલવાર પણ—જે ખરેખર ટીનની હતી તે એમને માટે વજ્રની સાબીત થઇ! સામળદાસે અને આરઝી હકુમતના સિપેહસાલાર રતુભાઇ અદાણીએ રંગ રાખ્યો. આરઝી હકુમતને શરૂઆતમાં તો 'એ તો એક 'ફારસ' છે' એમ કહીને કાઢી નાખનારા પાકિસ્તાની સૂત્રધારોને તો આ ચમત્કાર જોઈને આશ્ચર્ય થયું જ હશે, પણ અમે માનીએ છીએ કે એથી યે વધારે આશ્ચર્ય તો ધાર્યા કરતાં યે વધારે વહેલા આવેલા વિજયને વરેલા ખુદ સામળદાસને જ થયું હશે! પણ જરા ઊંડા ઉતરીને જોઈએ તો આ ચમત્કાર તદ્દન સ્વાભાવિક હતો. છાતી ઉપર આવી ગયેલ ગમે તેવો પામર જન્તુ પણ એકવાર તો ઉગ્ર રૂપ ધારણ કરે જ છે અને સોરઠની પ્રજા એ કંઈ પામર જન્તુ નહોતી. વળી ઓગસ્ટની પંદરમીએ અવતરેલ હિંદની સ્વાધીનતાના દર્શને એના પ્રાણમાં કોઇ અજબ ખુમારી ભરી હતી. બ્રિટન જેવા બ્રિટનને મહાત કર્યું તો પછી જુનાગઢની નવાબી તે કઈ વાડીનો મૂળો છે? તેનું અંતર પોકારી રહ્યું હતું! એ આત્મવિશ્વાસે એને બજરંગ બલી બનાવી મૂકી!

આ બજરંગનો તાપ ન રહેવાતાં અને હવે વધુ વિલંબ કરીશું તો બધું ય ખોઈ બેસીશું; માટે સર્વનાશે સમુત્પન્ને અર્ધં ત્યજતિ પંડિતઃ વાળી પંડિતાઈ તેણે દાખવી. પેટમાં પાપ રાખીને ભુટ્ટોએ હિંદ સંઘને જુનાગઢની 'શાંતિ'ને સાચવવા આવવાની વિનંતી કરી અને ઘડીના છઠ્ઠા ભાગમાં, પહેલાં હિંદી સૈન્ય અને પછી સરદારશ્રી પોતે સોરઠની ધરતી ઉપર ઉતરી આવ્યા. ગિરનાર અને પ્રભાસ પાટણની પુણ્યભૂમિ ઉપરથી પાકિસ્તાનનો [illegible] ભારે બનેલો નેજો ચડ્યો હતો તેવો જ ઉતરી ગયો; અને ઉપરકોટ ઉપર વિક્રમના નૂતન વરસના મંગળ પ્રભાતે હિંદી સંઘનો ચક્રાંકિત ત્રિરંગી ધ્વજ લહેરાવવાની સોરઠી પ્રજાની આકાંક્ષા પૂરી થઈ!

પ્રજાની તાકાત પારખનાર રાજાઓ હવે સમજ્યા છે કે આપખુદી હવે નહિ ચાલે !

હવે નવાબનું શું ? જ. ઝીણાએ પોતાની ટેવ પ્રમાણે પાછળથી લીધેલા પલટાને પરિણામે એ આપડા તો કરાંચીમાં સપડાઇ પડ્યા ! એમનું આશ્વાસન એક જ હતું: રાજ્ય ગયું પણ કૂતરાંઓ તો રહ્યાં ! જગતમાં સૌથી વફાદાર પ્રાણી કૂતરો જ છે એ સત્ય આજે તેઓ ઘણા જ ભારે ભોગે શીખ્યા !

રાજ્ય ગયું પણ કૂતરાંઓ તો રહ્યાં !

રાજાઓનાં તોર અને તુમાખી ગયાં...

પણ પ્રજાજાગૃતિનાં પૂરમાં જુનાગઢની નવાબી તણાઈ ગઈ તેની સાથે, બીજું ઘણું યે તણાઇ ગયું છે. બહાર ભલે આઝાદીનો અમૃતસાગર ઘુઘવતો હોય પણ મારી હદમાં તો મારી આપખુદીનું હળાહળ ઝેરથી ભર્યું ખાબોચિયું જ ગંધાયા કરશે એવી આશામાં, છાને ખૂણે, કંઈક અવળાસવળી અને ઉધામા કરતા કાઠિયાવાડના અન્ય રાજવીઓનાં તોર અને તુમાખી પણ એની સાથે તણાઇ ગયાં ! પ્રજાની તાકાત એમણે જોઈ લીધી. એ તાકાત કચડવામાં એમને સહાય આપે એવી સાર્વભૌમ સત્તા હવે કોઈ રહી નથી એ એમણે જોઇ લીધું: હિંદમાં અત્યારે એક સાર્વભૌમ સત્તા જરૂર છે, પણ તે તો વખત આવ્યે પ્રજાની પડખે જ ઊભી રહેશે એ પણ તેમણે જોઇ લીધું અને એમનાં હાજાં જ ગગડી ગયાં. એનો પહેલો પુરાવો રાજકોટે આપ્યો. અનેક વરસો પડેલાં યોગ્ય સમાધાનની શર્તોનો વણમાગ્યો અમલ કરવાની, સરદાર શ્રી વલ્લભભાઈની પધરામણીનો લાભ લઇને, જાહેર કરીને. એટલે રાજવીઓ માટે આજે હવે બે જ માર્ગ ઉઘાડા રહ્યા છે: કાં તો તેઓ જુનાગઢને પંથે જાય,

સરદાર વલ્લભભાઈએ સોમનાથના દહેરાની મુલાકાત લીધી હતી

અથવા તો તેઓ રાજકોટ નરેશના ડહાપણનું અનુસરણ કરે.

ૐ

સાહ્યબીના સુરજને આથમતો દીઠો !

પણ આઝાદીરૂપી આપણા ચૌદ માસના બાળકને માથે આ મહિને ખરેખરી કોઈ ઘાત આવી હોય તો તે કાશ્મીર ઉપરના પાકિસ્તાન–પ્રેર્યા આફ્રિદીઓની ! અહિં પણ આફતના મૂળમાં બે જ જણ: એક તો કાશ્મીરના યુગ–અંધ અને હૈયાફૂટા રાજવી અને બીજા વિવેકવિહીન મહત્ત્વાકાંક્ષાના વ્યાધિથી પીડાતા જ. ઝીણા. એકે સરાના ધરાં સુધી પ્રજા ઉપર અત્યાચારો ગુજારવાનું ન છોડ્યું; બીજાએ ઉપર ઉપરથી રાજવીઓને બે સંસ્થાનોમાંથી કોઈ પણ એક સંસ્થાનની સાથે જોડાવાની છૂટ છે એવી ડીંગો મારતાં છતાં, કાશ્મીરને એની પ્રજાની ઇચ્છા હોય કે ન હોય તે છતાં, પાકિસ્તાનના ખપ્પરમાં નાખવાનો પેતરો ભર્યો. લૂંટ અને સ્ત્રીઓની લાલચો સામે ધરીને પાકિસ્તાનના સૂત્રધારોએ આફ્રિદીઓને શ્રીનગરનો માર્ગ ચીંધાડી દીધો. એમને શસ્ત્રાસ્ત્રો આપ્યાં, સૈનિકો આપ્યા, લશ્કરી નિષ્ણાતો આપ્યા. મનમાં એમ કે એકવાર શ્રીનગરનો કબજો લઈ લીધા પછી બધું આપણું જ છે ને !

પણ અહીં પણ કિસ્મત તેમનાથી બે ડગલાં આગળનું આગળ જ હતું. એ કિસ્મતે અહીં શેરે કાશ્મીર શેખ અબ્દુલ્લાનું સ્વરૂપ ધારણ કર્યું હતું. કાશ્મીરના નપાવટ રાજવીએ પણ સમો વરતીને શેખનું ડાહ્યાપણું સ્વીકાર્યું... છૂટકો જ નહોતો. એમની પાસે રિયાસતી સૈન્ય હતું—પણ તે પોતાની નિઃશસ્ત્ર પ્રજા ઉપર અત્યાર ગુજારવા પૂરતું ! પરદેશી આક્રમણકારો સામે લડવાની એનામાં તાકાત ન્હોતી. એમણે સાઠ વરસ જુની પોતાની સાહ્યબીના સુરજને આથમતો દીઠો. પણ એમનાં કરમ એટલાં સમાં કે હિંદી સંઘને શરણે જવાનું એમને સૂઝ્યું. હિંદી સંઘે શેખ અબ્દુલ્લા ભણી આંગળી ચીંધી એટલે રાજવીએ આખું ઘર શેખ અબ્દુલ્લાને અને હિંદી સંઘને સમર્પણ કરીને જમ્મુના મહેલનો આશ્રય લીધો.

અને પછી તો એ ધરતી ઉપર એક ખરેખરો ચમત્કાર જ સર્જાઇ ગયો. કાશ્મીરની હિંદુ-મુસ્લિમ-શીખ પ્રજા, શેખ અબ્દુલ્લાની સરદારી નીચે પોતાના વતનની રક્ષા માટે એટલી બધી કટિબદ્ધ અને સાહસિક બની કે ઠેઠ શ્રીનગરના સીમાડા સુધી આવી પહોંચેલા આફ્રિદીઓનાં ટોળાંને, માર ખાતાં ખાતાં ઘોડદોડની શરતમાં જ ઉતરવું પડ્યું ! આગળ એ અને પાછળ કાશ્મીરનાં પ્રજાકીય સ્વયંસેવક

મહેતલ હજી પૂરી થઈ નથી; જાળાં નીચે સંપૂર્ણપણે ક્યાં ઢંકાઇ શક્યા છે ?

હવે અને હિંદી સંઘનાં સૈન્યો. વ્હેલો આવે ખાન અબ્દુલકયુમ ખાનના સરહદ પ્રાંતનો સીમાડો! તે બિચારા આવ્યા હતા તો કશ્મીરના બાગમાં નિરાંતે બેસીને માણવા પણ પૃથ્વી પરનો સ્વર્ગ મનાતા દેશમાં,



આફ્રિદીઓને માર ખાતાં ખાતાં ઘોડદોડની શરતમાં ઉતરવું પડ્યું! નવેમ્બર મહિનામાં પણ આટલી બધી 'ગરમી' હશે એવી કલ્પના એમણે ક્યાં કરી હતી!

શેકયો પાપડ ભાંગવાની ત્રેવડ નથી

એ ગરમીએ હવે જ. ઝીણાને અને એમના વઝીર લિયાકતઅલીખાનને પણ ઠંડાગાર બનાવી મૂક્યા છે. જેઓ લાત વગર વાત પણ નહોતા કરવા માગતા, તેઓ જ આજે હવે ભાઈ સાહેબ, સમજો તો સારું છે: આપણે આખો 'કિસ્સ' સંયુક્ત રાષ્ટ્રોની સંસ્થા સમક્ષ મૂકીએ. પાડોશી સાથે લડવામાં શો સાર છે! આપણે તો બધું મહોબ્બત, મીઠાશ અને શાંતિથી જ પતાવી દેવું જોઈએ.' એવી વાતો કરવા માંડયા છે! પણ શેખ અબ્દુલ્લા અને પં. નહેરૂ આ પાકિસ્તાનીઓ ધારતા હતા, તેથી ઘણા વધારે ચતુર છે. જ. ઝીણાના પેટમાં રમી રહેલ પાપથી તેઓ પૂરેપૂરા પરિચિત છે. નહેરૂએ અને અબ્દુલ્લાએ તો હવે ખુદ શ્રીનગરની ધરતી ઉપર કાશ્મીરનાં પ્રજાજનો વચ્ચે પ્રતિજ્ઞા લીધી છે કે પ્રજાના આત્મનિર્ણયના અધિકારની આડે જે કોઈ આવવા માગશે તેમને પાંસરા કરવાનું કામ હવે આપણે સદાને માટે સાથે જ કરીશું.



આ ગરમીએ જ. ઝીણાને ઠંડાગાર બનાવ્યા!

આ બેય પ્રકરણમાંથી પણ એક વાત દીવા જેવી ચોખ્ખી તરી આવે છે. રાજાએ બ્રિટિશ સાર્વભૌમ સત્તાનાં રમકડાં જેવો જ હતો...તેઓ વાતો ભલે આકાશને ફાડી નાખવાની કરતા હોય, પણ એમની ત્રેવડ તો શેકયો પાપડ ભાંગવા માટે પણ પૂરતી નથી. અણીનો વખત આવ્યો ત્યારે નવાબ કૂતરાઓને લઈને કરાંચી ભેગો થઈ ગયો અને કાશ્મીરનો હરિસિંગ શ્રીનગરની સમરભૂમિથી સેંકડો માઈલ દૂર જમ્મુના મ્હેલની શીતળ છાયામાં જઈને બેઠો! આવા ઢીંગલાઓના લાત વગર વાત નહિ! હાથમાં રાજદંડ અને માથા ઉપર મુગટ શોભે જ શી રીતે!

એ ટીટોડી હવે પડકાર કરે છે!

હવે બાકી રહ્યો છે એક નિઝામ! એમનો પૂર્વજ નિઝામ-ઉલ-મુલ્ક કંપની સરકારના ઉદયકાળ વખતે મરતી મોગલ સલ્તનતનો ધણી થઇ બેસવાના સ્વપ્નો સેવતો સેવતો મૂઓ. સામ્રાજ્ય તો છેટે રહ્યું, પોતાની રિયાસતમાં સ્વતંત્ર રાજવી પણ એ ન રહી શક્યો. કંપનીની તાબેદારી સ્વીકારી ત્યારે તો એની ગાદી સચવાણી! એનો વંશજ આજે સ્વતંત્ર બનવાના, અરે, સાર્વભૌમ અને ચક્રવર્તી બનવાના ઉધામા અનુભવી રહ્યો છે! એમના થોડા ઘણા પણ સાચા જે સલાહકારો હતા-છતારીના નવાબ જેવા-તેમનાં તો પગરખાં જ દિલ્હી અને હૈદ્રાબાદ વચ્ચે ધક્કા ખાવામાં ઘસાઈને ફાટી ગયાં, પણ નિઝામને હિંદી સંઘ સાથે જોડાવું હોય તો ને! એટલે એ બિચારા છત્તારીનાં નવાબનાં પગરખાંનાં તળિયાં ઘસાઇ ગયાં... રાજીનામું ફગાવી ફગાવીને ચાલતા થયા અને હવે નિઝામનો આખો કારભાર આવી ગયો છે પેલી નવગઠિત ફાસીસ્ટ ટોળકી મજલિસે-ઈત્તેહાદે-ઉલ-મુસલ્મીનના હાથમાં. આ મજલિસ

હવે નાને મ્હોંએ મોટી વાતો કર્યા કરે છે. અને ઇસ્લામી સલ્તનતના રક્ષણને અર્થે એકેક મુસલમાન ફના થઈ જશે એવી ડરામણીઓ દેખાડ્યા કરે છે. હિંદી સંઘના મુસલમાનોને જર અને જમીનની લાલચો બતાવી બતાવીને રિયાસતની ધરતી ઉપર ભરતી કરી રહેલ છે. અને એ રીતે એ ટીટોડી ટી...ટી...ટીઉ... કરી ગજરાજ સામે રોજ સવારે એક નવો પડકાર ફેંકયા કરે છે.

એ દિવસો ગયા, બાપ !

ખબર નથી એમને ફક્ત એટલી કે જમાનો બદલાઈ ગયો છે; અને હૈદ્રાબાદની રિયાસત આગવી મિલ્કત ગણાતી એ દિવસો ક્યારના યે આથમી ચૂકયા છે ! હૈદ્રાબાદની પોણા બે કરોડ હિંદુ જનતા જાગ્રત છે; અને રિયાસત ફરતા પ્રાંતોની પ્રજાકીય સરકારો પણ જાગ્રત છે. હિંદી સંઘ રૂપી ગજરાજ હૈદ્રાબાદનું નિશાન તાકીને ચાલવા માંડશે ત્યારે નવાબને નસીબે જેમ ફૂતરાં રહ્યાં છે, તેમ નિઝામને નસીબે માત્ર શાયરી જ રહેશે...એકાંત કેદ જેવી કોઇ ઓરડીના ખૂણામાં બેઠાં બેઠાં, પારકે પૈસે પૃથ્વી ઉપર સૌથી વધુ દૌલતમંદ ગણાતો આ માનવી લોહીના અક્ષરોએ તુકબંધી કરી રહ્યો હશે કે—

માલૂમ અગર હોતા
અન્જામ મનસૂબા કા
ના જંગ પિયા હોતા,
ના જંગ કિયા હોતા !

યુગ પલટાય છે ?

રાષ્ટ્રનો પ્રથમ પ્રજાજન કોણ ? કોંગ્રેસ હિંદી પ્રજાની સૌથી મોટી રાજકીય સંસ્થા. નામે રાજકીય પણ કર્તવ્ય ક્ષેત્રે જીવન જેટલી વિશાળ—૭ દાયકાઓની અખંડ અને એકધારી એની તપશ્ચર્યાએ એને જનતાના અંતરમાં પહેલું સ્થાન આપ્યું. કોંગ્રેસ પ્રમુખને માટે પ્રચલિત થએલું 'રાષ્ટ્રપતિ' એ બિરૂદ એ રીતે સાર્થક હતું.

પણ બ્રિટિશ શાસનની સમાપ્તિ સાથે મુક્તિયુગનો આરંભ થયો અને દેશમાં રાષ્ટ્રીય સરકાર સ્થપાઇ. એ સરકાર કોંગ્રેસે જ રચી છે અને કોંગ્રેસના પ્રથમ પંક્તિના લોકનાયકો એમાં પંડિત નહેરૂના નેતૃત્વ નીચે પ્રધાન મંડળમાં બિરાજે છે. પ્રજાશાસન તંત્રમાં પ્રજા સાર્વભૌમ અને પ્રજાની વતી એ સાર્વભૌમત્વનો અમલ પ્રજાકીય સરકાર કરે. એટલે સ્વાભાવિક રીતે જ એ પ્રધાન મંડળના અગ્રણી વડા પ્રધાન એ જ રાષ્ટ્રના સર્વપ્રથમ પુરૂષ ગણાય; અને પ્રધાનમંડળ ઉપર એક પ્રજા સિવાય બીજી કોઈ જ સત્તા ન હોઇ શકે. આનો અર્થ એવો તો નથી જ કે પ્રધાનમંડળને અસ્તિત્વમાં આણનારી કોંગ્રેસે દોરી આપેલ રૂપરેખા અનુસાર રાજ્યનું તંત્ર ન ચાલે છતાં નિત્યના સામાન્ય અને અસામાન્ય વહીવટ બાબત વડાપ્રધાન અને તેમના પ્રધાનોને બંધારણની મર્યાદા સિવાય બીજી કોઇ મર્યાદાઓ હોઇ ન શકે.

રાષ્ટ્રપતિ આચાર્ય કૃપલાનીના રાજીનામાનો સ્વીકાર એ આ રીતે બદલાયેલા યુગના એક અનિવાર્ય પરિણામ સિવાય બીજું કશું નથી. પરંતુ રાજકીય ક્ષેત્રમાં યુગ—પલટો થયો તેની સાથે જ પ્રજાના માનસમાં જોઇએ તેટલો યુગ પલટો દેખાતો નથી. પ્રજાનો મોટો ભાગ તો હજુ પંદરમી ઓગસ્ટ પહેલાંની મૂર્છિત તંદ્રિત અવસ્થામાં જ પડયો હોય એમ લાગે છે. કાળાં બજારો હજુએ પહેલાંના જેટલી જ નફટતાથી ચાલ્યા કરે છે. અને પાકિસ્તાનમાંથી આવેલાં હજારો હિજરતીઓ વડે ઉભરાતાં તમામ શહેરો અને ગામડાંઓ સુદ્ધાંમાં પાઘડી આપીએ તો જ મકાનો મળે એવી સ્થિતિ છે. આનો અર્થ એટલો જ કે પ્રજાના એક વર્ગની વિપત્તિનો ગેરલાભ લેતાં પ્રજાનો બીજો વર્ગ લેશ પણ શરમાતો નથી. મુંબઇના એક ગેઝેટ્રે કહ્યું છે તે પ્રમાણે પિસ્તોલની નળી છાતી સામે ધરીને પૈસા ઓકાવનારાઓ કરતાં પણ આવા મકાન માલીકો સમાજને માટે વધારે ભયંકર અને ત્રાસરૂપ છે. પરદેશી હકુમતની સામે ગુંડાઓ કે મકાન-માલિકો !



કોણ ચડે ?

લડવા માટે જોઇતા ગુણો કરતાં કોઇ જુદા જ પ્રકારના ગુણો આ સ્વદેશી અત્યાચારની સામે લડવા માટે જોઇશે. એકલી રાષ્ટ્રીય સરકારનું જ આ કામ નથી.

આટલા વ્યાપક, નિર્લજ્જ અને "પ્રતિષ્ઠિત" નૈતિક દારિદ્રને નાબુદ કરવા માટે તો પ્રજાની એકે એક જાગૃત વ્યક્તિએ બહાર પડવું પડશે. કિંમત ચૂકવ્યા વગર જગતમાં કોઈ પણ વસ્તુ મળતી નથી. મુક્તિ આપણને, એક રીતે જોઇએ તો, ઘણી જ સસ્તામાં સાંપડી ગઇ છે: એને ટકાવી રાખવા માટે આપણે જે તપશ્ચર્યાઓ હવે કરવી પડશે તે ઉધાર લીધેલા માલની પાછળથી વ્યાજ સાથે કિંમત ચૂકવવા જેવું થશે.

રેલ્વેના પહેલા જ અંદાજ પત્રે આ હકીકત પુરવાર કરી છે. પે કમીશનની સગવડો પ્રમાણે રેલ્વેના નાના પગારદાર નોકરોને પગાર વધારો અને એવી બીજી રાહતો આપવા જતાં કુલ સાડા બાવીસ કરોડ રૂપીઆનું ખર્ચ થયું છે જેને કંઇક અંશે પહોંચી વળવા માટે રેલ્વેના ભાડામાં અને માલના નૂરમાં વધારો કરવામાં આવ્યો છે. આ બોજો



ખસ્તતઃ ઉપર વધારે ત્રીજા વર્ગના મુસાફરોને પ્રમાણમાં પડે એ પંખાની સગવડ મળશે! જેટલી કાળજી રાષ્ટ્રીય સરકારે રાખી છે, છતાં આમ પ્રજાની પીઠ પણ આ ભારથી સાવ મુક્ત રહી શકતી નથી. એ ઘટનાને મુક્તિના એક અનિવાર્ય મૂલ્ય સમી જ ગણવી જોઈએ. કામદારોના જીવન ધોરણને ઉંચું બનાવવાની હિમાયત કરનારી આમ પ્રજાએ પોતાની પ્રમાણિકતાની ખાત્રી પોતાના ગજવા ઉપર પડતા આવા કાપને કચકચાટ કર્યા વગર બરદાસ્ત કરીને આપવાની છે.

'જીવન-પ્રકાશ'ના ચીફ એજન્ટ્સ

કોલ્હાપુર—સાતારા—બેલગામ ડીસ્ટ્રીક્ટ
શ્રી. વ્રજલાલ ઓઝા
ગુજરાતી સ્કુલ, સાંગલી [M. S. M. R.]

દિલ્હી ખાતેના માનદ પ્રચારક
શ્રી વસુ પી. આચાર્ય
ગુજરાતી યુવક મંડળ, એમ્પાયર ટોકી ડીસ્ટ્રીબ્યુટર્સ
ચાંદની ચૉક, દિલ્હી

કરાચી ખાતેના માનદ પ્રચારક
શ્રી. જયંત સચદે
જગદીશ ભુવન, જેમ્સ ટેરેસ રોડ, નાનકવાડા, કરાચી

શ્રી. છોટુભાઈ ગઢવી અને શ્રી. ત્રિપુરાશંકર ઠાકર
મેસર્સ અમૃતલાલ ઠાકર એન્ડ કંપની
ઝરીઆ

અમદાવાદના માનદ પ્રચારકો
શ્રી. નવનીતલાલ મોહનલાલ પંડ્યા
ઑનેસ્ટ કેમીકલ વર્કસ, રામનગર, સાબરમતી
શ્રી. અંબાલાલ અમૃતલાલ મહેતા
૨૧, યુસુફ બિલ્ડીંગ, કાંકરીયા રોડ, અમદાવાદ

શ્રી. અમૃતલાલ શ્રી. રાવળ
૭, એઝેબ્ની રોડ, પો. એલ્ગીન રોડ, કલકત્તા

'જીવન-પ્રકાશ'ના નવા ચીફ એજન્ટો

વડોદરા ડીસ્ટ્રીક્ટ
શ્રી. પ્રવીણકાન્ત પી. શાહ,
શ્રીનાથજી કુંજ, ગેંડી ગેઈટ વડોદરા

ભરૂચ ડીસ્ટ્રીક્ટના માનદ પ્રચારકો
શ્રી. સૂર્યવદન પૂનાવાલા, : શ્રી. દાઉદભાઈ મુલતાની
૭૪૪ સૂર્યસદન, સાંકડીશેરી—સોનેરી મહેલ, મહેમદાવાદ,
— ભરૂચ —
શ્રી. અમૃત બી ગાંધી, આઝાદ રોડ, બિલિમોરા

ઇસ્ટ આફ્રિકા ખાતે
શ્રી રમણિક અ. માણેક, પો. બો. ૭ લુગાઝી (યુગાન્ડા)

ત્રિ-ઈસ્ટ આફ્રિકા
શ્રી. રમાકાન્ત કે. જોષી, ખેડબ્રહ્મા A. P. Ry.

પ્રવાસી પ્રતિનિધિ
શ્રી. વિષ્ણુ દવે, C/o. વિષ્ણુ પબ્લીસીટી સરવીસ,
વઢવાણ શહેર [કાઠિ.]

ખાદીની કફની

લેખક :
શ્રી. નવલભાઈ શાહ
સંપાદક : 'વિશ્વવાત્સલ્ય'

એક મહિનાના પિયર-નિવાસ બાદ આજે જ તેણે ઘરમાં પગ મૂકયો હતો. સામાન્ય રીતે બે-પાંચ દિવસમાં જ સ્ત્રી વગરના ઘરની હાલત કેવી થઈ જાય તેનાથી તો પુરુષવર્ગ પરિચિત હશે જ. પુરુષની આ જાતની બેદરકારી પ્રત્યે સ્ત્રીના દિલમાં અણગમો તો સહેજે હોય છે જ. પણ ભૂલે ચૂકે જો વ્યવસ્થિતતાની બાબતમાં વધુ ચોક્કસ પત્નીના પતિ બનવાનું ભાગ્ય પ્રાપ્ત થયું તો તો તેનું આવી બન્યું જ સમજવું. મારી લગભગ આવી જ દશા હતી. 'પ્રથમ ગ્રાસે મક્ષિકા' જેવી હાલત ન થાય એમ વિચારી આગલે દિવસથી જ હું ઘર-સફાઈના કામમાં લાગી ગયો. અને બીજે દિવસે તેના આવતાં પહેલાં બધું જ વ્યવસ્થિત કરી નાખ્યું અને દિલમાં પણ આશા જન્મી કે આ વખતે તો જરૂર મિલનના આનંદની સાથે પ્રશંસાના બે મીઠા બોલ પણ મળશે, પણ કેટલીક વ્યક્તિઓની આંખ જ એટલી ચોખલીઆ હોય છે કે સામાન્ય સુંદરતામાં એમને સુંદરતા દેખાતી નથી અને એમનું દિલ અકળાઈ ઊઠે છે. ઘરમાં પગ મૂકતાં જ તેના મોં ઉપર નજર નાખતાં જ જાણે મારી બધી મહેનત ધૂળમાં ગઈ હોય એવું મેં અનુભવ્યું. અને પછી તો જ્યારે ભંડારીઆમાંથી એંઠા-જૂઠા વાસણોનો ઢગલો મારી સામે મૂકયો ત્યારે જ મને મારી પોકળતાનું દર્શન થયું. અને પછી તો ઉઘાડા રહી ગએલા ચોખા અને દાળનાં ડબ્બા, ઉંદરની લીંડીઓ અને ખૂણાના કચરાએ બળતામાં ઘી હોમ્યું. તે મૂંગી મૂંગી કામ કરતી હતી. પણ તેનો આ મૂંગો ક્રોધ જ મારા દિલને વધુ ને વધુ અકળાવતો હતો. દિલમાં થતું હતું કે ક્રોધના બે વેણ બોલી નાખતી હોય તો પણ સારું. આખરે સાંજ પડી. તે પોતાના ક્રોધને દિલમાં ન શમાવી શકી. અને ગોળનું ખાલી માટલું મારી સામે ધરી બોલી, 'ચાર મહિનાનો રેશનનો બધો જ ગોળ ૧૫ દિવસમાં પૂરો કરી નાખ્યો. ખાજો હવે.'

એના આ ટૂંકા વાકયમાં પણ કેટલો ક્રોધ ભર્યો હતો તે તેના એકેએક હાવભાવથી જાહેર થતું હતું. કોઈ બીજો પ્રસંગ હોત તો જરૂર મેં તડ અને ફડ જવાબ આપી દીધો હોત, પણ મારી ભૂલ મને બોલવા દેતી ન હતી. ઘણીવાર શાક કે દાળ કરવાની આળસે અથવા તો ઉત્તર હિંદુસ્તાનના નિવાસ દરમ્યાન ગમે તે વસ્તુની સાથે પણ ગોળ ખાવાની આદતને કારણે રેશનમાં શેર લેખે માંડ મળેલો ચાર માસનો ગોળ કયારે સફાચટ થઈ ગયો તેનું મને ભાન સુદ્ધાં રહ્યું નહિ. કાળા બજારમાંથી કાંઈ ન લાવવું એવો નિયમ હતો એટલે બીજો કોઈ ઉપાય ન હતો છતાં 'સૌ મળી રહેશે' મેં સાન્ત્વન આપતાં કહ્યું.

જાણે કકળતા તેલમાં પાણી પડયું. શ્રીમતિજી બોલી ઊઠયાં: 'લાવજો ને. જોઈશ હું કેવા લાવો છો તે!'

આ વાતને પંદર વીસ દિવસ વીતી ગયા. થાળી પીરસી તેણે મને બૂમ મારી. નેપકીનથી હાથ લૂછતાં લૂછતાં વાડકીમાં કઢી જોઈ મારાથી બોલાઈ ગયું, "રોજ ને રોજ કઢી. આજ પંદર દિવસ થયા. દાળ તો કર એકાદ દિવસ."

'શું મોકાણ કરું? ઘરમાં ગોળ તો છે નહિ. દાળમાં શું બાળું? લાવોને, ગોળ લાવવાના હતા તે.' તેણે ગરમ મિજાજથી ટીકા કરી.

'નથી મળતો' મેં થાળી પર બેસતાં બેસતાં

લાચારીથી કહ્યું, 'કાળા બજારમાં તો જોઈએ એટલો મળે છે પણ આજ સુધી કાળા બજારની એક પણ ચીજ વાપર્યા વગર ચલાવ્યું તો શું હવે આટલા ગોળ ખાતર ખોટું કરીએ? એમ કરીએ તો તો આપણું જીવન લાજે.' રાતી જારના રોટલાનો ટુકડો મોંમાં મૂકતાં મૂકતાં મેં કહ્યું.

'જીવન લાજતું હોય તો હું ક્યાં લજવવાનું કહું છું? આ ખાંડ મળે છે અને આપણે ચા નથી પીતાં એટલે ઠીક. બે મે'માન આવે તો લાજી મરવાનું થાય.' બોલતાં બોલતાં તે ગળગળી થઈ ગઈ.

રોટલો અને ગલકાની કઢીનું ભોજન જલદીથી પતાવી હું બહાર નીકળ્યો. બાગમાં આંટા મારતાં મારતાં એના એ જ વિચારો આવતા હતા. થોડો મારો જીભનો શોખ મને આવી આફતમાં ઉતારી દેશે તેની તો મને કલ્પના પણ ન હતી. સાથે સાથે એક પ્રશ્ન દિલમાં ઘોળાતો હતો; શું મારા પોતાના સિદ્ધાંતને ખાતર બધાંને ગોળ વગર રાખવાં એ યોગ્ય છે? ફરી પાછો વિચાર આવ્યો. ના...ના એમાં કાંઈ ખોટું નથી. થોડું દિલ ઊંચું થવા છતાં પણ જો તે બધાં મારી સાથે ચાલતાં હોય તો મારે મન મજબૂત રાખવું જોઈએ. આ વિચારે દિલમાં શાંતિ થઈ પણ તે દિવસથી મેં થાળીમાં જે કાંઈ મળે તેનાથી ચલાવી લેવાની મનમાં ગાંઠ વાળી. દાળની વાત કરી તો મારે આવું સાંભળવું પડ્યું અને તેને પણ ઉભરો ઠાલવવાની તક મળી ને? ખેર, જે થયું તે થયું. રાત્રે પણ અમે બહુ જ ઓછું બોલ્યાં અને પછી તો ગાડું ગબડવા લાગ્યું. પણ રસોડામાં પગ મૂકતાં જ જાણે અમારા બંનેનાં દિલમાં કાંઈક અંતર પડી ગયું હોય એવો અનુભવ થતો હતો. એક દિવસ હું બહારથી આવ્યો કે તરત જ તે 'ગુજરાત સમાચાર' હાથમાં લઈ આવી પહોંચી અને હોંશથી કહેવા લાગી, '"માધુપુરામાં શું પી. નો ગોળ આવ્યો છે." જાવને થોડો મળી જાય તો..." હું પણ તરત તૈયાર થઈ ગયો. ત્યાં તો અમારી બાજુના ઘરનાં એક બેન બોલી ઊઠયાં, "...બહુ મોટી લાઈન થાય છે બે કલાકેય વારો નહિ આવે."

કામનું દબાણ તો હતું જ, છતાંયે આજે બે કલાક તો શું આખો દિવસ ઊભા રહેવું પડે તો આખો દિવસ હારમાં ઊભા રહી ગોળ લઈને જ ઘેર પાછો ફરવાનું નક્કી કરી હું બજારમાં પહોંચ્યો. માધુપુરમાં બાજુમાં જ દુકાનો હતી. એક મોટું ટોળું દુકાન આગળ ઊભું હતું. હું પણ એમાં ભળ્યો ત્યાં તો મેં એક ભાઈને કહેતા સાંભળ્યા 'બધા જ લુચ્ચાના પીર છે. અડધો કલાક દુકાન ખોલી ન ખોલી ને બંધ કરી દીધી. અને પાછા પેપરમાં છપાવે છે બાંધેલે ભાવે ગોળ મળશે.'

'તો શું હવે દુકાન નહિ ખૂલે?' મેં પૂછ્યું.

'એ તો ભગવાન જાણે! કલાકથી ઊભા છીએ. કોઈ દેખાતું જ નથી.' તેણે કહ્યું.

બે એક કલાક થયા પણ દુકાન ખુલવાનાં કોઈ ચિહ્નો ન દેખાયાં એટલે ટોળું એક પછી



એક વેચાયું. હું પણ મારો સાંજ સુધી તપસ્યા કરવાનો સંકલ્પ છોડી ઘેર આવ્યો અને મન સાથે નક્કી કર્યું કે કાલે નવ વાગ્યાનો જ જઇને ઊભો રહીશ.

ઘરનો દાદર ચડતો હતો ત્યાં જ અમારી પાડોશના વેપારી ભાઈ મળ્યા. 'કેમ...દિનેશભાઇ, થેલી લઇને ક્યાં જઇ આવ્યા?'

'પેલી સુ.પી.ના ગોળની જાહેર ખબર આવી હતી ને?'

'અરે ભલા ભાઇ! તમેય ગાંડા થઇ ગયા છો ને? આવી અછત અને કાળા બજારની દુનિયામાં તે વળી ગોળની જાહેરખબરે ગોળ મળતો હશે? આ તો બધું ઠીક છે; કંટ્રોલભાવે વેચીએ છીએ એમ બતાવવા છાપે ચડાવવાનું. અને આપણા લેવાનું રામ! રામ! પંદર રૂપિયે જ્યાં એમને પડ્યો હોય ત્યાં બાર રૂપિયે તમોને શી રીતે આપે?'

દાદરનાં બાકીનાં પગથીઆં ચડતાં ચડતાં તો બીજે દિવસે સવારના નવ વાગ્યેથી ગોળની દુકાને જઇ ઊભા રહેવાનો મારો સંકલ્પ બદલાઇ ગયો. મને ખાલી હાથે આવેલો જોઇ મારી પત્નીએ પણ કાંઈ ન પૂછ્યું અને હું મારા છાપખાનાના કામમાં લાગ્યો.

આ વાતને હજુ માંડ બે દિવસ વિત્યા હશે ત્યાં સાંજનું કામ પૂરું કરી હું બજારમાં શાક લેવાને નીકળ્યો. આ છેડેથી તે છેડે સુધી બધી જ દુકાનો અને બધા જ શાકની તપાસ કરી ચૂક્યો. બટાટાનો તો ભાવ પૂછવાનો પ્રશ્ન જ ન હતો ભીંડા સોંઘા હતા પણ ખાઇ ખાઈ કંટાળી ગયે હતો. ભાજીનું પૂછ્યું, '૭ આના!' ડુંગળી આઠ આના! આખરે સુરણ તરફ નજર ગઈ, અને દિલમાં થયું ચાલો રોટલા સાથે સુરણનું રસાદાર શાક ઠીક રહેશે. બે આનાનું શેર સુરણ લઇ હું પાછો વળ્યો. રસ્તામાં જ એકાએક ખ્યાલ આવ્યો, અરે! ગોળ વગર રસો આવશે ક્યાંથી?

અડધો પોણો કલાકથી નાનો ભાઇ અનાજ માટે નાની નાની થેલીઓ લઇ હારમાં ઊભો હતો. નં ૫૨ લાગવાની કોઈ આશા ન હતી. તેની પાસેથી પાંચની નોટ લીધી ને તેને શાક આપી હું મધુપુરા તરફ વળ્યો. અને કહ્યું કે કહેજે ગોળની તપાસ માટે ગયા છે.

રસ્તે ચાલતાં ચાલતાં થયું ક્યાં આ શાક ખરીદ્યું? જો હવે ગોળ વગર ગયે તો તો પાછી આફત. એનું એ જ મહાભારત. ખેર, જે થયું તે થયું. પણ આજે તો ગમે તે ભાવ આપીને ગોળ

AVAILABLE FROM READY STOCK

SILK AND COTTON PICKING STICK.
4 B PICKERS, UNDERPICK, PICKERS.
SPRINGS, DOBBY LATTIES, BOBBINS

Apply : Adenwala Textile Co;

30 A, CAWASJI PATEL STREET,
FORT, BOMBAY

મુખશુદ્ધિનો મહામૂલો મંત્ર

તમે પુછશો કે હિંદના લાખો કુટુમ્બો "આર્યન દૂધ બ્રશ" વડે જ દંતધાવન કરવાનો આગ્રહ રાખે છે તેનું કારણ શું? તે શા માટે આટલું લોકપ્રિય થઇ પડ્યું છે? જવાબ સાવ સાદો છે. એક તો એ કે એ ઉત્તમ કોટીનું બ્રશ છે. બીજું એ કે તે સ્વદેશી બનાવટનું છે. ત્રીજું એ કે મુખ સાફ કરવાના ઉત્તમ ગુણો તે ધરાવે છે. "આર્યન દૂધ બ્રશમાં" શુધ્ધ કરેલા કુદરતી બ્રીસલ વપરાય છે. એ બ્રીસલને પેટંટ "આર્યન ગ્રીપ" વડે બ્રશમાં મજબૂત રીતે બેસાડવામાં આવે છે. આ બન્ને કારણોને લઇને, એ બ્રશ બનાવટી બ્રીસલવાળાં સાધારણ બ્રશ કરતાં અધિકતર ટકાઉ નીવડે છે. વળી પ્રખ્યાત દંતવૈદ્ય ડા. પી. ધારગલકરની સલાહ અનુસાર તેને શાસ્ત્રીય પધ્ધતિથી બનાવેલ હોઇ, તે તમારા દાંતના દરેક ભાગમાં, પોલાણમાં અને તડોમાં સરળતાથી પહોંચી જઇ, સાફ કરી, તેમને ઉજળા દૂધ જેવા બનાવે છે



આર્યન
દૂધ બ્રશ

સોલ એજન્ટસ:- કે દાપી સ્ટોર્સ, મુંબઈ નં. ૨.
આર્યન બ્રશ કંપની, દાદર, મુંબઇ.

લઇ આવવો એમ નક્કી કર્યું. પણ મારા સિદ્ધાંતનું શું? હું ગમે તે બ.ને એ ગોળની બનાવટ નહિ ખાઉં. જરૂર પડશે તો એકાદ ટંક છોડી પણ દંડશ પણ હવે આમ ને આમ લંબાવ્યે રાખવું કોઇ પણ રીતે યોગ્ય જ નથી. ચુ પી નો નહિ મળે તો ગમે તેવો કાળો, પીળો, રાતો...પણ ગોળ જોઇએ.

માધુપુર તેલ-ગોળના વેપારનું મોટું કેંદ્ર હતું. હારબંધ ગોળની દુકાનો હતી. એક દુકાનદાર પાસે જઈ મેં ધીમેથી પૂછ્યું, 'ભાઇ ! ગોળ મળશે?'

'જાવ કંટ્રોલની દુકાને' તોછડાઇ ભર્યો જવાબ આપ્યો.

"પણ હું તો એટલું પૂછું છું કે ગોળ છે કે નહિ?'

'સરકારે ભરી રાખ્યો છે તમારે માટે, જાવ. માગો એની પાસેથી.' બોલી તે આડું જોઇ ગયો.

હું બીજી દુકાને ગયો. ત્યાંથી જવાબ મળ્યો. 'પૂછો સામે હોય તો.' સામો ગયો. 'પૂછો ઝાંપામાં.' ઝાંપામાં ગયો. 'પૂછો બહાર.' હું તો ટલ્લે ચડયો. અંદરથી બહાર અને બહારથી અંદર. આખરે અકળાઇ એક વેપારીને મેં પૂછ્યું, "ગોળ છે કે નહિ!'

'હોય તોય તમોને આપવાનો નથી.' તેણે ઝીણી આંખ કરી જવાબ આપ્યો અને એકદમ આજુબાજુની દુકાનવાળા હસી પડયા. મારી વિચિત્ર પરિસ્થિતિ હતી. ખાલી થેલી ખભે નાખી હું દુકાનોમાં જોતો જોતો બહાર નીકળવા લાગ્યો. ત્યાં તો એક અવાજ મારે કાને પડયો, "હરે, આ પોળી કફનીવાળા કંટ્રોલ ભાવે ખરીદવા નીકળ્યા. જાણે બાપાનાં જ બજાર ન હોય?'

મેં મારી કફની તરફ જોયું. તે મારા હાથની કાંતેલી ખાદીની હતી. તે મૂંગી મૂંગી પણ મારા હૃદયમાં કાંઈ કહી રહી હતી...કેટલાય દિવસનો મારા દિલનો બોજ આજે જાણે હળવો થઇ ગયો.

પ્રફુલ્લચિત્તે હું ઘેર આવ્યો. રસોડામાં નજર નાખી. સુરણ ચડી ગયું હતું. ગોળ-આમલી કરવાની જ રાહ જોઇને તે બેઠી હતી.. એ કાંઇ પણ બોલે તે પહેલાં જ મેં કહ્યું; 'ગમે તે ભાવે આજે ગોળ ખરીદવાનો નિશ્ચય કરીને જ બજારમાં ગયો હતો પણ દિલને લાગેલી આ હાથની કાંતેલી ખાદીની કફની કાળાં બજારનું ખરીદતાં લાજી મરે છે...અને શરીર ઉપર ખાદીની કફની જોઇ કાળા બજારીઆ આપણને દુકાને સુદ્ધાં ઊભા રાખતાં ડરે છે...'

તેણે પણ તેની સાડી તરફ નજર નાખી. તે પણ અમે હાથે જ કાંતીને તૈયાર કરી હતી...તે એકદમ હસી પડી. હું પણ હસ્યો. અમારા એ હાસ્યમાં શું હતું તે હું કહી શકતો નથી; અમારી આંખો મળી...તે વખતે એ આંખોમાં શા શા ભાવો ભર્યા હતા તે પણ આલેખી શકું એમ નથી. પણ અમે ઘણે લાંબે ગાળે આવું નિર્દોષ હસ્યાં.

સચિત્ર "ટોમકાકા" સચિત્ર

શ્રીમતી મોંઘીબહેન બધેકાએ વિશ્વવિખ્યાત અમેરિકન નવલકથા ઉપરથી ખાસ તૈયાર કરેલ પુસ્તક. આત્મ-બલિદાનની અજોડ કથા. જાણીતા કેળવણીકાર, લેખક અને લોકસેવક શ્રી. જુગતરામભાઇ દવેની

પ્રસ્તાવના સાથે

જાણીતા ચિત્રકાર શ્રી. સોમાલાલ શાહે તૈયાર કરેલ બાર પ્રસંગચિત્રો તથા આકર્ષક મુખપૃષ્ઠથી સુશોભિત. ભેટ દેવા તથા લેવા માટેનું સર્વોત્તમ સચિત્ર પુસ્તક:

'ટોમકાકા' દરેક ઘર અને શાળામાં હોવું જોઇએ. દરેક પુસ્તકાલયમાં વસાવવું જોઇએ. નાના-મોટા દરેકે વાંચવું જોઇએ. ૧૬૦ પાનાંનું પુસ્તક કિંમત ફક્ત રૂ. ૧-૫-૦ વી. પી. ખર્ચ ૦-૫-૦ વધુ.

પ્રાપ્તિસ્થાન : શ્રી.. માનભાઈ ભટ્ટ, કૃષ્ણનગર, પ્લૉટ નં. ૫૦૭, ભાવનગર

નવજીવન મીલ

પાપલીન અને સાડીઓ ઉપરાંત મલમલ, વૉયલ, ધોતિયાં વગેરે બનાવે છે

નવજીવન મીલ

દર વર્ષે આશરે એક કરોડ અને છત્રીશ લાખ વાર કાપડ બનાવે છે.

આપણા મંડળના સમાચાર

જોઇએ તો લખજો

આપના કારખાનાના સંતોષકારક કામ માટે અનુભવી ફીટરો, ટર્નરો, ઇલેક્ટ્રીક વાયરમેનો, એન્જીન ડ્રાઇવર તથા ટીન પ્લાન્ટના કારીગરોની જરૂર હોય તો લખજો— સેક્રેટરી, ગુજરાતી વાચનાલય, અશ્વિન ઇન્ડસ્ટ્રીઝ, **સમલાયા.** (વડોદરા)

આપણા બંધુ મંડળમાં કોઈ ભાઇ ઘડીયાળી હોય અને તેમને ઘડીયાળ રીપેરીંગમાં કોઈ મુશ્કેલી નડતી હોય ને કોઈ જાતની સમજની જરૂર હોય તો શ્રી. નટવરલાલ ડી. ઘડીયાળી, મહાલક્ષ્મી માતાનો ખાંચો, અંબાજી રોડ, સુરત–એ સરનામે લખવાથી એ ભાઈ સંપૂર્ણ સમજુતી આપશે. તેઓ આ ધંધાના નિષ્ણાત છે. કોઇને ઘડીયાળ રીપેર કરાવવી હશે તો (બહાર-ગામનાને પોસ્ટ મારફત) ઘણાજ વ્યાજબી દરે તેઓ ખૂબ જ સુંદર કામ કરી આપશે.

જ્ઞાન-પરબની ટહેલ

કડીનું સાર્વજનિક પુસ્તકાલય પ્રગતિ કરી રહ્યું છે. એને વિકસાવવા ઉદાર મદદની જરૂર છે. આર્થિક અગર કોઇ પણ જાતની મદદ આપવા ઇચ્છનારે મંત્રી, સાર્વજનિક પુસ્તકાલય, કડી (ઉ.-ગુજરાત) એ સરનામે લખવા તેઓ વિનતિ કરે છે.

યુવક મંડળના કાર્યની કદર

સુરત જીલ્લાના વલસાડ તાલુકાના ગામ **ધમડાચીને**, યુવક મંડળની ગ્રામોદ્ધાર યોજનાના પરિણામે, ઉત્તર વિભાગમાં **આદર્શ** ગામ તરીકે, સને ૧૯૪૫ના વર્ષ માટે ના. સરકાર તરફથી કદરદાની તરીકે સર ફ્રેડરીક સાઇકસ શીલ્ડ અર્પણ કરવાનો ભવ્ય સમારંભ ગયા માસમાં ડી. ડે. કલેકટર શ્રી. વ્યાસના પ્રમુખપદે યોજાયેલ. આજુબાજુનાં નામાંકિત સજ્જનો, સરકારી અમલદારો તથા ગ્રામોદ્ધારના કાર્યમાં રસ લેનારાઓની મોટી હાજરીમાં પ્રમુખ શ્રી. રણછોડજીને, અતિ આનંદ અને ઉલ્લાસ વચ્ચે શીલ્ડ અર્પણ કરાયેલ; જે પ્રસંગે લીલાપોરના જમીનદાર ખેડુત શ્રી. મગનભાઈ લાલભાઈ દેસાઈએ યુવક મંડળનાં કાર્યોની કદર કરી રૂ. ૫૦૧) મંડળને ભેટ આપ્યા હતા.

ટીકીટ-સંગ્રહના શોખીનો માટે તક

હિંદુસ્તાનની તેમજ પરદેશની ટીકીટો વેચવાની છે, તેમજ એક્સ્ચેંજ કરવાની છે. લખો: શ્રી. એસ. એમ. જોશી, C/o મધુસૂદન એન્ડ બ્રધર્સ, ઉપલેટા [કાઠિ]

કેળવણી અને સેવાના ક્ષેત્રમાં

ગ્રામોદ્ધાર, જન–સેવા અને લોક-કેળવણીના ક્ષેત્રમાં ભાઇશ્રી નારણભાઈ પટેલ એક ખૂણાના ગામમાં બેસીને મૂંગું કાર્ય કરી રહ્યા છે. ખૂબ જ ઉત્સાહી, સેવાભાવી અને આ ક્ષેત્રના અનુભવી છે. એમની સાથે સંપર્ક સાધવો હોય તો–શ્રી. નારણભાઈ શિવાભાઈ પટેલ, મંત્રી, કાસવા કેળવણી મંડળ, કાસવા, પોસ્ટ-કડી (ઉ. ગુજરાત) એ સરનામે લખજો. પરસ્પર ઉપયોગી થઈ શકાશે.

હાથ લંબાવશો?

શહેરામાં ચાલતું મ. ભુ. સાર્વજનિક વાચનાલય આર્થિક ખોટ સહન નહિ કરી શકવાને કારણે સાત-આઠ માસથી બંધ કરવા ફરજ પડી છે. વાર્ષિક રૂ. ૧૨૫ થી ૧૫૦ જેટલું ખર્ચ અને થોડું-ઘણું ફરનીચર મદદ તરીકે મળે તો આ જ્ઞાન-પરબ ચાલુ રહી શકે. સરકારે—પ્રેમી-ભાઈ-બહેનો પોતાનો ઉદાર હાથ લંબાવશે એવી આશા છે. સરનામું: સંચાલક, મનસુખરામ ભુવનેશ્વર સાર્વ. વાચનાલય, પરબડી પાસે, શહેરા, (પંચમહાલ)

પત્રકારોને વિનતિ

શહેરાના સ્થાનિક કોંગ્રેસ કાર્યકર શ્રી. હરિપ્રસાદ પાઠક મુંબઇ પ્રાંતનાં ઘણાંખરાં સામયિકોમાં વિશ્વાસપાત્ર સમાચારો મોકલે છે. જેઓ તેમને પોતાના ખબરપત્રી કે પ્રતિનિધિ તરીકે નીમવા માગતા હોય તેમણે આવરા લખવું: હરિપ્રસાદ પાઠક, 'દિવ્ય કાર્યાલય,' પરબડી પાસે, શહેરા.

પત્રમૈત્રી અને પરિચય

એક કોમર્સ ગ્રેજ્યુએટ કલા-રસિક અદ્યતન જીવન-પદ્ધતિ માન્ય રાખનાર બાવીશ વર્ષની ઉંમરના શ્રીમંત વેપારીને, સંસ્કારી કુટુંબની, ઉચ્ચ

(અનુસંધાન પૃષ્ઠ ૭૨૯)

આનંદ અને જ્ઞાન આપનારૂં બાલ-માસિક
"અમર બાલ-પ્રકાશ"
પ્રગટ થશે તા. ૧-૧-૪૮ | —સંપાદક— હર્ષદ-પટેલ | વાર્ષિક લવાજમ -દેશમાં-પરદેશમાં રૂા. ૩-શિ. ૧૦.
: લખો :
'અમર બાલ-પ્રકાશ' મંદિર, ચિંતાપુરા, ભરૂચ

હસ્તરેખાશાસ્ત્ર

લેખક
શ્રી. વૃંદાવન શાહ

✱ પ્રકરણ પાંચમું : પ્રાથમિક અવલોકનો ✱

(ઓક્ટોબર અંકથી ચાલુ)

સેકન્ડ પછી મિનિટ અને મિનિટ પછી કલાક પસાર થયે જાય છે. કલાક પછી દિવસ અને દિવસ પછી મહીનાઓ નીકળી જાય છે. આમ કાળ પસાર થયે જ જાય છે. એ કોઈનો થંભાવ્યો થંભતો નથી. માનવીની ઉત્પત્તિને હજારો અને કરોડો વર્ષો વહી ગયાં. એ વર્ષો દરમિયાન તેણે અનેક વિજ્ઞાનો શોધ્યાં. અનેક અબોલ વસ્તુને બોલતી કરી. આમ તેણે હાથમાં પણ વાચા પ્રગટાવી અને અનેક બીનાઓ માનવીના જીવન વિષે જાણી.

સૌથી પહેલાં તેણે માનવીના હાથના કદને બોલતું કર્યું. અને કદને નક્કી કરવાને માટે વચલી આંગળીના છેડાથી કાંડા (Wrist) સુધીનું અંતર નક્કી કર્યું. સામાન્ય રીતે સ્ત્રીઓના હાથ પુરુષોના હાથની સરખામણીમાં ઘણા નાના હોય છે.

નાનો હાથ બોલતો હતો; આ માનવી કોમળ છે, પૃથક્કરણ કરવાની ટેવ નથી, વધુ ઊંડા ઉતરવાને બદલે તે કોઈ પણ વસ્તુને લગતા પોતાના અભિપ્રાયો એકદમ બાંધી લે છે. (આકૃતિ-૧)

જ્યારે મોટા હાથ આથી ઉલટી જ વાત કરે છે—વધુ પૃથક્કરણશીલ હોય છે. તેઓ (મોટા હાથવાળા જ સ્તો) ખૂબ વિચાર કરીને પોતાના અભિપ્રાયો બાંધે છે. કાર્યની નાનામાં નાના વિગતો પર તેઓ ધ્યાન આપી શકે તેવા હોવાથી ઝીણવટભર્યાં કાર્યો પણ તેઓ સફળતાથી પાર ઉતારે છે. (આકૃતિ ૨)



(૧)

આકૃતિ પહેલી

હાથના કદ પછી ચામડી બોલે છે:

અતિશય સુંવાળી અને નાજુક ચામડી અત્યંત કોમળ પ્રકૃતિ સૂચવે છે. ન્હાનાં બાળકોના હાથ પરની ચામડી આવી હોય છે. આવી ચામડીવાળા માણસો ઘણા કોમળ તથા લાગણીવશ હોય છે. જીવનમાં તેમને બધું જ સુંવાળું ગમે છે. જીવની આ એકધારી સુંવાળપ ક્વચિત પણ તાલભંગ થાય તો તેઓને ભારે આઘાત લાગે છે.

આવા માણસોના હાથમાં બીજાં ચિહ્નો પરથી ક્રૂરતા જેવા દુર્ગુણો દેખાતા હોય તો પણ ચામડી જો અતિશય સુંવાળી હોય તો તેમાંમાં રહેલી ક્રૂરતામાં તેના સ્વભાવની કોમળતા ભળવાથી તેની ક્રૂરતા ઘણી ઘટી જાય છે, કાંઈ નહિ તો તેની કઠોરતા તો ઘટે જ છે.

ખરબચડી ચામડી સ્વાભાવિક રીતે જ ઉપરથી ઉલટા પ્રકારનો સ્વભાવ બતાવે એ સમજી શકાય તેવું છે. ખરબચડી અને કઠણ ચામડીવાળા માણસો સ્વભાવે પણ કઠણ અને ઘડાયેલા હોય છે. હાથમાંનાં બીજાં ચિહ્નો કોમળતાસૂચક હોય તો પણ ચામડી જો ખૂબ ખરબચડી હોય તો તેમની કોમળતા ઘણી ઓછી થયેલી હોય છે.

ખૂબ સુંવાળી પણ નહીં અને ખરબચડી પણ નહીં એવી ચામડી હોવી એ સૌથી વધુ સરસ ચિહ્ન છે. આવી ચામડીવાળા માણસો સામાન્ય રીતે વ્યવહાર, કોમળ છતાં નાજુક નહિ એવા, મજબૂત અને સહનશક્તિવાળા હોય છે. મોટે ભાગે આવા હાથ કાર્યશીલ વેપારી, ડૉક્ટર, વકીલ વગેરેમાંથી મળી આવે છે,

માનવીએ કદ અને ચામડી પછી હથેળીના અંદરના ભાગને ખોલતો કર્યો.

એ ભાગ કેટલો પોચો યા કઠણ છે તે ઉપરથી માણસના સ્વભાવને લગતી ઘણી-ઉપયોગી માહિતી તે મેળવી શકયો. હથેળીની અંદર વચ્ચેના ભાગમાં પોતાનો અંગૂઠો આવે અને આંગળીઓ બહારના ભાગમાં આવે તેવી રીતે હાથ દાબી જોવાથી તે કેટલો પોચો યા કઠણ છે તે તેને તુરત માલુમ પડવા લાગ્યું.

અત્યંત ઢીલો હાથ શારીરિક શક્તિની ઉણપ બતાવે છે. આવા હાથવાળા માણસો ઘણે ભાગે આળસુ અને પ્રમાદી હોઈ તેમને આરામ અને મોજમઝા પ્રિય હોય છે. તેમને પણ પોતાનાં મધુરાં સ્વપ્નો હોય છે, પણ એ સ્વપ્નો સિદ્ધ કરવા માટે શ્રમ લેવા તેઓ ભાગ્યે જ તૈયાર થાય છે. આવા માણસો હાથનાં બીજાં ચિહ્નો પરથી ખૂબ શક્તિશાળી દેખાતા હોય તો પણ તેમની એશઆરામી વૃત્તિને લીધે તેઓ જીવનમાં કશું મહત્ત્વનું સાધી શકતા નથી.

કમલ બીટર ખસ

[ગુલાબી મલમ]

ખસ, ખુજલી, ખરજવું, દરાજ, ગુમડાં, બાળકોનાં ચેપી અને રતવાનાં ચાંદાં, હરસમસા, મચ્છરના ડંખ, અસ્તરો ઊડવો, મોઢાના ખીલ, અને દાઝયા ઉપર સારી અસર કરે છે. ખરીદ કરતી વખતે 'કમલ બીટર ખસ' બરાબર વાંચી ખરીદ કરશો.

દરેક દવાવાળા અને ગાંધી પાસેથી મળશે.

જથ્થાબંધ માટે લખો :

કમલ પ્રોડકટસ, નડિયાદ

તેમનું જીવન મોટે ભાગે સુકાની વિનાના દરિયામાં પ્રવાહના પ્રમાણે આમતેમ ફરતા નાવડા જેવું હોય છે

અત્યંત ઢીલો નહીં છતાંયે પોચો હાથ ઉપરના દુર્ગુણોને કંઈક ઓછા-પ્રમાણમાં વ્યક્ત કરે છે આવા હાથવાળા માણસોને પણ શારીરિક શક્તિનો ઓછપ આડી આવે છે, તેઓ પણ આળસુ તો હોય જ છે, પણ તેમ છતાં તેમને માટે આળસનો ત્યાગ કરવો વધુ સરળ છે. આવા માણસો કેટલીક વાર કવિઓ, કલાકારો, અને સંગીતકારો તરીકેની શક્તિઓ ધરાવતા હોય છે, અને પોતાના આળસુપણાને દૂર કરી તેઓ જીવનમાં સફળતા મેળવી શકે છે. મોટે ભાગે સ્ત્રીઓના હાથ પુરુષોના હાથની સરખામણીમાં વધારે સુંવાળા અને ઢીલા હોય છે.

એ પ્રકારના ઢીલા હાથ બાદ માનવીએ ત્રીજા પ્રકારનો હાથ જોયો. તેનું તેણે સ્થિતિસ્થાપક નામ આપ્યું. આવા હાથને દબાવી જોતાં તે જાણે રબ્બરના દડા અથવા કમાનની જેમ પાછો ઉછળતો ન હોય તેવી લાગણી તેને થઈ. કમાનના જેવા સ્થિતિસ્થાપકતાના ગુણ ઉપરથી તેને સ્થિતિસ્થાપક એવું નામ આપ્યું. આવા હાથવાળા માણસો કાર્યશક્તિથી ભરપૂર હોય છે. આ માણસો તેમની અંદર વહેતા જીવન-શક્તિના વિપુલ ઝરણાને કારણે જીવનમાં કોઈ પણ ક્ષેત્રમાં મૂકાય ત્યાં આગળ વધી શકે છે. તેમનામાં શ્રમ કરવાની શક્તિ હોય છે, આરામ માટેની વૃત્તિ પણ તેમનામાં હોય છે. પણ શ્રમ અને આરામ બંનેમાં સંયમ અને મર્યાદા મૂકવાની શક્તિ પણ તેમનામાં હોય છે.

કઠણ હાથમાં ઉપરના જેવી સ્થિતિસ્થાપકતા હોતી નથી. કઠણ હાથવાળા માણસો ઢીલા હાથવાળા સજ્જનો કરતાં બીલકુલ ઉલટો સ્વભાવ ધરાવતા હોય છે. આવા માણસો વિકાસક્રમની સ્હેજ નીચેની શ્રેણીએ હોય છે એમ કહી શકાય. આવા માણસોમાં કાર્યશક્તિ ઘણી હોય છે, પણ એ શક્તિની પાછળ જેટલી સરસ બુદ્ધિશક્તિ હોવી જોઈએ તે નથી હોતી. આવા માણસો ઘણીવાર પ્રમાણિક અને સાફદિલ હોય છે. પણ તીવ્ર બુદ્ધિના અભાવને લીધે તેઓ ભાગ્યે જ આગળ આવી શકે છે. અતિશય કઠણ હાથ ઘણીવાર લગભગ પાશવી વૃત્તિના સૂચક હોય છે.

તેઓ નવા વિચારો કે નવા સંજોગોને અપનાવી શકતા નથી હોતા અને મોટે ભાગે જુની ધરેડમાં જ પડી રહેવાનું પસંદ કરતા હોય છે. તેમના હાથની ચામડી પણ ઘણે અંશે ખરબચડી માલુમ પડતી હોય છે.

માનવીએ આ ત્રણ પ્રકારના હાથ તો ખૂબ જોયા પણ પારદર્શક હાથ ભાગ્યે જ તેના જોવામાં આવ્યો. કારણ આવા હાથ મહાન સંતો અને ફિરસ્તાઓના હોય છે. પરંતુ હાથનાં બીજાં ચિહ્નો જો હલકા પ્રકારનો માણસ સૂચવતાં હોય તો તે માણસના હાથમાં પારદર્શક હાથ અત્યંત વિષયી અને રોગી મનોવૃત્તિવાળો માણસ બતાવે છે.

આ પછી હથેલીનો અંદરનો વચ્ચેનો ભાગ–જેને મંગળનું મેદાન–(Plain of mars) કહે છે (આ ભાગની બંને બાજુએ મંગળના ટેકરા (Mounts of mars) નામે ઓળખાતા બે ઉચ્ચ પ્રદેશો આવેલા છે. એથી તે બેની વચ્ચેના આ ભાગને મંગળના મેદાનને નામે ઓળખવામાં આવે છે) તેને ખુલતો કર્યો. અને તે ઉપસેલો છે કે પોલો તે તપાસી જોયું.

આ ભાગ જો ઉપસેલો હોય તો તે શક્તિશાળી પરંતુ અભિમાની સ્વભાવ બતાવે છે. તેની હથેળીનો રંગ જો લાલચોળ જણાય તો તે ખૂબ તીખા અને ક્રોધી સ્વભાવનો તથા હિંસક વૃત્તિનો હોય છે.

પણ માનવીને સામાન્ય રીતે આ ભાગમાં દરેક માણસના હાથમાં થોડો ઘણો ખાડો તો હોય જ છે તેમ જણાયું. આ ખાડો જો થોડો જ હોય તો તે સામાન્ય રીતે શક્તિશાળી અને સફળ કારકીર્દી સૂચવે છે પરંતુ જો આ ભાગમાંનો ખાડો ખૂબ ધ્યાન ખેંચે તેવો ઊંડો હોય તો તે એમ સૂચવે છે કે એ માણસનું જીવન નિરાશાઓ અને નિષ્ફળતાઓથી ભરેલું હશે. તેની હથેલીનો રંગ જો ખૂબ ફીક્કો અને સફેદ હોય તો તે બીકણ અને કાયર હશે. આવા માણસોના હાથમાંના બીજાં ચિહ્નો સારાં હોય તો તેઓ સફળ બને છે પણ તેમને સફળતા મેળવતાં પહેલાં અનેક નિષ્ફળતાઓમાં થઈને પસાર થવું પડે છે. તેમનાં જીવન–પથમાં પુષ્પો નથી હોતાં પણ કંટકો હોય છે તેમ કહી શકાય.



આકૃતિ બીજી

હવે હથેલીનો રંગ બોલે છે. હાથની દરેકે દરેક વસ્તુ પોતપોતાની વાત કરી શકે છે. માનવી ધારે તો શું ન કરી શકે ?

હથેળીના અંદરના રંગનું નિરીક્ષણ તેને ખૂબ આવશ્યક લાગ્યું. રાતના વખતે નિરીક્ષણ ચોક્કસાઈથી નહિ થઈ શકે માટે હંમેશાં દિવસનો સમય જ એ માટે પસંદ કરવો યોગ્ય ગણાય તેમ તેને અનુભવ પરથી માલુમ પડ્યું. પૂરતા ધ્યાન પૂર્વક આ રંગનું નિરીક્ષણ કરવાથી માણસના સ્વભાવ વિષે અત્યંત ખાત્રીદાયક માહિતી તે મેળવી શક્યો એટલું જ નહિ પણ તેનું આરોગ્ય, શારીરિક સ્થિતિ, તેનાં વિશિષ્ટ રોગો વિ. વિષે પણ જાણી શક્યો. આમ હોવાનું કારણ એ છે કે આ રંગનો આધાર લોહીના પરિભ્રમણ ઉપર છે. ખૂબ કામ કરીને તુરત જ, જેમકે કપડાં ધોયા પછી કે બે હાથ ખૂબ જોરથી ઘસ્યા પછી, લોહી ત્યાં ધસી આવવાથી હથેળી લાલચોળ થઈ જાય છે. માટે આવી સ્થિતિમાં રંગનું નિરીક્ષણ નહિ કરતાં થોડીવાર આરામ લેવા દઈ પછી કરવું તેને વધારે યોગ્ય લાગ્યું. આ નિરીક્ષણ હથેળીના અંદરના ભાગમાં જ કરવાનું હોય છે કારણકે બહારના ભાગનો રંગ વર્ષની જુદી જુદી ઋતુઓમાં, ઠંડી કે ગરમી પ્રમાણે અને બીજાં અનેક કારણોથી બદલાતો હોય છે માટે તે રંગનું અવલોકન કરી કશું અનુમાન કરવું નહિ. હથેળીના અંદરના ભાગ ઉપરાંત નખનો રંગ તપાસી જોવાથી વધુ ચોક્કસ માહિતી મેળવી શકાય છે.

અતિશય ફીક્કો સફેદ રંગ લોહીના પરિભ્રમણમાં ખામી સૂચવે છે. આવા માણસોના લોહીમાં લાલ રક્તકણો (Red blood Corpuscles) ઓછા હોય છે અને તેમનામાં હીમોગ્લોબીન નામે તત્ત્વ ખૂટતું હોય છે. આવા માણસો સ્વભાવે

ઘણા જ ઠંડા હોય છે. જીવનમાં તેમને ઉત્સાહ નહિ જેવો જ હોય છે. કોઇ પણ કાર્યમાં તેઓ ઉમળકો, ઉત્સાહ, તેજી કે ગરમી ભાગ્યે જ બતાવે છે. તેઓ મોટે ભાગે સ્વમસેવી અને તરંગી હોય છે. તેઓ ભાગ્યે જ કોઇને પોતાના તરફ આકર્ષી શકે છે. તેમને બહુ મિત્રો હોતા નથી. તેઓ ઠંડા હોવાથી તેમની વાસનાઓ પણ ઠંડી હોય છે, તીવ્ર નથી હોતી. તેઓ બહુ ભોગી વૃત્તિના નથી હોતા પણ ઘણીવાર હથમાંનાં બીજાં ચિહ્નો પણ ખરાબ હોય તો સ્વાર્થી અને ક્રૂર હોય છે. જોકે તેમની ક્રૂરતા 'ઠંડી ક્રૂરતા' હોય છે. આવા માણસોના હાથમાંના બીજાં ચિહ્નો સારાં હોય તો પણ તેમનામાં ચેતન યા ઉત્સાહ મંદ હોવાને કારણે સારાં ચિન્હો પણ તેમની પૂરેપૂરી અસર કરી શકતાં નથી. આ વર્ગમાંથી કેટલાક શક્તિશાળી કવિઓ અને લેખકો નીકળે છે, પણ તેમની કવિતા બીજી બધી રીતે સુંદર હોવા છતાં એમાં કવિના પ્રભુકતા પ્રાણનો અભાવ હોવાથી જનહૃદયને સ્પર્શી શકતી નથી.

૫૦ વર્ષો થયા દુનિયાભરમાં મશહુર
બળ, બુદ્ધિ, આરોગ્ય વધારનારઃ-
મદનમંજરી
ગોળીઓ
નસોની કમજોરી, હાથપગની કળતર, આળસ, સુસ્તી, બેચેની વિગેરે દૂર કરી શક્તિ, સ્ફુર્તિ તથા ઉત્સાહ વધારે છે તેમજ પેસાબ કે સ્વપ્નમાં જતી ધાતુને બંધ કરી ઘટ્ટ બનાવે છે પરહેજ ખાસ કંઈ નથી.
કી ગોળી ૪૦ની ડબીનો રૂ. ૧ સવા
પાગલવટી
ચિત્તભ્રમ, અનિંદ્રા, વિચારવાયુ, ઉન્માદ વિગેરે દર્દો માટે સચોટ ગુણકારી અને કદી પણ નિષ્ફળ ન જાય તેવો અકસીર ઇલાજ. કીં. ડબીના રૂ. ૩ ત્રણ
મફત જાતીય જીવનના પ્રશ્નો સમજાવનાર "દંપતિ વિકાસ" પુસ્તક મફત મંગાવો
મુંબઇ બ્રાન્ચઃ— કાલબાદેવી, રામવાડી } મદન મંજરી ફાર્મસી જામનગર (કાઠીયાવાડ)

આવા માણસોને પાંડુરોગ (Anaemia) થવાનો સંભવ રહે છે.

પીળાશ પડતો રંગ કલેજામાંથી (lever) ઝરતા બાઈલ (Bile) નામે પ્રવાહીની અતિશયતા સૂચવે છે. આ માણસો ઘણા નિરાશાવાદી હોય છે. નાની નાની વાતોમાં પણ તેમની આ નિરાશાવાદી, નિરુત્સાહી પ્રકૃતિ તરી આવે છે. તેઓ ઘણોખરો વખત દિલગીરીમાં જ રહે છે. જીવનને તેઓ માણી શકતા નથી. પોતાના જ ભાર તળે તેઓ જાણે કે કચરાઇ ન જતા હોય એવી કરુણ તેમની સ્થિતિ હોય છે. જગતની કાળી અને અંધારી બાજુને જ તેઓ જોઇ શકે છે. ઉજળી બાજુ જોઇ શકતા નથી. તેઓ ઘણીવાર ધૂની અને એકાંતપ્રિય હોઇ સમાજથી દૂર રહે છે. ઘણીવાર તેઓ ખૂબ કંટાળી જાય છે અને વૈરાગ્યશીલ મનોદશામાં આવી જાય છે. આવા માણસોના હાથમાંનાં બીજાં ચિહ્નો સારા ગુણો સૂચવતા હોય તો પણ તેમના આવા સ્વભાવને લઇને તે ગુણો પણ વિકૃત થઇ જાય છે. આવા માણસોની સ્થિતિ દયાપાત્ર હોય છે.

આછો લાલ અથવા ગુલાબી રંગ લોહીના કુદરતી પરિભ્રમણની સ્થિતિના કારણે તંદુરસ્તીનો સૂચક છે. આવા માણસોના જીવન સ્વાભાવિક રીતે જ આશા અને ઉત્સાહથી ભરપૂર હોય છે. ગમે તેવી કપરી પરિસ્થિતિની અંદર પણ તેમનો ગુલાબી આનંદી સ્વભાવ તેઓ જાળવી રાખે છે. તેમનો સહવાસ તેમના પરિચયમાં આવનારા સૌને ગમે છે. તેઓ સામાન્ય રીતે ઉદાર અને માયાળુ તથા ઉત્સાહ અને ઉમળકાવાળા હોય છે. તેઓ બીજાને પોતાના તરફ આકર્ષી શકતા હોય છે. તેજસ્વી, હળવી મશ્કરી કરવાવાળા, જીવનને માણવાવાળા આશાવાદી, અને પ્રેમાળ હોય છે. પોતાના મિત્રોના દુઃખે દુઃખી થતા હોય છે.

તેમના આવા સ્વભાવને લીધે હાથમાંનાં બીજાં ચિહ્નો પરથી વ્યક્ત થતા સદ્‌ગુણો દીપી નીકળે છે. જ્યારે તેમના દુર્ગુણો ઝાંખા પડે છે.

રાતો અથવા ઘેરો લાલ રંગ લોહીની અતિશયતા સૂચવે છે; અને અતિશયતા તો દરેક વસ્તુની અનિષ્ટ જ હોય છે. (Everything in excess

is a poison) એ અહીં પણ લાગુ પડે છે. આ માણસોનું લોહી ખૂબ ગરમ હોય છે. અને તેમની શારીરિક શક્તિ એટલી બધી હોય છે કે તેને શરીરમાં સમાવવાનું તેમને ભારે પડી જાય છે. ફીક્કા રંગવાળા માણસો કરતાં બરાબર ઉલટી રીતે આ માણસો સ્વભાવે અત્યંત તેજ અને ગરમ હોય છે. તેઓ ક્રોધી હોઈ વાતવાતમાં ગુસ્સે થઈ જાય છે. અને હાથમાંનાં બીજાં ચિહ્નો ખરાબ હોય તો આ ક્રોધમાંથી મારામારી પર આવી જતાં તેમને વાર નથી લાગતી. આવી મારામારી ઘણીવાર ખૂનમાં પણ પરિણમે છે! ખાવામાં પણ આ માણસો ઘણા ઉત્સાહી હોઈ તેઓ મોટે ભાગે ખાઉધરામાં ખપે છે. તેમની બીજી વાસનાઓ પણ ઘણી પ્રબળ અને ઉગ્ર હોય છે. સંયમ અને મર્યાદા તેમને માટે ઘણા મુશ્કેલ–લગભગ અશક્ય–આદર્શો હોય છે. તેઓ નિર્ણયો લેવામાં ઝડપી હોય છે. તેઓ ઘણીવાર તેજસ્વી અને શક્તિશાળી હોય છે. પરંતુ તેમના ઉગ્ર સ્વભાવને લઈને તેઓના માર્ગમાં અનેક મુશ્કેલીઓ ઉભી થાય છે. લડાયક શક્તિઓની જ્યાં જરૂર પડે તેવા વ્યવસાયોમાં દા. ત. લશ્કર વિ.માં તેઓને વધારે સફળતા મળવાનો સંભવ છે.

રંગ જેમ વધારે લાલ તેમ તેમના સ્વભાવની ઉગ્રતા વધે છે.

આ માણસોમાં શારીરિક શક્તિ અતિશય વિપુલ પ્રમાણમાં હોવા છતાં તેમનું શરીર પૂરેપૂરું તંદુરસ્ત હોય જ એવું કંઈ નથી. એથી ઉલટું તેમને ગળા અને આંતરડા સાથે સંબંધ ધરાવતા રોગો થવાનો તથા એપોપ્લેક્સી (Appoplexy) નામે મગજમાં લોહીના ભારે દબાણથી થતો રોગ થવાનો સંભવ રહે છે.

આછો વાદળી રંગ લોહીના ધીમા પરિભ્રમણને કારણે હોય છે. આવો રંગ બહુ થોડા હાથમાં જોવા મળશે. એ રંગવાળા માણસોને હૃદયની નબળાઈ હોવાથી તેમને હૃદયના રોગ થવાનો ભય હોય છે. હાથનો રંગ વાદળી ન હોય પણ હાથ દાબી જોતાં ઠેરઠેર વાદળી ટપકાં જેવું દેખાય તો પણ એ જ ભય ઓછા પ્રમાણમાં સૂચિત થાય છે.

આ રીતે હાથના રંગની વાણીથી ઘણી જ અગત્યની માહિતી માનવી મેળવી શકશે.

હથેળીની અંદરની ચામડી પણ કેટલીક વાર ઉપયોગી માહિતી પૂરી પાડે છે. એ શું કરવા ન બોલે? તેને ક્યાં વાણીસ્વાતંત્ર્ય માટે સત્યાગ્રહ કરવા જવાનું હતું?

કેટલાક હાથમાં આ ચામડી બીલકુલ સૂકી હોય છે જ્યારે કેટલાક હાથમાં વળી એ સ્હેજ ભીનાશ પડતી હોય છે.


આકૃતિ ત્રીજી

સૂકી ચામડી તાવ તથા ચામડીના દરદ થવાનો સંભવ બતાવે છે.

ભીનાશ પડતી ચામડી ખાસ કરીને તેમાંનો પરસેવો ખૂબ ઠંડો હોય તો કલેજામાંના રોગો થવાનો સંભવ સૂચવે છે.

ઉપરનાં બંને કરતાં વિશિષ્ટ તરી આવતી તેવી અતિશય લીસી ચામડી 'વા', 'સંધિવા', અને તેને મળતાં દરદ સૂચવે છે.

હાથના ઉપરના ભાગમાંના વાળ પણ કેટલીક વાર માણસની શારીરિક અને માનસિક સ્થિતિનું વર્ણન મેળવી આપે છે.

વાળ ચામડીનાં કાણાં મારફતે ચામડીના નીચેના ભાગમાં રહેલી વાળ ઉગાડનારી અત્યંત નાનકડી કોથળીમાંથી ઉગતા હોય છે અને તે શરીરમાંથી પોતાનું પોષણ મેળવીને વધતા હોય છે. શારીરિક શક્તિ ઓછી હોય તેવા માણસોને વાળ ઉગતા જ નથી, સામાન્યરીતે સ્ત્રીઓ અને નબળા માણસોના હાથ પર વાળ ભાગ્યે જ ઉગે છે (આથી ઉલટું પશુઓના શરીર પર વાળ અતિશય મોટા પ્રમાણમાં હોય છે તે નોંધવા જેવું છે.) પશુઓની હરિફાઈ કરી શકે તેવું બળ

ધરાવનાર, એટલે કે ખૂબ મજબૂત શરીરવાળા માણસોના હાથ પર વાળ મોટા પ્રમાણમાં ઉગે છે. આ વાળ જો ઘણા ખરબચડા હોય તો તે પશુવૃત્તિ સૂચવે છે. અને જો સ્ત્રીઓના હાથ પર એ ઉગે તો તેનામાં પુરુષત્વના અંશો સૂચવે છે.

આ વાળનો રંગ પણ જરૂરી માહિતી આપે છે. વાળનો રંગ શરીરમાંના લોહતત્ત્વ (Iron) ને કારણે હોય છે.

સફેદ વાળ આ તત્વનો અભાવ અથવા ઉણપને કારણે હોવાથી એવા વાળવાળા માણસો શાંત અને ઠંડા સ્વભાવના હોય છે.

આછા કાળા રંગના વાળ સામાન્ય રીતે શાંત અને માયાળુ માણસ બતાવે છે, આવા માણસોમાં કાર્યશક્તિ તથા સહનશક્તિ સારા પ્રમાણમાં હોય છે. છતાંયે સ્વભાવે ગરમ હોતા નથી.

—ઘેરા કાળા રંગના વાળ ખૂબ બળ અને શક્તિ સૂચવે છે. આવા માણસો ઘણા સશક્ત અને મજબૂત હોય છે અને તેઓ સહેલાઈથી ઉશ્કેરાઇ જાય છે.

લાલરંગના વાળવાળા માણસો ખૂબ ઉગ્ર અને ક્રોધી હોય છે. તેઓ સ્હેજવારમાં ઉશ્કેરાઈ જઇ ઘણીવાર તોફાન મચાવી મૂકે છે, તેઓને ઝગડા અને મારામારીમાંથીજ જીવનનો રસ અને આનંદ ઝરતો હોય છે.

તેણે એટલું ધ્યાનમાં રાખ્યું કે આ બધા અવલોકનો માત્ર હાથ ઉપરના વાળનાં જ છે, શરીરના બીજા કોઇ કોઈ ભાગ પરનાં નથી.

હાથના રંગ, તેના પરના વાળ વગેરેને વાણી આપીનેજ માનવી અટકી ગયો નથી. તે કેટલો આગળ વળે છે કે પાછળ વળે છે તે પરથી પણ તેણે ઘણું ઘણું શોધ્યું.

કઠણ (Stiff) પાછળ ન વળે તેવા હાથવાળા માણસો સાવધાન, સંકુચિત મનોવૃત્તિવાળા, ડંખીલા અને નવા વાતાવરણને અનુકૂળ ન થઈ શકે તેવા હોય છે. આવા માણસો નવા વિચાર કે સાહસથી ડરતા હોય છે અને બાપદાદાના રીતરીવાજો અને વિચારોથી સંતોષ પામતા હોય છે. તેમની સાથે દલીલ કરવા છતાં પણ તે પોતાના મતને વળગી રહેનારા હોય છે. મોટે ભાગે આવા લોકો ઓછા બોલા હોય છે એટલે ખાનગી વાતો કે કામો માટે તેમનાં પર વિશ્વાસ મૂકવામાં વાંધો ન આવે.

જ્યારે કઠણ હાથવાળા કે જેમની આંગળીઓ પાછળ વળવાને બદલે અંદર હથેળી તરફથી ઢળતી હોય છે તેને બદલે, જેમની આંગળીઓ પાછા ખૂબજ વળતી હોય છે તેવા નરમ(Flexible) હાથવાળા માણસો આથી ઉલટા જ ગુણો ધરાવતા હોય છે આવા માણસો સ્થિતિસ્થાપક (elastic) મનવાળાં અને બહારની અસરો એકદમ ગ્રહણ કરી શકે તેવા મગજવાળા અને ખૂબજ સમજદાર હોય છે. આવા માણસો નવા સંજોગોમાં પોતાની જાતને

પુષ્પા કોર્ડીઅલ

બહેનો ! પ્રદર, લોહીવા, અનિયમિત અટકાવ, ગર્ભ ન રહેવો, ગર્ભ રહી સ્રવી જવો, કસુવાવડ, હીસ્ટીરીઆ, કોઠે રતવા, પ્રસવ સમયે પીડાવું, ધાવણની અછત, ઊંઘ ન આવવી, ઉબકા, અમૂંઝણ વગેરે દર્દો મટાડી શક્તિ આપનાર **પુષ્પા કોર્ડીઅલ** જ વાપરો. ત્રણ બાટલી પીવાથી સંપૂર્ણ આરામ આપે છે.

—દરેક દવાવાળા તથા ગાંધીઓ—

● વેચે છે ●

જથ્થાબંધ માટે લખો:

કમલ પ્રોડક્ટસ • નડિયાદ

—જીવન-શક્તિ પીલ્સ—

વિદ્યાર્થી કે ધંધાર્થીને મગજની શાન્તિ આપી સરસ ઊંઘ લાવી શક્તિ આપે છે. ૪૦ ચાલીશ ગોળીની કિંમત રૂા. પાંચ રાજવૈદ્ય પ્રાણભાઈ મહેતા, માધવ ઔષધાલય, અમરેલી (કાઠિ.)

તે પ્રમાણે અનુકૂળ બનાવી દે છે. 'દેશ તેવો વેશ' એ કહેવત પ્રમાણે વર્તનારા હોય છે. તેમની આ શક્તિ જ ઘણીવાર તેમને માટે ભયજનક નીવડે છે કારણ કે તેઓ ખૂબ જ તેજસ્વી હોવા છતાં, અને ખૂબ જ કાર્યો એકી સાથે કરી શકે તેવી શક્તિવાળા હોવાથી કોઈપણ એક કાર્યમાં એક ધ્યાન થઈ શકતા નથી હોતા અને તેથી કોઈપણ ધંધામાં નિષ્ણાત થવાને બદલે બધામાં ચંચુપાત કરીને આનંદ મેળવનારા હોય છે. આવા લોકો ખૂબ જ સહાનુભૂતિ ધરાવનારા અને ઉદાર હોય છે. તેમને મન પૈસા માત્ર સાધન હોય છે. આવા લોકો ઊર્મિશીલ હોય છે તેથી કોઈ દુઃખદાયક વાત સાંભળતાં તેઓ પણ દુઃખી બની જતા હોય છે. તેમનું મન ખૂબ જ ત્વરાથી કામ કરી શકતું હોય છે અને વિચારો એકદમ ગ્રહણ કરી શકતા હોય છે. તેઓ ઉતાવળીઆ હોય છે. આવા માણસો ખૂબ જ આશ્ચર્યકારક ફતેહ મેળવી શકતા હોય છે. તેઓ કોઈ હવામાં કિલ્લા બાંધનારા સ્વપ્નશીલ તરંગી માણસો નથી હોતા પણ જીવન અને ચેતનાથી ભરેલા કાર્યશીલ માણસો હોય છે. (આકૃતિ ૩)

ખૂબ જ કઠણ અને ખૂબ જ નરમ હાથવાળા માણસો ઉપરાંત એ બંનેમાં મધ્યમસર એવા સીધા આંગળાવાળા (straight hands) માણસો પણ મળી આવતા હોય છે.

આવા માણસો સમતોલ મનવાળા (balanced minded) કામ કરવામાં સીધા, અને પોતાની જાત પર કાબુ ધરાવનારા હોય છે. આવા લોકો કોઈપણ બાબતમાં અંતિમ (Extremes) તરફ નથી જતા, પણ સંતોષી, અને સમજદાર હોય છે. આવા લોકો યોગ્ય રીતે પૈસા વાપરી શકતા હોય છે અને યોગ્ય વખતે યોગ્ય માણસને મદદ પણ આપતા હોય છે. પૈસાને ગમે તેમ ફેંકી નથી દેતા. તેમને માટે જીવન કોયડા સમાન (Problem) અને ગંભીર રીતે તેના વિષે, તેને સમજવા માટે, વિચાર કરનારા હોય છે. આવા લોકો વિચારવંત વિશાળ મનવાળા, (broad) અને સહાનુભૂતિવાળા–મર્યાદામાં રહીને જ–હોય છે.

(ક્રમશઃ)

લોખંડના મજબુત આલફ્રાપ અને તાડી



રૉ. રૉ મ કો કો. નાં જ વાપરો

રૉ. રૉ મ કો કો. નાં જ વાપરો

ROMCO

• અમદાવાદના •
—એજન્ટ—
મેસર્સ મહેતા બ્રધર્સ
સાંકડી શેરી, શાકાવસા પોળ
— અમદાવાદ —

• યુ.પી., બીહાર, ઑરિસ્સા •
અને દિલ્હીના
—સોલ એજન્ટ—
મેસર્સ બાબુલાલ કેલા એન્ડ કું.
૨, દાંડીપુર રોડ
—દેહરાદુન—

—: લખો :—

ધી રૉયલ મેન્યુફેકચરીંગ કું. ૮મી એતવાડી, મુંબઈ–૪.

શ્રી ગંધીબાબાના ચમત્કાર : ૨

[સંપાદક : શ્રીયુત હાહ્યાલાલ હ. જાની]

સ્વ. મહામહોપાધ્યાય પં. શ્રી ગોપીનાથજી કવિરાજે, (એમ. એ., પ્રિન્સિપલ ગવર્નમેન્ટ સંસ્કૃત કોલેજ, કાશી,) બંગાળીમાં 'શ્રી. શ્રીવિશુદ્ધાનંદ પ્રસંગ' નામે પાંચ ભાગમાં એક મહાગ્રંથ રચ્યો છે, તેમાં તેમણે સૂર્યવિજ્ઞાની શ્રી ગંધીબાબાજીની ચરિત કથા, તત્ત્વકથા અને લીલાકથામાં સ્વામીજી સંબંધી ઘણી વાતો વર્ણવી છે. તેમાંથી શ્રી ગંધીબાબાના વૈજ્ઞાનિક ચમત્કારો અત્રે આપવામાં આવે છે.

(ગતાંકથી ચાલુ)

આ રીતે વાતો થતાં થતાં સાંજ પડી ગઈ. પાસે ઘડીઆળ હતી. મહાપુરૂષે જોયું કે હવે સમય નહોતો એટલે તેઓ તરત નિત્યક્રિયા સારૂ ઉઠયા અને ક્રિયાગૃહમાં ગયા અને અમે બધા સહુ સહુને ઘેર રવાના થયા. એ પછી હું સામાન્ય રીતે દરરોજ એમની પાસે જતો અને એમનો સત્સંગ સાધતો–એ રીતે નિકટતા વધી. ક્રમે ક્રમે જાતજાતની અલૌકિક વાતો હું નજરે જોઈ શક્યો. શું શું જોયું તેની સંખ્યા કહેવી મુશ્કેલ છે. દૂરથી, નજીકથી, સ્થૂળ રૂપે, ભૌતિક (જડ) જગતમાં, દિવ્ય જગતમાં, ખુદ આત્મજગતમાં પણ હું એમની અસંખ્ય જગતની અલૌકિક શક્તિઓના ખેલ જોઈ જોઈને સ્તબ્ધ બની જતો. માત્ર મારા પોતામાં જ મેં જે જાતે જોયું અને અનુભવ્યું તેનું બયાન કરૂં તો એક મહાભારત બની શકે, પણ અહીં એ સઘળું લખવાની કોઈ જરૂર નથી. અને બધી વાતો વગર વિચાર્યે પ્રગટ કરવા યોગ્ય પણ નથી. હું અહીં કેવળ નિરપેક્ષભાવે 'કલ્યાણ'ના સંપાદક મહાશયના અનુરોધમાં સ્વામીજી મહારાજે શીખવેલી અને બતાવેલી સૂર્યવિજ્ઞાનની બે ચાર બાબતો વિષે જ લખીશ.

[પરમહંસ સ્વામી વિશુદ્ધાનંદજીના જીવન વિષે વિસ્તારથી કહેવાની કાંઈ જરૂર નથી તો પણ સૂર્યવિજ્ઞાનની સાથે જ્ઞાનગંજ આશ્રમ અને પરમહંસદેવનો સંબંધ હોવાથી વાચકનાં જિજ્ઞાસા-વિનોદની તૃપ્તિ ખાતર બેચાર વાતો કહીને, સૂર્યવિજ્ઞાન વિષે કાંઈક કહેવામાં આવશે.]

સ્વામીજી ૬૫ વર્ષ પહેલાં બંગાળના બર્દવાન જીલ્લાના બંડૂલ ગામમાં પ્રસિદ્ધ ચટ્ટોપાધ્યાય વંશમાં જન્મ્યા હતા. પિતાનું નામ અખિલચંદ્ર ચટ્ટોપાધ્યાય અને માતાનું નામ રાજરાજેશ્વરીદેવી હતું. બાળપણમાં જ એમના જીવનમાં ઘણી અલૌકિક બાબતો બની હતી. ચારિત્રબળ, ધીરજ, સંયમ અને શ્રદ્ધા વગેરે સદ્‌ગુણોથી તે એમના ગોઠીઆઓમાં ભાત પાડતા હતા. નાનપણથી જ ભગવાનની પૂજા કરવાની રમત રમ્યા કરતા. અને તક મળતાં એકાન્ત સ્થળમાં ચાલી જઈ ત્યાં ધ્યાનમાં બેસવું એમને બહુ ગમતું.

નાનપણથી જ એમના અજાણતાં એમનામાં વાક્‌સિદ્ધિ અને એવી કેટલીક વિભૂતિઓ દેખાઈ આવતી. એકવાર એ માટીના શિવ બનાવી પૂજા કરતા હતા, ત્યારે એમના એક બાળ ગોઠીઆએ આવી શિવજીનું અપમાન કર્યું એટલે તેમણે બાળબુદ્ધિથી ખીજાઈ કહ્યું કે તેં શિવજીનું અપમાન કર્યું છે એટલે તને શિવજીનો સાપ આવી કરડશે. અને બન્યું પણ એમ જ! પણ એ વખતે એમણે એના ડંખ ઉપર હાથ ફેરવવાથી ઝેર ઉતરી ગયું અને એ બાળમિત્ર બચી ગયો.

એકવાર એમના માતાજીને કોલેરા (વિશૂચિકા) થયો. ચિકિત્સકોએ એમના જીવવાની આશા છોડી દીધી હતી. બાળપણથી જ એ પરમ માતૃભક્ત હતા. એમનાથી માતાની આ મરણોન્મુખ અવસ્થા સહન થઈ શકી નહિ. એટલે માતાની જીવનરક્ષા સારૂ એ ગૃહદેવતા શ્યામસુંદરની પ્રાર્થના કરવા લાગી ગયા. પરન્તુ આ સતત પ્રાર્થનાથી શ્યામસુંદરે કાંઈ દાદ દીધી નહિ એટલે એ નિરાશા અને ખીજવાટમાં હાથમાં લોઢાની કોશ લઈને ગોશાળાના મેડે લપાઈ

ગયો. અને એણે મનથી સંકલ્પ કર્યો કે જો શ્યામસુંદર મારી માને નહિ બચાવે તો આ કોશથી હું એની મૂર્તિને તોડી નાખીશ. ભગવાન ઉપર અત્યંત શ્રદ્ધા અને ભરોસો હોવાથી બાળકના કોમળ હૃદયમાં ભગવાન સાથે આવું રૂસણું એ લઈ બેઠો હતો. ભગવાન શ્યામસુંદરે એને મનવી લીધો અને માતને જીવનદાન આપ્યું!

બાળક વિશુદ્ધાનંદનાં બાળપણમાં આવી અનેક ઘટનાઓ બની હતી. નાનપણથી જ એને ઘણા દેવતાઓનાં દર્શન થવા લાગ્યાં હતાં. કેટલીક વાર તો એને એ દેવોની સાથે વાતચીત પણ થતી. એના ઉપવીત સંસ્કાર બાદ એની આ અવસ્થામાં તો વળી ઓર વધારો થયો. આ સઘળું એના પૂર્વજન્મની તપસ્યાનું ફળ હતું એમાં કાંઈ સંદેહ નથી. પરન્તુ જે બનાવે એના જીવનને ફેરવી નાખ્યું અને એની અસાધારણ યોગશક્તિ અને જ્ઞાનવિજ્ઞાન મેળવવાના અધિકારની આગાહી આપી તે તો એની કિશોર અવસ્થામાં બન્યો.

કોઈ હડકાયું કૂતરું એને આંભડવાથી (કરડવાથી) એને હડકવા થયો અને ઘણા ઘણા ઇલાજ કરવા છતાં કશાની કારી ફાવી નહિ અને મહા વેદના સાથે મૃત્યુની વાટ જોવાઈ રહી હતી એવમાં એક મહાપુરુષે પોતાના યોગબળથી એમને આંખના પલકારમાં મોતના પંજામાંથી ઉગારી લીધા એ મહાપુરુષ હતા શ્રીશ્રીનિમાનંદ પરમહંસ. શ્રી. નિમાનંદજી કદીય એક સ્થળે રહેતા નહિ. ચોમેર વિચરતા રહેતા છતાં ઘણો સમય હિમાલયના જ્ઞાનગંજ નામના વિરાટ યોગાશ્રમમાં નિવાસ કરતા એમની ઉમ્મર એટલી બધી હતી કે સામાન્ય માણસ તો એ ઝટ માને પણ નહિ! કેટલાક દિવસ પછી શ્રીશ્રી નિમાનંદજી કિશોર વિશુદ્ધાનંદને આકાશમાર્ગે બંગાળથી હિમાલયમાં લઈ ગયા અને માનસરોવર પાસે એમના ગુરુદેવના ચરણોમાં સોંપી દીધા: શ્રીશ્રી નિમાનંદજીના આ ગુરુદેવ હજાર વર્ષથી પણ વધુ વયના છે! એમણે કિશોર વિશુદ્ધાનંદજીને વિધિસર શક્તિસંચારપૂર્વક દીક્ષા આપીને યોગશિક્ષા અને બ્રહ્મચર્યને પાલન સારૂ જ્ઞાનગંજ આશ્રમમાં મોકલી આપ્યા. [સંપૂર્ણ]

'જીવન-પ્રકાશ' બંધુમંડળના
સભ્યોને ભેટ

'મુક્તિનો માર્ગ'

જીવનનો નવો રાહ બતાવતું આ પુસ્તક તમને વિચાર કરતા કરી મૂકશે-સુંદર કલાભર્યું દ્વિરંગી જેકેટ-મજબૂત પૂંઠું-આકર્ષક રૂપરંગ-૧૭૦ પાનાં-સ્વચ્છ છપાઈ-કિંમત અઢી રૂપિયા-પોસ્ટેજ પાંચ આના.

'દિવ્ય વાણી'

જીવનના વિકટ પ્રશ્નોનો તોડ બતાવતું આ પુસ્તક કોઈ પણ વિચારશીલ ભાઈ-બહેને વાંચવું જ જોઈએ સરસ દ્વિરંગી ટાઈટલ-બોર્ડનું મજબૂત પૂંઠું-ઊંચી જાતના કાગળ-સુઘડ મુદ્રણ-૧૭૫ ઉપરાંત પાનાં-કિં બે રૂપિયા પોસ્ટેજ પાંચ આના.

'કલકત્તાથી કાબુલ'

નેતાજી સુભાષચંદ્ર બોઝના વનવાસની સુંદર રોમાંચક ચિત્રકથા પ્રખ્યાત કલાકાર શ્રી 'શનિ'ની પીંછીએ તૈયાર થઈ છે. આખી પુસ્તિકા આર્ટપેપર પર છપાયેલ છે. પ્રત્યેક ચિત્રની સામે કરીબંધ વાર્તા ચાલી આવે છે. આકર્ષક ગેટ-અપ અને ત્રિરંગી કવર જેકેટ-કિંમત એક રૂપિયો-પોસ્ટેજ બે આના.

'જીવન-પ્રકાશ' બંધુ મંડળના સભ્ય હોય એવાં કોઈ પણ ભાઈ-બહેન, લાયબ્રેરી, શાળા કે અન્ય સંસ્થાને આ સાડા પાંચ રૂપિયાની કિંમતનાં પુસ્તકો માત્ર ત્રણ રૂપિયામાં મળશે. અઢી રૂપિયા આ રીતે એમને ભેટ મળે છે, પોસ્ટ ખર્ચ આઠ આના મળી કુલ રૂ. સાડાત્રણ મોકલવા.

જીવન-પ્રકાશ કાર્યાલય
રાણપુર [B. S. Ry.]

'જીવન-પ્રકાશ બંધુ મંડળના સભ્ય માટે

ઇનામી કૂપન

— ચાર રૂપિયા —

આ કૂપન કાપીને મોકલનાર ગ્રાહક-સભ્ય પોતાના તરફથી વધુમાં વધુ બે સભ્યને વાર્ષિક રૂ. ૧૫)ને બદલે રૂ ૯)માં આ મંડળમાં દાખલ કરાવી શકશે. અને એ રીતે ચાર રૂપિયા મેળવશે અગર બચાવશે. મિત્રોને પોતાના તરફથી લાભ અપાવવા ઇચ્છનાર ઘણા સભ્યોના આગ્રહથી આ કૂપન આપેલ છે. ગ્રાહક-સભ્ય જ આનો ઉપયોગ કરી શકશે.

જીવન-પ્રકાશ કાર્યાલય, રાણપુર [B. S. Ry]

જિન્સી જીવનની સાચી મઝા માણવાનો માર્ગ પ્રબોધતી લેખમાળા

વિવાહિત આનંદ

લેખક :
શ્રી. કપિલ કોઠારીઆ એમ. એ; એલએલ. બી.

(ઓકટોબર અંકથી ચાલુ)

આગળના અંકમાં જણાવ્યા પ્રમાણે હવે આપણે જીન્સી જીવનનાં સાચાં સુખ માણવાનાં શું પગથિયાં છે તેની એક પછી એક ચર્ચા શરૂ કરીએ તે પહેલાં સૌના પાયારૂપ, અનેક મીંડાં આગળ એકડા જેવા 'યૌવન રક્ષા'ના વિષય વિષે થોડી વાત કરી લેવી હિતાવહ અને વ્યાજબી ગણાશે.

સ્વાસ્થ્ય અથવા તંદુરસ્તી બાળપણમાં માતા-પિતાધીન છે તો ઘડપણમાં સંતાનોની સેવા ઉપર નિર્ભર છે. માત્ર યુવાવસ્થા જ એવો સમય છે જ્યારે આપણે આપણા સ્વાસ્થ્યની રક્ષા પોતે જ કરી શકીએ છીએ. સામાન્યતઃ નિયમ છે કે માનવ પોતાની ચીજની જેવી ને જેટલી રક્ષા કરી શકે છે તેવી ને તેટલી બીજો કોઈ કરી શકતો નથી પરંતુ કમનસીબે સમય એવો આવી ગયો છે કે તંદુરસ્તીનો જેવો અનાદર યુવાવસ્થામાં કરાય છે તેવો જીવનભરમાં કરાતો નથી. સ્વાસ્થ્યનો નાશ કરનારાં જેટલાં વ્યસનો છે તે બધાં આ જ સમયમાં તેને ચોંટી જાય છેઃ ખાન-પાનમાં અમિતાહારીપણું, ભોગ-વિલાસમાં અધિકતા, સિનેમાઓથી નિદ્રાનો નાશ કરવો ને આચારભ્રષ્ટ થવું, લઘુવયમાં લગ્ન કરી નાખવાં, અશ્લીલ નવલો ને વાર્તાઓ વાંચીને અથવા કુસંગથી શિક્ષણ મેળવીને જીવનના સારભૂત એવા વીર્યનો ભિન્ન ભિન્ન પ્રકારે નાશ કરવો, આળસુ બની વ્યાયામનું નામનિશાન ભૂંસી નાખવું, દૂધ, માખણ અને મલાઈને બદલે ખટાશયુક્ત ને ખાંડયુક્ત અપાચક ખોરાકો ખાઈ અપચો વહોરી લેવો, સ્વાસ્થ્યને સાચવવા માટેની નિયમિત માલિશ, કાળજીપૂર્વકની દંતધાવનક્રિયા ને સ્નાનની ક્રિયા વગેરે તરફ અધિક ને અધિક દુર્લક્ષ રાખતા જવું—આમ ઘણા ઘણા પ્રકારે સ્વાસ્થ્યનાશના પૂરેપૂરા પ્રયત્નો આ કાળમાં થાય છે.

પરિસ્થિતિ બગાડની પરાકાષ્ઠા પર છે; પણ તેનો આપણા જેવા સામાન્ય માનવીને ખ્યાલ ન આવે. કોઈ ડૉક્ટર, હકીમ કે વૈદ્યને પૂછવાથી ખબર પડશે કે કેટલા ટકા યુવકો વીર્યહાનિના પ્રતાપે વિવિધ પ્રકારના રોગોથી ગ્રસિત બની ચૂક્યા છે. જો જીવનનું મૂળ, વીર્ય એ માત્ર શરીરમાં હોય તો અન્ય દુર્વ્યવહારોનાં ખરાબ પરિણામોનો સામનો તે શરીર કરી શકે પણ ૯૫ ટકા જ્યાં એ જીવનસત્વને ખોઈ બેઠા છે અને હજી પણ તે મહા બુરી આફતમાંથી પોતાને બચાવવા પ્રયત્નશીલ બનતા નથી ત્યાં સ્વાસ્થ્યની શાશ્વતતાની વાત શું કરવી? વીર્ય તંદુરસ્તીનો પાયો છે. જો પાયો દૃઢ અને મજબુત તો તેની જીવન ઈમારત સુરક્ષિત

• માથેરાનની મોજ •
-ફોદા છાપ મેડીકેટેડ સ્નફ સૂંઘીને
—મેળવો—
મહાસુગંધી સ્નફ વર્કસ, સિહોર (કાઠિ.)

છે અગર તો તેની સામે મૃત્યુ કે મૃત્યુને નોતરતા અનેક ભયંકર રોગો કે નિષ્પ્રાણ દુર્બળતા સિવાય બીજું શું હોય ?

કેટલાક લહેરી પણ કમઅક્કલ યુવનો પ્રશ્ન કરશે કે જે વીર્યસ્ખલનમાં ઇશ્વરે આનંદની અવધિ મૂકી છે તે સ્ખલનના પ્રતાપે જ રોગો ને દુર્બળતા આવે છે તેમ તમે શા માટે કહો છો ? પ્રશ્નકાર બિચારો ધૂર્તની દુનિયનું પ્રાણી હશે ! સંભવતઃ જેટલો લાભ વીર્ય અંદર રહે તેમાં છે તેટલો તો નહિં પણ તેનાથી દસમા ભાગનો પણ લાભ તેને બહાર કાઢવામાં નથી. વીર્યસંચયથી બળ, પૌરુષ, વીરતા, બુદ્ધિતેજ, ધનસંચય, સ્વાસ્થ્ય, સદાચાર, ઇશ્વિરાસ્થા, સચ્ચાઈ, સદાનો વિજય, પરાક્રમશીલ સ્વભાવ, આનંદ અને ઉત્સાહ વગેરે સંસારનાં સર્વ પ્રકારનાં નાનાં-મોટાં સુખ મળે છે. તેને બદલે તેના સ્ખલનમાં માત્ર થોડી ક્ષણોની પ્રસન્નતાની પાછળ વ્યાધિ અને આધિની મોટી ફોજ ખડી છે.

જે કાર્ય કરવાથી પાછળથી પશ્ચાત્તાપ ન કરવો પડે એ કાર્યને બુદ્ધિવાનોએ ઉત્તમ માન્યું છે. નિર્દયતાથી વીર્યનો નાશ કરવામાં થોડી ક્ષણોના આનંદ પછી તે પુરુષ દીર્ઘકાળપર્યંત અનુતાપતા ને ઉદાસીનતા ભોગવે છે. આમ વાચકગણ સામે વીર્યસંચય ને વીર્યસ્ખલનના લાભો બતાવ્યા છે તે પરથી શું વધુ સારું છે તે તે જ નક્કી કરશે છતાં હજુ સદૃષ્ટાંત વધુ ફાયદા ગણાવું છું.

જે આપણે ખાઈએ છીએ તેનો રસ બને છે. રસમાંથી રક્ત, રક્તમાંથી માંસ, માંસમાંથી ચરબી, ચરબીમાંથી હાડકાં, હાડકાંમાંથી મજ્જા, મજ્જામાંથી વીર્ય, અને વીર્યમાંથી ઓજસ, તેજ અને સ્મૃતિ પ્રાપ્ત થાય છે. હવે જ્યાંસુધી આ સાતે ધાતુઓ પૂરાં પ્રમાણમાં શરીરમાં છે ત્યાંસુધી આપણા ખોરાકમાંથી તે ક્રમશઃ પ્રત્યેક ધાતુને સપ્રમાણ પુષ્ટ કરે છે પણ તે સાતમાંથી એકમાંયે ખામી આવે છે—પડે છે તો શરીર સમતુલા ગુમાવી બેસે છે. ખોરાકનું પરિવર્તન થઈ તેમાંથી દરેક ધાતુને તેનો હિસ્સો મળી રહે છે. જ્યારે વીર્યનો વ્યય થાય છે ત્યારે તે શરીરમાં ન્યૂનતા ઉભી કરે છે ને પરિણામે આખું શરીરયંત્ર તે ન્યૂનતાને પૂર્ણ કરવા યત્નશીલ બને છે. પ્રકૃતિનો નિયમ છે કે જ્યાં ન્યૂનતા તે દેખે છે ત્યાં તે તેને પૂર્ણ કરવા પહેલી દોડી જાય છે. દાખલા તરીકે પાણી તે હમેશાં જ્યાં ખાડો કે ઢોળાવ હશે ત્યાં દોડી જશે. તે પ્રમાણે શરીરમાંના વીર્યના ખાડાને પૂરવા ખોરાકપરિવર્તિત સાર દરેક ધાતુઓમાંથી જલ્દી જલ્દી પસાર થઇ વીર્યના ગર્તને પૂરો કરવા દોટ મૂકે છે; અને પરિણામે પ્રત્યેક ધાતુ પોષણ પામતી નથી એટલું જ નહિ પણ અવ્યવસ્થાને લીધે વીર્ય પણ દુર્બળ ને પાતળું બને છે.

જ્યારે વીર્ય પાતળું બને છે કે ઓછું થાય છે ત્યારે ધીરે ધીરે મજ્જા, હાડકાં, ચરબી, માંસ લોહી ને રસ એ સર્વ ધાતુઓ ક્ષીણ થવા માંડે છે ને માણસ દુર્બળ ને દુર્બળ થતો જાય છે. બુદ્ધિ ને સ્મૃતિ રૂસણાં લે છે. આધિ, વ્યાધિ ને ઉપાધિની દોસ્તી શરૂ થાય છે. પાચનશક્તિ મંદ બને છે યકૃત, હૃદય, મસ્તક અને બીજા ઉપયોગી અંગો શક્તિહીન બને છે. પ્રમેહ, સ્વપ્નદોષ શીઘ્રપતન, કટિશૂળ, અજીર્ણ, શિરોવેદના, નપુંસકતા, ભય, ચિંતા, એકાન્તેચ્છા, ચીડિયાપણું, હૃદયધડક, વ્યાકુળતા, વિચારોમાં અસ્થિરતા ને અવ્યવસ્થા; અનિદ્રા, ને અંતમાં ગાંડપણ કે ક્ષયની ભાવજીની મહેમાનગિરિ શરૂ થાય છે ને પરિણામે યમરાજનાં તેડાં પણ આવે છે. એક માત્ર વીર્યની રક્ષા કરાય તો સર્વ ધાતુઓની પુષ્ટિ તો રહે છે પણ તે સાથે શક્તિ ને ઓજસનાં સુખ અનુભવવા મળે છે. ને શક્તિશાળી ને બલિષ્ઠ આદમી શું નથી કરી શકતો ? પરોપકારનું મોટામાં મોટું કાર્ય તે કરી શકશે ધનપ્રાપ્તિ માટે તે ગમે તેવું ભારે સાહસ ખેડી શકશે. હાસ્યવિનોદમાં, ખાવા-પીવામાં, ખેલવા-કૂદવામાં અને ભણવા-ભણાવવામાં તે કોઇથી ઉતરશે નહિ. આવી શક્તિ પ્રાપ્ત કરવા હવે કયો યુવક વીર્યસંચય નહિ કરે ?

વસ્તુતઃ યૌવન એ કોઇ આયુકાળ નથી, કારણકે જો ૧૮ વર્ષ ને ૪૦ વર્ષની વચ્ચેનો કાળ જ

'જીવન-પ્રકાશ' બંધુ મંડળના
સભ્ય બનીને
આજથી જ 'જીવન-પ્રકાશ'
● મફત મેળવો ●

યૌવનકાળ ગણાતો હોત તો આજે ૨૦ વર્ષના ઘરડા ને ૫૦ વર્ષના જુવાન માનવી દેખી ન શકત. દેથી સ્વાસ્થ્ય અને બળનું બીજું નામ જ યૌવન; તે ગમે તે આયુકાળમાં હોઇ શકે છે. શરીરમાં જેમ વધુ વીર્યસંચય તેમ તે વધુ યુવાન. તેથી જ વીર્ય રક્ષા અનિવાર્ય છે.

ચૌદથી બાવીસ વર્ષનો આયુષ્યકાળ ખૂબ નાજુક સમય છે. આ કાળ જો બગડયો તો આખું જીવન બગડ્યું; આ કાળ સુધર્યો તો આખું જીવન સુધર્યું ને સુખી. ખરેખર વીર્યની ઉત્પત્તિ ચૌદ વર્ષની ઉંમરથી શરૂ થાય છે; જો કે એક રીતે કહીએ તો વીર્ય જન્મ દિવસથી જ તલના તેલ જેમ શરીરમાં રહે છે. પણ તે પોતાનું અલગ સ્થાન રાખતું ને પેદા કરતું ચૌદ વર્ષની ઉંમરથી થાય છે. ૧૪ થી ૧૮ વર્ષ સુધી તે કાચું, પાતળું હોય છે. જો આ ઉંમરમાં તેનો નાશ કર્યો તો સમજવું કે ઇમારતનો પાયો કાચો રહી ગયો છે ને એક દિવસ તે આખી ઇમારતને જમીનદોસ્ત કરી દેવાનો. તેથી ઓછામાં ઓછાં તેને બાવીસ વર્ષની ઉંમર સુધી પાકવા દેવાની તો ન સગવડ કરી દેવી જોઇએ.

આરોગ્યશાસ્ત્રોમાં કહ્યું છે કે મળાધીન બળ છે ને વીર્યાધીન જીવન છે. ઝાડા થઈ જવાથી કેટલી અશક્તિ આવી જાય છે? ઝાડાઓમાં ૧–૧॥ શેર મળ માત્ર નીકળે છે છતાં ૧૦–૧૫ શૌચક્રિયાથી કેટલી બધી અશક્તિ આવી જાય છે? તેનું કારણ ઉપર બતાવ્યું છે કે મળાધીન બળ છે. તે પ્રમાણે વીર્યનાશ તે જ જીવનનાશ. વીર્યસંગ્રહને સ્થાને જો શૂન્ય છે તો જીવનના નામે પણ શૂન્ય સમજી લેવું.

દરેક નવયુવાને સમજવું જોઇએ કે ઉપર્યુક્ત આયુકાળમાં જે વીર્યનાશ કરવામાં આવે છે તેની ન્યૂનતા ખૂબ મહેનત ને સમય પછી પૂરાય છે. એ ન્યૂનતા જલદી પૂર્ણતાને પામતી નથી તેની પાછળ કારણો છે. આ કમનસીબ યુગમાં ઘણા યુવકો પ્રાયઃ હસ્તમૈથુન કરી વીર્યનો નાશ કરે છે. હસ્તમૈથુનથી નાડીઓ ને નસો ઉપર કાચી ઉંમરમાં જોર પડે છે ને પરિણામે તે દુર્બળ ને ઢીલી પડી જાય છે તેથી

દરેક રોગોની એકજ દવા

જીવનધારા

રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક "જેનસ" નં.૩૦૨.

કોલેરા, સંગ્રહણી, શરદી, હાથ-પગ, માથું તથા બદનનો દુઃખાવો, પાણી-વિકાર, સંધિવા, અશક્તિ, સોજો, અજીર્ણ, અપચો, ખાંસી, શ્વાસ, દમ, દાંત-દાઢમાં કળતર, અમુંઝણ, ઝેરી ડંખ, પ્રદર, પ્રમેહ, મોઢાની દુર્ગંધ, પેટની ચુંક, શુળ, દરેક જાતના તાવ, ઘા પડવો, લોહી નીકળવું ઇત્યાદી અનેક જાતનાં દરદોમાં તેમજ રેલ્વે, સ્ટીમર યા મોટરની મુસાફરીમાં તાત્કાલિક આશ્ચર્યકારી અમૂલ્ય ઔષધ. કિંમત મોટી બાટલી રૂ. ૧॥, વચલી બાટલી રૂ. ૧ ટ. ખ. જુદું. દરેક શહેરમાં જાણીતા દવા વેચનારને ત્યાં મળશે.

—જીવનધારા ઓફીસ, નડીયાદ. [ગુજરાત]

લાલજીની કું. મગળદાસ રોડ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.

ભોગ-વિલાસમાં
નાશ કરવો ને આચારભ્રષ્ટ થઈ
કરી નાખવાં, અશ્લીલ નવલો ને વા...
અથવા કુસંગથી શિક્ષણ મેળવીને જીવનના
એવા વીર્યનો ભિન્ન ભિન્ન પ્રકારે નાશ
આળસુ બની વ્યાયામનું નામનિશાન ભૂંસી નાખ્

જરા પણ કુપડનું સંઘર્ષણ થતાં જ અસમર્થ કામાગ્નિ પ્રચંડ બની જાય છે.

દુર્બળ નસો અને વીર્યનું રક્ષણ કરતાં બીજાં અંગો (Penis erectors) વીર્યને જોરથી બહાર કાઢી નાખે છે. આ જ ક્રિયાથી સ્વપ્નદોષ પણ લાગુ થઈ જાય છે. જ્યારે સ્વપ્નદોષ જામી જાય છે ને દિવસનાં હસ્તમૈથુનનાં કુકર્મો ચાલુ રહે છે ત્યારે શીઘ્રપતનનો રોગ શરૂ થાય છે ને પરિણામે મળમૂત્ર વિસર્જન કરતાં પણ વીર્યસ્રાવ થાય છે ને પછી પ્રમેહ, ધાતુપાત જેવા રોગો ઘર કરી બેસે છે. ને અહીંથી નપુંસકતાનો આરંભ થાય છે. ગુપ્તાંગમાં સંપૂર્ણ ઉત્તેજના આવતી નથી. સંભોગમાં જે આનંદ સ્વસ્થ દંપતિને મળે છે તે આનંદનું નામનિશાન અહીં હોતું નથી. રોગ જૂનો થતાં સંભોગશક્તિ પણ રહેતી નથી. શરૂમાં તો જ્યારે કામોદ્દીપ્ત હોય છે ત્યારે જોર કરતાં થોડો ચિકાશવાળો પદાર્થ ઝરે છે પણ સમય જતાં દરેક મૂત્રત્યાગની સાથે જ તે ઝરે છે ને અંતે તો તે મૂત્રત્યાગ સાથે એવો મિશ્રિત બની જાય છે કે તે ઝરે છે કે નહિ તેની ખબર નહિ પડે રોગી સંતોષ માનશે કે તેનો પ્રમેહ ગયો પણ બિચારાને ખબર નથી કે તે જામી ગયો છે. માત્ર ચતુર રસાયનિક કે વૈદ્યને જ તેની ખબર પડે છે.

જેમ ઘરમાં ત્રણ મહેમાનોને આમંત્રણ દીધું હોય ને તેર આવી જાય તો દાળમાં પાણી રેડીને તેને પાતળી બનાવ્યા વગર છૂટકો નથી તેમ વીર્યની વધુ વપરાશ થતાં તેમાં પાતળાપણું આવ્યા વગર રહેતું નથી જ. જ્યારે વીર્યનો અયોગ્ય વ્યય થાય છે ત્યારે ખોરાકોત્પાદિત રસને સર્વ ધાતુઓમાંથી ક્રમશઃ વીર્યમાં જવાનો મોકો મળતો નથી તેથી તે અશુદ્ધ ને દુર્બળ બને છે ને પરિણામે બળવાન સંતતિની આશા રાખવી ફોગટ છે.

જે ઉદ્દેશ ને ઇચ્છાથી પરમાત્માએ માનવ-શરીરમાં વીર્યરૂપી તત્વ મૂક્યું તે તેનો અયોગ્ય વ્યય થતાં ઉદ્દેશ કે ઇચ્છાને સંતોષતું નથી ને જીવન નિરર્થક ને ભારરૂપ બને છે. આવો પુરુષ સારા વંશ ઉપર આપત્તિ લાવી મૂકે છે. સ્ત્રી તેનાં રોદણાં રુએ છે ને ઘણી વખત તે પર-પુરુષસંગની ઇચ્છા રાખતી થઈ જાય છે કારણકે પતિરાજમાં નપુંસકતાએ વાસ કર્યો હોય છે ને તેને સંતાનભૂખ છે, તે પૂરી કરવા તે અન્યો દ્વારા ગુપ્ત યત્નો કરે છે. આવો પતિ માતાપિતાને ગાળો દે છે કે તેને સો વાર ના પાડી છતાં તેને પરણાવી દીધો. વસ્તુતઃ તેણે તેનાં માતાપિતાને સાચી બુરાઈઓથી અજ્ઞાત રાખ્યાં હતાં ને એ અજ્ઞાનતામાંથી દુઃખ, વ્યભિચાર, સંતાપાદિ સંતતિ ઉપજી.

જ્યારે વીર્ય નાશ પામે છે ત્યારે ઇતર ધાતુઓ પણ નિર્વીર્ય બને છે. જેમ કૂવાનું પાણી પ્રત્યેક ક્યારાઓમાં ફરીફરી સર્વત્ર જળમય બનાવી મૂકે છે તેવી રીતે શરીર-કૂવાનું રક્ત શરીરમાં સર્વત્ર ફરીફરીને આંખ, કાન, નાક, હૃદય, મસ્તક, પેટ, ફેફસાં, જઠર વગેરે અંગોને પુષ્ટ કરે છે. ધાતુઓ નબળી હોવાથી એ દુર્બળ રક્ત પોતાની ફરજ સારી રીતે બજાવી શકતું નથી ને પરિણામે શરીરનાં તમામ અંગો જેવું કામ જોઈએ તેવું આપતાં નથી ને નિર્બળતાનો વાસ ત્યાં કાયમનો થઈ જાય છે.

મિત્રો ! વિચારો : મધ મીઠું છે, તે પર માખ શું વિચારે છે કે "હું ભાગ્યવાન છું કે મધભર્યા વાસણ પર મને બેસવા મળ્યું છે ને યથેચ્છ મધ ખાવા મળ્યું છે" પણ બિચારી જ્યારે તે ત્યાંથી ઉડવા પ્રયત્ન કરે છે ત્યારે તેની પાંખોને તે જ મધ વધુ ને વધુ જકડી રાખે છે ને આ વખતે એ કમનસીબ, મધશોખી માખને પોતાની ભયંકર ભૂલ સમજાય છે. એ પ્રમાણે વીર્યનાશની ક્ષણિક પ્રસન્નતા માનવ માટે મધ સમાન છે. તે ભયાનક અનુભવ ને જીવનના જોખમનો પ્રસંગ છે. કોઈને મૃત્યુની પછી શું થાય છે તે જોવા થોડી ક્ષણો મરવાની ઇચ્છા થાય તેવો ભયાનક પ્રયોગ છે. જેમ એક વખત નીકળેલો જીવ એ શરીરમાં પુનઃ નથી પ્રવેશતો, જેમ ધનુષમાંથી છૂટેલું બાણ પુનઃ ત્યાં નથી ટકતું, જેમ મોંમાંથી નીકળેલું વચન પુનઃ પાછું નથી પ્રવેશતું, જેમ આગ પર જલાવી દીધેલ મૂલ્યવાન નોટ પાછી નથી સાજી થતી તેમ એક વખત કોઈપણ રીતે વીર્યનાશ થયો ને યૌવન ચાલ્યું ગયું તે એ જ સુંદરતા, સૌષ્ઠવ, ઓજસની સાથે પુનઃ ગમે તેવા ઉપાયેથી પાછું નથી આવતું. દવાદારૂ સહાય કરશે પણ તે દોરાની વાળેલી ગાંઠ જેવું કાર્ય કરશે. જોડાણ તે જોડાણ છે, આખું તે આખું છે. (ક્રમશઃ)

કલાપી, 'સુમન' અને મિત્રમંડળ

: મણકો ત્રીજો :

રાજયોગીનું રાજ – જીવન

કલાપી અને મિત્રમંડળ વિશેનાં
દરબારશ્રી વાજસુરવાળાનાં સંસ્મરણો

કથન :
દરબારશ્રી વાજસુરવાળા
આલેખન :
શ્રી. કપિલભાઈ ઠક્કર એમ. એ.

(ઓક્ટોબર અંકથી ચાલુ)

રાજકુમાર કોલેજના જીવન અને શિક્ષણ વિષેનો મ્હારો અભિપ્રાય અને એ બન્નેએ મ્હારા જીવન અને ઘડતર પર પાડેલી છાપ, એ બધા માટે આપણે વાતો કરી. તમે કહો છો એમ ઠક્કર સાહેબ એ માટે ગોવર્ધનરામભાઈ પરના પત્રમાં દર્શાવેલો મત પ્રચાર પામ્યો છે અને ત્યાં કેળવણી લઇને બહાર આવનાર રાજકુમારોમાં, રાજવીઓને છાજે નહિ એવા અમુક પ્રકારના દંભ આદિના કુસંસ્કારો આવે છે એવી માન્યતા સામાન્ય રીતે લોકોમાં રૂઢ થઈ ગયેલી છે; પરંતુ એ માન્યતા સાચી નથી, એવું સ્પષ્ટ કરવા માટે આટલી ચર્ચા આપણે કરી. મને એક રીતે એ મ્હારો ધર્મ સમજાય છે. પણ એ ચર્ચા અત્યારે આપણે અહીં અટકાવીએ.

૧૮૯૨ ના માર્ચ માસમા પ્રવાસની પૂર્ણાહુતિ થઇ અને ૧૮૯૫ ના જાન્યુઆરીમાં સુરસિંહજીને લાઠીનું રાજ્ય સોંપાયું. વચ્ચેનો આશરે ત્રણ વરસનો ગાળો રાજકાજની તાલીમ લેવા માટેનો, અને ભવિષ્યમાં સારા રાજા બનવા માટે યોગ્ય થવા સારૂ તૈયારી કરવાનો હતો એ સમયે, એટલે ૧૮૮૬ થી ૧૮૯૨ સુધી લાઠીના મેનેજર હતા આશારામ દલીચંદ શાહ. મુંબઇની હાઇકોર્ટના એક સમયે ન્યાયાધીશ હતા એ સ્વ. સર લલ્લુભાઇ શાહ અને અમદાવાદના સુપ્રસિદ્ધ કાયદાશાસ્ત્રી મૂળચંદ શાહના એ પિતા.

લાઠી રાજ્ય, લાઠીનું રાજકારણ અને ન્હાનાં ન્હાનાં કાઠીયાવાડનાં રાજ્યો તેમજ એજન્સી સાથેનો એ સૌનો સંબંધ–એ બધાની વિગતોમાં આપણે ઉતરવાનું કારણ નથી. લાઠી એ કાઠીયાવાડના ગોહિલવાડ વિભાગમાં આવેલું ચોથા વર્ગનું એક ન્હાનું રાજ્ય છે. એની વાર્ષિક આમદાની બે લાખની આસપાસ અને વસ્તી નવ–દસ હજાર માણસોની ગણાય. ભાવનગરના ગોહિલોની એક શાખા ત્યાંના રાજ્યકર્તાઓ છે. કાઠિયાવાડમાં ભાવનગર ઉપરાંત ગોહિલ રજપૂતોની ગાદી પાલીતાણા, લાઠી અને વળા. એમાં લાઠીનું સ્થાન બીજું આવે.

સુરસિંહજીના એક પૂર્વજ લાખાજીરાજ મહા પરાક્રમી પુરૂષ થઈ ગયા. "કોરે મોરે કાઠી, વચ્ચે લાખાની લાઠી" એમ કાઠીઓનાં ન્હાનાં ન્હાનાં રજવાડાં અને તાલુકાઓથી વિંટળાયેલું લાઠી એમણે પોતાનાં પરાક્રમો અને શૌર્યથી નિર્ભય બનાવેલું. બહુ નિડર, કડક, હાજર જવાબી, આખાબોલા, એ રાજવી હતા. એ લાખાજી સુરસિંહજીના પિતામહ થાય. અને લાઠીના ગોહિલોમાં સુરસિંહજીના એક પૂર્વજ હમીરજી ગોહિલ તો સૌરાષ્ટ્રની વીરકથાઓમાં મશહૂર છે. "હમીરજી ગોહિલ"ના કાવ્ય વિષે આપણે વાતો કરશું ત્યારે ફરી એમને યાદ કરશું.

આ બન્ને ગોહિલોએ લાઠીને પોતાનાં શૌર્ય, પરાક્રમ અને સાહસોથી ગૌરવ આપ્યું. પણ એમ તો સૌરાષ્ટ્ર ભક્તોની અને વીરોની ભૂમિનું બિરૂદ અનેક પ્રકારે પામી ચૂકેલ છે એટલે આવી વ્યક્તિઓ સોરઠી તવારીખમાં અસામાન્ય નથી. પણ સુરસિંહજીએ જે રીતે લાઠીને ગુજરાત–મશહૂર કર્યું એ રીતે તો કાઠિયાવાડના કોઇ રાજવીએ પોતાના નામને અથવા રાજ્યને નથી કર્યું, અને આજે એમની વદાયને અરધો સૈકો વીતવા આવ્યો ત્યારે પણ એમની કલમ પ્રસાદી–એમનાં કાવ્યો અને લેખો–દ્વારા ગુજરાતને જે કંઇ વારસો તેઓ આપી ગયા છે એ, અને

જે યોગી બની શકતો નથી તે રાજા પણ બની શકતો નથી

એમના સ્નેહ-જીવનનો એક રોમાંચક કિસ્સો, જે અનેકને માટે હજી એક અગમ્ય ઉકેલ્યા કોયડા જેવો છે એ, કવિઓ, વિદ્વાનો, સ્નેહીઓ, વિવેચકો અને અભ્યાસીઓ તેમજ સંશોધકો માટે અભ્યાસના, આનંદના, વિવેચનના અને સંશોધનના વિષયો તરીકે રહેલા છે.

સને ૧૮૯૨ થી ૧૯૦૦ નો આઠ વરસનો એ ગાળો હવે આપણું ધ્યાન રોકે એ સહજ છે. એ આઠ વરસની એમની બાકી રહેલી જીવન-અવધ દરમ્યાનના એમના જીવનને ત્રણ તબક્કામાં વહેંચું તો આપણે માટે એ વરસોની એમની જીવનગાથા સમજવાનું કામ સરળ બનશે.

એનો પહેલો તબક્કો રાજયોગીનું રાજજીવન, બીજો આશકની પ્રેમ-ઉપાસના, અને ત્રીજો અનંતતાની શાન્તિની શોધ—એમ કહું તો મ્હારા માનવા પ્રમાણે બરાબર ગણાશે. એ ત્રણ સ્થિતિ વચ્ચે લીટી દોરીને એકબીજાને જુદી નહિ પાડી શકાય. એક પૂરી થઈ અને બીજી શરૂ થઈ એમ પણ નહિ કહી શકાય. એ ત્રણે સ્થિતિઓની સામગ્રી તો જીવનમાં હતી જ. પણ ગીતાવાક્ય પ્રમાણે સત્વ ગુણ, રજોગુણ અને તમોગુણ હમેશાં દરેક વ્યક્તિમાં એકસાથે રહેલા છે, એકનું પ્રાબલ્ય હોય ત્યારે બાકીના બે ગાણ બને છે. એ મુજબ ઠાકોરસાહેબના જીવનમાં એ ત્રણે સ્થિતિઓ એક સાથે હસ્તી ધરાવતી હતી. અમુક કાળ સુધી દરેકનું પ્રાબલ્ય હતું.

૧૮૯૨ના માર્ચ માસમાં આર્યાવર્તની મુસાફરી કરીને એ લાઠીમાં સ્થિર થયા અને ૧૮૯૨ ના ઓક્ટોબરની ૧૫ મી તારીખે "ફકીરી હાલ" એ નામવાળી ગઝલ-કલાપીની ગુજરાતને પ્રથમ કાવ્ય ભેટ-સ્થાઈ, અને સ્વ. શ્રી. મણીલાલ નભુભાઈના 'સુદર્શન'માં પ્રકટ થઈ, તેમ જ એમનાં કાવ્યો ગુજરાતમાં વહેવાં શરૂ થયાં.

એ ગઝલ, એ કાવ્ય, શું સૂચવે છે? અત્યારે આપણે *કલાપીની કવિતા વિષેની વાતોમાં નહિં ઉતરીએ. પણ ૧૮ વરસની ઉમ્મરનો એ યુવાન રાજવી, જેને લગ્ને બે સ્ત્રીઓ આપી હતી, જેને લાઠી જેવા રાજ્યની લગામ સંપૂર્ણપણે હાથમાં લેવાની તાલીમ લેવાની હતી, અને જીવનની અનેક શક્યતાઓનો હલોછલ ભરેલો પ્યાલો છેલ્લા ટીપાં સુધી પીવાનો હતો; એની કલ્પનામાં રાજાના ઠરકશી જામા નથી આવતા; રાજવીનો રાજદંડ ગ્રહણ કરવા એને અંતરમાં ઉલ્લાસ નથી જાગતો; એને એવે સમયે "પરેશાની જ છે હાલત, ફકીરી હાલ મ્હારો છે" એમ જીવનનાં મૂલ્ય મૂલવવાનું સૂઝે છે.

"કલાપીના સંવાદો" માટે આપણે હવે પછી વાતો કરવાના છીએ, અને એ તો લખાયા હતા પણ જીવન-અવધ બે વરસ બાકી હતી એ અરસામાં; પણ એનાં બીજ તો જીવનમાં એ કાળે પણ પડેલાં હતાં. એના પર બાકીનાં વરસોના અનુભવે જળ-સિંચન કર્યું, અને સંવાદો રૂપે એ બીજ ફાલ્યાં. એમાંના એક સંવાદ "મેનાવતી અને ગોપીચંદ"-માંથી થોડાએક ફકરાઓ તપાસીએ:—

મેનાવતી—તને અહિં રહેવાની ઈચ્છા થાય છે તે શા માટે વારૂ?

ગોપીચંદ—(શરમાઈને) મા, તમે જ કહોને!

મેનાવતી—સુંદર સ્ત્રીઓ, સુંદર બગીચા, સુંદર મ્હેલો, અને જે કાંઈ ત્હારા શરીરને અત્યારે સુખ આપે છે તેની ખાતર, કેમ?

ગોપીચંદ—(નીચું જોઈને) હા જી!

મેનાવતી—રાજની ખાતર કે પરોપકારની ખાતર નહિ જ! વિચારીને ઉત્તર આપજે.

ગોપીચંદ—નહિ જ, મા!

મેનાવતી—હું જાણતી જ હતી કે તું રાજા નથી નહિ તો તને આ વિચાર આવત નહિ. આવત તો માત્ર ત્હારા સુંદર શરીરને અમર બનાવવાની ઈચ્છાથી; એમ હોત તો હું તને રડીને વિનવત અને કદાચ તું તયાર થઈ જાત.

આપ 'જીવન-પ્રકાશ'ના વાર્ષિક ગ્રાહક છો?
ન હો તો આજે જ બનો. દરરોજની
પાંચ પાઈમાં એ આપને ઘણું આપશે

'રાજદ્વારોના ખૂની ભપકા' એમને નહોતાં ગમતા

ગોપીચંદ—પણ મા, હું રાજા થવાનો યત્ન કરીશ.

મેનાવતી—એ વ્યર્થ તાત! જે યોગી બની શકતો નથી એ રાજા બની શકતો નથી.

ગોપીચંદ—પણ જે રાજા બની શકતો નથી એ યોગી બની શકશે?

મેનાવતી—હા, એમ બને છે: આજ માળવાનો રાજા ભર્તૃહરિ રાજા બની શકતો નહોતો એ યોગી બની શક્યો હતો. રાજામાં અને યોગીમાં આટલો તફાવત છે—યોગી પ્રભુને માત્ર અનુસરે છે ત્યારે રાજા પ્રભુને અનુસરીને બીજાને અનુસરાવે છે. યોગી થયા પછી રાજા થવાય છે.

ગોપીચંદ-પણ બધા રાજાઓ કંઈ યોગી નથી હોતા, મા.

મેનાવતી-તાત! એમ માનવું એ ભૂલ ભરેલું છે. (વિચાર કરીને) શું જનક યોગી નહોતો? પણ જનક બનવું એ મહાન ભાગ્યની વાત છે. ત્હારે માટે એ નથી. યોગી બનવું એ પણ એવું જ છે. ત્હારે માટે એ નિર્મિત છે. એ મહાન પ્રકૃતિની જુદી જુદી બે શાખાઓ માત્ર છે. એમાંથી ગમે તે પ્રાપ્ત થાય તો મોટું ભાગ્ય સમજવું.

ગોપીચંદ-મા, રાજ્ય ક્યાં અને યોગ ક્યાં? એ બે એક, શી રીતે હોય?

મેનાવતી-બાપુ! દુનિયાદારીના વૈભવની દૃષ્ટિથી જો નહિ. પણ હિતની દૃષ્ટિથી જો. રાજા પોતાની મારફત વહેનું પરમાત્માનું તત્ત્વ જોતો જાય છે. અને અન્યને પાતો જાય છે. યોગી તો, એક પુષ્પ જેમ અજાણતાં સુગંધ વહાવે છે તેમ તે તત્ત્વને વહાવે છે. પોતાથી શું હિત બન્યું છે એ જોઈ શકે નહિ તો રાજા વિશેષ હિત સાધી શકતો નથી, ત્યારે યોગીને એ જાણવાની અપેક્ષા નથી. સહેલું છે એ એક વખત કરી જો.'

ગાદી પર આવવાના સમય પહેલાં ઠાકોર સાહેબના અંતરમાં જે એક કલહ (struggle) હતો એનો ખ્યાલ આ અવતરણોથી આપણને આવે. પ્રજા

● મર્હુમ સર પ્રભાશંકર પટ્ટણી કૃત ●

(૧) એક વૃદ્ધની વિચારપોથીમાંથી

પૃષ્ઠ ૮૦૦ કિં. રૂા. ૫-૦-૦

(૨) વાતોમાં બોધ કિં. રૂા. ૧-૦-૦

ઈતિહાસની રૂપરેખા

[કર્તા: શ્રી. અનંતરાય પ્રભાશંકર પટ્ટણી]

'આઉટ લાઈન ઑફ હીસ્ટરી' નામના ગ્રંથનાં ૧ થી ૧૪ પ્રકરણો ઉપરથી—ચાર ત્રિરંગી ચિત્રો ઉપરાંત બીજાં સો જેટલાં ચિત્રો છે. દરેક મા-બાપે આ પુસ્તક પોતાનાં બાળકોના હાથમાં આપવું જોઈએ. કિં. ૨-૦-૦.

ઉપરનાં પુસ્તકો માટે લખો:

તંત્રી, ભાવનગર સમાચાર, ભાવનગર

ટેસ્ટદાર પાન ખાવા માટે

● કૃષ્ણછાપ કાથો ●

માથાના દુખાવા માટે અકસીર

બજરંગ બામ

પાન ની વધારવા

દીલખુશ મસાલો ● કૃષ્ણવિલાસ મસાલો

પાનની ખરી મઝા ● ટીમટામ સોપારી

શંકરછાપ કાથો

: બનાવનાર :

એચ. વી. જોશી

કૃષ્ણછાપ કાથાવાળા

રીચી રોડ,

અમદાવાદ

તરફ એમનો પ્રેમ હતો, પ્રજાનો એવું આદર એમને મારે હતો. લોકોનું કલ્યાણ કરવા માટે હૈયું આતુર હતું. પણ એ કલ્યાણ કરવા માટે રાજ્યની લગામ હાથમાં લઇ, રાજ્યકારણનો પૂરો અભ્યાસ કરી, રાજ્યનું દરેકે દરેક ખાતું નજર નીચે રાખી, પોતાના કર્મચારીઓ જે રીતે વહીવટ ચલાવે છે એ બરાબર છે કે કેમ, તેમ જ એનાથી વધારે સારા માર્ગો યોજવા શક્ય છે કે કેમ, એવું સ્વતંત્ર અવલોકન કરી પ્રજા-કલ્યાણના નવા માર્ગો યોજવા, આ બધું કરવા માટેની માનસિક તૈયારી નહોતી. અંતરની વૃત્તિ એમને બીજી બાજુએ ખેંચી રહી હતી. 'રાજ્યદ્વારોના ખુની ભપકાનો ત્યાગ કરી એક સામાન્ય ગૃહસ્થ તરીકે લોક-કલ્યાણ અથવા દેશ-કલ્યાણ માટે જીવન અર્પવું એવી યોજનાઓની ગડમથલ મનમાં ચાલતી હતી ઠાકોર સાહેબ એ વરસોમાં આવી માનસિક વ્યથામાંથી પસાર થતા હતા એ હકીકત એમના બાકીનાં વરસોનું જીવન સમજવા માટે માર્ગસૂચક છે, અને એ માટે આ તબક્કાનો ઉલ્લેખ કરવો જરૂરી લાગે છે.

એ અરસામાં એમને સ્વ. મણીલાલ નભુભાઇ સાથે પત્ર વ્યવહારથી સંબંધ બંધાયો, અને થોડા જ સમયમાં એ સંબંધ મૈત્રીમાં પરિણમ્યો. મણીભાઈને એમણે આત્મગુરુ, માર્ગદર્શક અને સાચા રાહબર તરીકે સ્વીકાર્યા, અને ૧૮૯૮ ના ઓક્ટોબરની ૧ લી તારીખે મણીભાઇનો દેહ પડયો ત્યારે ઠાકોર સાહેબે કંઈક એવું તત્ત્વ-જીવનમાંથી ગુમાવેલું અનુભવ્યું કે જેનું સ્થાન લેવા માટે બીજી કોઈ વ્યક્તિ એમના જીવનમાં હતી નહિ.

મેં આગળ કહ્યું એમ મણીભાઇ 'સુદર્શન' નામનું સાહિત્ય, કવિતા, ફીલસુફી અને વેદાંતની ચર્ચાનું માસિક નડીયાદથી પ્રકટ કરતા હતા. એ સમયમાં આ ક્ષેત્રમાં 'સુદર્શન' એકલું અને અજોડ હતું. 'વસંત' તો સુદર્શન બંધ થયું એ અરસામાં શરૂ થયેલું, એટલે આપણા કવિઓ અને લેખકોને એ જમાનામાં પોતાનાં કાવ્યો અને લેખો 'સુદર્શન' માં પ્રસિદ્ધ થયેલા જોવાની આકાંક્ષા રહેતી.

તમે જાણો છો કે મણીભાઈ ભાવનગરમાં સામળદાસ કૉલેજ ૧૮૮૫ માં સ્થપાઇ એ વખતે શરૂઆતથી જ ત્યાંના સંસ્કૃતના પ્રોફેસર તરીકે નિમાયા હતા. પણ એ કામ તેઓ લાંબો વખત કરી શક્યા નહિ. થીઓસોફિકલ સોસાયટીમાં તેઓ, હિંદમાં સોસાયટીની સ્થાપના થઇ એ અરસામાં જ જોડાયેલા. સોસાયટીના પ્રથમ પ્રમુખ કર્નલ ઑલ્કોટના નિકટના સંબંધમાં તેઓ આવેલા, અને એમને વિષે લખતાં 'My friend Colonel Olcott' [મ્હારા સ્નેહિ કર્નલ ઑલ્કોટ] એ રીતે ઉલ્લેખ કરતા. એમણે કેટલાંક સંસ્કૃત પુસ્તકો-ઉપનિષદો વગેરેનાં અંગ્રેજી ભાષાંતરો સોસાયટીના સાહિત્ય વિભાગ માટે કરેલાં છે એ તો હિન્દુસ્થાનમાં સોસાયટીના શરૂઆતના દિવસોની વાત છે.

પ્રાણવિનિમય-મેસ્મેરિઝમ-ના કેટલાક પ્રયોગો મણીભાઈ કરતા. એ એમના શોખનો વિષય હતો. એમની તંદુરસ્તીને હાનિ થઇ અને શરીરમાં અમુક ખરાબ પ્રકારનો રોગ દાખલ થયો એનું કારણ પણ આ પ્રયોગો જ હતા એવી મ્હારી મતિ છે. જે પાત્ર [object] ઉપર પ્રયોગ કરવાનો હોય એના શરીરમાં કોઇ પ્રકારનો રોગ હોય તો એનો પર પ્રયોગ કરનારને એ રોગ લાગુ પડવાનું જોખમ ગણાય, એવો એ ક્રિયાનો નિયમ છે. એક એવા પાત્ર પર અજાણતાં એમણે એ પ્રયોગ અજમાવ્યો અને પરીણામે એ રોગ એમને લાગુ પડયો. એ રોગ ભયંકર પ્રકારનો હતો એમાં શંકા નથી; એની અસરમાંથી તદ્દન મુક્ત થવું એ સામાન્ય રીતે અશક્ય મનાય. કાઠિયાવાડના પ્રખ્યાત વૈદ્યરાજ ઝંડુ ભટ્ટજીએ પોતાના ઉપચારોથી એમનો રોગ મોટે ભાગે દૂર કરેલો, પણ ગળામાં એની અસર રહી ગયેલી, એટલે સ્વરને, અવાજને, હાનિ થઈ અને બહુ જ ધીમા અવાજે, whisper જેવા સાદથી તેઓ બોલી શકતા. તૂટક તૂટક વાક્યો આ રીતે બોલતા. એટલે સામળદાસ કૉલેજનું અધ્યાપકનું સ્થાન તો તેમને છોડવું પડયું. એ છોડયું ત્યારે એમની ઉમ્મર ૩૦-૩૨ વરસની હશે.

હું એમના પરિચયમાં પુષ્કળ આવ્યો છું. હડાળા પણ તેઓ વારંવાર આવતા. મેં એમને જોયા ત્યારે એમનું સ્વાસ્થ્ય આવા પ્રકારનું હતું. મ્હારા અને એમના પરિચયની વાતો પછી કરીશું. એમની દોરવણી નીચે મેં પણ

અણુ-વિનિમયના પ્રયોગોનું શિક્ષણ લીધેલું, અને એમને થયેલા અનુભવમાંથી હું પણ કંઈક અંશે પસાર થયો છું. એ વાતો પણ યોગ્ય સ્થળે કહીશ.

'સુદર્શન'માં પ્રકટ કરવા માટે ઠાકોર સાહેબે એમને એમનું પ્રથમ કાવ્ય મોકલ્યું એ સમયે હજી 'કલાપી' એ તખલ્લુસ ધારણ કરેલું નહિ. એ કાવ્ય જ એક રીતે એ વખતનું એમનું માનસ સમજવામાં ઠીક સૂચક બની શકે છે.

પણ એમનો આ આંતર કલહ—આ વિષાદ—મણીભાઈની સલાહ, શીખામણ અને માર્ગદર્શનથી દૂર થયો. એ વસિષ્ઠ ઋષિએ યોગ વાસિષ્ઠના બોધથી રામનો વિષાદ દૂર કર્યો અને શ્રી કૃષ્ણે ગીતાના બોધથી અર્જુનનો મોહ નષ્ટ કર્યો એની નાનકડી આવૃત્તિ કહી શકાય. એ બે વચ્ચે આ માટે લાંબો પત્રવ્યવહાર ચાલ્યો અને આખરે ઠાકોર સાહેબે એમને લખ્યું "...છેલ્લે હું આપને ખાત્રીથી કહું છું કે મ્હારા બધા ઉધામા બેસી ગયા છે. મ્હારો ધર્મ આપે મને સમજાવ્યો છે. ઈશ્વર પાસે હું માગું છું કે આ પણો સ્નેહ અયુષ્ય લગી રહે."

લાઠીમાં રહેવું અને રાજ્ય સંભાળવું એવો માનસિક નિશ્ચય કર્યા પછી ઠાકોર સાહેબનું નિત્ય-જીવન નિયમિત બની ગયું હતું. મોંઘીમા સાથેના લગ્ન પછી એક વખત ઉનાળો માથેરાન પસાર કરેલો, એ બાદ કરતાં, ઉનાળામાં ઘણે ભાગે ગોપનાથ રહેવાનું પસંદ કરતા. અલબત પ્રસંગોપાત મુંબઈ જવાનું બનતું.

શરૂઆતમાં થોડાં વરસો સુધી સવારમાં વહેલા ઊઠીને એમને ઘોડા પર ફરવા જવાનો નિયમ હતો. પેપર ચેઈઝ (Paper chase)નો એમને સારો શોખ હતો, અને ઘણીવખત એવી સવારી ૧૫-૨૦ માઈલની થતી. પાછા ફરી ખૂબ ચાહું કરેલું દૂધ પી શકાય તેટલું પીતા. એ પછી અરધો કલાક સેન્ડોના ડંબેલ્સની કસરત લેતા અને એ પછી સ્નાન કરતા. શરીરનો દરેકદરેક સ્નાયુ જીવનથી તરવરતો અને સશક્ત બની રહેલો હતો, એવી તંદુરસ્તી એમને ખીલવી હતી. ચામડીનો રંગ શરૂઆતમાં કંઈક શ્યામવર્ણ કહી શકાય એવો હતો, પણ પછીનાં વરસોમાં જાણે જ્યોત અંદરથી ઝગારા મારતી હોય એવો સુંદર અને ગૌરવર્ણ બન્યો હતો.

એ પછી ભોજન લેવાતું. અંગત મહેમાનો હોય તેમને એમની સાથે જમવાનું રહેતું. બાકીના બધા પોતાને ઉતારે જમતા. એ પછી બપોરની વામકુક્ષિ (Siesta)ની પણ નિયમિત ટેવ હતી. આંખની નબળાઈ તો કાયમનું દર્દ હતું. એટલે બપોરે દવા આંજાવીને સૂતા.

બપોર પછી વાચન શરૂ થતું. મણીભાઈ તો સંબંધ બંધાયા પછી લાઠી વારંવાર આવતા, અને એમના જેવા કોઈ મહેમાન હોય તો સમૂહ વાચન ચાલતું. હું અથવા બલુભાઈ લાઠીમાં હોઈએ તો અમારા બેમાંથી કોઈ વાંચે, અને પોતે તથા અન્ય મહેમાનો સાંભળે. સમૂહમાં તેઓ પોતે વાંચતા નહિં. પ્રસંગોપાત વાંચનાર કોઈ બીજું પણ હોય. વાચન દરમ્યાન ચર્ચા પણ ચાલે. ચર્ચાના પ્રસંગ આવે ત્યારે પોતાનું મન્તવ્ય અથવા પોતાનો અભિપ્રાય બીજાઓ પર લાદવાનું તેઓ કદી પણ પસંદ કરતા નહિ. કોઈના અભિપ્રાય સાથે સમ્મત થાય તો, "ભાઈ કહે છે એ બરાબર છે" અથવા "બાલુ ઠીક કહે છે" એમ કહીને સમ્મતિ બતાવતા; અને એ રીતે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતા. પણ કોઈ જુદો મત બતાવે તો મૂંગા રહેતા. વિરોધ કદી ન કરતા; અને એ સામે ચર્ચામાં પણ ન ઉતરતા. સાંજે ટેનીસ રમવાનો પણ એમનો નિત્ય-ક્રમ હતો.

પિકનિક પર જવાનો એમને ભારે શોખ હતો. અને પિકનિકો વારંવાર ગોઠવાતી. ત્યાં પણ આ વાંચનના ક્રમને બનતાં સુધી હરકત આવવા દેતા નહિ વાંચન વગરનો એક દિવસ પસાર થાય ત્યારે એમને જરા દુઃખ થતું હોય એમ લાગતું. ડીકસનેરી જોવાની ખાસ આદત કેળવી હતી કોઈ પણ નવો શબ્દ આવે કે તુરત એનો અર્થ ડીકસનેરીમાં જોઈ લેતા અને પછી એ શબ્દ પોતાનો કરી લેતા.

(ક્રમશઃ)



આયુર્વેદના વાજીકરણ પ્રયોગો

લેખક :
શ્રી. જદુભાઈ વૈદ્ય

(ગતાંકથી ચાલુ)

શતાવળના મૂળીયાનું ચૂર્ણ બેથી ચાર વાલ દૂધમાં ઉકાળી ઠર્યા પછી એમાં ઘી-મધ મેળવી પીવાથી વાજીકરણ-લાભ થાય છે.

ગોખરૂબીજ, તાલમખાના, શતાવળ, છાલરહિત કૌચનાં બીજ, બલદાણા, એખરો, એનું સમભાગે ચૂર્ણ બનાવી બેથી ચાર વાલને આશરે દૂધમાં નિત્ય રાત્રે લેવું. આ પ્રયોગ જેના અંતઃપુરમાં એક કરતાં વધારે સ્ત્રીઓ છે એણે સેવન કરવા યોગ્ય છે. અર્થાત્ પુરુષાતન દેનાર છે.

રોજ રાત્રે જે સાઠી ચોખામાં અડદનું ઘટ્ટ ઓસામણ કે દાળ નાંખી એમાં પ્રચુર પ્રમાણમાં ઘી મેળવી ભોજન કરી ઉપર દૂધ પીએ તો પુરુષ પ્રચંડ વેગથી સ્ત્રી-સહવાસ કરી શકે એવું સામર્થ્ય મેળવે છે.

ગોખરૂનાં બી અને ધોળેલ (છોડેલ ફોતરાં વગરના) અડદનું ચૂર્ણ દૂધમાં પકવી ઘી નાંખી સેવન કરે તો સ્ત્રી સહવાસમાં ખૂબ-અપૂર્વ ઉત્સાહ આપે છે.

કૌચાનાં બીજ ફોતરાં રહિત ગોખરૂબીજ, શતાવળ, સફેદ મૂશળી, વિદારા કંદ (ભોંયકોળું), તજ, કાકડાશીંગી લાંબી (ગોળ આવે છે એ નહીં) લવીંગ, કાગદી એલચી, અને બલદાણા એનું સમભાગે ચૂર્ણ બનાવી એમાંથી બેથી ચાર વાલ દૂધમાં ઉકાળી સાકર નાંખી પુરુષ જો નિત્ય સેવન કરે તો કામ પ્રમત્ત સ્ત્રીઓના ગર્વને પણ ગાળી નાંખે એવું પુરુષાતન મેળવે છે.

સૂંઠ, લીંડીપીપર અને તીખાં એ ત્રણના ચૂર્ણને ત્રિકટુ કહેવાય છે. એ ચૂર્ણ દૂધમાં ઉકાળી એમાં સાકર નાંખી ઠર્યા પછી મધ નાંખીને પીવાથી ખૂબ વૃષતા-વીર્યવૃદ્ધિ થાય છે. ઈંદ્રાણીના ભોક્તા ઈંદ્રો આ પ્રયોગ બહુ જ પ્રિય છે એમ કવિ આ પ્રયોગના વર્ણનમાં કહે છે.

અડદની છડીદાળનો લોટ, ઘઉંનો લોટ, ફોતરાં કાઢી દળાવેલા જવનો લોટ, ચોખાનો લોટ અને લીંડીપીંપરનું ચૂર્ણ એ પાંચે ચીજો (દરેક) ચાર ચાર તોલા લઈ એમાં ૦। શેર ઘી નાંખી શેકવી (નરો પાડવો) પછી એમાં જોઈએ તેટલી સાકરની ચાસણી બનાવી નાંખવી અને બબ્બે તોલાના લાડુ વાળવા. આ લાડુમાં થોડોક મેવો પણ નાંખી શકાય અને જરૂર પ્રમાણે ઘી-સાકરના પ્રમાણમાં સ્વાદાર્થે વધઘટ પણ કરી શકાય. આ લાડુ હરરોજ એક ખાઈ ઉપર દૂધ પીવાથી સ્ત્રીસહવાસ કરવા છતાં ધાતુક્ષીણતા થતી નથી.

આ ઉપરના બધા પ્રયોગો શીતવીર્ય અને પચવામાં ભારે હોવાથી એનું સેવન કરનારે ગુવાંભ ખાવાં નહીં તેમ જ અજીર્ણ થવા દેવું નહીં અને આ પ્રયોગ પચી ગયા પછી માફકસર હલકો ખોરાક લેવો અને બનતાં સુધી ખટાશ મરચાં ખાવાં નહીં.

આ બધા પ્રયોગો પ્રાયઃ નામજાતક નામના એક પ્રાચીન પુસ્તકમાંથી લીધેલા છે જે બહુ અસરકારક અને સાબ છે.

સામાન્ય રીતે આપણે ખાધેલ ખોરાકનું વીર્ય બનતાં આશરે ત્રણથી ચાર અઠવાડીઆં લાગે છે. ત્યારે આ બધા પ્રયોગો સત્વર-તાત્કાલિક વીર્ય પેદા કરી થયેલ ન્યૂનતાને પૂરી દે છે અને વાજીકરણ ગુણ આપે છે.

ખોરાકમાં મુખ્યત્વે અડદ, ઘઉંનો લોટ, ઘી-મધ, સાકર એનું સેવન રાખવાથી માણસ અક્ષય-વીર્ય થાય છે. વળી જે ગાય અડદના લીલા વેલા ખાતી હોય એવી પહેલવેતરી અને જીવતા વાછરડાવાળી કૃષ્ણવર્ણની સુંદર હૃષ્ટપુષ્ટ ગાયનું દૂધ પણ શ્રેષ્ઠ વાજીકર છે. એ દૂધ ધારોષ્ણ પીવું જોઈએ અને એ તાજા દોહેલા દૂધમાં પીતી વખતે સાકર, ઘી મધ વગેરે રુચિ અનુસાર મેળવીને પીવું વધારે ગુણકારક છે.

सुरूपा यौवनस्था च लक्षणैर्यादि भूषिता
वमस्या शिक्षिता या च सा स्त्री वृष्यतमा मता

જે સ્ત્રી સુંદર રૂપવાળી છે, યુવતી છે, કામશાસ્ત્રમાં વર્ણવેલા શુભ લક્ષણોથી યુક્ત છે અને પ્રિય લાગે એવી છે તેમજ શિક્ષિતા પણ છે એ સ્ત્રી વૃષ્યતમા એટલે કામવાસનાને જાગ્રત કરનારી અને વાજીકર છે.

स्त्रीप्वसक्तं मृगयतां वृद्धानां च रिरंसताम् ।
क्षीणानामल्प शुक्राणां स्त्रीषु क्षीणाश्च ये नराः ॥
विलासिनामर्थवतां रूपयौवनशालिनाम्
वलीपलीतानां नृणां च योगा वाजीकरा हिताः

જે પુરુષે સ્ત્રીઓને પ્રિય થવા ઇચ્છતા હોય તેમણે અથવા વૃદ્ધ, રતિલોલુપ, ધાતુક્ષીણ, સ્વભાવથી અલ્પશુક્રવાળા, અને સ્ત્રી-સંભોગથી નબળા પડેલા, વિલાસી, ધનવાન, રૂપયૌવનસંપન્ન અને બહુ ભાર્યાવાળાઓએ આ વાજીકર ઔષધનું સેવન કરવું હિતકારક છે.

एते वाजीकरा योगाः प्रीत्यपत्यबलप्रदाः

અને ઉપર કહેલા વાજીકરણ પ્રયોગો દંપતીને પરસ્પર પ્રીતિ વધારનાર અને સ્ત્રી-પુરુષ તથા સંતાનોને બળ આપનાર છે.

વળી આ પ્રયોગોથી મૈથુનશક્તિ વધવા ઉપરાંત સ્ત્રી-પુરુષોમાં રહેલા અપ્રજનન અને વંધ્યત્વ આદિ દોષો પણ ટળે છે.

આ પ્રયોગ-વાજીકરણ તંત્ર-લખવાની શરૂઆતમાં અષ્ટાંગ હૃદય નામે ગ્રંથ રચનાર વાગ્ભટ્ટાચાર્ય બ્રહ્મચર્યની પણ પ્રશંસા અને પ્રતિષ્ઠા કરે છે કારણકે બ્રહ્મચારી અથવા સ્વસ્ત્રીમાં પણ સંયમપૂર્વક મૈથુન કરનારને તો અનાયાસે વાજીકરણ ગુણ મળી રહે છે. 'ધર્મને આપનાર, યશને વધારનાર દીર્ઘાયુષ્ય દેનાર, સદા રસાયન અને વાજીકરણ રૂપ નિર્મળ બ્રહ્મચર્યને અમે પહેલાં અનુમોદન આપીએ છીએ.' અર્થાત્ બ્રહ્મચર્ય પાળવું કે સ્વપત્ની સાથે પણ બહુ જ મર્યાદિત વિષયસેવન કરવું એ સર્વોત્તમ છે. रेतोमूलं तु जीवितम् રેતસ્-વીર્ય એ તો જીવનનું મૂળ છે માટે એનું રક્ષણ સર્વ પ્રયત્નથી પણ પ્રાયઃ કરવું જરૂરી છે मरणं बिंदुपातेन जीवनं बिंदुधारणात् એ સૂત્રને હમેશાં ધ્યાનમાં રાખવું.

હવે આ સિવાય બાજા-બૃહત્પૂર્ણચંદ્રોદય મકરધ્વજ રસ, મહાલક્ષ્મીવિલાસરસ, મન્મથાભ્રરસ, મદનાનંદમોદક, કામેશ્વર મોદક, રતિવલ્લભમોદક, ઇત્યાદિ શાસ્ત્રીય દવાઓ પણ છે. એમાં પાછળ ગણાવેલી ભસ્મો પણ આવે છે ઉપરાંત ઘણાં ઘૃતો ખાવા માટે તથા તેલો મર્દન માટે બતાવેલાં છે. એ બધી દવાઓ સદ્વૈદ્યના સલાહથી લેવી વધારે યોગ્ય છે.

અતિ સ્ત્રી-સહવાસનાં દુષ્પરિણામો તરફ પણ વાચકોનું ધ્યાન ખાસ દોરવું જરૂરી છે.

अतिप्रसंगाद् भवति शोषः शुक्रक्षयावहः ।
व्याधितस्य रुजाप्लीहा मृत्युर्मूर्च्छा च जायते ॥

અતિ સહવાસથી વીર્યનો શોષ થાય છે. પરિણામે ક્ષય થવા પણ સંભવ છે. [સંપૂર્ણ]



જાણો છો?

'જીવન-પ્રકાશ બંધુ મંડળ'ના સભ્ય પોતે ભરેલ લવાજમ જેટલી જ કિંમતની જગ્યા પોતાની જાહેરાત માટે આ માસિકમાં વર્ષ દરમિયાન મફત રોકી શકે છે. આપ હજી એનાં ગ્રાહક નથી થયા?

જીવનનું અભદ્ર એકધારાપણું

રાજકારણ, રોગો અને છાપાં માનવને દમણું એવાં, કેળવે છે કે વ્યક્તિત્વ ભૂંસાઈ જાય અને એક રાષ્ટ્રના બધા શહેરીઓ આધ્યાત્મિક કે માનસિક રીતે પણ એક બીજામાંથી ઉતાર્યા હોય એવા લાગે. યન્ત્રની સત્તા અને ભિન્નભિન્ન વાદોનાં જાદુએ સંપ્રદાયો કરતાં પણ વધુ અંશે આ કારખાનાંનાં ચક્રો જેવું અભદ્ર એકધારાપણું આણ્યું છે. મનુષ્યજીવન એટલું ગહન છે, એના પરસ્પરના સંબંધો એટલા જટિલ છે, એની પોતાની આન્તરિક સૃષ્ટિમાં એટલી ભવ્યતા છે, કે માનસિક જીવનનું એકધારાપણું આધ્યાત્મિક જીવનના મૃત્યુનું કારણ લક્ષણ બને છે. આવા વિશાળ જીવનમાં આદેશ, શિક્ષાવાક્ય, શાસ્ત્રવચન, માર્ક્સ, ફ્રોઇડ, આદિ નવનવા સિદ્ધાંતસ્થાપકો, "મહાત્મા", "ભગવાન" કે "પયગમ્બરો"ને આપણા ઉપર રાજ્ય કરવાનો મર્યાદિત જ અધિકાર છે. આવા વિરાટ જીવનસમુદ્રમાં ગાંધીજીની પવિત્ર શ્રદ્ધાને તેમ અર્જુનના મંદ વિષાદને, સાત્ત્વિક અશ્રદ્ધા અને સાત્ત્વિક વિમાસણ, એ સર્વને સ્થાન છે. સ્થાન છે એનો અર્થ એ કે સત્યનો કોઈને એવો ઇજારો નથી મળી ગયો કે એમના કોઈ પણ પ્રામાણિક વલણને ભાલાદિત દબાવી શકાય. મનુષ્યના સંવેદનો અનુભવ અબાધિત સંસ્કારયુક્ત સ્થિતિ રાખવી હોય તો ઉત્તમ સાહિત્યરસભોગીઓમાં ઉચ્ચ કક્ષાના વિદ્યાર્થીનો પ્રવેશ થવો જોઈએ. ઉપનિષત્કાર, કાલિદાસ, ભવભૂતિ, મીરાં કે તુલસી, ગોવર્ધનરામ, નરસિંહરાવ કે કાન્ત, પ્લેટો કે ગ્યટે, મિલ્ટન, ટેનિસન, આર્નોલ્ડ કે બ્રાઉનિંગ–જીવનનાં ઉત્તમ રહસ્યો પ્રગટ કરવાના મનુષ્યના ભિન્નભિન્ન પણ અદ્ભુત પ્રયત્નો છે. એ બધા હૃદયના માર્ગ છે. એમાં સંવિતની અનન્ય અન્ય ભૂમિકાઓ છે. એમનાથી મનુષ્ય જેટલો બહુતર થયો છે તેટલો વિજ્ઞાન, યન્ત્ર, આદિથી કદાપિ થશે નહિ.

–વિષ્ણુપ્રસાદ ત્રિવેદી
(દીપોત્સવી અંક 'ભારતી')



*

અમેરિકા અને ચીન

અમેરિકન સંપાદક માસિકમાં જરા સરખી પણ ભૂલ ન રહે તેની ખૂબ ચીવટ રાખશે. ચીની સંપાદક તો એમનાથીય કંઈ શક્તિશાળી વિદ્વાન હોય છે, પરંતુ એ કહેશે, 'થોડીક ભૂલો શોધી કાઢવાનું વાચકોને પણ સમાધાન મળવું જોઈએ.' એટલું જ નહિ બલ્કે ચીની માસિકોમાં તો કેટલીક વાર અનુક્રમણિકા પણ અધૂરી રહી જાય છે અને જનતા પણ તેને સહજ રીતે ભૂલી જાય છે. અમેરિકામાં જો આ દુર્ઘટના બને તો તો સંપાદક મહાશય ઉપર પહાડ જ તૂટી પડે, પરંતુ ચીનમાં એને લીધે કોઈના ય પેટમાં પાણી નહીં હાલે. ઊલટા કહેશે, 'આખરે થયું શું ? નુકસાન પણ શું થયું ?' અમેરિકન એન્જીનિયર કોઈ પુલ બાંધવાનો આરંભ કરશે તો બન્ને કિનારેથી એવી ચોકસાઈથી માપ લઈને શરૂ કરશે કે જ્યારે બન્ને ભાગ મળે ત્યારે તેમાં પા ઈંચનો પણ તફાવત નહીં પડે. પરંતુ, જો કોઈ ચીની પહાડમાં 'ટનલ' ખોદવા નીકળશે તો બન્ને બાજુથી ખોદનારા એકબીજાથી એવા દૂર નીકળી જશે કે એકને બદલે બે 'ટનલ' આપોઆપ જ બની જશે. આટલું થવા છતાં પણ કંઈ ખાસ અફસોસ કરવા જેવું બન્યું નથી એવું એને લાગશે. એ તો કહેશે, 'ગમે તેમ કરીને 'ટનલ' જ બનાવવાની હતી ને ? એમાં શું ખોટું થયું ? એકને બદલે બે ઉપયોગમાં આવશે ! ગાડી તો ગમે ત્યાંથી નીકળશે જ ને, પછી શું ?'

—ડૉ. લિન યુ ટાંગ (દીપોત્સવી અંકઃ 'પ્રસ્થાન')

*

ઋગ્વેદની ઉપમાઓ

પ્રથમ ઉષાને એક Mistress. ઘરરખ્ખુ ગૃહિણી અને તેય પ્રભાવશાળી એવી મહત્વની વ્યક્તિ તરીકે આલેખી છે.

श्राया समुर्युपा याति प्रभूजती
नयंती श्रजलं पद्वदयत् उत्पायति पक्षिणः

તેના આગમનથી જેમ ઘરમાં ગૃહિણીના ટહુકારથી બધું જ ચેતનવંત થઇ જાય છે તેમ પક્ષીઓ જાગ્યાં છે- આમ ઉચ્ચ ગૃહિણીની ભાવના વ્યક્ત કરતી આ એક સુંદર ઉપમા છે.

રૂપગર્વિતા કન્યાને કવિ જુએ છે અને ઉષાને તેની સાથે સરખાવે છે.

कन्येव तन्वा शाशदानाँ एषि देवि;
देवम् इयक्ष माणम्-

"જેમ એક રૂપગર્વિતા કન્યા સુસજ્જ બની પોતાના કામુકને અભિસારિકાની જેમ મળવા જાય છે તેમ ઉષા કે જેને પોતાને સ્વાગતની પૂરેપૂરી ખબર છે તે પોતાને ઝંખતા देवम् અર્થાત્ સૂર્યની પાસે જાય છે અને હસતાં હસતાં પોતાનાં વક્ષસ ખુલ્લાં કરે છે."

अधि पेशांसि वपते नृतुरि वायोर्णुते
वक्ष उस्येव बर्हजम् । ૧-૯૨-૪

'જેમ એક નર્તકી પોતાનાં વક્ષસને દર્શાવે છે તેમ દેવી પોતાનાં ગાયનાં આંચળ શાં વક્ષસ બતાવે છે." અહીં Complex Simile નો દાખલો મળી આવે છે. એક ઉષાને નર્તકી અને ગાયની સાથે વક્ષસ દર્શાવવાની ક્રિયા કરતી બતાવવામાં આવી છે. વક્ષસ બતાવવાના Poses આપણાં અત્યારના શિષ્ટ સમાજમાંના નૃત્યમાં અત્યારે પ્રચલિત નથી છતાં Soein Morality ના સિદ્ધાન્તને કાળ ને સ્થળની સીમા હોય તે વખતમાં કુદરતી હવામાં રહેતા આર્યોને આવાં નર્તક અંગદર્શનો વિકાર ઉત્પન્ન ન પણ કરતાં હોય! અને તે રીતે મનુષ્યની અત્યારની છે તેના

ચાહ બનાવો એટલી
સહેલાઇથી
પૂરેપૂરી ખાત્રીવાળું
તદ્દન ચોખ્ખું, મધુર
ખુશબોવાળું અને સસ્તું
• હેર ઓઇલ •
બની શકે છે
ફક્ત દસ મિનિટમાં
'ખંભાતવાળાની પડી'
થી

• આંબળાં બ્રાહ્મી કે મેંદીનું તેલ તૈયાર થાય છે •

જાણીતા ગાંધી અને સરૈયાને ત્યાં વેચાય છે

કરતાં નિર્દોષના વધુ પણ હોય તે સહજ સાબિત થઈ શકે છે.

ज्यायेव पत्य उशती सुवासा उषा,
हेव निरिणीते अप्सः

"જેમ સ્નેહાળ પત્ની સુવસ્ત્રો ધારણ કરી પોતાના પતિ આગળ તેને આનંદ આપવા ખડી થાય છે તેમ ઉષા પોતાનાં સૌન્દર્યો સહને (સૂર્ય) પાસે ખડી થાય છે."

ત્યારે બીજી બાજુ શ્લોકો માટે પણ સુંદર ઉપમા આપણી આગળ મુકાય છે.

मर्ह्रो इव युवजानि । હે ઇન્દ્ર, તું અમારા ઉપર ગુસ્સે થઇશ નહિ. પરંતુ એ ગુસ્સો કેવો? જેવો વૃદ્ધ ધણી તેના યુવાન પત્ની પર કરે તેવો! કેટલો સુંદર કટાક્ષ! ઉપરોક્ત ઉપમામાં પુરુષનું અને તેમાં યે વૃદ્ધ પુરુષનું યુવાન પત્ની તરફ જે અવિશ્વાસભર્યું વલણ હોય છે તે વલણ અને વૃત્તિને

એમેતિહાલ

હરેક જાતના તાવ, બરોળ, કમળો અને પેટનાં દર્દો માટે

બરોળ જેવાં ભયંકર દર્દને અટકાવવા આ દવા સારામાં સારી અસર કરે છે. દરેક જાતના તાવ મટાડી આ દવા શક્તિ આપે છે. દરેક દવાવાળા અને ગાંધીઓ વેચે છે.

'એમેતિહાલ' બરાબર વાંચીને ખરીદશો.
જથ્થાબંધ માટે લખો:
કમલ પ્રોડક્ટસ, નડિયાદ

દેશદ્રોહમાં દોરી મૂકવા માટે તેઓ ખરેખર અભિનંદનીય છે.

—હરિશ્ચંદ્ર વધ (દીપોત્સવી અંક: 'કુમારી')

કોણ ગુન્હેગાર?

'શું કહ્યું સાહેબ? ગુન્હો કરનારને પકડશો? હા...હા...હા...! સહુથી પહેલાં પકડો એ ગુંડાઓને કે જેમણે ધર્મને નામે પાકિસ્તાન માગ્યું! પછીથી પકડો પેલા નિર્માલ્ય નેતાઓને કે જેમણે પાકિસ્તાન અપાવી દીધું! છે તાકાત? તમારી કે તમારા ન્યાયશાસનની?'

'મને, બાઈ, સમજાતું નથી કે તમારા ગુન્હાને અને રાજકારણને શો સંબંધ છે!'

'હું સંબંધ બતાવું' કહી પેલી સ્ત્રીએ પોતાની કથની કુંડાળામાં કહી. તેના મુખ ઉપર ક્ષોભ ન હતો, ધ્રાસકો ન હતી. એના મુખ ઉપર તિરસ્કાર વરસી રહ્યો હતો જેમાં ઈશ્વર, પાકિસ્તાન, હિંદુસ્તાન, ઈસ્લામ, આર્યતા, ઉપર એણે અગ્નિઝર્યાં બાણ ફેંક્યાં.

પતિની એ પ્રિય પત્ની હતી. એને બે બાળકો હતાં. ભર્યાં કુટુંબમાં એ રહેતી હતી. અને એકાએક ધર્મ-કોમનો ક્રૂરી ઝપટો સળગી ઊઠ્યો. એના ઘરને ભસ્મ કરી નાખ્યું. બચાવ માગતાં બે બાળકોને સળગતા ઘરમાં ફેંકી તેની નજર સામે બાળી નાખ્યાં. ઘરને અને પત્નીને બચાવવા મથતા તેના પતિને તેની આંખ આગળ કાપી નાખ્યો. અને ગુંડાઓએ તેને ઉપાડી તેના ઉપર અત્યાચાર આદર્યો, અને તેને ધર્માન્તરનું નામ આપ્યું! જો એમાં ધર્મ જેટલું કશું પણ રહી ગયું હોય તો! ધર્માન્તરમાંથી રૂપાંતર કર્યું. સ્ત્રીઓનાં જીવન બેહાલ થયાં!

એ રૂપને અન્ય ધર્મીઓએ ભરેલા હાથે. જે ઘરમાં એને રાખી હતી એ ઘર બળ્યું, ઘરનાં માણસોને બાળ્યાં, અને બદલામાં પહેરવેશને અને તેના

—જાણો છો?—

આપના બીઝનેસની વિશાળ જાહેરાત માટે 'જ્ઞાનપ્રકાશ' ઉત્તમ સાધન છે. ઓછામાં ઓછા ખર્ચે વધુમાં વધુ જાહેરાત કરવા માટે આજે જ એની યોજના મંગાવો

ળા સ્વધર્મીઓએ તેના ઉપર ફરી અત્યાચાર આદરી મ માન્યું કે તેનું ધર્માન્તર કરી નાખ્યું !

હિંદુ સ્ત્રી ઉપર અત્યાચાર કરી ઈસ્લામે માન્યું તે ખૂબ ખીલ્યો !

ઇસ્લામી સ્ત્રી ઉપર અત્યાચાર કરી આર્યધર્મે માન્યું કે તેનો દિગ્વિજય થયો.

અત્યાચારની પરંપરાએ તેને બાળક આપ્યું ! પશુતા, શયતાનિયત, હેવાનિયતના પરિણામે પ્રાપ્ત થયેલું બાળક કેમ કરીને અને કોને માટે જીવતું રખાય ? એ બાળકની ગરદન મરડી એ બાઈએ સર્વ અત્યાચારીઓની ગરદન મરડી નાખ્યાનો ક્રૂર સંતોષ લીધો !

-રમણલાલ દેસાઈ (દીપોત્સવી અંક 'પ્રજાબંધુ' . 'ગુજરાત સમાચાર')

*

ઇશ્વરને કોણે ઉત્પન્ન કર્યો ?

એ વખતે મહાબ્રહ્મનિષ્ઠ ગાર્ગી ઊભી થઇ મહાપંડિતોએ જેની સમક્ષ પરાજય સ્વીકાર્યો હતો તેને હંફાવવાનું બીડું એણે ઝડપ્યું એણે પોતાની તેજસ્વી વાણીમાં કહ્યું, 'હું પ્રશ્ન પૂછું ?'

'પૂછો !' યાજ્ઞવલ્ક્યે કહ્યું.

'આ સૃષ્ટિ ઉત્પન્ન કરી કોણે ?'

'ઇશ્વરે !'

'ચંદ્ર, તારા, સૂર્ય સઘળી સચરાચર સૃષ્ટિ એ શું છે ?'

'એ પણ ઇશ્વર !'

'એણે સૃષ્ટિ ઉત્પન્ન કરી ?'

'હા !'

'એ ઈશ્વરને કોણે ઉત્પન્ન કર્યો ?'

'આ પ્રશ્ન નથી !'

'કેમ રે ! યાજ્ઞવલ્ક્ય ! મેં પૂછ્યું તેનો પ્રત્યુત્તર ક્યાં છે ? ઈશ્વરને કોણે ઉત્પન્ન કર્યો ?'

'એ કોઇ જાણતું નથી !'

'પણ હું જાણું છું !'

'કોણે ? ઈશ્વરને કોણ ઉત્પન્ન કરે ?'

'સૃષ્ટિ એ ઈશ્વર છે, માટે જે સૃષ્ટિને ઉત્પન્ન કરે તે ઈશ્વરને ઉત્પન્ન કરે ! ઇશ્વરને ઉત્પન્ન કરનાર પણ ઇશ્વર !'

ધૂમકેતુ (દીપોત્સવી અંક : 'ઊર્મિ')

સો... એ... સો
ટકાની
ખાત્રીવાળું

શાસ્ત્રોક્ત રીતે ખાસ ભઠ્ઠીથી બનાવ્યું છે

એટલે ખરી પડતા વાળને અટકાવી કાળા, સુંવાળા,
ભરાઉ અને ગુચ્છાદાર બનાવે છે
તેમ જ
મગજની નબળાઇ, માથાનો દુખાવો, વેગ વગેરે અનેક દર્દોમાં ફાયદો આપે છે
જાણીતા ગાંધી સરૈયા અને દવાવાળાને ત્યાં વેચાય છે
—જથ્થાબંધ માટે લખો—
એમ. એમ. ખંભાતવાળા, આકા શેઠની પોળ, અમદાવાદ

માનવ-હૃદયનાં ભેદ

અનુવાદક: શ્રી. રજનીકાન્ત ત્રિવેદી

[એક રહસ્યપૂર્ણ નવલિકા]

ઘનઘોર અંધારી રાત જામી પડી હતી.

અંધકારપૂર્ણ આકાશમાં મેઘનો પરસ્પર જે સંઘર્ષ ચાલી રહ્યો હતો, તે જોઈ શકાય એમ નહોતો પરંતુ આ પૃથ્વી પર એની જે પ્રતિક્રિયા થઈ રહી હતી તે નિહાળી એ સંઘર્ષની ભીષણતાનું અનુમાન કરવું મુશ્કેલ નહોતું.

કોઇ તિલિસ્માતી ઓચાર નીચે દબાયેલું, આખું યે શહેર જાણે આ અંધકારપૂર્ણ તથા આંધિ-તોફાનની રાત્રિમાં પોતાને જ છૂપાવી-સંકોડી બેસી ગયું હતું.

નિર્જન માર્ગ ઉપર જ્યાં જ્યાં ગેસની બત્તીનો પ્રકાશ પડતો હતો ત્યાં ત્યાં જમીન દેખાતી નહોતી. કેવળ વરસાદની ધારાનું વહેતું પાણી જ નજરે પડતું હતું. રસ્તાની બન્ને બાજુ પરનાં ઊભેલાં વૃક્ષો જાણે પવનના સુસવાટામાં સપડાએ અસહાય કેદીની માફક ભૂમિની શૃંખલા તોડી વિછોડી નાખવા ઉન્મત્ત બની ગયાં હતાં.

આ રાતના સમયે આકાશના તોફાનથી વિપર્યસ્ત બનેલી ધરણીને જોઈ અચાનક એવી ભ્રમણા થતી હતી કે એ તદ્દન અસહાય બની ગઇ હતી. અને મન પણ એના દુર્બળ પ્રાણીઓના ભાવિ સંબંધે હતાશ બની ગયું હતું.

સડક ઉપરની ગેસ-લાઈટ બત્તીઓનો પ્રકાશ ઝાંખો જણાતો હતો. કોણ જાણે પણ દિલ એની સરખામણી સંત્રસ્ત માનવ-જાતિની આશાઓ સાથે કરવા લલચાતું હતું.

બસમાંથી ઉતરી, કીચડ ભરેલા નિર્જન રસ્તા ઉપરથી, વરસાદની ઝપટથી પોતાના શરીરને બચાવવાની નિષ્ફળ ચેષ્ટા કરતો કરતો, આ બધી મુશ્કેલીઓને કેવી રીતે દૂર કરવી એ વિચારતો હું ઘર ભણી જઇ રહ્યો હતો. પરંતુ માનવીની નિરાશા ઉપરાંત એક વધુ ભય પણ મનમાં સજાગ પડયો હતો. એ ભય અને આશંકા વ્યક્તિગત હતાં, કારણ ખૂબ સ્પષ્ટ હતું.

રસ્તો ખૂબ લાંબો હતો, અને વચ્ચે એક અધૂરો બંધાયેલો પુલ પસાર કરવાનો હતો. હજી લોકોના આવવા-જવા માટે યોગ્ય બન્યો ન હતો. ચાલવા માટેનો રસ્તો પણ ખૂબ જ સાંકડો હતો. રેલીંગ જેવું કશું હતું નહિ. સાધારણ રીતે પણ એક એક પાટીયા ઉપર પગ મૂકી ખૂબ સાવધાનીથી ચાલવું પડતું હતું. તેમાંયે આ રાત્રિએ તો પુલ પસાર કરવો એ જબરી આફતનો સામનો કરવા જેવું હતું. મનમાં ને મનમાં જ હું સાહસનો સંચાર કરી આ ભયજનક પુલ પસાર કરવા તૈયાર થઇ ગયો.

પણ પુલ નજીક જતાં મને થોડો ઘણો સંતોષ થયો. આખા દિવસ દરમ્યાન પુલ-બાંધવાનું કાર્ય ઘણું આગળ નીકળી ગયું હતું. હજુ સુધી બન્ને બાજુએ રેલીંગ તો નહોતી મૂકી, પણ એ પાટીયા વચ્ચેના અંતરને દૂર કરી દેવામાં આવ્યું હતું, કે જેથી નીચે પડી જવાનો ભય નહોતો. બધા પાટીયાઓને મજબૂત રીતે એકમેક સાથે જોડી દેવામાં આવ્યાં હતાં.

મૂળેય પુલ તો ખુલી રહ્યો જ હતો, એમાં આ તોફાનથી તો આખોયે ડગમગી ઉઠ્યો હતો. એને જોઇ બિલકુલ ભય નહોતો રહ્યો એમ તો ન કહી શકાય, છતાં મેં સાહસ કરી એની ઉપર પગ મૂકી દીધો. જો આ પુલ પસાર કરી હું ન જાઉં તો મારે એક માઇલનું ચક્કર લગાવી ઘેર પહોંચવું પડે.

પુલ ઉપર પગ મૂકતાં વેંત હું સમજી ગયો કે આંધી સાથે લડવા કરતાં આ પુલને પસાર કરવો એ આસાન વાત નહોતી. એ માટે કેવળ હિંમત જ નહિ બલ્કે શક્તિની પણ આવશ્યકતા હતી. ખુલ્લી નદીની ઉપર આંધીનો વેગ એટલો તો પ્રચંડ હતો

આવી અંધારી તોફાની રાતે એ સ્ત્રી અને પુરુષ એકલાં ક્યાં જતાં હશે ?

કે હરેક પળે નદીમાં ઉથલી પડવાની પૂરેપૂરી સંભાવના હતી. ક્યાંય પણ માણસનું નામનિશાન નજરે પડતું ન હતું. મેં વિચાર્યું કે હું જો આ જન–હીન પુલ ઉપર મારા અભિમાનનો ત્યાગ કરી ઘુંટણીયા ચાલવ માંડું તો શી હરકત હતી ? વિચારતો વિચારતો હું આગળ નીકળી ગયો, એવામાં અચાનક......

હું ત્યાં જ અટકી ઊભો થઇ ગયો. પુલના સામા કિનારા પરથી એક તેલના આછા દીપકનો પ્રકાશ આ તરફ આવી રહ્યો હતો. ઘણા ઘણા પ્રયાસે એ પ્રકાશ ગાઢ અંધકારને જરાક જ ભેદી શક્યો હતો.

એ બાજુ અંધકારમાં બે અસ્પષ્ટ મૂર્તિઓ મારી નજરે પડી. એ બંને મૂર્તિઓ સામે પારથી આ પુલ પસાર કરવાની ચેષ્ટા કરી રહી હતી. એમાંની એક મૂર્તિ કોઈ સ્ત્રીની હતી. તે દિવસે એ વિચારી હું ત્યાં ઊભો નહોતો રહી ગયો કે એ અંધારી તથા પ્રલય સમી રાતે એ લોકો કયા અગત્યના કાર્ય માટે એ ભયજનક પુલ પાર કરવા તૈયાર થયાં હતાં !

આ તોફાની રાતમાં આ વાત ભલે ગમે તેટલી કુતૂહલજનક હો, પણ વિસ્મયજનક તો નહોતી જ !

પણ સામે પારના આછા અંધકારમાં પેલી સ્ત્રી–પુરુષની મૂર્તિઓનું જે આચરણ મને જણાયું તે ખરેખર અસાધારણ હતું.

પેલી સ્ત્રી આવવા ચાહતી નહોતી. મને ખબર નહોતી કે તે કેવળ પુલ પસાર કરવાના જોખમને લીધે જ આવવા ઇચ્છતી નહોતી, અગર કોઈ બીજી જબરી આશંકાથી આનાકાની કરી રહી હતી, છતાં પણ એટલું તો જાણી શકાય એવું હતું કે પુરુષ એને ઘસડી રહ્યો હતો અને તે એનો ખૂબ જ વિરોધ કરી રહી હતી. સુસવાટ કરતા પવને થોડા શબ્દોને મારા કાન સમીપ ખેંચી મૂકી દીધા, એ ઉપરથી મને જણાયું કે પુરુષ એને આશ્વાસન આપી રહ્યો હતો.

તે સમયે હું તોફાન સાથે લડતો–ઝગડતો બરોબર પુલ મધ્યે આવી પહોંચ્યો હતો. મેં જોયું કે પેલી સ્ત્રી છેવટ સુધી આવવા માગતી નહોતી, છતાં ખૂબ અનિચ્છાપૂર્વક આવી રહી હતી. પેલો પુરુષ એનો હાથ પકડી પુલ ઉપર આગળ વધવા લાગ્યો. એના ફિક્કા રોગી મુખ ઉપર બે મોટી-મોટી આંખો તગતગી રહી હતી. એ આંખોમાં મેં જે નિરાધાર અસહાયતા જોઈ, તે સંબંધે હું કદી પણ સમજી નથી શક્યો કે આવું ચિત્ર મનુષ્યની આંખોમાં પણ ક્વચિત્ નજરે પડે છે.

મારું કુતૂહલ વધતું જતું હતું. હવે હું લગભગ પુલ ઓળંગી જવા આવ્યો હતો. પણ એ સમયે પાછળથી અચાનક એક અમાનુષી ચિત્કાર સાંભળી ચોંકી ગયો, અને ઝડપથી પાછળ ફરી ઊભો.

સર્વનાશ !

મારી નજર પડી ન પડી તે પહેલાં જ પેલી સ્ત્રી પવનનો ઝપાટો ન સહી શકવાથી જોરથી ચીસ પાડી નીચે ઊંડી પડી: બની શકે તેટલી ઝડપથી હું એ જગા પર જઈ પહોંચ્યો. પેલો પુરુષ ભયથી એકદમ અવાક્ બની ગયો હતો એ જે રીતે પથ્થર જેવો જડ બની ઊભો હતો, એથી મને લાગ્યું કે એને કોઈ પણ પ્રકારની મદદ મળવાની આશા નહોતી.

અને આ અંધારામાં તથા આવા પ્રચંડ તોફાનમાં આ સમયે ઊંડી નદીમાંથી હું પણ કેવી રીતે એ સ્ત્રીને બચાવી શકું, ભલા !

કોણ કહી શકે કે એટલી વારમાં એ નદીના વમળથી ઘસડાઈ ક્યાં જતી રહી હશે ? કદાચ હું તરતાં જાણતો હોત તો પણ આવી રાતના સમયે એને બચાવવાનો પ્રયત્ન કરું એ અસંભવિત હતું.

અચાનક ખૂબ નીચેથી એક અસ્પષ્ટ ચીસ

છટકેલા લમણાને કાબૂમાં રાખવા
ફોટા છાપ મેડીકેટેડ સ્નફ વાપરો.
મહાસુગંધી સ્નફ વર્કસ, સિહોર [કાઠિ.]

દરાજ, ખસ, ખુજલી માટે
"ઝંડા છાપ" સફેદ મલમ
વાપરવાથી કપડાંને ડાઘ પડતા નથી અને ચોવીસ કલાકમાં આરામ થાય છે.
સી. સી. મહાજનની કું. મુંબઈ–૨

આ ભૂતિયા ખોખડધજ મકાન પાસે મીઠીબાળાથી નવોઢા ઉતરી !

સાંભળી હું ચમકી ગયો. પેલી સ્ત્રીની સાડીનો એક છેડો મારી નજરમાં ઝળકી ગયો.

પડતી વખતે કોણ જાણે કેવી રીતે એની સાડીનો એક છેડો પુલના લોખંડના ખીલા સાથે અટવાઈ ગયો હતો. એને લીધે એ પાણીમાં ઊંડે સુધી જતી ન રહી અને કપડામાં ફસાઈને ઊંધી લટકી તરફડીયા મારી રહી.

મેં ધક્કો મારી પેલી અપરિચિત વ્યક્તિનો એ ભાવ દૂર કરવાનો પ્રયત્ન કરતાં કહ્યું: 'જલદી આવીને પકડો. હજુસુધી કદાચ આપણે એને ખેંચીને ઉપર લાવી શકીશું.'

પેલી વ્યક્તિએ યંત્રવત્ આવીને મારા હુકમનું પાલન કર્યું.

* * *

તે દિવસે ખરેખર પેલી સ્ત્રી મૃત્યુના મુખમાંથી બચી ગઈ. તે સમયે એ માણસો પાસે મારો આભાર માનવાનો પણ વખત નહોતો અને મારે એમનો પરિચય મેળવવાનો પણ સમય નહોતો નહિતર હું ઘણી ઘણી વાતો જાણી શકત.

મેં બહુ જ સાવધાનીપૂર્વક એ બન્ને વ્યક્તિઓને સામે પાર પહોંચાડી; તે દરમ્યાન એ લોકોની થોડીઘણી વાતો હું સાંભળી શક્યો. એ વાતોના થોડાઘણા સૂચક શબ્દોએ મારા મનમાં થોડો સંદેહ ને વિસ્મય પેદા કર્યું, જે હજુસુધી દૂર નથી થયું

પેલા પુરુષની સાથે ચાલતાં ચાલતાં પેલી સ્ત્રી બોલી રહી હતી: "જુઓ તો! કેવી અજબ વાત છે! પડતી વખતે જાણે મને લાગ્યું કે તમે મને ધક્કો મારી નીચે પાડી દીધી! મારો પગ તો લપસ્યો ન હતો, મને ખરેખર લાગ્યું કે જાણે તમે મને હડસેલો....'

એ લોકોની વાતચીત ધીમે ધીમે અસ્પષ્ટ બનતી જતી હતી. મેં એ માણસને હસતા સાંભળ્યો. એ કહી રહ્યો હતો: 'ગાંડી! કેવી વાત કરે છે? ભલા, હું જ તને ધક્કો મારું?"

એ શબ્દો હું કદી ભૂલી નથી શક્યો. વખતો વખત એ ભયાનક પુલ ઉપરની અસ્પષ્ટ ભાવભરી બન્ને મૂર્તિઓના પ્રશ્ન મારા મનમાં જાગતા હતા. હું એ જાણતો નહોતો કે એ લોકો એ અંધારી રાતે શા માટે અને ક્યાંથી પુલ પસાર કરી રહ્યાં હતાં, એ સ્ત્રી કેવી રીતે પડી ગઈ, બચી ગયા પછી એવા શબ્દો એ શા માટે બોલી, અને એ બાદ બન્ને ક્યાં ચાલ્યાં ગયાં. છતાં પણ એ લોકોના વિષયમાં આછી આછી અનેક જાતની વાતોએ મારા મનને સંપૂર્ણ રીતે ઘેરી લીધું હતું.

આ અસાધારણ ઘટના તથા અસ્પષ્ટ વાતથી ભરેલી એ બન્ને મૂર્તિઓને કેન્દ્ર બનાવી મારા મનમાં ને મનમાં જ એક કલ્પના જાગી ઊઠી.

* * *

ઘણા સમય પહેલાં એ એક આલીશાન સાત માળવાળું મકાન હતું. પણ આજે તો એમાંનું કાંઈ રહ્યું નથી ચોતરફ ઈંટ તથા લાકડાઓના એવા સ્તુપ છે કે જે આજે સાવ જીર્ણ બની ગયા છે. બહારથી જોતાં કોઈ ભૂતાવળને રહેવાના સ્થાન જેવું લાગે સહજ ખ્યાલમાં ન આવે કે આ ખંડિયેરના કોઈ અણજાણ ખૂણામાં હજી સુધી એનો મુમુર્ષુ પ્રાણ ધબકી રહ્યો છે. દિવસને વખતે તો એની સજીવતાનું કોઈ લક્ષણ નજરે પડે નહિ.

સામેના દરવાજાને ભેદીને એક પીપળાનું ખોખડધજ વૃક્ષ ચારે બાજુએ પોતાની શાખાઓ ફેલાવી ઊભું હતું. એના પાંદડાંઓની છાયામાં બેસીને આખો દિવસ ઘુવડ બોલ્યા કરતું. એક જમાનામાં જે આ મકાનનો બહારનો ભાગ હતો ત્યાં ખીસકોલીઓ દોડયા કરતી હતી અને એકબીજાને નસાડી રહી હતી.

કોઈને પહેલી નજરે ન લાગે કે આ ખંડિયેરના કોઈ ભાગમાં મનુષ્યજીવનની ધારાઓ વહી રહી હતી.

પરંતુ રાત્રે ખૂબ દૂરથી દેખાતું કે આ અવશેષના મધ્ય ભાગમાંથી પ્રકાશની રેખાઓ ફેલાયા કરે છે. આ મકાનના ઈતિહાસથી અજાણ્યું કોઈ પરદેશીને આ રસ્તેથી નીકળતાં જરૂર ભય ઉત્પન્ન થાય.

* * *

બાયેલ મીઠીબે એક દિવસ આ અવશેષની નજીક પોતાની પાલખીમાંથી સાવધ ઉતરી રહી હતી. એની સાથે આવેલ દાસીએ આ જમીન પર પગ મૂકતાં વેંત જ છણકો કરી કહ્યું: 'કેટલા બેવકૂફ છે આ

લોકો! આ ભૂતિયા ખંડેર પાસે જ લાવીને પાલખી મૂકી દીધી! વર-કન્યાનું કેટલું અમંગળ થશે?"

વર-પક્ષ તરફથી જે પુરોહિત લગ્ન કરાવવા ગયો હતો, એની સાથે આ દાસીને કેટલીયે વાર વાક્યુદ્ધ થઈ ગયું હતું. છતાં પણ પુરોહિત પોતાની તરફથી લડવાની જરા પણ ઉત્સુકતા દર્શાવતો ન હતો. અને દાસીએ પણ એના સન્માનનું કોઈ પ્રયોજન જોયું ન હતું.

પુરોહિતે દાસીને જણાવ્યું: 'અરે બેવકૂફ! આ મકાન ભૂતાવળનું ક્યાંથી થઈ ગયું? આ તો નિયોગી કુટુંબની સાત પેઢીના વસવાટનું મકાન છે. અહિંનો કોઈ માણસ એવો નથી કે જે એમને ન ઓળખતો હોય. બસ એટલામાં આ ભૂત લોકોનું સ્થાન થઈ ગયું?

દાસીની આંખો કપાળે ચડી ગઇ. એણે ચકિત બની પૂછ્યું, 'અરે, શું કહો છો? આ ખંડેરમાં માણસો રહે છે?

એ પછી એણે કન્યાના પિતાને સંભળાવવાના ઇરાદાથી એનું કઠોર મંતવ્ય પ્રગટ કર્યું: "ભલા માણસે પૈસાનો ખર્ચ કરવાના ડરથી આ શું કર્યું? છોકરીને આ જંગલમાં એ હેતુથી ધકેલી દીધી કે એને સાપ કરડી જાય અને એ મરી જાય?"

ઘૂંઘટ કાઢી મીંઢોળ બાંધેલ હાથે જ લાવણ્ય આ વખતે સ્વામી સાથે નીચે ઉતરી રહી હતી.

કદાચ દાસી સાથેની વાતચીત વ્યર્થ સમજી પુરોહિતે રસ્તો દેખાડવાનું ઉચિત માન્યું.

કેવળ રસ્તો દેખાડવાથી જ બધું પતી જતું ન હતું, પણ વચ્ચે આવતી ઊગેલી ઇંટો, કાંટા, ઝાંખરા વગેરેને સાફ કરવા પડે એમ હતું. ઘૂંટણ સુધીનું ઘાસ અને ઝાડી, જેની નીચે સુરંગ જેવું અંધારું હતું, એમાંથી ઘણી જ ખરાબ ગંધ આવી રહી હતી. પગલે પગલે ફફડતી લાવણ્ય પોતાના સ્વામીની પાછળ-પાછળ ચાલી રહી હતી. એની પાછળ લાચાર બનીને દાસીને ચાલવું પડતું હતું. એ મનમાં ને મનમાં બબડતી જતી હતી: 'મેં તો સાત જન્મારામાં યે આવાં લગન જોયાં નથી, કોઇ સગાં-સંબંધી છે કે નહિ? નથી કોઇ અનુભવી વડીલ કે કોઇ ઘરના માલિક! કચ-કચ કરતા એક ઘરડા ગોર પોતાની સાથે વરને લઈ ચાલ્યા આવ્યા અને સામાવાળાએ પણ જાણ્યા જોયા વગર છોકરીને સોંપી દીધી! આ લોકો પણ કેવા છે! જાત નહિ, ગોત્ર નહિ, આડોશી પાડોશી નહિ, લગ્ન કરવા તો આવ્યા પણ વરકન્યાને વેદી ઉપરથી ઉઠાડવાયે કોઈ ન આવ્યું! આનાથી તો ગધેડાં તથા કૂતરાંઓમાં પણ સારી રીતે લગન થાય છે...'

લાવણ્યના કાન સુધી આ વાત પહોંચી હાય એવું લાગતું નહોતું. એ ભયભીત અને અસહાય બની ચાલી આવતી હતી. એ વિચારતી હતી કે કદાચ એક વાર કોઈ આવી એનો હાથ પકડી એને ઉઠાવી જાય તો એ બચી જાય.

પણ કોઈએ હાથ પકડયો નહિ.

દાસી આમ તો બડબડી રહી હતી પણ એક વાર તો એ મોટેથી બોલી ઉઠી: 'હું તો કહું છું કે આ આંધળો બ્રાહ્મણ આપણને બધાને કુવામાં નાખવા લઈ જાય છે.'

ત્યારે પુરોહિતે જવાબ દીધો: 'હા, અને તને કબરમાં મૂકવા!'

એના જવાબમાં દાસીએ જે કાંઈ કહ્યું એનું પરિણામ ગમે તે હો પણ લાવણ્યનો સ્વામીના ઘરનો પ્રથમ પ્રવેશ મધુર ન બન્યો.

એ કહી શકાય એવું નથી કે દાસીનો આ બડબડાટ ક્યાં સુધી ચાલ્યો, પરંતુ અચાનક આ અંધારઘેરા માર્ગમાં કોઈનું મધુર હાસ્ય ગુંજી ઉઠયું.

દાસી ચમકીને ચુપ થઇ ગઈ. લાવણ્યે પોતાના મુખ ઉપરથી ઘૂંઘટ જરા દૂર કરી આ રહસ્યની

મુસાફરીના સાથી તરીકે એક શીશી
જીવનધારા
ની જરૂર સાથે રાખવાનું ભૂલતા નહિ
દરેક શહેરમાં વેચાતી મળશે

ઠમલ આઇડ્રૉપ્સ
આ દવા ચોંટી ગયેલી આંખ, શ્રમિત આંખ, લાલ, પાણી દદડતી આંખને સારી કરે છે. આંખને ઠંડક આપી તેજ વધારે છે.

એને આજ પહેલી જ વાર સમજાયું કે એક સ્ત્રીના શરીરમાં આટલું બધું સૌંદર્ય હોઇ શકે છે!

શોધ કરવા પ્રયત્ન કર્યો કે એ સુમધુર હાસ્ય-વિનોદ કઈ જગાએથી આવ્યો.

જેવું એ હાસ્ય હતું, એવો મધુર સ્વર સંભળાયો: 'અરે! ભાઈ તો સાવ ચુપચાપ વહુ લઈ આવ્યા!'

એ પછી શંખધ્વનિએ વાતાવરણ ગજાવી મૂક્યું.

અંધકારમય રસ્તો ત્યાં આવીને અટકી જતો હતો. સામે જ એક નાનું એવું મેદાન હતું અને ચોતરફ નાની નાની ઓરડીઓ હતી.

જેવી લાવણ્ય પ્રકાશ આગળ આવીને ઊભી કે શંખ વગાડવો બંધ કરી યુવતીએ આવી લાવણ્યનો ઘૂંઘટ દૂર કર્યો અને ફરી એકવાર તેના મધુર હાસ્યથી આખુંયે મકાન ગૂંજી ઉઠ્યું. જો કે લાવણ્યે બહુ જ થોડીવાર માટે એના સામે જોયું હતું. છતાંપણ તેણે પોતાની આંખો નીચી કરી લીધી, એ આશ્ચર્યથી સ્તબ્ધ બની ગઈ.

લાવણ્યને આજ સુધી એ વસ્તુ જાણવાનો સુયોગ પ્રાપ્ત નહોતો થયો કે નારીના શરીરમાં આટલું બધું સૌંદર્ય હોઇ શકે છે.

એ યુવતીએ હસતાં હસતાં કહ્યું: "અરે વાહ! આ તે કેવી વહુ છે! એ પ્રણામ પણ નથી કરતી? શું તને પ્રણામ પણ કરતાં નથી આવડતું?

લાવણ્ય સમજી ન શકી કે કોને પ્રણામ કરવા. એણે મસ્તક નમાવી એ યુવતીને જ પ્રણામ કર્યા. યુવતી ખડખડાટ હસી પડી અને જરા પાછળ જઈ બોલી: 'અરે, મને નહિ, દાદીમાને નથી જોતી?'

લાવણ્યે દાદીમા તરફ જોયું. એ અંદર ને અંદર ધ્રૂજી ઊઠી.

એકદમ સુક્કા, જીર્ણ અને બીહામણા ચહેરાની એક કાણી આંખ, ભયંકર દૃષ્ટિથી જાણે એને વીંધી રહી હતી.

*

લાવણ્યનો ગૃહસંસાર શરૂ થયો.

દાસી બે દિવસ સુધી અહીં રોકાઇ આ ભૂતિયા મકાનના વિષયમાં તરેહ તરેહની અસંબદ્ધ વાતો કહી ચાલી ગઇ હતી. આ લાંબા-પહોળા અને જીર્ણ-શીર્ણ પ્રાસાદની અંદરના ત્રણ રહેવા લાયક ઓરડાઓમાં ચાર માણસો રહેતા હતા અને બીજા કામમાં ન આવે એવા પડી ગયેલા જેવા પરિત્યક્ત જ હતા. જેમાંથી ઘણાની દિવાલો પડી ગઈ હતી. જેમાં સર્પ, વીંછી વગેરે જીવ-જંતુઓએ પોતાનો વસવાટ કરી દીધો હતો.

આ વેરાન ભૂતિયા મકાનના ખંડની જેમ અંદર રહેનારા માણસો પણ રહસ્યમય હતા. જેને દાદી માની લાવણ્યને પ્રણામ કરવા પડ્યા હતા તે જલદી નજરમાં આવતી ન હતી. એક બાજુના અંધારા ખંડેરમાં પડી પડી આખો દિવસ એ શું કરી રહી હતી એ સમજી શકાય એમ નહોતું. લાવણ્યને એ સમજતાં વાર ન લાગી કે એ કોઇને પણ પોતાના ઓરડામાં આવવા દેવા ચાહતી નહોતી. કોઈ સંયોગમાં લાવણ્ય અને એનો મેળાપ થઈ જતો તો બન્નેની આંખો સળગી ઉઠતી એ એવા ઢંગથી લાવણ્યનું હૃદય બરફ જેવું જડ બની જતું.

એ પોતાના સ્વામીને પણ સમજી શકતી નહોતી. તે આખો દિવસ પોતાના કામકાજમાં મશગુલ રહેતા. રાત્રે શયનખંડમાં પ્રવેશ કરતાં વેંત એને કોઈ અજાણ્યો ભય લાગવા માંડતો.

શયનખંડ ખૂબ વિશાળ હતો. એની છત અને દિવાલો સાવ જીર્ણ બની ગઇ હતી. દિવાલમાં જે જગાએ સાંધી દેવામાં આવ્યું હતું એનો દેખાવ વિચિત્ર લાગતો હતો. ખંડથી બન્ને બાજુ બે બારણાં હતાં, એમાનું એક બારણું ખોલતાં સામે એક મોટું વાંસનું વન અને એક તળાવ નજરે પડતું હતું, બીજું બારણું તો હંમેશા બંધ જ રહેતું હતું. લાવણ્યે એક વખત એ બારણું ખોલવા પ્રયત્ન કર્યો હતો પણ ભયથી એ ધ્રૂજી ઉઠી અને ખોલ્યા વગર આવતી રહી હતી. બીજા બારણાની પેલી બાજુનો ઓરડો હતો તે ઉપયોગમાં આવે તેવો ન હતો. એ એકદમ અંધારમય હતો એની અંદર ઘણા બધા કબાટ, ગોખલાઓ વગેરે હતું. એ બારણું ઉઘાડતાં એક જાતનો વિચિત્ર અવાજ સંભળાયો કે લાવણ્યે તરત જ ભય પામી એ બંધ કરી દીધું.

કદી કદી એમ બનતું કે જ્યારે લાવણ્ય ખંડની અંદર પહોંચતી ત્યારે જોતી કે સ્વામી પહેલેથી જ બિછાના પર બેઠા હતા, છતાં આંખ ઉંચી

કરીને પણ એની સામે જોતા નહોતા. સંકુચિત ભાવથી તે ત્યાં થોડીવાર ઊભી રહેતી. એ પછી ધીરે ધીરે આગળ વધી બિછાનાના ખૂણા પર બેસી જતી. સ્વામી એની તરફ નજર સરખી ફેરવતા નહિ. એ સદા પોતાની ચિંતામાં જ મગ્ન રહેતા.

કોઈ વખત અચાનક એને બન્ને હાથથી પકડી લેતા અને પ્રેમપૂર્વક ચુંબન કરી એને ફગાવી નાખતા. જ્યારે લાવણ્ય સ્વામીના મજબુત બાહુબંધનમાં આત્મસમર્પણ કરવા ઇચ્છતી ત્યારે એને એમાં સફળતા મળતી નહિ. કદીક એને સ્નેહ-પૂર્વક પોતાની બાજુમાં બેસાડી, પોતાનો ડાબો હસ્ત એની ગરદન ફરતો વીંટાળી એ પૂછતા: 'કેમ લાવણ્ય! તને અહિં દુઃખ તો નથી ને?

લાવણ્ય મસ્તક હલાવી ના કહેતી.

'હું તને ગમું છું ખરો?'

સ્ત્રી અને પતિ વચ્ચેનો આ તદ્દન સામાન્ય પ્રશ્ન સાંભળી લાવણ્ય લજ્જાથી 'હા' કહી સ્વામીની છાતીમાં પોતાનું મુખ છૂપાવી દેતી.

પરંતુ આ સાધારણ વાતચીત પણ ક્યારેક અસાધારણ રૂપ ધારણ કરી લેતી. સ્વામી બળપૂર્વક એનું મુખ પકડી એને ઊંચું કરી અને અચાનક ઉગ્ર બની જઈ પૂછતા: 'બસ તરત જ 'હા' કહી દીધું કેમ? તને હું ગમું એ શું સામાન્ય વાત છે?'

લાવણ્ય કાંઈ સમજી શકતી નહિ. એ વિસ્મયથી સ્વામી તરફ જોઈ રહેતી. સ્વામીનો સ્વર વધુ ઉગ્ર બની જતો.

એ ઉત્તેજીત બની કહેવાનું શરૂ કરતા: 'એક વાર પ્રયત્નથી પકડી નજીક ખેંચી લીધી એટલામાં તો કહી દીધું કે પસંદ છે, આનજ શું પસંદગીની કિંમત છે? લાવણ્ય મૂગી રહેતી.

સ્વામી બિછાના ઉપરથી એકદમ ઊભા થઈ જતા અને પાગલની જેમ ચીસ પાડી ઉઠતા: 'કહે, કહે, મૂંગી શા માટે થઈ ગઈ? કેમ જવાબ આપતી નથી?'

ભયથી લાવણ્ય કહેતી: 'હું શું કહું?'

"શું કહું? જાણતી નથી કે શું કહેવું જોઈએ? એ બતાવી નથી શકતી કે એટલીવારમાં જ પુરુષ કેમ ગમી ગયો?"

તેમ છતાં લાવણ્ય સમજી શકતી નહિ કે આ વાતનો શો જવાબ દેવો અને એથી જ એ તદ્દન ચુપ રહી જતી. સ્વામી પ્રશાંતભાવે ઓરડામાં ટહેલવા લાગતા. એ જેટલી ઝડપે ઉગ્ર બની જતા એટલી જ ઝડપે શાંત બની જતા.

એ ફરી શાંત ભાવથી એની નજદીક આવી બેસતા અને કહેતા: "કેમ લાવણ્ય, તું નારાજ બની ગઇ!"

લાવણ્ય કંપતા અવાજે કહેતી: "નહિ, આપ આમ શા માટે કરી રહ્યા હતા?"

"ના, ના. કંઈ નથી. તારી સાથે જરા રમુજ કરી રહ્યો હતો. કહે જોઉં, તું ખરેખર આવી રીતે જ જન્મોજન્મ મને પ્રેમ કરી શકીશ ને?"

લાવણ્યના મુખ ઉપર હાસ્યની રેખાઓ ઉપસી આવતી. એ ફરીવાર સ્વામીની છાતી ઉપર પોતાનું મસ્તક ઢાળી દેતી અને ધીરે ધીરે અસ્ફુટ સ્વરે કહેતી, "મને લાગે છે કે આપ જ મને આવી રીતે જન્મોજન્મ પ્રેમ નહિ કરો, ખરું ને?"

* * *

પરંતુ સ્વામીના પરિહાસની અહિં જ સમાપ્તિ નહોતી આવી જતી. કદી કદી એવું બનતું કે અર્ધી રાત્રે જ્યારે લાવણ્યની આંખો ખૂલી જતી, ત્યારે એ જોતી કે ખંડની દિવાલ ઉપર લટકતી બત્તીનો પ્રકાશ એકદમ વધી ગયો છે. અને બિછાના ઉપર બેસી સ્વામી એના મુખ ઉપર એકીટસે જોઈ રહ્યા છે.

ખસ, ખુજલી, દરાજ, ખરજવું, મોઢાના ખીલ, પગનાં આટણ, હરસમસા વગેરે ચામડીનાં દર્દો માટે

જમ્સૅ બીટર વાપરો

ગુમડાં, ખસ, ખુજલી, ખરજવું, દાદર વગેરે ચામડીનાં દર્દો માટે અકસીર મલમ –

○ રૂઝ-જા-ઓઈન્ટમેન્ટ ●

કિંમત એક શીશીના આઠ આના. ડબાના રૂ. ૧।

દુગ્ધાનુપાન ફાર્મસી, જામનગર

જોરથી એનો હાથ પકડી ભીષણ સ્વરે એણે કહ્યું, 'આટલી મોડી રાતે ક્યાં જતી હતી ?'

એ દષ્ટિમાં અનુરાગની કોમળતા જણાતી નહિ, બલ્કે તીવ્રતા અને તીક્ષ્ણતા ઉભરાતી લાગતી.

જેવી લાવણ્ય આંખો ખોલી જોતી કે તરત જ સ્વામી મુખ ફેરવી લેતા અને જરા પાછા ખસી બેસી જતા.

લાવણ્ય પૂછતી: 'આપ આમ જાગીને શા માટે બેઠા છો ?"

"નહિ, નહિ, તું ઉંઘમાં ને ઉંઘમાં કાંઈક બબડતી હતી, એ સાંભળી હું જાગી ગયો."

'હું શું બબડતી હતી?'

"ના, ના, બબડતી નહોતી, હું જોતો હતો કે તું કાંઈ બોલે તો હું સાંભળું." એટલું કહી સ્વામી એની વાત ઉડાવી દઈ ત્યાંથી ઉઠી જતા.

* * *

એક દિવસ સવારમાં જ્યારે અચાનક લાવણ્યની આંખો ઉઘડી ગઈ ત્યારે એ અવાક્ બની ગઈ. ખંડમાં હજીસુધી અંધારું હતું. જણાતું હતું કે દિવાલ પર લટકતી બત્તી હોલવાઈ રહી હતી પણ સવાર થવામાં હવે વધુ વાર નહોતી. પૂર્વ તરફની બારીમાં દેખાતું હતું કે વાંસના જંગલ તરફના આકાશનો રંગ થોડો લાલ લાલ બની રહ્યો છે. જ્યારે લાવણ્ય બિછાના ઉપરથી ઉઠવા ગઈ ત્યારે એ અચાનક અટકી ગઈ. એણે જોયું કે સ્વામીએ પોતાની ધોતીના છેડાથી એનો પાલવ ખૂબ કસીને બાંધી રાખ્યો હતો. સ્વામીની આ રસિકતા ઉપર હસતી હસતી એ ગાંઠ છોડવા લાગી, ત્યારે વસ્ત્રના આછા ઝટકાથી સ્વામીની આંખો ખૂલી ગઈ.

લાવણ્યને સ્વપ્ને પણ કલ્પના નહોતી કે સ્વામી જાગી ઉઠી તોફાન મચાવશે. એમણે જોરથી એનો હાથ પકડી ભીષણ સ્વરે પૂછ્યું: 'આટલી રાત્રે ક્યાં જાય છે ?'

લાવણ્યને લાગ્યું કે સ્વામી હજી પૂરેપૂરા જાગૃત થયા નથી. એથી એણે હસતાં હસતાં કહ્યું: આપ શું કોઈ સ્વપ્ન જોઈ રહ્યા છો ? એ તો હું છું. હાથ છોડો, ખૂબ દુઃખે છે.'

સ્વામીએ તો એથી પણ તીવ્ર સ્વરે કહ્યું: 'હા, હા, હું જાણું છું કે તું છે. હું તને ઓળખું છું. જલદી કહે ક્યાં જતી હતી ? નહિ તો હમણાં જ તારું ગળું દબાવી દઈશ.'

લાવણ્યે જરા દુઃખભર્યા અવાજે કહ્યું: 'ગળું દબાવી મારી નાખતાં પહેલાં જરા આંખો ઉઘાડી જુઓ તો ખરા ! સવાર થઈ ગઈ છે, ઉઠવું નથી ?'

પૂર્વ તરફથી આવતી લાલ આભાએ એ સમયે ખંડની અંદરનો ભાગ આછો આછો રંગી દીધો હતો. એ તરફ નજર કરી સ્વામીએ એનો હાથ છોડી દીધો અને થોડીવાર ચુપચાપ બેસી રહ્યા. એ પછી સ્મિત કરી કહ્યું: 'હું તો તને ચોર માની હમણાં કાંઈક કરી બેસત ! હું ખૂબ ખરાબ સ્વપ્ન જોઈ રહ્યો હતો.'

માની શકાય એવું છે કે એમની વાત સાચી હશે, છતાં પણ લાવણ્યના મનમાં રોજ થોડી થોડી શંકા રહ્યા કરતી હતી. ધોતીથી ગાંઠ બાંધવાની રસિકતા પાછળ કાંઈક હેતુ હોવાનો એને ભ્રમ થયો.

*

લાવણ્ય હજીસુધી એના પતિને પૂરેપૂરા સમજી શકી નહોતી, એથી વધુ તો આ ઘરની પેલી અત્યંત સુંદર યુવતીને સમજી શકી નહોતી. ઉંમરમાં એ લાવણ્યથી થોડી મોટી હતી. એનું નામ હતું માધુરી. લાવણ્ય એનો આ ઘર સાથે શો સંબંધ છે, અથવા એ કોણ છે એ પણ સમજી શકી નહોતી. લાવણ્યના પતિને એ 'ભાઈ' કહી બોલાવતી એથી લાવણ્યે અનુમાન કર્યું કે એ એની બહેનની જગ્યાએ હોવી જોઈએ. કેવળ એના મુખ ઉપરથી નહિ પણ રૂપ તથા વર્તન ઉપરથી એ તેની સગી બહેન નહિ હોય. એ સહેજે સમજી શકાય એવી વાત હતી.

એ કહેવું મુશ્કેલ હતું કે માધુરીનાં લગ્ન હજી સુધી થયાં છે કે નહિ. એ લાંબી કિનારની સાડી પહેરતી હતી, પગ ઉપર અળતો લગાવતી હતી. એના ઓષ્ટ સદા પાનથી રંગાયેલા જ રહેતા. આવી રીતે ચિત્રની સુંદરી જેમ એ સજ્જ બની રહેતી. છતાં પણ એની સેંથીમાં સિંદુર દેખાતું નહિ. એમ લાગતું કે તે લગ્નની ઉંમર વટાવી ચૂકી છે. એનું વર્તન પણ ખૂબ વિચિત્ર હતું. એ

આખો દિવસ ક્યાં રહેતી એ સમજી શકાય એમ નહોતું. ક્યારેક ક્યારેક એ અચાનક દોડી આવી લાવણ્યના ગળે વળગી પડતી અને એનું મુખ ચૂમી લઈ કહેતી: "અરે! તું તો ખૂબ સુંદર લાગે છે. ચાલ, તને ઉપાડી ક્યાંક ભાગી જાઉં."

બિલકુલ અર્થહીન અને અસંબદ્ધ વાત! તો પણ લાવણ્યને હસીને ઉત્તર આપવો પડતો: 'ક્યાં લઈ જઈશ?'

'કેમ! દિલ્હી, લાહોર જઈશું. તું વર થજે, હું તારી વહુ થઈશ, તું કછોટો ભીડાવી ધોતી પહેરજે. ઝભ્ભો ચડાવી ખભે દુપટ્ટો પહેરી નીકળજે, હું તારી સાથે ઘૂમટો કાઢી ચાલીશ. પણ તું ધંધો કરી મને ખવાડી શકીશ ને?"

લાવણ્ય જવાબ આપતી; "પણ તું જ વર બને તો?"

"પણ એ વાત કોણ માનશે? મારું આ રૂપ પુરુષના વેશ અને દુપટ્ટા પાછળ છૂપાઈ શકે ખરું?" એટલું કહી હસીને માધુરી અદૃશ્ય થઈ જતી.

કોઈક વખત એવું બનતું કે માધુરી થોડીવાર બાદ પાછી આવી રસોઈના કામમાં મગ્ન બનેલી લાવણ્યની તપેલીમાં એક મૂઠી ભરી મીઠું નાખી દઈ કહેતી, "લાગે છે કે તારા બાપને ત્યાં તું સાવ ફીક્કું જ રાંધતાં શીખી છે."

લાવણ્ય ગભરાઈને જવાબ આપતી "અરે, મહારાણીજી, આ શું કર્યું? મીઠું તો હું પહેલેથી જ નાખી ચૂકી છું."

'તો તો બહુ જ સારું. ભાઈ જ્યારે જમવા બેસશે ત્યારે એનું મોઢું એવું થઈ જશે કે બસ વાત ન પૂછો અને તારા ભાગ્યમાં આવશે ગાળો!'

એટલું કહી માધુરી હસવા લાગતી અને એનું હાસ્ય એવું હતું કે એ જોઈ એનો બધો અપરાધ તથા અન્યાય લાવણ્ય ભૂલી જતી.

ચૂલા ઉપરથી કડાઈ ઉતારી લાવણ્ય કહેતી, 'તું બહુ ખરાબ છે.'

'અને તું સહુથી મોટી મૂરખ છે.' કહી બનાવટી રોષ કરી માધુરી ચાલી જતી. લાવણ્ય હસી રહેતી.

* * *

માધુરીનું વર્તન એવું ને એવું જ હતું. લાવણ્ય એની સાથે સ્નેહ કર્યા વગર રહી શકતી નહિ. આ ભયાનક ખંડેરમાં રહેતી લાવણ્યનું શંકિત અને સંત્રસ્ત મન કેવળ માધુરીની વાતચીતને જ શાંત રહેતું. પહેલે જ દિવસે એના અદ્ભુત આચરણનો પરિચય એને મળી ગયો હતો તેમ છતાં એ એના પર મુગ્ધ બની ગઈ હતી.

લાવણ્યની સોહાગ રાતે ન તો કોઈ ખાસ વ્યવસ્થા થઈ હતી અગર ન તો કોઈ આયોજન થયું હતું લાવણ્યના પિતા તરફથી જે દાસી આવી હતી, તે એ દિવસ સુધી હાજર હતી. આ લોકોના આવા રહસ્યમય વર્તનથી એ ચીડાઈ શરૂ શરૂમાં તો ખૂબ કઠોર વાક્યુદ્ધ કરતી હતી, પણ જ્યારે એણે જોયું કે એનો કોઈ અર્થ નહોતો ત્યારે એણે ખૂદ ત્રણ કલાક સુધી લાવણ્યની સજાવટ કરી. એને શયનાગારમાં ધકેલી દીધી.

ખંડ એકદમ નિર્જન હતો. લાવણ્યને કેટલીયે વાર સુધી ચુપચાપ આ એકાંત ઓરડામાં બેસી રહેવું પડ્યું. એની લજ્જા અને ભયની સીમા વધી ગઈ હતી. માધુરીએ સવારે એકવાર પોતાનું મુખ દેખાડ્યું હતું. એ પછી એ કોણ જાણે ક્યાં ગુમ થઈ ગઈ હતી કે આખો દિવસ નજરે ચડી નહોતી. એના પતિ પણ ક્યાંક બહાર ગયા હતા. કોણ કહી શકે એમ હતું કે એ ક્યારે આવશે? લાવણ્ય વિચારી રહી હતી કે કોણ જાણે ક્યાં સુધી એને આ એકાંત ઓરડામાં રહેવું પડશે. એને ત્યાંથી

જુનામાં જુના દમ, હાંફણ માટે
ગેસહર તથા દુગ્ધાનુપાન
ગોળીઓ બંને દવા સાથે વાપરો.
— ચોક્કસ દમ મટશે —
દુગ્ધાનુપાન ફાર્મસી, જામનગર

નવજીવન મીલ
આશરે દશ લાખ માણસની
કાપડની જરૂરિયાત પૂરી પાડે છે.

'ભલા કહે તો ખરી કે આજ મારી સોહાગ-રાત છે કે તારી ?'

ઊઠી હસી પાસે જઈ બેસવા ઇચ્છા થતી હતી. એવામાં અચાનક પાછળથી કોઈકે આવી એની આંખો દબાવતાં જ એ છળી પડી. સહુથી પહેલો એને વિચાર આવ્યો કે કદાચ પતિદેવે જ હાથ દાબ્યો હશે પણ એને તરત જ સમજાયું કે આવી કોમળ આંગળીઓ પુરુષની ન હોય. સાથેસાથે હસવાનો અવાજ આવતાં એની શંકા દૂર થઈ ગઈ.

માધુરી ખડખડાટ હસી પડી. એણે લાવણ્યની આંખો ઉપરથી હાથ દૂર કરી અને હાથમુખ નચાવી આંખોનો વિલક્ષણ કટાક્ષ કરી કહ્યું : "કેમ ડરી તો નહોતી ગઈને ? તું તો સમજી હશે કે તારા વરે આવી આંખો દબાવી છે. વરને એવી કયી ગરજ છે ?"

એ વખતે બન્ને વચ્ચે ખૂબ પરિચય નહોતો થયો, પણ લાવણ્ય જવાબ આપ્યા વગર ન રહી શકી : "તું સમજતી હોઈશ કે હું એ વિચારતી હતી !"

"ત્યારે નહિ ? કહે તો ખરી ! એમ વિચારતી હશે કે આ ઘરના ટંડાવને આવી આંખો દાબી હશે, ખરું ?'

"બસ, બસ !" કહી જેવું લાવણ્યે એની સામે જોયું કે તે અવાક્ બની ગઈ.

આખા શરીર ઉપર ફૂલોની માળા હાથમાં ફૂલોના ગજરા લઈ માધુરી સાક્ષાત વનદેવી જેવી સજાવટ કરી આવી હતી. એનું આ રૂપ જોઈ એના ઉપરથી આંખો દૂર કરવી મુશ્કેલ હતી. કોણ જાણે આટલાં બધાં ફૂલો ક્યાંથી એકઠાં કર્યાં હશે ?

'આવી રીતે જડ બની શું જોઈ રહી છે ?" આટલું કહી માધુરી એની નજીક ગઈ અને બોલી: "ભલા, કહે તો ખરી કે આજ મારી સોહાગ-રાત છે કે તારી ?"

કેવી વિલક્ષણ વાત હતી ! છતાં પણ લાવણ્યે કહ્યું : "લાગે છે કે તારી હશે.'

'ઠેઠ છેવટ સુધી આમ જ અભિમાની રહીશને !' આટલું કહી માધુરીએ પોતાના મધુર હાસ્યથી આખો ઓરડો ગજવી મૂક્યો. અને પછી લાવણ્યને ખંડ બહાર ધકેલતી એ બોલી: 'ચલ, ત્યારે બહાર જતી રહે. જોઉં તો ખરી તારાં લિલી દિમન !'

લાવણ્ય હસી રહી હતી. પરંતુ માધુરી ખરેખર એને ધકેલતી દરવાજા સુધી ઘસડી ગઈ, પણ અચાનક એ ત્યાં અટકી ગઈ અને બોલી: 'લ્યો, મહિમભાઈ તો આવી ગયા. લાગે છે કે એમની પ સમરક નથી થઈ. લે ભાઈ, તારી વહુ જેમની તેમજ હાજર છે. તને આવતાં વધુ વાર થઈ હોત તો હું એને ધકેલી ઘરની બહાર કરી મૂકત !'

મહિમ દરવાજા ઉપર જ ઊભો હતો. એનું મુખ એકદમ ગંભીર હોય એમ જણાતું હતું. માધુરીની આ મશ્કરી એને સ્પર્શ પણ કરી શકી નહોતી.

સ્વામીની એકદમ સામે જ હોવાના કારણે લાવણ્ય લજ્જાથી મનમાં ને મનમાં જ મરી રહી હતી. એ ત્યાં ઊભી પણ નહોતી રહી શકતી કે અંદર પણ જઈ શકતી નહોતી. માધુરીએ એને ઘસડી બિછાના ઉપર બેસાડી દીધી અને કહ્યું: 'બસ, હવે જલદી એને સંભાળી લે. હું તો જાઉં છું. આખર તો માનવીનું મન છે ને ? એનું મગજ ખસી જતાં વાર કેટલી ?'

મહિમની તરફ જોતી માધુરી હસતી હસતી બહાર નીકળી ગઈ, પણ થોડી વારમાં જ એ પાછી ફરી અને કપડાંની એક પોટલી દરવાજા ઉપરથી જ અંદર ફેંકી બોલી:' મહિમભાઈ, વહુ માટેનાં આ ફૂલ લઈ લો, હું આપવાં ભૂલી ગઈ હતી.

મહિમનું મુખ ત્યારે પણ જેવું ને તેવું જ ગંભીર હતું. એણે એ પોટલી ઉઠાવી લીધી, અને જેવી એણે બિછાના ઉપર રાખીને છોડી તેવી જ એણે જોયું કે જલદી ખોલવાને કારણે કે ગમે તેમ પણ બધાં ફૂલ ચીમળાઈ ગયાં હતાં.

માધુરી આ બધા વર્તનનો અર્થ ભલે લાવણ્યની સમજણમાં આવી ગયો હતો છતાં એ એને સ્નેહ કરતી થઈ ગઈ હતી.

* * *

આ રહસ્ય નગરીમાં આ પ્રકારની એકલતા અને હૃદયમાં ભય તથા આનંદથી લાવણ્યના દિવસો એક સરખા વીતી રહ્યા હતા. એના પિતાના ઘરમાં એની વિમાતાનું શાસન હતું, એથી ત્યાં એને સુખનો વધુ પરિચય થયો નહોતો અને એથી કરીને અહિંના

દુઃખ અને અભાવથી એ વિચલિત બની ગઇ નહોતી. આ ખંડેરનું રહસ્ય ભય પામવા છતાં એને માટે મામુલી બનતું જતું હતું. એના પિતાના ઘેરથી ક્યારેક એની ખબર લેવા કોઇ ને કોઈ આવી જતું હતું, છતાં પણ એ સારી રીતે સમજતી હતી કે એ હવે ફરી ત્યાં જઇ શકે એમ નહોતી. ત્યાં જવાની એને ઇચ્છા પણ નહોતી રહી. અહીં રહીને કોઇપણ રીતે જીવન ગુજારવા માટે આવશ્યક સાહસ અને સહિષ્ણુતાનો એ સંચય કરી રહી હતી પણ એ વાત બને તેવી નહોતી......

સવારનો સમય હતો. એ દિવસે કયંક પરગામ જવાનું હોઇ મહિમ ઝટપટ ભોજન વગેરેથી નિવૃત બની ગયો હતો. એને પાન આપવા લાવણ્ય એના ખંડમાં ગઇ હતી. મહિમે એને ખેંચી આલિંગન આપતાં કહ્યું : 'લાવણ્ય! કદાચ આજ રાત્રે હું ન આવી શકયો તો તને એકલા સૂતાં ડર તો નહિ લાગે ને?"

એને ડર તો જરૂર લાગતો હતો, અને જરૂર લાગશે જોઇએ પણ એ વાત સ્વામીને કહેવી યોગ્ય છે કે નહિ તે ન સમજી શકવાથી એ નિરુત્તર રહી.

મહિમે પૂછ્યું, 'કેમ, બીક લાગશે?'

લાવણ્યે કહ્યું : 'નહિ, બીક કેવી!"

'નહિ, બીક કેવી? ભલા તને બીક કેમ લાગે? તું તો એકલી જ રહેવા ઇચ્છે છે. એકલા રહેવામાં તને આનંદ આવે છે ખરું?"

એ અવાજમાં વ્યંગનો ભાસ થવાથી વિસ્મય પામી લાવણ્યે મસ્તક ઉચું કરી જોયું કે સ્વામીનું મુખ અસ્વાભાવિક રીતે કઠોર થઈ ગયું હતું. આટલા દિવસોમાં સ્વામીના આ અદ્દભુત વર્તનનો એને સારો જેવો પરિચય થઈ ગયો હતો. એણે જરા દુઃખિત સ્વરે કહ્યું: 'આમ કહેવામાં પણ કોઈ ગુન્હો હશે એની મને ખબર ન હતી!'

'ના રે ના, આમાં ગુન્હો કેવો?' કહી જાણે મહિમે વાત ઉડાવી દીધી. પણ થોડી વારમાં એને બોલાવી કહ્યું: 'જતાં પહેલાં તને એક વસ્તુ દેખાડવા ઇચ્છું છું.'

'કઈ વસ્તુ?'

'મારી સાથે ચાલ.'

લાવણ્ય એ વિચારી રહી હતી કે સ્વામીના આ વર્તનને પેલું કે કેમ? પણ મહિમે એને વધુ વિચારવાનો સમય ન આપ્યો. એનો હાથ પકડી જબરદસ્તીથી એને ઘસડતો એવી જગ્યાએ લાવીને ઊભો કે જે આ મહેલનો એક પુરાણો પરિત્યક્ત અને વપરાશ વગરનો ખંડ હતો.

કમલ લોશન

આ દવા દરેક જાતની લાલ, કાળી દરાજ ચોવીસ કલાકમાં નાબૂદ કરે છે.

ખસ, લુખસ, ખરજવું અને અનેક તરેહનાં ચામડીનાં દર્દો મટાડે છે.

ફાયદો ન થાય તો પૈસા પાછા

જથ્થાબંધ માટે લખો:
કમલ પ્રોડકટસ, નડિયાદ

કોમળ ચામડીના વાળ કાઢવા માટે
બાદશાહી
સાબુ, પાવડર, લોશન
સર્વોત્તમ છે.

એ ખંડને લગાડેલું તાળું ઉઘાડી લાવણ્યને ખેંચી અંદર લઈ ગયો અને એના હાથમાં દીવાસળી આપી કહ્યું: 'જરા દીવાસળી પેટાવ તો.'

લાવણ્ય દીવાસળી પેટાવી રહી હતી. અચાનક એની પાછળથી દરવાજો બંધ થયાનો અવાજ સંભળાયો. એણે ચમકી પાછળ ફરી જોયું તો સ્વામીએ બહાર નીકળી દરવાજો બંધ કરી દીધો હતો. કેવળ એટલું જ નહિ પણ એણે દરવાજાની સાંકળ ચડાવી એ પણ લાવણ્યે જાણી લીધું.

'અરે, આ શું કરો છો? હું કોકાર ખુલ્લો મૂકીને આવી છું. આ હસવાનો વખત નથી. જલદી દરવાજો ખોલો!'

બહારથી કોઈ અવાજ સંભળાયો નહિ.

લાવણ્યે ફરીથી કહ્યું: "અરે, આ તે ઠોકરમનનો સમય છે? આપની એંઠી થાળી તથા વાસણો એમને એમ પડ્યાં છે. દાદીમા તથા માધુરીએ પણ હજી ખાધું નથી. દરવાજો ઉઘાડો."

છતાં પણ કોઈએ જવાબ ન આપ્યો. હવે લાવણ્યને બીક લાગવા માંડી. અંધારામાં ખંડની અંદર કાંઈ દેખાતું નહોતું. કેવળ જગ્યાએ જગ્યાએ કંઈક અવાજ સંભળાતો હતો. લાવણ્યે દરવાજો પર જોરથી ધક્કો માર્યો અને ઉચ્ચ સ્વરથી (જે નારી વધુ માટે જરા પણ શોભાસ્પદ નહોતું) બૂમ મારી: 'આ બધું શું કરી રહ્યા છો? ઉઘાડી નાખો. મને બીક લાગે છે"

કોઈનો ઉત્તર ન આવ્યો. એ હવે ધીમે ધીમે પોતાના સ્વામીને ઓળખી ગઈ હતી. એને વિચાર આવ્યો કે કદાચ એ દરવાજો બંધ કરી ચાલ્યા ગયા હશે તો? કદાચ આ ક્ષણિક પરિહાસ ન હોય તો?

એ વિચારતાં જ ડરથી એનું સર્વાંગ થરથરી ઊઠ્યું. કદાચ એ અહીં ચીસેચીસ પાડી ગળું ચીરી નાખે તો પણ એ સારી રીતે જાણતી હતી કે અહીંની બૂમ પાડવા છતાં કોઈ સાંભળી શકે એમ નહોતું. કોણ જાણે આ અંધારમય નિર્જન અને પરિત્યક્ત ખંડેરમાં એને આખો દિવસ તથા આખી રાત કેવી રીતે વીતાવવી પડશે. આશંકા તથા ઉદ્વેગથી એ રડવા લાગી અને ફરી એકવાર પતિદેવને પ્રાર્થના કરતાં નમ્ર આર્દ્ર સ્વરથી કહ્યું: "હું આપના પગે પડું, ઉઘાડી નાખો, શા માટે મને આવી રીતે દુઃખ આપી રહ્યા છો?"

પણ એની પ્રાર્થના ત્યાં કોઈએ સાંભળી નહિ. એ પણ ચોક્કસ વાત હતી કે એની પ્રાર્થના સાંભળનારું ત્યાં કોઈ નહોતું.

* * *

લાવણ્યને આવી રીતે અહીં કેટલો સમય વીતાવવો પડ્યો એની એને ખબર પડી નહિ. જ્યારે એ ભયની છેલ્લી હદ વટાવી ચૂકી હતી ત્યારે એનું આખું યે શરીર તથા મન એકદમ નિષ્પંદ બની ગયું હતું. એકવાર એને લાગ્યું કે જાણે કોઈ દરવાજા આગળથી જ પસાર થઈ રહ્યું હતું. એણે પોતાની સર્વ શક્તિઓ એકઠી કરી એકવાર ખૂબ જોરથી બૂમ મારી: 'કોણ!'

બહારના પગનો અવાજ અટકી ગયો. લાવણ્યે ધ્રૂજતા સ્વરે ફરીથી ધા નાખી: 'મને ખોલી દો.' તરત જ માધુરીનું મધુર હાસ્ય સંભળાયું: "અરે, તું અહિં છે!"

એ પછી સાંકળ ખોલી, ખંડમાં પ્રવેશ કરી માધુરીએ કહ્યું: 'હું તો વિચારી નિશ્ચિંત બની ગઈ હતી કે તું નાસી ગઈ છે. જુઓ તો ખરા આ તારો કેવડો મોટો અન્યાય છે! આવી રીતે કોઈ માણસને નિરાશ કરે ખરા!"

એની વાતો એવી હતી કે જે સાંભળી એકવાર ગમે તેવો જડ માણસ પણ હસી પડે. લાવણ્યે મ્લાન હસી કહ્યું: "બહેન, હું તો યમરાજના ઘર સિવાય બીજે ક્યાં જઈ શકું?"

ફોટા છાપ મેડીકેટેડ સ્નફ જ અસલ છે. બીજી બધી નામધારી જ છે

નવજીવન સીલનું
કાપડ ઊંચી જાતના રૂમાંથી બનતું હોવાથી સુંદર અને ટકાઉ હોય છે

લાવણ્યે કાતર કંઠે પૂછ્યું : "રૂપ બહેન! હવે શું થશે ?"

"અરે, થશે શું ! આવ આ ઘરેણાં પહેર." એમ કહી માધુરીએ એક મોતીનો હાર લાવણ્ય ઉપર ફેંક્યો.

* * *

બન્ને જણાં આખો દિવસ ઓરડામાં પૂરાઈ રહ્યાં. સંધ્યા વખતે મહિમે દાદીમા સાથે આવીને દરવાજો ખોલ્યો. એ કહી શકાય એવું નથી કે એ દરમ્યાન બન્ને વચ્ચે શું મસલત થઈ હતી. મહિમે માધુરી અગર લાવણ્યને આ ઘટના સંબંધી એક અક્ષર સરખો પણ ન કહ્યો. આખા શરીર પર જેટલાં પહેરાય એટલાં આભૂષણો પહેરી અને દાદીમા તરફ ઉપેક્ષાભરી દૃષ્ટિ ફેંકી મહિમને વ્યંગમાં હસતી માધુરી બહાર નીકળી ગઈ. એને કોઈએ રોકી નહિ.

એ રાત ચુપચાપ પસાર થઈ ગઈ. સવાર પણ વીતી ગઈ. ઠીક સાંજ સમયે મહિમે કહ્યું: "ચાલ."

લાવણ્ય આશ્ચર્યપૂર્વક સ્વામી તરફ જોઈ રહી. એ કશું બોલી નહિ.

મહિમે ફરીથી કહ્યું: 'ઉઠ, ચાલ મારી સાથે.'

'ક્યાં ?'

'એ હું નથી જાણતો.'

એટલું કહી મહિમે વળગણી ઉપરથી એક ચાદર ઉતારી લાવણ્યના દેહ ઉપર ફેંકી અને ફરીથી કહ્યું: 'વધારે કાંઈ લેવાની જરૂર નથી. ઊઠ.'

એનો આ અવાજ સાંભળી લાવણ્ય ડરી ગઈ. એ ચુપચાપ ઊઠી ઊભી થઈ ગઈ કેવળ એકવાર એણે કાતરસ્વરે કહ્યું: 'ક્યાં જવું છે ?'

મહિમે કાંઈ જવાબ ન આપ્યો. એણે બળપૂર્વક લાવણ્યનો હાથ પકડી લીધો અને ધીમે ધીમે આગળ વધ્યો.

તાવ, બરોળ તેમજ પેટનાં દર્દો માટે

એપેતિહાલ

• વાપરો •

ફરી પાછો એ અંધારમય તથા સુરંગ જેવો રસ્તો અને ઘૂંટણ સુધીનું ઘાસ, ઈંટ તથા લાકડાના થાંભલાઓ પસાર કરતી લાવણ્ય પોતાના પતિ સાથે બહાર નીકળી. એણે પાછું વાળી જોયું તો આંગણામાં આખા શરીર ઉપર આભૂષણો પહેરી માધુરી એમને કૌતુકપૂર્ણ નેત્રે જોઈ રહી હતી. આ મકાનમાં પ્રથમ પ્રવેશ કરતી વખતે એની સખીએ જે મધુર હાસ્યથી એનું સ્વાગત કર્યું હતું એ જ હાસ્ય એના કર્ણપટ પર ગૂંજી ઊઠ્યું.

*

ટ્રેનમાં રસ્તે કોઈ વાત ન થઈ. જ્યારે બંને જણાં શહેરમાં આવી પહોંચ્યાં, ત્યારે રાત પડી ચૂકી હતી. આખા નગર ઉપર આંધિ અને ઉચ્છૃંખલ અત્યાચાર મચી ગયો હતો.

એક ગાડી ભાડે કરી મહિમ લાવણ્યને પોતાની સાથે લઈ એમાં ચડી બેઠો. ગાડીવાળાએ પૂછ્યું: "ક્યાં લઉં સરકાર ?"

"તારી મરજી આવે ત્યાં !"

કદાચ આ જાતનો હુકમ ગાડીવાળાએ આ પહેલો જ સાંભળ્યો હતો. એણે કોઈ પણ જવાબ આપ્યા વગર ગાડી મારી મૂકી.

જ્યારે ગાડી જરા વેગમાં આવી ત્યારે મહિમે લાવણ્યને ધીમે ધીમે વાત કહેવા માંડી, અને એ પણ એક અપરિચિતની જેમ જ.

"લાવણ્ય ! મેં તને ખૂબ કષ્ટ આપ્યું છે. મને ખબર નથી કે મેં આટલા દિવસ તારી સાથે જે જાતનો વર્તાવ કર્યો છે એથી મનમાં તું મારા તરફ ઘૃણા કરે છે કે નહિ; પણ લાવણ્ય, હું આજે તને વિનંતી કરું છું કે તું મને માફ કરજે ! આ ઘરની હવા પણ ઝેરી છે. શું આ જાણી તું મને માફ કરી શકીશ ?"

અંધારામાં જ પોતાનો જમણો હાથ લંબાવી લાવણ્યે પતિનો હાથ ખોળા કાઢ્યો અને એને મજબુત રીતે જકડી ગદ્‌ગદ સ્વરે કહ્યું: "કહો તો ખરા કે આપ આજ આવી વાત શા માટે કરો છો ? આપના માટે મારા મનમાં કોઈ જાતની શંકા હોય તો હું આવું ખરી ?"

[અનુસંધાન પૃષ્ઠ ૭૧૪]

પેટ ભરીને જમો !

ગેસહર

(પીલ્સ) ગેસ'ચઢવો–થવો, આફરો, વાયુ, શુળ, પેટમાં પવનનું ઘુંચાવું, ઓછી ભુખ, મંદાગ્નિ, ખાધા પછી પેટનું ભારે થવું, ગુંગળાવો, મગજમાં અશાંતિ, ઉંઘ ન આવવી, થકાવટ, હૃદયની અસર.મણ હ્રદયરોગ, પથ્થરિયા, બ્લડપ્રેશર, દસ્તની રૂકાવટ વીગેરે મટાડી દસ્ત હંમેશ નિયમીત સાફ લાવે છે. અન્ન પાચન કરી ભુખ કાઢીને લગાડે છે. શરીરમાં લોહી વધારી શક્તિ આપે છે. લીવર, આંતરડાં, હોજરીના તેમજ પેટનાં કોઈપણ રોગ માટે એક બીનહરીફ ઈલાજ છે. વાપરી અનુભવ કરો. કિંમત ૧ શીશીનો રૂા. ૧ા ત્રણના રૂા. ૩ાા વી. પી. જુદું.

તાકાત આપનારી દવા

દુગ્ધાનુપાન

(ગોળીઓ) ધાતુક્ષીણતા, સ્વપ્નદોષ, હસ્તદોષ, કમી પુરૂષત્વ, નસોની કમજોરી, પેશાબનાં દર્દો, મગજની નબળાઈ, માંદગી પછીની કમજોરી, લોહીનું કમીપણું, કળતર, સુસ્તી, થાક લાગવો, છાતીનો દુઃખાવો વીગેરે શારીરિક તથા માનસીક રોગો દુર કરી શક્તિ અને સ્ફૂર્તિ લાવે છે, લોહી તથા વીર્યને સુધારી વીર્યશક્તિ વધારે છે નવી યુવાનીનો અનુભવ કરાવે છે, વજન વધે છે, શરીર તંદુરસ્ત થાય છે. કિંમત ૧ શીશીનો રૂા. ૧ા ત્રણ શીશીના રૂા ૩ાા ત્રણથી સંપુર્ણ આરામ. પ્રદેશ શીશીના રૂા૨ અને ૭.

વીર્યસ્થંભન ટકાવ–રૂકાવટ માટે

કામ વિલાસ

(ગોળીઓ) વીર્યને લાંબો વખત સુધી ટકાવી યુવાન વૃદ્ધને સંસારસુખમાં સાચો આનંદ આપે છે. કિં. ૧ શીશીનો રૂા. ૧ા. ત્રણના રૂા. ૩ાા

અનુભુત ઘૃત

કુટેવ કે ગમે તે કારણે પુરુષના ગુપ્ત ભાગમાં આવેલ ખામી આ ઘૃત–લેપ લગાડવાથી દુર થઈ પુરૂષત્વ પ્રાપ્ત થાય છે. કિં. શીશીનો રૂા. ૧ાા.

દરેક દવાનું વી. પી. ખર્ચ અલગ છે.

૧ થી ૩ શીશી સુધી વી. પી. ખર્ચ ૦ા૭. ૪ થી ૬ શીશી ખર્ચ રૂા. ૧ાા વી. પી. થી મંગાવનારે જામનગર લખવું.

લખો :— **દુગ્ધાનુપાન ફાર્મસી**
(સ્થાપના સને ૧૯૨૯)
ઓ ૧ જામનગર (કાઠીઆવાડ)

માસિક અટકાવ !

રજોલીના

(પીલ્સ) કોઈપણ કારણથી બંધ પડેલ માસિક ધર્મ તાત્કાલીક વગર ફરી ચાલુ કરી નિયમિત કરે છે. ૠતુ દોષો દુર કરે છે, માસિક લાવનારી વસ્તુઓની બનાવટ છે. ગર્ભવાળી સ્ત્રીએ વાપરવી નહીં. કિં. ૧ શીશીના રૂા. ૪, લાંબા સમયના અઘરા કેસો માટે તેજ બનાવટ રૂા ૬ વી પી. જુદું.

ગર્ભાંકુશ

(પીલ્સ) દવા ખાવાથી જીંદગી સુધી ગર્ભ રહેતો અટકે છે. માસિક ધર્મ નિયમિત થાય. નુકશાનરહિત છે. સંતતિનિયમન માટે ઉત્તમ છે. ૧ શીશીના રૂા. ૪ વી પી જુદું.

બસ્ટોલીના

ઢીલા અને બેડોળ સ્તનને આ તેલ માલીશ કરવાથી ઘાટીલા, અણીયાળાં અને નવયુવતી સમાન સુન્દર થાય છે, કિં. શીશી ૧ના રૂા ૨ા વી. પી. જુદું.

આનંદ

સ્ત્રીઓને સંકોચ યાને કુંવારાપણું બક્ષનાર મદદ દુર આ ટીકડી શ્વેતપ્રદર, રક્તપ્રદર તથા પ્રદર વગેરે મટાડે છે. કીં. રૂા. ૧ાા

કાનની

દરેક દર્દો–કાનમાંથી પરૂ–રસી જવી, શુળ, ચસકા, સોજો, ઘંઘં અવાજ થવો. બહેરાપણું વીગેરે રોગોનો આસીર ઈલાજ.

રસીક કર્ણબિંદુ ઇશ્વર ટીપાં
કીં. શીશીનો રૂ. ૧ા ત્રણ શીશી રૂ. ૩ાા

—: એજન્ટો :—

મુંબાઈ—ગીરી બ્રધર્સ કું. ૭૬, પ્રીન્સેસ સ્ટ્રીટ
મુંબઈ લાલબાગ ફાર્મસી લાલબાગ જંકશન
મુંબઈ મો ઓ વિટરાપ, પ્રીન્સેસ સ્ટ્રીટ.
વડોદરા—એ. રૈયાની કું. રાવપુરા.
ખંભાત—મફતલાલ વી શાહ, સોનીવાડા.
નડીઆદ—સી. સી. મહાજન એન્ડ કું.
ભાવનગર—શીવાજી મેડીકલ સ્ટોર્સ, ખારગેટ
કલકત્તા—વનેચંદ માવજી, ૧૮ મલીક સ્ટ્રીટ.
મોમ્બાસા—મોમ્બાસા સ્ટોર્સ, પો. બો. ર૬૧.
સુરત—સી. એન. બ્રધર્સ, કણપીઠ.
અમદાવાદ—પંડીત શાહની કું. ત્રણ દરવાજા;
બારડોલી—ભીખારીલાલ સી. કાપડીયા, કેમીસ્ટ.
નવસારી—ચીમનલાલ નેમચંદ તપખીરવાલા.
દિલ્હી—જમનાદાસ એન્ડ કું. ચાંદની ચોક.
કરાંચી—કાપડીઆ મેડીકલ સ્ટોર્સ, પ્રીન્સેસ સ્ટ્રીટ.
જુનાગઢ—જમનાદાસ દેવશી, માંડવી ચોક.

છે. ગમે તેવા ખરબચડા રસ્તા સામે ટક્કર ઝીલે ના ગવર્નમેન્ટ ડીસ્પોઝલના સ્ટોકની ૧½ તથા ૩ ટનની ડ મોટર ટ્રકસ V. 8 ના લોટમાંથી મેડલ ૧૯૪૦–૧–૪૨ તથા એમ્બ્યુલન્સ કાર, પ્રેક ડાઉન લૉરીઝ ક્રેનવાળી) વૉટર ટ્રેન્કર્સ, પેટ્રોલ ટેન્કર્સ, મોટર સાયકલ વગેરે ચાલુ કન્ડીશનમાં મુંબઇ, અમદાવાદ તથા ભાવનગરમાં તેઓ તૈયાર ડીલીવરી આપી શકશે.

❀

મધુકર પરફ્યુમરી વર્કસનાં નામથી તો તમે અજાણ નહિ જ હો. આપણા પ્રાંતના પરફ્યુમર્સમાં એમનું સ્થાન આગલી હરોળમાં છે. એમની જાણીતી 'ઉર્વશી અગરબત્તી' તો તમે વાપરો છો ને? આપની ગૃહિણીની રોજની ફરિયાદ દૂર કરવા એમણે 'મધુકર બાર સોપ' ઓછી મહેનતે કપડાંને વધુ સફેદાઈ આપે એવો સાબુ (લાટા) તૈયાર કરવાનું શરૂ કરેલ છે. એમનું સરનામું: મધુકર પરફ્યુમરી વર્કસ લી ૩૫; દાદાભાઈ રોડ, વીલે પારલે (મુંબઇ ૨૪)

❀

ઘરનાં ચાલુ વપરાશના એલ્યુમિનિયમ, પિત્તળ તેમજ સ્ટેઇન લેસ સ્ટીલનાં વાસણોની તમારી જરૂરિયાત માટે 'પંજાબ મેટલ વર્કસ'નો માર્ક યાદ રાખીને તમારા ગામના વેપારીઓને ત્યાં પૂછી શકશો. સુંદર વાસણો માટે પ્રખ્યાત દેવીદયાળ એન્ડ સન્સનું નામ તો તમે સાંભળ્યું હશે. તમારા શહેરમાં ન મળે તો આ વસણો માટે નીચેના સરનામે લખી શકો: મેસર્સ દેવીદયાળ એન્ડ સન્સ, મેટલ હાઉસ, બીજો ભોઈવાડો, મુંબઇ

❀

મુંબઇમાં મઝગામ રોડ પરથી પસાર થતાં જ મહેતા સોપ વર્કસનું નામ યાદ આવ્યા વિના રહે નહિ. ગરમ, સુતરાઉ તથા રેશમી કપડાં ધોવા માટે જે સાબુની હમણાં ચારેબાજુથી ભલામણ થાય છે તે નં. ૧૧ અને ૨૦૨ રામલાઇટ (બાર, ચીપ્સ, ટવીન્સ વગેરે) એમની જ બનાવટ છે. ગામેગામ તેમના એજન્ટો છે. તમારા ગામમાં ન હોય તો તમારી જરૂરિયાત માટે એમને સીધું લખજો: મહેતા સોપ વર્કસ, ૧૧૮ ડી વાલંપાંખડી, મઝગામ રોડ, મુંબઇ—૧૦ ત્યાંથી બધી વિગતો તમને સંતોષકારક રીતે મળી શકશે.

જન્મ્યા પછીની બીજી પળે
● સ્વાદિષ્ટ મુખવાસો ●
— અને —
શુદ્ધ બોરલી સોપારી
— તથા —
ધાણા દાળ
મેળવવાનું મુંબઇમાં મશહૂર મથક
એમ. નાનાલાલ સોપારીવાળા
ભુલેશ્વર, કબૂતરખાના, દાઉદજીની ગલી સામે,
મુંબઇ–૨ .... ટે નં. ૨૦૭૨૪

મહેલ, મંદિર, દુકાન, પેઢીને મીઠી સુગંધથી
મ્હેકાવનાર અરૂણા છાપની પૂનાની અગરબત્તી
એક વાર જરૂર વાપરી ખાતરી કરો

કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત તથા
હિંદના બીજા ભાગોમાં
●
પ્રખ્યાતી પામેલી
હરણ છાપ તથા નં. ૭૦૫
● દાર્જિલીંગ સ્પેશિયલ ●
—બીડી માટે—
અને
ટીંબરૂના મુલાયમ પાન માટે
: લખો :
વૃજલાલ માણીલાલ એન્ડ કું.
ગોંદીઆ (સી. પી.)

મોહમયી મુંબઇ નગરીના વાસણોના મુખ્ય મથક ધી ડન એલ્યુમિનિયમ ફેક્ટરીના નામથી તો ભાગ્યે જ કોઈ અજાણ હશે. ચોખ્ખાં અને સફાઈદાર, ઘરગથ્થુ અને ફેન્સી તમામ જાતના ચોખ્ખી કલાઇ કરેલાં વાસણો ત્યાંથી મળી શકશે. વધુ માહિતી માટે નીચેના સરનામે લખી શકો અગર મળી શકો: શ્રી. લલ્લુભાઇ અમીચંદ, ૫૫૪, કંસારા ચાલ, મુંબઇ—૨. તમને તેઓ જરૂર સંતોષ આપશે.

❧

વડગાદી પરથી પસાર થતાં ડા. રતિલાલ ગોવિંદજીનું નામ સ્મરણપટ પર ચડવાનું જ. એમની ફેક્ટરીની મહાત્મા છાપ, કમળા નહેરૂ છાપ, તિલક છાપ, સાચિયા છાપ વગેરે અગરબત્તીઓ ખૂબ જ વપરાતી જોઈએ છીએ. હિંદ ઉપરાંત દરિયાપારના દેશોમાં પણ એ પુષ્કળ જાય છે. એ પ્રખ્યાત અગરબત્તીઓ ઉપરાંત હિંદ-દેવી છાપ હીંગ (પાવડર તથા ખડા), કપૂર, પીપરમેન્ટનાં ફૂલ, અજમાનાં ફૂલ, કંકુ, ગુલાલ, અબીલ, ગુલકંદ, સિંદૂર, સેન્ટની બાટલીઓ, કાથો, રાળ, હીરાકસી, ફટકડી, મોરથુથુ, સુરમો વગેરે એમને ત્યાંથી છૂટક તેમજ જથ્થાબંધ મળશે. વધુ માહિતી માટે—ડા. રતિલાલ ગોવિંદજી, ૬૩૦, વડગાદી, મુંબઇ–૩. એ સરનામે લખી શકો.

❧

કચ્છ, કાઠિયાવાડ અને ઉત્તર ગુજરાતની ઓઇલ મીલો, કારખાનાંઓ, પાવરહાઉસો, સોલ્ટ વર્કસ અને જીનીંગ ફેક્ટરીઓમાં જેનું માર્કેટ-ક્ષેત્ર (સેન્ટ્રલ) વિસ્તરેલું છે તે મેસર્સ કોકિલા ટ્રેડીંગ કાં. (કોલેજ રોડ, રાજકોટ) કાઠિયાવાડના કેન્દ્ર સમાન રાજકોટમાં મીલ-જીન સ્ટોર્સ, લુબ્રીકેટીંગ ઓઇલ્સ, ગ્રીઝ અને પુલી-પટાનો વેપાર કરી રહેલ છે. આ ક્ષેત્રમાં રસ લેનારાઓએ આ પેઢીની સાથે પત્રવ્યવહાર કરવા જેવું છે. રાજકોટ જનાર એમના શો-રૂમની મુલાકાત લેવાનું ન જ ચૂકે. તેઓ મેસર્સ બકમાયર બ્રધર્સ લી. અને પેરી કું. ના એજન્ટો છે તેમજ સ્ટાન્ડર્ડ વેક્યુમ ઓઇલ કંપનીના ઓથોરાઈઝ્ડ ડીસ્ટ્રીબ્યુટર્સ છે. —

આટલું નોંધી રાખજો

*** સન કેમીકલ વર્કસની અમૂલ્ય સેવાઓ ***

*

અમૂલ્ય ભોગો આપીને, અનેક દુઃખો, અગવડતાઓ અને યાતનાઓ ભોગવીને આઝાદી મેળવી, પરંતુ મુશ્કેલીઓને અમુક અંશે અંત આવવાને બદલે દિનપ્રતિદિન એમાં વધારો જ થતો જાય છે. સૌથી વધુ મૂંઝવનારો પ્રશ્ન અનાજ અને રહેઠાણનો છે, જે હજુ અદ્ધર જ લટકે છે. હાલ જે અનાજ આપણને આપવામાં આવે છે તે હલકા પ્રકારનું, પૂર્ણ પોષક તત્ત્વો વગરનું અને બેસ્વાદ હોય છે. ઉપરાંત ચોકખા ઘી, દૂધ, માખણ પણ ભારત જેવા જગતમાં અગ્રસ્થાન ધરાવતા દેશમાંથી અદૃશ્ય થઈ ગયાં છે. ઉપર્યુક્ત કારણોવશાત્ શરીરને લાગતા રોજીંદા ઘસારાને પહોંચી વળાય તેવા અને શક્તિ જળવાઈ રહે તેવા પદાર્થો નિયમિત શરીરને નહિં મળવાને લીધે અનેક પ્રકારનાં ચામડીનાં દર્દો [ત્વચા રોગ - Skin desease] નું તાંડવનૃત્ય આપણે ઠેર ઠેર નિહાળી અરેરાટી અનુભવીએ છીએ.

આ રીતે આ ચેપી દર્દો દિવસે દિવસે વધતાં જાય છે અને એક માણસનો ચેપ ઘરમાં, આખા કુટુંબને, પડોશમાં, મિત્રોમાં અને સભા-મેળાવડાઓમાં દરેકને લાગે છે અને આવાં ખસ, ખુજલી, દાદર, ગજકર્ણ, લીલું-સૂકું ખરજવું—આમાંથી કોઇ પણ રોગનો ભોગ થઇ પડેલા માણસના સંસર્ગમાં જે જે વ્યક્તિઓ આવે છે તે દરેકને વધતે-ઓછે અંશે આ રોગનાં જંતુઓ લાગુ પડે જ છે અને આ રીતે આ રોગોનો ફેલાવો થાય છે.

આ રોગનાં ઝેરી જંતુઓનો સદંતર નાશ કરવા દુનિયાભરમાં માન ને પ્રખ્યાતિ પામેલી કંપની જે સન કેમીકલ વર્કસના નામથી જગપ્રસિદ્ધ છે તે કંપનીના સંચાલકોએ આવા ચેપી રોગોને નિર્મૂળ કરવા કમર કસી છે. સન રીંગો કીલર નામનો સફેદ મલમ એમણે બહાર પાડયો છે જેના કપડાં પર ડાઘ પડતા નથી, અને ચામડીના રોગો પર ચમત્કારિક ફાયદો કરે છે. એમનું સરનામું: સન કેમીકલ વર્કસ, ૫૦-૫૨, ઇસાજી સ્ટ્રીટ, માંડવી, મુંબઇ ૩.

અસલ સ્પેનની પેદાશનું 'શ્રી વિષ્ણુ છાપ' શુદ્ધ કેશર વખણાય છે એમ આપણે જોઈએ છીએ. ૩૦ વર્ષથી જનતામાં એ વપરાય છે. તમારી જરૂરિયાત માટે નોંધબુકમાં આ સરનામું ટપકાવી લ્યો: **મેસર્સ વરજીવનદાસ હીરજીની કું. ૨૪૦, વડગાદી, કરિયાણા બઝાર, મુંબઇ—૩.** આ કેશર આયાત કરનાર તેઓ એકલા જ છે એમ કહેવાય છે. એમને ત્યાંથી હીંગ, એલચી, શુંઠ વગેરે પણ મળી શકશે.

વડગાદી પર ફરતાં ફરતાં આ બાજુ આવો. જુઓ, સામે એક આકર્ષક બોર્ડ લટકે છે: હિંગવાલા ઠા. ગોપાળજી ચાંપશીની કું.-હીંગના વેપારીઓમાં એ નામ આગળ પડતું છે. 'પી' બ્રાન્ડ હીંગ રસોઈ માટે સર્વોત્તમ છે એમ વાપરનારા કહે છે. એ વિખ્યાત હીંગ ઉપરાંત કપૂર, બરાસ, અજમા તથા પીપરમીંટનાં ફૂલ, તજ વગેરે તમને અહીંથી મળશે ફોન કરો તો નં. ૨૩૪૫૪ નોંધી લેજો. પત્રવ્યવહાર માટે આ રહ્યું સરનામું: **હીંગવાલા ઠા. ગોપાળજી ચાંપશીની કું., ૨૨૬, વડગાદી, મુંબઇ-૩.**

—— આપની જરૂરિયાત માટે યાદ રાખો ——

ધાણા, તીવરા, મગ, અળશી, રાહર, અડદ, વગેરેના જથ્થાબંધ વ્યાપારી

થીમનલાલ એન. સોલંકી

મેન મરચન્ટ એન્ડ કમીશન એજન્ટ,

પોસ્ટ ભાટાપરા (સી. પી.) B. N. Ry.

નવજીવન મીલની

સાડીઓ સુંદર અને ટકાઉ હોવાથી ખૂબ વપરાય છે

તમારી પેનની સલામતી માટે

ચેમ્પીયન શાહી

ચેમ્પીયન ઇન્ડસ્ટ્રીયલ વર્કસ, વીસનગર

[અનુસંધાન પૃ ૧૭૪ થી ચાલુ]

કેળવણી પામેલ નીરોગી કુમારિકા સાથે લગ્ન આશયથી પત્રમૈત્રી અને પરિચય કરવો છે: જ્ઞાતિ ધર્મ કે પ્રાંતનો બાધ નથી. યોગ્ય સ્વવૃત્તાંત લખી પત્રવ્યવહારની શરૂઆત કરો: બોક્સ નં. ૭૩૦/B C/o 'જીવન-પ્રકાશ' રાણપુર (કાઠિ)

નોકરી જોઈએ છે

સરકારી શાળાઓમાં પચીસ વર્ષ કામ કરી સારો અનુભવ પ્રાપ્ત કરનાર સિનિયર ટ્રેઇન્ડ શિક્ષકને કોઇ સારી શાળામાં મુખ્ય શિક્ષકની નોકરી જોઇએ છે. પાકિસ્તાનને કારણે ઊભી થયેલ પરિસ્થિતિમાં એમને ચાલુ નોકરી છોડવી પડી છે. પત્રવ્યવહાર માટે—શ્રી. ઉમીયાશંકર હેમરાજ દવે, મુ ભાભર—વાયા પાટણ (ઉ. ગુ.)

સુંદર સેવાકાર્ય

ચુડા (ઝાલાવાડ)માં શ્રી સાંકળીબાઈ સાર્વજનિક લાઇબ્રેરીનો લાભ જનતા સારા પ્રમાણમાં લઈ રહેલ છે. સંસ્કારપ્રેમી શેઠશ્રી વનમાળીદાસ ગુલાબચંદભાઈએ ચુડાની પ્રજા માટે પાણીની પરબ બંધાવીને સુંદર સેવાકાર્ય કર્યું છે.

——● મુંબઇમાં શુદ્ધ 'ઘી'નું મથક ●——

શ્રી ગ્રામ સેવા મંદિર

આજે આ દુકાન અગિયારમા વર્ષમાં પ્રવેશ કરે છે. દસ દસ વર્ષથી જે ગ્રાહકો ચાલુ છે અને જેઓ પૂરેપૂરો સંતોષ અનુભવે છે એ જ અમારા કામની સચ્ચાઈ બતાવે છે. અમે અમારા ગ્રાહકોનો આભાર માનીએ છીએ અને નૂતન વર્ષના ઉદય પામતા સુપ્રભાતે તેઓને નૂતન વર્ષાભિનંદન પાઠવીએ છીએ.

ભરત પોપટલાલ શેઠ, વ્યવસ્થાપક,

શ્રી ગ્રામ સેવા મંદિર, ખેતવાડી, મેઇન રોડ,

પેનબજાર મુંબઇ ૪

શક્તિ અને સ્ફૂર્તિ સાથે લોહી વધારે છે

● **કેસરી જીવન** ●

શાસ્ત્રોક્ત રીતે બનાવનાર

ગોવિંદાશ્રમ મીઠાઇ લિ., જુમ્મામસ્જીદ પાસ, મુંબઈ.૨

સમસ્ત જગતમાં હિન્દનો ફાળો અજોડ છે—

જેને ધાવી ધાવી મહાકવિઓ ઉછર્યા, કરોડો નર-નારનાં જીવન જેણે હજારો વર્ષોથી ઘડ્યાં ને જે ઘડે છે તે રામાયણ, મહાભારત અને ભાગવતની વિશ્વશક્તિની મહાકવિતા ભારતખંડે દુનિયાને આપી. પયગમ્બરો, ધર્મશાસ્ત્રો, સંપ્રદાય-પ્રવર્તકો, બાઈબલમાંના એક એક પુસ્તક જેવાં અનેક પુરાણો; જીવનની સહુ ભાવનાઓમાં ધર્મ-ભાવના સર્વોપરિ છે એ મહા સત્ય, હિન્દ જગતને આજસુધી આપતું આવ્યું છે. સર્વ કાળની સર્વ પ્રજાઓને માટેનો પરમ રાજમંત્ર: પ્રજાઓનો, કોમોનો, ધર્મોનો, સંસ્કૃતિઓનો સમન્વય ભારતખંડે દુનિયાને ભણાવ્યો. ચતુર્ધા મુક્તિ, ચતુર્ધા વેદાન્ત, નવધા ભક્તિ, ષડ્દર્શન, ત્રણ માર્ગ અને ત્રણ ગુણની ફીલસુફી આપ્યાં. પ્રાણવિનિમય વિદ્યા, નાથ સંપ્રદાયની સિદ્ધિઓ અને આત્મવિદ્યાનાં ગૂઢ તત્ત્વો આપ્યાં. મહારાજાઓના સંન્યાસ, બાળકોની બહાદુરી, વીરાંગનાઓનાં વીરત્વ, સૌન્દર્ય પ્રતિમાઓને કાજે સતીત્વનો આદર્શ, એક દેહે એંશી ઘાવે શોભતો રાણો સંગ ને દિલ્હીની રાજ્યલક્ષ્મી પામ્યે એમાંથી પોતા માટે પાઈએ ન રાખતાં એ ગુજરાતનાં સહુ લક્ષ્મી-ગુલાબ દુનિયાને વહેંચનાર કલન્દર બાદશાહ બાબર—એ સહુ હિન્દે આપ્યાં.

મહાકવિ ન્હાનાલાલના શબ્દોમાં કહીએ તો—

> પશ્ચિમના પાયા માંડનાર
> બુદ્ધ અને મહાવીર ગ્રીસ અને રોમનાં
> ભારતે પારણાં હીંચોળ્યાં હતાં.

•

> જગતના મહાધર્મોની ધાત્રી;
> પૃથ્વીના તત્ત્વજ્ઞાનની જનની,
> પ્રેમ-શૌર્યના રણશીંગડા સરીખડી
> ગગનભેદી સદા કવિતા ગાતી,
> વેદ-સ્વામિની વંશવિની અંબા
> ભારતમાતા બીજી નથી અવનિ ઉપર.
> એના વિજયડંકાર રક્તરંગી નથી:
> દેહના નહિ પણ દૈવી છે,
> આત્માની પરમ શાન્તિના છે
> જડના નથી, ચેતનના છે;
> માટે જ દશ્ય છે ચેતનદ્રષ્ટાને.
> યુગયુગથી લૂંટાય તોય
> સદા શણગારની શોભતી,
> સૈ સૈકે ધરાય તોય
> સદાની એ સજીવન.

• •

> સમસ્ત દુનિયાના ઇતિહાસનું
> મધ્યબિન્દુ એશિયા છે
> ને એશિયાના ઇતિહાસનું કેન્દ્ર
> ભરતખંડની મહાકથા છે.
> ...પૃથ્વીને પોષી છે ભૂતકાળમાં
> ને પોષશે ભવિષ્યમાં ય આપણું ભારત—

એમ કહીને છેવટે કવિવર જણાવે છે કે—

> 'દુનિયાના ઇતિહાસની વિધાતા,
> સંસારશસ્ત્રના પ્રયોગોની પ્રયોગશાલા:
> ફિલસુફીની પાઠશાલા, ધર્મનું મહામન્દિર,
> દેવોનો પ્રિયતમવાસ:
> નથી અવનિને તલ બન્ધુઓ!
> ભારત સમો બીજો અધ્યાત્મખંડ.'

ફોટા છાપ મેડીકેટેડ સ્નફ'
મહાસુગંધી સ્નફ વર્કસની બનાવટ છે
એ જ તેની ઉત્તમતાની ખાત્રી છે.

અસલ સ્પેનની પેદાશનું 'શ્રી ત્રિશુળ છાપ' શુદ્ધ કેશર વખણાય છે એમ આપણે જોઈએ છીએ. ૩૦ વર્ષથી જનતામાં એ વપરાય છે. તમારી જરૂરિયાત માટે નોંધબૂકમાં આ સરનામું ટપકાવી લ્યો: **મેસર્સ વરજીવનદાસ હીરજીની કાં. ૨૪૦, વડગાદી, કરિયાણા બજાર, મુંબઈ—૩.** આ કેશર આયાત કરનાર તેઓ એકલા જ છે એમ કહેવાય છે. એમને ત્યાંથી હીંગ, એલચી, ગુંદર વગેરે પણ મળી શકશે.

❦

વડગાદી પર ફરતાં ફરતાં આ બાજુ આવો. જુઓ, સામે એક આકર્ષક બોર્ડ લટકે છે: હિંગવાલા ઠા. ગોપાળજી ચાંપશીની કાં.—હીંગના વેપારીઓમાં એ નામ આગળ પડતું છે. 'પી' બ્રાન્ડ હીંગ રસોઈ માટે સર્વોત્તમ છે એમ વાપરનારા કહે છે. એ વિખ્યાત હીંગ ઉપરાંત કપૂર, બરાસ, અજમા તથા પીપરમીંટનાં ફૂલ, તજ વગેરે તમને અહીંથી મળશે ફોન કરો તો નં. ૨૩૪૫૪ નોંધી લેજો. પત્રવ્યવહાર માટે આ રહ્યું સરનામું: **હીંગવાલા ઠા. ગોપાળજી ચાંપશીની કાં., ૨૨૬, વડગાદી, મુંબઈ-૩.**

—— આપની જરૂરિયાત માટે યાદ રાખો ——
ધાણા, તીવરા, મગ, અળશી, રાહર,
અડદ, વગેરેના જથ્થાબંધ વ્યાપારી
ચીમનલાલ એન. સોલંકી
મેન મરચન્ટ એન્ડ કમીશન એજન્ટ,
પોસ્ટ ભાટાપરા (સી. પી.) B. N. Ry.

ન વ જી વ ન મી લ ની
સાડીઓ સુંદર અને ટકાઉ હોવાથી
ખૂબ વપરાય છે

તમારી પેનની સલામતી માટે
ચેમ્પીયન શાહી
ચેમ્પીયન ઇન્ડસ્ટ્રીયલ વર્કસ, વીસનગર

[અનુસંધાન પૃ. ૬૭૪ થી ચાલુ]

કેળવણી પામેલ નીરોગી કુમારિકા સાથે લગ્નના આશયથી પત્રમૈત્રી અને પરિચય કરવો છે. જ્ઞાતિ, ધર્મ કે પ્રાંતનો બાધ નથી. યોગ્ય સ્વવૃત્તાંત લખી પત્રવ્યવહારની શરૂઆત કરો: બોક્સ નં. ૭૩૦/B C/o 'જીવન-પ્રકાશ' રાણપુર (કાઠિ)

નોકરી જોઈએ છે

સરકારી શાળાઓમાં પચીસ વર્ષ કામ કરી સારો અનુભવ પ્રાપ્ત કરનાર સિનિયર ટ્રેઈન્ડ શિક્ષકને કોઈ સારી શાળામાં મુખ્ય શિક્ષકની નોકરી જોઈએ છે. પાકિસ્તાનને કારણે ઊભી થયેલ પરિસ્થિતિમાં એમને ચાલુ નોકરી છોડવી પડી છે. પત્રવ્યવહાર માટે—શ્રી. ઉમીયાશંકર હેમરાજ દવે, મુ. ભાભર—વાયા પાટણ (ઉ. ગુ.)

સુંદર સેવાકાર્ય

ચુડા (ઝાલાવાડ)માં શ્રી સાંકળીબાઈ સાર્વજનિક લાયબ્રેરીનો લાભ જનતા સારા પ્રમાણમાં લઈ રહેલ છે. સંસ્કારપ્રેમી શેઠશ્રી વનમાળીદાસ ગુલાબચંદભાઈએ ચુડાની પ્રજા માટે જ્ઞાનની પરબ બંધાવીને સુંદર સેવાકાર્ય કર્યું છે.

● મુંબઈમાં શુદ્ધ 'ઘી'નું મથક ●
શ્રી ગ્રામ સેવા મંદિર
આજે આ દુકાન અગિયારમા વર્ષમાં પ્રવેશ કરે છે. દસ દસ વર્ષથી જે ગ્રાહકો ચાલુ છે અને જેઓ પૂરેપૂરો સંતોષ અનુભવે છે એ જ અમારા કામની સચ્ચાઈ બતાવે છે. અમે અમારા ગ્રાહકોનો આભાર માનીએ છીએ અને નૂતન વર્ષના ઉદય પામતા સુપ્રભાતે તેઓને નૂતન વર્ષાભિનંદન પાઠવીએ છીએ.
ભરત પોપટલાલ શેઠ, વ્યવસ્થાપક,
શ્રી ગ્રામ સેવા મંદિર, ખેતવાડી, મેઈન રોડ,
પાનબજાર મુંબઈ ૪

શક્તિ અને સ્ફૂર્તિ સાથે લોહી વધારે છે
● **કેસરી જીવન** ●
શાસ્ત્રોક્ત રીતે બનાવનાર
ગોવિંદાશ્રમ મીઠાઈ લી., જુમ્મામસ્જીદ પાસે,
મુંબઈ ૨

સમસ્ત જગતમાં હિન્દનો ફાળો અજોડ છે—

જેને ધાવી ધાવી મહાકવિઓ ઉછર્યા, કરોડો નર-નારના જીવન જેણે હજારો વર્ષોથી ઘડ્યાં ને જે ઘડે છે તે રામાયણ, મહાભારત અને ભાગવતની વિશ્વયશસ્વિની મહાકવિતા ભારતખંડે દુનિયાને આપી ધમ્મપદો, ધર્મશાસ્ત્રો, સંપ્રદાય-પ્રવર્તકો, બાઈબલમાંના એક એક પુસ્તક જેવાં અનેક પુરાણો, જીવનની સહુ ભાવનાઓમાં ધર્મભાવના સર્વોપરિ છે એ મહા સત્ય, હિન્દે જગતને આજસુધી આપતું આવ્યું છે. સર્વ કાળની સર્વ પ્રજાઓને માટેનો પરમ રાજમંત્ર, પ્રજાઓનો, કોમોનો, ધર્મોનો, સંસ્કૃતિઓનો સમન્વય ભારતખંડે દુનિયાને ભણાવ્યો ચતુર્વિધ મુક્તિ, ચતુર્ધા વેદાન્ત, નવધા ભક્તિ, ષડ્દર્શન, ત્રણ માર્ગ અને ત્રણ ગુણની ફીલસુફી આપી, પ્રાણવિનિમય વિદ્યા, નાથ સંપ્રદાયની સિદ્ધિઓ અને આત્મવિદ્યાના ગૂઢ તત્ત્વો આપ્યા મહારાજાઓના સન્યાસ, બાળકોની બહાદુરી વીરાંગનાઓનાં વીરત્વ, સૌન્દર્ય પ્રતિમાઓને કાજે સતીત્વનો આદર્શ, એક દેહે એંશી ઘાવે ઝૂઝતો રાણો સંગ ને દિલ્હીની રાજ્યલક્ષ્મી પામ્યે એમાંથી પોતા માટે પાઈએ ન રાખતા એ ગુર્જરેના સહુ લક્ષ્મી-ગુલામ દુનિયાને વહેંચનાર ફકીર બાદશાહ અકબર—એ સહુ હિન્દે આપ્યાં.

મહાકવિ ન્હાનાલાલના શબ્દોમાં કહીએ તો—

પશ્ચિમના પાયા માંડનાર
બુદ્ધ અને મહાવીર ગ્રીસ અને રોમનાં
ભાગ્યે પારણાં હીંચે જ્યાં હતાં.

•

જગતના મહાધર્મોની ધાત્રી,
પૃથ્વીના તત્ત્વજ્ઞાનની જનની,
પ્રેમ-શૌર્યના રણશીંગડાં સરીખડી
ગગનભેદી સદા કવિતા ગાતી,
વેદોચ્ચારિણી યશસ્વિની આ બા
ભારતમાતા બીજી નથી અવનિ ઉપર.
એના વિજયદ્વાર રક્તરંગી નથી
દેહના નહિ પણ દેહી છે,
આત્માની પરમ શાન્તિના છે
જડના નથી, ચેતનના છે;
માટે જ દશ્ય છે ચેતનદ્રષ્ટાને
યુગયુગથી સૂરજ જેમ
સદા શણગારતી શોભતી
સૈકે સૈકે ધરાય તેમ
સદાની એ સજીવન

• • •

સમસ્ત દુનિયાના ઇતિહાસનું
મધ્યબિન્દુ એશિયા છે
ને એશિયાના ઇતિહાસનું કેન્દ્ર
ભરતખંડની મહાકથા છે.
પૃથ્વીને પોષી છે ભૂતકાળમાં
ને પોષશે ભવિષ્યમાંય આપણું ભારત—

એમ કહીને ઉંચે કવિવર જણાવે છે કે—

'દુનિયાના ઇતિહાસની વિધાતા
સંસારશસ્ત્રના પ્રયોગોની પ્રયોગશાળા'
ફિલસુફીની પાઠશાળા, ધર્મનું મહામન્દિર,
દેવોનો પ્રિયતમવાસ
તથી અવનિને તત બન્ધુઓ!
ભારત સમો બીજો અધ્યાત્મખંડ'

પેપર એજન્ટ,
જય-વિજયની કું.
પેપર એજન્ટસ વેરાવળ (કાઠિ)

મેસર્સ શાહ એન્ડ કું.
ન્યૂસ એજન્ટસ, પાટણ (ઉ. ગુ.)

ફોટા છાપ મેડીકેટેડ સ્નફ
મહાસુખધી સ્નફ વર્કસની બનાવટ
એ જ તેની ઉત્તમતાની ખાત્રી છે

ન્યૂસપેપર એજન્ટ પાસે 'જીવન-પ્રકાશ' માગો—
દરેક રેલ્વે બૂક સ્ટોલ પર મળશે—

જીવન પ્રકાશ

ક્યાંથી મેળવશો ?

- શ્રી નેશનલ ન્યૂસ પેપર એજન્સી,
  ૨૬૬/૬૮, કાલબાદેવી રોડ, મુંબઈ-૨
- ગુજરાત બુક સ્ટોલ, ઇસુફઅલી બદરી શેઠ,
  લક્ષ્મી ટોકીઝ સામે, સુરત
- શ્રી. હરિલાલ જગન્નાથ ત્રિવેદી,
  શાંતિનગર સોસાયટી, જૂના વાડજ,
  સાબરમતી, અમદાવાદ
- મેસર્સ તન્ના ન્યૂસ પેપર એજન્સી,
  પ્રિન્સેસ સ્ટ્રીટ, નાનકવાડા, કરાચી
- શ્રી. શેઠ રતિલાલ પોપટલાલ,
  જ્યુલેર, ટાકી ચોક, વઢવાણ કેમ્પ
- શ્રી ઠા. રવજીભાઈ હરિભાઈ,
  ન્યૂસ પેપર એજન્ટ, જામનગર
- શ્રી. દામોદર આશાર,
  લુહાર ચાલ, મોરબી
- શ્રી. છગનલાલ રામજી નીમલ,
  છાશીઆ પરા, લીંબડી
- શ્રી. નાથુભાઈ એમ. પઢિયાર,
  ટાવર રોડ, નવસારી
- શ્રી. બાબુલાલ જેસંગ દોશી,
  ન્યૂસ પેપર એજન્ટ, ટંકારા
- મેસર્સ કાન્તિલાલ સી. પટેલ એન્ડ કું.
  ન્યૂસ પેપર એજન્ટસ, વડોદરા
- શ્રી. મગનલાલ પરમાર,
  દીવાન ચોક, જૂનાગઢ
- મેસર્સ દ્વારકાદાસ એન્ડ બ્રધર્સ,
  ન્યૂસ પેપર એજન્ટસ, પ્રભાત ટોકીઝ સામે,
  ન્યૂ રોડ, મટાનચેરી, કોચીન
- શ્રી. વી. લક્ષ્મણરાવ,
  ગુજરાતી એન્ડ હિંદી ન્યૂસ એજન્સી,
  ૧૮૦, ચાઇના બઝાર, જી. ટી. મદ્રાસ
- શ્રી. હરગોવિંદદાસ એમ. ભટ્ટ,
  રેલ્વે બુક સ્ટોલ, ધોળા જંકશન
- શ્રી. શાંતિલાલ જીવનલાલ નાયક.
  ન્યૂસ પેપર એજન્ટ, માંગરોળ
- શ્રી. મનસુખલાલ ગોપાળજી પંડ્યા
  મુલ્લાવાડને નાકે, અંકલેશ્વર
- શ્રી. કાન્તિલાલ દલીચંદ દોશી,
  ન્યૂસ પેપર એજન્ટ, સાવરકુંડલા
- શ્રી. વ્યવસ્થાપક,
  ખાદી-મંદિર, સિહોર
- શ્રી. નાથુભાઈ એન. પટેલ,
  ન્યૂસ પેપર એજન્ટ, વાપી
- શ્રી. સુંદરલાલ વી.
  ન્યૂસ પેપર એજન્ટ, મોરબી
- શ્રી. છોટુભાઈ એન દેસાઈ,
  ન્યૂસ એજન્ટ મુવીલેન્ડ ટોકીઝ પાસે,
  ગાંધીનગર, બેંગલોર સીટી
- શ્રી. લક્ષ્મીશંકર હીરજી મહેતા,
  ન્યૂસ પેપર એજન્ટ, જેતપુર

ખૂબ વપરાય છે

તમારી પેનની સલામતી માટે
ચેમ્પીયન શાહી
ચેમ્પીયન ઇન્ડસ્ટ્રીયલ વર્કસ. વીસનગર

• Champaklal K. Kamdar
Kamdar Ltd. TABORA
[Tanganyka-B. E. Africa]

• M/s Vora Brothers.
P. O. Box 393, MOMBASA
(B. E. Africa)
P. O. Box 945, NAIROBI
(B E. Africa)

• શ્રી ભાણજી છ. વિઠલાણી,
સોનાર બજાર, હૈદ્રાબાદ (સિંધ)

• શ્રી વસંતલાલ એમ. ગાંધી
વસંતવિલાસ ઇલેક્ટ્રીક હાઉસ
દેવગઢબારીઆ

• શ્રી. મોહનલાલ છવરાજ પોબારૂ,
લોહાણા પરા, રાજકોટ

• શ્રી. શાંતિલાલ છ. જોશી,
ન્યૂસ પેપર એજન્ટ, ભાવનગર

• શ્રી દેવીપ્રસાદ જગન્નાથ દવે,
ન્યૂસ પેપર એજન્ટ, ભુજ (કચ્છ)

'જીવન-પ્રકાશ'નું લવાજમ ભરવાનાં સ્થળો

- ભારતી સાહિત્ય સંઘ લિ. મીમરાજ બિલ્ડીંગ, કાલબાદેવી રોડ, મુંબઈ અને ફરનાન્ડીઝ પુલ નીચે, ગાંધી માર્ગ, અમદાવાદ
- નવચેતન સાહિત્ય મંદિર, ૨૪૧૬, ભદ્ર, અમદાવાદ
- ગુજરાત સાહિત્ય ભંડાર, નાનકવાડા, પ્રિન્સેસ સ્ટ્રીટ, કરાચી
- શ્રી એલ કે. મેઘાણી, ઉપયોગી વસ્તુભંડાર, ૧૪, અમરતલ્લા સ્ટ્રીટ, કલકત્તા
- આદર્શ પુસ્તક ભંડાર, ભદ્ર, અમદાવાદ
- શ્રી. રેવાશંકર લલ્લુભાઇ પંડ્યા, C/o. પી. એમ. દસ્તુરની કું. ત્રણ દરવાજા, અમદાવાદ
- શ્રી. કે. કે. જાની, ઇમ્પિરિયલ બેન્ક પાસે, રાજકોટ
- ડૉ. એમ. છ. સોલંકી, ડેન્ટલ સર્જન, ખારગેટ, મામા કોઠા રોડ, ભાવનગર
- શ્રી. 'મધુરમ્', કેસુરમામા ચોક, ભરૂચ
- NAUTAMLAL M. SANGHVI, Palayam Road, CALICUT
- BHAVANISHANKER G. MEHTA, P. O. Box 1 LUGAZI (Uganda-B. E. Africa)

● લવાજમની પહોંચ અમારા તરફથી મળ્યા પછી કાર્યાલયની જવાબદારી શરૂ થશે ●

• M/s Amratlal Thaker & co;
JHARIA [Dist. Manbhum]

• મેસુર્સ બી. એ. એન્ડ કું.
ન્યૂસ પેપર એજન્ટસ,
વડનગર-વીસનગર-મહેસાણા

• જયંત ન્યૂસ પેપર એજન્સી,
અમરેલી [કાઠિ.]

• શ્રી. બંસીલાલ એમ સોલંકી,
૨૩ છાપખાના ચાલ, વાનલેસવાડી
[મી. મીરજ-M. S. M. R.]

• શ્રી. વી. સી. દેસાઈ,
ન્યૂસ પેપર એજન્ટ, ૭૩૦૧, દડીની ચાલીમાં, ગોધરા

• શ્રી. ચીમનલાલ ગિરધરલાલ પારેખ,
અન્નપૂર્ણા સ્ટોર, ખાખર ચકલા, ધોળકા

• શ્રી રમણિકલાલ ગિરધરલાલ શેઠ
ન્યૂસ પેપર એજન્ટ, સાવરકુંડલા

• મેસર્સ જય-વિજયની કું.
ન્યૂસ પેપર એજન્ટસ, વેરાવળ (કાઠિ.)

• મેસર્સ શાહ એન્ડ કું
ન્યૂસ એજન્ટસ, પાટણ (ઉ. ગુ.)

—આ સિવાય આપના શહેરના કોઇપણ ન્યૂસપેપર એજન્ટ પાસે 'જીવન-પ્રકાશ' માગો—
—મેસર્સ એ. એચ. વ્હીલરના દરેક રેલ્વે બૂક સ્ટોલ પર મળશે—

બોમ્બે કો-ઓપરેટીવ ઇન્સ્યુ. સોસાયટી લી.

વિ શિ ષ્ટ તા.

- નાણાંનું સદ્ધર રોકાણ.
- વીમેદારોનું ડાયરેક્ટરોના બોર્ડમાં પ્રતિનિધિત્વ.
- સરકારી ખાતાની દેખરેખ અને ઓડીટ.
- સહકારી મંડળીઓના સભ્યોને ખાસ લાભ.

લાગવગવાળાઓ અને ઉત્સાહી ગૃહસ્થોને ઉદાર શરતોથી

○ એજન્સી આપવાની છે ○

મુખ્ય ઓફિસઃ—કો-ઓપરેટીવ ઇન્સ્યુરન્સ બીલ્ડીંગ, સર ફીરોજશાહ મ્હેતા રોડ, કોટ, મુંબઇ

કાશ્મીરી બગીચો

એક જ ડબીમાં

"કીશ્રા મેડીકેટેડ સ્નફ"ની

બહેક બહેક થતી ઠંડી દીલખુશ પમરાટથી ચમેલી, મોગરો અને ગુલાબનાં ફૂલોનો ખ્યાલ આપી રહે છે. સુગંધિત છે એટલું જ નહિ પરંતુ આ ધીમાં ઘૂંટેલી કાળી તપકીર માનસિક શ્રમને દૂર કરી મગજને શાંતિથી તરબોળ કરી દે છે.

નોંધી રાખો: "કીશ્રા મેડીકેટેડ સ્નફ" અને

—— બીજી લોકપ્રિય બનાવટો ——

[ઘસવા-સૂંઘવા માટે] "સુગંધસાગર ગુલાબ છાપ તપકીર"

[ખાસ ઘસવા માટે] "મોડર્ન સ્નફ ટુથ પાવડર"

વેપારીભાઇઓને પૂરતો લાભ અપાય છે. લખો:

"સુગંધસાગર સ્નફ વર્કસ" ઠે. સિહોર [કાઠિયાવાડ]

— પ્રો. પીતાંબરદાસ આણંદજી મહેતા —

❁ પ્રખ્યાત બનાવટો ❁

ખાસ સૂંઘવા માટે

ફોટા છાપ

|||

મેડીકેટેડ

|||

સ્નફ

કસ્તુરી મિશ્રિત મનોહર સુગંધવાળી
ઘીમાં ઘૂંટેલી, મદ્રાસી ટાઇપની
કાળી અને ઔષધિ તપકીર
૫ અને ૧૦ તોલાના આકર્ષક ટીનમાં
═══ મળે છે ═══

ઘસવા તથા સૂંઘવા માટે

રાણી સિંહ છાપ

|||

મહાસુગંધી

|||

તપકીર

તેના ઔષધિયુક્ત ગુણો, તેની મૃદુ
ચિરસ્થાયી શીતળ સુવાસ અને
તેનો કુદરતી રંગ તુરત જ
❁ પસંદ પડી જાય છે ❁
૫-૧૦ અને ૪૦ તોલાના સાતરંગી
═══ ટીનમાં મળે છે ═══

ખાસ ઘસવા માટે

ચમત્કારિક

|||

સુકુલ સ્નફ

|||

ટુથ પાવડર

દાંત પરની છારી, દુઃખતા-હલતા દાંત,
પેઢાનું ફૂલી જવું, દાંતમાંથી નીકળતું લોહી
કે રસી વગેરે તમામ રોગો ચમત્કારિક રીતે
મટાડનારી ઔષધિ
— તપકીર —
૫ અને ૧૦ તોલાના ત્રિરંગી ટીનના
❁ પેકીંગમાં મળે છે ❁

ઊંચી પાંદડીની સાદી તપકીરો

જય હનુમાન છાપ

અ

ને

સ્વસ્તિક છાપ

તમાકુના ઊંચી જાતના પાકમાંથી બનાવેલી
ચોખ્ખી પાંદડીની આ બનાવટો ઘસવા
તથા સૂંઘવામાં
— હિંદભરમાં વપરાય છે —
થેલીઓ અને પાંદડાના પડીકામાં
❁ મળે છે ❁

વાઘજીભાઈ રણછોડદાસ ઓઝા
શિહોર: કાઠિયાવાડ

મહાસુગંધી સ્નફ વર્કસ, શિહોર, કાઠિયાવાડ

બોમ્બે કો-ઓપરેટીવ ઇન્સ્યુ. સોસાયટી લી.

વિ શિ ષ્ટ તા

- નાણાંનું સદ્ધર રોકાણ.
- વીમેદારોનું ડાયરેક્ટરોના બોર્ડમાં પ્રતિનિધિત્વ.
- સરકારી ખાતાની દેખરેખ અને ઓડીટ.
- સહકારી મંડળીઓના સભ્યોને ખાસ લાભ.

લાગવગવાળાઓ અને ઉત્સાહી ગૃહસ્થોને ઉદાર શરતોથી

○ એજન્સી આપવાની છે ○

મુખ્ય ઓફિસ:—કો-ઓપરેટીવ ઇન્સ્યુરન્સ બીલ્ડીંગ, સર ફીરોજશાહ મહેતા રોડ, કોટ, મુંબઇ

● કાશ્મીરી બગીચો ●

એક જ ડબીમાં

"કીશ્રા મેડીકેટેડ સ્નફ"ની

બહેક બહેક થતી ઠંડી દીલખુશ પમરાટથી ચમેલી, મોગરો અને ગુલાબનાં ફૂલોનો ખ્યાલ આપી રહે છે. સુગંધિત છે એટલું જ નહિ પરંતુ આ ઘીમાં ઘૂંટેલી કાળી તપકીર માનસિક શ્રમને દૂર કરી મગજને શાંતિથી તરબોળ કરી દે છે.

નોંધી રાખો: "કીશ્રા મેડીકેટેડ સ્નફ" અને

—— બીજી લોકપ્રિય બનાવટો ——

[ઘસવા-સૂંઘવા માટે] "સુગંધસાગર ગુલાબ છાપ તપકીર" ● [ખાસ ઘસવા માટે] "મોડર્ન સ્નફ ટુથ પાવડર"

વેપારીભાઇઓને પૂરતો લાભ અપાય છે. લખો:

"સુગંધસાગર સ્નફ વર્કસ" ● સિહોર [કાઠિયાવાડ]

— મો. પીતાંબરદાસ આણંદજી મહેતા —

પ્રખ્યાત બનાવટો

ખાસ સૂંઘવા માટે

ફોટા છાપ

|||

મેડીકેટેડ

|||

સ્નફ

કસ્તુરી મિશ્રિત મનોહર સુગંધવાળી
ઘીમાં ઘૂંટેલી, મદ્રાસી ટાઇપની
કાળી અને ઔષધિ તપકીર
૫ અને ૧૦ તોલાના આકર્ષક ટીનમાં
મળે છે

ઘસવા તથા સૂંઘવા માટે

રાણી સિંહ છા

|||

મહાસુગંધ

|||

તપકીર

તેના ઔષધિયુક્ત ગુણો, તેની મૃદુ
ચિરસ્થાયી શીતળ સુવાસ અને
તેનો કુદરતી રંગ તુરત જ
પસંદ પડી જાય છે
૫-૧૦ અને ૪૦ તોલાના સાતરંગી
ટીનમાં મળે છે

ખાસ ઘસવા માટે

ચમત્કારિક

|||

મુકુલ સ્નફ

|||

ટુથ પાવડર

દાંત પરની છારી, દુ:ખતા-હલતા દાંત,
પેઢાનું ફૂલી જવું, દાંતમાંથી નીકળતું લોહી
કે રસી વગેરે તમામ રોગો ચમત્કારિક રીતે
મટાડનારી ઔષધિ
— તપકીર —
૫ અને ૧૦ તોલાના દ્વિરંગી ટીનના
પેકીંગમાં મળે છે

ઊંચી પાંદડીની સાદી તપકીરો

જય હનુમાન છાપ



અને

સ્વસ્તિક છાપ

તમાકુના ઊંચી જાતના પાકમાંથી બનાવેલી
શોખ્ખી પાંદડીની આ બનાવટો ઘસવા
તથા સૂંઘવામાં
— હિંદભરમાં વપરાય છે —
થેલીઓ અને પાંદડાના પડીકામાં
મળે છે

નાગડિયા રણછોડદાસ ગોવિંદજી
સિહોર: કાઠિયાવાડ

મહાસુગંધી સ્નફ વર્કસ, સિહોર કાઠિયાવાડ

જીવન-પ્રકાશ

- ગુજરાતનાં સર્વ માસિકોથી એનો રાહ જુદો પડી રહ્યો છે. પોતાના ગ્રાહકોમાંથી એ એક મંડળ ઊભું કરે છે અને એ મંડળના સભ્યોમાં બંધુભાવ અને સંગઠનની ભાવના પ્રેરે છે.
- એના ગ્રાહક-મંડળમાં જોડાયેલ વ્યક્તિ કે સંસ્થાનું હિત એ હંમેશા વિચારતું રહે છે. એમની સાથે એ જીવંત સંપર્ક સાધે છે. એમના જીવનની ઝંખનાઓને આકાર આપવાના પ્રયાસમાં આ માસિક તેમને સહાયભૂત અને સાધનરૂપ બને છે. એમની જીવન-સાધનાના માર્ગનું એક પગથિયું બનવા ઈચ્છે છે.
- લોકશાહીના ધોરણે એ પોતાની પ્રણાલિ રચવાના મનોરથ સેવે છે ગ્રાહક સભ્યોનો અવાજ એમાં ઝીલાય છે.
- અગત્યની વાત તો એ છે કે કોઈ પણ વ્યક્તિ કે સંસ્થાએ ભરેલ લવાજમનો બદલો એ બીજા સ્વરૂપમાં તરત વાળી આપે છે અને માસિક તો ફ્રી પડે છે. વાર્ષિક લવાજમ અને સભ્યફીના મળીને દસ રૂપિયા (પરદેશ માટે ૧૨॥ શિલીંગ) ભરનારને એટલીજ કિંમતની જગ્યા પોતાના અંગત ઉપયોગ માટે અગર જાહેરાત માટે માસિકમાં ફ્રી મળે છે અને એ રીતે લવાજમનો બદલો તો તરત વળી જાય છે. બાર માસ સુધી માસિક મળતું રહે છે તે નફામાં.
- આઠ સામયિકો આપ મગાવી શકતા ન હો અગર વાંચવાનો સમય ન મેળવી શકતા હો તો આ એક જ માસિક આપને માટે બસ થઈ પડશે. દરરોજની પાંચ પાઈમાં આપને એ ઘણું આપશે.
- ચાલીશ જેટલા વિભાગોદ્વારા એ રોચક સામગ્રી પીરસે છે. વર્તમાન જીવન અને રાજકારણમાંથી ઉપસાવેલાં કટાક્ષચિત્રો આપે છે.
- આપ એ નિયમિત વાંચો છો તો પછી વાર્ષિક ગ્રાહક-સભ્ય બનીને બીજા લાભ શા માટે નથી ઉઠાવતા?
- આ અંકમાં અન્યત્ર આપેલ કૂપન કાપીને લવાજમ સાથે આજે જ મોકલી આપો.

આપની જાહેરાત માટે 'જીવન-પ્રકાશ' સરસ, સાધન અને ઉત્તમ વાહન છે; કારણ કે...

- ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ, હિંદના બીજા પ્રાંતે અને દરિયાપારના પ્રદેશોમાં જ્યાં જ્યાં ગુજરાતી બોલનાર પ્રજા વસે છે ત્યાં ત્યાં આ માસિક જાય છે
- કચ્છ-કાઠિયાવાડ-ગુજરાતના રાજા-મહારાજાઓ તાલુકદારો, સરકારી-દરબારી અમલદારો, મીલમાલિકો, ઉદ્યોગપતિઓ, વ્યાપારીઓ, જમીનદારો અને અન્ય ધનિકો તેમ જ સારી ખરીદશક્તિ ધરાવનારા વર્ગમાં એ રસપૂર્વક વંચાતું હોવાથી આપની જાહેરાતનું એ સુંદર પરિણામ લાવે છે
- ગુજરાતી ભાષાનાં સામયિકોમાં એ નવો ચીલો પાડતું હોવાથી સમસ્ત ગુજરાતનું એણે ધ્યાન ખેંચ્યું છે. ઘર ઘરનું એ પ્રિય માસિક બની ગયું છે. એના એજન્ટો ને પ્રચારકો ગામેગામ ફરી વળે છે.
- હજારો વાચકોના હાથમાં એ એક માસ સુધી ફરતું રહે છે ને પાકા ફાઈલમાં બંધાય છે એટલે જાહેરાતની અસર કાયમી બને છે.
- ખાસ જાહેરાતો માટે એણે નવી અને આકર્ષક પદ્ધતિ ઉપજાવી છે. આ માસિકમાં આવેલી જાહેરાતનો જવાબ તરત મળે છે.
- આપનો સંદેશો એ દૂર દૂરનાં ગામડાં સુધી લઈ જાય છે અને જનતામાં એ એકસરખું પ્રિય હોવાથી સર્વ કક્ષાના વાચકો સમક્ષ એ આપની જાહેરાત ધરે છે.

એની જાહેરાતની યોજના, ભાવ, અન્ય વિગતો વગેરે માટે આજે જ લખો :

રાણપુર
[કાઠિ. B.]